# translationWords

## આવૃત્તિ 24.1

[gu]

# કૉપિરાઇટ્સ અને લાઇસન્સિંગ

**translationWords**
**તારીખ:** 2021-09-30
**આવૃત્તિ:** 24.1
**દ્વારા પ્રકાશિત:** BCS

**translationAcademy**
**તારીખ:** 2021-09-29
**આવૃત્તિ:** 21.1
**દ્વારા પ્રકાશિત:** BCS

# License

## Creative Commons Attribution-ShareAlike 4.0 International (CC BY-SA 4.0)

This is a human-readable summary of (and not a substitute for) the license.

### You are free to:

- **Share** — copy and redistribute the material in any medium or format
- **Adapt** — remix, transform, and build upon the material

for any purpose, even commercially.

The licensor cannot revoke these freedoms as long as you follow the license terms.

### Under the following conditions:

- **Attribution** — You must attribute the work as follows: "Original work available at https://door43.org/." Attribution statements in derivative works should not in any way suggest that we endorse you or your use of this work.
- **ShareAlike** — If you remix, transform, or build upon the material, you must distribute your contributions under the same license as the original.

**No additional restrictions** — You may not apply legal terms or technological measures that legally restrict others from doing anything the license permits.

### Notices:

You do not have to comply with the license for elements of the material in the public domain or where your use is permitted by an applicable exception or limitation.

No warranties are given. The license may not give you all of the permissions necessary for your intended use. For example, other rights such as publicity, privacy, or moral rights may limit how you use the material.

# સમાવિષ્ટોનું કોષ્ટક

**translationWords** 24
Key Terms 24
અંત:કરણ 25
અંતિમ દિવસ, અંતિમ દિવસો, પછીના દિવસો 26
અતિ ઉચ્ચ, સર્વોચ્ચ 27
અધિકાર 28
અનંતકાળ, શાશ્વત, અનંત, સદાકાળ 29
અન્યાય, અન્યાયો 31
અપરાધ, (દોષ), દોષિત 32
અપરાધ, અપરાધો, ઉલ્લંઘન 33
અફસોસ 34
અભિષેક, અભિષિક્ત, અભિષિક્ત કરેલો 35
અમંગળ, અમંગળ વસ્તુઓ, અમંગળ થયેલ 36
અલગ કરવું 37
અવિશ્વાસુ (વિશ્વાસવિહીન), બેવફાઈ 38
આત્મા, આત્માઓ, આત્મિક 39
આત્મા, આત્માઓ, જીવ, સ્વયં, વ્યક્તિ 41
આદેશ/આજ્ઞા, આદેશ આપવો/આજ્ઞા આપવી 42
આધિપત્ય 43
આમેન, ખચીત 44
આશા, આશા રાખી, આશા રાખે છે 45
આશીર્વાદ, આશીર્વાદિત (ધન્ય), આશીર્વચન/આશીર્વાદ આપવો 46
ઈઝરાએલ, ઈઝરાએલીઓ 48
ઈર્ષાળુ, અદેખાઈ 49
ઈશ્વર 50
ઈશ્વર નિંદા, ઈશ્વરની નિંદા કરવી, નિંદા કરાયેલ, અનાદરભર્યું, દુર્ભાષણો 52
ઈશ્વરના દીકરાઓ 53
ઈશ્વરના લોકો, મારા લોકો 54
ઈશ્વરની ઇચ્છા 55
ઈશ્વરનું રાજ્ય, સ્વર્ગનું રાજ્ય 56
ઈશ્વરનો દીકરો, દીકરો 58
ઈશ્વરનો શબ્દ, યહોવાનો શબ્દ, પ્રભુનો શબ્દ, સત્યનો શબ્દ, શાસ્ત્ર 60
ઈશ્વરપરાયણ/ઈશ્વરીય, ધર્મનિષ્ઠા/ઈશ્વરપરાયણતા, અધર્મી, નાસ્તિક, ... 62
ઈશ્વરપિતા, સ્વર્ગીય પિતા, પિતા 63
ઈસુ, ઈસુ ખ્રિસ્ત, ખ્રિસ્ત ઈસુ 65
ઉત્તેજન, પ્રોત્સાહન, બોધ આપવો 67
ઉત્સાહ, ઉત્સાહી 68
ઉદ્ધાર/છૂટકારો, ઉદ્ધારક, ઉદ્ધાર કરવો 69
ઉપાસના 70
ઉલ્લંઘન, ઉલ્લંઘનો, ઉલ્લંઘન 71
ઊંચુ કરવું, ઊંચું કરાયેલ, ઊંચો કરે છે, ઉન્નત 72
એફોદ 73
કબૂલ કરવું, કબૂલ કરેલું, કબૂલ કરે છે, કબૂલાત 74
કરાર, કરારો, નવો કરાર 75
કરારકોશ, યહોવાનો કોશ 77
કરારનું વિશ્વાસુપણું, કરારની વફાદારી, પ્રેમાળ દયા, અમોઘ પ્રેમ 78
કરુણા, કરુણામય 79
કસોટી, કસોટીઓ, કસોટી પામેલ 80

કામો, કાર્યો, કાર્ય, કૃત્યો 81
કૃપા, કૃપાળુ 82
કોપ, ક્રોધ 83
કોપશમન 84
ખૂણાનો મુખ્ય પથ્થર, ખૂણાના મુખ્ય પથ્થરો 85
ખૂબ વ્હાલું (અતિપ્રિય) 86
ખોજો, ખોજાઓ 87
ખ્રિસ્ત, મસીહ 88
ખ્રિસ્તમાં, ઈસુમાં, પ્રભુમાં, તેનામાં 90
ખ્રિસ્તવિરોધી, ખ્રિસ્તવિરોધીઓ 91
ખ્રિસ્તી 92
ગૌરવ, તેજસ્વી/સ્તુત્ય, મહિમા કરવો 93
ઘેટું, ઈશ્વરનું હલવાન 95
ચમત્કાર, ચમત્કારો, આશ્ચર્યકર્મ, આશ્ચર્યકર્મો, ચિહ્ન, ચિહ્નો 97
ચિહ્ન, ચિહ્નો, સાબિતી, સ્મૃતિપત્ર 99
જન્મસિદ્ધ હક 100
જમણો હાથ 101
જીવન, જીવવું, જીવે છે, જીવંત 102
જીવનોત્થાન, ઉત્થાન 104
જુબાની, સાક્ષી આપવી, પુરાવા, સાક્ષી, પ્રત્યક્ષદર્શી 105
જે પવિત્ર છે 107
ટેટ્રાર્ક 108
ડર,(ભય), ડર લાગે છે, બીક 109
ડાહ્યું, ડહાપણ 110
ઢોંગી, ઢોંગીઓ, પાખંડ 111
તારણહાર, તારનાર 112
તેડું, તેડું આપે છે, બોલાવવું, તેડાયેલા 113
ત્યાગ, ત્યાગ કરે છે, ત્યજાયેલો, ત્યજાઈ ગયેલું 115
દત્તક લેવું, દત્તક, દત્તક લીધેલ 116
દયા, દયાળુ 117
દયાસન, પ્રાયશ્ચિત્તનું ઢાંકણ 119
દાન, દાનો 120
દીકરો 121
દુષ્ટ, દુરાચારી, ન ગમે એવું 123
દેવ, જૂઠા દેવો, દેવી, મૂર્તિ, મૂર્તિઓ, મૂર્તિપૂજક, મૂર્તિપૂજકો, ... 125
દેવદૂત, દેવદૂતો, મુખ્ય દેવદૂત 127
દેવની પ્રતિમા, સ્વરૂપ 129
દેવનું ઘર, યહોવાનું ઘર 130
દેહ 131
દૈવી 132
દોષિત, દંડ પામે છે, દોષિત ઠરાવેલું, દંડાજ્ઞા 133
દ્રષ્ટાંત, દ્રષ્ટાંતો 134
નમ્ર, નમ્ર કરાયેલું, દીનતા/નમ્રતા 135
નર્ક, અગ્નિની ખાઈ 136
નાજીરી, નાજીરીઓ, નાજીરવ્રત 137
નામ, નામો, નામ પાડ્યું 138
નાશ પામવું, નાશ પામતું, નાશવંત 139
નિમણુક, નિમણુક કરવી, નિમણુક થયેલ 140
નિયમ/કાયદો/કાનૂન, મુસાનો નિયમ, યહોવાનો નિયમ, ઈશ્વરનો નિયમ 141
નિર્દોષ 143
નિર્દોષ, દોષ રહિત 144
ન્યાયનો દિવસ 145

ન્યાયાધીશ, ન્યાયાધીશો, ન્યાય, ચુકાદાઓ 146
ન્યાયી, ન્યાય, અન્યાયી, અન્યાય, યોગ્ય ઠરાવવું, ન્યાયી ઠરાવવું 148
ન્યાયી, ન્યાયીપણું, અન્યાયી, અન્યાયીપણું, પ્રામાણિક, પ્રમાણિકપણું 150
પક્ષ, પક્ષ લેવો, તરફેણ, પક્ષપાત 152
પથ્થર, પથ્થરો, પથ્થર મારવા 153
પરિપૂર્ણ થવું, પૂર્ણ થયું 154
પવિત્ર આત્મા, ઈશ્વરના આત્મા, પ્રભુના આત્મા, આત્મા 155
પવિત્ર આત્માથી ભરપૂર થવું 157
પવિત્ર કરવું, પવિત્ર કરે છે, પવિત્રીકરણ 158
પવિત્ર સ્થાન 159
પવિત્ર, પવિત્રતા, અપવિત્ર, પૂજ્ય 160
પવિત્રસ્થાન 162
પશ્ચાતાપ કરવો, પશ્ચાતાપ કરે છે, પશ્ચાતાપ કર્યો, પશ્ચાતાપ 163
પસંદ કરેલું, પસંદ કરવું, પસંદ કરાયેલા લોકો, પસંદ કરાયેલ વ્યક્તિ, ... 165
પાપ, પાપરૂપ, પાપી, પાપ કર્યા કરવું 166
પાળક, પાળકો 168
પાવન કરવું, પાવન કરેલું, પવિત્રીકરણ 169
પાસ્ખા, પાસ્ખાપર્વ 170
પુનઃસ્થાપિત કરવું, ઠીક કરવું, પાછું સોંપવું, પુનઃસ્થાપિત કરે છે, ... 172
પૂર્વનિર્ધાર કરવો, પૂર્વનિર્ધારિત 173
પેન્ટીકોસ્ટ, પચાસમાંનું પર્વ, સપ્તાહોનું પર્વ 174
પ્રગટ કરવું, પ્રગટ કરે છે, પ્રગટ કર્યું/પ્રકટીકરણ 175
પ્રતિજ્ઞા, સમ, મંજૂર 176
પ્રબોધક, પ્રબોધવાણી, પ્રબોધવાણી કરવી, દ્રષ્ટા, પ્રબોધિકા 177
પ્રભુ ભોજન 179
પ્રભુ યહોવા, યહોવા દેવ 180
પ્રભુ, ઈશ્વર, માલીક, સાહેબ/સ્વામી 181
પ્રભુનો દિવસ, યહોવાનો દિવસ 183
પ્રમુખ યાજક 184
પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત કરવું, પ્રાયશ્ચિત કરે છે, પ્રાયશ્ચિત કરેલ 186
પ્રાર્થના કરવી, પ્રાર્થના, પ્રાર્થનાઓ, પ્રાર્થના કરી 187
પ્રેમ, પ્રેમાળ, પ્રેમભર્યા, પ્રિય, અતિ પ્રિય 188
પ્રેરિત, પ્રેરિતપદ 190
ફરીથી જન્મ પામવો, ઈશ્વર દ્વારા જન્મેલો, નવો જન્મ 191
ફરોશી, ફરોશીઓ 192
બચાવવું, બચાવ્યા, સલામત, તારણ 193
બડાઈ, બડાઈ મારવી, બડાઈખોર 195
બાંધવું, બંધન, બાંધેલું 196
બાપ્તિસ્મા આપવું, બાપ્તિસ્મા પામેલ, બાપ્તિસ્મા 198
બાર, અગિયાર 200
બાળકો, બાળક, સંતાન 201
બેખમીર રોટલી 203
બોળ 204
ભરોસો/વિશ્વાસ, વિશ્વાસ કર્યો, વિશ્વસનીય, વિશ્વસનીયતા 205
ભાઈ, ભાઈઓ 206
ભૂત વળગેલાઓ 207
ભૂત, દુષ્ટ આત્મા, અશુદ્ધ આત્મા 208
મંડળી, મંડળીઓ, વૈશ્વિક મંડળી 209
મંદિર 211
મધ્યસ્થી કરવી, મધ્યસ્થી કરે છે, મધ્યસ્થી 213
મહિમા 214
માણસનો દીકરો, માણસનો દીકરો 215

માન, સન્માન 216
માન્ના 217
માફ કરવું, માફ કરે છે, માફ કરાયેલું, માફી, માફ કરવું, માફ થયેલ 218
મુક્તિદંડ, મુક્તિદંડ ચુકવ્યો 220
મુલાકાતમંડપ 221
મૂર્ખ, બુદ્ધિહીન, મૂર્ખતા 222
યજ્ઞવેદી, યજ્ઞવેદીઓ 223
યહુદીઓનો રાજા, યહુદીઓનો રાજા 224
યહૂદી, યહૂદી સંબંધી 225
યહોવાહ 226
યાજક, યાજકો, યાજકપદ 228
રક્ત 230
રાબ્બી 232
લલચાવવું, પરીક્ષણ 233
લાયક, યોગ્ય, અયોગ્ય, મહત્વહીન 234
વચન, વચન આપવું 235
વચનનો દેશ 236
વડીલ, વડીલો 237
વધસ્તંભ 238
વધસ્તંભે જડવું, વધસ્તંભે જડી દીધો 239
વફાદાર (વિશ્વાસુ), વિશ્વસનીય, વિશ્વાસપાત્ર, અવિશ્વાસુ, બેવફાઈ 240
વહાણ 242
વારસો મેળવવો, વારસો, ધરોહર, વારસદાર 243
વિદેશી, વિદેશીઓ 245
વિલાપ કરવો, વિલાપ કરે છે, વિલાપ 246
વિશ્રામવાર 247
વિશ્વ, દુન્યવી/જગિક 248
વિશ્વાસ કરવો, વિશ્વાસી, માન્યતા, અવિશ્વાસી, અનાસ્થા/અશ્રદ્ધા 249
વિશ્વાસ/શ્રદ્ધા 251
વ્યભિચાર, વ્યભિચારી, વ્યભિચાર કરનાર, વ્યભિચારીણી, વ્યભિચારીઓ, લંપટો 252
શરીર, શરીરો 253
શાપ, શાપિત, શ્રાપો, શાપ આપવો 254
શાસ્ત્રી, શાસ્ત્રીઓ 255
શિષ્ય, શિષ્યો 256
શિસ્ત, સ્વ-શિસ્ત 257
શુદ્ધ, શુદ્ધ કરવું, શુદ્ધિકરણ 258
શુદ્ધ, સાફ કરવું 259
શેતાન, શેતાન, દુષ્ટ 261
શેષ 263
સંગત 264
સંત, સંતો 265
સદૂકી, સદૂકીઓ 266
સભાસ્થાન 267
સમાધાન કરવું, સમાધાન કરે છે, સમાધાન કર્યું, સમાધાન 268
સર્વશક્તિમાન 269
સાચું, સત્ય 270
સામર્થ્ય, બળવાન, શક્તિશાળી 272
સારા સમાચારો, સુવાર્તા 274
સારું, યોગ્ય, સુખદ, વધુ સારું, શ્રેષ્ઠ, ભલાઈ 275
સિયોન, સિયોન પર્વત 277
સિયોનની દીકરી 278
સુન્નત, સુન્નત કરાવેલ, સુન્નતની વિધિ, બેસુન્ન્તી, બેસુન્ન્ત 279

સુવાર્તિક, સુવાર્તિકો 281
સૂબેદાર, સૂબેદારો 282
સેવા આપવી, સેવા 283
સૈન્યોનો યહોવા, સૈન્યોનો દેવ, સ્વર્ગનું સૈન્ય , આકાશોનું સૈન્ય, ... 284
સ્તોત્ર, સ્તોત્રો 285
સ્વર્ગ, આકાશ, આકાશો, આકાશો, આકાશી (સ્વર્ગીય) 286
હાદેસ, શેઓલ 288
હિબ્રૂ, હિબ્રુઓ 289
હૃદય, હૃદયો 290

Names 291

(અલ્ફીનો દીકરો) યાકૂબ 292
(ઈસુનો ભાઈ) યાકૂબ 293
(ઝબદીનો દીકરો) યાકૂબ 294
અંત્યોખ 295
અકુલાસ 296
અઝાર્યા 297
અથાલ્યા 298
અદોનિયા 299
અદોમ, અદોમી, અદોમીઓ, અદોમીયા (ઈદુમીયા) 300
અન્નાસ 301
અપોલસ 302
અબિયા 303
અબીમેલેખ 304
અબ્યાથાર 305
અમાલેક, અમાલેકી, અમાલેકીઓ 306
અમાસ્યા 307
અમોરી, અમોરીઓ 308
અયૂબ 309
અરબસ્તાન, અરબસ્તાની,અરબસ્તાનીઓ 310
અરાબાહ 311
અરામ, અરામી, અરામીઓ, અરામીક 312
અરારાટ 313
અશેરાહ, અશેરાહ સ્તંભ, અશેરાહના સ્તંભો, આસ્થોરેથ, આસ્થોરેથીઓ 314
અહાઝ્યા 315
અહાશ્વેરોશ 316
અહિયા 317
આદમ 318
આન્દ્રિયા 319
આબ્નેર 320
આબ્શાલોમ 321
આમોસ 322
આમોસ/આમોઝ 323
આમ્નોન 324
આમ્મોન,આમ્મોની ,આમ્મોનીઓ 325
આય 326
આર્તાહશાસ્તા 327
આશિયા 328
આશેર 329
આશ્કેલોન 330
આશ્દોદ, આઝોતસ 331
આશ્શૂર, આશ્શૂરી, આશ્શૂરીઓ, આશ્શૂરી સામ્રાજ્ય 332
આસા 333

આસાફ 334
આહાઝ 335
આહાબ 336
ઇથોપિયા, ઇથિયોપીયન (ખોજો) 337
ઇરાન, ઈરાનીઓ, ફારસી 338
ઈકોનિયા 339
ઈઝરાએલ, ઈઝરાએલી, ઈઝરાએલીઓ, યાકૂબ 340
ઈઝરાયેલનું રાજ્ય 341
ઈઝેબેલ 342
ઈબ્રાહિમ, ઈબ્રામ 343
ઈશ્માએલ, ઈશ્માએલી, ઈશ્માએલીઓ 344
ઈશ્વરભક્ત 345
ઈસહાક 346
ઈસ્સાખાર 347
ઉઝિઝયા, અઝાર્યા 348
ઉત્પન્ન કરનાર 349
ઉર 350
ઉરિયા 351
એક્રોન, એક્રોનીઓ 352
એઝરા 353
એદન, એદનની વાડી 354
એન-ગેદી 355
એફેસસ, એફેસી, એફેસીઓ 356
એફ્રાઈમ, એફ્રાઈમી, એફ્રાઈમીઓ 357
એફ્રાથ, એફ્રાથાહ, એફ્રાથી, એફ્રાથીઓ 358
એલઆઝાર 359
એલામ, એલામીઓ 360
એલિયા 361
એલિશા 362
એલીસાબેત 363
એલ્યાકીમ 364
એસાવ 365
એસ્તેર 366
ઓબાદ્યા 367
ઓમ્રી 368
કનાન, કનાની, કનાનીઓ 369
કફર-નહૂમ 370
કરિંથ, કરિંથીઓ 371
કરેથીઓ 372
કર્નેલિયસ 373
કલોસ્સા, ક્લોસ્સીઓ 374
કાઈન 375
કાદેશ, કાદેશ-બાર્નેઆ, મરીબાથ કાદેશ 376
કાના 377
કાયાફા 378
કાર્મેલ, કાર્મેલ પહાડ 379
કાલેબ 380
કાસ્દી,ખાલદીઆ, ખાલ્દીઓ (કાસ્દીઓ) 381
કિદ્રોન નાળુ 382
કિલીકિયા 383
કુરેની 384
કૂશ 385

કંદાર 386
કેદેશ 387
કૈસર 388
કૈસરિયા, કૈસરિયા ફિલિપ્પી 389
કોરાહ, કોરાહી, કોરાહીઓ 390
કોરેશ 391
ક્રિત, ક્રિતીઓ 392
ખારો સમુદ્ર, મૃત સમુદ્ર 393
ગમોરાહ 394
ગલાતિયા, ગલાતીઓ 395
ગશૂર, ગશૂરીઓ 396
ગાઝા 397
ગાથ, ગીત્તી, ગીત્તીઓ, 398
ગાદ 399
ગાબ્રિયેલ 400
ગાલીલ, ગાલીલી, ગાલીલીઓ, 401
ગાલીલનો સમુદ્ર, કીન્નેરેથનો સમુદ્ર, ગન્નેસરેતનો સરોવર, તિબેરિયસનો ... 402
ગિદિયોન 403
ગિબયાહ 404
ગિબયોન, ગિબયોની, ગિબયોનીઓ 405
ગિર્ગાશીઓ 406
ગિલયાદ, ગિલયાદી, ગિલયાદીઓ 407
ગિલ્ગાલ 408
ગુલગુથા 409
ગેથશેમાને 410
ગેરાર 411
ગોલ્યાથ 412
ગોશેન 413
ગ્રીક, ગ્રીસ દેશનું 414
ગ્રીસ, ગ્રીસ દેશનું 415
જાખ્ખી 416
જૈતૂન પહાડ 417
ઝખાર્યા (જૂનો કરાર) 418
ઝખાર્યા (નવો કરાર) 419
ઝબદી 420
ઝબુલોન 421
ઝરૂબાબેલ 422
તામાર 423
તાર્શીશ 424
તાર્સસ 425
તિતસ 426
તિમોથી 427
તિર્સાહ 428
તુખિકસ 429
તુબાલ 430
તૂર, તૂરના લોકો 431
તેરાહ 432
ત્રોઆસ 433
થેસ્સલોનિકા, થેસ્સલોનીકાના, થેસ્સલોનીકીઓ 434
થોમા 435
દમસ્ક 436
દરિયાઈ પ્રાણી 437

દલીલાહ 438
દાઉદ 439
દાઉદનું કુટુંબ 440
દાઉદનું નગર 441
દાન 442
દાનિયેલ 443
દાર્યાવેશ 444
નફતાલી 445
નબૂખાદનેસ્સાર 446
નહેમ્યા 447
નાઇલ નદી, ઈજીપ્તની નદી, નાઇલ 448
નાથાન 449
નામાન 450
નાસરેથ, નાઝારી 451
નાહૂમ 452
નાહોર 453
નિનવે, નિનવેવાદી 454
નૂહ 455
નેગેબ 456
પરીઝીઓ 457
પલિસ્તિ દેશ, પલેશેથ 458
પલિસ્તિઓ 459
પાઉલ, શાઉલ 460
પાદાનારામ 461
પારાન 462
પિતર, સિમોન પિતર, કેફાસ 463
પિલાત 465
પેઓર, પેઓર પહાડ, બઆલ પેઓર 466
પોટીફાર 467
પોન્તસ 468
પ્રિસ્કીલા 469
પ્રેરિત ફિલિપ 470
ફારૂન, ઈજીપ્તનો રાજા 471
ફિનહાસ 472
ફિનીકિયા 473
ફિલિપ, સુવાર્તિક 474
ફિલિપી, ફિલિપીઓ 475
ફ્રાત નદી, નદી 476
બઆલ 477
બથુએલ 478
બનાયા 479
બરાબ્બાસ 480
બરુઓનો સમુદ્ર, લાલ સમુદ્ર 481
બર્થોલ્મી 482
બલામ 483
બાઅશા 484
બાથ-શેબા 485
બાબિલ 486
બાબિલોન, શિનઆર (બાબિલોનીઆ), બાબિલોની, બાબિલોનીઓ 487
બારૂખ 488
બાર્નાબાસ 489
બાલઝબૂલ 490

બાશાન 491
બિન્યામીન, બિન્યામીની, બિન્યામીનીઓ 492
બેથ-શેમેશ 493
બેથનિયા 494
બેથલેહેમ,એફ્રાથાહ 495
બેથેલ 496
બેરશેબા 497
બૈરીયા 498
બોઆઝ 499
મકદોનિયા 500
મગ્દલાની મરિયમ 501
મનાશ્શા 502
મરિયમ 503
મરિયમ (માર્થાની બહેન) 504
મરિયમ, ઈસુની માતા 505
મલ્ખીસેદેક 507
મહાન હેરોદ 508
માકા 509
માથ્થી, લેવી 510
માદીઓ, માદાય 511
માર્થા 512
માલાખી 513
મિખાયેલ 514
મિદ્યાન, મિદ્યાની, મિદ્યાનીઓ 515
મિસર, મિસરી, મિસરીઓ 516
મિસ્પાહ 517
મીખાહ 518
મીશાએલ 519
મૂસા 520
મેમ્ફિસ 521
મેશેખ 522
મેસોપોતામિયા, અરામ-નાહરાઈમ 523
મોઆબ, મોઆબી, મોઆબી સ્ત્રી 524
મોર્દખાય 525
મોલેખ, મોલોખ 526
યફતા 527
યબૂસ, યબૂસી, યબૂસીઓ 528
યરીખો 529
યરૂશાલેમ 530
યરોબઆમ 531
યર્દન નદી, યર્દન 532
યર્મિયા 533
યશાઈ 534
યશાયા 535
યહુદા, યહુદાનું રાજ્ય 536
યહૂદા 537
યહૂદા ઈશ્કરિયોત 538
યહૂદિયા 539
યહોયાકીમ 540
યહોયાખીન 541
યહોયાદા 542
યહોરામ, યોરામ 543

યહોશાફાટ 544
યહોશુઆ 545
યાકૂબનો દીકરો યહૂદા 546
યાફા 547
યાફેથ 548
યિઝ્રએલ 549
યિથ્રો, રેઉએલ 550
યૂના 551
યૂસફ (જૂના કરાર) 552
યૂસફ (નવાકરાર) 553
યેહૂ 554
યોઆબ 555
યોઆશ 556
યોએલ 557
યોથામ 558
યોનાથાન 559
યોરામ (યહોરામ) 560
યોશિયા 561
યોહાન (પ્રેરિત) 562
યોહાન (બાપ્તિસ્ત) 563
યોહાન માર્ક 564
રહાબામ 565
રાબ્બા 566
રામા 567
રામોથ 568
રાહાબ 569
રાહેલ 570
રિબકા 571
રિમ્મોન 572
રૂથ 573
રૂબેન 574
રોમ, રોમન 575
લબાનોન 576
લાજરસ 577
લાબાન 578
લામેખ 579
લુક 580
લુસ્ત્રા 581
લેઆહ 582
લેવી, લેવી, લેવીઓ, લેવીઓના 583
લોત 584
વાશ્તી 585
શખેમ 586
શમુએલ 587
શાઉલ (જુનો કરાર) 588
શારોન, શારોનની સરહદે 589
શિનઆર 590
શિમઈ 591
શિમયોન 592
શિલોહ 593
શેથ 594
શેબા 595

શેમ 596
સદોમ 597
સફાન્યાહ 598
સમરૂન, સમરૂની 599
સમુદ્ર, મહા સમુદ્ર, પશ્ચિમનો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર 600
સાદોક 601
સાન્હેરીબ 602
સામસૂન 603
સારા, સારાય 604
સિદકિયા 605
સિદોન, સિદોનીઓ 606
સિનાઈ, સિનાઈ પર્વત 607
સિમોન ઝલોતસ 608
સિલાસ, સિલ્વાનુસ 609
સીરિયા 610
સુકકોથ 611
સુલેમાન 612
સૈપ્રસ 613
સોઆર 614
સ્તેફન 615
હઝકિયેલ 616
હનાન્યા 617
હનોખ 618
હબાક્કુક 619
હમાથ, હમાથીઓ, લિબો હમાથ 620
હમોર 621
હવા 622
હાગાર 623
હાગ્ગાય 624
હાબેલ 625
હામ 626
હારાન 627
હારુન 628
હા’ન્ના”’ 629
હિઝિક્યા 630
હિત્તી, હિત્તીઓ 631
હિલ્કિયા 632
હિવ્વી, હિવ્વીઓ 633
હેબ્રોન 634
હેરોદ, હેરોદ એન્તીપાસ 635
હેરોદિયા 636
હેર્મોન પર્વત 637
હોરેબ 638
હોશિયા 639

Other 640
(મોં) ચહેરો, ચહેરાઓ, સામનો કરવો, ચહેરાનુ, નીચે જોવુ 641
અંજીર, અંજીરો 642
અંતરાય, અંતરાયો, ઠોકર ખવડાવનાર પથ્થર 643
અંધકાર 644
અક્કડ ગરદન, જિદ્દી, હઠીલા, દુરાગ્રહી 645
અગ્નિ, આગ સળગાવે છે, સળગતું લાકડું, આગની સૂપડી, સગડી, ચૂલો, ચૂલાઓ 646
અજમાયશ, કસોટીઓ 647

અદાલત, અદાલતો, માંદંરનું આંગણુ, માંદંરના આંગણાઓ 648
અદેખાઈ/ઈર્ષા, લોભ 649
અધર્મી, અધર્મીઓ 650
અનાજ, દાણાં, પાકના ખેતરો 651
અનાજનું અર્પણ, અનાજના અર્પણો, ખાદ્યાર્પણો 652
અનુકરણ, અનુકરણ કરનાર, અનુકરણ કરનારાઓ 653
અપમાન, અપમાન કરે છે, અપમાનિત, અપમાન યોગ્ય 654
અપવિત્ર કરવું, અપવિત્ર (અશુદ્ધ) કરેલું, અભડાવવું 655
અભિમાની, અભિમાનથી, અભિમાન, ગર્વિષ્ઠ 656
અર્થ કાઢવો, અર્થઘટન કરે છે, અર્થઘટન કરેલું, અર્થ કાઢવો, અનુવાદ, ... 658
અર્પણ, સમર્પિત કરવું, સમર્પિત કરાયેલું, સમર્પણ 659
અવયવ, અવયવો 660
અવાજ, અવાજો 661
અશુદ્ધ કરવું, ભ્રષ્ટ કરે છે, અશુદ્ધ કરેલું, અભડાવવું, અશુદ્ધ થવું, ... 662
અહંકારી, અહંકારથી, અહંકાર 663
અહેવાલ આપવો, અહેવાલ આપે છે, અહેવાલ આપ્યો 664
આજીજી કરવી, ભીખ માંગી, ભિક્ષા માંગવી, ભિખારી 665
આજીજી, આજીજીઓ, આજીજી કરવી, આજીજી કરે છે, આજીજી કરી, આજીજી કરતું, ... 666
આજ્ઞા પાળવી, પાલન કરવું/રાખવું 667
આજ્ઞાભંગ/અનાદર, આજ્ઞાભંગ કર્યો, આજ્ઞાપાલન ન કરેલ/આજ્ઞાની અવજ્ઞા, ... 668
આડો/કુટિલ, આડાઈથી, વિકૃત, કુટિલતાઓ/અવળાઈઓ, દ્વેષપૂર્ણ, અપ્રમાણિક, ... 669
આતંક, આતંકવાદ, આતંકવાદ, ભય, ભયભીત, ભયભીત, ભયાનક 670
આત્મવિશ્વાસ, આત્મવિશ્વાસી, આત્મવિશ્વાસપૂર્વક 671
આત્મસંયમ, સ્વ-નિયંત્રિત 672
આદરણીય, આદર કરવો, આદરભાવ, આદરયુક્ત 673
આદરયુક્ત ભય, ભયાનક 674
આધીન થવું ,આધીન થાય છે ,આધીન થયો ,આધીન થઈ રહ્યો છે ,સમર્પણ, સમર્પણમાં 675
આનંદ કરવો, આનંદ કરે છે, આનંદી, આનંદિત 676
આનંદ, આનંદીત, આનંદપૂર્વક, આનંદદાયક, આનંદ કરે છે, આનંદ કર્યો, આનંદ લઈ ... 677
આરામ, વિશ્રામ, આરામ કરે છે, આરામ કર્યો, આરામ કરતું, બેચેન 679
આરોપ લગાવવો/તહોમત મુકવું, આરોપી, આરોપ મુકનાર, દોષારોપણ 680
આશ્ચર્ય પામેલું, આશ્ચર્ય, અચંબો પામેલું, ચકિત થઇ ગયેલ, ચકિત થવું, ... 681
આશ્ચર્યરૂપ, ભયાનકતાઓ, ભયાનક, ભયાનક રીતે, ભયભીત, ભયભીત કરવું 682
આશ્રય, શરણાર્થી, શરણાર્થીઓ, આશ્રયસ્થાન, આશ્રયસ્થાનો, આશ્રય લીધેલું, ... 683
ઇસ્રાએલના બાર કુળ, ઇસ્રાએલના સંતાનના બાર કુળ, બાર કુળ 684
ઉંમર/યુગ, વૃદ્ધ 685
ઉચ્ચસ્થાન, ઉચ્ચસ્થાનો 686
ઉજાડવું, ઉજાડેલું, વિનાશક, સર્વનાશ, બરબાદી 687
ઉઠાડવું, ઉઠાડે છે, ઉઠાડ્યા, ઊઠવું, ઊઠેલું, ઊઠવું, ઉઠ્યો 688
ઉપદેશ આપવો/પ્રચાર કરવો, ઉપદેશ/પ્રચાર, ઉપદેશક/પ્રચારક, ઘોષણા કરવી, ... 690
ઉપપત્ની,ઉપપત્નીઓ 692
ઉપવસ્ત્ર, ઉપવસ્ત્રો 693
ઉપવાસ, ઉપવાસ કરે છે, ઉપવાસ કર્યા, ઉપવાસ, ઉપવાસો 694
ઉપાડી લેવું, સાથે ઉપાડી લેવું, સાથે થઇ જવું 695
ઉશ્કેરવું, ઉશ્કેરે છે, ઉશ્કેર્યું, ઉશ્કેરતું, ઉશ્કેરણી 696
ઊંઘવું, ઊંઘમાં પડવું, ઊંઘમાં પડ્યા, ઊંઘમાં પડ્યા હતા, ઊંઘ, ઊંઘે છે, ... 697
ઊંચામાં, પરમ ઊંચામાં 698
ઊંટ, ઊંટો 699
ઊપણવું, ઊપણવું, ઊપણ્યું, સૂપડું, ચાળવું, ચાળણી 700
એરેજ (દેવદાર), દેવદારના વૃક્ષો, દેવદારનું લાકડું (એરેજ કાસ્ટ) 701
ઐચ્છિકાર્પણ, ઐચ્છિકાર્પણો 702
ઓક, એલોન વૃક્ષ, એલોન વૃક્ષો 703

આંળેયું, આંળેયાઓ 704
કચરો, કચરો, વેડફાયેલું, બરબાદી, પડતર જમીન, પડતર જમીનો 705
કઠણ, વધારે કઠણ, એકદમ સખત, કઠણ કરવું, કઠણ કરે છે, કઠણ કરેલુ, સખ્તાઇ, ... 706
કતલ, કતલ કરવી, કતલ કરી, કતલ કરી રહ્યા છે 707
કન્યા, કન્યાઓ,કન્યા વિશે 708
કપાઈ જવું, કાપી નાખે છે, કાપી નાખવું 709
કબજો કરવો, કબજો ધરાવવો, કબજામાં હોવું, કબજે કર્યું, કબજામાં રહેલું, ... 710
કબર, કબર ખોદનારા, કબરો, કબર, કબરો, દફનાવવાનું સ્થળ 711
કમર 712
કરા, (સલામ) બરફના કરાં, કરાનું તોફાન 713
કરૂબ, કરૂબો 714
કલંક, કલંકો, કલંકિત, શરમજનક 715
કલાક (હોરા), કલાકો 716
કાંટો, કાંટાનું જાળું, કાટાના જાળાં, કાંટા, ઉત્કંટો, ઉત્કંટા 717
કાપણી કરવી, કાપણી કરે છે, લણનાર, લણનારાઓ, કાપણી કરતું 718
કાયદેસર, ગેરકાયદેસર, કાયદેસર નથી, અન્યાયી/ગેરકાયદેસર, અરાજકતા 719
કાયદો/કાનૂન, સિદ્ધાંત 721
કાળવૃતાંત 722
કિલ્લો, કિલ્લાઓ, કિલ્લેબંધી,મજબૂત કરવું, ગઢ, ગઢો 723
કુટુંબ, કબીલો, લોહીના સંબંધવાળું, સગાસંબંધીઓ, સગા, સગાઓ 724
કુટુંબ, કુટુંબો 725
કુમારિકા, કુમારિકાઓ કૌમાર્ય 726
કુમાર્ગે, કુમાર્ગે જવું, ભટકી ગયો, કુમાર્ગે દોરવું, ભટકાયેલ 727
કુલીન, ઉમરાવો, ઉમરાવ, ઉમરાવો 728
કુળ, કુળો 729
કુહાડી, કુહાડીઓ 730
કેફી પીણું, કેફી પીણાઓ 731
કોપ, કોપિત થાય છે, કોપ કર્યો, કોપિત 732
ખંડણી 733
ખજૂરી, ખજૂરીઓ 734
ખમીર, ખમીર, ખમીર, ખમીર, બેખમીર 735
ખરી, ખરીઓ, પ્રાણીઓની ખરીઓ 736
ખાડો, ખાડા, જોખમ 737
ખાદ્યાર્પણ, ખાદ્યાર્પણો 738
ખામી, ખોડખાપણવાળું, ખોડખાપણ વગરનું 739
ખુશ હોવું, ખુશ કરે છે, હર્ષઘેલું, પ્રસન્નચિત્ત 740
ખોટું, ખોટા, ખોટું, ખોટી રીતે, ખોટી રીતે, ખોટું કરનાર, ખોટું કરવું, ... 741
ખોપરી 742
ખ્યાતિ, જાણીતું, નામાંકિત 743
ગંધક,ગંધકયુક્ત 744
ગધેડો, ખચ્ચર 745
ગરૂડ, ગરૂડ પક્ષીઓ 746
ગર્ભ ધારણ કરવો, ગર્ભ ધારણ કરે છે, પેટે રહેવું, ગર્ભ (ગર્ભધારણ) 747
ગર્ભાશય, ગર્ભાશય 748
ગર્વિષ્ઠ 749
ગળી જવું (ફાડી ખાવું), ભસ્મ કરેલું, વપરાશ 750
ગાય, ગાયો, આખલો, આખલાઓ, વાછરડું, વાછરડા, ઢોર, વાછરડી, બળદ, બળદો, 751
ગુનો, ગુનાઓ, ગુનેગાર, ગુનેગારો 752
ગુસ્સો,(ક્રોધ), ક્રોધે ભરાયેલ, ગુસ્સે થયેલું 753
ઘઉં 754
ઘર, ઘરો, ઘરનું છાપરું, ઘરના છાપરાં, વખાર, વખારો, રખેવાળો 755
ઘેટાં બકરાં, ટોળું, ટોળું, ઢોરઢાંક 756

ઘેટાંપાળક, ઘેટાંપાળકો, માર્ગદર્શન આપ્યું, ઉત્તેજન આપે છે 757
ઘેટી, ઘેટીઓ, ખરીવાળો ઘેટો, ખરીવાળા ઘેટાંઓ, ઘેટાં, ઘેટાંનો વાળો, ઉન ... 759
ઘેરો, ઘેરી લેવું, ઘેરાયેલાં, ઘેરો ઘાલનાર, ઘેરી રહ્યા છે, હંગામી કિલ્લો 760
ઘોડેસવાર, ઘોડેસવારો 761
ઘોડો, ઘોડા, યુદ્ધ ઘોડો, યુદ્ધ ઘોડા, ઘોડા પર 762
ચંદ્રદર્શન, ચંદ્રદર્શનો 763
ચંપલ, 764
ચાંદી/રૂપું 765
ચાલવું, ચાલવું, ચાલ્યો, ચાલવું 766
ચાલાક, ચાલાક રીતે 767
ચિઠ્ઠીઓ, ચિઠ્ઠીઓ નાખવી 768
ચિત્તો, ચિત્તાઓ 769
ચુંબન, ચુંબન કરે છે, ચુંબન કર્યું, ચુંબન કરી રહ્યા છે 770
ચેતવણી આપવી, ચેતવણી આપી, માહિતગાર 771
ચોકીબુરજ, ચોકીબુરજો, બુરજ 772
ચોર, ચોરો, લૂંટ, લૂંટી, લૂંટી લેવાયા, લૂંટારો, લૂંટારાઓ , લૂંટફાટ, ... 773
છાંયો, છાંયો કરે છે, પડછાયો, ઝાંખું 774
છાણ, ખાતર 775
છાતીનું રક્ષા કવચ, છાતીના રક્ષા કવચો, ઉરપત્ર 776
છૂટાછેડા 777
છેતરવું, જૂઠું બોલવું, છેતરપિંડી, ભ્રમણા 778
છોડ, રોપે છે, રોપ્યું, રોપી રહ્યા છે, પ્રત્યારોપણ, ફરીથી રોપવું, એક ... 779
છોડાવવું, બચાવવું, છોડાવ્યું, છોડાવનાર, છુટકારો 780
જપ્ત કરવું, જપ્ત કરે છે, જપ્ત કર્યું, જપ્તી 781
જવ 782
જાંબુડી 783
જાણવું, જાણે છે, જાણતો હતો, જ્ઞાન, ઓળખાવું, ઓળખાયો, ઓળખાવે છે, ... 784
જાતિ, જાતિઓ, આદિજાતિ, આદિવાસીઓ 785
જાતીય અનૈતિકતા, અનૈતિકતા, અનૈતિક, વ્યભિચાર 786
જાદુ, જાદુઈ, જાદુગર, જાદુગરો 787
જાદુગર, જાદુગરો, સ્ત્રી જાદુગર, મેલીવિદ્યા, મેલીવિદ્યાઓ, મેલીવિદ્યા 788
જાનવર, પશુ 789
જાળ, જાળ પાથરે છે, જાળમાં ફસાવવું, જાળમાં ફસાવે છે, જાળમાં ફસાવ્યો, ... 790
જાહેર, જાહેર કરે છે, જાહેર કરાયેલું, જાહેર કરવું, જાહેરાત, જાહેરાતો 791
જીભ,જીભો 792
જીવનનું પુસ્તક 793
જુલમ કરવો, જુલમ કરે છે, કચડાયેલા, જુલમ કરતું, જુલમ, અત્યાચારી, ... 794
જૂઠો પ્રબોધક, જૂઠા પ્રબોધકો 795
જેલ, કેદી, કેદીઓ, જેલો, જેલમાં પૂરવું, જેલમાં પૂરે છે, જેલમાં ... 796
જૈત વૃક્ષ 797
જૈતફળ, જૈતફળો 798
જોવું, જુએ છે, જોયેલી, જોવાનું, ચોકીદાર, ચોકીદારો, જાગૃત 799
જ્ઞાની માણસો 800
ઝભ્ભો, ઝભ્ભાઓ, ઝભ્ભો પહેરાવ્યો 801
ઝુડવું, ઝુડે છે, ઝુડ્યો, ઝુડવાનું 802
ઝૂંસરી, ઝૂંસરીઓ, ઝૂંસરીવાળું 803
ટાંકણ, ટાંકણો, કૂવો, કુવાઓ 804
ટોપલી, ટોપલીઓ, ટોપલીભર 805
ઠપકો આપવો, સખ્ત રીતે બોલવું 806
ઠપકો, નિંદા કરવી, નિંદા કરે છે, નિંદા કરી, નિંદા કરતું, નિંદાખોરીથી 807
ઠરાવવું, નિયુક્ત કર્યો, દીક્ષા આપવી, ઘણાં સમય પહેલાં આયોજીત કરેલ, ... 808
ઠોકર, ઠોકર કહ્ય છે, ઠોકર ખાધી, ઠોકર ખાઈ રહ્યા છે 809

ડહાપણ, શાણપણ, ડાહ્યો, શાણો, ડહાપણભરી રીતે 810
ઢાલ, ઢાલો, રક્ષણ 811
તંબુ, તંબુઓ, તંબુ બનાવનારા 812
તકરાર, વિવાદો, ઝઘડા, દલીલો, સંઘર્ષ 813
તલવાર,તલવારો, તલવારની પત્તાબાજીમાં ઉસ્તાદ 814
તહેવાર, તહેવારો 815
તિરસ્કાર (ધિક્કાર), ધિક્કારવા લાયક 816
તિરસ્કારવું, ઘૃણાપાત્ર, ધિક્કારપાત્ર 817
તીડ, તીડ 818
તીરંદાજ,તીરંદાજો 819
તે લખેલું છે 820
તેલ 821
થાંભલો, થાંભલા, સ્તંભ, સ્તંભો 822
દંડવત પ્રણામ, દંડવત પ્રણામ કર્યા 823
દફનાવવું, દાટે છે, દફનાવેલું, દાટવું, દફનક્રિયા 824
દર્શન, દર્શનો, કલ્પના 825
દસ આજ્ઞાઓ 826
દસમું, દસમા, દશાંશ, દશાંશો 827
દહનાર્પણ, દહનાર્પણો, અગ્નિ દ્વારા અર્પણ 828
દાડમ 829
દાન 830
દાસ/ગુલામ બનાવવું, દાસ/ગુલામ, બંદીવાન/બંધનકર્તા, બંધાયેલ/બંધનકર્તા ... 831
દિલાસો, આરામ, દિલાસો પામેલ, દિલાસો આપવો, દિલાસો આપનાર, દિલાસો ... 832
દિવસ, દિવસો 833
દીન, દીનતા 834
દીવી, દીવીઓ 835
દીવો, દીવાઓ 836
દુકાળ, દુષ્કાળ 837
દેખરેખ રાખવી, અધ્યક્ષ/સંભાળ રાખનાર/નિરીક્ષક, વ્યવસ્થાપક 838
દેવદાર, દેવદારો 839
દેશ, દેશો 840
દોડવું, દોડે છે, દોડનાર, દોડનારો, દોડી રહ્યો છે 842
દોષાર્થાર્પણ, દોષાર્થાર્પણો 843
દ્રાક્ષ, દ્રાક્ષા, દ્રાક્ષનો વેલો 844
દ્રાક્ષવાડી, દ્રાક્ષવાડીઓ 845
દ્રાક્ષાકુંડ 846
દ્રાક્ષારસ, મશક, મશકો, નવો દ્રાક્ષારસ 847
દ્વાર, દ્વારો, દરવાજાના ભૂંગળો, દ્વારપાળ, દ્વારપાળો, દ્વારસ્તંભો, ... 848
ધકેલવું, દબાવવું, ધકેલ્યું, ધકેલતા 849
ધનુષ્ય અને બાણ, ધનુષ્યો અને બાણો 850
ધીરજવાન, ધૈર્યથી, ધીરજ, અધીરું 851
ધૂપ, ધૂપ કરવો 852
ધૂપનીવેદી , ધૂપવેદી 853
ધૈર્ય રાખવું, દ્રઢતા 854
ધ્રૂજવું, ધ્રૂજે છે, ધ્રુજયો, ધ્રુજતો 855
નકાર કરવો, નકાર્યું, નામંજૂરી 856
નમવું, નમે છે, નમ્યા, નમવું, આગળ નમવું, આગળ નમે છે, નમી પડવું, નમી ... 857
નાગરિક, નાગરિકો, નાગરિકતા 858
નાશ, નાશ કરે છે, નાશ પામેલું, વિનાશક, વિનાશકો, વિનાશ કરનારું 859
નિંદા અથવા ચુગલી કરવી, ચુગલી કરે છે, ચુગલીખોર, કૂથલી કરવી 860
નિંદા, નિંદા કરનારા, -નું ભૂંડું બોલવું, અપમાન કરવું 861
નિમ્ન, નીચુ, નિમ્નતા 862

નિદોષ, દોષમુક્ત કરવું, નિદોષ જાહેર કરાયેલું 863
નિસાસો, નિસાસો નાંખવો, નિસાસો નાખતા કહેવું, કણવું, આહ ભરવી 864
ની સાથે સંબંધ હતો, પ્રેમાલાપ, ની સાથે સુવું, ની સાથે સુએ છે, ની સાથે ... 865
નીતિવચન, નીતિવચનો, કહેવત 866
ન્યાયસભા, ન્યાયસભાઓ 867
ન્યાયાધીશ, ન્યાયાધીશો 868
પકડી પાડવું, પકડી પાડે છે, પકડી પાડેલું, પકડી પાડ્યું 869
પક્ષપાતી, પક્ષપાતી હોવું, પક્ષપાત 870
પગ તળે કચડવું, કચડે છે, કચડયો, કચડી નાખે 871
પડદો, ઘૂંઘટ, અસ્પષ્ટ, અનાવરણ 872
પડદો, પડદાઓ 873
પડોશી, પડોશીઓ, પાડોશ, પાડોશના 874
પત્ર, પત્ર, પત્રો 875
પરંપરા, પરંપરાઓ 876
પરદેશી, અલગ કરે છે, અલગ કરેલું, વિદેશ, વિદેશી, વિદેશીઓ 877
પરિવાર/કુટુંબ 878
પવિત્ર નગર, પવિત્ર નગરો 879
પશુધન 880
પહેરાવવું, પહેરાવ્યું, પહેરાવે છે, કપડાં, નગ્ન કરાયેલ 881
પહેલેથી જાણેલું, પૂર્વજ્ઞાન 882
પહેલેથી મુકરર, નિર્મિત, ભાવી, પૂર્વનિર્ધારિત 883
પહોર (રાત્રીના પહોર), પહોરો 884
પાછા ફરવું, વળતું કરવું, પાછા ફરે છે, પાછા ફર્યા, પાછું ફરતું 885
પાણી, પાણીઓ, પાણી પાયું, પાણી પીવડાવવું 886
પાતાળ શેઓલ, તળિયા વગર ખાડો 887
પાત્રવાહક, પાત્રવાહકો 888
પાદાસન 889
પાપાર્થાપણ, પાપાર્થાપણો 890
પાયમાલ, પાયમાલી, તારાજીઓ (નાશ) 891
પાયો નાંખવો, સ્થાપન થયું, સ્થાપક, પાયો, પાયા 892
પારખવું, પારખી લીધું, પારખી લેવું (જાણવું), પારખશક્તિ 893
પિત્તળ 894
પીગળવું, પીગળેલું, પીગળતું, પીગળે છે, પીગળેલા 895
પીડા, ત્રાસ, પીડા, પીડિત 896
પીધેલ, દારૂડિયો 897
પૂછવું, પુછે છે, તપાસ કરેલું, પૂછપરછ 898
પૂર, પૂર આવે છે, પૂર આવ્યું, પૂર આવવું, પાણીનું પૂર 899
પૂર્વજ, પૂર્વજો 900
પૂર્વજ, પૂર્વજો, પિતા, પિતાઓ, જન્મ આપવો, પિતાની સાર, વડવા, વડવાઓ, દાદા 901
પૃથ્વી, માટીનું, ધરતીનું 903
પેઢી 904
પેયાર્પણો 905
પ્રકાર, પ્રકારો, દયા, દયાળુ 906
પ્રકાશ, પ્રકાશે છે, પ્રકાશિત કરવું, દિવસનો પ્રકાશ, સૂર્યપ્રકાશ, ... 907
પ્રતિજ્ઞા, જમાનત, પ્રતિજ્ઞા કરી, પ્રતિજ્ઞા કરે છે 908
પ્રતિમા (મૂર્તિ), મૂર્તિઓ, કોતરેલી પ્રતિમા, કોતરેલી મૂર્તિઓ, ધાતુના ... 909
પ્રથમજનિત 910
પ્રથમફળો 911
પ્રાંત, પ્રાંતો, પ્રાંતીય 912
પ્રાણી, પ્રાણીઓ 913
પ્રામાણિકપણું 914
પ્રેમી, પ્રેમીઓ 915

ફરમાન, ફરમાનો 916
ફળ, ફળદાયી, નિષ્ક્રિય/નિરર્થક/બિનપરિણામકારક 917
ફસલ, ફસલો, કાપણી, લણણી કરવી, કાપણી કરનાર, કાપણી કરનારાઓ 919
ફુલાઈ ગયેલું, ફુલાઈ જાય છે 920
ફુવારો, ફુવારા, ઝરણું, ઝરણાઓ, ફૂટી નીકળવું 921
બંદી, બંદીવાનો, વશમાં કરવું, વશમાં કરેલુ, બંદીવાસ 922
બંદીવાસ, નિર્વાસિતો, દેશવટો 923
બકરી, બકરાં, બકરાની ચામડી, બલિનો બકરો, બકરીનું બચ્ચું 924
બખ્તર, શસ્ત્રાગાર 925
બદલો, બદલો આપે છે, બદલો આપ્યો, બદલો આપતું, બદલો આપનાર 926
બરફ, બરફ પડ્યો, બરફ પડી રહ્યો છે 927
બરુ, બરુઓ 928
બલિદાન, બલિદાન કરે છે, બલિદાન કર્યું, બલિદાન કરી રહ્યો છે, અર્પણ, ... 929
બળ, બળવાન, વધારે બળવાન, શક્તિશાળી રીતે 931
બળ, મજબૂત કરવું, મજબૂત કરે છે, મજબૂત કર્યું, મજબૂત કરી રહ્યા છે 932
બળવો કરવો, બળવો, બળવાખોર, બળવાખોરી 933
બહાર કાઢવું, બહાર કાઢી નાખવું, બહાર હાંકી કાઢવું, બહાર ફેંકવું, બહાર ... 934
બહેન, બહેનો 935
બાંધવું, સજવું 936
બારસાખ 937
બાવળ 938
બીજ, વીર્ય 939
બીબું, બીબાં, ઢાળ્યું, ઢાળવું, ઢાળનાર 940
બોજો, ભારરૂપ છે, ભારથી લદાયેલું, બોજારૂપ 941
ભઠ્ઠી 942
ભવિષ્યકથન, ભવિષ્ય ભાખનાર, ભવિષ્ય ભાખવું, ભવિષ્ય કહેનાર 943
ભાલા, ભાલાઓ, ભાલાધારી 944
ભૂંડ, ભૂંડો, ડુક્કરનું માંસ, ભૂંડણ 945
ભૂંડું કરનાર, ભૂંડું કરનારાઓ, દુષ્ટ કામ 946
ભૂંસી નાખવું, ભૂંસી નાખે છે, ભૂંસી નાખેલું, સાફ કરવું, સાફ કરી દે છે, ... 947
ભૂસું 948
ભ્રષ્ટ સાક્ષી, ખોટો અહેવાલ, ખોટી સાક્ષી, જૂઠી સાક્ષી, ખોટી સાક્ષીઓ 949
ભ્રષ્ટ, ભ્રષ્ટ થયેલું, ભ્રષ્ટ કરતું 950
ભ્રષ્ટ, ભ્રષ્ટ થયેલું, ભ્રષ્ટાચાર, વિશુદ્ધિ (ભ્રષ્ટ ન થાય તેવું), ... 951
મજૂરી, મજૂરી કરે છે, મહેનત, મજૂર, મજૂરો 952
મજૂરી, મજૂરીમાં, પ્રસૂતિની પીડા 953
મધ, મધપૂડા 954
મધ્યસ્થ 955
મન, સમજું/સાવધ મનવાળું, યાદ કરાવવું, યાદ પત્ર/યાદ કરાવવું, સમાન ... 956
મનન કરવું, મનન કરે છે, મનન 957
મરકી, મરકીઓ 958
મરી જવું, મૃત્યુ પામે છે, મૃત્યુ પામેલ, મૃત, ઘાતક, મૃત હાલત, મરણ, ... 959
મર્મ, મર્મો, ગુપ્ત સત્ય, ગુપ્ત સત્યો 961
મહિનો, મહિનાઓ, મહિને 962
મહેલ, મહેલો 963
મહોર, મહોર કરે છે, મહોર કરવામાં આવી, મહોર કરવામાં આવી રહી છે, મહોર ન ... 964
માછીમાર, માછીમારો 965
માન્ય કરવું, માન્ય કરે છે, માન્ય કરેલું, સ્વીકાર કરવું, સ્વીકાર કરેલ 966
મિજબાની 967
મિજબાની, મિજબાની આપે છે, મિજબાની 968
મુક્ત કરવું, મુક્ત કરે છે, છોડાવવું, છૂટું કરવું, સ્વતંત્રતા, ... 969
મુખ્ય યાજકો 970

મુખ્ય, મુખ્ય વ્યક્તિઓ 971
મુગટ (તાજ), મુગટ પહેરાવે છે, મુગટ પહેરાવ્યો 972
મુલાકાતમંડપ 973
મુશ્કેલી, મુશ્કેલીઓ, મુશ્કેલીગ્રસ્ત, મુશ્કેલીમાં, તોફાની, 974
મૂલ્યવાન 975
મોકલવું, મોકલે છે, મોકલ્યાં, મોકલી રહ્યા છે, બહાર મોકલવું, બહાર મોકલે ... 976
યહૂદી અધિકારીઓ, યહૂદી આગેવાનો 977
યહૂદી, યહૂદી ધર્મ 978
રક્તપાત 979
રક્તપિત્તિઓ, રક્તપિત્તિયાઓ, રક્તપિત્ત, કોઢ 980
રડવું, રડે છે, રડ્યો, રડતું, પોકાર કરવો, પોકાર કર્યો, બૂમ પાડવી, ... 981
રણ, રણો, અરણ્ય, અરણ્યો 982
રણશીગડું, રણશીગડાં, રણશીગડું વગાડનાર 983
રથ, રથો, સારથિ 984
રાક્ષસ/કદાવર, કદાવરો 985
રાખ, ભસ્મ, ધૂળ 986
રાજ કરવું, રાજ કરે છે, રાજ કર્યું, રાજ કરતું 987
રાજકુમાર, રાજકુમારો, રાજકુમારી, રાજકુમારીઓ 988
રાજદંડ, સેપ્ટર્સ 989
રાજદૂત, રાજદૂતો, પ્રતિનિધિ, પ્રતિનિધિઓ 990
રાજવંશી, રાજત્વ 991
રાજા, રાજાઓ, રાજ્ય, રાજ્યો, રાજાશાહી, રાજવી 992
રાજ્ય કરવું, રાજ્યકાળ, શાસક, અધિકારી, સત્તાધીશ, અધિકૃત, આગેવાન 993
રાજ્ય, રાજ્યો 994
રાણી, રાણીઓ 996
રીંછ, રીંછો 997
રોટલી 998
લટકાવવું, લટકાવે છે, ફાંસી આપવી, નીચે લટકાવવું, લટકાવવામાં આવે છે, ... 999
લાંચ આપવી, લાંચ આપે છે, લાંચ આપી, રુશ્વતખોરી 1000
લાકડી, લાકડીઓ 1001
લાભ, લાભકારક, ગેરફાયદાવાળું/બિનલાભદાયક 1002
લાયક બનવું, લાયક બનાવેલ, અયોગ્ય ઠરેલું 1003
લોકજાતિ, લોકો, લોક, તે લોકો 1004
લોબાન 1006
લ્યૂટ, તંતુવાદ્ય, તંતુવીણા 1007
વખાર, વખારો 1008
વડીલ, વડીલો, ઉંમરવાન, વૃદ્ધ 1009
વધ કરવો, વધ કર્યો 1010
વધારવું, વધારે છે, વધાર્યું, વધારવું, વધારો 1011
વરરાજા, વરરાજાઓ 1012
વરુ, વરુઓ, જંગલી કુતરાઓ 1013
વર્ષ, વર્ષો 1014
વળવું, પાછું ફરવું, પાછા ફરવું, પાછું વળવું 1015
વસ્તીગણતરી 1017
વહીવટ, સંચાલક, સંચાલકો, વહીવટ કરેલ, વહીવટ કરવો 1018
વાંઝણી 1019
વાંસળી, વાંસળીઓ, મુરલી, મુરલીઓ 1020
વાપરવું (ખલાસ કરવું), નાશ કરવો, નાશ પામેલું, વપરાશ 1021
વારસ/વારસદાર 1022
વારસામાં ઉતરેલું, વારસામાં આવે છે, વારસામાં આવેલ, વારસમાં આવવું, ... 1023
વાસના, લંપટ/કામાંધ, જાતીય આવેગો, જાતીય ઈચ્છાઓ 1024
વિખેરવું, વિક્ષેપ 1025

વિદ્વાન માણસ, જ્યોતિષીઓ 1026
વિધિ (હુકમ), વિધિઓ, હુકમ આપવામાં આવ્યો 1027
વિધિ, વિધિઓ 1028
વિનાશ, વિનાશ કરવો, વિનાશ કર્યો 1029
વિપત્તિ 1030
વિલાપ કરવો, વિલાપ કરે છે, વિલાપ કર્યો, વિલાપ, વિલાપ કરનાર, વિલાપ ... 1031
વિશ્વાસઘાત કરવો, દગો કરે છે, વિશ્વાસઘાત કર્યો, વિશ્વાસઘાત, દગો કરનાર, ... 1032
વિષય/આધીન, ને આધીન રેહવું, તાબેદારી/અધીનતા 1033
વીંધવું, વીંધે છે, વીંધ્યું, વીંધતું 1034
વીણા, વીણાઓ, વીણાવગાડનાર, વીણા વગાડનારા 1035
વેદના 1036
વેર, વેર લે છે, વેર લીધું, વેર લેવું, વેર લેનાર, વેર વાળવું, બદલો 1037
વેરો, વેરા, કર લાદ્યો, કરચોરી, કરપદ્ધતિ, કરદાતાઓ, દાણી, દાણીઓ, 1038
વેલો, વેલા 1040
વેશ્યા, વેશ્યાવૃત્તિ કરી, વેશ્યાઓ, ગણિકા, વેશ્યાવૃત્તિ કરી 1041
વૈભવ 1042
વૈરી, વૈરીઓ, દુશ્મન, દુશ્મનો 1043
વ્યથિત, દમન, પીડિત, દુઃખ, પીડા, પીડાઓ 1044
વ્યર્થ, મિથ્યાભિમાન 1045
શપથ, સમ ખાવા, સમ ખાય છે, સમ ખાતું, ના સમ ખાવા, ના સમ ખાય છે 1046
શબ્દ, શબ્દો 1047
શરમ, લજ્જિત, બદનામી, અપમાનિત કરવું, ઠપકો 1048
શરૂઆત, ઉંબરો, પ્રવેશદ્વાર 1050
શાંતિ, શાંતિપૂર્ણ, શાંતિપૂર્ણ રીતે, શાંતિચાહક, શાંતિ કરાવનારાઓ 1051
શાંત્યર્પણ, શાંત્યર્પણો 1052
શાંત્યાર્પણ, શાંત્યાર્પણો 1053
શિંગડા, શિંગ, શિંગડાવાળા 1054
શિકાર, શિકાર કરવો 1055
શિક્ષક, શિક્ષકો 1056
શિક્ષા કરવી, શિક્ષા કરે છે, શિક્ષા કરી, શિક્ષા કરતું, શિક્ષા , શિક્ષા ... 1057
શિર, શિરો, કપાળ, કપાળો, ટાલિયો, વગરવિચારે અથવા અનાયાસે, ખેસ, દુપટ્ટો, ... 1059
શીખવવું, શીખવે છે, વણશીખવ્યું 1060
શોકના વસ્ત્રો 1061
શોધવું, શોધે છે, શોધી રહ્યા છે, શોધ્યો 1062
શ્વાસ, શ્વાસ લેવો, શ્વાસ લે છે, શ્વાસ લીધો, શ્વાસ લેવો 1063
સંકટ (વિનાશ) 1065
સંચાલક, કારભારી, કારભારીપણું 1066
સંચાલન, સરકાર, સરકારો, હાકેમ, હાકેમો, સૂબો 1067
સંતાન 1068
સંદેશવાહક, સંદેશવાહકો 1069
સંપૂર્ણ, સંપૂર્ણ થયેલ, સંપૂર્ણ કરનાર, સંપૂર્ણતા, સંપૂર્ણ રીતે 1070
સતાવવું, સતાવેલ, સતાવતું, સતાવણી, સતાવણીઓ, સતાવનાર, સતાવનારાઓ 1071
સપ્તાહ, સપ્તાહો 1072
સભા, સભાઓ, એકત્ર કરવું, ભેગા થયેલ 1073
સમજવું, સમજે છે, સમજ્યા, સમજણ 1074
સમય, અકાળે, તારીખ 1075
સમર્થન આપવું (કાયમ કરવું), તાજું કરે છે, કાયમ કરેલું, ખાતરીપૂર્વક 1076
સમાન, સમાન વિચારસરણી, સરખું, સમાનતા, સામ્યતા, સમાનતાઓ, તેવી જ રીતે, ... 1077
સમુદ્રી ગાય 1078
સમૃદ્ધ થવું, સમૃદ્ધ થયું, સમૃદ્ધ થતું, સમૃદ્ધિ, સમૃદ્ધ 1079
સર્જન કરવું, સર્જન કરે છે, ઉત્પન્ન કરેલું, સર્જન, સર્જક 1080
સર્પ, સર્પો, સાપ, સાપો, નાનો ઝેરી સાપ, નાના ઝેરી સાપો 1081

સલાહ, સલાહ આપવો, સલાહ આપો, સલાહકાર, સલાહકારો, સલાહ, સલાહ આપનારો, સલાહ ... 1082
સળો કરવો, સળો કરે છે, સળો કર્યો, કાપણી પછીનો સળો 1083
સહન કરવું, સહન કરે છે, ઘર્ષણ સહન કરનારો, ખેપિયો 1084
સહન કરવું, સહન કરે છે, ટકી રહેવું, ટકાઉ, સહનશક્તિ 1085
સહન કરવું,પીડાય છે,સહન કર્યું,વેદના,પીડાઓ 1086
સાજુ કરવું, સાજો થયેલો, સાજુ કરવું, સાજુ કરે છે, સાજા કરનાર, ... 1087
સાથી, સાથીઓ, સહકાર્યકર, સહકાર્યકરો, મિત્ર 1088
સાફ કરવું,સફર,અધીરા,દાવપેચ 1089
સાવધાન, ભયની સુચના આપવી, ભયભીત 1090
સાહસિક, હિંમતભેર, સાહસિકતા, હિંમત પામેલ 1091
સિંહાસન, તાજ, સિંહાસને બેસાડ્યો 1092
સિંહો, સિંહ, સિંહણ, સિંહણો 1093
સિદ્ધાંત, શિક્ષણ, માન્યતાઓ, સૂચનાઓ, જ્ઞાન 1094
સૂચના આપવી, સૂચન આપે છે, સૂચના આપી, સૂચના, સૂચનાઓ, પ્રશિક્ષકો 1095
સેનાપતિ (સરદાર), સેનાપતિઓ 1096
સેલાહ 1097
સેવક, સેવા કરવી, દાસ/ગુલામ, યુવાન માણસ, યુવાન સ્ત્રી 1098
સૈનિક, સૈનિકો, યોદ્ધો, યોદ્ધાઓ 1100
સોંપવું, સમર્પિત, સોંપાયેલું, પ્રતિબદ્ધતા 1101
સોંપવું, સોંપેલું, સોંપણી, ગૃહકાર્ય, ગૃહકાર્યો, પરત સોંપવું 1102
સોનુ, સોનેરી 1103
સ્તુતિ કરવી, સ્તુતિ કરે છે, સ્તુતિ કરી, સ્તુતિ કરતા, સ્તુતિયોગ્ય 1104
સ્મારક, સ્મારક અર્પણ 1105
સ્વપ્ન 1106
સ્વીકાર કરવો, આવકાર કરવો, પ્રાપ્ત કરવું, સ્વીકાર કરે છે, સ્વીકાર ... 1107
હરણ, હરણી, હરણીઓ, હરણનું બચ્ચું, એક જાતનું નર હરણ, એક જાતના નર હરણો 1109
હલકું પાડવું, અપમાનિત થયેલું, અપમાન 1110
હળ, હળો, હળથી ખેડ્યું, ખેડતું, ખેડનારા, ખેડનાર ખેડૂત, હળનું લોખંડનું ... 1111
હાંસી ઉડાવવી, હાંસી ઉડાવે છે, હાંસી ઉડાવી, હાંસી ઉડાવવી, હાંસી ... 1112
હાથ, હાથો, સોપી દીધું, સોંપવું, ના હાથ દ્વારા, ઉપર હાથ મૂકે, તેના હાથ ... 1113
હિંમત, હિંમતવાન, ઉત્તેજન આપવું, પ્રોત્સાહન આપવું, નાહિંમત કરવું, ... 1115
હોરા (કલાક), ઘડીઓ 1116
હોલવવું, છિપાવવી, હોલવ્યું, ન હોલવાનાર 1117
હોલો, કબૂતર 1118

**translationAcademy** **1119**
અજ્ઞાતનું અનુવાદ 1120
અત્યુક્તિ અને સામાન્યીકરણ 1121
અનુમાનિત જ્ઞાન અને ગર્ભિત માહિતી 1124
અભિવ્યક્ત અલંકાર 1127
અમૂર્ત નામો 1129
ઉપનામ 1131
નામમાત્રનાં વિશેષણો 1133
નામોનો અનુવાદ કેવી રીતે કરવો 1135
બેવડું/બમણાં 1138
રૂઢિપ્રયોગ 1140
રૂપક 1142
સમાંતરણ 1147
સમાંતરણ રૂપક 1150
સૌમ્યોક્તિ 1153

**ફાળો આપનારા** **1155**
translationWords ફાળો આપનારા 1155

translationAcademy ફાળો આપનારા ........ 1155

# translationWords

## Key Terms

# અંત:કરણ

## વ્યાખ્યા:

અંત:કરણ વ્યક્તિના વિચારોનો એક ભાગ છે કે જે દ્વારા ઈશ્વર તેને વાકેફ કરે છે કે તે કઈંક અધમ (પાપ) કરી રહ્યો છે.

- ઈશ્વરે લોકોને સાચું શું છે અને ખોટું શું છે, તે વચ્ચે ભેદ પારખવા માટે મદદ તરીકે અંત:કરણ આપ્યું છે.
- જે વ્યક્તિ ઈશ્વરને આધીન જીવે છે તેને “શુદ્ધ” અથવા “નિર્મળ” અથવા “સ્વચ્છ” અંત:કરણ છે તેમ કહેવાય છે.
- જો વ્યક્તિને “નિર્મળ અંત:કરણ હોય” તેનો અર્થ કે તે કોઇપણ પાપ છૂપાવતો નથી.
- જો કોઈ તેમના અંત:કરણનો નકાર કરે અને જયારે તે પાપો કરે ત્યારે તેને અપરાધની લાગણી અનુભવતો નથી, તેનો અર્થ કે જે બાબત ખોટી છે તે માટે તેનું અંત:કરણ સંવેદનશીલ રહ્યું નથી. બાઈબલ તેને “દમાયેલું/શુષ્ક” અંત:કરણ તરીકે દર્શાવે છે, જેના પર જાણે કે ગરમ લોખંડ દ્વારા “નિશાન (છાપ)” પાડવામાં આવ્યું છે. આવા અંત:કરણને “લાગણીશૂન્ય” અને “પ્રદૂષિત” થયેલું પણ કહેવાય છે.
- સંભવિત રીતે આ શબ્દનું ભાષાંતર, “આંતરિક નૈતિક માર્ગદર્શક” અથવા “નૈતિક વિચારો” જેવા શબ્દોનો સમાવેશ કરી શકે છે.

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 1:18-20
- 1 તિમોથી 3:8-10
- 2 કરિંથી 5:11-12
- 2 તિમોથી 1:3-5
- રોમન 9:1-2
- તિતસ 1:15-16

## શબ્દ માહિતી:

- Strong's: G4893

# અંતિમ દિવસ, અંતિમ દિવસો, પછીના દિવસો

## વ્યાખ્યા:

સામાન્ય રીતે "અંતિમ દિવસો" અથવા "પછીના દિવસો" શબ્દો વર્તમાન યુગના અંતના સમયગાળાનો ઉલ્લેખ કરે છે.

- આ સમયગાળો અજાણ મુદ્દતનો હશે.
- "અંતિમ દિવસો" એ જેઓ ઈશ્વરથી વિમુખ થયા છે તેઓ માટે ન્યાયનો સમય હશે.

## અનુવાદ માટેના સૂચનો:

- "અંતિમ દિવસો" શબ્દનું અનુવાદ "આખરી દિવસો" અથવા "અંતના દિવસો" એમ કરી શકાય.
- કેટલાંક સંદર્ભમાં, તેનું અનુવાદ "જગતનો અંત" અથવા "જ્યારે આ જગતનો અંત આવશે" એમ કરી શકાય.

(આ પણ જુઓ: પ્રભુનો દિવસ, ન્યાયાધીશ, ફરવું, જગત)

## બાઈબલના સંદર્ભો:

- 2 પિત્તર 3:3-4
- દાનિયેલ 10:14-15
- હિબ્રૂઓ 1:1-3
- યશાયા 2:1-2
- યાકુબ 5:1-3
- યર્મિયા 23:19-20
- યોહાન 11:24-26
- મીખાહ 4:1

## શબ્દ માહિતી:

- Strong's: H319, H3117, G2078, G2250

# અતિ ઉચ્ચ, સર્વોચ્ચ

## તથ્યો:

"સર્વોચ્ચ" શબ્દ ઈશ્વરનું એક શીર્ષક છે. તે તેમની મહાનતા અથવા તો અધિકાર સૂચવે છે.

- આ શબ્દનો અર્થ "સાર્વભૌમ" અથવા તો "પરમ" શબ્દોના અર્થ સમાન છે.
- આ શીર્ષકમાં "ઉચ્ચ" શબ્દ ભૌતિક ઊંચાઈ કે અંતરનો ઉલ્લેખ કરતો નથી.

તે મહાનતાનો ઉલ્લેખ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો અનુવાદ "અતિ ઉચ્ચ ઈશ્વર" અથવા તો "સર્વોચ્ચ વ્યક્તિ" અથવા તો "ઈશ્વર કે જેઓ પરમ છે" અથવા તો "સૌથી મહાન" અથવા તો "ઈશ્વર કે જેઓ સર્વ કરતા મહાન છે" એ રીતે પણ કરી શકાય.
- જો "ઉચ્ચ" જેવો શબ્દ વાપરવામાં આવે તો ધ્યાન રાખો કે તે ભૌતિક અર્થમાં ઊંચા કે ઉચ્ચ એવો અર્થ વ્યક્ત ન કરતો હોય.

(આ પણ જૂઓ: ઈશ્વર)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:47-50
- પ્રેરિતોના કૃત્યો 16:16-18
- દાનિયેલ 4:17-18
- પુનર્નિયમ 32:7-8
- ઉત્પત્તિ 14:17-18
- હિબ્રૂ 7:1-3
- હોશિયા 7:16
- યર્મિયાનો વિલાપ 3:34-36
- લૂક 1:30-33

## શબ્દ માહિતી:

- Strong's: H5945, G5310

# અધિકાર

## વ્યાખ્યા:

"અધિકાર" શબ્દ સામાન્યપણે પ્રભાવની, જવાબદારીની સ્થિતિ અથવા બીજા વ્યક્તિ ઉપરના અધિકારને ઉલ્લેખે છે.

- રાજાઓ અને બીજા શાસકોને, જેઓ પર તેઓ શાસન ચલાવતા હોય તેઓના પર અધિકાર હોય છે.
- "અધિકારીઓ" શબ્દનો ઉલ્લેખ, લોકો, સરકારો અથવા સંસ્થાઓનો બીજાઓ પરના અધિકાર માટે થઇ શકે છે.
- "અધિકારીઓ" શબ્દનો ઉલ્લેખ અસ્તિત્વ ધરાવતા આત્માઓ થઇ શકે છે જેઓને લોકો પર અધિકાર હોય છે જેમણે પોતાને ઈશ્વરના અધિકારને આધિન કર્યા નથી.
- માલિકોને તેમના સેવકો અથવા ગુલામો ઉપર અધિકાર હોય છે. માતા-પિતા ને તેમના બાળકો ઉપર અધિકાર હોય છે.
- સરકારોને સત્તા અથવા હક હોય છે કાયદાઓ બનાવવાનો જે તેમના નાગરિકો પર શાશન ચલાવે.

## ભાષાંતરના સુચનો:

- "અધિકાર" શબ્દનું ભાષાંતર "નિયંત્રણ" અથવા "હક" અથવા "લાયકાત" પણ કરી શકાય.
- ક્યારેક "અધિકાર" એ "વર્ચસ્વ" અર્થ સાથે વપરાય છે.
- જયારે "અધિકારીઓ" નો ઉલ્લેખ લોકો અથવા સંસ્થાઓ કે જે લોકો પર શાસન કરેછે તે માટે વપરાય છે, ત્યારે તેનું ભાષાંતર "આગેવાનો" અથવા "શાસકો" અથવા "સત્તાઓ" પણ કરી શકાય.
- "તેના પોતાના અધિકાર દ્વારા," આ શબ્દસમૂહનું ભાષાંતર "તેના પોતાના હક થી દોરવું" અથવા 'તેની પોતાની લાયકાત પર આધારિત" એ રીતે પણ કરી શકાય.
- "અધિકાર હેઠળ" ની અભિવ્યક્તિનું ભાષાંતર "આધીન થવા માટે જવાબદાર" અથવા "બીજાઓની આજ્ઞાઓ પાળવા બંધાયેલ" થઇ શકે છે.

(આ શબ્દો જુઓ: આધિપત્ય, રાજા, શાસક, સામર્થ્ય)

## બાઈબલની કલમો:

- કલોસ્સી 2:10
- એસ્તર 9:29
- ઉત્પત્તિ 41:35
- યૂના 3:6-7
- લૂક 12:5
- લૂક 20:1-2
- માર્ક 1:22
- માથ્થી 8:9
- માથ્થી 28:19
- તિતસ 3:1

## શબ્દ માહિતી:

- Strong's: H8633, G831, G1413, G1849, G1850, G2003, G2715, G5247

# અનંતકાળ, શાશ્વત, અનંત, સદાકાળ

## વ્યાખ્યા:

"શાશ્વત" અને "અનંત" શબ્દોના ખૂબજ સમાન અર્થો છે, અને તે કઈંક જે હંમેશા અસ્તિત્વમાં હશે અથવા કે જે હંમેશા ચાલુ રહેશે, તે દર્શાવે છે.

- "અનંતકાળ" શબ્દ કે જેની શરૂઆત અથવા અંત નથી, તે દર્શાવે છે. જીવન કે જેનો કદી અંત નથી, તે માટે પણ દર્શાવી શકાય છે.
- પૃથ્વી પરના હાલના જીવન પછી, મનુષ્યો ઈશ્વરની સાથે સ્વર્ગમાં અથવા ઈશ્વર સિવાય નર્કમાં અનંતકાળ પસાર કરશે.
- "અનંતજીવન" અને "શાશ્વત જીવન" શબ્દો, નવા કરારમાં સદાકાળ ઈશ્વરની સાથે સ્વર્ગમાં રહેવા માટે વાપરવામાં આવ્યા છે.
- "સનાતન અને હંમેશા" શબ્દસમૂહમાં સમયનો વિચાર આવેલો છે કે જેનો કદી અંત નથી, અને અનંતકાળ અથવા અનંતજીવન શું છે તે વ્યક્ત કરે છે. "સનાતન" શબ્દ, કદી અંત નહિ આવનાર સમયને દર્શાવે છે. ક્યારેક તેને "ખૂબજ લાંબા સમય" માટે રૂપકાત્મક અર્થમાં વાપરવામાં આવ્યો છે.
- "સદાકાળ અને હંમેશા" શબ્દ, કઈંક કે જે હંમેશા બનશે અથવા અસ્તિત્વમાં આવશે, તેના પર ભાર મૂકે છે.
- "સદાકાળ અને હંમેશા" શબ્દસમૂહ, અનંતકાળ અથવા અનંતજીવન શું છે, તે વ્યક્ત કરે છે. તેમાં સમયનો વિચાર પણ છે કે, જેનો કદી અંત નથી.
- ઈશ્વરે કહ્યું કે દાઉદનું સિંહાસન "સદાકાળ" ટકી રહેશે. આ એક સત્ય દર્શાવે છે કે દાઉદનો વંશજ, ઈસુ રાજા તરીકે હંમેશા રાજ કરશે.

## ભાષાંતરના સૂચનો:

- "અનંત" અથવા "શાશ્વત" શબ્દનું બીજી રીતે ભાષાંતર કરવામાં આવે તો, "જેનો કદી અંત નથી" અથવા "કદી બંધ ન થનાર" અથવા "હંમેશા ચાલુ," જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- "અનંતજીવન" અને "શાશ્વત જીવન" શબ્દનું ભાષાંતર, "જીવન કે જેનો કદી અંત નથી" અથવા "જીવન કે જે બંધ થયા વગર હંમેશા ચાલુ રહે છે" અથવા "આપણા શરીરો હંમેશા જીવવા ઉઠશે." તરીકે પણ (ભાષાંતર) કરી શકાય.
- સંદર્ભ પર આધાર રાખીને "અનંતકાળ" શબ્દના વિવિધ ભાષાંતરમાં, "સમય બહારનું અસ્તિત્વ" અથવા "જેનો અંત નથી તેવું જીવન" અથવા "સ્વર્ગમાંનું જીવન," જેવા (શબ્દો)નો સમાવેશ કરીને કરી શકાય છે.
- આ પણ ધ્યાનમાં રાખો કે બાઇબલના ભાષાંતરમાં સ્થાનિક અથવા રાષ્ટ્રીય ભાષામાં આ શબ્દનું ભાષાંતર કેવી રીતે થયેલું છે.

(જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

- "સદાકાળ" શબ્દનું ભાષાંતર, "હંમેશા" અથવા "જેનો કદી અંત નથી," જેવા શબ્દો દ્વારા પણ કરી શકાય છે.
- "સદાકાળ ટકશે" શબ્દસમૂહનુ ભાષાંતર, "હંમેશા અસ્તિત્વમાં" અથવા "કદી બંધ થશે નહીં" અથવા "હંમેશા ચાલુ રહેશે," તરીકે પણ કરી શકાય છે.
- "સદાકાળ અને હંમેશા" ભારયુક્ત શબ્દસમૂહનું ભાષાંતર, "હંમેશા અને હંમેશા માટે" અથવા "ક્યારેય અંત નથી" અથવા "કે જેનો કદી, ક્યારેય અંત નથી," તરીકે પણ (ભાષાંતર) કરી શકાય છે.
- દાઉદનું સિંહાસન સદાકાળ ટકશે, તેનું ભાષાંતર "દાઉદના વંશજો સદાકાળ રાજ કરશે" અથવા "દાઉદના વંશજ હંમેશા રાજ કરશે" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: દાઉદ, રાજ, જીવન)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 17:7-8
- ઉત્પત્તિ 48:3-4
- નિર્ગમન 15:17-18
- 2 શમુએલ 3:28-30
- 1 રાજા 2:32-33
- અયૂબ 4:20-21
- ગીતશાસ્ત્ર 21:3-4
- યશાયા 9:6-7
- યશાયા 40:27-28
- દાનિયેલ 7:17-18
- લૂક 18:18-21
- પ્રેરિતો 13:46-47
- રોમન 5:20-21
- હિબ્રૂ 6:19-20
- હિબ્રૂ 10:11-14

- 1 યોહાન 1:1-2
- 1 યોહાન 5:11-12
- પ્રકટીકરણ 1:4-6
- પ્રકટીકરણ 22:3-5

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **27:1** એક દિવસે, એક યહૂદી કાયદાના નિષ્ણાતે ઈસુની પરીક્ષા કરવા તેની પાસે આવ્યો, કહે છે, ગુરુજી, **અનંતજીવન** નો વારસો પામવા મારે શું કરવું?"
- **28:1** એક દિવસે, એક જુવાન ધનવાન અધિકારી ઈસુની પાસે આવ્યો, અને તેને પૂછયું "સારા શિક્ષક, "અનંતજીવન" પામવા મારે શું કરવું જોઈએ?" ઈસુએ તેને કહ્યું, "તું સારા વિશે મને કેમ પૂછે છે? સારા ફક્ત એક જ છે, અને તે ઈશ્વર છે. પરંતુ જો તારે **અનંતજીવન** પામવું હોય તો ઈશ્વરના નિયમોને પાળ."
- **28:10** ઈસુએ જવાબ આપ્યો કે, જે કોઈ મારા નામને લીધે ઘરો, ભાઈઓ, બહેનો, પિતા, માતા, બાળકો, અથવા મિલકતને છોડી દીધા છે, તેઓ 100 ઘણું વધારે અને **અનંતજીવન** પણ પ્રાપ્ત કરશે."

## શબ્દ માહિતી:

- Strong's: H3117, H4481, H5331, H5703, H5705, H5769, H5865, H5957, H6924, G126, G165, G166, G1336

# અન્યાય, અન્યાયો

## વ્યાખ્યા:

“અન્યાય” શબ્દ જે “પાપ” શબ્દના અર્થ જેવો સમાન (શબ્દ) છે, પણ તે ખાસ કરીને ખોટું અથવા મહાન દુષ્ટતા કાર્યો જયારે સજાગ રીતે કરવામાં આવે છે, તેને દર્શાવે છે.

- “અન્યાય” શબ્દનો વાસ્તવિક/શબ્દિક અર્થ, (કાયદાને) વાંકો વાળવો અથવા ખંડિત કરવો છે. તે મોટા અન્યાયને દર્શાવે છે. અન્યાય એ બીજા લોકોની વિરુદ્ધ, ઇરાદાપૂર્વક અને હાનિકારક ક્રિયાઓ તરીકે વર્ણવી શકાય છે.
- અન્યાયની અન્ય વ્યાખ્યાઓમાં “વૈમનસ્ય” અને “દુરાચરણ” જેવા શબ્દોનો સમાવેશ થાય છે, કે જે બંને શબ્દો ભયંકર પાપની સ્થિતિનું વર્ણન કરે છે.

## ભાષાંતરના સૂચનો:

- “અન્યાય” શબ્દનું ભાષાંતર, “દુષ્ટતા” અથવા “વિકૃત ક્રિયાઓ” અથવા “હાનિકારક કાર્યો” તરીકે કરી શકાય છે.

“પાપ” અને “ઉલ્લંઘન” શબ્દની માફક મોટેભાગે “અન્યાય” શબ્દ પણ તે જ લખાણમાં મળી આવે છે, જેથી તે અગત્યનું છે કે આ શબ્દોનું ભાષાંતર અલગ રીતે થાય.

(આ પણ જુઓ: પાપ, ઉલ્લંઘન, આજ્ઞાભંગ)

## બાઈબલની કલમો:

- દાનિયેલ 9:12-14
- નિર્ગમન 34:5-7
- ઉત્પત્તિ 15:14-16
- ઉત્પત્તિ 44:16-17
- હબાક્કુક 2:12-14
- માથ્થી 13:40-43
- માથ્થી 23:27-28
- મીખાહ 3:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H205, H1942, H5753, H5758, H5766, H5771, H5932, H5999, H7562, G92, G93, G458, G3892, G4189

# અપરાધ, (દોષ), દોષિત

## વ્યાખ્યા:

"દોષ" શબ્દ, પાપ અથવા ગુનો કર્યાની હકીકત દર્શાવે છે.

- "દોષિત હોવું" શબ્દનો અર્થ, નૈતિક રીતે કંઈક ખોટું હોય કે જે દર્શાવે છે કે (તે વ્યક્તિએ) દેવની આજ્ઞાનો અનાદર કર્યો છે.
- "દોષિત" શબ્દનો વિરુદ્ધભાસી "નિર્દોષ" થાય છે.

## ભાષાંતરના સૂચનો:

- કેટલીક ભાષાઓ કદાચ "દોષ" શબ્દનું ભાષાંતર, "પાપનો ભાર" અથવા "પાપોની ગણતરી" તરીકે કરે છે.
- "દોષિત હોવું" શબ્દના ભાષાંતરમાં જે શબ્દ અથવા શબ્દસમૂહ વપરાય જેનો અર્થ, "દોષ પર હોવું" અથવા "નૈતિક રીતે કંઈક ખોટું કરેલું હોવું" અથવા "પાપ કરેલું હોવું" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: નિર્દોષ, અન્યાય, સજા, પાપ)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 28:36-38
- યશાયા 6:6-7
- યાકૂબ 2:10-11
- યોહાન 19:4-6
- યૂના 1:14-16

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **39:2** તેઓ ઘણા સાક્ષીઓ લાવ્યાં કે જેઓ તેના (ઈસુ) વિશે જૂઠું બોલ્યાં. જો કે, તેઓની નિવેદનો એકબીજા સાથે સંમત થયા નહોતા, જેથી યહૂદી આગેવાનો તે (ઇસુ) કંઈપણ બાબત માટે **દોષિત** હતો તે સાબિત કરી શક્યા નહીં.
- **39:11** ઈસુ સાથે વાત કર્યા પછી, પિલાત ટોળામાં બહાર ગયો અને કહ્યું, "આ ણસમાં મને કોઈ દોષ માલૂમ પડતો નથી. પણ યહૂદી આગેવાનો અને ટોળાએ બૂમો પાડી, "તેને વધસ્તંભે જડો!" પિલાતે ઉત્તર આપ્યો, "તે **દોષિત** નથી." પણ તેઓએ બધારે મોટેથી બૂમો પાડી. પછી પિલાતે ત્રીજી વાર કહ્યું, "તે દોષિત નથી!.
- **40:4** ઈસુને બે લૂંટારાઓની વચ્ચે વધસ્તંભે જડવામાં આવ્યો.

તેઓમાંના એકે ઈસુની મશ્કરી કરી, પરંતુ બીજાએ કહ્યું, "શું તું દેવથી પણ ડરતો નથી? આપણે **દોષિત** છીએ, પણ આ માણસ નિર્દોષ છે.

- **49:10** તારા પાપને કારણે, તું **દોષિત** છે અને મૃત્યુને લાયક છે.

## શબ્દ માહિતી:

- Strong's: H816, H817, H818, H5352, H5355, G338, G1777, G3784, G5267

# અપરાધ, અપરાધો, ઉલ્લંઘન

## વ્યાખ્યા:

"અપરાધ" નો અર્થ એ છે કે કાયદાનો ભંગ કરવો અથવા અન્ય વ્યક્તિના હકોનું ઉલ્લંઘન કરવું. "અપરાધ" એ "ઉલ્લંઘન કરવાની" ક્રિયા છે.

- અપરાધ એ નૈતિક અથવા દીવાની કાયદાનું ઉલ્લંઘન હોઈ શકે છે અથવા અન્ય વ્યક્તિ સામે કરેલું પાપ હોઈ શકે છે.
- આ શબ્દ "પાપ," અને "ઉલ્લંઘન" શબ્દ સાથે સંબંધિત છે, ખાસ કરીને તે ઈશ્વરનું ઉલ્લંઘન કરવા સાથે સંબંધિત છે. બધા પાપો ઈશ્વર સામે અપરાધ છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભના આધારે, "વિરુદ્ધ અપરાધ કરવો" નો અનુવાદ " સામે પાપ કરવું " અથવા "નિયમ ભંગ કરવો" તરીકે કરી શકાય છે.
- કેટલીક ભાષાઓમાં "અપરાધ."નું ભાષાંતર "મર્યાદા ઓળંગવી" જેવી અભિવ્યક્તિ હોઈ શકે છે.
- વિચાર કરો કે આ શબ્દ બાઇબલ લખાણના આસપાસના અર્થ સાથે કેવી રીતે બંધબેસે છે અને અન્ય શબ્દો સાથે જેનો સમાન અર્થ હોય તેની સાથે તુલના કરો, જેમ કે "ઉલ્લંઘન" અને "પાપ."

(આ પણ જુઓ: અનાદર, અન્યાય, પાપ, ઉલ્લંઘન)

## બાઇબલના સંદર્ભો:

- 1 શમુએલ 25 :27-28
- 2 કાળવૃતાંત 26:16-18
- કલોસી 2:13-15
- એફેસી 2:1-3
- હઝકીએલ 15:7-8
- રોમન 5:16-17
- રોમન 5:20-21

## શબ્દ માહિતી:

- Strong's: H816, H817, H819, H2398, H4603, H4604, H6586, H6588, G264, G3900

# અફસોસ

## વ્યાખ્યા:

આ" અફસોસ "શબ્દ મહાન તણાવની એક લાગણીનો ઉલ્લેખ કરે છે. તે એક ચેતવણી પણ આપે છે કે કોઇને ગંભીર મુશ્કેલીનો અનુભવ થશે.

- “અફસોસ "શબ્દની અભિવ્યક્તિ લોકો માટે ચેતવણી દ્વારા કરવામાં આવે છે કે તેઓ તેમના પાપોની સજા તરીકે દુઃખનો અનુભવ કરશે.
- બાઇબલમાં અનેક જગ્યાએ, ખાસ કરીને ભયંકર ચુકાદા પર ભાર મૂકવા, " અફસોસ " શબ્દ પુનરાવર્તન કરવામાં આવે છે.
- જે વ્યકિત કહે છે કે " અફસોસ છે મને " અથવા "મને અફસોસ" ગંભીર દુઃખ વિશે દુઃખ વ્યક્ત કરે છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભને આધારે, " અફસોસ " શબ્દનો અનુવાદ "મહાન દુ: ખ" અથવા "ઉદાસી" અથવા "આફત" અથવા "આપત્તિ" તરીકે પણ કરી શકાય છે.
- “અફસોસ)શહેરના નામ)” અભિવ્યક્તિને અન્ય રીતે અનુવાદ કરવામાં શામેલ થઈ શકે છે, "તે)શહેરના નામ) માટે કેટલું ભયંકર હશે" અથવા "લોકો )તે શહેરમાં) ને ગંભીર સજા કરવામાં આવશે"અથવા "તે લોકો મોટા પ્રમાણમાં સહન કરશે."
- અભિવ્યકિત, " મને અફસોસ છે!" અથવા "મને અફસોસ !" નું ભાષાંતર "હું કેવી રીતે ઉદાસી છું!" અથવા "હું ખૂબ ઉદાસ છું!" અથવા "મારા માટે કેટલું ભયંકર છે!" એમ કરી શકાય છે.
- અભિવ્યક્તિ "તમને અફસોસ" નું ભાષાંતર પણ "તમે ઘણું સહન કરવું પડશે" અથવા "તમે ભયંકર મુશ્કેલીઓનો અનુભવ કરશો."

## બાઇબલના સંદર્ભો:

- હઝકિયેલ 13:17-18
- હબાક્કુક 2:12-14
- યશાયા 31:1-2
- યર્મિયા 45:1-3
- યહુદા 1:9-11
- લૂક 6:24-25
- લૂક 17:1-2
- માથ્થી 23:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H188, H190, H337, H480, H1929, H1945, H1958, G3759

# અભિષેક, અભિષિક્ત, અભિષિક્ત કરેલો

## વ્યાખ્યા:

“અભિષેક” શબ્દનો અર્થ, વ્યક્તિ અથવા વસ્તુ ઉપર તેલ ચોળવું અથવા રેડવું. ક્યારેક આ તેલમાં મસાલા મિશ્રિત કરાતા હતા, જે મધુર, સુગંધીદાર સુવાસ આપે છે. આ શબ્દનો ઉપયોગ રૂપકાત્મક રીતે પણ થાય છે, જે પવિત્ર આત્મા દ્વારા થયેલી પસંદગી અને તેના દ્વારા મળેલ સામર્થ્યને દર્શાવે છે.

- જૂનાકરારમાં, યાજકો, રાજાઓ અને પ્રબોધકોને તેલથી અભિષિક્ત કરી દેવની વિશેષ સેવા માટે તેઓને અલગ કરાતા હતા.
- વસ્તુઓ જેવી કે ધૂપવેદીઓ અથવા મુલાકાતમંડપને પણ તેલથી અભિષિક્ત કરવામાં આવતા હતા કે જેઓ દેવના મહિમા અને આરાધના માટે વપરાતા હતા.
- નવા કરારમાં ઉપચાર માટે, માંદા લોકોને સાજા કરવા તેલથી અભિષિક્ત કરવામાં આવતા હતા.
- નવા કરારમાં નોંધ લેવામાં આવી છે કે ઈસુને બે વાર સ્ત્રી દ્વારા સુગંધી તેલથી અભિષિક્ત કરી તેમનું ભજન કરવામાં આવ્યું.

એકવાર ઈસુએ અભિપ્રાય આપ્યો કે આ કરવાથી તેણીએ તેના ભવિષ્યના દફન માટે તૈયારી કરી.

- ઈસુના મરણ બાદ, તેના મિત્રોએ ઇસુના શરીરને તેલ અને મસાલા દ્વારા અભિષિક્ત કરીને દફનને સારુ તૈયાર કર્યું.
- “મસીહ” (હિબ્રૂ) અને “ખ્રિસ્ત” (ગ્રીક) શીર્ષકોનો અર્થ “અભિષિક્ત થયેલો” થાય છે.
- ઈસુ મસીહ એક કે જે પસંદ કરાયેલો અને પ્રબોધક, મુખ્ય યાજક, અને રાજા તરીકે અભિષિક્ત થયેલ હતો.

## ભાષાંતરના સુચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, “અભિષેક” નું શબ્દ ભાષાંતર “ઉપર તેલ રેડવું” અથવા “ઉપર તેલ મુકવું” અથવા “સુગંધીદાર તેલ ઉપર રેડીને અર્પણ કરવું” એમ થઇ શકે છે.
- “અભિષિક્ત હોવું” તેનું ભાષાંતર “તેલ દ્વારા અર્પણ થયેલું” અથવા “નિમણુક પામેલ” અથવા “અર્પણ થયેલું” તેવો થઇ શકે છે.
- કેટલાક સંદર્ભમાં “અભિષેક” શબ્દનું ભાષાંતર “નિમણુક” થઇ શકે છે.
- “અભિષિક્ત યાજક” જેવા શબ્દનું ભાષાંતર “યાજક કે જે તેલથી અર્પણ થયેલો હતો” અથવા “યાજક કે જે તેલ રેડીને અલગ કરાયેલ હતો.”

(આ પણ જુઓ: ખ્રિસ્ત, અર્પણ, મુખ્ય યાજક, યહૂદીઓનો રાજા, યાજક, પ્રબોધક)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 2:20-21
- 1 યોહાન 2:27-29
- 1 શમુએલ 16:2-3
- પ્રેરિતો 4:27-28
- આમોસ 6:5-6
- નિર્ગમન 29:5-7
- યાકૂબ 5:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H47, H430, H1101, H1878, H3323, H4397, H4398, H4473, H4886, H4888, H4899, H5480, H8136, G32, G218, G743, G1472, G2025, G3462, G5545, G5548

# અમંગળ, અમંગળ વસ્તુઓ, અમંગળ થયેલ

## વ્યાખ્યા:

"અમંગળ" શબ્દનો ઉપયોગ એવી વસ્તુ માટે કરવામાં આવ્યો છે કે, જેને કોઈ વસ્તુ પ્રત્યે અણગમો અથવા સખત નાપસંદગી હોય.

- મિસરી લોકોને હિબ્રુ લોકો પ્રત્યે ખુબ જ "અણગમો" હતો

એટલે કે જે મિસરી લોકોને હિબ્રુ લોકો પ્રત્યે ખુબ જ અણગમો હતો, તેઓ તેની સાથે ભળતા ન હતા અથવા તેમની નજીક જતા નહીં.

- બાઈબલની અંદર અમુક બાબતોને "યહોવાહને અમંગળ" કહેવામાં આવી છે, જેમકે જુઠું બોલવું, અભિમાન, માનવ બલિદાન, મૂર્તિપૂજા, ખૂન, અને જાતિયતાના પાપો જેવા કે વ્યભિચાર, પુમૈથીનીઓ.
- જયારે ઈસુએ તેના શિષ્યોને અંતના દિવસોનું શિક્ષણ આપ્યું ત્યારે દાનિએલની ભવિષ્યવાણી બતાવીને દર્શાવ્યું કે જયારે "ઉજ્જળતાની અમંગળ" નિશાની જોશો, જે ઈશ્વરની સામે એક બળવાખોર અને ભજનસ્થાનને અપવિત્ર કરનારી હશે.

## ભાષાંતર માટેના સૂચનો:

- "અમંગળ" શબ્દનું ભાષાંતર એવું થઇ શકે કે "જેનાથી ઈશ્વરને ધિક્કાર આવે" અથવા "અણગમો આવે એવી વસ્તુ" અથવા "અણગમો આવે એવી પ્રથા" અથવા "ખુબજ ભૂંડું કાર્ય."
- સંદર્ભ પ્રમાણે "જે અમંગળ છે" તે શબ્દનું ભાષાંતર "જેને ખુબજ ધિક્કાર કરવામાં આવે છે તેવું" અથવા "જેનાથી અણગમો થાય તેવું" અથવા "જે સંપૂર્ણ રીતે અસ્વીકાર્ય છે તેવું" અથવા "જેનાથી ઊંડો અણગમો થાય" તેમ થઈ શકે છે.
- "વેરાનકારક અમંગળ" શબ્દનું ભાષાંતર એવું થઇ શકે છે કે "એવી વસ્તુ હોય કે જેનાથી લોકોને ખુબજ નુકશાન થાય" અથવા "અણગમો લાવનાર બાબત જેનાથી ખુબજ વેદના આવે."

(જુઓ: વ્યભિચાર, ધર્મભ્રષ્ટ, વેરાનકારક, જુઠા દેવ, બલિદાન)

## બાઈબલની કલમો:

- એઝરા 9:1-2
- ઉત્પત્તિ 46: 33-34
- યશાયા 1: 12-13
- માથ્થી 24: 15-18
- નીતિવચનો 26:24-26

## શબ્દ માહિતી:

- Strong's: H887, H6292, H8251, H8262, H8263, H8441, G946

# અલગ કરવું

## વ્યાખ્યા:

"અલગ કરવું" નો અર્થ ચોક્કસ હેતુ પરિપૂર્ણ કરવા માટે કંઈકથી જુદા કરવું. ઉપરાંત, કોઈ વ્યક્તિ અથવા વસ્તુને "અલગ કરવું" તે "અલગ કરવું" છે.

- ઈઝરાયેલીઓ ઈશ્વરની સેવાને માટે અલગ કરવામાં આવ્યા હતાં.
- પવિત્ર આત્માએ પાઉલ અને બાર્નાબાસને અલગ કરવાં અંત્યોખના ખ્રિસ્તીઓને આજ્ઞા કરી કે જેથી તેઓ ઈશ્વર જે ચાહતા હતા તે કામ કરે.
- એક વિશ્વાસી કે જેને ઈશ્વરની સેવાને માટે "અલગ કરવામાં" આવ્યો છે તે ઈશ્વરની ઈચ્છા પરિપૂર્ણ કરવા "સમર્પિત" છે.
- “પવિત્ર" શબ્દનો એક અર્થ ઈશ્વર માટે અલગ કરાયેલ અને જગતના પાપી માર્ગોથી જુદા કરવામાં આવેલ એમ થાય છે.
- કોઈકને "પવિત્ર કરવું" તેનો અર્થ ઈશ્વરની સેવાને માટે તે વ્યક્તિને અલગ કરવો એમ થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- “અલગ કરવું" નું અનુવાદ કરવાની રીતોમાં "ખાસ કરીને પસંદ કરવું" અથવા "તમારામાંથી જુદા કરાયેલ" અથવા "ખાસ કાર્ય કરવાને માટે એકબાજુએ કરાયેલ" નો સમાવેશ કરી શકાય છે.
- “અલગ કરવું" નું અનુવાદ "જુદા કરાયેલ (થી)” અથવા "ખાસ કરીને નિમાયેલ (કોઈકને માટે)

(આ પણ જુઓ: પવિત્ર, પવિત્ર કરવું, નીમવું)

## બાઈબલના સંદર્ભો:

- એફેસીઓ 3:17-19
- નિર્ગમન 31:12-15
- ન્યાયાધીશો 17:12-13
- ગણના 3:11-13
- ફિલિપ્પીઓ 1:1-2
- રોમન 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H2764, H4390, H5674, H6918, H6942, H6944, G37, G38, G40, G873

# અવિશ્વાસુ (વિશ્વાસવિહીન), બેવફાઈ

## વ્યાખ્યા:

"અવિશ્વાસુ" શબ્દનો અર્થ, વિશ્વાસ ના હોવો અથવા (તેમાં) માનવું નહીં.

- આ શબ્દ લોકો કે જેઓ દેવમાં માનતા નથી, તેઓનું વર્ણન કરવા માટે વપરાયેલ છે.

તેઓનો માન્યતાનો અભાવ તેઓના અનૈતિક કાર્યથી જોવાય છે.

- યર્મિયા પ્રબોધકે ઈઝરાએલને અવિશ્વાસુ, અને દેવની અવગણના કરનારા આરોપી ગણ્યા.
- તેઓએ મૂર્તિઓની પૂજા કરી, અને અન્ય લોકોના જૂથોના પાપી રિવાજો ને અનુસર્યા, અને દેવની આરાધના અથવા આજ્ઞા પાળી નહીં.

## ભાષાંતરના સૂચનો

- સંદર્ભ પર આધાર રાખીને, "અવિશ્વાસુ" શબ્દનું ભાષાંતર, "બેવફા" અથવા "અવિશ્વાસી" અથવા "દેવની અવગણના કરનારું" અથવા " વિશ્વાસ ના કરનારું," તરીકે કરી શકાય છે.
- "બેવફાઈ" શબ્દનું ભાષાંતર, "અવિશ્વાસ" અથવા "અવિશ્વાસુપણું" અથવા "દેવની વિરુદ્ધ બળવો," તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: માનવું, વિશ્વાસુ, અનાદર)

## બાઈબલની કલમો:

- હઝકિયેલ 43:6-8
- એઝરા 9:1-2
- યર્મિયા 2:18-19
- નીતિવચન 2:20-22
- પ્રકટીકરણ 21:7-8

## શબ્દ માહિતી:

- Strong's: G571

# આત્મા, આત્માઓ, આત્મિક

## વ્યાખ્યા:

"આત્મા" શબ્દ લોકોના બિન ભૌતિક ભાગનો ઉલ્લેખ કરે છે જે જોઈ શકતો નથી. જ્યારે વ્યક્તિ મરણ પામે છે, ત્યારે તેનો આત્મા તેના શરીરને છોડે છે. "આત્મા" વૃત્તિ કે ભાવનાત્મક સ્થિતિનો પણ ઉલ્લેખ કરી શકે છે.

- "આત્મા" શબ્દ જેને ભૌતિક શરીર નથી તેવાં અસ્તિત્વ ધરાવનાર ખાસ કરીને દુષ્ટાત્માનો ઉલ્લેખ કરી શકે છે.
- વ્યક્તિનો આત્મા એ તેનામાંનો ભાગ છે કે જે ઈશ્વરને ઓળખી શકે અને તેમનામાં વિશ્વાસ કરી શકે.
- સામાન્ય રીતે, "આત્મિક" શબ્દ એ બિન ભૌતિક જગતનું કંઈ પણ વર્ણવે છે.
- બાઈબલમાં, તે ખાસ કરીને જે કંઈ ઈશ્વર સાથે સંબંધિત છે ખાસ કરીને પવિત્ર આત્મા તેનો ઉલ્લેખ કરે છે,
- ઉદાહરણ તરીકે, "આત્મિક ભોજન" ઈશ્વરના શિક્ષણનો ઉલ્લેખ કરે છે, જે વ્યક્તિના આત્માને પોષણ આપે છે, અને "આત્મિક ડહાપણ" એ જ્ઞાન અને ન્યાયી વર્તન કે જે પવિત્ર આત્મા પાસેથી આવે છે તેનો ઉલ્લેખ કરે છે.
- ઈશ્વર આત્મા છે અને તેમણે બીજા આત્મિક અસ્તિત્વ ધરાવનારા વ્યક્તિઓ બનાવ્યાં, કે જેઓને ભૌતિક શરીરો નથી.
- દૂતો આત્મિક અસ્તિત્વ ધરાવનારા છે, તેઓને સમાવિષ્ટ કરીને કે જેઓએ ઈશ્વરની વિરુદ્ધ બંડ પોકાર્યું હતું અને દુષ્ટાત્માઓ બન્યા હતા.
- "નો આત્મા" તેનો અર્થ "ની લાક્ષણિકતા હોવી," જેમ "ડહાપણના આત્મામાં" અથવા "એલિયાના આત્મામાં" થઇ શકે.
- "આત્મા" ના વલણ અને લાગણી તરીકેના ઉદાહરણો "ડરનો આત્મા" અને "અદેખાઈનો આત્મા" નો સમાવેશ કરશે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભને આધારે, "આત્મા"ને અનુવાદિત કરવાની રીતમાં "બિન ભૌતિક વ્યક્તિ" અથવા "આંતરિક ભાગ" અથવા "આંતરિક વ્યક્તિ" નો સમાવેશ કરી શકાય.
- કેટલાંક સંદર્ભોમાં, "આત્મા" શબ્દનું અનુવાદ "દુષ્ટ આત્મા" અથવા "દુષ્ટ આત્માંવાળું" એમ કરી શકાય.
- ઘણીવાર "આત્મા" શબ્દ વ્યક્તિની લાગણીઓ વ્યક્ત કરવા માટે વપરાય છે, જેમ "મારો આત્મા મારાં અંતરાત્મામાં ખેદિત થયો છે" તેમ.

તેનું અનુવાદ આ પરમને પણ થઇ શકે "મારાં આત્મામાં મેં ખેદનો અનુભવ કર્યો" અથવા "મેં ખૂબ ખેદિતપણાનો અનુભવ કર્યો."

- "નો આત્મા" શબ્દસમૂહનું અનુવાદ "ના લક્ષણો" અથવા "ની અસર" અથવા "નું વલણ" અથવા "ના દ્વારા વર્ગીકૃત થયેલા વિચારો" એમ કરી શકાય.
- સંદર્ભને આધારે, "આત્મિક"નું અનુવાદ "બિન ભૌતિક" અથવા "પવિત્ર આત્માથી" અથવા "ઈશ્વરનું" અથવા "બિન ભૌતિક જગતનો ભાગ" તરીકે કરી શકાય.
- "આત્મિક દૂધ" રૂપકાત્મક અભિવ્યક્તિનું અનુવાદ "ઈશ્વર તરફથી પાયાનું શિક્ષણ" અથવા "ઈશ્વરનું શિક્ષણ કે જે આત્માને પોષણ આપે છે (દૂધ અઆપે છે તેમ)" તરીકે પણ કરી શકાય.
- "આત્મિક પરિપક્વતા"નું અનુવાદ "ઈશ્વરને ગમતું વર્તન કે જે પવિત્ર આત્માને આધીન છે તેમ બતાવે છે" તરીકે કરી શકાય.
- "આત્મિક દાન"નું અનુવાદ "ખાસ ક્ષમતા જે પવિત્ર આત્મા આપે છે" તારીકેકારી શકાય.

(આ પણ જુઓ: દૂત, અશુદ્ધ આત્મા, પવિત્ર આત્મા, આત્મા)

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથીઓ 5:3-5
- 1 યોહાન 4:1-3
- 1 થેસ્સાલોનિકીઓ 5:23-24
- પ્રેરિતોના કૃત્યો 5:9-11
- કોલીસ્સીઓ 1:9-10
- એફેસીઓ 4:23-24
- ઉત્પતિ 7:21-22
- યશાયા 4:3-4
- માર્ક 1:23-26
- માથ્થી 26:39-41
- ફિલિપ્પીઓ 1:25-27

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **13:3** ત્રણ દિવસ પછી,લોકોએ પોતાને તૈયાર કર્યા **આત્મિક રીતે**, ઈશ્વર સિનાઈ પર્વતને ટોચે મેઘગર્જના, વીજળી, ધુમાડા, અને મોટા રણશિંગડાના અવાજ સાથે ઉતરી આવ્યા.
- **40:7** પછી ઈસુ રડ્યા અને બોલ્યા, “સંપૂર્ણ થયું!

પિતા, હું સોંપું છું મારો **આત્મા** તમારાં હાથમાં.” પછી તેમને પોતાનું માથું નમાવીને પોતાનો **આત્મા આપી દીધો**.

- **45:5** જેમ સ્તેફન મરણ વખતે બોલ્યો, “ઈસુ, સ્વીકારો મારો **આત્મા**."
- **48:7** સર્વ પ્રજા જૂથો તેમના દ્વારા આશીર્વાદિત થયા, કારણ કે જે સર્વ ઈસુમાં વિશ્વાસ કરે છે તે પાપમાંથી બચી જાય છે, અને બને છે **આત્મિક** વારસદાર ઈબ્રાહિમનો.

## શબ્દ માહિતી:

- Strong's: H178, H1172, H5397, H7307, H7308, G4151, G4152, G4153, G5326, G5427

# આત્મા, આત્માઓ, જીવ, સ્વયં, વ્યક્તિ

## વ્યાખ્યા:

"આત્મા" શબ્દ એ સામાન્યત રીતે વ્યક્તિના આંતરિક, અદ્રશ્ય, અને સનાતન ભાગનો, વ્યક્તિના બિન ભૌતિક ભાગનો ઉલ્લેખ કરે છે અથવા તે વિશિષ્ટ રીતે વ્યક્તિની સ્વયં સબંધીની જાગૃતતા જે તે વ્યક્તિને બીજા વ્યક્તિઓથી વિશિષ્ટ રીતે અલગ કરે છે, તેને દર્શાવે છે.

- બાઇબલમાં “જીવ” અને”આત્મા” શબ્દો બે અલગ ખ્યાલો હોઈ શકે, અથવા તે બે શબ્દો હોય જે સમાન ખ્યાલનો ઉલ્લેખ કરતાં હોય.
- જ્યારે વ્યક્તિ મરણ પામે છે ત્યારે તેનો આત્મા તેના શરીરને છોડે છે.
- શરીરના વિરોધાભાસમાં “આત્મા” શબ્દનો ઉલ્લેખ "ઈશ્વરને સંબંધિત" શરીરના ભાગ તરીકે થઇ શકે છે.
- "આત્મા" શબ્દનો ઉલ્લેખ કેટલીકવાર રૂપકાત્મક રીતે સમગ્ર વ્યક્તિને સંબોધવા વપરાય છે. ઉદાહરણ તરીકે, “જે આત્મા પાપ કરે છે” નો અર્થ “વ્યક્તિ કે જે પાપ કરે છે” અને “મારો આત્મા થાકી ગયો છે” નો અર્થ, “હું થાકી ગયો છું.”

## અનુવાદ માટેના સૂચનો:

- “આત્મા” શબ્દનો અનુવાદ “આંતરિક સ્વ” અથવા “આંતરિક વ્યક્તિ” તરીકે પણ કરી શકાય.
- કેટલાંક સંદર્ભોમાં, “મારો આત્મા” નું અનુવાદ “હું” કે “મને” એમ કરી શકાય.
- સામાન્ય રીતે “આત્મા” શબ્દસમૂહનું અનુવાદ સંદર્ભને આધારે “વ્યક્તિ” અથવા “તે” અથવા “તેને” એમ કરી શકાય.
- કેટલીક ભાષાઓમાં “આત્મા” અને “આત્મા” ના ખ્યાલને માટે એક જ શબ્દ હોઈ શકે છે.
- હિબ્રુઓ 4:12 માં, રૂપકાત્મક શબ્દસમૂહ “આત્મા અને મજ્જાને અલગ કરનાર” નો અર્થ “ઘણી ઊંડે સુધુ દ્રષ્ટિવાળું અથવા આંતરિક વ્યક્તિને ખુલ્લો પાળવો” એમ થઇ શકે છે.

(આ પણ જુઓ: આત્મા)

## બાઈબલના સંદર્ભો:

- 2 પિતર 2:7-9
- પ્રેરિતોના કૃત્યો 2:27-28
- પ્રેરિતોના કૃત્યો 2:40-42
- ઉત્પતિ 49:5-6
- યશાયા 53:10-11
- યાકુબ 1:19-21
- યર્મિયા 6:16-19
- યુના 2:7-8
- લૂક 1:46-47
- માથ્થી 22:37-38
- ગીતશાસ્ત્ર 19:7-8
- પ્રકટીકરણ 20:4

## શબ્દ માહિતી:

- Strong's: H5082, H5315, H5397, G5590

# આદેશ/આજ્ઞા, આદેશ આપવો/આજ્ઞા આપવી

## વ્યાખ્યા:

"આદેશ" શબ્દનો અર્થ, કોઈકને કંઈક કરવા હુકમ કરવો. "આદેશ" અથવા "આજ્ઞા" શબ્દ, વ્યક્તિને જે કરવાનો હુકમ આપવામાં આવ્યો છે તેનો ઉલ્લેખ કરે છે.

- ઘણી વખત "આજ્ઞા" ઈશ્વરની ચોક્કસ આજ્ઞાઓ કે જે વધુ ઔપચારિક અને કાયમી હોય છે, તેને દર્શાવે છે, જેમકે "દસ આજ્ઞાઓ."
- આજ્ઞા હકારાત્મક ("તારા માબાપનું સન્માન કર") અથવા નકારાત્મક (ચોરી કરવી નહીં") હોઈ શકે છે.
- "આજ્ઞા ઉઠાવવી/જવાબદારી લેવી"નો અર્થ કોઈકનું અથવા કશાકનું "નિયંત્રણ કરવું" અથવા "હવાલો લેવો."

## ભાષાંતરના સૂચનો

- "કાયદો" શબ્દ કરતાં આ શબ્દનું અલગ રીતે ભાષાંતર કરવું શ્રેષ્ઠ ગણાશે. સાથે સાથે તેની તુલના "હુકમનામું અને "કાનૂન" ની વ્યાખ્યાઓ સાથે પણ કરવી.
- કેટલાક અનુવાદકો "આદેશ" અને "આજ્ઞા"ને તેઓની ભાષામાં એક સમાન શબ્દથી ભાષાંતર કરવાનું પસંદ કરી શકે છે.
- જયારે બીજા, આજ્ઞા શબ્દ માટે ખાસ શબ્દ કે જે કાયમી, ઔપચારિક આદેશો કે જે ઈશ્વરે બનાવ્યા તે દર્શાવવા પસંદ કરી શકે છે.

(જુઓ હુકમનામુ, કાનૂન, કાયદો, દસ આજ્ઞાઓ)

## બાઈબલની કલમો:

- લૂક 1:5-7
- માથ્થી 1:24-25
- માથ્થી 22:37-38
- માથ્થી 28:20
- ગણના 1:17-19
- રોમન 7:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H559, H560, H565, H1696, H1697, H1881, H2706, H2708, H2710, H2941, H2942, H2951, H3027, H3982, H3983, H4406, H4662, H4687, H4929, H4931, H4941, H5057, H5713, H5749, H6213, H6310, H6346, H6490, H6673, H6680, H7101, H7218, H7227, H7262, H7761, H7970, H8269, G1263, G1291, G1296, G1297, G1299, G1690, G1778, G1781, G1785, G2003, G2004, G2008, G2036, G2753, G3056, G3726, G3852, G3853, G4367, G4483, G4487, G5506

# આધિપત્ય

## વ્યાખ્યા:

"આધિપત્ય" શબ્દ, સત્તા, નિયંત્રણ, અથવા લોકો, પ્રાણીઓ, અથવા જમીન ઉપર અધિકારને દર્શાવે છે.

- ઈસુ ખ્રિસ્તે જણાવ્યું હતું કે તેને, પ્રબોધક, યાજક, અને રાજા તરીકે આખા જગત પર આધિપત્ય છે.
- ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ પરના મૃત્યુ દ્વારા શેતાનના આધિપત્યને કાયમ માટે હરાવવામાં આવ્યું છે.
- નિર્માણ સમયે દેવે માણસને કહ્યું કે, માછલી, પક્ષીઓ, અને પૃથ્વી પરના સઘળા જીવો પર તારો અધિકાર છે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું બીજી રીતે ભાષાંતર કરવામાં આવે ત્યારે, "અધિકાર" અથવા "સત્તા" અથવા "નિયંત્રણ" (જેવા શબ્દનો) સમાવેશ થાય છે.
- "(તેના) ઉપર અધિકાર હોવો" શબ્દસમૂહનું ભાષાંતર, "ઉપર રાજ્ય કરવું" અથવા "વહીવટ કરવો," તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: અધિકાર, સત્તા)

## બાઈબલની કલમો:

- 1 પિતર 5:10-11
- કલોસ્સી 1:13-14
- યહૂદા 1:24-25

## શબ્દ માહિતી:

- Strong's: H1166, H4474, H4475, H4896, H4910, H4915, H7287, H7300, H7980, H7985, G2634, G2904, G2961, G2963

# આમેન, ખચીત

## વ્યાખ્યા:

"આમેન" શબ્દનો ઉપયોગ, જયારે કોઈ બાબતની વાત પર ભાર મુકવો હોય અથવા કોઈ બાબત પર વધારે ધ્યાન ખેચવું હોય, ત્યારે થાય છે. તેનો ઉપયોગ પ્રાર્થના પૂરી કરવા માટે કરવામાં આવે છે. અમુકવાર આ શબ્દનું ભાષાંતર "ખચીત" કરવામાં આવ્યું છે.

- જયારે તેનો ઉપયોગ પ્રાર્થના પૂરી કરવા માટે કરવામાં આવે છે, ત્યારે પોતાની ઈચ્છા અભિવ્યક્ત કરીને તે પ્રાર્થના સાથે સહમત થાય છે.
- પ્રભુ ઈસુએ પોતાના શિક્ષણમાં "આમેન" શબ્દનો ઉપયોગ કરીને સત્યો પર ભાર મૂક્યો.

આ શબ્દનો ઉપયોગ કર્યા પછી તરત જ ઈસુએ કહ્યું કે "અને હું તમને સાચે જ કહું છું કે" એવું કહીને તેમણે આગળના શિક્ષણને અનુલક્ષીને નવું શિક્ષણ પ્રસ્તુત કર્યું.

- જયારે ઇસુ "આમેન" શબ્દનો આવો ઉપયોગ કરે છે ત્યારે અંગ્રેજી ભાષાંતર (અને યુ.એલ.બી. આવૃત્તિ), "સાચે જ" અથવા "ખરેખર" શબ્દોનો ઉપયોગ કરે છે.
- "સાચે જ" શબ્દના અર્થનું બીજું ભાષાંતર "ચોક્કસ" અથવા "ખાતરીપૂર્વક" થઇ શકે છે અને તે દ્વારા જ્યારે વક્તા જે કહે છે તેના પર વધુ ભાર મૂકે છે.

## ભાષાંતરના સૂચનો:

- લક્ષ્ય ભાષામાં કોઈ બાબત પર ભાર મુકવામાં આવે ત્યારે આ શબ્દ અથવા સંજ્ઞા કેવી રીતે વાપરવામાં આવી છે તેનું ધ્યાન રાખવું.
- જયારે "આમેન" ઉપયોગ પ્રાર્થનાના અંતે કરવામાં આવે છે, ત્યારે તેનું ભાષાંતર "એવું થવા રહેવા દો" અથવા "એવું થવા દો" અથવા "એ સાચું છે" એમ થઇ શકે છે.
- જયારે ઇસુ કહે છે કે "હું તમને સાચે જ કહું છું" તેનું ભાષાંતર "હા, હું તમને નિષ્ઠાપૂર્વક કહું છું" અથવા "તે સત્ય છે અને હું તમને તે જ કહું છું" એવું થઇ શકે છે.
- "હું તમને ખચીત ખચીત કહું છું" તેનું ભાષાંતર "હું તમને સાચે જ કહું છું" અથવા "હું તમને સંકલ્પ કરીને કહું છું" અથવા "હું તમને જે કહું છું તે સત્ય છે" એમ થઇ શકે છે.

(તે પણ જુઓ: પૂર્ણ થવું, સાચું)

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 27:15
- યોહાન 5:19-20
- યહૂદા 1:24-25
- માથ્થી 26:33-35
- ફિલેમોન 1:23-25
- પ્રકટીકરણ 22:20-21

## શબ્દ માહિતી:

- Strong's: H543, G281

# આશા, આશા રાખી, આશા રાખે છે

## વ્યાખ્યા:

આશા, "કંઈક મજબૂત રીતે થાય તેવી ઈચ્છાને" દર્શાવે છે. આશા એ ભવિષ્યની ઘટનાને સંબંધિત નિશ્ચિતતા અથવા અનિશ્ચિતતાને સૂચિત કરી શકે છે.

- બાઇબલમાં, "આશા' શબ્દનો અર્થ "વિશ્વાસ" પણ છે, જેમ કે "મારો વિશ્વાસ પ્રભુમાં છે." ઈશ્વરે તેના લોકોને જે વચન આપ્યું છે, તે પ્રાપ્ત કરવાની ચોક્કસ અપેક્ષાનો ઉલ્લેખ તે કરે છે.
- ક્યારેક યુ.એલ.ટી. (અંગ્રેજી આવૃત્તિ) મૂળ ભાષામાં આ શબ્દનું ભાષાંતર "આત્મવિશ્વાસ" તરીકે કરે છે. આ મોટેભાગે નવા કરારની પરિસ્થિતિઓમાં આ બને છે, કે જયારે લોકો કે જેઓએ ઈસુને પોતાનો તારનાર છે તેવો વિશ્વાસ રાખે છે અને તેમણે જે વચન આપ્યું છે તે પ્રાપ્ત કરવા વિશ્વાસની ખાતરી (અથવા આત્મવિશ્વાસ અથવા આશા) રાખે છે, તેને દર્શાવે છે.
- "આશા ના હોવી" તેનો અર્થ કંઈક સારું બનશે એવી અપેક્ષા ન હોવી. તેનો અર્થ કે તે ખરેખર ખૂબજ નિશ્ચિત છે કે તે થશે નહિ.

## ભાષાંતરના સૂચનો:

- કેટલાક સંદર્ભોમાં, "આશા" શબ્દનું ભાષાંતર, "ચાહવું" અથવા "ઈચ્છા" અથવા "અપેક્ષા" તરીકે પણ કરી શકાય છે.
- "કોઈપણ બાબત માટે આશા નથી" અભિવ્યક્તિનું ભાષાંતર, "કશામાં વિશ્વાસ નથી" અથવા "કંઈપણ સારા માટે અપેક્ષા નથી" તરીકે કરી શકાય છે.
- "આશા નથી" શબ્દસમૂહનું ભાષાંતર, "કંઈપણ સારા થવાની અપેક્ષા નથી" અથવા "સુરક્ષા ન હોવી" અથવા "ખાતરી હોવી કે કંઈપણ સારું થશે નહિ" તરીકે કરી શકાય છે.
- "તેના ઉપર તમારી આશા રાખો" અભિવ્યક્તિનું ભાષાંતર, "તમારો આત્મવિશ્વાસ તેનામાં મૂકો" અથવા "માં વિશ્વાસ રાખવામાં આવ્યો છે" તરીકે પણ કરી શકાય છે.
- "તમારા વચનમાં મને આશા મળી છે" શબ્દસમૂહનું ભાષાંતર, "મને વિશ્વાસ છે કે તમારું વચન સત્ય છે" અથવા "તમારું વચન મને તમારામાં વિશ્વાસ રાખવામાં મદદ કરે છે" અથવા "જયારે મેં તમારા વચનો પાળ્યા છે ત્યારે હું ચોક્કસ આશીર્વાદિત થયો છું," તરીકે પણ કરી શકાય છે.
- શબ્દસમૂહ જેવા કે ઈશ્વર "માં આશા," તેનું ભાષાંતર, "ઈશ્વરમાં વિશ્વાસ કરવો" અથવા "નક્કી જાણવું કે ઈશ્વરે જે વચન આપ્યુ છે તે તેઓ કરશે જ" અથવા "નિશ્ચિત રહો કે ઈશ્વર વિશ્વાસુ છે" તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: આશીર્વાદ, આત્મવિશ્વાસ, સારું, આજ્ઞા પાળવી, વિશ્વાસ, દેવનું વચન)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 29:14-15
- 1 થેસ્સલોનિકી 2:17-20
- પ્રેરિતો 24:14-16
- પ્રેરિતો 26:6-8
- પ્રેરિતો 27:19-20
- કલોસ્સી 1:4-6
- અયૂબ 11:20

## શબ્દ માહિતી:

- Strong's: H982, H983, H986, H2620, H2976, H3175, H3176, H3689, H4009, H4268, H4723, H7663, H7664, H8431, H8615, G91, G560, G1679, G1680, G2070

# આશીર્વાદ, આશીર્વાદિત (ધન્ય), આશીર્વચન/આશીર્વાદ આપવો

## વ્યાખ્યા:

કોઈકને અથવા કશાકને “આશીર્વાદ” આપવાનો અર્થ છે કે સારું અથવા લાભદાયી કરવું તે વ્યક્તિ કે વસ્તુ માટે જેને આશીર્વાદ આપવામાં આવી રહ્યો છે.

- કોઈને આશીર્વાદ આપવાનો અર્થ એમ પણ થાય કે તે વ્યક્તિને માટે હકારાત્મક અને ફાયદાકારક થાય તેવી ઈચ્છા વ્યક્ત કરવી.
- બાઈબલના સમયોમાં, પિતા તેના બાળકો ઉપર મોટાભાગે ઔપચારિક રીતે આશીર્વાદ ઉચ્ચારતા હતા.
- જયારે લોકો ઈશ્વરને “ધન્ય કહે છે” અથવા પોતાની ઈચ્છા વ્યક્ત કરે છે કે ઈશ્વર ધન્ય હો, એટલે કે તેઓ ઈશ્વરની પ્રસંશા કરે છે.
- “આશીર્વાદ આપવો” એ શબ્દનો ઉપયોગ, ખોરાક ખવાયા પહેલા ખોરાકને પવિત્ર કરવા, અથવા ખોરાક માટે ઈશ્વરની આભાર અને સ્તુતિ કરવા માટે થાય છે

## ભાષાંતરના સૂચનો:

- આશીર્વાદ આપવો” તેનું ભાષાંતર, “સમૃદ્ધપણે પુરું પાડવું” અથવા “ખૂબ દયાળુ અને કૃપાળુ હોવું” એમ પણ કરી શકાય.
- “ઈશ્વર મહાન આશીર્વાદ લાવ્યા” તેનું ભાષાંતર, “ઈશ્વરે ઘણા સારા વાનાં આપ્યાં” અથવા “ઈશ્વરે ભરપૂરપણે પૂરું પાડ્યું” અથવા “ઈશ્વરે ઘણું સારું થવા દીધું” એમ પણ કરી શકાય.
- “તે આશીર્વાદિત છે” તેનું ભાષાંતર, “તેને ખુબ જ ફાયદો થશે” અથવા “તેને સારી વસ્તુઓનો અનુભવ થશે” અથવા “ઈશ્વર તેના વિકાસનું કારણ બનશે” આ રીતે પણ કરી શકાય છે.
- ”વ્યક્તિ કે જે ધન્ય (આશીર્વાદિત) છે” તેનું ભાષાંતર, “તે વ્યક્તિ માટે તે કેટલું સારું છે” એમ પણ થઇ શકે છે.
- “પ્રભુને ધન્ય હો” જેવી અભિવ્યક્તિનું ભાષાંતર “પ્રભુની સ્તુતિ થાઓ” અથવા “પ્રભુની સ્તુતિ” અથવા “હું પ્રભુની સ્તુતિ કરું છું” એમ થઇ શકે છે.
- આશીર્વાદિત ખોરાકના સંદર્ભમાં, તેનું ભાષાંતર, “ખોરાક માટે આભાર” અથવા “તેઓને ખોરાક આપ્યો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ” અથવા “ઈશ્વરની સ્તુતિ દ્વારા તે ખોરાક પવિત્ર કરવો” એમ પણ થઇ શકે છે.

(આ પણ જુઓ : સ્તુતિ)

## બાઈબલની કલમો:

- 1 કરંથી 10:14-17
- પ્રેરિતો 13:32-34
- એફેસી 1:3-4
- ઉત્પત્તિ 14:19-20
- યશાયા 44:3-4
- યાકૂબ 1:22-25
- લૂક 6:20-21
- માથ્થી 26:26
- નહેમ્યા 9:5-6
- રોમન 4:9-10

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **1:7** ઈશ્વરે જોયું કે તે સારું છે અને તેણે તેઓને **આશીર્વાદ** આપ્યો.
- **1:15** ઈશ્વરે આદમ અને હવાને પોતાના સ્વરૂપ પ્રમાણે બનાવ્યા. તેણે તેઓને **આશીર્વાદ** આપ્યો અને કહ્યું કે, “ઘણા સંતાનોથી તથા પૌત્ર-પુત્રીઓથી, પૃથ્વીને ભરપૂર કરો.
- **1:16** જેથી ઈશ્વરે જે બધું કર્યું, તેનાથી તેણે આરામ લીધો. તેણે સાતમા દિવસને **આશીર્વાદ** આપ્યો અને પવિત્ર ઠરાવ્યો, કારણકે આ દિવસે તેણે પોતાના કામથી આરામ લીધો.
- **4:4** “હું તારું નામ મોટું કરીશ. જેઓ તને **આશીર્વાદ** આપશે તેઓને હું **આશીર્વા** આપીશ અને જેઓ શાપ આપે છે તેઓને હું શાપ આપીશ. પૃથ્વી પરના બધાં જ પરિવારો તારા લીધે **આશીર્વાદિત** થશે.”
- **4:7** મલ્ખીસદેકે ઈબ્રામને **આશીર્વાદ** આપ્યો અને કહ્યું, સર્વોચ્ચ ઈશ્વર કે જે આકાશ અને પૃથ્વીનો માલિક છે તે ઈબ્રામને **આશીર્વાદ** આપો.”
- **7:3** ઈસહાક તેનો **આશીર્વાદ** એસાવને આપવા માંગતો હતો.
- **8:5** જેલમાં પણ, યુસફ ઈશ્વરને વિશ્વાસુ રહ્યો, અને ઈશ્વરે તેને **આશીર્વાદ** આપ્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H833, H835, H1288, H1289, H1293, G1757, G2127, G2128, G2129, G3106, G3107, G3108, G6050

# ઈઝરાએલ, ઈઝરાએલીઓ

## સત્યો:

"ઈઝરાએલ" શબ્દ, એક નામ છે, જે દેવે યાકૂબને આપ્યું હતું. તેનો અર્થ, "તે દેવ સાથે સંઘર્ષ કરે છે."

- યાકૂબના વંશજો "ઈઝરાએલના લોકો" અથવા "ઈઝરાએલનો દેશ" અથવા "ઈઝરાએલીઓ" તરીકે જાણીતા બન્યા.
- દેવે ઈઝરાએલના લોકો સાથે તેનો કરાર સ્થાપ્યો.

તેઓ તેના પસંદ કરેલા લોકો હતા.

- ઈઝરાએલનો દેશ બાર કુળોનો બનેલો હતો.
- સુલેમાન રાજાના મરણ પછી ટૂંક સમયમાં, ઈઝરાએલનું બે રાજ્યોમાં વિભાજન થયું: "ઈઝરાએલ"ના દક્ષિણ રાજ્યને, "યહૂદા" કહેવામાં આવ્યું, અને ઉત્તર રાજ્યને, "ઈઝરાએલ" કહેવામાં આવ્યું.
- સંદર્ભ પર આધાર રાખીને, મોટેભાગે "ઈઝરાએલ" શબ્દનું ભાષાંતર, "ઈઝરાએલના લોકો" અથવા "ઈઝરાએલનો દેશ" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: યાકૂબ, ઈઝરાએલનું રાજ્ય, યહૂદા, દેશ, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 10:1-3
- 1 રાજા 8:1-2
- પ્રેરિતો 2:34-36
- પ્રેરિતો 7:22-25
- પ્રેરિતો 13:23-25
- યોહાન 1:49-51
- લૂક 24:21
- માર્ક 12:28-31
- માથ્થી 2:4-6
- માથ્થી 27:9-10
- ફિલિપ્પી 3:4-5

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **8:15** બાર દીકરાઓના વંશજો **ઈઝરાએલ** ના બાર કુળો બન્યા.
- **9:3** મિસરીઓ એ **ઈઝરાએલીઓ** ને ઘણી ઇમારતો અને સમગ્ર શહેરો પણ બાંધવા ફરજ પાડી.
- **9:5** અમુક **ઈઝરાએલી** સ્ત્રીએ પુત્રને જન્મ આપ્યો.
- **10:1** તેઓએ કહ્યું, "દેવ આ પ્રમાણે કહે છે કે **ઈઝરાએલ**, મારા લોકને જવા દો!"
- **14:12** પણ આ બધું છતાં, **ઈઝરાએલ** ના લોકોએ દેવની અને મૂસાની વિરુદ્ધ ફરિયાદ અને કચકચ કરી.
- **15:9** તે દિવસે **ઈઝરાએલ** માટે દેવ લડ્યો.

તેને અમોરીઓને ગૂંચવી નાખ્યા અને મોટા કરા મોકલ્યા કે જેઓએ ઘણા અમોરીઓને મારી નાખ્યા.

- **15:9** આ યુદ્ધ પછી, દેવે **ઈઝરાએલ** ના દરેક કુળને વચનની ભૂમિમાં તેઓનો પોતાનો હિસ્સો આપ્યો. પછી દેવે **ઈઝરાએલ** ને તેઓની બધી સરહદોની સાથે શાંતિ આપી.
- **16:16** જેથી મૂર્તિઓની પૂજા કરવા માટે દેવે **ઈઝરાએલ** ને ફરીથી સજા કરી.
- **43:6 ઈઝરાએલ** ના માણસો, ઈસુ માણસ હતો કે જેણે દેવના સામર્થ્ય દ્વારા ઘણા મહાન ચમત્કારો અને આશ્ચર્યકામો કર્યા, જે તમે જોયું છે અને જાણો છો.

## શબ્દ માહિતી:

- Strong's: H3478, H3479, H3481, H3482, G935, G2474, G2475

# ઈર્ષાળુ, અદેખાઈ

## વ્યાખ્યા:

“ઈર્ષાળુ” અને “અદેખાઈ” શબ્દો, સંબંધની શુદ્ધતાનું રક્ષણ કરવાની મજબૂત ઈચ્છાને દર્શાવે છે. તેઓ કંઈક અથવા કોઈની વસ્તુને માલિકીમાં રાખવાની મજબૂત ઈચ્છા રાખે છે તેને પણ દર્શાવી શકે છે.

- મોટેભાગે આ શબ્દો વ્યક્તિને તેની પતિ અથવા પત્ની પ્રત્યે કે જે તેઓના લગ્નમાં અવિશ્વાસુ હોય છે, તેમના ગુસ્સાની લાગણીનું વર્ણન કરવા માટે આ શબ્દો વાપરવામાં આવ્યા છે.
- જયારે દેવ તેના લોકોને શુદ્ધ અને પાપથી નિષ્કલંક રહે તેવી મજબૂત ઈચ્છા રાખે છે, તે દર્શાવવા આ શબ્દનો બાઈબલમાં ઉપયોગ કરવામાં આવ્યો છે.
- દેવ પણ તેના નામ માટે “આવેશી” છે, તે આશા રાખે છે કે તેની સાથે સન્માન અને આદરથી વ્યવહાર કરવામાં આવે.
- ઈર્ષાળુ હોવું તેનો બીજો અર્થ, બીજા કોઈ કે જે સફળ અથવા વધુ લોકપ્રિય થાય તેના પ્રત્યે ગુસ્સો કરવો.

તે “ઈર્ષાળુ” શબ્દના અર્થની નજીક છે.

## ભાષાંતરના સૂચનો:

“ઈર્ષાળુ” શબ્દના ભાષાંતરમાં “મજબૂત રક્ષણાત્મક ઈચ્છા” અથવા સ્વત્વબોધક ઈચ્છા (પોતાની માલિકીનું હોવું તેવી ઈચ્છા)” નો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

- “અદેખાઈ” શબ્દનું ભાષાંતર, “મજબૂત રક્ષણાત્મક લાગણી” અથવા “પોતાનું છે તેવી લાગણી” તરીકે કરી શકાય છે.
- જયારે દેવ વિશે વાત કરવામાં આવે છે, ત્યારે ખાતરી કરો કે આ શબ્દોનો કોઈ બીજાને માટે અણગમતા હોય એવો નકારાત્મક અર્થ આપવો જોઈએ નહીં.
- જયારે બીજા લોકો વધુ સફળ થાય છે તેવા સંદર્ભમાં, તેઓ પ્રત્યેની ગુસ્સાની ખોટી લાગણીઓ માટે, “ઈર્ષાળુ” અને “ઈર્ષા” શબ્દો વાપરી શકાય છે.

પણ આ શબ્દો દેવ માટે વાપરવા જોઈએ નહીં

(આ પણ જુઓ: ઈર્ષા)

## બાઈબલની કલમો:

- 2 કરિંથી 12:20-21
- પુનર્નિયમ 5:9-10
- નિર્ગમન 20:4-6
- હઝકિયેલ 36:4-6
- યહોશુઆ24:19-20
- નાહૂમ 1:2-3
- રોમન 13:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H7065, H7067, H7068, H7072, G2205, G3863

# ઈશ્વર

## સત્યો:

બાઈબલમાં, “ઈશ્વર” શબ્દ દર્શાવે છે કે, એ શાશ્વત વ્યક્તિ છે કે જેમણે શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન કર્યું છે. ઈશ્વર પિતા, પુત્ર અને પવિત્ર આત્મા તરીકે અસ્તિત્વમાં છે. ઈશ્વરનું વ્યક્તિગત નામ “યહોવા” છે.

- ઈશ્વર હંમેશા અસ્તિત્વમાં હોય છે; બીજું કંઈ અસ્તિત્વમાં આવ્યું તે પહેલાં તે અસ્તિત્વમાં હતા, અને તેમનું અસ્તિત્વ સદાકાળ માટે ચાલુ રહેશે.
- ફક્ત તેજ સાચા ઈશ્વર છે અને આખી સૃષ્ટિમાં બધા ઉપર તેમનો અધિકાર છે.
- ઈશ્વર સંપૂર્ણપણે પ્રામાણિક, અનંત જ્ઞાની, પવિત્ર, પાપરહિત, ન્યાયી, દયાળુ, અને પ્રેમાળ છે.
- તે કરાર પાળનાર ઈશ્વર છે કે જે હંમેશા તેમના વચનો પૂર્ણ કરે છે.
- લોકોને ઈશ્વરની આરાધના કરવા બનાવવામાં આવ્યા હતા અને તે ફક્ત એક જ છે જેમની તેઓએ આરાધના કરવી જોઈએ.
- ઈશ્વરે તેમનું નામ “યહોવા” તરીકે જાહેર કર્યું, કે જેનો અર્થ “તે છે” અથવા “હું” અથવા “એક કે જે (હંમેશા) અસ્તિત્વમાં છે.”
- બાઈબલ પણ જૂઠા “દેવો” વિશે શિક્ષણ આપે છે, કે જેઓ નિર્જિવ મૂર્તિઓ કે જેની લોકો ખોટી રીતે પૂજા કરે છે.

## ભાષાંતરના સૂચનો:

- “ઈશ્વર” (શબ્દ)નું ભાષાંતર કરવા માટે, “દેવતા” અથવા “ઉત્પન્નકર્તા” અથવા “સાર્વભૌમ” જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે. “ઈશ્વર” શબ્દનું બીજી રીતે ભાષાંતર કરવામાં આવે તો, “સર્વોચ્ચ સર્જક” અથવા “અનંત સાર્વભૌમ પ્રભુ” અથવા “અનંત સર્વોચ્ચ વ્યક્તિ” કરી શકાય.
- ધ્યાનમાં લો કે ઈશ્વરને સ્થાનિક અથવા રાષ્ટ્રીય ભાષામાં કેવી રીતે દર્શાવવામાં આવ્યા છે. ભાષામાં ભાષાંતર તરીકે ત્યાં કદાચ પહેલેથીજ “ઈશ્વર” માટે શબ્દ હોઈ શકે. એમ હોય તો, ખાતરી કરો કે તે ઉપર વર્ણવેલા એક સાચા ઈશ્વરના લક્ષણો સાથે આ શબ્દ બંધબેસતો આવે કે નહિ તે જોવું અગત્યનું છે.
- જૂઠા દેવ શબ્દના તફાવત માટે ઘણી ભાષાઓમાં એક સાચા ઈશ્વર માટે પ્રથમ મૂળાક્ષર મોટો કરવામાં આવે છે (જેમકે અંગ્રેજીમાં “જી ફોર ગોડ” કેપિટલ હોય છે). બીજી રીતે “ઈશ્વર” અને “ભગવાન” માટેનો ભેદ દર્શાવવા માટે અલગ અલગ શબ્દો વાપરવામાં આવે છે. નોંધ: બાઇબલના લખાણમાં જ્યારે એક વ્યક્તિ યહોવાની આરાધના કરતો નથી અને યહોવાનો ઉલ્લેખ કરતા (અંગ્રેજી પ્રથમ શબ્દ નાનો જી ઉપયોગ કરે છે), તો તે શબ્દ કેપિટલ મૂળાક્ષર વગર વપરાયો હોય તેમ છતાં યહોવા માટે તેને સ્વીકારી શકાય છે. (જુઓ યૂના ૧:૬, ૩:૯)
- “હું તેઓનો ઈશ્વર થઈશ અને તેઓ મારા લોક થશે,” શબ્દસમૂહનું ભાષાંતર, “હું, ઈશ્વર, આ લોકો ઉપર રાજ કરીશ અને તેઓ મારી ઉપાસના કરશે,” તરીકે ભાષાંતર કરી શકાય છે

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઉત્પન્ન, ખોટા દેવ, ઈશ્વરપિતા, પવિત્ર આત્મા, જૂઠો દેવ, ઈશ્વરના દીકરા, યહોવા)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 1:5-7
- 1 શમુએલ 10:7-8
- 1 તિમોથી 4:9-10
- કલોસ્સી 1:15-17
- પુનર્નિયમ 29:14-16
- એઝરા 3:1-2
- ઉત્પત્તિ 1:1-2
- હોશિયા 4:11-12
- યશાયા 36:6-7
- યાકૂબ 2:18-20
- યર્મિયા 5:4-6
- યોહાન 1:1-3
- યહોશુઆ 3:9-11
- યર્મિયાનો વિલાપ 3:40-43
- મીખાહ 4:4-5
- ફિલિપ્પી 2:5-8
- નીતિવચન 24:11-12
- ગીતશાસ્ત્ર 47:8-9

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **1:1 ઈશ્વરે** સૃષ્ટિ અને તેમાંનું બધુ જ છ દિવસમાં બનાવ્યું.
- **1:15 ઈશ્વરે** તેમની પોતાની પ્રતિમા પ્રમાણે નર અને નારી બનાવ્યા.
- **5:3** "હું સર્વશક્તિમાન ઈશ્વર છું. હુ તમારી સાથે કરાર કરીશ."
- **9:14 ઈશ્વરે** કહ્યું, "હું જે છું તે છું. તેમને કહેજો કે, 'હું છું તેમણે મને મોકલ્યો છે.' તેઓને એ પણ કહો, 'હું યહોવા, તમારા પૂર્વજો ઈબ્રાહિમ, ઈસહાક, અને યાકૂબનો **ઈશ્વર** છું. આ મારું સદાકાળનું નામ છે."
- **10:2** આ મરકીઓ દ્વારા, **ઈશ્વરે** ફારુનને બતાવ્યું કે ફારુન અને તેના બધા જૂઠા દેવો કરતાં તે વધુ શક્તિશાળી છે.
- **16:1** સાચા **ઈશ્વર** યહોવાને બદલે, ઈઝરાએલીઓએ કનાનીઓના દેવોની આરાધના કરવાની શરૂ કર્યું.
- **22:7** મારા દીકરા, તું, **સર્વોચ્ચ ઈશ્વર**નો પ્રબોધક કહેવાશે કે જે મસીહને સ્વીકારવા માટે લોકોને તૈયાર કરશે.
- **24:9** યહોવા એકલોજ **ઈશ્વર** છે. પણ યોહાને ઈશ્વર પિતાને બોલતા સાંભળ્યા, અને જયારે તેણે ઈસુનું બાપ્તિસ્મા આપ્યું ત્યારે ઈસુ પુત્ર અને પવિત્ર આત્માને જોયા.
- **25:7** "ફક્ત તમારા **ઈશ્વર** યહોવાનું ભજન કરો, અને ફક્ત તેમના એકલાની જ સેવા કરો.
- **28:1** ફક્ત એક કે જે સારા છે, અને તે **ઈશ્વર** છે.
- **49:9** પણ **ઈશ્વરે** જગતમાંના દરેકને ખૂબજ પ્રેમ કર્યો કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો જેથી જે કોઈ ઈસુમાં વિશ્વાસ કરશે તેને તેના પાપો માટે સજા થશે નહીં પણ (તે) **ઈશ્વર ની** સાથે સદાકાળ રહેશે.
- **50:16** પણ એક દિવસે **ઈશ્વર** નવું આકાશ અને નવી પૃથ્વી ઉત્પન્ન કરશે કે જે સંપૂર્ણ હશે.

## શબ્દ માહિતી:

- Strong's: H136, H305, H410, H426, H430, H433, H2486, H2623, H3068, H3069, H3863, H4136, H6697, G112, G516, G932, G935, G1096, G1140, G2098, G2124, G2128, G2150, G2152, G2153, G2299, G2304, G2305, G2312, G2313, G2314, G2315, G2316, G2317, G2318, G2319, G2320, G3361, G3785, G4151, G5207, G5377, G5463, G5537, G5538

# ઈશ્વર નિંદા, ઈશ્વરની નિંદા કરવી, નિંદા કરાયેલ, અનાદરભર્યું, દુર્ભાષણો

### વ્યાખ્યા:

બાઈબલમાં, "ઈશ્વર નિંદા" શબ્દ, દેવ અથવા લોકો માટે ઊંડો અનાદર બતાવવો એમ દર્શાવવામાં આવ્યું છે. "નિંદા કરવી" એટલે કે, કોઈ વ્યક્તિની વિરુદ્ધમાં એવી રીતે બોલવું જેથી બીજાઓ લોકો તેના વિશે કંઇક ખોટું અથવા ખરાબ વિચારે.

- મોટે ભાગે, દેવની નિંદા કરવી એટલે બદનક્ષી કરવી અથવા તેના વિશે સાચું નથી તે કહીને તેનું અપમાન કરવું અથવા અનૈતિક વર્તન કરવું કે જે તેનું અપમાન થાય.
- માનવી જયારે દેવ હોવાનો દાવો કરે છે ત્યારે તેઓ ઈશ્વરનિંદા કરે છે, કારણકે એક સાચા દેવની જગ્યા પર તેઓ પોતે દેવ હોવાનો દાવો કરે છે.
- કેટલાક અંગ્રેજી આવૃત્તિઓમાં "બદનક્ષી કરવી" તે શબ્દ લોકો નિંદા માટે વાપરવામાં આવે છે.

## ભાષાંતરના સૂચનો

- "દુર્ભાષણ કરવું" તેનું ભાષાંતર "કોઈની વિરુદ્ધ ભૂંડી વાતો કહેવી" અથવા "દેવનું અપમાન કરવું" અથવા "બદનક્ષી કરવી" એમ થઇ શકે છે.

"દુર્ભાષણ" શબ્દનું ભાષાંતર "બીજા વિશે ખોટું બોલવું" અથવા "નિંદા કરવી" અથવા "ખોટી અફવા ફેલાવવી" તેમ થઇ શકે છે.

(આ પણ જુઓ : અપમાન, નિંદા)

## બાઈબલની કલમો :

- 1 તિમોથી 1:12-14
- પ્રેરિતો 6:10-11
- પ્રેરિતો 26:9-11
- યાકૂબ 2:5-7
- યોહાન 10:32-33
- લૂક 12:8-10
- માર્ક 14:63-65
- માથ્થી 12:31-32
- માથ્થી 26:65-66
- ગીતશાસ્ત્ર 74:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H1288, H1442, H2778, H5006, H5007, H5344, G987, G988, G989

# ઈશ્વરના દીકરાઓ

## વ્યાખ્યા:

"ઈશ્વરના દીકરાઓ" શબ્દ એ રૂપકાત્મક અભ્વ્યક્તિ છે કે જેના અનેક શક્ય અર્થ થાય છે.

- નવા કરારમાં, "ઈશાવ્રના દીકરાઓ" ઈસુમાં સર્વ વિશ્વાસીઓનો ઉલ્લેખ કરે છે અને તેને ઘણીવાર "ઈશ્વરના બાળકો" તરીકે પણ અનુવાદિત કરવામાં આવ્યો છે જેમાં પુરુષ અને સ્ત્રી બંનેનો સમાવેશ થાય છે.
- આ રીતે શબ્દનો ઉપયોગ ઈશ્વર સાથેના સંબંધ વિષે વાત કરે છે કે જે માનવી પિતા-પુત્ર વચ્ચેના સંબંધ દીકરા બનવા સાથે જોડાયેલી દરેક સવલતો સાથે જેવું જ છે.
- કેટલાંક લોકો "ઈશ્વરના દીકરાઓ" નું અર્થઘટન ઉત્પતિ 6 માં બતાવવામાં આવ્યું છે પતિત દૂતો-દુષ્ટાત્મા અથવા અશુદ્ધ આત્મા એમ કરે છે.

બીજો વિઅચારે છે કે તે શક્તિશાળી રાજકીય રાજકર્તાઓનો અથવા સેથના વંશજોનો ઉલ્લેખ કરે છે


- નવા કરારમાં, "ઈશાવ્રના દીકરાઓ" ઈસુમાં સર્વ વિશ્વાસીઓનો ઉલ્લેખ કરે છે અને તેને ઘણીવાર "ઈશ્વરના બાળકો" તરીકે પણ અનુવાદિત કરવામાં આવ્યો છે જેમાં પુરુષ અને સ્ત્રી બંનેનો સમાવેશ થાય છે.
- આ રીતે શબ્દનો ઉપયોગ ઈશ્વર સાથેના સંબંધ વિષે વાત કરે છે કે જે માનવી પિતા-પુત્ર વચ્ચેના સંબંધ દીકરા બનવા સાથે જોડાયેલી દરેક સવલતો સાથે જેવું જ છે.

- "ઈશ્વરના દીકરો" શિર્ષક એ અલગ શબ્દ છે: તે ઇસુનો ઉલ્લેખ કરે છે, કે જેઓ ઈશ્વરના એકમાત્ર દીકરા છે.

## અનુવાદ માટેના સૂચનો:

- જ્યારે "ઈશ્વરના દીકરાઓ" ઈસુમાં વિશ્વાસીઓનો ઉલ્લેખ હોય તો, તેને "ઈશ્વરના બાળકો" તરીકે અનુવાદ કરી શકાય.
- ઉત્પતિ 6:2 અને 4 માં "ઈશ્વરના દીકરાઓ" નું અનુવાદ કરવાની રીતોમાં "દૂતો," "આત્મા," અલૌકિક પ્રાણી," અથવા "અશુદ્ધ આત્માઓ" સમાવિષ્ટ કરી શકાય.
- "દીકરો" શબ્દ પણ જુઓ.

(આ પણ જુઓ: દૂત, અશુદ્ધ આત્મા, દીકરો, ઈશ્વરનો દીકરો, રાજકર્તા, આત્મા)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પતિ 6:1-3
- ઉત્પતિ 6:4
- અયૂબ 1:6-8
- રોમનો 8:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H430, H1121, G2316, G5043, G5207

# ઈશ્વરના લોકો, મારા લોકો

## વ્યાખ્યા:

"ઈશ્વરના લોકો" શબ્દ એવા લોકોનો ઉલ્લેખ કરે છે જેઓને ઈશ્વરે પોતાની સાથે ખાસ સંબંધ રાખવા જગતમાંથી તેડ્યા છે.

- જ્યારે ઈશ્વર "મારા લોકો" કહે છે ત્યારે તેઓ જેઓને તેઓએ પસંદ કર્યા છે અને જેઓનો ઈશ્વર સાથે સંબંધ છે તે લોકો વિષે વાત કરે છે.
- ઈશ્વરના લોકોને ઈશ્વર દ્વારા પસંદ કરવામાં આવ્યા છે અને ઈશ્વરને પ્રસન્ન કરે તેવી રીતે જીવવા જગતમાંથી અલગ કરવામાં આવ્યા છે.

ઈશ્વર પોતાના લોકોને પોતાના બાળકો પણ કહે છે.

- જૂના કરારમાં, "ઈશ્વરના લોકો" શબ્દ ઇઝરાયલ દેશનો ઉલ્લેખ કરે છે કે જેને ઈશ્વર દ્વારા પસંદ કરાયો હતો અને તેમની સેવા કરવા તથા આજ્ઞાઓ પાળવા બીજા દેશોમાંથી અલગ કરાયો હતો.
- નવા કરારમાં, "ઈશ્વરના લોકો" શબ્દ ખાસ કરીને એ બધા લોકોનો ઉલ્લેખ કરે છે જેઓ ઈસુમાં વિશ્વાસ કરે છે અને જેઓને મંડળી કહેવામા આવે છે.

તેમાં યહૂદીઓ અને બિનયહૂદીઓ બંનેનો સમાવેશ થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "ઈશ્વરના લોકો" શબ્દનો અનુવાદ "ઈશ્વરની પ્રજા" અથવા તો "ઈશ્વરની આરાધના કરતા લોકો" અથવા તો "ઈશ્વરની સેવા કરતા લોકો" અથવા તો "ઈશ્વરની માલિકીના લોકો" તરીકે કરી શકાય.
- જ્યારે ઈશ્વર "મારા લોકો" શબ્દ વાપરે છે તો તેનો બીજો અનુવાદ "એવા લોકો કે જેઓને મેં પસંદ કર્યા છે" અથવા તો "મારી આરાધના કરતા લોકો" અથવા તો "મારી માલિકીના લોકો" એ રીતે કરી શકાય.
- તેવી જ રીતે, "તમારા લોકો" શબ્દનો અનુવાદ "તમારી માલિકીના લોકો" અથવા તો "એવા લોકો જેમણે તમારા બનવા પસંદ કર્યું" તરીકે કરી શકાય.
- વળી "તેમના લોકો" શબ્દનો અનુવાદ "તેમની માલિકીના લોકો" અથવા તો "ઈશ્વરે પોતાના બનાવવા માટે પસંદ કરેલા લોકો" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: ઇઝરાયલ, લોકજાતિ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 11:1-3
- પ્રેરિતોનાં કૃત્યો 7:33-34
- પ્રેરિતોનાં કૃત્યો 7:51-53
- પ્રેરિતોનાં કૃત્યો 10:36-38
- દાનિયેલ 9:24-25
- યશાયા 2:5-6
- યર્મિયા 6:20-22
- યોએલ 3:16-17
- મીખાહ 6:3-5
- પ્રકટીકરણ 13:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H430, H5971, G2316, G2992

# ઈશ્વરની ઇચ્છા

## વ્યાખ્યા:

"ઇશ્વરની ઇચ્છા" ઈશ્વરની ઇચ્છાઓ અને યોજનાઓનો ઉલ્લેખ કરે છે.

- ઈશ્વરની ઇચ્છા ખાસ કરીને લોકો સાથેની તેમની વાતચીત સંબંધીછે અને તે ઇચ્છે છે કે લોકો તેમના પ્રત્યેની પ્રત્યુત્તરઆપે.
- તે તેમની બાકીની સર્જન માટે તેમની યોજનાઓ અથવા ઇચ્છાઓનો પણ ઉલ્લેખ કરે છે.
- "ઇચ્છા" શબ્દ નો અર્થ "નક્કી કરવું" અથવા "ઇચ્છા રાખવી" થાય છે.

## અનુવાદનાં સૂચનો:

- "ઈશ્વરની ઇચ્છા' નું ભાષાંતર "ઈશ્વર જે ઈચ્છે તે" અથવા "ઈશ્વર જે યોજના કરેછે તે" અથવા "ઈશ્વરના હેતુ" અથવા "ઈશ્વરને જે ગમે છે તે" તરીકે કરી શકાય છે.

## બાઇબલ સંદર્ભો

- 1 યોહાન 2:15-17
- 1 થેસ્સલોનીકી 4:3-6
- કલોસી 4:12-14
- એફેસી 1:1-2
- યોહાન 5:30-32
- માર્ક 3:33-35
- માથ્થી 6:8-10
- ગીતશાસ્ત્ર 103:20-22

## શબ્દ માહિતી:

- Strong's: H6310, H6634, H7522, G1012, G1013, G2307, G2308, G2309, G2596

# ઈશ્વરનું રાજ્ય, સ્વર્ગનું રાજ્ય

## વ્યાખ્યા:

"ઈશ્વરનું રાજ્ય" અને "સ્વર્ગનું રાજ્ય" બંને શબ્દો ઈશ્વરના લોકો અને સર્વ સર્જન પર તેમના શાસન અને સત્તાનો ઉલ્લેખ કરે છે.

- યહુદીઓ અવારનવાર "સ્વર્ગ" શબ્દનો ઉપયોગ ઈશ્વરને સંબોધવા, સીધે સીધેસીધી રીતે તેમના નામનો ઉપયોગ ટાળવા કરતાં હતા. (જુઓ: ભાષાલંકાર)
- નવા કરારના માથ્થીએ લખેલ પુસ્તકમાં, તે ઈશ્વરના રાજ્યને "સ્વર્ગના રાજ્ય" તરીકે સંબોધે છે, કદાચ તે મુખ્યત્વે યહૂદી શ્રોતાઓ માટે તે લખી રહ્યો હતો તેને કારણે.
- ઈશ્વરનું રાજ્ય એ ઈશ્વર આત્મિક રીતે લોકોને દોરે છે તથા ભૌતિક જગત પર રાજ કરે છે તેનો ઉલ્લેખ કરે છે.
- જૂના કરારના પ્રબોધકોએ લખ્યું કે ઈશ્વર મસીહાને ન્યાયથી રાજ કરવા મોકલશે.

ઈસુ, ઈશ્વરના દીકરા, મસીહા છે જે ઈશ્વરના રાજ્ય પર સદાકાળ રાજ કરશે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભને આધારે, "ઈશ્વરનું રાજ્ય" નું અનુવાદ "ઈશ્વરનું શાસન (રાજા તરીકે)" અથવા "જ્યારે ઈશ્વર રાજા તરીકે રાજ કરશે ત્યારે" અથવા "સઘળાં પર ઈશ્વરનું શાસન" એમ કરી શકાય.
- "સ્વર્ગનું રાજ્ય" શબ્દનું અનુવાદ "સ્વર્ગમાથી ઈશ્વરનું રાજા તરીકે રાજ" અથવા "સ્વર્ગમાના ઈશ્વર રાજ કરે છે" અથવા "સ્વર્ગ સઘળાં પર રાજ કરે છે" એમ પણ કરી શકાય. જો તેનું અનુવાદ સરળ અને સ્પષ્ટ રીતે કરવું શક્ય નથી તો, તેને બદલે "ઈશ્વરનું રાજ્ય" એમ અનુવાદ કરી શકાય.
- કેટલાંક અનુવાદકો "સ્વર્ગ" શબ્દને અંગ્રેજીમાં કેપીટલ અક્ષરમાં તે ઈશ્વર માટે સંબોધવામાં આવ્યું છે તે માટે લખે છે. બીજાઓ લખાણમાં નોંધનો સમાવેશ કરે છે, જેમ કે "સ્વર્ગનું રાજ્ય (જે ઈશ્વરનું રાજ્ય)."
- બાઇબલના પૃષ્ઠની નીચેના ભાગનો આ અભિવ્યક્તિમાં "સ્વર્ગ" શબ્દનો અર્થ સમજાવવા પણ નોંધ કરવા ઉપયોગ કરી શકાય.

(આ પણ જુઓ: ઈશ્વર, સ્વર્ગ, રાજા, રાજ્ય, યહુદીઓના રાજા, રાજ)

## બાઈબલના સંદર્ભો:

- 2 થેસ્સાલોનિકીઓ 1:3-5
- પ્રેરિતોના કૃત્યો 8:12-13
- પ્રેરિતોના કૃત્યો 28:23-24
- કલોસ્સીઓ 4:10-11
- યોહાન 3:3-4
- લૂક 7:27-28
- લૂક 10:8-9
- લૂક 12:31-32
- માથ્થી 3:1-3
- માથ્થી 4:17
- માથ્થી 5:9-10
- રોમનો 14:16-17

## બાઈબલની વાર્તાઓ પરથી ઉદાહરણો:

- **24:2** તેણે (યોહાન) લોકોને બોધ કર્યો, એમ કહીને કે, "પસ્તાવો કરો કેમ કે **ઈશ્વરનું રાજ્ય** નજીક છે!"
- **28:6** પછી ઈસુએ તેમના શિષ્યોણે કહ્યું, "ધનવાન લોકોને પેંસવું ઘણું અઘરું છે **ઈશ્વરના રાજ્યમાં**!

હા, સોયના નાકામાથી ઊંટને પસાર થવું સહેલું છે ધનવાન માણસના પ્રવેશવા કરતાં **ઈશ્વરના રાજ્યમાં**."

- **29:2** ઈસુએ કહ્યું, " _ ઈશ્વરનું રાજ્ય_ એક રાજા જેવુ છે જે તેના ચાકરો સાથે હિસાબની પતાવટ કરવા માંગે છે."
- **34:1** ઈસુએ બીજી ઘણી વાતો કહી **ઈશ્વરના રાજ્યની**.

ઉદાહરણ તરીકે એમણે કહ્યું, " **ઈશ્વરનું રાજ્ય** એ રાઈના દાણા જેવુ છે જે કોઇકે તેના ખેતરમાં વાવ્યું."

- **34:3** ઈસુએ બીજી વાત કહી, " **ઈશ્વરનું રાજ્ય** એ ખમીર જેવુ છે કે જેને સ્ત્રીએ લોટમાં ભેળવી દીધું જ્યાં સુધી તે સર્વ લોટમાં ફેલાય ન જાય ત્યાં સુધી."
- **34:4** " **ઈશ્વરનું રાજ્ય** એ છુપાયેલા ખજાના જેવુ છે જેને કોઇકે ખેતરમાં છુપાવી દીધું હતું..

બીજા કોઈક માણસને તે ખજાનો મળ્યો અને તેણે પણ દાટી દીધો."

- **34:5** " **ઈશ્વરનું રાજ્ય** એ સંપૂર્ણ મોતી જે ઘણું મૂલ્યવાન છે તેના જેવુ પણ છે."
- **42:9** તેમણે તેમના શિષ્યોને ઘણી રીતે સાબિત કરી આપ્યું કે તેઓ જીવંત છે, અને તેમણે તેમણે શીખવ્યું **ઈશ્વરના રાજ્ય વિષે**.
- **49:5** ઈસુએ કહ્યું કે **ઈશ્વરનું રાજ્ય** જગતમાં જે કંઈ પણ છે તેનાથી ઘણું મૂલ્યવાન છે.
- **50:2** જ્યારે ઈસુ પૃથ્વી પર જીવંત હતા ત્યારે તેમણે કહ્યું હતું કે, "મારા શિષ્યો સારા સમાચારનો બોધ કરશે **ઈશ્વરના રાજ્યના** સર્વત્ર જગતના લોકોને, અને પછી અંત આવશે."

## શબ્દ માહિતી:

- Strong's: G932, G2316, G3772

# ઈશ્વરનો દીકરો, દીકરો

## તથ્યો:

"ઈશ્વરનો દીકરો" શબ્દ ઈસુનો ઉલ્લેખ કરે છે, ઈશ્વરનો શબ્દ, કે જે માનવ બનીને આ જગતમાં આવ્યાં. તેમને ઘણીવાર "દીકરા" તરીકે પણ સંબોધવામાં આવે છે.

- ઈશ્વરના દીકરા પાસે ઈશ્વર પિતા જેવો જ સ્વભાવ છે, અને તેઓ સંપૂર્ણપણે ઈશ્વર છે.
- ઈશાવ્ર પિતા, ઈશ્વર પુત્ર, અને ઈશ્વર પવિત્ર આત્મા તેઓ એક ગુણધર્મના છે.
- માનવ પુત્રોની જેમ, ઈશ્વરના દીકરા હંમેશા અસ્તિત્વ ધરાવે છે.
- શરૂઆતમાં, ઈશ્વરના દીકરા, પિતા અને પવિત્ર આત્મા સાથે દુનિયા બનાવવામાં સક્રિય હતા.

ઈસુએ ઈશ્વરના દીકરા છે તે માટે, તેઓ તેમના પિતાને પ્રેમ કરે છે અને તેમને આધીન થાય છે, અને તેમના પિતા તેમને પ્રેમ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "ઈશ્વરના દીકરા" શબ્દ માટે, ભાષામાં માનવ દીકરાને સંબોધવા જે શબ્દનો ઉપયોગ થાય છે તે સમાન શબ્દ "દીકરા" નું અનુવાદ કરવું એ શ્રેષ્ઠ છે.
- "દીકરા" નું અનુવાદ કરવા જે શબ્દનો ઉપયોગ કરો તેનું ધ્યાન રાખો કે તે "પિતા" નું અનુવાદ કરવાના શબ્દ સાથે બંધબેસે અને આ શબ્દો પ્રોજેક્ટ ભાષામાં પિતા-દીકરાના સંબંધને વ્યક્ત કરવા સર્વસામાન્ય હોય.
- "દીકરા" શબ્દની શરૂઆત અંગ્રેજીમાં મોટાં અક્ષરથી કરવાથી એ બતાવવા મદદ મળશે કે તે ઈશ્વર વિશેની વાત છે.
- "દીકરા" શબ્દસમુહએ "ઈશ્વરના દીકરા"નું નાનું રૂપ છે, ખાસ કરીને જ્યારે તે "પિતા"ના સમાન સંદર્ભમાં ઉદ્ભવે ત્યારે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ખ્રિસ્ત, પૂર્વજ, ઈશ્વર, ઈશ્વર પિતા, પવિત્ર આત્મા, ઈસુ, દીકરો, ઈશ્વરના દીકરાઓ)

## બાઈબલના સંદર્ભો:

- 1 યોહાન 4:9-10
- પ્રેરિતોના કૃત્યો 9:20-22
- કોલોસ્સીઓ 1:15-17
- ગલાતીઓ 2:20-21
- હિબ્રુઓ 4:14-16
- Jયોહાન 3:16-18
- લૂક 10:22
- માથ્થી 11:25-27
- પ્રકટીકરણ 2:18-19
- રોમનો 8:28-30

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **22:5** ડોટે જણાવ્યું, "પવિત્ર આત્મા તારા પર આવશે, અને ઈશ્વરનું સામર્થ્ય તારા પર આચ્છાદન કરશે. તેથી બાળક પવિત્ર હશે, **ઈશ્વરના દીકરા**."
- **24:9** ઈશ્વરે યોહાનને કહ્યું, "પવિત્ર આત્મા નીચે ઉતરશે અને જેણે તું બાપ્તિસ્મા આપીશ તેના પર બેસશે. તે વ્યક્તિ **ઈશ્વરના દીકરા હશે**."
- **31:8** શિષ્યો આશ્ચર્ય પામ્યાં. તેઓએ ઈસુની આરાધના કરી, એમ કહીને, "ખરેખર તમે **ઈશ્વરના દીકરા છો**."
- **37:5** માર્થાએ જવાબ આપ્યો, હા, માલિક! હું જાણું છું કે તમે મસીહા છો, **ઈશ્વરના દીકરા**."
- **42:10** તેથી જાઓ, દરેક જૂથના લોકોને શિષ્યો બનાવો બાપ્તિસ્મા આપીને પિતાના, **દીકરાના**, અને પવિત્ર આત્માના નામમાં, અને મેં જે તમને હુકમ કર્યો છે તે સર્વને આધીન થવાનું શિક્ષણ આપીને."
- **46:6** તરત જ, શાઉલે દમાસ્કસમાં યહુદીઓને બોધ કરવાનો શરૂ કર્યો, એમ કહીને કે, "ઈસુએ **ઈશ્વરના દીકરા છે**!"
- **49:9** કેમ કે ઈશ્વરે જગત પર એટલો બધો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો **દીકરો** આપ્યો, કે જેથી જે કોઈ ઈસુમાં વિશ્વાસ કરે તેને તેના પાપોની શિક્ષા ન થાય, પરંતુ તે ઈશ્વર સાથે સદાકાળ જીવે.

## શબ્દ માહિતી:

* Strong's: H426, H430, H1121, H1247, G2316, G5207

# ઈશ્વરનો શબ્દ, યહોવાનો શબ્દ, પ્રભુનો શબ્દ, સત્યનો શબ્દ, શાસ્ત્ર

### વ્યાખ્યા:

બાઈબલમાં "ઈશ્વરના શબ્દ" ઈશ્વર લોકોની સાથે જે કંઈપણ વાતચીત કરે છે તેનો ઉલ્લેખ કરે છે. તે બોલાયેલા અને લેખિત સંદેશાઓને સામેલ કરે છે ઈસુને પણ "ઈશ્વરના શબ્દ" કહેવામાં આવે છે.

- શબ્દ " શાસ્ત્રો " નો અર્થ "લખાણો" થાય છે. તે ફક્ત નવા કરારમાં જ વપરાય છે અને હીબ્રુ શાસ્ત્રોનો ઉલ્લેખ કરે છે, જે જૂનો કરાર છે. આ લખાણો ઈશ્વરના સંદેશ હતા કે જે તેમણે લોકોને લખવા માટે કહ્યું હતું જેથી ભવિષ્યના ઘણા વર્ષોમાં લોકો તેને વાંચી શકે.
- સંબંધિત શબ્દો "યહોવાનું વચન" અને "પ્રભુનું વચન" વારંવાર ઈશ્વર તરફથી એક ચોક્કસ સંદેશનો ઉલ્લેખ કરે છે જે બાઈબલમાં પ્રબોધક અથવા અન્ય વ્યક્તિને આપવામાં આવ્યો હતો.
- કેટલીકવાર આ શબ્દ ફક્ત " વચન " અથવા "મારું વચન" અથવા "તમારૂ વચન "(જ્યારે ઈશ્વરના વચન વિશે વાત કરીએ ત્યારે) દ્રશ્યમાન થાય છે.
- નવા કરારમાં, ઈસુને "શબ્દ" અને "ઈશ્વરના શબ્દ" કહેવામાં આવે છે. આ શિર્ષકોનો અર્થ એ છે કે ઈસુ સંપૂર્ણપણે પ્રગટ કરે છે કે ઈશ્વર કોણ છે, કેમ કે તે પોતે ઈશ્વર છે.
  "સત્યનો શબ્દ" શબ્દસમૂહ "ઈશ્વરના વચન"નો ઉલ્લેખ કરવાનો અન્ય માર્ગ છે, જે તેમનો સંદેશ અથવા શિક્ષણ છે. તે માત્ર એક જ શબ્દનો ઉલ્લેખ કરતું નથી.
- ઈશ્વરના સત્યના વચનોમાં, ઈશ્વરે લોકોને તેમના વિષે જે શીખવ્યું છે તે, તેમનું સર્જન, અને ઈસુ દ્વારા તારણની તેમની યોજનાનો સમાવેશ થાય છે.
- આ શબ્દ એ હકીકત પર ભાર મૂકે છે કે ઈશ્વર જે કહ્યું છે તે સાચું, વિશ્વાસયોગ્ય અને વાસ્તવિક છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભને આધારે, આ શબ્દને અનુવાદિત કરવાના અન્ય રીતોમાં "યહોવાનો સંદેશ" અથવા "ઈશ્વરનો સંદેશ" અથવા "ઈશ્વર તરફથી શિક્ષણ"નો સમાવેશ થઇ શકે છે.
- આ શબ્દને કેટલીક ભાષાઓમાં બહુવચન બનાવવા વધુ કુદરતી હોઈ શકે છે અને તેને "ઈશ્વરના શબ્દો" અથવા "યહોવાહના શબ્દો" કહી શકાય છે.
- "યહોવાનું વચન આવ્યું" અભિવ્યકિત ઈશ્વરે કંઈક તેના પ્રબોધકો અથવા તેમના લોકોને જણાવી હતી તે દર્શાવવા માટે વારંવાર વપરાય છે. આનો અનુવાદ "યહોવાએ આ સંદેશો આપ્યો" અથવા "યહોવાએ આ વચનો કહ્યા" કરી શકાય છે.
- " શાસ્ત્ર " અથવા " શાસ્ત્રો " શબ્દનો અનુવાદ "લખાણો" અથવા "ઈશ્વર તરફથી લેખિત સંદેશાઓ" કરી શકાય છે. આને "વચન" શબ્દના અનુવાદથી અલગ શબ્દની રીતે અનુવાદ કરવી જોઈએ.
- જ્યારે માત્ર "શબ્દ"નો ઉલ્લેખ હોય છે અને તે ઈશ્વરના શબ્દને ઉલ્લેખે છે, ત્યારે તેનો અનુવાદ "સંદેશ" અથવા "ઈશ્વરનો શબ્દ" અથવા "શિક્ષણ" તરીકે થઈ શકે છે. ઉપર સૂચવેલ વૈકલ્પિક અનુવાદોને પણ ધ્યાનમાં લો.
- જ્યારે બાઈબલ ઈસુને "શબ્દ" કહે છે, ત્યારે આ શબ્દનો અર્થ "સંદેશ" અથવા "સત્ય" તરીકે ભાષાંતર કરી શકાય છે.
- "સત્યના વચન" નું ભાષાંતર "ઈશ્વરના ખરો સંદેશ" અથવા "ઈશ્વરનું વચન, જે સાચું છે" તરીકે થઈ શકે છે.
- આ શબ્દના અનુવાદ માટે મહત્વનું છે કે તે સત્ય હોવાના અર્થનો સમાવેશ કરે.

(આ પણ જુઓ: પ્રબોધક, ખરું, યહોવાહ)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 15:1-3
- 1 રાજા 13:1-3
- યર્મિયા 36:1-3
- લૂક 8:11-13
- યોહાન 5:39-40
- પ્રેરિતોનાં કૃત્યો 6:2-4
- પ્રેરિતોનાં કૃત્યો 12:24-25
- રોમન 1:1-3
- 2 કોરિંથી 6:4-7
- એફેસી 1:13-14
- 2 તિમોથી 3:16-17
- યાકૂબ 1:17-18
- યાકૂબ 2:8-9

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **25:7 ઈશ્વરના વચનમાં** તે પોતાના લોકોને આજ્ઞા આપે છે, "ફક્ત તમારા ઈશ્વરની ઉપાસના કરો અને ફક્ત તેમની સેવા કરો."
- **33:6** તેથી ઈસુ સમજાવે છે, 'બીજ એ **ઈશ્વર નું વચન** છે.
- **42:3** પછી ઈસુએ તેમને સમજાવ્યું કે **ઈશ્વર નું વચન** મસીહ વિષે શું કહે છે.
- **42:7** ઈસુએ કહ્યું, "મેં તમને કહ્યું હતું કે **ઈશ્વર ના વચન**માં મારા સંબંધી જે લખેલું છે તે બધું પૂર્ણ થવું જ જોઈએ." પછી તેમણે તેમના મન ખોલ્યાં જેથી તેઓ **ઈશ્વર નું વચન** સમજી શક્યા.
- **45:10** ફિલિપે પણ અન્ય **શાસ્ત્રોનો** ઉપયોગ કરીને તેને ઈસુ વિષેની સુવાર્તા કહી.
- **48:12** પરંતુ ઈસુ બધા કરતાં મહાન પ્રબોધક છે. તે **ઈશ્વરના શબ્દ** છે.
- **49:18** ઈશ્વર તમને પ્રાર્થના કરવા, તેમના **વચનનો** અભ્યાસ કરવા, અન્ય ખ્રિસ્તીઓ સાથે તેમની ઉપાસના કરવા, અને તેમણે તમારા માટે શું કર્યું છે તે બીજા લોકોને જણાવવા કહે છે.

## શબ્દ માહિતી:

- Strong's: H561, H565, H1697, H3068, G3056, G4487

# ઈશ્વરપરાયણ/ઈશ્વરીય, ધર્મનિષ્ઠા/ઈશ્વરપરાયણતા, અધર્મી, નાસ્તિક, નાસ્તિકતા/અનાસ્થા

## વ્યાખ્યા:

"ઈશ્વરીય" શબ્દ એવી વ્યક્તિના વર્ણન માટે વાપર્યો છે કે જે તેના કાર્યોમાં ઈશ્વરને માન આપે છે, અને ઈશ્વર કેવા છે તે દર્શાવે છે. "ઈશ્વર પરાયણતા" ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કરી તેમનું સન્માન કરવાનો ચારિત્ર્ય ગુણ છે.

- વ્યક્તિ કે જેને ઈશ્વરીય ગુણો છે તે પવિત્ર આત્માના ફળો દર્શાવશે, જેવા કે પ્રેમ, આનંદ, શાંતિ, ધીરજ, દયા, અને આત્મસંયમ.
- ઈશ્વર પરાયણતાના ગુણ બતાવે છે કે વ્યક્તિમાં પવિત્ર આત્મા છે અને તે તેમની આજ્ઞા પાળે છે.
- "નાસ્તિક" અને "અધર્મી" શબ્દો લોકો કે જેઓ ઈશ્વરની વિરુદ્ધ બળવો કરે છે તેનું વર્ણન કરે છે. ઈશ્વર વિશે વિચાર્યા વગર, દુષ્ટ રીતે જીવવાને "અધર્મી" અથવા "ઈશ્વર વિહોણો" કહેવાય છે.
- આ શબ્દોના અર્થો ખૂબજ સમાન છે. જો કે, "નાસ્તિક" અને "નાસ્તિકતા" કદાચ વધુ આત્યંતિક પરિસ્થિતિ દર્શાવે છે કે જેમાં લોકો અથવા દેશો ઈશ્વરને સ્વીકારતા પણ નથી અને તેઓ પર તેમના શાસનના અધિકારનો નકાર કરે છે.
- ઈશ્વર દરેક અધર્મી લોકો ઉપર, તે દરેક કે જે તેમને અને તેમના માર્ગોને નકારી કાઢે છે તેઓ પર તેમનો ન્યાય અને કોપ જાહેર કરે છે.

## ભાષાંતરના સૂચનો:

- "ઈશ્વરીય" શબ્દસમૂહનું ભાષાંતર, "ધાર્મિક લોકો" "ઈશ્વર પરાયણ લોકો" અથવા "લોકો કે જેઓ ઈશ્વરની આજ્ઞા પાળે છે" તરીકે કરી શકાય છે (જુઓ: નામધારી વિશેષણ)
- "ઈશ્વરીય" વિશેષણનું ભાષાંતર, "ઈશ્વરને આજ્ઞાકારી" અથવા "ન્યાયી" અથવા "ઈશ્વરને પ્રસન્ન કરનાર" તરીકે કરી શકાય છે.
- "ઈશ્વરીય રીતે" શબ્દસમૂહનું ભાષાંતર, "એક જે ઈશ્વરની આજ્ઞા પાળે છે" અથવા "કાર્યો અને શબ્દો સાથે કે જે ઈશ્વરને ખુશ કરે" તરીકે કરી શકાય છે.
- "ઈશ્વરીય પરાયણતા" શબ્દનું ભાષાંતર કરવામાં આવે તો, "એવી રીતે વર્તવું કે જે ઈશ્વરને ખુશ કરે" અથવા "ઈશ્વરની આજ્ઞા પાળવી" અથવા "ન્યાયી રીતે જીવવું" જેવા (શબ્દોનો) સમાવેશ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "અધર્મી" શબ્દનું ભાષાંતર, "ઈશ્વરને નાખૂશ કરવા" અથવા "અનૈતિક" અથવા "ઈશ્વરની આજ્ઞાનો અનાદર કરવો" તરીકે કરી શકાય છે.
- "નાસ્તિક" અને "નાસ્તિકતા/અનાસ્થા" શબ્દોનો શાબ્દિક અર્થ કે જે "લોકો ઈશ્વર વિનાના" અથવા "ઈશ્વર વિષે વિચારતા નથી" અથવા "એવી રીતે વર્તે છે કે ઈશ્વરને સ્વીકારતા નથી."
- "અધર્મ" અથવા "નાસ્તિકતા/અનાસ્થા" શબ્દનું અન્ય રીતે ભાષાંતર "દુષ્ટતા" અથવા "દુષ્ટ" અથવા "ઈશ્વરની વિરુદ્ધ બળવો" થઇ શકે છે.

(આ પણ જુઓ દુષ્ટ, સન્માન, આજ્ઞા પાળવી, ન્યાયી, પ્રામાણિક)

## બાઈબલની કલમો:

- અયૂબ 27:8-10
- નીતિવચન 11:9-11
- પ્રેરિતો 3:11-12
- 1 તિમોથી 1:9-11
- 1 તિમોથી 4:6-8
- 2 તિમોથી 3:10-13
- હિબ્રૂ 12:14-17
- હિબ્રૂ 11:7
- 1 પિતર 4:17-19
- યહૂદા 1:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H430, H1100, H2623, H5760, H7563, G516, G763, G764, G765, G2124, G2150, G2152, G2153, G2316, G2317

# ઈશ્વરપિતા, સ્વર્ગીય પિતા, પિતા

## સત્યો:

“ઈશ્વર પિતા” અને “સ્વર્ગીય પિતા” શબ્દો યહોવા, એક સાચા ઈશ્વરને દર્શાવે છે. તે જ અર્થવાળો બીજો શબ્દ “પિતા” જે વારંવાર ઈસુ દ્વારા વાપરવામાં આવ્યો હતો.

- ઈશ્વર અસ્તિત્વ ધરાવે છે, ઈશ્વર પિતા, ઈશ્વર પુત્ર, અને ઈશ્વર પવિત્ર આત્મા તરીકે. તેઓ દરેક સંપૂર્ણ ઈશ્વર છે, અને તેમ છતાં પણ તેઓ એક જ ઈશ્વર છે. આ એક રહસ્ય છે જે આપણે સર્વ સામાન્ય માનવી સંપૂર્ણ રીતે સમજી શકતા નથી.
- ઈશ્વર પિતાએ ઈશ્વર પુત્ર (ઈસુ)ને આ જગતમાં મોકલ્યા અને તે (ઈસુ) તેમના લોકો માટે પવિત્ર આત્મા મોકલે છે.
- જે કોઈ ઈશ્વરના પુત્રમાં વિશ્વાસ કરશે તે ઈશ્વર પિતાનું બાળક બનશે, અને ઈશ્વરના પવિત્ર આત્મા તે વ્યક્તિમાં આવીને તેનામાં વસે છે. આ એક બીજું રહસ્ય છે કે જે માણસ જાત સંપૂર્ણ રીતે સમજી શક્તા નથી.

## ભાષાંતરના સૂચનો:

“ઈશ્વર પિતા” શબ્દસમૂહને ભાષાંતર કરતાં, ઉત્તમ એ છે કે "પિતા" શબ્દનું ભાષાંતર કરવું, એ જ સમાન શબ્દ દ્વારા જે ભાષા પ્રાકૃતિક રીતે માનવીય પિતાનો ઉલ્લેખ કરવા ઉપયોગમાં લે છે.

- “સ્વર્ગીય પિતા” શબ્દનું ભાષાંતર, “પિતા કે જે સ્વર્ગમાં રહે છે” અથવા “ઈશ્વરપિતા કે જે સ્વર્ગમાં રહે છે” અથવા “સ્વર્ગમાંના અમારા ઈશ્વર પિતા” તરીકે કરી શકાય છે.
- સામાન્ય રીતે "પિતા"ને અંગ્રેજી ભાષામાં કેપિટલ લખાય છે ત્યારે તે ઈશ્વરનો ઉલ્લેખ કરે છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પૂર્વજ, ઈશ્વર , સ્વર્ગ, પવિત્ર આત્મા, ઈસુ, ઈશ્વરનો દીકરો)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 8:4-6
- 1 યોહાન 2:1-3
- 1 યોહાન 2:22-23
- 1 યોહાન 3:1-3
- કલોસ્સી 1:1-3
- એફેસી 5:18-21
- લૂક 10:22
- માથ્થી 5:15-16
- માથ્થી 23:8-10

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **24:9** યહોવા એકલા જ ઈશ્વર છે. પણ યોહાન જયારે ઈસુને બાપ્તિસ્મા આપતો હતો ત્યારે તેણે **ઈશ્વર પિતાને** બોલતા સાંભળ્યા, અને તેણે ઈસુ પુત્ર અને પવિત્ર આત્માને જોયા.
- **29:9** ઈસુએ કહ્યું કે, જો તમે તમારા ભાઈને હૃદયથી માફ નહિ કરો તો મારા **સ્વર્ગીય પિતા** તમને દરેકને એજ પ્રમાણે કરશે.
- **37:9** પછી ઈસુએ આકાશ તરફ જોઈને કહ્યું , “**પિતા** તમે મારું સાભળ્યું માટે તમારો આભાર.”
- **40:7** પછી ઈસુ મોટેથી રડ્યા, “સંપૂર્ણ થયું! **પિતા** હું મારો આત્મા તમારા હાથમાં સોંપું છું.”
- **42:10** “તેથી જાઓ, **પિતા**, પુત્ર, અને પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપો અને તે દરેક જાતિના લોકોને મારા શિષ્યો બનાવો અને જેમ મેં આજ્ઞા આપી છે તેમ તેઓને બધુજ પાળવાનું શીખવતા જાઓ.
- **43:8** “હાલમાં ઈસુ **ઈશ્વર પિતા** ને જમણે હાથે મહિમાવાન કરાયેલા છે.”
- **50:10** “પછી ન્યાયી વ્યક્તિ **ઈશ્વર પિતાના** રાજ્યમાં સૂર્યની પેઠે ચમકશે.”

## શબ્દ માહિતી:

- Strong's: H1, H2, G3962

# ઈસુ, ઈસુ ખ્રિસ્ત, ખ્રિસ્ત ઈસુ

## સત્યો/તથ્યો:

ઈસુ ઈશ્વરના પુત્ર છે. “ઈસુ” નામનો અર્થ “યહોવા બચાવે છે.” “ખ્રિસ્ત” શબ્દ એ શીર્ષક છે જેનો અર્થ “અભિષિક્ત” છે અને તે મસીહા માટેનો બીજો શબ્દ છે.

- આ બે નામો મોટેભાગે “ઈસુ ખ્રિસ્ત” અથવા “ખ્રિસ્ત ઈસુ” તરીકે સંયુક્ત કરવામાં આવે છે. આ નામો ઈશ્વરના પુત્ર કે જે મસીહા છે તેના પર ભાર મૂકે છે, કે જે લોકોને તેઓના પાપો માટેની અનંતકાળની સજાથી બચાવવા આવ્યા હતા.
- ચમત્કારિક રીતે, પવિત્ર આત્માએ અનંતકાળિક ઈશ્વરના દીકરાને મનુષ્ય તરીકે જન્મ આપ્યો. એક દૂત દ્વારા તેમની માતાને તેને “ઈસુ” કહેવા કહેવાયું હતું કારણ કે તે લોકોને તેઓના પાપોથી બચાવવા નિર્મિત થયેલા હતા.
- ઈસુએ ઘણા ચમત્કારો કર્યા કે જે પ્રગટ કરે છે કે તે ઈશ્વર છે અને તેજ ખ્રિસ્ત, અથવા મસીહા છે.

## ભાષાંતરના સૂચનો:

- ઘણી ભાષાઓમાં “ઈસુ” અને “ખ્રિસ્ત” ની જોડણી એવી રીતે કરવામાં આવી છે કે તે શક્ય રીતે વધુમાં વધુ અસલ જોડણી સાથે મળતા રાખી શકાય. ઉદાહરણ તરીકે, “જેસુક્રીસ્તો,” “જેઝુસ ખ્રીસ્તુસ,” અને “યેસુસ ખ્રીસ્તસ” અને "હેસુખ્રીસ્તો" એ અમુક રીતો છે જે દ્વારા આ નામોનું ભાષાંતર અલગ અલગ ભાષાઓમાં કરવામાં આવ્યું છે.
- “ખ્રિસ્ત” શબ્દ માટે કદાચ કેટલાક અનુવાદકો આખો વખત ફક્ત “મસીહા” શબ્દ વાપરવાનું પસંદ કરે.
- એ પણ ધ્યાન રાખવું કે આ નામોની જોડણી નજીકની સ્થાનિક અને રાષ્ટ્રીય ભાષામાં કેવી રીતે કરવામાં આવી છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ખ્રિસ્ત, ઈશ્વર, ઈશ્વર પિતા, પ્રમુખ યાજક, ઈશ્વરનું રાજ્ય, મરિયમ, ઉદ્ધારકર્તા, ઈશ્વરના પુત્ર)

## બાઈબલની કલમો:

- 1કરિંથી 6:9-11
- 1 યોહાન 2:1-3
- 1 યોહાન 4:15-16
- 1 તિમોથી 1:1-2
- 2 પિતર 1:1-2
- 2 થેસ્સલોનિકી 2:13-15
- 2 તિમોથી 1:8-11
- પ્રેરિતો 2:22-24
- પ્રેરિતો 5:29-32
- પ્રેરિતો 10:36-38
- હિબ્રૂ 9:13-15
- હિબ્રૂ 10:19-22
- લૂક 24:19-20
- માથ્થી 1:20-21
- માથ્થી 4:1-4
- ફિલિપ્પી 2:5-8
- ફિલિપ્પી 2:9-11
- ફિલિપ્પી 4:21-23
- પ્રકટીકરણ 1:4-6

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **22:4** દૂતે કહ્યું, “તને ગર્ભ રહેશે અને તું પુત્રને જન્મ દેશે. તું તેનું નામ **ઈસુ** પાડશે અને તે મસીહા કહેવાશે.”
- **23:2** "તેનું નામ **ઈસુ** રાખજે (જેનો અર્થ, ‘યહોવા બચાવે છે'), કારણકે તે લોકોને તેઓના પાપોથી બચાવશે."
- **24:7** તેથી યોહાને (ઈસુ) ને બાપ્તિસ્મા આપ્યું, જો કે **ઈસુ**એ કદી પાપ કર્યું નહોતું .

- **24:9** ફક્ત એક જ ઈશ્વર છે. પણ યોહાને ઈશ્વરપિતાની વાણી સાંભળી, અને **ઈસુ**ને તથા પવિત્ર આત્માને જોયા જ્યારે તેણે **ઈસુ** ને બપ્તિસ્મા આપ્યું.
- **25:8** **ઈસુ** શેતાનના પરીક્ષણોને સોંપાયા નહિ, તેથી શેતાન તેમને છોડી ચાલ્યો ગયો.
- **26:8** પછી **ઈસુ** સમગ્ર ગાલીલના વિસ્તારમાં ગયા, અને મોટું ટોળું તેમની પાસે આવ્યું. તેઓ ઘણા લોકોને લાવ્યા કે જેઓ માંદા અથવા અપંગ કે જેઓ જોઈ, ચાલી, સાંભળી, અથવા બોલી શકતા ન હતા અને ઈસુએ તેઓને સાજા કર્યા.
- **31:3** પછી **ઈસુ** પ્રાર્થના પૂરી કરીને શિષ્યો પાસે ગયા. તે સરોવરની બીજી બાજુએ તેઓની હોડી તરફ પાણી ઉપર ચાલ્યા!
- **38:2** તે (યહૂદા) જાણતો હતો કે યહૂદી આગેવાનોએ **ઈસુ**નો મસીહા તરીકે નકાર કર્યો હતો અને તેઓ તેમને મારી નાંખવાનું કાવતરું કરતા હતા.
- **40:8** **ઈસુ** એ તેમના મૃત્યુ દ્વારા, લોકો માટે ઈશ્વરની પાસે આવવાનો માર્ગ ખોલ્યો.
- **42:11** પછી **ઈસુ** ને સ્વર્ગમાં ઉપર લઈ લેવામાં આવ્યા હતા, અને એક વાદળે તેમને તેઓની દ્રષ્ટિથી ઢાંકી દીધા. **ઈસુ** સઘળી બાબતો પર રાજ કરવા ઈશ્વરને જમણે હાથે બિરાજમાન છે.
- **50:17** **ઈસુ** અને તેના લોકો નવી પૃથ્વી પર રહેશે, અને જે બધું અસ્તિત્વમાં છે તેના પર તે સદાકાળ રાજ કરશે. તે દરેક આંસુને લૂછી નાખશે અને ત્યાં વધુ પીડા, નિરાશા, રુદન, દુષ્ટતા, દુઃખ, અથવા મરણ હશે નહિ. **ઈસુ** શાંતિ અને ન્યાયથી તેનું રાજ્ય ચલાવશે, અને તે તેમના લોકો સાથે સદાકાળ રહેશે.

## શબ્દ માહિતી:

- Strong's: G2424, G5547

# ઉત્તેજન, પ્રોત્સાહન, બોધ આપવો

## વ્યાખ્યા:

"બોધ" શબ્દનો અર્થ, જે યોગ્ય છે તે કરવા માટે સખત રીતે કોઈને પ્રોત્સાહિત કરવું અને અરજ કરવી. આવા પ્રોત્સાહનને "બોધ આપવો" કહેવામાં આવે છે.

- પ્રોત્સાહનનો હેતુ પાપને ટાળવા, અને ઈશ્વરની ઈચ્છાને અનુસરવા માટે બીજા લોકોને સમજાવવાનો છે.
- નવો કરાર ખ્રિસ્તીઓને શીખવે છે કે કઠોરતાથી અથવા તોછડી રીતે નહિ, પણ પ્રેમથી દરેકે એકબીજાને બોધ આપવો.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધારિત, "બોધ" શબ્દનું ભાષાંતર, "સખત રીતે અરજ કરવી" અથવા "સમજાવવું" અથવા "સલાહ આપવી," પણ કરી શકાય છે.
- ખાતરી કરો કે આ શબ્દનું ભાષાંતર, બોધ આપનાર ગુસ્સે થઇ કહે છે તેવું સૂચિત ન થવું જોઈએ. શબ્દમાં તાકાત અને ગંભીરતા વ્યક્ત થવી જોઈએ, પણ ગુસ્સાવાળું ભાષણ હોવું જોઈએ નહિ.
- મુખ્ય સંદર્ભોમાં, "બોધ" શબ્દનું ભાષાંતર, "સલાહ આપવી" કરતા અલગ રીતે થવું જોઈએ," જેનો અર્થ "પ્રેરણા, ખાતરી, અથવા કોઈને આશ્વાસન આપવું છે.
- સામાન્ય રીતે આ શબ્દનું ભાષાંતર, "સમજાવવું" શબ્દથી અલગ રીતે પણ થઈ શકે, કેમકે તેનો અર્થ કોઈકને તેના ખોટા/અયોગ્ય વર્તન માટે ચેતવણી અથવા સુધારાનો છે.

## બાઈબલની કલમો:

- 1 થેસ્સલોનિકી 2:3-4
- 1 થેસ્સલોનિકી 2:10-12
- 1 તિમોથી 5:1-2
- લૂક 3:18-20

## શબ્દ માહિતી:

- Strong's: G3867, G3870, G3874, G4389

# ઉત્સાહ, ઉત્સાહી

## વ્યાખ્યા:

શબ્દો "ઉત્સાહ" અને "ઉત્સાહી" વ્યક્તિ અથવા વિચારને સમર્થન આપવા માટે ભારપૂર્વક સમર્પિત હોવાનો સંદર્ભ આપે છે.

- ઉત્સાહમાં મજબૂત ઇચ્છા અને ક્રિયાઓનો સમાવેશ થાય છે જે એક સારા કારણને પ્રોત્સાહન આપે છે. તે ઘણીવાર એવી વ્યક્તિનું વર્ણન કરવા માટે વપરાય છે કે જે વિશ્વાસુપણે ઈશ્વરને આધીન થાય છે અને બીજાઓને તેમ કરવા માટે પણ શીખવે છે.
- ઉત્સાહી બનવું, એમાં કંઈક કરવાનું અને તેના પ્રયત્નોમાં સતત પ્રયત્ન ચાલુ રાખવામાં તીવ્ર પ્રયાસ કરવાનો સમાવેશ છે.
- "પ્રભુનો ઉત્સાહ" અથવા "યહોવાહનો ઉત્સાહ" એ તેમના લોકોને આશીર્વાદ આપવા માટે અથવા ન્યાય પૂર્ણ થવા માટે ઈશ્વરનાં મજબૂત, નિરંતર કાર્યોનો ઉલ્લેખ કરે છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- 'ઉત્સાહી થાઓ' માટેનું ભાષાંતર "ખૂબ મહેનત કરો" અથવા "તીવ્ર પ્રયત્ન કરો", કરી શકાય.
- "ઉત્સાહ" શબ્દનું "ઊર્જાસભર નિષ્ઠા" અથવા "આતુર નિર્ણય" અથવા "પ્રામાણિક ઉત્સાહ"તરીકે પણ ભાષાંતર કરી શકાય છે
- "તમારા ઘર માટે ઉત્સાહ" શબ્દસમૂહનું ભાષાંતર "મજબૂત રીતે તમારા મંદિરનું સન્માન કરવું" અથવા "તમારા ઘરનું ધ્યાન રાખવાની તીવ્ર ઇચ્છા" તેવું ભાષાંતર થઈ શકે છે.

## બાઈબલના સંદર્ભો:

- 1 કોરિંથી 12:30-31
- 1રાજાઓ 19:9-10
- પ્રેરિતોનાં કૃત્યો 22:3-5
- ગલાતી 4:17-18
- યશાયા 63:15-16
- યોહાન 2:17-19
- ફિલિપી 3:6-7
- રોમન 10:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H7065, H7068, G2205, G2206, G2207, G6041

# ઉદ્ધાર/છૂટકારો, ઉદ્ધારક, ઉદ્ધાર કરવો

### વ્યાખ્યા:

"ઉદ્ધાર" તે કશુંક કે કોઈક, જે અગાઉ બીજાની માલિકીનું હતું અથવા તો બંધક હતું તેને પાછું ખરીદી લેવાનો ઉલ્લેખ કરે છે. "ઉદ્ધારક" એવી વ્યક્તિ છે કે જે કશુક કે કોઈક ને મુક્ત કરે છે.

- ઈશ્વરે ઇઝરાયલીઓને વસ્તુઓ કે લોકોને કેવી રીતે છોડાવવા તે વિષે નિયમો આપ્યા હતા. ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિ, એક મનુષ્ય કે જે ગુલામીમાં હતો તેને કિંમત ચૂકવીને છોડાવી શકે છે કે જેથી તે ગુલામ મુક્ત બને. "મુક્તિદંડ" શબ્દ આ પ્રથાનો ઉલ્લેખ કરે છે.
- જો કોઇની જમીન વેચાઈ ગયી હોય તો, તે વ્યક્તિનો સંબંધી તે જમીનને "છોડાવી" શકે અથવા તો "પાછી ખરીદી" શકે કે જેથી તે જમીન કુટુંબમાં જ રહે.
- આ પ્રથાઓ દર્શાવે છે કે જેઓ પાપની ગુલામીમાં છે તે લોકોને ઈશ્વર કેવી રીતે છોડાવે છે. જ્યારે તેઓ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે, ઈસુએ લોકોના પાપો માટે પૂરી કિંમત ચૂકવી અને જે બધા ઉદ્ધાર પામવા તેમના પર વિશ્વાસ કરે છે તેઓને છોડાવ્યા. જે લોકોને ઈશ્વર દ્વારા છોડાવવામાં આવ્યા છે તેઓને પાપ અને તેની શિક્ષાથી મુક્ત કરવામાં આવ્યા છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "ઉદ્ધાર/છૂટકારો કરવો" શબ્દનો અનુવાદ "પાછું ખરીદી લેવું" અથવા તો "(કોઈને) છોડાવવા ચુકવણી કરવી" અથવા તો "મુક્તિદંડ" પણ કરી શકાય.
- "ઉદ્ધાર/છૂટકારો કરવો" શબ્દસમૂહનો અનુવાદ "મુક્તિદંડ" અથવા તો "મુક્તિ માટેની કિંમત" અથવા તો "પાછા ખરીદી લેવું" કરી શકાય.
- "મુક્તિદંડ ચૂકવવો" અને "ઉદ્ધાર/છૂટકારો કરવો" બંનેનો મૂળભુત અર્થ સમાન છે અને તેથી કેટલીક ભાષાઓમાં તે બંનેનો અનુવાદ કરવા એક જ શબ્દ હોય શકે. તો પણ, "મુક્તિદંડ" શબ્દનો અર્થ કશાકને કે કોઈકને "મુક્ત કરવાની" જરૂરી ચુકવણી કિંમત હોઈ શકે છે. "ઉદ્ધાર" શબ્દ સ્વયં ખરેખર ચૂકવણીનો ઉલ્લેખ કદીપણ દર્શાવી શકતો નથી.

(આ પણ જૂઓ: મુક્ત, મુક્તિદંડ)

## બાઈબલના સંદર્ભો:

- ક્લોસ્સી 1:13-14
- એફેસી 1:7-8
- એફેસી 5:15-17
- ગલાતી 3:13-14
- ગલાતી 4:3-5
- લૂક 2:36-38
- રૂથ 2:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H1350, H1353, H6299, H6302, H6304, H6306, H6561, H7069, G59, G629, G1805, G3084, G3085

# ઉપાસના

## વ્યાખ્યા:

"ઉપાસના" એટલે કોઈને માન આપવું, પ્રશંસાકરવી અને આધીન રહેવું, ખાસ કરીને ઈશ્વરને.

- આ શબ્દનો વારંવાર શાબ્દિક અર્થ નમ્રતાપૂર્વક કોઈને માન આપવા "નમવું" અથવા "પોતાને શરણે કરવું" એવો થાય છે.
- જ્યારે આપણે તેમની સ્તુતિ કરીને અને તેમને આધીન થઈને, તેમની સેવા અને સન્માન કરીએ છીએ ત્યારે તેમની ભક્તિ કરીએ છીએ.
- ઈસ્રાએલીઓ ઈશ્વરની ઉપાસના કરતી વખતે, ઘણીવાર પ્રાણીનું યજ્ઞવેદી પર બલિદાન આપતા હતા.
- કેટલાક લોકો જૂઠા દેવોની પૂજા કરતા હતા.

## અનુવાદ માટેનાં સૂચનો:

- " ઉપાસના " શબ્દનું " ઘૂંટણીયે પડવું " અથવા "માન આપવું અને સેવા કરવી" અથવા " માન આપવું અને આધીન થવું." તરીકે ભાષાંતર કરી શકાય છે
- કેટલાક સંદર્ભોમાં, તેને "નમ્રતાપૂર્વક પ્રશંસા" અથવા "માન અને સ્તુતિ આપો" તરીકે અનુવાદિત કરી શકાય છે.

(આ પણ જુઓ: બલિદાન, વખાણ, સન્માન)

## બાઇબલના સંદર્ભો:

- કલોસી 2:18-19
- પુનર્નિયમ 29:17-19
- નિર્ગમન 3:11-12
- લૂક 4:5-7
- માથ્થી 2:1-3
- માથ્થી 2:7-8

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **13:4** પછી દેવે તેમને એ કરાર આપ્યો અને કહ્યું, "હું યહોવા તમારો દેવ છું, જેણે તમને ઇજિપ્તની ગુલામીમાંથી બચાવી લીધા. અન્ય દેવોની **ઉપાસના** ન કરવી."
- **14:2** કનાનીઓ ઈશ્વરની **ઉપાસના કરતા ન હતા** અથવા ઈશ્વરની આજ્ઞા પાળતા ન હતા. તેઓએ ખોટા દેવતાઓની **ઉપાસના કરી** અને ઘણા દુષ્ટ વસ્તુઓ કરી.
- **17:6** દાઉદ એક મંદિરનું નિર્માણ કરવા માગતા હતા જ્યાં બધા ઈસ્રાએલીઓ **ઈશ્વરનું ભજન કરી શકે** અને ઈશ્વરને બલિદાન આપી શકે.
- **18:12** બધા રાજાઓ અને ઇઝરાયેલ રાજ્યના મોટાભાગના લોકો મૂર્તિઓની **પૂજા** કરતા હતા.
- **25:7** ઈસુએ જવાબ આપ્યો, "શેતાન, મારાથી દૂર જા! ઈશ્વરના વચનમાં તે પોતાના લોકોને આજ્ઞા આપે છે, 'કેવળ પ્રભુ તારા દેવનું ભજન કરો અને માત્ર તેમની સેવા કરો.”
- **26:2** સાબ્બાથે , તે (ઈસુ)**ભજન** સ્થાને ગયા.
- **47:1** ત્યાં તેઓ લુદીય નામની સ્ત્રીને મળ્યા જે વેપારી હતી. તે ઈશ્વરને પ્રેમકરતી અને ઉપાસના કરતી.
- **49:18** ઈશ્વરતમને કહે છે કે તમે પ્રાર્થના કરો, તેમના વચનોનો અભ્યાસ કરો, અન્ય ખ્રિસ્તીઓ સાથે ઉપાસના કરો અને અન્ય લોકોને જણાવો કે તેમણે તમારા માટે શું કર્યું છે.

## શબ્દ માહિતી:

- Strong's: H5457, H5647, H6087, H7812, G1391, G1479, G2151, G2318, G2323, G2356, G3000, G3511, G4352, G4353, G4573, G4574, G4576

# ઉલ્લંઘન, ઉલ્લંઘનો, ઉલ્લંઘન

## વ્યાખ્યા:

"ઉલ્લંઘન" શબ્દનો અર્થ આદેશ, નિયમ અથવા નૈતિક કોડને તોડવા એવો થાય છે. "ઉલ્લંઘન" કરવું એટલે "નિયમભંગ" કરવું.

- બીજા શબ્દોમાં કહીએ તો, "ઉલ્લંઘન" માટે, "રેખા ઓળંગવી", વ્યક્તિ અને અન્યના ભલા માટે એક મર્યાદા અથવા સીમા નક્કી કરવામાં આવી હોય છે તેની ઉપરવટ જવાને વર્ણવી શકાય.
- શબ્દો "ઉલ્લંઘન," "પાપ," "અન્યાય," અને "દોષ બધામાં ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધ કાર્ય કરવાનો અને તેમની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવાનો સમાવેશ થાય છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- " ઉલ્લંઘન " નું ભાષાંતર "પાપ કરવું" અથવા "અનાજ્ઞાધીન થવું" અથવા "બળવો કરવો" કરી શકાય છે.
- જો કોઈ કલમ અથવા ફકરામાં બે શબ્દોનો ઉપયોગ કરે છે જેનો અર્થ "પાપ" અથવા "ઉલ્લંઘન" અથવા "દોષ" થાય છે, જો શક્ય હોય તો, આ શબ્દોનો વિવિધ રીતે અનુવાદ કરવો. જ્યારે બાઇબલ સમાન સંદર્ભમાં સમાન અર્થો સાથે બે અથવા વધુ શબ્દોનો ઉપયોગ કરે છે, ત્યારે સામાન્ય રીતે તેના હેતુ પર ભાર મૂકે છે કે શું કહેવામાં આવ્યું છે અથવા તેનું મહત્વ દર્શાવવું તે છે

(જુઓ: સમાંતરણ)

(આ પણ જુઓ: પાપ, અપરાધ, અન્યાય)

## બાઇબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનીકી 4:3-6
- દાનિએલ 9:24-25
- ગલાતી 3:19-20
- ગલાતી 6:1-2
- ગણના 14:17-19
- ગીતશાસ્ત્ર 32:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H898, H4603, H4604, H6586, H6588, G458, G459, G3845, G3847, G3848, G3928

# ઊંચુ કરવું, ઊંચું કરાયેલ, ઊંચો કરે છે, ઉન્નત

## વ્યાખ્યા:

ઊંચો કરવો એટલે કોઈના અત્યંત વખાણ અને સન્માન કરવા. તેનો અર્થ કોઈને ઊંચા હોદ્દા પર મૂકવું પણ થાય છે.

- બાઈબલમાં, મોટેભાગે "ઊંચું" શબ્દ દેવને ઊંચો કરવા માટે વાપરવામાં આવ્યો છે.
- જયારે વ્યક્તિ પોતાને ઊંચો કરે છે, તેનો અર્થ એ કે તે અભિમાનમાં અથવા ઘમંડી રીતે પોતા વિશે વિચારે છે.

## બાઈબલના સૂચનો:

- "ઊંચો કરવો" શબ્દનું ભાષાંતર, "અત્યંત વખાણ" અથવા "ખૂબજ સન્માન આપવું" અથવા "ગુણ ગાવા" અથવા "તેના અત્યંત વખાણ કરવા," જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- કેટલાક સંદર્ભોમાં શબ્દ અથવા શબ્દસમૂહ દ્વારા ભાષાંતર, કે જેનો અર્થ "અત્યંત ઊંચા હોદ્દા પર મૂકવું" અથવા "ખૂબજ સન્માન આપવું" અથવા "ગર્વથી તે વિશે વાત કરવી" તરીકે કરી શકાય છે.
- "પોતાની જાતને ઊંચી ન કરો" શબ્દનું ભાષાંતર, "પોતા માટે વધુ ઊંચું ના વિચારો" અથવા "પોતા વિશે બડાઈ ન કરો," તરીકે પણ કરી શકાય છે.
- "તેઓ કે જે પોતાને ઊંચા કરે છે" તેનું ભાષાંતર, "તેઓ કે જેઓ પોતાના વિશે ગર્વથી વિચારે છે" અથવા "તેઓ કે જેઓ પોતાના વિશે બડાઈ કરે છે," તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: વખાણ, આરાધના, મહિમા, બડાઈ, ગર્વ)

## બાઈબલની કલમો:

- 1 પિતર 5:5-7
- 2 શમુએલ 22:47-49
- પ્રેરિતો 5:29-32
- ફિલિપ્પી 2:9-11
- ગીતશાસ્ત્ર 18:46-47

## શબ્દ માહિતી:

- Strong's: H1361, H4984, H5375, H5549, H5927, H7311, H7426, H7682, G1869, G5229, G5251, G5311, G5312

# એફોદ

## વ્યાખ્યા:

એફોદ એ કપડા જેવું આવરણ જે ઈઝરાએલી યાજકો દ્વારા પહેરવામાં આવતું હતું. તેને આગળ અને પાછળ એમ બે ભાગ હતા, કે જે ખભા પર એકસાથે જોડાયેલું હતું અને કમરની આજુબાજુ કપડાના પટ્ટાથી બાંધેલું હતું.

- એફોદ એક પ્રકારના સાદા કપડાં વડે બનાવેલું હતું, અને સામાન્ય યાજકો દ્વારા પહેરવામાં આવતું હતું.
- જે એફોદ મુખ્ય યાજક દ્વારા પહેરવામાં આવતું હતું તે ખાસ કરીને સોનેરી, ભૂરો, જાંબુડિયા અને લાલ સુતરથી ગૂંથેલું હતું.
- એફોદની આગળ મુખ્ય યાજકના બખ્તરને (છાતીપત્રને) જોડવામાં આવતું હતું. મુખ્ય યાજકના બખ્તરની પાછળ ઉરીમ અને તુમ્મીમ સંગ્રહિત કરેલા હતા કે જે પત્થરો ચોક્કસ બાબતોમાં ઈશ્વરની ઈચ્છા પૂછવા માટે વાપરવામાં આવતા હતા.
- ન્યાયાધીશ ગિદિયોને મૂર્ખ રીતે સોનામાંથી એફોદ બનાવ્યો અને તેથી એવું બન્યું કે ઈઝરાએલીઓએ તેની એક મૂર્તિ તરીકે પૂજા કરી.

(આ પણ જુઓ: યાજક)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 2:18-19
- નિર્ગમન 28:4-5
- હોશિયા 3:4-5
- ન્યાયાધીશો 8:27-28
- લેવીય 8:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H641, H642, H646

# કબૂલ કરવું, કબૂલ કરેલું, કબૂલ કરે છે, કબૂલાત

## વ્યાખ્યા:

કબૂલ કરવું શબ્દનો અર્થ, કઈંક સાચું છે કે જે સ્વીકારવું અથવા વ્યક્ત કરવું. “કબૂલાત” એટલે કઈંક સાચું છે તેનું નિવેદન અથવા સ્વીકાર કરવો.

- “કબૂલ કરવું” શબ્દ, ઈશ્વરના સત્ય વિશે હિંમતભેર કહેવું, તે દર્શાવે છે.

અમે પાપ કર્યું તે સ્વીકારવા અને તેને દર્શાવવા તેનો ઉપયોગ થાય છે.

- બાઈબલ કહે છે કે જો લોકો તેઓના પાપો દેવને કબૂલ કરશે, તે તેઓને માફ કરશે.
- પ્રેરિત યાકૂબે તેના પત્રમાં લખ્યું છે કે જયારે વિશ્વાસીઓ તેઓના પાપો એકબીજાની આગળ કબૂલ કરશે,આ આત્મિક સાજાપણું લાવે છે.
- પાઉલ પ્રેરિતે ફિલિપ્પીઓને લખ્યું છે કે એક દિવસ દરેક જણ કબૂલ અથવા જાહેર કરશે કે, ઈસુ પ્રભુ છે.
- પાઉલે એ પણ કહ્યું છે કે જો લોકો કબૂલ કરશે કે ઈસુ પ્રભુ છે અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડ્યો છે એવો વિશ્વાસ કરશે, તો તેઓ તારણ પામશે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર, “કબૂલ કરવું”, “સ્વીકારવું” અથવા “સાક્ષી આપવી” અથવા “જાહેર કરવું” અથવા “મંજૂર રાખવું” અથવા “સમર્થન કરવું,” એવા શબ્દનો સમાવેશ કરી શકાય છે.
- “કબૂલાત” શબ્દનું વિવિધ ભાષાંતર આ રીતે કરી શકાય, “ઘોષણા” અથવા “સાક્ષી” અથવા “અમે શું માનીએ તે વિશેનો દાવો” અથવા “પાપને સ્વીકારવું.”

(આ પણ જુઓ: વિશ્વાસ, સાક્ષી)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 1:8-10
- 2 યોહાન 1:7-8
- યાકૂબ 5:16-18
- લેવીય 5:5-6
- માથ્થી 3:4-6
- નહેમ્યા 1:6-7
- ફિલિપ્પી 2:9-11
- ગીતશાસ્ત્ર 38:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H3034, H8426, G1843, G3670, G3671

# કરાર, કરારો, નવો કરાર

## વ્યાખ્યા:

કરાર એ બે પક્ષો વચ્ચે બંધાયેલ ઔપચારિક સંમતિ છે કે જે એક અથવા બંને પક્ષોએ પરિપૂર્ણ કરવું જરૂરી હોય છે.

- આ સંમતિ વ્યક્તિઓ વચ્ચે, લોકોના જૂથો વચ્ચે, અથવા દેવ અને લોકો વચ્ચે હોઈ શકે છે.
- જયારે લોકો એકબીજા સાથે કરાર કરે છે, ત્યારે તેઓ વચન આપે છે કે તેઓ કઈંક કરશે અને તેઓએ તે અવશ્ય કરવું.
- માનવ કરારોના ઉદાહરણોમાં લગ્નના કરારો, ધંધાના કરારો, અને દેશો વચ્ચેની સંધિઓનો સમાવેશ થાય છે.
- સમગ્ર બાઈબલમાં, દેવે તેના લોકો સાથે કેટલાક વિવિધ કરારો કર્યા છે.
- કેટલાક કરારોમાં, દેવે શરતો વગર તેનો કાર્ય પરિપૂર્ણ કરવાનું વચન આપ્યું છે.

ઉદાહરણ તરીકે, જયારે દેવે માનવજાત સાથે તેનો કરાર સ્થાપિત કરી વચન આપ્યું કે, તે પૃથ્વીનો નાશ જળપ્રલયથી કદી કરશે નહીં, આ વચનને પરિપૂર્ણ કરવા લોકો માટે કોઈ શરત નહોતી.

- અન્ય કરારોમાં, જો લોકો તેને આધીન રહેશે અને તેઓના ભાગનો કરાર પાડશે, ફક્ત ત્યારે જ દેવ તેના વચનો પરિપૂર્ણ કરશે.
- "નવો કરાર" શબ્દ, દેવના કરારને (સમંતિ) દર્શાવે છે કે, જે દેવે તેના લોકો સાથે તેના પુત્ર ઈસુના બલિદાન દ્વારા કર્યો છે.
- દેવનો "નવીન કરાર" બાઈબલના ભાગને સમજાવવા માટે આપવામાં આવ્યો છે, જેને "નવો કરાર" કહેવાય આવે છે.
- આ નવો/નવીન કરાર, જે "જૂના" અથવા "ભૂતપૂર્વ" કરારની સામે વિરોધાભાસ ઉભો છે કે, જે દેવે જૂના કરારના સમયમાં ઈઝરાએલીઓ સાથે કર્યો હતો.
- નવો કરાર એ જૂના કરતાં વધારે સારો છે, કારણકે તે ઈસુના બલિદાન પર આધારિત છે, જે સંપૂર્ણપણે સદાને માટે લોકોના પાપોના પ્રાયશ્ચિત કરે છે.

જૂનાકરાર હેઠળ બલિદાનો કરવામાં આવતા હતા તે આ કરવામાં અસમર્થ હતા. જેઓ ઈસુના વિશ્વાસીઓ બને છે, તેઓના હ્રદય પર દેવ નવો કરાર લખે છે. આ તેઓને દેવને આધીન થવા અને પવિત્ર જીવનો જીવવાનું શરૂ કરવા મદદ કરે છે.

- જયારે અંતના સમયમાં દેવ પૃથ્વી ઉપર તેનું રાજ્ય સ્થાપશે, ત્યારે નવો કરાર સંપૂર્ણપણે પરિપૂર્ણ થશે.

જયારે દેવે પ્રથમ દુનિયાને રચી હતી તેમ બધું ફરીથી ખૂબજ સારું થઇ જશે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતરમાં, "કરારનું બંધન" અથવા "ઔપચારિક કબૂલાત" અથવા "પ્રતિજ્ઞા" અથવા "કરાર," શબ્દોનો સમાવેશ કરી શકાય.
- અમુક ભાષાઓમાં કદાચ કરાર માટે જુદા શબ્દો હશે કે જે એક પક્ષ અથવા બંને પક્ષોને કરેલા વચન તેઓએ અવશ્ય પાળવા જરૂરી છે.

જો કરાર એક તરફી હોય તો તેનું ભાષાંતર "વચન" અથવા "પ્રતિજ્ઞા" તરીકે કરી શકાય.

- ખાતરી કરો કે આ શબ્દનું ભાષાંતર લોકો પ્રસ્તાવ મૂકે છે તેવું ના હોય.

બધાંજ કિસ્સાઓમાં દેવ અને લોકો વચ્ચેના કરારોમાં, દેવે કરાર શરૂઆત કરી હતી.

- "નવો કરાર" શબ્દનું ભાષાંતર "નવું ઔપચારિક સંમતિ" અથવા "નવી સંધિ" અથવા "નવીન કરાર" તરીકે કરી શકાય છે.
- "નવા" શબ્દની આ અભિવ્યક્તિઓનો અર્થ, "તાજું" અથવા "નવા પ્રકારનું" અથવા "બીજું કોઈ" એમ થઇ શકે છે.

(આ પણ જુઓ: કરાર, વચન)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 9:11-13
- ઉત્પત્તિ 17:7-8
- ઉત્પત્તિ 31:43-44
- નિર્ગમન 34:10-11
- યહોશુઆ 24:24-26
- 2 શમુએલ 23:5
- 2 રાજા 18:11-12
- માર્ક 14:22-25

- લૂક 1:72-75
- લૂક 22:19-20
- પ્રેરિતો 7:6-8
- 1કરિંથી 11:25-26
- 2 કરિંથી 3:4-6
- ગલાતી 3:17-18
- હિબ્રૂ 12:22-24

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **4:9** પછી દેવે ઈબ્રાહિમ સાથે **કરાર** કર્યો. **કરાર** એ બે પક્ષો વચ્ચેની સંમતિ છે.
- **5:4** "હું ઈશ્માએલને પણ, મહાન દેશ બનાવીશ, પણ મારો **કરાર** ઈસહાક સાથે હશે.
- **6:4** લાંબા સમય બાદ, ઈબ્રાહિમ મરી ગયો અને બધાંજ **કરાર** ના વચનો કે જે દેવે તેની સાથે કર્યા હતા, તે ઈસહાકને આપવામાં આવ્યા.
- **7:10** દેવે જે કરારના વચનો ઈબ્રાહિમ અને ઈસહાકને આપ્યા હતા તે હવે યાકૂબને આપવામાં આવ્યા.
- **13:2** દેવે મૂસા અને ઈઝરાએલના લોકોને કહ્યું, "જો તમે વચનો પ્રમાણે મારા આજ્ઞાઓ પાળી અને મારો **કરારને** પાળશો, તો તમે મારું કિંમતી ધન, યાજકોનું રાજ્ય, અને પવિત્ર દેશ થશો.
- **13:4** પછી દેવે તેઓને **કરાર** આપ્યો અને કહ્યું, હું યહોવા, તમારો દેવ છું કે જેણે તમને મિસરની ગુલામીમાંથી બચાવ્યા છે. "અન્ય દેવોની ઉપાસના કરશો નહીં."
- **15:13** પછી યહોશુઆએ લોકોને દેવે સિનાઈમાં ઈઝરાએલીઓ સાથે જે **કરાર** કર્યો હતો, તેને પાળવાની જવાબદારી યાદ કરાવી.
- **21:5** યર્મિયા પ્રબોધક દ્વારા, દેવે વચન આપ્યું કે તે **નવો કરાર** કરશે, પણ એવો કરાર નહીં કે જે દેવે ઈઝરાએલ સાથે સિનાઈ પર કર્યો. **નવા કરારમાં**, દેવ તેનો નિયમ લોકોના હ્રદયો પર લખશે, લોકો દેવને વ્યક્તિગત રીતે ઓળખશે, તેઓ તેના લોક થશે, અને દેવ તેઓના પાપો માફ કરશે.

મસીહ નવા કરારની શરૂઆત કરશે.

- **21:14** મસીહના મૃત્યુ અને પુનરુત્થાન દ્વારા, પાપીઓને બચાવવા અને **નવા કરાર** ની શરૂઆત કરવા દેવ તેની યોજના પરિપૂર્ણ કરશે.
- **38:5** પછી ઈસુએ પ્યાલો લીધો અને કહ્યું, "આ પીઓ. તે મારા **નવા કરાર** નું રક્ત છે તે પાપોની માફીને સારું વહેવડાવવામાં આવેલું છે. દરેક વખતે જયારે તમે આ પીઓ, ત્યારે મારી યાદગીરીમાં આ કરો.
- **48:11** પણ દેવે હવે **નવો કરાર** કર્યો છે જે દરેક માટે ઉપલબ્ધ છે.

આ **નવા કરાર** ને કારણે, દરેક વ્યક્તિ કોઇપણ લોકદળમાંથી ઈસુમાં વિશ્વાસ કરી દેવના લોકોનો હિસ્સો બની શકે છે.

## શબ્દ માહિતી:

- Strong's: H1285, H2319, H3772, G802, G1242, G4934

# કરારકોશ, યહોવાનો કોશ

## વ્યાખ્યા:

આ શબ્દો વિશેષ લાકડાંની પેટી, સોનાથી મઢેલી, કે જેમાં બે શિલાપાટીઓ જેની ઉપર દસ આજ્ઞાઓ લખેલી છે તેનો સમાવેશ થાય છે. તેમાં માન્નાનું પાત્ર અને હારુનની લાકડીનો સમાવેશ થાય છે.

- આ શબ્દ "કોશ"નું ભાષાંતર "પેટી" અથવા "ખોખું" અથવા "પાત્ર" થઇ શકે છે.
- આ પેટીમાંની વસ્તુઓ ઈઝરાએલીઓને દેવના તેમની સાથેનો કરાર યાદ કરાવે છે.
- કરારકોશ "પરમ પવિત્રસ્થાનમાં" મુકવામાં આવ્યો હતો.
- દેવની હાજરી મુલાકાત મંડપના સૌથી પવિત્રસ્થાનમાં કરારકોશ ઉપર હતી, કે જ્યાં મૂસા દેવ સાથે ઈઝરાએલીઓના માટે વાત કરતો.

તે સમય દરમ્યાન જયારે કરારકોશ મંદિરના પરમપવિત્રસ્થાન હતો, ત્યારે ફક્ત મુખ્યયાજક વર્ષમાં એક જ વાર પ્રાયશ્ચિતના દિવસે તે કરારકોશ પાસે જઈ શકતો હતો. ઘણી અંગ્રેજી આવૃત્તિઓમાં, આ શબ્દ "કરારની આજ્ઞાઓ" નો શાબ્દિક અર્થ "સાક્ષી" થઇ શકે છે. આ સત્ય છે કે દસ આજ્ઞાઓ, દેવના તેના લોકોની સાથે કરવામાં કરાર, જે પુરાવો અથવા સાક્ષી સમાન હતા.

(આ પણ જુઓ: કોશ, કરાર, પ્રાયશ્ચિત, પવિત્રસ્થાન, સાક્ષી)

- 1 શમુએલ 6:14-15
- નિર્ગમન 25:10-11
- હિબ્રુ 9:3-5
- ન્યાયાધીશો 20:27-28
- ગણના 7:89
- પ્રકટીકરણ 11:19

## શબ્દ માહિતી:

- Strong's: H727, H1285, H3068

# કરારનું વિશ્વાસુપણું, કરારની વફાદારી, પ્રેમાળ દયા, અમોઘ પ્રેમ

## વ્યાખ્યા:

આ શબ્દ દેવ કે જેણે તેના લોકો સાથે વચનોને પરિપૂર્ણ કરવાનું સમર્પણ કર્યું છે તેનું વર્ણન કરવા માટે વપરાયો છે.

- દેવે ઈઝરાએલીઓ માટે વચનોના જે ઔપચારિક કરારો કર્યા છે તેને “કરારો” કહેવામાં આવ્યા છે.
- “કરારનું વિશ્વાસુપણું” અથવા “કરારની વફાદારી,” યહોવા તેના લોકોને આપેલા વચનો પાળે છે તેની સત્યતા દર્શાવે છે.
- દેવ તેના લોકો પ્રત્યે તેના વચનોના કરાર પાળવા માટે જે વિશ્વાસુપણું દર્શાવે છે તે તેની કૃપાની અભિવ્યક્તિ છે.
- “વફાદારી” શબ્દ એ એક વિવિધ શબ્દ છે કે જે વચન અપાયેલું છે તે કહેવા અને કરવા માટે તે વ્યક્તિ સમર્પિત અને વિશ્વસનીય છે, જેનો ફાયદો બીજા લોકોને પણ થાય છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દના ભાષાંતરનો આધાર, “કરાર” અને “વિશ્વાસુપણું” શબ્દોનું ભાષાંતર કેવી રીતે થયેલું છે તે પર રહેલો છે.
- આ શબ્દનું વિવિધ રીતે ભાષાંતર કરીએ તો, “વિશ્વાસુ પ્રેમ” અથવા “વફાદાર” અથવા “સમર્પિત પ્રેમ” અથવા “પ્રેમાળ વિશ્વસનીયતા” જેવા શબ્દોનો સમાવેશ કરી શકાય.

આ પણ જુઓ: કરાર, વિશ્વાસુ, કૃપા, ઈઝરાએલા, દેવના લોકો, વચન)

## બાઈબલની કલમો:

- એઝરા 3:10-11
- ગણના 14:17-19

## શબ્દ માહિતી:

- Strong's: H2617

# કરુણા, કરુણામય

## વ્યાખ્યા:

કરુણા શબ્દ ખાસ કરીને તેઓ માટે કે જેઓ પીડાય છે, તે લોકો માટે ચિંતાની લાગણી થાય તેને દર્શાવે છે. “કરુણામય” વ્યક્તિ અન્ય લોકો વિશે કાળજી લે છે અને તેઓને મદદ કરે છે. સામાન્ય રીતે “કરુણા” શબ્દ, લોકોની જરૂરિયાત વિશે સંભાળ લેવી, તેમજ તેઓને મદદ કરવા માટે કાર્ય કરે છે.

- બાઈબલ કહે છે કે દેવ “કરુણામય છે”, કેમકે તે પ્રેમ અને દયાથી ભરપૂર છે.
- કલોસ્સીઓને લખેલા પાઉલના પત્રમાં, તે તેઓને કહે છે “કરુણાના વસ્ત્રોથી પોતાને શણગારો.”

તે તેઓને લોકોની સંભાળ વિશે અને જેઓ જરૂરીયાતમાં છે તેઓને સક્રિય રીતે મદદ કરવા સૂચના આપે છે.

## ભાષાંતર માટેના સૂચનો:

- “કરુણા” નો વાસ્તવિક અર્થ “દયાનો ભાવ” છે

આ એક અભિવ્યક્તિ છે કે જેનો અર્થ “દયા” અથવા “દયાભાવ” થાય છે. બીજી ભાષાઓમાં તેના અર્થ માટે તેઓની પોતાની અભિવ્યક્તિ હોઈ શકે છે.

- “કરુણા” શબ્દના ભાષાંતરમાં, “બીજા માટે ગંભીરતાથી સંભાળ લેનાર” અથવા “મદદરૂપ દયા દર્શાવનાર” એવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.
- “કરુણામય” શબ્દનું ભાષાંતર, “સંભાળ અને મદદરૂપ” અથવા “ખુબ જ પ્રેમાળ અને દયાળુ” એમ પણ કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- દાનિયેલ 1:8-10
- હોશિયા 13:14
- યાકુબ 5:9-11
- યૂના 4:1-3
- માર્ક 1:40-42
- રોમનોને 9:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H2550, H7349, H7355, H7356, G1653, G3356, G3627, G4697, G4834, G4835

# કસોટી, કસોટીઓ, કસોટી પામેલ

## વ્યાખ્યા:

શબ્દ " કસોટી " એક મુશ્કેલ અથવા પીડાદાયક અનુભવનો ઉલ્લેખ કરે છે જે વ્યક્તિની શક્તિ અને નબળાઈઓ દર્શાવે છે.

- ઈશ્વર લોકોની કસોટી કરે છે, પણ તે પાપ કરવાને લલચાવતા નથી. જોકે, શેતાન, લોકોને પાપ કરવા લલચાવે છે.
- ઈશ્વર ક્યારેક લોકોના પાપને છતું કરવા કસોટીઓનો ઉપયોગ કરે છે. કસોટી વ્યક્તિને પાપમાંથી દૂર થવા અને ઈશ્વરની નજીક આવવા માટે મદદ કરે છે.
- સોના અને અન્ય ધાતુઓને અગ્નિથી ચકાસવામાં આવે છે જેથી તે કેટલું શુદ્ધ અને મજબૂત છે. તે જાણી શકાય છે.

આ એક ચિત્ર છે કે ઈશ્વર કેવી રીતે પોતાના લોકોની કસોટી માટે પીડાદાયક સંજોગોનો ઉપયોગ કરે છે.

- " કસોટીમાં મૂકવું" તેનો અર્થ એવો થાય છે, "કંઈક અથવા કોઈ વ્યક્તિને તેના મૂલ્યને સાબિત કરવા માટે પડકારવું.
- ઈશ્વરની પરીક્ષા કરવાના સંદર્ભમાં, તેનો અર્થ એ છે કે તેને આપણા માટે ચમત્કાર કરવા, તેની દયાનો લાભ લેવાનો પ્રયત્ન કરવો.
- ઈસુએ શેતાનને કહ્યું કે ઈશ્વરનું પરીક્ષણ કરવું ખોટું છે.

તે સર્વશક્તિમાન, પવિત્ર ઈશ્વર છે, જે સર્વશ્રેષ્ઠ અને દરેકની ઉપર છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "કસોટી" શબ્દનો "પડકાર" અથવા "મુશ્કેલીઓનો અનુભવ થવો" અથવા "સાબિત કરવું" એમ ભાષાંતર કરી શકાય છે.
- "એક કસોટી" ભાષાંતર કરવાની રીતો, "એક પડકાર" અથવા "એક મુશ્કેલ અનુભવ" હોઈ શકે છે.
- "પરીક્ષણમાં મૂકવા" નું ભાષાંતર "પરીક્ષણ" તરીકે અથવા "એક પડકાર સ્થાપિત કરવો" અથવા "પોતાને સાબિત કરવા માટેનું દબાણ" તરીકે કરી શકાય છે.
- પરમેશ્વરના પરીક્ષણના સંદર્ભમાં, આનું ભાષાંતર કરી શકાય છે, કે " ઈશ્વરને તેના પ્રેમને સાબિત કરવા માટે દબાણ કરવા પ્રયાસ કરી રહ્યા છે."
- કેટલાક સંદર્ભોમાં, જ્યારે ઈશ્વર કર્તા ન હોય, ત્યારે "કસોટી" શબ્દનો અર્થ "લલચાવવું" એવોથાય છે.

(આ પણ જુઓ: લલચાવવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 યોહાન 4:1-3
- 1 થેસ્સાલોનીકી 5: 19-22
- પ્રેરિતોનાં કૃત્યો 15:10-11
- ઉત્પત્તિ 22: 1-3
- યશાયા 7:13-15
- યાકૂબ 1:12-13
- યર્મિયાનો વિલાપ 3:40-43
- માલાખી 3:10-12
- ફિલિપી 1:9-11
- ગીતશાસ્ત્ર 26:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H5713, H5715, H5749, H6030, H8584, G1242, G1263, G1303, G1957, G3140, G3141, G3142, G3143, G4303, G4828, G6020

# કામો, કાર્યો, કાર્ય, કૃત્યો

## વ્યાખ્યા:

"કાર્ય" શબ્દ સામાન્યપણે, કાંતો કશુંક હાંસલ કરવા માટે વિસ્તૃત કરવામાં આવેલ પ્રયત્નોને અથવા તે કાર્યના પરિણામનો ઉલ્લેખ કરે છે. "કાર્યો" શબ્દ સામાન્યપણે સમગ્ર કૃત્યોનો (એટલે કે, બાબતો જે પૂર્ણ થઇ છે અથવા પૂર્ણ કરવાની છે તેનો) ઉલ્લેખ કરે છે.

- બાઇબલમાં "કામ", "કાર્યો" અને "કૃત્યો" શબ્દો સામાન્ય રીતે ઈશ્વર અથવા લોકોના સંદર્ભમાં ઉલ્લેખાયેલ છે.
- જ્યારે ઈશ્વરના સંદર્ભમાં બાઇબલ "કાર્ય" શબ્દનો ઉપયોગ કરે છે ત્યારે મહદઅંશે તે ઈશ્વરના કાર્ય જેવા કે, સૃષ્ટિની રચના કરવી કે તેમના લોકોનો બચાવ કરવો (કાંતો દુશ્મનોથી, પાપથી અથવા બંનેથી), નો ઉલ્લેખ કરે છે.
- ઈશ્વરના કાર્યો એટલે તેમણે જે સઘળું કર્યું છે કે તે જે સઘળું કરે છે, જેમ કે જગતની ઉત્પત્તિ કરવી, પાપીઓને બચાવવા, સમગ્ર સર્જનની જરૂરીયાતો પૂરી પાડવી અને સમગ્ર સુષ્ટિને એકસૂત્રતામાં જાળવી રાખવાનો સમાવેશ કરે છે.
- વ્યક્તિ જે કાર્યો કે પ્રક્રિયાઓ કરે છે તે કાંતો સારા કે ખરાબ હોઈ શકે છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- “કામો" અથવા "કાર્યો" નું ભાષાંતર અન્ય રીતે "ક્રિયાઓ" અથવા "જે બાબતો થઈ છે તે" કરી શકાય છે.
- પરમેશ્વરના "કામો" અથવા "કાર્યો" અને "તેમના હાથનાં કામ" નો ઉલ્લેખ કરતી વખતે, આ શબ્દોનો અર્થ "ચમત્કારો" અથવા "પરાક્રમી કૃત્યો" અથવા "ઈશ્વર જે અદ્દભુત કાર્યો કરે છે" તરીકે પણ કરી શકાય છે.
- “ઈશ્વરના કામ" શબ્દનું ભાષાંતર "જે બાબતો ઈશ્વર કરી રહયા છે" અથવા "ઈશ્વર કરે છે તે ચમત્કારો" અથવા "ઈશ્વર કરે છે એ અદ્દભુત વસ્તુઓ" અથવા "ઈશ્વરે જે કંઈ સિદ્ધ કર્યું છે તે" તરીકે ભાષાંતર કરી શકાય છે.
- કામ” શબ્દ ફક્ત” દરેક સારા કામને" અથવા "દરેક સારા કાર્યો" જેવા "કામો" નું એકવચન હોઇ શકે છે.
- જ્યારે કાર્ય ઈશ્વર માટે કે અન્યોને માટે કરવામાં આવે ત્યારે તેનું ભાષાંતર "સેવા" અથવા "સેવા કાર્ય" કરી શકાય છે.
- “કામ" શબ્દ "સેવા" અથવા "સેવાકાર્ય" ના વ્યાપક અર્થમાં પણ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે, "પ્રભુમાં તમારા કામ" શબ્દનું ભાષાંતર "ઇશ્વર માટે તમે કરો છો તે."
- “તમારા પોતાના કામનું પરીક્ષણ" શબ્દનું ભાષાંતર "ઈશ્વરની ઇચ્છા છે કે તમે જે કરો છો તે કરો" અથવા "ખાતરી કરો કે જે તમે કરો છો તે ઈશ્વરને ખુશ કરે છે."
- “પવિત્ર આત્માનું કાર્ય" શબ્દસમૂહનું ભાષાંતર "પવિત્ર આત્માનું ભરપુરીપણું" અથવા "પવિત્ર આત્માનું સેવાકાર્ય” અથવા "જે બાબતો પવિત્ર આત્મા કરે છે તે" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: ફળ, પવિત્ર આત્મા, ચમત્કાર)

## બાઇબલના સંદર્ભો:

- 1 યોહાન 3:11-12
- પ્રેરિતોનાં કૃત્યો 2:8-11
- દાનિયેલ 4:36-37
- નિર્ગમન 34:10-11
- ગલાતી 2:15-16
- યાકૂબ 2:14-17
- માથ્થી 16:27-28
- મીખાહ 2:6-8
- રોમન 3:27-28
- તિતસ 3:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H4566, H4567, H4611, H4659, H5949, G2041

# કૃપા, કૃપાળુ

## વ્યાખ્યા:

“કૃપા” શબ્દ મદદ અથવા વરદાન છે કે જે કોઈને આપવામાં આવે છે કે જે તેણે કમાવ્યું નથી. “કૃપાળુ” શબ્દ કોઈ કે જે બીજાઓ માટે કૃપા બતાવે છે તેનું વર્ણન કરે છે.

- ઈશ્વરની કૃપા એ પાપી માણસજાત માટે એક ભેટ છે કે જે મફત આપવામાં આવી છે.
- કૃપા શબ્દનો વિચાર/ખ્યાલ દયાળુ હોવું એ પણ દર્શાવે છે, અને કોઈકે જેણે ખોટું અથવા હાનિકારક બાબતો કરી છે તેને માફ કરવું.
- “કૃપા મેળવવી” એ એક અભિવ્યક્તિ છે કે જેનો અર્થ ઈશ્વર તરફથી દયા અને મદદ મેળવવી. ઈશ્વર કોઈ વ્યક્તિથી ખુશ છે અને તેને મદદ કરે છે, મહદઅંશે તે અર્થનો સમાવેશ તે કરે છે.

## ભાષાંતરના સૂચનો:

- “કૃપા” શબ્દના વિવિધ ભાષાંતરમાં, “ઈશ્વરીય કૃપા” અથવા “ઈશ્વરની તરફેણ” અથવા “ઈશ્વરની કૃપા” અને પાપીઓ માટે માફી” અથવા “દયાળુ કૃપા” જેવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.
- “કૃપાળુ” શબ્દનું ભાષાંતર, “કૃપાથી ભરપૂર” અથવા “માયાળુ” અથવા “દયાળુ” અથવા “દયાળુ રીતે માયાળુ” કરી શકાય છે.
- “તે ઈશ્વરની નજરમાં કૃપા પામ્યો” અભિવ્યક્તિનું ભાષાંતર, “તેણે ઈશ્વર પાસેથી દયા મેળવી” અથવા “ઈશ્વરે દયાળુ રીતે તેને મદદ કરી” અથવા “ઈશ્વરે તેમની કૃપા તેને દર્શાવી” અથવા “ઈશ્વર તેનાથી ખુશ હતા અને તેને મદદ કરી” તરીકે કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 4:32-33
- પ્રેરિતો 6:8-9
- પ્રેરિતો 14:3-4
- કલોસ્સી 4:5-6
- કલોસ્સી 4:18
- ઉત્પત્તિ 43:28-29
- યાકૂબ 4:6-7
- યોહાન 1:16-18
- ફિલિપ્પી 4:21-23
- પ્રકટીકરણ 22:20-21

## શબ્દ માહિતી:

- Strong's: H2580, H2587, H2589, H2603, H8467, G2143, G5485, G5543

# કોપ, ક્રોધ

### વ્યાખ્યા:

ક્રોધ એ તીવ્ર ગુસ્સો છે જે ક્યારેક લાંબો સમય ચાલે છે. તે ખાસ કરીને પાપના ઈશ્વરના ન્યાયી ચુકાદા અને તેમની વિરુદ્ધ બળવાખોર લોકોની સજાને દર્શાવે છે.

- બાઇબલમાં, “ક્રોધ"સામાન્ય રીતે જે તેમની વિરુદ્ધ પાપ કરે છે તેમના પ્રત્યે દેવના ગુસ્સાને દર્શાવે છે.
- “દેવનો ક્રોધ"પાપ માટે તેમનો ચુકાદો અને સજાનો પણ ઉલ્લેખ કરી શકે છે.
- જેઓ પાપનો પસ્તાવો ન કરે, તેમના માટે ઈશ્વરનો ક્રોધ ન્યાયી દંડ છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભને આધારે, અન્ય શબ્દોમાં આ શબ્દનો અનુવાદ થઈ શકે છે તેમાં "તીવ્ર ગુસ્સો" અથવા "ન્યાયી ચુકાદો" અથવા "ગુસ્સો" નો સમાવેશ થાય છે.
- ઈશ્વરના ક્રોધ વિશે વાત કરતી વખતે, ખાતરી કરો કે આ શબ્દનો અનુવાદ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા શબ્દ અથવા શબ્દસમૂહ પાપી ક્રોધાવેશને યોગ્ય દર્શાવતા નથી ને.

ઈશ્વરનો કોપ ન્યાયી અને પવિત્ર છે.

(આ પણ જુઓ: ન્યાયાધીશ, પાપ)

## બાઇબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનીકી 1:8-10
- 1 તિમોથી 2:8-10
- લૂક 3:7
- લૂક 21:23-24
- માથ્થી 3:7-9
- પ્રકટીકરણ 14:9-10
- રોમન 1:18-19
- રોમન 5:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H639, H2197, H2528, H2534, H2740, H3707, H3708, H5678, H7107, H7109, H7110, H7265, H7267, G2372, G3709, G3949, G3950

# કોપશમન

## વ્યાખ્યા:

“કોપશમન” શબ્દ ઈશ્વરના ન્યાયને તૃપ્ત કરવા કે સંતોષવા અને તેઓના કોપનું શમન કરવા કરવામાં આવેલા બલિદાનનો ઉલ્લેખ કરે છે.

- ઈસુ ખ્રિસ્તના બલિદાનના રક્તનું અર્પણ માણસજાતના પાપોને માટે ઈશ્વર પ્રતિ કોપશમન છે.
- ઈસુનું વધસ્તંભ પરનું મૃત્યુ ઈશ્વરનો પાપ વિરુદ્ધનો કોપ શમાવે છે..

આ બાબત ઈશ્વર માટે લોકો ઉપર કૃપાળુ દ્રષ્ટિ કરવા અને તેઓને અનંતજીવન આપવા માર્ગ પૂરો પાડે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો અનુવાદ “શમન” અથવા તો “ઈશ્વર લોકોના પાપ માફ કરે અને તેઓને કૃપા બક્ષે તેમ કરવું” તરીકે કરી શકાય.
- “પ્રાયશ્ચિત” શબ્દ અર્થની રીતે “કોપશમન” નો નજીકનો શબ્દ છે.

કેવી રીતે આ બે શબ્દોને વાપરવામાં આવે છે તેની તુલના કરવી તે ખૂબ જ મહત્ત્વનું છે.

(આ પણ જૂઓ: પ્રાયશ્ચિત, સદાકાળનું, માફ કરવું, બલિદાન)

## બાઇબલના સંદર્ભો:

- 1 યોહાન 2:1-3
- 1 યોહાન 4:9-10
- રોમન 3:25-26

## શબ્દ માહિતી:

- Strong's: G2434, G2435

# ખૂણાનો મુખ્ય પથ્થર, ખૂણાના મુખ્ય પથ્થરો

## વ્યાખ્યા:

"ખૂણાનો મુખ્ય પથ્થર" શબ્દ મોટો પથ્થર કે, જે વિશેષ રીતે કાપીને મકાનના પાયાના ખૂણામાં મુકવામાં આવેલો હોય છે, તેને દર્શાવે છે.

- ત્યારબાદ મકાનના બીજા બધા પથ્થરોને માપીને મુખ્ય પથ્થરના સંબંધમાં મૂકવામાં આવે છે.
- તે પુરા માળખાની તાકાત અને સ્થિરતા માટે ખુબજ અગત્યનો ભાગ ભજવે છે.
- નવા કરારમાં, મંડળીઓના વિશ્વાસીઓને રૂપક રીતે ઇમારતની સાથે સરખાવવામાં આવે છે, જેમાં ઈસુ ખ્રિસ્ત જે "ખૂણાનો મુખ્ય પત્થર" છે.

જે રીતે ખૂણાનો મુખ્ય પત્થર આખા મકાનને આધાર આપે છે અને તેની સ્થિતિ નક્કી કરેછે, તેવી રીતે ઈસુ ખ્રિસ્ત ખૂણાનો મુખ્ય પથ્થર છે કે જેના ઉપર મંડળીના વિશ્વાસીઓની સ્થાપના અને આધાર છે.

## ભાષાંતરના સૂચનો:

- "ખૂણાના મુખ્ય પથ્થર" શબ્દનું ભાષાંતર, "મકાનનો મુખ્ય પથ્થર" અથવા "પાયાનો પથ્થર" તરીકે કરી શકાય છે.
- ધ્યાન રાખો કે લક્ષ્ય ભાષાનો કયો શબ્દ છે કે, જે ઇમારત માટે પાયાનો ભાગ અને મુખ્ય આધાર છે.

જો એમ હોય તો આ શબ્દ વાપરી શકાય છે.

- વિવિધ રીતે ભાષાંતર કરવામાં આવે તો, "મકાનના ખૂણાના પાયા માટે વપરાતો પથ્થર, એમ થઇ શકે છે.
- તે મહત્વની હકીકત છે કે, આ મોટો પથ્થર છે જે મકાનની સામગ્રીને મજબૂત અને સુરક્ષિત રાખવા માટે વપરાય છે.

જો મકાનના નિર્માણ માટે પથ્થરો વપરાયા નથી, તો તેના માટે કદાચ બીજો શબ્દ, જેનો અર્થ "મોટો પત્થર" (જેવો કે "શિલાખંડ") વાપરી શકાય છે, પણ તે સારી રીતે રચાયેલો અને બંધ બેસતો હોવો જોઈએ.

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 4:11-12
- એફેસીઓ 2:19-22
- માથ્થી 21:42
- ગીતશાસ્ત્ર 118:22-23

## શબ્દ માહિતી:

- Strong's: H68, H6438, H7218, G204, G1137, G2776, G3037

# ખૂબ વ્હાલું (અતિપ્રિય)

## વ્યાખ્યા:

"ખૂબ વ્હાલું" શબ્દ એક પ્રકારની અભિવ્યક્તિ દર્શાવે છે, કે જયારે કોઈ વ્યક્તિ પર પ્રેમ કરવામાં આવે અને કોઈને કોઈ વ્યક્તિ પ્રિય હોય.

- "ખૂબ વ્હાલા" શબ્દનો શાબ્દિક અર્થ, "પ્રિયજન" અથવા "જેના પર પ્રેમ કર્યો હોય" એમ થાય છે.
- ઈશ્વર ઈસુને તેમના "પ્રિય પુત્ર" તરીકે દર્શાવે છે.
- પ્રેરિતોએ જયારે ખ્રિસ્તી મંડળીઓ પર પત્રો લખ્યા ત્યારે તે વારંવાર સાથી વિશ્વાસીઓને "ખૂબ વ્હાલા" એમ કહી સંબોધે છે.

## ભાષાંતરના સુચનો:

- આ શબ્દનું ભાષાંતર, "પ્રેમ કરાયેલ" અથવા "પ્રિયજન" અથવા "ખુબ પ્રેમ કરાયેલ," અથવા "અતિ પ્રિય" થઇ શકે છે.
- જયારે નિકટના મિત્રના સંદર્ભમાં વાત કરીએ તો, આનું ભાષાંતર "મારા પ્રિય મિત્ર" અથવા "મારા નજીકના મિત્ર" થઈ શકે છે. અંગ્રેજીમાં "મારા પ્રિય મિત્ર, પાઉલ," અથવા "પાઉલ, જે મારો પ્રિય મિત્ર" તે બહુ જ કુદરતી રીતે કહેવામાં આવ્યું છે. બીજી ભાષાઓમાં આ ક્રમ વધારે કુદરતી હોય શકે પણ તે અલગ રીતે આવી શકે છે.
- એ બાબતની નોંધ લો કે "પ્રિય" શબ્દ ઈશ્વરના પ્રેમ પરથી આવે છે, જે બિનશરતી, નિસ્વાર્થી, અને બલિદાનયુક્ત પ્રેમ છે.

(આ પણ જુઓ: પ્રેમ)

## બાઈબલની કલમો:

- 1 કરંથી 4:14-16
- 1 યોહાન 3:1-3
- 1 યોહાન 4:7-8
- માર્ક 1:9-11
- માર્ક 12:6-7
- પ્રકટીકરણ 20:9-10
- રોમનો 16:6-8
- ગીતોનું ગીત 1:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H157, H1730, H2532, H3033, H3039, H4261, G25, G27, G5207

# ખોજો, ખોજાઓ

## વ્યાખ્યા

સામાન્ય રીતે “ખોજો” શબ્દ, માણસ કે જેના અંડ કાપી નાખવામાં આવ્યા છે, તે દર્શાવે છે. સમય જતાં આ શબ્દ સામાન્ય બન્યો, જે કોઇપણ સરકારી અધિકારી, જેઓ ખામી વગરના હોય, તેમને માટે પણ દર્શાવાયો છે.

- ઈસુએ કહ્યું કેટલાક ખોજા (બની) જન્મ્યા છે, કારણકે કદાચ લૈંગિક અવયવોમાં નુકસાન અથવા જાતીય કાર્ય માટે સક્ષમ ના હોય.

અન્ય ખોજાઓ બ્રહ્મચારી જીવનશૈલી જેવું જીવન જીવવાનું પસંદ કરે છે.

- પ્રાચીન સમયમાં, મોટેભાગે ખોજાઓ રાજાના ચાકરો હતા કે જેઓ સ્ત્રીઓના નિવાસ પર ચોકીદાર તરીકે બેસતાં હતા.
- અમુક ખોજાઓ મહત્વપૂર્ણ સરકારી અધિકારીઓ હતા, જેવા કે હબસી ખોજો જે પ્રેરિત ફિલિપને રણમાં મળ્યો.

(આ પણ જુઓ: ફિલિપ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 8:26-28
- પ્રેરિતો 8:36-38
- પ્રેરિતો 8:39-40
- યશાયા 39:7-8
- યર્મિયા 34:17-19
- માથ્થી 19:10-12

## શબ્દ માહિતી:

- Strong's: H5631, G2134, G2135

# ખ્રિસ્ત, મસીહ

## સત્યો:

"મસીહ" અને "ખ્રિસ્ત" શબ્દનો અર્થ, "અભિષિક્ત" અને ઈસુને ઈશ્વરનો દીકરો દર્શાવે છે.

- નવા કરારમાં "મસીહ" અને ખ્રિસ્ત" બન્ને શબ્દ ઈશ્વરના પુત્રને દર્શાવવા માટે વાપરવામાં આવ્યા છે, જેને ઈશ્વરપિતાએ તેના લોકો ઉપર રાજા તરીકે, અને તેઓને પાપ અને મરણમાંથી બચાવવા નીમ્યા છે.
- જૂના કરારમાં, ઈસુના પૃથ્વી પર જન્મ લીધાના ઘણા વર્ષો પહેલાં, પ્રબોધકોએ મસીહ વિશે ભવિષ્યવાણીઓ લખી હતી.
- જૂના કરારમાં મોટેભાગે "અભિષેક થયેલ" શબ્દનો અર્થ મસીહ કે જે આવનાર છે, તે દર્શાવવા માટે વપરાયો છે.
- ઈસુએ ઘણી ભવિષ્યવાણીઓ પૂરી કરી અને ઘણા અદભૂત કાર્યો કર્યા કે જે સાબિત કરે છે કે તે મસીહ છે અને બાકી રહેલી ભવિષ્યવાણીઓ તે પાછા આવશે ત્યારે પૂરી કરશે.
- મોટેભાગે "ખ્રિસ્ત" શબ્દ શીર્ષક તરીકે વપરાય છે, જેમકે "ખ્રિસ્ત" અને "ઈસુ ખ્રિસ્ત." તેના નામનાં એક ભાગ તરીકે પણ "ખ્રિસ્ત"વપરાય છે, જેમકે "ઈસુ ખ્રિસ્ત."

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દના અર્થનો ઉપયોગ કરીને તેનું ભાષાંતર, "અભિષિક્ત થયેલ" અથવા "ઈશ્વરના અભિષિક્ત તારનાર" કરી શકાય છે.
- ઘણી ભાષાઓએ લિપ્યાંતરિત કરીને આ શબ્દને વાપર્યો છે કે, જેનો ઉચ્ચાર અને દેખાવ "ખ્રિસ્ત" અથવા "મસીહ" જેવો લાગે છે.
- જયારે આ શબ્દને લિપ્યાંતરિત કરીને વાપવામાં આવે છે, ત્યારે એ શબ્દની પાછળ તેની ટૂંકી વ્યાખ્યા આપવામાં આવવી જોઈએ, જેમકે "ખ્રિસ્ત, અભિષિક્ત થયેલા છે."
- બાઈબલમાં જયારે આ શબ્દનું ભાષાંતર કરવામાં આવે ત્યારે દરેક જગ્યા પર તેનું ભાષાંતર સુસંગત હોવું જોઈએ જેથી તેનો અર્થ સ્પષ્ટ થાય કે તે એક જ સમાન વ્યક્તિની વાત કરે છે.
- જયારે "મસીહ" અને "ખ્રિસ્ત" બંને શબ્દો એક કલમમાં સાથે આવે ત્યારે ધ્યાનમાં રાખો કે તે બન્ને શબ્દો વાક્યમાં સારી રીતે ગોઠવાય છે (જેમકે યોહાન 1:41).

(આ પણ જુઓ: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈશ્વરનો દીકરો, દાઉદ, ઈસુ, અભિષિક્ત)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 5:1-3
- પ્રેરિતો 2:34-36
- પ્રેરિતો 5:40-42
- યોહાન 1:40-42
- યોહાન 3:27-28
- યોહાન 4:25-26
- લૂક 2:10-12
- માથ્થી 1:15-17

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

**17:7**મસીહ તે ઈશ્વરનો એક પસંદ કરેલો હતો કે જે જગતના લોકોને તેમના પાપથી બચાવશે.

- **17:8** એ પ્રમાણે થયું કે, **મસીહ** આવ્યા પહેલા ઈઝરાએલીઓને લગભગ 1000 વર્ષોના સમયગાળા સુધી રાહ જોવી પડી.
- **21:1**શરૂઆતથી જ, ઈશ્વરે **મસીહ** ને મોકલવાનું આયોજન કર્યું હતું.
- **21:4ઈશ્વરે** દાઉદ રાજાને વચન આપ્યું કે **મસીહ** દાઉદના પોતાના વંશજોમાંનો એક હશે.
- **21:5** મસીહ નવા કરારની શરુઆત કરશે.
- **21:6ઈશ્વર**ના પ્રબોધકોએ પણ કહ્યું કે **મસીહ** પ્રબોધક, યાજક, અને રાજા હશે.
- **21:9**યશાયા પ્રબોધકે ભવિષ્યવાણી કરી કે **મસીહ** કુંવારીથી જન્મ લેશે.
- **43:7** "પણ ભવિષ્યવાણી પૂરી થાય માટે ઈશ્વરે તેને ફરીથી ઉઠાડ્યો, જે કહે છે, તું તારા **પવિત્રને** કબરમાં કોહવાણ લાગવા નહીં દે."
- **43:9** "પણ ચોક્કસ જાણો કે, ઈશ્વરે ઈસુને પ્રભુ અને **મસીહ** બંને બનાવ્યા છે.

- **43:11** પિતરે તેઓને જવાબ આપ્યો, "તમે દરેક જણાએ પસ્તાવો કરે અને ઈસુ **ખ્રિસ્ત**ના નામમાં બાપ્તિસ્મા લે, જેથી ઈશ્વર તમારા પાપોને માફ કરે."
- **46:6** ઈસુ **મસીહ** હતા તે સાબિત કરવા, શાઉલે યહૂદીઓની સાથે ચર્ચા કરી.

## શબ્દ માહિતી:

- Strong's: H4899, G3323, G5547

# ખ્રિસ્તમાં, ઈસુમાં, પ્રભુમાં, તેનામાં

## વ્યાખ્યા:

"ખ્રિસ્તમાં" શબ્દસમૂહ અને તેને સંબંધિત શબ્દો એવી સ્થિતિ અથવા અવસ્થાને દર્શાવે છે કે જેઓ વિશ્વાસ દ્વારા ઈસુ ખ્રિસ્ત સાથેના સંબંધમાં આવેલા છે.

- તેમાં અન્ય સંબંધિત શબ્દસમૂહો, જેવા કે, "ખ્રિસ્ત ઈસુમાં, ઈસુ ખ્રિસ્તમાં, ઈસુ પ્રભુમાં, પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં, જેવા (શબ્દસમૂહો) નો સમાવેશ થાય છે.
- "ખ્રિસ્તમાં હોવું" તે શબ્દસમૂહના શક્ય અર્થોમાં જેવા કે, "કેમકે તમે ખ્રિસ્તના છો" અથવા "ખ્રિસ્તમાં જે સંબંધ રહેલો છે" અથવા "ખ્રિસ્તમાં તમારા વિશ્વાસને આધારે" જેવા (શબ્દસમૂહ)નો સમાવેશ કરી શકાય છે.
- આ બધા શબ્દસમૂહોનો એક અર્થ થાય છે, કે ઈસુને માનવું અને તેના શિષ્યો રહેવાની અવસ્થામાં હોવું.
- નોંધ:

ક્યારેક "માં" શબ્દ ક્રિયાપદનો અથવા ક્રિયાપદ સાથે સંકળાયેલો હોય છે. ઉદાહરણ તરીકે, "ખ્રિસ્તમાં સહભાગિતા" (શબ્દસમૂહ)નો અર્થ, આ "સહભાગિતામાં" જેમાં ખ્રિસ્તને જાણવાથી લાભો પ્રાપ્ત થાય છે. ખ્રિસ્તના "મહિમામાં" તેનો અર્થ, આનંદિત હોવું અને ઈસુ કોણ છે અને તેણે શું કર્યું છે તે માટે દેવની પ્રશંસા કરવી. ખ્રિસ્ત "માં વિશ્વાસ" કરવાનો અર્થ, તારનાર તરીકે તેનામાં વિશ્વાસ કરવો અને તેને જાણવો.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, "ખ્રિસ્તમાં" અને "પ્રભુમાં" (અને સંબંધિત શબ્દસમુહો)નો સમાવેશ કરી તેના વિવિધ ભાષાંતર કરી શકાય છે:
- "ખ્રિસ્તનું કોણ છે"
- "કારણકે તમે ખ્રિસ્તમાં માનો છો"
- "કારણકે ખ્રિસ્તે આપણને બચાવ્યા છે"
- "પ્રભુની સેવામાં"
- "પ્રભુ પર આધાર રાખવો"
- "કારણકે પ્રભુએ જે કર્યું છે"
- જે લોકો ખ્રિસ્ત "માં માને છે" અથવા જેઓને "તેનામાં પર વિશ્વાસ કરે છે," તેઓ ઈસુએ શીખવ્યું છે તેને માને છે અને તેણે તેઓને બચાવ્યા છે તેવો વિશ્વાસ તે કરે છે, કેમકે તેણે (ઇસુએ) વધસ્તંભ ઉપરના બલિદાન દ્વારા તેઓના પાપોનો દંડ ચૂકવ્યો છે. કેટલીક ભાષાઓમાં કદાચ એક શબ્દ છે કે જેનું ભાષાંતર ક્રિયાપદોમાં, (આ શબ્દો દ્વારા) જેવાકે "(તે)માં વિશ્વાસ" અથવા "(તે)માં સહભાગિતા" અથવા "(તે)માં ભરોસો" થઇ શકે છે.

(આ પણ જુઓ: ખ્રિસ્ત, પ્રભુ, ઈસુ, માનવું, વિશ્વાસ)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 2:4-6
- 2 કરિંથી 2:16-17
- 2 તિમોથી 1:1-2
- ગલાતી 1:21-24
- ગલાતી 2:17-19
- ફિલેમોન 1:4-7
- પ્રકટીકરણ 1:9-11
- રોમન 9:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G1519, G2962, G5547

# ખ્રિસ્તવિરોધી, ખ્રિસ્તવિરોધીઓ

## વ્યાખ્યા:

“ખ્રિસ્તવિરોધી” શબ્દ દર્શાવે છે કે એવો વ્યક્તિ જે ઈસુ ખ્રિસ્તના શિક્ષણ અને તેના કાર્ય વિરોધી હોય. વિશ્વમાં ઘણા ખ્રિસ્તવિરોધીઓ છે.

- પ્રેરિત યોહાને લખ્યું તે વ્યક્તિ ખ્રિસ્તવિરોધી છે, જે લોકોને ઈસુ મસીહ નથી એમ કહીને લોકોને છેતરે છે, અથવા તે ઈસુ દેવ અને માનવ બન્ને હોવાનું નકારે છે.
- બાઈબલ તે પણ શીખવે છે કે વિશ્વમાં ખ્રિસ્તવિરોધી એક સામાન્ય આત્મા છે કે જે ઈસુના કામનો વિરોધ કરે છે.
- નવાકરારમાં પ્રકટીકરણનું પુસ્તક જણાવે છે કે “ખ્રિસ્તવિરોધી” એક માણસ હશે જે અંતના સમયમાં પ્રગટ થશે .
- આ માણસ ઈશ્વરના લોકોનો નાશ કરવા કોશિશ કરશે, પણ તે ઈસુ દ્વારા હારી જશે.

## ભાષાંતરના સુચનો:

- આ શબ્દનું બીજી રીતે ભાષાંતર કરીએ તો, તે શબ્દ અથવા શબ્દસમૂહનો અર્થ “ખ્રિસ્તનો વિરોધ કરનાર” અથવા “ખ્રિસ્તનો શત્રુ” અથવા “ખ્રિસ્તની વિરુદ્ધનો વ્યક્તિ” એમ થઈ શકે છે.
- શબ્દસમૂહ “ખ્રિસ્તવિરોધીનો આત્મા” નું ભાષાંતર “એવો આત્મા જે ખ્રિસ્તની વિરુદ્ધ છે” અથવા “જે ખ્રિસ્ત વિશે જૂઠું શીખવે” અથવા “ખ્રિસ્ત વિશે જુઠું સ્વીકારવાનું વલણ” અથવા “આત્મા કે જે ખ્રિસ્ત વિશે જુઠું શીખવે છે.”
- આ શબ્દનું રાષ્ટ્રીય ભાષામાં અથવા સ્થાનિક ભાષા કેવી રીતે ભાષાંતર કરવામાં આવ્યું છે તેનું ધ્યાન આપો.

(જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ખ્રિસ્ત, પ્રગટ કરવું, ભારે દુઃખ)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 2:18-19
- 1 યોહાન 4:1-3
- 2 યોહાન 1:7-8

## શબ્દ માહિતી:

- Strong's: G500

# ખ્રિસ્તી

## વ્યાખ્યા:

ઈસુ સ્વર્ગમાં પાછા ગયા તેના થોડા સમય પછી, લોકોએ "ખ્રિસ્તી" નામ પાડ્યું કે, જેનો અર્થ કે જેઓ "ખ્રિસ્તના અનુયાયી" છે.

- અંત્યોખ શહેરમાં ઈસુના અનુયાયીઓ પ્રથમ "ખ્રિસ્તી" કહેવાયા.
- ખ્રિસ્તી એ એવી વ્યક્તિ છે કે જે ઈસુ દેવનો પુત્ર છે એમ માને છે, અને તે ઈસુ પર વિશ્વાસ કરે છે કે તે તેમને તેના પાપોથી બચાવે છે.
- આપણા આધુનિક સમયમાં મોટેભાગે "ખ્રિસ્તી" શબ્દનો ઉપયોગ કોઈક કે જે ખ્રિસ્તી ધર્મથી ઓળખાય છે, પણ તે ઈસુને ખરેખર અનુસરતો નથી.

બાઈબલમાં તેનો અર્થ "ખ્રિસ્તી" નથી.

- કારણકે બાઈબલમાં "ખ્રિસ્તી" શબ્દ હંમેશા તેને દર્શાવે છે કે જે ખરેખર ઈસુમાં માને છે, અને તે ખ્રિસ્તી વ્યક્તિ "વિશ્વાસી" તરીકે પણ ઓળખાય છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું ભાષાંતર "ખ્રિસ્ત-અનુયાયી" અથવા "ખ્રિસ્તના અનુયાયી" અથવા કદાચ તે કાંઇક "ખ્રિસ્ત-જેવી વ્યક્તિ" એમ થઇ શકે છે.
- ધ્યાન રાખો કે શિષ્ય અથવા પ્રેરિત માટે જે શબ્દ વપરાયો છે, તેના કરતાં આ શબ્દનું ભાષાંતર અલગ રીતે થવું જોઈએ.
- આ શબ્દનું ભાષાંતર કરતાં સાવચેતી રાખો કે આ શબ્દ ફક્ત ચોક્કસ જૂથો ને નહીં, પણ જેઓ દરેક ઈસુમાં માને છે તેઓ માટે દર્શાવી શકાય.
- તે પણ ધ્યાનમાં રાખો કે આ શબ્દનું ભાષાંતર, બાઈબલ ભાષાંતરની સ્થાનિક અથવા રાષ્ટ્રીય ભાષામાં કેવી રીતે થયું છે.

(જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અંત્યોખ, ખ્રિસ્ત, મંડળી, શિષ્ય, માનવું, ઈસુ, દેવનો પુત્ર)

## બાઈબલની કલમો:

- 1 કરંથી 6:7-8
- 1 પિતર 4:15-16
- પ્રેરિતો 11:25-26
- પ્રેરિતો 26:27-29

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **46:9** અંત્યોખમાં ઈસુને માનનારા પ્રથમવાર ખ્રિસ્તી કહેવાયા.
- **47:14** પાઉલ અને અન્ય **ખ્રિસ્તી** આગેવાનોએ ઘણા શહેરોમાં મુસાફરી કરી અને તેઓએ લોકોને ઈસુ વિશેની સુવાર્તા અને શિક્ષણ આપ્યું.
- **49:15** ઈસુએ તમારા માટે જે કર્યું છે તેમાં તમે માનો છો તો તમે **ખ્રિસ્તી** છો!
- **49:16** જો તમે **ખ્રિસ્તી** છો તો ઈસુએ જે કર્યું છે, તે દ્વારા દેવે તમારા પાપો માફ કર્યા છે.
- **49:17** તમે **ખ્રિસ્તી** છો છતાં પણ તમારું પાપથી પરીક્ષણ થઈ શકે છે.
- **50:3** સ્વર્ગમાં પાછા જતાં પહેલા, ઈસુએ **ખ્રિસ્તીઓને** કહ્યું કે જે લોકોએ સુવાર્તા કદી સાંભળી નથી તેઓની આગળ જઈ તેનો પ્રચાર કરો.
- **50:11** જયારે ઈસુ પાછો આવે છે, ત્યારે દરેક **ખ્રિસ્તી** કે જે મરી ગયો છે તે મરણમાંથી ઉઠશે અને તેને આકાશમાં મળશે.

## શબ્દ માહિતી:

- Strong's: G5546

# ગૌરવ, તેજસ્વી/સ્તુત્ય, મહિમા કરવો

## વ્યાખ્યા:

“ગૌરવ’ શબ્દનો અર્થ સામાન્ય રીતે ખ્યાલોના એક પરિવાર છે જે સમાવેશ કરે છે, મૂલ્યવાન, માન યોગ્ય, મહત્વતા, સન્માન, શોભા, અને અત્યંત મહાનતા છે, તેવા શબ્દો કે શબ્દસમૂહનો. "મહિમા કરવો" શબ્દસમૂહ કોઈકને અથવા કંઈપણને મહિમા દર્શાવે છે, અથવા કોઈક અથવા કશુંક કેટલું મહિમાવાન છે તે જણાવવું.

- બાઈબલમાં "મહિમા" શબ્દ ઈશ્વરનું વર્ણન કરવા વપરાય છે, જેઓ સમગ્ર સૃષ્ટિમાં જે કોઈ અથવા જે કાંઈ છે તેના કરતાં ખૂબ જ મૂલ્યવાન, ખૂબ જ માન યોગ્ય, ખૂબ જ મહત્વના, ખૂબ જ સન્માનપાત્ર, ખૂબ જ વૈભવી અને ખૂબ જ જાજરમાન છે.
- ઈશ્વરે જે અદભુત બાબતો કરી છે તેના વિષે કહીને લોકો ઈશ્વરનો મહિમા કરી શકે છે. ઈશ્વરના સ્વભાવની સમાનતામાં જીવન જીવીને પણ લોકો ઈશ્વરનો મહિમા કરી શકે છે, કારણ કે તેમ કરવાથી લોકો બીજાઓને ઈશ્વરનું મહત્વ, માનયોગ્યતા, માહત્મ્ય, સન્માન, વૈભવ અને  ગૌરવ દર્શાવે છે.
- "માં મહિમાવંત" અભિવ્યક્તિનો અર્થ છે કશાક વિષે અભિમાન કરવું અથવા કશાકમાં અભિમાન લેવું.

#### જૂનો કરાર

જૂના કરારમાં વિશિષ્ટ શબ્દસમૂહ "યહોવાનો મહિમા" સામાન્યપણે કોઈ એક ચોક્કસ સ્થાનમાં યહોવાની હાજરીની કોઈક કલ્પનાશીલ અભિવ્યક્તિનો ઉલ્લેખ કરે છે.

#### નવો કરાર

- ઈસુ કેટલા મહિમાવંત છે તે સઘળા લોકો સમક્ષ સંપૂર્ણત: પ્રગટ કરવા દ્વારા ઈશ્વરપિતા, ઈશ્વરપુત્રને મહિમાવાન કરશે.
- દરેક જે ખ્રિસ્તમાં વિશ્વાસ કરે છે, તેને તેમની (ખ્રિસ્ત) સાથે મહિમાવંત થશે. "મહિમાવંત" શબ્દનો ઉપયોગ એક વિશિષ્ટ અર્થ ધરાવે છે. તેનો અર્થ છે કે જ્યારે ખ્રિસ્તમાં વિશ્વાસ કરતા લોકોને જીવનમાં ફરીથી ઉઠાડાશે ત્યારે ઈસુ તેમના પુનરુત્થાન પછી પ્રગટ થયા હતા તે સમાન તેઓ શારીરિક રીતે બદલાઈ જશે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, “ગૌરવ” શબ્દ સમાવેશ કરે છે; “ભવ્યતા” અથવા “તેજ” અથવા “વૈભવ” અથવા “શ્રેષ્ઠ મહાનતા” અથવા “અત્યંત મૂલ્યવાન.”
- “તેજસ્વી/સ્તુત્ય” શબ્દનું ભાષાંતર, “સંપૂર્ણ મહિમા” અથવા “અત્યંત મૂલ્યવાન” અથવા “તેજસ્વી રીતે ચમકતું” અથવા “શ્રેષ્ઠ રીતે જાજરમાન” હોઈ શકે છે.
- “ઈશ્વરને મહિમા આપો” અભિવ્યક્તિનું ભાષાંતર, “ઈશ્વરની મહાનતાનું સન્માન કરો” અથવા “તેમના વૈભવને કારણે તેમના વખાણ કરો” અથવા “અન્યોને કહો કે ઈશ્વર કેટલા મહાન છે,” તેમ પણ કરી શકાય છે.
- “(તે)માં મહિમા કરવો” અભિવ્યક્તિનું ભાષાંતર, “વખાણ” અથવા “તેમાં ગર્વ લેવું” અથવા “વિશે બડાઈ કરવી” અથવા “તેમાં આનંદ લેવો” તેમ પણ કરી શકાય છે.
- “મહિમાવાન કરવું” નું ભાષાંતર, “મહિમા આપવો” અથવા “મહિમા લાવવો” અથવા “મહાન દેખાડવો,” તેમ પણ કરી શકાય છે.
- “ઈશ્વરને મહિમાવાન કરવા” શબ્દસમૂહનું ભાષાંતર, “ઈશ્વરની પ્રશંસા કરવી” અથવા “ઈશ્વરની મહાનતા વિશે વાત કરવી” અથવા “દેખાડવું કે ઈશ્વર કેટલા મહાન છે” અથવા “(તેમની આજ્ઞા પાળવા દ્વારા) ઈશ્વરને માન આપવું” તેમ પણ કરી શકાય છે.
- “મહિમાવાન હોવું” શબ્દનું ભાષાંતર, “ખૂબ જ મહાન હોવાનું બતાવવું” અથવા “પ્રશંસા કરવી” અથવા “ઊંચું મનાવવું” તેમ પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: માન આપવું, મહિમા, ખૂબ માન આપવું, આજ્ઞા પાળવી, પ્રશંસા)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 24:16-18
- ગણના 14:9-10
- યશાયા 35:1-2
- લૂક 18:42-43
- લૂક 2:8-9
- યોહાન 12:27-29
- પ્રેરિતો 3:13-14
- પ્રેરિતો 7:1-3
- રોમન 8:16-17

- 1 કરિંથી 6:19-20
- ફિલિપ્પી 2:14-16
- ફિલિપ્પી 4:18-20
- કલોસ્સી 3:1-4
- 1 થેસ્સલોનિકી 2:5-6
- યાકૂબ 2:1-4
- 1 પિતર 4:15-16
- પ્રકટીકરણ 15:3-4

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **23:7** એકાએક, આકાશો ઈશ્વરની પ્રશંસા કરતાં દૂતોથી ભરાઈ ગયા, એમ કહેતાં કે, "સ્વર્ગમાં ઈશ્વરને **મહિમા** થાઓ અને પૃથ્વી પર જે લોકો પર તેની કૃપા છે તેઓને શાંતિ થાઓ.
- **25:6** પછી શેતાને ઈસુને જગતના બધા રાજ્યો અને તેઓનો **મહિમા** દેખાડયો અને કહ્યું, જો તું નમીને મારી પૂજા કરીશ તો આ સઘળું હું તને આપીશ.
- **37:1** જયારે ઈસુએ આ સમાચાર સાંભળ્યા, ત્યારે તેમણે કહ્યું કે, આ બીમારીનો અંત મૃત્યુ નહિ થાય, પણ તે ઈશ્વરના **મહિમા** માટે છે.
- **37:8** ઈસુએ ઉત્તર આપ્યો, કે શું મેં તમને નહોતું કહ્યું કે જો તમે મારામાં વિશ્વાસ કરશો તો તમે ઈશ્વરનો **મહિમા** જોશો”?

## શબ્દ માહિતી:

- Strong's: H117, H142, H155, H215, H1342, H1921, H1922, H1925, H1926, H1935, H1984, H2892, H3367, H3513, H3519, H3520, H6286, H6643, H7623, H8597, G1391, G1392, G1740, G1741, G2620, G2744, G2745, G2746, G2755, G2811, G4888

# ઘેટું, ઈશ્વરનું હલવાન

### વ્યાખ્યા:

"ઘેટું" શબ્દ યુવાન ઘેટાંનો ઉલ્લેખ કરે છે. ઘેટાં ચાર પગવાળા, જાડા ઊનવાળા વાળ સાથેના પ્રાણીઓ છે, જેનો ઈશ્વરને બલિદાન કરવામાં ઉપયોગ કરવામાં આવતો. ઈસુને "ઈશ્વરના હલવાન" કહેવામાં આવ્યા કારણ કે લોકોના પાપોની કિંમત ચૂકવવા તેઓ બલિદાન થયા હતા.

- આ પ્રાણીઓ સરળતાથી અવડે માર્ગે દોરવાઈ જાય અને તેમને રક્ષણની જરૂર હોય છે.

ઈશ્વર માણસજાતને ઘેટાં સાથે સરખાવે છે.

- ઈશ્વરે તેમના લોકોને સૂચિત કર્યું હતું કે તેમને બલિદાન આપવા માટે શારીરિક રીતે સંપૂર્ણ ઘેટાંઓ અને હલવાનો અર્પવા.
- ઈસુને "ઈશ્વરના હલવાન" કહેવામાં આવ્યા જેઓ લોકોના પાપોની કિંમત ચૂકવવા બલિદાન થયા હતા.

તેઓ સંપૂર્ણ, દોષરહિત બલિદાન હતા કારણ કે તેઓ સંપૂર્ણપણે પાપ વિનાના હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- જો ભાષાકીય વિસ્તારમાં ઘેટાં જાણીતા છે તો, "ઘેટું" અથવા "ઈશ્વરનું હલવાન" શબ્દોનો અનુવાદ કરવા માટે તેના યુવાન ઘેટાં માટેનું નામ વપરાવું જોઈએ.
- "ઈશ્વરનું હલવાન" નું અનુવાદ "ઈશ્વરનું (બલિદાનયુક્ત) હલવાન" અથવા "હલવાન કે જે ઈશ્વરને બલિદાન કરવામાં આવ્યું" અથવા "ઈશ્વર તરફથી (બલિદાનયુક્ત) હલવાન" એમ કરી શકાય.
- જી ઘેટાં વિષે જાણકારી ન હોય તો, આ શબ્દનો અનુવાદ આમ કરી શકાય "યુવાન ઘેટું" એ નોંધ સાથે જે ઘેટાં કેવા છે તેનું વર્ણન કરતું હોય.

નોંધ ઘેટાં અને હલવાનને તે વિસ્તારના પ્રાણીઓ સાથે સરખાવી શકે જેઓ ટોળામાં રહેતા હોય, જે ડરપોક અને રક્ષણ કરવા અસમર્થ હોય, અને વારંવાર ભટકી જતાં હોય.

- એ પણ ધ્યાન રાખો કે આ શબ્દનું નજીકના સ્થાનિક કે રાષ્ટ્રીય ભાષાના બાઇબલ અનુવાદમાં કેવી રીતે અનુવાદ થયો છે.

(જુઓ: અજ્ઞાતનું અનુવાદ કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઘેટાં, ઘેટાંપાળક)

## બાઈબલના સંદર્ભો:

- 2 શમુએલ 12:1-3
- એઝરા 8:35-36
- યશાયા 66:3
- યર્મિયા 11:18-20
- યોહાન 1:29-31
- યોહાન 1:35-36
- લેવીય 14:21-23
- લેવીય 17:1-4
- લૂક 10:3-4
- પ્રકટીકરણ 15:3-4

## બાઈબલની વાર્તાઓ પરથી ઉદાહરણો:

- **5:7** જ્યારે ઈબ્રાહિમ અને ઈસહાક દહનાર્પણની જગા તરફ જય રહ્યા હતા ત્યારે ઈસહાકે પૂછ્યું, “પિતા, આપની પાસે દહનાર્પણ માટે લાકડાં છે પરંતુ ક્યાં છે **હલવાન**?”
- **11:2** જે કોઈપણ ઈશ્વર પર વિશ્વાસ કરે તેના પ્રથમજનિતને બચાવવાનો રસ્તો ઈશ્વરે કરી આપ્યો.

દરેક કુટુંબે સંપૂર્ણ પસંદ કરવું **હલવાન** અથવા બકરું અને તેની હત્યા કરવી.

- **24:6** પછીના દિવસે, ઈસુ યોહાન દ્વારા બાપ્તિસ્મા પામવા આવ્યા.

જ્યારે યોહાને તેમને જોયા ત્યારે, તેણે કહ્યું, “જુઓ! અહીંયા **ઈશ્વરનું હલવાન છે** જે જગતના પાપ લઈ લેશે."

- **45:8** તેમણે વાંચ્યું, “તેઓ તેમને દોરી ગયા **હલવાનની જેમ** મારી નાંખવા માટે, અને ત્યારે **હલવાન** શાંત છે, તેમણે એકપણ શબ્દ કહ્યો નહીં.
- **48:8** જ્યારે ઈશ્વરે ઈબ્રાહિમને તેના દીકરા, ઈસહાકને, દહનાર્પણ તરીકે, આપવાનું કહ્યું ત્યારે, ઈશ્વરે પૂરું પાડ્યું **હલવાન** તેના દીકરા, ઈસહાકના બદલામાં દહનાર્પણને માટે.

આપણે સર્વ આપણાં પાપોને માટે મરણને લાયક હતા! પરંતુ ઈશ્વરે ઈસુ પૂરા પાડ્યા **હલવાન** ઈશ્વરના, આપણાં સ્થાને બલિદાન તરીકે મરવાને માટે.

- **48:9** જ્યારે ઈશ્વરે મિસર પર છેલ્લી મરકી મોકલી ત્યારે, તેમણે દરેક ઈઝરાયેલી કુટુંબોને મારવા માટે કહ્યું સંપૂર્ણ **હલવાન** અને તેનું રક્ત તેમના દરવાજાની બારસાખો તથા ઓતરંગ પર છાંટવું.

## શબ્દ માહિતી:

- Strong's: H7716, G721, G2316

# ચમત્કાર, ચમત્કારો, આશ્ચર્યકર્મ, આશ્ચર્યકર્મો, ચિહ્ન, ચિહ્નો

## વ્યાખ્યા:

"ચમત્કાર" એક એવી અદભૂત બાબત છે કે જો ઈશ્વર ન કરે તો તે શક્ય નથી.

- ઈસુએ કરેલા ચમત્કારોના ઉદાહરણોમાં તોફાનને શાંત કરવું તથા અંધજનને દેખતો કરવાનો સમાવેશ થાય છે.
- કેટલીક વાર ચમત્કારોને "આશ્ચર્યકર્મો" કહેવામાં આવે છે કારણકે તેઓ લોકોને આશ્ચર્યચકિત તથા વિસ્મિત કરી દે છે.
- "આશ્ચર્યકર્મ" શબ્દ વધારે સામાન્ય અર્થમાં ઈશ્વરના આશ્ચર્યજનક સામર્થ્યના પ્રદર્શનનો પણ ઉલ્લેખ કરી શકે છે, જેમ કે જ્યારે તેમણે આકાશો અને પૃથ્વી રચ્યાં.
- ચમત્કારોને "ચિહ્નો" પણ કહી શકાય કારણકે ઈશ્વર સર્વશક્તિમાન છે એટલે કે તેઓની પાસે સમગ્ર વિશ્વ પર સંપૂર્ણ અધિકાર છે તેવા સંકેતો અથવા તો પૂરાવાઓ તરીકે તેઓનો ઉપયોગ થાય છે.
- કેટલાક ચમત્કારો ઈશ્વરે કરેલા છૂટકારાના કામો હતા, જેમ કે તેમણે ઇઝરાયલીઓને ઈજીપ્તની ગુલામીમાંથી છોડાવ્યા અને દાનિયેલને સિંહોના જોખમથી બચાવ્યો.
- બીજા આશ્ચર્યકર્મો ઈશ્વરે કરેલા ન્યાયના કામો હતા, જેમ કે તેઓ નૂહના સમયમાં વિશ્વભરમાં પૂર લાવ્યા અને મૂસાના સમયમાં ઈજીપ્ત દેશમાં ભયંકર મરકીઓ લાવ્યા.
- ઈશ્વરના ઘણાં ચમત્કારો માંદાઓને શારીરિક રીતે સાજા કરવાના અથવા તો મૃતકોને સજીવન કરવાના હતા.
- જ્યારે ઈસુએ લોકોને સાજા કર્યાં, તોફાનો શાંત કર્યાં, તેઓ પાણી પર ચાલ્યા, અને મૃતકોને સજીવન કર્યાં ત્યારે, તેઓમાં ઈશ્વરનું સામર્થ્ય પ્રગટ કરાયું હતું.

આ બધા જ ચમત્કારો હતા.

- ઈશ્વરે પ્રબોધકો તથા પ્રેરિતોને પણ સાજા કરવાના અને બીજા ચમત્કારો કરવા શક્તિ આપી કે જે ઈશ્વરના સામર્થ દ્વારા જ શક્ય હતું.

## અનુવાદ માટેના સૂચનો:

- "ચમત્કારો" અથવા તો "આશ્ચર્યકર્મો" ના સંભવત અનુવાદોમાં "ઈશ્વર જે અશક્ય બાબતો કરે છે તે" અથવા તો "ઈશ્વરના સામર્થ્યવાન કાર્યો" અથવા તો "ઈશ્વરના અદભૂત કાર્યો" નો સમાવેશ કરી શકાય.
- વારંવાર વપરાતી અભિવ્યક્તિ "ચિહ્નો અને આશ્ચર્યકર્મો" નો અનુવાદ "સાબિતીઓ અને ચમત્કારો" અથવા તો "ચમત્કારિક કાર્યો કે જે ઈશ્વરનું સામર્થ સાબિત કરે છે" અથવા તો "અદભૂત ચમત્કારો કે જે દર્શાવે છે કે ઈશ્વર કેટલા મહાન છે" તરીકે થઈ શકે.
- નોંધ કરો કે ચમત્કારિક ચિહ્નોનો આ અર્થ એક ચિહ્ન કે જે કોઈ બાબતની સાબિતી કે પૂરાવો આપે છે તેનાથી અલગ છે.

આ બન્ને સંબંધિત હોઈ શકે છે.

(આ પણ જૂઓ: સામર્થ્ય, પ્રબોધક, પ્રેરિત, ચિહ્ન)

## બાઇબલના સંદર્ભો:

- 2 થેસ્સલોનિકી 2:8-10
- પ્રેરિતોના કૃત્યો 4:15-18
- પ્રેરિતોના કૃત્યો 4:21-22
- દાનિયેલ 4:1-3
- પુનર્નિયમ 13:1-3
- નિર્ગમન 3:19-22
- યોહાન 2:11
- માથ્થી 13:57-58

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **16:8** ગિદિયોને ઈશ્વર પાસે બે **ચિહ્નો** માંગ્યા કે જેથી તેને ખાતરી થાય કે ઈશ્વર તેનો ઉપયોગ ઇઝરાયલને બચાવવા કરશે.
- **19:14** ઈશ્વરે એલિશા દ્વારા ઘણા **ચમત્કારો** કર્યાં.
- **37:10** આ **ચમત્કારને** કારણે ઘણા યહૂદીઓએ ઈસુ પર વિશ્વાસ કર્યો.

- **43:6** “ઇઝરાયલી માણસો, જેમ તમે જોયું છે અને તમને અગાઉથી ખબર છે તેમ, ઈસુ એ વ્યક્તિ હતા કે જેમણે ઈશ્વરના સામર્થ્ય દ્વારા ઘણા પરાક્રમી **ચિહ્નો** અને **આશ્ચર્યકર્મો** કર્યાં.
- **49:2** ઈસુએ ઘણા **ચમત્કારો** કર્યાં કે જેથી સાબિત થયું કે તેઓ ઈશ્વર હતા.

તેઓ પાણી પર ચાલ્યા, તોફાનોને શાંત કર્યાં, ઘણાં બીમારોને સાજા કર્યાં, દુષ્ટાત્માઓને કાઢ્યા, મૃતકોને સજીવન કર્યાં અને પાંચ રોટલી તથા બે નાની માછલીઓને 5000 કરતા વધારે લોકો માટે પુરતું ભોજન બનાવી નાખ્યાં.

## શબ્દ માહિતી:

- Strong's: H226, H852, H2368, H2858, H4150, H4159, H4864, H5251, H5824, H5953, H6381, H6382, H6383, H6395, H6725, H7560, H7583, H8047, H8074, H8539, H8540,, G880, G1213, G1229, G1411, G1569, G1718, G1770, G1839, G2285, G2296, G2297, G3167, G3902, G4591, G4592, G5059

# ચિહ્ન, ચિહ્નો, સાબિતી, સ્મૃતિપત્ર

### વ્યાખ્યા:

ચિહ્ન એ એક હેતુ, પ્રસંગ, અથવા ક્રિયા છે કે જે ખાસ અર્થ વિષે વાતચીત કરે છે.

- "સ્મૃતિપત્રો" ચિહ્નો છે જે લોકોને "યાદ અપાવે છે" તેઓને કંઇક યાદ કરાવવા મદદરૂપ બનીને, મોટેભાગે જેનું વચન આપવામાં આવ્યું હતું તેને:
- આકાશમાં જે મેઘધનુષ્ય ઈશ્વર રચે છે તે લોકોને યાદ અપાવવા માટે ચિહ્ન છે કે તેમણે વચન આપ્યું છે કે હવે પછી તેઓ સર્વ જીવોનો નાશ વૈશ્વિક જળપ્રલયથી નહિ કરે.
- ઈશ્વરે ઈઝરાયેલીઓને આજ્ઞા કરી કે તેમના તેઓ સાથેના કરારના ચિહ્ન તરીકે તેઓના દીકરાઓની સુન્નત કરાવવામાં આવે.
- ચિહ્નો કંઇક પ્રગટ કે દર્શાવી શકે છે:
- દૂતે ભરવાડોને ચિહ્ન આપ્યું કે જે તેઓને મદદરૂપ બને એ જાણવા માટે કે કયું બાળક બેથલેહેમમાં નવા જન્મેલાં મસીહા છે.
- યહુદાએ ધાર્મિક આગેવાનોને ઈસુ એ જ વ્યક્તિ છે જેને તેઓએ પકડવા જોઈએ તેના ચિહ્ન તરીકે ઈસુને ચુંબન કર્યું.
- ચિહ્નો સાબિત કરી શકે છે કે કંઇક સાચું છે:
- પ્રબોધકો અને પ્રેરીતો દ્વારા જે ચમત્કારો કરવામાં આવ્યા તે ચિહ્નરૂપ હતા કે જે સાબિત કરતાં હતા કે તેઓ ઈશ્વરનો સંદેશો બોલી રહ્યા છે.
- ઈસુએ જે ચમત્કારો કર્યા તે ચિહ્નરૂપ હતા જે સાબિત કરતાં હતા કે તેઓ ખરેખર મસીહા હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- તેના સંદર્ભના આધારે, "ચિહ્ન" નું અનુવાદ "સંકેત" અથવા "પ્રતિક" અથવા "ચિહ્ન" અથવા "પુરાવો" અથવા "સાબિતી" અથવા "હાવભાવ" એમ પણ કરી શકાય.
- "હાથ વળે ચિહ્નો કરવા" નું અનુવાદ "હાથ વળે પ્રસ્તાવ" અથવા "હાથ વળે હાવભાવ" અથવા "હાવભાવ કરવા" એમ પણ અનુવાદ કરી શકાય.
- કેટલીક ભાષાઓમાં, "ચિહ્ન" માટે એક જ શબ્દ હોઈ શકે કે જે કંઇક સાબિત કરે અને જુદા જુદા શબ્દ "ચિહ્ન" માટે કે જે ચમત્કાર હોઈ શકે.

(આ પણ જુઓ: ચમત્કાર, પ્રેરિત, ખ્રિસ્ત, કરાર, સુન્નત)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 2:18-19
- નિર્ગમન 4:8-9
- નિર્ગમન 31:12-15
- ઉત્પતિ 1:14-15
- ઉત્પતિ 9:11-13
- યોહાન 2:17-19
- લૂક 2:10-12
- માર્ક 8:11-13
- ગીતશાસ્ત્ર 89:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H226, H852, H2368, H2858, H4150, H4159, H4864, H5251, H5824, H6161, H6725, H6734, H7560, G364, G880, G1213, G1229, G1718, G1730, G1732, G1770, G3902, G4102, G4591, G4592, G4953, G4973, G5280

# જન્મસિદ્ધ હક

## વ્યાખ્યા:

બાઈબલમાં “જન્મસિદ્ધ હક” શબ્દ માન, કુટુંબનું નામ, અને ભૌતિક સંપત્તિને દર્શાવે છે, કે જે સામાન્ય રીતે કુટુંબના પ્રથમજનિત પુત્રને આપવામાં આવે છે. પ્રથમજનિત પુત્રના જન્મસિદ્ધ હકમાં પોતાના પિતાના વારસોનો બમણો ભાગનો સમાવેશ થાય છે. રાજાના પ્રથમજનિત પુત્રને સામાન્ય રીતે તેના પિતાના અવશાન પછી શાસન કરવાનો જન્મસિદ્ધ અધિકાર આપવામાં આવ્યો હતો. એસાવે તેનો જન્મસિદ્ધ હક પોતાના નાના ભાઈ યાકૂબને વેચી દીધો. આ કારણે, એસાવના બદલે યાકૂબને પ્રથમજનિત વારસાનો આશીર્વાદ મળ્યો. જન્મસિદ્ધ હકમાં કુટુંબની વંશાવળીનું સન્માન પ્રથમજનિત પુત્રના વંશને આપવામાં આવે છે અને તે દ્વારા કુટુંબનો વંશવેલો શોધી શકાય છે.

## ભાષાંતરના સુચનો:

- “જન્મસિદ્ધ હક” શબ્દનું સંભવિત ભાષાંતર “પ્રથમજનિત પુત્રના હકો અને સંપત્તિ” અથવા “કુટુંબનું સન્માન” અથવા “પ્રથમજનિતની તક અને વારસો નો” સમાવેશ થાય છે.

(આ પણ જુઓ : પ્રથમજનિત, વારસ, વંશજો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 5:1-3
- ઉત્પત્તિ 25:31-34
- ઉત્પત્તિ 43:32-34
- હિબ્રુઓ 12:14-17

## શબ્દ માહિતી:

- Strong's: H1062, G4415

# જમણો હાથ

## વ્યાખ્યા:

રૂપકાત્મક શબ્દપ્રયોગ "જમણો હાથ" શાસકની અથવા બીજા મહત્વના વ્યક્તિની જમણી બાજુ માન અથવા બળની જગ્યા સૂચવે છે.

- શક્તિ, અધિકાર અથવા સામર્થ્યના ચિહ્ન તરીકે પણ જમણા હાથનો ઉપયોગ થાય છે.
- બાઈબલ વર્ણવે છે કે ઈસુ વિશ્વાસીઓના (મંડળી) શરીરના શિર તરીકે અને સમગ્ર સૃષ્ટિ પર અંકુશ ધરાવનાર શાસક તરીકે ઈશ્વરપિતાના "જમણા હાથે" બેઠા છે.
- જ્યારે આશીર્વાદ આપવાને માટે કોઈના માથા પર હાથ મુકવામાં આવતો ત્યારે વ્યક્તિનો જમણો હાથ ખાસ માન બતાવવા માટે વાપરવામાં આવતો હતો (જેમ વડા યાકુબે યુસફના દીકરા એફ્રાઈમને આશીર્વાદ આપ્યો હતો તેમ).
- કોઈના "જમણા હાથે રહીને સેવા કરવી'' એનો અર્થ એ કે એવા વ્યક્તિ બનવું કે જેની સેવા ખાસ કરીને તે વ્યક્તિ માટે મદદરૂપ તથા મહત્વની હોય.

## અનુવાદ માટેના સૂચનો:

- કેટલીકવાર "જમણો હાથ" ખરેખર વ્યક્તિના જમણા હાથને દર્શાવે છે, જેમ કે રોમન સૈનિકોએ ઠપકો આપવાને માટે ઈસુના જમણા હાથે એક કર્મચારીને રાખ્યો હતો.

આ હાથનો સંદર્ભ આપવા માટે ભાષા જે શબ્દનો ઉપયોગ કરે છે તેનો ઉપયોગ કરીને તેનું અનુવાદ થવું જોઈએ.

- રૂપકાત્મક ઉપયોગ માટે, જો "જમણો હાથ" શબ્દનો સમાવેશ કરતો શબ્દપ્રયોગનો પ્રોજેક્ટ ભાષામાં સમાન અર્થ થતો ન હોય તો તે ભાષામાં સમાન અર્થવાળો કોઈ શબ્દપ્રયોગ છે કે નહીં તે કાળજીપૂર્વક ધ્યાનમાં લો.
- "જમણા હાથે" શબ્દપ્રયોગનું અનુવાદ "જમણી બાજુએ" અથવા "બાજુના સન્માનના સ્થાને" અથવા "સામર્થ્યની સ્થિતિમાં" અથવા "મદદ માટે તૈયાર" એમ પણ થઇ શકે છે.
- ''તેના જમણા હાથ વડે" નું અનુવાદ "અધિકાર સાથે" અથવા "શક્તિનો ઉપયોગ કરીને" અથવા "તેના અદ્દભૂત સામર્થ્ય વડે" એ રીતે પણ કરી શકાય.
- રૂપકાત્મક શબ્દપ્રયોગ "તેનો જમણો હાથ અને તેનો શક્તિશાળી ભૂજ" ઈશ્વરની શક્તિ અને મહાન સામર્થ્ય પર ભાર મૂકી બે રીતે ઉપયોગમાં લે છે. આ શબ્દપ્રયોગનો અનુવાદ કરવાની એક રીત આ પણ હોઈ શકે "તેનું અદ્દભૂત સામર્થ્ય અને સમર્થ શક્તિ.'' (જુઓ: સમાંતરણ)
- શબ્દપ્રયોગ "તેનો જમણો હાથ જુઠ્ઠો છે" તેનું અનુવાદ "તેમના વિશેની સન્માનીય બાબત પણ જુઠ્ઠ દ્વારા દૂષિત છે" અથવા "તેમનું સન્માનીય સ્થાન છેતરપીંડી દ્વારા દૂષિત છે" અથવા "તેઓ પોતાને શક્તિમાન બનાવવા માટે જુઠ્ઠનો ઉપયોગ કરે છે" તેમ થઇ શકે છે.

(આ પણ જુઓ: દોષારોપણ, દુષ્ટ, માન, શક્તિશાળી, શિક્ષા, બંડખોર)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 2:32-33
- ક્લોસ્સીઓ 3:1-4
- ગલાતીઓ 2:9-10
- ઉત્પત્તિ 48:14-16
- હિબ્રુઓ 10:11-14
- યર્મિયાનો વિલાપ 2:3-4
- માથ્થી 25:31-33
- માથ્થી 26:62-64
- ગીતશાસ્ત્ર 44:3-4
- પ્રકટીકરણ 2:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3225, H3231, H3233, G1188

# જીવન, જીવવું, જીવે છે, જીવંત

## વ્યાખ્યા:

"જીવન" શબ્દ મૃત નહિના વિરોધાભાસમાં શારીરિક રીતે જીવંત હોવાનો ઉલ્લેખ કરે છે.

### 1. ભૌતિક જીવન

- "જીવન" એક વ્યક્તિગત વ્યક્તિનો પણ ઉલ્લેખ કરે છે જેમ કે "એક જીવન બચાવવામાં આવ્યું."
- કેટલીકવાર "જીવન" શબ્દ જીવવાના અનુભવનો ઉલ્લેખ કરે છે જેમ કે, "તેનું જીવન આનંદપ્રદ હતું."
- તે વ્યક્તિના જીવનકાળનો પણ ઉલ્લેખ કરે છે, જેમ કે અભિવ્યક્તિ, "તેના જીવનનો અંત".
- "જીવંત" શબ્દ શારીરિક રીતે જીવંતનો ઉલ્લેખ કરે છે, જેમ કે "મારા માતા હજુ પણ જીવે છે." તે કોઈક જગ્યાએ રહેવાનો પણ ઉલ્લેખ કરે છે, જેમ કે "તેઓ શહેરમાં રહેતા હતા."
- બાઈબલમાં, "જીવન" નો ખ્યાલ મહદઅંશે "મરણ" ના ખ્યાલ કરતાં વિરોધાભાસમાં છે.

### 2. આત્મિક જીવન

- જ્યારે વ્યક્તિ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરે ત્યારે તે અનંતજીવન પામે છે. ઈશ્વર તે વ્યક્તિમાં પવિત્ર આત્માને રહેવા દઈ તેને પરિવર્તિત જીવન આપે છે.
- આત્મિક જીવનનું વિરુદ્ધાર્થી આત્મિક મરણ છે, જેનો અર્થ ઈશ્વરથી અલગ અને અનંતકાળની શિક્ષા અનુભવવી તેમ થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભને આધારે, "જીવન" નું અનુવાદ "અસ્તિત્વ" અથવા "વ્યક્તિ" અથવા "આત્મા" અથવા "અસ્તિત્વ ધરાવનાર" અથવા "અનુભવ" કરી શકાય.
- "જીવવું" શબ્દનું અનુવાદ "વસવું" અથવા "રહેવું/માં નિહિત હોવું" અથવા "અસ્તિત્વમાં હોવું" કરી શકાય.
- "તેના જીવનનો અંત" અભિવ્યક્તિનું અનુવાદ "જ્યારે તેણે જીવવાનું બંધ કર્યું" તરીકે કરી શકાય.
- "તેમના જીવનોને બક્ષી દો" અભિવ્યક્તિનું અનુવાદ "તેમને જીવવા માટે મંજૂરી આપી" અથવા "તેમની હત્યા કરી નહિ" કરી શકાય.
- "તેમણે પોતાના જીવનો જોખમમાં નાખ્યા" અભિવ્યક્તિનું અનુવાદ "તેમણે પોતાને જોખમમાં મૂક્યા" અથવા "તેમણે એવું કંઈક કર્યું જે તેમના જીવનને ખતમ કરી શક્યું હોત" કરી શકાય.
- જ્યારે બઈબલનું વચન અનંતજીવનની વાત કરે છે ત્યારે, સંદર્ભને આધારે "જીવન" નો અનુવાદ નિમ્નલેખિત મુજબ કરી શકાય: "અનંત જીવન" અથવા "ઈશ્વર આપણને આપણાં આત્મામાં જીવંત બનાવી રહ્યા છે" અથવા "ઈશ્વરના આત્મા દ્વારા નવું જીવન" અથવા "આપણાં આંતરિક જીવનમાં જીવંત બનાવવામાં આવેલા".
- સંદર્ભને આધારે, "જીવન આપવું"નો અનુવાદ "જીવવાનું કારણ આપવું" અથવા "અનંતજીવન આપવું" અથવા "અનંતકાળિક રીતે જીવવાને દોરવું" કરી શકાય.

(આ પણ જુઓ: મરણ, અનંતકાળિક)

## બાઈબલના સંદર્ભો:

- 2 પિત્તર 1:3-4
- પ્રેરિતોના કૃત્યો 10:42-43
- ઉત્પત્તિ 2:7-8
- ઉત્પત્તિ 7:21-22
- હિબ્રૂઓ 10:19-22
- યર્મિયા 44:1-3
- યોહાન 1:4-5
- ન્યાયાધીશો 2:18-19
- લૂક 12:22-23
- માથ્થી 7:13-14

## બાઈબલની વાર્તાઓ પરથી ઉદાહરણો:

- **1:10** તેથી ઈશ્વરે થોડી માટી લીધી, તેની માણસમાં રચના કરી, અને તેનામાં **જીવનનો** શ્વાસ ફૂંક્યો.
- **3:1** ઘણાં લાંબા સમય પછી, ઘણા લોકો જગતમાં **જીવી** રહ્યા હતા.
- **8:13** જ્યારે યુસફના ભાઈઓ ઘરે પરત ફર્યા અને તેમના પિતા, યાકુબને કહ્યું કે, યુસફ હજુ **જીવંત છે**, ત્યારે તે ખૂબ ખુશ થયો હતો.
- **17:9** જો કે, તેના અંત સમયે (દાઉદના)**જીવનના** તેણે ઈશ્વરની આગળ ભયંકર પાપ કર્યું.
- **27:1** એક દિવસ, યહૂદી નિયમનો નિષ્ણાત ઈસુની કસોટી કરવા તેમની પાસે આવ્યો, તેણે પૂછ્યું કે, "શિક્ષક, અનંત **જીવનનો** વારસો પામવા મારે શું કરવું?"
- **35:5** ઈસુએ પ્રત્યુત્તર આપ્યો, "હું પુનરુત્થાન તથા **જીવન છું**."
- **44:5** "તમે એ લોકો છો કે જેઓએ રોમન રાજ્યપાલને ઈસુની હત્યા કરવા માટે કહ્યું. તમે **જીવનના** લેખકને મારી નાખ્યા, પરંતુ ઈશ્વરે તેમણે મરણમાંથી ઉઠાડ્યા."

## શબ્દ માહિતી:

- Strong's: H1934, H2416, H2417, H2421, H2425, H5315, G198, G222, G227, G806, G590

# જીવનોત્થાન, ઉત્થાન

## વ્યાખ્યા:

"જીવનોત્થાન" શબ્દ મરણ પામ્યા બાદ ફરીથી જીવિત થવું તેનો ઉલ્લેખ કરે છે.

- કોઈ વ્યક્તિનું જીવનોત્થાન કરવાનો અર્થ તે વ્યક્તિને ફરીથી જીવિત કરવી એવો થાય છે.

આ કરવાનું સામર્થ ફક્ત ઈશ્વર પાસે છે.

- "જીવનોત્થાન" શબ્દ ઘણી વાર ઈસુ મરણ પામ્યા અને બાદમાં સજીવન થયા તેનો ઉલ્લેખ કરે છે.
- જ્યારે ઈસુએ કહ્યું કે, "ઉત્થાન તથા જીવન હું છું" ત્યારે, તેમના કહેવાનો અર્થ એ હતો કે જીવનોત્થાનનો સ્રોત તેઓ પોતે છે અને તેઓ જ લોકો પાછા સજીવન થાય તેવું કરનાર છે.

## અનુવાદ માટેના સૂચનો:

- એક વ્યક્તિના "જીવનોત્થાન" નો અનુવાદ "ફરીથી જીવતા થવું" અથવા તો "મરણ પામ્યા બાદ ફરીથી જીવિત થવું" તરીકે કરી શકાય.
- આ શબ્દનો શાબ્દિક અર્થ "ઊભા થવું" અથવા તો "(મરણમાંથી) ઊભા થવાની ક્રિયા" એવો થાય છે. આ શબ્દનો અનુવાદ કરવાની આ બીજી રીતો હશે.

(આ પણ જૂઓ: જીવન, મરણ, ઊભા કરવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 કરિંથી 15:12-14
- 1 પિતર 3:21-22
- હિબ્રૂ 11:35-38
- યોહાન 5:28-29
- લૂક 20:27-28
- લૂક 20:34-36
- માથ્થી 22:23-24
- માથ્થી 22:29-30
- ફિલિપી 3:8-11

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **21:14** મસીહાના મરણ અને **જીવનોત્થાન** દ્વારા, ઈશ્વર પાપીઓને બચાવવાની અને નવો કરાર સ્થાપિત કરવાની યોજના સિદ્ધ કરશે.
- **37:5** ઈસુએ પ્રત્યુતર આપ્યો કે, "**ઉત્થાન** તથા જીવન હું છું.

જે કોઈ મારામાં વિશ્વાસ કરે છે તે જો કે મરણ પામે તો પણ જીવશે.

## શબ્દ માહિતી:

- Strong's: G386, G1454, G1815

# જુબાની, સાક્ષી આપવી, પુરાવા, સાક્ષી, પ્રત્યક્ષદર્શી

## વ્યાખ્યા:

જ્યારે કોઈ વ્યક્તિ " સાક્ષી " આપે છે ત્યારે તેજે કંઈ જાણે છે તે અંગે નિવેદન કરે છે, અને દાવો કરે છે કે નિવેદન સાચું છે. "પુરાવો આપવો" એ " સાક્ષી" આપવી છે.

- મોટાભાગે વ્યક્તિએ જે પ્રત્યક્ષ અનુભવ્યું હોય તે કોઈ બાબત વિશે તે "પુરાવો આપે છે."
- જે વ્યક્તિ "જૂઠ્ઠી સાક્ષી" આપે છે તે જે બન્યું હોય તે વિશે કશું જ સત્ય જણાવતો નથી.
- કેટલીકવાર "શાહેદી" શબ્દ એ પ્રબોધક જે ભવિષ્યવાણીને વર્ણવે છે તેને જણાવે છે.
- નવા કરારમાં, આ શબ્દનો વારંવાર ઉપયોગ ઈસુના અનુયાયીઓએ ઈસુના જીવન, મૃત્યુ અને પુનરુત્થાનની ઘટનાઓ વિશે કેવી રીતે સાક્ષી આપી હતી એ કરવા માટે થયો હતો. "સાક્ષી" શબ્દ એવા વ્યક્તિના માટે ઉલ્લેખ થાય છે કે જેને જે કંઈ બન્યું છે તેનો વ્યક્તિગત અનુભવ થયો હોય. સામાન્ય રીતે આ એવી વ્યક્તિ પણ છે કે જે સત્ય તે જાણતો હોય છે, તેના વિશે તે સાક્ષી આપે છે. "પ્રત્યક્ષદર્શી - પ્રત્યક્ષ પુરાવો આપનાર" શબ્દ/શબ્દસમૂહ વ્યક્તિ ખરેખર ત્યાં હતો અને જે બન્યું હતું તે તેણે જોયું હતું તેના પર ભાર મૂકે છે.
- કોઇ વિષે “ સાક્ષી આપવી” નો અર્થ જે બન્યું છે તે જોયું છે, થાયછે
- તપાસ વખતે સાક્ષી "સાક્ષી આપે છે" અથવા "સાક્ષી બને છે." "જુબાની આપવી."નો અર્થ એવો જ છે.
- સાક્ષીઓ પાસે તેઓએ જે જોયું કે સાંભળ્યું છે તે વિષે સત્ય કહેવાની અપેક્ષા રાખવામાં આવે છે.
- સાક્ષી જે બન્યું છે તે વિષે સત્ય કહેતો નથી તેને “જૂઠ્ઠો સાક્ષી” કહેવાય છે તેને "જૂઠ્ઠી સાક્ષી આપવી" અથવા "ખોટા સાક્ષી બનવું" કહેવામાં આવે છે.
- “ની વચ્ચે સાક્ષી હોવું" શબ્દની અભિવ્યક્તિનો અર્થ એ થાય કે કોઇ વસ્તુ કે કોઈ વ્યક્તિ પુરાવા તરીકે હશે કે જેની સાથે કરાર કરવામાં આવ્યો છે. સાક્ષી એ ખાતરી કરશે કે દરેક વ્યક્તિ જે કરવાનું વચન આપે છે તે પ્રમાણે તે કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- “સાક્ષી આપવી" અથવા "પુરાવો આપવો" શબ્દનો અનુવાદ "હકીકતો જણાવવી" અથવા " જે સાંભળ્યું કે જોયું હતું તે કહેવું " અથવા "વ્યક્તિગત અનુભવમાંથી જણાવવું" અથવા "પુરાવો આપવો" અથવા "શું બન્યું તે જણાવવું" તરીકે ભાષાંતર કરી શકાય છે.
- "જુબાની" નો બીજી રીતે અનુવાદ, "શું બન્યું તેની જાણ કરવી" અથવા "સાચું છે તે નિવેદન કરવું" અથવા "પુરાવો" અથવા " કહેવામાં આવ્યું છે તે" અથવા "ભવિષ્યવાણી" નો સમાવેશ થાય છે.
- શબ્દસમૂહ, "તેમને માટે એક સાક્ષી તરીકેનો" અનુવાદ "તેમને શું સાચું છે તે બતાવવું " અથવા " શું સાચું છે તે તેમને સાબિત કરવું" થઇ શકે છે.
- "તેમની વિરુદ્ધ જુબાની તરીકે" નો અનુવાદ "જે તેમને તેમના પાપ બતાવશે" અથવા "તેમના પાખંડને ખુલ્લું પાડવું" અથવા "સાબિત કરવું કે તેઓ ખોટા છે." થઇ શકે છે.
- "ખોટી સાક્ષી આપવી" નો અનુવાદ "વિશે ખોટી બાબતો કહેવી" અથવા "જે બાબતો સાચી નથી"તે જણાવવી” તરીકે કરી શકાય છે.
- "સાક્ષી" અથવા "શાહેદી" અથવા "પ્રત્યક્ષદર્શી" શબ્દનો કોઈ શબ્દ અથવા શબ્દસમૂહ સાથે અનુવાદ થઈ શકે છે જેનો અર્થ થાય છે "વ્યક્તિ તે જુએ"છે અથવા " જેણે તેને તે બનતાં જોયું" અથવા "જે લોકોએ(તે બાબતો) બનતાં જોઇ અને સાંભળી
- જો કોઈ "સાક્ષી" છે તો તેનો અનુવાદ "ખાતરી હોવી" અથવા "અમારા વચનનું ચિન્હ" અથવા "આ સાચું છે એવું પ્રમાણિત કરે છે", થઇ શકે છે.
- “તમે મારા સાક્ષી થશો" શબ્દસમૂહનું ભાષાંતર "તમે અન્ય લોકોને મારા વિશે કહેશો" અથવા " જે સત્ય મેં તમને શીખવ્યું તે તમે લોકોને શીખવતા જશો “ અથવા "તમે જે મને કરતાં જોયો છે અને મને શીખવતાં સાંભળ્યો છે તે તમે લોકોને જણાવશો” એમ કરી શકાય છે.
- “ના કાયદેસર સાક્ષી બનવું”નું ભાષાંતર "જે જોયુ છે તે જણાવવું" અથવા "પુરાવો આપવો" અથવા "જે થયું તે જણાવવું" થાય છે.
- કોઈ માટે “સાક્ષી" થવું તેનું "કંઈક જોવું" અથવા " જે કંઈ થાય છે તે અનુભવવું" એમ ભાષાંતર કરી શકાય છે.

(આ પણ જુઓ: કરારકોશ, અપરાધીભાવ, ન્યાયાધીશ, પ્રબોધક, જુબાની, સાચુ)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 31:27-29
- મીખાહ 6:3-5
- માથ્થી 26:59-61
- માર્ક 1:43-44
- યોહાન 1:6-8
- યોહાન 3:31-33
- પ્રેરિતોનાં કૃત્યો 4:32-33
- પ્રેરિતોનાં કૃત્યો 7:44-46

- પ્રેરિતોનાં કૃત્યો 13: 30-31
- રોમન 1:8-10
- 1 થેસ્સાલોનીકી 2: 10-12
- 1 તિમોથી 5:19 -20
- 2 તિમોથી 1:8-11
- 2 પિતર 16-18
- 1 યોહાન 5:6-8
- 3 યોહાન 1:11-12
- પ્રકટીકરણ 12:11-12

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **39:2**, યહૂદી આગેવાનોએ ઈસુની તપાસ ઘરની અંદર કરી. તેઓ ઘણા **જૂઠા સાક્ષીઓ લાવ્યા** જેઓ તેમના(ઈસુ) વિશે જૂઠું બોલ્યા.
- **39:4** પ્રમુખ યાજકે તેનાં કપડાં ગુસ્સામાં ફાડી નાખ્યાં અને બૂમ પાડી, "આપણને બીજા કોઈ **સાક્ષીઓની** જરૂર નથી. તમે તેને એમ કહેતા સાંભળ્યો છે કે તે ઈશ્વરનો દીકરો છે. તમારો ચુકાદો શું છે? "
- **42:8**" શાસ્ત્રોમાં એમ પણ લખવામાં આવ્યું હતું કે મારા શિષ્યો પ્રગટ કરશે કે દરેકે પસ્તાવો કરવો જોઈએ જેથી તેઓને તેઓના પાપોની માફી પ્રાપ્ત થાય. તેઓ યરૂશાલેમમાંથી શરૂ કરશે, અને ત્યારબાદ લોકજૂથોમાં સર્વત્ર જશે. તમે આ બાબતોના **સાક્ષીઓ** છો.“
- **43:7** " ઈશ્વરે ઈસુને ઉઠાડયા છે એ હકીકતના અમે **સાક્ષી** છીએ."

## શબ્દ માહિતી:

- Strong's: H5707, H5713, H5715, H5749, H6030, H8584, G267, G1263, G1957, G2649, G3140, G3141, G3142, G3143, G3144, G4303, G4828, G4901, G5575, G5576, G5577, G6020

# જે પવિત્ર છે

## વ્યાખ્યા:

"જે પવિત્ર છે" શબ્દ બાઈબલમાં શીર્ષક છે, કે જે મોટેભાગે દેવને દર્શાવે છે.

- જૂના કરારમાં, મોટેભાગે આ શીર્ષક શબ્દસમૂહ તરીકે "ઈઝરાએલનો પવિત્ર" એવી રીતે આવે છે.
- નવા કરારમાં, ઈસુને પણ "જે પવિત્ર છે" તરીકે દર્શાવવામાં આવ્યો છે.
- બાઈબલમાં "જે પવિત્ર છે" શબ્દ દૂત માટે પણ ક્યારેક વાપરવામાં આવ્યો છે.

## ભાષાંતરના સૂચનો:

- તે શાબ્દિક શબ્દ, "જે પવિત્ર છે" ("એક" જે સૂચિત થયેલ) તેને દર્શાવે છે. ઘણી ભાષાઓ (જેવી કે અંગ્રેજી) તેનું ભાષાંતર સૂચિત સંજ્ઞા તરીકે કરે છે (જેમકે "એક" અથવા "દેવ")
- આ શબ્દનું ભાષાંતર, "દેવ, કે જે પવિત્ર છે" અથવા "એક કે જે અલગ કરાયેલ છે" તરીકે પણ કરી શકાય છે.
- "ઈઝરાએલનો જે પવિત્ર છે" શબ્દસમૂહનું ભાષાંતર, "પવિત્ર દેવ કે જેની ઈઝરાએલ આરાધના કરે છે" અથવા "પવિત્ર કે જે ઈઝરાએલ પર રાજ્ય કરે છે" એમ (ભાષાંતર) થઇ શકે છે.
- આ શબ્દનું શ્રેષ્ઠ ભાષાંતર કરવા માટે તેનો સમાન શબ્દ અથવા શબ્દસમૂહ વાપરીને "પવિત્ર" શબ્દનું ભાષાંતર કરવું.

(આ પણ જુઓ: પવિત્ર, દેવ)

## બાઈબલની કલમો:

- 1યોહાન 2:20-21
- 2 રાજા 19:20-22
- પ્રેરિતો 2:27-28
- પ્રેરિતો 3:13-14
- યશાયા 5:15-17
- યશાયા 41:14-15
- લૂક 4:33-34

## શબ્દ માહિતી:

- Strong's: H2623, H376, H6918, G40, G3741

# ટેટ્રાર્ક

## વ્યાખ્યા:

" ટેટ્રાર્ક " શબ્દ એ એક સરકારી અધિકારીનો ઉલ્લેખ કરે છે જેણે રોમન સામ્રાજ્યના ભાગ પર શાસન કર્યું હતું. દરેક ટેટ્રાર્ક રોમન સમ્રાટની સત્તા હેઠળ હતો.

- "ટેટ્રાર્ક" શિર્ષકનો અર્થ "ચાર સંયુક્ત શાસકોમાંથી એક છે."
- સમ્રાટ ડાયોક્લેટિન હેઠળ શરૂ કરીને, ત્યાં રોમન સામ્રાજ્યના ચાર મુખ્ય વિભાગો હતા અને દરેક ટેટ્રાર્કે એક વિભાગ પર શાસન કર્યું.
- "મહાન" હેરોદનું રાજ્ય, જે ઈસુના જન્મ સમયે રાજા હતા, તેમના મૃત્યુ પછી ચાર વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું, અને તેમના પુત્રોએ " ટેટ્રાર્ક " અથવા "ચોથા ભાગના શાસકો" તરીકે શાસન કર્યું હતું.
- દરેક વિભાગમાં એક અથવા વધુ નાનાં ભાગો "પ્રાંતો" કહેવાતા હતા. જેવા કે ગાલીલ અથવા સમરૂન.
- " હેરોદ ટેટ્રાર્ક "નો નવા કરારમાં ઘણી વખત ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તેમને "હેરોદ અંતિપાસ" તરીકે પણ ઓળખવામાં આવે છે.

- " ટેટ્રાર્ક " શબ્દનો અનુવાદ "પ્રાદેશિક રાજયપાલ" અથવા "પ્રાંતીય શાસક" અથવા "શાસક" અથવા " રાજયપાલ " તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: રાજયપાલ, હેરોદ અંતિપાસ, પ્રાંત, રોમ, શાસક)

## બાઇબલના સંદર્ભો:

- લુક 3:1-2
- લુક 9:7-9
- માથ્થી 14:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G5075, G5076

# ડર,(ભય), ડર લાગે છે, બીક

## વ્યાખ્યા:

"ડર" અથવા "બીક" શબ્દો જયારે વ્યક્તિને પોતા અથવા અન્ય માટે નુકશાનની ધમકી આપવામાં આવે હોય ત્યારે જે અપ્રિય લાગણી થાય છે, તે દર્શાવે છે.

- "ડર" શબ્દ, જે વ્યક્તિ સત્તામાં હોય, તેની ધાક અને ઊંડા આદરને પણ દર્શાવી શકે છે.
- "યહોવાનો ભય" શબ્દસમૂહ તેમજ તેને સંબંધિત શબ્દો, "દેવનો ડર" અને "પ્રભુનો ડર", દેવ માટે ઊંડો આદર અને તે તેની આજ્ઞા પાળીને દર્શાવવામાં આવે છે.

દેવ પવિત્ર છે અને પાપને ધિક્કારે છે તે ભયને જાણી તેના દ્વારા પ્રેરિત થવું તેને દર્શાવે છે.

- બાઈબલ શીખવે છે કે જે વ્યક્તિ યહોવાનો ભય રાખે છે, તે જ્ઞાની થશે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, "ડર" શબ્દનું ભાષાંતર, "બીક લાગવી" અથવા "ઊંડો આદર" અથવા "આદર હોવો" તરીકે કરી શકાય છે.
- "બીક" શબ્દનું ભાષાંતર, "ભયગ્રસ્ત" અથવા "ભયભીત" અથવા "ભયજનક" તરીકે કરી શકાય છે.
- "દેવનો ભય તે બધા ઉપર આવ્યો" તે વાક્યનું ભાષાંતર, "એકાએક તેઓ બધાને દેવ માટે ઊંડો ડર અને ધાક લાગ્યા" અથવા "તરત જ, તેઓ બધા ખૂબ જ આશ્ચર્ય પામ્યા અને દેવને ઊંડો આદર આપ્યો" અથવા "પછી તરતજ, (તેની મહાન શક્તિથી) તેઓ બધાને દેવનો ખુબજ ડર લાગ્યો" તરીકે (ભાષાંતર) પણ કરી શકાય છે
- "ડરો નહીં" શબ્દસમૂહનું ભાષાંતર, "બીક રાખશો નહીં" અથવા બીવાનું બંધ કરો" તરીકે પણ કરી શકાય છે.
- નોંધ કરો કે "યહોવાનું ભય" શબ્દસમૂહ નવા કરારમાં આવતો નથી.

"યહોવાનો ભય" શબ્દસમૂહને બદલે અથવા "પ્રભુ દેવનો ભય" વાપરવામાં આવ્યો છે.

(આ પણ જુઓ: આશ્ચર્યી, ધાક, પ્રભુ, શક્તિ, યહોવા)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 4:17-18
- પ્રેરિતો 2:43-45
- પ્રેરિતો 19:15-17
- ઉત્પત્તિ 50:18-21
- યશાયા 11:3-5
- અયૂબ 6:14-17
- યૂના 1:8-10
- લૂક 12:4-5
- માથ્થી 10:28-31
- નીતિવચન 10:24-25

## શબ્દ માહિતી:

- Strong's: H367, H926, H1204, H1481, H1672, H1674, H1763, H2119, H2296, H2727, H2729, H2730, H2731, H2844, H2849, H2865, H3016, H3025, H3068, H3372, H3373, H3374, H4032, H4034, H4035, H4116, H4172, H6206, H6342, H6343, H6345, H6427, H7264, H7267, H7297, H7374, H7461, H7493, H8175, G870, G1167, G1168, G1169, G1630, G1719, G2124, G2125, G2962, G5398, G5399, G5400, G5401

# ડાહ્યું, ડહાપણ

## વ્યાખ્યા:

"શાણા" શબ્દ એવી વ્યક્તિને વર્ણવે છે જે સમજે છે કે શું કરવું યોગ્ય અને નૈતિક છે અને તે પછી તેમ કરે છે. "શાણપણ" એ સાચું અને નૈતિક રીતે યોગ્ય છે તે સમજે અને પાળે છે.

- બુદ્ધિમાન બનવું, સારા નિર્ણયો લેવાની ક્ષમતા, ખાસ કરીને ઈશ્વરને ખુશ કરવા માટે પસંદ કરવાનું છે.
- બાઇબલમાં, "દુન્યવી ડહાપણ " શબ્દનો અર્થ એ છે કે આ દુનિયાના લોકો ડાહ્યા છે, પરંતુ ખરેખર મૂર્ખ છે તેના સંદર્ભમાં એક રૂપક છે.
- ઈશ્વરનું સાંભળીને અને નમ્રતાથી તેમની ઇચ્છાના આધીન થવા દ્વારા લોકો જ્ઞાની બની જાય છે.
- ડાહી વ્યક્તિ તેના જીવનમાં પવિત્ર આત્માના ફળ, જેમ કે આનંદ, દયા, પ્રેમ અને ધીરજ બતાવશે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભને આધારે, "ડાહયું" ને અન્ય રીતે ભાષાંતર કરવા "ઈશ્વરના આજ્ઞાધીન" અથવા "સમજુ અને આજ્ઞાકારી" અથવા "દેવ-ભય રાખનાર" સમાવેશ થઈ શકે છે.

"* ડહાપણ"નો અર્થ શબ્દ અથવા શબ્દસમૂહ કે જેનો અર્થ થાય છે "ડાહ્યું જીવન" અથવા "યોગ્ય અને આજ્ઞાકારી જીવન" અથવા "સારો નિર્ણય". થાય છે.

- તે "જ્ઞાની" અને "શાણપણ" નું એવી રીતે ભાષાંતર કરવું શ્રેષ્ઠ છે કે તેઓ ન્યાયી અથવા આજ્ઞાકારી જેવા અન્ય મુખ્ય શબ્દોથી અલગ અલગ શબ્દો છે.

(આ પણ જુઓ: આજ્ઞા પાળો, ફળ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 6:2-4
- કલોસી 3:15-17
- નિર્ગમન 31:6-9
- ઉત્પત્તિ 3:4-6
- યશાયા 19:11-12
- યર્મિયા 18:18-20
- માથ્થી 7:24-25

## બાઇબલ વાર્તાઓનાં ઉદાહરણો:

- **2:5** તે **જ્ઞાની** થવા માગતી હતી, તેથી તેણે કેટલાક ફળ લીધા અને તે ખાધા.
- **18:0** જ્યારે સુલેમાને **ડહાપણ** માટે પૂછ્યું, ત્યારે ઈશ્વર ખુશ થયા અને તેને વિશ્વનો સૌથી ડાહ્યો માણસ બનાવી દીધો.
- **23:0** કેટલાક સમય પછી, દેશોના દૂર પૂર્વમાં **જ્ઞાની** પુરુષોએ આકાશમાં અસામાન્ય તારો જોયો.
- **45:0** તે (સ્તેફન) ની સારી પ્રતિષ્ઠા હતી અને તે પવિત્ર આત્માથી અને **ડહાપણ** થી ભરપૂર હતો.

## શબ્દ માહિતી:

- Strong's: H998, H1350, H2445, H2449, H2450, H2451, H2452, H2454, H2942, H3820, H3823, H6195, H6493, H6912, H7535, H7919, H7922, H8454, G4678, G4679, G4680, G4920, G5428, G5429, G5430

# ઢોંગી, ઢોંગીઓ, પાખંડ

## વ્યાખ્યા:

"ઢોંગી" શબ્દ વ્યક્તિ કે જે ન્યાયી હોવાની બાબતો કરે છે, પણ તે ગુપ્તમાં દુષ્ટ રીતે વર્તે છે. "પાખંડ" શબ્દ, એવું વર્તન કે જે તે વ્યક્તિ ન્યાયી છે તેવો વિચાર કરાવી લોકોને છેતરે છે, તેને દર્શાવે છે. ઢોંગીઓ સારી બાબતો કરે છે તેવું દેખાડવા માંગે છે, જેથી કે લોકો તેઓ વિશે વિચારે કે તેઓ સારા લોકો છે.

- મોટેભાગે ઢોંગી કે જે તેઓ પોતે કરે છે તેવી સમાન પાપરૂપ બાબતો કરવા માટે બીજા લોકોને ટીકા કરે છે.
- ઈસુએ ફરોશીઓને ઢોંગીઓ કહ્યા છે, કારણકે તેઓ ધાર્મિક રીતે વર્ત્યા, જેમકે ચોક્કસ કપડાં પહેરવા અને ચોક્કસ ખોરાક ખાવો, એમ છતાં પણ તેઓ લોકો માટે દયાળુ અથવા વ્યાજબી ન હતા.
- ઢોંગી બીજા લોકોમાં ખામીઓ શોધે છે, પણ પોતાની ખામીઓને સ્વીકારતા નથી.

## ભાષાંતરના સૂચનો:

- કેટલીક ભાષાઓમાં એક અભિવ્યક્તિ છે જેવીકે "બે મોઢાવાળું" કે જે ઢોંગી અથવા ઢોંગીના કાર્યોને દર્શાવે છે.
- "ઢોંગી" શબ્દના અન્ય ભાષાંતરમાં, "છેતરપિંડી" અથવા "દંભી" અથવા "ઘમંડી, કપટી વ્યક્તિ" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- "ઢોંગ" શબ્દનું ભાષાંતર, "છેતરપિંડી" અથવા "નકલી કાર્યો" અથવા "ઢોંગ" દ્વારા કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- ગલાતી 2:13-14
- લૂક 6:41-42
- લૂક 12:54-56
- લૂક 13:15-16
- માર્ક 7:6-7
- માથ્થી 6:1-2
- રોમન 12:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H120, H2611, H2612, G505, G5272, G5273

# તારણહાર, તારનાર

## તથ્યો:

“તારનાર” શબ્દ એવા વ્યક્તિનો ઉલ્લેખ કરે છે કે જે બીજાઓને જોખમથી બચાવે છે અથવા છોડાવે છે. તે એવા વ્યક્તિનો પણ ઉલ્લેખ કરે છે કે જે બીજાને બળ આપે છે અથવા તેમને પૂરું પાડે છે.

- જુના કરારમાં, ઈશ્વરનો ઉલ્લેખ ઈઝરાયેલના તારણહાર તરીકે કરવામાં આવ્યો છે કારણ કે તેમણે વારંવાર તેઓને તેઓના શત્રુઓથી છોડાવ્યા, તેમને બળ આપ્યું, અને જીવવા માટે જે કંઈ જરૂરી હતું તે પણ પૂરું પાડયું.
- જુના કરારમાં, અન્ય જાતી જૂથો જેઓ ઈઝરાયેલીઓ પર હુમલો કરવા આવ્યા હતા તેમની વિરુદ્ધ ઈઝરાયેલીઓનું રક્ષણ કરવા, તેમને લડાઈમાં દોરવા, ઈશ્વરે ન્યાયાધીશોની નિમણૂંક કરી.
- નવા કરારમાં, “તારણહાર” એ ઈસુ ખ્રિસ્ત માટેના વર્ણન અથવા શિર્ષક તરીકે ઉપયોગમાં લેવાય છે કારણ કે તેઓ લોકોને તેમના પાપોની અનંતકાળની શિક્ષાથી બચાવે છે. તેઓ તેમને તેમના પાપોના ચૂંગલથી/નિયંત્રણથી પણ બચાવે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- જો શક્ય છે, તો “તારણહાર” નો અનુવાદ એ શબ્દ સાથે થવો જોઈએ કે જે શબ્દો “બચાવવું” અને “તારણ” સાથે સંબંધિત છે.
- આ શબ્દનું અનુવાદ કરવાની રીતોમાં “એક કે જે બચાવે છે” અથવા “ઈશ્વર, કે જે બચાવે છે” અથવા “જે જોખમથી બચાવે છે” અથવા “જે શત્રુઓથી બચાવે છે” અથવા “ઈસુ, કે જે (લોકોને) પાપોથી છોડાવે છે” નો સમાવેશ કરી શકાય.

(આ પણ જુઓ: છોડાવવું, ઈસુ, બચાવવું, બચાવવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 તિમોથી 4:9-10
- 2 પીતર 2:20-22
- પ્રેરિતોના કૃત્યો 5:29-32
- યશાયા 60:15-16
- લૂક 1:46-47
- ગીતશાસ્ત્ર 106:19-21

## શબ્દ માહિતી:

- Strong's: H3467, G4990

# તેડું, તેડું આપે છે, બોલાવવું, તેડાયેલા

## વ્યાખ્યા:

“બોલાવ્યા” અને “બોલાવવું” શબ્દનો અર્થ, જેઓ પાસે નથી તેમને કંઇક કહેવા કે બોલાવવા મોટે સાદે પોકારવું. કોઈકને “તેડાવવા” તેનો અર્થ, તે વ્યક્તિ બોલાવવા, એમ થાય છે. તેના બીજા પણ કેટલાક અર્થ થાય છે.

- કોઈકને “બોલાવવું” તેનો અર્થ, કોઈક દૂર છે તેને બૂમ પાડીને અથવા મોટેથી બોલાવવું.

તેનો તે પણ અર્થ થાય કે કોઈક ને મદદ માટે પૂછવું, ખાસ કરીને ઈશ્વરને. બાઈબલમાં મોટેભાગે, “તેડાનો” અર્થ “બોલાવવું” અથવા “આવવાની આજ્ઞા આપવી” અથવા “આવવાની વિનંતી કરવી”

- દેવે લોકોને તેની પાસે આવવા અને તેના લોકો થવા બોલાવ્યા.

આ તેઓનું “તેડું” છે

- જયારે દેવ લોકોને “બોલાવે છે,” જેનો અર્થ દેવ લોકોને તેના બાળકો થવા, તેના સેવકો થવા અને ઈસુ દ્વારા મુક્તિનો સંદેશ પ્રચાર કરવા નિમણુક કરે છે અથવા પસંદ કરે છે.
- આ શબ્દ કોઈકના નામકરણના સંદર્ભમાં પણ વપરાય છે.

ઉદાહરણ તરીકે, “તેનું યોહાન કહેવાયું” તેનો અર્થ, “તેનું નામ યોહાન આપવામાં આવ્યું” અથવા “તેનું નામ યોહાન છે.”

- “નામ દ્વારા બોલાવવું” તેનો અર્થ એમ કે, કોઈકને બીજી વ્યક્તિનું નામ આપવામાં આવ્યું.

દેવ કહે છે કે તેણે તેના લોકોને તેના નામથી બોલાવ્યા.

- “મેં તને નામથી બોલાવ્યો છે” તેવી વિવિધ અભિવ્યક્તિનો અર્થ, “દેવે તે વ્યક્તિને વિશેષ કરીને પસંદ કરી છે.

## ભાષાંતરના સુચનો:

“તેડું” શબ્દના ભાષાંતરમાંથી જે શબ્દ નીકળે છે તેનો અર્થ, “બોલાવવું” કરી શકાય છે, જે ઇરાદાપૂર્વક અથવા હેતુપૂર્ણ તેડાનો વિચાર આપે છે.

- “તમને બહાર બોલાવે” અભિવ્યક્તિનુ ભાષાંતર, “મદદ માટે તમને પૂછે છે” અથવા “તમને તાકીદથી વિનંતી કરે છે” એમ થઇ શકે છે.
- જયારે બાઈબલ કહેછે કે દેવે આપણને તેના સેવકો થવા “તેડ્યા” છે, તેનું ભાષાંતર, “આપણને ખાસ રીતે પસંદ કર્યા છે” અથવા “આપણી નિમણુક કરી છે” જેથી આપણે તેના સેવકો થઇ શકીએ.
- “તમે અવશ્ય તેને તેના નામથી બોલવો” તેનું ભાષાંતર, “તમે તેને અવશ્ય નામ આપો” થઇ શકે છે.
- “તેનું નામ તે કહેવાશે” તેનું ભાષાંતર, “તે તેનું નામ છે” અથવા “તેને તે નામ આપવામાં આવ્યું છે” થઇ શકે છે.
- “બોલાવવું” નું ભાષાંતર, “મોટેથી કહેવું” અથવા “બૂમ પાડવી” અથવા “મોટા અવાજથી કહેવું” એમ કરી શકાય છે.

ખાતરી કરી ધ્યાન રાખો કે તેનું ભાષાંતર, કોઈ વ્યક્તિ ગુસ્સે થયો છે તેવું ન લાગવું જોઈએ.

- “તમારું તેડું” તે અભિવ્યક્તિનું ભાષાંતર “તમારો હેતુ” અથવા “તમારા માટે દેવનો હેતુ” અથવા “તમારા માટે દેવનું ખાસ કામ” તરીકે કરી શકાય.
- “પ્રભુના નામને પોકારવું” નું ભાષાંતર, “પ્રભુને શોધવા અને તેના પર આધાર રાખવો” અથવા “પ્રભુમાં ભરોસો રાખવો અને તેને આધીન રહેવું” થઇ શકે છે.
- “ કોઈને બોલાવવું” તે શબ્દનું ભાષાંતર, “માંગવું” અથવા “પૂછવું” અથવા “આદેશ આપવો” એમ કરી શકાય છે.
- “તને મારા નામથી બોલાવ્યા છે” તે અભિવ્યક્તિનું ભાષાંતર, “મેં તમને મારું નામ આપ્યું છે જે દર્શાવે છે કે તમે મારા છો” એમ કરી શકાય છે.
- જયારે દેવ કહે છે, “મેં તને નામથી બોલાવ્યો છે”, તેનું ભાષાંતર, “હું તમને જાણું છું અને મેં તમને પસંદ કર્યા છે” તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: પ્રાર્થના)

## બાઈબલની કલમો:

- 1 રાજા 18:22-24
- 1 થેસ્સલોનિકી 4:7-8
- 2 તિમોથી 1:8-11
- એફેસી 4:1-3

- ગલાતી 1:15-17
- માથ્થી 2:13-15
- ફિલિપ્પી 3:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H559, H2199, H4744, H6817, H7121, H7123, G154, G363, G1458, G1528, G1941, G1951, G2028, G2046, G2564, G2821, G2822, G2840, G2919, G3004, G3106, G3333, G3343, G3603, G3686, G3687, G4316, G4341, G4377, G4779, G4867, G5455, G5537, G5581

# ત્યાગ, ત્યાગ કરે છે, ત્યજાયેલો, ત્યજાઈ ગયેલું

## વ્યાખ્યા:

"ત્યાગ" શબ્દનો અર્થ કોઈને છોડી દેવું અથવા કશાકનો પરિત્યાગ કરવો. કોઈ કે જે "ત્યજાયેલો" છે, તે કોઈ બીજા દ્વારા ત્યજેલો અથવા છોડી દીધેલો છે.

- જયારે લોકો દેવને ત્યજી દે છે, ત્યારે તેઓ તેનો અનાદર કરીને તેને અવિશ્વાસુ બને છે.
- જયારે દેવ લોકોનો "ત્યાગ કરે છે," ત્યારે તે તેઓને મદદ કરવાનું બંધ કરે છે અને તેઓને તેની પાસે પાછા ફરે માટે તેઓને પીડાનો અનુભવ કરવા દે છે.
- આ શબ્દનો અર્થ વસ્તુઓનો ત્યાગ કરવો પણ હોઈ શકે છે, જેવું કે કાંઈક પરિત્યાગ કરવું, અથવા દેવના શિક્ષણને અનુસરવું નહીં
- "ત્યજાયેલો" શબ્દનો ભૂતકાળ તરીકે ઉપયોગ થઈ શકે છે જેમકે, "તેણે તમને દીધા છે" અથવા કોઈ કે જેને "ત્યજી દેવામાં" આવ્યો છે, એમ કરી શકાય છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દના વિવિધ ભાષાંતરમાં, "ત્યાગ" અથવા "ઉપેક્ષા" અથવા "(તે)નો પરિત્યાગ કરવો" અથવા "તેનાથી દૂર જતા રહો" અથવા "પાછળ છોડવું" જેવા શબ્દો વાપરી સંદર્ભ પ્રમાણે તેનું (ભાષાંતર) કરી શકાય છે.
- "દેવના કાયદાનો ત્યાગ કરવો" શબ્દનું ભાષાંતર, "દેવના કાયદાનો અનાદર કરવો" થઈ શકે છે.

તેનું ભાષાંતર "ત્યાગ કરવો" અથવા "પરિત્યાગ કરવો" અથવા "આજ્ઞા પાળવાનું બંધ કરવું" તેનું શિક્ષણ અથવા તેના કાયદા "પાળવાનું બંધ કરવું" પણ થઈ શકે છે.

- "ત્યજાયેલ હોવું" શબ્દસમૂહનું ભાષાંતર, "છોડી દીધેલું હોવું" અથવા "ત્યજી દીધેલું હોવું" તરીકે કરી શકાય છે.
- આ શબ્દના ભાષાંતરને વધારે સ્પષ્ટ કરવા અલગ શબ્દો વાપરવા, જેમકે શું આ લખાણ વસ્તુને અથવા વ્યક્તિના ત્યાગને વર્ણવે છે.

## બાઈબલની કલમો:

- 1 રાજા 6:11-13
- દાનિયેલ 11:29-30
- ઉત્પત્તિ 24:26-27
- યહોશુઆ 24:16-18
- માથ્થી 27:45-47
- નીતિવચન 27:9-10
- ગીતશાસ્ત્ર 71:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H488, H2308, H5203, H5428, H5800, H5805, H7503, G646, G657, G863, G1459, G2641,

# દત્તક લેવું, દત્તક, દત્તક લીધેલ

## વ્યાખ્યા:

"દત્તક," "દત્તક લેવું" શબ્દ, દર્શાવે છે કે જે વ્યક્તિને જૈવિક રીતે પોતાનું બાળક ના હોય પણ તેને કાયદાકીય પ્રક્રિયા દ્વારા અપનાવામાં આવે.

- બાઈબલ આ શબ્દનો ઉપયોગ રૂપક રીતે કરે છે, જે દર્શાવે છે કે કેવી રીતે ઈશ્વર લોકોને પોતાના આત્મિક દીકરા અને દીકરી બનાવી પોતાના કુટુંબના ભાગરૂપ બનાવે છે.
- દત્તક લીધેલ સંતાન તરીકે ઈશ્વર દરેક વિશ્વાસીને પોતાના દીકરા અને દીકરી બનાવી ઇસુ ખ્રિસ્તની સાથે સહવારસ બનાવાની તક આપે છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું ભાષાંતર એવા શબ્દથી કરવું જેથી તે માબાપ-બાળક વચ્ચેના ખાસ સબંધને દર્શાવે.

આ શબ્દનો અર્થ, રૂપક અને આત્મિક રીતે થાય તેની તકેદારી રાખો.

- "પુત્રોને તરીકે દત્તક લીધાનો અનુભવ" શબ્દનું ભાષાંતર "ઈશ્વરે તેના બાળકો તરીકે દત્તક લીધા છે" અથવા "ઈશ્વરના (આત્મિક) બાળકો બન્યા છે" એમ થઇ શકે છે.
- "તેના દત્તક પુત્રો બનવા રાહ જોવી" તેનું ભાષાંતર "ઈશ્વરના બાળકો બનવા તાકીને રાહ જોવી" અથવા "ઈશ્વરના બાળકો બનવા આશા સાથે રાહ જોવી" તેમ થઇ શકે છે.
- "તેમને દત્તક લીધા" નું ભાષાંતર "તેમને બાળકો તરીકે સ્વીકાર્યા" અથવા "તેમને પોતાના (આત્મિક) બાળકો બનાવ્યા" એમ થઇ શકે છે.

(તે પણ જુઓ: વારસ, વારસો, આત્મા)

## બાઈબલની કલમો:

- અફેસી 1:5-6
- ગલાતી04:3-5
- રોમન 8:14-15
- રોમન 8:23-25
- રોમન 9:3-5

## શબ્દ માહિતી:

- Strong's: G5206

# દયા, દયાળુ

## વ્યાખ્યા:

"દયા" તથા "દયાળુ" શબ્દો જરૂરિયાતમંદ લોકોને મદદ કરવાનો ઉલ્લેખ કરે છે, ખાસ કરીને જ્યારે તેઓ નિમ્ન અથવા દયામણી સ્થિતિમાં હોય.

- "દયા" શબ્દમાં લોકોએ કશુંક ખોટું કર્યું હોય તો તેમને શિક્ષા ન કરવાનો અર્થ પણ સમાયેલો છે.
- જ્યારે એક શક્તિશાળી વ્યક્તિ જેમકે એક રાજા લોકોને નુકસાન પહોંચાડવાને બદલે તેઓ સાથે માયાળુપણે વર્તે છે ત્યારે તેને "દયાળુ" કહેવામાં આવે છે.
- દયાળુ હોવાનો અર્થ કોઈ વ્યક્તિ કે જેણે આપણી વિરુદ્ધ કંઈક ખોટું કર્યું હોય તેને માફ કરવાનો પણ છે.
- જ્યારે આપણે જેઓ ખૂબ જ જરૂરિયાતમાં છે તેઓને મદદ કરીએ છીએ ત્યારે આપણે દયા દાખવીએ છીએ.
- ઈશ્વર આપણી પ્રત્યે દયાળુ છે, અને તેઓ ઈચ્છે છે કે આપણે બીજાઓ પ્રત્યે દયાળુ બનીએ.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભને ધ્યાનમાં રાખતા "દયા"નો અનુવાદ "ભલાઈ" અથવા તો "કરુણા" અથવા તો "રહેમ" તરીકે કરી શકાય.
- "દયાળુ" શબ્દનો અનુવાદ "દયા કરવી" અથવા તો "કોઈક પ્રત્યે ભલા હોવું" અથવા તો "માફ કરવું" તરીકે કરી શકાય.
- "દયા બતાવવી" અથવા તો "તેના પર દયા કરવી"નો અનુવાદ "માયાળુપણે વર્તવું" અથવા તો "તેના પર કરુણામય હોવું" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: કરુણા, માફ કરવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 પિતર 1:3-5
- 1 તિમોથી 1:12-14
- દાનિયેલ 9:17-19
- નિર્ગમન 34:5-7
- ઉત્પત્તિ 19:16-17
- હિબ્રૂ 10:28-29
- યાકૂબ 2:12-13
- લૂક 6:35-36
- માથ્થી 9:27-28
- ફિલિપ્પી 2:25-27
- ગીતશાસ્ત્ર 41:4-6
- રોમનો 12:1-2

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **19:16** તેઓ (પ્રબોધકો) બધાએ લોકોને મૂર્તિપૂજા કરવાનું બંધ કરવા અને બીજાઓ પ્રત્યે ન્યાય તથા **દયા** દર્શાવવા કહ્યું.
- **19:17** તે (યર્મિયા) કૂવાના તળિયે રહેલ કાદવમાં ખૂંપી ગયો , પણ પછી રાજાએ તેના પર **દયા** કરી અને તેણે યર્મિયા મરી જાય તે પહેલાં તેને બહાર કાઢવા પોતાના ચાકરોને આજ્ઞા કરી.
- **20:12** ઈરાનનું સામ્રાજ્ય શક્તિશાળી હતું તો પણ તેણે જીતેલા લોકો પ્રત્યે તે **દયાળુ** હતું.
- **27:11** પછી ઈસુએ નિયમના નિષ્ણાંતને પૂછ્યું, "તને શું લાગે છે? જે માણસને લૂંટવામાં અને મારવામાં આવ્યો હતો તેનો પાડોશી તે ત્રણમાંનો કોણ હતો? તેણે જવાબ આપ્યો, "જે વ્યક્તિ તેના પ્રત્યે **દયાળુ** હતો તે."
- **32:11** પણ ઈસુએ તેને કહ્યું, "ના, મારી ઈચ્છા છે કે તું ઘરે જાય અને ઈશ્વરે તારા માટે જે બધું કર્યું છે અને કેવી રીતે તેઓએ તારા પર **દયા** કરી છે તે વિષે તારા મિત્રો તથા કુટુંબને જણાવે.
- **34:9** "પણ કર ઉઘરાવનાર ધાર્મિક આગેવાનથી દૂર ઊભો રહ્યો અને આકાશ તરફ જોયું પણ નહિ. તેને બદલે, તેણે છાતી કૂટીને પ્રાર્થના કરી, 'ઈશ્વર, મારા પર મહેરબાની કરીને **દયા** કરો કારણકે હું પાપી છું.'"

## શબ્દ માહિતી:

- Strong's: H2551, H2603, H2604, H2616, H2617, H2623, H3722, H3727, H4627, H4819, H5503, H5504, H5505, H5506, H6014, H7349, H7355, H7356, H7359, G1653, G1655, G1656, G2433, G2436, G3628, G3629, G3741, G4698

# દયાસન, પ્રાયશ્ચિત્તનું ઢાંકણ

## વ્યાખ્યા:

"દયાસન" સોનાનું બનેલું હતું કે જે કરારકોશના ઉપરના ભાગને ઢાંકવા વપરાતું હતું. ઘણા અંગ્રેજી ભાષાંતરમાં, તેને "પ્રાયશ્ચિતના ઢાંકણ" તરીકે પણ ઓળખવામાં આવ્યું છે.

- દયાસન આશરે 115 સેન્ટીમીટર લાંબુ અને 70 સેન્ટીમીટર પહોળું હતું.
- સોનાના બે કરૂબો તેમની પાંખો સાથે દયાસનની ઉપર જોડાયેલા હતા.
- યહોવાએ કહ્યું કે તે ઈઝરાએલીઓને દયાસનની ઉપર કરૂબોએ પાંખો ફેલાવેલી છે તેની નીચે મળશે.
- ફક્ત મુખ્ય યાજકને આ રીતે લોકોના પ્રતિનિધિ તરીકે યહોવાને મળવાની પરવાનગી હતી.
- ક્યારેક આ પ્રાયશ્ચિતના ઢાંકણને "દયાસન" તરીકે ઓળખવામાં આવ્યું છે, કારણકે તે દર્શાવતું હતું કે દેવની દયા માણસોને પાપથી છોડાવવા માટે નીચે આવે છે.

## ભાષાંતરના સુચનો:

- આ શબ્દને બીજી રીતે ભાષાંતર કરીએ તો "કરારકોશનું આવરણ કે જ દેવના વચન દ્વારા છૂટકારો આપે છે" અથવા "જગ્યા કે જ્યાં દેવ છૂટકારો આપે છે" અથવા "કોશનું ઢાંકણ જ્યાં દેવ માફ કરે છે અને પુનઃસ્થાપિત કરે છે."
- તેનો અર્થ "રીઝવવાનું સ્થાન" પણ થઇ શકે છે.
- "પ્રાયશ્ચિત" "રીઝવવું" અને "છૂટકારો" સાથે આ શબ્દની સરખામણી કરો કે તેનું ભાષાંતર કેવી રીતે થયું છે.

(આ પણ જુઓ: કરારકોશ, પ્રાયશ્ચિત, કરુબીમ, રીઝવવું, છૂટકારો)

બાઈબલની કલમો

- નિર્ગમન 25:15-18
- નિર્ગમન 30:5-6
- નિર્ગમન 40:17-20
- લેવીય 16:1-2
- ગણના 7:89

## શબ્દ માહિતી:

- Strong's: H3727, G2435

# દાન, દાનો

## વ્યાખ્યા:

“દાન” શબ્દ કંઈક કે જે કોઈને આપવામાં અથવા અર્પણ કરવામાં આવે છે, તેને દર્શાવે છે. દાન એ કંઈપણ પાછું મળવાની અપેક્ષા વગર આપવામાં આવે છે.

- પૈસા, ખોરાક, કપડાં, અથવા અન્ય વસ્તુઓ જે ગરીબ લોકોને આપવામાં આવે છે, તેને “દાનો” કહેવામાં આવે છે.
- બાઈબલમાં, દેવને અર્પણ અથવા બલિદાન આપવામાં આવે છે, તેને પણ દાન કહેવામાં આવે છે.
- કંઈક મુક્તિનું દાન છે જે ઈસુમાં વિશ્વાસ દ્વારા દેવ આપણને આપે છે.
- નવા કરારમાં, “દાનો” શબ્દ એ ખાસ આત્મિક ક્ષમતાઓ (વરદાન) દર્શાવવા પણ વાપરવામાં આવ્યો છે કે જે દેવ બધા ખ્રિસ્તીઓને અન્ય લોકોની સેવા કરવા માટે આપે છે.

## ભાષાંતરના સૂચનો:

- “દાન” માટેના સામાન્ય શબ્દનું ભાષાંતર શબ્દ અથવા શબ્દસમૂહ સાથે કરી શકાય કે જેનો અર્થ, “કંઈક કે જે આપવામાં આવે છે.”
- કોઈને દેવ તરફથી દાન (વરદાન) અથવા ખાસ ક્ષમતા હોય તે સંદર્ભમાં, “આત્મા તરફથી દાન” શબ્દનું ભાષાંતર, “આત્મિક ક્ષમતા” અથવા “પવિત્ર આત્મા દ્વારા ખાસ ક્ષમતા” અથવા “ વિશેષ આત્મિક કૌશલ્ય કે જે દેવ આપે છે,” તરીકે (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: આત્મા, પવિત્ર આત્મા)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 12:1-3
- 2 શમુએલ 11:6-8
- પ્રેરિતો 8:20-23
- પ્રેરિતો 10:3-6
- પ્રેરિતો 11:17-18
- પ્રેરિતો 24:17-19
- યાકૂબ 1:17-18
- યોહાન 4:9-10
- માથ્થી 5:23-24
- માથ્થી 8:4

## શબ્દ માહિતી:

- Strong's: H814, H4503, H4864, H4976, H4978, H4979, H4991, H5078, H5083, H5379, H7810, H8641, G334, G1390, G1394, G1431, G1434, G1435, G3311, G5486

# દીકરો

## વ્યાખ્યા:

પુરુષ અને સ્ત્રીનું નર સંતાન તેમનો "દીકરો" તેના સમગ્ર જીવનકાળ દરમિયાન કહેવાય. તેને તે પુરુષનો દીકરો અને તે સ્ત્રીનો દીકરો પણ કહેવાય. "દત્તક પુત્ર" એક પુરુષ છે જેને દીકરો હોવાના સ્થાને કાયદેસર રીતે મૂકવામાં આવ્યો છે.

- શબ્દસમૂહ "નો દીકરો" નો ઉપયોગ વ્યક્તિના પિતા, માતા, અથવા એક પૂર્વજ આગળની કોઈક પેઢીમાંથી માટે કરી શકાય છે. આ શબ્દસમૂહનો ઉપયોગ ઘણા સ્થાનોએ વંશાવળીમાં થાય છે.
- "ઈઝરાયેલના દીકરાઓ" એટલે સામાન્યપણે ઈઝરાયેલી રાષ્ટ્ર (ઉત્પતિ પછી).
- "નો દીકરો" ઉપયોગ કરીને વારંવાર પિતાનું નામ આપીને એવા લોકોની ઓળખ કરવા મદદ કરે છે જેઓના નામ એકસરખા છે. ઉદાહરણ તરીકે, ૧ રાજાઓ ૪ મા, "સાદોકનો દીકરો અઝાર્યા" અને નાથાનનો દીકરો અઝાર્યા" અને ૨ રાજાઓ ૧૫ મા "અમાસ્યાનો દીકરો અઝાર્યા" ત્રણે જુદા જુદા માણસો છે.
- "નો દીકરો" શબ્દસમૂહનો ઉપયોગ વ્યક્તિ સાથે આગળ આવતા વ્યક્તિ અથવા ખ્યાલને જોડવા માટે ઉપયોગમાં લેવાય છે. આ અર્થ ખૂબ વીશાળ રીતે સંદર્ભ દ્વારા નક્કી થાય છે. એ હકારાત્મક હોઈ શકે છે (ઉદાહરણ તરીકે ૨ જો રાજા ૨:૧૬: "ક્ષમતાના દીકરાઓ"), નકારાત્મક (ઉદાહરણ તરીકે ૨ જો શમૂએલ ૭:૧૦" "દુષ્ટતાના દીકરાઓ), જૂથમાં સભ્યપદ આપવું, વ્યક્તિનું નામ લીધા વગર તુચ્છકારને વ્યક્ત કરવો (ઉદાહરણ તરીકે "તમે ઝેરુયાહના દીકરાઓ"), વિગેરે.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દના મોટા ભાગના બનાવોમાં, "દીકરા"નું અનુવાદ ભાષામાં પુત્ર માટે વપરાતા શાબ્દિક શબ્દ દ્વારા કરવું શ્રેષ્ઠ રહેશે.
- "ઈશ્વરના દીકરા" શબ્દસમૂહનું અનુવાદ કરતી વખતે, પ્રોજેક્ટ ભાષાનો "દીકરા" માટેનો સામાન્ય શબ્દ વાપરવો જોઈએ.
- કેટલીકવાર "દીકરાઓ" નું અનુવાદ "બાળકો" કરી શકાય, જ્યારે બંને પુરુષ અને સ્ત્રીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય. ઉદાહરણ તરીકે, "ઈશ્વરના દીકરાઓ" નું અનુવાદ "ઈશ્વરના બાળકો" તરીકે કરી શકાય જેમાં આ અભિવ્યક્તિ છોકરીઓ અને સ્ત્રીઓનો પણ સમાવેશ કરે છે. (આ પણ જુઓ: વંશજ, પૂર્વજ, ઈશ્વરનો દીકરો, ઈશ્વરના દીકરાઓ)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 18:14-17
- 1 રાજાઓ 13:1-3
- 1 થેસ્સલોનિકીઓ 5:4-7
- ગલાતીઓ 4:6-7
- હોશિયા 11:1-2
- યશાયા 9:6-7
- માથ્થી 3:16-17
- માથ્થી 5:9-10
- માથ્થી 8:11-13
- નહેમ્યા 10:28-29

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **4:8** ઈશ્વરે અબ્રામ સાથે વાત કરી અને ફરી વચન આપ્યું કે તેને **દીકરો થશે** આકાશમાંના તારા જેટલા વંશજો થશે.
- **4:9** ઈશ્વરે કહ્યું, "તારા પોતાના દેહમાંથી હું તને **દીકરો** આપીશ."
- **5:5** લગભગ એક વર્ષ બાદ, જ્યારે ઈબ્રાહીમ 100 વર્ષનો હતો ને સારા 90 વર્ષની હતી, ત્યારે સારાએ ઈબ્રાહિમના **દીકરાને** જન્મ આપ્યો.
- **5:8** જ્યારે તેઓ દહનાર્પણની જગાએ પહોંચ્યા, ત્યારે ઈબ્રાહિમે તેના **દીકરા** ઈસહાકને બાંધ્યો અને તેને વેદી પર સુવડાવ્યો. તે તેના **દીકરાને** મારવાની તૈયારીમાં જ હતો ત્યારે ઈશ્વરે કહ્યું, "થોભી જા! છોકરાને નુકસાન પહોંચાડીશ નહિ! હવે હું જાણું છું કે તું મારાથી બીએ છે કારણ કે તેં તારા એકના એક **દીકરાને** મારાથી પાછો રાખ્યો નથી."
- **9:7** જ્યારે તેણીએ બાળકને જોયું, ત્યારે તેણી તેને પોતાના **દીકરા** તરીકે લઇ ગઈ.
- **11:6** ઈશ્વરે મીસરીઓના દરેક પ્રથમ જનીત **દીકરાઓને** મારી નાંખ્યા.
- **18:1** ઘણાં વર્ષો પછી દાઉદ મરણ પામ્યો, અને તેના **દીકરા** સુલેમાને રાજ કરવાની શરૂઆત કરી.
- **26:4** તેઓએ પૂછ્યું, શું એ **દીકરો** યુસફનો છે?"

## શબ્દ માહિતી:

- Strong's: H1060, H1121, H1123, H1248, H3173, H3206, H3211, H4497, H5209, H5220, G3816, G5043, G5207

# દુષ્ટ, દુરાચારી, ન ગમે એવું

## વ્યાખ્યા:

બાઇબલમાં "દુષ્ટ" શબ્દ કાં તો 'નૈતિક દુષ્ટતા' અથવા 'લાગણીની રીતે ન ગમે તેવું,' જેવા ખ્યાલનો ઉલ્લેખ કરે છે. મહદઅંશે સંદર્ભ સ્પસ્ટ કરશે કે ચોક્કસ ઘટનામાં કયો અર્થ સૂચવવામાં આવ્યો છે.

- જ્યારે “દુષ્ટ” એ કદાચ વ્યક્તિના ચારિત્ર્યનુ વર્ણન કરે ત્યારે “દુરાચારી” (શબ્દ) કદાચ વ્યક્તિના વર્તનને દર્શાવે છે. જો કે, બન્ને શબ્દો અર્થમાં ખૂબજ સમાન છે
- “દુષ્ટતા” શબ્દ દર્શાવે છે કે જયારે લોકો દુષ્ટ બાબતો કરે છે ત્યારે તેના અસ્તિત્વમાં રહેલી દુષ્ટતા (દેખાઈ આવે છે).
- દુષ્ટતાનું પરિણામ સ્પષ્ટ બતાવે છે કે કેવી રીતે લોકો બીજાની સાથે ખરાબ વર્તન કરીને, મારી નાખે, ચોરી કરે, નિંદા કરી અને ક્રૂર બની અને નિર્દય બની જતા હોય છે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, “દુષ્ટ” અને “દુરાચારી” શબ્દોનું ભાષાંતર, “ખરાબ” અથવા “પાપી” અથવા “અનૈતિક” તરીકે કરી શકાય.
- બીજી રીતે આ શબ્દનું ભાષાંતર કરવામાં આવે તો, “જે સારું નથી” અથવા “પ્રામાણિક/ન્યાયી નથી” અથવા “નૈતિક નથી” તેવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.
- ખાતરી કરો કે આ શબ્દોનું ભાષાંતર કરવા માટે જે શબ્દો અથવા શબ્દસમૂહો જે સંદર્ભમાં વપરાયા છે તે લક્ષ્ય ભાષામાં તે કુદરતી રીતે બંધ બેસતું હોય.

(આ પણ જુઓ: આજ્ઞાભંગ, પાપ, સારું, પ્રામાણિક, ભૂત)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 24:10-11
- 1 તિમોથી 6:9-10
- 3 યોહાન 1:9-10
- ઉત્પત્તિ 2:15-17
- ઉત્પત્તિ 6:5-6
- અયૂબ 1:1-3
- અયૂબ 8:19-20
- ન્યાયાધીશો 9:55-57
- લૂક 6:22-23
- માથ્થી 7:11-12
- નીતિવચન 3:7-8
- ગીતશાસ્ત્ર 22:16-17

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **2:4** માત્ર ઈશ્વર જાણે છે કે જેવું તમે તે ખાશો, તમે ઈશ્વરના જેવા અને તેમના જેવું સારું અને **ભૂંડું** જાણનાર થશો.
- **3:1** લાંબા સમય પછી, ઘણા લોકો જગતમાં રહેવા લાગ્યા. તેઓ ખૂબજ **દુષ્ટ** અને હિંસક બન્યાં હતા.
- **3:2** પણ નૂહને ઈશ્વરથી કૃપા પ્રાપ્ત થઇ. તે **દુષ્ટ** લોકોની વચ્ચે રહેતો એક પ્રામાણિક માણસ હતો.
- **4:2** ઈશ્વરે જોયું કે જો તેઓ બધા સાથે મળીને **દુષ્ટતા** કરવાનું ચાલુ રાખશે, તો તેઓ ઘણી પાપરૂપ બાબતો કરશે.
- **8:12** જયારે તમે મને ગુલામ તરીકે વેચ્યો ત્યારે તમે દુષ્ટતા કરવા પ્રયાસ કર્યો, પણ ઈશ્વરે **દુષ્ટતા** નો સારા માટે ઉપયોગ કર્યો.
- **14:2** તેઓ (કનાનીઓ) એ જૂઠા દેવોની પૂજા કરી અને ઘણી **દુષ્ટ** બાબતો કરી.
- **17:1** પણ પછી તે માણસ (શાઉલ) **દુષ્ટ** બન્યો કે જેણે ઈશ્વરની આજ્ઞા પાળી નહિ, જેથી ઈશ્વરે બીજો એક માણસ પસંદ કર્યો કે જે એક દિવસ તેની જગાએ રાજા થશે.
- **18:11** ઈઝરાએલના નવા રાજ્યમાં, બધાંજ રાજાઓ **દુષ્ટ** હતા.
- **29:8** રાજા બહુજ ગુસ્સે થયો, કે જેથી **દુષ્ટ** ચાકર જ્યાં સુધી તેનું બધું દેવું ભરપાઈ ન કરે ત્યાં સુધી તેને કેદખાનામાં નાંખ્યો.
- **45:2** તેઓએ કહ્યું, અમે તેને (સ્તેફન) ને મૂસા અને ઈશ્વર વિરુદ્ધ **દુષ્ટ** બાબતો બોલતો સાંભળ્યો.
- **50:17** તે (ઈસુ) દરેક આસું લૂછી નાખશે, અને ત્યાં કોઈ વધુ પીડા, નિરાશા, રડવું, **દુષ્ટતા**, દર્દ, અથવા મરણ હશે નહીં.

## શબ્દ માહિતી:

- Strong's: H205, H605, H1100, H1681, H1942, H2154, H2162, H2617, H3415, H4209, H4849, H5753, H5766, H5767, H5999, H6001, H6090, H7451, H7455, H7489, H7561, H7562, H7563, H7564, G92, G113, G459, G932, G987, G988, G1426, G2549, G2551, G2554, G2555, G2556, G2557, G2559, G2560, G2635, G2636, G4151, G4189, G4190, G4191, G5337

# દેવ, જૂઠા દેવો, દેવી, મૂર્તિ, મૂર્તિઓ, મૂર્તિપૂજક, મૂર્તિપૂજકો, મૂર્તિપૂજક, મૂર્તિપૂજા

## વ્યાખ્યા:

જૂઠો દેવ એ છે કે લોકો સાચા દેવને બદલે તેની પૂજા કરે છે. વિશેષ કરીને “દેવી” શબ્દ, જૂઠા નારી દેવને (દેવીને) દર્શાવે છે.

- આ જૂઠા દેવો અથવા દેવી અસ્તિત્વમાં હોતા નથી.

ફક્ત યહોવા એકલો દેવ છે.

- ક્યારેક લોકો પૂજા કરવા માટે તેઓના જૂઠા દેવોના નિશાન તરીકે મૂર્તિઓની પ્રતિમા બનાવે છે.
- બાઈબલમાં વારંવાર દેવના લોકો જૂઠા દેવોની પૂજા કરવા તેનાથી દૂર ચાલ્યા ગયા.
- મોટેભાગે ભૂતો લોકોને વિશ્વાસ આપીને છેતરે છે કે જૂઠા દેવો અને જે મૂર્તિઓની તેઓ પૂજા કરે છે, તેમની પાસે પણ શક્તિ છે.
- બાઈબલના સમયમાં બઆલ, દેગોન, અને મોલેખ એ ઘણા જૂઠા દેવોમાંના ત્રણ હતા કે, જેઓની લોકો દ્વારા પૂજા થતી હતી.
- અશેરાહ અને આર્તીમીશ (ડાયના) બે દેવીઓ હતી કે પ્રાચીન લોકોએ તેઓની પૂજા કરતા. મૂર્તિ એ એક વસ્તુ છે કે લોકો તેને બનાવે છે જેથી તેઓ તેની પૂજા કરી શકે. સાચા ઈશ્વર વગર બીજા કોઈને માન આપવામાં આવે તેને “મૂર્તિપૂજક” કહેવામાં આવે છે.
- લોકો જૂઠા દેવોની મૂર્તિઓ બનાવી તેનું પ્રતિનિધિત્વ કરે છે કે તેઓ તેની પૂજા કરે.
- આ જૂઠા દેવો અસ્તિત્વમાં નથી, યહોવા વિના કોઈ દેવ નથી.
- ક્યારેક ભૂતો એક મૂર્તિ દ્વારા કાર્ય કરે છે કે જે બતાવે છે કે તેની પાસે શક્તિ છે.
- મોટેભાગે મૂર્તિઓને કિંમતી સામગ્રી જેવી કે સોનું, ચાંદી, પિત્તળ, અથવા મોંઘા લાકડામાંથી બનાવવામાં આવે છે.
- “મૂર્તિપૂજક રાજ્ય” શબ્દનો અર્થ, “લોકોનું રાજ્ય જે જ્યાં મૂર્તિઓની પૂજા થાય છે” અથવા “લોકોનું રાજ્ય કે જ્યાં પૃથ્વીની વસ્તુઓની પૂજા કરે છે.”
- “મૂર્તિપૂજાની આકૃતિ” શબ્દ એ “કોતરેલી પ્રતિમા” અથવા એક “મૂર્તિ” માટેનો અન્ય શબ્દ છે.

## ભાષાંતરના સૂચનો:

- કદાચ ત્યાંની નજીકમાં રહેતા ભાષાવાળા લોકો પાસે, “દેવ” અથવા “જૂઠો દેવ” શબ્દ હોઈ શકે છે.
- “મૂર્તિ” શબ્દ જૂઠા દેવોને દર્શાવવા માટે વાપરી શકાય છે.
- અંગ્રેજીમાં, જૂઠા દેવોને દર્શાવવા માટે નાનો “જી” (G) વાપરવામાં આવ્યો છે, અને સાચા દેવને દર્શાવવા માટે મોટો “જી” વાપરવામાં આવ્યો છે. અન્ય ભાષાઓ પણ તેમજ કરે છે.
- અન્ય વિકલ્પમાં જૂઠા દેવોને દર્શાવવા માટે સંપૂર્ણપણે અલગ શબ્દનો ઉપયોગ કરવો.
- કદાચ કેટલીક ભાષાઓમાં જૂઠા દેવો નર કે નારી છે તે સ્પષ્ટતા કરવા જે તે શબ્દ ઉમેરવામાં આવે છે.

(આ પણ જુઓ: દેવ, અશેરાહ, બઆલ, મોલેખ, ભૂત, પ્રતિમા, રાજ્ય, પૂજા)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 35:1-3
- નિર્ગમન 32:1-2
- ગીતશાસ્ત્ર 31:5-7
- ગીતશાસ્ત્ર 81:8-10
- યશાયા 44:20
- પ્રેરિતો 7:41-42
- પ્રેરિતો 7:43
- પ્રેરિતો 15:19-21
- પ્રેરિતો 19:26-27
- રોમન 2:21-22
- ગલાતી 4:8-9
- ગલાતી 5:19-21
- કલોસ્સી 3:5-8
- 1 થેસ્સલોનિકી 1:8-10

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો :

- **10:2** આ મરકી દ્વારા, દેવે ફારુન ને બતાવ્યું કે, તે ફારુન અને મિસરના સઘળા **દેવો** કરતા વધારે શક્તિશાળી છે.
- **13:4** પછી દેવે તેઓને કરાર આપ્યો અને કહ્યું, "હું યહોવા, તમારો દેવ છું, કે જેણે તમને મિસરની ગુલામીમાંથી બચાવ્યા. અન્ય **દેવોની** પૂજા કરશો નહીં.
- **14:2** તેઓ (કનાનીઓ) એ જૂઠા **દેવોની** પૂજા કરી અને ઘણી દુષ્ટ બાબતો કરી.
- **16:1** ઈઝરાએલીઓએ યહોવા સાચા દેવને બદલે, કનાનીઓના **દેવોની** આરાધના કરવાની શરૂઆત કરી.
- **18:13** પણ મોટાભાગના યહૂદાના રાજાઓ દુષ્ટ, ભ્રષ્ટ હતા, અને તેઓએ મૂર્તિઓની આરાધના કરી. કેટલાક રાજાઓએ જૂઠા **દેવોને** તેઓના બાળકોનું બલિદાન પણ આપ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H205, H367, H410, H426, H430, H457, H1322, H1544, H1892, H2553, H3649, H4656, H4906, H5236, H5566, H6089, H6090, H6091, H6456, H6459, H6673, H6736, H6754, H7723, H8163, H8251, H8267, H8441, H8655, G1493, G1494, G1495, G1496, G1497, G2299, G2712

# દેવદૂત, દેવદૂતો, મુખ્ય દેવદૂત

## વ્યાખ્યા:

દેવદૂત ઈશ્વર દ્વારા સર્જાયેલ એક આત્મા છે. જે પ્રમાણે ઈશ્વર આજ્ઞા આપે તે પ્રમાણે કરવા દૂતો હયાતી ધરાવે છે. "મુખ્ય દેવદૂત" શબ્દ એવા દેવદૂતને દર્શાવે છે કે જે બીજા દેવદૂતો પર શાસન કરનાર અથવા આગેવાની આપનાર છે.

- "દેવદૂત" શબ્દનો શાબ્દિક અર્થ "સંદેશવાહક" થાય છે.
- "મુખ્ય દેવદૂત" આ શબ્દનો શાબ્દિક અર્થ "મુખ્ય સંદેશવાહક" થાય છે.

બાઈબલમાં ફક્ત મિખાયેલ માટે "મુખ્ય દેવદૂત" છે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

- બાઈબલમાં દેવદૂતો દેવ તરફથી લોકોને સંદેશાઓ આપતા.

આ સંદેશાઓમાં દેવ લોકો પાસે શું કરાવવા માંગે છે તેની સૂચનાઓનો સમાવેશ થાય છે.

- દેવદૂતો ભવિષ્યમાં શું ઘટનાઓ બનવાની છે અથવા કઈ ઘટનાઓ અગાઉથી બની ગઈ છે તે વિશે પણ લોકોને જણાવતા.
- દેવદૂતોને દેવના પ્રતિનિધિ તરીકે અધિકાર રહેલો છે અને ઘણીવાર બાઈબલમાં દેવ પોતે બોલી રહ્યા છે તેમ તેઓ બોલ્યા.
- બીજી રીતે જોઈએ દેવદૂતો લોકોને રક્ષણ આપી અને તેમને દ્રઢ કરી દેવની સેવા કરતા.
- "યહોવાનો દૂત" તે વિશેષ વાક્યના એક કરતાં વધારે અર્થ હોઈ શકે: 1) તે અર્થ કદાચ "દેવદૂત કે જે યહોવાનું પ્રતિનિધિત્વ કરે છે તે દર્શાવે છે" અથવા "સંદેશવાહક કે જે યહોવાની સેવા કરે છે."

2) તે કદાચ યહોવા પોતે છે તેમ દર્શાવે છે, અને જે વ્યક્તિ સાથે તે બોલે છે તેને દેવદૂત જેવો દેખાય છે.

આ બેમાંનો એક અર્થ સમજાવે છે કે કેવી રીતે દુતો "હું" શબ્દનો ઉપયોગ કરે છે જાણે કે યહોવા પોતે બોલી રહ્યા છે.

## ભાષાંતરના સૂચનો:

"દૂત" શબ્દનું ભાષાંતર "દેવ તરફથી સંદેશવાહક" અથવા "દેવનો સ્વર્ગીય સેવક" અથવા "દેવનો આત્મિક સંદેશ વાહક" એમ થઇ શકે છે. આ શબ્દ "મુખ્ય દૂતનું" ભાષાંતર "વડો દૂત" અથવા "સૌની ઉપર હુકમ ચલાવનાર દૂત" અથવા "દુતોનો આગેવાન" એમ થઇ શકે છે.

- આ શબ્દનું રાષ્ટ્રીય ભાષા અથવા સ્થાનિક ભાષામાં કેવી રીતે ભાષાંતર કરવું તે ધ્યાન રાખવું.

"યહોવાનો દૂત" શબ્દના ભાષાંતર માટે "દૂત" અથવા "યહોવા" શબ્દોનો ઉપયોગ થયો હોવો જોઈએ. તેથી આ શબ્દ માટે જુદાજુદા ખુલાસાઓ થઇ શકે છે. આ શબ્દનું શક્ય ભાષાંતર "યહોવા તરફથી દૂત" અથવા "યહોવા દ્વારા મોકલેલ દૂત" અથવા "યહોવા, કે જે દૂત સમાન દેખાય છે" તેમ થઇ શકે છે.

(આ પણ જુઓ : અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ : મુખ્ય, વડો, સંદેશવાહક, મિખાએલ, શાસક, સેવક)

## બાઈબલની કલમો :

- 2 શમુએલ 24:15-16
- પ્રેરિતો 10:3-6
- પ્રેરિતો 12:22-23
- ક્લોસ્સીઓ 2:18-19
- ઉત્પત્તિ 48:14-16
- લૂક 2:13-14
- માર્ક 8:38
- માથ્થી 13:49-50
- પ્રકટીકરણ 1:19-20
- ઝખાર્યા 1:7-9

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **2:12** દેવે મોટા શક્તિશાળી દૂતોને બાગના પ્રવેશ દ્વાર આગળ રાખ્યા કે કોઇપણ જીવનના વ્રુક્ષનું ફળ ખાવાથી દુર રહે.
- **22:3** દૂતે ઝખાર્યાને જવાબ આપ્યો "તને સુસમાચાર આપવા દેવે મને મોકલ્યો હતો."
- **23:6** એકાએક ચમકતો **દૂત** તેઓને (ઘેટાપાળકોને) દેખાયો, અને તેઓ ભયભીત થયા. **દૂતે** "કહ્યું ગભરાશો નહીં કારણકે મારી પાસે તમારા માટે શુભ સમાચાર છે."
- **23:7** એકાએક, દેવની સ્તુતિ કરતાં **દેવદૂતો** થી આકાશ ભરાઈ ગયું.
- **25:8** પછી **દેવદૂતો** એ આવીને ઈસુની સંભાળ લીધી.
- **38:12** ઈસુ ખુબજ વ્યથિત હતા અને તેનો પરસેવો લોહીના ટીપાં જેવો થઇ ગયો.

તેને શક્તિ આપવા દેવે દૂતને મોકલ્યો.

- **38:15** "મારા બચાવ માટે પિતા પાસે હું **દૂતો** નું સૈન્ય માગી શકું છું."

## શબ્દ માહિતી:

- Strong's: H47, H430, H4397, H4398, H8136, G32, G743, G2465

# દેવની પ્રતિમા, સ્વરૂપ

## વ્યાખ્યા:

“પ્રતિમા” શબ્દ દર્શાવે છે કે કંઈક જે બીજાના જેવું જ દેખાય છે અથવા કે જે જેનામાં બીજાના જેવું ચરિત્ર અથવા ગુણ દેખાય. સંદર્ભ પર આધાર રાખીને, “દેવની પ્રતિમા” શબ્દસમૂહને વિવિધ રીતે વાપરવામાં આવ્યો છે.

- શરૂઆતના સમયમાં, દેવે “પોતાના સ્વરૂપ પ્રમાણે” માનવ જાતને ઉત્પન્ન કર્યું, જેનામાં “તેના જેવી સમાનતા” હતી. તેનો અર્થ કે લોકોમાં ચોક્કસ પ્રકારની લાક્ષણિકતા રહેલી છે જે દેવની પ્રતિમાનું પ્રતિબિંબ પાડે છે, જેવા કે લાગણીનો અનુભવ કરવાની શક્તિ, તર્ક શક્તિ અને વાતચીત કરવાની ક્ષમતા, અને આત્મા કે જે (આપણામાં) સદાકાળ જીવે છે.
- બાઈબલ શીખવે છે કે ઈસુ, દેવનો દીકરો, જે “દેવની પ્રતિમા છે”, (અને) તે પોતે દેવ છે. ઈસુને બીજા મનુષ્યની જેમ બનાવવામાં આવ્યો નહોતો. અનંતકાળથી દેવ પુત્રની પાસે બધાજ દૈવી લક્ષણો છે કારણકે તેની પાસે ઈશ્વર પિતાની જેમ એ જ પ્રકારના ગુણો રહેલા છે.

## ભાષાંતરના સૂચનો:

- “દેવની પ્રતિમા” તરીકે જયારે ઈસુને દર્શાવવા આવે છે ત્યારે તેનું ભાષાંતર, “દેવના સમાન સ્વરૂપમાં” અથવા “દેવની જેમ જ” કરી શકાય છે.
- જયારે માણસ જાતને દર્શાવવામાં આવે છે, ત્યારે “દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે તેઓને બનાવ્યા” તેનું ભાષાંતર, શબ્દસમૂહ સાથે કરવામાં આવે તો તેનો અર્થ, “દેવે તેઓને તેના જેવા થવા માટે ઉત્પન્ન કર્યા” અથવા “દેવે તેઓને તેના પોતાના જેવા લક્ષણો સાથે ઉત્પન્ન કર્યા.”

(આ પણ જુઓ: પ્રતિમા, દેવનો દીકરો, દેવનો પુત્ર)

## બાઈબલની કલમો:

- 2 કરિંથી 4:3-4
- કલોસ્સી 3:9-11
- ઉત્પત્તિ 1:26-27
- ઉત્પત્તિ 9:5-7
- યાકૂબ 3:9-10
- રોમન 8:28-30

## શબ્દ માહિતી:

- Strong's: H4541, H1544, H2553, H6456, H6459, H6754, H6816, H8403, G504, G179

# દેવનું ઘર, યહોવાનું ઘર

## વ્યાખ્યા:

બાઈબલમાં, "દેવનું ઘર" (દેવનું ઘર) અને "યહોવાનું ઘર" (યહોવાનું ઘર) શબ્દસમૂહો જ્યાં દેવની આરાધના થાય છે, તે સ્થળ ને દર્શાવે છે.

- મુલાકાત મંડપ અથવા મંદિરને દર્શાવવા પણ આ શબ્દને વધુ નિશ્ચિત રીતે વાપરવામાં આવ્યો છે.
- ક્યારેક "દેવના ઘર"ને દેવના લોકોને દર્શાવવા વાપરવામાં આવ્યો છે.

## ભાષાંતરના સૂચનો:

- જયારે આરાધનાના સ્થળ તરીકે દર્શાવવામાં આવે છે, ત્યારે આ શબ્દનું ભાષાંતર, "દેવની આરાધના માટેનું ઘર" અથવા "દેવની આરાધના માટેનું સ્થળ" તરીકે કરી શકાય છે.
- જો તે મંદિર અથવા મુલાકાત મંડપને દર્શાવે છે, તો આ શબ્દનું ભાષાંતર "મંદિર (અથવા મુલાકાત મંડપ) જ્યાં દેવની આરાધના થાય છે ("જ્યાં દેવ હાજર છે" અથવા "જ્યાં દેવ તેના લોકોને મળે છે") તરીકે કરી શકાય છે.
- જયારે "ઘર" વિશે વાત કરવામાં આવે ત્યારે, માહિતીસંચાર માટે દેવ "ત્યાં રહે છે" તે શબ્દ વાપરવો અગત્યનો છે, એટલે કે તેનો આત્મા તેના લોકોને મળવા અને તેઓ દ્વારા તેની આરાધના પ્રાપ્ત કરવા માટે તે એ સ્થળમાં છે.

(આ પણ જુઓ: દેવના લોકો, મુલાકાત મંડપ, મંદિર)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 3:14-15
- 2 કાળવૃતાંત 23:8-9
- એઝરા 5:12-13
- ઉત્પત્તિ 28:16-17
- ન્યાયાધીશો 18:30-31
- માર્ક 2:25-26
- માથ્થી 12:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H426, H430, H1004, H1005, H3068, G2316, G3624

# દેહ

## વ્યાખ્યા:

બાઈબલમાં, શાબ્દિક રીતે “દેહ” શબ્દ, માનવી અથવા પ્રાણીના શારીરિક શરીરની નરમ પેશીઓને દર્શાવે છે.

- રૂપકાત્મક રીતે સઘળા માનવ જાત અથવા સઘળા જીવિત પ્રાણીઓને દર્શાવવા બાઈબલ પણ “દેહ” શબ્દનો ઉપયોગ કરે છે.
- નવા કરારમાં, “દેહ” શબ્દ માનવ જાતના પાપી સ્વભાવને દર્શાવવા માટે વપરાયેલ છે.

મોટે ભાગે આ શબ્દ તેઓના આત્મિક સ્વભાવના વિરોધાભાસમાં વાપરવામાં આવ્યો છે.

- “પોતાનો દેહ અને લોહી” અભિવ્યક્તિ કોઈ કે જે જૈવિક રીતે બીજી વ્યક્તિને સંબંધિત છે, જેવા કે માતા- પિતા, ભાઈ-બહેન, બાળક, અથવા પૌત્ર-પૌત્રીને દર્શાવે છે.
- “દેહ અને લોહી” અભિવ્યક્તિ વ્યક્તિના પૂર્વજો અથવા વંશજોને પણ દર્શાવી શકે છે.
- “એક દેહ” અભિવ્યક્તિ લગ્નમાં પુરુષ અને સ્ત્રી શારીરિક રીતે એક થાય છે તેને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- એક પ્રાણીના શરીરના સંદર્ભમાં, “દેહ” શબ્દનું ભાષાંતર, “શરીર” અથવા “ચામડી” અથવા “માંસ” તરીકે કરી શકાય છે. જયારે આ શબ્દ સામાન્ય રીતે જીવતા પ્રાણીને માટે કરવામાં આવે છે, ત્યારે આ શબ્દનું ભાષાંતર, “જીવતા પ્રાણીઓ” અથવા “જે કાંઈ જીવતું છે,” એમ (ભાષાંતર) થઇ શકે છે.
- સામાન્ય રીતે જયારે બધા લોકો માટે દર્શાવવામાં આવે છે, ત્યારે આ શબ્દનું ભાષાંતર, “લોકો” અથવા “માનવ જાત” અથવા “દરેક જેઓ જીવે છે,” તરીકે કરી શકાય છે.
- “માંસ અને લોહી” અભિવ્યક્તિનું ભાષાંતર, “સંબંધીઓ” અથવા “કુટુંબ” અથવા “સ્વજન” અથવા “કુટુંબનું કુળ” તરીકે પણ કરી શકાય છે.

કદાચ જ્યાં સંદર્ભ હોય છે, ત્યાં તેનું ભાષાંતર “પૂર્વજો” અથવા “વંશજો” તરીકે કરી શકાય છે.

- કેટલીક ભાષાઓમાં કદાચ આ અભિવ્યક્તિનો સમાન અર્થ, “માંસ અને લોહી” હોઈ શકે છે.
- “એક દેહ થવું” અભિવ્યક્તિનું ભાષાંતર, “જાતીય રીતે એક થવું” અથવા “એક શરીર થવું” અથવા “આત્મા અને શરીરમાં એક વ્યક્તિ જેવું બનવું,” તરીકે કરી શકાય છે.

આ અભિવ્યક્તિનું ભાષાંતર લક્ષ્ય ભાષા અને સંસ્કૃતિમાં સ્વીકાર્ય છે તે ખાતરી કરી ચકાસવું જોઈએ. (જુઓ: સૌમ્યોક્તિ). આ શબ્દનો અર્થ રૂપકાત્મક સમજાવો જોઈએ, અને તેનો અર્થ એવો નથી કે પુરુષ અને સ્ત્રી “એક દેહ બન્યા” એટલે કે તેઓ વાસ્તવિક રીતે એક વ્યક્તિ બન્યા.

## બાઈબલની કલમો:

- 1 યોહાન 2:15-17
- 2 યોહાન 1:7-8
- એફેસી 6:12-13
- ગલાતી 1:15-17
- ઉત્પત્તિ 2:24-25
- યોહાન 1:14-15
- માથ્થી 16:17-18
- રોમન 8:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H829, H1320, H1321, H2878, H3894, H4207, H7607, H7683, G2907, G4559, G4560, G4561

# દૈવી

## વ્યાખ્યા:

"દૈવી" શબ્દ કંઈપણ દેવને લગતું દર્શાવે છે.

- આ શબ્દમાં બીજા કેટલાક શબ્દો જેવા કે, "દૈવી અધિકાર," દૈવી ન્યાય," "દૈવી સ્વભાવ," "દૈવી શક્તિ," અને દૈવી "મહિમા," (જેવા શબ્દો) વપરાય છે.
- બાઈબલના એક ભાગમાં, જૂઠા દેવતાનું કાંઇક વર્ણન કરવા "દૈવી" શબ્દ વપરાયો છે.

## ભાષાંતરના સૂચનો:

- "દૈવી" શબ્દનું ભાષાંતરમાં બીજા શબ્દો જેવા કે, "દેવનું" અથવા "દેવથી" અથવા "દેવને લગતું" અથવા "દેવના ચારિત્ર્યને લગતું" સમાવેશ કરી શકાય છે.
- ઉદાહરણ તરીકે, "દૈવી અધિકાર" શબ્દનું ભાષાંતર, "દેવનો અધિકાર" અથવા "અધિકાર કે જે દેવથી આવે છે" તરીકે કરી શકાય.
- "દૈવી મહિમા" શબ્દનું ભાષાંતર, "દેવનો મહિમા" અથવા "મહિમા કે જે દેવને છે" અથવા "મહિમા કે જે દેવથી આવે છે," તરીકે કરી શકાય છે.
- કેટલાક ભાષાંતરોમાં જયારે કઈંક કે જે જૂઠા દેવને (મહિમા) દર્શાવવાનું હોય છે ત્યારે કદાચ અન્ય શબ્દ વાપરવાનું પસંદ કરે છે.

(આ પણ જુઓ: અધિકાર, જૂઠો દેવ, મહિમા, દેવ, ન્યાયાધીશ, શક્તિ)

## બાઈબલની કલમો:

- 2 કરિંથી 10:3-4
- 2 પિતર 1:3-4
- રોમન 1:20-21

## શબ્દ માહિતી:

- Strong's: G2304, G2999

# દોષિત, દંડ પામે છે, દોષિત ઠરાવેલું, દંડાજ્ઞા

## વ્યાખ્યા:

"દોષિત" અને "દંડાજ્ઞા" શબ્દો, કોઈને કઈંક ખોટું કરવા માટે ન્યાય કરવો, તે દર્શાવે છે.

- "દોષિત" શબ્દ, મોટેભાગે વ્યક્તિ કે જેણે ખોટું કર્યું છે તેને સજા આપવા માટે વાપરવામાં આવે છે.
- "દોષિત" શબ્દનો અર્થ, ક્યારેક કોઈકને ખોટી રીતે દોષારોપણ કરવું અથવા કોઈનો કઠોરતાથી ન્યાય કરવો.
- "દંડાજ્ઞા" શબ્દ કોઈને દોષિત ગણવો કરવો અથવા તહોમત મૂકવાનું કાર્ય દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર "કઠોરતાથી ન્યાય કરવો" અથવા "ખોટી રીતે ટીકા કરવી" તરીકે કરી શકાય છે.
- "તેને દોષિત ઠરાવો" વાક્યનું ભાષાંતર, "ન્યાયમાં તે અપરાધી છે" અથવા "પાપી જાહેર કરવો" અથવા "એવા સ્થાન પર કે જ્યાં તેને પાપ માટે અવશ્ય સજા કરવી" એમ કરી શકાય છે.
- "દંડાજ્ઞા" શબ્દનું ભાષાંતર, "કઠોરતાથી ન્યાય કરવો" અથવા "દોષિત જાહેર કરવું" અથવા "અપરાધની સજા" તરીકે કરી શકાય.

(આ પણ જુઓ: ન્યાય, સજા)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 3:19-22
- અયૂબ 9:27-29
- યોહાન 5:24
- લૂક 6:37
- માથ્થી 12:7-8
- નીતિવચન 17:15-16
- ગીતશાસ્ત્ર 34:21-22
- રોમન 5:16-17

## શબ્દ માહિતી:

- Strong's: H6064, H7034, H7561, H8199, G176, G843, G2607, G2613, G2631, G2632, G2633, G2917, G2919, G2920, G5272, G6048

# દ્રષ્ટાંત, દ્રષ્ટાંતો

## વ્યાખ્યા:

"દ્રષ્ટાંત" શબ્દ સામાન્ય રીતે એક નાની વાર્તા અથવા તો પદાર્થપાઠનો ઉલ્લેખ કરે છે કે જેનો ઉપયોગ એક નૈતિક સત્ય સમજાવવા અથવા તો શીખવવા થાય છે.

- ઈસુએ પોતાના શિષ્યોને શીખવવા દ્રષ્ટાંતોનો ઉપયોગ કર્યો.

જો કે તેમણે લોકોના ટોળાઓને પણ દ્રષ્ટાંતો કહ્યાં, તો પણ તેમણે હંમેશાં દ્રષ્ટાંતની સમજણ આપી નહિ.

- દ્રષ્ટાંતનો ઉપયોગ એક તરફ ફરોશીઓ જેવા લોકો કે જેઓ ઈસુમાં વિશ્વાસ કરતાં ન હતા તેઓથી સત્યને છુપાવવા તો બીજી તરફ પોતાના શિષ્યોને સત્ય પ્રગટ કરવા કરી શકાતો હતો.
- નાથાન પ્રબોધકે દાઉદ રાજાને તેનું ભયંકર પાપ બતાવવા એક દ્રષ્ટાંત કહ્યું હતું.
- ભલા સમરૂનીની વાર્તા એક દ્રષ્ટાંત કે જે વાર્તા છે તેનું ઉદાહરણ છે.

ઈસુએ જૂની તથા નવી મશકોની સરખામણી કરી તે દ્રષ્ટાંતનું એક ઉદાહરણ છે. શિષ્યોને ઈસુનું શિક્ષણ સમજવામાં મદદ કરવા તે એક પદાર્થપાઠ હતો.

(આ પણ જૂઓ: સમરૂન)

## બાઇબલના સંદર્ભો:

- લૂક 5:36
- લૂક 6:39-40
- લૂક 8:4-6
- લૂક 8:9-10
- માર્ક 4:1-2
- માથ્થી 13:3-6
- માથ્થી 13:10-12
- માથ્થી 13:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H1819, H4912, G3850, G3942

# નમ્ર, નમ્ર કરાયેલું, દીનતા/નમ્રતા

## વ્યાખ્યા:

નમ્ર શબ્દ એવી વ્યક્તિને વર્ણવે છે કે જે બીજાઓ કરતાં પોતે વધુ સારો (સારી) છે એમ વિચારતો નથી. તે અભિમાની અથવા ઘમંડી નથી. નમ્રતા એ નમ્ર હોવાનો ગુણ છે.

- ઈશ્વરની આગળ નમ્ર હોવાનો અર્થ, ઈશ્વરની મહાનતા, ડહાપણ, અને સંપૂર્ણતાની સરખામણીમાં પોતાની નબળાઈ અને અપૂર્ણતાને સમજવી.
- જયારે વ્યક્તિ પોતાને નમ્ર કરે છે, ત્યારે તે પોતાને નિમ્ન મહત્વના દરજ્જામાં મૂકે છે.
- નમ્રતા એટલે પોતાની જરૂરિયાતો કરતાં બીજાની જરૂરિયાતોની વધારે કાળજી રાખવી.
- નમ્રતાનો અર્થ, જયારે પોતાના વરદાનો અને ક્ષમતાઓને વિનમ્રતાના વલણથી ઉપયોગમાં લઇ સેવા કરવી.
- “નમ્ર રહેવું” શબ્દસમૂહનું ભાષાંતર, “ઘમંડી ન રહો” તરીકે કરી શકાય છે.
- “ઈશ્વરની આગળ સ્વને નમ્ર કરો,”નું ભાષાંતર “ઈશ્વરની મહાનતાને ઓળખી, તેમની ઈચ્છાને આધિન થાઓ” કરી શકાય.

(આ પણ જુઓ: અભિમાની)

## બાઈબલની કલમો:

- યાકૂબ 1:19-21
- યાકૂબ 3:13-14
- યાકૂબ 4:8-10
- લૂક 14:10-11
- લૂક 18:13-14
- માથ્થી 18:4-6
- માથ્થી 23:11-12

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:2** દાઉદ એ નમ્ર અને ન્યાયી માણસ હતો કે જેણે ઈશ્વર પર ભરોસો રાખ્યો અને તેમને આધીન રહ્યો.
- **34:10** “દરેક કે જેઓ અભિમાની છે તેઓને ઈશ્વર **નમ્ર** કરશે, અને તે જે કોઈ પોતાને **નમ્ર કરે છે** તેને ઊંચો કરશે.”

## શબ્દ માહિતી:

- Strong's: H1792, H3665, H6031, H6035, H6038, H6041, H6800, H6819, H7511, H7807, H7812, H8213, H8214, H8215, H8217, H8467, G858, G4236, G4239, G4240, G5011, G5012, G5013, G5391

# નર્ક, અગ્નિની ખાઈ

## વ્યાખ્યા:

નર્ક એ દુઃખ અને પીડાનું અંતિમ શાશ્વત સ્થળ છે જ્યાં દેવ દરેક કે જેઓ તેની વિરુદ્ધ બળવો કરે છે અને ઈસુના બલિદાન દ્વારા તેઓને બચાવવાની તેની યોજનાને નકારે છે, તેઓને સજા કરશે. તેને "અગ્નિની ખાઈ" તરીકે પણ દર્શાવવામાં આવી છે.

- નર્કને અગ્નિના સ્થળ અને ગંભીર યાતનાની જગ્યા તરીકે વર્ણવામાં આવ્યું છે.
- શેતાન અને દુષ્ટ આત્માઓ કે જે તેને અનુસરે છે તેઓને અનંતકાળની સજા માટે નર્કમાં નાખવામાં આવશે.
- લોકો કે જેઓ તેઓના પાપ માટેના ઈસુના બલિદાનમાં વિશ્વાસ કરતા નથી અને તે તેઓને બચાવશે તેવો વિશ્વાસ તેનામાં રાખતા નથી, તેઓને નર્કમાં સદાકાળની સજા થશે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દ અલગ સંદર્ભોમાં જુદી રીતે આવતો હોય છે, તેથી તેનું ભાષાંતર અલગ રીતે થવું જોઈએ.
- કેટલીક ભાષાઓ "અગ્નિની ખાઈ (તળાવ)" શબ્દસમૂહમાં "તળાવ" શબ્દનો ઉપયોગ કરી શકતા કરતા નથી કારણકે તે પાણીને દર્શાવે છે.
- "નર્ક" શબ્દનું ભાષાંતર, "દુઃખનું સ્થળ" અથવા "દુઃખ અને અંધકારનું અંતિમ સ્થળ" તરીકે કરી શકાય છે.
- "અગ્નિની ખાઈ" શબ્દનું ભાષાંતર, "અગ્નિનો સમુદ્ધ" અથવા "(દુઃખનો) વિશાળ અગ્નિ" અથવા "અગ્નિનું ક્ષેત્ર" તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: સ્વર્ગ, મરણ, હાદેસ, પાતાળ)

## બાઈબલની કલમો:

- યાકૂબ 3:5-6
- લૂક 12:4-5
- માર્ક 9:42-44
- માથ્થી 5:21-22
- માથ્થી 5:29-30
- માથ્થી 10:28-31
- માથ્થી 23:32-33
- માથ્થી 25:41-43
- પ્રકટીકરણ 20:13-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **50:14** તે (દેવ) તેઓને **નર્ક** માં ફેંકી દેશે, જ્યાં તેઓને હંમેશા વેદનામાં રડવું અને દાંત પીસવું થશે.

અગ્નિ કે જે કદી હોલવાશે નહિ પણ સતત તે તેઓને બાળશે, અને કીડાઓ તેઓને ખાવાનું કદી બંધ કરશે નહીં.

- **50:15** તે શેતાનને **નર્ક** માં નાંખી દેશે, ત્યાં તે તથા તેની સાથે જેઓ દેવને આધીન થવાને બદલે શેતાનને અનુસરવાનું પસંદ કર્યું તેઓ સદાકાળ માટે બળશે.

## શબ્દ માહિતી:

- Strong's: H7585, G86, G439, G440, G1067, G3041, G4442, G4443, G4447, G4448, G5020, G5394, G5457

# નાજીરી, નાજીરીઓ, નાજીરવ્રત

## તથ્યો:

“નાજીરી” શબ્દ એક વ્યક્તિ કે જેણે “નાજીરવ્રત” લીધું છે તેનો ઉલ્લેખ કરે છે. મહદ્અંશે પુરુષો આ વ્રત લેતા હતા, પણ સ્ત્રીઓ પણ તે લઈ શકતી હતી.

- નાજીરવ્રત લેનાર વ્યક્તિ તે વ્રત પૂરું કરવાના નિયત સમયગાળા દરમ્યાન દ્રાક્ષાનો બનાવેલો ખોરાક કે પીણું ન લેવા પ્રતિજ્ઞા લેતી હતી.

આ સમયગાળા દરમ્યાન તેણે વાળ પણ કપાવવાના ન હતા અને મૃતદેહ પાસે જવાનું ન હતું.

- જ્યારે નિયત સમયગાળો પૂરો થતો અને વ્રત પૂરું થતું ત્યારે, નાજીરી યાજક પાસે જતો અને અર્પણ કરતો.

ત્યારે તેના વાળ કાપવામાં આવતા અને બાળી નાખવામાં આવતા. બીજા બધા પ્રતિબંધો પણ દૂર કરવામાં આવતા હતા.

- સામસૂન જૂના કરારનો પ્રસિદ્ધ માણસ છે કે જેણે નાજીરીવ્રત લીધું હતું.
- યોહાન બાપ્તિસ્મીનો જન્મ ઘોષિત કરનાર દૂતે ઝખાર્યાને કહ્યું કે તેનો પુત્ર દ્રાક્ષાસવ નહિ પીએ કે જે કદાચને દર્શાવે છે કે યોહાન નાજીરીવ્રત હેઠળ હતો.
- પ્રેરિતોનાં કૃત્યોના એક શાસ્ત્રભાગ અનુસાર પાઉલ પ્રેરિતે પણ એક સમયે આ વ્રત લીધું હશે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: યોહાન (બાપ્તિસ્મી), બલિદાન, સામસૂન, વ્રત, [ઝખાર્યા]

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 18:18-19
- આમોસ 2:11-12
- ન્યાયાધીશો 13:3-5
- ગણના 6:1-4

## શબ્દ માહિતી:

- Strong's: H5139

# નામ, નામો, નામ પાડ્યું

## વ્યાખ્યા:

"નામ" શબ્દ એ તે શબ્દને દર્શાવે છે જેના દ્વારા કોઈ વ્યક્તિ અથવા વસ્તુને સંબોધી શકાય. બાઇબલમાં, જો કે “નામ” શબ્દનો ઉપયોગ વિવિધ રીતે થયો છે જે વિવિધ ખ્યાલોને સૂચિત કરે છે.

- અમુક સંદર્ભોમાં, “નામ” એક વ્યક્તિની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ કરી શકે છે, જેમ કે “ચાલો આપણે આપણા માટે નામના મેળવીએ”.
- “નામ” શબ્દ કોઈ બાબતની યાદનો ઉલ્લેખ પણ કરી શકે છે. ઉદાહરણ તરીકે, “મૂર્તિઓના નામ ભૂંસી કાઢવા”નો અર્થ થાય છે કે તે મૂર્તિઓનો નાશ કરો કે જેથી હવે પછી તેઓને યાદ કરવામાં કે તેઓની પૂજા કરવામાં આવે નહિ.
- “ઈશ્વરના નામમાં બોલવાનો” અર્થ તેમના સામર્થ્ય અને અધિકારથી બોલવું અથવા તો તેમના પ્રતિનિધિ તરીકે બોલવું થાય છે.
- કોઈક વ્યક્તિનું “નામ” તેના આખા વ્યક્તિત્વનો ઉલ્લેખ કરી શકે છે, જેમ કે “જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ નીચે માણસોમાં આપેલું નથી.” (આ પણ જૂઓ: લક્ષણાલંકાર)

## અનુવાદ માટેના સૂચનો:

- “તેનું સારું નામ” એ અભિવ્યક્તિનો અનુવાદ “તેની સારી પ્રતિષ્ઠા” તરીકે કરી શકાય છે.
- કોઈ વ્યક્તિના “નામમાં” કશુંક કરવાનો અનુવાદ તે વ્યક્તિના “અધિકારથી” અથવા તો “પરવાનગીથી” અથવા તો “તેના પ્રતિનિધિ તરીકે કરવું” એમ કરી શકાય છે.
- “આપણા માટે નામના મેળવવી” અભિવ્યક્તિનો અનુવાદ “ઘણાં લોકો આપણા વિષે જાણે તેવું કરવું” અથવા તો “લોકો આપણા માટે વિચારે કે આપણે અગત્યના છીએ તેવું કરવું” તરીકે કરી શકાય.
- “તેનું નામ કહેવાવું” અભિવ્યક્તિનો અનુવાદ “નામ પાડવું” અથવા તો “તેને નામ આપવું” તરીકે કરી શકાય.
- “જેઓ તમારા નામને પ્રેમ કરે છે” અભિવ્યક્તિનો અનુવાદ “જેઓ તમને પ્રેમ કરે છે” તરીકે કરી શકાય.
- “મૂર્તિઓના નામ ભૂંસી કાઢવા” અભિવ્યક્તિનો અનુવાદ “મૂર્તિઓનો નાશ કરવો કે જેથી તેઓને યાદ પણ કરવામાં ન આવે” અથવા તો “લોકોને જૂઠા દેવોની આરાધના કરતા રોકવા” અથવા તો “બધી મૂર્તિઓનો સંપૂર્ણપણે નાશ કરવો કે જેથી લોકો તેઓ વિષે વિચારે પણ નહિ” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: કહેવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 યોહાન 2:12-14
- 2 તિમોથી 2:19-21
- પ્રેરિતોના કૃત્યો 4:5-7
- પ્રેરિતોના કૃત્યો 4:11-12
- પ્રેરિતોના કૃત્યો 9:26-27
- ઉત્પત્તિ 12:1-3
- ઉત્પત્તિ 35:9-10
- માથ્થી 18:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H5344, H7121, H7761, H8034, H8036, G2564, G3686, G3687, G5122

# નાશ પામવું, નાશ પામતું, નાશવંત

## વ્યાખ્યા:

"નાશ પામવું" શબ્દનો અર્થ સામાન્ય રીતે હિંસા કે કોઈ હોનારતને પરિણામે મૃત્યુ પામવું અથવા તો ખતમ થઈ જવું એવો થાય છે. બાઇબલમાં, તેનો ખાસ અર્થ અનંતકાળ માટે નર્કમાં શિક્ષા પામવી એવો થાય છે.

- જે લોકો "નાશ પામી રહ્યાં" છે તેઓ એ છે કે જેઓ નર્કમાં જવાના છે કારણકે પોતાના ઉદ્ધાર માટે તેઓએ ઈસુમાં વિશ્વાસ કરવાનો ઇન્કાર કર્યો છે.
- યોહાન 3:16 શીખવે છે કે "નાશ પામવું" નો અર્થ સ્વર્ગમાં અનંતકાળ માટે ન રહેવું એવો થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, આ શબ્દનો અનુવાદ "અનંતકાળ માટે મરવું" અથવા તો "નર્કમાં શિક્ષા થવી" અથવા તો "વિનાશ થવો" એ રીતે કરી શકાય.
- "નાશ પામવું" ના અનુવાદનો અર્થ નર્કમાં અનંતકાળ માટે રહેવું એવો થાય અને "અસ્તિત્વનો નાશ થવો" એવો ન થાય તે જોવાની કાળજી રાખો.

(આ પણ જૂઓ: મૃત્યુ, અનંતકાળિક)

## બાઇબલના સંદર્ભો:

- 1 પિતર 1:22-23
- 2 કાળવૃતાંત 2:16-17
- 2 થેસ્સલોનિકી 2:8-10
- યર્મિયા 18:18-20
- ગીતશાસ્ત્ર 49:18-20
- ઝખાર્યા 9:5-7
- ઝખાર્યા 13:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H6, H7, H8, H1478, H1820, H5486, H5595, H6544, H8045, G599, G622, G684, G853, G1311, G2704, G4881, G5356

# નિમણુક, નિમણુક કરવી, નિમણુક થયેલ

## વ્યાખ્યા:

“નિમણુક” અને “નિમણુક પામેલ” શબ્દ દર્શાવે છે કે જયારે કોઈ વ્યક્તિને નિશ્ચિત કામ પરિપૂર્ણ કરવા માટે પસંદગી કરવામાં આવે. “નિમણુક થવી” એ દર્શાવે છે કે કશુંક મેળવવા માટે “પસંદ કરાયેલું” જેમકે “અનંતજીવન પ્રાપ્ત કરવા નિમણુક થયેલ.” તે લોકો “અનંતજીવન માટે નિમણુક થયેલ” એટલે કે તેઓ અનંતજીવન પામવા પસંદ કરાયેલા હતા.

- “નિમાયેલ સમય” શબ્દ દર્શાવે છે કે દેવનો “પસંદ કરેલો સમય” અથવા કંઇક બનવા માટે “આયોજિત કરેલ સમય.”
- “નિમણુક” શબ્દનો અર્થ કોઈને કાંઇક કરવા “હુકમ કરવો” અથવા “સોપવું” તેમ પણ થઇ શકે છે.

## ભાષાંતરના સુચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, “નિમણુક” નું ભાષાંતર “પસંદ કરવું” અથવા “સોપવું” અથવા “ઔપચારિક રીતે પસંદ કરેલું” અથવા “નિયુક્ત કરવું” એમ થઇ શકે છે.
- “નિમણુક કરવી” શબ્દનું ભાષાંતર “સોપેલું” અથવા “આયોજિત” અથવા “નિશ્ચિતપણે પસંદ કરેલું” થઇ શકે છે.
- “નિમણુક થવી” તે શબ્દનું ભાષાંતર “પસંદ કરાવું” થઇ શકે છે.

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 8:10-12
- પ્રેરિતો 3:19-20
- પ્રેરિતો 6:2-4
- પ્રેરિતો 13:48-49
- ઉત્પત્તિ 41:33-34
- ગણના 3:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H561, H977, H2163, H2296, H2706, H2708, H2710, H3198, H3245, H3259, H3677, H3983, H4150, H4151, H4152, H4487, H4662, H5324, H5344, H5414, H5567, H5975, H6310, H6485, H6565, H6635, H6680, H6923, H6942, H6966, H7760, H7896, G322, G606, G1299, G1303, G1935, G2525, G2749, G4287, G4384, G4929, G5021, G5087

# નિયમ/કાયદો/કાનૂન, મુસાનો નિયમ, યહોવાનો નિયમ, ઈશ્વરનો નિયમ

## વ્યાખ્યા:

ખૂબ સરળ રીતે, "નિયમ" શબ્દ, એક કાયદો અથવા સૂચના કે જેનું અનુસરણ કરવામાં આવે, તેનો ઉલ્લેખ કરે છે. બાઈબલમાં "નિયમ" શબ્દનો મહદઅંશે ઉપયોગ, એવું દરેક અને સઘળું જે ઈશ્વર ઈચ્છે છે કે તેમના લોકો પાળે અને કરે, તેનો ઉલ્લેખ કરે છે. વિશિષ્ટ શબ્દસમૂહ "મૂસાનો નિયમ" ઈશ્વરે મૂસાને આપેલ આજ્ઞાઓ અને સૂચનાઓ કે જેનું પાલન ઇઝરાયેલીઓ કરે, તેનો ઉલ્લેખ કરે છે.

- સંદર્ભને આધારે, "નિયમ" નો ઉલ્લેખ થઈ શકે કે:
- દસ અજ્ઞાઓ જે ઈશ્વરે પથ્થરની પાટી પર ઈઝરાયેલીઓ માટે લખી
- મુસાને આપવામાં આવેલા સર્વ નિયમો
- જૂના કરારના પ્રથમ પાંચ પુસ્તકો
- સમગ્ર જૂનો કરાર (નવા કરારમાં "શાસ્ત્રો/વચનો" તરીકે પણ ઉલ્લેખવામાં આવેલ)
- ઈશ્વરની સઘળી સૂચનાઓ અને ઈચ્છાઓ
- "નિયમો અને પ્રબોધકો" શબ્દસમૂહ નવા કરારમાં હિબ્રૂ શાસ્ત્રો/વચનો (અથવા "જૂના કરાર") ના ઉલ્લેખ માટે ઉપયોગમાં લેવાયેલ છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "નિયમો" બહુવચનના ઉપયોગ દ્વારા આ શબ્દનો અનુવાદ કરી શકાય, કેમ કે તે ઘણી સૂચનાઓનો ઉલ્લેખ કરે છે.
- "મુસાનો નિયમ" નું અનુવાદ "નિયમો કે જે ઈશ્વરે મુસાને ઈઝરાયેલીઓ આપવા સારું કહ્યા" એમ કરી શકાય.
- સંદર્ભને આધારે, "મુસાનો નિયમ" નું અનુવાદ "નિયમ કે જે ઈશ્વરે મુસાને કહ્યા" અથવા "ઈશ્વરના નિયમો કે જે મુસાએ લખ્યા" અથવા "નિયમો કે જે ઈશ્વરે મુસાને ઈઝરાયેલીઓને આપવા સારું કહ્યા" એમ કરી શકાય.
- "નિયમ/કાયદો/કાનૂન" અથવા "ઈશ્વરનો નિયમ" અથવા "ઈશ્વરના નિયમો" નું અનુવાદ કરવાની રીતોમાં "ઈશ્વર તરફથી નિયમો" અથવા "ઈશ્વરના હુકમો/આજ્ઞાઓ" અથવા "નિયમો કે જે ઈશ્વરે આપ્યા" અથવા "સઘળું જેનો ઈશ્વર હુકમ કરે છે" અથવા "ઈશ્વરની સઘળી સૂચનાઓ" નો સમાવેશ કરી શકાય.
- "યહોવાનો નિયમ" શબ્દસમૂહનું અનુવાદ આમ પણ કરી શકાય; "યહોવાના નિયમો" અથવા "નિયમો કે જે યહોવાએ પાળવા કહ્યા" અથવા "યહોવા તરફથી નિયમો" અથવા "યહોવાએ હુકમ કરેલી બાબતો."

(આ પણ જુઓ: સૂચન, મુસા, દસ આજ્ઞાઓ, કાયદેસર, યહોવા)

## બાઈબલ સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 15:5-6
- દાનિયેલ 9:12-14
- નિર્ગમન 28:42-43
- એઝરા 7:25-26
- ગલાતીઓ 2:15-16
- લૂક 24:44
- માથ્થી 5:17-18
- નહેમ્યા 10:28-29
- રોમનો 3:19-20

## બાઈબલની વાર્તાઓ પરથી ઉદાહરણો:

- **13:7** ઈશ્વરે અનુસરવાને માટે બીજા ઘણા **કાનુનો** અને નિયમો આપ્યા. જો લોકો આ **કાનુનોને** આધીન થાય તો, ઈશ્વર વચન આપે છે કે તેઓ તેમને આશીર્વાદ આપશે અને તેમનું રક્ષણ કરશે. જો તેઓ ઉલ્લંઘન કરે તો, ઈશ્વર તેઓને શિક્ષા કરશે.
- **13:9** જે કોઈ **ઈશ્વરના કાનુનોનો** આજ્ઞાભંગ કરે તો તે મુલાકાત મંડપની સામે વેદી પર ઈશ્વરને માટે બલિદાન તરીકે પ્રાણી લાવતો.
- **15:13** પછી યહોશુઆએ સિનાઈ ખાતે ઈશ્વરે ઈઝરાયેલીઓ સાથે જે કરાર કર્યો હતો તેને આધીન થવા માટે તેમની જવાબદારીની યાદ અપાવી. લોકોએ ઈશ્વરને વિશ્વાસુ રહેવાનુ અને **તેમના કાનુનોને** અનુસરવાનું વચન આપ્યું.
- **16:1** યહોશુઆના મરણ પછી, ઈઝરાયેલીઓ ઈશ્વરને આધીન રહ્યા નહિ અને **ઈશ્વરના કાનુનોને** આધીન ના રહેતા બાકી રહેલા કનાનીઓને કાઢી મૂક્યા નહિ.
- **21:5** નવા કરારમાં, ઈશ્વર **તેમનો નિયમ** લોકોના હ્રદયપટ પર લખશે, લોકો ઈશ્વરને વ્યક્તિગત રીતે ઓળખશે, તેઓ તેમના લોક થશે, અને ઈશ્વર તેઓના પાપ માફ કરશે.

- **27:1** ઈસુએ જવાબ આપ્યો, "**ઈશ્વરના નિયમમાં** શું લખેલું છે?"
- **28:1** ઈસુએ તેને કહ્યું, "તું મને 'સારો કેમ કહે છે?' સારો તો એક જ છે, અને તે ઈશ્વર છે. પરંતુ જો તું અનંતજીવન મેળવવા ઈચ્છે છે તો, **ઈશ્વરના નિયમોને** આધીન થા."

## શબ્દ માહિતી:

- Strong's: H430, H1881, H1882, H2706, H2710, H3068, H4687, H4872, H4941, H8451, G2316, G3551, G3565

# નિર્દોષ

## વ્યાખ્યા:

“નિર્દોષ” શબ્દનો અર્થ, ગુનો અથવા બીજું ખોટું કર્યાનો દોષ ન હોવો. વધુ સામાન્ય રીતે તે લોકો કે જેઓ દુષ્ટ બાબતોમાં સામેલ નથી તે પણ દર્શાવી શકે છે.

- જો કોઈ વ્યક્તિએ કંઈ ખોટું કર્યું નથી તો તે આરોપી નિર્દોષ છે.
- ક્યારેક “નિર્દોષ” શબ્દ, લોકો કે જેઓની સાથે ખરાબ વ્યવહાર કરવામાં આવે, અને તેને લાયક તે વ્યક્તિઓએ કંઈજ ખોટું કર્યું નથી, જેવા કે દુશ્મનનું લશ્કર કે જેઓ “નિર્દોષ લોકો” ઉપર હુમલો કરે છે.

## ભાષાંતરના સૂચનો:

- મોટાભાગના સંદર્ભોમાં, “નિર્દોષ” શબ્દનું ભાષાંતર, “દોષિત નથી” અથવા “જવાબદાર નથી” અથવા કોઈ બાબત માટે જેના પર “આરોપ નથી” તરીકે કરી શકાય છે.
- જયારે નિર્દોષ લોકોનો સામાન્ય ઉલ્લેખ કરવામાં આવે છે, ત્યારે આ શબ્દનું ભાષાંતર, “જેઓએ કંઈજ ખોટું કર્યું નથી” અથવા “જેઓ દુષ્ટ કરવામાં સામેલ નથી” તરીકે કરી શકાય છે.
- વારંવાર આવતી અભિવ્યક્તિ “નિર્દોષ લોહી” શબ્દનું ભાષાંતર, “લોકો કે જેઓએ મરવા લાયક કંઈ ખોટું કર્યું નથી” તરીકે કરી શકાય છે.
- “નિર્દોષ લોહી રેડવું” અભિવ્યક્તિનું ભાષાંતર, “નિર્દોષ લોકોને મારી નાખવું” અથવા “એવા લોકોને મારી નાખવા કે જેઓએ મરવા લાયક કંઇપણ કર્યું નથી” તરીકે કરી શકાય છે.
- કોઈને મારી નાખ્યાના સંદર્ભમાં, “(તે)ના લોહીમાં નિર્દોષ” શબ્દોનું ભાષાંતર, “મરણ માટે દોષિત નથી” તરીકે કરી શકાય છે.
- જયારે લોકો ઈસુ વિશેની સુવાર્તા સાંભળે છે પણ તેને સ્વીકારતા નથી તેવા લોકો વિશે વાત કરવામાં આવે છે ત્યારે “(તે)ના લોહી વિશે નિર્દોષ” તે (શબ્દસમૂહ)નું ભાષાંતર, “તેઓ આત્મિક મૃત અવસ્થા છે કે નહિ તે માટે (હું/અમે) જવાબદાર નથી” અથવા “આ સંદેશને તેઓ સ્વીકારે કે નહિ તે માટે (હું/અમે) જવાબદાર નથી” તરીકે કરી શકાય છે.
- જયારે યહૂદાએ કહ્યું, “મેં નિર્દોષ લોહીનો વિશ્વાસઘાત કર્યો છે,” ત્યારે તે કહેતો હતો કે, “મેં એક માણસ જેણે કંઈ ખોટું કર્યું નથી તેનો વિશ્વાસઘાત કર્યો છે” અથવા “હું માણસ કે જે પાપરહિત હતો તેના મરણનું કારણ થયો છું.”
- જયારે પિલાતે ઈસુ વિશે કહ્યું “હું આ નિર્દોષના લોહી વિશે નિર્દોષ છું,” તેનું ભાષાંતર, “આ માણસના મરણ માટે હું જવાબદાર નથી કે જેણે તેને લાયક કંઈ ખોટું કર્યું નથી.”

(આ પણ જુઓ: દોષ)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 4:3-4
- 1 શમુએલ 19:4-5
- પ્રેરિતો 20:25-27
- નિર્ગમન 23:6-9
- યર્મિયા 22:17-19
- અયૂબ 9:21-24
- રોમન 16:17-18

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **8:6** બે વર્ષ પછી, તે **નિર્દોષ** હોવા છતાં પણ, હજુ યૂસફ જેલમાં હતો.
- **40:4** તેઓમાંના એકે ઈસુની મશ્કરી કરી, પણ બીજાએ કહ્યું, “શું તને દેવનો ભય નથી? આપણે દોષિત છીએ, પરંતુ આ માણસ **નિર્દોષ** છે.”
- **40:8** જયારે સિપાઈ ઈસુની ચોકી કરતા હતો ત્યારે જે બધું થયું તે જોયું, તેણે કહ્યું, “ખરેખર, આ માણસ **નિર્દોષ** હતો.

તે દેવનો દીકરો હતો”.

## શબ્દ માહિતી:

- Strong's: H2136, H2600, H2643, H5352, H5355, H5356, G121

# નિર્દોષ, દોષ રહિત

## વ્યાખ્યા:

"નિર્દોષ" શબ્દનો શાબ્દિક અર્થ "દોષ વગરનો" થાય છે. તે એ વ્યક્તિ માટે દર્શાવાય છે કે જે પુરા હ્રદયથી ઈશ્વરને આધીન થાય છે, પણ તેનો અર્થ નથી કે તે વ્યક્તિ પાપરહિત છે.

- ઈબ્રાહિમ અને નૂહ ઈશ્વરની આગળ પાપરહિત માનવામાં આવ્યા હતા.
- જેની પ્રતિષ્ઠા "નિર્દોષ" વ્યક્તિ તરીકે હોય તે વ્યક્તિ ઈશ્વરને માન મળે તે રીતે વર્તે છે.
- એક કલમ પ્રમાણે, નિર્દોષ તે વ્યક્તિ છે "જે ઈશ્વરનો ભય રાખે અને દુષ્ટતાથી દૂર રહે છે."

## ભાષાંતરના સૂચનો

તેનું ભાષાંતર એમ પણ થઇ શકે કે "જેના ચરિત્રમાં ખામી નથી" અથવા "જે ઈશ્વરને સંપૂર્ણપણે આજ્ઞાધીન છે" અથવા "પાપને ટાળે છે" અથવા "દુષ્ટતાથી દૂર રહે છે."

## બાઈબલની કલમો:

- 1 થેસ્સલોનિકીઓ 2:10-12
- 1 થેસ્સલોનિકીઓ 3:11-13
- 2 પિતર 3:14-16
- કલોસ્સીઓ 1:21-23
- ઉત્પત્તિ 17:1-2
- ફિલિપ્પીઓ 2:14-16
- ફિલિપ્પીઓ 3:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H5352, H5355, G273, G274, G298, G338, G410, G423

# ન્યાયનો દિવસ

## વ્યાખ્યા:

“ન્યાયનો દિવસ” શબ્દ, તે ભવિષ્યના સમયને દર્શાવે છે કે જયારે દેવ દરેક વ્યક્તિનો ન્યાય કરશે.

- દેવે તેના પુત્ર, ઈસુ ખ્રિસ્તને બધા લોકોનો ન્યાય કરવા ઠરાવ્યો છે.
- ન્યાયના દિવસે, ખ્રિસ્ત લોકોનો ન્યાય તેના ન્યાયી ચરિત્રના આધાર પર કરશે.

## ભાષાંતરના સૂચનો:

- તે શબ્દનું ભાષાંતર, “ન્યાયનો સમય” તરીકે કરી શકાય છે, કારણકે તે એક કરતાં વધારે દિવસ દર્શાવી શકે છે.
- બીજી રીતે આ શબ્દના ભાષાંતરમાં, “અંતનો સમય કે જયારે દેવ બધા લોકોનો ન્યાય કરશે” તેવા (શબ્દોનો) સમાવેશ કરીને ભાષાંતર કરી શકાય છે.
- કેટલાક ભાષાંતરોમાં આ શબ્દ મોટો (અંગ્રેજીમાં કેપિટલ) બતાવવામાં આવ્યો છે કે જે તે વિશેષ દિવસ અથવા સમયનું નામ દર્શાવે છે:

“ન્યાયનો દિવસ” અથવા “ન્યાયનો સમય.”

(આ પણ જુઓ: ન્યાયાધીશ, ઈસુ, સ્વર્ગ, નર્ક)

## બાઈબલની કલમો:

- લૂક 10:10-12
- લૂક 11:31
- લૂક 11:32
- માથ્થી 10:14-15
- માથ્થી 12:36-37

## શબ્દ માહિતી:

- Strong's: H2962, H3117, H4941, G2250, G2920, G2962

# ન્યાયાધીશ, ન્યાયાધીશો, ન્યાય, ચુકાદાઓ

## વ્યાખ્યા:

મોટેભાગે "ન્યાયાધીશ" અથવા "ન્યાય" શબ્દો, કંઈક નૈતિક રીતે સાચું કે ખોટું છે તે વિશે નિર્ણય કરવો તેને દર્શાવે છે.

- મોટેભાગે "દેવનો ન્યાય" કોઈ બાબત અથવા કોઈને પાપી તરીકે દંડ કરવાના તેના નિર્ણયને દર્શાવે છે.
- સામાન્ય રીતે દેવનો ન્યાય લોકોને તેઓના પાપ માટે સજા કરવાનો સમાવેશ કરે છે.
- "ન્યાય" શબ્દનો અર્થ, "દંડ" પણ થઈ શકે છે.

દેવ તેના લોકોને સૂચન કરે છે કે આ રીતે એક બીજાનો ન્યાય ન કરો.

- જયારે જે વ્યક્તિ વચ્ચે તકરાર હોય ત્યારે તેનો બીજો અર્થ, "બે વ્યક્તિ વચ્ચે વહેંચણી કરવી" અથવા "બે વ્યક્તિ વચ્ચે ન્યાય કરવો" એમ થાય છે.
- કેટલાક સંદર્ભોમાં, દેવના "ચુકાદાઓ" તેણે જે નક્કી કર્યા છે તે સાચા અને ન્યાયી હોય છે.

તેઓ તેના આદેશો, નિયમો, અથવા આજ્ઞાઓ સમાન છે.

- "ન્યાય" ને સમજદાર નિર્ણય કરનારની ક્ષમતાને દર્શાવે છે.

વ્યક્તિ કે જેનામાં "ન્યાય" કરવાનો અભાવ હોય છે તેની પાસે સમજદાર નિર્ણયો કરવાનું જ્ઞાન હોતું નથી.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, "ન્યાય કરવો" (શબ્દોના) ભાષાંતરમાં, "નિર્ણય કરવો" અથવા "દંડ કરવો" અથવા "સજા કરવી" અથવા "આદેશ આપવો" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- "ન્યાય" શબ્દનું ભાષાંતર, "સજા" અથવા "નિર્ણય" અથવા "ચુકાદો" અથવા "આદેશ" અથવા "દંડાજ્ઞા" તરીકે કરી શકાય છે.
- કેટલાક સંદર્ભોમાં, "ન્યાયમાં" શબ્દસમૂહનું ભાષાંતર, "ન્યાયના દિવસે" અથવા "એ સમય દરમ્યાન કે જયારે દેવ લોકોનો ન્યાય કરશે" તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: આદેશ, ન્યાયાધીશ, ન્યાયનો દિવસ, ન્યાયી, કાયદો, નિયમ)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 4:17-18
- 1 રાજા 3:7-9
- પ્રેરિતો 10:42-43
- યશાયા 3:13-15
- યાકૂબ 2:1-4
- લૂક 6:37
- મીખાહ 3:9-11
- ગીતશાસ્ત્ર 54:1-3

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **19:16** પ્રબોધકોએ લોકોને ચેતવણી આપી કે જો તેઓ ભૂંડું કરવાનું બંધ નહીં કરે અને દેવની આજ્ઞા પાળવાનું ચાલુ નહિ કરે તો, પછી દેવ દોષિત ગણી તેઓનો **ન્યાય** કરશે, અને તે તેઓને સજા કરશે.
- **21:8** રાજા એ કોઈક કે જે રાજ્ય ઉપર રાજ કરે છે અને લોકોનો **ન્યાય** કરે છે.

મસીહ જે રાજા બનીને આવશે અને તે દાઉદના રાજ્યાસન પર બેસીને સંપૂર્ણ રાજા બનશે. તે આખી દુનિયા પર સદાકાળ માટે રાજ્ય કરશે, અને તે હંમેશા પ્રમાણિકપણે અને સારા નિર્ણયો કરી **ન્યાય** કરશે.

- **39:4** પ્રમુખ યાજકે પોતાના કપડાં ફાડીને ગુસ્સામાં તથા મોટા અવાજે કહ્યું કે, "હવે આપણને બીજા કોઈની સાક્ષીની જરૂર નથી!" તમે તેને કહેતા સાંભળ્યું કે તેણે કહ્યું કે તે દેવનો દીકરો છે. તમારો ન્યાય શું છે?"
- **50:14** પણ દેવ દરેકનો જેઓ ઇસુ પર વિશ્વાસ કરતા નથી તેઓનો **ન્યાય** કરશે.

જ્યાં તેઓ સદાકાળ માટે નરકમાં નાખવામાં આવશે કે ત્યાં તેઓ રડશે અને દાંત પીસશે.

## શબ્દ માહિતી:

- Strong's: H148, H430, H1777, H1778, H1779, H1780, H1781, H1782, H2940, H4055, H4941, H6414, H6415, H6416, H6417, H6419, H6485, H8196, H8199, H8201, G144, G350, G968, G1106, G1252, G1341, G1345, G1348, G1349, G2917, G2919, G2920, G2922, G2923, G4232

# ન્યાયી, ન્યાય, અન્યાયી, અન્યાય, યોગ્ય ઠરાવવું, ન્યાયી ઠરાવવું

## વ્યાખ્યા:

"ન્યાયી" અને "ન્યાય" ઈશ્વરના નિયમો પ્રમાણે લોકો સાથે વાજબી રીતે વર્તવાનો ઉલ્લેખ કરે છે. માનવી નિયમો કે જે ઈશ્વરના બીજાઓ પ્રત્યેના યોગ્ય વર્તનના ધારાધોરણોને પ્રતિબિંબિત કરે છે તેઓ પણ ન્યાયી છે.

- "ન્યાયી" હોવું એટલે બીજાઓ પ્રત્યે વાજબી અને સાચી રીતે વર્તવું. તે ઈશ્વરની દ્રષ્ટિમાં જે નૈતિક રીતે ખરું છે તે કરવા માટે પ્રમાણિક્તા અને અખંડતાને સૂચવે છે.
- "ન્યાયપૂર્ણ" રીતે વર્તવું એટલે ઈશ્વરના નિયમો પ્રમાણે લોકો સાથે સાચી, સારી, અને યોગ્ય રીતે વર્તવું.
- "ન્યાય" મેળવવો એટલે નિયમ હેઠળ યોગ્ય રીતે વ્યવહાર પ્રાપ્ત કરવો, કાં તો નિયમ દ્વારા સુરક્ષિત થઈને અથવા તો નિયમ તોડવાને લીધે શિક્ષા પામીને.
- કેટલીકવાર "ન્યાયી" શબ્દનો "ન્યાયી" અથવા "ઈશ્વરના નિયમોને અનુસરવું" એવો વિશાળ અર્થ હોય છે.
- "અન્યાયી" અને "અન્યાયી રીતે" શબ્દો લોકો સાથે ગેરવ્યાજબી રીતે અને ઘણીવાર હાનિકારક રીતે વર્તવાનો ઉલ્લેખ કરે છે.
- "અન્યાય" જેને માટે વ્યક્તિ લાયક નથી તેવું કંઈક ખોટું તેને કરવું/થવું એવો અર્થ થાય છે. તે લોકો સાથે ગેરવ્યાજબી રીતે વર્તવાનો ઉલ્લેખ કરે છે.
- અન્યાયનો અર્થ, થોડાક લોકો સાથે ખરાબ રીતે જ્યારે બીજાઓ સાથે સારી રીતે વર્તવું પણ થાય છે.
- કોઈક જે અન્યાયી રીતે વર્તે છે તે "પક્ષપાતી" અથવા "પૂર્વગ્રહવાળો" છે કારણ કે તે લોકોની સાથે સમાન રીતે વર્તતો નથી.
- "યોગ્ય ઠરાવવું" અને "ન્યાયી ઠરાવવુ" શબ્દો એ દોષિત વ્યક્તિને ન્યાયી ઠરાવવાનો ઉલ્લેખ કરે છે. લોકોને ન્યાયી ખરેખર માત્ર ઈશ્વર જ ઠરાવી શકે.
- જ્યારે ઈશ્વર લોકોને ન્યાયી ઠરાવે છે ત્યારે, તેઓ તેમના પાપો માફ કરે છે અને એવા બનાવે છે કે જાણે તેઓમાં કોઈ પાપ છે જ નહિ. તેઓ પાપીઓ કે જેઓ પસ્તાવો કરે છે અને ઈસુમાં વિશ્વાસ કરે છે તેઓને તેમના પાપોમાથી બચાવવા ન્યાયી ઠરાવે છે.
- "ન્યાયી ઠરાવવુ" એ જ્યારે ઈશ્વર વ્યક્તિના પાપો માફ કરે છે અને તે વ્યક્તિને પોતાની દ્રષ્ટિમાં ન્યાયી જાહેર કરે છે ત્યારે શું કરે છે તેનો ઉલ્લેખ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભને આધારે, "ન્યાયી" ને બીજી રીતે અનુવાદ કરવામાં "નૈતિક રીતે ખરું" અથવા "વાજબી" નો સમાવેશ કરી શકાય.
- "ન્યાય" શબ્દનો અનુવાદ "વાજબી વર્તાવ" અથવા "પરિણામો માટે લાયક" કરી શકાય.
- "ન્યાયપૂર્ણ રીતે વર્તવું"નો અનુવાદ "વાજબી રીતે વર્તવું" અથવા "ન્યાયી રીતે વર્તવું" કરી શકાય.
- કેટલાંક સંદર્ભોમાં, "ન્યાયી"નો અનુવાદ "ન્યાયી" અથવા "સદ્‌ગુણી" તરીકે કરી શકાય.
- સંદર્ભને આધારે, "અન્યાયી"નો અનુવાદ "ગેરવ્યાજબી" અથવા "પક્ષપાતી" અથવા "અન્યાયી" પણ કરી શકાય.
- "અન્યાયી" શબ્દસમૂહનો અનુવાદ "અન્યાયીઓ" અથવા "અન્યાયી લોકો" અથવા "લોકો કે જેઓ બીજાઓ સાથે ગેરવ્યાજબી રીતે વર્તે છે" અથવા "અન્યાયી લોકો" અથવા "લોકો કે જેઓએ ઈશ્વરનો અનાદ કરે છે" કરી શકાય.
- "અન્યાયી રીતે" શબ્દનો અનુવાદ "ગેરવ્યાજબી રીતે" અથવા "ખોટી રીતે" અથવા "ગેરવ્યાજબી" કરી શકાય.
- "અન્યાય"નું અનુવાદ કરવાની રીતોમાં "ખોટો વર્તાવ" અથવા "ગેરવ્યાજબી વર્તાવ" અથવા "ગેરવ્યાજબી રીતે વર્તવું"નો સમાવેશ કરી શકાય. (જુઓ: અવ્યક્ત નામો)
- "ન્યાયી ઠરાવવું"ની અનુવાદ કરવાની રીતોમાં "કોઈકને ન્યાયી જાહેર કરવું" અથવા "કોઈકને ન્યાયી બનાવવું" નો સમાવેશ કરી શકાય.
- "ન્યાયીકરણ" શબ્દનું અનુવાદ "ન્યાયી જાહેર કરવું" અથવા "ન્યાયી થવું/બનવું" અથવા "લોકોને ન્યાયી બનાવવું" કરી શકાય.
- "ન્યાયી ઠારવામાં પરીણમવું" શબ્દસમૂહનું અનુવાદ "તેથી ઈશ્વરે ઘણાં લોકોને ન્યાયી ઠરાવ્યા" અથવા "જેનું પરીણામ ઈશ્વરે લોકોને ન્યાયી ઠરાવ્યા" કરી શકાય.
- "આપણને ન્યાયી ઠરાવવા માટે" શબ્દસમૂહનું અનુવાદ "આપણે ઈશ્વર દ્વારા ન્યાયી બની શકીએ તે હેતુથી" કરી શકાય.

(આ પણ જુઓ: માફ કરવું, દોષ, ન્યાયાધીશ, ન્યાયી, ન્યાયી)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 44:16-17
- 1 કાળુવૃતાંત 18:14-17
- યશાયા 4:3-4
- યર્મિયા 22:1-3
- હઝકિયેલ 18:16-17
- મીખાહ 3:8
- માથ્થી 5:43-45
- માથ્થી 11:18-19

- માથ્થી 23:23-24
- લૂક 18:3-5
- લૂક 18:6-8
- લૂક 18:13-14
- લૂક 21:20-22
- લૂક 23:39-41
- પ્રેરિતોના કૃત્યો 13:38-39
- પ્રેરિતોના કૃત્યો 28:3-4
- રોમનો 4:1-3
- ગલાતીઓ 3:6-9
- ગલાતીઓ 3:10-12
- ગલાતીઓ 5:3-4
- તિતસ 3:6-7
- હિબ્રૂઓ 6:9-10
- યાકુબ 2:21-24
- પ્રકટીકરણ 15:3-4

## બાઈબલની વાર્તાઓમાથી ઉદાહરણો:

- **17:9** ઘણાં વરસો સુધી દાઉદે **ન્યાય** અને વિશ્વાસુપણા સાથે રાજ કર્યું, અને ઈશ્વરે તેને આશીર્વાદિત કર્યો.
- **18:13** (યહુદીયા) ના કેટલાંક રાજાઓ સારા પુરુષો હતા જેઓએ **ન્યાયી** રીતે રાજ કર્યું અને ઈશ્વરનું ભજન કર્યું.
- **19:16** તેઓ (પ્રબોધકો) સર્વએ લોકોને મૂર્તિપૂજા રોકવા અને બીજાઓ માટે **ન્યાય** અને દયા શરૂ કરવા કહ્યું.
- **50:17** ઈસુ શાંતિ સાથે અને **ન્યાય** સાથે તેમના રાજયનું રાજ કરશે , અને તે તેમના લોકો સાથે સર્વકાળ હશે.

## શબ્દ માહિતી:

- Strong's: H205, H2555, H3477, H5765, H5766, H5767, H6662, H6663, H6664, H6666, H8003, H8264, H8636, G91, G93, G94, G1342, G1344, G1345, G1346, G1347, G1738

# ન્યાયી, ન્યાયીપણું, અન્યાયી, અન્યાયીપણું, પ્રામાણિક, પ્રમાણિકપણું

## વ્યાખ્યા:

"ન્યાયીપણું" શબ્દ ઈશ્વરની સંપૂર્ણ ભલાઈ, ન્યાય, વિશ્વાસુપણું અને પ્રેમનો ઉલ્લેખ કરે છે. આ બધા ગુણલક્ષણો હોવાને કારણે ઈશ્વર "ન્યાયી" છે. ઈશ્વર ન્યાયી છે તે કારણે તેમણે પાપને વખોડવું જ રહ્યું.

- આ શબ્દો ઘણી વાર જે વ્યક્તિ ઈશ્વરનું આજ્ઞાપાલન કરે છે અને નૈતિક રીતે સારી છે તેને દર્શાવવા વપરાય છે. તો પણ, બધા જ લોકોએ પાપ કર્યું છે તે કારણે, ઈશ્વર સિવાય બીજું કોઈ સંપૂર્ણપણે ન્યાયી નથી.
- બાઈબલમાં જેઓને "ન્યાયી" કહેવામાં આવ્યા હતા તેવા લોકોના ઉદાહરણોમાં નૂહ, અયૂબ, ઇબ્રાહિમ, ઝખાર્યા અને એલિસાબેતનો સમાવેશ થાય છે.
- જ્યારે લોકો પોતાને બચાવવા ઈસુ પર વિશ્વાસ કરે છે ત્યારે, ઈશ્વર તેઓને તેમના પાપોથી શુદ્ધ કરે છે અને ઈસુના ન્યાયપણાને લીધે તેઓને ન્યાયી ઘોષિત કરે છે.

"અન્યાયી" શબ્દનો અર્થ પાપી હોવું તથા નૈતિક રીતે ભ્રષ્ટ હોવું થાય છે. "અન્યાયીપણું" પાપ કે પાપી હોવાની દશાનો ઉલ્લેખ કરે છે.

- આ શબ્દો ખાસ કરીને, ઈશ્વરના શિક્ષણ અને આજ્ઞાઓ ન પાળતી રીતે જીવન જીવવાને, ઉલ્લેખે છે.
- અન્યાયી લોકો તેમના વિચારો અને કાર્યોમાં અનૈતિક છે.
- કેટલીક વાર "અન્યાયી" શબ્દ ખાસ કરીને જે લોકો ઈસુમાં વિશ્વાસ કરતા નથી તેઓનો ઉલ્લેખ કરે છે.

"પ્રામાણિક" અને "પ્રામાણિકપણું" શબ્દો ઈશ્વરના નિયમોને અનુસરતી રીતે વર્તવાનો ઉલ્લેખ કરે છે.

- આ શબ્દોના અર્થમાં સીધા ઊભા રહેવું અને પ્રત્યક્ષ રીતે સામે જોવું જેવા વિચારોનો સમાવેશ થાય છે.
- જે વ્યક્તિ "પ્રામાણિક" છે તે એવી વ્યક્તિ છે કે જે ઈશ્વરના નિયમો પાળે છે અને ઈશ્વરની ઈચ્છાની વિરુદ્ધની બાબતો કરતી નથી.
- "સત્યનિષ્ઠા" અને "ન્યાયી" જેવા શબ્દો સમાન અર્થ ધરાવે છે અને તેઓ કેટલીક વાર સમાંતરિતા રચનાઓમાં વપરાય છે, જેમ કે "સત્યનિષ્ઠા અને પ્રમાણિકપણું." (જૂઓ: સમાંતરિતા)

## અનુવાદ માટેના સૂચનો:

- જ્યારે તે ઈશ્વરને વર્ણવે છે ત્યારે, "ન્યાયી" શબ્દનો અનુવાદ "સંપૂર્ણપણે ભલા તથા ન્યાયપૂર્ણ" અથવા તો "હંમેશાં ખરી રીતે વર્તતા" થઈ શકે.
- ઈશ્વરનું "ન્યાયીપણું" નો અનુવાદ "સંપૂર્ણ વિશ્વાસુપણું તથા ભલાઈ" પણ કરી શકાય.
- જ્યારે તે જે લોકો ઈશ્વરને આજ્ઞાધીન છે તેઓનું વર્ણન કરે છે ત્યારે, "ન્યાયી" શબ્દનો અનુવાદ "નૈતિક રીતે સારા" અથવા તો "ન્યાયપૂર્ણ" અથવા તો "ઈશ્વરને ખુશ કરતું જીવન જીવતા લોકો" પણ કરી શકાય.
- "ન્યાયી" શબ્દનો અનુવાદ "ન્યાયી લોકો" અથવા તો "ઈશ્વરનો ભય માનનારા લોકો" તરીકે થઈ શકે.
- સંદર્ભ અનુસાર, "ન્યાયીપણું" નો અનુવાદ એવા શબ્દ કે શબ્દસમૂહ દ્વારા કરી શકાય કે જેનો અર્થ "ભલાઈ" અથવા તો "ઈશ્વર સમક્ષ સંપૂર્ણ હોવું" અથવા તો "ઈશ્વરનું આજ્ઞાપાલન કરીને ખરી રીતે વર્તવું" અથવા તો "સંપૂર્ણપણે સારું કરવું" પણ કરી શકાય.
- "અન્યાયી" શબ્દનો સરળ અનુવાદ "ન્યાયી નહીં" એ રીતે કરી શકાય.
- સંદર્ભ અનુસાર, આનો અનુવાદ "દુષ્ટ" અથવા તો "અનૈતિક" અથવા તો "ઈશ્વરની વિરુદ્ધ બળવો કરતા લોકો" અથવા તો "પાપીઓ" નો સમાવેશ કરે છે.
- "અન્યાયીઓ" શબ્દનો અનુવાદ "અન્યાયી લોકો" તરીકે કરી શકાય.
- "અન્યાયીપણું" શબ્દનો અનુવાદ "પાપ" અથવા તો "દુષ્ટ વિચારો અને કાર્યો" અથવા તો "દુષ્ટતા" તરીકે કરી શકાય.
- જો શક્ય હોય તો, તેનો અનુવાદ એ રીતે કરવો કે જ્યાં તેનો સંબંધ "ન્યાયી", ન્યાયીપણું" સાથે દર્શાવે છે, તો તે ઉત્તમ રહેશે.
- "પ્રામાણિક" નો અનુવાદ "ખરી રીતે વર્તતું" અથવા તો "ખરી રીતે વર્તતી વ્યક્તિ" અથવા તો "ઈશ્વરના નિયમો પાળતું" અથવા તો "ઈશ્વરને આજ્ઞાધીન" અથવા તો "જે ખરું છે તે રીતે વર્તતું" નો સમાવેશ કરે છે.
- "પ્રામાણિકપણું" શબ્દનો અનુવાદ "નૈતિક શુદ્ધતા" અથવા તો "સારો નૈતિક વ્યવહાર" અથવા તો "ખરાપણું" કરી શકાય.
- "પ્રામાણિકો" શબ્દનો અનુવાદ "જેઓ પ્રામાણિક છે તેવા લોકો" અથવા તો "પ્રામાણિક લોકો" થઈ શકે.

(આ પણ જૂઓ:

દુષ્ટ, વિશ્વાસુ, સારું, પવિત્ર, સત્યનિષ્ઠા, ન્યાયપૂર્ણ, નિયમ, નિયમ, આજ્ઞા પાળવી, શુદ્ધ, ન્યાયી, પાપ, નિયમ વિરૂદ્ધનું)

## બાઈબલના સંદર્ભો:

- પુનર્નિયમ 19:15-16
- અયૂબ 1:6-8
- ગીતશાસ્ત્ર 37:28-30
- ગીતશાસ્ત્ર 49:14-15

- ગીતશાસ્ત્ર 107:41-43
- સભાશિક્ષક 12:10-11
- યશાયા 48:1-2
- હઝકિયેલ 33:12-13
- માલાખી 2:5-7
- માથ્થી 6:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 3:13-14
- રોમનો 1:29-31
- 1 કરિંથી 6:9-11
- ગલાતી 3:6-9
- ક્લોસ્સી 3:22-25
- 2 થેસ્સલોનિકી 2:8-10
- 2 તિમોથી 3:16-17
- 1 પિતર 3:18-20
- 1 યોહાન 1:8-10
- 1 યોહાન 5:16-17

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **3:2** પણ નૂહ ઈશ્વરની નજરમાં કૃપા પામ્યો. તે દુષ્ટ લોકો મધ્યે રહેતો એક **ન્યાયી** માણસ હતો.
- **4:8** ઈશ્વરે ઘોષિત કર્યું કે અબ્રામ **ન્યાયી** હતો કારણ કે તેણે ઈશ્વરના વચન પર વિશ્વાસ કર્યો.
- **17:2** દાઉદ નમ્ર અને **ન્યાયી** માણસ હતો કે જેણે ઈશ્વર પર ભરોસો કર્યો અને તેમનું આજ્ઞાપાલન કર્યું.
- **23:1** યૂસફ કે જેની સાથે મરિયમની સગાઈ થઈ હતી તે, એક **ન્યાયી** માણસ હતો.
- **50:10** ત્યારે **ન્યાયી** લોકો ઈશ્વર તેમના પિતાના રાજયમાં સૂરજની જેમ પ્રકાશસે."

## શબ્દ માહિતી:

- Strong's: H205, H1368, H2555, H3072, H3474, H3476, H3477, H3483, H4334, H4339, H4749, H5228, H5229, H5324, H5765, H5766, H5767, H5977, H6662, H6663, H6664, H6665, H6666, H6968, H8535, H8537, H8549, H8552, G93, G94, G458, G1341, G1342, G1343, G1344, G1345, G1346, G2118, G3716, G3717

# પક્ષ, પક્ષ લેવો, તરફેણ, પક્ષપાત

## વ્યાખ્યા:

“પક્ષ” એટલે પસંદ છે. જયારે કોઈ વ્યક્તિનો પક્ષ લે છે, ત્યારે તે હકારાત્મક રીતે તે વ્યક્તિ પર ધ્યાન દે છે અને અન્ય ના ફાયદા માટે જે કરે છે તેના કરતા તે વ્યક્તિના ફાયદા માટે વધારે કરે છે.

- “પક્ષપાત” શબ્દનો અર્થ કેટલાક લોકો પ્રત્યે તરફેણ કરે પણ બીજાઓ માટે નહી.

તેનો અર્થ એક વ્યક્તિ ઉપર બીજાને પસંદ કરવાની ઈચ્છા અથવા એક બાબત ઉપર બીજી બાબત પસંદ કરવાની ઈચ્છા કારણકે વ્યક્તિ અથવા વસ્તુ પસંદ કરેલી છે.???? સામાન્ય રીતે, “પક્ષપાત” ને અયોગ્ય માનવામાં આવે છે.

- ઈસુ દેવ અને માણસોની “પ્રસન્નતામાં” વધતો ગયો.

તેનો અર્થ કે તેઓએ તેના ચારિત્ર્ય અને વર્તન ને મંજુર કર્યા.

- કોઇ થી “પક્ષ શોધવો” અભિવ્યક્તિ કે તે વ્યક્તિ દ્વારા કોઇકને મંજુર કરવો.?????
- જયારે રાજા કોઈના માટે પક્ષ બતાવે છે, ત્યારે મોટેભાગે તેનો અર્થ કે તે વ્યક્તિની વિનંતીને મંજૂર અને તેનું અનુદાન કરે છે.
- “પક્ષ” એ અન્ય વ્યક્તિ તરફ અને તેના ફાયદા માટે હાવભાવ અથવા ક્રિયા પણ હોઈ શકે છે.

## ભાષાંતરના સૂચનો:

- “પક્ષ” શબ્દનું બીજી રીતે ભાષાંતર કરતા, “આશીર્વાદ” અથવા “ફાયદો” નો સમાવેશ કરીને કરી શકાય છે.
- “યહોવાની તરફેણનો દિવસ” નું ભાષાંતર “વર્ષ (અથવા સમય” જયારે યહોવા મહાન આશીર્વાદ લાવશે” તરીકે કરી શકાય છે.
- “પક્ષપાત” શબ્દનું ભાષાંતર “તરફેણ” અથવા “પૂર્વગ્રહવાળું હોવું” અથવા “અન્યાયી વર્તન” તરીકે કરી શકાય છે.

આ શબ્દ “મનપસંદ” શબ્દ સાથે સંબંધિત છે,” જેનો અર્થ “એક કે જે પસંદ અથવા અતિપ્રિય” છે.

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 2:25-26
- 2 કાળવૃતાંત 19:6-7
- 2 કરિંથી 1:11
- પ્રેરિતો 24:26-27
- ઉત્પત્તિ 41:14-16
- ઉત્પત્તિ 47:25-26
- ઉત્પત્તિ 50:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H995, H1156, H1293, H1779, H1921, H2580, H2603, H2896, H5278, H5375, H5414, H5922, H6213, H6437, H6440, H7521, H7522, H7965, G1184, G3685, G4380, G4382, G5485, G5486

# પથ્થર, પથ્થરો, પથ્થર મારવા

## વ્યાખ્યા:

પથ્થર એ નાનો ખડક છે. કોઈકને “પથ્થર” મારવા એટલે કે તે વ્યક્તિ સામે તેને મારી નાંખવાના ઈરાદાથી પથ્થરો અને મોટા ખડકો ફેંકવા. “પથ્થર મારવા” એ એક બનાવ છે કે જેમાં કોઈકને પથ્થરે મારવામાં આવ્યા હોય છે.

- પ્રાચીન સમયમાં, લોકોને જે ગુનો તેમણે કર્યો હોય તેની શિક્ષા તરીકે પથ્થર વડે મારી નાંખવાની સામાન્ય રીત હતી.
- ઈશ્વરે ઈઝરાયેલીઓના આગેવાનોને હુકમ આપ્યો હતો કે ચોક્કસ પાપો જેવા કે વ્યભિચારને માટે લોકોને પથ્થરે મારવા.
- નવા કરારમાં, ઈસુએ વ્યભિચારમાં પકડાયેલ સ્ત્રીને માફ કરી અને લોકોને પથ્થર મારતા અટકાવ્યા.
- સ્તેફન, કે જે બાઈબલમાં પ્રથમ વ્યક્તિ હતો જેને ઈસુ વિશેની સાક્ષીને કારણે પથ્થરો મારીને મારી નાંખવામાં આવ્યો.
- લુસ્ત્રા શહેરમાં, પ્રેરિત પાઉલને પથ્થર મારવામાં આવ્યા, પરંતુ તે તેના ઘાઓથી મરણ પામ્યો નહિ.

(આ પણ જુઓ: વ્યભિચાર, કરવું, ગુનો, મરણ, લુસ્ત્રા, સાક્ષી)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:57-58
- પ્રેરિતોના કૃત્યો 7:59-60
- પ્રેરિતોના કૃત્યો 14:5-7
- પ્રેરિતોના કૃત્યો 14:19-20
- યોહાન 8:4-6
- લૂક 13:34-35
- લૂક 20:5-6
- માથ્થી 23:37-39

## શબ્દ માહિતી:

- Strong's: H68, H69, H810, H1382, H1496, H1530, H2106, H2672, H2687, H2789, H4676, H4678, H5553, H5601, H5619, H6344, H6443, H6697, H6864, H6872, H7275, H7671, H8068, G2642, G2991, G3034, G3035, G3036, G3037, G4074, G4348, G5586

# પરિપૂર્ણ થવું, પૂર્ણ થયું

## વ્યાખ્યા:

"પરિપૂર્ણ" શબ્દનો અર્થ, કંઈક કે જે અપેક્ષા હતી, તેને પૂર્ણ અથવા પરિપૂર્ણ કરવી.

- જયારે ભવિષ્યવાણી પૂર્ણ થાય છે, ત્યારે તેનો અર્થ કે ભવિષ્યવાણીમાં જે ભાખ્યું હતું તે દેવ થવા દે છે.
- જો વ્યક્તિ વચન અથવા પ્રતિજ્ઞાને પરિપૂર્ણ કરે છે, તો તેનો અર્થ કે જે તેણે વચન આપ્યું તે તે કરે છે.
- જવાબદારીને પૂર્ણ કરવી તેનો અર્થ કે જે કાર્ય કરવા સોંપેલ અથવા જરૂરી હતું તે પૂરું કરવું.

## ભાષાંતરના સૂચનો:

સંદર્ભ પર આધાર રાખીને, "પરિપૂર્ણ" નું ભાષાંતર, "પૂરું કરવું" અથવા "પૂર્ણ કરવું" અથવા "થવા માટેનું કારણ બનવું" અથવા "આજ્ઞા પાળવી" અથવા "કામ પૂર્ણ કરવું," તરીકે કરી શકાય છે.

- "પૂર્ણ થઈ રહી છે" શબ્દસમૂહનું ભાષાંતર, "સાચું પુરવાર થયું છે" અથવા "થયું છે" અથવા " તે બન્યું છે," તરીકે પણ કરી શકાય છે.
- "તમારી સેવા પરિપૂર્ણ કરો," જેમાં "પરિપૂર્ણ" શબ્દનું ભાષાંતર, "પૂર્ણ" અથવા "કામ પૂરું કરવું" અથવા "તેમ કરવું" અથવા "જેમ દેવે તમને બીજા લોકોની સેવા કરવા માટે બોલાવ્યા છે તેમ કરો" જેવા શબ્દનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: પ્રબોધક, ખ્રિસ્ત, મંત્રી, બોલાવવું)

## બાઈબલની કલમો:

- 1 રાજા 2:26-27
- પ્રેરિતો 3:17-18
- લેવીય 22:17-19
- લૂક 4:20-22
- માથ્થી 1:22-23
- માથ્થી 5:17-18
- ગીતશાસ્ત્ર 116:12-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **24:4** પ્રબોધકોએ જે જણાવ્યું હતું તે યોહાને **પૂર્ણ** કર્યું, જેમકે હું મારા દૂતને તમારી આગળ મોકલી આપીશ કે જે તમારો માર્ગ તૈયાર કરશે.
- **40:3** ઈસુના કપડાં માટે સિપાઈઓ જુગાર રમ્યા.

જયારે તેઓએ આ કર્યું, ત્યારે ભવિષ્યવાણીમાં જે કહેવામાં આવ્યું હતું તે તેઓએ **પૂર્ણ** કર્યું, તેઓએ મારા કપડાં પોતાની વચ્ચે વિભાજીત કર્યા, અને મારા કપડાં માટે જુગાર રમ્યા.

- **42:7** ઈસુએ જણાવ્યું કે "હું તમને કહું છું કે ધર્મશાસ્ત્રમાં મારા વિશે જે બધું લખાયું છે તે અવશ્ય પૂર્ણ થશે.
- **43:5** પ્રબોધક યોએલ દ્વારા જે ભવિષ્યવાણી કરવામાં આવી છે તે અહીં **પરિપૂર્ણ** થાય છે, જેમાં દેવે જણાવ્યું છે કે, 'છેલ્લા દિવસોમાં, હું મારો આત્મા રેડી દઈશ."
- **43:7** "આ ભવિષ્યવાણીને **પરિપૂર્ણ** કરે છે જે કહે છે, તું તારા પવિત્રને કોહવાણ લાગવા દેશે નહીં.
- **44:5** જો કે તમે જે કરી રહ્યા હતા તે તમે સમજ્યા નહીં, (પણ) દેવે તમારા કાર્યોને ભવિષ્યવાણીઓને **પરિપૂર્ણ** કરવા વાપર્યા, જેમકે મસીહા દુઃખ સહન કરશે અને મરણ પામશે.

## શબ્દ માહિતી:

- Strong's: H1214, H5487, G1096, G4138

# પવિત્ર આત્મા, ઈશ્વરના આત્મા, પ્રભુના આત્મા, આત્મા

## સત્યો:

આ બધા જ શબ્દો પવિત્ર આત્મા, કે જે ઈશ્વર છે તેમને દર્શાવે છે. એક સાચા ઈશ્વર પિતા, પુત્ર, અને પવિત્ર આત્મા તરીકે અનંતકાળ માટે અસ્તિત્વ ધરાવે છે.

- પવિત્ર આત્માને “આત્મા” અને “યહોવાનો આત્મા” અને “સત્યનો આત્મા” તરીકે પણ ઉલ્લેખાય છે.
- કારણકે પવિત્ર આત્મા ઈશ્વર છે, તે સંપૂર્ણપણે પવિત્ર છે, અનંત શુદ્ધ, અને તેમના પૂર્ણ સ્વભાવમાં અને જે બધું તે કરે છે તેમાં તે નૈતિક રીતે સંપૂર્ણ છે.
- પિતા અને પુત્રની સાથે, પવિત્ર આત્મા જગતનું સર્જન કરવામાં સક્રિય હતા.
- જયારે ઈશ્વરના દીકરા ઈસુ, સ્વર્ગમાં પરત ગયા, ત્યારે ઈશ્વરે તેમના લોકોને દોરવણી આપવા, તેઓને શીખવવા, દિલાસો આપવા, અને તેઓને ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કરવા સક્ષમ થવા પવિત્ર આત્માને મોકલ્યા.
- પવિત્ર આત્મા એ ઈસુને માર્ગદર્શન આપ્યું અને તે જેઓ ઈસુમાં વિશ્વાસ કરે છે તેઓને માર્ગ દર્શન આપે છે.

## ભાષાંતરના સૂચનો:

- સામાન્યપણે “પવિત્ર” અને “આત્મા” શબ્દોનું ભાષાંતર કરવા માટે ઉપયોગમાં લેવાતા શબ્દો દ્વારા આ શબ્દોનું ભાષાંતર કરી શકાય છે.
- આ શબ્દના ભાષાંતરની રીતોમાં, “શુદ્ધ આત્મા” અથવા “આત્મા કે જે પવિત્ર છે” અથવા “ઈશ્વર આત્મા” શબ્દોનો પણ સમાવેશ કરીશકાય છે.

આ પણ જુઓ: પવિત્ર, આત્મા, ઈશ્વર, પ્રભુ, ઈશ્વર પિતા, ઈશ્વરના દીકરા, ભેટ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 10:9-10
- 1 થેસ્સલોનિકી 4:7-8
- પ્રેરિતો 8:14-17
- ગલાતી 5:25-26
- ઉત્પત્તિ 1:1-2
- યશાયા 63:10
- અયૂબ 33:4-5
- માથ્થી 12:31-32
- માથ્થી 28:18-19
- ગીતશાસ્ત્ર 51:10-11

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **1:1** પરંતુ **ઈશ્વર નો આત્મા** ત્યાં પાણી ઉપર હતો.
- **24:8** બાપ્તિસમા પામ્યા પછી જયારે ઈસુ પાણીમાંથી બહાર આવ્યા, ત્યારે **ઈશ્વરના આત્મા** કબૂતરના રૂપમાં દેખાયા અને નીચે ઉતરી આવી તેમના ઉપર બેઠા.
- **26:1** શેતાનના પરીક્ષણો પર જીત પ્રાપ્ત કર્યા બાદ, ઈસુ **પવિત્ર આત્માના** સામર્થ્યથી ભરપૂર થઈને ગાલીલના પ્રદેશમાં જ્યાં તે રહેતા હતા ત્યાં પાછા આવ્યા.
- **26:3** ઈસુએ વાચ્યું, “ઈશ્વરે **તેમનો આત્મા** મને આપ્યો છે કે જેથી હું દરિદ્રીઓને સુવાર્તા જાહેર કરું, બંદીવાનોને છૂટકારો, અંધજનોને દ્રષ્ટિ, અને કચડાયેલાઓને છોડાવું.”
- **42:10** જેથી તમે જઈને સર્વ જાતિના લોકોને શિષ્ય કરો, બાપ તથા દીકરા તથા **પવિત્ર આત્માને** નામે બાપ્તિસ્મા આપીને, અને મેં તમને જે જે આજ્ઞા આપી છે, તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ.”
- **43:3** તેઓ બધા **પવિત્ર આત્માથી** ભરપૂર થયા હતા અને તેઓ અન્ય ભાષાઓમાં બોલવા લાગ્યા.
- **43:8** “તેમણે જે વચન આપ્યું હતું તે પ્રમાણે ઈસુએ **પવિત્ર આત્મા** મોકલ્યા. **પવિત્ર આત્મા** જે કાર્ય કરી રહ્યા છે તે હવે તમે જોઈ રહ્યા છો અને સાંભળી રહ્યા છો.
- **43:11** પિતરે તેઓને જવાબ આપ્યો, "તમારામાંના દરેક જણે પસ્તાવો કરી ઈસુ ખ્રિસ્તના નામે બાપ્તિસ્મા લેવું જોઈએ જેથી ઈશ્વર તમારા પાપો માફ કરે. પછી તે તમને **પવિત્ર આત્માની** ભેટ પણ આપશે."
- **45:1** તેની (સ્તેફન) શાખ સારી હતી અને તે **પવિત્ર આત્મા** અને જ્ઞાનથી ભરપૂર હતો.

## શબ્દ માહિતી:

- Strong's: H3068, H6944, H7307, G40, G4151

# પવિત્ર આત્માથી ભરપૂર થવું

## વ્યાખ્યા:

"પવિત્ર આત્માથી ભરપૂર થવું" શબ્દ એ રૂપકાત્મક અભિવ્યક્તિ છે, જયારે તે શબ્દ વ્યક્તિનું વર્ણન કરવા વપરાય છે ત્યારે તેનો અર્થ એમ કે પવિત્ર આત્મા તે વ્યક્તિને દેવની ઈચ્છા પ્રમાણે કરવા સામર્થ્ય આપે છે.

- "(તેના)થી ભરેલ" એ એક અભિવ્યક્તિ છે, જેનો મોટેભાગે અર્થ, "(તેના) દ્વારા નિયંત્રણ થયેલ" એમ થાય છે.
- જયારે લોકો "પવિત્ર આત્માથી ભરપૂર" થાય છે, ત્યારે તેઓ પવિત્ર આત્માના નેતૃત્વ હેઠળ અને સંપૂર્ણપણે તેના પર આધાર રાખીને જે દેવ તેઓ દ્વારા જે કરાવવા માંગે છે, તે કરી શકે છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું ભાષાંતર, "પવિત્ર આત્મા દ્વારા શસક્ત કરાયેલું" અથવા "પવિત્ર આત્મા દ્વારા નિયંત્રણ થયેલું" તરીકે કરી શકાય છે.
- પરંતુ તેનો અર્થ એવો ના થવો જોઈએ કે પવિત્ર આત્મા વ્યક્તિને કઈંક કરવા મજબૂર કરે છે.
- વાક્ય જેવા કે, "તે પવિત્ર આત્માથી ભરપૂર હતો" તે શબ્દનું ભાષાંતર, "તે સંપૂર્ણપણે આત્માની શક્તિથી જીવતો હતો" અથવા "તે સંપૂર્ણપણે પવિત્ર આત્માથી દોરાયેલો હતો" અથવા " પવિત્ર આત્મા સંપૂર્ણપણે તેને માર્ગદર્શન આપતો હતો" તરીકે કરી શકાય છે.
- "આત્મા દ્વારા જીવવું" અભિવ્યક્તિનો અર્થ સમાન છે, પણ "પવિત્ર આત્માથી ભરપૂર થવું" જે તે વ્યક્તિ તેના જીવનમાં સંપૂર્ણ રીતે પવિત્ર આત્માના નિયંત્રણ અથવા પ્રભાવ તળે રહી તેને કામ કરવા દે છે.

જો શક્ય હોય તો, આ બે અભિવ્યક્તિઓનું ભાષાંતર અલગ રીતે થવું જોઈએ.

(આ પણ જુઓ: પવિત્ર આત્મા)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 4:29-31
- પ્રેરિતો 5:17-18
- પ્રેરિતો 6:8-9
- લૂક 1:14-15
- લૂક 1:39-41
- લૂક 4:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G40, G4130, G4137, G4151

# પવિત્ર કરવું, પવિત્ર કરે છે, પવિત્રીકરણ

## વ્યાખ્યા:

પવિત્ર કરવું એટલે કે અલગ કરવું અથવા પવિત્ર બનાવવું. પવિત્રીકરણ એ પવિત્ર બનવાની પ્રક્રિયા છે.

- જુના કરારમાં, ચોક્કસ લોકો અને બાબતો ઈશ્વરને માટે પવિત્ર કરવામાં આવતી હતી અથવા અલગ કરવામાં આવતી હતી.
- નવો કરાર શીખવે છે કે જે લોકો ઈસુમાં વિશ્વાસ કરે છે તેઓને ઈશ્વર પવિત્ર કરે છે.

એટલે કે, તેઓ લોકોને તેમની સેવા કરવાં માટે પવિત્ર કરે છે અને અલગ કરે છે.

- ઈસુમાં વિશ્વાસીઓને આજ્ઞા પણ આપવામાં આવી છે કે તેઓ પોતાને ઈશ્વરને માટે પવિત્ર કરે, જે સઘળું તેઓ કરે તેઓમાં પવિત્ર રહીને.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભને આધારે "પવિત્ર કરવું" શબ્દનું અનુવાદ "અલગ કરવું" અથવા "પવિત્ર બનાવવું" અથવા " શુદ્ધ કરવું" એમ કરી શકાય.
- જ્યારે લોકો પોતાને પવિત્ર કરે, ત્યારે તેઓ પોતાને શુદ્ધ કરે છે અને પોતાને ઈશ્વરની સેવાને માટે સમર્પિત કરે છે. "અભિષેક" શબ્દ વારંવાર બાઈબલમાં આ અર્થ સાથે વાપરવામાં આવ્યો છે.
- જ્યારે તેનો અર્થ "અભિષેક" કરવો હોય, ત્યારે આ શબ્દનો અનુવાદ "ઈશ્વરની સેવાને માટે કોઈકને (અથવા કંઇક) સમર્પિત કરવું" આ પ્રમાણે કરી શકાય.
- સંદર્ભને આધારે, "તમારું પવિત્રીકરણ" શબ્દસમૂહનું અનુવાદ "તમને પવિત્ર બનાવવા" અથવા "તમને અલગ કરવા (ઈશ્વરને માટે)" અથવા "જે તમને પવિત્ર બનાવે છે" આ પ્રમાણે કરી શકાય.

(આ પણ જુઓ: અભિષેક, પવિત્ર, અલગ કરવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનિકીઓ 4:3-6
- 2 થેસ્સલોનિકીઓ 2:13-15
- ઉત્પતિ 2:1-3
- લૂક 11:2
- માથ્થી 6:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H6942, G37, G38

# પવિત્ર સ્થાન

## વ્યાખ્યા:

બાઈબલમાં “પવિત્ર સ્થાન” અને “પરમ પવિત્ર સ્થાન” શબ્દો, મુલાકાત મંડપના અથવા મંદિરની ઈમારતના બે ભાગોને દર્શાવે છે. પ્રથમ ખંડ “પવિત્ર સ્થાન” હતું, અને તેમાં વેદીનો ધૂપ અને ટેબલ ઉપર ખાસ “રોટલીની હાજરી” રાખવામાં આવતી હતી.

- સૌથી અંદરનો ખંડ, જે બીજું સ્થાન હતું કે જે “પરમ પવિત્ર સ્થાન” કહેવાતું, અને તેમાં કરારકોશ આવેલો હતો.
- જાડા, ભારે પડદા બહારના ખંડથી અંદરના ખંડને અલગ કરતા.
- ફક્ત પ્રમુખ યાજક એક જ હતો કે જેને પરમપવિત્ર સ્થાનમાં જવાની પરવાનગી આપવામાં આવતી હતી.
- ક્યારેક, મંદિર અથવા મુલાકાત મંડપની ઈમારત અને આંગણાનો એમ બંને વિસ્તારને “પવિત્ર સ્થાન” તરીકે દર્શાવવામાં આવે છે.

સામાન્ય રીતે તે કોઈપણ જગ્યા હોય, તે દેવ માટે અલગ કરાયેલી હતી એમ દર્શાવી શકાય છે.

## ભાષાંતરના સૂચનો:

- “પવિત્ર સ્થાન” શબ્દનું ભાષાંતર, “ખંડ કે જે દેવ માટે અલગ કરાયેલો છે” અથવા “દેવને મળવાનો ખાસ ઓરડો” અથવા “દેવ માટેનું અનામત સ્થળ” તરીકે પણ કરી શકાય છે.
- “પરમ પવિત્ર સ્થાન” શબ્દ નું ભાષાંતર “દેવ માટે સૌથી અલગ કરાયેલો ઓરડો” અથવા “દેવને મળવા માટેનો વિશેષ ઓરડો” તરીકે કરી શકાય છે. સંદર્ભ પર આધાર રાખીને, “પવિત્ર સ્થાન” શબ્દનું સામાન્ય અભિવ્યક્તિમાં ભાષાંતર કરવામાં આવે તો તેમાં, “અભિષેક કરેલું સ્થાન” અથવા “દેવ કે જેણે અલગ કરેલું સ્થાન” અથવા “મંદિરની ઇમારતનું સ્થાન, કે જે પવિત્ર છે” અથવા “દેવના પવિત્ર મંદિરનું આંગણુ,” જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: વેદીનું ધૂપ, કરાર કોશ, રોટલી, અભિષેક, આંગણા, પડદો, પવિત્ર, અલગ કરેલું, મુલાકાત મંડપ, મંદિર)

## બાઈબલની કલમો:

- 1 રાજા 6:16-18
- પ્રેરિતો 6:12-15
- નિર્ગમન 26:31-33
- નિર્ગમન 31:10-11
- હઝકિયેલ 41:1-2
- એઝરા 9:8-9
- હિબ્રૂ 9:1-2
- લેવીય 16:17-19
- માથ્થી 24:15-18
- પ્રકટીકરણ 15:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H1964, H4720, H4725, H5116, H6918, H6944, G39, G40, G3485, G5117

# પવિત્ર, પવિત્રતા, અપવિત્ર, પૂજ્ય

## વ્યાખ્યા:

“પવિત્ર” અને “પવિત્રતા” શબ્દો ઈશ્વરના ચરિત્રનું વર્ણન કરે છે, તે સર્વ પાપી અને અપૂર્ણથી ઈશ્વરને તદ્દન નિરાળા અને અલગ કરે છે

- ફક્ત ઈશ્વર જ સંપૂર્ણપણે પવિત્ર છે. તે લોકો અને વસ્તુઓને પવિત્ર કરે છે.
- વ્યક્તિ કે જે પવિત્ર છે તે ઈશ્વરનો છે, અને ઈશ્વરની સેવાના હેતુ માટે અને તેમને મહિમા મળે માટે અલગ કરાયેલો છે.
- વસ્તુ જેને ઈશ્વરે પવિત્ર જાહેર કરી છે તે તેમના મહિમા અને તેમના કાર્ય માટે અલગ કરવામાં આવી છે, જેમ કે વેદી જે તેમને બલિદાન ચઢાવવાના હેતુ માટે છે.
- જ્યાં સુધી તે (ઈશ્વર) પરવાનગી ના આપે ત્યાં સુધી લોકો તેમની નજીક જઈ શકતા નથી, કારણકે તે પવિત્ર છે અને મનુષ્ય માત્ર પાપી અને અપૂર્ણ છે.
- જૂના કરારમાં, ઈશ્વરે યાજકોને તેમની સેવા માટે પવિત્ર તરીકે અલગ કર્યા છે. ઈશ્વરની નજીક જવા માટે તેઓએ ધાર્મિક સંસ્કાર પ્રમાણે પાપથી શુદ્ધ થવું પડતું હતું.
- ઈશ્વરે ચોક્કસ સ્થળો અને વસ્તુઓને પણ પવિત્ર કરીને અલગ કર્યા કે જે તેમના છે અથવા તેમાં તે પોતાને પ્રગટ કરે છે, જેમ કે કે તેમનું મંદિર.
- શાબ્દિક રીતે, “અપવિત્ર” શબ્દનો અર્થ “જે પવિત્ર નથી.” તે કોઈક વ્યક્તિ અથવા કંઈક વસ્તુ કે જે ઈશ્વરનું સન્માન કરતી નથી તેનું વર્ણન કરે છે.
- આ શબ્દ કોઈક કે જે ઈશ્વર વિરુદ્ધ બળવો કરી તેમનું અપમાન કરે છે, તેનું વર્ણન કરવા વપરાયો છે.
- વસ્તુ જે સામાન્ય, અપવિત્ર અથવા અશુદ્ધ હોય તેને “અપવિત્ર” કહી શકાય છે. તે ઈશ્વરનું નથી.
- “પવિત્ર” શબ્દ કંઈક કે જે ઈશ્વરની આરાધના સંબંધિત અથવા જૂઠા દેવોની વિદેશી મૂર્તિપૂજાને વર્ણવે છે.
- જૂના કરારમાં, “પૂજ્ય” શબ્દ મોટેભાગે પત્થરના થાંભલાઓ અને જૂઠા દેવોની આરાધના માટે પણ ઉપયોગમાં લેવાતી બીજી વસ્તુઓનું વર્ણન કરે છે. તે શબ્દનું “ધાર્મિક” તરીકે પણ ભાષાંતર કરી શકાય છે.
- “પવિત્ર ગીતો” અને “પવિત્ર સંગીત” કે જે ઈશ્વરના મહિમા માટે ગાવામાં અથવા વગાડવામાં આવે છે, તેને દર્શાવે છે. તેનું ભાષાંતર, “યહોવાની આરાધના માટેનું સંગીત” અથવા “ગીતો કે જે ઈશ્વરની પ્રશંસા કરે છે” તરીકે કરી શકાય છે.
- “પવિત્ર ફરજો” શબ્દસમૂહ, “ધાર્મિક ફરજો” અથવા “વિધિઓ” કે જે લોકોને ઈશ્વરની આરાધનામાં દોરવા માટે યાજક જે કરે છે, તેને દર્શાવે છે. જૂઠા દેવની ભક્તિ કરવા માટે મૂર્તિપૂજક યાજક દ્વારા કરવામાં આવતી વિધિઓને પણ તે દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- “પવિત્ર” શબ્દનું ભાષાંતર, “ઈશ્વર માટે અલગ કરાયેલું” અથવા “ઈશ્વરનું” અથવા “સંપૂર્ણ શુદ્ધ” અથવા “સંપૂર્ણપણે પાપ રહિત” અથવા “પાપથી અલગ કરાયેલું”નો સમાવેશ કરે છે.
- મોટેભાગે અંગ્રેજીમાં “પવિત્ર બનાવવા” શબ્દનું ભાષાંતર, “શુદ્ધ કરવું” તરીકે કરવામાં આવેલું છે. તેનું ભાષાંતર “ઈશ્વરના મહિમા માટે (કોઈને) અલગ કરવું” તરીકે પણ કરી શકાય છે.
- “અપવિત્ર” શબ્દનું ભાષાંતરમાં, “પવિત્ર નથી” અથવા “ઈશ્વરનું નથી તે” અથવા “ઈશ્વરને મહિમા આપતું નથી” અથવા “ઈશ્વરીય નથી”નો સમાવેશ કરે છે.
- કેટલાક સંદર્ભોમાં, “અપવિત્ર”નું ભાષાંતર “અશુદ્ધ” તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: પવિત્ર આત્મા, અભિષેક, શુદ્ધ, અલગ કરવું)

## બાઇબલની કલમો:

- ઉત્પત્તિ 28:20-22
- 2 રાજા 3:1-3
- યર્મિયાનો વિલાપ 4:1-2
- હઝકિયેલ 20:18-20
- માથ્થી 7:6
- માર્ક 8:38
- પ્રેરિતો 7:33-34
- પ્રેરિતો 11:7-10
- રોમન 1:1-3
- 2 કરિંથી 12:3-5
- કલોસ્સી 1:21-23
- 1 થેસ્સલોનિકી 3:11-13
- 1 થેસ્સલોનિકી 4:7-8
- 2 તિમોથી 3:14-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **1:16** તેમણે (ઈશ્વરે) સાતમા દિવસને આશીર્વાદ દીધો અને તેને **પવિત્ર** ઠરાવ્યો, કારણકે આ દિવસે તેઓ તેમના કામથી સ્વસ્થ રહ્યા.
- **9:12** "તું **પવિત્ર** જગા ઉપર ઊભો છે."
- **13:1** "જો તમે મારી આજ્ઞા પાળશો અને મારો કરાર માનશો, તો તમે મારું કિંમતી દ્રવ્ય અને યાજકોનું રાજ્ય અને **પવિત્ર** દેશ કહેવાશો.
- **13:5** " હંમેશા સાબ્બાથ દિવસને **પવિત્ર** રાખો."
- **22:5** "જેથી તે બાળક જે ઈશ્વરનો દીકરો છે, તે **પવિત્ર** હશે,."
- **50:2** જયારે આપણે ઈસુના પાછા આવવાની રાહ જોઈએ છીએ, ત્યારે ઈશ્વર ચાહે છે કે આપણે એવું **પવિત્ર** જીવન જીવીએ કે જેથી તેમને માન મળે.

## શબ્દ માહિતી:

- Strong's: H430, H2455, H2623, H4676, H4720, H6918, H6922, H6942, H6944, H6948, G37, G38, G39, G40, G41, G42, G462, G1859, G2150, G2412, G2413, G2839, G3741, G3742

# પવિત્રસ્થાન

## વ્યાખ્યા:

શાબ્દિક રીતે “પવિત્રસ્થાન”નો અર્થ “પવિત્ર સ્થાન” અને તે જે જગ્યાને ઈશ્વરે પવિત્ર બનાવી છે તેનો ઉલ્લેખ કરે છે. તે એવી પણ જગ્યાનો ઉલ્લેખ કરે છે કે જે રક્ષણ અને સલામતી આપે છે.

- જુના કરારમાં, “પવિત્રસ્થાન” શબ્દનો વારંવાર ઉપયોગ મુલાકાતમંડપ અથવા મંદિર કે જ્યાં “પવિત્ર સ્થાન” અને “પરમ પવિત્રસ્થાન” સ્થાપિત હતું તેનો ઉલ્લેખ કરવા માટે થયો હતો.
- ઈશ્વરે પવિત્રસ્થાનને તેઓ તેમના લોકો, ઈઝરાયેલીઓ મધ્યે રહેતાં હતાં તે સ્થળ તરીકે ઉલ્લેખ કર્યો હતો.
- તેઓ પોતાને “પવિત્રસ્થાન” અથવા તેમના લોકોને માટે સલામત જગ્યા કે જ્યાં તેઓ રક્ષણ મેળવી શકે એ પ્રમાણે પણ ઓળખાવતાં હતાં.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો મૂળભૂત અર્થ "પવિત્ર સ્થાન" અથવા "સ્થળ કે જે અલગ કરવામાં આવ્યું છે" તે છે.
- સંદર્ભને આધારે “પવિત્રસ્થાન” શબ્દનો અનુવાદ “પવિત્ર સ્થાન” અથવા “પવિત્ર ઈમારત” અથવા “ઈશ્વરનું પવિત્ર રહેવાનું સ્થાન” અથવા “રક્ષણ માટેનું પવિત્ર સ્થાન” અથવા “સલામતી માટેનું પવિત્ર સ્થાન” એ પ્રમાણે કરી શકાય.
- શબ્દસમૂહ “પવિત્રસ્થાનનું શેકેલ” નું અનુવાદ “મુલાકાત મંડપને માટે એક પ્રકારનું શેકેલ આપવામાં આવતું” અથવા “મંદિરની સંભાળ લેવાને માટે કર ચુકવવા શેકેલનો ઉપયોગ થતો” આ પ્રમાણે કરી શકાય.
- નોંધ: સાવધ રહો કે આ શબ્દનું અનુવાદ આધુનિક સમયની મંડળીમાં ભજન ખંડનો ઉલ્લેખ કરતુ નથી

(આ પણ જુઓ: પવિત્ર, પવિત્ર આત્મા, પવિત્ર, અલગ કરવું, મુલાકાત મંડપ, કર, મંદિર)

## બાઈબલના સંદર્ભો:

- આમોસ 7:12-13
- નિર્ગમન 25:3-7
- હઝકિયેલ 25:3-5
- હિબ્રુઓ 8:1-2
- લૂક 11:49-51
- ગણના 18:1-2
- ગીતશાસ્ત્ર 78:67-69

## શબ્દ માહિતી:

- Strong's: H4720, H6944, G39

# પશ્ચાતાપ કરવો, પશ્ચાતાપ કરે છે, પશ્ચાતાપ કર્યો, પશ્ચાતાપ

## વ્યાખ્યા:

"પશ્ચાતાપ કરવો" અને "પશ્ચાતાપ" શબ્દો પાપથી દૂર જવું અને ઈશ્વર તરફ પાછા ફરવું તેનો ઉલ્લેખ કરે છે.

- "પશ્ચાતાપ કરવા" નો શાબ્દિક અર્થ "મન બદલવું" એવો થાય છે.
- બાઇબલમાં, "પશ્ચાતાપ કરવા" નો અર્થ સામાન્ય રીતે વિચારવાના તથા વ્યવહાર કરવાના પાપી માનવીય માર્ગમાંથી પાછા ફરવું અને વિચારવાના તથા વ્યવહાર કરવાના ઈશ્વરના માર્ગ તરફ વળવું એવો થાય છે.
- જ્યારે લોકો પોતાના પાપો માટે સાચી રીતે પશ્ચાતાપ કરે છે ત્યારે, ઈશ્વર તેમને માફ કરે છે અને તેમનું આજ્ઞાપાલન કરવાની શરૂઆત કરવા મદદ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "પશ્ચાતાપ કરવો" શબ્દનો અનુવાદ "(ઈશ્વર તરફ) પાછા વળવું" અથવા તો "પાપથી પાછા અને ઈશ્વર તરફ વળવું" અથવા તો "ઈશ્વર તરફ અને પાપથી પાછા ફરવું" એવા શબ્દસમૂહોથી થઈ શકે.
- "પશ્ચાતાપ" શબ્દનો અનુવાદ ઘણી વાર "પશ્ચાતાપ કરવો" તે ક્રિયાપદ વાપરીને કરી શકાય છે.

ઉદાહરણ તરીકે, "ઈશ્વરે ઇઝરાયલને પશ્ચાતાપ બક્ષ્યો છે" નો અનુવાદ "ઈશ્વરે ઇઝરાયલને પશ્ચાતાપ કરવા સક્ષમ કર્યો છે" તરીકે કરી શકાય.

- "પશ્ચાતાપ" નો અનુવાદ "પાપથી પાછા ફરવું" અથવા તો "ઈશ્વર તરફ અને પાપથી પાછા ફરવું" જેવી બીજી રીતે કરી શકાય.

(આ પણ જૂઓ: માફ કરવું, પાપ, ફરવું)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 3:19-20
- લૂક 3:3
- લૂક 3:8
- લૂક 5:29-32
- લૂક 24:45-47
- માર્ક 1:14-15
- માથ્થી 3:1-3
- માથ્થી 3:10-12
- માથ્થી 4:17
- રોમન 2:3-4

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **16:2** ઘણા વર્ષો સુધી ઈશ્વરનું આજ્ઞાપાલન ન કરવા તથા પોતાના શત્રુઓથી જુલમ સહ્યા બાદ, ઇઝરાયલીઓએ **પશ્ચાતાપ કર્યો** અને તેઓને છોડાવવા ઈશ્વરને વિનંતી કરી.
- **17:13** દાઉદે તેના પાપ માટે **પશ્ચાતાપ કર્યો** અને ઈશ્વરે તેને માફ કર્યું.
- **19:18** તેઓને (પ્રબોધકોએ) લોકોને ચેતવણી આપી કે જો તેઓ **પશ્ચાતાપ નહીં કરે** તો ઈશ્વર તેઓનો નાશ કરશે.
- **24:2** ઘણા લોકો યોહાનને સાંભળવા અરણ્યમાં ગયા.

તેણે તેઓને, "**પશ્ચાતાપ કરો,** કારણ કે ઈશ્વરનું રાજ્ય પાસે આવ્યું છે!" કહેતા પ્રચાર કર્યો.

- **42:8** "શાસ્ત્રમાં પણ લખ્યું હતું કે મારા શિષ્યો દરેક વ્યક્તિએ તેના પાપની માફી પામવા માટે **પશ્ચાતાપ કરવો** જોઈએ એવું ઘોષિત કરશે."
- **44:5** "તો હવે, **પશ્ચાતાપ કરો** અને ઈશ્વર તરફ પાછા ફરો કે જેથી તમારા પાપો ધોવાઈ જાય."

## શબ્દ માહિતી:

- Strong's: H5150, H5162, H5164, G278, G3338, G3340, G3341

# પસંદ કરેલું, પસંદ કરવું, પસંદ કરાયેલા લોકો, પસંદ કરાયેલ વ્યક્તિ, ચૂંટી કાઢવું

## વ્યાખ્યા:

“ચૂંટી કાઢવું” શબ્દનો શબ્દશઃ અર્થ, “પસંદ કરાયેલા” અથવા “પસંદ કરાયેલા લોકો” અને જેમને પોતાના લોક થવા ઈશ્વરે નિમણૂક કર્યા છે અથવા પસંદ કર્યાનો ઉલ્લેખ કરે છે. “પસંદ કરાયેલા” અથવા "ઈશ્વરના પસંદ કરેલા એક" શીર્ષક ઈસુનો ઉલ્લેખ કરે છે, કે જે પસંદ કરાયેલ મસીહા છે.

- “પસંદ” શબ્દનો અર્થ, કંઈક અથવા કોઈકને પસંદ કરવું/કરવો અથવા કંઈક નક્કી કરવું. મોટેભાગે તે એવી વ્યક્તિને દર્શાવે છે કે જેને ઈશ્વર, તેમના લોક થવા સારું અને તેમની સેવા કરવા સારું નિમણૂક કરે છે.
- “પસંદ કરાયેલા હોવું” શબ્દનો અર્થ કંઈક કરવા “પસંદ હોવું” અથવા” નિમણૂક કરેલું હોવું.”
- ઈશ્વરે લોકોને પવિત્ર રહેવા, સારા આત્મિક ફળ ધારણ કરવાના હેતુ માટે તેના દ્વારા અલગ કરી પસંદ કર્યા છે. તેને લીધે તેઓ “પસંદ કરાયેલા અથવા “ચૂંટેલા” કહેવાય છે.
- ” “પસંદ કરાયેલા” શબ્દ બાઈબલમાં ક્યારેક ચોક્કસ લોકો જેવા કે મૂસા, અને દાઉદ રાજા જેમને ઈશ્વરે તેમના લોકો ઉપર નેતાઓ તરીકે નિમણૂક કરી, તે માટે વાપર્યો છે. તે ઈઝરાયેલ દેશના પસંદ કરેલા લોકોને દર્શાવવા પણ વપરાયો છે.
- “ચૂંટી કાઢવું” શબ્દસમૂહ એ એક જૂનો શબ્દસમૂહ છે કે જેનો શાબ્દિક અર્થ, “પસંદ કરાયેલા” અથવા “પસંદ કરેલા લોકો” થાય છે. જયારે ખ્રિસ્તમાં વિશ્વાસીઓને દર્શાવવામાં આવે છે, ત્યારે મૂળ ભાષામાં આ શબ્દસમૂહ બહુવચન છે.
- બાઈબલની જૂના અંગ્રેજીની આવૃત્તિમાં, જૂના અને નવા કરારના બન્નેના ભાષાંતરમાં, “પસંદ કરેલા(ઓ)” (બહુવચન) માટે “ચૂંટવું” શબ્દ વાપરવામાં આવ્યો છે. નવા કરારમાં “ચૂંટવું” શબ્દ, મોટાભાગની આધુનિક આવૃત્તિઓમાં વાપર્યો છે, જે દર્શાવે છે કે લોકો વિશ્વાસથી ઈસુમાં ઈશ્વર દ્વ્રારા બચાવવામાં આવ્યા છે. બાઈબલના અન્યત્ર લખાણમાં “પસંદ કરાયેલાઓ” તરીકે આ શબ્દનું ભાષાંતર વધારે શાબ્દિક રીતે કર્યું છે.

## ભાષાંતરના સૂચનો:

- “ચૂંટી કાઢવું”નું  ભાષાંતર, શબ્દ અથવા શબ્દસમૂહ કે જેનો અર્થ, “પસંદ કરેલાઓ” અથવા “પસંદ કરેલા લોકો” થાય છે, તે રીતે કરવું ઉત્તમ છે. તેનું ભાષાંતર, “લોકો જેમને ઈશ્વરે પસંદ કરેલા” અથવા “ઈશ્વરે તેમને તેના લોકો થવા નિમણૂક કરેલા છે” તરીકે પણ (ભાષાંતર) કરી શકાય છે.
- “જેઓ પસંદ કરેલા હતા” શબ્દસમૂહનું ભાષાંતર, “જેઓની નિમણૂક કરેલી હતી” અથવા “જેઓને પસંદ કરેલા હતા” અથવા “જેમને ઈશ્વરે પસંદ કર્યા” તરીકે પણ કરી શકાય છે.
- “મેં તમને પસંદ કર્યા છે” તે શબ્દનું ભાષાંતર, “મેં તમારી નિમણૂક કરી છે” અથવા “મેં તમને પસંદ કર્યા છે” એમ થઇ શકે છે.
- ઈસુના સંદર્ભમાં, “પસંદ કરેલાનું ભાષાંતર “ઈશ્વરેના પસંદ કરાયેલ” અથવા “ઈશ્વર દ્વારા ખાસ નિમાયેલો મસીહા” અથવા “એક કે જે ઈશ્વરે (લોકોને બચાવવા) નિમેલો” તરીકે (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: નિમણૂક, ખ્રિસ્ત)

## બાઈબલની કલમો:

- 2 યોહાન 1:1-3
- કોલોસ્સી 3:12-14
- એફેસી 1:3-4
- યશાયા 65:22-23
- લૂક 18:6-8
- માથ્થી 24:19-22
- રોમન 8:33-34

## શબ્દ માહિતી:

- Strong's: H970, H972, H977, H1262, H1305, H4005, H6901, G138, G140, G1586, G1588, G1589, G1951, G4400, G4401, G4758, G4899, G5500

# પાપ, પાપરૂપ, પાપી, પાપ કર્યા કરવું

## વ્યાખ્યા:

"પાપ" એવી ક્રિયાઓ, વિચારો અને શબ્દોનો ઉલ્લેખ કરે છે જે ઈશ્વરના નિયમો અને ઈચ્છાની વિરુદ્ધમાં છે. પાપ જે ઈશ્વર ઈચ્છે છે કે આપણે કરીએ તેમ ન કરવાનો પણ ઉલ્લેખ કરે છે.

- પાપ આપણે એવું કંઈપણ કરીએ છીએ જે ઈશ્વરને આધીન નથી અથવા તો તેમને પ્રસન્ન કરતુ નથી, તેનો સમાવેશ કરે છે, એવી પણ બાબતો કે જેના વિષે બીજા કોઈ જાણતા નથી.
- વિચારો અને ક્રિયાઓ કે જે ઈશ્વરની ઈચ્છાને આધીન નથી તેને "પાપરૂપ" કહેવાય છે.
- આદમે પાપ કર્યું તેને કારણે, સમગ્ર માનવજાત "પાપી સ્વભાવ" થી જન્મે છે, એવો સ્વભાવ કે જે તેમના પર અંકુશ ધરાવે છે અને તેમને પાપ કરવા તરફ દોરી જાય છે.
- "પાપી" એ છે કે જે પાપ કરે છે, તેથી દરેક મનુષ્ય પાપી છે.
- ઘણીવાર "પાપીઓ" શબ્દ ધાર્મિક લોકો જેવા કે ફરોશીઓ દ્વારા એવા લોકોને સંબોધવા માટે વાપરવામાં આવતો હતો કે જેઓ નિયમો પાળતા ન હતા, જે ફરોશીઓ ઈચ્છતા હતા કે તેમણે પાળવા જોઈએ.
- "પાપી" શબ્દ એવા લોકો માટે પણ વાપરવામાં આવતો હતો જેમને બીજા લોકો કરતાં ખરાબ પાપી ગણવામાં આવતા હતા. ઉદાહરણ તરીકે, આ નામપટ્ટી કર ઉઘરાવનારા/દાણીઓ અને વેશ્યાઓ/ગણિકાઓને આપવામાં આવી હતી.

## અનુવાદ માટેના સૂચનો:

- "પાપ" શબ્દનું અનુવાદ એવા શબ્દ કે શબ્દસમૂહ જેનો અર્થ "ઈશ્વરને આધીન નથી" અથવા "ઈશ્વરની ઈચ્છાની વિરુદ્ધ જવું" અથવા "દુષ્ટ વર્તન અને વિચારો" અથવા "ખોટું કરવું" તરીકે કરી શકાય.
- "પાપ" કરવું નો અનુવાદ "ઈશ્વરનું ન માનવું" અથવા "ખોટું કરવું" પણ કરી શકાય.
- સંદર્ભને આધારે "પાપી" શબ્દનું અનુવાદ "ખોટું કરવાથી ભરપુર" અથવા "દુષ્ટ" અથવા "અનૈતિક" અથવા "દુષ્ટ" અથવા "ઈશ્વરની વિરુદ્ધ બંડ પોકારવું" કરી શકાય.
- સંદર્ભને આધારે "પાપી" નું અનુવાદ એવા શબ્દ કે શબ્દસમૂહનો અર્થ, "એવી વ્યક્તિ કે જે પાપ કરે છે" અથવા "વ્યક્તિ કે જે ખોટી બાબતો કરે છે" અથવા "વ્યક્તિ કે ઈશ્વરનું માનતી નથી" અથવા "વ્યક્તિ કે જે નિયમોને પાળતી નથી" કરી શકાય.
- "પાપીઓ" શબ્દનું અનુવાદ જે શબ્દ કે શબ્દસમૂહનો અર્થ "અતિ ઘણાં પાપી લોકો" અથવા "લોકો જેઓને ઘણાં પાપી ગણવામાં આવ્યા છે" અથવા "અનૈતિક લોકો" કરી શકાય.
- "દાણીઓ અને પાપીઓ" નું અનુવાદ કરવાની રીતોમાં "લોકો કે જેઓ સરકાર માટે નાણાં ઉઘરાવે છે, અને બીજા ઘણાં પાપી લોકો" અથવા "ઘણાં પાપી લોકો, જેમાં દાણીઓનો પણ સમાવેશ થાય" કરી શકાય.
- એ ધ્યાનમાં રાખો કે આ શબ્દનું અનુવાદ પાપી વર્તન અને વિચારોનો સમાવેશ કરે, એવા પણ જેને બીજા લોકો જોઈ શકતા નથી કે તે વિષે જાણતા નથી.
- "પાપ" શબ્દ સામાન્ય, અને "દુષ્ટતા," "દુષ્ટ" શબ્દોથી જુદો હોવો જોઈએ.

(આ પણ જુઓ: અનાધીન, દુષ્ટ, શરીર, દાણી)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 9:1-3
- 1 યોહાન 1:8-10
- 1 યોહાન 2:1-3
- 2 શમુએલ 7:12-14
- પ્રેરિતોના કૃત્યો 3:19-20
- દાનિયેલ 9:24-25
- ઉત્પતિ 4:6-7
- હિબ્રુઓ 12:1-3
- યશાયા 53:10-11
- યર્મિયા 18:21-23
- લેવીય 4:13-15
- લૂક 15:17-19
- માથ્થી 12:31-32
- રોમનો 6:22-23

- રોમનો 8:3-5

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **3:15** ઈશ્વરે કહ્યું, "હું વચન આપું છું હું હવે કદી લોકોના દુષ્ટ કૃત્યોને કારણે ભૂમિને શાપિત કરીશ નહિ, અથવા જળપ્રલય લાવીને જગતનો નાશ કરીશ નહિ, બાળપણના સમયથી લોકો **પાપી** હોય તોપણ."
- **13:12** ઈશ્વર તેમના પર ઘણાં ગુસ્સે હતા તેમના **પાપના કારણે** અને તેમનો નાશ કરવાને માટે યોજના કરી.
- **20:1** ઈઝરાયેલ અને યહુદિયા બંને રાજ્યોએ ઈશ્વરની વિરુદ્ધમાં **પાપ કર્યું**. તેમણે ઈશ્વરે તેમની સાથેનો કરેલો સિનાઈ પર્વત પરનો કરાર તોડી નાંખ્યો.
- **21:13** પ્રબોધાકોએ તેમ પણ કહ્યું કે મસીહા સંપૂર્ણ, **પાપરહિત** હશે. બીજા લોકોના **પાપની** શિક્ષા ભોગવવા માટે તે મરણ પામશે.
- **35:1** એક દિવસ, ઈસુ ઘણાં દાણીઓ અને બીજા **પાપીઓને** જેઓ તેમનું સાંભળવા ભેગા થયા હતા, તેમને શીખવતા હતા.
- **38:5** પછી ઈસુએ પ્યાલો લીધો અને કહ્યું, "આ પીઓ. તે નવા કરારમાનું મારું લોહી છે જે **પાપોની** માફીને સારું વહેવડાવવામાં આવ્યું છે."
- **43:11** પીતરે તેઓને ઉત્તર આપ્યો, "તમારામાના દરેકે પસ્તાવો કરવો જોઈએ અને ઈસુ ખ્રિસ્તના નામમાં બાપ્તિસ્મા લેવું જોઈએ કે જેથી ઈશ્વર તમારા **પાપો** માફ કરે."
- **48:8** આપણે સર્વ આપણા **પાપોને** માટે મરવા યોગ્ય છીએ!
- **49:17** જો કે તમે ખ્રિસ્તી છો, તોપણ તમને **પાપનું** પરીક્ષણ થશે. પરંતુ ઈશ્વર વિશ્વાસુ છે અને કહે છે કે જો તમે તમારા **પાપો** કબૂલ કરો તો, તેઓ તમને માફ કરશે. તેઓ તમને **પાપની** વિરુદ્ધ લડવા માટે સામર્થ્ય આપશે.

## શબ્દ માહિતી:

- Strong's: H817, H819, H2398, H2399, H2400, H2401, H2402, H2403, H2408, H2409, H5771, H6588, H7683, H7686, G264, G265, G266, G268, G361, G3781, G3900, G4258

# પાળક, પાળકો

## વ્યાખ્યા:

“પાળક” શબ્દ શબ્દશઃ રીતે “ઘેટાંપાળક” નો સમાનાર્થી શબ્દ છે. કોઈ વ્યક્તિ કે જે એક વિશ્વાસીઓના જૂથનો આત્મિક આગેવાન છે તેના માટે તે શીર્ષક તરીકે વપરાય છે.

- અંગ્રેજી બાઇબલના અનુવાદોમાં, “પાળક” શબ્દ ફક્ત એક જ વાર એટલે કે એફેસીઓના પત્રમાં જોવા મળે છે.

બીજે બધે જ્યાં “ઘેટાંપાળક” શબ્દનો અનુવાદ થયો છે તેનો આ સમાનર્થી શબ્દ છે.

- કેટલીક ભાષાઓમાં, “પાળક” માટેનો શબ્દ “ઘેટાંપાળક” માટેના શબ્દ સમાન છે.
- ઈસુનો ઉલ્લેખ “ઉત્તમ ઘેટાંપાળક” તરીકે કરવામાં જે શબ્દ વપરાયો છે તે આ જ શબ્દ છે.

## અનુવાદ માટેના સૂચનો:

- ભાષાંતર કરવાની ભાષામાં “ઘેટાંપાળક” માટે જે શબ્દ છે તે જ શબ્દ દ્વારા આ શબ્દનો અનુવાદ કરવો સૌથી શ્રેષ્ઠ રીત છે.
- આ શબ્દનો અનુવાદ કરવાની બીજી રીતોમાં “આત્મિક પાળક” અથવા તો “ખ્રિસ્તી પાળકિય આગેવાન” નો સમાવેશ થઈ શકે.

(આ પણ જૂઓ: ઘેટાંપાળક, ઘેટું)

## બાઇબલના સંદર્ભો:

- એફેસી 4:11-13

## શબ્દ માહિતી:

- Strong's: H7462, G4166

# પાવન કરવું, પાવન કરેલું, પવિત્રીકરણ

## વ્યાખ્યા:

પાવન કરવું શબ્દનો અર્થ, કંઈક અથવા કોઈકને દેવની સેવા માટે અર્પણ કરવું. વસ્તુ અથવા વ્યક્તિ કે જેને પાવન કરેલી છે તેને પવિત્ર માનવામાં આવે છે અને તે દેવ માટે અલગ કરાયેલી છે.

- આ શબ્દનો અર્થ, "પવિત્ર કરવું" અથવા "પવિત્ર બનાવવું" થાય છે, પણ તેમાં એક ઔપચારિક અર્થ ઉમેરવામાં આવે છે એટલે કે તેને દેવની સેવા માટે અલગ કરવામાં આવે છે.
- દેવને જે વસ્તુઓ પાવન તરીકે અર્પણ કરવામાં આવે છે તેમાં બલિદાન આપવાના પ્રાણીઓ, અર્પણની હોમ વેદી, અને મુલાકાત મંડપનો સમાવેશ થાય છે.
- લોકો કે જેઓ દેવને પાવન થયેલા હતા, તેમાં યાજકો, ઈઝરાએલના લોકો, અને પ્રથમ નર બાળકનો સમાવેશ થાય છે.
- ક્યારેક "પાવન" શબ્દનો અર્થ "શુદ્ધ" શબ્દની સમાન હોય છે, ખાસ કરીને જયારે તે લોકો અથવા વસ્તુઓને અનુલક્ષીને દેવની સેવા માટે તૈયાર કરવામાં આવે કે જેથી તેઓ શુદ્ધ અને સ્વીકાર્ય બને.

## ભાષાંતરના સૂચનો:

- "પાવન" શબ્દનું ભાષાંતર, "દેવની સેવા માટે અલગ કરાયેલા" અથવા "દેવની સેવા માટે શુદ્ધ કરાયેલા" એવા શબ્દોનો સમાવેશ થઇ શકે છે.
- "પવિત્ર" અને "શુદ્ધ કરવું" તે શબ્દોના ભાષાંતર કેવી રીતે કરવું તે ધ્યાનમાં રાખો.

(આ પણ જુઓ: પવિત્ર, શુદ્ધ, પવિત્ર કરવું)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 4:3-5
- 2 કાળવૃતાંત 13:8-9
- હઝકિયેલ 44:19

## શબ્દ માહિતી:

- Strong's: H2763, H3027, H4390, H4394, H5144, H5145, H6942, H6944, G1457, G5048

## પાસ્ખા, પાસ્ખાપર્વ

### તથ્યો:

ઈશ્વરે કેવી રીતે તેઓના પૂર્વજોને એટલે કે ઇઝરાયલીઓને ઈજીપ્તની ગુલામીમાંથી છોડાવ્યા હતા તેની યાદગીરીમાં યહૂદીઓ દર વર્ષે જે ધાર્મિક પર્વ મનાવતા હતા તેનું નામ "પાસ્ખાપર્વ" છે.

- આ પર્વનું નામ એ હકીકત પર આધારિત છે કે જ્યારે ઈશ્વરે ઈજીપ્તના લોકોના પ્રથમજનિત પુત્રોનો સંહાર કર્યો ત્યારે તેમણે ઇઝરાયલીઓના ઘરોને ટાળ્યા અને તેઓના પુત્રોનો સંહાર કર્યો નહિ.
- પાસ્ખાપર્વની ઉજવણીમાં એક સંપૂર્ણ હલવાન (ઘેટું) કે જેને હલાલ કરીને તથા શેકીને અને ખમીર વગરની રોટલીનું તૈયાર કરેલું ખાસ ભોજન કરવામાં આવતું હતું.

આ ખોરાક તેમને તે ભોજનની યાદ અપાવતો હતો કે જેને ઇઝરાયલીઓએ ઈજિપ્તમાંથી છૂટકારો પામ્યા તેની આગલી રાત્રે ખાધું હતું.

- કેવી રીતે ઈશ્વરે તેઓના ઘરોને "ટાળ્યા" અને તેઓને ઈજીપ્તની ગુલામીમથી મુક્ત કર્યા તેને યાદ કરવા અને તેનો ઉત્સવ મનાવવા ઈશ્વરે ઇઝરાયલીઓને આ ભોજન દર વર્ષે ખાવા કહ્યું હતું.

### અનુવાદ માટેના સૂચનો:

- "પાસ્ખાપર્વ" શબ્દનો અનુવાદ "પસાર થવું" અને "ઉપરથી" એ બંને શબ્દોને જોડીને અથવા તો આવો અર્થ ધરાવતા બીજા શબ્દોને જોડવા દ્વારા કરી શકાય.
- આ પર્વના નામ માટે જે શબ્દોનો ઉપયોગ કરવામાં આવે તે શબ્દો દૂતે ઇઝરાયલીઓના ઘરોને ટાળવામાં અને તેઓના પુત્રોને બચાવવામાં જે કર્યું તેની સાથે સ્પષ્ટ રીતે જોડાયેલા હોય તો તે મદદરૂપ થશે.

### બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 5:6-8
- 2 કાળવૃતાંત 30:13-15
- 2 રાજા 23:21-23
- પુનર્નિયમ 16:1-2
- નિર્ગમન 12:26-28
- એઝરા 6:21-22
- યોહાન 13:1-2
- યહોશુઆ 5:10-11
- લેવીય 23:4-6
- ગણના 9:1-3

### બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **12:14** ઈશ્વરે દર વર્ષે **પાસ્ખાપર્વ** પાળવા દ્વારા ઇઝરાયલીઓને ઈશ્વરનો ઈજિપ્તના લોકો પરનો વિજય અને ઇઝરાયલીઓનો ગુલામીમાંથી છૂટકારો યાદ રાખવા આજ્ઞા આપી.
- **38:1** યહૂદીઓ દર વર્ષે **પાસ્ખાપર્વ** પાળતા. ઘણી સદીઓ અગાઉ કેવી રીતે ઈશ્વરે તેઓના પૂર્વજોને ઈજિપ્તની ગુલામીમાંથી છોડાવ્યા હતા તેની આ ઉજવણી હતી.
- **38:4** ઈસુએ પોતાના શિષ્યો સાથે **પાસ્ખાપર્વ** મનાવ્યું.
- **48:9** જ્યારે ઈશ્વરે રક્ત જોયું ત્યારે, તેમણે તેઓના ઘરોને ટાળ્યા અને તેઓના પ્રથમજનિત પુત્રોનો સંહાર કર્યો નહીં. આ ઘટનાને **પાસ્ખાપર્વ** કહેવામાં આવે છે.
- **48:10** ઈસુ આપણું **પાસ્ખાપર્વનું** હલવાન છે.

તેઓ સંપૂર્ણ અને પાપરહિત હતા અને તેમને **પાસ્ખાપર્વની** ઉજવણી દરમ્યાન મારી નાખવામાં આવ્યા હતા.

## શબ્દ માહિતી:

- Strong's: H6453, G3957

# પુનઃસ્થાપિત કરવું, ઠીક કરવું, પાછું સોંપવું, પુનઃસ્થાપિત કરે છે, પુનઃસ્થાપિત કર્યું, પુનઃસ્થાપના

### વ્યાખ્યા:

"પુનઃસ્થાપિત કરવું" અને "પુનઃસ્થાપના" શબ્દો કોઈ બાબત તેની મૂળ અને વધારે સારી સ્થિતિમાં પાછી બદલાય તેવું કરવાનો ઉલ્લેખ કરે છે.

- જ્યારે શરીરનો રોગગ્રસ્ત ભાગ ઠીક કરવામાં આવ્યો છે ત્યારે, તેનો અર્થ તેને સાજો કરવામાં આવ્યો છે એવો થાય છે.
- ભંગીત સંબંધ કે જેને ઠીક કરવામાં આવ્યો છે તેમાં "સમાધાન" કરવામાં આવ્યું છે.

ઈશ્વર પાપી લોકોને પુનઃસ્થાપિત કરે છે અને પોતાની સાથે પાછા જોડે છે.

- જો લોકોને તેમના વતનના દેશમાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે તો, તેઓને તે દેશમાં "પાછા લાવવામાં આવ્યા છે" અથવા તો " તેઓ પાછા આવ્યા છે".

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "પુનઃસ્થાપિત કરવું" નો અનુવાદ "નવીનીકરણ કરવું" અથવા તો "ચૂકવી આપવું" અથવા તો "પાછું આપવું" અથવા તો "સાજું કરવું" અથવા તો "પાછા લાવવું" એ રીતોથી કરી શકાય.
- આ શબ્દની બીજી અભિવ્યક્તિઓ "નવું બનાવવું" અથવા તો "ફરી નવા જેવુ બનાવવું" જેવી થઈ શકે.
- જ્યારે સંપત્તિ "પાછી સોંપવામાં આવે" છે ત્યારે, તે "સમારવામાં આવી છે" અથવા તો "બદલવામાં આવી છે" અથવા તો તેના માલિકને "પાછી આપવામાં આવી છે".
- સંદર્ભ અનુસાર, "પુનઃસ્થાપના" નો અનુવાદ "નવીનીકરણ" અથવા તો "સાજાપણું" અથવા તો "સમાધાન" તરીકે થઈ શકે.

## બાઇબલના સંદર્ભો:

- 2 રાજા 5:8-10
- પ્રેરિતોનાં કૃત્યો 3:21-23
- પ્રેરિતોનાં કૃત્યો 15:15-18
- યશાયા 49:5-6
- યર્મિયા 15:19-21
- યર્મિયાનો વિલાપ 5:19-22
- લેવીય 6:5-7
- લૂક 19:8-10
- માથ્થી 12:13-14
- ગીતશાસ્ત્ર 80:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H7725, H7999, H8421, G600, G2675

# પૂર્વનિર્ધાર કરવો, પૂર્વનિર્ધારિત

## વ્યાખ્યા:

"પૂર્વનિર્ધાર કરવો" તથા "પૂર્વનિર્ધારિત" શબ્દો અગાઉથી નક્કી કરવું કે યોજના કરવી કે કોઈક બાબત બનશે તેનો ઉલ્લેખ કરે છે.

- આ શબ્દ ખાસ કરીને ઈશ્વર પૂર્વનિર્ધાર કરે છે કે લોકો અનંતજીવન પામશે તેનો ઉલ્લેખ કરે છે.
- કેટલીક વાર "પૂર્વઠરાવ" શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે કે જેનો અર્થ પણ અગાઉથી નક્કી કરવું તેઓ થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "પૂર્વનિર્ધાર કરવો" શબ્દનો અનુવાદ "અગાઉથી નક્કી કરવું" અથવા તો "સમય પહેલાં નક્કી કરવું" તરીકે કરી શકાય.
- "પૂર્વનિર્ધારિત" શબ્દનો અનુવાદ "ઘણા સમય અગાઉ નક્કી કરેલું" અથવા તો "સમય અગાઉ આયોજિત કરલું" અથવા તો "અગાઉથી નક્કી કરેલું" તરીકે કરી શકાય.
- "આપણને પૂર્વનિર્ધારિત કર્યા" શબ્દસમૂહનો અનુવાદ "ઘણા સમય અગાઉ નક્કી કર્યું કે આપણે" અથવા તો "સમય અગાઉ ક્યારનુંય નક્કી કર્યું દીધું કે આપણે" તરીકે કરી શકાય.
- કાળજી રાખો કે આ શબ્દનો અનુવાદ "પૂર્વજ્ઞાન હતું" શબ્દના અનુવાદથી અલગ હોય.

(આ પણ જૂઓ: પૂર્વજ્ઞાન હતું)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 2:6-7

## શબ્દ માહિતી:

- Strong's: G4309

# પેન્ટીકોસ્ટ, પચાસમાંનું પર્વ, સપ્તાહોનું પર્વ

## તથ્યો:

“સપ્તાહોનું પર્વ” એક યહૂદી પર્વ હતું કે જે પાસ્ખાપર્વના પચાસ દિવસ બાદ આવતું હતું. તેનો ઉલ્લેખ “પચાસમાંનું પર્વ” તરીકે થતો હતો.

- સપ્તાહોનું પર્વ પ્રથમ ફળના પર્વ બાદ સાત અઠવાડિયાં (પચાસ દિવસ) સુધીનું હતું.

નવા કરારના સમયોમાં, આ પર્વને “પેન્ટીકોસ્ટ (પચાસમાંનું પર્વ) કહેવાતું હતું કે જેમાં પચાસ એવો અર્થ સામેલ હતો.

- સપ્તાહોનું પર્વ અનાજની કાપણીની શરૂઆત મનાવવા ઉજવાતું હતું.

આ સમય જ્યારે ઈશ્વરે ઇઝરાયલીઓને મૂસાને આપેલ પથ્થરની બે પાટીઓ પર પ્રથમ વાર નિયમ આપ્યો તેને યાદ કરવાનો પણ હતો.

- નવા કરારમાં, પચાસમાંનો દિવસ ખાસ રીતે મહત્ત્વનો છે કારણકે, તે દિવસે ઈસુના વિશ્વાસીઓએ એક નવી રીતે પવિત્ર આત્મા પામ્યા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: પર્વ, પ્રથમ ફળો, કાપણી, પવિત્ર આત્મા, ઉઠાવવું)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 8:12-13
- પ્રેરિતોનાં કૃત્યો 2:1-4
- પ્રેરિતોનાં કૃત્યો 20:16-16
- પુનર્નિયમ 16:16-17
- ગણના 28:26-28

## શબ્દ માહિતી:

- Strong's: H2282, H7620, G4005

# પ્રગટ કરવું, પ્રગટ કરે છે, પ્રગટ કર્યું/પ્રકટીકરણ

## વ્યાખ્યા:

"પ્રગટ કરવું" શબ્દનો અર્થ કોઈ બાબતની જાણ થાય તેમ કરવું, થાય છે. "પ્રગટીકરણ" એવી બાબત છે કે જે પ્રગટ કરવામાં આવી છે.

- ઈશ્વરે પોતે જે કઈ સર્જન કર્યું છે તે દ્વારા અને તેમણે કહેલા તથા લખેલા સંદેશાઓના વાતવ્યવહાર દ્વારા પોતાને પ્રગટ કર્યા છે.
- ઈશ્વરે પોતાને સ્વપ્નો અને સંદર્શનો દ્વારા પણ પ્રગટ કર્યા છે.
- જ્યારે પાઉલે કહ્યું કે તેણે સુવાર્તા "ઈસુ ખ્રિસ્ત તરફથી પ્રકટીકરણ" દ્વારા પ્રાપ્ત કરી ત્યારે, તેનો અર્થ એ હતો કે ઈસુએ પોતે તે સુવાર્તા તેને સમજાવી હતી.
- નવા કરારનું "પ્રકટીકરણ" નું પુસ્તક ઈશ્વર અંત સમયે થવાના બનાવોને પ્રગટ કરે છે, તે વિષે છે. તેમણે તે ઘટનાઓને સંદર્શનો દ્વારા પ્રેરિત યોહાનને પ્રગટ કરી.

## અનુવાદ માટેના સૂચનો:

- "પ્રગટ કરવું" ના બીજા અનુવાદો "જણાવવું" અથવા તો "જાહેર કરવું" અથવા તો "સ્પષ્ટપણે બતાવવું" નો સમાવેશ કરે છે.
- સંદર્ભ અનુસાર, "પ્રગટીકરણ" ના સંભવિત અનુવાદો "ઈશ્વર તરફથી સંદેશવ્યવહાર" અથવા તો "ઈશ્વરે પ્રગટ કરેલી બાબતો" અથવા તો "ઈશ્વર વિષેનું શિક્ષણ" તરીકે કરી શકાય. ભાષાંતરમાં "પ્રગટ કરવું" નો અર્થ સાચવવો મહત્વનું છે.
- "જ્યાં પ્રગટીકરણ નથી" એ શબ્દસમૂહનો અનુવાદ "જ્યારે ઈશ્વર પોતાને લોકો સમક્ષ પ્રગટ કરતા નથી" અથવા તો "જ્યારે ઈશ્વર લોકો સાથે વાત કરતા નથી" અથવા તો "એવા લોકોમાં જેમની સાથે ઈશ્વર વાતવ્યવહાર કરતા નથી" કરી શકાય.

(આ પણ જૂઓ: શુભસંદેશ, સુવાર્તા, સ્વપ્ન, દર્શન)

## બાઈબલના સંદર્ભો:

- દાનિયેલ 11:1-2
- એફેસી 3:3-5
- ગલાતી 1:11-12
- યર્મિયાનો વિલાપ 2:13-14
- માથ્થી 10:26-27
- ફિલિપી 3:15-16
- પ્રકટીકરણ 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H241, H1540, H1541, G601, G602, G5537

# પ્રતિજ્ઞા, સમ, મંજૂર

## વ્યાખ્યા:

પ્રતિજ્ઞા એક વચન છે કે જે વ્યક્તિ ઈશ્વરને આપે છે. વ્યક્તિ વિશિષ્ટ રીતે ઈશ્વરનું સન્માન કરવા અથવા તેને ભક્તિ દર્શાવવા માટે ચોક્કસ વસ્તુ કરવાના વચનો આપે છે.

- વ્યક્તિએ પ્રતિજ્ઞા કર્યા પછી, તે પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે તે જવાબદાર છે.
- બાઇબલ શીખવે છે કે કોઈ વ્યક્તિ તેની પ્રતિજ્ઞા ન પાળે તો તે વ્યક્તિનો ઈશ્વરથી ન્યાય થઈ શકે છે.
- ક્યારેક કોઈ વ્યક્તિ ઈશ્વરને તેમનું રક્ષણ કરવા માટે કહી શકે છે અથવા પ્રતિજ્ઞા ના બદલામાં પૂરું પાડવા તેમને કહી શકે છે.
- પરંતુ, કોઈ વ્યક્તિએ તેની પ્રતિજ્ઞા માટે વિનંતી કરવાની વિનંતી કરવાની જરૂર નથી.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભને આધારે, "પ્રતિજ્ઞા" નું ભાષાંતર "ગંભીર વચન" અથવા "ઈશ્વરને આપેલ વચન" તરીકે કરી શકાય છે.
- પ્રતિજ્ઞા એક ખાસ પ્રકારના શપથ છે જે ઈશ્વરને માટે કરવામાં આવે છે.

આ પણ જુઓ: વચન, શપથ)

## બાઇબલ સંદર્ભો

- 1 કોરિંથી 7:27-28
- પ્રેરિતોનાં કૃત્યો 21:22-24
- ઉત્પત્તિ 28:20-22
- ઉત્પત્તિ 31:12-13
- યૂના 1:14-16
- યૂના 2:9-10
- નીતિવચનો 7:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H5087, H5088, G2171

# પ્રબોધક, પ્રબોધવાણી, પ્રબોધવાણી કરવી, દ્રષ્ટા, પ્રબોધિકા

### વ્યાખ્યા:

"પ્રબોધક" એ વ્યક્તિ છે કે જે લોકોને ઈશ્વરનો સંદેશ જણાવે છે. જો એક સ્ત્રી આ કાર્ય કરે તો તેને "પ્રબોધિકા" કહેવામાં આવે છે.

- ઘણીવાર પ્રબોધકોએ લોકોને તેઓના પાપોથી પાછા ફરવા અને ઈશ્વરની આજ્ઞાઓ પાળવા ચેતવણી આપી.
- પ્રબોધકો જે સંદેશો આપે છે તેને "પ્રબોધવાણી" કહે છે. "પ્રબોધવાણી કરવી" નો અર્થ ઈશ્વરનો સંદેશો કહેવો, થાય છે.
- મોટાભાગે પ્રબોધવાણીનો સંદેશો ભવિષ્યમાં કશું થશે તે વિષે હતો.
- જૂના કરારની ઘણી પ્રબોધવાણીઓ ક્યારનીય પરિપૂર્ણ થઈ ચુકી છે.
- બાઈબલમાં પ્રબોધકોએ લખેલા પુસ્તકોના સંગ્રહને ઘણીવાર "પ્રબોધકો" તરીકે ઉલ્લેખવામાં આવે છે.
- ઉદાહરણ તરીકે, "નિયમ તથા પ્રબોધકો" શબ્દસમૂહ તે સમગ્ર હિબ્રૂ શાસ્ત્રવચનનો ઉલ્લેખ કરવાની એક રીત છે કે જે "જૂનો કરાર" તરીકે પણ ઓળખાય છે.
- પ્રબોધક માટેનો જૂનો શબ્દ "દ્રષ્ટા" અથવા તો "એવો વ્યક્તિ કે જે જૂએ છે" તે હતો.
- ઘણીવાર "દ્રષ્ટા" શબ્દ જૂઠા પ્રબોધકનો અથવા તો જે વ્યક્તિ ભવિષ્ય ભાખવાનું કામ કરે છે તેનો ઉલ્લેખ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "પ્રબોધક" શબ્દનો અનુવાદ "ઈશ્વરનો પ્રવકતા" અથવા તો "ઈશ્વર માટે બોલતો માણસ" અથવા તો "ઈશ્વરના સંદેશાઓ કહેનાર માણસ" તરીકે કરી શકાય.
- "દ્રષ્ટા" નો અનુવાદ "દર્શનો જોનાર વ્યક્તિ" અથવા તો "ઈશ્વર તરફથી ભવિષ્ય જોનાર વ્યક્તિ" તરીકે કરી શકાય.
- "પ્રબોધિકા" શબ્દનો અનુવાદ "ઈશ્વરની પ્રવકતા" અથવા તો "ઈશ્વર માટે બોલતી સ્ત્રી" અથવા તો "ઈશ્વરના સંદેશાઓ કહેનાર સ્ત્રી" તરીકે કરી શકાય.
- "પ્રબોધવાણી" નો અનુવાદ "ઈશ્વર તરફથી સંદેશો" અથવા તો "પ્રબોધકનો સંદેશા" નો સમાવેશ કરે છે.
- "પ્રબોધવાણી કરવી" નો અનુવાદ "ઈશ્વર તરફથી વચનો કહેવી" અથવા તો "ઈશ્વરનો સંદેશો કહેવો" કરી શકાય.
- પ્રતિકાત્મક અભિવ્યક્તિ "નિયમ તથા પ્રબોધકો" નો અનુવાદ "નિયમના તથા પ્રબોધકોના પુસ્તકો" અથવા તો "ઈશ્વરના નિયમો તથા તેમના પ્રબોધકોએ જે પ્રચાર કર્યો તે સહિત ઈશ્વર તથા તેમના લોકો સંબંધી લખાયેલી બધી જ બાબતો" તરીકે પણ કરી શકાય. (આ જૂઓ: ઉપલક્ષ્ય અલંકાર)
- જ્યારે જૂઠા દેવના પ્રબોધક (કે દ્રષ્ટાનો) ઉલ્લેખ કરવામાં આવે ત્યારે, તે જરૂરી છે કે તેનો અનુવાદ "જૂઠો પ્રબોધક (દ્રષ્ટા)" અથવા તો "જૂઠા દેવનો પ્રબોધક (દ્રષ્ટા)" અથવા તો ઉદાહરણ તરીકે "બઆલનો પ્રબોધક" તરીકે કરવામાં આવે.

(આ પણ જૂઓ: બઆલ, ભવિષ્ય ભાખવું, જૂઠો દેવ, જૂઠો પ્રબોધક, પરિપૂર્ણ કરવું, નિયમ, દર્શન)

## બાઈબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનિકી 2:14-16
- પ્રેરિતોનાં કૃત્યો 3:24-26
- યોહાન 1:43-45
- માલાખી 4:4-6
- માથ્થી 1:22-23
- માથ્થી 2:17-18
- માથ્થી 5:17-18
- ગીતશાસ્ત્ર 51:1-2

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **12:12** જ્યારે ઇઝરાયલીઓએ જોયું કે ઈજીપ્તના લોકો મરણ પામ્યા છે ત્યારે, તેઓએ ઈશ્વરમાં વિશ્વાસ કર્યો અને માન્યું કે મૂસા ઈશ્વરનો **પ્રબોધક** છે.
- **17:13** દાઉદે જે કર્યું હતું તે વિષે ઈશ્વર ખૂબ જ ક્રોધિત થયા, તેથી દાઉદને તેનું પાપ કેટલું દુષ્ટ હતું તે કહેવા તેમણે નાથાન **પ્રબોધકને** મોકલ્યો.
- **19:1** ઇઝરાયલીઓના સમગ્ર ઇતિહાસ દરમ્યાન ઈશ્વરે તેમની પાસે **પ્રબોધકો** મોકલ્યા. **પ્રબોધકોએ** ઈશ્વર તરફથી સંદેશા સાંભળ્યા અને પછી લોકોને ઈશ્વરના સંદેશાઓ કહ્યા.
- **19:6** બઆલના 450 **પ્રબોધકો** સહિત સમગ્ર ઇઝરાયલ રાજ્યના બધા જ લોકો કાર્મેલ પર્વત પર આવ્યા.

- **19:17** મોટાભાગે લોકોએ ઈશ્વરની આજ્ઞાઓ પાળી નહીં. ઘણીવાર તેઓએ **પ્રબોધકો** સાથે દુર્વ્યવહાર કર્યો અને કેટલીક વાર તેઓની હત્યા પણ કરી.
- **21:9** યશાયા **પ્રબોધકે પ્રબોધવાણી કરી** કે મસીહા એક કુંવારી યુવતી દ્વારા જન્મ લેશે.
- **43:5** "આ બાબત યોએલ **પ્રબોધકે** કરેલી **પ્રબોધવાણી** પરિપૂર્ણ કરે છે જેમાં ઈશ્વરે કહ્યું, 'અંતના દિવસોમાં હું મારો પવિત્ર આત્મા રેડી દઇશ.'"
- **43:7** "આ બાબત એ **પ્રબોધવાણી** પરિપૂર્ણ કરે છે જે કહે છે કે 'તમે તમારા પવિત્રને કબરમાં સડવા દેશો નહીં'".
- **48:12** મૂસા મહાન **પ્રબોધક** હતો કે જેણે ઈશ્વરનું વચન ઘોષિત કર્યું. પણ ઈસુ બધા જ પ્રબોધકોમાં સૌથી મહાન **પ્રબોધક** છે. તે ઈશ્વરના શબ્દ (વચન) છે.

## શબ્દ માહિતી:

- Strong's: H2372, H2374, H4853, H5012, H5013, H5016, H5017, H5029, H5030, H5031, H5197, G2495, G4394, G4395, G4396, G4397, G4398, G5578

# પ્રભુ ભોજન

## વ્યાખ્યા:

પ્રેષિત પાઉલ દ્વારા " પ્રભુ ભોજન " શબ્દનો ઉપયોગ યહુદી નેતાઓ દ્વારા ધરપકડ કરવામાં આવેલી તે રાતે ઈસુએ શિષ્યો સાથે છેલ્લું ભોજન લીધું હતું તે પાસ્ખાપર્વના ભોજનનો ઉલ્લેખ કરવા માટે કર્યો હતો.

- આ ભોજન દરમિયાન, ઈસુએ પાસ્ખાપર્વના રોટલીને ટુકડાઓમાં તોડીને તેને તેનું શરીર કહયું, જે ટૂંક સમયમાં જ મારવામાં અને મારી નાખવામાં આવશે.
- તેણે દ્રાક્ષારસના કપને તેનું લોહી કહ્યું, જે પાપ માટે બલિદાન તરીકે જલ્દીથી વહેવડાવીને મૃત્યુ પામવાના હતા.
- ઈસુએ આજ્ઞા આપી કે તેમના અનુયાયીઓ સાથે મળીને આ ભોજનને લેતા, ત્યારે તેઓએ તેમના મૃત્યુ અને પુનરુત્થાનને યાદ રાખવું જોઈએ.
- કોરીંથીઓને લખેલા પત્રમાં, પ્રેષિત પાઊલે પણ ઈસુના વિશ્વાસીઓ માટે નિયમિત પ્રથા તરીકે પ્રભુ ભોજનની સ્થાપના કરી.
- મંડળીઓ આજે પ્રભુ ભોજનનો ઉલ્લેખ કરવા માટે "કમ્યુનિયન" શબ્દનો ઉપયોગ કરે છે.

"છેલ્લું ભોજન" શબ્દનો ઉપયોગ કેટલીક વખત થાય છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- આ શબ્દનો અનુવાદ "પ્રભુ ભોજન" અથવા "આપણા પ્રભુ ઈસુનું ભોજન" અથવા "પ્રભુ ઈસુની યાદમાં ભોજન" તરીકે પણ થઈ શકે છે.

(આ પણ જુઓ: પાસ્ખાપર્વ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કોરિંથી 11:20-22
- 1 કોરિંથી 11:25-26

## શબ્દ માહિતી:

- Strong's: G1173, G2960

# પ્રભુ યહોવા, યહોવા દેવ

## તથ્યો:

જૂના કરારમાં, " પ્રભુ યહોવા " નો વારંવાર એક સાચા ઈશ્વરનો ઉલ્લેખ કરવા માટે ઉપયોગ થાય છે.

- " પ્રભુ " શબ્દ એક દૈવી શીર્ષક છે અને " યહોવા " એ ઈશ્વરનું વ્યક્તિગત નામ છે.
- " યહોવા " ને ઘણીવાર "દેવ" શબ્દ સાથે જોડવામાં આવે છે જેને " યહોવા દેવ " બનાવવામાં આવે છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- જો "યહોવા" કેટલાક સ્વરૂપે ઈશ્વરના વ્યક્તિગત નામના અનુવાદ માટે વપરાય છે, તો શબ્દો "પ્રભુ યહોવા" અને "યહોવા દેવ" શાબ્દિક ભાષાંતર કરી શકાય.

ઈશ્વરનો ઉલ્લેખ કરતી વખતે " પ્રભુ " શબ્દનો સંદર્ભ અન્ય સંદર્ભોમાં અનુવાદિત કરવામાં આવે છે તે પણ ધ્યાનમાં લો.

- કેટલીક ભાષાઓ નામ પછી શીર્ષક મૂકીને આ રીતે "યહોવા પ્રભુ" તરીકે અનુવાદ કરશે.

પ્રોજેક્ટ ભાષામાં કુદરતી શું છે તે ધ્યાનમાં લો: "પ્રભુ" શીર્ષક "યહોવા" પહેલાં અથવા પછી આવવું જોઈએ?

- " યહોવા દેવ " પણ "ઈશ્વર જેને યહોવા કહેવાય છે" અથવા " દેવ જે જીવંત છે" અથવા "હું, જે ઈશ્વરછું."
- જો અનુવાદ "યહોવા" ને "પ્રભુ" અથવા "પ્રભુ" તરીકે રજૂ કરવા માટેની પરંપરાને અનુસરે છે, તો " પ્રભુ યહોવા" શબ્દનો અનુવાદ "પ્રભુ ઈશ્વર" અથવા "ઈશ્વર જે પ્રભુ છે."

અન્ય શક્ય અનુવાદો, "માલીક પ્રભુ" અથવા "ઈશ્વર પ્રભુ" હોઈ શકે છે.

- " પ્રભુ યહોવા" શબ્દને "પ્રભુ પ્રભુ" તરીકે રજૂ કરવામાં નહીં આવે કારણ કે વાચકોને અક્ષરના કદમાં તફાવત ન દેખાય કે પરંપરાગત રીતે આ બે શબ્દોને અલગ પાડવા માટે ઉપયોગમાં લેવાય છે અને તે ખૂબ વિચિત્ર લાગશે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ઈશ્વર, પ્રભુ, પ્રભુ, યહોવા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કોરિંથી 4:3-4
- 2 શમુએલ 7:21-23
- પુનર્નિયમ 3:23-25
- હઝકિયેલ 39:25-27
- હઝકિયેલ 45:18-20
- યર્મિયા 44:26-28
- ન્યાયાધીશો 6:22-24
- મીખાહ 1:2-4

## શબ્દ માહિતી:

- Strong's: H136, H430, H3068, G2316, G2962

# પ્રભુ, ઈશ્વર, માલીક, સાહેબ/સ્વામી

## વ્યાખ્યા:

બાઈબલમાં "પ્રભુ" શબ્દ સામન્ય રીતે કોઈ વ્યક્તિને અન્ય લોકો પર માલિકી અથવા સત્તા ધરાવતા હોવાનો ઉલ્લેખ કરે છે. જો કે, બાઈબલમાં આ શબ્દનો ઉપયોગ ઈશ્વરના સમાવેશ સાથે ઘણાં વિવિધ પ્રકારના લોકોને સંબોધિત કરવા માટે ઉપયોગમાં લેવાયો છે.

- ઈસુનો ઉલ્લેખ કરતી વખતે અથવા ગુલામોના માલિકની વાત કરતી વખતે આ શબ્દનો ઘણીવાર "માલિક" તરીકે અનુવાદ કરવામાં આવે છે.
- કેટલાક અંગ્રેજી આવૃતીઓ આ શબ્દ જ્યાં કોઈ ઉચ્ચ સ્થિતિવાળા વ્યક્તિને નમ્રતાપૂર્વક સંબોધનનો સંદર્ભ હોય ત્યારે "સાહેબ" તરીકે અનુવાદિત કરે છે.

જ્યારે "પ્રભુ" મોટા અક્ષરોમાં હોય, ત્યારે તે શીર્ષક ઈશ્વરનો ઉલ્લેખ કરે છે. (નોંધ લો, જો કે, જ્યારે તે કોઈને સંબોધન તરીકે ઉપયોગમાં લેવાય છે અથવા તે વાક્યની શરૂઆતમાં આવે છે ત્યારે તે મોટા અક્ષરોમાં હોય છે અને "સાહેબ" અથવા "માલીક" નો અર્થ થાય છે.)

- જૂના કરારમાં, આ શબ્દનો ઉપયોગ " સર્વશક્તિમાન પ્રભુ ઈશ્વર" અથવા "પ્રભુ યહોવા" અથવા "યહોવા અમારા પ્રભુ" જેવી અભિવ્યક્તિમાં પણ થાય છે.
- નવા કરારમાં, પ્રેરિતોએ આ શબ્દનો ઉપયોગ "પ્રભુ ઈસુ" અને "પ્રભુ ઈસુ ખ્રિસ્ત" જેવા શબ્દોમાં કર્યો છે, જે જણાવે છે કે ઈસુ પ્રભુ છે.
- નવા કરારમાં ફક્ત "પ્રભુ" શબ્દનો ઉપયોગ ઈશ્વરના સીધા સંદર્ભ તરીકે કરવામાં આવ્યો છે, ખાસ કરીને જૂના કરારમાંના અવતરણમાં. ઉદાહરણ તરીકે, જૂના કરારમાં લખાણ છે "જે યહોવાને નામે આવે છે તે આશીર્વાદિત છે" અને નવા કરારમાં લખાણ છે "જે પ્રભુના નામે આવે છે તે આશીર્વાદિત છે."
- યુ.એલ.ટી અને યુ.ડી.બીમાં, "પ્રભુ" શીર્ષકનો ઉપયોગ ફક્ત હિબ્રૂ અને ગ્રીક શબ્દનો અનુવાદ કરવા માટે થાય છે જેનો અર્થ "પ્રભુ" થાય છે. જેમ ઘણા અનુવાદોમાં થાય છે તેમ ઈશ્વરના નામ (યહોવા) ના ભાષાંતર તરીકે ક્યારેય ઉપયોગમાં લેવાતો નથી.
- કેટલીક ભાષાઓ "પ્રભુ" ને "માલીક" અથવા "શાસક" અથવા અન્ય કોઈ શબ્દ જે માલિકી અથવા સર્વોચ્ચ શાસનને દર્શાવતા હોય તે અનુસાર અનુવાદ કરે છે.
- યોગ્ય સંદર્ભોમાં, ઘણા અનુવાદો, આ શબ્દનો પ્રથમ મોટો અક્ષર વાચકને સ્પષ્ટ કરે છે કે તે ઈશ્વરનો ઉલ્લેખ કરનાર શીર્ષક છે.
- નવા કરારમાં સ્થાનોમાં જ્યાં જૂના કરારના અવતરણ છે, "પ્રભુ ઈશ્વર" શબ્દોનો ઉપયોગ એ સ્પષ્ટ કરવા માટે થઈ શકે છે કે આ ઈશ્વરના સંદર્ભમાં છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- આ શબ્દનો અનુવાદ જ્યારે તે ગુલામોના માલિકની વાત કરે છે ત્યારે "માલિક" ની સમકક્ષ કરી શકાય છે. નોકર દ્વારા તેનો ઉપયોગ જેના માટે તે કામ કરે છે તે વ્યક્તિને સંબોધવા માટે પણ કરી શકાય છે.
- જ્યારે તે ઈસુને ઉલ્લેખ કરે છે, જો સંદર્ભ દર્શાવે છે કે વક્તા તેને ધાર્મિક શિક્ષક તરીકે જુએ છે, તો ધાર્મિક શિક્ષક માટે એક આદરણીય સંબોધન સાથે અનુવાદ કરી શકાય છે. , જેમ કે "સાહેબ."
- જો ઈસુને સંબોધતી વ્યક્તિ તેને ઓળખતી ન હોય, તો "પ્રભુ" ને આદરપૂર્ણ સ્વરૂપ સાથે અનુવાદિત કરી શકાય છે જેમ કે "સ્વામી." આ ભાષાંતરનો ઉપયોગ અન્ય સંદર્ભો માટે પણ કરવામાં આવશે જેમાં વ્યક્તિને નમ્ર સ્વરૂપે સંબોધન કરવામાં આવે છે.
- પિતા અથવા ઈસુને ઈશ્વરનો સંદર્ભ આપતા, આ શબ્દ એક શીર્ષક માનવામાં આવે છે, જે અંગ્રેજીમાં "પ્રભુ" (મોટા અક્ષરો) તરીકે લખાય છે.

(આ પણ જુઓ: ઈશ્વર, ઈસુ, શાસક, યહોવા)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 39:1-2
- યહોશુઆ 3:9-11
- ગીતશાસ્ત્ર 86:15-17
- યર્મિયા 27:1-4
- યર્મિયાનો વિલાપ 2:1-2
- હઝકિયેલ 18:29-30
- દાનિયેલ 9:9-11
- દાનિયેલ 9:17-19
- માલાખી 3:1-3
- માથ્થી 7:21-23
- લુક 1:30-33
- લુક 16:13
- રોમન 6:22-23

- એફેસી 6:9
- ફિલિપી 2:9-11
- કલોસી 3:22-25
- હિબ્રુ 12:14-17
- યાકૂબ 2:1-4
- 1 પિતર 1:3-5
- યહુદા 1:5-6
- પ્રકટીકરણ 15:3-4

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **25:5** પરંતુ ઈસુએ શાસ્ત્રવચનોમાંથી અવતરણ ટાંકીને શેતાનને જવાબ આપ્યો. તેમણે કહ્યું, "ઈશ્વરના વચનમાં, તેમણે પોતાના લોકોને આજ્ઞા આપી છે, 'તમારા ઈશ્વર **પ્રભુ** નું પરીક્ષણ ન કરો.'"
- **25:7** ઈસુએ જવાબ આપ્યો, "મારાથી દૂર રહે, શેતાન! ઈશ્વરના વચનમાં તેમણે પોતાના લોકોને આજ્ઞા આપી છે, 'ફક્ત તમારા પ્રભુ ઈશ્વરની જ પૂજા કરો અને તેની જ સેવા કરો.' "
- **26:3** આ **પ્રભુનું** માન્ય વર્ષ છે.
- **27:2** શાસ્ત્રીએ જવાબ આપ્યો કે ઈશ્વરનો નિયમ કહે છે, "તમારા પ્રભુ ઈશ્વર પર તમારા પૂરા હૃદયથી, આત્માથી, શક્તિથી અને મનથી પ્રેમ કરો."
- **31:5** પછી પિતરે ઈસુને કહ્યું, "**સ્વામી**, જો તે તમે જ છો, તો મને પાણી પર ચાલીને તમારી પાસે આવવા માટે આજ્ઞા આપો"
- **43:9** "પરંતુ ચોક્કસ જાણો કે ઈશ્વરે ઈસુને **પ્રભુ** અને મસીહ બન્ને બનાવ્યા છે!"
- **47:3** આ દુષ્ટાત્માના માધ્યમથી તેણે લોકો માટે ભવિષ્યની આગાહી કરી, તેણીએ એક ભવિષ્યવેત્તા તરીકે તેના **માલીકોને** ખૂબ પૈસા કમાવી આપ્યા.
- **47:11** પાઉલે જવાબ આપ્યો, "ઈસુ **સ્વામી** માં વિશ્વાસ કરો, , અને તમે અને તમારું કુટુંબને બચાવી લેવામાં આવશે."

## શબ્દ માહિતી:

- Strong's: H113, H136, H1167, H1376, H4756, H7980, H8323, G203, G634, G962, G1203, G2962

# પ્રભુનો દિવસ, યહોવાનો દિવસ

## વ્યાખ્યા:

જૂના કરારનો શબ્દ “યહોવાનો દિવસ” ચોક્કસ સમય દર્શાવવા વપરાયો છે કે જયારે દેવ લોકોને તેઓને પાપની સજા કરશે.

- નવા કરારમાં “પ્રભુનો દિવસ” શબ્દ, સામાન્ય રીતે એ દિવસ અથવા સમયને દર્શાવે છે કે જયારે અંતના સમયે પ્રભુ ઈસુ લોકોનો ન્યાય કરવા માટે પાછો આવશે.
- આ અંતિમ, “છેલ્લો દિવસને” પણ અમુકવાર ન્યાય અને પુનરુત્થાનના ભવિષ્યના સમય તરીકે દર્શાવામાં આવે છે.

જયારે પ્રભુ ઈસુ પાપીઓનો ન્યાય કરવા અને સદાકાળ માટે તેનું રાજ્ય સ્થાપવા પાછો આવે છે ત્યારે આ સમય શરૂ થશે.

- આ શબ્દસમૂહોમાં “દિવસ” શબ્દ, તે ક્યારેક શાબ્દિક દિવસ અથવા “સમય” અથવા “પ્રસંગ” કે જે દિવસ કરતા લાંબો હોઈ શકે છે, તેને દર્શાવે છે.
- ક્યારેક તેને એક પ્રકારની સજા તરીકે દર્શાવામાં આવે છે કે જેઓ તેના પર વિશ્વાસ કરતા નથી તેઓ પર “દેવનો કોપ રેડી દેવામાં” આવશે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, “યહોવાનો દિવસ” શબ્દનું ભાષાંતર બીજી રીતે કરીએ તો તેમાં “યહોવાનો સમય” અથવા “સમય કે જયારે યહોવા તેના શત્રુઓ ને સજા કરશે” અથવા “યહોવાના કોપનો સમય” એમ કરી શકાય છે.
- “પ્રભુના દિવસનું” બીજી રીતે ભાષાંતર કરીએ તો તેને “પ્રભુના ન્યાયનો સમય” અથવા “સમય કે જયારે પ્રભુ ઈસુ લોકોનો ન્યાય કરવા પાછો આવશે” એવા શબ્દનો સમાવેશ કરી શકાય.

(આ પણ જુઓ: દિવસ, ન્યાયનો દિવસ, પ્રભુ, પુનરુત્થાન, યહોવા)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 5:3-5
- 1થેસ્સલોનિકી 5:1-3
- 2 પિતર 3:10
- 2 થેસ્સલોનિકી 2:1-2
- પ્રેરિતો 2:20-21
- ફિલિપ્પી 1:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H3068, H3117, G2250, G2962

# પ્રમુખ યાજક

## વ્યાખ્યા:

“પ્રમુખ યાજક” શબ્દ વિશેષ યાજકને દર્શાવે છે કે જેને બધા અન્ય ઈઝરાએલી યાજકો માટે એક વર્ષ આગેવાન તરીકે સેવા કરવા નિમણુક કરવામાં આવતો હતો.

- પ્રમુખ યાજકને ખાસ જવાબદારીઓ હતી.

ફક્ત તેને એકલાને જ વરસમાં એક વાર ખાસ બલિદાન ચઢાવવા માટે મંદિરના સૌથી પવિત્ર ભાગમાં જવાની પરવાનગી હતી.

- ઈઝરાએલીઓને ઘણા યાજકો હતા, પણ એક સમયે ફક્ત એકજ પ્રમુખ યાજક રહેતો.
- જયારે ઈસુની ધરપકડ કરવામાં આવી હતી, ત્યારે કાયાફાસ સત્તાવાર પ્રમુખ યાજક હતો.

ક્યારેક કાયાફાસના સસરા અન્નાસનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, કારણકે તે ભૂતપૂર્વ પ્રમુખ યાજક હતો તેમ છતાં પણ હજુ તે કદાચ લોકો ઉપર સત્તા અને અધિકાર ધરાવતો હતો.

## ભાષાંતરના સૂચનો:

- “પ્રમુખ યાજક” શબ્દનું ભાષાંતર, “સાર્વભૌમ યાજક” અથવા “સૌથી ઊંચા સ્તરનો યાજક” તરીકે કરી શકાય છે.
- ખાતરી કરો કે આ શબ્દનું ભાષાંતર “મુખ્ય યાજક” કરતાં અલગ થવું જોઈએ.

(આ પણ જુઓ: અન્નાસ, કાયાફાસ, મુખ્ય યાજકો, યાજક, મંદિર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 5:26-28
- પ્રેરિતો 7:1-3
- પ્રેરિતો 9:1-2
- નિર્ગમન 30:10
- હિબ્રૂ 6:19-20
- લેવીય 16:32-33
- લૂક 3:1-2
- માર્ક 2:25-26
- માથ્થી 26:3-5
- માથ્થી26:51-54

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **13:8** પડદાની પાછળના ખંડમાં **પ્રમુખ યાજક** સિવાય કોઈ જઈ શકતું નહોતું, કારણકે દેવ ત્યાં રહેતો હતો.
- **21:7** મસીહા કે જે આવશે તે સંપૂર્ણ **પ્રમુખ યાજક** રહેશે કે જે સંપૂર્ણ બલિદાન તરીકે પોતાની જાતને દેવને અર્પણ કરશે.
- **38:3** **પ્રમુખ યાજક** ની દોરવણી પ્રમાણે યહૂદી આગેવાનોએ, ઈસુને પર પરસ્વાધિન કરવા માટે યહૂદાને ચાંદીના ત્રીસ સિક્કા ચૂકવ્યા.
- **39:1** ઈસુને પ્રશ્નો પૂછવા માટે સિપાઈઓ તેને (ઈસુને) **પ્રમુખ યાજકના** ઘરમાં લઈ ગયા.
- **39:3** છેવટે, **પ્રમુખ યાજકે** સીધાજ ઈસુ સામે જોયું અને કહ્યું, “અમને કહે, તું મસીહા, જીવતા દેવનો પુત્ર છે?”
- **44:7** બીજા દિવસે, યહૂદી આગેવાનો પિતર અને યોહાનને **પ્રમુખ યાજક** અને અન્ય ધાર્મિક આગેવાનો પાસે લાવ્યાં.
- **45:2** જેથી ધાર્મિક આગેવાનોએ સ્તેફનની ધરપકડ કરી અને **પ્રમુખ યાજક** અને અન્ય યહૂદી આગેવાનોએ પાસે લાવ્યાં, ત્યાં સ્તેફન વિશે ઘણા જૂઠા સાક્ષીઓએ ખોટી શાહેદી પૂરી.
- **46:1** **પ્રમુખ યાજકે** શાઉલને દમસ્ક શહેરમાં જઈને ત્યાંના ખ્રિસ્તીઓને ધરપકડ કરી અને યરૂશાલેમ પાછા લાવવાની સંમતિ આપી.
- **48:6** ઈસુ એ મહાન પ્રમુખ યાજક છે અન્ય યાજકોથી વિપરીત, તેણે પોતે પોતાનું બલિદાન આપ્યું કે જેથી તે જગતના બધા લોકોના પાપ લઈ શકે. ઈસુ સંપૂર્ણ **પ્રમુખ યાજક** હતો, કારણકે તેણે દરેક પાપ, કે જે કોઈપણ વ્યક્તિએ ગમે ત્યારે કરેલા હોય, તેઓની સજા ઈસુએ માથે લીધી.

## શબ્દ માહિતી:

- Strong's: H7218, H1419, H3548, G748, G749

# પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત કરવું, પ્રાયશ્ચિત કરે છે, પ્રાયશ્ચિત કરેલ

### વ્યાખ્યા:

"પ્રાયશ્ચિત" અને "પ્રાયશ્ચિત કરવું" શબ્દો દર્શાવે છે કે દેવે કેવી રીતે લોકોના પાપો માટે બલિદાન પૂરું પાડ્યું અને પાપનો કોપ શમાવ્યો છે.

- જૂનાકરારના સમયમાં, દેવે ઈઝરાએલીઓના પાપોના પ્રાયશ્ચિત માટે રક્તના અર્પણ દ્વારા થોડા વખત માટે પ્રાયશ્ચિત કરવાની ની મંજુરી આપી હતી કે જેમાં પશુઓને મારી નાખવામાં આવતા.
- નવા કરારમાં જે રીતે નોંધવામાં આવ્યું છે તે પ્રમાણે વધસ્તંભ ઉપર ખ્રિસ્તનું મૃત્યુ ફક્ત સાચું અને પાપ માટેનું શાશ્વત પ્રાયશ્ચિત છે.

જયારે ઈસુ મૃત્યુ પામ્યા, ત્યારે તેમણે લોકોના પાપની સજા પોતા પર લઈ લીધી. તેણે પોતાના બલિદાનયુક્ત મરણ દ્વારા પ્રાયશ્ચિતની કિંમત ચૂકવી.

## ભાષાંતરના સુચનો

- "પ્રાયશ્ચિત" શબ્દનું ભાષાંતર, જયારે કોઈ શબ્દ અથવા શબ્દસમૂહ દ્વારા કરવામાં આવે તો તેનો અર્થ "કોઈ માટે ચુકવવું" અથવા "ચુકવણી કરવી" અથવા "કોઈકના પાપોને માફીનું કારણ બનવું" અથવા "ગુના માટેનો બદલો ભરવો" એમ થઇ શકે છે.
- "પ્રાયશ્ચિત" શબ્દના ભાષાંતરમાં "ચુકવણી" અથવા "પાપ માટે બલિદાન આપવું" અથવા "માફીનો ઉપાય પૂરો પાડવો" એવા શબ્દોનો સમાવેશ થઈ શકે છે.
- આ શબ્દનું ભાષાંતર પૈસાની ચુકવણીનો ઉલ્લેખ કરતા નથી તેનું ધ્યાન રાખો.

(આ પણ જુઓ: પ્રાયશ્ચિતનું ઢાંકણ, માફ કરવું, મનાવવું, સમાધાન કરવું, છોડાવવું)

## બાઈબલની કલમો:

- હઝકિએલ 43:25-27
- હઝકિએલ 45:18-20
- લેવીય 4:20-21
- ગણના 5:8-10
- ગણના 28:19-22

## શબ્દ માહિતી:

- Strong's: H3722, H3725, G2643

# પ્રાર્થના કરવી, પ્રાર્થના, પ્રાર્થનાઓ, પ્રાર્થના કરી

## વ્યાખ્યા:

"પ્રાર્થના કરવી" અને "પ્રાર્થના" શબ્દો ઈશ્વર સાથે વાત કરવાનો ઉલ્લેખ કરે છે. જે લોકો જૂઠા દેવો સાથે વાત કરવા પ્રયાસ કરે છે તેઓનો ઉલ્લેખ કરવા પણ આ શબ્દોનો ઉપયોગ કરાયો છે.

- લોકો ઈશ્વર સાથે પોતાના વિચારોમાં વાત કરતા શાંત રીતે પ્રાર્થના કરી શકે છે અથવા તો ઈશ્વર સાથે પોતાના અવાજથી વાત કરતા મોટેથી પ્રાર્થના કરી શકે છે. જેમ દાઉદે ગીતશાસ્ત્રના પુસ્તકમાં તેની પ્રાર્થનાઓ લખી છે તેમ, કેટલીક વાર પ્રાર્થનાઓને લખવામાં આવે છે.
- પ્રાર્થનામાં ઈશ્વર પાસે દયા માંગવી, કોઈ પ્રશ્ન વિષે મદદ માંગવી અને નિર્ણયો કરવા માટે બુધ્ધિ માંગવાનો સમાવેશ થઈ શકે છે.
- મોટાભાગે લોકો જેઓ બીમાર છે તેઓને સાજા કરવા કે જેઓને બીજી બાબતોમાં મદદની જરૂર છે તેના માટે ઈશ્વર પાસે માંગે છે.
- જ્યારે લોકો ઈશ્વરને પ્રાર્થના કરે છે ત્યારે તેઓ તેમનો આભાર માને છે અને સ્તુતિ પણ કરે છે.
- પ્રાર્થનામાં ઈશ્વર સમક્ષ આપણાં પાપો કબૂલ કરવા તથા તેઓ આપણને માફ કરે તે માંગવુ, તેનો સમાવેશ થાય છે.
- ઈશ્વર સાથે વાત કરવાની બાબતને કેટલીક વાર તેઓ સાથે "સંગત કરવી" એવું કહેવામાં આવે છે જ્યારે આપણો આત્મા આપણી લાગણીઓને પ્રગટ કરતા તથા તેમની હાજરીનો આનંદ માણતા તેમના આત્મા સાથે વાતચીત કરે છે.
- આ શબ્દનો અનુવાદ "ઈશ્વર સાથે વાત કરવી" અથવા તો "ઈશ્વર સાથે વાર્તાલાપ કરવો" તરીકે કરી શકાય. આ શબ્દનો અનુવાદ જે પ્રાર્થના શાંત રીતે કરવામાં આવે છે તેનો સમાવેશ કરતો હોવો જોઈએ.

(આ જૂઓ: જૂઠો દેવ, માફ કરવું, સ્તુતિ કરવી)

## બાઇબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનિકી 3:8-10
- પ્રેરિતોનાં કૃત્યો 8:24
- પ્રેરિતોનાં કૃત્યો 14:23-26
- ક્લોસ્સી 4:2-4
- યોહાન 17:9-11
- લૂક 11:1
- માથ્થી 5:43-45
- માથ્થી 14:22-24

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **6:5** ઈસહાકે રિબકા માટે **પ્રાર્થના** કરી અને તે જોડિયા બાળકો સાથે ગર્ભવતી થાય તેવા આશીર્વાદ ઈશ્વરે રિબકાને આપ્યા.
- **13:12** પણ મૂસાએ તેઓ માટે **પ્રાર્થના** કરી અને ઈશ્વરે તેની **પ્રાર્થના** સાંભળીને તેઓનો નાશ કર્યો નહીં.
- **19:8** પછી બઆલના પ્રબોધકોએ બઆલને **પ્રાર્થના** કરી કે, "ઓ બઆલ, અમારું સાંભળ!"
- **21:7** યાજકોએ પણ લોકો માટે ઈશ્વરને **પ્રાર્થના** કરી.
- **38:11** ઈસુએ પોતાના શિષ્યોને **પ્રાર્થના** કરવા કહ્યું કે જેથી તેઓ પરીક્ષણમાં ન પડે.
- **43:13** શિષ્યોએ સતત પ્રેરિતોનું શિક્ષણ સાંભળવાનું ચાલુ રાખ્યું, સાથે સમય ગાળ્યો, સાથે ખાધું અને એકબીજા સાથે **પ્રાર્થના** કરી.
- **49:18** ઈશ્વર તમને **પ્રાર્થના** કરવા, તેમના વચનનો અભ્યાસ કરવા, બીજા ખ્રિસ્તીઓ સાથે મળીને તેમની સ્તુતિ કરવા તથા તેઓએ તમારા માટે જે કર્યું છે તે બીજાઓને કહેવા, જણાવે છે.

## શબ્દ માહિતી:

- Strong's: H559, H577, H1156, H2470, H3863, H3908, H4994, H6279, H6293, H6419, H6739, H7592, H7878, H7879, H7881, H8034, H8605, G154, G1162, G1189, G1783, G2065, G2171, G2172, G3870, G4335, G4336

# પ્રેમ, પ્રેમાળ, પ્રેમભર્યા, પ્રિય, અતિ પ્રિય

### વ્યાખ્યા:

બીજા વ્યક્તિને પ્રેમ કરવો એટલે તે વ્યક્તિની સંભાળ રાખવી અને એવી બાબતો કરવી જેનાથી તેને લાભ થાય. "પ્રેમ" માટેના વિવિધ અર્થ છે, જેને કેટલીક ભાષાઓ જુદા જુદા શબ્દોનો ઉપયોગ કરીને વ્યક્ત કરી શકે છે:

ઈશ્વર તરફથી જે પ્રકારનો પ્રેમ આવે છે તે બીજાઓના ભલા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, પછી ભલે તે સ્વયંને લાભ ન કરે. આ પ્રકારનો પ્રેમ બીજાઓ માટે કાળજી રાખે છે, ભલે તેઓ ગમે તે કરે. ઈશ્વર પોતે પ્રેમ છે અને સાચા પ્રેમનો સ્ત્રોત છે.

- ઈસુએ આપણને પાપ અને મરણમાંથી છોડાવવા માટે પોતાના જીવનું બલિદાન આપવા દ્વારા આ પ્રકારનો પ્રેમ દર્શાવ્યો છે. તેમણે (ઈસુએ) તેમના અનુયાયીઓને પણ બીજાઓને બલિદાનયુક્ત પ્રેમ કરવાનું શીખવ્યું.
- જ્યારે લોકો આ પ્રકારના પ્રેમથી બીજાઓને પ્રેમ કરે છે, ત્યારે તેઓ તે રીતે વર્તતા હોય છે જે દર્શાવે છે કે તેઓ વિચારે છે કે બીજાઓને પ્રગતીશીલ બનવા શું જરૂરી છે. આ પ્રકારના પ્રેમમાં ખાસ કરીને બીજાને ક્ષમા આપવાનું શામેલ છે.
- યુ.એલ.ટી.માં, "પ્રેમ" શબ્દનો અર્થ આ પ્રકારના બલિદાન પ્રેમને થાય છે, જ્યાં સુધી અનુવાદ નોંધ અલગ અર્થ સૂચવે નહીં.

2. નવા કરારમાં બીજો શબ્દ, ભાઈ-બહેનો પ્રત્યેનો પ્રેમ, અથવા મિત્ર અથવા પરિવારના સભ્ય માટેનો પ્રેમ દર્શાવે છે.

- આ શબ્દ મિત્રો અથવા સંબંધીઓ વચ્ચે કુદરતી માનવીય પ્રેમનો ઉલ્લેખ કરે છે.
- આ શબ્દનો ઉપયોગ આ સંદર્ભમાં પણ થઈ શકે છે, જેમ કે, "તેઓ ભોજનની સૌથી મહત્વપૂર્ણ બેઠકોમાં બેસવાનું ચાહે છે." આનો અર્થ એ છે કે તે કરવા માટે તેમણે "ખૂબ જ ગમે છે" અથવા "મોટી ઇચ્છા" થાય છે.

3. "પ્રેમ" શબ્દ એ પુરુષ અને સ્ત્રી વચ્ચે રોમેન્ટિક પ્રેમનો પણ ઉલ્લેખ કરી શકે છે.

4. આ રૂપકાત્મક અભિવ્યક્તિમાં "યાકુબને હું પ્રેમ કરું છું, પરંતુ એસાવને હું ધિક્કારું છું," શબ્દ "પ્રેમ" એ ઈશ્વર સાથે યાકુબ સંબંધી કરાર કરવા માટે યાકુબની પસંદગી કરવાનો ઉલ્લેખ કરે છે. આને "પસંદ કરેલ" તરીકે પણ અનુવાદ કરી શકાય છે. જો કે એસાવને ઈશ્વર દ્વારા પણ આશીર્વાદ આપવામાં આવ્યો હતો, પરંતુ કરારમાં હોવાનો તેમને વિશેષાધિકાર આપવામાં આવ્યો ન હતો. "નફરત" શબ્દનો ઉપયોગ "નકારેલું" અથવા "પસંદ ન કરેલ" એમ અર્થપૂર્ણ રૂપે અહીં થાય છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- જ્યાં સુધી અનુવાદ નોંધમાં સૂચવવામાં નહીં આવે ત્યાં સુધી, યુ.એલ.ટી. માં "પ્રેમ" શબ્દનો અર્થ ઈશ્વર તરફથી આવેલો બલિદાનયુક્ત પ્રેમ છે.
- અમુક ભાષાઓમાં ઈશ્વરના નિઃસ્વાર્થ, બલિદાનયુક્ત પ્રેમ માટે વિશિષ્ટ શબ્દ હોઈ શકે છે. આનો અનુવાદ કરવાના રીતોમાં "સમર્પિત, વફાદાર સંભાળ" અથવા "નિઃસ્વાર્થપણે કાળજી રાખવી" અથવા "ઈશ્વર તરફથી પ્રેમ" શામેલ હોઈ શકે છે. ખાતરી કરો કે જે શબ્દનો ઉપયોગ ઈશ્વરના પ્રેમનું ભાષાંતર કરવા માટે થાય છે તેમાં બીજાઓને ફાયદો કરવા પોતાનાં હિતોનો ત્યાગ કરવો અને બીજાઓ પર પ્રેમ રાખવો પછી તેઓ ભલે જે કરે તેનો સમાવેશ થાય છે કે નહીં
- કેટલીકવાર અંગ્રેજી શબ્દ "પ્રેમ" એ ઊંડી કાળજીનું વર્ણન કરે છે જે લોકોને તેમના મિત્રો અને પરિવારના સભ્યો માટે હોય છે. કેટલીક ભાષાઓ કોઈ શબ્દ અથવા શબ્દસમૂહ સાથે તેનો અનુવાદ કરી શકે છે, જેનો અર્થ છે, "ખૂબ જ ગમે છે" અથવા " ને માટે કાળજી " અથવા "તેના માટે ગાઢ પ્રેમ છે."
- સંદર્ભમાં જોઈએ તો જ્યાં શબ્દ "પ્રેમ" કંઈક માટે એક મજબૂત પસંદગી વ્યક્ત કરવા માટે વપરાય છે ત્યાં , આ "ભારપૂર્વક પ્રાધાન્ય" અથવા "ખૂબ ગમે છે " અથવા "અત્યંત ઈચ્છા" તરીકે અનુવાદ કરી શકાય.
- કેટલીક ભાષાઓમાં એક અલગ શબ્દ હોઈ શકે છે જે પતિ અને પત્ની વચ્ચે રોમેન્ટિક અથવા જાતીય પ્રેમનો ઉલ્લેખ કરે છે.
- ઘણી ભાષાઓએ ક્રિયા તરીકે "પ્રેમ" ને વ્યક્ત કરવું આવશ્યક છે. તેથી ઉદાહરણ તરીકે, તેઓ ભાષાંતર કરી શકે છે કે "પ્રેમ ધૈર્ય છે, પ્રેમ દયાળુ છે", "જ્યારે કોઈ વ્યક્તિ કોઈને પ્રેમ કરે છે, ત્યારે તે તેની સાથે ધીરજ રાખે છે અને તેના પ્રત્યે દયાળુ છે."

(આ પણ જુઓ: કરાર, મૃત્યુ, બલિદાન, બચાવવું, પાપ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કોરિંથી 13:4-7
- 1 યોહાન 3:1-3
- 1 થેસ્સલોનીકી 4:9-12
- ગલાતી 5:22-24
- ઉત્પત્તિ 29:15-18
- યશાયા 56:6-7
- યર્મિયા 2:1-3

- યોહાન 3:16-18
- માથ્થી 10:37-39
- નહેમ્યા 9:32-34
- ફિલિપી 1:9-11
- ગીતોનું ગીત 1:1-4

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **27:2** શાસ્ત્રીએ જવાબ આપ્યો કે ઈશ્વરનો નિયમ કહે છે, "પ્રભુ તમારા ઈશ્વર પર તમારા ખરા હૃદયથી, આત્માથી, સામર્થ્યથી, અને મનથી **પ્રેમ** કરો. અને તમારા પાડોશી પર તમારા જેવો **પ્રેમ** કરો."
- **33:8** "કાંટાળી જમીન એ એવી વ્યક્તિ છે જે ઈશ્વરના વચનને ધ્યાનથી સાંભળે છે, પરંતુ સમય પસાર થતાં, જીવનની ચિંતા, સંપત્તિ અને આનંદ એ ઈશ્વર માટેના તેમના **પ્રેમ** ને દબાવી દે છે."
- **36:5** પીતર વાત કરતો હતો ત્યારે, તેઓના પર એક તેજસ્વી વાદળ નીચે આવ્યું અને વાદળમાંથી એક અવાજ આવ્યો, "આ મારો પુત્ર છે જેને હું **પ્રેમ** કરું છું."
- **39:10** "જે કોઈ વ્યક્તિ સત્યને **ચાહે છે** તે મારું સાંભળે છે."
- **47:1** તેણી (લુદીયા)એ ઈશ્વરને **પ્રેમ કર્યો** અને ઈશ્વરની ઉપાસના કરી.
- **48:1** જ્યારે ઈશ્વરે વિશ્વ બનાવ્યું, ત્યારે બધું જ સંપૂર્ણ હતું. ત્યાં કોઈ પાપ ન હતું. આદમ અને હવાએ એકબીજાને **પ્રેમ કરતા હતા**, અને તેઓ ઈશ્વરને **પ્રેમ કરતા હતા**.
- **49:3** તેમણે (ઈસુ) એ શીખવ્યું હતું કે તમારે બીજા લોકોને તમારી જાતને **પ્રેમ** કરો છો તેવો જ પ્રેમ કરવો જોઈએ.
- **49:4** તે (ઈસુ) એ પણ શીખવ્યું હતું કે કશાને પણ પ્રેમ કરવા કરતાં, તમારી સંપત્તિને પણ પ્રેમ કરવા કરતાં. તમારે ઈશ્વરને વધુ **પ્રેમ** કરવાની જરૂર છે.
- **49:7** ઈસુએ શીખવ્યું કે ઈશ્વર પાપીઓને ખૂબ **પ્રેમ** કરે છે.
- **49:9** પરંતુ ઈશ્વરે વિશ્વમાં દરેકને એટલા બધો **પ્રેમ** કર્યો છે કે તેમણે પોતાના એકમાત્ર દીકરાને આપ્યો જેથી જે કોઈ પણ ઈસુમાં વિશ્વાસ કરે તેને તેના પાપો માટે સજા કરવામાં આવશે નહીં, પરંતુ તે હંમેશાં ઈશ્વર સાથે રહેશે.
- **49:13** ઈશ્વર તમને **પ્રેમ** કરે છે અને ઈચ્છે છે કે તમે ઈસુમાં વિશ્વાસ કરો જેથી તેઓ તમારી સાથે ગાઢ સંબંધ રાખી શકે.

## શબ્દ માહિતી:

- Strong's: H157, H158, H159, H160, H2245, H2617, H2836, H3039, H4261, H5689, H5690, H5691, H7355, H7356, H7453, H7474, G25, G26, G5360, G5361, G5362, G5363, G5365, G5367, G5368, G5369, G5377, G5381, G5382, G5383, G5388

# પ્રેરિત, પ્રેરિતપદ

## વ્યાખ્યા :

"પ્રેરિતો" ઈશ્વર અને તેમના રાજ્ય વિશે બોધ આપવા ઈસુ દ્વારા મોકલેલા માણસો હતા. "પ્રેરિતપદ" શબ્દ જેઓ પ્રેરિતો તરીકે પસંદ કરાયા હતા તેઓના હોદ્દા અને અધિકારનો ઉલ્લેખ કરે છે.

- "પ્રેરિત" શબ્દનો અર્થ "જેને વિશેષ હેતુ માટે બહાર મોકલવામાં આવ્યા છે." પ્રેરિતને તેના મોકલનાર સમાન અધિકાર હોય છે.
- ઈસુના નજીકના બાર શિષ્યો પ્રથમ પ્રેરિતો બન્યા. બીજા માણસો, જેમકે પાઉલ અને યાકુબ, તેઓ પણ પ્રેરિતો બન્યા.
- ઈશ્વરીય શક્તિ દ્વારા, પ્રેરિતો નિર્ભયતાથી સુવાર્તાનો બોધ કરવ અને લોકોને સાજા કરવા, અને અશુદ્ધ આત્માઓને લોકોમાંથી હાંકી કાઢવા માટે સક્ષમ હતા.

## ભાષાંતરના સૂચનો:

- "પ્રેરિત" શબ્દનું ભાષાંતર એક શબ્દ અથવા શબ્દસમૂહ દ્વારા થઇ શકે છે જેનો અર્થ થાય છે કે "જેને બહાર મોકલવામાં આવેલ છે" અથવા "બહાર મોકલેલ એક" અથવા "વ્યક્તિ કે જેને તેડવામાં આવ્યો છે કે તે ઈશ્વરનો સંદેશ લોકો પાસે લઈ જાય."
- "પ્રેરિત" અને "શિષ્ય" શબ્દોનું ભાષાંતર જુદી જુદી રીતે થાય તે મહત્વનું છે.
- આ શબ્દનું સ્થાનિક અને રાષ્ટ્રીય ભાષાના બાઈબલમાં કેવી રીતે ભાષાંતર થયેલ છે તેનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. (જુઓ અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું.)

(આ પણ જુઓ : અધિકાર, શિષ્ય, યાકુબ (ઝબદી નો દિકરો), પાઉલ, તે બાર)

## બાઈબલની કલમો:

- યહૂદા 1:17-19
- લૂક 9:12-14

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **26:10** પછી ઈસુએ બાર માણસો પસંદ કર્યા જેઓ તેના **પ્રેરિતો** કહેવાયા. **પ્રેરિતોએ** ઈસુની સાથે પ્રવાસ કર્યો અને તેમની પાસેથી શીખ્યા.
- **30:1** ઈસુએ તેના **પ્રેરિતોને** ઘણા જુદા જુદા ગામોમાં લોકોને બોધ તથા શિક્ષણ આપવા મોકલ્યા.
- **38:2** યહૂદા ઈસુના **પ્રેરિતો** માંનો એક હતો. તે **પ્રેરિતોનાં** નાણાંની થેલીનો અધિકારી હતો, પણ તે પૈસાને પ્રેમ કરતો અને વારંવાર થેલીમાંથી ચોરી કરતો હતો.
- **43:13** શિષ્યોએ પોતાને **પ્રેરિતોની** સાથે બોધમાં, સંગતમાં, સાથે મળીને ભોજન કરવામાં અને પ્રાર્થનામાં સમર્પિત કર્યા.
- **46 :8** પછી બાર્નાબાસ નામનો વિશ્વાસી શાઉલને **પ્રેરિતો** પાસે લઈ આવ્યો અને તેઓને જણાવ્યું કે કેવી રીતે શાઉલે હિંમતભેર દમસ્કમાં ઉપદેશ કર્યો.

## શબ્દ માહિતી:

- Strong's: G651, G652, G2491, G5376, G5570

# ફરીથી જન્મ પામવો, ઈશ્વર દ્વારા જન્મેલો, નવો જન્મ

## વ્યાખ્યા:

"નવો જન્મ" શબ્દ, પ્રથમ ઈસુ દ્વારા વપરાયો હતો, તેનો અર્થ એમ થાય છે કે જયારે ઈશ્વર વ્યક્તિને આત્મિક મૃત્યુમાંથી બદલીને નવું આધ્યાત્મિક જીવન આપે છે. "ઈશ્વર દ્વારા જન્મેલો" અને "આત્માથી જન્મેલો" શબ્દો દર્શાવે છે કે જયારે વ્યક્તિને નવું આત્મિક જીવન અપાયેલું હોય છે.

- બધા મનુષ્યો આધ્યાત્મિક રીતે મૃત સ્થિતિમાં જન્મેલા છે અને જયારે તેઓ ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકારે છે ત્યારે તેઓ "નવો જન્મ" પામે છે.
- આત્મિક રીતે નવો જન્મ પામવાની ક્ષણથી જ ઈશ્વરના પવિત્ર આત્મા નવા વિશ્વાસીમાં રહેવા આવે છે અને તેના જીવનમાં તેને સારા આધ્યાત્મિક ફળ ઉપજાવવા સમર્થ કરે છે.
- વ્યક્તિ નવો જન્મ પામે તે ઈશ્વરનું કામ છે અને તે દ્વારા વ્યક્તિ ઈશ્વરનું બાળક બને છે.

## ભાષાંતરના સુચનો:

- "નવો જન્મ પામવો" તેનું બીજી રીતે ભાષાંતર, "નવો જન્મેલું" અથવા "આધ્યાત્મિક જન્મ" થઇ શકે છે.
- શાબ્દિક અર્થ અનુસાર આ શબ્દનું શ્રેષ્ઠ ભાષાંતર કરવું હોય તો જે શબ્દ નવા જન્મેલા માટે વપરાય છે તેવો જ સામાન્ય ભાષાનો શબ્દ વાપરવો.
- "નવો જન્મ" શબ્દનું ભાષાંતર, "આધ્યાત્મિક જન્મ" થઇ શકે છે.
- "ઈશ્વર દ્વારા જન્મેલો" શબ્દનું ભાષાંતર, "ઈશ્વરના દ્વારા નવા જન્મેલા શિશુ જેવું જીવન હોવું" અથવા "ઈશ્વર દ્વારા અપાયેલું નવું જીવન" તરીકે કરી શકાય છે.
- એજ રીતે, "આત્માથી જન્મેલો" શબ્દનું ભાષાંતર, "પવિત્ર આત્મા દ્વારા અપાયેલું નવું જીવન" અથવા "ઈશ્વરનું બાળક બનવા માટે પવિત્ર આત્મા દ્વારા અપાયેલું સામર્થ્ય" અથવા "આત્માથી નવા જન્મેલા શિશુ જેવું નવું જીવન હોવું" એમ કરી શકાય છે.

(આ પણ જુઓ : પવિત્ર આત્મા, બચાવવું)

## બાઈબલની કલમો :

- 1 યોહાન 3:9-10
- 1 પિતર 1:3-5
- 1 પિતર 1:22-23
- યોહાન 3:3-4
- યોહાન 3:7-8
- તિતસ 3:4-5

## શબ્દ માહિતી:

- Strong's: G313, G509, G1080, G3824

# ફરોશી, ફરોશીઓ

## તથ્યો:

ફરોશીઓ ઈસુના સમયમાં યહૂદી ધાર્મિક આગેવાનોનું એક મહત્ત્વનું શક્તિશાળી જૂથ હતું.

- તેઓમાંના ઘણા મધ્યમ વર્ગીય વેપારીઓ હતા અને કેટલાક યાજકો પણ હતા.
- બધા જ યહૂદી આગેવાનોમાં, ફરોશીઓ મૂસાના નિયમો અને બીજા યહૂદી નિયમો તથા પરંપરાઓ પાળવામાં સૌથી ચૂસ્ત હતા.
- યહૂદી લોકોને તેઓની આસપાસના બિનયહૂદીઓના પ્રભાવથી દૂર રાખવા વિષે તેઓ ખૂબ જ કાળજી ધરાવતા હતા.

“ફરોશી” નામ “અલગ કરવું” શબ્દ પરથી આવે છે.

- ફરોશીઓ મૃત્યુ પછીના જીવન વિષે માનતા હતા અને તેઓ દૂતોના તથા બીજા આત્મિક જીવોના અસ્તિત્વ વિષે પણ માનતા હતા.
- ફરોશીઓ તથા સાદૂકીઓએ સક્રિય રીતે ઈસુનો અને શરૂઆતના ખ્રિસ્તીઓનો વિરોધ કર્યો હતો.

(આ પણ જૂઓ: ન્યાયસભા, યહૂદી આગેવાનો, નિયમ, સાદૂકીઓ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરીતોનાં કૃત્યો 26:4-5
- યોહાન 3:1-2
- લૂક 11:43-44
- માથ્થી 3:7-9
- માથ્થી 5:19-20
- માથ્થી 9:10-11
- માથ્થી 12:1-2
- માથ્થી 12:38-40
- ફિલિપ્પી 3:4-5

## શબ્દ માહિતી:

- Strong's: G5330

# બચાવવું, બચાવ્યા, સલામત, તારણ

## વ્યાખ્યા:

"બચાવવું" શબ્દ કોઈકને કંઇક ખરાબ અથવા નુકસાનકારક અનુભવતા દુર રાખવુંનો ઉલ્લેખ કરે છે. "સલામત રહેવું"નો અર્થ નુકસાન અથવા જોખમથી સુરક્ષિત, થાય છે.

- શારીરિક અર્થમાં, લોકોને નુકસાન, જોખમ, અથવા મરણથી બચાવવામાં અથવા છોડાવવામાં આવી શકે.
- આત્મિક અર્થમાં, જો વ્યક્તિને "બચાવવામાં"આવ્યો છે, તો પછી ઈશ્વરે, ઈસુના વધસ્તંભના મરણ દ્વારા, તેને માફ કર્યો છે અને નરકમાં પોતાના પાપોની શિક્ષા ભોગવતા છોડાવ્યો છે.
- લોકો બીજા લોકોને બચાવી શકે અથવા જોખમમાંથી છોડાવી શકે, પરંતુ માત્ર ઈશ્વર જ લોકોને તેઓના પાપોની અનંતકાળની શિક્ષાથી બચાવી શકે.

  "તારણ" શબ્દ બચાવવામાં આવ્યા અથવા દુષ્ટતાથી અને જોખમથી છોડાવવામાં આવ્યા, નો ઉલ્લેખ કરે છે.
- બાઈબલમાં, "તારણ" જેઓએ પોતાના પાપોનો પસ્તાવો કર્યો છે અને ઈસુમાં વિશ્વાસ કર્યો છે તેઓનો આત્મિક અને અનંતકાળ છુટકારો ઈશ્વર દ્વારા માન્ય થયો છે, તેનો ઉલ્લેખ કરે છે.
- બાઈબલ ઈશ્વર તેમના લોકોને તેમના શારીરિક શત્રુઓથી બચાવે અથવા છોડાવે છે, એ વિષે પણ વાત કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "બચાવવું" નું અનુવાદ કરવાની રીતોમાં "છોડાવવું" અથવા "નુકસાનથી દુર રાખવું" અથવા "નુકસાનના માર્ગેથી બહાર લાવવું" અથવા "મરણથી દુર રાખવું" નો સમાવેશ કરી શકાય.
- "જે કોઈ પોતાનો જીવ બચાવે" તે અભિવ્યક્તિમાં "બચાવે" શબ્દનો અનુવાદ "સાચવવું" અથવા "રક્ષણ" એમ પણ કરી શકાય.
- "સલામત" શબ્દનો અનુવાદ "જોખમથી સુરક્ષિત" અથવા "એવી જગ્યામાં કે જ્યાં કશું પણ નુકસાન ન કરી શકે" એમ કરી શકાય.
- "તારણ" શબ્દનો અનુવાદ "બચાવવું" અથવા "છોડાવવું" શબ્દોનો ઉપયોગ કરીને કરી શકાય જેવી રીતે "ઈશ્વર દ્વારા બચાવવામાં આવેલા લોકો (તેમના પાપોની શિક્ષામાંથી)" અથવા "ઈશ્વર પોતાના લોકોને છોડાવે છે (તેમના શત્રુઓથી)" તે રીતે.
- "ઈશ્વર મારું તારણ છે" તેનું અનુવાદ "ઈશ્વર એ છે કે જે મને બચાવે છે" એમ કરી શકાય.
- "તમે તારણના ઝરાઓમાંથી પાણી ભરશો" નું અનુવાદ "તમે પાણીથી તાજગી પામશો કારણ કે ઈશ્વર તમને છોડાવે છે."

(આ પણ જુઓ: વધસ્તંભ, છોડાવવું, શિક્ષા, પાપ, તારણહાર)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પતિ 49:16-18
- ઉત્પતિ 47:25-26
- ગીતશાસ્ત્ર 80:1-3
- યર્મિયા 16:19-21
- મીખાહ 6:3-5
- લૂક 2:30-32
- લૂક 8:36-37
- પ્રેરિતોના કૃત્યો 4:11-12
- પ્રેરિતોના કૃત્યો 28:28
- પ્રેરિતોના કૃત્યો 2:20-21
- રોમન 1:16-17
- રોમન 10:8-10
- એફેસીઓ 6:17-18
- ફિલિપ્પીઓ 1:28-30
- 1 તિમોથી 1:15-17
- પ્રકટીકરણ 19:1-2

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **9:8** મુસાએ તેના સાથી ઈઝરાયેલીને **બચાવવાને** પ્રયત્ન કર્યો .
- **11:2** જેઓએ તેમના પર વિશ્વાસ કર્યો હોય તેવા કોઈપણના પ્રથમજનિત દીકરાને **બચાવવા માટે** ઈશ્વરે માર્ગ કરી આપ્યો.

- **12:5** મુસાએ ઈઝરાયેલીઓને કહ્યું, “ભયભીત થવાનું મૂકી દો! ઈશ્વર તમારા માટે આજે લડશે અને તમને **બચાવશે**.”
- **12:13** ઈઝરાયેલીઓએ તેમની નવી સ્વતંત્રતા ઉજવવા માટે ઘણાં ગીતો ગાયા અને ઈશ્વરની સ્તુતિ કરી કારણ કે તેમણે તેઓને ઈજીપ્તના લશ્કરથી **બચાવ્યા**.
- **16:17** આ માળખું ઘણીવાર પુનરાવર્તિત થયું: ઈઝરાયેલીઓ પાપ કરે, ઈશ્વર તેઓને શિક્ષા કરે, તેઓ પસ્તાવો કરે, અને ઈશ્વર તેઓને **બચાવવા માટે** છોડાવનાર મોકલે.
- **44:8** “તમે ઈસુને વધસ્તંભે જડ્યા, પરંતુ ઈશ્વરે તેઓને સજીવન કર્યા! તમે તેઓને નકાર્યા, પરંતુ ઈસુના સામર્થ્ય સિવાય **તારણ પામવાનો** બીજો કોઈ રસ્તો નથી!”
- **47:11** જ્યારે દરોગો પાઉલ અને સિલાસ પાસે ધ્રુજતો ધ્રુજતો આવ્યો અને પૂછ્યું, “**તારણ પામવા માટે** મારે શું કરવું જોઈએ?" પાઉલે જવાબ આપ્યો, “ઈસુ પર વિશ્વાસ કર, કે જે માલિક છે, અને તું અને તારું કુટુંબ **તારણ પામશો**.”
- **49:12** સારી કરણીઓ તમને **બચાવી શકશે નહિ**.
- **49:13** દરેક કે જેઓ ઈસુ પર વિશ્વાસ કરે છે અને તેઓને પોતાના માલિક તરીકે સ્વીકારે છે તેઓને ઈશ્વર **બચાવશે**. પરંતુ જેઓ તેમનામાં વિશ્વાસ નથી કરતાં તે કોઈને પણ તેઓ **બ ચાવશે નહિ** .

## શબ્દ માહિતી:

- Strong's: H983, H2421, H3444, H3467, H3468, H4190, H4422, H4931, H6403, H7682, H7951, H7965, H8104, H8668, G803, G804, G806, G1295, G1508, G4982, G4991, G4992, G5198

# બડાઈ, બડાઈ મારવી, બડાઈખોર

## વ્યાખ્યા:

"બડાઈ" શબ્દનો અર્થ કંઈક અથવા કોઈને વિશે ગર્વથી બોલવું. તેનો અર્થ વારંવાર પોતા વિશે બડાઈ મારવી.

- જયારે કોઈ વ્યક્તિ પોતાના વિશે "બડાઈખોર" બનીને ગર્વથી બોલે છે.
- દેવે ઈઝરાએલીઓને તેઓના મૂર્તિઓ માટે "બડાઈ મારવા" માટે ઠપકો આપ્યો.

તેઓ ઉધ્ધત્તાઈથી સાચા દેવને બદલે જુઠા દેવોની આરાધના કરી. બાઈબલ પણ બડાઈ મારનારા લોકો વિશે વાત કરે છે જેમાં તેઓની સંપત્તિ, તેઓની શક્તિ, તેઓના ફળદ્રુપ ખેતરો, અને તેઓના કાયદાકાનૂનનો સમાવેશ થાય છે. તેનો અર્થ એ કે તેઓ આ સર્વ વસ્તુઓ વિશે ગર્વ કરતા હતા, અને તેઓએ સ્વીકાર્યું નહીં કે દેવે આ વસ્તુઓ તેમને પૂરી પાડી છે.

- દેવે ઇઝરાએલીઓને અરજ કરી કે તેઓ "બડાઈ કરવાને" બદલે તેઓ દેવને જાણે છે તેનો તેઓ ગર્વ કરે.
- પાઉલ પ્રેરિત પણ પ્રભુમાં અભિમાન કરવા વિશે વાત કરે છે, કે જેનો અર્થ પ્રભુમાં આનંદ કરવો અને તેઓ માટે તેણે જે કર્યું તે વિશે તેઓ દેવના આભારી રહે.

## ભાષાંતરના સૂચનો

- "બડાઈ" શબ્દનું ભાષાંતર બીજી રીતે કરીએ તો "બડાઈ હાંકવી" અથવા "અભિમાનથી બોલવું" એમ થઈ શકે છે.
- "ઉન્મત" શબ્દ અથવા શબ્દસમૂહના ભાષાંતરનો અર્થ "અભિમાનથી ભરપૂર વાતો" અથવા "અભિમાનથી ભરપૂર" અથવા "પોતા વિશે બડાઈથી વાતો કરવી" એમ થઈ શકે છે.
- અભિમાન કરવાના સંદર્ભમાં અથવા ઈશ્વરને જાણવાની બાબતમાં, આ શબ્દનું ભાષાંતર "તેનામાં અભિમાન કરવું" અથવા "ખુબજ આનંદ કરવો" અથવા "ઈશ્વરનો આભાર માનવો" એમ થઈ શકે છે.
- અમુક ભાષામાં "અભિમાન" શબ્દ માટે બે પ્રકારના શબ્દો આવેલા હોય છે: એક શબ્દ નકારાત્મક છે જેનો અર્થ ઘમંડ કરવું એમ થાય છે જયારે બીજો શબ્દ છે જેનો હકારત્મક અર્થ, પોતાના કાર્યમાં, કુટુંબમાં, અથવા દેશમાં આભિમાન કરવું, એમ થઈ શકે છે.

## ભાષાંતરના સુચનો:

(તે પણ જુઓ: અભિમાની)

## બાઈબલની કલમો:

- 1 રાજા 20:11-12
- 2 તિમોથી 3:1-4
- યાકૂબ 3:13-14
- યાકૂબ 4:15-17
- ગીતશાસ્ત્ર 44:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H1984, H3235, H6286, G212, G213, G2620, G2744, G2745, G2746, G3166

# બાંધવું, બંધન, બાંધેલું

## વ્યાખ્યા:

"બાંધવું" શબ્દનો અર્થ, કંઈક બાંધવું અથવા સુરક્ષિત રીતે બાંધી રાખવું એમ થાય છે. જે કંઈક બંધાયેલું અથવા સાથે જોડાયેલું છે તેને "બંધન" કહેવામાં આવે છે. "બાંધેલું" શબ્દ, બાંધવું શબ્દનો ભૂતકાળ દર્શાવે છે.

- "બંધન" આ શબ્દનો અર્થ, કંઈક બાંધવું અથવા કોઈ વસ્તુની આસપાસ કાંઈ લપેટવું, એમ થાય છે.
- રૂપકાત્મક અર્થમાં, વ્યક્તિ શપથથી "બંધાયેલો" હોય છે, કે જે વચન તેણે આપ્યું છે તે "જરૂર પૂરું કરે."
- "બંધન" શબ્દ દર્શાવે છે કે, કંઈપણ કે જે બાંધી રાખે છે, અલગ રાખી મુકે છે, અથવા કોઈકને કેદ કરવામાં આવ્યું છે.

તે શબ્દ મોટેભાગે ભૌતિક સાંકળો, બંધનો, અથવા દોરડાઓને દર્શાવે છે કે જે વ્યક્તિ સ્વતંત્ર રીતે ફરવા દેતો નથી.

- બાઈબલના સમયોના બંધનો એવા હતા કે જેમાં દોરડાં અથવા સાંકળોનો ઉપયોગ કરવામાં આવતો જેના વડે કેદીઓને દીવાલ અથવા જેલના પત્થરના ભોંયતળિયા સાથે બાંધી દેવામાં આવતા હતા.
- "બાંધવું" શબ્દ, વાગેલા ઘાની આસપાસ વીંટાડવામાં આવેલા પાટાને દર્શાવે છે કે જેથી જલદી મટી જાય.
- મૃત વ્યક્તિને તેની દફનની તૈયારી માટે કફનમાં "બાંધવામાં" (લપેટવામાં) આવે છે.
- "બંધન" શબ્દ રૂપકાત્મક રીતે કંઈક દર્શાવે છે, જેમ કે પાપ, કે જે નિયંત્રણો અથવા કોઈકનું ગુલામ રહેવું.
- બંધન એવી બાબત છે કે જે લોકોની એકબીજાની સાથે ભાવનાત્મક, આધ્યાત્મિક, અને શારીરિક રીતે નજીકના રહીને એકબીજાનો ટેકો પુરા પાડે છે.

આ લગ્નના બંધન માટે લાગુ પડે છે.

- ઉદાહરણ તરીકે, પતિ અને પત્ની એકબીજા સાથે "બંધનકર્તા" અથવા બંધાયેલા હોય છે.

તે બંધન કે જે દેવ તોડવા માંગતા નથી.

## ભાષાંતરના સુચનો:

"બાંધવું" શબ્દનું ભાષાંતર, "જોડવું" અથવા "બાંધી દેવું" અથવા "વીંટવું" (આસપાસ) થઇ શકે છે.

- રૂપકાત્મક રીતે તેનું ભાષાંતર, "દૂર રાખવું" અથવા "રોકવું" અથવા "કશાક થી દૂર રાખવું" થઇ શકે છે.
- માથ્થી 16 અને 18 માં "બાંધવું" શબ્દનો વિશિષ્ઠ ઉપયોગ, "મનાઈ કરવી" અથવા પરવાનગી ના આપવી" એમ કરવામાં આવ્યો છે.
- "બંધન" શબ્દનું ભાષાંતર, "સાંકળો" અથવા "દોરડાઓ" અથવા "બંધનો" તરીકે કરી શકાય છે.
- "બંધન" શબ્દનું રૂપકાત્મક ભાષાંતર, "ગાંઠ" અથવા "જોડાણ" અથવા "નજીકના સબંધો" થઇ શકે છે.

"શાંતિનું બંધન" વાક્યનો અર્થ, "સુમેળમાં રહેવું, કે જેથી લોકોને એકબીજાના સાથે નજીકના સબંધમાં આવે" અથવા "સાથે જોડી દેવું જેથી શાંતિ થાય" એમ થઇ શકે છે.

- "વીંટાડવું" શબ્દનું ભાષાંતર, "આસપાસ વીંટાડવું" અથવા "ઉપર પાટો બાંધવો" એમ કરી શકાય છે.
- પોતાની જાતને કોલથી "બાંધવું" તેનું ભાષાંતર, "વચન પૂરું કરવા કોલ કરાર કરવા" અથવા "કોલ કરાર પુરા કરવા અર્પિત હોવું" એમ થઇ શકે છે .
- સંદર્ભ પર આધાર રાખીને "બંધન" શબ્દનું ભાષાંતર, "બંધાયેલું" અથવા જોડાયેલું" અથવા "સાંકળોથી બંધાયેલું" અથવા "વચનબદ્ધ (પૂરું કરવા) અથવા "કરવું જરૂરી છે" તેમ થઇ શકે છે.

(તે પણ જુઓ: પૂરું કરવું, શાંતિ, જેલ, દાસ, કોલકરાર)

## બાઈબલની કલમો:

- લેવી 8:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H247, H481, H519, H615, H631, H632, H640, H1366, H1367, H1379, H2280, H2706, H3256, H3533, H3729, H4147, H4148, H4205, H4562, H5650, H5656, H5659, H6029, H6123, H6616, H6696, H6872, H6887, H7194, H7405, H7573, H7576, H8198, H8244, H8379, G254, G331, G332, G1195, G1196, G1198, G1199, G1210,

G1397, G1398, G1401, G1402, G2611, G2615, G3734, G3784, G3814, G4019, G4029, G4385, G4886, G4887, G5265

# બાપ્તિસ્મા આપવું, બાપ્તિસ્મા પામેલ, બાપ્તિસ્મા

## વ્યાખ્યા:

નવાકરારમાં “બાપ્તિસ્મા આપવું” અને “બાપ્તિસ્મા” શબ્દ સામાન્ય રીતે ધર્મિક વિધિને દર્શાવે છે, જેમાં ખ્રિસ્તી વ્યક્તિ જળસંસ્કારથી સ્નાન કરે છે, એ દર્શાવે કે તેઓ પોતાના પાપોથી શુદ્ધ થઈને ખ્રિસ્ત સાથે એક થાય છે.

- પાણીના બાપ્તિસ્મા ઉપરાંત, બાઈબલમાં “પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામવું” અને “અગ્નિથી બાપ્તિસ્મા પામવા” વિશે કહેવામાં આવ્યું છે.
- બાઈબલમાં “બાપ્તિસ્મા” શબ્દ, મહાન પીડામાંથી ગુજરવું તે માટે પણ વાપરવામાં આવ્યો છે.

## ભાષાંતરના સુચનો:

- વ્યક્તિએ કેવી રીતે પાણીથી બાપ્તિસ્મા પામવું જોઈએ છે તે વિશે ખ્રિસ્તીઓમાં અલગ અલગ દ્રષ્ટિકોણ રહેલા છે. સામાન્ય રીતે આ શબ્દનું શ્રેષ્ઠ ભાષાંતર, જેમાં પાણીને અલગ અલગ રીતે ચોપડવામાં આવે છે.
- સંદર્ભ પ્રમાણે, “બાપ્તિસ્મા આપવું” શબ્દનું ભાષાંતર “શુદ્ધ કરવું”, “બહાર ઉપર રેડવું,” “પૂરેપૂરું ડુબાડવું અથવા (અંદર) ડુબાડવું,” ધોઈ કાઢવું,” અથવા “આત્મિક રીતે શુદ્ધ કરવું” થઈ શકે છે. ઉદાહરણ તરીકે, “તને પાણીથી બાપ્તિસ્મા આપવું” તેનું ભાષાંતર “તને પાણીમાં પુરેપુરો ડુબાડવો” થઈ શકે છે.
- “બાપ્તિસ્મા” શબ્દનું ભાષાંતર “શુદ્ધીકરણ,” “બહાર રેડવું,” “ડૂબકી મારવાની ક્રિયા,” “સફાઈ,” અથવા “આત્મિક રીતે ધોયેલા” થઈ શકે છે.
- જયારે તેનો ઉલ્લેખ પીડા માટે કરાય છે ત્યારે “બાપ્તિસ્મા” શબ્દનું ભાષાંતર “ભયંકર પીડાનો સમય” અથવા “સખત પીડા દ્વારા સફાઈ” થઇ શકે છે.
- આ શબ્દનું ભાષાંતર બાઈબલમાં સ્થાનિક અથવા રાષ્ટ્રીય ભાષામાં કેવી રીતે થયું છે, તેનું ધ્યાન રાખો.

(આ પણ જુઓ: અજ્ઞાનનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: યોહાન (બાપ્તિસ્મી), પસ્તાવો કરવો, પવિત્ર આત્મા)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 2:37-39
- પ્રેરિતો 8:36-38
- પ્રેરિતો 9:17-19
- પ્રેરિતો 10:46-48
- લૂક 3:15-16
- માથ્થી 3:13-15
- માથ્થી28:18-19

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **24:3** જયારે લોકોએ યોહાનનો સંદેશો સાંભળ્યો, તેઓમાંથી ઘણાએ તેમના પાપોનો પસ્તાવો કર્યો, અને યોહાને તેઓને **બાપ્તિસ્મા** આપ્યું.

ઘણા ધાર્મિક આગેવાનો પણ યોહાનથી **બાપ્તિસ્મા પામવા** આવ્યા, પણ તેઓએ પસ્તાવો કર્યો નહીં અથવા તેમના પાપોની કબૂલાત કરી નહીં.

- **24:6** બીજા દિવસે, ઈસુ યોહાનથી **બાપ્તિસ્મા પામવા** આવ્યો.
- **24:7** યોહાને ઈસુને કહ્યું, “હું તને **બાપ્તિસ્મા** આપવાને લાયક નથી.

તારે મને બાપ્તિસ્મા આપવું જોઈએ.”

- **42:10** જેથી જઈને બધા જાતિના લોકોને શિષ્યો બનાવો, અને પિતા, પુત્ર અને પવિત્ર આત્માને નામે **બાપ્તિસ્મા** આપો, અને મેં જે આજ્ઞા આપી છે તે તેઓને શીખવતા જાઓ.”
- **43:11** પિતરે તેઓને જવાબ આપ્યો, “તમે દરેક જણ પસ્તાવો કરો અને ઈસુ ખ્રિસ્તના નામે **બાપ્તિસ્મા પામો** જેથી કરીને દેવ તમારા પાપો માફ કરશે.”
- **43:12** પિતરે જે કહ્યું તે સાંભળીને લગભગ 3,000 લોકોએ વિશ્વાસ કર્યો અને ઈસુના શિષ્યો બન્યા.
- તેઓ **બાપ્તિસ્મા** પામ્યા હતા અને યરુશાલેમની મંડળીના ભાગરૂપ બન્યા.
- **45:11** જયારે ફિલિપ અને હબસી ખોજાએ પ્રવાસ કરી, તેઓ થોડા પાણી પાસે આવ્યા. ઈથોપિયન હબસી ખોજાએ કહ્યું, “જો!” અહીં થોડું પાણી છે! શું હું **બાપ્તિસ્મા** લઉં શકું?”

- **46:5** શાઉલ તરત ફરીથી જોઈ શક્યો, અને અનાન્યાએ તેને **બાપ્તિસ્મા** આપ્યું.
- **49:14** ઈસુ તમને તેનામાં વિશ્વાસ કરી બાપ્તિસ્મા લેવાનું આમંત્રણ આપે છે.

## શબ્દ માહિતી:

- Strong's: G907

# બાર, અગિયાર

## વ્યાખ્યા:

"બાર" શબ્દ બાર માણસોને દર્શાવે છે જે ઈસુએ તેના સૌથી નજીકના અનુયાયીઓ અથવા પ્રેરિતો તરીકે પસંદ કર્યા હતા. યહૂદાના પોતે માર્યા ગયાબાદ , તેઓ "અગિયાર." તરીકે ઓળખાતા હતા

- ઈસુના બીજા ઘણા શિષ્યો હતા, પરંતુ "બાર" શિર્ષકવાળાબીજા લોકોથી અલગ હતા જેઓ દેખીતી રીતે ઈસુની નજીક હતા.
- આ બાર શિષ્યોના નામ માથ્થી10, માર્ક 3, અને લુક 6 ની યાદી આપેલ છે.
- ઈસુ સ્વર્ગમાં પાછા ફર્યાના અમુક સમય પછી "અગિયાર" શિષ્યોએ માથ્થિયસને યહૂદાની જગ્યાએ પસંદ કર્યા.

ત્યારબાદ ફરીથી તેઓ બાર તરીકે ઓળખવા લાગ્યા.

## અનુવાદ માટેના સૂચનો:

- ઘણાં ભાષાઓ માટે સંજ્ઞા ઉમેરવી વધુ સ્પષ્ટ અથવા વધુ કુદરતી હોઈ શકે છે, અને કહે છે, "બાર પ્રેરિતો" અથવા "ઈસુના બાર સૌથી નજીકના અનુયાયીઓ."
- "અગિયાર" નો અનુવાદ "ઈસુના બાકીના અગિયાર શિષ્યો" તરીકે થાય છે. "
- કેટલાક અનુવાદો તેને " બાર " અને "અગિયાર" શીર્ષક તરીકે ઉપયોગમાં લેતા હતા તે દર્શાવવા માટે મોટા અક્ષરોનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે.

(આ પણ જુઓ: પ્રેરિત, શિષ્ય)

## બાઇબલના સંદર્ભો:

- 1 કોરિંથી 15:5-7
- પ્રેરિતોનાં કૃત્યો 6:2-4
- લુક 9:1-2
- લુક 18:31-33
- માર્ક 10:32-34
- માથ્થી 10:5-7

## શબ્દ માહિતી:

- Strong's: G1427, G1733

# બાળકો, બાળક, સંતાન

## વ્યાખ્યા:

બાઇબલમાં, મોટેભાગે “બાળક” શબ્દ, (બહુવચન "બાળકો") સામાન્ય રીતે પુરુષ અને સ્ત્રીના સંતાનનો ઉલ્લેખ કરે છે. આ શબ્દ મોટાભાગે બહુ સામાન્યપણે કોઈક કે જે ઉંમરમાં નાનું હોય અને પુખ્ત વયનું થયું નથી તેને દર્શાવે છે. "સંતાન" શબ્દ માનવો અને પ્રાણીઓના જૈવિક વંશજોના સામાન્ય અર્થમાં દર્શાવાય છે.

- ક્યારેક બાઇબલમાં, શિષ્યો અથવા અનુયાયીઓને “બાળકો” કહીને બોલાવામાં આવ્યા છે.
- મોટેભાગે વ્યક્તિના વંશજોને દર્શાવવા “બાળકો” શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.
- મોટાભાગે બાઇબલમાં, "સંતાનો" નો અર્થ "બાળકો" અથવા "વંશજો"ની સમાનતામાં થાય છે.
- "બીજ" શબ્દ ક્યારેક અલંકારિક રૂપે સંતાનોનો ઉલ્લેખ કરવા વપરાય છે.
- “(તે)ના બાળકો” એ શબ્દસમૂહ એ કોઈ પ્રકારના ચારિત્ર્યને વર્ગીકૃત કરવા માટે દર્શાવાઈ શકાય છે.

કેટલાક ઉદાહરણો હોઈ શકે:

- પ્રકાશના બાળકો
- આજ્ઞાપાલન ના બાળકો
- શેતાનના બાળકો
- આ શબ્દ "મંડળી"ને પણ દર્શાવી શકે છે. ઉદાહરણ તરીકે નવો કરાર ક્યારેક “ઈશ્વરના બાળકો” શબ્દસમૂહનો ઉપયોગ, લોકો કે જેઓ ઈસુમાં વિશ્વાસ કરી ઈશ્વરના બનેલા છે, તેઓને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- જયારે “બાળક” શબ્દનું ભાષાંતર ‘વંશજો” કરવામાં આવે ત્યારે તે વ્યક્તિના દોહિત્ર અને દોહિત્રના બાળકોને દર્શાવે છે.
- સંદર્ભ પર આધાર રાખીને, “(તે)ના બાળકો” ભાષાંતર, “લોકો કે જેઓને તેવી લાક્ષણિકતા હોય છે” અથવા “લોકો કે જે એ પ્રકારનું વર્તન કરે છે” એમ થઈ શકે છે.
- શક્ય હોય તો “ઈશ્વરના બાળકો” શબ્દસમૂહનું ભાષાંતર, શાબ્દિક રીતે થવું જોઈએ કારણકે તે બાઇબલમાં મહત્વનો વિષય છે, એટલે કે તેનું ભાષાંતર ઈશ્વર આપણા આકાશવાશી પિતા છે, એમ થવું જોઈએ. તેનું શક્ય વૈકલ્પિક ભાષાંતર, “લોકો કે જેઓ ઈશ્વરના છે” અથવા “ઈશ્વરના આત્મિક બાળકો” એમ થઇ શકે છે.
- જયારે ઈસુએ શિષ્યોને તેના “બાળકો” કહીને બોલાવ્યા તેનું ભાષાંતર “વ્હાલા મિત્રો” અથવા “મારા પ્રિય શિષ્યો”તરીકે પણ કરી શકાય.
- જયારે પાઉલે અને યોહાને ઈસુમાં વિશ્વાસીઓને “બાળકો” તરીકે દર્શાવ્યા છે ત્યારે તેનું ભાષાંતર, “વ્હાલા સાથી વિશ્વાસીઓ” તરીકે પણ કરી શકાય છે.
- “વચનના બાળકો” શબ્દસમૂહનું ભાષાંતર, “લોકો કે જેઓને ઈશ્વરનું વચન આપવામાં આવ્યું અને તેઓને તે પ્રાપ્ત થયું છે” એમ કરી શકાય છે.

*

(આ પણ જુઓ : વંશજ, બીજ, વચન, પુત્ર, આત્મા , માનવું, પ્રિય)

## બાઇબલની કલમો:

- 1 યોહાન 2:27-29
- 3 યોહાન 1:1-4
- ગલાતી 4:19-20
- ઉત્પત્તિ 45:9-11
- યહોશુઆ 8:34-35
- નહેમ્યા 5:4-5
- પ્રેરીતોના કૃત્યો 17:29
- નિર્ગમન 13:11-13
- ઉત્પત્તિ 24:7
- યશાયા 41:8-9
- અયૂબ 5:25
- લૂક 3:7
- માથ્થી 12:34

## શબ્દ માહિતી:

- Strong's: H1069, H1121, H1123, H1129, H1323, H1397, H1580, H2029, H2030, H2056, H2138, H2145, H2233, H2945, H3173, H3205, H3206, H3208, H3211, H3243, H3490, H4392, H5271, H5288, H5290, H5759, H5764, H5768, H5953, H6185, H7908, H7909, H7921, G730, G815, G1025, G1064, G1471, G3439, G3515, G3516, G3808, G3812, G3813, G3816, G5040, G5041, G5042, G5043, G5044, G5206, G5207, G5388

# બેખમીર રોટલી

## વ્યાખ્યા:

"બેખમીર રોટલી" શબ્દ એ રોટલીનો ઉલ્લેખ કરે છે, જે ખમીર અથવા અન્ય ઘમણ વિના બનાવવામાં આવે છે. આ પ્રકારની રોટલી સપાટ છે કારણ કે તેમાં વધારો કરવા માટે કોઈ ખમીર નથી.

- જ્યારે ઈશ્વરે ઈસ્રાએલીઓને મિસરની ગુલામીમાંથી છોડાવ્યા ત્યારે, તેમણે તેઓને કહ્યું કે, રોટલી બનવાની રાહ જોયા વિના તરત જ તેઓ મિસરથી ભાગી જજો.

તેથી તેઓએ તેમના ભોજન સાથે બેખમીર રોટલી ખાધી. ત્યારથી બેખમીર રોટલી તેમને તે સમયે યાદ કરાવવા માટે તેમના વાર્ષિક પાસ્ખાપર્વની ઉજવણીમાં વપરાય છે.

- ત્યારથી ક્યારેક ખમીર પાપના એક ચિત્ર તરીકે વપરાય છે, "બેખમીર રોટલી" એક વ્યક્તિના જીવનમાંથી પાપ દૂર થયેલ હોય જે ઈશ્વરને સન્માન આપતી રીતે જીવતી હોય તેને રજૂ કરે છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- આ શબ્દને અનુવાદિત કરવાની અન્ય રીતોમાં " આથા વગરની રોટલી" અથવા "સપાટ રોટલી જે ફૂલતી ન હતી " નો સમાવેશ થઈ શકે છે.
- ખાતરી કરો કે આ શબ્દનો અનુવાદ તમે કેવી રીતે " આથો, ખમીર" શબ્દનો અનુવાદ કરો છો તેની સાથે સુસંગત છે.
- કેટલાક સંદર્ભોમાં, આ શબ્દ "બેખમીર રોટલી" "બેખમીર રોટલીનું પર્વ" નો ઉલ્લેખ કર્યો છે અને તે રીતે ભાષાંતર કરી શકાય.

(આ પણ જુઓ: રોટલી, ઇજિપ્ત, ઉત્સવ, પાસ્ખાપર્વ, નોકર, પાપ, આથો)

## બાઇબલ સંદર્ભો

- 1 કોરિંથી 5:6-8
- 2 કાળવૃતાંત 30:13-15
- પ્રેરિતોનાં કૃત્યો 12:3-4
- નિર્ગમન 23:14-15
- એઝરા 6:21-22
- ઉત્પત્તિ 19:1-3
- લેવીય 8:1-3
- ન્યાયાધીશો 6:21
- લૂક 22:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H4682, G106

# બોળ

## વ્યાખ્યા:

બોળ એક તેલ અથવા તો તેજાનો છે કે જેને બોળના વૃક્ષના ગુંદરમાંથી બનાવવામાં આવે છે. બોળના વૃક્ષો આફ્રિકા અને એશિયામાં થાય છે. તે લોબાન સાથે સંબંધિત છે.

- બોળનો ઉપયોગ ધૂપ, અત્તર અને દવાઓ બનાવવામાં અને મૃતદેહોને દફન માટે તૈયાર કરવા પણ કરવામાં આવતો હતો.
- ઈસુ જ્યારે જન્મ્યા ત્યારે જ્ઞાનીપુરુષોએ તેમને જે ભેટો આપી તેમાં બોળ પણ એક હતું.
- જ્યારે ઈસુને વધસ્થંભે જડ્યા હતા ત્યારે તેમની પીડા ઓછી કરવા તેમને બોળમિશ્રિત દ્રાક્ષારસ આપવામાં આવ્યો હતો.

(આ પણ જૂઓ: લોબાન, જ્ઞાનીપુરુષો)

## બાઇબલના સંદર્ભો:

- નિર્ગમન 30:22-25
- ઉત્પત્તિ 37:25-26
- યોહાન 11:1-2
- માર્ક 15:22-24
- માથ્થી 2:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H3910, H4753, G3464, G4666, G4669

# ભરોસો/વિશ્વાસ, વિશ્વાસ કર્યો, વિશ્વસનીય, વિશ્વસનીયતા

## વ્યાખ્યા:

કંઈક અથવા કોઈ વ્યક્તિ પર "વિશ્વાસ" કરવો એ એવું માને છે કે આ વસ્તુ અથવા વ્યક્તિ સાચી છે અથવા ભરોસાપાત્ર છે. એવી માન્યતાને "વિશ્વાસ" પણ કહેવામાં આવે છે. "વિશ્વસનીય" વ્યક્તિ તે છે જેના પર તમે વિશ્વાસ કરી શકો છો અને ખરું અને સાચું શું છે તે કહી શકો છો, અને તેથી તે વ્યક્તિ પાસે "વિશ્વસનીયતા"નો ગુણ હોય છે.

- ભરોસો વિશ્વાસ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જો આપણે કોઈ વ્યક્તિ પર ભરોસો કરીએ છીએ, તો તેણે જે કરવાનું વચન આપ્યું છે તે તે કરશે તેવો વિશ્વાસ આપણે કરીએ છીએ.
- કોઈની પર ભરોસો રાખવો એ તેનો અર્થ તે વ્યક્તિ પર આધાર રાખવો, થાય છે.
- ઈસુમાં "વિશ્વાસ" કરવો તેનો અર્થ, તે ઈશ્વર છે તેવો વિશ્વાસ કરવો, તે આપણા પાપોની કિમત ચૂકવવા માટે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા હતા તેવો વિશ્વાસ કરવો અને આપણા ઉદ્ધાર માટે તેમના પર આધાર રાખવો, થાય છે.
- એ "વિશ્વસનીય ઉચ્ચારણ" નો અર્થ એ થાય છે કે, કાંઇક જે કહેવાયું છે તેને સાચું ગણી શકાય છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- "વિશ્વાસ/ભરોસા" નું અનુવાદ કરવાની રીતોમાં "માનવું" અથવા "વિશ્વાસ હોવો" અથવા "આત્મવિશ્વાસ" અથવા "પર આધાર રાખવો"નો સમાવેશ કરી શકાય છે.
- "માં તમારો ભરોસો મૂકો" શબ્દસમૂહ "માં વિશ્વાસ છે" ના અર્થમાં ખૂબ જ સમાન છે.
- "વિશ્વસનીય" * શબ્દનું ભાષાંતર "આધારભૂત" અથવા "વિશ્વસનીય" અથવા "હંમેશા વિશ્વસનીય કરી શકાય છે."

(આ પણ જુઓ: વિશ્વાસ, આત્મવિશ્વાસ, વિશ્વાસ, વફાદાર, સાચું)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 9:22-24
- 1 તિમોથી 4:9-10
- હોશિયા 10:12-13
- યશાયાહ 31:1-2
- નહેમ્યા 13:12-14
- ગીતશાસ્ત્ર 31:5-7
- તિતસ 3:8

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **12:12** જ્યારે ઈસ્રાએલીઓએ જોયું કે ઇજિપ્તવાસીઓ મૃત્યુ પામ્યા હતા,ત્યારે તેઓએ ઈશ્વરમાં **વિશ્વાસ કર્યો** અને માનતા થયા કે મુસા ઈશ્વરનો પ્રબોધક હતો.
- **14:15** યહોશુઆ એક સારો નેતા હતો કારણ કે તેણે **વિશ્વાસ કર્યો** અને તે ઈશ્વરને આધીન થયો હતો.
- **17:2** દાઉદ એક નમ્ર અને પ્રામાણિક માણસ હતો જેણે **વિશ્વાસ કર્યો** અને ઈશ્વરને આધીન થયો હતો.
- **34:6** પછી ઈસુએ એવા લોકો વિશેની એક વાર્તા કહી કે જેઓ તેમના સારા કાર્યોમાં **વિશ્વાસ કરતા હતા** અને અન્ય લોકોનો તિરસ્કાર કરતા હતા.

## શબ્દ માહિતી:

- Strong's: H539, H982, H1556, H2620, H2622, H3176, H4009, H4268, H7365, G1679, G3872, G3982, G4006, G4100, G4276

# ભાઈ, ભાઈઓ

## વ્યાખ્યા:

“ભાઈ” શબ્દ, સામાન્ય રીતે પુરુષ વ્યક્તિ માટે દર્શાવામાં આવ્યો છે કે, જે (બીજી વ્યક્તિની સાથે) ઓછામાં ઓછા એક જૈવિક માતા પિતાનો ભાગ હોય છે.

- જૂના કરારમાં, “ભાઈઓ” શબ્દ, સામાન્ય સંદર્ભમાં સબંધીઓ અથવા સાથીઓ જેમકે સમાન કુળના સભ્યો, ગોત્ર, વ્યવસાય અથવા લોકોનું જૂથ માટે પણ વપરાયો છે. જ્યારે આ રીતે "ભાઈઓ" શબ્દનો ઉપયોગ કરાય ત્યારે આ શબ્દ પુરુષો અને સ્ત્રીઓ,બંનેનો સમાવેશ કરે છે.
- નવા કરારમાં, પ્રેરિતો મોટે ભાગે “ભાઈઓ” શબ્દ, ખ્રિસ્તી સાથીઓ, પુરુષો અને સ્ત્રીઓ (બન્ને સહિત), કારણકે બધા વિશ્વાસીઓ ખ્રિસ્તમાં એક આત્મિક કુટુંબના સભ્યો હોઈ, ઈશ્વર તેઓના સ્વર્ગીય પિતા છે.
- નવા કરારમાં કોઈક વાર, પ્રેરિતોએ “બહેન” શબ્દ પણ વાપર્યો છે, ખાસ કરીને કે જયારે ખ્રિસ્તી સાથી તે સ્ત્રી હતી, અથવા તે દર્શાવે છે કે પુરુષો અને સ્ત્રીઓ બન્નેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, યાકુબ (ના પત્રમાં) કે જે બધા વિશ્વાસીઓ વિશે વાત કરી રહ્યો છે ત્યારે તે “ભાઈ અથવા બહેન કે જેઓને ખોરાક અથવા કપડાંની જરૂરિયાત છે”, તે દર્શાવવા પર ભાર મૂકે છે.

*

*

## ભાષાંતરના સુચનો:

લક્ષ્ય ભાષામાં આ શબ્દનું સૌથી સારું ભાષાંતર કરીએ તો તે ભાષામાં વપરાતો શાબ્દિક શબ્દ જે કુદરતી રીતે અથવા જૈવિક ભાઈને દર્શાવતો હોય તેનો ઉપયોગ કરવો, અને જ્યાં સુધી તે શબ્દનો અર્થ ખોટો અર્થ ના થાય ત્યાં સુધી તેનો ઉપયોગ કરવો.

- જૂના કરારમાં જયારે “ભાઈઓને” સામાન્ય રીતે દર્શાવવા માટે, જેમાં વિશેષ કરીને, એક જ કુટુંબના સભ્યો, ગોત્ર, અથવા જન જૂથ માટે આ શબ્દ વપરાયો હોય ત્યારે તેનું સંભવિત ભાષાંતર “સબંધીઓ” અથવા “કુળના સભ્યો” અથવા “સાથી ઈઝરાએલી” થઇ શકે છે.
- ખ્રિસ્તમાં સાથી વિશ્વાસીના સંદર્ભના જયારે આ શબ્દનો ઉલ્લેખ કરવામાં આવે છે ત્યારે આ શબ્દનું ભાષાંતર “ખ્રિસ્તમાં ભાઈ” અથવા “આત્મિક ભાઈ” એમ કરી શકાય છે.
- જો પુરુષો અને સ્ત્રીઓ બન્નેને “ભાઈ” તરીકે ઉલ્લેખવામાં આવે અને તે જો ખોટો અર્થ આપે તો તે સંદર્ભમાં સગપણને લગતો કોઈ સામાન્ય શબ્દનો ઉપયોગ કરવો કે જેમાં પુરુષો અને સ્ત્રીઓનો બંનેનો સમાવેશ કરી શકાય.
- બીજી રીતે આ શબ્દનું ભાષાંતર કરીએ તો પુરુષ અને સ્ત્રી વિશ્વાસીઓ માટે “વિશ્વાસુ સાથી” અથવા “ખ્રિસ્તી ભાઈઓ અને બહેનો” શબ્દ વાપરી શકાય.
- સંદર્ભ પ્રમાણે ધ્યાનથી તપાસ કરીને નિર્ણય કરવો કે, શું તેમાં ફક્ત પુરુષને દર્શાવવામાં આવ્યો છે, અથવા શું તેમાં પુરુષો અને સ્ત્રીઓ બંનેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(આ પણ જુઓ: પ્રેરિત, ઈશ્વર પિતા, બહેન, આત્મા)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:26-28
- ઉત્પત્તિ 29:9-10
- લેવીય 19:17-18
- નહેમ્યા 3:1-2
- ફિલિપ્પી 4:21-23
- પ્રકટીકરણ 1:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H251, H252, H264, H1730, H2992, H2993, H2994, H7453, G80, G81, G2385, G2455, G2500, G4613, G5360, G5569

# ભૂત વળગેલાઓ

## વ્યાખ્યા:

વ્યક્તિ કે જેને ભૂત વળગેલું છે તેને ભૂત અથવા દુષ્ટ આત્મા, જે તે વ્યકિત કરે છે અને વિચારે છે તેનું નિયંત્રણ કરે છે.

- મોટેભાગે ભૂત વળગેલું વ્યક્તિ પોતાને અથવા અન્ય લોકોને નુકસાન કરે છે કારણકે ભૂત તેની પાસે તે કરાવે છે.
- ઈસુએ ભૂત વળગેલા લોકોને ભૂતોને તેઓમાંથી નીકળી જવાનો આદેશ આપી સાજા કર્યા.

મોટેભાગે તેને ભૂતોને “બહાર કાઢવા” એવું કહેવામાં આવે છે.

## ભાષાંતરના સૂચનો:

- બીજી રીતે આ શબ્દનું ભાષાંતર કરવામાં આવે ત્યારે, “ભૂતથી નિયંત્રણ થતો” અથવા “દુષ્ટ આત્મા દ્વારા નિયંત્રણ” અથવા “દુષ્ટ આત્મા અંદર હોવો” એવા શબ્દોનો સમાવેશ થાય છે.

(આ પણ જુઓ: ભૂત)

## બાઈબલની કલમો:

- માર્ક 1:32-34
- માથ્થી 4:23-25
- માથ્થી 8:16-17
- માથ્થી 8:33-34

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **26:9** ઘણા લોકો કે **જેઓમાં ભૂતો** હતા તેઓને ઈસુ પાસે લાવ્યા.
- **32:2** જયારે તેઓ સરોવરની બીજી બાજુએ પહોંચ્યા, ત્યારે **ભૂત વળગેલો** માણસ દોડીને ઈસુ પાસે આવ્યો.
- **32:6 ભૂત વળગેલો** માણસ મોટા અવાજે બૂમ પાડી અને કહ્યું કે “ઈસુ, સર્વોચ્ચ દેવના દીકરા, મારી પાસેથી તારે શું જોઈએ છે?” “મહેરબાની કરી મને ત્રાસ ન આપ!”
- **32:9** નગરમાંથી લોકો આવ્યા અને માણસ કે **જેને ભૂતો હતા** તેને જોયો.
- **47:3** દરરોજ તેઓ (પાઉલ અને સિલાસ) ત્યાં જતા હતા, **ભૂત વળગેલી** ગુલામ છોકરી તેઓને અનુસરતી હતી.

## શબ્દ માહિતી:

- Strong's: G1139

# ભૂત, દુષ્ટ આત્મા, અશુદ્ધ આત્મા

## વ્યાખ્યા:

આ બધાંજ શબ્દો તે ભૂતોને દર્શાવે છે, કે જેઓના આત્મા અસ્તિત્વ ધરાવે છે, તેઓ દેવની ઈચ્છાનો વિરોધ કરે છે. દેવે દૂતોને તેની સેવા કરવા માટે બનાવ્યા. જયારે શેતાને દેવની વિરુદ્ધ બળવો કર્યો, ત્યારે કેટલાક દૂતોએ પણ બળવો કર્યો અને તેઓને સ્વર્ગમાંથી બહાર ફેકવામાં આવ્યા હતા. એવું માનવામાં આવે છે આ "પતિત થયેલા દૂતો," ભૂતો અને દુષ્ટ આત્માઓ છે.

- ક્યારેક આ ભૂતોને "અશુદ્ધ આત્માઓ" કહેવામાં આવ્યા છે.

"અશુદ્ધ" શબ્દનો અર્થ "ભૂંડો" અથવા "દુષ્ટ" અથવા "અપવિત્ર" છે

- કારણકે ભૂતો શેતાનની સેવા કરે છે, અને તેઓ દુષ્ટ વસ્તુઓ કરે છે.

ક્યારેક તેઓ લોકોની અંદર રહે છે અને તેઓનું નિયંત્રણ કરે છે.

- ભૂતો માનવજાત કરતા વધારે શક્તિશાળી હોય છે, પણ દેવ જેટલા શક્તિશાળી હોતા નથી.

## ભાષાંતરના સૂચનો:

- "ભૂત" શબ્દનું ભાષાંતર, "દુષ્ટ આત્મા" થઇ શકે છે.
- "અશુદ્ધ આત્મા" શબ્દનું ભાષાંતર, "ભૂંડો આત્મા" અથવા "ભ્રષ્ટ આત્મા" અથવા "દુષ્ટ આત્મા" તરીકે પણ કરી શકાય છે.
- આ શબ્દ અથવા શબ્દસમૂહ જે આ શબ્દના ભાષાંતરમાં વપરાય છે તે શેતાન માટે વપરાયેલા શબ્દથી અલગ છે, તેનું ધ્યાન રાખો.
- તે પણ ધ્યાનમાં રાખો કે "ભૂત" શબ્દનું સ્થાનિક અથવા રાષ્ટ્રીય ભાષામાં ભાષાંતર કેવી રીતે થયું છે.

(જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ : ભૂત-વળગેલો, શેતાન, જૂઠા દેવ, ખોટા દેવ, દૂત, દુષ્ટ, શુદ્ધ)

## બાઈબલની કલમો:

- યાકૂબ 2:18-20
- યાકૂબ 3:15-18
- લૂક 4:35-37
- માર્ક 3:20-22
- માથ્થી 4:23-25

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **26:9** ઘણા લોકો કે જેઓને **ભૂતો** વળગેલા હતા તેઓને ઈસુ પાસે લાવ્યાં. યારે ઈસુએ તેઓને આજ્ઞા આપી, ત્યારે **ભૂતો** લોકોમાંથી બહાર નીકળી ગયા, અને ઘણીવાર બૂમો પાડી કે, "તું દેવનો દીકરો છે!"
- **32:8 ભૂતો** માણસમાંથી બહાર આવ્યા અને ભૂંડોમાં પેઠા.
- **47:5** છેવટે એક દિવસ ગુલામ છોકરીએ ચીસ પાડી, ત્યારે પાઉલે તેણીની તરફ ફરી અને **ભૂત** કે જે તેણીમાં હતું તેને કહ્યુ કે, "ઈસુના નામમાં, તેણીમાંથી બહાર નીકળ." તરત જ **ભૂત** તેણીને મૂકી ચાલ્યું ગયું.
- **49:2** તે (ઈસુ) પાણી ઉપર ચાલ્યો, તોફાનને શાંત પાડ્યું, ઘણા બીમાર લોકોને સાજા કર્યા, ભૂતોને બહાર હાંકી કાઢ્યા, મરેલાને સજીવન કર્યા, અને પાંચ રોટલીઓ અને બે નાની માછલીને 5000 લોકો માટે ખોરાકમાં ફેરવી નાંખી.

## શબ્દ માહિતી:

- Strong's: H2932, H7307, H7451, H7700, G169, G1139, G1140, G1141, G1142, G4190, G4151, G4152, G4189

# મંડળી, મંડળીઓ, વૈશ્વિક મંડળી

## વ્યાખ્યા:

નવાકરારમાં, "મંડળી" શબ્દ, ઈસુમાં વિશ્વાસીઓનું સ્થાનિક જૂથ કે જેઓ નિયમિત રીતે એક સાથે મળી પ્રાર્થના અને ઈશ્વરના વચનોનો પ્રચાર સાંભળતા હતા, તેમને દર્શાવે છે. મોટેભાગે "મંડળી" (વૈશ્વિક મંડળી) શબ્દ બધા ખ્રિસ્તીઓને દર્શાવે છે.

- તે શબ્દનો શાબ્દિક અર્થ, "બોલાવવામાં આવેલી," જે લોકોની સભા અથવા મંડળી છે, કે જેઓ વિશેષ હેતુ માટે સાથે મળતા હોય તેને દર્શાવે છે.
- જયારે આ શબ્દ બધા વિશ્વાસીઓ માટે વાપરવામાં આવે છે, ત્યારે તે ખ્રિસ્તના પુરા શરીરની સર્વત્ર મંડળીને દર્શાવે છે, અમુક ભાષાંતર "મંડળી" (વૈશ્વિક મંડળી) દર્શાવવા માટે અંગ્રેજીમાં વિશેષ જોડણી વાપરે છે (ચર્ચ માટે કેપીટલ સી), જેથી તે સ્થાનિક મંડળીથી અલગ દેખાઈ આવે.
- મોટેભાગે વિશ્વાસીઓ ખાસ શહેરમાં કોઈકના ઘરમાં એક સાથે મળતાં હતા. આ શહેરોની સ્થાનિક મંડળીઓને જેમકે "એફેસસ ની મંડળી" એવું નામ આપવામાં આવતું હતું.
- બાઇબલમાં, "મંડળી" તે મકાનને દર્શાવાતું નથી.

## ભાષાંતરના સૂચનો:

- "મંડળી" શબ્દનું ભાષાંતર, "એક સાથે ભેગા થવું" અથવા "સભા" અથવા "મંડળ" અથવા "જેઓ એક સાથે ભેગા થાય" તરીકે કરી શકાય છે.
- આ શબ્દ અથવા શબ્દસમૂહ કે જે ભાષાંતરમાં વપરાયો છે, તે શબ્દ ફક્ત નાના જૂથ ને જ નહીં, પણ બધા વિશ્વાસીને દર્શાવતો હોવો જોઈએ.
- ધ્યાનમાં રાખો કે "મંડળી શબ્દનું ભાષાંતર ફક્ત મકાનને દર્શાવતું નથી.
- જૂના કરારમાં "સભા" માટે જે શબ્દ વપરાયો છે તે જ શબ્દનો ઉપયોગ કરી ભાષાંતર કરી શકાય છે.
- એ પણ ધ્યાનમાં રાખો કે સ્થાનિક અથવા રાષ્ટ્રીય બાઇબલ ભાષાંતરમાં તેનું ભાષાંતર કેવી રીતે થયું છે.

(જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું.)

(આ પણ જુઓ: સભા, માનવું, ખ્રિસ્તી)

## બાઈબલની કલમો:

- 1 કરિંથીઓ 5:11-13
- 1 થેસ્સલોનિકીઓ 2:14-16
- 1 તિમોથી 3:4-5
- પ્રેરિતો 9:31-32
- પ્રેરિતો 14:23-26
- પ્રેરિતો 15:39-41
- કલોસ્સીઓ 4:15-17
- એફેસી 5:22-24
- માથ્થી 16:17-18
- ફિલિપ્પી 4:14-17

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **43:12** પિતરે જે કહ્યું તે સાંભળીને લગભગ 3000 લોકોએ વિશ્વાસ કર્યો અને ઈસુના શિષ્યો બન્યા. તેઓએ બાપ્તિસ્મા લીધું અને યરૂશાલેમની **મંડળી** ના એક ભાગરૂપ બન્યા.
- **46:9** અંત્યોખમાંના મોટાભાગના લોકો યહૂદી નહોતા, પણ પ્રથમવાર તેઓમાંના ઘણા વિશ્વાસીઓ બન્યા. બર્નાબાસ અને શાઉલ આ નવા વિશ્વાસીઓને ઈસુ વિશે વધારે શીખવવા અને **મંડળી** ને મજબૂત કરવા ત્યાં ગયા.
- **46:10** જેથી અંત્યોખની **મંડળી** એ બર્નાબાસ અને શાઉલ પર તેઓના હાથો મૂકીને તેઓ માટે પાર્થના કરી. પછી તેઓએ તેઓને ઈસુની સુવાર્તાનો પ્રચાર કરવા બીજા અન્ય સ્થળોએ મોકલ્યા.
- **47:13** ઈસુની સુવાર્તા પ્રસરતી ગઈ અને **મંડળી** વધતી ગઈ.
- **50:1** લગભગ 2000 વર્ષોથી, જગતની આસપાસના લોકો ઈસુ મસિહની સુવાર્તા સાંભળતા આવ્યા છે. તે રીતે **મંડળી** વૃદ્ધિ પામી રહી છે.

## શબ્દ માહિતી:

- Strong's: G1577

# મંદિર

## તથ્યો:

મંદિર દિવાલોથી ઘેરાયેલ આંગણાવાળું એક મકાન હતું, જ્યાં ઈસ્રાએલીઓ ઈશ્વરને પ્રાર્થના કરવા અને બલિદાન અર્પણ કરવા માટે આવ્યા. તે યરૂશાલેમ શહેરમાં મોરીયા પર્વત પર આવેલું હતું.

- મોટેભાગે "મંદિર" શબ્દ સમગ્ર મકાન સંકુલને ઓળખવામાં આવે છે, જેમાં મુખ્ય મકાનની આસપાસની આંગણાઓનો સમાવેશ થાય છે.

કેટલીકવાર તે મકાનને જ ઓળખવામાં આવે છે.

- મંદિરના મકાનમાં બે ઓરડા હતા, પવિત્રસ્થાન અને પરમ પવિત્રસ્થાન હતું.
- ઈશ્વર મંદિરને તેમના નિવાસસ્થાન તરીકે ઓળખાવે છે.
- સુલેમાન રાજાએ તેમના રાજયકાળ દરમ્યાન મંદિર બાંધ્યું.

યરૂશાલેમમાં પૂજા માટેની કાયમી જગ્યા હોવાનું માનવામાં આવે છે

- નવા કરારમાં, "પવિત્ર આત્માનું મંદિર" શબ્દનો ઉપયોગ ઈસુના વિશ્વાસીઓના એક જૂથ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, કારણ કે પવિત્ર આત્મા તેમનામાં રહે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સામાન્ય રીતે જ્યારે લખાણમાં જણાવે છે કે લોકો "મંદિરમાં," હતા ત્યારે તે ઇમારતની બહારના આંગણાનો ઉલ્લેખ કરવામાં આવે છે.

આનું ભાષાંતર "મંદિરના આંગણામાં" અથવા "મંદિરના સંકુલમાં" તરીકે થઈ શકે છે.

- જ્યાં ખાસ કરીને મકાનનો ઉલ્લેખ કરે છે, કેટલાક અનુવાદો “મંદિર”ને "મંદિરની ઇમારત" તરીકે અનુવાદ કરે છે, જે તેનો સંદર્ભ સ્પષ્ટ કરે છે.
- બીજી રીતે ભાષાંતર કરવાની રીતોમાં "મંદિર"ને "દેવનું પવિત્ર ઘર" અથવા "પવિત્ર ભજન સ્થાન" નો સમાવેશ થાય છે.
- ઘણી વખત બાઇબલમાં, મંદિરને "યહોવાનું ઘર" અથવા "દેવનું ઘર " કહેવામાં આવે છે.

(આ પણ જુઓ: બલિદાન,સુલેમાન, બાબેલ, પવિત્ર આત્મા, મંડપ, આંગણું, સિયોન, ઘર)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 3:1-3
- પ્રેરિતોનાં કૃત્યો 3:7-8
- હઝકીએલ 45: 18-20
- લુક 19: 45-46
- નહેમ્યાહ 10: 28-29
- ગીતશાસ્ત્ર 79:1-3

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:6** દાઉદ એક **મંદિર** બનાવવા માંગતો હતો કે જ્યાં બધા ઈસ્રાએલીઓ ઈશ્વરની ઉપાસના કરી શકે અને તેમને બલિદાનો આપી શકે.
- **18:2** યરૂશાલેમમાં, સુલેમાને **મંદિર** નું નિર્માણ કર્યું હતું જેના માટે તેમના પિતા દાઉદે આયોજન કર્યું હતું અને સામગ્રી એકત્ર કરી હતી. લોકો હવે મુલાકાત મંડપને બદલે, ઈશ્વરની ઉપાસના **મંદિર** ખાતે કરવા લાગ્યા અને તેમને બલિદાન અર્પણ કરે છે. ઈશ્વર આવ્યા હતા અને **મંદિર** માં હાજર હતા, અને તે તેના લોકો સાથે ત્યાં રહેતા હતા.
- **20:7** તેઓ (બાબેલોનીઓએ) યરૂશાલેમના શહેરને કબજે કરી લીધું, અને **મંદિર** નો નાશ કર્યો, અને તમામ ખજાનાને લુંટી લીધો.
- **20:13** જ્યારે લોકો યરૂશાલેમ પહોંચ્યા, તેઓએ **મંદિર** અને શહેર અને **મંદિર** તથા શહેરની આસપાસની દીવાલ ફરી બાંધી.
- **25:4** પછી શેતાન **મંદિર ના** સૌથી ઊંચા શિખર પર ઈસુને લઇ ગયો અને કહ્યું હતું કે, "જો તમે ઈશ્વરના પુત્ર છો, તો પોતાને નીચે ફેંકી દો, કેમકે લખવામાં આવેલ છે,કે 'ઈશ્વર તેમના તો ને આદેશ કરશે જેથી તમારા પગ પથ્થર પર અફળાય નહી.
- **40:7** જયારે તે મૃત્યુ પામ્યો ત્યારે ત્યાં ધરતીકંપ થયો અને **મંદિર** નો મોટો પડદો જે લોકોને ઈશ્વરની હાજરીથી જુદાં પાડતો હતો, તે ઉપર થી નીચે સુધી બે ભાગમાં ફાટી ગયો.

## શબ્દ માહિતી:

- Strong's: H1004, H1964, H1965, H7541, G1493, G2411, G3485

# મધ્યસ્થી કરવી, મધ્યસ્થી કરે છે, મધ્યસ્થી

## વ્યાખ્યા:

"મધ્યસ્થી કરવી" અને "મધ્યસ્થી" શબ્દો બીજી વ્યક્તિના બદલામાં કોઈને વિનંતી કરવી તે દર્શાવે છે. સામાન્ય રીતે બાઈબલમાં આ લોકો બીજા માટે પ્રાર્થના કરવાનું દર્શાવે છે.

- "(તે) માટે મધ્યસ્થી કરો" અને " (તેને) માટે મધ્યસ્થી કરો" અભિવ્યક્તિઓનો અર્થ અન્ય લોકોના લાભ માટે દેવને વિનંતી કરવી.
- બાઈબલ શીખવે છે કે પવિત્ર આત્મા આપણા માટે મધ્યસ્થતા કરે છે, જે દેવને આપણા માટે પ્રાર્થના કરે છે.
- વ્યક્તિ કોઈ જે અધિકારમાં છે તેને વિનંતીને કરી બીજા લોકો માટે મધ્યસ્થી કરવામાં આવે છે.

## ભાષાંતરના સૂચનો:

- "મધ્યસ્થી કરવી" ના વિવિધ ભાષાંતરમાં, "(બીજા) માટે આજીજી" અથવા "(કોઈને) માટે અરજ કરવી (કોઈ બીજાના માટે)" જેવાનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- "મધ્યસ્થી" સંજ્ઞાનું ભાષાંતર, "અરજી" અથવા "વિનંતી" અથવા "તાત્કાલિક પ્રાર્થના" તરીકે કરી શકાય છે.
- "માટે મધ્યસ્થી કરો" શબ્દસમૂહનું ભાષાંતર, "(તે)ના લાભના માટે વિનંતી કરો" અથવા "ના બદલે અરજી કરો" અથવા "મદદ માટે દેવને પૂછો" અથવા "(કોઈને) આશીર્વાદ આપવા માટે દેવને અરજ કરવી" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: પ્રાર્થના)

## બાઈબલની કલમો:

- હિબ્રૂ 7:25-26
- યશાયા 53:12
- યર્મિયા 29:6-7
- રોમન 8:26-27
- રોમન 8:33-34

## શબ્દ માહિતી:

- Strong's: H6293, G1783, G1793, G5241

# મહિમા

## વ્યાખ્યા:

“મહિમા” શબ્દ મહાનતા અને વૈભવનો ઉલ્લેખ કરે છે અને ઘણીવાર એક રાજાના ગુણોના સંબંધમાં વપરાય છે.

- બાઇબલમાં, “મહિમા” ઈશ્વરની મહાનતાનો વારંવાર ઉલ્લેખ કરે છે કે જેઓ વિશ્વમાં સર્વોચ્ચ રાજાધિરાજ છે.
- અંગ્રેજી ભાષામાં “યોર મેજેસ્ટી” એ રાજાને સંબોધવાની એક રીત છે.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દોનો અનુવાદ “બાદશાહી મહાનતા” અથવા તો “રાજવી વૈભવ” તરીકે કરી શકાય.
- “યોર મેજેસ્ટી”નો અનુવાદ “યોર હાઈનેસ” અથવા તો “યોર એક્ષેલન્સિ” તરીકે કરી શકાય અથવા તો અનુવાદ કરવાની ભાષામાં એક રાજાને સંબોધવાની સામાન્ય રીતનો ઉપયોગ કરી શકાય.

(આ પણ જૂઓ: રાજા)

## બાઇબલ સંદર્ભ:

- 2 પિતર 1:16-18
- દાનિયેલ 4:36-37
- યશાયા 2:9-11
- યહૂદા 1:24-25
- મીખાહ 5:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H1347, H1348, H1420, H1923, H1926, H1935, H7238, G3168, G3172

# માણસનો દીકરો, માણસનો દીકરો

## વ્યાખ્યા:

"માણસનો દીકરો" શિર્ષક ઈસુ દ્વારા પોતાને સંબોધવા વાપરવામાં આવ્યું તેમને ઘણીવાર આ શબ્દ "હું" કે "મને" બોલવાને બદલે વાપર્યું.

- બાઈબલમાં, "માણસનો દીકરો" માણસનો ઉલ્લેખ કરવા કે સંબોધવાની રીત હોઈ શકે.

તેનો એ પણ અર્થ થાય કે "માનવ."

- જુના કરારના હઝકિયેલના સંગ પુસ્તક દ્વારા, ઈશ્વર હઝકિયેલને વારંવાર "માણસના દીકરા" તરીકે સંબોધે છે.

ઉદાહરણ ટીકે, તેઓએ કહ્યું, "તારે, માણસના દીકરા, પ્રબોધ કરવો જ જોઈએ."

- દાનિયેલ પ્રબોધકે વાદળાંમા આવતાં "માણસના દીકરાનું" દર્શન જોયું, જે આવનાર મસીહાનો સંદર્ભ છે.
- ઈસુએ પણ કહ્યું કે માણસનો દીકરો કોઈક દિવસે વાદળાં પર પાછો આવશે.
- આ વાદળાં પર આવતાં માણસના દીકરાના સંદર્ભો પ્રગટ કરે છે કે ઈસુ મસીહા એ ઈશ્વર છે.

## અનુવાદ માટેના સૂચનો:

- જ્યારે ઈસુ "માણસની દીકરો" શબ્દ વાપરે છે ત્યારે તેનું અનુવાદ "એક કે જે માનવ બન્યા" અથવા "સ્વર્ગમાંથી માણસ" એમ કરી શકાય.
- કેટલાંક અનુવાદકો "હું" અને "મને" પ્રસંગોપાત આ શિર્ષક સાથે સમાવેશ કરે છે ("હું, માં માણસનો દીકરો") તેને સ્પષ્ટ કરવાને માટે કે ઈસુ પોતાને વિષે વાત કરે છે.
- એ નક્કી કરવા માટે તપાસ કરો કે આ શબ્દનું અનુવાદ ખોટો અર્થ ન આપે (જેમ કે વ્યભિચારથી જન્મેલ દીકરાનો ઉલ્લેખ અથવા ખોટી છાપનો ઉલ્લેખ કરવો કે ઈસુ માત્ર માનવ હતાં).
- જ્યારે વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે, "માણસના દીકરા"નું અનુવાદ "તું માનવ" અથવા "તું, માણસ" અથવા "માનવ" અથવા "માણસ" એમ કરી શકાય.

(આ પણ જુઓ: સ્વર્ગ, દીકરો, ઈશ્વરનો દીકરો, યહોવા)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:54-56
- દાનિયેલ 7:13-14
- હઝકિયેલ 43:6-8
- યોહાન 3:12-13
- લૂક 6:3-5
- માર્ક 2:10-12
- માથ્થી 13:36-39
- ગીતશાસ્ત્ર 80:17-18
- પ્રકટીકરણ 14:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H120, H606, H1121, H1247, G444, G5207

# માન, સન્માન

## વ્યાખ્યા:

"માન" અને "સન્માન" શબ્દો કોઈને આદર, પ્રશંસા, અથવા આદર આપવા માટે દર્શાવવામાં આવ્યા છે.

- સામાન્ય રીતે સન્માન કોઈ કે જેને ઊંચો હોદ્દો અને મહત્વ છે, જેવા કે રાજા અથવા દેવ.
- દેવે ખ્રિસ્તીઓને બીજાઓને માન આપવાની સૂચના આપી છે.
- બાળકોને તેઓના માતા પિતાને માન આપવાની સૂચના આપવામાં આવી છે કે જેમાં તેઓને આદર અને તેઓની આજ્ઞા પાળવાનો સમાવેશ થાય છે.
- ખાસ કરીને જયારે આ શબ્દો ઈસુને માટે દર્શાવવામાં આવ્યા છે, ત્યારે મોટેભાગે "સન્માન" અને "મહિમા" બંને શબ્દો એકસાથે વાપરવામાં આવ્યા છે.

આ સમાન વસ્તુને દર્શાવવાની કદાચ આ બે અલગ અલગ રીતો હશે.

- દેવને માન આપવાની રીતોમાં તેનો આભાર અને પ્રશંસા કરવાનો, અને તેની આજ્ઞા પાળીને તેને આદર આપવાનો અને એવી રીતે જીવી દેખાડવું કે તે કેટલો મહાન છે, તેવી (બાબતોનો) સમાવેશ થાય છે.

## ભાષાંતરના સૂચનો:

- "માન" શબ્દનું બીજી રીતે ભાષાંતર કરવામાં આવે તો તેમાં, "આદર" અથવા "સન્માન" અથવા "ઉચ્ચ આદર," જેવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.
- "માન" શબ્દનું ભાષાંતર, "ખાસ આદર દેખાડવો" અથવા "તેની પ્રશંસા થવા દેવી" અથવા "(તેના) માટે ઉચ્ચ આદર દેખાડવો" અથવા "અત્યંત આદર" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: અપમાન, ગૌરવ, મહિમા, પ્રશંસા)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 2:8
- પ્રેરિતો 19:15-17
- યોહાન 4:43-45
- યોહાન 12:25-26
- માર્ક 6:4-6
- માથ્થી 15:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H1420, H1921, H1922, H1923, H1926, H1927, H1935, H2082, H2142, H3366, H3367, H3368, H3372, H3373, H3374, H3444, H3513, H3519, H3655, H3678, H5081, H5375, H5457, H6213, H6286, H6437, H6942, H6944, H6965, H7236, H7613, H7812, H8597, H8416, G820, G1391, G1392, G1784, G2151, G2570, G3170, G4411, G4586, G5091, G5092, G5093, G5399

# માન્ના

## વ્યાખ્યા:

માન્ના સફેદ દાણાના જેવો ખોરાક હતો કે જે ઈશ્વરે ઇઝરાયલીઓને તેઓ ઈજીપ્ત દેશમાંથી નીકળ્યા ત્યાર બાદ અરણ્યના 40 વર્ષના વસવાટ દરમ્યાન ખાવા માટે પૂરો પાડ્યો.

- માન્ના સફેદ પાપડી જેવું દેખાતું હતું કે જે દર સવારે ઝાકળ નીચે જમીન પર મળતું હતું.

તે મધની જેમ ગળ્યું લાગતું હતું.

- ઇઝરાયલીઓ વિશ્રામવાર સિવાય દરરોજ માન્નાની પાપડીઓ એકઠી કરતા હતા.
- વિશ્રામવારની અગાઉના દિવસે, ઈશ્વરે ઇઝરાયલીઓને બમણું માન્ના એકઠું કરવા કહ્યું હતું કે જેથી તેઓએ તેમના આરામના દિવસે તે એકઠું કરવું ન પડે.
- "માન્ના" શબ્દનો અર્થ "એ શું છે?" એવો થાય છે.
- બાઇબલમાં, માન્નાનો ઉલ્લેખ "સ્વર્ગમાંથી આપવામાં આવેલી રોટલી" અને "સ્વર્ગમાંથી આપવામાં આવેલો ખોરાક" તરીકે પણ કરવામાં આવ્યો છે.

## અનુવાદ માટેના સૂચનો

- આ શબ્દનો અનુવાદ બીજી આ રીતે થઈ શકે કે "સફેદ પાતળી પાપડીનો ખોરાક" અથવા તો "સ્વર્ગથી આવેલો ખોરાક".
- સ્થાનિક અથવા તો રાષ્ટ્રીય ભાષાના બાઇબલ અનુવાદમાં આ શબ્દનો અનુવાદ કેવી રીતે થયો છે તેને પણ તપાસો.

(આ જૂઓ: અજ્ઞાત બાબતોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: રોટલી, અરણ્ય, દાણા, સ્વર્ગ, વિશ્રામવાર)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 8:3
- નિર્ગમન 16:26-27
- હિબ્રૂ 9:3-5
- યોહાન 6:30-31
- યહોશુઆ 5:12

## શબ્દ માહિતી:

- Strong's: H4478, G3131

# માફ કરવું, માફ કરે છે, માફ કરાયેલું, માફી, માફ કરવું, માફ થયેલ

## વ્યાખ્યા:

કોઈને માફ કરવું તેનો અર્થ, તેઓએ કંઈક હાનિકારક કર્યું હોવા છતાંપણ તે વ્યક્તિની વિરુદ્ધ અદાવત રાખવી નહીં. "માફી" એ કોઈકને માફ કરવાનું કાર્ય છે.

- મોટેભાગે કોઈને માફ કરવાનો અર્થ, તે વ્યક્તિને તેણે જે ખોટું કર્યું છે તે માટે સજા કરવી નહીં.
- "રદ કરવું' શબ્દ, રૂપકાત્મક રીતે "દેવું માફ કરવું" તે અભિવ્યક્તિના અર્થમાં વાપરી શકાય છે.
- જયારે લોકો તેઓના પાપો કબૂલ કરે છે, ત્યારે દેવ તેઓને ઈસુના વધસ્તંભ ઉપરના બલિદાનરૂપી મૃત્યુના આધાર પર માફ કરે છે.
- ઈસુએ તેના શિષ્યોને શીખવ્યું કે તેણે તેઓને જે રીતે માફ કર્યા તેમ તેઓ પણ બીજાઓને માફ કરે.

"માફ કરવું" શબ્દનો અર્થ કોઇકને તેના પાપ માટે માફ કરવું અને સજા કરવી નહીં.

- આ શબ્દનો પણ સમાન અર્થ "માફ કરવું" શબ્દની જેમ થઈ શકે છે, પણ અહી તેનો અર્થ કોઈ જે દોષિત છે તેને સજા નહીં કરવાનો ઔપચારિક નિર્ણયનો પણ સમાવેશ થાય છે.
- કાયદાના ન્યાયાલયમાં, ન્યાયાધીશ ગુનામાં દોષિત થયેલી વ્યક્તિને માફ કરી શકે છે.
- આપણે પાપમાં દોષિત હોવા છતાં, ઈસુ ખ્રિસ્ત આપણને તેના વધસ્તંભ ઉપરના બલિદાનરૂપી મૃત્યુના આધાર પર નરકમાં જવાની સજાથી માફ કરે છે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને "માફ કરવું" શબ્દનું ભાષાંતર, "ક્ષમા કરવી" અથવા "રદ કરવું" અથવા "છૂટકારો આપવો" અથવા "(કોઈની) વિરુદ્ધમાં પકડી રાખવું નહીં.
- "માફી" શબ્દનું ભાષાંતર શબ્દ અથવા શબ્દસમૂહ સાથે કરવામાં આવે તો તેનો અર્થ "અણગમો ન બતાવવો (એવી રીત)" અથવા "કોઈને દોષિત તરીકે જાહેર કરવું નહીં" અથવા "માફ કરવાનું કાર્ય" તરીકે કરી શકાય છે.
- જો આ ભાષામાં માફ કરવાના ઔપચારિક નિર્ણય માટે શબ્દ હોય છે, તો તેને માટે "ક્ષમા કરવું" શબ્દ વાપરીને ભાષાંતર કરી શકાય છે.

(આ પણ જુઓ: દોષ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 50:15-17
- ગણના14:17-19
- પુનર્નિયમ 29:20-21
- યહોશુઆ 24:19-20
- 2 રાજા 5:17-19
- ગીતશાસ્ત્ર 25:10-11
- ગીતશાસ્ત્ર 25:17-19
- યશાયા 55:6-7
- યશાયા 40:1-2
- લૂક 5:20-21
- પ્રેરિતો 8:20-23
- એફેસી 4:31-32
- કલોસ્સી 3:12-14
- 1 યોહાન 2:12-14

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **7:10** પણ પહેલેથીજ એસાવે યાકૂબને **માફ કરી** દીધો હતો, અને તેઓ એકબીજાને ફરીથી જોઈ ખુશ થયા.
- **13:15** પછી મૂસા ફરીથી પર્વત ઉપર ચઢ્યો અને પ્રાર્થના કરી કે દેવ લોકોને **માફ** કરે. દેવે મૂસાનું સાભળ્યું અને તેઓને માફ કર્યા.
- **17:13** દાઉદે તેના પાપનો પસ્તાવો કર્યો અને દેવે તેને **માફ** કર્યો.
- **21:5** નવા કરારમાં, દેવ લોકોના હ્રદય પર તેના નિયમો લખશે, લોકો દેવને વ્યક્તિગત રીતે જાણશે, તેઓ તેના લોક થશે, અને દેવ તેઓના પાપોને **માફ** કરશે.
- **29:1** એક દિવસે પિતરે ઈસુને પૂછયું, "પ્રભુ, જયારે મારો ભાઈ મારી વિરુદ્ધમાં પાપ કરે છે, ત્યારે કેટલી વાર મારે **માફ કરવું** જોઈએ?

- **29:1** મેં તને **માફ** કર્યો, કારણકે તે મારી પાસે માફીની યાચના કરી.
- **38:5** પછી ઈસુએ પ્યાલો લીધો અને કહ્યું, "આ પીઓ. આ મારું નવા કરારનું લોહી છે કે જે પાપોની **માફી** ને સારું વહેવડાવવામાં આવ્યું છે.

## શબ્દ માહિતી:

- H5546, H5547, H3722, H5375, H5545, H5547, H7521, G859, G863, G5483

# મુક્તિદંડ, મુક્તિદંડ ચુકવ્યો

## વ્યાખ્યા:

"મુક્તિદંડ" શબ્દ નાણાકિય રકમ કે બીજી ચૂકવણીનો ઉલ્લેખ કરે છે જેને કોઈ વ્યક્તિ કે જેને બંધક બનાવવામાં આવી છે તેના છૂટકારા માટે તેની માંગણી કરવામાં આવી છે યા તો તેને આપવામાં આવે છે.

- ક્રિયાપદ તરીકે, "મુક્તિદંડ ચૂકવવા" નો અર્થ કોઈ વ્યક્તિ કે જેને પકડવામાં આવી છે, ગુલામ બનાવવામાં આવી છે અથવા તો બંદી બનાવવામાં આવી છે તેના છૂટકારા માટે નાણાંની ચુકવણી કરવી અથવા તો સ્વબલિદાન આપીને કંઈક કરવું તેવો થાય છે.

"પાછા ખરીદી લેવું" નો અર્થ "છુટકારો કરવા" ના અર્થની સમાન છે.

- પાપી લોકોને તેઓની પાપની ગુલામીમાંથી મુક્ત કરવા ઈસુએ મુક્તિદંડ તરીકે પોતાની હત્યા થવા દીધી.

લોકોના પાપનો દંડ ચૂકવીને તેઓને પાછા ખરીદી લેવાના ઈશ્વરના આ કાર્યને બાઇબલમાં "છૂટકારો" પણ કહેવામાં આવે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "મુક્તિદંડ ચૂકવવો" શબ્દનો અનુવાદ "છૂટકારા માટે ચુકવણી કરવી" અથવા તો "મુક્તિ માટે કિંમત ચૂકવવી" અથવા તો "પાછું ખરીદી લેવું' તરીકે પણ કરી શકાય.
- "મુક્તિદંડ ચૂકવવો" શબ્દસમૂહનો અનુવાદ "મુક્તિની કિંમત ચૂકવવી" અથવા તો "લોકોને મુક્ત કરવા દંડ ભરવો" અથવા તો "જરૂરી ચુકવણી કરવી" તરીકે કરી શકાય.
- "મુક્તિદંડ" સંજ્ઞાનો અનુવાદ લોકો કે જમીનને મુક્ત કરવા કે પાછા ખરીદવા માટે "વળતી ખરીદી" અથવા તો "દંડ ચુકવણી" અથવા તો "ચૂકવેલ કિંમત" તરીકે કરી શકાય.
- અંગ્રેજી ભાષામાં "મુક્તિદંડ" અને "છુટકારો" ના અર્થ સમાન છે પણ કેટલીક વાર તેઓને થોડા અલગ રીતે વાપરવામાં આવ્યા છે.

બીજી ભાષાઓમાં આ વિચાર માટે માત્ર એક જ શબ્દ હોય શકે.

- આનો અનુવાદ "પ્રાયશ્ચિત" થી ભિન્ન રીતે કરવામાં આવે તેનું ધ્યાન રાખો.

(આ પણ જૂઓ: પ્રાયશ્ચિત, છુટકારો કરવો)

## બાઇબલના સંદર્ભો:

- 1 તિમોથી 2:5-7
- યશાયા 43:2-3
- અયૂબ 6:21-23
- લેવીય 19:20-22
- માથ્થી 20:25-28
- ગીતશાસ્ત્ર 49:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H1350, H3724, H6299, H6306, G487, G3083

# મુલાકાતમંડપ

## વ્યાખ્યા:

આ મુલાકાતમંડપ એ ખાસ તંબુ જેવું હતું, જ્યાં ઈસ્રાએલીઓ 40 વર્ષ દરમિયાન ઈશ્વરનું ભજન કરતા હતા.

- ઈશ્વરે ઈસ્રાએલીઓને આ વિશાળ તંબુ બનાવવા માટે વિગતવાર સૂચનો આપ્યા હતા, જેમાં બે ઓરડા હતા અને એક બંધ આંગણાથી ઘેરાયેલું હતું.

દરરોજ ઈસ્રાએલીઓ અરણ્યમાં રહેવા માટે જુદીજુદી જગ્યાએ જતાં ત્યારે,યાજકો મુલાકાતમંડપને ઊંચકીને તેને બીજી છાવણીએ લઈ જતા હતા. પછી તેઓ ફરીથી તેને નવી છાવણીની મધ્યમાં ઊભો કરતા.

- મુલાકાતમંડપ કાપડ,બકરાના વાળ અને પશુના ચામડામાંથી બનેલા પડદાને લાકડાની ફ્રેમ સાથે લટકાવીને બનાવવામાં આવ્યો હતો. આંગણાને આસપાસ વધુ પડદાથી બંધ કરવામાં આવ્યું હતું.
- મંડપના બે ભાગ પવિત્રસ્થાન (જ્યાં ધૂપ બાળવાની ધૂપવેદી હતી) અને પરમપવિત્ર સ્થાન (જ્યાં કરારકોશ રાખવામાં આવ્યો હતો) હતા.
- આ મંડપના આંગણામાં પ્રાણીના બલિદાન માટે વેદી અને ખાસ ધાર્મિક શુધ્ધિકરણ માટેનો હોજ હતા.
- સુલેમાન દ્વારા યરૂશાલેમમાં મંદિર બાંધવામાં આવ્યું ત્યારે, ઈસ્રાએલીઓએ મુલાકાતમંડપનો ઉપયોગ કરવાનું બંધ કર્યું.

## અનુવાદ માટેના સૂચનો:

"મંડપ" શબ્દનો અર્થ "નિવાસસ્થાન" થાય છે. બીજી રીતે અનુવાદ કરવામાં "પવિત્ર તંબુ" અથવા " જ્યાં ઈશ્વર હતા તે તંબુ" અથવા " ઈશ્વરનો તંબુ" નો સમાવેશ થાય છે. ખાતરી કરો કે આ શબ્દનો અનુવાદ "મંદિર"ના અનુવાદથી અલગ છે.

(આ પણ જુઓ: યજ્ઞવેદી, ધૂપવેદી, કરારકોશ, મંદિર, મુલાકાતમંડપ)

## બાઇબલ સંદર્ભો

- 1 કાળવૃત્તાંત 21:28-30
- 2 કાળવૃત્તાંત 1:2-5
- પ્રેરિતોનાં કૃત્યો 7:43
- પ્રેરિતોનાં કૃત્યો 7:44-46
- નિર્ગમન 38:21-23
- યહોશુઆ 22:19-20
- લેવીય 10:16-18

## શબ્દ માહિતી:

- Strong's: H168, H4908, H5520, H5521, H5522, H7900, G4633, G4634, G4636, G4638

# મૂર્ખ, બુદ્ધિહીન, મૂર્ખતા

## વ્યાખ્યા:

“મૂર્ખ” શબ્દ વ્યક્તિ કે જે મોટેભાગે ખોટી પસંદગીઓ, ખાસ કરીને કે જ્યારે તે (ઈશ્વરની આજ્ઞાનું) અનાદર કરવાનું પસંદ કરે છે, તેનો ઉલ્લેખ કરે છે.

“બુદ્ધિહીન" શબ્દ વ્યક્તિ અથવા વર્તન કે જે ડહાપણયુક્ત/જ્ઞાની નથી, તેનું વર્ણન કરે છે.

- બાઈબલમાં, સામાન્ય રીતે “મૂર્ખ” શબ્દ, વ્યક્તિ કે જે ઈશ્વરને માનતો અથવા આજ્ઞા પાળતો નથી, તેને દર્શાવે છે. આ વ્યક્તિના વિરોધાભાસમાં જ્ઞાની માણસ છે કે જે ઈશ્વરમાં વિશ્વાસ કરે છે અને ઈશ્વરની આજ્ઞા પાળે છે.
- ગીતશાસ્ત્રમાં, દાઉદ મૂર્ખ વ્યક્તિનું વર્ણન કરે છે કે જે ઈશ્વરમાં વિશ્વાસ કરતો નથી, તે ઈશ્વરના સર્જનના બધાંજ પુરાવાને અવગણે છે.
- જૂના કરારનું નીતિવચનનું પુસ્તક પણ મૂર્ખ શું છે અથવા બુદ્ધિહીન વ્યક્તિ કેવી હોય છે, તેના ઘણા વર્ણનો આપે છે. * “મૂર્ખતા” શબ્દ એક એવી ક્રિયા છે કે જે ડહાપણરૂપ નથી, કારણકે તે ઈશ્વરની ઈચ્છાની વિરુદ્ધ છે. મોટેભાગે “મૂર્ખતા” શબ્દના અર્થ માં કઇંક કે જે હાસ્યસ્પદ અથવા ખતરનાક છે, તેનો પણ સમાવેશ થાય છે.

## ભાષાંતરના સૂચનો:

- “મૂર્ખ” શબ્દનું ભાષાંતર, “નાદાન વ્યક્તિ” અથવા “અજ્ઞાની વ્યક્તિ” અથવા “મૂર્ખ વ્યક્તિ” અથવા “પાપી વ્યક્તિ” તરીકે કરી શકાય છે.
- “બુદ્ધિહીન” શબ્દના ભાષાંતરમાં “સમજણનો અભાવ” અથવા “અજ્ઞાની” અથવા “મૂર્ખ” તેવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.

(આ પણ જુઓ: જ્ઞાની)

## બાઈબલની કલમો:

- સભાશિક્ષક 1:16-18
- એફેસી 5:15-17
- ગલાતી 3:1-3
- ઉત્પત્તિ 31:26-28
- માથ્થી 7:26-27
- માથ્થી 25:7-9
- નીતિવચન 13:15-16
- ગીતશાસ્ત્ર 49:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H191, H196, H200, H1198, H1984, H2973, H3684, H3687, H3688, H3689, H3690, H5034, H5036, H5039, H5528, H5529, H5530, H5531, H6612, H8417, H8602, H8604, G453, G454, G781, G801, G877, G878, G3471, G3472, G3473, G3474, G3912

# યજ્ઞવેદી, યજ્ઞવેદીઓ

## વ્યાખ્યા:

યજ્ઞવેદી એક ઉભું કરેલું માળખું હતું કે જ્યાં ઈઝરાએલીઓ દેવને પશુઓ અને અનાજનું દહન તરીકે અર્પણ કરતા.

- બાઈબલના સમયો દરમ્યાન સાદી યજ્ઞવેદીઓ બાંધવામાં આવતી, જેમકે નીચે માટી ચણી તેના ઉપર મોટા પથ્થરોને વારાફરતી સાવચેતીથી મુકવામાં આવતા જેથી વેદી હાલે નહિ.
- ઘણી ડબ્બા-આકારની વિશિષ્ઠ યજ્ઞવેદીઓ બનાવવામાં આવતી, જેને લાકડા પર સોનું, પિત્તળ અથવા કાંસાની ધાતુઓથી મઢી લેવામાં આવતી હતી.
- બીજા જૂથના લોકો જેઓ ઈઝરાએલીઓની નજીક રહેતા હતા, તેઓએ પણ તેમના દેવોને બલિદાન ચઢાવવા યજ્ઞવેદીઓ બાંધતા.

(આ પણ જુઓ: ધૂપની વેદી, જૂઠા દેવ, ખાધાર્પણ, બલિદાન)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 8:20-22
- ઉત્પત્તિ 22:9-10
- યાકુબ 2:21-24
- લૂક 11:49-51
- માથ્થી 5:23-24
- માથ્થી 23:18-19

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **3:14** વહાણમાંથી બહાર નિકળ્યા બાદ નુહે **વેદી** બાંધી અને બલિદાન માટે ઉપયોગ કરી શકાય, તેવાં થોડા એક પ્રાણીઓનું બલિદાન આપ્યું.
- **5:8** જયારે તેઓ બલિદાનની જગ્યાએ પહોંચ્યા, ઈબ્રાહિમે તેના દિકરા ઈસહાકને બાંધીને **વેદી** ઉપર સુવાડયો.
- **13:9** યાજક પશુને મારીને **વેદી** ઉપર તેનું દહન કરતા.
- **16:6** તેણે (ગિદિઓને) મુર્તિઓની **વેદી** ની નજીકમાં નવી વેદી બાંધી દેવને અર્પણ કરી અને તેની ઉપર દેવ માટે બલિદાન ચઢાવ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H741, H2025, H4056, H4196, G1041, G2379

# યહુદીઓનો રાજા, યહુદીઓનો રાજા

## વ્યાખ્યા:

"યહુદીઓનો રાજા" શબ્દ એ ઈસુ, મસીહાનો ઉલ્લેખ કરે છે.

- જ્યારે જ્ઞાની પુરુષો બેથલેહેમમાં જે "યહુદીઓનો રાજા" હતો તેને જોવા આવ્યા હતા તેમના દ્વારા પ્રથમ વાર આ શીર્ષકનો ઉપયોગ કરવામાં આવ્યો એમ બાઇબલ નોંધે છે."
- દૂતે મરિયમને પ્રગટ કર્યું કે તેણીનો દીકરો, દાઉદ રાજાનો વંશજ, રાજા બનશે જેનું રાજ સર્વકાળ ટકશે.
- ઈસુ વધસ્તંભ પર જડાયા તે પહેલા, રોમન સૈનિકોએ ઈસુના ઠઠ્ઠા "યહુદીઓનો રાજા" એમ કહીને કર્યા.

આ શીર્ષકને લાકડાના ટુકડા પર પણ લખવામાં આવ્યું અને ઈસુના વધસ્તંભની ઉપર તેને લગાવવામાં આવ્યું.

- ઈસુ ખરેખર યહૂદીઓના રાજા અને સર્વ સર્જન પર રાજા હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- "યહુદીઓનો રાજા" શબ્દનું અનુવાદ "યહુદીઓ પર રાજા" અથવા "રાજા જે યહુદીઓ પર રાજ કરે છે" અથવા "યહુદીઓનો સર્વોચ્ચ શાસક" એમ કરી શકાય.
- "નો રાજા" શબ્દસમૂહનું અનુવાદ બીજી અનુવાદની જગ્યાએ કેવી રીતે થયું છે તે જોવા તપાસ કરો.

(આ પણ જુઓ: વંશજ, યહૂદી, ઈસુ, રાજા, રાજ્ય, ઈશ્વરનું રાજ્ય, જ્ઞાની પુરુષો)

## બાઈબલના સંદર્ભો:

- લૂક 23:3-5
- લૂક 23:36-38
- માથ્થી 2:1-3
- માથ્થી 27:11-14
- માથ્થી 27:35-37

## બાઈબલની વાર્તાઓ પરથી ઉદાહરણો:

- **23:9** થોડાં સમય પછી, દૂરના પૂર્વના દેશોમાથી જ્ઞાની પુરુષોએ અસમાન્ય તારો આકાશમાં જોયો. તેઓ સમજ્યા કે એનો અર્થ એક નવો **યહુદીઓનો રાજા** જન્મ્યો હતો.
- **39:9** પિલતે ઈસુને પૂછ્યું, "શું તું **યહુદીઓનો રાજા છે**?"
- **39:12** રોમન સૈનિકોએ ઈસુને ચાબુક મારી અને શાહી ઝભ્ભો તેમણે પહેરાવ્યો અને કાંટાનો બનાવેલો મુગટ તેમના માથા પર મૂક્યો . પછી, તેઓએ તેમની એવું કહેતા ઠઠ્ઠા કર્યા કે, "જુઓ, **યહુદીઓનો રાજા**!"
- **40:2** પિલતે હુકમ કર્યો કે તેઓ લખે, "**યહુદીઓનો રાજા**" ચિહ્ન પર અને તેને ઈસુના માથાની ઉપર વધસ્તંભ પર મૂકે.

## શબ્દ માહિતી:

- Strong's: G935, G2453

# યહૂદી, યહૂદી સંબંધી

## સત્યો/તથ્યો:

યહૂદી લોકો કે જેઓ ઈબ્રાહિમના પૌત્ર યાકૂબના વંશજો છે. "યહૂદી" શબ્દ "યહૂદા" શબ્દ પરથી આવે છે.

- જયારે તેઓ બાબિલમાંના બંદીવાસમાંથી પાછા ફર્યા ત્યારે લોકોએ ઈઝરાએલીઓને "યહૂદીઓ" કહેવાની શરૂઆત કરી હતી.
- ઈસુ મસીહ યહૂદી હતા. તેમ છતાં, યહૂદી ધાર્મિક આગેવાનોએ ઈસુનો નકાર કર્યો અને તેમને મારી નાખવાની માંગણી કરી.

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, યાકૂબ, ઈઝરાએલ, બાબિલ, યહૂદી આગેવાનો)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 2:5-7
- પ્રેરિતો 10:27-29
- પ્રેરિતો 14:5-7
- કલોસ્સી 3:9-11
- યોહાન 2:13-14
- માથ્થી 28:14-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **20:11** હવે ઈઝરાએલીઓને **યહૂદીઓ** કહેવામાં આવતા હતા અને તેઓમાંના મોટાભાગનાઓએ તેમનું સમગ્ર જીવન બાબિલમાં વિતાવ્યું હતું.
- **20:12** જેથી, સિત્તેર વર્ષોના બંદીવાસ પછી, **યહૂદીઓનું** નાનું જૂથ યહૂદામાં યરૂશાલેમના શહેરમાં પાછા ફર્યા.
- **37:10** આ ચમત્કારને કારણે **યહૂદી**ઓમાંના ઘણાએ ઈસુમાં વિશ્વાસ કર્યો.
- **37:11** પણ **યહૂદીઓના** ધાર્મિક આગેવાનો ઈર્ષાળુ હતા, જેથી તેઓએ એકસાથે ભેગા મળી યોજના કરી કે કેવી રીતે તેઓ ઈસુ અને લાઝરસને મારી શકે.
- **40:2** પિલાતે તેઓને નિશાની (ચિહ્ન) તરીકે "**યહૂદીઓ** નો રાજા" લખવા આદેશ આપ્યો, અને વધસ્તંભની ઉપર ઈસુના માથા પર તે મૂકી.
- **46:6** તરત જ, શાઉલે દમસ્કમાં **યહૂદીઓ**ને "ઈસુ ઈશ્વરના પુત્ર છે" એમ કહીને, પ્રચાર કરવાનું શરૂ કર્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H3054, H3061, H3062, H3064, H3066, G2450, G2451, G2452, G2453, G2454

# યહોવાહ

## તથ્યો:

"યહોવાહ" શબ્દ ઈશ્વરનું વ્યક્તિગત નામ છે જે તેમણે પ્રગટ કર્યું, જ્યારે તેમણે બળતા ઝાડવા પાસે મૂસાને જણાવ્યું હતું.

- “યહોવાહ" નામ જે શબ્દ પરથી આવે છે જેનો અર્થ છે, "હોવું" અથવા "અસ્તિત્વમાં છે."

" * યહોવાહ" ના શક્ય અર્થમાં શામેલ છે, "તે છે" અથવા "હું છું" અથવા "જે કોઈ હોવાનું કારણ બને છે તે."

- આ નામ દર્શાવે છે કે ઈશ્વર હંમેશાં જીવ્યા છે અને હંમેશ માટે જીવવાનું ચાલુ રાખશે.

તેનો અર્થ એ પણ છે કે તે હંમેશા હાજર છે.

- પરંપરાને અનુસરતાં, ઘણી બાઇબલ આવૃત્તિઓ " યહોવાહ” ની રજૂઆત કરવા માટે "પ્રભુ"અથવા "પ્રભુ"શબ્દનો મોટા અક્ષરોમાં ઉપયોગ કરે છે. આ પરંપરા એ હકીકતથી પરિણમી હતી કે ઐતિહાસિક રીતે, યહુદી લોકોએ યહોવાહનું નામ ખોટું બોલવાની દ્વિધાથી ડરતા હતા અને "યહોવાહ" શબ્દદેખાય ત્યાં દરેક શબ્દમાં "પ્રભુ" બોલવાની શરૂઆત કરી. આધુનિક બાઈબલો ઈશ્વરના અંગત નામ પ્રત્યે આદર દર્શાવવા અને તેને "પ્રભુ" થી જુદા પાડવા, જે એક અલગ હિબ્રુ શબ્દ છે મોટા મૂળાક્ષરોથી લખે છે.
- યુએલબી અને યુડીબી ગ્રંથો હંમેશા આ શબ્દનો "યહોવાહ" તરીકે અનુવાદ કરે છે, કારણ કે તે શાબ્દિક રીતે જૂના કરારના હિબ્રૂ લખાણમાં થાય છે.
- “યહોવાહ " શબ્દ ક્યારેય નવા કરારના મૂળ લખાણમાં જોવા મળતો નથી; જૂના કરારના અવતરણમાં પણ "પ્રભુ" માટેના ગ્રીક શબ્દનો ઉપયોગ થાય છે.
- જૂના કરારમાં, જ્યારે ઈશ્વરે પોતાના વિશે વાત કરી હતી, ત્યારે તે વારંવાર સર્વનામ બદલે તેના નામનો ઉપયોગ કર્યો હતો.
- સર્વનામ "હું" અથવા "મને" ઉમેરીને, યુ.એલ.બી વાંચકને સૂચવે છે કે ઈશ્વર વક્તા છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

"* યહોવાહ" શબ્દનો અર્થ "હું છું" અથવા "જીવનારું" અથવા "જે તે છે" અથવા "જે જીવંત છે તે" દ્વારા ભાષાંતર કરી શકાય છે.

- આ શબ્દને એવી રીતે લખી શકાય છે કે જે "યહોવાહ"ની જોડણીની સમાન છે.

કેટલીક મંડળીના સંપ્રદાયો "યહોવાહ" શબ્દનો ઉપયોગ નહીં કરવાને બદલે પરંપરાગત અનુવાદનો ઉપયોગ કરે છે, "પ્રભુ". એક મહત્વની વિચારણા એ છે કે જ્યારે તે મોટેથી વાંચવામાં આવે ત્યારે તે મૂંઝવણ થઈ શકે છે કારણ કે તે "પ્રભુ" શીર્ષક જેવો જ ધ્વનિ (અવાજ) કરશે. કેટલીક ભાષાઓમાં એક લગાડવું અથવા અન્ય વ્યાકરણીય માર્કર હોઈ શકે છે જે "યહોવાહ" ને "પ્રભુ" થી એક અલગ નામ "પ્રભુ" તરીકે ઓળખવામાં આવે છે.

- જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી શાબ્દિક લખાણમાં યહોવાહનું નામ રાખવું તે શ્રેષ્ઠ છે, પરંતુ કેટલાક અનુવાદો માત્ર લખાણને વધુ કુદરતી અને સ્પષ્ટ બનાવવા કેટલીક જગ્યાએ સર્વનામનો ઉપયોગ કરવાનું વિચારે છે.
- આવું અવતરણ રજૂ કરો , " યહોવાહ આ કહે છે."

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ઈશ્વર, સ્વામી, પ્રભુ, મૂસા, પ્રગટ કરવું)

## બાઇબલના સંદર્ભો:

- 1રાજાઓ 21:19-20
- 1 શમુએલ 16:6-7
- દાનિયેલ 9:3-4
- હઝકિયેલ 17:24
- ઉત્પત્તિ 2:4-6
- ઉત્પત્તિ 4:3-5
- ઉત્પત્તિ 28:12-13
- હોશિયા 11:12
- યશાયા 10:3-4
- યશાયા 38:7-8
- અયૂબ 12:9-10

- યહોશુઆ 1:8-9
- નિર્ગમન 1:4-5
- લેવીય 25:35-38
- માલાખી 3:4-5
- મીખાહ 2:3-5
- મીખાહ 6:3-5
- ગણના 8:9-11
- ગીતશાસ્ત્ર 124:1-3
- રૂથ 1:19-21
- ઝખાર્યા 14:5

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **9:14** ઈશ્વરે કહ્યું, "હું જે છું તે છું. તેઓને કહે,' હું છું એ મને તમારી પાસે મોકલ્યો છે.' ઉપરાંત, તેમને કહેવું 'હું **યહોવાહ**, તમારા પૂર્વજો ઇબ્રાહિમ, ઇસહાક અને યાકૂબનો દેવ છું. આ મારું નામ સદા એ જ છે."
- **13:4** પછી ઈશ્વરે તેમને કરાર આપ્યો અને જણાવ્યું હતું કે, "હું **યહોવાહ**, તમારો દેવ, જે તમને મિસરની ગુલામીમાંથી બચાવનાર છું. અન્ય દેવોની પૂજા કરશો નહીં."
- **13:5** "મૂર્તિઓ બનાવશો નહીં અથવા તેમની પૂજા કરશો નહીં, કારણ કે હું, **યહોવાહ**, ઇર્ષ્યાળુ દેવ છું."
- **16: 1** ઈસ્રાએલીઓએ **યહોવાહ**, સાચા ઈશ્વરની જગ્યાએ કનાની દેવોની પૂજા કરવાનું શરૂ કર્યું.
- **19:10**. પછી એલીયાએ પ્રાર્થના કરી, " ઓ **યહોવાહ**, ઇબ્રાહીમ, ઈસ્હાક અને યાકૂબના દેવ, , આજે અમને બતાવો કે તમે ઈસ્રાએલના દેવ છો અને હું તમારો સેવક છું."

## શબ્દ માહિતી:

- Strong's: H3050, H3068, H3069

# યાજક, યાજકો, યાજકપદ

## વ્યાખ્યા:

બાઇબલમાં, યાજક એ માણસ હતો કે જેને ઈશ્વરના લોકો માટે ઈશ્વરને બલિદાનો ચડાવવા પસંદ કરવામાં આવ્યો હતો. "યાજકપદ" એ તેના હોદ્દાનું નામ અથવા તો યાજક હોવાની સ્થિતિ હતી.

- જૂના કરારમાં, ઈશ્વરે પોતાના ઇઝરાયલી લોકો માટે હારુન અને તેના વંશજોને પોતાના યાજકો થવા પસંદ કર્યા હતા.
- "યાજકપદ" એક અધિકાર અને એક જવાબદારી હતી કે જેને લેવીઓના કુળમાં પિતા તરફથી પુત્રને આપવામાં આવતી હતી.
- ઇઝરાયલી યાજકો પાસે ભક્તિસ્થાનની બીજી ફરજો સાથેસાથે ઈશ્વરને લોકોના બલિદાનો ચડાવવાની જવાબદારી હતી.
- યાજકો લોકો માટે ઈશ્વરને નિયમિત પ્રાર્થનાઓ પણ અર્પણ કરતા હતા તથા બીજી ધાર્મિક વિધિઓ કરતા હતા.
- યાજકો ઔપચારિક રીતે લોકોને આશીર્વાદ આપતા અને તેઓને ઈશ્વરના નિયમો શીખવતા હતા.
- ઈસુના સમયમાં, મુખ્ય યાજકો અને પ્રમુખ યાજક સહિત યાજકોના વિભિન્ન સ્તરો હતા.
- ઈસુ આપણાં "મહાન પ્રમુખ યાજક" છે કે જેઓ ઈશ્વરની સન્મુખ આપણા માટે મધ્યસ્થીની પ્રાર્થનાઓ કરે છે.

તેમણે આપણા માટે અંતિમ બલિદાન તરીકે પોતાનું સ્વાર્પણ કર્યું છે. તેનો અર્થ એ થાય છે કે માનવીય યાજકો દ્વારા આપતા બલિદાનોની હવે જરૂર નથી.

- નવા કરારમાં, ઈસુના દરેક વિશ્વાસીને "યાજક" કહેવામાં આવે છે કે જે પોતાના માટે અને બીજાઓ માટે મધ્યસ્થીની પ્રાર્થનાઓ કરવા ઈશ્વર પાસે પ્રત્યક્ષ રીતે આવી શકે છે.
- પ્રાચીન સમયોમાં, અધાર્મિક યાજકો પણ હતા કે જેઓ બઆલ જેવા જૂઠા દેવોને બલિદનો ચડાવતા હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "યાજક" શબ્દનો અનુવાદ "બલિદાન આપનાર વ્યક્તિ" અથવા તો "ઈશ્વરનો મધ્યસ્થ" અથવા તો "બલિદાન આપનાર મધ્યસ્થ" અથવા તો "ઈશ્વર પોતાના પ્રતિનિધિ તરીકે જેને નિયુક્ત કરે છે તે વ્યક્તિ" તરીકે કરી શકાય.
- "યાજક" નો અનુવાદ "મધ્યસ્થ" ના અનુવાદ કરતા અલગ હોવો જોઈએ.
- કેટલાક અનુવાદકો "ઇઝરાયલનો યાજક" અથવા તો "યહૂદી યાજક" અથવા તો "યહોવાનો યાજક" અથવા તો "બઆલનો યાજક" જેવા શબ્દો હંમેશાં વાપરવાનું પસંદ કરી શકે છે કે જેથી સ્પષ્ટ થાય કે આ શબ્દો આધુનિક સમયના યાજકોનો ઉલ્લેખ કરતા નથી.
- "યાજક" માટે વપરાતો શબ્દ "મુખ્ય યાજક", "પ્રમુખ યાજક", "લેવી" તથા "પ્રબોધક" કરતા અલગ હોવો જોઈએ.

(આ પણ જૂઓ: હારુન, પ્રમુખ યાજકો, પ્રમુખ યાજક, મધ્યસ્થ, બલિદાન)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 6:4-42
- ઉત્પત્તિ 14:17-18
- ઉત્પત્તિ 47:20-22
- યોહાન 1:19-21
- લૂક 10:31-32
- માર્ક 1:43-44
- માર્ક 2:25-26
- માથ્થી 8:4
- માથ્થી 12:3-4
- મીખાહ 3:9-11
- નહેમ્યા 10:28-29
- નહેમ્યા 10:34-36
- પ્રકટીકરણ 1:4-6

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **4:7** "સર્વોચ્ચ ઈશ્વરનો **યાજક** "મલ્ખીસેદેક"

- **13:9** જેણે પણ ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હોય તે મુલાકાત મંડપની સામે વેદી પર ઈશ્વર માટે બલિદાન તરીકે એક પ્રાણી લાવી શકતો હતો. એક **યાજક** તે પ્રાણીનું બલિદાન આપતો અને તેને વેદી પર બાળતો. બલિદાન કરાયેલા પ્રાણીનું રક્ત વ્યક્તિના પાપને ઢાંકતું અને તે વ્યક્તિને ઈશ્વરની નજરમાં શુદ્ધ કરતું. ઈશ્વરે મૂસાના ભાઈ હારુનને તથા તેના વંશજોને પોતાના **યાજકો** થવા પસંદ કર્યા.
- **19:7** તેથી બઆલના **યાજકોએ** એક બલિદાન તૈયાર કર્યું પણ અગ્નિ સળગાવ્યો નહીં.
- **21:7** ઇઝરાયલી **યાજક** એ માણસ હતો કે જે લોકો માટે તેઓના પાપની સજાની અવેજી બદલ ઈશ્વરને બલિદાનો ચડાવતો હતો. **યાજકો** લોકો માટે ઈશ્વરને પ્રાર્થના પણ કરતા હતા.

## શબ્દ માહિતી:

- Strong's: H3547, H3548, H3549, H3550, G748, G749, G2405, G2406, G2407, G2409, G2420

# રક્ત

## વ્યાખ્યા:

“રક્ત” શબ્દ, જયારે વ્યક્તિને ઈજા અથવા ઘા થાય ત્યારે તે વ્યક્તિની ચામડીના ભાગમાંથી લાલ પ્રવાહી બહાર આવે છે તેને દર્શાવે છે. રક્ત વ્યક્તિના આખા શરીરમાં જીવન આપવાના પોષક તત્વો લાવે છે.

- રક્ત જીવનનું પ્રતિક છે અને જયારે તે વહેવડાવવા અથવા બહાર રેડવામાં આવે છે ત્યારે તે જીવન ગુમાવવાનું અથવા મરણનું પ્રતિક છે.
- જયારે લોકો દેવને બલિદાનો કરે છે, તેઓ પ્રાણીને મારી નાખે છે અને તેનું રક્ત વેદી ઉપર રેડે છે.

આ પ્રાણીના જીવનનું બલિદાન લોકોના પાપોની ચુકવણી માટેનું પ્રતિક છે.

- ઇસુના વધસ્તંભ ઉપરના મૃત્યુ દ્વારા, તેમણે પોતાના રક્તના પ્રતિક દ્વારા લોકોને તેઓના પાપોથી શુધ્ધ કરે છે અને જે પાપોની શિક્ષા માટે તેઓ લાયક હતા તેની તેમણે ચુકવણી કરી છે.
- “માંસ અને રક્ત” અભિવ્યક્તિ માનવજાતને દર્શાવે છે.
- “પોતાનુ માંસ અને રક્ત” અભિવ્યક્તિ લોકો કે જેઓ જૈવિક રીતે જોડાયેલા છે તેઓને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- લક્ષ્ય ભાષામાં આ શબ્દનું ભાષાંતર જે શબ્દ રક્ત માટે વપરાય છે તેના માટે થવું જોઈએ.
- “માંસ અને રક્ત” અભિવ્યક્તિનું ભાષાંતર “લોકો” અથવા “મનુષ્ય જાત” તરીકે કરી શકાય.

સંદર્ભ પર આધાર રાખીને, “મારું પોતાનું રક્ત અને માંસ” અભિવ્યક્તિનું ભાષાંતર “મારું પોતાનું કુટુંબ” અથવા “મારા પોતાના સગા સબંધીઓ” અથવા “મારા પોતાના લોકો” થઇ શકે છે.

- જો લક્ષ્ય ભાષામાં આ અભિવ્યક્તિ આવેલી છે તો તે અભિવ્યક્તિનું ભાષાંતર “માંસ અને રક્ત” કરી શકાય છે.

(આ પણ જુઓ: માંસ)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 1:5-7
- 1 શમુએલ 14:31-32
- પ્રેરિતો 2:20-21
- પ્રેરિતો 5:26-28
- કલોસ્સી 1:18-20
- ગલાતી 1:15-17
- ઉત્પત્તિ 4:10-12
- ગીતશાસ્ત્ર 16:4
- ગીતશાસ્ત્ર 105:28-30

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **8:3** યુસુફના ભાઈઓએ ઘરે પાછા ફરતા પહેલા, તેઓએ યુસુફનો ઝભ્ભો ફાડયો અને તે બકરાના **રક્તમાં** બોળ્યો.
- **10:3** દેવે નાઈલ નદીનું પાણી **રક્તમાં** ફેરવી નાંખ્યું, પણ ફારુને ઈઝરાએલીઓને જવા દીધા નહીં.
- **11:5** ઈઝરાએલીઓના બધાજ ઘરોના બારણાની ચોફેર **રક્ત** લગાવ્યું હતું, જેથી દેવ તે ઘરો આગળથી પસાર થઇ ગયો અને અંદર બધા જ સલામત રહ્યા.

તેઓ હલવાનના રક્તને કારણે બચ્યા હતાં.

- **13:9** પ્રાણીના બલિદાનનું **રક્ત** કે જે વ્યક્તિના પાપને ઢાંકતુ હતું તે વ્યક્તિને દેવની નજરમાં શુધ્ધ કરે છે.
- **38:5** પછી ઈસુ એ પ્યાલો લીધો અને કહ્યું, “આ પીઓ. તે મારું નવા કરારમાંનું **રક્ત** છે કે જે પાપોની માફીને સારું વહેવડાવવામાં આવેલું છે.
- **48:10** જે કોઈ ઈસુ પર વિશ્વાસ કરે છે તો ઈસુનું રક્ત તે વ્યક્તિના પાપોને દૂર કરે છે, અને તે દેવની શિક્ષામાંથી બચી જાય છે.

## શબ્દ માહિતી:

- Strong's: H1818, H5332, G129, G130, G131, G1420

# રાબ્બી

## વ્યાખ્યા:

“રાબ્બી” શબ્દનો શાબ્દિક અર્થ “મારા માલિક” અથવા તો “મારા શિક્ષક” એવો થાય છે.

- તે એક સન્માનજનક શીર્ષક હતું કે જેનો ઉપયોગ યહૂદી ધાર્મિક શિક્ષકને, ખાસ કરીને ઈશ્વરના નિયમોના શિક્ષકને સંબોધવા કરાતો હતો.
- યોહાન બાપ્તિસ્મી અને ઈસુ બેઉને તેમના શિષ્યો કેટલીક વાર “રાબ્બી” કહીને બોલાવતા હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો અનુવાદ “મારા માલિક” અથવા તો “મારા ગુરુજી” અથવા તો “માનનીય શિક્ષક” અથવા તો “ધાર્મિક શિક્ષક” તરીકે કરી શકાય.

કેટલીક ભાષાઓમાં આ શુભેચ્છાને મોટા અક્ષરોમાં લખવામાં આવે છે જ્યારે બીજી ભાષાઓમાં આવું નથી.

- જે ભાષામાં અનુવાદ કરવામાં આવે છે તેમાં સામાન્ય રીતે શિક્ષકોને સંબોધિત કરવાની ખાસ રીત હોઇ શકે છે.
- ધ્યાન રાખો કે આ શબ્દનો અનુવાદ એવું પ્રદર્શિત ના કરે કે ઈસુ એક શાળાના શિક્ષક હતા.
- આપેલ ભાષાના બીજા બાઇબલ અનુવાદમાં અથવા તો પ્રાદેશિક ભાષામાં “રાબ્બી” શબ્દનો અનુવાદ કેવી રીતે કરવામાં આવ્યો છે તે પણ તપાસો.

જૂઓ: અજ્ઞાત બાબતોનો અનુવાદ કેવી રીતે કરવો

(આ જૂઓ: શિક્ષક)

## બાઇબલના સંદર્ભો:

- યોહાન 1:49-51
- યોહાન 6:24-25
- માર્ક 14:43-46
- માથ્થી 23:8-10

## શબ્દ માહિતી:

- Strong's: G4461

# લલચાવવું, પરીક્ષણ

## વ્યાખ્યા:

કોઈને લલચાવવો તે તે વ્યક્તિને કંઇક ખોટું કરવા માટે પ્રયાસ કરવો એ છે.

- પરીક્ષણ એવું છે જે વ્યક્તિને કંઈક ખોટું કરવા પ્રેરે છે.

લોકો તેમના પોતાના પાપી સ્વભાવ અને અન્ય લોકો દ્વારા લલચાય છે.

- શેતાન લોકોને ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા અને દુષ્કૃત્યો કરીને ઈશ્વર વિરુદ્ધ પાપ કરવા પ્રેરે છે.
- શેતાને ઈસુનું પરીક્ષણ કર્યું અને તેમને કંઈક ખોટું કરવા પ્રયત્ન કર્યો, પરંતુ શેતાનના પરીક્ષણનો સામનો કર્યો અને કદી પાપ કર્યું નહિ.
- જે કોઈ "ઈશ્વરનું પરીક્ષણ કરે છે" તે કોઈ ખોટું કરીને કઇ મેળવવાનો પ્રયાસ કરતા નથી, પરંતુ, તેના આજ્ઞા ઉલ્લંઘનનું હઠીલાપણ ચાલુ રહે છે કે ઈશ્વર તેને સજા કરીને જવાબ આપે.

આને પણ "ઈશ્વરનું પરીક્ષણ" કહેવામાં આવે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- " લલચાવવું ", શબ્દ "પાપ કરવા માટે પ્રેરવાનો પ્રયત્ન કરવો" અથવા "ઉશ્કેરવું" અથવા "પાપ કરવાની ઇચ્છા કરાવવી" તરીકે ભાષાંતર કરી શકાય છે
- " પરીક્ષણ "નું બીજી રીતે ભાષાંતર " લલચવાનારી વસ્તુઓ" અથવા "જે વસ્તુઓ કોઈને પાપમાં લલચાવી શકે છે" અથવા "જે વસ્તુઓ ખોટું કરવાની ઇચ્છા કરાવે છે” શામેલ થઈ શકે છે.
- "ઈશ્વરનું પરીક્ષણ કરવા" ભાષાંતર કરી શકાય છે, "ઈશ્વરને પરીક્ષણમાં મૂકવા" અથવા "ઈશ્વરની કસોટી કરવી" અથવા " ઈશ્વરની ધીરજને અજમાવી જુઓ" અથવા "ઈશ્વરને સજા કરાવવા પ્રેરવા" અથવા " ઈશ્વરનું ઉલ્લંઘન કરતા રહીને હઠીલા બનવું."

(આ પણ જુઓ: અનાધીન, શેતાન, પાપ, કસોટી)

## બાઇબલના સંદર્ભો

- 1 થેસ્સાલોનીકી 3: 4-5
- હેબ્રુ 4: 14-16
- યાકુબ 1:12-13
- લુક 4:1-2
- લુક 11:3-4
- માથ્થી 26:39-41

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **25:1** પછી શેતાન ઈસુ પાસે આવ્યો અને તેમને પાપ કરવા **પરીક્ષણ** કર્યું.
- **25:8** ઈસુએ શેતાનના **પરીક્ષણમાં** ન આવ્યા, તેથી શેતાને તેને છોડી દીધો.
- **38:11** ઈસુએ તેમના શિષ્યોને પ્રાર્થના કરવાનું કહ્યું કે તેઓ **પરીક્ષણમાં** ન પડે.

## શબ્દ માહિતી:

- Strong's: H974, H4531, H5254, G551, G1598, G3985, G3986, G3987

# લાયક, યોગ્ય, અયોગ્ય, મહત્વહીન

## વ્યાખ્યા:

"લાયક" શબ્દ કોઈ વ્યક્તિ અથવા કશાકનો ઉલ્લેખ કરે છે જે માન અથવા સન્માનની પાત્રતા ધરાવે છે. "મૂલ્ય ધરાવવું"નો અર્થ મૂલ્યવાન અથવા મહત્વપૂર્ણ હોવું છે. "મહત્વહીન" શબ્દનો અર્થ છે, કોઈ પણ મૂલ્ય નથી, મહત્વ નથી.

- લાયક હોવું તે, મૂલ્યવાન અથવા મહત્વપૂર્ણ હોવા સાથે સંબંધિત છે.
- “અયોગ્ય” માટેનો અર્થ છે, કોઈ વિશેષ ધ્યાનને લાયક ન થવું.
- લાયક ન હોવાની લાગણીનો અર્થ બીજા કોઈની સરખામણીમાં ઓછા મહત્વનું માનવું અથવા સન્માન અથવા દયાથી વર્તવામાં આવવાની યોગ્યતા ન અનુભવવી.
- શબ્દ "અયોગ્ય" અને "નકામું" શબ્દનો સંબંધ છે, પરંતુ અર્થો જુદા જુદા છે "અયોગ્ય" હોવાનો અર્થ એ છે કે કોઈ સન્માન અથવા માન્યતા માટે યોગ્ય નથી. "નકામું" હોવાનો અર્થ કોઇ હેતુ અથવા મૂલ્ય ધરાવતો નથી.

## અનુવાદ માટેનાં સૂચનો:

- ”લાયક" નો અનુવાદ "લાયક" અથવા "મહત્વપૂર્ણ" અથવા "મૂલ્યવાન" તરીકે કરી શકાય છે. "
- મૂલ્ય" શબ્દનું ભાષાંતર "કિંમત" અથવા "મહત્વ."કરી શકાય છે.
- “મૂલ્યવાન" શબ્દનો અનુવાદ "મૂલ્યવાન" અથવા "મહત્વપૂર્ણ" તરીકે થઈ શકે છે.
- વધુ મૂલ્યના" શબ્દનું ભાષાંતર કરી શકાય છે "ના કરતાં વધુ મૂલ્યવાન છે."
- સંદર્ભને આધારે, "અયોગ્ય" શબ્દનો અનુવાદ "બિનમહત્વપૂર્ણ" અથવા "અપમાનજનક" અથવા "અયોગ્ય" તરીકે પણ કરી શકાય છે.
- "નકામું" શબ્દનો અનુવાદ "કોઈ મૂલ્ય વગર" અથવા "કોઈ હેતુ વગર" અથવા " કંઈ મૂલ્ય નહીં " તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: સન્માન)

## બાઇબલના સંદર્ભો:

- 2 શમુએલ 22:3-4
- 2 થેસ્સલોનીકી 1:11-12
- પ્રેરિતોનાં કૃત્યો 13:23-25
- પ્રેરિતોનાં કૃત્યો 25:25-27
- પ્રેરિતોનાં કૃત્યો 26:30-32
- કલોસી 1:9-10
- યર્મિયા 8:18-19
- માર્ક 1:7-8
- માથ્થી 3:10-12
- ફિલિપી 1:25-27

## શબ્દ માહિતી:

- Strong's: H117, H639, H1929, H3644, H4242, H4373, H4392, H4592, H4941, H6994, H7939, G514, G515, G516, G2425, G2661, G2735

# વચન, વચન આપવું

## વ્યાખ્યા:

જ્યારે ક્રિયાપદ તરીકે ઉપયોગમાં લેવાય ત્યારે "વચન" શબ્દ વ્યક્તિના કૃત્યનો ઉલ્લેખ કરે છે એમ દર્શાવી કે તેણે જે કહ્યું છે તે પૂર્ણ કરવા પોતાને જવાબદાર માનતો હોય તે રીતે તે કશુંક કરશે. જ્યારે નામ તરીકે ઉપયોગમાં લેવાય ત્યારે "વચન" શબ્દ એ બાબતનો ઉલ્લેખ કરે છે જે કરવાને વ્યક્તિ પોતાને જવાબદાર માને છે.

- બાઈબલ એવા ઘણા વચનોનો હેવાલ આપે છે જે ઈશ્વરે પોતાના લોકોને આપ્યાં છે.
- વચનો, કરારો જેવી ઔપચારિક સમજૂતીઓનો એક મહત્ત્વનો ભાગ છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "વચન" શબ્દનો અનુવાદ "સમર્પણ" અથવા તો "બાયંધરી" અથવા તો "ખાતરી" તરીકે કરી શકાય.
- "કશું કરવાનું વચન આપવું" તેનો અનુવાદ "કોઈ વ્યક્તિને ખાતરી કરાવવી કે તમે કશું કરશો જ" અથવા તો "કશું કરવાનું સમર્પણ કરવું" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: કરાર, સમ, પ્રતિજ્ઞા)

## બાઈબલના સંદર્ભો:

- ગલાતી 3:15-16
- ઉત્પત્તિ 25:31-34
- હિબ્રૂ 11:8-11
- યાકૂબ 1:12-13
- ગણના 30:1-2

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **3:15** ઈશ્વરે કહ્યું, "જો કે લોકો તેમના બાળપણથી જ પાપી હોય છે તે છતાં હું **વચન** આપું છું કે લોકો જે દુષ્ટ બાબતો કરે છે તે કારણે હું ભૂમિને કદાપિ શ્રાપ નહીં આપું, કે પૂર લાવીને દુનિયાનો નાશ નહીં કરું."
- **3:16** ત્યાર બાદ પોતાના **વચનની** નિશાની તરીકે ઈશ્વરે પ્રથમ મેઘધનુષ રચ્યું. મેઘધનુષ જ્યારે પણ આકાશમાં દેખાય ત્યારે ઈશ્વર તેમણે જે **વચન આપ્યું** છે તે યાદ કરશે અને તેમના લોકો પણ તે યાદ કરશે.
- **4:8** ઈશ્વરે ઇબ્રામ સાથે વાત કરી અને ફરીથી **વચન આપ્યું** કે તેને એક પુત્ર થશે અને તેના સંતાનો આકાશમાંના તારાઓ જેટલાં થશે. ઇબ્રામે ઈશ્વરના **વચન** પર વિશ્વાસ કર્યો.
- **5:4** "તારી પત્ની સારાયને એક પુત્ર થશે – તે **વચનનો** પુત્ર હશે."
- **8:15** કરારના જે **વચનો** ઈશ્વરે ઇબ્રાહિમને આપ્યાં તેઓને બાદમાં ઇસહાકને, પછી યાકૂબને અને પછી યાકૂબના બારા પુત્રોને તથા તેઓના કુટુંબોને આપવામાં આવ્યાં.
- **17:14** જો કે દાઉદ ઈશ્વર પ્રત્યે અવિશ્વાસુ હતો તો પણ ઈશ્વર પોતાના **વચનો** પ્રત્યે હજુ પણ વિશ્વાસુ હતા.
- **50:1** ઈસુએ **વચન આપ્યું** કે જગતના અંતે તેઓ પાછા આવશે. જો કે તેઓ હજું પાછા આવ્યા નથી, તો પણ તેઓ પોતાનું **વચન** પાળશે.

## શબ્દ માહિતી:

- Strong's: H559, H562, H1696, H8569, G1843, G1860, G1861, G1862, G3670, G4279

# વચનનો દેશ

## તથ્યો:

“વચનનો દેશ” શબ્દ ફક્ત બાઇબલની વાર્તાઓમાં જોવા મળે છે અને બાઇબલના શાસ્ત્રભાગોમાં જોવા મળતો નથી. ઈશ્વરે ઇબ્રાહિમ તથા તેના વંશજોને જે કનાન દેશ આપવાનું વચન આપ્યું હતું તેનો ઉલ્લેખ કરવાની આ એક બીજી રીત છે.

- જ્યારે ઇબ્રામ ઉર શહેરમાં રહેતો હતો ત્યારે, ઈશ્વરે તેને કનાન દેશમાં જઈને રહેવા આજ્ઞા કરી હતી.

તે અને તેના વંશજો એટલે કે ઇઝરાયલીઓ ત્યાં ઘણા વર્ષો સુધી રહ્યા.

- જ્યારે એક ભીષણ દુકાળને કારણે કનાનમાં ખોરાક ખૂટી ગયો ત્યારે ઇઝરાયલીઓએ ઈજીપ્તમાં સ્થળાંતર કર્યું.
- ચારસો વર્ષ બાદ, ઈશ્વરે ઇઝરાયલીઓને ઈજીપ્તની ગુલામીમાંથી છોડાવ્યા અને તેઓને પાછા કનાન દેશમાં લાવ્યા, એ દેશ કે જે આપવાનું ઈશ્વરે તેઓને વચન આપ્યું હતું.

## અનુવાદ માટેના સૂચનો:

- “વચનનો દેશ” નો અનુવાદ “ઈશ્વરે ઇબ્રાહિમને આપવાનું કહ્યું હતું તે દેશ” અથવા તો “ઈશ્વરે ઇબ્રાહિમને જેનું વચન આપ્યું હતું તે દેશ” અથવા તો “ઈશ્વરે પોતાના લોકોને જેનું વચન આપ્યું હતું તે દેશ” અથવા તો “કનાન દેશ” તરીકે કરી શકાય.
- બાઇબલના શાસ્ત્રભાગોમાં, “ઈશ્વરે જેનું વચન આપ્યું હતું તે દેશ” જેવા રૂપમાં આ શબ્દ જોવા મળે છે.

(આ પણ જૂઓ: કનાન, વચન)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 8:1-2
- હઝકિયેલ 7:26-27

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **12:1** તેઓ (ઇઝરાયલીઓ) હવે ગુલામો નહોતા અને તેઓ **વચનના દેશમાં** જઈ રહ્યા હતા!
- **14:1** ઈશ્વરે ઇઝરાયલીઓને પોતાના તેઓની સાથેના કરારના ભાગરૂપે જે નિયમો તેઓ ઇચ્છતા હતા કે ઇઝરાયલીઓ પાળે તે જણાવ્યા બાદ, ઈશ્વરે તેઓને સિનાઇ પહાડથી **વચનના દેશ** તરફ એટલે કે જેને કનાન પણ કહેવાય છે તે તરફ દોરવાનું શરૂ કર્યું.
- **14:2** ઈશ્વરે ઇબ્રાહિમ, ઇસહાક તથા યાકૂબને વચન આપ્યું હતું કે તેઓ તેમના વંશજોને **વચનનો દેશ** આપશે, પણ હમણાં તો ત્યાં ઘણી લોકજાતિઓ રહેતી હતી.
- **14:14** પછી ઈશ્વરે લોકોને ફરીથી **વચનના દેશની** સરહદ સુધી દોર્યા.
- **15:2** ઇઝરાયલીઓને **વચનના દેશમાં** પ્રવેશવા યર્દન નદી પાર કરવાની હતી.
- **15:12** આ યુદ્ધ પછી, ઈશ્વરે ઇઝરાયલના દરેક કુળને **વચનના દેશનો** તેમનો પોતાનો ભાગ આપ્યો.
- **20:9** જ્યારે ઈશ્વરના લોકોને **વચનનો દેશ** છોડવા ફરજ પાડવામાં આવી તે સમયગાળાને દેશનિકાલ કહેવામાં આવે છે.

## શબ્દ માહિતી:

- Strong's: H776, H3068, H3423, H5159, H5414, H7650

# વડીલ, વડીલો

## વ્યાખ્યા:

વડીલ વ્યક્તિ તે છે કે જે સ્થાનિક મંડળીમાં સાથી વિશ્વાસીઓને સાથે વ્યવહારુ જરૂરીયાતો, જેવી કે ખોરાક અથવા પૈસાની મદદ કરીને સેવા આપે છે.

- "વડીલ" શબ્દ સીધો જ ગ્રીક શબ્દમાંથી લેવાયો છે જેનો અર્થ, "સેવક" અથવા "કારભારી" થાય છે.
- શરૂઆત ખ્રિસ્તીઓના સમયથી માંડીને વડીલની ભૂમિકા અને સેવા મંડળીમાં વિશિષ્ટ અને સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે.
- ઉદાહરણ તરીકે, નવા કરારમાં વિશ્વાસીઓ જે કઈ પૈસા અથવા ખાદ્ય સામગ્રી આપતા તેનું વિતરણ સારી રીતે અને નીતિથી વિધવાઓને થાય તેનું વડીલો ધ્યાન આપતા.
- "વડીલ" શબ્દનું ભાષાંતર, "મંડળીનો સેવક" અથવા "મંડળીનો કાર્યકર" અથવા "મંડળીનો ચાકર," અથવા અન્ય કેટલાક શબ્દસમૂહ કે જે બતાવે છે કે તે વ્યક્તિની ઔપચારિક રીતે નિમણુક આપવામાં આવતી, જેથી તે ચોક્કસ કાર્યો કરે, જેનાથી સ્થાનિક ખ્રિસ્તી સમાજને ફાયદો થાય.

(આ પણ જુઓ: સેવક, ચાકર)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 3:8-10
- 1 તિમોથી 3:11-13
- ફિલિપ્પી 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G1249

# વધસ્તંભ

## વ્યાખ્યા:

બાઈબલના સમયમાં, વધસ્તંભ એ એક જમીનમાં ઉભું કરેલું લાકડું, જેની ઉપરની ટોચના આડા લાકડા સાથે મોભથી જોડાયેલું હતું.

- રોમન સામ્રાજ્યના સમય દરમ્યાન, રોમન સરકાર ગુનેગારોને મારી નાખવા માટે તેઓને વધસ્તંભે બાંધીને અથવા ખીલાથી જડીને મરવા માટે ત્યાં છોડી દેતા.
- ઈસુએ જે ગુનાઓ કર્યા નહોતા તેવા ખોટા તહોમત તેમના પર લગાવામાં આવ્યા અને રોમનોએ તેમને વધસ્તંભ ઉપર મારી નાખ્યા.

ધ્યાનમાં રાખો કે, આ શબ્દ ક્રિયાપદ "પાર જવું" (ક્રોસ કરવું) તે શબ્દથી સંપૂર્ણપણે અલગ છે કે જેનો અર્થ, જેમકે નદી અથવા સરોવરની પેલે પાર જવું.

## ભાષાંતરના સૂચનો:

- લક્ષ્ય ભાષામાં આ શબ્દનું ભાષાંતર એવી રીતે કરવું કે જે એક ચોકડી આકારના (ક્રૂસ/વધસ્તંભને) દર્શાવે છે. ધ્યાન રાખો કે વધસ્તંભનું વર્ણન એવી વસ્તુથી કરવું કે જે પર લોકોને જડીને મારી નાખવા માટે વાપરવામાં આવતા, જેના માટે "દેહાંતદંડનો થાંભલો" અથવા "વૃક્ષના લાકડા પરનું મૃત્યુ" એવા શબ્દસમૂહનો ઉપયોગ કરવો.
- એ પણ ધ્યાનમાં રાખો કે બાઈબલના આ શબ્દનું ભાષાંતર સ્થાનિક અથવા રાષ્ટ્રીય ભાષામાં કેવી રીતે થયું છે.

(જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: વધસ્તંભે જડવું, રોમ)

## બાઈબલની કલમો:

- 1કરિંથી 1:17
- કલોસ્સી 2:13-15
- ગલાતી 6:11-13
- યોહાન 19:17-18
- લૂક 9:23-25
- લૂક 23:26
- માથ્થી 10:37-39
- ફિલિપ્પી 2:5-8

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **40:1** ઈસુની મશ્કરી કર્યા પછી સિપાઈઓ, તેને વધસ્તંભે જડવા સારું દૂર લઈ ગયા.

તેઓએ જે **વધસ્તંભ** પર તેનું મૃત્યુ થવાનું હતું તે તેને ઉંચકાવ્યો.

- **40:2** સિપાઈઓ ઈસુને "ખોપડી" નામની જગ્યાએ લાવ્યા અને વધસ્તંભ પર તેના હાથો અને પગો ખીલાથી જડ્યા.
- **40:5** યહૂદી આગેવાનો અને ટોળામાંના લોકોએ ઈસુની મશ્કરી કરી.

તેઓએ તેને કહ્યું , "જો તું દેવનો દીકરો હોય તો, "**વધસ્તંભ** પરથી નીચે ઉતરી આવ અને પોતાને બચાવ! પછી અમે તને માનીશું.

- **49:10** જયારે ઈસુ **વધસ્તંભ** પર મૃત્યુ પામ્યા, ત્યારે તેણે તમારી સજા સ્વીકારી.
- **49:12** તમારે અવશ્ય માનવું જોઈએ કે ઈસુ દેવનો દીકરો છે, કે જે તમારે બદલે **વધસ્તંભ** પર મૃત્યુ પામ્યો છે, અને દેવે તેને ફરીથી સજીવન કર્યો છે.

## શબ્દ માહિતી:

- Strong's: G4716

# વધસ્તંભે જડવું, વધસ્તંભે જડી દીધો

## વ્યાખ્યા:

“વધસ્તંભે જડવું” તેનો અર્થ, કોઈકને વધસ્તંભ પર જડી અને મહાન દુઃખ ભોગવવા અને મરવા છોડી દઈને સજા કરવી.

- દોષિત વ્યક્તિને વધસ્તંભે બાંધવામાં અથવા ખીલા દ્વારા જડી દેવામાં આવતો.

વધસ્તંભે જડેલા લોકો લોહી ઓછું થવાથી અથવા ગૂંગળામણથી મૃત્યુ પામતા.

- પ્રાચીન રોમન સામ્રાજ્યમાં મોટેભાગે આ દેહાંતદંડ પદ્ધતિનો ઉપયોગ જેઓ ભયંકર ગુનેગારો હતા અથવા તેમના સરકારના અધિકારની વિરુદ્ધ બળવો કર્યો હોય તેવા લોકોને સજા કરીને મારી નાખવા માટે ઉપયોગ કરતા હતા.
- યહૂદી ધાર્મિક આગેવાનોએ રોમન રાજ્યપાલને તેના સિપાઈ દ્વારા ઈસુને વધસ્તંભે જડવા આદેશ આપવા માંગણી કરી.

સિપાઈઓ એ ઈસુને વધસ્તંભે જડ્યો. તેણે ત્યાં છ કલાક પીડા સહન કરી અને પછી તે મૃત્યુ પામ્યો.

## ભાષાંતરના સૂચનો:

- “વધસ્તંભે જડવું: શબ્દનું ભાષાંતર “વધસ્તંભ ઉપર મારી નાખવો” અથવા “ખીલા મારીને વધસ્તંભ દ્વારા મારી નાખવું” એમ કરી શકાય છે.

(આ પણ જુઓ: વધસ્તંભ, રોમ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 2:22-24
- ગલાતી 2:20-21
- લૂક 23:20-22
- લૂક 23:33-34
- માથ્થી 20:17-19
- માથ્થી 27:23-24

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **39:11** યહૂદી આગેવાનો અને ટોળાએ બૂમો પાડી કે, તેને (ઈસુ)ને **વધસ્તંભે** જડો!”
- **39:12** પિલાત ભયભીત થયો કે લોકોનું ટોળું હુલ્લડ શરૂ કરશે, જેથી તેણે તેના સિપાઈઓને ઈસુને **વધસ્તંભે જડવા** આદેશ આપ્યો, તેણે ઈસુ ખ્રિસ્તના ક્રૂસારોહણમાં મહત્વનો ભાગ ભજવ્યો.
- **40:1** સિપાઈઓએ ઈસુની મશ્કરી કર્યા પછી, તેઓ તેને **વધસ્તંભે જડવા** દૂર દોરી ગયા. જેના પર તેનું મૃત્યુ થવાનું હતું તે વધસ્તંભ તેઓએ તેની પાસે ઉંચકાવ્યો.
- **40:4** ઈસુને બે લૂંટારાઓની વચ્ચે **વધસ્તંભે** જડ્યો હતો.
- **43:6** “ઈઝરાએલના માણસો, ઈસુ માણસ હતો કે જેણે દેવના સામર્થ્ય દ્વારા ઘણા શક્તિશાળી ચીહ્નો અને ચમત્કારો કર્યા, જે તમે અગાઉથી જાણો છો અને જોયા છે. તોપણ તમે તેને **વધસ્તંભે** જડ્યો.”
- **43:9**”તમે આ માણસ, ઈસુને **વધસ્તંભે જડી દીધો**”
- **44:8** પિતરે તેઓને જવાબ આપ્યો, “આ માણસ જે તમારી આગળ ઊભો છે તે ઈસુ મસીહના સામર્થ્ય દ્વારા સાજો થયો છે. તમે ઈસુને **વધસ્તંભે જડ્યો**, પણ દેવે તેને ફરીથી સજીવન કર્યો છે!”

## શબ્દ માહિતી:

- Strong's: G388, G4362, G4717, G4957

# વફાદાર (વિશ્વાસુ), વિશ્વસનીય, વિશ્વાસપાત્ર, અવિશ્વાસુ, બેવફાઈ

## વ્યાખ્યા:

ઈશ્વરને "વફાદાર" હોવું તેનો અર્થ, સતત ઈશ્વરના શિક્ષણ પ્રમાણે જીવવું. તેનો અર્થ આજ્ઞાપાલન દ્વારા તેમને "વફાદાર" રહેવું. "વિશ્વાસુપણું" એ "વફાદાર" હોવાની સ્થિતિ છે.

- વ્યક્તિ કે જે વિશ્વાસુ હોય છે, તે હંમેશા તેના વચનો પાળવામાં વિશ્વસનીય હોઈ શકે છે અને હંમેશા બીજા લોકો માટેની તેની જવાબદારીઓ પરિપૂર્ણ કરે છે.
- જયારે કાર્ય લાંબુ અને મુશ્કેલ હોય, ત્યારે પણ વિશ્વાસુ વ્યક્તિ ધૈર્ય (ખંત) રાખે છે.
- ઈશ્વર પ્રત્યે વિશ્વાસુપણું રહેવું એટલે, ઈશ્વર આપણી પાસે જે કરાવવા માંગે છે તેમાં સતત રીતે લાગ્યા રહેવું.
- "અવિશ્વાસુ" શબ્દ એવા લોકોનું વર્ણન કરે છે કે જેઓ ઈશ્વરની આજ્ઞા પ્રમાણે કરતા નથી. "અવિશ્વાસુ" હોવાની સ્થિતિ અથવા રીત જેને "બેવફાઈ" (અવિશ્વાસુપણું) કહી શકાય છે.
- જયારે ઈઝરાએલના લોકોએ અન્ય રીતે ઈશ્વરનો અનાદર કર્યો અને મૂર્તિઓની પૂજા કરવાની શરૂઆત કરી ત્યારે તેઓ "અવિશ્વાસુ" કહેવાયા હતા.
- લગ્નમાં, કોઈ કે જે વ્યભિચાર કરે છે તે તેના અથવા તેણીના પતિ અથવા પત્નીને "અવિશ્વાસુ" છે.
- "બેવફાઈ" શબ્દ, ઈશ્વરે ઈઝરાએલના આજ્ઞાભંગના વર્તનને વર્ણવવા માટે વાપર્યો છે. તેઓ ઈશ્વરની આજ્ઞાઓ પાળતા નહોતા, અને તેમને માન આપતા નહોતા.

## ભાષાંતરના સૂચનો:

- ઘણા સંદર્ભોમાં, "વિશ્વાસુ" શબ્દનું ભાષાંતર, "વફાદાર" અથવા "સમર્પિત" અથવા "વિશ્વસનીય," તરીકે કરી શકાય છે.
- બીજા સંદર્ભોમાં, "વિશ્વાસુ" શબ્દનું ભાષાંતર શબ્દ અથવા શબ્દસમૂહ દ્વારા કરી શકાય કે જેનો અર્થ, "માનવાનું ચાલુ રાખવું" અથવા "માનવામાં અને આજ્ઞા પાડવામાં લાગુ રહેવું," તરીકે પણ (ભાષાંતર) કરી શકાય છે.
- "વિશ્વાસુપણું" શબ્દના ભાષાંતરમાં, "માનવામાં લાગુ રહેવું" અથવા "વફાદારી" અથવા "વિશ્વસનીયતા" અથવા "ઈશ્વરની આજ્ઞા માનવી અને પાળવી," એવા શબ્દો સામેલ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "અવિશ્વાસુ" શબ્દનું ભાષાંતર, "વિશ્વાસુ નથી" અથવા "અવિશ્વાસી" અથવા "આજ્ઞાકારી નથી" અથવા "વફાદાર નથી," તરીકે કરી શકાય છે.
- "અવિશ્વાસુ" શબ્દસમૂહનું ભાષાંતર, "લોકો કે જેઓ (ઈશ્વરને) વિશ્વાસુ નથી" અથવા "અવિશ્વાસુ લોકો" અથવા "લોકો કે જે ઈશ્વરનો અનાદર કરે છે" અથવા "લોકો કે જેઓ ઈશ્વરની વિરુદ્ધ બળવાખોર છે," તરીકે કરી શકાય છે.
- "બેવફાઈ" શબ્દનું ભાષાંતર, "આજ્ઞાભંગ" અથવા "બેવફાઈ" અથવા "વિશ્વાસ અથવા આજ્ઞા ન પાળવી," તરીકે કરી શકાય છે.
- કેટલીક ભાષાઓમાં, "અવિશ્વાસુ" શબ્દ "અવિશ્વાસ" શબ્દ માટે સંબંધિત છે

(આ પણ જુઓ: વ્યભિચાર, માનવું, અનાદર, વિશ્વાસ, વિશ્વાસ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 24:49
- લેવીય 26:40-42
- ગણના 12:6-8
- યહોશુઆ 2:14
- ન્યાયાધીશો 2:16-17
- 1 શમુએલ 2:9
- ગીતશાસ્ત્ર 12:1
- નીતિવચન 11:12-13
- યશાયા 1:26
- યર્મિયા 9:7-9
- હોશિયા 5:5-7
- લૂક 12:45-46
- લૂક 16:10-12
- કલોસ્સી 1:7-8
- 1થેસ્સલોનિકી 5:23-24
- 3 યોહાન 1:5-8

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **8:5** કેદમાં પણ, યૂસફ ઈશ્વરને **વિશ્વાસુ** રહ્યો, અને ઈશ્વરે તેને આશીર્વાદ આપ્યો.
- **14:12** તેથી, હજુ પણ ઈશ્વર તેમના વચનો માટે ઈબ્રાહિમ, ઈસહાક, અને યાકૂબને **વિશ્વાસુ** હતા.
- **15:13** લોકોએ ઈશ્વરને **વિશ્વાસુ** રહેવા અને તેમના નિયમોને અનુસરવા વચન આપ્યું.
- **17:9** દાઉદે ઘણા વર્ષો માટે ન્યાય અને **વિશ્વાસુ પણા** સાથે રાજ્ય કર્યું, અને ઈશ્વરે તેને આશીર્વાદિત કર્યો. જો કે, તેના જીવનના પાછલા ભાગમાં તેણે ઈશ્વરની વિરુદ્ધ ભયંકર પાપ કર્યું.
- **18:4** ઈશ્વર સુલેમાન પર ગુસ્સે હતા, અને સુલેમાંનના **અવિશ્વાસુ પણા** ની સજા તરીકે, તેમણે સુલેમાંનના મરણ પછી ઈઝરાએલ રાષ્ટ્રના બે ભાગ કરવાનું વચન આપ્યું.
- **35:12** મોટા દીકરાએ તેના પિતાને કહ્યું, આ સઘળા વર્ષોમાં મેં **વિશ્વાસુ** રીતે તારા માટે કામ કર્યું છે!"
- **49:17** પણ ઈશ્વર **વિશ્વાસુ** છે અને કહે છે કે જો તમે તમારા પાપો કબૂલ કરો તો, તે તમને માફ કરશે.
- **50:4** જો અંત સુધી તમે મને **વિશ્વાસુ** રહેશો, તો પછી ઈશ્વર તમને બચાવશે.

## શબ્દ માહિતી:

- Strong's: H529, H530, H539, H540, H571, H898, H2181, H4603, H4604, H4820, G569, G571, G4103

# વહાણ

## વ્યાખ્યા:

“વહાણ” શબ્દનો શાબ્દિક અર્થ દર્શાવે છે કે, લંબચોરસ લાકડાનું ખોખું કે જેમાં કાંઈક રાખી શકાય અથવા તેમાં રક્ષણ થઈ શકે. વહાણ નાનું કે મોટું હોઈ શકે, તે તેના ઉપયોગ પર આધારિત છે. અંગ્રેજી બાઈબલમાં, પ્રથમવાર “વહાણ” શબ્દ બહુ મોટા લંબચોરસ, કે જે વિશ્વભરના જળપ્રલયથી બચવા નુહે બાંધેલી લાકડાંની નાવ એમ દર્શાવે છે વહાણનું તળિયું, છત, અને દિવાલો સીધા હતા. આ શબ્દનું ભાષાંતર “ખુબ મોટી નાવ” અથવા “સપાટ તળિયા વાળી માલવાહક નૌકા” અથવા “નૌકાભાર” અથવા “મોટી, ખોખા આકારની નાવ” થઇ શકે છે.

- આ હિબ્રુ શબ્દ કે જે આ વિશાળ નાવ માટે વપરાયો છે તેજ શબ્દ પેટી અથવા ખોખું માટે વપરાયો છે અથવા પેટી કે જેમાં બાળક મૂસાને તેની માતાએ નાઈલ નદીમાં સંતાડવા ઉપયોગ કર્યો હતો.

આ કિસ્સામાં સામાન્ય રીતે તેનું ભાષાંતર “પેટી” થઇ શકે છે.

- “કરારકોશ” શબ્દમાં “કોશ” માટે જુદો જ હિબ્રુ શબ્દનો ઉપયોગ કરાયો છે.

તેનું ભાષાંતર “ખોખું” અથવા “પેટી” અથવા “ડબ્બો” થઇ શકે છે.

- જયારે આ શબ્દ “વહાણ” ભાષાંતર કરવા પસંદ કરીએ, ત્યારે તેનો ઉપયોગ કયા સંદર્ભમાં થયો છે તે સમજવું અગત્યનું છે.

(આપણ જુઓ: કરારકોશ, પેટી)

## બાઈબલની કલમો:

- 1 પિતર 3:18-20
- નિર્ગમન 16:33-36
- નિર્ગમન 30:5-6
- ઉત્પત્તિ 8:4-5
- લૂક 17:25-27
- માથ્થી 24:37-39

## શબ્દ માહિતી:

- Strong's: H727, H8392, G2787

# વારસો મેળવવો, વારસો, ધરોહર, વારસદાર

### વ્યાખ્યા:

"વારસો મેળવવો" શબ્દ દર્શાવે છે કે માબાપ અથવા બીજીકોઈ વ્યક્તિ સાથેના ખાસ સંબંધને કારણે, અન્ય વ્યક્તિ દ્વારા કંઈક કિંમતી વસ્તુ પ્રાપ્ત કરવી. જે મેળવેલું છે તે "વારસો" છે.

- ભૌતિક વારસો કે જે કદાચ પૈસા, જમીન, અથવા બીજા પ્રકારની મિલકતના રૂપમાં મેળવવામાં આવે છે.
- આત્મિક વારસો, જેમાં બધું જ જેમકે હાલના જીવનના આશીર્વાદો, તેમજ તેની સાથે અનંતજીવન જે દેવ ઈસુમાં વિશ્વાસ કરવાથી લોકોને આપે છે.
- બાઈબલ પણ કહે છે કે દેવના લોકો તેનો વારસો છે, જેનો અર્થ એમ કે તેઓ તેના છે; તેઓ તેની કિંમતી મિલકત છે.
- દેવે ઈબ્રાહિમ અને તેના વંશજોને વચન આપ્યું કે તેઓ કનાનની ભૂમિનો વારસો પામશે, કે જે સદા માટે તેઓની થશે.
- અહીં રૂપકાત્મક અથવા આત્મિક અર્થમાં જે લોકો દેવના છે તેઓ "જમીનનો વારસો પામશે" તેમ પણ કહેવામાં આવ્યું છે.

આ બાબતનો અર્થ એમકે તેઓ દેવ દ્વારા ભૌતિક અને આત્મિક રીતે આબાદ અને આશીર્વાદિત થશે.

- નવા કરારમાં, દેવે વચન આપ્યું છે કે જેઓ ઈસુમાં વિશ્વાસ કરશે તેઓને "તારણનો વારસો" અને "અનંતજીવનનો વારસો" મળશે.

તેને "દેવના રાજયના વારસા" તરીકે પણ વ્યક્ત કરવામાં આવ્યું છે. આ આત્મિક વારસો છે જે સદાકાળ ટકે છે.

- આ શબ્દો માટેના બીજા રૂપકાત્મક અર્થો છે:
- બાઈબલ કહે છે કે જ્ઞાની લોકો "મહિમાનો વારસો" પામશે અને ન્યાયી લોકો "સારી બાબતોનો વારસો" પામશે.
- "વચનોનો વારસો પામવો" તેનો અર્થ સારી બાબતોને પ્રાપ્ત કરવી કે જે દેવે તેના લોકોને આપવાનું વચન આપ્યું છે.
- આ શબ્દને મૂર્ખ અને આજ્ઞા ન માનનારા લોકો કે જેઓ "પવનનો વારસો" અથવા "મૂર્ખાઈનો વારસો" પામનાર છે, તેવા નકારાત્મક અર્થમાં પણ આ (શબ્દને) વાપરવામાં આવ્યો છે.

આ બાબતનો અર્થ એમ કે તેઓને તેઓના પાપી કાર્યોને કારણે સજા અને નકામા જીવનનું પરિણામ પ્રાપ્ત કરશે.

## ભાષાંતરના સૂચનો:

- હંમેશા ધ્યાન રાખો કે લક્ષ ભાષામાં, શબ્દો જેવા કે, વારસો અથવા ઉત્તરાધિકાર પહેલેથી જ હોય તો તેવા શબ્દોનો ઉપયોગ કરો.
- સંદર્ભ પર આધાર રાખીને, "વારસો" શબ્દનું વિવિધ રીતે ભાષાંતર કરવામાં આવે તો તેમાં, "પ્રાપ્ત" અથવા "ધરાવે છે" અથવા "વારસામાં આવવું" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- "વારસો" શબ્દના ભાષાંતરમાં, "વચનની ભેટ" અથવા "સુરક્ષિત વારસો" જેવા (શબ્દોનો) સમાવેશ કરી શકાય છે.
- જયારે દેવના લોકોને તેના વારસા તરીકે દર્શાવવામાં આવ્યા છે ત્યારે તેનું ભાષાંતર, "કિંમતી લોકો જે તેના પોતાના છે" તરીકે કરી શકાય છે.
- "વારસદાર" શબ્દનું ભાષાંતર શબ્દ અથવા શબ્દસમૂહ વડે કરી શકાય જેનો અર્થ, "વિશેષાધિકૃત બાળક કે જે પિતાનો વારસો મેળવે છે" અથવા "વ્યક્તિ કે જેને (દેવના) આત્મિક વારસા અથવા આશીર્વાદો માટે પસંદ કરવામાં આવ્યો છે."
- "ધરોહર" શબ્દનું ભાષાંતર, "દેવ તરફથી આશીર્વાદ" અથવા "વારસાગત આશીર્વાદો" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: વારસદાર, કનાન, વચનની ભૂમિ)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 6:9-11
- 1 પિતર 1:3-5
- 2 શમુએલ 21:2-3
- પ્રેરિતો 7:4-5
- પુનર્નિયમ 20:16-18
- ગલાતી 5:19-21
- ઉત્પત્તિ 15:6-8
- હિબ્રૂ 9:13-15
- યર્મિયા 2:7-8
- લૂક 15:11-12
- માથ્થી 19:29-30
- ગીતશાસ્ત્ર 79:1-3

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **4:6** જયારે ઈબ્રાહિમ કનાનમાં પહોંચ્યો ત્યારે દેવે કહ્યું, "તારી આસપાસ નજર નાખીને સઘળું જો. જે તું જુએ છે તે બધી જમીન હું તને અને તારા વંશજોને **વારસા** તરીકે આપીશ."
- **27:1** એક દિવસે, એક યહૂદી કાયદાનો નિષ્ણાત ઈસુ પાસે તેની પરીક્ષા કરવા આવ્યો, કહ્યું કે, "ગુરુજી, અનંતજીવનનો **વારસો** પામવા મારે શું કરવું."
- **35:3** "એક માણસ હતો જેને બે દીકરા હતા. નાના દીકરાએ તેના પિતાને કહ્યું, 'પિતા, હમણાં જ મારે મારો **વારસો** જોઈએ છે! જેથી પિતાએ તેની મિલકત બે દીકરાઓની વચ્ચે વિભાજીત કરી."

## શબ્દ માહિતી:

- Strong's: H2490, H2506, H3423, H3425, H4181, H5157, H5159, G2816, G2817, G2819, G2820

# વિદેશી, વિદેશીઓ

## સત્યો:

“વિદેશી” શબ્દ કોઈ પણ કે જે યહૂદી નથી, તેને દર્શાવે છે. વિદેશીઓ એ લોકો હતા કે જેઓ યાકૂબના વંશજો નહોતા.

- બાઇબલમાં, રૂપકાત્મક રીતે “બેસુન્ન્ત” શબ્દ પણ વિદેશીઓને દર્શાવે છે, કારણ કે જે રીતે ઈઝરાએલીઓએ કર્યું તે રીતે તેઓમાંના ઘણાએ તેઓના નર બાળકોની સુન્નત કરી ન હતી.
- કારણ કે ઈશ્વરે યહૂદીઓને તેના ખાસ લોક થવા સારું પસંદ કર્યા હતા, જેથી તેઓએ વિદેશીઓને બહારના તરીકે ગણ્યા કે તેઓ ક્યારેય ઈશ્વરના લોકો બની શકે નહીં.
- ઈતિહાસના અલગ અલગ સમયોમાં યહૂદીઓને “ઈઝરાએલીઓ” અથવા “હિબ્રૂઓ” પણ કહેવામાં આવ્યા હતા. તેઓએ બીજા દરેકને “વિદેશી” તરીકે ઓળખ્યા.
- વિદેશીનું ભાષાંતર, “યહૂદી નહિ” અથવા બિન-યહૂદીઓ” અથવા “એક કે જે ઈઝરાએલી નથી” (જૂના કરારમાં) અથવા “બિન યહૂદી” તરીકે પણ કરી શકાય છે.
- પરંપરાગત રીતે યહૂદીઓ વિદેશીઓ સાથે ખાતા અથવા સંબંધ રાખતા નહોતા, કે જેને કારણે શરૂઆતની મંડળીની અંદર સમસ્યાઓ થઈ હતી.

*

*

(આ પણ જુઓ: ઈઝરાએલ, યાકૂબ, યહૂદી)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 9:13-16
- પ્રેરિતો 14:5-7
- ગલાતી 2:15-16
- લૂક 2:30-32
- માથ્થી 5:46-48
- માથ્થી 6:5-7
- રોમન 11:25

## શબ્દ માહિતી:

- Strong's: H1471, G1482, G1484, G1672

# વિલાપ કરવો, વિલાપ કરે છે, વિલાપ

## વ્યાખ્યા:

"વિલાપ કરવો" અને "વિલાપ" શબ્દો ભારે શોક, દુ:ખ કે વ્યથાની અભિવ્યક્તિનો ઉલ્લેખ કરે છે.

- કેટલીકવાર તે પાપ માટે ઊંડા ખેદનો, અથવા જે લોકોએ આપત્તિનો અનુભવ કર્યો છે તેઓ માટે અનુકંપાનો સમાવેશ કરે છે.
- વિલાપ શારીરિક કે માનસિક વેદના, રડવાનો, કે રૂદનનો સમાવેશ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "વિલાપ કરવો" શબ્દનું અનુવાદ "ઊંડો શોક" અથવા "દુ:ખમાં રૂદન" અથવા "દુ:ખદાયી" એમ કરી શકાય.
- "વિલાપ" (અથવા "વિલાપ કરવો") નું અનુવાદ "જોરથી રૂદન કે રડવું" અથવા "ઊંડું દુ:ખ" અથવા "દુ:ખદાયી રોષ" અથવા "ખેદકારક વિલાપ" એમ કરી શકાય.

## બાઈબલના સંદર્ભો:

- આમોસ 8:9-10
- હઝકિયેલ 22:17-19
- અયુબ 27:15-17
- યર્મિયાનો વિલાપ 2:5-6
- યર્મિયાનો વિલાપ 2:8-9
- મીખાહ 2:3-5
- ગીતશાસ્ત્ર 102:1-2
- ઝખાર્યા 11:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H56, H421, H578, H592, H1058, H4553, H5091, H5092, H5594, H6088, H6969, H7015, H8567, G2354, G2355, G2870, G2875

# વિશ્રામવાર

## વ્યાખ્યા:

"વિશ્રામવાર" શબ્દ અઠવાડિયાના સાતમા દિવસનો ઉલ્લેખ કરે છે, કે જેને ઈશ્વરે ઇઝરાયેલીઓ માટે આરામના દિવસ અને કોઈ કામ ન કરવાં તરીકે અલગ કરવાં ફરમાવ્યો હતો.

- ઈશ્વરે છ દિવસમાં સૃષ્ટિનું સર્જન પૂર્ણ કર્યા પછી, સાતમા દિવસે તેમણે આરામ કર્યો.

તે જ પ્રમાણે, સાતમા દિવસને આરામના અને ઈશ્વરની આરાધના કરવાના ખાસ દિવસ તરીકે અલગ કરવાં તેમણે ઈઝરાયેલીઓને આજ્ઞા આપી હતી.

- "સાબ્બાથ દિન પવિત્ર પાળવો" એ આજ્ઞા દસ આજ્ઞાઓમાંની એક આજ્ઞા છે કે જે ઈશ્વરે શિલાપાટીઓ પર લખી હતી કે જે તેમણે મુસાને ઈઝરાયેલીઓ માટે આપી હતી.
- યહૂદી પદ્ધતિ પ્રમાણે દિવસોની ગણતરી, સાબ્બાથની શરૂઆત શુક્રવારના સુર્યાસ્તથી થતી અને શનિવારના સુર્યાસ્ત સુધી રહેતી.
- ઘણીવાર બાઈબલમાં સાબ્બાથને માત્ર સાબ્બાથને બદલે "વિશ્રામવાર" કહેવામાં આવ્યું છે.

## અનુવાદ માટેના સૂચનો:

- તેનો "આરામનો દિવસ" અથવા "આરામ માટેનો દિવસ" અથવા "કામ ન કરવાનો દિવસ" અથવા "ઈશ્વરનો આરામનો દિવસ" તરીકે પણ અનુવાદ કરી શકાય.
- કેટલાંક અનુવાદોમાં આ શબ્દને તે ખાસ દિવસ છે માટે મોટાં અક્ષરોમાં બતાવવામાં આવે છે, "વિશ્રામવાર" અથવા "આરામનો દિવસ" આ પ્રમાણે.
- આ શબ્દનો અનુવાદ સ્થાનિક અને રાષ્ટ્રીય ભાષામાં કેવી રીતે કરવામાં આવ્યો છે તે ધ્યાનમાં લો.

(આ પણ જુઓ: કેવી રીતે અજ્ઞાતનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: આરામ)

## બાઈબલના સંદર્ભો:

- 2 કાળુવૃતાંત 31:2-3
- પ્રેરીતોના કૃત્યો 13:26-27
- નિર્ગમન 31:12-15
- યશાયા 56: 6-7
- યર્મિયાનો વિલાપ 2: 5-6
- લેવીય 19: 1-4
- લૂક 13: 12-14
- માર્ક 2: 27-28
- માથ્થી 12: 1-2
- નહેમ્યા 10: 32-33

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **13:5** હંમેશા ચોક્કસ રહો **વિશ્રામવાર** પવિત્ર પાળવાને માટે. એટલે કે, તમારું બધું જ કામ છ દિવસમાં કરો, સાતમો દિવસ તમારાં માટે આરામનો અને મને માન આપવાનો દિવસ છે.
- **26:2** ઈસુ નાઝરેથ શહેરમાં ગયાં જ્યાં તેઓ તેમના બાળપણના દિવસો દરમિયાન ત્યાં રહ્યાં. વારે **વિશ્રામ**, તેઓ આરાધના માટેના સ્થળે ગયાં.
- **41:3** ઈસુને દફનાવવામાં આવ્યાં તે પછીનો દિવસ હતો **વિશ્રામ** વાર, અને તે દિવસે યહુદીઓને કબર પર જવાની પરવાનગી ન હતી.

## શબ્દ માહિતી:

- Strong's: H4868, H7676, H7677, G4315, G4521

# વિશ્વ, દુન્યવી/જગિક

## વ્યાખ્યા:

"વિશ્વ" શબ્દ સામાન્ય રીતે બ્રહ્માંડના ભાગને ઉલ્લેખ કરે છે જ્યાં લોકો રહે છે: પૃથ્વી. "દુન્યવી" શબ્દ આ જગતમાં રહેતા લોકોના દુષ્ટ મૂલ્યો અને વર્તણૂકોને દર્શાવે છે.

- મોટાભાગે સામાન્ય અર્થમાં, "વિશ્વ " શબ્દ સ્વર્ગમાં અને પૃથ્વીને, તેમજ તેમાંની દરેક વસ્તુનો ઉલ્લેખ કરે છે.
- ઘણા બધા સંદર્ભોમાં, "જગત" નો અર્થ "વિશ્વમાંના લોકો" થાય છે.
- કેટલીક વખત એવું સૂચિત છે કે આનો ઉલ્લેખ પૃથ્વી પરના દુષ્ટ લોકો અથવા જે લોકો ઈશ્વરને આધીન થતા નથી તે છે.
- આ જગતમાં રહેતા લોકોની સ્વાર્થી વર્તણૂક અને ભ્રષ્ટ મૂલ્યોનો ઉલ્લેખ કરવા માટે પ્રેરિતોએ "જગત"નો ઉપયોગ કર્યો હતો. આ માનવ પ્રયાસો પર આધારીત સ્વ-પ્રામાણિક ધાર્મિક પ્રથાઓનો સમાવેશ કરી શકે છે.
- આ મૂલ્યો દ્વારા વર્ગીકૃત લોકો અને વસ્તુઓને "દુન્યવી/જગિક" કહેવામાં આવે છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભને આધારે, "વિશ્વ"નું "બ્રહ્માંડ" અથવા "આ જગતના લોકો" અથવા "દુનિયાની ભ્રષ્ટ વસ્તુઓ" અથવા "દુનિયાના લોકોના દુષ્ટ વર્તન" તરીકે ભાષાંતર કરી શકાય છે.
- “સમગ્ર વિશ્વ/જગત“ શબ્દનો અર્થ "ઘણા લોકો" થાય છે અને તે ચોક્કસ પ્રદેશમાં રહેતા લોકોનો ઉલ્લેખ કરે છે. ઉદાહરણ તરીકે, "સમગ્ર વિશ્વ ઇજિપ્તમાં આવ્યું”નું ભાષાંતર, "આજુબાજુના દેશોમાંથી ઘણા લોકો ઇજિપ્તમાં આવ્યા" અથવા "ઇજિપ્તની આસપાસના બધા દેશોના લોકો ત્યાં આવ્યા" કરી શકાય છે.
- રોમન વસ્તી ગણતરીમાં નોંધાવવા આખું જગત તેમના વતનમાં ગયા” નું ભાષાંતર કરવાનો બીજો રસ્તો "રોમન સામ્રાજ્યના શાસન હેઠળના પ્રદેશોમાં રહેતા ઘણા લોકો ગયા ..."
- સંદર્ભના આધારે, "દુન્યવી/જગિક" શબ્દોનો અનુવાદ "દુષ્ટ" અથવા "પાપી" અથવા "સ્વાર્થી" અથવા "અધર્મી" અથવા "ભ્રષ્ટ" અથવા "આ દુનિયામાં લોકોના ભ્રષ્ટ મૂલ્યોથી પ્રેરાયેલ" થઈ શકે છે."
- “દુનિયામાં આ વાતો કહેતા" શબ્દનું ભાષાંતર "વિશ્વના લોકોને આ વાતો કહે છે."
- અન્ય સંદર્ભોમાં, "દુનિયામાં"નું ભાષાંતર "જગતના લોકોમાં વસવું" અથવા "અધર્મી લોકોમાં રહેવું" કરી શકાય છે.

(આ પણ જુઓ: ભ્રષ્ટ, સ્વર્ગ, રોમ, ઈશ્વરીય)

## બાઈબલના સંદર્ભો:

- 1 યોહાન 2:15-17
- 1 યોહાન 4:4-6
- 1 યોહાન 5:4-5
- યોહાન 1:29-31
- માથ્થી 13:36-39

## શબ્દ માહિતી:

- Strong's: H776, H2309, H2465, H5769, H8398, G1093, G2886, G2889, G3625

# વિશ્વાસ કરવો, વિશ્વાસી, માન્યતા, અવિશ્વાસી, અનાસ્થા/અશ્રદ્ધા

## વ્યાખ્યા:

"વિશ્વાસ કરવો" અને "તેમાં વિશ્વાસ રાખવો" આ શબ્દોમાં નજીકનો સંબંધ રહેલો છે, પણ તેના અર્થ થોડા અલગ થાય છે.

## 1. વિશ્વાસ કરવો

- કોઈ બાબત પર વિશ્વાસ કરવો એટલે તે સ્વીકારવું અથવા તે સાચું છે તેવો ભરોસો કરવો.
- કોઈકને માન્ય કરવું એટલે સ્વીકારવું કે જે તે વ્યક્તિએ કહ્યું છે તે સાચું છે.

## 2. તેમાં વિશ્વાસ રાખવો

- કોઈકમાં "વિશ્વાસ કરવો" એટલે કે તે વ્યક્તિ "પર ભરોસો કરવો." તેનો અર્થ થાય છે કે તે વ્યક્તિ જે કહે છે તે તે છે તેવો ભરોસો રાખવો, કે તે હંમેશા સત્ય કહે છે, અને તેણે જે વચન આપ્યું છે તે તે કરશે.
- જયારે વ્યક્તિ કોઈ બાબતમાં ખરેખર વિશ્વાસ રાખે છે, ત્યારે તે એ રીતે વર્તશે જે તેની માન્યતાને દર્શાવશે.
- "તેમાં વિશ્વાસ હોવો" તે વાક્યનો અર્થ સામાન્યપણે "તેમાં વિશ્વાસ કરવા" જેવો જ થાય છે.
- "ઈસુમાં વિશ્વાસ કરવો" એટલે કે તે ઈશ્વરના પુત્ર છે તેમ માનવું, કે જે સ્વયં ઈશ્વર છે જે માણસ પણ બન્યા અને આપણા પાપોના બલિદાન માટે મૃત્યુ પામી તેમણે કિંમત ચૂકવી. તેનો અર્થ છે કે તેમના પર તારનાર તરીકે વિશ્વાસ કરવો અને એવી રીતે જીવવું કે જે તેમને સન્માન આપે છે.

## 3. વિશ્વાસી

બાઈબલમાં, "વિશ્વાસી" શબ્દ એક એવા વ્યક્તિનો ઉલ્લેખ કરે છે જે ઈસુ ખ્રિસ્તમાં ઉદ્ધારક તરીકે  વિશ્વાસ રાખે છે અને આધારિત રહે છે.

- "વિશ્વાસી" શબ્દનો શાબ્દિક અર્થ, "વ્યક્તિ કે જે વિશ્વાસ કરે છે."
- "ખ્રિસ્તી" શબ્દ, સમયકાળે વિશ્વાસીઓ માટેનું મુખ્ય શીર્ષક બની ગયો કારણકે તે સૂચવે છે કે તેઓ ખ્રિસ્તમાં માને છે અને તેમના શિક્ષણને પાળે છે.

## 4. અવિશ્વાસ

"અવિશ્વાસ" શબ્દ દર્શાવે છે, કે કોઈક બાબતમાં અથવા કોઈક પર વિશ્વાસ ન કરવો.

- બાઈબલમાં "અવિશ્વાસ" શબ્દ દર્શાવે છે, કે ઈસુને પોતાના ઉદ્ધારક તરીકે ના માનવા અથવા તેવો વિશ્વાસ ના કરવો.
- જે વ્યક્તિ ઈસુ ખ્રિસ્તમાં માનતો નથી તેને "અવિશ્વાસી" કહેવામાં આવે છે.

## ભાષાંતરના સુચનો:

- "વિશ્વાસ કરવો" શબ્દનું ભાષાંતર, "સાચું હોવું તે જાણે છે" અથવા "ઉચિત હોવું તે જાણે છે" તરીકે કરી શકાય.
- "તેમાં માનવું" તે શબ્દનું ભાષાંતર, "સંપૂર્ણપણે ભરોસો કરવો" અથવા "ભરોસો રાખવો અને આધીન થવું" અથવા "સંપૂર્ણપણે આધાર રાખવો અને પાછળ ચાલવું," એમ થઈ શકે છે.
- કેટલાક ભાષાંતર "ઈસુમાં વિશ્વાસી" અથવા "ખ્રિસ્તમાં વિશ્વાસી" કહેવાની પસંદ કરી શકે છે.
- આ શબ્દનું ભાષાંતર, કોઈ એક શબ્દ અથવા શબ્દસમૂહ દ્વારા થઇ શકે છે જેનો અર્થ, "વ્યક્તિ કે જે ઈસુમાં વિશ્વાસ કરે છે" અથવા "કોઈક જે ઈસુને જાણે છે અને તેમના માટે જીવે છે."
- "વિશ્વાસી" શબ્દનું બીજું ભાષાંતર "ઈસુને અનુસરનાર" અથવા "વ્યક્તિ કે જે ઈસુને ઓળખે છે અને તેમને આધીન થાય છે" તેમ કરી શકાય.
- "વિશ્વાસી" શબ્દ, ખ્રિસ્તના દરેક વિશ્વાસી માટે સામાન્ય શબ્દ છે, જયારે "શિષ્ય" અને "પ્રેરિત" શબ્દ, વધુ ચોક્કસપણે ઈસુ જ્યારે પૃથ્વી પર જીવતા હતા અને જે લોકો તેમને ઓળખતા હતા, તેઓ માટે વપરાયો હતો. આ દરેક શબ્દનું અલગ અલગ રીતે ભાષાંતર કરવું સારું છે જેથી તેઓ વચ્ચેનું અંતર જળવાઈ રહે.
- "અવિશ્વાસ" શબ્દનું ભાષાંતર બીજી રીતે કરીએ તો, "વિશ્વાસનો અભાવ" અથવા "ન માનવું" તેમ થઇ શકે છે.
- "અવિશ્વાસી" શબ્દનું ભાષાંતર આ રીતે પણ કરી શકાય છે કે "વ્યક્તિ જે ઈસુમાં વિશ્વાસ કરતો નથી" અથવા "જે કોઈ ઈસુ પર તારનાર તરીકે ભરોસો કરતો નથી."

(આ પણ જુઓ: માનવું, પ્રેરિત, ખ્રિસ્તી, શિષ્ય, વિશ્વાસ, ભરોસો)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 15:6
- ઉત્પત્તિ 45:26
- અયૂબ 9:16-18
- હબ્બાકૂક 1:5-7
- માર્ક 6:4-6
- માર્ક 1:14-15
- લૂક 9:41
- યોહાન 1:12
- પ્રેરિતો 6:5
- પ્રેરિતો 9:42
- પ્રેરિતો 28:23-24
- રોમનો 3:3
- 1 કરંથીઓ 6:1
- 1 કરંથીઓ 9:5
- 2 કરંથીઓ 6:15
- હિબ્રુઓ 3:12
- 1 યોહાન 3:23

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **3:4** નૂહે આવનાર જળપ્રલય વિષે લોકોને ચેતવણી આપી અને તેઓને ઈશ્વર તરફ ફરવા કહ્યું, પણ તેઓએ તેનું **માન્યું** નહીં.
- **4:8** ઈબ્રાહિમે ઈશ્વરનું વચન **માન્યું**. ઈશ્વરે જાહેર કર્યું કે ઈબ્રાહિમ ન્યાયી હતો, કારણકે તેણે ઈશ્વરનું વચન **માન્યું**.
- **11:2** જે કોઈ તેમના પર **વિશ્વાસ** કરે છે, તેઓના પ્રથમજનિતને બચાવવા માટે ઈશ્વરે રસ્તો પૂરો પાડ્યો.
- **11:6** પણ મિસરીઓએ ઈશ્વરને અથવા તેમની આજ્ઞાઓને **માની** નહીં.
- **37:5** "ઈસુએ જવાબ આપ્યો, પુનરુત્થાન તથા જીવન હું જ છું. જે કોઈ મારામાં વિશ્વાસ કરે, જો કે તે મરી જાય તો પણ તે જીવશે. દરેક જણ કે જે મારામાં **વિશ્વાસ** કરે છે, તે કદી મરશે નહિ. શું તમે આ **માનો** છો?"
- **43:1** ઈસુ સ્વર્ગમાં પાછા ગયા પછી, ઈસુએ જેમ કરવાની શિષ્યોને આજ્ઞા આપી હતી તેમ તેઓ યરૂશાલેમમાં રહ્યા. ત્યાં **વિશ્વાસીઓ** સતત પ્રાર્થના કરવા માટે હંમેશા એકઠા થતા.
- **43:3** જયારે **વિશ્વાસીઓ** ભેગા થયા હતા ત્યારે એકાએક સખત પવન જેવા અવાજ સાથે, તેઓ જે ઘરમાં રહેતા હતા તે ભરાઈ ગયું. ત્યારબાદ તેઓમાંના દરેક **વિશ્વાસી** ના માથાં પર અગ્નિની જવાળા જેવું કાંઇક દેખાઈ આવ્યું.
- **43:13** દરરોજ વધુ લોકો **વિશ્વાસીઓની** બન્યા.
- **46:6** તે દિવસે યરૂશાલેમમાં ઘણાં લોકોએ ઈસુના અનુયાયીઓની સતાવણી કરવાની શરૂઆત કરી, તેથી **વિશ્વાસીઓ** અન્ય સ્થળોએ ભાગી ગયા. પરંતુ તેમ છતાં તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં તેઓએ ઈસુ વિશે પ્રચાર કર્યો.
- **46:1** શાઉલ એક યુવાન માણસ હતો કે જેણે સ્તેફનને મારી નાખનારના ઝભ્ભા (લૂગડાં) સાચવ્યા હતા. તેણે ઈસુ પર વિશ્વાસ કર્યો ન હતો, તેથી તેણે **વિશ્વાસીઓની** સતાવણી કરી.
- **46:9** અમુક **વિશ્વાસીઓ** જેઓ યરૂશાલેમની સતાવણીથી ભાગી ગયા હતા તેઓ અંત્યોખ સુધી દૂર ગયા અને તેઓએ ત્યાં ઈસુ વિશે પ્રચાર કર્યો. એતો અંત્યોખ હતું કે જ્યાં વિશ્વાસીઓ પ્રથમ "ખ્રિસ્તી" કહેવાયા.
- **47:14** તેઓએ મંડળીઓના **વિશ્વાસીઓને** પ્રોત્સાહન તથા શિક્ષણ આપવા માટે ઘણાં પત્રો લખ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H539, H540, G543, G544, G569, G570, G571, G3982, G4100, G4102, G4103, G4135

# વિશ્વાસ/શ્રદ્ધા

## વ્યાખ્યા:

"વિશ્વાસ" શબ્દ, સામાન્ય રીતે, કોઈક પર અથવા કોઈક બાબતમાં માન્યતા, ભરોસો અથવા તે સંબંધી આત્મવિશ્વાસને દર્શાવે છે.

- કોઈનામાં "વિશ્વાસ હોવો" એટલે, તે જે કહે છે અને કરે છે તે સાચું અને વિશ્વસનીય છે તેમ માનવું.
- "ઈસુમાં વિશ્વાસ હોવો" તેનો અર્થ, ઈશ્વરના ઈસુ વિશેના બધાજ શિક્ષણને માનવું. ખાસ કરીને તેનો અર્થ એમ કે લોકો ઈસુમાં વિશ્વાસ, અને તેના બલિદાન, જે તેઓને તેમના પાપથી શુદ્ધ કરે છે, અને તેઓના પાપને કારણે જે સજાને લાયક હતા, તેમાંથી તેઓને છોડાવે છે.
- ઈસુમાં સાચો વિશ્વાસ અથવા માન્યતા, વ્યક્તિને સારા આત્મિક ફળો અથવા સારું વર્તન કરવામાં મદદરૂપ થશે, કારણકે પવિત્ર આત્મા તેનામાં રહે છે.
- ક્યારેક "વિશ્વાસ" શબ્દ, સામાન્ય રીતે ઈસુ વિશેના સઘળા શિક્ષણને દર્શાવે છે, અને તેને "વિશ્વાસના સત્યો" તરીકે અભિવ્યક્તિ કરે છે.
- "વિશ્વાસ રાખવો" અથવા "વિશ્વાસ મૂકી દેવા," તેવા સંદર્ભમાં, "વિશ્વાસ" શબ્દ ઈસુ વિશેના સઘળા શિક્ષણમાં વિશ્વાસ કરવાની સ્થિતિને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- કેટલાક સદર્ભોમાં, "વિશ્વાસ" શબ્દનું ભાષાંતર, "માન્યતા" અથવા "પ્રતીતિ" અથવા "આત્મવિશ્વાસ" અથવા "ભરોસો" અથવા "શ્રદ્ધા" કરી શકાય છે.
- કેટલીક ભાષાઓ માટે આ શબ્દો ક્રિયાપદના સ્વરૂપમાં, જેમકે "વિશ્વાસ કરવો." તેમ વાપરવામાં આવતા હશે. (જુઓ: ભાવવાચક સંજ્ઞા)
- "વિશ્વાસ રાખો" તે અભિવ્યક્તિનું ભાષાંતર, "ઈસુમાં વિશ્વાસ રાખો" અથવા "ઈસુમાં માનવાનું ચાલુ રાખો," એમ કરી શકાય છે.
- આ વાક્ય, "તેઓ અવશ્ય વિશ્વાસના ઊંડા સત્યો પકડી રાખે" તેનું ભાષાંતર, "તેઓ ઈસુ વિશે ની સઘળી સાચી બાબતો છે કે જે તેઓને શીખવવામાં આવી છે તેમાં વિશ્વાસ રાખવાનું ચાલુ રાખે," એમ કરી શકાય છે.
- "વિશ્વાસમાં મારા સાચા દીકરા" અભિવ્યક્તિનું ભાષાંતર, "મારા જેવો દીકરો કોને છે કારણકે મેં તેને ઈસુમાં વિશ્વાસ કરવાનું શીખવ્યું છે" અથવા "મારા આત્મિક દીકરા, જે ઈસુમાં માને છે" એ પ્રમાણે (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: માનવું, વફાદાર)

## બાઈબલની કલમો:

- 2 તિમોથી 4:6-8
- પ્રેરિતો 6:7
- ગલાતી 2:20-21
- યાકૂબ 2:18-20

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **5:6** જયારે ઈસહાક જુવાન માણસ હતો, ત્યારે ઈશ્વરે ઈબ્રાહિમના **વિશ્વાસ** ની પરીક્ષા કરી એમ કહીને કે "ઈસહાક તારા એકના એક પુત્રને લઇ તું જા અને મને અર્પણ તરીકે તેને મારી નાખ."
- **31:7** પછી તેણે (ઈસુ) એ પિતરને કહ્યું, "ઓ **અલ્પવિશ્વાસી**, તેં સંદેહ કેમ રાખ્યો?"
- **32:16** ઈસુએ તેણીને કહ્યું, "તારા **વિશ્વાસે** તને સાજી કરી છે. શાંતિએ જા."
- **38:9** પછી ઈસુએ પિતરને કહ્યું, શેતાન તારું બધું જ માંગે છે, પણ પિતર, મેં તારા માટે પ્રાર્થના કરી, કે તારો **વિશ્વાસ** નિષ્ફળ ન જાય.

## શબ્દ માહિતી:

- Strong's: H529, H530, G1680, G3640, G4102, G6066

# વ્યભિચાર, વ્યભિચારી, વ્યભિચાર કરનાર, વ્યભિચારીણી, વ્યભિચારીઓ, લંપટો

## વ્યાખ્યા:

“વ્યભિચાર” શબ્દ એ પ્રકારનું પાપ દર્શાવે છે કે જયારે લગ્ન કરેલી વ્યક્તિ પોતાના પતિ કે પત્નીને છોડીને બીજા કોઈની સાથે જાતીય સબંધો રાખે. બન્ને વ્યભિચારના પાપ માટે દોષિત છે. “વ્યભિચારી” શબ્દ એ પ્રકારનું વર્તન દર્શાવે છે અથવા એવી કોઈ વ્યક્તિ જે તે પાપ કરે છે.

- “વ્યભિચારી” શબ્દ સામાન્ય રીતે એવી વ્યક્તિ દર્શાવે છે કે જે તે વ્યભિચારનું પાપ કરે છે.
- અમુકવાર “વ્યભિચારીણી” શબ્દ એવી સ્ત્રીને દર્શાવે છે કે જેણે વ્યભિચારનું પાપ કર્યું હોય.
- વ્યભિચાર એવા પ્રકારના પાપને દર્શાવે છે કે, જે પતિ અને પત્ની પોતાના લગ્નજીવનમાં ઈશ્વર સામે કરેલા કરારનો ભંગ કરી તેનું વચન તોડે છે.
- દેવે ઇસ્રાએલપુત્રોને વ્યભિચારનું પાપ ન કરવા આજ્ઞા આપી હતી.
- બાઈબલમાં ઘણીવાર “વ્યભિચારી” શબ્દનો ઉપયોગ ઇસ્રાએલ લોકોના ઈશ્વર પ્રત્યેના અવિશ્વાશીપણા વિશે દર્શાવે છે, ખાસ કરીને જયારે તેઓએ જુઠા દેવોનું ભજન કર્યું.

## ભાષાંતર માટે સૂચનો:

- જો લક્ષ્ય ભાષામાં “વ્યભિચાર” શબ્દ ન હોય તો આ શબ્દનું ભાષાંતર આ રીતે થવું જોઈએ, જેમકે “બીજાની પત્ની સાથે જાતીયતાના સબંધો રાખવા” અથવા “બીજા કોઈની પત્ની સાથે વધુ નિકટતાના સબંધો રાખવા.”
- બીજી ભાષાઓમાં આ શબ્દનો ઉપયોગ આડકતરી રીતે કરવામાં આવે છે.જેમકે “બીજા વ્યક્તિની પત્ની સાથે સુઈ જવું” અથવા “પોતાની પત્નીને અવિશ્વાસુ રહેવું” (જુઓ: સૌમ્યોક્તિ)
- બાઈબલમાં જયારે "વ્યભિચારી" શબ્દનો રૂપક રીતે ઉપયોગ કરવામાં આવ્યો ત્યારે આ શબ્દનું લાક્ષણિક અને શ્રેષ્ઠ ભાષાંતર એમ થાય કે, એક બેવફા પતિ કે પત્ની માફક ઈશ્વરની અવગણના કરવી.

જો લક્ષ્ય ભાષામાં “વ્યભિચાર” શબ્દનું ભાષાંતર બરાબર રીતે ન થયું હોય તો તેને “અવિશ્વાશુ” અથવા “અનૈતિક” અથવા “એક બેવફા પતિ કે પત્ની સમાન” એવું ભાષાંતર કરવું.

(જુઓ: કરવું, કરાર, જાતીય અનૈતિકતા, સાથે સુઈ જવું, વફાદાર)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 20:12-14
- હોશિયા 4:1-2
- લૂક 16:18
- માથ્થી 5: 27-28
- માથ્થી 12: 38-40
- પ્રકટીકરણ 2:22-23

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણ:

- **13:6** "**વ્યભિચાર** ન કર."
- **28:2** "**વ્યભિચાર** ન કર."
- **34:7** "ધાર્મિક આગેવાન આ પ્રમાણે પ્રાર્થના કરતા કે “પ્રભુ હું તમારો આભાર માનું છું કે બીજા વ્યક્તિના જેવો લુંટારો, અન્યાયી, **વ્યભિચારી**, કે આ એક દાણી જેવો પાપી નથી.

## શબ્દ માહિતી:

- Strong's: H5003, H5004, G3428, G3429, G3430, G3431, G3432

# શરીર, શરીરો

## વ્યાખ્યા:

શાબ્દિક અર્થ અનુસાર "શરીર" શબ્દ, શારીરિક શરીર અથવા પ્રાણી દર્શાવે છે. આ શબ્દનો રૂપકાત્મક ઉપયોગ કોઈ વસ્તુ અથવા આખા સમુદાય માટે થાય છે કે જેમાં વ્યક્તિગત સભ્યો રહેલા છે.

- મોટેભાગે "શરીર" (મૃતદેહ) શબ્દ મરેલા વ્યક્તિ અથવા પ્રાણીને દર્શાવે છે. ક્યારેક આ શબ્દ "લાશ" અથવા "શબ" ને દર્શાવે છે.
- જયારે ઈસુએ તેના શિષ્યોની સાથે છેલ્લા પાસ્ખા ભોજનમાં કહ્યું, "આ (રોટલી) મારું શરીર છે," તે તેના દૈહિક શરીરને દર્શાવતો હતો કે જે તેમના પાપોની ચુકવણી સારું "ભાંગવામાં" (મારી નાખવામાં) આવશે.
- બાઈબલમાં ખ્રિસ્તી લોકોના સમુદાયને "ખ્રિસ્તના શરીર" તરીકે દર્શાવામાં આવ્યા છે.
- જે રીતે દૈહિક શરીરના ઘણા ભાગો હોય છે, તે જ રીતે "ખ્રિસ્તના શરીર" ના પણ વ્યક્તિગત સભ્યો રહેલા છે.
- દરેક વિશ્વાસીને ખ્રિસ્તના શરીરમાં વિશેષ કાર્ય આપવામાં આવ્યું છે જેથી આખો સમુદાય સાથે મળીને દેવની સેવા અને તેનો મહિમા લાવવા મદદ કરે.
- ઈસુને પણ તેના વિશ્વાસીઓના "શરીર" ના "શિરપતિ (આગેવાન)" તરીકે દર્શાવામાં આવ્યા છે.

જે રીતે વ્યક્તિનું મગજ તેના શરીરને શું કરવું તે કહે છે, તે જ રીતે ઈસુ ખ્રિસ્તી લોકોને તેના "શરીરના" સભ્યો તરીકે માર્ગદર્શન આપીને દિશા આપે છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું ઉત્તમ ભાષાંતર કરવા માટે, લક્ષ ભાષામાં જે સૌથી સામાન્ય શબ્દ હોય તેનો ઉપયોગ કરવો.

ખાસ ધ્યાન આપશો કે આ શબ્દ કોઈના માટે અરુચિકર ન હોય. જયારે વિશ્વાસીના સમુદાયને વિશે વાત કરવામાં આવે ત્યારે, અમુક ભાષામાં "ખ્રિસ્તનું આત્મિક શરીર" શબ્દ સ્વાભાવિક તથા ચોક્કસ હોય શકે છે.

- જયારે ઈસુએ કહ્યું, "આ મારું શરીર છે," તેનું શાબ્દિક ભાષાંતર કરવું અને જરૂર પડે તેની નોંધ લઇ સમજાવવું. અમુક ભાષામાં જયારે મૃત શરીરની વાત કરવામાં આવે ત્યારે તેના માટે અલગ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે, જેમકે માણસ માટે "લાશ" અથવા પ્રાણી માટે "મડદું" (મૃતદેહ) હોય શકે. જયારે આવા શબ્દનો ઉપયોગ કરવામાં આવે ત્યારે ધ્યાન રાખવું કે જે તે સંદર્ભમાં તે સ્વીકાર્ય હોય.

(આ પણ જુઓ: શિર, આત્મા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 10:11-12
- 1 કરંથીઓ 5:3-5
- એફેસીઓ 4:4-6
- ન્યાયાધીશો 14:7-9
- ગણના 6:6-8
- ગીતશાસ્ત્ર 31:8-9
- રોમન 12:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H990, H1320, H1460, H1465, H1472, H1480, H1655, H3409, H4191, H5038, H5085, H5315, H6106, H6297, H7607, G4430, G4954, G4983, G5559

# શાપ, શાપિત, શ્રાપો, શાપ આપવો

## વ્યાખ્યા:

"શાપ" શબ્દનો અર્થ, વ્યક્તિ અથવા વસ્તુઓને જેને શાપ આપવામાં આવ્યો છે અથવા તેવી નકારાત્મક વસ્તુ બનવા કારણ થવું.

- શાપ એ કોઈક અથવા કશાકને નુકશાન થશે તેનું વિધાન (વાક્ય) હોઈ શકે છે.
- કોઈકને શાપ આપવો એ ઈચ્છાની અભિવ્યક્તિ હોઈ શકે કે તેમનું ખોટું અથવા ખરાબ બાબત થશે.
- તે સજા તરીકે પણ દર્શાવી શકાય અથવા બીજી નકારાત્મક વસ્તુઓ કે જે બીજા માટે થવા કારણ બને.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું ભાષાંતર, "ખોટી વસ્તુઓ થવા કારણ બનવું" અથવા "કઈંક ખરાબ થશે તે જાહેર કરવું" અથવા "દુષ્ટ વસ્તુઓ થવા માટે સમ ઘાલવા" એમ કરી શકાય છે.
- દેવ તેના અનાજ્ઞાકિંત લોકો ઉપર શ્રાપો મોકલવાના સંદર્ભમાં, તેનું ભાષાંતર, "ખરાબ વસ્તુઓ દ્વારા સજા થવા દેવી" એમ કરી શકાય છે.
- જયારે "શાપિત" શબ્દ લોકોનું વર્ણન કરવા વપરાય છે ત્યારે તેનું ભાષાંતર, "(આ વ્યક્તિ) ખૂબ મુશ્કેલીનો અનુભવ કરશે" તરીકે કરી શકાય છે.
- "શાપિત હોવું" શબ્દસમૂહનું ભાષાંતર, "(આ વ્યક્તિ) પર મોટી મુશ્કેલીઓ આવો" એમ કરી શકાય છે.
- "ભૂમિ શાપિત છે" શબ્દસમૂહનું ભાષાંતર, "જમીન વધારે ફળદ્રુપ નહીં બને" એમ કરી શકાય છે.
- "હું જે દિવસે જન્મ્યો તે શાપિત હો" તેનું ભાષાંતર, "હું દુ:ખી છું તેથી હું જન્મ્યો ના હોત તો સારું" એમ પણ કરી શકાય છે.
- તેમ છતાં, જો લક્ષ્ય ભાષામાં "શાપિત હો" એવો શબ્દસમૂહ હોય કે જેનો અર્થ તેના સમાન હોય તો પછી તે જ શબ્દસમૂહ રાખવો તે સારું છે.

(આ પણ જુઓ : આશીર્વાદ)

## બાઈબલની કલમો :

- 1 શમુએલ 14:24-26
- 2 પિતર 2:12-14
- ગલાતી 3:10-12
- ગલાતી 3:13-14
- ઉત્પત્તિ 3:14-15
- ઉત્પત્તિ 3:17-19
- યાકૂબ 3:9-10
- ગણના 22:5-6
- ગીતશાસ્ત્ર 109:28-29

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **2:9** દેવે સાપને કહ્યું, "તું **શાપિત** હો!"
- **2:11** "હવેથી ભૂમિ શાપિત છે ,અને તારે અન્ન ઉપજાવવા ભારે પરિશ્રમ કરવો પડશે."
- **4:4** "જેઓ તને આશીર્વાદ આપે છે તેઓને હું આશીર્વાદ અને જેઓ તને **શાપ** આપે છે તેઓને હું **શાપ** આપીશ."
- **39:7** પછી પિતર સમ ખાઈને કહ્યું, "કદાચ જો હું આ માણસ ને જાણતો હોઉં તો દેવ મને શાપ આપો!"
- **50:16** કારણકે આદમ અને હવા એ દેવની આજ્ઞાનો અનાદર કર્યો અને આ જગતમાં પાપ લાવ્યાં, દેવે તેને (પાપ) શાપ આપ્યો અને નાશ કરવાનું નક્કી કર્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H422, H423, H779, H1288, H2763, H2764, H3994, H5344, H6895, H7043, H7045, H7621, H8381, G331, G332, G685, G1944, G2551, G2652, G2653, G2671, G2672, G6035

# શાસ્ત્રી, શાસ્ત્રીઓ

## વ્યાખ્યા:

શાસ્ત્રીઓ અધિકૃત હતા કે જેઓ સરકારી અથવા ધાર્મિક મહત્વના દસ્તાવેજો હાથથી લખવા અથવા નકલ કરવા જવાબદાર હતા. યહૂદી શાસ્ત્રીનું બીજું નામ "યહૂદી નિયમમાં પારંગત" હતું.

- શાસ્ત્રીઓ જુના કરારના પુસ્તકોની નકલ કરવા અને સાચવવા જવાબદાર હતા.
- તેઓએ ઈશ્વરના નિયમ પર ધાર્મિક અભિપ્રાયો અને વિવરણની પણ નકલ, સાચવણી, અને અર્થઘટન પણ કર્યું હતું.
- એક સમયે, શાસ્ત્રીઓ મહત્વના સરકારી અધિકૃત હતા.
- બાઈબલ આધારિત મહત્વના શાસ્ત્રીઓમાં બારૂખ અને એઝરાનો સમાવેશ થતો હતો.
- નવા કરારમાં, "શાસ્ત્રીઓ" શબ્દનો અનુવાદ "નિયમના શિક્ષકો" તરીકે પણ થયો છે.
- નવા કરારમાં, શાસ્ત્રીઓ સામાન્ય રીતે ધાર્મિક જૂથ "ફરોશી" નામના જૂથના ભાગ હતા, અને બને જૂથનો ઉલ્લેખ વારંવાર સાથે જ કરવામાં આવ્યો છે.

(આ પણ જુઓ: નિયમ, ફરોશી)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 4:5-7
- લૂક 7:29-30
- લૂક 20:45-47
- માર્ક 1:21-22
- માર્ક 2:15-16
- માથ્થી 5:19-20
- માથ્થી 7:28-29
- માથ્થી 12:38-40
- માથ્થી 13:51-53

## શબ્દ માહિતી:

- Strong's: H5608, H5613, H7083, G1122

# શિષ્ય, શિષ્યો

## વ્યાખ્યા:

"શિષ્ય" શબ્દ, વ્યક્તિ કે જે શિક્ષક સાથે વધારે સમય વિતાવે છે, તે શિક્ષકના ચરિત્ર અને શિક્ષણથી શીખે છે તે માટે દર્શાવાયો છે.

- જે લોકો ઈસુને અનુસરતા, તેનું શિક્ષણને સાંભળતા અને પાળતા, તેઓ તેના શિષ્યો કહેવાતા હતા.
- યોહાન બાપ્તિસ્તને પણ શિષ્યો હતા.
- ઈસુની સેવા, દરમ્યાન, ત્યાં ઘણા શિષ્યો હતા કે જેઓએ તેનું સાભળ્યું અને તેના શિક્ષણને અનુસર્યા.
- ઈસુએ તેના બાર શિષ્યોને તેના નજીકના અનુયાયીઓ થવા સારું પસંદ કર્યા; આ માણસો તેના "પ્રેરિતો" તરીકે જાણીતા બન્યા.
- ઈસુના બાર પ્રેરિતોએ તેના "શિષ્યો" અથવા "મુખ્ય બાર" હોવાનું ચાલુ રાખ્યું.
- ઈસુના સ્વર્ગમાં ગયા અગાઉ, તેણે તેના શિષ્યોને બીજા લોકો ઈસુના શિષ્યો કેવી રીતે બનવું તે વિશે શિક્ષણ આપવાની આજ્ઞા આપી.
- જેઓ ઈસુમાં માને છે અને તેના શિક્ષણને પાળે છે તેઓને ઈસુના શિષ્યો કહેવામાં આવે છે.

## ભાષાંતરના સૂચનો:

- "શિષ્ય" શબ્દનું ભાષાંતર શબ્દ અથવા શબ્દસમૂહ દ્વારા કરવામાં આવે તો તેનો અર્થ, "અનુયાયી" અથવા "છાત્ર" અથવા "વિદ્યાર્થી" અથવા "શિખાઉ" તરીકે કરી શકાય છે.
- ધ્યાન રાખો કે આ શબ્દનું ભાષાંતર ફક્ત વર્ગખંડમાં શીખતા વિદ્યાર્થીઓને દર્શાવતું નથી.
- આ શબ્દનું ભાષાંતર "પ્રેરિત" શબ્દના ભાષાંતરથી અલગ હોવું જોઈએ.

(આ પણ જુઓ: પ્રેરિત, માનવું, ઈસુ, યોહાન (બાપ્તિસ્ત), બાર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 6:1
- પ્રેરિતો 9:26-27
- પ્રેરિતો 11:25-26
- પ્રેરિતો 14:21-22
- યોહાન 13:23-25
- લૂક 6:39-40
- માથ્થી 11:1-3
- માથ્થી 26:33-35
- માથ્થી 27:62-64

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **30:8** તેણે (ઈસુએ) તેના **શિષ્યોને** લોકોને આપવા માટે ટુકડાઓ આપ્યા. **શિષ્યોએ** ભોજન વહેંચવાનું ચાલુ રાખ્યું, અને તે કદી ખૂટ્યું નહીં.
- **38:1** લગભગ ત્રણ વર્ષ પછી ઈસુએ જાહેરમાં પ્રથમ શિક્ષણ અને પ્રચાર શરૂ કર્યું, ઈસુએ તેના_ શિષ્યોને_ કહ્યું કે તે યરૂશાલેમમાં તેઓની સાથે પાસ્ખા ની ઉજવણી કરવા માંગે છે,અને ત્યાં તેને મારવામાં આવશે.
- **38:11** પછી ઈસુ તેના **શિષ્યોની** સાથે જે જગા ગેથસેમાને કહેવાય છે ત્યાં ગયો. ઈસુએ તેના **શિષ્યોને** કહ્યું કે તમે પ્રાર્થના કરતા રહો જેથી તમે પરીક્ષણમાં નહિ પડો.
- **42:10** ઈસુએ તેના **શિષ્યો** ને કહ્યું, "સ્વર્ગ અને પૃથ્વી પર બધો જ અધિકાર મને અપાયો છે. તેથી તમે જાઓ અને સર્વ જાતિના લોકોને શિષ્ય બનાવો અને તેમને પિતા, પુત્ર તથા પવિત્ર આત્માને નામે બાપ્તિસ્મા આપતા જાઓ અને જે મેં તમને આજ્ઞા આપી છે તે શીખવતા જાઓ.

## શબ્દ માહિતી:

- Strong's: H3928, G3100, G3101, G3102

# શિસ્ત, સ્વ-શિસ્ત

## વ્યાખ્યા:

"શિસ્ત" શબ્દ, નૈતિક આચરણ માટે લોકોને આપવામાં આવતી એક દિશાનિર્દેશોનોની શ્રેણીને આધીન થવા માટેની તાલીમને ઉલ્લેખે છે.

- માબાપ તેઓના બાળકોને નૈતિક માર્ગદર્શન અને દિશા પૂરા પાડે છે જેથી તેઓ શિક્ષણ પ્રાપ્ત કરી શિસ્તથી આજ્ઞાનું પાલન કરે.
- એ જ રીતે, ઈશ્વર તેમના બાળકોને મદદ કરવા શિસ્ત કરે છે કે તેઓના જીવનમાં તંદુરસ્ત આત્મિક ફળ જેવા કે આનંદ, પ્રેમ, અને ધીરજ ઉત્પન્ન થાય.
- ઈશ્વરને કેવી રીતે પ્રસન્ન કરી જીવવાની સૂચનાઓ/આજ્ઞાઓની સાથે સાથે ઈશ્વરની ઈચ્છા વિરુદ્ધના વર્તન માટે સજાનો સમાવેશ શિસ્ત કરે છે.
- સ્વયં-શિસ્તપાલન, એ પોતાના જીવન માટે નૈતિક અને આત્મિક સિદ્ધાંતોને લાગુ કરવાની પ્રક્રિયા છે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને "શિસ્ત" શબ્દનું ભાષાંતર, "તાલીમ અને સૂચના આપવી" અથવા "નૈતિક માર્ગદર્શન" અથવા "ખોટું કર્યા બદલ થતી શિક્ષા," એવું (ભાષાંતર) કરી શકાય છે.
- "શિસ્ત" સંજ્ઞાનું/નામનું ભાષાંતર, "નૈતિક તાલીમ" અથવા "સજા" અથવા "નૈતિક સુધારો" અથવા "નૈતિક માર્ગદર્શન અને સૂચના" તરીકે (ભાષાંતર) કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- એફેસી 6:4
- હિબ્રૂ 12:4-6
- નીતિવચન 19:17-18
- નીતિવચન 23:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H4148, G1468

# શુદ્ધ, શુદ્ધ કરવું, શુદ્ધિકરણ

## વ્યાખ્યા:

"શુદ્ધ" હોવુંનો અર્થ, કોઈ ખામી ના હોવી અથવા તો જે ના હોવું જોઈએ તેની સાથે કોઈ પણ ભેળસેળ ન હોવી, થાય છે. કોઈ બાબતને શુદ્ધ કરવી એટલે તેને સાફ કરવી અને જે કંઇ તેને દૂષિત કે પ્રદુષિત કરતું હોય તેને દૂર કરવું.

- જૂના કરારના નિયમોના સંબંધમાં, "શુદ્ધ કરવું" અને "શુદ્ધિકરણ" મુખ્યત્વે કોઈ વસ્તુ અથવા તો વ્યક્તિને જે બાબતો વિધિવત અશુદ્ધ કરે છે તે બાબતોથી શુદ્ધ કરવાનો ઉલ્લેખ કરે છે, જેમ કે રોગ, શરીરના પ્રવાહી સ્રાવ અથવા તો બાળકનો જન્મ.
- જૂના કરારમાં લોકોએ કેવી રીતે પાપથી શુદ્ધ થવું તે ફરમાવતા નિયમો પણ હતા જે સામાન્યપણે પ્રાણીના બલિદાન દ્વારા થતું હતું. આ શુદ્ધિકરણ હંગામી હતું અને બલિદાનોનું સતત પુનરાવર્તન કરવું પડતું હતું.
- નવા કરારમાં, શુદ્ધ થવું ઘણી વાર પાપથી શુદ્ધ થવું નો ઉલ્લેખ કરે છે.
- લોકો માટે પાપથી સંપૂર્ણપણે અને સદાને માટે શુદ્ધ થવાનો એક માત્ર માર્ગ ઈસુ પર અને તેમના બલિદાન પર વિશ્વાસ કરવા દ્વારા પશ્ચાતાપ કરવો અને ઈશ્વરની માફી મેળવવી તે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "શુદ્ધ કરવું" શબ્દનો અનુવાદ "શુદ્ધ બનાવવું" અથવા તો "સાફ કરવું" અથવા તો "બધા જ પ્રદૂષણોથી સાફ કરવું" અથવા તો "બધા જ પાપ દૂર કરવા" કરી શકાય.
- "જ્યારે તેમના શુદ્ધિકરણનો સમય પૂરો થયો" જેવા શબ્દસમૂહનો અનુવાદ "જરૂરી દિવસો સુધી રાહ જોવા દ્વારા જ્યારે તેમણે પોતાને શુદ્ધ કર્યા" કરી શકાય.
- "પાપ માટે શુદ્ધિકરણ પૂરું પાડ્યું" શબ્દસમૂહનો અનુવાદ "લોકો માટે તેમના પાપથી સંપૂર્ણપણે શુદ્ધ થવાનો માર્ગ પૂરો પાડ્યો" કરી શકાય.
- "શુદ્ધિકરણ" ના અન્ય અનુવાદ "સાફ કરવું" અથવા તો "આત્મિક અર્થમાં ધોવું" અથવા તો "વિધિવત રીતે શુદ્ધ બનવું" નો સમાવેશ કરે છે.

(આ જૂઓ: પ્રાયશ્ચિત, સાફ કરવું, આત્મા)

## બાઈબલના સંદર્ભો:

- 1 તિમોથી 1:5-8
- નિર્ગમન 31:6-9
- હિબ્રૂ 9:13-15
- યાકૂબ 4:8-10
- લૂક 2:22-24
- પ્રકટીકરણ 14:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H1249, H1252, H1253, H1305, H1865, H2134, H2135, H2141, H2212, H2398, H2403, H2561, H2889, H2890, H2891, H2892, H2893, H3795, H3800, H4795, H5343, H5462, H6337, H6884, H6942, H8562, G48, G49, G53, G54, G1506, G2511, G2512, G2513, G2514

# શુદ્ધ, સાફ કરવું

## વ્યાખ્યા:

“શુદ્ધ” શબ્દનો અર્થ, વાસ્તવિક રીતે કંઈપણ ધૂળ અથવા ડાઘ ના હોય તેવું. બાઈબલમાં આ શબ્દ, મોટે ભાગે “શુદ્ધ”, “પવિત્ર”, અથવા “પાપથી મુક્ત” થવા માટે અર્થાલંકારિક રૂપમાં વપરાયો છે.

- “શુદ્ધ” કરવાની પ્રક્રિયા, એટલે કશુંક “શુદ્ધ કરવું.” તેનું ભાષાંતર, “ધોવું” અથવા “શુદ્ધ કરવું” એમ કરી શકાય છે.
- ઈશ્વરે જૂના કરારમાં ઈઝરાએલીઓને નિર્દેશ કરીને કહ્યું હતું કે કયા પ્રાણીઓ ધાર્મિક રીતે “શુદ્ધ” અને કયા “અશુદ્ધ” છે. ખાવા માટે અથવા બલિદાન માટે ફક્ત શુદ્ધ પ્રાણીઓનો ઉપયોગની પરવાનગી આપવામાં આવી હતી. આ સંદર્ભ માં, “શુદ્ધ” શબ્દ એટલે કે ઈશ્વરને બલિદાન કરવા સ્વીકાર યોગ્ય પ્રાણી.
- વ્યક્તિ કે જેને ચોક્કસ ચામડીના રોગો હોય, તેને જ્યાં સુધી વ્યક્તિની ચામડી ચેપ પર પુરુ સાજપણું ન આવે ત્યાં સુધી તે અશુદ્ધ ગણાતો. ચામડીના રોગમાંથી શુદ્ધ કરાયેલી વ્યક્તિને શુદ્ધિકરણના નિયમો પ્રમાણે ફરીથી “શુદ્ધ” જાહેર કરવું અગત્યનું હતું.
- ક્યારેક “શુદ્ધ” શબ્દ, રૂપકાત્મક રીતે નૈતિક શુધ્ધતા દર્શાવવા માટે વપરાય છે.
- બાઈબલમાં, “અશુદ્ધ” શબ્દ રૂપકાત્મક રીતે એવી રીતે વપરાયો છે, જેને ઈશ્વરે અડકવા, ખાવા, અથવા બલિદાન માટે અયોગ્ય જાહેર કરે છે.
- ઈશ્વરે ઈઝરાયેલીઓને કયા પ્રાણીઓ “શુદ્ધ” અને કયા “અશુદ્ધ” હતાં તે વિશે સૂચના આપી. અશુદ્ધ પ્રાણીઓને ખાવા અથવા બલિદાન માટે ઉપયોગની પરવાનગી આપી નહોતી.
- ચોક્કસ પ્રકારના ચામડીના રોગોવાળા લોકો સાજા થાય નહીં, ત્યાં સુધી તેઓ “અશુદ્ધ” કહેવાતા હતા.
- જો ઈઝરાએલીઓ કઈંક “અશુદ્ધ” સ્પર્શ કરે તેઓ ચોક્કસ સમયગાળા માટે અશુદ્ધ ગણાતા.
- ઈઝરાએલીઓ ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરીને અશુદ્ધ વસ્તુઓને સ્પર્શ નહિ કરીને કે ન ખાઈને, તેઓ ઈશ્વરની સેવા માટે અલગ કરાયેલા હતા.
- શારીરિક અને ક્રિયાકાંડોની અશુદ્ધતા એ નૈતિક અશુધ્ધતાનું પણ સંકેત હતું.
- અન્ય રૂપકાત્મક અર્થમાં, “અશુદ્ધ આત્મા” એ દુષ્ટ આત્માને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- સામાન્ય રીતે આ શબ્દનું ભાષાંતર, “શુદ્ધ” અથવા “ચોખ્ખું” જેવા શબ્દો વડે થઇ શકે છે (તેનો અર્થ, એવું જે ગંદુ ન હોય).
- આ શબ્દનું બીજી રીતે ભાષાંતર કરીએ તો “ધાર્મિક રીતે શુદ્ધ” અથવા “ઈશ્વરને સ્વીકાર્ય” જેવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.
- “સ્વચ્છ કરવું” શબ્દનું ભાષાંતર “ધોવું” અથવા “શુદ્ધ કરવું” થઇ શકે છે.
- ધ્યાન રાખો કે શબ્દો જેવા કે “શુદ્ધ” અથવા “શુદ્ધ કરવું” તે રૂપકાત્મક ભાવમાં પણ સમજાવા જોઈએ.
- “અશુદ્ધ” શબ્દનું ભાષાંતર, “શુદ્ધ નથી” અથવા “ઈશ્વરની નજરમાં અયોગ્ય છે” અથવા “શારીરિક રીતે અશુદ્ધ” અથવા “અશુદ્ધ થયેલ” તરીકે પણ કરી શકાય છે.
- ભૂતપ્રેતને અશુદ્ધ આત્મા તરીકે દર્શાવવામાં આવે તે વખતે, “અશુદ્ધ” નું ભાષાંતર “દુષ્ટ” અથવા “અશુદ્ધ” તરીકે કરી શકાય.
- આત્મિક અસ્વચ્છતાના ભાષાંતર માટે આ શબ્દ વાપરી શકાય. આ શબ્દ, ઈશ્વરે જેને સ્પર્શવા, ખાવા, અથવા બલિદાન માટે અયોગ્ય તરીકે જાહેર કરે છે તેને દર્શાવે છે.

(આ પણ જુઓ: અશુદ્ધ થવું, ભૂતપ્રેત, પવિત્ર, બલિદાન)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 7:1-3
- ઉત્પત્તિ 7:8-10
- પૂનર્નીયમ 12:15-16
- ગીતશાસ્ત્ર 51:7-9
- નીતિવચન 20:29-30
- હઝકિયેલ 24:13
- માથ્થી 23:27-28
- લૂક 5:12-13
- પ્રેરિતો 8:6-8
- પ્રેરિતો 10:27-29
- કલોસ્સી 3:5-8
- 1 થેસ્સલોનિકી 4:7-8
- યાકૂબ 4:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H1249, H1252, H1305, H2134, H2135, H2141, H2398, H2548, H2834, H2889, H2890, H2891, H2893, H2930, H2931, H2932, H3001, H3722, H5079, H5352, H5355, H5356, H6172, H6565, H6663, H6945, H7137, H8552, H8562, G167, G169, G2511, G2512, G2513, G2839, G2840, G3394, G3689

# શેતાન, શેતાન, દુષ્ટ

## તથ્યો:

જો કે શેતાન એ આત્મા છે જે ઈશ્વરે સૃજાવ્યો છે, તેણે ઈશ્વર વિરુદ્ધ બંડ પોકાર્યું અને ઈશ્વરનો દુશ્મન બન્યો. તેને "શેતાન" અને "દુષ્ટ" તરીકે પણ ઓળખવામાં આવે છે.

- શેતાન ઈશ્વર અને ઈશ્વરે સૃજાવેલા સઘળાને ધિક્કારે છે કારણ કે તે ઈશ્વરની જગ્યા લેવા માંગે છે અને લોકો તેનું ઈશ્વર તરીકે ભજન કરે એવું ઈચ્છે છે.
- શેતાન લોકોને ઈશ્વરની વિરુદ્ધ બંડ કરવાં લલચાવે છે.
- ઈશ્વરે લોકોને શેતાનના નિયંત્રણથી છોડાવવા માટે તેમના દીકરા, ઈસુને મોકલ્યાં.
- શેતાનનો અર્થ "વિરોધી" અથવા "દુશ્મન" થાય છે.
- "શેતાન" શબ્દનો અર્થ "દોષ મુકનાર" થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "શેતાન" શબ્દનો અનુવાદ "દોષ મુકનાર" અથવા "દુષ્ટ વ્યક્તિ" અથવા "દુષ્ટાત્માઓનો રાજા" અથવા "મુખ્ય દુષ્ટ આત્મા" એમ પણ કરી શકાય.
- "શેતાન" નો અનુવાદ "હરીફ" અથવા "વિરોધી" અથવા બીજું કોઈ નામ કે જે બતાવે કે તે શેતાન છે.
- આ શબ્દનો અનુવાદ અશુદ્ધ આત્મા અને દુષ્ટાત્માથી અલગ રીતે થવો જોઈએ.
- આ શબ્દનો અનુવાદ સ્થાનિક અને રાષ્ટ્રીય ભાષામાં કેવી રીતે થાય છે તે ધ્યાન આપો.

(જુઓ: અજ્ઞાતનું અનુવાદ કેવી રીતે કરવું)

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(જુઓં: અશુદ્ધ આત્મા, દુષ્ટા, ઈશ્વરનું રાજ્ય, લલચાવવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 યોહાન 3:7-8
- 1 થેસ્સલોનિકીઓ 2:17-20
- 1 તિમોથી 5:14-16
- પ્રેરિતોના કૃત્યો 13:9-10
- અયૂબ 1:6-8
- માર્ક 8:33-34
- ઝખાર્યા 3:1-3

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **21:1** સાપ કે જેણે હવાને ભરમાવી તે **શેતાન હતો**.

વચન આપવામાં આવ્યું કે મસીહા આવશે અને હરાવશે **શેતાનને** સંપૂર્ણપણે.

- **25:6** પછી **શેતાન** જગતના સઘળાં રાજ્ય તથા તેઓનો મહિમા ઈસુને દેખાડ્યા અને કહ્યું, "જો તમે પગે પાડીને મારું ભજન કરો, તો આ સઘળાં હું તમને આપીશ."
- **25:8** ઈસુ પડ્યા નહિ **શેતાનના** પરીક્ષણોમાં, તેથી **શેતાન** તેમને છોડીને ચાલ્યો ગયો.
- **33:6** તેથી ઈસુએ સમજાવ્યું, "બીજ એ તો ઈશ્વરનું વચન છે.

રસ્તો એ તો વ્યક્તિ છે કે જે ઈશ્વરનું વચન સંભાળે છે, પરંતુ તેને સમજતો નથી, અને **શેતાન** તે વચન તેની પાસેથી લઇ જાય છે."

- **38:7** યહુદાએ રોટલી લીધી પછી, **શેતાન** તેનામાં પ્રવેશ્યો.
- **48:4** ઈશ્વરે વચન આપ્યું કે હવાનું એક વંશજ છુંદશે **શેતાનનું** શિર, અને **શેતાન** તેઓની એડી છુંદશે.

તેનો અર્થ એ કે **શેતાન** મસીહાને મારી નાંખશે, પરંતુ ઈશ્વર તેમને સજીવન કરશે, અને પછી મસીહા સામર્થ્યને છુંદશે **શેતાનના** હંમેશને માટે.

- **49:15** ઈશ્વરે તમને ખેંચી લીધા છે **શેતાનના** અંધકારના રાજ્યમાંથી અને ઈશ્વરના પ્રકાશના રાજ્યમાં મૂક્યાં છે.
- **50:9** "ખરાબ ઘાસ એવા લોકોને સૂચવે છે કે જેઓ સંબંધિત છે **દુષ્ટ વ્યક્તિને**.

દુશ્મન કે જેણે ખરાબ ઘાસ ઉગાવ્યું છે તે **શેતાન છે**."

- **50:10** "જ્યારે જગતનો અંત આવશે, ત્યારે દૂતો સર્વ લોકોને ભેગા કરશે કે જેઓ સંબંધિત છે **શેતાનને** અને તેઓને બળતી અગ્નિમાં ફેંકી દેશે, જ્યાં તેઓ ભયંકર યાતનામાં રડશે અને પોતાના દાંત પીસશે."
- **50:15** જ્યારે ઈસુ પાછા આવશે, ત્યારે તેઓ સંપૂર્ણપણે નાશ કરશે **શેતાન** અને તેના રાજ્યનો.

તેઓ નાંખી દેશે **શેતાનને** નરકમાં જ્યાં તે સદાકાળને માટે બળશે, તે દરેકની સાથે કે જેઓએ ઈશ્વરને આધીન થવા કરતાં તેને અનુસરવાનું પસંદ કર્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H7700, H7854, H8163, G1139, G1140, G1141, G1142, G1228, G4190, G4566, G4567

# શેષ

## વ્યાખ્યા:

"શેષ" શબ્દ શાબ્દિક રીતે લોકો અથવા વસ્તુઓનો ઉલ્લેખ કરે છે કે જેઓ મોટા જૂથ અથવા તો પ્રમાણમાંથી "બાકી બચેલા" અથવા તો "બાકી વધેલા" છે.

- ઘણીવાર "શેષ" એવા લોકોનો ઉલ્લેખ કરે છે જેઓ જીવનની જોખમભરી પરિસ્થિતીથી બચી ગયા હોય અથવા તો સતાવણીમાંથી પસાર થતી વખતે ઈશ્વરને વિશ્વાસુ રહ્યા હોય.
- જેઓ બહારના લોકોના હુમલાઓથી બચી જશે અને કનાન દેશમાં વચનની ભૂમિમાં પાછા ફરવા જીવતા રહેશે તેવા યહૂદીઓના જૂથનો ઉલ્લેખ યશાયાએ શેષ કરીકે કર્યો હતો.
- પાઉલ ઈશ્વરે તેમની કૃપા મેળવવા પસંદ કરેલા લોકોના "શેષ" વિષે વાત કરે છે.
- "શેષ" શબ્દ સૂચિત કરે છે કે બીજા લોકો પણ હતા કે જેઓ વિશ્વાસુ રહ્યા નહીં અથવા તો બચ્યા નહીં અથવા તો તેઓને પસંદ કરવામાં આવ્યા નહોતા.

## અનુવાદ માટેના સૂચનો:

- "આ લોકોનો શેષ" એવા શબ્દસમૂહનો અનુવાદ "આ લોકોમાંના બાકીના લોકો" અથવા તો "જે લોકો વિશ્વાસુ રહ્યા તેઓ" અથવા તો "બાકી રહેલા લોકો" તરીકે કરી શકાય.
- "લોકોનો તમામ શેષ" નો અનુવાદ "બાકીના બધા જ લોકો" અથવા તો "બાકી રહેલા લોકો" તરીકે કરી શકાય.

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 15:15-18
- આમોસ 9:11-12
- હઝકિયેલ 6:8-10
- ઉત્પત્તિ 45:7-8
- યશાયા 11:10-11
- મીખાહ 4:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H3498, H3499, H5629, H6413, H7604, H7605, H7611, H8281, H8300, G2640, G3005, G3062

# સંગત

## વ્યાખ્યા:

સામાન્ય રીતે, "સંગત" શબ્દ, લોકોના જૂથના સભ્યો વચ્ચે મૈત્રીપૂર્ણ વાર્તાલાપ કે જેઓ સમાન રૂચિ અને અનુભવોની આપ લે કરે છે.

- બાઈબલમાં, સામાન્ય રીતે "સંગત" શબ્દ, ખ્રિસ્તના વિશ્વાસીઓની એકતા માટે દર્શાવાયો છે.
- ખ્રિસ્તી સંગત એ સંબંધોની આપ લે છે કે, જે વિશ્વાસીઓને એકબીજા સાથે તેઓના ખ્રિસ્ત અને પવિત્ર આત્માના સંબંધના કારણે હોય છે.
- શરૂઆતના ખ્રિસ્તીઓ દેવના વચનના શિક્ષણને સાંભળી અને એકસાથે પ્રાર્થના દ્વારા, તેઓના સામાનની આપલે કરીને, અને એકસાથે ભોજન કરીને વ્યક્ત કરતા હતા.
- ખ્રિસ્તીઓ તેઓના ઈસુમાં વિશ્વાસ અને તેના વધસ્તંભ પરના તેના બલિદાનના મૃત્યુ દ્વારા કે જે દેવ અને લોકો વચ્ચેનો અવરોધ દૂર કરે છે તે દ્વારા દેવની સાથે સંગત થાય છે.

## ભાષાંતરના સૂચનો:

- "સંગત" શબ્દના ભાષાંતરમાં, "એકસાથે વહેંચીને ખાવું" અથવા "સંબંધ" અથવા "સોબત" અથવા "ખ્રિસ્તી સમાજ" એવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- 1 યોહાન 1:3-4
- પ્રેરિતો 2:40-42
- ફિલિપ્પી 1:3-6
- ફિલિપ્પી 2:1-2
- ફિલિપ્પી 3:8-11
- ગીતશાસ્ત્ર 55:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H2266, H8667, G2842, G2844, G3352, G4790

# સંત, સંતો

## વ્યાખ્યા:

"સંતો" શબ્દનો શાબ્દિક અર્થ "પવિત્ર વ્યક્તિઓ" થાય છે અને ઈસુમાં વિશ્વાસીઓનો ઉલ્લેખ કરે છે.

- મંડળીના ઇતિહાસમાં પાછળથી, પોતાના સારા કાર્યો માટે જાણીતા વ્યક્તિને “સંત” શિર્ષક આપવામાં આવ્યું હતું, પરંતુ નવા કરારના સમય દરમિયાન આ શબ્દનો ઉપયોગ આ પ્રમાણે થતો ન હતો..
- ઈસુમાં વિશ્વાસ કરનારાઓ સંતો કે પવિત્ર વ્યક્તિઓ છે, તેઓએ જે કર્યું તેને કારણે નહિ, પરંતુ તેને બદલે ઈસુ ખ્રિસ્તના બચાવ કાર્યમાં તેઓના વિશ્વાસને કારણે.

તેઓ એક જ છે જે તેઓને પવિત્ર બનાવે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- “સંતો”નું અનુવાદ કરવાની રીતોમાં “પવિત્ર વ્યક્તિઓ” અથવા “પવિત્ર લોકો” અથવા “ઈસુમાં પવિત્ર વિશ્વાસીઓ” અથવા “અલગ કરાયેલાઓ” નો સમાવેશ થઇ શકે છે.
- કાળજી રાખો એવાં શબ્દનો ઉપયોગ ન કરવાં માટે જે માત્ર એક જ ખ્રિસ્તી જૂથના લોકોનો ઉલ્લેખ કરતો હોય .

(આ પણ જુઓ: પવિત્ર)

## બાઈબલના સંદર્ભો:

- 1 તિમોથી 5:9-10
- 2 કરિંથીઓ 9:12-15
- પ્રકટીકરણ 16:4-7
- પ્રકટીકરણ 20:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H2623, H6918, H6922, G40

# સદૂકી, સદૂકીઓ

## વ્યાખ્યા:

ઈસુ ખ્રિસ્તના સમય દરમિયાન સદૂકીઓ યહૂદી યાજકોનું રાજકીય જૂથ હતું. તેઓ રોમન સત્તાને સમર્થન આપતાં હતાં અને પુનરુત્થાનમાં માનતાં ન હતાં.

- ઘણાં સદૂકીઓ શ્રીમંત, ઉચ્ચ કક્ષાના યહૂદીઓ કે જેઓ મુખ્ય યાજક અને પ્રમુખ યાજક જેવાં શક્તિશાળી નેતૃત્વવાળા દરજ્જા ધરાવતાં હતાં.
- સદૂકીઓની ફરજોમાં મંદિર સંકુલની સંભાળ રાખવી અને બલિદાનો આપવા જેવા યાજકવર્ગના કાર્યોનો સમાવેશ થતો હતો.
- સદૂકીઓ અને ફરોશીઓએ રોમન આગેવાનોને ઈસુને વધસ્તંભે જડવાં માટે પ્રભાવિત કર્યા હતા.
- ઈસુ આ બે ધાર્મિક જૂથો વિરુદ્ધ તેમના સ્વાર્થીપણા અને ઢોંગને કારણે બોલ્યાં હતા.

(આ પણ જુઓ: મુખ્ય યાજકો, પરિષદ, પ્રમુખ યાજક, ઢોંગી, યહૂદી આગેવાનો, ફરોશી, યાજક)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 4:1-4
- પ્રેરિતોના કૃત્યો 5:17-18
- લૂક 20:27-28
- માથ્થી 3:7-9
- માથ્થી 16:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G4523

# સભાસ્થાન

## વ્યાખ્યા:

સભાસ્થાન એ એક એવી ઇમારત છેકે જ્યાં યહૂદી લોકો ઈશ્વરનું ભજનકરવા ભેગા મળે છે.

- પ્રાચીન સમયથી, સભાસ્થાનની સેવામાં પ્રાર્થના,શાસ્ત્રવાચન અને શાસ્ત્ર અંગેના શિક્ષણના સમયનો સમાવેશ થયેલ છે.
- યહુદીઓએ શરૂઆતના સ્થળો તરીકે સભાસ્થાનોનું બાંધકામ શરૂ કર્યું, જેથી તેઓ પોતાનાં શહેરોમાં પ્રાર્થના અને ભજન કરી શકે, કેમ કે તેઓમાંના ઘણા યરૂશાલેમના મંદિરથી દૂર રહેતા હતા.
- ઈસુએ વારંવાર સભાસ્થાનોમાં શીખવ્યું અને ત્યાં લોકોને સાજા કર્યા.
- "સભાસ્થાન" શબ્દનો અલંકારિક અર્થ ત્યાં ભેગા થયેલા લોકોના સમૂહને દર્શાવવા થાય છે.

આ પણ જુઓ: સાજાથવું, યરુશાલેમ, યહુદી, પ્રાર્થના, મંદિર, દેવનું વચન, ભજન)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 6:8-9
- પ્રેરિતોનાં કૃત્યો 14:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 15:19-21
- પ્રેરિતોનાં કૃત્યો 24:10-13
- યોહાન 6:57-59
- લૂક 4:14-15
- માથ્થી 6:1-2
- માથ્થી 9:35-36
- માથ્થી 13:54-56

## શબ્દ માહિતી:

- Strong's: H4150, G656, G752, G4864

# સમાધાન કરવું, સમાધાન કરે છે, સમાધાન કર્યું, સમાધાન

## વ્યાખ્યા:

"સમાધાન કરવું" અને "સમાધાન" જે લોકો અગાઉ એકબીજાના દુશ્મન હતા તેઓ વચ્ચે "શાંતિ કરાવવી" તેનો ઉલ્લેખ કરે છે. "સમાધાન" એ શાંતિ કરાવવાનું કાર્ય છે.

- બાઇબલમાં, આ શબ્દ ઈશ્વર પોતાના પુત્ર ઈસુ ખ્રિસ્તના બલિદાન દ્વારા લોકો સાથે સમાધાન કરે છે તેનો ઉલ્લેખ કરે છે.
- પાપને કારણે બધા જ મનુષ્યો ઈશ્વરના દુશ્મન છે.

પણ પોતાના કરુણામય પ્રેમને કારણે ઈશ્વરે લોકોને ઈસુ દ્વારા પોતાની સાથે સમાધાન પામવાનો માર્ગ પૂરો પાડ્યો.

- પોતાના પાપ માટે ઈસુના બલિદાનને ચુકવણી તરીકે માનીને લોકો માફી પામી શકે છે અને ઈશ્વર સાથે શાંતિ સ્થાપી શકે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "સમાધાન કરવું" શબ્દનો અનુવાદ "શાંતિ સ્થાપવી" અથવા તો "સારા સંબંધો પુનઃસ્થાપિત કરવા" અથવા તો "મિત્રો બને તેવું કરવું" તરીકે કરી શકાય.
- "સમાધાન" શબ્દનો અનુવાદ "સારા સંબંધો પુનઃસ્થાપિત કરવા" અથવા તો "શાંતિ કરાવવી" અથવા તો "શાંતિમય સંબંધો કેળવવા" તરીકે કરી શકાય.

(જુઓ: શાંતિ, બલિદાન)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 5:18-19
- ક્લોસ્સી 1:18-20
- માથ્થી 5:23-24
- નીતિવચનો 13:17-18
- રોમન 5:10-11

## શબ્દ માહિતી:

- Strong's: H2398 , H3722 , G604 , G1259 , G2433 , G2643, G2644

# સર્વશક્તિમાન

## સત્યો:

બાઈબલમાં “સર્વશક્તિમાન” શબ્દનો શાબ્દિક અર્થ “સંપૂર્ણ રીતે શક્તિશાળી” થાય છે, તે હમેશાં દેવ માટે વપરાયો છે.

- “સર્વશક્તિમાન” અથવા “પૂર્ણ શક્તિશાળી” હમેશાં દેવ માટે વપરાય શીર્ષકો છે, કે જેની પાસે સંપૂર્ણ સામર્થ્ય અને અધિકાર રહેલા છે.
- આ શબ્દ ઈશ્વરના શીર્ષકો દર્શાવવા માટે વાપરવામાં આવ્યા છે, જેમકે “સર્વશક્તિમાન દેવ” અને “દેવ જે સર્વશક્તિમાન છે” અને “પ્રભુ જે સર્વશક્તિમાન છે” અને “પ્રભુ દેવ જે સર્વશક્તિમાન છે”

## ભાષાંતર માટેના સુચનો:

- આ શબ્દનું ભાષાંતર ઈશ્વર “સર્વશક્તિમાન” અથવા “સંપૂર્ણ રીતે શક્તિશાળી” અથવા “ઈશ્વર જે સર્વશક્તિમાન છે” તેવો થઈ શકે છે.
- “પ્રભુ દેવ સર્વશક્તિમાન” શબ્દ નું ભાષાંતર એમ થઇ શકે છે કે “દેવ જે સામર્થ્યવાન છે” અથવા “સામર્થ્યવાન સાર્વભોમ દેવ” અથવા “સામર્થ્યવાન દેવ જે સર્વ ઉપર સ્વામી છે.”

(ભાષાંતરના સુચનો: નામનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: દેવ, પ્રભુ, સામર્થ્ય)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 6: 2-5
- ઉત્પત્તિ 17: 1-2
- ઉત્પત્તિ 35: 11-13
- અયુબ 8: 1-3
- લેવીય 24: 15-16
- પ્રકટીકરણ 1:7-8
- રૂથ 1: 19-21

## શબ્દ માહિતી:

- Strong's: H7706, G3841

# સાચું, સત્ય

## વ્યાખ્યા:

"સત્ય" શબ્દ એક અથવા વધુ ખ્યાલો છે જે હકીકતો છે, વાસ્તવમાં જે ઘટનાઓ બને છે, અને વાસ્તવમાં કહેવામાં આવતા નિવેદનોનો ઉલ્લેખ કરે છે. આવા ખ્યાલોને "સાચા" કહેવાય છે. સાચી ઘટનાઓ વાસ્તવમાં બનેલી ઘટનાઓ છે. સાચા વાક્યો એ વાક્યો છે જે વાસ્તવિક દુનિયા પ્રમાણે ખોટા નથી.

- "સાચી" વસ્તુઓ વાસ્તવિક, અસલી, ખરેખરી, યોગ્ય, કાયદેસર અને હકીકતલક્ષી છે.
- "સત્ય" એક સમજણો, માન્યતાઓ, તથ્યો અથવા નિવેદનો છે જે સાચા છે.
- એમ કહેવું કે ભવિષ્યવાણી "સાચી પડી" અથવા "સાચી થઈ જશે" એનો અર્થ એ થયો કે તે વાસ્તવમાં આગાહી પ્રમાણે થયું કે તે પ્રમાણે થશે.
- બાઇબલમાં "સત્ય"નો ખ્યાલ એવી રીતે કામ કરવાના ખ્યાલનો સમાવેશ કરે છે જે વિશ્વસનીય અને વફાદાર છે.
- ઈસુએ ઈશ્વરનું સત્ય તેમણે કહેલા શબ્દોમાં પ્રગટ કર્યું..
- બાઇબલ/ઈશ્વરના શબ્દ સત્ય છે. તે ખરેખર જે થયું છે તે વિશે કહે છે અને ઈશ્વર વિષે અને તેમણે જે કંઈ પણ બનાવ્યું છે તે બધું સાચું છે, તે વિષે શીખવે છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભ અને તેના વર્ણનના આધારે, "સાચું" શબ્દનો અનુવાદ "વાસ્તવિક" અથવા "તથ્યપૂર્ણ" અથવા "સાચા" અથવા "ખરું" અથવા "ચોક્કસ" અથવા "અસલી" પણ કરી શકાય છે.
- "સત્ય" શબ્દને ભાષાંતર કરવાની રીતોમાં "સાચું શું છે" અથવા "હકીકત" અથવા "નિશ્ચિતતા" અથવા "સિદ્ધાંત" શામેલ હોઈ શકે છે.
- "સાચું થયું છે" અભિવ્યક્તિ "ખરેખર થયું છે" અથવા "પૂર્ણ થયું" અથવા "આગાહી પ્રમાણે થવું" તરીકે અનુવાદિત કરવામાં આવે છે.
- "સત્ય કહો" અથવા "સત્ય બોલો" અભિવ્યક્તિનો " શું સાચું છે તે કહો " અથવા " ખરેખર શું થયું તે કહો " અથવા " જે વિશ્વસનીય છે કહો." તરીકે પણ અનુવાદ કરી શકાય.
- "સત્ય સ્વીકારવું"નું ભાષાંતર કરી શકાય છે " ઈશ્વર વિશે જે સાચું છે તે માનવું "
- "આત્મામાં તથા સત્યમાં ઈશ્વરની ભક્તિ કરવી" જેવી અભિવ્યક્તિનું, "સત્યમાં" શબ્દનો અર્થ "ઈશ્વરે આપણને જે શીખવ્યું છે તે પાળવું" એવું ભાષાંતર કરી શકાય છે.

(આ પણ જુઓ: માને છે, વફાદાર, પરિપૂર્ણ, આજ્ઞા પાળવી, પ્રબોધક, સમજવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 કોરિંથી 5:6-8
- 1યોહાન 1:5-7
- 1યોહાન 2:7-8
- 3યોહાન 1:5-8
- પ્રેરિતોનાં કૃત્યો 26:24-26
- કલોસી 1:4-6
- ઉત્પત્તિ 47:29-31
- યાકૂબ 1:17-18
- યાકૂબ 3:13-14
- યાકૂબ 5:19-20
- યર્મિયા 4:1-3
- યોહાન 1:9
- યોહાન 1:16-18
- યોહાન 1:49-51
- યોહાન 3:31-33
- યહોશુઆ 7:19-21
- યર્મિયાનો વિલાપ 5:19-22
- માથ્થી 8:8-10
- માથ્થી 12:15-17
- ગીતશાસ્ત્ર 26:1-3
- પ્રકટીકરણ 1:19-20
- પ્રકટીકરણ 15:3-4

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **2:4** સર્પે સ્ત્રીને પ્રત્યુત્તર આપ્યો, 'તે **સાચું** નથી! તમે મરશો નહીં."
- **14:6** તરત જ કાલેબ અને યહોશુઆ, અન્ય બે જાસૂસોએ કહ્યું કે, "તે **સાચું** છે કે કનાનના લોકો ઉંચા અને મજબૂત છે, પણ આપણે તેમને હરાવી શકીએ છીએ!"
- **16:1** ઇઝરાયેલીઓએ યહોવાહ, **સાચા** ઈશ્વરને બદલે કનાની દેવોની પૂજા કરવાનું શરૂ કર્યું.
- **31:8** તેઓએ ઈસુની ભક્તિ કરી, તેમને કહ્યું, "**સાચે જ**, તમે ઈશ્વરના પુત્ર છો."
- **39:10** "હું પૃથ્વી પર ઈશ્વર વિશેનું **સત્ય** કહેવા આવ્યો છું. જે કોઈ **સત્ય** ને પ્રેમ કરે છે તે મારું સાંભળે છે." પિલાતે પૂછ્યું, " **સત્ય** શું છે?"

## શબ્દ માહિતી:

- Strong's: H199, H389, H403, H529, H530, H543, H544, H551, H571, H935, H3321, H3330, H6237, H6656, H6965, H7187, H7189, G225, G226, G227, G228, G230, G1103, G3303, G3483, G3689, G4103, G4137

# સામર્થ્ય, બળવાન, શક્તિશાળી

## વ્યાખ્યા:

“સામર્થ્ય” શબ્દ મોટા ભાગે પુષ્કળ બળનો ઉપયોગ કરીને કોઈ બાબતો કરવાની કે કરાવવાની ક્ષમતાનો ઉલ્લેખ કરે છે. “શક્તિઓ” એવા લોકો કે આત્માઓનો ઉલ્લેખ કરે છે જેઓની પાસે કોઈ બાબતો કરાવવા મોટી ક્ષમતા હોય છે.

- “ઈશ્વરનું સામર્થ્ય” શબ્દ ઈશ્વરની બધું જ કરવાની ક્ષમતાનો ઉલ્લેખ કરે છે, ખાસ કરીને એવી બાબતો કરવાની ક્ષમતા કે જે મનુષ્યો માટે અશક્ય હોય.
- ઈશ્વર પાસે તેઓએ સૃજેલી દરેક બાબત પર સંપૂર્ણ સત્તા છે.
- ઈશ્વર જે ઈચ્છે છે તે કરવા પોતાના લોકોને સામર્થ્ય આપે છે, કે જેથી જ્યારે તેઓ લોકોને સાજા કરે કે બીજા ચમત્કારો કરે ત્યારે, તેઓ તે ઈશ્વરના સામર્થ્યથી કરે.
- કારણ કે ઈસુ અને પવિત્ર આત્મા પણ ઈશ્વર છે, તેઓ પાસે સમાન સામર્થ્ય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, “સામર્થ” શબ્દનો અનુવાદ “ક્ષમતા” અથવા તો “બળ” અથવા તો “શક્તિ” અથવા તો “ચમત્કારો કરવાની ક્ષમતા” અથવા તો “નિયંત્રણ” તરીકે પણ કરી શકાય.
- “શક્તિઓ” શબ્દનો અનુવાદ “શક્તિશાળી જીવો” અથવા તો “નિયંત્રણ કરનારા આત્માઓ” અથવા તો “જેઓ બીજાઓને નિયંત્રિત કરે છે તેઓ” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: બળ, પવિત્ર આત્મા, ઈસુ, ચમત્કાર)

## બાઈબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનિકી 1:4-5
- ક્લોસ્સી 1:11-12
- ઉત્પત્તિ 31:29-31
- યર્મિયા 18:21-23
- યહૂદા 1:24-25
- ન્યાયાધીશો 2:18-19
- લૂક 1:16-17
- લૂક 4:14-15
- માથ્થી 26:62-64
- ફિલિપી 3:20-21
- ગીતશાસ્ત્ર 80:1-3

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **22:5** દૂતે સમજાવ્યું, “પવિત્ર આત્મા તારા પર આવશે અને ઈશ્વરનું **સામર્થ** તારા પર આચ્છાદાન કરશે. તેથી તે બાળક એટલે કે ઈશ્વરનો પુત્ર પવિત્ર હશે.
- **26:1** શેતાનના પરીક્ષણો પર વિજય પામ્યા બાદ, ઈસુ પવિત્ર આત્માના **સામર્થ્યમાં** ગાલીલના પ્રદેશમાં કે જ્યાં તેઓ રહેતા હતા ત્યાં પાછા ફર્યા.
- **32:15** તરત જ ઈસુને ખબર પડી કે તેમનામાંથી **સામર્થ્ય** નિકળ્યું હતું.
- **42:11** ઈસુ મરણમાંથી સજીવન થયાના ચાલીસ દિવસ બાદ, તેમણે પોતાના શિષ્યોને કહ્યું, “જ્યારે પવિત્ર આત્મા તમારા પર આવે ત્યારે મારા પિતા તમને **સામર્થ** આપે ત્યાં સુધી યરૂશાલેમમાં રહો.”
- **43:6** “ઈઝરાયલના માણસો, જેમ તમે જોયું છે અને જાણો છો તેમ ઈસુ એ માણસ હતા કે જેમણે ઈશ્વરના **સામર્થ્યથી** મહાન ચિહ્નો અને આશ્ચર્યકૃત્યો કર્યા.”
- **44:8** પિતરે તેઓને જવાબ આપ્યો, “આ માણસ તમારી સમક્ષ ઈસુ મસીહાના **સામર્થ્યથી** સાજો થઈને ઊભો છે.”

## શબ્દ માહિતી:

- Strong's: H410, H1369, H2220, H2428, H2429, H2632, H3027, H3028, H3581, H4475, H4910, H5794, H5797, H5808, H6184, H7786, H7980, H7981, H7983, H7989, H8280, H8592, H8633, G1411, G1415, G1756, G1849, G1850, G2478, G2479, G2904, G3168

# સારા સમાચારો, સુવાર્તા

## વ્યાખ્યા:

“સુવાર્તા” શબ્દનો શાબ્દિક અર્થ, “સારા સમાચાર” અને સંદેશ અથવા જાહેરાત થાય છે, જેનાથી જે લોકોને જે કંઈક કહે છે તેનાથી તેઓને લાભ થાય છે અને પ્રસન્ન કરે છે.

- બાઈબલમાં, સામાન્ય રીતે આ શબ્દ ઈસુના વધસ્તંભ ઉપરના બલિદાન દ્વારા લોકો માટે ઈશ્વરની મુક્તિ વિશેનો જે સંદેશ છે તેને દર્શાવે છે.
- લગભગ બધા અંગ્રેજી બાઈબલોમાં, “શુભ સમાચાર”ને “સુવાર્તા' તરીકે ભાષાંતર કર્યું છે, અને શબ્દસમૂહોમાં જેવા કે, “ઈસુ ખ્રિસ્તની સુવાર્તા,” “દેવનીસુવાર્તા” અને “રાજ્યની સુવાર્તા” (શબ્દસમૂહો) પણ વાપરવામાં આવ્યા છે.

## ભાષાંતરના સૂચનો:

- વિવિધ રીતે આ શબ્દનું ભાષાંતર કરવામાં આવે તો, “સારો સંદેશ” અથવા “સારી જાહેરાત” અથવા “દેવનો તારણનો સંદેશ” અથવા “ઈસુ વિશે દેવ સારી બાબતો શીખવે છે” જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, “સુવાર્તાનું” શબ્દસમૂહના ભાષાંતરમાં, “સુવાર્તા/ (તેના વિશે) સંદેશ” અથવા “(તેના) તરફથી સારો સંદેશ” અથવા “સારી બાબતો વિશે દેવ આપણને કહે છે” અથવા “દેવ જણાવે છે કે કેવી રીતે લોકોને બચાવે છે” જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: રાજ્ય, બલિદાન, બચાવવું)

## બાઈબલની કલમો:

- 1 થેસ્સલોનિકી 1:4-5
- પ્રેરિતો 8:25
- કલોસ્સી 1:21-23
- ગલાતી 1:6-7
- લૂક 8:1-3
- માર્ક 1:14-15
- ફિલિપ્પી 2:22-24
- રોમન 1:1-3

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **23:6** દૂતે કહ્યું, “ભયભીત ન થા, કારણકે તારા માટે મારી પાસે **સારા (આનંદના) સમાચાર** છે. મસીહા, સ્વામી, બેથલેહેમમાં જન્મ્યો છે!”
- **26:3** ઈસુએ વાંચ્યું, “દેવે તેનો આત્મા મને આપ્યો છે, જેથી હું દરિદ્રીઓને **સુવાર્તા** પ્રગટ કરી શકું, બંદીવાનોને છૂટકારો, અંધજનોને દૃષ્ટિ પામવાનું, અને કચડાયેલાને છોડાવી શકું. આ વર્ષ પ્રભુની કૃપા છે.”
- **45:10** ફિલિપે તેને **ઈસુની સુવાર્તા** જણાવવા અન્ય ધર્મશાસ્ત્રોનો પણ ઉપયોગ કર્યો.
- **46:10** પછી તેઓએ **ઈસુ વિશેની સુવાર્તા** પ્રચાર કરવા તેઓને ઘણી અન્ય જગાઓમાં મોકલી દીધા.
- **47:1** એક દિવસે, પાઉલ અને તેનો મિત્ર સિલાસ **ઈસુ વિશેની સુવાર્તા** પ્રગટ કરવા ફિલિપ્પી શહેરમાં ગયા.
- **47:13 ઈસુ વિશેની સુવાર્તા** પ્રસરતી ગઈ અને મંડળી વધતી ગઈ.
- **50:1** લગભગ 2,000 વર્ષોથી, દુનિયાની આસપાસ વધુ અને વધુ લોકો **ઈસુ મસીહા વિશેની સુવાર્તા** સાંભળી રહ્યા છે.
- **50:2** જયારે ઈસુ જગત પર જીવતો હતો ત્યારે તેણે કહ્યું, “મારા શિષ્યો જગતમાં બધેજ મારા રાજ્ય વિશેની **સુવાર્તા** લોકોને પ્રચાર કરશે, અને ત્યાર પછી (દુનિયાનો) અંત આવશે.
- **50:3** તેના સ્વર્ગમાં પાછા ગયા અગાઉ, ઈસુએ જેઓએ કદી **સુવાર્તા** સાંભળી નથી, તે લોકોને **સુવાર્તા** પ્રચાર કરવા ખ્રિસ્તીઓને જણાવ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: G2097, G2098, G4283

# સારું, યોગ્ય, સુખદ, વધુ સારું, શ્રેષ્ઠ, ભલાઈ

## વ્યાખ્યા:

“સારું” શબ્દ સામાન્ય રીતે કોઈકની કોઈકના પ્રત્યેના હકારાત્મક મૂલ્યાંકનની લાગણી, મહદઅંશે નૈતિક અને લાગણીકીય અર્થમાં, નો ઉલ્લેખ કરે છે. જો કે બાઇબલમાં આ શબ્દ વિવિધ બારીક વિગતોને તેના સંદર્ભના અર્થમાં રજૂ કરે છે.

- સામાન્ય રીતે, કંઈક કે જે દેવના ચારિત્ર્ય, હેતુઓ, અને ઈચ્છા સાથે બંધબેસતું છે તો તે સારું છે.
- જે કાંઇક પ્રશંસનીય, ઉત્તમ, ઉપયોગી, યોગ્ય, નફાકારક, અને નૈતિક રીતે સાચું છે, તેને “સારું” કહી શકાય છે.
- જમીન કે જે “સારી” છે તેને “ફળદાયી” અને “ઉત્પાદક” કહી શકાય છે.
- “સારા” પાકને “પુષ્કળ” પાક કહી શકાય છે.
- જે વ્યક્તિ તેના પોતાના કાર્ય અથવા વ્યવસાયમાં કુનેહ હોય તેને “સારી” કહી શકાય, અભિવ્યક્તિ જેવી કે, “સારો ખેડૂત.”
- મોટેભાગે બાઇબલમાં, “સારા” શબ્દનો સામાન્ય અર્થ “દુષ્ટ” શબ્દની વિરોધાભાસમાં દર્શાવવામાં આવ્યો છે.
- સામાન્ય રીતે “ભલાઈ” શબ્દ નૈતિક રીતે સારા હોવું, અથવા વિચારો અને કાર્યોમાં પ્રામાણિક હોવું તે દર્શાવે છે.
- ઈશ્વરની ભલાઈ તે કેવી રીતે લોકોને સારી અને ગુણકારી વસ્તુઓ આપીને તેઓને આશીર્વાદ આપે છે, તેને દર્શાવે છે. તે તેની નૈતિક સંપૂર્ણતાને પણ દર્શાવે છે.
- ક્યારેક "સારું" અટેલે ભાવનાત્મક રીતે સુખદ, નૈતિક રીતે સાચું, ઉત્તમ, મદદરૂપ, બંધબેસતું અથવા લાભદાયી.

## ભાષાંતરના સૂચનો:

- લક્ષ્ય ભાષામાં જયારે “સારા” (શબ્દ) માટેનો સામાન્ય શબ્દનો અર્થ ચોક્કસ અને કુદરતી હોય, ખાસ કરીને સંદર્ભોમાં જયારે તે દુષ્ટની સામે વિરોધાભાસમાં વાપરવામાં આવ્યો હોય ત્યારે તેનો ઉપયોગ કરવો.
- સંદર્ભ પર આધાર રાખીને, બીજી રીતે આ શબ્દનું ભાષાંતર કરવામાં આવે તો તેમાં, “માયાળુ” અથવા “ઉત્તમ” અથવા “ઈશ્વરને પસંદ પડે તેવું” અથવા “પ્રામાણિક” અથવા “નૈતિક રીતે સારા” અથવા "લાભદાયી" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- “સારી જમીન” શબ્દનું ભાષાંતર, “ફળદ્રુપ જમીન” અથવા “ઉત્પાદક જમીન” તરીકે કરી શકાય છે; “સારો પાક” શબ્દનું ભાષાંતર, “પુષ્કળ ફસલ” અથવા “મોટા પ્રમાણમાં પાક” તરીકે કરી શકાય છે.
- “સારું કરો” શબ્દસમૂહનો અર્થ, એવું કાંઇક કરો કે જેથી બીજાઓને લાભ થાય અને તેનું ભાષાંતર, “માયાળુ હોવું” અથવા “મદદ” અથવા કોઈકને “લાભ થાય” અથવા "કોઈકને વૃદ્ધિ પામવા મદદરૂપ થવું', એમ થઇ શકે છે.
- “સબ્બાથ પર સારું કર” જેનો અર્થ, “લોકોને મદદ થાય તેવી બાબતો સાબ્બાથ પર કરો.”
- સંદર્ભ પર આધાર રાખીને, “ભલાઈ” શબ્દનું ભાષાંતર એવી રીતે કરવામાં આવે જેમાં, “આશીર્વાદ” અથવા “દયા” અથવા “નૈતિક સંપૂર્ણતા” અથવા “ઈમાનદારી” અથવા “શુદ્ધતા” શબ્દોનો સમાવેશ કરી શકાય છે.

*

(આ પણ જુઓ: પવિત્ર, લાભ, પ્રામાણિક), ન્યાયી, વૃદ્ધિ પામતું, દુષ્ટ)

## બાઈબલની કલમો:

- ગલાતી 5:22-24
- ઉત્પત્તિ 1:11-13
- ઉત્પત્તિ 2:9-10
- ઉત્પત્તિ 2:15-17
- યાકૂબ 3:13-14
- રોમન 2:3-4

## બાઇબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **1:4** ઈશ્વરે જોયું કે તેમણે જે બનાવ્યું તે **સારું** હતું
- **1:11** ઈશ્વરે **ભલું** અને ભૂંડું જાણવાનું વૃક્ષ રોપ્યું.
- **1:12** પછી ઈશ્વરે કહ્યું "માણસ એકલો રહે તે તેના માટે **સારું** નથી."
- **2:4** “માત્ર ઈશ્વર જાણે છે કે જેવું તમે તે ખાશો, તમે ઈશ્વરના જેવા અને તે જેમ સમજે છે તેમ તમે **ભલું** અને ભૂંડું સમજનારા થશો.
- **8:12** જયારે તમે મને ગુલામ તરીકે વેચ્યો ત્યારે તમે મારું ભૂંડું કરવા પ્રયત્ન કર્યો, પણ ઈશ્વરે તે ભૂંડા કૃત્યનો **સારા** માટે ઉપયોગ કર્યો.
- **14:15** યહોશુઆ એક **સારો** આગેવાન હતો, કારણકે તેને ઈશ્વર પર ભરોસો રાખ્યો અને તેને આધીન થયો.

- **18:13** તેમાંના કેટલાક રાજાઓ **સારા** માણસો હતા કે જેઓએ ન્યાયથી રાજ કર્યું અને ઈશ્વરની આરાધના કરી.
- **28:1** " **સારા** શિક્ષક, અનંતજીવન પામવા માટે મારે શું કરવું જોઈએ?" ઈસુએ તેને કહ્યું, "તું મને '**સારો**' શા માટે કહે છે? ફક્ત એક જ જે **સારા** છે, અને તે ઈશ્વર છે."

## શબ્દ માહિતી:

- Strong's: H117, H145, H155, H202, H239, H410, H1580, H1926, H1935, H2532, H2617, H2623, H2869, H2895, H2896, H2898, H3190, H3191, H3276, H3474, H3788, H3966, H4261, H4399, H5232, H5750, H6287, H6643, H6743, H7075, H7368, H7399, H7443, H7999, H8231, H8232, H8233, H8389, H8458, G14, G15, G18, G19, G515, G744, G865, G979, G1380, G2095, G2097, G2106, G2107, G2108, G2109, G2114, G2115, G2133, G2140, G2162, G2163, G2174, G2293, G2565, G2567, G2570, G2573, G2887, G2986, G3140, G3617, G3776, G4147, G4632, G4674, G4851, G5223, G5224, G5358, G5542, G5543, G5544

# સિયોન, સિયોન પર્વત

## વ્યાખ્યા:

અસલમાં, "સિયોન" અથવા " સિયોન પર્વત" શબ્દનો અર્થ કિલ્લાનો ગઢ અથવા ગઢ તરીકે ઓળખાય છે, જે રાજા દાઉદે યબૂસીઓની પાસેથી કબજે કર્યો હતો. આ બંને શબ્દો અન્ય રીતે યરૂશાલેમનો ઉલ્લેખ કરતા બન્યા હતા.

- સિયોન પર્વત અને મોરીયાહ પર્વત બે ટેકરીઓ છે જેના પર યરૂશાલેમ શહેર આવેલું હતું.

બાદમાં, " સિયોન " અને " સિયોન પર્વત " આ પર્વતો અને યરૂશાલેમના શહેર બંને માટે સામાન્ય શબ્દો તરીકે ઉપયોગમાં લેવાય છે. ક્યારેક તેઓ યરૂશાલેમમાં આવેલ મંદિરના ઉલ્લેખ માટે પણ થતો હતો. (જુઓ: શ્લેષ અલંકાર)

- દાઉદ સિયોન, અથવા યરૂશાલેમ, નામ આપ્યું " દાઉદનું શહેર."

આ દાઉદના વતન, બેથલહેમથી અલગ છે, જેને દાઉદનું શહેર પણ કહેવામાં આવ્યું હતું.

- "સિયોન" શબ્દ ઇસ્રાએલ અથવા ઈશ્વરનું આધ્યાત્મિક સામ્રાજ્ય અથવા નવું, સ્વર્ગીય યરૂશાલેમ કે જેને ઈશ્વર બનાવશે તેનો ઉલ્લેખ કરવા માટે અન્ય રૂપકાત્મક રીતે ઉપયોગ થાય છે.

(આ પણ જુઓ: ઇબ્રાહિમ, દાઉદ, યરૂશાલેમ, બેથલેહેમ, યબુસીઓ)

## બાઇબલ સંદર્ભો

- 1 કાળવૃતાંત 11:4-6
- આમોસ 1:1-2
- યર્મિયા 51:34-35
- ગીતશાસ્ત્ર 76:1-3
- રોમન 11:26-27

## શબ્દ માહિતી:

- Strong's: H6726

# સિયોનની દીકરી

## વ્યાખ્યા:

"સિયોનની દીકરી" રૂપકાત્મક રીતે ઈઝરાએલના લોકોને દર્શાવવા માટે વપરાયો છે. સામાન્ય રીતે તે ભવિષ્યવાણીને માટે વપરાયો છે.

- જૂના કરારમાં, મોટેભાગે "સિયોન" શબ્દ, એ યરૂશાલેમ શહેરના બીજા એક નામ માટે વપરાયો છે.
- "સિયોન" અને "યરૂશાલેમ" બન્ને ઈઝરાએલને દર્શાવવા માટે પણ વપરાયા છે.
- "દીકરી" શબ્દ, તે "વહાલ" અથવા "સ્નેહ" દર્શાવે છે

તે ધીરજ અને કાળજી માટેનું રૂપક છે કે જે દેવ તેના લોકો માટે રાખે છે

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું ભાષાંતરમાં "સિયોનમાંની, મારી દીકરી ઈઝરાએલ" અથવા "સિયોનના લોકો, કે જેઓ મારી દીકરી જેવા છે" અથવા "સિયોનના મારા પ્રિય ઈઝરાએલ લોક" એવા શબ્દનો સમાવેશ કરી શકાય છે.
- બાઈબલમાં આ શબ્દ ઘણી વાર વપરાયો છે તેથી આ અભિવ્યક્તિમાં "સિયોન" શબ્દ રાખવો તે શ્રેષ્ઠ છે.

આ શબ્દનો રૂપકાત્મક અર્થ અને ભવિષ્યકથનનો ઉપયોગ સમજાવવા માટે તેના ભાષાંતરમાં નોંધનો સમાવેશ કરવો.

- આ અભિવ્યક્તિના ભાષાંતરમાં "દીકરી" શબ્દ જ્યાં સુધી યોગ્ય રીતે સમજાય ત્યાં સુધી તે જ શબ્દ રાખવો સારો છે.

(આ પણ જુઓ: યરૂશાલેમ, પ્રબોધક, સિયોન)

## બાઈબલની કલમો:

- યર્મિયા 6:1-3
- યોહાન 12:14-15
- માથ્થી 21:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H1323, H6726

# સુન્નત, સુન્નત કરાવેલ, સુન્નતની વિધિ, બેસુન્ન્તી, બેસુન્ન્ત

## વ્યાખ્યા:

"સુન્નત" નો અર્થ, માણસ અથવા નર બાળકની શિશ્નના આગળના ભાગની ચામડી કાપવી, એમ થાય છે. કદાચ સુન્નત વિધિનો સંસ્કાર આ બાબતના અનુસંધાનમાં કરવામાં આવે છે.

- ઈશ્વરે ઈબ્રાહિમને આદેશ આપ્યો કે, ઈશ્વરના તેની સાથેના કરારના ચિહ્ન તરીકે તેના કુટુંબીજનો અને ચાકરોમાંના દરેક પુરુષની સુન્નત કરવી.
- ઈશ્વરે ઈબ્રાહિમના વંશજોને પણ આદેશ આપ્યો તેઓના કુટુંબમાં જન્મેલા દરેક નર બાળકને આ પ્રમાણે કરવું
- "હ્રદયની સુન્નત કરવી" એ શબ્દસમૂહ અર્થાલંકારિક રીતે "કાપીને દૂર કરવું" અથવા વ્યક્તિમાંથી પાપને કાઢી નાખવું, એમ દર્શાવે છે.
- આત્મિક અર્થમાં "સુન્નત કરવી" તે દર્શાવે છે કે, લોકો કે જેઓને ઈશ્વરે ઈસુના લોહી દ્વારા પાપથી શુદ્ધ કર્યા છે અને જેઓ તેના લોકો છે.
- "બેસુન્ન્ત" શબ્દ દર્શાવે છે, જેઓની શારીરિક સુન્ન્ત થઈ નથી. તે અર્થાલંકારિક રીતે દર્શાવે છે કે જેઓની આત્મિક રીતે સુન્નત થઈ નથી, અને જેઓને ઈશ્વરની સાથે સંબંધ નથી.
- "બેસુન્ન્તી" અને "બેસુન્ન્ત" શબ્દ પુરૂષ કે જેની શારીરિક સુન્નત કરાઈ નથી તેને દર્શાવે છે. આ શબ્દો રૂપક રીતે પણ વપરાયા છે.
- મિસર દેશમાં પણ સુન્નત ફરજીયાત હતી. જયારે ઈશ્વરે મિસરના "બેસુન્ન્તીઓને" હરાવવા કહ્યું, ત્યારે ઈશ્વર એવા મિસરીઓની વાત કરે છે જેઓ સુન્ન્ત કરવાનું ધિક્કારતા હતા.
- બાઇબલ એવા લોકોને દર્શાવે છે કે જેઓ "બેસુન્ન્ત હ્રદયવાળા" છે અથવા જેઓ "જેઓનું હ્રદય બેસુન્ન્ત થયેલું" છે. આ બાબતને અર્થાલંકારિક રીતે કહેવામાં આવે તો આ લોકો ઈશ્વરના લોકો નથી અને ઈશ્વરની અવગણના કરનારા હઠીલા છે.
- જો કોઈ ભાષામાં સુન્નત શબ્દ જાણીતો હોય તો "બેસુન્ન્ત" શબ્દનું ભાષાંતર "સુન્નત ન થયેલા" એમ થઇ શકે.
- સંદર્ભ પર આધાર રાખીને "બેસુન્નત" અભિવ્યક્તિનું ભાષાંતર, "લોકો કે જેઓની સુન્નત થઈ નથી" અથવા "લોકો કે જેઓ ઈશ્વરના નથી", એમ કરી શકાય છે.
- આ શબ્દનું બીજી રીતે રૂપકાત્મક ભાષાંતર કરીએ તો, "જેઓ ઈશ્વરના લોકો નથી" અથવા "બંડખોર લોકો જેઓ ઈશ્વરના નથી" અથવા "લોકો જેમાં ઈશ્વરના હોવાની કોઈ નિશાની નથી" એમ કરી શકાય.
- "હ્રદયનો બેસુન્ન્તી" અભિવ્યક્તિનું ભાષાંતર, "હઠીલો બળવાખોર" અથવા "જે વિશ્વાસ કરવા ઇન્કાર કરે છે" તે કરી શકાય. તેમ છતાં, બની શકે તો આ અભિવ્યક્તિ એમ જ રાખવી અથવા તેના સમાન રાખવી, કારણકે આત્મિક સુન્નત એક અગત્યનો વિષય છે.

## ભાષાંતરના સૂચનો:

- જો લક્ષ્ય ભાષાની સંસ્કૃતિમાં પુરૂષો ઉપર સુન્નત થાય છે, તો તે માટે જે શબ્દ વપરાય છે તે વાપરવો.
- બીજી રીતે આ શબ્દનું ભાષાંતર કરીએ તો, "આસપાસ કાપવું" અથવા "ગોળાકારમાં કાપવું" અથવા "આગળના ભાગની ચામડી કાપી નાખવી" એમ થઇ શકે.
- જે સંસ્કૃતિમાં સુન્નત જાણીતી નથી તેને સમજાવવા પાદનોંધ અથવા શબ્દાવલીમાં છણાવટ કરવી અનિવાર્ય છે. ધ્યાન રાખો કે આ શબ્દનું જે ભાષાંતર સ્ત્રીઓને માટેની સુન્નત દર્શાવતી ન હોય. આ શબ્દનું ભાષાંતર થાય ત્યારે દર્શાવેલ શબ્દ અથવા શબ્દસમૂહ "પુરુષની" સુન્નત સાથે જોડાયેલો હોવો જોઈએ.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, કરાર)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 17:9-11
- ઉત્પત્તિ 17:12-14
- નિર્ગમન 12:47-48
- લેવીય 26:40-42
- યહોશુઆ 5:2-3
- ન્યાયાધીશો 15:17-18
- 2 શમુએલ 1:17-20
- યર્મિયા 9:25-26
- હઝકિયેલ 32:24-25
- પ્રેરિતો 10:44-45
- પ્રેરિતો 11:1-3
- પ્રેરિતો 15:1-2
- પ્રેરિતો 11:1-3

- રોમન 2:25-27
- ગલાતી 5:3-4
- એફેસી 2:11-12
- ફિલિપ્પી 3:1-3
- કલોસ્સી 2:10-12
- કલોસ્સી 2:13-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **5:3** "તમારે તમારા કુટુંબના દરેક પુરુષની **સુન્નત** અવશ્ય કરવી.
- **5:5** તે દિવસે ઈબ્રાહિમે તેના ઘરના બધાંજ પુરુષોની **સુન્નત** કરી.

## શબ્દ માહિતી:

- Strong's: H4135, H4139, H5243, H6188, H6189, H6190, G203, G564, G1986, G4059, G4061

# સુવાર્તિક, સુવાર્તિકો

## વ્યાખ્યા:

"સુવાર્તિક" એક એવી વ્યક્તિ છે કે જે બીજાને ઈસુ વિશેની સુવાર્તા જણાવે છે.

- "સુવાર્તિક" શબ્દનો શાબ્દિક અર્થ, "કોઈક કે જે સુવાર્તાનો પ્રચાર કરે છે."
- ઈસુએ તેના પ્રેરીતોને સુસમાચાર ફેલાવવા બહાર મોકલ્યા કે જેથી તેઓ કેવી રીતે ઈસુમાં વિશ્વાસ અને પાપ માટેના તેના બલિદાન દ્વારા કેવી રીતે વિશ્વાસથી દેવના રાજ્યના ભાગીદાર થવું.
- બધાં ખ્રિસ્તીઓને આ સુવાર્તા વહેંચવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.
- કેટલાક ખ્રિસ્તીઓને અન્યોને અસરકારક રીતે સુવાર્તા જણાવવા માટે વિશેષ આત્મિક વરદાન આપવામાં આવ્યા છે.

આ લોકોને સુવાર્તા પ્રચારનું વરદાન છે અને તેઓ "સુવાર્તિકો" કહેવાય છે.

## ભાષાંતરના સૂચનો:

- "સુવાર્તિક" શબ્દનું ભાષાંતર, "કોઈક કે જે સુવાર્તા પ્રચાર કરે છે" અથવા "સુવાર્તા પ્રચારનો શિક્ષક" અથવા "વ્યક્તિ કે જે (ઈસુ વિશે) ની સુવાર્તા જાહેર કરે છે" અથવા "સુવાર્તા પ્રચારક" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: સુવાર્તા, આત્મા, વરદાન)

## બાઈબલની કલમો:

- 2 તિમોથી 4:3-5
- એફેસી 4:11-13

## શબ્દ માહિતી:

- Strong's: G2099

# સૂબેદાર, સૂબેદારો

## વ્યાખ્યા:

સૂબેદાર એ રોમન સૈન્યનો અધિકારી હતો કે, જેની સત્તા નીચે 100 સૈનિકોનું જૂથ આવેલું હતું.

- આ શબ્દ ભાષાંતરનો અર્થ, "એકસો માણસોનો નેતા" અથવા "સૈન્યનો નેતા" અથવા "એકસોની સંભાળ લેનારો અધિકારી" એમ પણ કરી શકાય છે.
- એક રોમન સૂબેદારે ઈસુ પાસે આવીને તેના નોકરને સાજા થવા માટે વિનંતી કરી.
- ઈસુ કેવી રીતે વધસ્તંભ પર મૃત્યુ પામ્યા, તે જોઇને સૂબેદારને આશ્ચર્ય લાગ્યું.

દેવે સૂબેદારને પિતર પાસે મોકલ્યો, જેથી પિતર તેને ઈસુ વિશેની સુવાર્તા સમજાવી શકે.

(આ પણ જુઓ: રોમ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 10:1-2
- પ્રેરિતો 27:1-2
- પ્રેરિતો 27:42-44
- લૂક 7:2-5
- લૂક 23:46-47
- માર્ક 15:39-41
- માથ્થી 8:5-7
- માથ્થી 27:54-56

## શબ્દ માહિતી:

- Strong's: G1543, G2760

# સેવા આપવી, સેવા

## વ્યાખ્યા:

બાઇબલમાં, "સેવા" શબ્દ બીજાઓને ઈશ્વર વિષે શીખવવા દ્વારા અને તેમની આત્મિક જરૂરિયાતો માટે કાળજી કરવા દ્વારા સેવા કરવાનો ઉલ્લેખ કરે છે.

- જૂના કરારમાં, યાજકો ભક્તિસ્થાનમાં બલિદાનો આપવા દ્વારા ઈશ્વરની સેવા કરતા હતા.
- તેઓની "સેવામાં" ભક્તિસ્થાનની સંભાળ રાખવાનો અને લોકો તરફથી ઈશ્વરને પ્રાર્થનાઓ કરવાનો સમાવેશ થતો હતો.
- લોકોને "સેવા આપવાના" કાર્યમાં લોકોને ઈશ્વર વિષે શીખવવા દ્વારા તેઓની આત્મિક રીતે સેવા કરવાનો સમાવેશ થઈ શકે.
- તે લોકોની શારીરિક સેવા કરવાનો ઉલ્લેખ પણ કરી શકે છે, જેમ કે ગરીબોને ખોરાક પૂરો પાડવો અને બીમારોની કાળજી કરવી.

## અનુવાદ માટેના સૂચનો:

- લોકોની સેવા કરવાના સંદર્ભમાં, "સેવા આપવી"નો અનુવાદ "સેવા કરવી" અથવા તો "કાળજી લેવી" અથવા તો "જરૂરિયાતો પૂરી પાડવી" તરીકે પણ કરી શકાય.
- જ્યારે ભક્તિસ્થાનમાં સેવા આપવાનો ઉલ્લેખ કરવામાં આવે છે ત્યારે, "સેવા આપવી" શબ્દનો અનુવાદ "ભક્તિસ્થાનમાં ઈશ્વરની સેવા કરવી" અથવા તો "લોકો માટે ઈશ્વરને બલિદાનો ચડાવવા" તરીકે કરી શકાય.
- ઈશ્વરની સેવા કરવાના સંદર્ભમાં, આનો અનુવાદ "સેવા કરવી" અથવા તો "ઈશ્વર માટે કામ કરવું" એ રીતે કરી શકાય.
- "સેવા કરી" શબ્દસમૂહનો અનુવાદ "કાળજી લીધી" અથવા તો "પૂરું પાડ્યું" અથવા તો "મદદ કરી" તરીકે પણ થઈ શકે.

(આ પણ જૂઓ: સેવા કરવી, બલિદાન)

## બાઇબલના સંદર્ભો:

- 2 શમુએલ 20:23-26
- પ્રેરિતોના કૃત્યો 6:2-4
- પ્રેરિતોના કૃત્યો 21:17-19

## શબ્દ માહિતી:

- Strong's: H6399, H8120, H8334, H8335, G1247, G1248, G1249, G2023, G2038, G2418, G3008, G3009, G3010, G3011, G3930, G5256, G5257, G5524

# સૈન્યોનો યહોવા, સૈન્યોનો દેવ, સ્વર્ગનું સૈન્ય , આકાશોનું સૈન્ય, સૈન્યોનો પ્રભુ

### વ્યાખ્યા:

" સૈન્યોનો યહોવા " અને " સૈન્યોનો દેવ " શબ્દો શીર્ષક છે જે તેમની આજ્ઞા પાળનારા હજારો દૂતો પર ઈશ્વરની સત્તા વ્યક્ત કરે છે. " * સૈન્ય " અથવા "સૈન્યો" એક શબ્દ છે જેનો અર્થ છે મોટી સંખ્યામાં કંઈક, જેમ કે લોકોની સેના અથવા મોટીસંખ્યામાં તારાઓ. તે દુષ્ટ આત્માઓ સહિત તમામ ઘણા આત્માઓનો પણ ઉલ્લેખ કરી શકે છે. સંદર્ભમાં તે સ્પષ્ટ કરે છે કે જેનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે.

- “આકાશોનું સૈન્ય " જેવા સમાન શબ્દસમૂહો બધા તારા, ગ્રહો અને અન્ય સ્વર્ગીય પદાર્થોની ઉલ્લેખ કરે છે.
- નવા કરારમાં, " સૈન્યોનો પ્રભુ " શબ્દનો અર્થ " સૈન્યોનો યહોવા " તરીકે થાય છે. પરંતુ, હેબ્રુ શબ્દ " યહોવા " શબ્દનો ઉપયોગ નવા કરારમાં નથી થતો ત્યાં સુધી તેનો અનુવાદ તે રીતે કરી શકાતો નથી.

## અનુવાદ માટેનાં સૂચનો:

- “સૈન્યોનો યહોવા" નો અનુવાદનો સમાવેશ થાય છે, "યહોવા, જે બધા દૂતો પર અધિકારચલાવે છે" અથવા" યહોવા, દૂતોની સેના પર શાસન કરે છે" અથવા " યહોવા, સર્વ સૃષ્ટિનો અધિકારી."

"* સૈન્યો નો " શબ્દસમૂહ " સૈન્યોનો દેવ " અને " સૈન્યોનો પ્રભુ " શબ્દનો અનુવાદ " સૈન્યોનો યહોવા " ની જેમ જ ઉપર મુજબ અનુવાદ કરવામાં આવશે.

- અમુક મંડળીઓ શાબ્દિક શબ્દ "યહોવા" ને સ્વીકારતા નથી અને તેના બદલે, ઘણા બાઇબલ આવૃત્તિઓની પરંપરાને અનુસરીને, "પ્રભુ" શબ્દના ઉપયોગમાં મોટા અક્ષરના શબ્દનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે.

આ મંડળીઓ માટે, જૂના કરારમાં " સૈન્યોનો દેવ યહોવા " શબ્દનો ઉપયોગ " સૈન્યોનો પ્રભુ " માટે કરવામાં આવશે.

(આ પણ જુઓ: દેવદૂત, સત્તા, ઈશ્વર, સ્વામી, પ્રભુ, પ્રભુ યહોવા, યહોવાહ)

## બાઇબલ સંદર્ભો

- ઝખાર્યા 13:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H430, H3068, H6635

# સ્તોત્ર, સ્તોત્રો

## વ્યાખ્યા:

“સ્તોત્ર” શબ્દ પવિત્ર ગીતનો ઉલ્લેખ કરે છે કે જે ઘણી વાર કવિતાના રૂપમાં હોય છે કે જેને ગાવા માટે લખવામાં આવ્યું છે.

- જૂના કરારના ગીતશાસ્ત્રના પુસ્તકમાં દાઉદ રાજા અને મૂસા, સુલેમાન, આસફ અને બીજા કેટલાક ઇઝરાયલીઓ દ્વારા લખાયેલા આવા ગીતોનો સંગ્રહ છે.
- સ્તોત્રોનો ઉપયોગ ઇઝરાયલ દેશના લોકો દ્વારા તેમની ઈશ્વરની આરાધનામાં થતો હતો.
- સ્તોત્રોનો ઉપયોગ આનંદ, વિશ્વાસ અને સન્માન તથા દુ:ખ અને શોક પ્રગટ કરવા કરી શકાય છે
- નવા કરારમાં, ખ્રિસ્તીઓને ઈશ્વરની આરાધના કરવાની એક રીત સ્વરૂપે તેમના સ્તોત્રો ગાવા બોધ આપવામાં આવ્યો છે.

(આ જૂઓ: દાઉદ, વિશ્વાસ, આનંદ, મૂસા, પવિત્ર)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 13:32-34
- પ્રેરિતોનાં કૃત્યો 13:35-37
- ક્લોસ્સી 3:15-17
- લૂક 20:41-44

## શબ્દ માહિતી:

- Strong's: H2158, H2167, H2172, H4210, G5567, G5568

# સ્વર્ગ, આકાશ, આકાશો, આકાશો, આકાશી (સ્વર્ગીય)

## વ્યાખ્યા:

“સ્વર્ગ” શબ્દનું ભાષાંતર, સામાન્ય રીતે કે દેવ જ્યાં રહે છે તેને દર્શાવે છે. સંદર્ભ પર આધાર રાખીને સમાન શબ્દનો અર્થ “આકાશ” પણ થઇ શકે છે.

- “આકાશો” શબ્દ, સૂર્ય, ચંદ્ર, અને તારા સહિત બધું જ જે આપણે પૃથ્વીથી ઉપર જોઈએ છીએ તેને દર્શાવે છે.

તેમાં સ્વર્ગીય તત્વોનો પણ સમાવેશ થાય છે, જેવા કે દૂરના ગ્રહો, કે જે આપણે પૃથ્વી ઉપરથી સીધા જોઈ શકતા નથી.

- “આકાશ” શબ્દ પૃથ્વીની ઉપર વાદળી વિસ્તારને દર્શાવે છે કે જેમાં વાદળો છે, અને જેની હવામાં આપણે શ્વાસ લઈએ છીએ.

મોટેભાગે સૂર્ય અને ચંદ્રને પણ “ઉપર આકાશમાં” છે, તેમ કહેવામાં આવ્યું છે.

- બાઈબલમાં કેટલાક સંદર્ભોમાં, “સ્વર્ગ” શબ્દને આકાશ અથવા સ્થળ કે જ્યાં દેવ રહે છે, તેને દર્શાવે છે.
- જયારે “સ્વર્ગ” ને રૂપકાત્મક રીતે વાપરવામાં આવ્યું છે, ત્યારે તે દેવને દર્શાવે છે.

ઉદાહરણ તરીકે, જયારે માથ્થી “સ્વર્ગના રાજ્ય” વિશે લખે છે, ત્યારે તે દેવના રાજ્યને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- જયારે “સ્વર્ગ” શબ્દને રૂપકાત્મક રીતે વાપરવામાં આવ્યું છે, ત્યારે તેનું ભાષાંતર “દેવને” દર્શાવે છે.
- માથ્થીના પુસ્તકમાંના ‘સ્વર્ગનું રાજ્ય” એવો શબ્દ વાપરવામાં આવ્યો છે, તે માથ્થીની સુવાર્તાની વિશિષ્ટતા છે તેથી તે જ “સ્વર્ગ” શબ્દ રાખવો શ્રેષ્ઠ છે.
- “આકાશી” અથવા “સ્વર્ગીય શરીરો” શબ્દોનું ભાષાંતર, “સૂર્ય, ચંદ્ર, અને તારા” અથવા “દુનિયામાંના બધા તારા” તરીકે પણ કરી શકાય છે.
- “સ્વર્ગના તારા ”શબ્દસમૂહનું ભાષાંતર, “આકાશમાંના તારા” અથવા “આકાશગંગાના તારા” અથવા “દુનિયામાંના તારા” તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: દેવનું રાજ્ય)

## બાઈબલની કલમો:

- 1 રાજા 8:22-24
- 1 થેસ્સલોનિકી 1:8-10
- 1 થેસ્સલોનિકી 4:16-18
- પુનર્નિયમ 9:1-2
- એફેસી 6:9
- ઉત્પત્તિ 1:1-2
- ઉત્પત્તિ 7:11-12
- યોહાન 3:12-13
- યોહાન 3:27-28
- માથ્થી 5:17-18
- માથ્થી 5:46-48

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **4:2** તેઓએ પણ “સ્વર્ગ” સુધી પહોચવા ઊંચો બુરજ બાંધવાનું શરૂ કર્યું.
- **14:11** તેણે (દેવે) **સ્વર્ગ** માંથી તેઓને રોટલી આપી, જે માન્ના કહેવાય છે.
- **23:7** એકાએક, દેવની સ્તુતિ કરતા દૂતોથી આકાશો ભરાઈ ગયા હતા, કહે છે **સ્વર્ગ** માં દેવને મહિમા હો અને પૃથ્વી ઉપરના લોકો જેના પર તેની કૃપા છે તેઓને શાંતિ થાઓ.
- **29:9** ઈસુએ જણાવ્યું કે, જો તમે તમારા ભાઈને તમારા હ્રદયથી માફ નહિ કરો તો આ મારો **આકાશી** બાપ તમને તેમ જ કરશે.
- **37:9** પછી ઈસુએ **આકાશ** તરફ ઊંચું જોઇને કહ્યું. “પિતા. તમે મારું સાભળ્યું છે માટે આભાર.”
- **42:11** પછી ઈસુ ઉપર **સ્વર્ગ** માં ગયો, અને વાદળે તેને તેઓની દૃષ્ટિથી ઢાંકી દીધો.

## શબ્દ માહિતી:

- Strong's: H1534, H6160, H6183, H7834, H8064, H8065, G932, G2032, G3321, G3770, G3771, G3772

# હાદેસ, શેઓલ

## વ્યાખ્યા:

“હાદેસ” અથવા “શેઓલ” શબ્દો, મૃત્યુને માટે અને જયારે લોકો મરણ પામે ત્યારે તેમના આત્માઓ જે જગ્યામાં જાય છે તે દર્શાવવા માટે (તે શબ્દો) બાઈબલમાં વાપરવામાં આવ્યા છે. તેઓના અર્થો સમાન છે.

- જૂના કરારમાં મોટેભાગે હિબ્રૂ શબ્દ “શેઓલ” ને સામાન્ય રીતે મૃત્યુની જગ્યા દર્શાવવા વાપરવામાં આવ્યો છે.
- નવા કરારમાં, ગ્રીક શબ્દ “હાદેસ” જેઓ દેવની વિરુદ્ધ બળવો કરે છે તેઓના આત્માઓ માટેની જગ્યાને દર્શાવે છે.

આ આત્માઓ “નીચે” હાદેસમાં જાય છે, એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ક્યારેક આ શબ્દ “ઉપર” સ્વર્ગમાં જવાની બાબતથી વિરોધાભાસમાં દર્શાવવામાં આવ્યો છે કે, જ્યાં ઈસુમાં વિશ્વાસ કરનારા લોકોના આત્માઓ રહે છે.

- “હાદેસ” શબ્દ પ્રકટીકરણના પુસ્તકમાં “મરણ” શબ્દ સાથે જોડી દેવામાં આવ્યો છે.

અંતના સમયમાં, મરણ અને હાદેસ બંને અગ્નિની ખાઈ, કે જે નર્ક છે તેમાં નાંખી દેવામાં આવશે.

## ભાષાંતરના સૂચનો:

- જૂના કરારનો શબ્દ “શેઓલ”નું ભાષાંતર, “મરેલાઓની જગ્યા” અથવા “મરેલા આત્માઓ માટેની જગ્યા” તરીકે (ભાષાંતર) કરી શકાય છે.કેટલાક ભાષાંતરોમાં આ શબ્દનું ભાષાંતર સંદર્ભ પર આધાર રાખીને, “ખાડો” અથવા “મરણ” તરીકે કરવામાં આવ્યું છે.
- નવા કરારના “હાદેસ” શબ્દનું ભાષાંતર, “અવિશ્વાસી આત્માઓ માટેનું સ્થળ” અથવા “મરેલા માટે યાતનાની જગ્યા” અથવા “અવિશ્વાસી મરેલા લોકોના આત્માઓ માટેની જગ્યા” તરીકે પણ કરી શકાય છે.
- કેટલાક ભાષાંતરો “શેઓલ” અને “હાદેસ” શબ્દો રાખે છે, જેથી તેની જોડણી ભાષાંતરની ભાષાની ધ્વની પ્રથાને બંધ બેસતી રાખવામાં આવે. (જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું.
- તે દરેકને સમજાવવા શબ્દસમૂહને પણ ઉમેરી શકાય છે, ઉદાહરણો તરીકે, “શેઓલ, જગ્યાકે જ્યાં મરેલા લોકો હોય છે” અને “હાદેસ, જે મરણની જગ્યા છે.” (ભાષાંતરના સૂચનો: અજ્ઞાતોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: મરણ, સ્વર્ગ, નર્ક, કબર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 2:29-31
- ઉત્પત્તિ 44:27-29
- યૂના 2:1-2
- લૂક 10:13-15
- લૂક 16:22-23
- માથ્થી 11:23-24
- માથ્થી 16:17-18
- પ્રકટીકરણ 1:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H7585, G86

# હિબ્રૂ, હિબ્રુઓ

## સત્યો:

“હિબ્રુઓ એ લોકો હતા કે જેઓ ઈબ્રાહિમથી ઈસહાક અને યાકૂબના કુળ દ્વારા ઉતરી આવેલા હતા. ઈબ્રાહિમ પ્રથમ વ્યક્તિ છે કે જે બાઈબલમાં “હિબ્રૂ” કહેવાય છે.

- “હિબ્રૂ” શબ્દ હિબ્રૂ ભાષાને પણ દર્શાવે છે કે જે હિબ્રૂ લોકો બોલે છે.

મોટાભાગનો જૂનો કરાર હિબ્રૂ ભાષામાં લખવામાં આવ્યો હતો.

- બાઈબલમાં જુદી જુદી જગ્યાઓમાં, હિબ્રૂઓને “યહૂદી લોકો” અથવા “ઈઝરાએલીઓ” પણ કહેવામાં આવ્યા છે.

જ્યાં સુધી એ સ્પષ્ટ થાય છે કે આ ત્રણેય શબ્દોના એક લોકોના જૂથને દર્શાવે છે, ત્યાં સુધી આ ત્રણેય શબ્દો અલગ રાખવા ઉત્તમ છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈઝરાએલ, યહૂદી, યહૂદી આગેવાનો)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 26:12-14
- ઉત્પત્તિ 39:13-15
- ઉત્પત્તિ 40:14-15
- ઉત્પત્તિ 41:12-13
- યોહાન 5:1-4
- યોહાન 19:12-13
- યૂના 1:8-10
- ફિલિપ્પી 3:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H5680, G1444, G1445, G1446, G1447

# હ્રદય, હ્રદયો

## વ્યાખ્યા:

બાઈબલમાં, "હ્રદય" શબ્દ રૂપકાત્મક રીતે મોટેભાગે વ્યક્તિના વિચારો, લાગણીઓ, અથવા ઈચ્છાને દર્શાવવા વાપરવામાં આવ્યો છે.

- "કઠણ હ્રદય" હોવું એ સામાન્ય અભિવ્યક્તિ છે કે જેનો અર્થ જીદ્દીપણે દેવનો ઇનકાર કરવો એવો થાય છે.
- "મારા પૂરા હ્રદય થી" અથવા "મારા સંપૂર્ણ હ્રદય થી" અભિવ્યક્તિઓનો અર્થ પાછું રાખ્યા સિવાય પૂર્ણ સમર્પણ અને ઈચ્છાથી કંઈક કરવું.
- "હ્રદયમાં તે લેવું" અભિવ્યક્તિના અર્થ, કોઈ બાબતને ગંભીરતાથી લેવી અને પોતાના જીવનમાં તેને લાગુ કરવું.
- "ભંગીત હ્રદયવાળું" શબ્દ, વ્યક્તિ કે જે ખૂબ જ નિરાશ છે તેને દર્શાવે છે.

તે વ્યક્તિ ભાવનાત્મક રીતે ઊંડી રીતે ઈજા પામેલું છે.

## ભાષાંતરના સૂચનો

- ઘણી ભાષાઓમાં આ વિચારોને દર્શાવવા અલગ અલગ શરીરના ભાગોને દર્શાવે છે, જેવા કે "પેટ" અથવા "યકૃત."
- કદાચ અન્ય ભાષાઓમાં આ કેટલાક ખ્યાલોને વ્યક્ત કરવા એક શબ્દ વાપરે છે અને બીજાઓને વ્યક્ત કરવા માટે અન્ય શબ્દ વાપરે છે.
- જો "હ્રદય" અથવા અન્ય શરીરના ભાગોને આ પ્રમાણેના અર્થ ના હોય તો કદાચ કેટલીક ભાષાઓમાં આ શબ્દો શાબ્દિક રીતે વ્યક્ત કરવા જરૂરી છે, જેવા કે "વિચારો" અથવા "લાગણીઓ" અથવા "ઈચ્છાઓ."
- સંદર્ભ પર આધાર રાખીને, "મારા સંપૂર્ણ હ્રદય થી" અથવા "મારા પૂર્ણ હ્રદયથી" નું ભાષાંતર "મારી પૂરી શક્તિ થી" અથવા "સંપૂર્ણ સમર્પણ સાથે" અથવા "સંપૂર્ણપણે" અથવા "સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે" તરીકે કરી શકાય છે.
- "તેને હ્રદયમાં લો" અભિવ્યક્તિનું ભાષાંતર, "તેને ગંભીરપણે લો" અથવા "તેના વિશે કાળજીપૂર્વક વિચારો" તરીકે કરી શકાય છે.
- "કઠણ હ્રદયવાળું" અભિવ્યક્તિનું ભાષાંતર, "જીદ્દીપણે બળવાખોર" અથવા "આજ્ઞા પાડવાનો ઇનકાર" અથવા "સતત દેવની અવજ્ઞા કરવી" તરીકે પણ કરી શકાય છે.
- "ભંગીતહ્રદયવાળું" શબ્દના ભાષાંતરમાં શબ્દો જેવા કે, "ખૂબજ નિરાશ" અથવા ઊંડા દુઃખની લાગણી થવી" (શબ્દો)નો સમાવેશ કરીને કરી શકાય છે.

(આ પણ જુઓ: કઠણ)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 3:16-18
- 1 થેસ્સલોનિકી 2:3-4
- 2 થેસ્સલોનિકી 3:13-15
- પ્રેરિતો 8:20-23
- પ્રેરિતો 15:7-9
- લૂક 8:14-15
- માર્ક 2:5-7
- માથ્થી 5:5-8
- માથ્થી 22:37-38

## શબ્દ માહિતી:

- Strong's: H1079, H2436, H2504, H2910, H3519, H3629, H3820, H3821, H3823, H3824, H3825, H3826, H4578, H5315, H5640, H7130, H7307, H7356, H7907, G674, G1282, G1271, G2133, G2588, G2589, G4641, G4698, G5590

# translationWords

## Names

# (અલ્ફીનો દીકરો) યાકૂબ

## સત્યો:

અલ્ફીનો દીકરો, યાકૂબ, ઈસુના બાર પ્રેરિતોમાંનો એક હતો.

- તેનું નામ ઈસુના શિષ્યોની યાદીમાં માથ્થી, માર્ક, અને લૂકની સુવાર્તામાં આપવામાં આવેલું છે.
- તેના નામનો ઉલ્લેખ પ્રેરિતોના પુસ્તકમાં અગિયાર શિષ્યોમાંના એક તરીકે કરવામાં આવ્યો છે કે જેઓ ઈસુના ઉપર સ્વર્ગમાં ગયા પછી યરૂશાલેમમાં એક સાથે પ્રાર્થના કરતા હતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પ્રેરિત, શિષ્ય, યાકૂબ (ઈસુનો ભાઈ), યાકૂબ (ઝબદીનો દીકરો), બાર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 1:12-14
- લૂક 6:14-16
- માર્ક 3:17-19
- માર્ક 14:32-34
- માથ્થી 10:2-4

## શબ્દ માહિતી:

- Strong's: G2385

# (ઈસુનો ભાઈ) યાકૂબ

## સત્યો:

યાકૂબ એ મરિયમ અને યૂસફનો દીકરો હતો. તે ઈસુનો નાનો અને અર્ધો ભાઈ હતો.

- ઈસુના બીજા અર્ધો ભાઈઓના નામ, યૂસફ, યહૂદા, અને સિમોન હતા.
- ઈસુના જીવનકાળ દરમ્યાન, યાકૂબ અને તેના ભાઈઓએ તેનામાં વિશ્વાસ કર્યો નહિ કે ઈસુ તે મસીહા હતો.
- પાછળથી, જયારે ઈસુ મૃત્યુમાંથી ઉઠ્યો હતો, ત્યારે યાકૂબે તેનામાં વિશ્વાસ કર્યો અને યરૂશાલેમમાંની મંડળીનો આગેવાન બન્યો.
- નવા કરારમાં યાકૂબનો પત્ર નામનું પુસ્તક છે, જે યાકૂબે ખ્રિસ્તીઓ કે જેઓ સતાવણીથી બચવા બીજા દેશોમાં ભાગી ગયા હતા તેઓને લખ્યો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પ્રેરિત, ખ્રિસ્ત, મંડળી, યાકૂબનો દીકરો યહૂદા, સતાવણી કરવી)

## બાઈબલની કલમો:

- ગલાતી 1:18-20
- ગલાતી 2:9-10
- યાકૂબ 1:1-3
- યહૂદા 1:1-2
- માર્ક 9:1-3
- માથ્થી 13:54-56

## શબ્દ માહિતી:

- Strong's: G2385

# (ઝબદીનો દીકરો) યાકૂબ

## સત્યો:

ઝબદીનો દીકરો, યાકૂબ, ઈસુના બાર પ્રેરિતોમાંનો એક હતો. તેને યોહાન નામનો નાનો ભાઈ હતો તે પણ ઈસુના પ્રેરિતોમાંનો એક હતો.

- યાકૂબ અને તેનો ભાઈ યોહાન તેઓના પિતા ઝબદીની સાથે માછલાં પકડવાનું કામ કરતા હતા.
- યાકૂબ અને યોહાનનું ઉપનામ “ગર્જનાના દીકરા” હતું, કારણકે કદાચ તેઓ ઝડપથી ગુસ્સે થઈ જતાં હતા.
- પિતર, યાકૂબ, અને યોહાન ઈસુના નિકટના શિષ્યો હતા, અને તેઓ આશ્ચર્યકારક ઘટનામાં તેની સાથે હતા, જેવા કે જયારે ઈસુ એલિયા અને મૂસા સાથે પર્વતની ટોચ પર હતો, અને જયારે મરી ગયેલી નાની છોકરી જેને ફરીથી સજીવન કરવામાં આવી.
- યાકૂબ જેણે બાઈબલમાં પુસ્તક લખ્યું તેના કરતાં આ અલગ વ્યક્તિ છે.

કેટલીક ભાષાઓમાં તેઓ બે અલગ માણસો હતા, તે સ્પષ્ટ કરવા આ નામો અલગ રીતે લખાયા છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પ્રેરિત, એલિયા, યાકૂબ (ઈસુનો ભાઈ), યાકૂબ (અલ્ફીનો દીકરો), મૂસા)

## બાઈબલની કલમો:

- લૂક 9:28-29
- માર્ક 1:19-20
- માર્ક 1:29-31
- માર્ક 3:17-19
- માથ્થી 4:21-22
- માથ્થી 17:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G2385

# અંત્યોખ

## સત્યો:

નાવાકરારમાં અંત્યોખ નામનાં બે શહેરો હતા. એક અરામમાં હતું જે ભૂમધ્ય સમુદ્રના કિનારા નજીક આવેલું હતું. તેમાંનું બીજું પીસિદીયાના રોમન પ્રાંતમાં, કલોસ્સી શહેરની નજીક આવેલું હતું. અરામમાંની અંત્યોખની આ પ્રથમ મંડળી હતી કે જ્યાં ઈસુ પર વિશ્વાસ કરનારા વ્યક્તિઓ ખ્રિસ્તી કહેવાયા. આ મંડળી વિદેશીઓ મધ્યે મિશનરી મોકવામાં સક્રિય હતી. અરામમાંની આ અંત્યોખની મંડળીને પ્રેરિતો દ્વારા યરુશાલેમથી પત્રો મોકવામાં આવ્યા હતા કે તેમણે ખ્રિસ્તી રીતે રહેવા કોઈપણ પ્રકારના યહૂદી નિયમો રાખવાની જરૂર નથી. પાઉલ, બાર્નાબાસ, અને માર્ક યોહાને સુવાર્તાપ્રચાર કાર્ય માટે અંત્યોખમાંના પીસિદીયાથી મુસાફરી કરી. બીજા શહેરોમાંથી થોડા યહૂદીઓએ ત્યાં આવી, ઉશ્કેરણી કરીને પાઉલને મારી નાખવા કોશિશ કરી. પણ ત્યાંના ઘણા બધા લોકો, ગ્રીક અને યહૂદી બન્નેએ, તે શિક્ષણ સાંભળીને ઈસુ પર વિશ્વાસ કર્યો.

(ભાષાંતરના સુચનો : નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ :બાર્નાબાસ, કલોસ્સી, યોહાન માર્ક, પાઉલ, પ્રાંત, રોમ, અરામ)

## બાઈબલની કલમો :

- 2 તિમોથી 3:10-13
- પ્રેરિતો 6:5-6
- પ્રેરિતો 11:19-21
- પ્રેરિતો 11:25-26
- ગલાતી 2:11-12

## શબ્દ માહિતી:

- Strong's: G491

# અકુલાસ

## સત્યો:

અકુલાસ યહૂદી ખ્રિસ્તી હતો, જે પોન્તીયાસ પ્રાંતમાંના કાળા સમુદ્રના કિનારે રહેતો હતો. અકુલાસ અને પ્રિસ્કીલા રોમ, ઇટાલીમાં થોડા સમય માટે રહેતા હતા, પણ તે પછી રોમન સમ્રાટ ક્લોદિયસે બધા યહૂદીઓને રોમમાંથી નીકળી જવાની જબરજસ્તી કરી.

- ત્યાર પછી અકુલાસ અને પ્રિસ્કીલા કોરંથીમાં મુસાફરી કરી, જ્યાં તેઓ પાઉલ પ્રેરિતને મળ્યા.

તેઓએ પાઉલ સાથે તંબુ બનાવનાર તરીકે કામ કર્યું, અને તેને મિશનરી કામમાં પણ મદદ કરી. અકુલાસ અને પ્રિસ્કીલા બન્નેએ વિશ્વાસીઓને ઈસુ વિશેનું સત્ય શીખવ્યું, જેમાં અપોલસ નામનો વિશ્વાસી સમાવેશ થાય છે, જે એક ઉત્કૃષ્ઠ શિક્ષક હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ : આપોલસ, કોરંથી, રોમ)

## બાઈબલની કલમો:

- 1 કોરંથી 16:19-20
- 2 તિમોથી 4:19-22
- પ્રેરિતો 18:1-3
- પ્રેરિતો 18:24-26

## શબ્દ માહિતી:

- Strong's: G207

# અઝાર્યા

## સત્યો:

જૂનાકરારમાં અઝાર્યા નામના અલગ અલગ માણસોના હતાં.

- એક અઝાર્યા જે તેના બાબિલોનના અબેદ-નગો નામથી વધુ જાણીતો છે.

તે યહૂદામાંથી ઘણા ઈઝરાએલીઓમાંનો એક હતો કે જેને નબૂખાદનેસ્સારના સૈન્ય દ્વારા પકડી અને બાબિલોનમાં રહેવા લઈ જવાયો હતો. અઝાર્યા અને તેના ઈઝરાએલી સાથીઓ, હનાન્યા અને મીશાએલ બાબિલના રાજાની પૂજા કરવાનો ઇનકાર કર્યો, જેથી તેણે તેઓને સજા તરીકે અગ્નિભઠ્ઠીમાં નાખ્યાં. પણ દેવે તેઓને સુરક્ષિત રાખ્યા અને તેઓને બિલકુલ ઈજા થઈ નહીં.

- યહૂદાનો રાજા “ઉઝિઝયા” પણ અઝાર્યા તરીકે જાણીતો હતો.
- જૂનાકરારમાં બીજો અઝાર્યા જે મુખ્ય યાજક હતો.
- યર્મિયા પ્રબોધકના સમયમાં, અઝાર્યા નામનાં માણસે દેવનો અનાદર કરી ઈઝરાએલીઓને પોતાનું વતન છોડવા ખોટી રીતે દોર્યા.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કરો)

(આ પણ જુઓ: બાબિલોન, દાનિએલ, હનાન્યા, મીશાએલ, યર્મિયા, ઉઝિઝયા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:36-38
- 1 રાજા 4:1-4
- 2 કાળવૃતાંત 15:1-2
- દાનિએલ 1:6-7
- યર્મિયા 43:1- 3

## શબ્દ માહિતી:

- Strong's: H5838

# અથાલ્યા

## સત્યો:

અથાલ્યા યહૂદિયાના રાજા યહોરામની દુષ્ટ પત્ની હતી. તે ઈઝરાએલના દુષ્ટ રાજા ઓમ્રની પૌત્રી હતી.

- યહોરામના મૃત્યુ બાદ અથાલ્યાનો પુત્ર અહાઝ્યા રાજા બન્યો.

જયારે તેનો પુત્ર અહાઝ્યા મૃત્યુ પામ્યો, ત્યારે અથાલ્યાએ રાજાના કુટુંબના બાકી રહેલા બધાને મારી નાખવાની યોજના બનાવી. પણ અથાલ્યાનો નાનો પૌત્ર યોઆશને તેની ફોઈએ સંતાડી રાખ્યો અને તેને મૃત્યુમાંથી બચાવ્યો. પછી અથાલ્યાએ છ વર્ષો માટે રાજ્ય કર્યું, તેને મારી નાખવામાં આવી અને યોઆશ રાજા બન્યો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અહાઝ્યા, યહોરામ, યોઆશ, ઓમ્રી)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 22:1-3
- 2 કાળવૃતાંત 24:6-7
- 2 રાજા 11:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H6721

# અદોનિયા

## વ્યાખ્યા:

અદોનિયા દાઉદ રાજાનો ચોથો દિકરો હતો.

- અદોનિયાએ તેના ભાઇઓ આમ્નોન અને આબ્શાલોમના મૃત્યુ પછી ઈઝરાયેલ ઉપર રાજા બનવા પ્રયાસ કર્યો.
- છતાં પણ, દેવે વચન આપ્યુ હતું કે દાઉદનો પુત્ર સુલેમાન રાજા બનશે, જેથી અદોનિયાનું કાવતરું નિષ્ફળ ગયું અને સુલેમાનને રાજા બનાવાયો.
- જયારે અદોનિયાએ બીજી વાર પોતે રાજા બનવાનો પ્રયાસ કર્યો ત્યારે સુલેમાને તેને મારી નાંખ્યો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ : દાઉદ, [સુલેમાન]

## બાઈબલની કલમો:

## શબ્દ માહિતી:

- Strong's: G138

# અદોમ, અદોમી, અદોમીઓ, અદોમીયા (ઈદુમીયા)

## સત્યો:

અદોમ એ એસાવનું બીજું નામ હતું. જ્યાં તે રહેતો હતો તે પ્રદેશ “અદોમ” અને પછી, “અદોમીયા” તરીકે પણ જાણીતો બન્યો. “અદોમીઓ” એ તેના વંશજો હતા.

- સમય જતાં અદોમ પ્રદેશના સ્થળોને બદલાયા છે.

તે મોટેભાગે ઈઝરાએલના દક્ષિણમાં આવેલા હતા અને છેવટે તે યહૂદાના દક્ષિણ તરફ વિસ્તૃત પામ્યા.

- નવા કરારના સમય દરમ્યાન, અદોમે યહૂદિયાના દક્ષિણનો અર્ધો પ્રાંત આવરી લીધો.

ગ્રીકમાં તે “અદોમીયા (ઈદુમીયા)” કહેવાય છે.

- “અદોમ” નો અર્થ “લાલ” છે જે કદાચ તે હકીકત દર્શાવે છે કે જયારે એસાવ જન્મ્યો હતો ત્યારે લાલ રંગના વાળથી ઢંકાયેલો હતો.

અથવા કદાચ તે લાલ શાક કે જેને લીધે તેણે તેનું જ્યેષ્ઠ વેચી લીધું હતું, તેને દર્શાવે છે.

- જૂના કરારમાં, મોટેભાગે અદોમના દેશને ઈઝરાએલના શત્રુ તરીકે ઉલ્લેખવા આવ્યો છે.
- ઓબાદ્યાનું સમગ્ર પુસ્તક અદોમના વિનાશ વિશે છે.

જૂના કરારના અન્ય બીજા પ્રબોધકો પણ અદોમની વિરુદ્ધ નકારાત્મક ભવિષ્યવાણીઓ બોલ્યાં.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: વિરોધી, જ્યેષ્ઠપણું, એસાવ, ઓબાદ્યા, પ્રબોધક)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 25:29-30
- ઉત્પત્તિ 32:3-5
- ઉત્પત્તિ 36:1-3
- યશાયા 11:14-15
- યહોશૂઆ 11:16-17
- ઓબાદ્યા 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H123, H130, H8165, G2401

# અન્નાસ

## સત્યો:

લગભગ ઈસ.6 થી ઈસ. 15 સુધી અન્નાસ દસ વર્ષ માટે યરુશાલેમમાં યહૂદીઓનો મુખ્ય યાજક હતો. રોમન સામ્રાજ્ય દ્વારા તેને મુખ્ય યાજકના પદમાંથી દુર કરવામાં આવ્યો હતો, એમ હોવા છતાં તે યહૂદીઓ મધ્યે પ્રભાવશાળી નેતા તરીકે ચાલુ રહ્યો હતો.

- અન્નાસ કાયાફાસનો સસરો હતો, ઈસુની સેવાના સમય દરમ્યાન તે મુખ્ય યાજક અધિકારી હતો.
- નિવૃત્તિ બાદ પણ મુખ્ય યાજકો અમુક જવાબદારીઓ સાથે પોતાના હોદ્દાના પદ જારી રાખતા, જેમકે કાયાફાસના અને બીજાની કારકિર્દી સમય દરમ્યાન પણ અન્નાસે પોતાનો હોદ્દો જાળવી રાખ્યો હતો.
- ઈસુની તપાસ દરમ્યાન યહૂદી લોકો તેમને અન્નાસ પાસે પ્રશ્નોતરી કરવા માટે લાવ્યાં હતા.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ : મુખ્ય યાજક, યાજક)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 4:5-7
- યોહાન 18:22-24
- લૂક 3:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G452

# અપોલસ

## સત્યો/તથ્યો:

અપોલસ મિસરના આલેકસાંદ્રિયા શહેરનો યહૂદી હતો, કે જેનામાં ઈસુ વિષે શિક્ષણ આપવાની અનોખી આવડત હતી.

- અપોલસ હિબ્રુ ધર્મગ્રંથમાં સારો શિક્ષિત હતો, અને ઉત્કૃષ્ટ વક્તા હતો.
- તેને આકુલાસ અને પ્રિસ્કીલા નામનાં એફેસસના બે ખ્રિસ્તીઓ દ્વારા સૂચિત કરવામાં આવ્યો હતો.
- પાઉલે ભારપૂર્વક જણાવ્યું કે તે પોતે તથા અપોલસ, તેમજ બીજા સુવાર્તિકો અને શિક્ષકો, ઈસુ પર વિશ્વાસ કરવા માટે મદદ કરી, સમાન હેતુ તરફ કામ કરી રહ્યા હતા.

(ભાષાંતરના સુચનો : નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ જુઓ: આકુલાસ , એફેસસ, પ્રિસ્કીલા, ઈશ્વરનું વચન)

## બાઈબલની કલમો:

- 1 કોરંથીઓ 1:12-13
- 1 કોરંથીઓ 16:10-12
- પ્રેરિતો 18:24-26
- તિતસ 3:12-13

## શબ્દ માહિતી:

- Strong's: G625

# અબિયા

## સત્યો

અબિયા યહૂદિયાનો રાજા હતો જેણે ઈસ. પૂર્વે 915 થી 913 સુધી રાજ કર્યું. તે રહાબઆમ રાજાનો પુત્ર હતો. જુનાકરારમાં અબિયા નામના બીજા ઘણા માણસો પણ હતા.

- બેરશેબામાં ઈઝરાએલ લોકો ઉપર શમુએલના પુત્રો અબિયા અને યોએલ ન્યાયાધીશો હતા.

અબિયા અને તેનો ભાઈ અપ્રમાણિક અને લોભી હતા, તે કારણથી લોકોએ શમુએલને રાજા નિમવા માટે માંગણી કરી કે જે તેમની જગ્યાએ શાસન કરે.

- દાઉદ રાજાના સમય દરમ્યાન અબિયા મંદિરના યાજકોમાંનો એક હતો.
- અબિયા યરોબઆમ રાજાના પુત્રોમાંનો એક હતો.
- બાબિલના બંદીવાસમાંથી અબિયા જે મહાયાજક હતો, તે પણ ઝરુબ્બાબેલ સાથે યરુશાલેમ પાછો ફર્યો.

(ભાષાંતર માટેના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

## બાઈબલની કલમો

- 1 રાજા 15:1-3
- 1 શમુએલ 8:1-3
- 2 કાળવૃતાંત 13:1-3
- 2 કાળવૃતાંત 13:19-22
- લૂક 1:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H29, G7

# અબીમેલેખ

## સત્યો:

જયારે ઈબ્રાહિમ અને ઈસહાક ક્નાનની ભૂમિ પર રહેતા હતા, ત્યારે અબીમેલેખ ગેરારના વિસ્તારનો પલિસ્તી રાજા હતો.

- ઈબ્રાહિમે અબીમેલેખને સારા તેની બહેન છે અને પત્ની નથી એમ કહીને છેતર્યો.
- બેરશેબામાં ઈબ્રાહિમ અને અબીમેલેખે કૂવાઓની માલિકી વિશે કરાર કર્યો.
- ઘણા વર્ષો પછી ઈસહાકે પણ રિબકાહ તેની બહેન છે પત્ની નથી એમ કહીને અબીમેલેખ અને ગેરારના બીજા માણસોને છેતર્યા.
- અબીમેલેખ રાજાએ ઈબ્રાહીમ, અને પછી ઈસહાકને જુઠું બોલવા બદલે ઠપકો આપ્યો.
- અબીમેલેખ નામનો બીજો માણસ જે ગિદિયોનનો પુત્ર અને યોથામનો ભાઈ હતો.

અમુક ભાષાંતરમાં અબીમેલેખ શબ્દ અને જોડણીનો ઉપયોગ થોડો અલગ રીતે કરવામાં આવ્યો છે, જેથી તે નામ અબીમેલેખ રાજાથી અલગ તરી આવે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓં: બારશેબા, ગેરાર, ગિદિયોન, યોથામ, પલિસ્તીઓ)

## બાઈબલની કલમો:

- 2 શમુએલ 11:21
- ઉત્પત્તિ 20:1-3
- ઉત્પત્તિ 20:4-5
- ઉત્પત્તિ 21:22-24
- ઉત્પત્તિ 26:9-11
- ન્યાયાધીશો 9:52-54

## શબ્દ માહિતી:

- Strong's: H40

# અબ્યાથાર

## વ્યાખ્યા:

દાઉદ રાજાના સમય દરમિયાન અબ્યાથાર ઇઝરાએલ દેશનો મહા યાજક હતો.

- જ્યારે શાઉલ રાજાએ યાજકોને મારી નાખ્યા, અબ્યાથાર બચીને દાઉદ પાસે જંગલમાં ગયો.
- દાઉદના રાજ્યમાં અબ્યાથાર અને સાદોક નામનાં બીજા મહાયાજકે વિશ્વાસુપણે સેવા કરી
- દાઉદના મરણ પછી, સુલેમાનને બદલે અબ્યાથારે અદોનિયાને રાજા બનાવવાનો પ્રયત્ન કર્યો.
- આ કારણથી સુલેમાન રાજાએ અબ્યાથારને યાજકપદેથી કાઢી નાખ્યો.

( જુઓં: સાદોક, શાઉલ, દાઉદ, સુલેમાન, અદોનિયા)

## બાઈબલ ની કલમો:

- 1કાળવૃતાંત 27:32-34
- 1 રાજા 1:7-8
- 1 રાજા 2:22-23
- 2 શમુએલ 17:15-16
- માર્ક 2:25-26

## શબ્દ માહિતી:

- Strong's: H54, G8

# અમાલેક, અમાલેકી, અમાલેકીઓ

## સત્યો:

અમાલેકીઓ એ ભટકતા લોકોનો જનસમુદાય હતો, જેઓ કનાનના દક્ષિણ ભાગના અરબ દેશથી નેગેબના રણ સુધી રહેતા હતા. અમાલેકમાંથી ઉતરી આવેલું આ જૂથના લોકો, જેઓ એસાવના પૌત્ર હતા.

- ઇઝરાએલીઓ જયારે કનાનમાં રહેવા માટે આવ્યા ત્યારથી તેઓ અમાલેકીઓના ખરાબ દુશ્મનો હતા.
- અમુકવાર અમાલેક શબ્દનો ઉપયોગ અમાલેકીઓને રૂપકાત્મક રીતે દર્શાવે છે.

(જુઓ: અલંકાર)

- અમાલેકીઓની વિરુદ્ધની એક લડાઈમાં જયારે મૂસા પોતાનો હાથ ઉપર રાખતો ત્યારે ઇઝરાએલીઓ વિજય પામતા.

જયારે તે થાકી જતો ત્યારે પોતાના હાથ નીચે લાવતો, ત્યારે તેઓ હાર પામતા. તેથી હારુને અને હુરે, જ્યાં સુધી ઇઝરાએલીઓ અમાલેકીઓને હરાવી ન દીધા, ત્યાં સુધી તેઓએ મુસાના હાથો ઉપર પકડી રાખ્યા.

- અમાલેકીઓની વિરુધ્ધ દાઉદ રાજા અને શાઉલ રાજાએ લશ્કરી હુમલો કર્યો.
- અમાલેકીઓ સામે જીત બાદ, શાઉલે લુંટ રાખીને અને અમાલેકના રાજાનો સંહાર ન કરીને ઈશ્વરની આજ્ઞાનો અનાદર કર્યો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર)

(જુઓં: આરબ, દાઉદ, એસાવ, નેગેબ, [શાઉલ])

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 4:42-43
- 2 શમુએલ 1:8-10
- નિર્ગમન 17:8-10
- ગણના 14:23-25

## શબ્દ માહિતી:

- Strong's: H6002, H6003

# અમાસ્યા

## સત્યો:

અમાસ્યા તેના પિતા યોઆશ રાજાની હત્યા થયા બાદ યહૂદાના રાજ્ય ઉપર રાજા બન્યો.

- અમાસ્યા રાજાએ ઈસ.પૂર્વે 796 થી ઈસ.પૂર્વે 767 સુધી યહૂદા ઉપર ઓગણત્રીસ વર્ષ સુધી રાજ કર્યું.
- તે સારો રાજા હતો, પણ તેણે ઉચ્ચસ્થાનોમાં જ્યાં મૂર્તિઓની પૂજા થતી હતી તે કાઢી નાખ્યા નહિ.
- જે માણસો તેના પિતાની હત્યા માટે જવાબદાર હતા તેમને અમાસ્યાએ છેવટે મારી નાખ્યાં.
- તેણે બળવાખોર અદોમીઓનો પરાજય કરીને તેમને યહુદા રાજ્યના નિયંત્રણમાં પાછા લાવ્યો.

તેણે ઈઝરાએલના રાજા યહોઆશને યુદ્ધ માટે પડકાર કર્યો, પણ તે હારી ગયો. યરુશાલેમની દિવાલોના ભાગ તૂટી ગયા અને સોનાચાંદીના વાસણો મંદિરમાંથી ચોરાઈ ગયા હતા. વર્ષો પછી અમાસ્યા યહોવાના માર્ગોથી ફરી ગયો અને યરુશાલેમના અમુક માણસોએ કાવતરું કરીને તેને મારી નાખ્યો.

( ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર)

( જુઓ: યોઆશ, અદોમ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:10-12
- 1 કાળવૃતાંત 4:34-38
- 2 કાળવૃતાંત 25:9-10
- 2 રાજા 14:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H558

# અમોરી, અમોરીઓ

## સત્યો:

અમોરીઓ એ લોકોનો શક્તિશાળી સુમદાય હતો કે જે નૂહના પૌત્ર કનાનથી ઉતરી આવેલા હતા. તેમના નામનો અર્થ “ઊંચા,” કે જે પર્વતીય પ્રદેશ હોવાનું દર્શાવે છે કે જ્યાં તેઓ રહેતા અથવા શક્ય કે તેઓ ખુબજ ઊંચા હતા.

- અમોરીઓ યર્દન નદીના બંને બાજુના વિસ્તારમાં રહેતા હતાં.

આય નગરમાં અમોરીઓ દ્વારા વસવાટ થયો હતો. “અમોરીઓના પાપ” વિશે દેવે ઉલ્લેખ કર્યો છે, જેમાં તેમની જુઠા દેવોની ઉપાસના અને દુષ્ટ આચરણનો સમાવેશ થાય છે. દેવનું આજ્ઞા પ્રમાણે યહોશુઆએ અમોરીઓનો વિનાશ કરવા ઈઝરાયેલીઓને દોર્યા.

## બાઈબલની કલમો :

- આમોસ 2:9-10
- હઝકિએલ 16:1-3
- ઉત્પત્તિ 10:15-18
- ઉત્પત્તિ 15:14-16
- યહોશુઆ 9:9-10

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **15:7** થોડા સમયબાદ, કનાનના અન્ય રાજાઓના લોકોનું જૂથ, **અમોરીઓએ** સાંભળ્યું કે ગિબિયોનિઓએ ઈઝરાયેલીઓ સાથે શાંતિ કરાર કર્યો છે, તેથી તેઓએ તેમનું મોટું સૈન્ય એકત્રિત કરી, ગિબિયોનિઓ પર હુમલો કર્યો.
- **15:8** તેઓએ વહેલી સવારે **અમોરીઓના** સૈન્ય ઉપર હુમલો કરીને તેમને આશ્ચર્યમાં મૂકી દીધા.
- **15:9** તે દિવસે દેવ ઈઝરાયેલ માટે લડયો.

તેણે અમોરીઓને મુંઝવણમાં મૂકી તેમના પર મોટા કરા મોકલીને ઘણા **અમોરીઓને** મારી નાખ્યા.

- **15:10** જેથી દેવે સૂર્યને પણ આકાશમાં એક જ જગ્યાએ થોભાવી દીધો અને એમ ઈઝરાયેલઓને પુરતો સમય આપી તેમણે **અમોરીઓને** સંપૂર્ણપણે હરાવ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H567

# અયૂબ

## સત્યો:

અયૂબ એક માણસ હતો કે જેને બાઈબલમાં દેવની આગળ નિર્દોષ અને ન્યાયી તરીકે વર્ણવેલ છે. તે તેના ભયંકર દુ:ખના સમયોમાં દેવમાં તેના વિશ્વાસને લાગુ રહેનાર માટે વિશેષ જાણીતો છે.

- અયૂબ ઉસની ભૂમિમાં રહેતો હતો, કે જે કયાંક કનાનની ભૂમિની પૂર્વે કદાચ અદોમીઓના પ્રદેશની નજીક આવેલું હતું.
- એવું માનવામાં આવે છે કે તે યેસાવ અને યાકૂબના સમયમાં જીવ્યો હતો, કારણકે અયૂબના મિત્રમાંનો એક "તિમાઈ" જે લોકજૂથનું નામ એસાવના પૌત્રના નામ પરથી આપવામાં આવેલ છે.
- જૂના કરારનું અયૂબનું પુસ્તક કેવી રીતે અયૂબ અને બીજાઓ તેના દુ:ખ પ્રત્યે કેવી પ્રતિક્રિયા કરે છે તે વિશે જણાવે છે.

તે સાર્વભૌમ ઉત્પન્નકર્તા અને વિશ્વના શાસક તરીકે દેવનો દ્રષ્ટિબિંદુ પણ આપે છે.

- આ બધી આપત્તિઓ પછી, છેવટે દેવે અયૂબને સાજો કર્યો અને તેને વધુ બાળકો અને સંપત્તિ આપી.

અયૂબનુ પુસ્તક કહે છે કે તે ખૂબ વૃદ્ધ હતો ત્યારે મૃત્યુ પામ્યો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, એસાવ, ખોરાક, યાકૂબ, લોકોનું જૂથ)

## બાઈબલની કલમો:

- હઝકિએલ 14:12-14
- યાકૂબ 5:9-11
- અયૂબ 1:1-3
- અયૂબ 3:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H347, H3102, G2492

# અરબસ્તાન, અરબસ્તાની,અરબસ્તાનીઓ

## સત્યો:

અરબસ્તાન દુનિયાનો સૌથી મોટો દ્વીપકલ્પ છે, જે લગભગ 3,000,000 ચોરસ કિલોમીટરને આવરે છે. તે ઈઝરાયેલના દક્ષિણપૂર્વે આવેલો છે, અને લાલ સમુદ્ર, અરબ સમુદ્ર અને ફારસી અખાતની સરહદે આવેલો છે.

- “અરબસ્તાની” શબ્દ જેઓ અરબસ્તાનમાં રહે છે તેઓ માટે વપરાય છે અથવા જે કાંઈ અરબસ્તાન સાથે જોડાયેલું છે.
- અરબસ્તાનમાં જે પ્રારંભિક લોકો રહેતા, તેઓ શેમના પૌત્રો-પૌત્રીઓ હતા.

અરબસ્તાનના પહેલાના બીજા રહીશોમાં ઈબ્રાહિમના પુત્ર ઈશ્માએલ અને તેના વંશજો, તેમજ એસાવના વંશજોનો સમાવેશ પણ થાય છે.

- ઈઝરાએલીઓ 40 વર્ષો સુધી જે રણપ્રદેશ ભટક્યા હતા, તે અરબસ્તાનમાં આવેલું છે.
- ઈસુમાં વિશ્વાસી બન્યા પછી, પ્રેરિત પાઉલે થોડા વર્ષો અરબસ્તાનના રણમાં વિતાવ્યા.
- પાઉલે તેનો જે પત્ર ગલાતીમાંના ખ્રિસ્તીઓને લખ્યો હતો, તેમાં તે સિનાઈ પર્વત અરબસ્તાનમાં આવેલો છે તેવો ઉલ્લેખ કર્યો છે.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ : એસાવ, ગલાતીઆ, ઈશ્માએલ, શેમ, સિનાઈ)

## બાઈબલની કલમો :

- 1 રાજા 10:14-15
- પ્રેરિતો 2:8-11
- ગલાતીઓ 1:15-17
- ગલાતીઓ 4:24-25
- યર્મિયા 25:24-26
- નહેમ્યા 2:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H6152, H6153, H6163, G688, G690

# અરાબાહ

## સત્યો:

જૂનાકરારમાં “અરાબાહ” શબ્દ ખુબજ વિશાળ રણ અને મેદાનનો પ્રદેશ, તેમાં યર્દન નદીની આસપાસની ખીણનો પણ સમાવેશ થાય છે અને આ જગ્યા છેક દક્ષિણમાં લાલ સમુદ્રની ઉત્તરીય ટોચ સુધી ફેલાયેલો છે.

- ઈઝરાએલીઓએ મિસરમાંથી કનાનની ભૂમિમાં જવા આ રણપ્રદેશમાં થઈને મુસાફરી કરી હતી.

“અરબાહનો સમુદ્ર” નું ભાષાંતર “અરબાહના રણપ્રદેશમાં આવેલો સમુદ્ર” થઇ શકે છે. વારંવાર આ સમુદ્રને “ખારો સમુદ્ર” અથવા “મૃત સમુદ્ર” તરીકે ઓળખવામાં આવે છે. “અરાબાહ” શબ્દનો ઉલ્લેખ સામાન્ય રીતે રણપ્રદેશના કોઇપણ ભાગ માટે કરી શકાય છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ : રણ, લાલ સમુદ્ર, યર્દન નદી, કનાન, ખારો સમુદ્ર, મિસર)

## બાઈબલની કલમો :

- 1 શમુએલ23:24-25
- 2 રાજાઓ 25:4-5
- 2 શમુએલ 2:28-29
- યર્મિયા 2:4-6
- અયુબ 24:5-7
- ઝખાર્યા 14:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H1026, H6160

# અરામ, અરામી, અરામીઓ, અરામીક

## વ્યાખ્યા:

જૂનાકરારમાં “અરામ” નામનાં બે માણસો હતા. તે કનાનના ઉત્તરપૂર્વ પ્રદેશનું નામ હતું, કે જ્યાં હાલમાં સિરિયા આવેલું છે.

- અરામમાં રહેનારા લોકો “અરામીઓ” તરીકે ઓળખાય છે, અને અરામીક ભાષા બોલે છે.

ઈસુ અને તેમના સમયના બીજા યહુદિયો પણ અરામીક બોલતા હતા.

- તેમાંના એક શેમના દીકરાનું નામ અરામ હતું.

અરામ નામનો બીજા એક માણસ જે રિબકાનો પિતરાઈ હતો. તે સંભવ છે કે અરામના પ્રદેશનું નામ આ બેમાંથી એકના નામ પરથી પડ્યું હશે.

- સમય જતાં અરામ ગ્રીક નામ “સિરિયા” તરીકે જાણીતું થયું.
- આ શબ્દ “પાદ્દાનારામ” એટલે કે “અરામના મેદાન” અને આ મેદાન અરામના ઉત્તરભાગમાં આવેલું હતું.
- ઈબ્રાહિમના કેટલાક સબંધીઓ હારાન શહેરમાં રહેતા હતા કે જે “પાદ્દાનારામ” માં આવેલું હતું.
- જૂનાકરારમાં ક્યારેક આ શબ્દ “અરામ” અને “પાદ્દાનારામ” એક જ પ્રદેશ માટે વપરાયો છે.
- “અરામ નહારીમ” શબ્દનો અર્થ “અરામની બે નદીઓ” હોઈ શકે.

આ પ્રદેશ મેસોપોટેમીયાના ઉત્તર ભાગમાં અને “પાદ્દાનારામ” પૂર્વમાં ભાગમાં આવેલો હતો.

(ભાષાંતર સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: મેસોપોટેમીયા, પાદ્દાનારામ, રિબકા, શેમ, [સિરિયા])

## બાઈબલની કલમો:

- 1કાળવૃતાંત 1:17-19
- 2શમુએલ 8:5-6
- આમોસ 1:5
- હઝકિયેલ 27:16-18
- ઉત્પતિ 31:19-21
- હોશિયા 12:11-12
- ગીતશાસ્ત્ર 60:1

## શબ્દ માહિતી:

- Strong's: H758, H763, G689

# અરારાટ

## સત્યો:

બાઈબલમાં, “અરારાટ” નામ ભૂમિ, રાજ્ય અને પર્વત ની હારમાળા માટે અપાયેલું છે.

- “અરારાટની ભૂમિ” તે લગભગ હાલમાં તુર્કસ્તાન દેશના ઉત્તરપૂર્વીય ભાગમાં આવેલું હતું.
- “અરારાટ” એ ખાસ કરીને પર્વતના નામથી જાણીતું છે, જયારે જળપ્રલયના પાણી ઓસરવાના શરૂ થયા અને નુહનું વહાણ તેના પર થંભ્યું.
- આધુનિક સમયમાં આ પર્વતને “અરારાટ પર્વત” કહેવામાં આવે છે કે જેને બાઈબલમાં “અરારાટ પર્વતો” નું સ્થાન તરીકે ઓળખવામાં આવે છે.

(ભાષાંતરના સુચનો : નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ : વહાણ, નૂહ)

## બાઈબલની કલમો:

- 2 રાજા 19:35-37
- ઉત્પતિ 8 :4-5
- યશાયા 37:38
- યર્મિયા 51:27-28

## શબ્દ માહિતી:

- Strong's: H780

# અશેરાહ, અશેરાહ સ્તંભ, અશેરાહના સ્તંભો, આસ્થોરેથ, આસ્થોરેથીઓ

## વ્યાખ્યા:

અશેરાહ એક દેવીનું નામ હતું, જેની જૂના કરારના સમય દરમ્યાન કનાની લોકોના જૂથ દ્વારા આરાધના કરવામાં આવતી હતી. “આસ્થોરેથ એ કદાચ “અશેરાહ” માટેનું બીજું નામ હોય, અથવા તે નામની બીજી દેવી હોઈ શકે કે જે તેના સમાન હતી. આ શબ્દ “અશેરાહના સ્તંભો” લાકડાંની કોતરેલી પ્રતિમા અથવા આ દેવીને રજુ કરવા કોતરેલા વૃક્ષોને દર્શાવે છે.

- અશેરાહના સ્તંભો મોટેભાગે જૂઠા દેવ બઆલની વેદીની નજીક ગોઠવેલા હતા, કે જે અશેરાહના પતિ હોઈ શકે.

કેટલાક લોકોના જૂથો બઆલની સૂર્યદેવ તરીકે અને અશેરાહ અથવા આસ્થોરેથની ચંદ્ર દેવી તરીકે આરાધના કરતા.

- અશેરાહની કોતરેલી બધી પ્રતિમાનો નાશ કરવાની દેવે ઈઝરાએલીઓને આજ્ઞા આપી.

કેટલાક ઈઝરાએલના આગેવાનો જેવા કે ગિદિઓન, આસા રાજા, અને યોઆશ રાજા દેવની આજ્ઞા માની અને દેવે મૂર્તિઓનો નાશ કરવા સારુ લોકોને દોર્યા.

- પણ બીજા ઈઝરાએલના આગેવાનો જેવા કે સુલેમાન રાજા, મનાશ્શા રાજા, અને આહાબ રાજાએ અશેરાહ સ્તંભો કાઢી નાખ્યા નહીં અને આ મૂર્તિઓને ભજવા લોકોને પ્રભાવિત કર્યા.

(આ પણ જુઓ: જુઠો દેવ, બઆલ, ગિદિઓન, પ્રતિમા, સુલેમાન)

## બાઈબલની કલમો:

- 2 રાજા 18:4-5
- 2 રાજા 21:1-3
- યશાયા 27:9
- ન્યાયાધીશો 3:7-8
- મીખાહ 5:12-15

## શબ્દ માહિતી:

- Strong's: H842, H6252, H6253

# અહાઝ્યા

## સત્યો:

અહાઝ્યા બે રાજાઓના નામ હતા: એક રાજા જેણે ઈઝરાએલ રાજ્ય ઉપર રાજ કર્યું, અને બીજાએ યહૂદાના રાજ્ય ઉપર રાજ કર્યું.

- યહોરામ રાજાનો પુત્ર અહાઝ્યા યહૂદાનો રાજા હતો.

તેણે એક વર્ષ માટે રાજ કર્યું અને પછી યેહૂ દ્વારા તે મારી નંખાયો. અહાઝ્યાનો નાનો પુત્ર યોઆશ આખરે તેની જગ્યા પર રાજા બન્યો.

- આહાબ રાજાનો પુત્ર અહાઝ્યા ઈઝરાએલનો રાજા હતો.

તેણે બે વરસ માટે શાસન કર્યું (ઈસ.પૂર્વે 850-49).

તે તેના મહેલમાં પડી જવાથી ઈજા પામીને મૃત્યુ પામ્યો, અને તેનો ભાઈ યોરામ રાજા બન્યો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કરો)

(જુઓ: યેહૂ, આહાબ, યરોબામ, યોઆશ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 22:39-40
- 2 કાળવૃતાંત 22:1-3
- 2 કાળવૃતાંત 25:23-24
- 2 રાજા 11:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H274

# અહાશ્વેરોશ

## સત્યો:

અહાશ્વેરોશ એક રાજા હતો તેણે પુરાતન સમયના ફારસી રાજ્ય પર વીસ વર્ષ રાજ્ય કર્યું.

- આ સમયે બંદીવાસમાં રહેલા યહૂદી લોકો બાબિલમાં રહેતા હતા, જેઓ ફારસી રાજ્યના કબજા હેઠળ આવ્યા હતા.
- આ રાજાનું બીજું નામ ઝેરેક્શીસ હોઈ શકે છે.
- પોતાની રાણી કાઢી મુક્યા પછી, રાજા અહાશ્વેરોશે યહૂદી છોકરી જેનું નામ એસ્તર હતું તેને પોતાની પત્ની અને રાણી તરીકે પસંદ કરી.

(ભાષાંતર માટેના સૂચનો: નામનું ભાષાંતર કરો)

(જુઓ: બાબિલ, એસ્તેર, ઇથોપિયા, બંદીવાસ, ફારસી)

## બાઈબલની કલમો:

- દાનિએલ 9:1-2
- એસ્તર 10:1-2
- એઝરા 4:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H325

# અહિયા

## સત્યો:

જુનાકરાર માં અહિયા નામના કેટલાક જુદાજુદા માણસો હતા. આ માણસો નીચે પ્રમાણે છે:

- શાઉલના સમયમાં અહિયા નામનો યાજક હતો.
- સુલેમાન રાજાના રાજ્ય દરમ્યાન અહિયા નામનો માણસ ચિટનીસ હતો.
- સીલોની અહિયા નામનો પ્રબોધક હતો તેણે ભવિષ્ય ભાખ્યું કે ઇઝરાએલના રાજ્યના બે ભાગ થઈ જશે.
- ઇઝરાએલના રાજા બાઅશાના પિતાનું નામ પણ અહિયા હતું.

(ભાષાંતરના સુચનો: નામનું ભાષાંતર કરો)

(જુઓ: બાઅશા, [શીલોની])

## બાઈબલની કલમો:

- 1 રાજા 15:27-28
- 1 રાજા 21:21-22
- 1 શમુએલ 14:18-19
- 2 કાળવૃતાંત 10 :15

## શબ્દ માહિતી:

- Strong's: H281

# આદમ

## સત્યો:

આદમ પ્રથમ વ્યક્તિ હતો જેને દેવે બનાવ્યો. દેવે તેને અને તેની પત્ની હવાને પોતાના સ્વરૂપ પ્રમાણે રચ્યા.

- દેવે ધૂળમાંથી આદમને બનાવ્યો અને તેનામાં જીવનનો શ્વાસ મુક્યો.
- આદમ શબ્દનો ઉચ્ચાર હિબ્રૂ શબ્દ “લાલ ધૂળ” અથવા “જમીન”ની સમકક્ષ થાય છે.

જુનાકરારમાં “મનુષ્ય” અને “મનુષ્યજાત” માટે “આદમ” શબ્દ વાપરવામાં આવ્યો છે.

- સર્વ લોકો આદમ અને હવાના વંશજો છે.
- આદમ અને હવા ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું.

તેઓ દેવથી અલગ કરાયા અને તેને કારણે જગતમાં પાપ અને મૃત્યુએ પ્રવેશ કર્યો.

(ભાષાંતર માટેના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: મોત, વંશ, હવા, ઈશ્વરનું સ્વરૂપ, જીવન)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 2:13-15
- ઉત્પત્તિ 3:17-19
- ઉત્પત્તિ 5:1-2
- ઉત્પત્તિ 11: 5-7
- લૂક 3:36-38
- રોમનો 5:14-15

## બાઈબલની વાર્તામાંથી ઉદાહરણ:

- **1:9** ત્યારપછી દેવે કહ્યું, "ચાલો આપણે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસ બનાવીએ."
- **1:10** આ માણસનું નામ **આદમ** હતું.

દેવે બાગ બનાવ્યો જેથી **આદમ** ત્યાં રહી શકે, અને તેને ત્યાં મુકવામાં આવ્યો જેથી તે તેની સંભાળ રાખે.

- **1:12** પછી દેવે કહ્યું કે, "માણસ એકલો રહે તે સારું નથી."

પણ પ્રાણીઓમાંથી **આદમ**માટે સહાયકારી બની શક્યો નહીં.

- **2:11** અને દેવે **આદમને**અને હવાને પ્રાણીના ચામડાના વસ્ત્ર પહેરાવ્યા.
- **2:12** તેથી દેવે **આદમ** અને હવાને એ સુંદર બાગમાંથી કાઢી મુક્યા.
- **49:8** જયારે **આદમ** અને હવાએ પાપ કર્યું, જેની અસર તેના બધા સંતાન પર થઇ.
- **50:16** કારણકે જયારે **આદમ** અને હવાએ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું અને તેથી આ જગત પર પાપ આવ્યું, દેવે તેને શાપ દીધો અને તેનો નાશ કરવા નિર્ણય કર્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H120, G76

# આન્દ્રિયા

## સત્યો:

આન્દ્રિયા એ બારમાંનો એક માણસ હતો જેને ઈસુએ પોતાની નજીકના શિષ્યોમાંના એક તરીકે પસંદ કર્યો.(પછી તેઓ પ્રેરિતો કહેવાયા).

- સિમોન પિતર આન્દ્રિયાનો ભાઈ હતો. તેઓં બન્ને માછીમાર હતા.
- ઈસુએ જયારે પિતર અને આન્દ્રિયાને તેના શિષ્યો થવા બોલાવ્યા ત્યારે તેઓ ગાલીલના સમુદ્રમાં માછલાં પકડતાં હતા.
- પિતર અને આન્દ્રિયાને ઈસુને મળ્યા પહેલા તેઓ યોહાન બાપ્તિસ્મીના શિષ્યો હતા.

(ભાષાંતર માટેના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: પ્રેરિત, શિષ્ય, બાર શિષ્યો)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 1:12-14
- યોહાન 1: 40-42
- માર્ક 1: 16-18
- માર્ક 1: 29-31
- માર્ક 3: 17-19
- માથ્થી 4: 18-20
- માથ્થી 10: 2-4

## શબ્દ માહિતી:

- Strong's: G406

# આબ્નેર

## વ્યાખ્યા

જુનાકરારમાં આબ્નેર શાઉલ રાજાનો પિતરાઈ હતો.

- આબ્નેર શાઉલના લશ્કરનો સેનાપતિ હતો, અને દાઉદે ગોલીયાથને માર્યા પછી તેણે યુવાન દાઉદની શાઉલ સાથે ઓળખાણ કરાવી.
- શાઉલના મૃત્યુ બાદ, આબ્નેરએ શાઉલના પુત્ર ઈસબોસેથને ઈઝરાઈલ ઉપર રાજા ઠરાવ્યો, જયારે યહૂદિયામાં દાઉદ રાજા તરીકે નિમાયો હતો.
- બાદમાં, આબ્નેરને દાઉદના મુખ્ય સેનાપતિ યોઆબે વિશ્વાસઘાત કરીને મારી નાંખ્યો હતો.

ભાષાંતર સુચનો: નામનું ભાષાંતર કેવી રીતે કરવું

## બાઈબલ કલમો:

- 1 કાળવૃતાંત 26:26-28
- 1 રાજા 2:5-6
- 1 રાજા 2:32-33
- 1 શમુએલ 17:55-56
- 2 શમુએલ 3:22-23

## શબ્દ માહિતી:

- Strong's: H74

# આબ્શાલોમ

## સત્યો

આબ્શાલોમ દાઉદ રાજાનો ત્રીજો દિકરો હતો. તે તેના સુંદર દેખાવ અને ન્યાયી વ્યવહાર માટે જાણીતો હતો.

- જયારે આબ્શાલોમની બહેન તામારનો તેના સાવકા ભાઈ આમ્નોને બળાત્કાર કર્યો, ત્યારે આબ્શાલોમે આમ્નોનને મારવાની યોજના બનાવી.
- આમ્મોનના ખૂન બાદ, આબ્શાલોમ ગેશુરના સીમમાં નાસી ગયો (તેની માતા માઅખાહ ત્યાંની હતી) અને ત્યાં જઈ ત્રણ વર્ષ રહ્યો. પછી દાઉદ રાજાએ તેને યરુશાલેમ પાછો તેડી મંગાવ્યો, પણ બે વરસ સુધી આબ્શાલોમ ને તેની હઝુરમાં આવવાની પરવાનગી આપી નહીં.
- આબ્શાલોમે ઘણા લોકોને દાઉદ રાજાની વિરુધ્ધમાં ફેરવ્યા અને તેની વિરુધ્ધ બળવો કર્યો.
- દાઉદનું સૈન્ય આબ્શાલોમની વિરુધ્ધ લડ્યું અને તેને મારી નાખ્યો.

જયારે આ બન્યું ત્યારે દાઉદ ખુબજ દુઃખી થયો.

(ભાષાંતર સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: ગેશુર, આમ્મોન)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:1-3
- 1 રાજા 1:5-6
- 2 શમુએલ 15:1-2
- 2 શમુએલ 17:1-4
- 2 શમુએલ 18:18
- ગીતશાસ્ત્ર 03:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H53

# આમોસ

## સત્યો:

આમોસ ઈઝરાએલીઓનો પ્રબોધક હતો કે જે યહૂદાના રાજા ઉઝ્ઝીયાના સમયગાળા દરમ્યાન જીવ્યો હતો. પ્રબોધક તરીકે બોલાવ્યા પહેલા, આમોસ મૂળ યહૂદાના રાજ્યમાં રહેનારો એક ઘેટાંપાળક અને અંજીરના વૃક્ષનો ખેડૂત હતો. આમોસે લોકોના અન્યાયી વર્તનના લીધે ઈઝરાયેલના ઉત્તર રાજ્યની વિરુદ્ધમાં ભવિષ્યવાણી કરી.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર)

(જુઓ: અંજીર, યહૂદા, ઈઝરાયેલનું રાજ્ય, ઘેટાંપાળક, ઉઝ્ઝીયા)

## બાઈબલની કલમો:

- આમોસ 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H5986

# આમોસ/આમોઝ

## સત્યો:

આમોસ યશાયા પ્રબોધકનો પિતા હતો

- બાઈબલમાં ફક્ત એકજ વખત તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો કે જયારે તેને “આમોસના પુત્ર” યશાયા તરીકે ઓળખવામા આવ્યો.

આ નામ આમોસ પ્રબોધકના નામથી અલગ છે અને તેની જોડણી અલગ હોવી જોઈએ.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: આમોસ, યશાયા)

## બાઈબલની કલમો :

- 2 રાજા 19:1-2
- યશાયા 37:1-2
- યશાયા 37:21-23

## શબ્દ માહિતી:

- Strong's: H531

# આમ્નોન

## સત્યો:

આન્મોન દાઉદ રાજાનો પ્રથમ પુત્ર હતો. દાઉદ રાજાની પત્ની અહીનોઆમ તેની માતા હતી. આમ્નોને તેની સાવકી બહેન તમારનો બળાત્કાર કર્યો, કે જે આબ્શાલોમ ની બહેન પણ હતી. આ કારણથી, આબ્શાલોમે આમ્નોનની વિરુદ્ધ કાવતરું કરી તેને મારી નાંખ્યો.

(જુઓ: દાઉદ, આબ્શાલોમ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:1-3
- 2 શમુએલ 13:1-2
- 2 શમુએલ 13:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H550

# આમ્મોન,આમ્મોની ,આમ્મોનીઓ

## સત્યો:

“આમ્મોનના લોક” અથવા “આમ્મોનીઓ” ક્નાનમાંનો લોકોનો સમુદાય હતો. તેઓ બેન-આમ્મીથી ઉતરી આવેલા હતા, કે જે લોતની નાની પુત્રી દ્વારા થયેલો પુત્ર હતો. “આમ્મોનેણ” શબ્દ વિશિષ્ઠપણે આમ્મોની સ્ત્રીને દર્શાવે છે. તેનું ભાષાંતર “આમ્મોની સ્ત્રી” થઇ શકે છે. આમ્મોનીઓ યર્દન નદીની પૂર્વ ગમ રહેતા હતા, અને તેઓ ઇઝરાયેલીઓના દુશ્મનો હતા. એક સમયે આમ્મોનીઓએ ઈઝરાયેલને શ્રાપ દેવા બલામ નામનાં પ્રબોધકને ભાડે રાખ્યો, પણ દેવે તેને તેમ કરવાની મંજુરી આપી નહીં.

(ભાષાંતરના સુચનો : નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ : શ્રાપ, યર્દન નદી, લોત)

## બાઈબલ ની કલમો:

- 1 કાળવૃતાંત 19:1-3
- હઝકિયેલ 25:1-2
- ઉત્પત્તિ 19:36-38
- યહોશુઆ 12:1-2
- ન્યાયાધીશો 11:26-28
- સફાન્યા 2:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H5983, H5984, H5985

# આય

## સત્યો:

જુના કરારના સમયમાં આય ગામ, કનાનીઓનું એક નગર, જે બેથેલના દક્ષિણ ભાગમાં અને યરીખોથી 8 કિલોમીટર વાયવ્ય દિશામાં આવેલું હતું. યરીખોને હરાવ્યા બાદ યહોશુઆએ ઈઝરાએલીઓને આયમાં હુમલો કરવા દોર્યા. પણ તેઓનો સરળતાથી પરાજય થયો હતો, કારણકે દેવ તેમના પર ખુશ નહોતો . યરીખોમાંથી આખાન નામના એક ઈઝરાએલીએ લૂંટમાંથી કાંઈક ચોરી લીધું હતું, અને તેથી ઈશ્વરે તેને તથા તેના પરિવારને મારી નંખાવ્યા. ત્યારબાદ આયને હરાવવામાં ઈશ્વરે ઈઝરાએલીઓની મદદ કરી.

(ભાષાંતર માટેના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: બેથેલ, યરીખો)

## બાઈબલની કલમો:

- એઝરા 2:27-30
- ઉત્પત્તિ 12:8-9
- ઉત્પત્તિ 13:3-4
- યહોશુઆ 7:2-3
- યહોશુઆ 8:10-12

## શબ્દ માહિતી:

- Strong's: H5857

# આર્તાહશાસ્તા

## સત્યો:

આર્તાહશાસ્તા રાજા કે જે લગભગ ઇસ.પૂર્વે 464 થી 424 સુધી ઈરાનના સામ્રાજ્ય ઉપર શાસન કરતો હતો.

- આર્તાહશાસ્તાના શાસન દરમ્યાન, યહૂદિયાના ઈઝરાએલીઓને બાબિલમાં બંદી રાખવામાં આવ્યા હતા, તે સમયમાં એ વિસ્તાર ફારસીના નિયંત્રણ હેઠળ હતો.
- આર્તાહશાસ્તાએ એઝરા યાજક અને બીજા યહૂદી આગેવાનોને બાબિલોન છોડી અને યરુશાલેમ પાછા જઈ દેવના નિયમો શીખવવા મંજુરી આપી.
- આ પછીના સમય દરમ્યાન, આર્તાહશાસ્તાએ પાત્રવાહક નહેમ્યાને પણ નગરનો આજુબાજુનો કોટ ફરીથી બાંધવા, અને યહૂદિઓને આગેવાની આપવા પાછા જવાની મંજુરી આપી.
- કારણકે બાબિલોન ઈરાનના શાસન હેઠળ હતું, તેથી ક્યારેક આર્તાહશાસ્તા "બાબિલોનના રાજા" કહેવાતો હતો.
- અહાશ્વેરોશ અને આર્તાહશાસ્તા તેઓ એક સરખા વ્યક્તિ નથી, તેની નોંધ લેશો.

(ભાષાંતરના સુચનો: નામનાં ભાષાંતર કરો)

(આ પણ જુઓ: અહાશ્વેરોશ, બાબિલોન, સંદેશવાહક, એઝરા, નહેમ્યા, [ઈરાન])

## બાઈબલની કલમો:

- એઝરા 4:7-8
- એઝરા 7: 1-5
- નહેમ્યા 2:1-2
- નહેમ્યા 13:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H783

# આશિયા

## સત્યો:

બાઈબલના સમયમાં, “આશિયા” રોમન સામ્રાજ્યના પ્રાંતનું નામ હતું. તે પશ્ચિમ ભાગમાં આવેલું હતું કે જ્યાં હાલમાં તુર્કસ્તાન દેશ છે.

- પાઉલે આશિયામાં મુસાફરી કરી અને ત્યાંના કેટલાક શહેરોમાં સુવાર્તા વહેંચી.

એફેસસ અને કલોસ્સી તેમાંના શહેરો હતા.

- આધુનિક સમયના એશિયા સાથેની મુંઝવણ દુર કરવા, કદાચ તે આવશ્યક છે કે તેનું ભાષાંતર, “પ્રાચીન રોમનના પ્રાંતનું આશિયા” અથવા “આશિયા પ્રાંત” એમ થવું જરૂરી છે.

પ્રકટીકરણમાંની બધી મંડળીઓ જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે રોમન પ્રાંતનું આશિયા હતું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: રોમ, પાઉલ, એફેસસ)

## બાઈબલની કલમો:

- 1 કોરંથી 16:19-20
- 1 પિતર 1:1-2
- 2 તિમોથી 1:15-18
- પ્રેરિતો 6:8-9
- પ્રેરિતો 16:6-8
- પ્રેરિતો 27:1-2
- પ્રકટીકરણ 1:4-6
- રોમન 16:3-5

## શબ્દ માહિતી:

- Strong's: G773

# આશેર

## સત્યો:

આશેર યાકૂબનો આઠમો દીકરો હતો. તેના વંશજો ઈઝરાએલના બાર રચાયેલા કુળમાંનો એક હતું, અને આ કુળ “આશેર” તરીકે પણ ગણાતું હતું. લેઆહની દાસી, ઝિલ્પાહ આશેરની માતા હતી. તેના નામનો અર્થ “આનંદીત” અથવા “ધન્ય.” જયારે ઈઝરાએલીઓ વચનની ભૂમિમાં પ્રવેશ્યા ત્યારે આશેરના કુળને જે મુલક સોંપ્યો તેનું નામ પણ આશેર હતું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈઝરાએલ, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:1-2
- 1 રાજા 4:15-17
- હઝકિએલ 48:1-3
- ઉત્પત્તિ 30:12-13
- લૂક 2:36-38

## શબ્દ માહિતી:

- Strong's: H836

# આશ્કેલોન

## સત્યો:

આશ્કેલોન બાઈબલના સમયમાં, ભૂમધ્ય સમુદ્રના કિનારે આવેલું પલિસ્તીઓનું એક મોટું નગર હતું. તે આજ સુધી ઈઝરાએલમાં અસ્તિત્વ ધરાવે છે. આશ્કેલોન એ આશ્દોદ, એક્રોન, ગાથ, અને ગાઝા સાથેનું પલિસ્તીઓના પાંચ નગરોમાંનુ એક મહત્વનું નગર હતું. યહૂદાના રાજ્યએ ઊંચાણ પ્રદેશમાં વિજય પ્રાપ્ત કર્યા હોવા છતાં, ઈઝરાએલીઓએ આશ્કેલોનના લોકોનો સંપૂર્ણપણે કબજો કર્યો નહીં.

- આશ્કેલોન સેંકડો વર્ષો સુધી પલિસ્તીઓના કબજામાં રહેલું હતું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કરવું)

(આ પણ જુઓ: આશ્દોદ, કનાન, એક્રોન, ગાથ, ગાઝા, પલિસ્તીઓ, [ભૂમધ્ય])

## બાઈબલની કલમો:

- 1શમુએલ 6:17-18
- આમોસ 1:8
- યર્મિયા 25:19-21
- યહોશુઆ 13:2-3
- ન્યાયાધીશો 1:18-19
- ઝખાર્યા 9:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H831

# આશ્દોદ, આઝોતસ

## સત્યો:

આશ્દોદ એ પલેસ્તાઈનના સૌથી અગત્યના પાંચ શહેરોમાંનું એક હતું. તે કનાનના દક્ષિણપૂર્વમાં ભૂમધ્ય સમુદ્રની નજીક, ગાઝા અને જોપ્પા શહેરોના સ્થળોની વચ્ચે આવેલું હતું. પલિસ્તીઓના મંદિરનો જુઠો દેવ દેગોન આશ્દોદમાં આવેલો હતો. દેવે આશ્દોદના લોકોને ગંભીર સજા કરી જયારે પલિસ્તીઓએ કરારકોશ ચોરીને આશ્દોદમાંના વિદેશી મંદિરમાં મુક્યો. આ શહેર માટેનું ગ્રીક નામ આઝોતસ હતું. આ તે શહેરોમાંનું એક હતું કે જ્યાં સુવાર્તિક ફિલિપએ સુવાર્તાપ્રચાર કર્યો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: એક્રોન, ગાથ, ગાઝા, જોપ્પા, ફિલિપ, પલિસ્તીઓ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 5:1-3
- પ્રેરિતો 8:39-40
- આમોસ 1:8
- યહોશુઆ 15:45-47
- ઝખાર્યા 9:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H795, G108

# આશ્શૂર, આશ્શૂરી, આશ્શૂરીઓ, આશ્શૂરી સામ્રાજ્ય

## સત્યો:

ઈઝરાએલીઓ કનાનની ભૂમિમાં રહેતા હતા તે સમય દરમ્યાન આશ્શૂર શક્તિશાળી દેશ હતો. આશ્શૂરનું સામ્રાજ્ય આશ્શૂરના રાજા દ્વારા રાજ્ય કરાતું રાષ્ટ્રોનું જૂથ હતું.

- આશ્શૂરના રાષ્ટ્રનો પ્રદેશ હાલમાં ઈરાકના ઉત્તરભાગમાં આવેલો છે.
- આશ્શૂરીઓ તેમના ઈતિહાસના જુદાજુદા સમયોમાં ઈઝરાએલ સામે લડ્યા.
- ઈસ. પૂર્વે 722ની સાલમાં આશ્શૂરીઓએ ઈઝરાએલના રાજ્યને સંપૂર્ણપણે જીતી લીધું અને ઘણા ઈઝરાએલીઓને આશ્શૂરમાં જવા જબરદસ્તી કરવામાં આવી.
- બાકીના ઈઝરાએલીઓએ વિદેશીઓ સાથે આંતરલગ્ન કર્યા, કે જેમને આશ્શૂરીઓ સમરૂનમાંથી લાવ્યા હતા.

આ લોકોના વંશજો કે જેઓ એ આંતરલગ્ન કર્યા હતા, તેઓ પાછળથી સમરૂનીઓ કહેવાયા.

(આ પણ જુઓ: સમરૂન)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 10:11-14
- ઉત્પત્તિ 25:17-18
- યશાયા 7:16-17
- યર્મિયા 50:17-18
- મીખાહ 7:11-13

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **20:2** જેથી દેવે બન્ને રાજ્યોને તેમના શત્રુઓને દ્વારા તેમનો નાશ કરવાની પરવાનગી આપીને તેમને શિક્ષા કરી. ઈઝરાએલના રાજ્યનો **આશ્શૂર સામ્રાજ્યના** શક્તિશાળી, ક્રૂર રાષ્ટ્ર દ્વારા નાશ કરાયો. **આશ્શૂરીઓએ** ઈઝરાએલના રાજ્યમાં ઘણા લોકોને મારી નાખ્યાં, દરેક કિંમતી વસ્તુઓ લઈ ગયા અને મોટા ભાગના દેશને સળગાવી દીધો.
- **20:3 આશ્શૂરીઓએ** બધા આગેવાનોને, પૈસાદાર લોકોને અને કુશળ લોકોને એકઠા કરી તેમને આશ્શૂરમાં લઈ ગયા.
- **20:4** પછી **આશ્શૂરીઓ** જ્યાં ઈઝરાએલનું રાજ્ય હતું તે ભૂમિમાં વિદેશીઓને રહેવા લઇ આવ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H804, H1121

# આસા

## સત્યો:

આસા રાજાએ, ઈસ. પૂર્વે 913 થી ઈસ. પૂર્વે 873 દરમ્યાન યહૂદાના રાજ્ય ઉપર ચાળીસ વર્ષો સુધી રાજ કર્યું હતું. આસા સારો રાજા હતો જેણે જુઠા દેવોની ઘણી મૂર્તિઓને કાઢી નાંખી, અને તે કારણે ઈઝરાએલીઓ એ ફરીથી યહોવાનું ભજન કરવાનું શરુ કર્યું. યહોવાએ આસા રાજાને બીજા દેશોની વિરુદ્ધ યુદ્ધમાં વિજય આપ્યો. પછી તેના શાસનમાં, આસા રાજાએ યહોવા પર ભરોસો રાખવાનું મૂકી દીધું અને તે એક રોગથી બિમાર પડ્યો જેણે તેનો જીવ લીધો.

(ભાષાંતરના સુચનો : નામોનું ભાષાંતર કરો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 9:14-16
- 1 રાજા 15:7-8
- 2 કાળવૃતાંત 14:1-4
- યર્મિયા 41:8-9
- માથ્થી 1:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H609

# આસાફ

## સત્યો:

આસાફ લેવી યાજક અને ઉત્કૃષ્ઠ સંગીતકાર હતો, જેણે દાઉદ રાજા માટે ગીતશાસ્ત્રના ગીતો રચ્યાં. તેણે પોતે પણ ગીતશાસ્ત્રમાં ઘણાં ગીતો લખ્યા. આસાફ દાઉદ રાજા દ્વારા નિમાયેલા ત્રણ સંગીતકારોમાંનો એક હતો, જેઓ મંદિરમાં આરાધનાના ગીતો આપવા માટે જવાબદાર હતા. આમાંના કેટલાક ગીતો ભવિષ્યવાણી પણ હતા. આસફે તેના દીકરાઓને તાલીમ આપી, અને તેઓએ સંગીતના સાધનો વગાડવાની અને મંદિરમાં ભવિષ્ય ભાખવાની જવાબદારી લઈ લીધી. સંગીતના કેટલાક વાજિંત્રો જેમાં પાવો, વાજુ, રણશિંગુ અને ઝાંઝ નો સમાવેશ થયો છે. ગીતશાસ્ત્ર 50 અને 73-83 આસાફ તરફથી આવેલા છે એવું કહેવામાં આવે છે. કદાચ તેમાંના કેટલાક ગીતો તેના કુટુંબના સભ્યો દ્વારા લખાયેલા હતા.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: વંશજ, વાજુ, પાવો, પ્રબોધક, ગીતશાસ્ત્ર, [રણશિંગુ])

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 6:39-43
- 2 કાળવૃતાંત 35:15
- નહેમ્યા 2:7-8
- ગીતશાસ્ત્ર 50:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H623

# આહાઝ

## વ્યાખ્યા:

આહાઝ યહુદિયાના રાજ્યનો એક ભૂંડો રાજા હતો, જેમાં તેણે ઈસ.પૂર્વે 732 થી 716 સુધી રાજ્ય કર્યું. આ લગભગ 140 વર્ષોના પહેલાના સમયગાળાની વાત છે કે જયારે ઈઝરાઈલના તથા યહુદિયાના ઘણા લોકોને બાબિલમાં બંદીવાનો તરીકે લઈ જવાયા હતા.

- જયારે આહાઝ યહુદિયામાં રાજ્ય કરતો હતો, ત્યારે તેણે આશ્શૂરના જુઠા દેવોને ભજવા માટે વેદી બંધાવી, કે જેથી લોકો સાચા દેવ યહોવાથી વિમુખ થઈ ગયા.
- જયારે આહાઝ રાજા 20 વર્ષ હતો તેને યહુદિયામાં રાજ્ય શરુ કર્યું, અને તેણે 17 વર્ષ રાજ કર્યું.

(ભાષાંતર માટેના સૂચનો: નામનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: બાબિલ)

## બાઈબલની કલમો:

- 1કાળવૃતાંત 8:35-38
- 2 કાળવૃતાંત 28: 1-2
- 2 રાજાઓ 16:19-20
- હોશિયા 1:1-2
- યશાયા 1:1
- યશાયા 7:3-4
- માથ્થી 1: 9-11

## શબ્દ માહિતી:

- Strong's: H271

# આહાબ

## સત્યો:

આહાબ ઇઝરાયેલના ઉત્તરના રાજ્યનો ભૂંડો રાજા હતો, જેમાં તેણે ઈસ.પૂર્વે 875 થી 854 સુધી રાજ્ય કર્યું.

- આહાબ રાજાએ ઇઝરાએલના લોકોને જુઠા દેવોની ઉપાસના કરવા માટે પ્રભાવ પુરો પાડ્યો.
- એલીયાહે આહાબ રાજાની સામે ઉઠીને કહ્યું કે, ઇઝરાએલમાં સાડા ત્રણ વર્ષ દુકાળ પડશે, કારણકે તેણે ઇઝરાએલના લોકોને પાસે પાપ કરાવ્યું છે.
- આહાબ અને તેની પત્ની ઇઝેબેલ બીજી ઘણી ભૂંડી બાબતો કરી, જેમાં નિર્દોષ લોકોની હત્યાનો પણ સમાવેશ થાય છે.

(ભાષાંતર માટેના સૂચનો: નામનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: બઆલ, એલીયાહ, ઇઝેબેલ, ઇઝરાયેલનું રાજ્ય, યહોવાહ)

## બાઈબલની કલમો:

- 1 રાજાઓ 18: 1-2
- 1 રાજાઓ 20: 1-3
- 2 કાળવૃતાંત 21: 6-7
- 2 રાજાઓ 9:7-8

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણ:

- **19:2 આહાબ** જયારે ઇઝરાયેલ પર રાજ્ય કરતો હતો ત્યારે એલીયાહ પ્રબોધક હતો. **આહાબ** ભૂંડો રાજા હતો કે જેણે બઆલ જે જુઠો દેવ હતો તેની ઉપાસના કરવા માટે લોકોને પ્રેરણા પૂરી પાડી.
- **19:3 આહાબ** અને તેના સૈન્યએ એલીયાહની શોધ કરી પણ તેઓ તેને શોધી શક્યા નહીં.
- **19:5** ઈશ્વરે એલીયાહને સાડા ત્રણ વર્ષ પછી ઇઝરાયેલના રાજ્ય પરત મોકલીને આહાબને કહેવડાવ્યું કે, તે ફરીથી વરસાદ મોકલનાર છે.

## શબ્દ માહિતી:

- Strong's: H256

# ઇથોપિયા, ઇથિયોપીયન (ખોજો)

## સત્યો:

ઇથોપિયા મિસરના દક્ષિણે, નાઈલ નદીની પશ્ચિમ સરહદે અને લાલ સમુદ્રની પૂર્વ સરહદે આવેલો આફ્રિકાનો દેશ છે.

વ્યક્તિ જે ઇથોપિયાથી છે તે ઇથિયોપીયન (ખોજો) કહેવાય છે.

- પ્રાચીન ઇથોપિયા મિસરના દક્ષિણમાં આવેલું હતું, જેમાં જમીનનો સમાવેશ થાય છે કે જે હાલના અનેક આફ્રિકન દેશોનો ભાગ છે, જેવા કે સુદાન, આધુનિક ઇથોપિયા, સોમાલિયા, કેન્યા, યુગાન્ડા, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક, અને ચાદનો (સમાવેશ થાય છે).
- બાઈબલમાં, ક્યારેક ઇથોપિયાને "કૂશ" અથવા "નુબિઆ" કહેવામાં આવે છે.
- મોટેભાગે બાઈબલમાં ઇથોપિયા (કૂશ) અને મિસર દેશોનો એકસાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, કારણકે કદાચ તેઓ એકબીજાની નજીક આવેલા હતા અને કદાચ તેઓના કેટલાક લોકોને સમાન પૂર્વજો હતા.
- દેવે સુવાર્તિક ફિલિપને રણમાં મોકલ્યો કે જ્યાં તેણે એક હબસી ખોજા સાથે ઈસુ વિશેના સુસમાચાર વહેંચ્યા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કૂશ, મિસર, ખોજો, ફિલિપ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 8:26-28
- પ્રેરિતો 8:29-31
- પ્રેરિતો 8:32-33
- પ્રેરિતો 8:36-38
- યશાયા 18:1-2
- નાહૂમ 3:8-9
- સફાન્યા 3:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H3568, H3569, H3571, G128

# ઇરાન, ઈરાનીઓ, ફારસી

## વ્યાખ્યા:

ઇરાન એક દેશ હતો કે જે ઇ.પૂ. 550માં મહાન કોરેશ રાજા દ્વારા સ્થાપિત એક શક્તિશાળી સામ્રાજ્ય પણ બન્યો. ઇરાન દેશ બાબિલ અને આશ્શૂરની દક્ષિણપૂર્વે એક પ્રદેશ કે જે વર્તમાનમાં ઇરાન દેશ છે તેમાં સ્થિત હતો.

- ઇરાનના લોકોને “ઇરાનીઓ” કહેવામાં આવતા હતા.
- કોરેશ રાજાના વટહુકમને કારણે યહૂદીઓને તેઓના બાબિલના બંદીવાસમાંથી મૂક્ત કરવામાં આવ્યા હતા અને તેઓને તેમના દેશમાં પાછા જવા અનુમતિ આપવામાં આવી હતી. ઇરાનના સામ્રાજ્ય તરફથી આપવામાં આવેલા નાણાં દ્વારા યરુશાલેમનું ભક્તિસ્થાન ફરીથી બાંધવામાં આવ્યું હતું.
- જ્યારે એઝારા અને નહેમ્યા યરૂશાલેમનો કોટ બાંધવા યરૂશાલેમ પાછા ગયા ત્યારે, આહાશ્વેરોશ રાજા ઇરાનના સામ્રાજ્યનો શાસક હતો.
- જ્યારે એસ્તરે આહાશ્વેરોશ રાજા સાથે લગ્ન કર્યા ત્યારે તે ઇરાનના સામ્રાજ્યની રાણી બની.

(આ પણ જૂઓ: આહાશ્વેરોશ, આર્તાહશાસ્તા, આશ્શૂર, બાબિલ, કોરેશ, એસ્તેર, એઝરા, નહેમ્યા)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 36:20-21
- દાનિયેલ 10:12-13
- એસ્તેર 1:3-4
- હઝકિએલ 27:10-11

## શબ્દ માહિતી:

- Strong's: H6539, H6540, H6542, H6543

# ઈકોનિયા

## સત્યો:

ઈકોનિયા મધ્ય-દક્ષિણ ભાગમાં આવેલું શહેર હતું, જે હાલના તુર્કસ્તાન દેશમાં આવેલું છે.

- પાઉલની પ્રથમ સેવાકીય મુસાફરી દરમ્યાન, યહૂદીઓએ તેઓને અંત્યોખ શહેર છોડવાની ફરજ પાડયા પછી તે(પાઉલ) અને બાર્નાબાસ ઈકોનિયામાં ગયા.
- પછી ઈકોનિયામાં પણ અવિશ્વાસી વિદેશીઓ અને યહૂદીઓએ પાઉલ અને તેના સહકાર્યકરોને પથ્થરે મારવાનું આયોજન કર્યું, પણ તેઓ ત્યાંથી પાસેના લુસ્ત્રાના શહેરમાં ભાગી ગયા.
- ત્યાર પછી અંત્યોખ અને ઈકોનિયા બન્નેમાંથી લોકો લુસ્ત્રામાં આવ્યા અને ત્યાંના લોકો સાથે ભળી જઈને પાઉલને પત્થર મારવા ઉશ્કેર્યા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાર્નાબાસ, લુસ્ત્રા, પત્થર)

## બાઈબલની કલમો:

- 2 તિમોથી 3:10-13
- પ્રેરિતો 14:1-2
- પ્રેરિતો 14:19-20
- પ્રેરિતો 16:1-3

## શબ્દ માહિતી:

- Strong's: G2430

# ઈઝરાએલ, ઈઝરાએલી, ઈઝરાએલીઓ, યાકૂબ

## સત્યો:

યાકૂબ એ ઈસહાક અને રિબકાનો જોડિયો નાનો દીકરો હતો.

- યાકૂબના નામનો અર્થ, "એડી પકડીને આવનાર" કે જે અભિવ્યક્તિનો અર્થ, "તે છેતરે છે." જયારે યાકૂબ જન્મ્યો હતો, ત્યારે તેણે તેના જોડિયા ભાઈ એસાવની એડી પકડી હતી.
- ઘણા વર્ષો પછી, દેવે યાકૂબનું નામ બદલી "ઈઝરાએલ" રાખ્યું, કે જેનો અર્થ "તે દેવ સાથે સંઘર્ષ કરે છે."
- યાકૂબ ચાલાક અને કપટી હતો. તેણે તેના મોટા ભાઈ એસાવથી પ્રથમજનિતનો આશીર્વાદ અને વારસાઈના અધિકારો લઈ લેવાનો માર્ગ શોધ્યો.
- એસાવ ગુસ્સે હતો અને તેને મારી નાખવાની યોજના ઘડી, જેથી યાકૂબ તેના વતનથી દૂર જતો રહ્યો.

પણ વર્ષો પછી યાકૂબ તેની પત્નીઓ અને બાળકો સાથે કનાનની ભૂમિમાં પાછા ફર્યો કે જ્યાં એસાવ રહેતો હતો, અને તેઓના કુટુંબો એક બીજાની નજીક શાંતિથી રહ્યાં.

- યાકૂબને બાર દીકરા હતા. તેઓના વંશજો ઈઝરાએલના બાર કુળો બન્યા.
- બીજો યાકૂબ નામનો માણસ માથ્થીની વંશાવળીમાં યૂસફના પિતાની યાદીમાં આવે છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કનાન, છેતરવું, એસાવ, ઈસહાક, ઈઝરાએલ, રિબકા, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:11-13
- પ્રેરિતો 7:44-46
- ઉત્પત્તિ 25:24-26
- ઉત્પત્તિ 29:1-3
- ઉત્પત્તિ 32:1-2
- યોહાન 4:4-5
- માથ્થી 8:11-13
- માથ્થી 22:31-33

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **7:1** જેમ છોકરાઓ મોટા થતા ગયા, રિબકાએ **યાકૂબ** ને પ્રેમ કર્યો, પણ ઈસહાકે એસાવને પ્રેમ કર્યો. **યાકુબને** ઘરમાં રહેવાનું પસંદ હતું, પણ એસાવને શિકાર કરવાનું પસંદ હતું.
- **7:7** **યાકૂબ** ત્યાં ઘણા વર્ષો રહ્યો, અને તે સમય દરમ્યાન તેણે લગ્ન કર્યા અને તેને બાર દીકરા અને દીકરી થયા. દેવે તેને ખૂબ શ્રીમંત કર્યો.
- **7:8** કનાનમાંના તેના ઘરથી વીસ વર્ષો દૂર રહ્યા પછી **યાકૂબ** તેના કુટુંબ, તેના ચાકરો, અને તેના બધા ટોળા અને પ્રાણીઓ સાથે પાછો ફર્યો.
- **7:10** દેવે ઈબ્રાહિમને જે કરાર વચનો આપ્યા તે વચનો પછી ઈસહાક અને હવે **યાકૂબ** ને પસાર કરવામાં આવ્યા.
- **8:1** ઘણા વર્ષો પછી, જયારે **યાકૂબ** એક વૃદ્ધ માણસ હતો, ત્યારે તેણે તેના વ્હાલા દીકરા, યૂસફને તેના ભાઈઓ ટોળા સાચવતા હતા ત્યાં તેઓની તપાસ કરવા તેને મોકલ્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H3290, G2384

# ઈઝરાયેલનું રાજ્ય

## તથ્યો:

જ્યારે સુલેમાન મૃત્યુ પામ્યો પછી ઈઝરાયેલના બાર કુળો બે રાજ્યોમાં વિભાજિત થયા ત્યારે ઈઝરાયેલ રાષ્ટ્રની ઉત્તર ભાગમાં જે હતું તે ઈઝરાયેલનું રાજ્ય બન્યું.

- ઉત્તરમાં ઈઝરાયેલ રાજ્યના દસ કુળો, અને દક્ષિણમાં યહુદાનું રાજ્ય જેને બે કુળો હતા.
- ઈઝરાયેલ રાજ્યનું પાટનગર સમારીઆ શહેર હતું.

તે યહુદા રાજ્યના પાટનગર યરૂશાલેમ શહેરથી આશરે 50 કિમીએ હતું.

- ઈઝરાયેલ રાજ્યના સર્વ રાજાઓ દુષ્ટ હતા.

તેમણે લોકોને મૂર્તિઓની અને જુઠ્ઠા દેવોની સેવા કરવા પ્રભાવિત કર્યા હતા.

- ઈશ્વરે ઈઝરાયેલ રાજ્ય પર હુમલો કરવા માટે આશ્શુરીઓને મોકલ્યા હતા.

ઘણાં ઈઝરાયેલીઓને પકડીને આશ્શૂરમાં રહેવા લઈ જવામાં આવ્યા હતા.

- ઈઝરાયેલ રાજ્યમાં બાકી રહેલા લોકોની સાથે રહેવા આશ્શુરીઓ વિદેશીઓને લાવ્યા હતા.

આ વિદેશીઓએ ઈઝરાયેલીઓ સાથે આંતરલગ્નો કર્યા, અને તેમના વંશજો સમરૂની લોકો બન્યા.

(આ પણ જુઓ: આશ્શૂર, ઈઝરાયેલ, યહુદા, યરૂશાલેમ, રાજ્ય, સમારીઆ)

## બાઈબલના સંદર્ભો:

- 2 કાળુવૃતાંત 35:18-19
- યર્મિયા 5:10-13
- યર્મિયા 9:25-26

## બાઈબલની વાર્તાઓમાથી ઉદાહરણો:

- **18:8** ઈઝરાયેલના બીજા દસ કુળોએ જેઓએ રહાબામ વિરુદ્ધ બંડ પોકાર્યું હતું તેઓએ યરોબામ નામના માણસને તેમના રાજા તરીકે નિમ્યો. તેમણે જમીનની ઉત્તર ભાગમાં તેમનું રાજ્ય સ્થાપ્યું અને તેને કહેવામાં આવ્યું **ઈઝરાયેલનું રાજ્ય**.
- **18:10 યહુદા અને ઈઝરાયેલના રાજ્યો** દુશ્મનો બન્યા અને એકબીજા વિરુદ્ધ અવારનવાર લડતાં હતા.
- **18:11** નવા **ઈઝરાયેલ રાજ્યમાં**, સર્વ રાજાઓ દુષ્ટ હતા.
- **20:1 ઇઝરાયેલના રાજ્ય** અને યહુદાના બંનેએ ઈશ્વર વિરુદ્ધ પાપ કર્યું.
- **20:2 ઈઝરાયેલનું રાજ્ય** આશ્શુરી સામ્રાજ્ય, શક્તિશાળી, ઘાતકી રાષ્ટ્ર દ્વારા નાશ પામ્યું. આશ્શુરીઓએ ઘણાં લોકોને મારી નાંખ્યા**ઈઝરાયેલ રાજ્યમાં**, મૂલ્યવાન વસ્તુઓ લઈ ગયા, અને દેશનું ઘણું બાળી નાંખ્યું.
- **20:4** પછી આશ્શુરીઓ વિદેશીઓને ત્યાં રહેવા લાવ્યા જ્યાં **ઈઝરાયેલનું રાજ્ય** હતું. વિદેશીઓએ નષ્ટ થયેલ શહેર બાંધ્યું અને ત્યાં બાકી રહેલા ઈઝરાયેલીઓ સાથે લગ્ન કર્યા. જે ઇઝરાયેલીઓએ વિદેશીઓ સાથે લગ્ન કર્યા તેમના વંશજો સમરૂનીઓ કહેવાયા.

## શબ્દ માહિતી:

- Strong's: H3478, H4410, H4467, H4468

# ઈઝેબેલ

## સત્યો:

ઈઝેબેલ એ ઈઝરાએલના રાજા આહાબની દુષ્ટ પત્ની હતી.

- ઈઝેબેલે આહાબ અને બાકીના ઈઝરાએલને મૂર્તિઓની ઉપાસના કરવા પ્રભાવિત કર્યા.
- તેણીએ દેવના ઘણા પ્રબોધકોને પણ મારી નાંખ્યા.
- ઈઝેબેલ એ એક નાબોથ નામનાં નિર્દોષ માણસને મારી નાખવાનું કારણ બની જેથી કરીને આહાબ નાબોથની દ્રાક્ષાવાડી ચોરી શકે.
- છેવટે ઈઝેબેલને તેણીએ કરેલી બધી દુષ્ટ બાબતોને કારણે મારી નાખવામાં આવી હતી.

તેણી કેવી રીતે મરશે તે વિશે એલિયાએ ભવિષ્યવાણી કરી હતી અને તેણે જે રીતે ભવિષ્ય ભાખ્યું હતું, બરાબર તે પ્રમાણે થયું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: આહાબ, એલિયા, જૂઠો દેવ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 16:31-33
- 1 રાજા 19:1-3
- 2 રાજા 9:7-8
- 2 રાજા 9:30-32
- પ્રકટીકરણ 2:20-21

## શબ્દ માહિતી:

- Strong's: H348, G2403

# ઈબ્રાહિમ, ઈબ્રામ

## સત્યો:

ઈબ્રાહિમ ઉર નગરનો કાસ્દી માણસ હતો, કે જે ઈઝરાએલીઓના પૂર્વજો થવા સારું દેવ દ્વારા પસંદ કરાયો હતો. દેવે તેનું નામ બદલીને "ઈબ્રાહિમ" રાખ્યું.

- "ઈબ્રામ" નામનો અર્થ "સન્માનીય પિતા".
- "ઈબ્રાહિમ" અર્થ "સમુદાયનો પિતા"
- દેવે ઈબ્રાહિમને વચન આપ્યું કે તેના વંશજો ઘણા હશે, અને તેઓ મહાન દેશ બનશે.
- ઈબ્રાહિમ દેવને માનીને આધિન રહ્યો.

કનાનની ભૂમિમાં જવા માટે દેવે કાસ્દીઓથી ઈબ્રાહિમને દોર્યો. ઈબ્રાહિમ અને તેની પત્ની સારા જયારે તેઓ બહુ ઘરડા હતા અને કનાનમાં રહેતા ત્યારે તેમને પુત્ર ઈસહાક મળ્યો.

(ભાષાંતર સુચનો: નામોનું ભાષાંતર કરો)

(જુઓ: ક્નાન, કાસ્દીઓ, સારાહ, ઈસહાક)

## બાઈબલની કલમો:

- ગલાતી 3:6-9
- ઉત્પત્તિ 11:29-30
- ઉત્પત્તિ 21:1-4
- ઉત્પત્તિ 22:1-3
- યાકુબ 2:21-24
- માથ્થી 1:1-3

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **4:6** જયારે **ઈબ્રામ** ક્નાન દેશમાં આવ્યો, દેવે કહ્યું, “તારી ચારેગમ જો”.

આ જે ભૂમિ તું જુએ છે તે હું તને અને તારા વંશજોને વારસા તરીકે આપીશ.”

- **5:4** દેવે ઈબ્રામનું નામ બદલીને **ઈબ્રાહિમ** આપ્યું જેનો અર્થ થાય છે કે “સમુદાય નો પિતા."
- **5:5** લગભગ એક વર્ષ પછી જયારે ઈબ્રાહિમ 100 વર્ષનો અને સારાહ 90 વર્ષ હતી, ત્યારે સારાહે ઈબ્રાહિમના પુત્રને જન્મ આપ્યો.
- **5:6** જ્યારે ઈસહાક નાનો હતો, ત્યારે દેવે **ઈબ્રાહિમના** વિશ્વાસની કસોટી કરીને કહ્યું કે, “તારા એકનાએક પુત્ર ઈસહાકને લઈને મારે સારું બલિદાન કર.”
- **6:1** જ્યારે **ઈબ્રાહિમ** ઘણો ઘરડો હતો અને તેનો પુત્ર ઈસહાક પુખ્ત વયનો થયો ત્યારે **ઈબ્રાહિમે** તેના ચાકરોમાંના એકને તેની ભૂમિ જ્યાં તેના કુટુંબીઓ રહેતા હતા ત્યાં તેના પુત્ર ઈસહાકને સારું પત્ની શોધવા મોકલ્યો.
- **6:4** ઘણા લાંબા સમય પછી, **ઈબ્રાહિમ** મૃત્યુ પામ્યો, દેવે જે કરાર તેની સાથે કર્યો હતો તે સર્વ વચનો ઈસહાકને આપવામાં આવ્યા.
- **21:2** દેવે ઈબ્રાહિમને વચન આપ્યું કે તેનામાં આખી પૃથ્વીની દેશજાતિઓ આશીર્વાદિત થશે.

## શબ્દ માહિતી:

- Strong's: H87, H85, G11

# ઈશ્માએલ, ઈશ્માએલી, ઈશ્માએલીઓ

## સત્યો:

ઈશ્માએલ એ ઈબ્રાહિમ અને મિસરી દાસી હાગારનો દીકરો હતો. જૂના કરારમાં ઈશ્માએલ નામના અન્ય બીજા માણસો હતા.

- "ઈશ્માએલ" ના નામનો અર્થ "દેવ સાંભળે છે."
- દેવે ઈબ્રાહિમના દીકરા ઈશ્માએલને આશીર્વાદ આપવાનું વચન આપ્યું, પણ દેવનો કરાર સ્થાપન કરવાનું વચન આપેલ દીકરો ન હતો.
- જયારે તેઓને અરણ્યમાં મોકલી દેવામાં આવ્યા હતા, ત્યારે દેવે હાગાર અને ઈશ્માએલનુ રક્ષણ કર્યું.
- જયારે ઈશ્માએલ પારાનના અરણ્યમાં રહેતો હતો ત્યારે તેણે એક મિસરી સ્ત્રી સાથે લગ્ન કર્યા.
- નથાન્યાનો દીકરો ઈશ્માએલ યહૂદામાંથી એક લશ્કરનો અધિકારી હતો કે જેણે નબૂખાદનેસ્સાર રાજા દ્વારા નિમણૂક કરાયેલા હાકેમને મારી નાખવા એક જૂથને આગેવાની આપી.
- જૂના કરારમાં ઈશ્માએલ નામનાં બીજા પણ ચાર માણસો હતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, બાબિલ, કરાર, અરણ્ય, મિસર, હાગાર, ઈસહાક, નબૂખાદનેસ્સાર, પારાન, સારાહ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:28-31
- 2 કાળવૃતાંત 23:1-3
- ઉત્પત્તિ 16:11-12
- ઉત્પત્તિ 25:9-11
- ઉત્પત્તિ 25:13-16
- ઉત્પત્તિ 37:25-26

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **5:2** જેથી ઈબ્રાહિમે હાગાર સાથે લગ્ન કર્યા.

હાગારને દીકરો થયો અને ઈબ્રાહિમે તેનું નામ **ઈશ્માએલ** આપ્યું.

- **5:4** હું **ઈશ્માએલ** ને પણ, એક મહાન દેશ બનાવીશ, પણ મારો કરાર ઈસહાક સાથે રહેશે.

## શબ્દ માહિતી:

- Strong's: H3458, H3459

# ઈશ્વરભક્ત

## તથ્યો:

"ઈશ્વરભક્ત" શબ્દપ્રયોગ યહોવાના પ્રબોધકને માનપૂર્વક સંબોધવાની રીત છે. તેનો ઉપયોગ યહોવાના દૂતનો ઉલ્લેખ કરવા પણ થાય છે.

- જ્યારે તેનો ઉપયોગ એક પ્રબોધકનો ઉલ્લેખ કરવા થાય છે ત્યારે, તેનો અનુવાદ "ઈશ્વરનો માણસ" અથવા તો "ઈશ્વરે પસંદ કરેલો માણસ" અથવા તો "ઈશ્વરની સેવા કરનાર માણસ" એવો પણ કરી શકાય.
- જ્યારે તેનો ઉપયોગ એક દૂતનો ઉલ્લેખ કરવા થાય છે ત્યારે, તેનો અનુવાદ "ઈશ્વરનો સંદેશાવાહક" અથવા તો "તમારો દૂત" અથવા તો "ઈશ્વર તરફથી આવેલો સ્વર્ગીય જીવ કે જે મનુષ્ય જેવો દેખાય છે" એવો પણ કરી શકાય.

(આ પણ જૂઓ: દૂત, માન, પ્રબોધક)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 23:12-14
- 1 રાજા 12:22-24
- 1 શમુએલ 9:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H376, H430, G444, G2316

# ઈસહાક

## સત્યો:

ઈસહાક એ ઈબ્રાહિમ અને સારાનો એકનો એક દીકરો હતો. તેઓ ખૂબ જ વૃદ્ધ હતા છતાં પણ દેવે તેઓને પુત્ર આપવાનું વચન આપ્યું હતું.

- "ઈસહાક" શબ્દનો અર્થ "તે હસે છે."

જયારે દેવે ઈબ્રાહિમને કહ્યું કે સારા પુત્રને જન્મ દેશે, ત્યારે ઈબ્રાહિમ હસ્યો કારણકે તેઓ બંને ખૂબ જ વૃદ્ધ હતાં. કેટલાક સમય પછી, જયારે સારા એ આ સમાચાર સાંભળ્યા ત્યારે તે પણ હસી.

- પણ દેવે તેનું વચન પૂર્ણ કર્યું, અને ઈબ્રાહિમ અને સારાએ તેઓના ઘડપણમાં ઈસહાકને જન્મ આપ્યો હતો.
- દેવે ઈબ્રાહિમને કહ્યું કે તેણે ઈબ્રાહિમ સાથે જે કરાર કર્યો હતો, તે ઈસહાક અને તેના વંશજો માટે પણ સદાકાળ રહેશે.
- જયારે ઈસહાક યુવક હતો ત્યારે દેવે તેનું બલિદાન આપવાનો આદેશ આપી તેણે ઈબ્રાહિમના વિશ્વાસની કસોટી કરી.
- ઈસહાકના દીકરા યાકૂબને બાર પુત્રો હતા, પાછળથી તેઓના વંશજો ઈઝરાએલ દેશના બાર કુળો બન્યાં.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, વંશજ, અનંતકાળ, પૂર્ણ થવું/કરવું, યાકૂબ, સારાહ, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- ગલાતી 4:28-29
- ઉત્પત્તિ 25:9-11
- ઉત્પત્તિ 25:19-20
- ઉત્પત્તિ 26:1
- ઉત્પત્તિ 26:6-8
- ઉત્પત્તિ 28:1-2
- ઉત્પત્તિ 31:17-18
- માથ્થી 8:11-13
- માથ્થી 22:31-33

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **5:4** "તારી પત્ની, સારાઈને, દીકરો થશે—તે વચનનો દીકરો હશે.

તેનું નામ **ઈસહાક** રાખજે.

- **5:6** જયારે ઈસહાક જુવાન માણસ હતો ત્યારે દેવે ઈબ્રાહિમના વિશ્વાસની કસોટી કરીને કહ્યું, "તારા એકના એક દીકરા **ઈસહાક** ને લે, અને તેને મારીને મારે માટે બલિદાન કર."
- **5:9** દેવે બલિદાન માટે **ઈસહાક** ને બદલે ઘેટો પૂરો પાડ્યો.
- **6:1** જયારે ઈબ્રાહિમ ખૂબજ વૃદ્ધ થયો હતો અને તેનો દીકરો **ઈસહાક** પુખ્ત વયનો માણસ થયો, ત્યારે ઈબ્રાહિમે તેના ચાકરોમાંના એકને જ્યાં તેના સંબંધીઓ રહેતા હતા તે ભૂમિમાં તેના દીકરા ઈસહાક માટે પત્ની શોધવા મોકલ્યો.
- **6:5** ઈસહાકે રિબકા માટે પ્રાર્થના કરી, અને દેવે તેણીને જોડિયા બાળકો સાથે સગર્ભા થવાની શક્યતા પૂરી પાડી.
- **7:10** પછી **ઈસહાક** મૃત્યુ પામ્યો, અને યાકૂબ અને એસાવે તેને દફનાવ્યો.

દેવે ઈબ્રાહિમ અને પછી **ઈસહાક** ને જે કરારના વચનો આપ્યા હતા, તે હવે યાકૂબ પર પસાર કરવામાં આવ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H3327, H3446, G2464

# ઈસ્સાખાર

## સત્યો:

ઈસ્સાખાર એ યાકૂબનો પાંચમો પુત્ર હતો. લેઆહ તેની માતા હતી.

- ઈસ્સાખારનું કુળ એ ઈઝરાએલના બાર કુળોમાંનું એક હતું.
- ઈસ્સાખારની જમીન નફતાલી, ઝબુલોન, મનાશ્શા અને ગાદની વિસ્તારોની સરહદો દ્વારા જોડાયેલી હતી.
- તે ગાલીલના સમુદ્રની દક્ષિણે આવેલી હતી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ગાદ, મનાશ્શા, નફતાલી, ઈઝરાએલના બાર કુળો, ઝબુલોન)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 1:1-5
- હઝકિયેલ 48:23-26
- ઉત્પત્તિ 30:16-18
- યહોશુઆ 17:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H3485, G2466

# ઉઝિઝયા, અઝાર્યા

## તથ્યો:

ઉઝિઝયા 16 વર્ષની ઉંમરે યહૂદાહના રાજા બન્યા અને તેણે 52 વર્ષ રાજ્ય કર્યું, જે અસામાન્ય રીતે લાંબુ શાસન હતું. ઉઝિઝયાને "અઝાર્યા" તરીકે પણ ઓળખવામાં આવતો હતો.

- રાજા ઉઝિઝયા તેના સંગઠિત અને કુશળ લશ્કર માટે જાણીતા હતા.

તેમણે શહેરના રક્ષણ માટે બુરજો બાંધ્યા હતા અને તેમણે યુદ્ધ માટે ખાસ રચાયેલ હથિયારો મૂક્યાં હતાં જ્યાંથી.તીર અને મોટા પત્થરો ફેંકી શકાય.

- જ્યાં સુધી ઉઝિઝયાએ પ્રભુની સેવા કરી ત્યાં સુધી તે સફળ થયા.

તેના શાસનકાળના અંત સુધીમાં, તે ગર્વિષ્ઠ બન્યા અને તેમણે મંદિરમાં ધૂપ બાળીને ઈશ્વરની અવજ્ઞા કરી, જે ફક્ત યાજકને જ કરવાની પરવાનગી આપવામાં આવી હતી.

- આ પાપને લીધે, ઉઝિઝયાને કોઢ થઈ ગયો અને તેના શાસનકાળના અંત સુધી તેને બીજા લોકોથી અલગ રહેવું પડ્યું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: યહૂદાહ, રાજા,કોઢ, શાસન, બુરજ)

## બાઇબલ સંદર્ભો

- 2 રાજાઓ 14:20-22
- આમોસ 1:1-2
- હોશિયા 1:1-2
- યશાયાહ 6:1-2
- માથ્થી 1: 7-8

## શબ્દ માહિતી:

- Strong's: H5814, H5818, H5838, H5839

# ઉત્પન્ન કરનાર

## તથ્યો:

સામાન્ય રીતે, “ઉત્પન્ન કરનાર” વ્યક્તિ છે સર્જન કરે છે અથવા તો વસ્તુઓને બનાવે છે.

- યહોવા માટે બાઇબલમાં, “ઉત્પન્ન કરનાર” શબ્દ કેટલીક વાર નામ તરીકે અથવા તો શીર્ષક તરીકે વપરાયો છે, કારણકે તેઓએ બધી જ બાબતોનું સર્જન કર્યું છે.
- સામાન્ય રીતે આ શબ્દને “તેનો” અથવા તો “મારો” અથવા તો “તમારો” શબ્દો સાથે જોડવામાં આવે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- “ઉત્પન્ન કરનાર” શબ્દનો અનુવાદ “સૃજનહાર” અથવા તો “ઈશ્વર કે જેઓ ઉત્પન્ન કરે છે” અથવા તો “જેમણે સઘળું બનાવ્યું છે તેઓ” તરીકે કરી શકાય.
- “તેના ઉત્પન્ન કરનાર” શબ્દસમૂહનો અનુવાદ “જેમણે તેનું સૃજન કર્યું” અથવા તો “ઈશ્વર, કે જેમણે તેને બનાવ્યો” એ રીતે પણ કરી શકાય.
- “તારા ઉત્પન્ન કરનાર” અને “મારા ઉત્પન્ન કરનાર” શબ્દસમૂહનો અનુવાદ પણ આ જ રીતે કરી શકાય.

(આ પણ જૂઓ: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: સર્જન કરવું, યહોવા)

## બાઇબલ સંદર્ભો:

- હોશિયા 8:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H2796, H3335, H6213, H6466, H6467, G1217

# ઉર

## તથ્યો:

ખાલદીના પ્રાચીન પ્રદેશમાં યુફ્રેટિસ નદી પર ઉર મહત્વનું શહેર હતું, જે મેસોપોટેમિયાનો ભાગ હતો. આ પ્રદેશ જે હવે આધુનિક સમયનો ઇરાક દેશ છે તેમાં આવેલું હતું.

- ઈબ્રાહિમ ઉર શહેરનો હતો અને ઈશ્વરે તેને તેમાંથી નીકળીને કનાન દેશમાં જવાનું તેડું આપ્યું હતું.
- ઈબ્રાહિમના ભાઈ અને લોતના પિતા, હારાન, ઉર શહેરમાં મૃત્યુ પામ્યા.

આ કદાચ એક પરિબળ હતું જેના પર લોતને ઇબ્રાહિમ સાથે ઉર છોડવા માટે પ્રભાવિત કર્યો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

આ પણ જુઓ: ઇબ્રાહિમ, કનાન, ખાલદી, યુફ્રેટીસ નદી, હારાન, લોત, મેસોપોટેમીયા)

## બાઇબલ સંદર્ભો

- ઉત્પત્તિ 11:27-28
- ઉત્પત્તિ 11:31-32

## શબ્દ માહિતી:

- Strong's: H218

# ઉરિયા

## તથ્યો:

ઊરિયા એક પ્રામાણિક માણસ હતો અને રાજા દાઉદના શ્રેષ્ઠ સૈનિકોમાંનો એક હતો. તેને ઘણીવાર "ઊરિયા હિત્તી" તરીકે ઓળખવામાં આવે છે.

- ઊરિયાની બાથશેબા નામની એક સુંદર પત્ની હતી.

દાઊદે ઊરિયાની પત્ની સાથે વ્યભિચાર કર્યો, અને તે દાઉદના બાળક સાથે ગર્ભવતી થઈ.

- આ પાપને ઢાંકવા માટે, દાઉદે ઊરિયાને યુદ્ધમાં મારી નંખાવ્યોં..

પછી દાઉદે બાથશેબા સાથે લગ્ન કર્યા.

- રાજા આહાઝના સમયમાં ઊરિયા નામનો એક યાજક હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: આહાઝ, બાથશેબા, દાઉદ, હિત્તી)

## બાઇબલ સંદર્ભો

- 1 રાજાઓ 15:4-6
- 2 શમુએલ 11:2-3
- 2 શમુએલ 11:26-27
- નહેમ્યા 3:3-5

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:12** બાથશેબાના પતિ, **ઊરિયા** નામનો માણસ, દાઉદના શ્રેષ્ઠ સૈનિકોમાંનો એક હતો. દાઉદે **ઊરિયા** ને યુદ્ધમાંથી પાછો બોલાવ્યો અને તેને તેની પત્ની સાથે રહેવા માટે કહ્યું.

પરંતુ **ઊરિયા** એ ઘરે જવાનો ઇનકાર કર્યો જ્યારે બાકીના સૈનિકો યુદ્ધમાં હતા. તેથી દાઉદે **ઊરિયાને** યુદ્ધમાં પાછો મોકલ્યો અને સેનાપતિને કહ્યું કે દુશ્મન મજબૂત હોય ત્યાં તેને રાખવો, જેથી તે માર્યા જાય.

- **17:13** ઊરિયાના મૃત્યુ થયા બાદ, દાઉદે બાથશેબા સાથે લગ્ન કર્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H223, G3774

# એક્રોન, એક્રોનીઓ

## સત્યો:

એક્રોન એ પલિસ્તીઓનું મુખ્ય શહેર હતું, જે ભૂમધ્ય સમુદ્રથી નવ માઈલ અંતર્દેશીય ભાગમાં આવેલું હતું.

- એક્રોનમાં જૂઠા દેવ બાલઝબુલનું મંદિર આવેલું હતું.
- જયારે પલિસ્તીઓ કરારકોશને ઉઠાવી લઈ ગયા. ત્યારે તેઓએ તેને આસ્દોદથી લઈ અને પછી ગાથ અને એક્રોનમાં ખસેડ્યો કારણકે જે પણ શહેરમાં કોશ લઈ જવામાં આવતો ત્યાંના લોકોને દેવ માંદા રાખતો અને તેઓ મૃત્યુ પામતા.

છેવટે પલિસ્તીઓએ તે કોશ ઈઝરાએલમાં પાછો મોકલ્યો.

- જયારે અહાજ્યા રાજા તેના ઘરની છત ઉપરથી પડી ગયો અને પોતે ઘાયલ થયો, તેણે એક્રોનના જૂઠા દેવ બાલઝબુલની મદદથી શોધી કાઢવા પ્રયત્ન કર્યો કે શું તે તેની ઈજાઓથી મરી જશે કે નહીં, તે દ્વારા તેણે પાપ કર્યું.

આ પાપને કારણે, યહોવાએ કહ્યું કે તે મૃત્યુ પામશે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: અહાજ્યા, કરારકોશ, આશ્દોદ, બાલઝબુલ, જૂઠો દેવ, ગાથ, પલિસ્તીઓ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 5:10
- યહોશૂઆ 13:2-3
- ન્યાયાધીશો 1:18-19
- ઝખાર્યા 9:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H6138, H6139

# એઝરા

## સત્યો:

એઝરા ઈઝરાએલીઓનો એક યાજક હતો અને યહૂદી કાયદાનો નિષ્ણાત હતો કે, જેણે બાબિલોન કે જ્યાં ઈઝરાએલને 70 વર્ષો માટે બંદીવાસમાં રાખવામાં આવ્યા હતા, ત્યાંથી યરૂશાલેમ પાછા ફર્યા તેના ઈતિહાસની તેણે નોંધ લીધી.

- એઝરાએ તે ઈઝરાએલના ઇતિહાસના ભાગની, બાઈબલના એઝરાના પુસ્તકમાં નોંધ લીધી.

તેણે કદાચ નહેમ્યાનું પુસ્તક પણ લખ્યું હશે, કેમકે આ બન્ને પુસ્તક મૂળ એક પુસ્તક હતા.

- જ્યારે ઈઝરાએલીઓએ સાબ્બાથના નિયમો પાળવાનું બંધ કર્યું અને સ્ત્રીઓ કે જેઓ મૂર્તિપૂજક ધર્મો પાળતી હતી તેમની સાથે આંતરલગ્ન કર્યા, ત્યારે એઝરાએ યરૂશાલેમમાં પાછા આવી ફરીથી નિયમ (કાયદો) પ્રસ્થાપિત કર્યો.
- બાબિલોન લોકોએ યરૂશાલેમને કબ્જે કરીને નાશ કર્યું હતું, તેને તથા મંદિરને ફરીથી બાંધવા માટે એઝરાએ પણ મદદ કરી.
- જૂના કરારમાં એઝરા નામનાં બીજા બે માણસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાબિલોન, બંદીવાસ, યરૂશાલેમ, નિયમ, નહેમ્યા, મંદિર)

## બાઈબલની કલમો:

- એઝરા 7:6-7
- નહેમ્યા 8:1-3
- નહેમ્યા 12:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H250, H5830, H5831, H5834

# એદન, એદનની વાડી

## સત્યો:

પ્રાચીન સમયમાં, એદન પ્રદેશ હતો જ્યાં એક વાડી હતી, ત્યાં પ્રથમ પુરુષ અને સ્ત્રીને દેવે રહેવા માટે મૂક્યા હતા.

- વાડી કે જ્યાં આદમ અને હવા રહેતા હતા, તે ફક્ત એદનનો ભાગ હતો.
- એદનના પ્રદેશનું ચોક્કસ સ્થાન નક્કી નથી, પરંતુ હીદ્દેકેલ અને ફ્રાત નદીઓ ત્યાંથી વહેતી હતી.
- એદન શબ્દ એ હિબ્રૂ શબ્દમાંથી આવે છે જેનો અર્થ, "તેમાં ખૂબજ આનંદ કરો."

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આદમ, ફ્રાત નદી, હવા)

## બાઈબલની કલમો:

- હઝકિયેલ 28:11-13
- ઉત્પત્તિ 2:7-8
- ઉત્પત્તિ 2:9-10
- ઉત્પત્તિ 2:15-17
- ઉત્પત્તિ 4:16-17
- યોએલ 2:3

## શબ્દ માહિતી:

- Strong's: H5729, H5731

# એન-ગેદી

## વ્યાખ્યા:

એન- ગેદી નામનું શહેર યરૂશાલેમના દક્ષિણપૂર્વે યહૂદાના અરણ્યમાં આવેલું હતું.

- એન-ગેદી ખારા સમુદ્રના પશ્ચિમી કિનારે આવેલું હતું.
- તેના ભાગના નામનો અર્થ, “ફુવારો,” જે ફુવારાનું પાણી કે જે શહેરમાંથી નીચે સમુદ્રમાં વહે છે તે દર્શાવે છે.
- એન-ગેદી એ કદાચ સતત ફુવારાના પાણીની સિંચાઈને લીધે, સુંદર બગીચા અને ફળદ્રુપ જમીન માટે જાણીતું હતું.
- જયારે શાઉલ રાજા દ્વારા દાઉદનો પીછો કરવામાં આવ્યો હતો ત્યારે દાઉદે એન-ગેદી કે જ્યાં ગઢ આવેલો હતો ત્યાં ભાગી ગયો.

(આ પણ જુઓ: દાઉદ, રણ, ફુવારો, યહૂદા, બાકીના, ખારો સમુદ્ર, શાઉલ , ગઢ, બગીચો)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 20:1-2
- ગીતોનું ગીત 1:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H5872

# એફેસસ, એફેસી, એફેસીઓ

## સત્યો:

એફેસસ પશ્ચિમ દરિયા કિનારે આવેલું એક પ્રાચીન ગ્રીક શહેર હતું કે જે હાલના સમયના તુર્કસ્તાન દેશમાં આવેલું છે.

- શરૂઆતના ખ્રિસ્તીઓના સમય દરમ્યાન, એફેસસ એ આશિયાનું પાટનગર હતું, કે જે તે સમયે નાનો રોમન પ્રાંત હતો.
- આ સ્થાનને કારણે, આ શહેર વેપાર અને યાત્રા માટે અગત્યનું કેન્દ્ર હતું.
- એફેસસમાં આર્તીમીસ (ડાયના) દેવીની પૂજા માટેનું ખૂબજ જાણીતું એક મંદિર આવેલું હતું.
- પાઉલ એફેસસમાં બે કરતાં પણ વધારે વર્ષ રહ્યો અને કામ કર્યું, પછી ત્યાંના નવા વિશ્વાસીઓને દોરવણી આપવા તેણે તિમોથીની નિમણૂક કરી.
- નવા કરારનું એફેસીઓનું પુસ્તકનો જે પત્ર છે, તે પાઉલે એફેસસના વિશ્વાસીઓને લખ્યો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આશિયા, પાઉલ, તિમોથી)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 15:31-32
- 1 તિમોથી 1:3-4
- 2 તિમોથી 4:11-13
- પ્રેરિતો 19:1-2
- એફેસી 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G2179, G2180, G2181

# એફ્રાઈમ, એફ્રાઈમી, એફ્રાઈમીઓ

## સત્યો:

એફ્રાઈમ યૂસફ નો બીજો દીકરો હતો. એફ્રાઈમીઓ, તેના વંશજો હતા, જેમણે ઈઝરાએલના બાર કુળોમાંના એકની રચના કરી.

- એફ્રાઈમનું કુળ દસ કુળોમાંનું એક હતું કે જેઓ ઈઝરાએલના ઉત્તર ભાગમાં સ્થિત હતા.
- ક્યારેક બાઈબલમાં એફ્રાઈમનું નામ સમગ્ર ઈઝરાએલના ઉત્તર રાજ્યને દર્શાવવા વપરાયેલ છે.

(આ પણ જુઓ: અલંકાર)

- એફ્રાઈમ દેખીતી રીતે ખૂબજ પર્વતીય અથવા ડુંગરાળ વિસ્તારમાં હતું, તેના સંદર્ભનો આધાર, “એફ્રાઈમનો ડુંગર પ્રદેશ” અથવા “એફ્રાઈમના પર્વતો” પર હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈઝરાએલનું રાજ્ય, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 6:66-69
- 2 કાળવૃતાંત 13:4-5
- હઝકિયેલ 37:15-17
- ઉત્પત્તિ 41:50-52
- ઉત્પત્તિ 48:1-2
- યોહાન 11:54-55

## શબ્દ માહિતી:

- Strong's: H669, H673, G2187

# એફ્રાથ, એફ્રાથાહ, એફ્રાથી, એફ્રાથીઓ

## સત્યો:

ઈઝરાએલના ઉત્તર ભાગમાં એફ્રાથાહ નામનું શહેર અને તેનો પ્રદેશ આવેલા હતો. એફ્રાથાહનું શહેર પાછળથી “બેથલેહેમ” અથવા એફ્રાથાહ-બેથલેહેમ કહેવાયું હતું.

- કાલેબના એક દીકરાનું નામ એફ્રાથાહ હતું.

કદાચ તેના નામ ઉપરથી શહેરનું નામ એફ્રાથાહ રાખવામાં આવ્યું હતું.

- વ્યક્તિ જેઓ એફ્રાથાહ શહેરના હતા, તેઓ “એફ્રાથીઓ” કહેવાયા.
- દાઉદનો વડદાદા, બોઆઝ, એક એફ્રાથી હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બેથલેહેમ, બોઆઝ, કાલેબ, દાઉદ, ઈઝરાએલ)

## બાઈબલની કલમો:

## શબ્દ માહિતી:

- Strong's: H672, H673

# એલઆઝાર

## સત્યો:

એલઆઝાર એ બાઈબલમાં ઘણા માણસોના નામ હતા.

- એલઆઝાર એ મૂસાના ભાઈ હારુનનો ત્રીજો દીકરો હતો.

હારુનના મરણ બાદ, એલઆઝાર ઈઝરાએલનો મુખ્ય યાજક બન્યો.

- દાઉદના “શક્તિશાળી માણસો” માંના એકનું નામ પણ એલઆઝાર હતું.
- ઈસુના પૂર્વજોમાંના એકનું નામ એલઆઝાર હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: હારુન, મુખ્ય યાજક, દાઉદ, શક્તિશાળી)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 24:1-3
- ન્યાયાધીશો 20:27-28
- ગણના 26:1-2
- ગણના 34:16-18

## શબ્દ માહિતી:

- Strong's: H499, G1648

# એલામ, એલામીઓ

## સત્યો:

એલામ શેમનો પુત્ર અને નૂહનો પૌત્ર હતો.

- એલામના વંશજો “એલામીઓ” કહેવાતા હતા,” અને જે પ્રદેશમાં તેઓ રહેતા હતા તે પણ એલામ કહેવાતું હતું.
- એલામનો પ્રદેશ હીદ્દેકેલ નદીના દક્ષિણ-પૂર્વમાં આવેલો હતો, તે હાલના પશ્ચિમ ઈરાનમાં આવેલું છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: નૂહ, શેમ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:17-19
- પ્રેરિતો 2:8-11
- એઝરા 8:4-7
- યશાયા 22:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H5867, H5962, G1639

# એલિયા

## સત્યો:

એલિયા એ યહોવાના સૌથી મહત્વના પ્રબોધકોમાંનો એક હતો. એલિયા એ ઈઝરાએલ અને યહૂદાના કેટલાક રાજાઓના શાસન દરમ્યાન ભવિષ્યવાણી કરી, જેમાં આહાબ રાજાનો પણ સમાવેશ થાય છે.

- દેવે એલિયા દ્વારા ઘણા ચમત્કારો કર્યા, જેમાં મરેલા છોકરાને સજીવન કર્યો, તેનો પણ સમાવેશ થાય છે.
- એલિયા એ જૂઠા દેવ બઆલની પૂજા કરવાને બદલે આહાબ રાજાને ઠપકો આપ્યો.
- તેણે યહોવા તેજ ફક્ત સાચો દેવ છે તે સાબિત કરવા બઆલના પ્રબોધકોની પરીક્ષા કરી પડકાર આપ્યો.
- એલિયાના જીવનના અંતે, જયારે હજુ તે જીવતો હતો છતાં, દેવે ચમત્કારિક રીતે તેને સ્વર્ગમાં ઉપર લઈ લીધો.
- ઘણા વર્ષો પછી, એલિયા, મૂસા, અને ઈસુની સાથે પહાડ ઉપર દેખાયો, અને તેઓએ સાથે મળીને ઈસુનું યરૂશાલેમમાં આવવું, દુઃખ સહન કરવું અને મૃત્યુ પામવા વિશે વાતચીત કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ચમત્કાર, પ્રબોધક, યહોવા)

## બાઈબલની કલમો:

- 1 રાજા 17:1
- 2 રાજા 1:3-4
- યાકૂબ 5:16-18
- યોહાન 1:19-21
- યોહાન 1:24-25
- માર્ક 9:4-6

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **19:2** જયારે આહાબ ઈઝરાએલ ઉપર રાજા હતો ત્યારે **એલિયા** પ્રબોધક હતો.
- **19:2** **એલિયા** એ આહાબ ને કહ્યું, જ્યાં સુધી હું નહીં કહું ત્યાં સુધી ઈઝરાએલના રાજ્યમાં વરસાદ અથવા ઝાકળ પડશે નહીં.
- **19:3** દેવે **એલિયા** ને કહ્યું, આહાબ કે જે તને મારી નાખવા માંગે છે તેનાથી સંતાવા માટે અરણ્યના વહેળામાં જતો રહે. દરેક સવારે અને સાંજે, પક્ષીઓ તેના માટે રોટલી અને માંસ લાવતા.
- **19:4** પણ તેઓએ **એલિયા** ની સંભાળ રાખી, અને દેવે તેઓને પૂરું પાડ્યું જેથી કદી તેઓની માટલીમાંનો લોટ અને તેઓની બરણીમાંનું તેલ ખૂટ્યું નહીં.
- **19:5** સાડા ત્રણ વર્ષ પછી, દેવે **એલિયા** ને કહ્યું ઈઝરાએલના રાજ્યમાં પાછો જા અને આહાબ સાથે વાત કર, કારણકે તે ફરીથી વરસાદ મોકલવાનો હતો.
- **19:7** પછી **એલિયા** એ બઆલના પ્રબોધકોને કહ્યું, "બળદને મારી અને તેને બલિદાન માટે તૈયાર કરો, પણ અગ્નિ પેટાવશો નહીં.
- **19:12** પછી **એલિયા** એ કહ્યું, "બઆલના પ્રબોધકોમાંથી એક પણ બચી જવો જોઈએ નહીં!"
- **36:3** પછી મૂસા અને **એલિયા** પ્રબોધક દેખાયા. આ સમય પહેલા આ માણસો ઘણા વર્ષો જીવ્યા. તેઓએ ઈસુ સાથે તેનું મરણ કે જે ટૂંક સમયમાં યરૂશાલેમમાં થવાનું હતું તે વિશે વાત કરી.

## શબ્દ માહિતી:

- Strong's: H452, G2243

# એલિશા

## સત્યો:

ઈઝરાએલના કેટલાક રાજાઓના શાસન દરમ્યાન એલિશા ઈઝરાએલમાં પ્રબોધક હતો. આહાબ, અહાઝ્યા, યોરામ, યેહૂ, યહોશાફાટ અને યહોઆશ.

- દેવે એલિયા પ્રબોધકને કહ્યું કે એલિશાનો પ્રબોધક તરીકે અભિષેક કર.
- જયારે એલિયાને અગ્નિ રથોમાં સ્વર્ગમાં લેવાયો હતો, ત્યારે એલિશા ઈઝરાએલના રાજાઓ માટે દેવનો પ્રબોધક બન્યો.
- એલિશાએ ઘણા ચમત્કારો કર્યા, જેમાં અરામથી માણસ કે જેને કોઢ હતો તેને સાજો કર્યો અને સુનામની સ્ત્રીના દીકરાને મરેલો ફરીથી સજીવન કર્યો, એનો સમાવેશ થાય છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: એલિયા, નામાન, પ્રબોધક)

## બાઈબલની કલમો:

- 1 રાજા 19:15-16
- 2 રાજા 3:15-17
- 2 રાજા 5:8-10
- લૂક 4:25-27

## શબ્દ માહિતી:

- Strong's: H477

# એલીસાબેત

## સત્યો:

એલિસાબેત યોહાન બાપ્તિસ્તની માતા હતી. તેણીના પતિનું નામ ઝખાર્યા હતું.

- ઝખાર્યા અને એલિસાબેતને બાળકો થાય માટે તેઓ કદી સક્ષમ નહોતા, પરંતુ તેમની વૃદ્ધાવસ્થામાં, દેવે ઝખાર્યાને વચન આપ્યું કે એલિસાબેત તેને સારું પુત્રને જન્મ દેશે.
- દેવે તેનું વચન પાડ્યું, અને ટૂંક સમયમાં ઝખાર્યા અને એલિસાબેત ગર્ભ ધારણ કરવા માટે સક્ષમ થયા અને તેણીએ પુત્રને જન્મ આપ્યો.

તેઓએ બાળકનું નામ યોહાન રાખ્યું.

- એલિસાબેત ઈસુની માતા મરિયમની પણ સબંધી હતી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: યોહાન (બાપ્તિસ્ત), ઝખાર્યા)

## બાઈબલની કલમો:

- લૂક 1:5-7
- લૂક 1:24-25
- લૂક 1:39-41

## શબ્દ માહિતી:

- Strong's: G1665

# એલ્યાકીમ

## સત્યો:

જૂના કરારમાં એલ્યાકીમ નામનાં બે માણસો હતા.

- એક એલ્યાકીમ નામનો માણસ હિઝિક્યા રાજાના રાજમહેલની અંદર સંચાલક હતો.
- બીજો એલ્યાકીમ નામનો માણસ યોશિયા રાજાનો દીકરો હતો.

તેને મિસરના (રાજા) ફારુન નકોહ દ્વારા યહૂદાનો રાજા બનાવાયો હતો.

નકોહે એલ્યાકીમનું નામ બદલીને યહોયાકીમ પાડ્યું હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: હિઝિક્યા, યહોયાકીમ, યોશિયા, ફારુન)

## બાઈબલની કલમો:

- 2 રાજા 18:16-18
- 2 રાજા 18:26-27
- 2 રાજા 18:36-37
- 2 રાજા 23:34-35

## શબ્દ માહિતી:

- Strong's: H471, G1662

# એસાવ

## સત્યો:

એસાવ એ ઈસહાક અને રિબકાના જોડિયા દીકરાઓમાંનો એક હતો. તે તેઓનું જન્મેલું પ્રથમ બાળક હતું. યાકૂબ તેનો જોડિયો ભાઈ હતો.

- એસાવે તેના એક વાટકી ભોજન માટે પોતાનું જ્યેષ્ઠપણું તેના ભાઈ યાકૂબને વેચી દીધું.
- એસાવ પ્રથમ જન્મ્યો હતો તેથી તેના પિતા ઈસહાક તેને ખાસ આશીર્વાદ આપવાનું ઈચ્છા રાખતા હતા.

પરંતુ યાકૂબે તે આશીર્વાદ તેના બદલે તેને મળે માટે ઈસહાક સાથે બનાવટ કરી. એસાવ શરુઆતમાં તેના પર ખુબજ ગુસ્સે હતો કે તે યાકૂબને મારી નાખવા માંગતો હતો, પણ પછી તેણે તેને માફ કરી દીધો.

- એસાવને ઘણા બાળકો અને પૌત્રો પૌત્રીઓ હતા, અને આ વંશજોએ કનાનની ભૂમિમાં વસવાટ કરી, એક લોકોના મોટા જૂથની રચના કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અદોમ, ઈસહાક, યાકૂબ, રિબકા)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 25:24-26
- ઉત્પત્તિ 25:29-30
- ઉત્પત્તિ 26:34-35
- ઉત્પત્તિ 27:11-12
- ઉત્પત્તિ 32:3-5
- હિબ્રૂ 12:14-17
- રોમન 9:10-13

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **6:7** જયારે રિબકાને બાળકો જન્મ્યા, ત્યારે મોટો દીકરો લાલ અને રુવાંટીવાળો બહાર આવ્યો, અને તેઓએ તેનું નામ **એસાવ** પાડ્યું.
- **7:2** જેથી **એસાવે** તેના પ્રથમ દીકરા તરીકેના અધિકારો યાકૂબને આપી દીધા.
- **7:4** જયારે ઈસહાકને બકરીના વાળ લાગ્યા અને કપડાંને સુંઘ્યા, ત્યારે તેને વિચાર્યું કે તે_ એસાવ_ હતો અને તેને આશીર્વાદ આપ્યો
- **7:5** **એસાવે** યાકૂબની નફરત કરી કારણકે યાકૂબે પ્રથમ દીકરા તરીકેનો તેનો અધિકાર અને તેનો આશીર્વાદ પણ ચોરી લીધા હતા.
- **7:10** પણ **એસાવે** પહેલેથી જ યાકૂબને માફ કરી દીધો હતો, અને તેઓ ફરીથી એકબીજાને જોઈ ખુશ હતા.

## શબ્દ માહિતી:

- Strong's: H6215, G2269

# એસ્તેર

## સત્યો:

એસ્તેર યહૂદી સ્ત્રી હતી કે જે યહૂદીઓના બાબિલના બંદીવાસ દરમ્યાન ફારસી રાજ્યની રાણી બની.

- એસ્તેરના પુસ્તકની વાર્તા કહે છે કે એસ્તેર કેવી રીતે ફારસી રાજા અહાશ્વેરોશની પત્ની બની અને ઈશ્વરે કેવી રીતે તેણીના લોકોને બચાવવા તેણીનો ઉપયોગ કર્યો.
- એસ્તેર અનાથ હતી કે જેને તેણીના પિતરાઈ મોટા ભાઈ મોર્દખાય દ્વારા ઉછેરવામાંમાં આવી હતી.
- તેના પાલકપિતા માટેનું તેણીનું આજ્ઞાપાલન તેણીને ઈશ્વરને આજ્ઞાકારી બનવા મદદ કરી.
- એસ્તેરે દેવનું આજ્ઞાપાલન કર્યું અને તેણીના યહૂદી લોકોને બચાવવા તેણીનું જીવન જોખમમાં મુકયું.
- એસ્તેરની વાર્તા ઈતિહાસની ઘટનાઓ ઉપર દેવનું સાર્વભૌમ નિયંત્રણ સમજાવે છે, ખાસ કરીને કેવી રીતે તે પોતાના લોકોનું રક્ષણ કરે છે અને જેઓ તેની આજ્ઞા પાળે છે તેઓ દ્વારા કાર્ય કરે છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: અહાશ્વેરોશ, બાબિલોન, મોર્દખાય, ઈરાન)

## બાઈબલની કલમો:

- એસ્તેર 2:7
- એસ્તેર 2:15-16
- એસ્તેર 7:1-2
- એસ્તેર 8:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H635

# ઓબાદ્યા

## તથ્યો:

ઓબાદ્યા જૂના કરારનો એક પ્રબોધક હતો કે જેણે અદોમના લોકો એટલે કે એસાવના વંશજો વિરુદ્ધ પ્રબોધ કર્યો. જૂના કરારમાં ઓબાદ્યા નામના બીજા માણસો પણ હતા.

- ઓબાદ્યાનું પુસ્તક બાઇબલમાં સૌથી ટૂંકું પુસ્તક છે અને ઓબાદ્યા ઈશ્વર પાસેથી જે દર્શન પામ્યો તેના વિષે તે જણાવે છે.
- ઓબાદ્યા ક્યારે થઇ ગયો અને તેણે ક્યારે પ્રબોધ કર્યો તે સ્પષ્ટ નથી.

જ્યારે યહોરામે, અહાઝ્યાએ, યોઆશે અને અથાલ્યાએ યહૂદિયામાં રાજ કર્યું તે ગાળા દરમ્યાન તે થઇ ગયો હોય તે શક્ય છે. તે ગાળાના અમુક સમય દરમ્યાન દાનિયેલ, હઝકિયેલ તથા યર્મિયા પણ પ્રબોધ કરતા હોવા જોઈએ.

- ઓબાદ્યા સિદકિયાના રાજ દરમ્યાન તથા બાબિલના બંદીવાસ દરમ્યાન એટલે કે પાછળના ગાળામાં પણ થઇ ગયો હોય તે શક્ય છે.
- ઓબાદ્યા નામના બીજા માણસોમાં, શાઉલ રાજાનો એક વંશજ, ગાદના કુળનો એક વ્યક્તિ કે જે દાઉદનો ખાસ માણસ હતો, આહાબ રાજાના મહેલનો કારભારી, યહોશાફાટ રાજાનો એક અધિકારી, યોશિયા રાજાના સમયમાં ભક્તિસ્થાનની મરામતમાં મદદ કરનાર એક માણસ અને લેવીના કુળનો એક માણસ કે જે નહેમ્યાના સમયમાં દ્વારરક્ષક હતો તેઓને સમાવેશ થાય છે.
- એ શક્ય છે કે ઓબાદ્યાના પુસ્તકનો લેખક આ માણસોમાંનો એક હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: આહાબ, બાબિલ, દાઉદ, અદોમ, એસાવ, હઝકિયેલ, દાનિયેલ, ગાદ, યહોશાફાટ, યોશિયા, લેવી, શાઉલ, સિદકિયા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 3:19-21
- 1 કાળવૃતાંત 8:38-40
- એઝરા 8:8-11
- ઓબાદ્યા 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H5662

# ઓમ્રી

## તથ્યો:

ઓમ્રી એક સેનાપતિ હતો કે જે ઇઝરાયલનો છઠ્ઠો રાજા બન્યો.

- ઓમ્રી રાજાએ તિર્સાહ શહેરમાં 12 વર્ષ રાજ કર્યું.
- તેની અગાઉના ઇઝરાયલના બધા રાજાઓની જેમ, ઓમ્રી ખૂબ જ દુષ્ટ રાજા હતો કે જેણે ઇઝરાયલના લોકોને વધારે મૂર્તિપૂજામાં દોર્યા.
- ઓમ્રી આહાબ રાજાનો પિતા પણ હતો.

## અનુવાદ માટેના સૂચનો:

(આ પણ જૂઓ: આહાબ, ઇઝરાયલ, યરોબોઆમ, તિર્સાહ)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 22:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H6018

# કનાન, કનાની, કનાનીઓ

## સત્યો:

કનાન હામનો દીકરો હતો, કે જે નુહના દીકરાઓમાંનો એક હતો. કનાનીઓ એ કનાનના વંશજો હતા.

- "કનાન" અથવા "કનાનની ભૂમિ" શબ્દ, યરદન નદી અને ભૂમધ્ય સમુદ્રની વચ્ચેની જમીનના વિસ્તાર તરીકે ઓળખાય છે.

તેની સરહદ દક્ષિણમાં મિસરની સુધી અને ઉત્તરે અરામની સરહદ સુધી વિસ્તરેલી છે.

- આ જગ્યામાં કનાનીઓ સાથે બીજા અનેક લોકોના જૂથો વસેલા હતા.

દેવે ઈબ્રાહીમ અને તેના વંશજો, ઈઝરાએલીઓને કનાનની ભૂમિ આપવાનું વચન આપ્યું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: હામ, વચનની ભૂમિ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 13:19-20
- નિર્ગમન 3:7-8
- ઉત્પત્તિ 9:18-19
- ઉત્પત્તિ 10:19-20
- ઉત્પત્તિ 13:5-7
- ઉત્પત્તિ 47:1-2

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો

- **4:5** તેણે (ઈબ્રામે) તેની પત્ની સારા, તથા બધાજ નોકરો અને તેની માલિકીનું જે હતું તે બધુ જ લીધું અને દેવે જે **કનાનની** ભૂમિ તેને બતાવી તેમાં ગયો.
- **4:6** જયારે ઈબ્રામ **કનાનમાં** આવ્યો દેવે કહ્યું, "તારી આસપાસ નજર કર."

આ બધી જમીન જે તું જુએ છે તે હું તને અને તારા વંશજોને વારસા તરીકે આપીશ."

- **4:9**"હું **કનાનની** ભૂમિ તારા વંશજોને આપું છું."
- **5:3** **કનાનની** ભૂમિ હું તને અને તારા વંશજોને માલિકી તરીકે આપીશ અને સદાને માટે હું તેઓનો દેવ થઈશ.
- **7:8** **કનાનમાં** તેના ઘરથી વીસ વર્ષો દૂર રહ્યા પછી યાકુબ તેના કુટુંબને, તેના નોકરોને, અને તેના પ્રાણીઓના બધા ટોળાઓ સાથે ત્યાં પાછો આવ્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H3667, H3669, G2581, G5478

# કફર-નહૂમ

## સત્યો:

કફર-નહૂમ ગાલીલના સમુદ્રનું વાયવ્ય કિનારા પર આવેલું માછલાં પકડવાનું ગામ હતું.

- ઈસુ જયારે પણ ગાલીલમાં શિક્ષણ આપતો હતો ત્યારે તે કફર-નહૂમમાં રહેતો હતો.
- તેના કેટલાક શિષ્યો કફર-નહૂમથી હતા.
- ઈસુએ આ શહેરમાં ઘણા ચમત્કારો પણ કર્યા, જેમાં મૃત્યુ પામેલી છોકરી ફરીથી સજીવન કર્યાનો સમાવેશ થાય છે.
- કફર-નહૂમ ત્રણ શહેરોમાંનું એક હતું કે, જ્યાં ઈસુ એ જાહેરમાં ઠપકો આપ્યો કારણકે તે લોકોએ તેનો નકાર કર્યો અને તેનો સંદેશ માન્યો નહીં.

તેણે તેઓને ચેતવણી આપી કે દેવ તેઓના અવિશ્વાસ માટે તેઓને સજા કરશે.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ગાલીલ, ગાલીલનો સમુદ્ર)

## બાઈબલની કલમો:

- યોહાન 2:12
- લૂક 4:31-32
- લૂક 7:1
- માર્ક 1:21-22
- માર્ક 2:1-2
- માથ્થી 4:12-13
- માથ્થી 17:24-25

## શબ્દ માહિતી:

- Strong's: G2584

# કરિંથ, કરિંથીઓ

## સત્યો:

કરિંથ એ લગભગ 50 માઈલ્સ એથેન્સના પૂર્વે, ગ્રીક દેશમાં આવેલું શહેર હતું. કરિંથીઓ લોકો કે જેઓ કરિંથમાં રહેતા હતા.

- કરિંથ એ પ્રારંભિક મંડળીઓમાંનું એક સ્થાન હતું.
- નવા કરારના પુસ્તકો, 1 કરિંથી અને 2 કરિંથી પાઉલ દ્વારા કરિંથમાં રહેતા ખ્રિસ્તીઓને લખવામાં આવેલા પત્રો હતાં
- પાઉલ તેની પ્રથમ મિશનરી મુસાફરી દરમ્યાન, કરિંથમાં લગભગ 18 મહિના માટે રહ્યો હતો.
- જયારે પાઉલ કરિંથમાં હતો, ત્યારે તે આકુલાસ અને પ્રિસ્કીલાને નામના વિશ્વાસીઓને મળ્યો.
- કરિંથમાં આવેલી પ્રારંભિક મંડળીમાં જે આગેવાનો સંકળાયેલા હતા, જેમાં તિમોથી, તિતસ, આપોલસ, અને સિલાસનો સમાવેશ થાય છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આપોલસ, તિમોથી, તિતસ)

## બાઈબલની કલમો:

- 1 કરિંથીઓ 1:1-3
- 2 કરિંથીઓ 1:23-24
- 2 તિમોથી 4:19-22
- પ્રેરિતો 18:1-3

## શબ્દ માહિતી:

- Strong's: G2881, G2882

# કરેથીઓ

## સત્યો:

કરેથીઓ એ લોકોનું જૂથ હતું કે જેઓ કદાચ પલિસ્તીઓનો એક ભાગ હતા. કેટલીક આવૃતિઓમાં આ નામ "ચેરેથીઓ" તરીકે લખ્યું છે.

- "કરેથીઓ અને પલેથીઓ" દાઉદ રાજાના લશ્કરમાં વિશેષ જૂથના સૈનિકો હતા કે જેઓ ખાસ કરીને તેના અંગરક્ષકો તરીકે સમર્પિત હતા.
- યહોયાદાનો દિકરો, બનાયા, દાઉદના વહીવટી દળનો સભ્ય, કરેથીઓ અને પલેથીઓનો ઉપરી હતો.
- આબ્શાલોમના બળવાને કારણે દાઉદને જયારે યરુશાલેમથી નાસી જવું પડ્યું, ત્યારે કરેથીઓ તેની સાથે રહ્યા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: આબ્શાલોમ, બનાયા, દાઉદ, પલિસ્તીઓ)

## બાઈબલની કલમો:

- સફાન્યા 2:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H3774

# કર્નેલિયસ

## સત્યો:

કર્નેલિયસ વિદેશી, અથવા બિન-યહૂદી માણસ હતો, કે જે રોમન લશ્કરમાં લશ્કરી અધિકારી હતો

- તે નિયમિત દેવને પ્રાર્થના કરતો અને ગરીબોને આપવામાં ખૂબજ ઉદાર હતો.
- પ્રેરિત પિતરે જયારે કર્નેલિયસ અને તેના કુટુંબે સુવાર્તા સંભળાવી અને સમજાવી, ત્યારે તેઓ ઈસુમાં વિશ્વાસીઓ બન્યા.
- કર્નેલિયસના કુટુંબના લોકો પ્રથમ બિન-યહૂદી વિશ્વાસીઓ બન્યા હતા.
- આ બાબતે દર્શાવ્યું કે ઈસુના અનુયાયીઓમાં બધાંજ પ્રકારના લોકોનો સમાવેશ થાય છે અને તેમનો ઉદ્ધાર કરવા આવ્યો છે, જેમાં વિદેશીઓનો પણ સમાવેશ થાય છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પ્રેરિત, માનવું, વિદેશી, સુવાર્તા, ગ્રીક, સૂબેદાર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 10:1-2
- પ્રેરિતો 10:7-8
- પ્રેરિતો 10:17-18
- પ્રેરિતો 10:22-23
- પ્રેરિતો 10:24
- પ્રેરિતો 10:25-26
- પ્રેરિતો 10:30-33

## શબ્દ માહિતી:

- Strong's: G2883

# કલોસ્સા, કલોસ્સીઓ

## સત્યો:

નવા કરારના સમયોમાં, કલોસ્સા એ રોમન પ્રાંતમાંના ફ્રૂગિયામાં આવેલું હતું, હાલમાં આ વિસ્તાર તુર્કસ્તાનની નૈઋત્યમાં (દક્ષિણપશ્ચિમ) આવેલું છે.

કલોસ્સી લોકો કે જેઓ કલોસ્સામાં રહેતા હતાં.

- ભૂમધ્ય સમુદ્રથી લગભગ 100 માઈલ આંતરદેશીય સ્થિત, કલોસ્સા એ એફેસસ શહેર અને યુફ્રેતીસ નદીની વચ્ચે મહત્વનો વેપાર માર્ગ હતો.
- જયારે પાઉલ રોમમાં કેદ હતો, ત્યારે તેણે કલોસ્સાના વિશ્વાસીઓમાં રહેલા જુઠા શિક્ષણને સુધારવા "કલોસ્સીઓને" પત્ર લખ્યો.
- જયારે તેણે આ પત્ર લખ્યો, તે સમયમાં પાઉલે કલોસ્સાની મંડળીની મુલાકાત લીધી નહોતી, પણ તેનો સાથીદાર એપાફ્રાસ પાસેથી તેણે ત્યાંના વિશ્વાસીઓ વિશે સાભળ્યું હતું.
- એપાફ્રાસ કદાચ ખ્રિસ્તી કાર્યકર હતો કે, જેણે કલોસ્સામાં મંડળી ચાલુ કરી હતી.
- ફિલેમોનનું પુસ્તક જે પાઉલે કલોસ્સાના દાસના માલિકને સંબોધીને લખ્યું હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: એફેસસ, પાઉલ)

## બાઈબલની કલમો:

- કલોસ્સીઓ 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: G2857, G2858

# કાઈન

## સત્યો:

બાઈબલમાં કાઈન અને તેનો ભાઈ હાબેલને આદમ અને હવાના પ્રથમ દીકરાઓ તરીકે ઉલ્લેખવામાં છે.

- કાઈન ખેડૂત હતો, જે અનાજનો પાકની પેદાશ કરતો હતો, જયારે હાબેલ ઘેટાનો ગોવાળ હતો.
- કાઈને તેના ભાઈ હાબેલને અદેખાઈના ક્રોધમાં મારી નાંખ્યો, કારણકે દેવે હાબેલના બલિદાનને સ્વીકાર્યું, પણ કાઈનના બલિદાનને સ્વીકાર્યુ નહોતું.
- દેવે તેને સજા તરીકે એદનથી દૂર મોકલી દીધો, અને તેને કહ્યું કે જમીન તેના માટે પાકની ઉપજ આપશે નહીં.
- દેવે કાઈનના કપાળ ઉપર નિશાન તરીકે ચિહ્ન મૂક્યું કે જયારે તે ભટકતો હોય ત્યારે લોકોને તેને મારી ન નાખે પણ તેનો તેથી બચાવ થાય.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આદમ, બલિદાન)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 3:11-12
- ઉત્પત્તિ 4:1-2
- ઉત્પત્તિ 4:8-9
- ઉત્પત્તિ 4:13-15
- હિબ્રૂ 11:4
- યહૂદા 1:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H7014, G2535

# કાદેશ, કાદેશ-બાર્નેઆ, મરીબાથ કાદેશ

## તથ્યો:

સર્વ નામો કાદેશ, કાદેશ-બાર્નેઆ, મરીબાથ કાદેશ ઈઝરાયેલના ઇતિહાસના મહત્વના શહેર જે અદોમના પ્રદેશ નજીક ઈઝરાયેલના દક્ષિણ ભાગ પર સ્થિત હતું તેનો ઉલ્લેખ કરે છે.

- કાદેશ શહેર એ રણદ્વીપ હતું, એવું સ્થળ જ્યાં ઝીન નામના રણની વચ્ચે પાણી અને ફળદ્રુપ જમીન હતા.
- મુસાએ કાદેશ બાર્નેઆથી બાર જાસૂસોને કનાનમાં મોકલ્યા.
- અરણ્યમાં ભટકવા દરમિયાન ઈઝરાયેલે કાદેશ ખાતે પણ છાવણી કરી હતી.
- કાદેશ બાર્નેઆ એ જગા હતી જ્યાં મરિયમ મરી ગઈ હતી.
- તે તો મરીબાથ કાદેશ હતું જ્યાં મુસા ઈશ્વરને અનાધિન થયો અને જેમ ઈશ્વરે તેને કહ્યું હતું તેને હુકમ કરવાને બદલે ઈઝરાયેલીઓ માટે પાણી મેળવવા ખડક પર માર્યું.
- કાદેશ શબ્દ હિબ્રૂ શબ્દમાં જેનો અર્થ "પવિત્ર" અથવા "અલગ કરાયેલ" થાય છે તે પરથી ઉતરી આવ્યો છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: રણ, અદોમ, પવિત્ર)

## બાઇબલના સંદર્ભો:

- હઝકિયેલ 48:27-29
- ઉત્પત્તિ 14:7-9
- ઉત્પત્તિ 16:13-14
- ઉત્પત્તિ 20:1-3
- યહોશુઆ 10:40-41
- ગણના 20:1

## શબ્દ માહિતી:

- Strong's: H4809, H6946, H6947

# કાના

## વ્યાખ્યા:

કાના એ ગાલીલ પ્રાંતમાં, નાઝરેથની ઉત્તરે લગભગ નવ ગાઉ આવેલું ગામ અથવા નગર હતું.

- કાના એ બારમાંના એક, નથાનિએલનું વતન હતું
- ઈસુ એ કાનામાં લગ્ન જમણમાં હાજરી આપી, અને તેણે પાણીને દ્રાક્ષારસમાં ફેરવીને ત્યાં તેનો પહેલો ચમત્કાર કર્યો હતો.
- થોડા વખત પછી, ઈસુ કાના પાછો આવ્યો અને કફર-નહૂમમાં તે એક અધિકારીને મળ્યો કે જેણે તેના દીકરાને સાજો કરવા માટે ઈસુને વિનંતી કરી

(આ પણ જુઓ: કફર-નહૂમ, ગાલીલ, બાર)

## બાઈબલની કલમો:

- યોહાન 2:1-2
- યોહાન 4:46-47

## શબ્દ માહિતી:

- Strong's: G2580

# કાયાફા

## સત્યો:

યોહાન બપ્તિસ્મી અને ઈસુના સમય દરમ્યાન કાયાફા ઈઝરાએલનો પ્રમુખ યાજક હતો. ઈસુની કસોટી અને દંડાજ્ઞા ફરવામાં કાયાફા એ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

- જયારે પિતર અને યોહાને લંગડા માણસને સાજા કર્યા પછી તેઓની ધરપકડ કરવામાં આવી અને તેમની કસોટી સમયે પ્રમુખ યાજકો અન્નાસ અને કાયાફા ત્યાં હતા.
- કાયાફા એક હતો કે, જેણે કહ્યું એ સારું હતું કે એક માણસનું મૃત્યુ થાય જેથી પુરા દેશનો નાશ ન થાય.

દેવે તેને ભવિષ્યવાણી તરીકે લઈને, ઈસુ વિશે કેવી રીતે મરીને તેના લોકોને બચાવશે તે કહેવાનું કારણ આપ્યું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અન્નાસ, પ્રમુખ યાજક)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 4:5-7
- યોહાન 18:12-14
- લૂક 3:1-2
- માથ્થી 26:3-5
- માથ્થી 26:57-58

## શબ્દ માહિતી:

- Strong's: G2533

# કાર્મેલ, કાર્મેલ પહાડ

## સત્યો:

“કાર્મેલ પહાડ” પર્વતની હારને દર્શાવે છે કે, જે ભૂમધ્ય સમુદ્રનો કિનારા સાથે ઉત્તર શારોનના મેદાનોમાં આવેલો છે. તેની સૌથી ઉંચી ટોચ 546 મીટર ઉંચી છે.

- યહૂદાના ખારા સમુદ્રની દક્ષિણે કાર્મેલ નગર આવેલું હતું.
- શ્રીમંત જમીનદાર નાબાલ અને તેની પત્ની અબીગાઈલ કાર્મેલ નગરની નજીક રહેતા હતાં, જ્યાં દાઉદ અને તેના માણસોએ નાબલના ઘેટાં કાતરનારાઓને રક્ષણ કરીને મદદ આપી.
- કાર્મેલ પહાડ ઉપર, એલિયાહે બઆલના પ્રબોધકોઓની સાથે સ્પર્ધા રાખીને ફક્ત યહોવા એજ સાચો દેવ છે તે સાબિત કરવા પડકાર આપ્યો હતો.
- તે સ્પષ્ટ કરવું કે આ એક પર્વત નહોતો, “કાર્મેલ પહાડ” નું ભાષાંતર, “કાર્મેલ પર્વતની હારમાળાઓને પર્વત” અથવા “કાર્મેલ પર્વતની હારમાળા” તરીકે કરી શકાય છે.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બઆલ, એલિયાહ, યહુદા, ખારો સમુદ્ર)

## બાઈબલની કલમો:

- 1 રાજા 18:18-19
- 1શમુએલ 15:12-13
- યર્મિયા 46:18-19
- મીખાહ 7:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H3760, H3761, H3762

# કાલેબ

## સત્યો:

કાલેબ બાર ઈઝરાએલી જાસૂસોમાંનો એક હતો, જેને મૂસાએ કનાનની ભૂમિની તપાસ કરવા મોકલવામાં આવ્યો હતો.

- તેણે અને યહોશુઆએ લોકોને દેવની મદદ પર ભરોસો રાખી કનાનીઓનો પરાજય કરવા કહ્યું.
- યહોશુઆ અને કાલેબ તેઓની પેઢીમાં ફક્ત એવા પુરુષો હતા કે જેઓને કનાનની વચનની ભૂમિમાં પ્રવેશ કરવા પરવાનગી મળી.
- કાલેબે વિનંતી કરી કે હેબ્રોનની જમીન તેને અને તેના કુટુંબને આપવામાં આવે.

તેને ખબર હતી કે જે લોકો ત્યાં રહે છે તેઓનો પરાજય કરવા ઈશ્વર તેને મદદ કરશે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: હેબ્રોન, યહોશુઆ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 4:13-16
- યહોશુઆ 14:6-7
- ન્યાયાધીશો 1:11-13
- ગણના 32:10-12

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **14:4** જયારે ઈઝરાએલીઓ કનાનને છેડે પહોંચ્યા ત્યારે મૂસાએ ઈઝરાએલના દરેક કુળમાંથી એક એક એમ બાર પુરુષો પસંદ કર્યા.

તેણે તે માણસોને સૂચના આપી કે જાઓ અને જઈને જાસુસી કરો કે તે કેવી જમીન છે.

- **14:6**તરત જ **કાલેબ** અને યહોશુઆએ, જે બાકીના બે જાસુસ હતા તેમને કહ્યુ કે, "તે સાચું છે કે કનાનના લોકો કદાવર અને મજબૂત છે પણ આપણે તેઓને ખરેખર હરાવી દઈશું!"

દેવ આપણા માટે લડશે!"

- **14:8** " યહોશુઆ અને **કાલેબ** વગર, જેઓ વીસ વર્ષથી વધારે ઉંમરવાળા હતા, તેઓ વચનના દેશમાં પ્રવેશ કરી શક્યા નહીં"

જેથી તેઓ તે જગ્યામાં શાંતિથી રહી શક્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H3612, H3614

# કાસ્દી,ખાલદીઆ, ખાલ્દીઓ (કાસ્દીઓ)

## સત્યો:

ખાલદીઆ એ મેસોપોટેમીયા અથવા બાબિલોનના પ્રાંતનો દક્ષિણ ભાગ હતો. જે લોકો આ પ્રાંતમાં રહેતા હતા, તેઓ ખાલ્દીઓ કહેવાતા હતા.

- ઈબ્રાહીમ જે જગ્યાનો હતો, તે ઉર શહેર, ખાલ્દીઆમાં આવેલું હતું.

જેને મોટેભાગે "ખાલ્દીઓના ઉર" તરીકે દર્શાવવામાં આવ્યું છે.

- નબૂખાદનેસ્સાર રાજા તે ઘણા ખાલ્દીઓમાંનો એક હતો કે જે બાબિલોનિઆ ઉપર રાજા બન્યો હતો.
- ઘણાં વર્ષો પછી, ઈ.પૂ. 600 દરમ્યાન, "ખાલ્દી" શબ્દનો અર્થ, "બાબિલોનિઆ" બહાર આવ્યો.
- દાનિયેલના પુસ્તકમાં, "ખાલ્દી" શબ્દ વિશેષ વર્ગના માણસો કે જેઓ સુશિક્ષિત અને તારાઓનો અભ્યાસ કરેલો તેઓ માટે પણ દર્શાવ્યો છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ : ઇબ્રાહિમ, બાબિલોન, શિનઆર, ઉર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:4-5
- હઝકિયેલ 1:1-3
- ઉત્પત્તિ 11:27-28
- ઉત્પત્તિ 11:31-32
- ઉત્પત્તિ 15:6-8
- યશાયા 13:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H3679, H3778, H3779, G5466

# કિદ્રોન નાળુ

## તથ્યો:

કિદ્રોન નાળુએ યરૂશાલેમ શહેરની બહાર તેની પૂર્વ દીવાલ અને જૈતુન પર્વત વચ્ચેનું ઊંડું નાળુ છે.

- નાળુ 1000 મીટર ઊંડું અને 32 કિલોમીટર લાંબુ છે.
- જ્યારે દાઉદ રાજા તેના દીકરા આબ્શાલોમથી નાસતો હતો ત્યારે, તે કિદ્રોન નાળાને પસાર કરી જૈતુન પર્વત પર ગયો હતો.
- યહુદાહના યોશિયા રાજા અને આસા રાજાએ હુકમ કર્યો કે જુઠ્ઠા દેવોના ઉચ્ચ સ્થાનો અને વેદીઓને તોડીને બાળી નાંખવી; રાખને કિદ્રોન નાળામાં ફેંકી દેવાની હતી.
- હિઝકિયા રાજાના શાસન દરમિયાન, કિદ્રોન નાળુ એ જગા હતી જ્યાં યાજકો સઘળું અશુદ્ધ જે મંદિરમાથી કાઢી નાંખવામાં આવતું તે ફેંકતા હતા.
- દુષ્ટ રાણી અથાલ્યાએ જે દુષ્ટ કૃત્યો કર્યા હતા તેને કારણે અહીં તેણીની હત્યા કરવામાં આવી હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: આબ્શાલોમ, આસા, અથાલ્યા, દાઉદ, જુઠ્ઠા દેવ, હિઝકિયા, ઉચ્ચ સ્થાનો, યોશિયા, યહુદાહ, જૈતુનનો પર્વત)

## બાઈબલના સંદર્ભો:

- યોહાન 18:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H5674, H6939, G2748, G5493

# કિલીકિયા

## સત્યો:

કિલીકિયા દક્ષિણ-પૂર્વીય ભાગમાં આવેલો રોમનો નાનો પ્રદેશ હતો, જ્યાં હાલમાં આધુનિક સમયનું તુર્કસ્તાન આવેલું છે. તે એગીયન સમુદ્રની સરહદ પાસે આવેલ છે.

- પાઉલ પ્રેરિત કિલીકિયામાં આવેલા તાર્સસ શહેરનો નાગરિક હતો.
- પાઉલને દમસ્કના માર્ગ ઉપર ઈસુ સાથે સામના થયો, ત્યારબાદ કેટલાક વર્ષો તેણે કિલીકિયામાં વિતાવ્યા.
- કિલીકિયામાંથી આવેલા કેટલાક યહૂદીઓ ત્યાં હતા કે જેઓએ સ્તેફનનો સામનો કર્યો અને તેને પત્થરથી મારી નાખવા માટે લોકોને પ્રભાવિત કર્યા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પાઉલ, સ્તેફન, તાર્સસ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 6:8-9
- પ્રેરિતો 15:39-41
- પ્રેરિતો 27:3-6
- ગલાતી 1:21-24

## શબ્દ માહિતી:

- Strong's: G2791

# કુરેની

## સત્યો:

કુરેની ગ્રીક શહેર હતું, જે આફ્રિકાના ઉત્તર કિનારા ઉપર ભૂમધ્ય સમુદ્ર પર, જે ક્રિત ટાપુથી સીધું દક્ષિણ તરફ આવેલું હતું.

- નવા કરારમાં, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ બન્ને કુરેનીમાં રહેતા હતાં.
- ઘણું કરીને, કુરેની બાઈબલમાં સિમોન નામના માણસના વતન તરીકે તે સૌથી વધુ જાણીતું છે કે જેણે ઇસુનો વધસ્તંભ ઉંચક્યો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ક્રિત)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 11:19-21
- માથ્થી 27:32-34

## શબ્દ માહિતી:

- Strong's: G2956, G2957

# કૂશ

## સત્યો:

કૂશ એ નૂહના દીકરા હામનો સૌથી મોટો દીકરો હતો. તે નિમ્રોદનો પણ પૂર્વજ હતો. તેના બે ભાઈઓના નામ મિસર અને કનાન હતા.

- જૂના કરારના સમયોમાં, "કૂશ" એ દક્ષિણ ઈઝરાએલમાં આવેલા એક મોટા ભાગનું નામ હતું.

તે સંભવિત છે કે જગ્યાનું નામ હામના દીકરા કૂશ પરથી અપાયું હશે.

- પ્રાચીન સમયના કૂશનો ભાગ, કદાચ આધુનિક સમયના વિવિધ ભાગોના દેશો જેવા સુદાન, મિસર, ઇથોપિયા, અને કદાચ, સાઉદી અરેબિયાનો સમાવેશ કરે છે.
- ગીતશાસ્ત્રમાં બીજા એક કૂશ નામના માણસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તે બિન્યામીન કુળનો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અરબસ્થાન, કનાન, મિસર, ઇથોપિયા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:8-10
- હઝકિયેલ 29:8-10
- ઉત્પત્તિ 2:13-14
- ઉત્પત્તિ 10:6-7
- યર્મિયા 13:22-24

## શબ્દ માહિતી:

- Strong's: H3568, H3569, H3570

# કેદાર

## તથ્યો:

કેદાર ઇશ્માએલનો બીજો દીકરો હતો. તે એક મહત્વનુ પણ શહેર હતું, જેનું નામ કદાચ માણસના નામ પરથી પાડવામાં આવ્યું હતું.

- પેલેસ્ટાઇનની દક્ષિણ સરહદ નજીક અરેબિયાના ઉત્તર ભાગમાં કેદાર શહેર સ્થિત હતું.

બાઇબલના સમયમાં, તે તેની મહાનતા અને સુંદરતા માટે ઓળખાતું હતું.

- કેદારના વંશજોએ મોટું લોક જુથ બનાવ્યું જેને પણ ""કેદાર" તરીકે ઓળખવામાં આવતું હતું.
- "શ્યામ કેદારના તંબુઓ"""'' શબ્દસમૂહ શ્યામ બકરાના વાળના તંબુઓ જેમાં કેદારના લોકો રહેતા હતા તેનો ઉલ્લેખ કરે છે.
- આ લોકો ઘેટાં અને બકરાઓ ઉછેરતા હતા.

તેઓ ઊંટોનો પણ મુસાફરી માટે ઉપયોગ કરતાં હતા.

- બાઈબલમાં, "કેદારનો મહિમા" શબ્દસમૂહ તે શહેર અને તેના લોકોની મહાનતાનો ઉલ્લેખ કરે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: અરેબિયા, ઘેટું, ઇશ્માએલ, બલિદાન)

## બાઈબલના સંદર્ભો:

- ગીતોનું ગીત 1:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H6938

# કેદેશ

## તથ્યો:

કેદેશ કનાનીઓનું શહેર હતું જે ઈઝરાયેલીઓ દ્વારા જ્યારે તેઓ કનાનમાં પ્રવેશ્યા ત્યારે લઈ લેવામાં આવ્યું હતું.

- આ શહેર ઈઝરાયેલના ઉત્તરના ભાગમાં સ્થિત હતું, જે ભૂમિ કે વિસ્તાર નફતાલીના કુળને આપવામાં આવ્યો હતો તે.
- જ્યાં લેવી યાજકો રહી શકે એવા પસંદ કરાયેલા શહેરોમાનું એક શહેર કેદેશ હતું, કેમ કે તેમની પોતાની કોઈ ભૂમિ કે વિસ્તાર ન હતો.
- તેને “”આશ્રયના શહેર” તરીકે પણ અલગ કરવામાં આવ્યું હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: કનાન, હેબ્રોન, લેવી, નફતાલી, યાજક, આશ્રય, શખેમ, ઈઝરાયેલના બાર કુળ)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 6:71-73
- યહોશુઆ 19:35-37
- ન્યાયાધીશો 4:10

## શબ્દ માહિતી:

# કૈસર

## સત્યો:

“કૈસર” શબ્દ, નામ અથવા શીર્ષક તરીકે રોમન સામ્રાજ્યના ઘણા શાસકો દ્વારા વાપરવામાં આવતો હતો. બાઈબલમાં આ નામ ત્રણ અલગ અલગ રોમન શાસકોને દર્શાવે છે.

- પહેલો રોમન કૈસર નામનો શાસક “કૈસર ઓગસ્તસ” હતો, કે જે ઇસુનો જન્મ થયો હતો તે સમય દરમ્યાન શાસન કરતો હતો.
- લગભગ ત્રીસ વર્ષો પછી, તે સમયે કે જયારે યોહાન બાપ્તિસ્ત પ્રચાર કરતો હતો, તે સમયે તિબેરીઅસ કૈસર રોમન સામ્રાજ્યનો શાસક હતો.

જયારે ઈસુએ લોકોને કહ્યું કે, જે કૈસરનું છે તે તેને આપવું ઉચિત છે અને જે દેવનું છે તે દેવને આપવું ઉચિત છે, આ સમય દરમ્યાન તિબેરીઅસ કૈસર હજુ રોમમાં શાસન કરી રહ્યો હતો.

- જયારે પાઉલે કૈસરને અરજ કરી, જે રોમન સમ્રાટ, નીરોને દર્શાવે છે, કે જેનું શીર્ષક પણ “કૈસર” હતું.

જયારે “કૈસરનું” શીર્ષક તેના પોતાના માટે વાપરવામાં આવ્યું છે, જેનું ભાષાંતર, “સમ્રાટ” તરીકે અથવા “રોમન શાસક” પણ કરી શકાય છે.

- નામોમાં જેવા કે કૈસર ઓગસ્તસ અથવા તિબેરીઅસ કૈસર, “કૈસર” નો ઉચ્ચાર રાષ્ટ્રીય ભાષાના ઉચ્ચાર સાથે બંધ બેસતો હોવો જોઈએ.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: રાજા, પાઉલ, રોમ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 25:6-8
- લૂક 2:1-3
- લૂક 20 :23-24
- લૂક 23:1-2
- માર્ક 12:13-15
- માથ્થી 22:15-17
- ફિલિપ્પી 4:21-23

## શબ્દ માહિતી:

- Strong's: G2541

# કૈસરિયા, કૈસરિયા ફિલિપ્પી

## સત્યો:

કૈસરિયા ભૂમધ્ય સમુદ્રના કિનારા પર લગભગ 39 કિલોમીટર કાર્મેલ પર્વતની દક્ષિણે આવેલું મહત્વનું શહેર હતું કૈસરિયા ફિલિપ્પી ઈઝરાએલના ઉત્તર પૂર્વ ભાગમાં, હેર્મોન પર્વતની નજીક આવેલું શહેર હતું.

- કૈસર કે જે રોમન સામ્રાજ્ય પર શાસન કરતો હતો તેના નામ પરથી આ શહેરોના નામો અપાયા હતા.
- ઈસુના જન્મ સમયની આસપાસ, દરિયાઈ કૈસરિયા યહૂદિયાના રોમન પ્રાંતની રાજધાની શહેર બન્યું.
- પિતર પ્રેરિતે પહેલા કૈસરિયામાં વિદેશીઓને ઉપદેશ કર્યો.
- પાઉલ કૈસરિયાથી તાર્સાસ ગયો અને તેની બે મિશનરી યાત્રા દરમ્યાન આ શહેરમાંથી પણ પસાર થયો.
- ઈસુ અને તેના શિષ્યોએ અરામના કૈસરિયા ફિલિપ્પીના આસપાસના પ્રદેશમાં મુસાફરી કરી.

બન્ને શહેરોના નામ, હેરોદ ફિલિપ નામ પરથી આપવામાં આવ્યા હતા.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કૈસર, વિદેશી, સમુદ્ર, કાર્મેલ, હેર્મોન પર્વત, રોમ, તાર્સાસ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 9:28-30
- પ્રેરિતો 10:1-2
- પ્રેરિતો 25:1-3
- પ્રેરિતો 25:13-16
- માર્ક 8:27-28
- માથ્થી 16:13-16

## શબ્દ માહિતી:

- Strong's: G2542, G5376

# કોરાહ, કોરાહી, કોરાહીઓ

## વ્યાખ્યા:

જૂના કરારમાં કોરાહ નામ ત્રણ પુરુષોનું હતું.

- એસાવના દીકરાઓમાનું એકનું નામ કોરાહ હતું.

તે તેના સમુદાયમાં આગેવાન બન્યો હતો.

- કોરાહ એ લેવીનો પણ વંશજ હતો અને તેથી મુલાકાત મંડપમાં યાજક તરીકે સેવા કરતો હતો.

તેણે મુસા અને હારુનની ઈર્ષા કરી અને તેમની વિરુદ્ધ બંડ પોકારવા માણસોના જૂથને દોર્યું.

- ત્રીજો માણસ કોરાહ નામનો એ યહુદાના વંશજની સૂચિમાં આવે છે.

(આ પણ જુઓ: હારુન, સત્તા, કાલેબ, વંશજ, એસાવ, યહુદા, યાજક)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 1:34-37
- ગણના 16:1-3
- ગણના 16:25-27
- ગીતશાસ્ત્ર 42:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H7141

# કોરેશ

## સત્યો:

કોરેશ એ ઈરાની રાજા હતો કે જેણે લગભગ ઈસ પૂર્વે 550 માં, લશ્કરી જીત દ્વારા ઈરાની સામ્રાજ્યની સ્થાપના કરી હતી. ઇતિહાસમાં તે મહાન કોરેશ તરીકે પણ જાણીતો હતો.

- કોરેશ રાજા એ બાબિલોન (બાબિલ) શહેર પર વિજય મેળવ્યો, કે જ્યાં ઈઝરાએલીઓને બંદીવાસમાં રાખવામાં આવ્યા હતા, અને ત્યાંથી તેમને છોડવામાં આવ્યા.
- કોરેશ જે દેશના લોકો જીત્યો હતો તેના પ્રત્યે તેના સહિષ્ણુ વલણ માટે જાણીતો હતો.

તેના યહૂદીઓ પ્રત્યેનો સદ્‍વ્યવહાર કારણે, બંદીવાસના સમય પછી, તેણે યરૂશાલેમના મંદિરને ફરીથી બાંધવા દોરવણી આપી.

- કોરેશ જયારે દાનિયેલ, એઝરા, અને નહેમ્યા જીવતાં હતા, તે સમય દરમ્યાન રાજ્ય કરતો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કરો)

(આ પણજુઓ : દાનિયેલ, દાર્યાવેશ, એઝરા, નહેમ્યા, ઈરાન)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 36:22-23
- દાનિયેલ 1:19-21
- એઝરા 5:12-13
- યશાયા 44:28

## શબ્દ માહિતી:

- Strong's: H3566

# ક્રિત, ક્રિતીઓ

## સત્યો:

“ક્રિત” એક ટાપુ કે જે ગ્રીસના દક્ષિણ દરિયા કિનારે આવેલો છે. “ક્રિતી” એ કોઈક છે કે જે આ ટાપુ ઉપર રહે છે.

- પાઉલ પ્રેરિતે તેની મિશનરી મુસાફરીઓ દરમ્યાન આ ટાપુનો પ્રવાસ કર્યો હતો.
- પાઉલે તેના સહ-કાર્યકર તિતસને ક્રિતમાં ખ્રિસ્તીઓને શીખવવા અને ત્યાંની મંડળી માટે આગેવાનોની નિમણૂક કરવા મૂક્યો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 2:8-11
- પ્રેરિતો 27:7-8
- આમોસ 9:7-8
- તિતસ 1:12-13

## શબ્દ માહિતી:

- Strong's: G2912, G2914

# ખારો સમુદ્ર, મૃત સમુદ્ર

## તથ્યો:

ખારો સમુદ્ર (મૃત સમુદ્ર તરીકે પણ ઓળખાય છે) દક્ષિણ ઇઝરાયેલના પશ્ચિમથી અને તેની પૂર્વ તરફ મોઆબ વચ્ચે સ્થિત છે.

- યર્દન નદી દક્ષીણે ખારા સમુદ્રમાં વહે છે.
- તે મોટાભાગના સમુદ્ર કરતા નાનો છે તેને કારણે, તેને "ખારું તળાવ" કહેવાય છે.
- આ સમુદ્રમાં વિપુલ પ્રમાણમાં ખનીજ (અથવા ક્ષાર) રહેલાં છે જેથી આ પાણીમાં કોઈ જીવી શકતું નથી.

તેમાં છોડ અને પ્રાણીઓનો અભાવ એ "મૃત સમુદ્ર" નામનું કારણ છે.

- જુના કરારમાં, અરાબાહ અને નેગેવ વિસ્તારોની નજીક તેની જગ્યાને કારણે આ સમુદ્ર "અરાબાહનો સમુદ્ર" અને "નેગેવનો સમુદ્ર" તરીકે પણ ઓળખાતો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: આમ્મોન, અરાબાહ, , યર્દન નદી, મોઆબ, નેગેવ)

## બાઈબલના સંદર્ભો:

- 2 કાળુવૃતાંત 20:1-2
- પુનર્નિયમ 3:17
- યહોશુઆ 3:14-16
- ગણના 34:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H3220, H4417

# ગમોરાહ

## સત્યો:

ગમોરાહ શહેર એ સદોમની નજીક ફળદ્રુપ ખીણમાં આવેલું હતું, જ્યાં ઈબ્રાહિમના ભત્રીજા લોતે રહેવાનું પસંદ કર્યું.

- ગમોરાહ અને સદોમનું ચોક્કસ સ્થાન અજ્ઞાત છે, પણ ત્યાં સંકેતો છે કે કદાચ તેઓ સીધા ખારા સમુદ્રની દક્ષિણે, સિદ્દીમની ખીણની નજીકમાં સ્થાયી હતા.
- સદોમ અને ગમોરાહ જ્યાં આવેલા હતા, તે પ્રદેશમાં ઘણા રાજાઓ યુદ્ધમાં સામેલ હતા.
- જયારે લોતનું કુટુંબને સદોમ અને અન્ય શહેરો વચ્ચેના સંઘર્ષમાં કબ્જે કરવામાં આવ્યા હતા, ત્યારે ઈબ્રાહિમ અને તેના માણસોએ તેઓને છોડાવ્યા.
- પછી ટૂંકા સમયમાં જ, ત્યાં રહેતા લોકોની દુષ્ટતાને કારણે, સદોમ અને ગમોરાહ શહેરોનો દેવ દ્વારા નાશ કરાયો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ , બાબિલોન, લોત, ખારો સમુદ્ર, સદોમ)

## બાઈબલની કલમો:

- 2 પિતર 2:4-6
- ઉત્પત્તિ 10:19-20
- ઉત્પત્તિ 14:1-2
- ઉત્પત્તિ 18:20-21
- યશાયા 1:9
- માથ્થી 10:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H6017

# ગલાતિયા, ગલાતીઓ

## સત્યો:

નવા કરારના સમયમાં, ગલાતિયા એ મધ્ય ભાગમાં આવેલો મોટો રોમન પ્રાંત હતો કે જ્યાં હાલનો તુર્કસ્તાન દેશ છે.

- ગલાતિયાનો ભાગ કાળા સમુદ્રની સરહદ પર આવેલો છે કે જે (સમુદ્ર) ઉત્તર દિશામાં હતો.

તે આસિયા, બિથૂનિયા, કપ્પદોકિયા, કિલીકિયા, અને પમ્ફૂલિયાના પ્રાંતોની સરહદોથી પણ ઘેરાયેલો હતો.

- પાઉલ પ્રેરિતે ખ્રિસ્તીઓ કે જેઓ ગલાતિયાના પ્રાંતમાં રહેતા હતા, તેઓને પત્ર લખ્યો.

આ પત્રને નવા કરાર પુસ્તકમાં “ગલાતીઓને” પત્ર કહેવામાં આવે છે.

- પાઉલે ગલાતીઓને તેનો પત્ર લખ્યો, તેનું એક કારણ એ હતું કે તે ફરીથી સુવાર્તા પર ભાર મૂકે છે કે ઉદ્ધાર કરણીઓ દ્વારા નહીં, કૃપાથી પ્રાપ્ત થાય છે.
- ત્યાં યહૂદી ખ્રિસ્તીઓ વિદેશી ખ્રિસ્તીઓને ખોટી રીતે શિક્ષણ આપતા હતા કે વિશ્વાસીઓને અમુક યહૂદી કાયદાઓ પાળવા તે જરૂરી હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આસિયા, માનવું, કિલીકિયા, સુવાર્તા, પાઉલ, કરણીઓ)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 16:1-2
- 1 પિતર 1:1-2
- 2 તિમોથી 4:9-10
- પ્રેરિતો 16:6-8
- ગલાતી 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G1053, G1054

# ગશૂર, ગશૂરીઓ

## વ્યાખ્યા:

દાઉદ રાજાના સમય દરમ્યાન, ગશૂર એ ગાલીલ સમુદ્રની પૂર્વ બાજુ ઉપર ઈઝરાએલ અને અરામના દેશોની વચ્ચે આવેલું નાનું રાજ્ય હતું.

- દાઉદ રાજાએ, ગશૂરના રાજાની દીકરી માઅખાહની સાથે લગ્ન કર્યા, અને તેણીને, આબ્શાલોમ નામનો દીકરો જન્મ્યો.
- તેના સાવકા ભાઈ આમ્નોનનું ખૂન કર્યા પછી, આબ્શાલોમ લગભગ 140 કિલોમીટરના અંતરે, ઉત્તર પૂર્વે યરૂશાલેમથી ગશૂર ભાગી ગયો.

તે ત્યાં ત્રણ વર્ષ રહ્યો.

(આ પણ જુઓ: આબ્શાલોમ, આમ્નોન, અરામ, ગાલીલનો સમુદ્ર)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:23-24
- 2 શમુએલ 3:2-3
- પુનર્નિયમ 3:14
- યહોશુઆ 12:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H1650

# ગાઝા

## સત્યો:

બાઈબલના સમય દરમ્યાન, ગાઝા એ પલિસ્તીઓનું સમૃદ્ધ શહેર જે ભૂમધ્ય સમુદ્રના કિનારા પર, લગભગ 38 કિલોમીટર આશ્દોદની દક્ષિણે આવેલું હતું. તે પલિસ્તીઓના પાંચ મુખ્ય શહેરોમાંનું એક હતું.

- તેના સ્થાનને કારણે, ગાઝા એ મહત્વનું બંદર હતું, જ્યાં ઘણા અન્ય લોકોના જૂથો, અને દેશો વચ્ચે વ્યાપારી પ્રવૃત્તિઓ થતી હતી.
- આજે પણ, ગાઝા પટ્ટીમાં હજુ પણ ગાઝા શહેર એ મહત્વનું બંદર છે, જે જમીનનો પ્રદેશ ભૂમધ્ય સમુદ્રના કિનારા સાથે ઈઝરાએલની ઉત્તર અને પૂર્વ સરહદ ઉપર, અને તેની દક્ષિણમાં મિસર આવેલું છે.
- ગાઝા એ શહેર હતું કે જ્યાં પલિસ્તીઓ સામસૂનને તેને બંદી બનાવ્યા પછી લઈ ગયા હતા.
- જયારે ફિલિપ સુવાર્તિક ગાઝાના રણના માર્ગમાં ચાલ્યો હતો, ત્યારે તે એક હબસી ખોજાને મળ્યો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આશ્દોદ, ફિલિપ, પલિસ્તીઓ, ઈથોપિયા, ગાથ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 4:24-25
- પ્રેરિતો 8:26-28
- ઉત્પત્તિ 10:19-20
- યહોશુઆ 10:40-41
- ન્યાયાધીશો 6:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H5804, H5841, G1048

## ગાથ, ગીત્તી, ગીત્તીઓ,

### સત્યો:

ગાથ એ પલિસ્તીઓના પાંચ મુખ્ય શહેરોમાંનું એક હતું. તે એક્રોનના ઉત્તરે અને આશ્દોદ અને આશ્ક્લોનની પૂર્વે આવેલું હતું.

- પલિસ્તીનો યોદ્ધો ગોલ્યાથ ગાથ શહેરથી હતો.
- શમુએલના સમય દરમ્યાન, પલિસ્તીઓ ઈઝરાએલથી દેવનો કરાર કોશ ચોરી ગયા, અને આશ્દોદના તેઓના મૂર્તિપૂજક મંદિરમાં તે લઈ ગયા.

પછી તે ત્યાંથી ગાથ, અને પછીથી એક્રોનમાં ખસેડવામાં આવ્યો હતો. પણ દેવે તે શહેરોના લોકોને રોગ દ્વારા સજા કરી, જેથી ફરીથી તેઓએ તે ઈઝરાએલમાં પાછો મોકલ્યો.

- જયારે દાઉદ શાઉલ રાજાથી નાશી છૂટ્યો, ત્યારે તે ગાથમાં ભાગી ગયો અને તેની બે પત્નીઓ અને છસો માણસો કે જે તેના વફાદાર સાથીઓ હતા, તેઓ સાથે થોડો સમય ત્યાં રહ્યો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: આશ્દોદ, આશ્કેલોન, એક્રોન, ગાઝા, ગોલ્યાથ, પલિસ્તીઓ)

### બાઈબલની કલમો:

- 1 રાજા 2:39-40
- 1 શમુએલ 5:8-9
- 2 કાળવૃતાંત 26:6-8
- યહોશુઆ 11:21-22

### શબ્દ માહિતી:

- Strong's: H1661, H1663

# ગાદ

## સત્યો:

ગાદ એ યાકૂબના દીકરાઓમાંનો એક હતો. યાકૂબનું નામ ઈઝરાયેલ પણ હતું.

- ગાદનું કુટુંબ એ ઈઝરાએલના બાર કુળોમાનું એક બન્યું.
- બાઈબલમાં બીજા એક માણસનું નામ ગાદ પ્રબોધક હતું કે જેણે દાઉદ રાજાને ઈઝરાએલી લોકોના વસ્તી ગણતરી કરવાના તેના પાપ માટે સામનો કર્યો.
- મૂળ લખાણમાં બઆલગાદ અને મિગ્દાલગાદ શહેરોના નામ બે શબ્દોમાં લખવામાં આવ્યા છે, અને અમુકવાર તેઓને "બઆલ ગાદ" અને "મિગ્દાલ ગાદ" તરીકે લખેલા છે.

(ભાષાંતરના સૂચનો:નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: વસ્તી ગણતરી, પ્રબોધક, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 5:18-19
- નિર્ગમન 1:1-5
- ઉત્પત્તિ 30:9-11
- યહોશુઆ 1:12-13
- યહોશુઆ 21:36-38

## શબ્દ માહિતી:

- Strong's: H1410, H1425, G1045

# ગાબ્રિયેલ

## સત્યો:

ગાબ્રિયેલ એ દેવના દૂતોમાંના એકનું નામ છે. જૂના અને નવા કરાર બન્નેમાં, અનેક વખત તેના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

- દેવે ગાબ્રિયેલને દાનિયેલ પ્રબોધક પાસે તેણે જે દર્શન જોયું હતું, તેનો અર્થ કહેવા મોકલ્યો.
- અન્ય સમયે, જયારે દાનિયેલ પ્રાર્થના કરતો હતો, ત્યારે ગાબ્રિયેલ દૂત ઉડીને તેની પાસે આવ્યો, અને ભવિષ્યમાં શું થવાનું છે તે વિશે ભવિષ્યવાણી કરી.

દાનિયેલે તેનું વર્ણન "માણસ" તરીકે કર્યું.

- નવા કરારમાં તે નોંધ કરવામાં આવી છે કે ગાબ્રિયેલ ઝખાર્યા પાસે ભવિષ્યવાણી કરવા આવ્યો કે તેની વૃદ્ધ પત્ની એલિસાબેતને યોહાન નામનો દીકરો થશે.
- તેના છ મહિના પછી, ગાબ્રિયેલને મરિયમની પાસે એ કહેવા મોકલવામાં આવ્યો હતો કે દેવ તેને ચમત્કારિક બાળકનો ગર્ભ ધરવા સક્ષમ કરશે કે જે "દેવનો દીકરો" કહેવાશે.

ગાબ્રિયેલે મરિયમને તેના દીકરાનું નામ ઈસુ રાખવા કહ્યું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: દૂત, દાનિયેલ, એલિસાબેત, યોહાન (બાપ્તિસ્ત), મરિયમ, પ્રબોધક, દેવનો દીકરો, [ઝખાર્યા])

## બાઈબલની કલમો:

- દાનિયેલ 8:15-17
- દાનિયેલ 9:20-21
- લૂક 1:18-20
- લૂક 1:26-29

## શબ્દ માહિતી:

- Strong's: H1403, G1043

# ગાલીલ, ગાલીલી, ગાલીલીઓ,

## સત્યો:

ગાલીલ એ સમરૂનની પાસે ઉત્તરમાં આવેલો, ઈઝરાએલનો સૌથી ઉત્તરનો પ્રદેશ હતો. "ગાલીલી" એ વ્યક્તિ હતો કે જે ગાલીલમાં રહેતો હતો અથવા જે ગાલીલમાં સ્થાયી થયેલો હતો.

- નવા કરારના સમય દરમ્યાન, ગાલીલ, સમરૂન, અને યહૂદિયા ઈઝરાએલના મુખ્ય ત્રણ પ્રાંતો હતા.
- ગાલીલ એ પૂર્વથી મોટું સરોવર જે "ગાલીલનો સમુદ્ર" કહેવાય છે તેની સરહદ પર આવેલું છે.
- ઈસુ ગાલીલના નાઝરેથ શહેરમાં મોટો થયો અને રહ્યો.
- ઈસુના મોટાભાગના ચમત્કારો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓએ ગાલીલના પ્રદેશમાં સ્થાન લીધું હતું.

(આ પણ જુઓ: નાઝરેથ, સમરૂન, ગાલીલનો સમુદ્ર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 9:31-32
- પ્રેરિતો 13:30-31
- યોહાન 2:1-2
- યોહાન 4:1-3
- લૂક 13:1-3
- માર્ક 3:7-8
- માથ્થી 2:22-23
- માથ્થી 3:13-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **21:10**યશાયા પ્રબોધકે જણાવ્યું કે મસીહા ગાલીલમાં રહેશે, અને હ્રદયભંગિત લોકોને આશ્વાસન આપશે, અને બંદીઓને સ્વતંત્રતા જાહેર કરશે અને કેદીઓને મુક્ત કરશે.
- **26:1**શેતાનના પરીક્ષણોથી જીત પ્રાપ્ત કર્યા પછી, ઈસુ પવિત્ર આત્માના સામર્થ્યમાં _ગાલીલ _ના પ્રદેશમાં જ્યાં તે રહેતો હતો, ત્યાં પાછો આવ્યો.
- **39:6**છેવટે, લોકોએ કહ્યું ,કે અમે જાણીએ છીએ કે તું ઈસુ સાથે હતો, કારણકે તમે બંને ગાલીલથી છો.
- **41:6**પછી દૂતે સ્ત્રીને કહ્યું, "જા અને શિષ્યોને કહે, 'ઈસુ મૃત્યુમાંથી ઉઠ્યો છે અને તે તમારી અગાઉ ગાલીલ જશે.'"

## શબ્દ માહિતી:

- Strong's: H1551, G1056, G1057

# ગાલીલનો સમુદ્ર, કીન્નેરેથનો સમુદ્ર, ગન્નેસરેતનો સરોવર, તિબેરિયસનો સમુદ્ર

## તથ્યો:

"ગાલીલનો સમુદ્ર" પૂર્વ ઈઝરાયેલમાં એક તળાવ છે. જુના કરારમાં, તેને "કીન્નેરેથનો સમુદ્ર" તરીકે ઓળખવામાં આવતો હતો.

- આ તળાવનું પાણી દક્ષિણમાં યર્દન નદી દ્વારા ખારા સમુદ્ર સુધી વહે છે.
- નવા કરારના સમય દરમિયાન કફર-નહૂમ, બૈથસૈદા, ગન્નેસરેત અને તિબેરિયસ નગરો ગાલીલના સમુદ્ર કાઠે સ્થાપિત હતાં.
- ઈસુના જીવનના ઘણાં પ્રસંગો ગાલીલના સમુદ્ર પર અથવા તેની પાસે બન્યા હતાં.
- ગાલીલના સમુદ્રને "તિબેરિયસનો સમુદ્ર" અને "ગન્નેસરેતના સરોવર" તરીકે પણ ઉલ્લેખવામાં આવતો હતો.
- આ શબ્દનો અનુવાદ "ગાલીલના પ્રદેશમાનું તળાવ" અથવા "ગાલીલનું તળાવ" અથવા "તિબેરિયસની નજીકનું તળાવ (ગન્નેસરેત)" એમ પણ કરી શકાય.

(અનુવાદ માટેના સૂચનો: નામોની અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: કફર-નહૂમ, ગાલીલ, યર્દન નદી, ખારો સમુદ્ર)

## બાઈબલના સંદર્ભો:

- યોહાન 6:1-3
- લૂક 5:1-3
- માર્ક 1:16-18
- માથ્થી 4:12-13
- માથ્થી 4:18-20
- માથ્થી 8:18-20
- માથ્થી 13:1-2
- માથ્થી 15:29-31

## શબ્દ માહિતી:

- Strong's: H3220, H3672, G1056, G1082, G2281, G3041, G5085

# ગિદિયોન

## સત્યો:

ગિદિયોન એ એક ઈઝરાએલી માણસ હતો કે જેને દેવે ઈઝરાએલીઓને તેઓના શત્રુઓથી છોડાવવા ઊભો કર્યો.

- ગિદિયોન જીવતો હતો તે સમય દરમ્યાન, જે મિદ્યાની લોકોનું જૂથ કહેવાતું હતું તેઓ વારંવાર ઈઝરાએલીઓ પર હુમલો કરતા, અને તેઓના પાકોનો નાશ કરતા હતા.
- ગિદિયોન ભયભીત હતો, છતાંપણ દેવે તેને મિદ્યાનીઓની વિરુદ્ધ લડવા અને તેઓને હરાવવા અને ઈઝરાએલીઓને દોરવણી આપવા તેનો ઉપયોગ કર્યો.
- ગિદિયોને દેવની આજ્ઞા માનીને જૂઠા દેવો બઆલ અને અશેરાહની મૂર્તિઓને તોડી નાંખી.
- તેણે લોકોને તેઓના શત્રુને હરાવવા માટે આગેવાની આપી એટલુંજ નહિ, પણ તેણે યહોવા એક જ સાચો દેવ છે તેની આજ્ઞા પાળવા અને તેની આરાધના કરવા પણ તેણે તેઓને પ્રોત્સાહિત કર્યા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બઆલ, અશેરાહ, છોડાવવું, મિદ્યાન, યહોવા)

## બાઈબલની કલમો:

- હિબ્રૂ 11:32-34
- ન્યાયાધીશો 6:11-12
- ન્યાયાધીશો 6:22-24
- ન્યાયાધીશો 8:15-17

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **16:5**યહોવાના દૂતે ગિદિયોન પાસે આવીને કહ્યું કે, “પરાક્રમી શૂરવીર, યહોવા તારી સાથે છે.

જા અને ઈઝરાએલીઓને મિદ્યાનીઓથી બચાવ”.

- **16:6** ગિદિયોનના પિતા પાસે એક યજ્ઞવેદી હતી જે મૂર્તિને સમર્પિત કરેલી હતી.

દેવે _ગિદિયોન ને કહ્યું તે વેદીને તોડી પાડ.

- **16:8**ત્યાં ઘણા બધા (મિદ્યાનીઓ) હતા કે તેઓને ગણી શકાય તેમ નહોતા. ગિદિયોને ઈઝરાએલીઓને એક થઇ લડવા માટે બોલાવ્યા.
- **16:8** ગિદિયોને ઈઝરાએલીઓને એક થઇ લડવા માટે બોલાવ્યા. ગિદિયોને દેવની પાસે બે ચિન્હો માગ્યા, જેથી તે ખાતરી કરી શકે કે દેવ ઈઝરાએલને બચાવવા તેનો ઉપયોગ કરશે.
- **16:10**32,000 ઈઝરાએલી સૈનિકો ગિદિયોન પાસે આવ્યા, પણ દેવે તેને કહ્યું આ ઘણા વધારે છે.
- **16:12**પછી ગિદિયોન તેના સૈનિકો પાસે પાછો ગયો અને તેઓ દરેકને રણશિંગડાં, ખાલી ઘડા, અને દીવા આપ્યા.
- **16:15**લોકો ગિદિયોનને તેઓનો રાજા બનાવવા માંગતા હતા.
- **16:16**પછી ગિદિયોને સોનાનો ઉપયોગ કરીને મુખ્ય યાજકો જેવું વિશેષ કપડું પહેરતા હતા તેવું (એફોદ) બનાવ્યું.

પણ લોકોએ જાણે કે તે એક મૂર્તિ હોય તેમ તેની પૂજા કરવાનું ચાલુ કર્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H1439, H1441

# ગિબયાહ

## સત્યો:

ગિબયાહ શહેર એ યરૂશાલેમની ઉત્તરે અને બેથેલની દક્ષિણે આવેલું હતું.

- ગિબયાહ એ બિન્યામીનના કુળનો પ્રદેશ હતો.
- તે બિન્યામીનીઓ અને ઈઝરાએલની વચ્ચેના વિશાળ યુદ્ધનું સ્થળ હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બિન્યામીન, બેથેલ, યરૂશાલેમ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 10:26-27
- 2 શમુએલ 21:5-6
- હોશિયા 9:8-9
- ન્યાયાધીશો 19:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H1387, H1389, H1390, H1394

# ગિબયોન, ગિબયોની, ગિબયોનીઓ

## સત્યો:

ગિબયોન શહેર કે જે લગભગ 13 કિલોમીટર યરૂશાલેમના વાયવ્ય ખૂણામાં આવેલું હતું. ગિબયોનમાં રહેનારા લોકો ગિબયોનીઓ કહેવાતા હતા.

- જયારે ગિબયોનીઓએ સાંભળ્યું કે ઈઝરાએલીઓએ યરીખો અને આય શહેરોને કેવી રીતે નાશ કર્યો હતો, ત્યારે તેઓ ભયભીત થયા હતા.
- જેથી ગિબયોનીઓ ગિલ્ગાલમાં ઈઝરાએલના આગેવાનો પાસે આવ્યા, અને દૂર દેશથી આવ્યા છે તેવો ઢોંગ કર્યો.
- ઈઝરાએલી આગેવાનો છેતરાયા, અને તેઓએ ગિબયોનીઓ સાથે કરાર કર્યો કે તેઓ તેમનો નાશ કરશે નહિ અને તેઓનું રક્ષણ કરશે.

(આ પણ જુઓ: ગિલ્ગાલ, યરીખો, યરૂશાલેમ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 8:29-31
- 1 રાજા 3:4-5
- 2 શમુએલ 2:12-13
- યહોશુઆ 9:3-5

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **15:6**પણ કનાની લોકોના જૂથોમાંનુ એક જે ગિબયોનીઓ હતા, તેઓએ યહોશુઆ આગળ જૂઠું બોલ્યાં કે તેઓ કનાનથી દૂરના સ્થળના હતા.
- **15:7**પછી ક્યારેક, કનાનમાં અન્ય જૂથના રાજાઓ, અમોરીઓએ સાભળ્યું કે, ગિબયોનીઓએ ઈઝરાએલીઓ સાથે શાંતિ કરાર કર્યો છે, જેથી તેઓએ બીજા મોટા લશ્કર સાથે તેઓના લશ્કરો સંયોજિત કરી અને ગિબયોન પર હુમલો કર્યો.
- **15:8**જેથી યહોશુઆએ ઈઝરાએલી લશ્કરને એકઠું કર્યું અને તેઓએ ગિબયોનીઓ સુધી પહોંચવા આખી રાત કૂચ કરી.

## શબ્દ માહિતી:

- Strong's: H1391, H1393

# ગિર્ગાશીઓ

## સત્યો:

ગિર્ગાશીઓ એ કનાનની ભૂમિમાં ગાલીલના સમુદ્રની નજીક રહેતા લોકોનું જૂથ હતું.

- તેઓ કનાનના દીકરા હામના વંશજો હતા, અને જેઓ ઘણા લોકોના જૂથોમાંના એક હતા કે, જેઓ કનાનીઓ તરીકે પણ જાણીતા હતા.
- દેવે ઈઝરાએલીઓને વચન આપ્યું કે તે ગિર્ગાશીઓ અને કનાની લોકોના જૂથોને હરાવવા તેઓને મદદ કરશે.
- બાકીના કનાની લોકોની જેમ, ગિર્ગાશીઓએ જૂઠા દેવોની પૂજા કરતા અને તે પૂજાના ભાગરૂપે અનૈતિક બાબતો કરતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કનાન , હામ, નૂહ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:13-16
- પુનર્નિયમ 7:1
- ઉત્પત્તિ 10:15-18
- યહોશુઆ 3:9-11
- યહોશુઆ 24:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H1622

# ગિલયાદ, ગિલયાદી, ગિલયાદીઓ

## વ્યાખ્યા:

ગિલયાદ યર્દન નદીની પૂર્વના પર્વતીય પ્રદેશનું નામ હતું, જ્યાં ગાદ, રૂબેન, અને મનાશ્શાના ઈઝરાએલી કુળો રહેતા હતા.

- આ પ્રદેશને "ગિલયાદનો પહાડી દેશ" અથવા "ગિલયાદ પર્વત," તરીકે પણ દર્શાવવામાં આવ્યો હતો.
- જૂના કરારમાં "ગિલયાદ" તે અનેક પુરુષોના નામ પણ હતા.

આ પુરુષોમાંનો એક મનાશ્શાનો પૌત્ર હતો. બીજો ગિલયાદ એ યફતાનો પિતા હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ગાદ, યફતા, મનાશ્શા, રૂબેન, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:21-22
- 1 શમુએલ 11:1-2
- આમોસ 1:3-4
- પુનર્નિયમ 2:36-37
- ઉત્પત્તિ 31:19-21
- ઉત્પત્તિ 37:25-26

## શબ્દ માહિતી:

- Strong's: H1568, H1569

# ગિલ્ગાલ

## સત્યો:

ગિલ્ગાલ શહેર યરીખોની ઉત્તરે આવેલું હતું, અને પ્રથમ સ્થળ હતું કે જ્યાં ઈઝરાએલીઓ કનાન દેશમાં પ્રવેશ કરવા યર્દન નદી પાર કર્યા બાદ છાવણી કરી.

- યહોશુઆએ ગિલ્ગાલ પર યર્દન નદીના સૂકા પટ પરથી લેવામાં આવેલા બાર પથ્થરો કે માત્ર તેઓએ નદી ઓળંગી હતી પછી સ્થાપિત કર્યા.
- ગિલ્ગાલ એ શહેર હતું કે જ્યારે એલિયાને સ્વર્ગમાં લઈ લેવામાં આવ્યો હતો, ત્યારે એલિયા અને એલિશા યર્દન નદી પાર ઉતરીને તેની (ગિલ્ગાલ) બહાર આવી રહ્યા હતા.

જૂના કરારમાં ત્યાં બીજા ઘણા સ્થાનોને "ગિલ્ગાલ" કહેવામાં આવતા હતા. "ગિલ્ગાલ" શબ્દનો અર્થ, "પથ્થરોનું વર્તુળ," કદાચ જ્યાં ગોળાકાર વેદી બાંધવામાં આવી હતી તે સ્થળને દર્શાવે છે.

- જૂના કરારમાં, આ નામ લગભગ હંમેશા "ગિલ્ગાલ" તરીકે આવે છે.

તે સૂચવે છે કે તે ચોક્કસ સ્થળ નહોતું, પણ તેના બદલે અમુક જગ્યાનું વર્ણન કરવામાં આવ્યું હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: એલિયા, , એલિશા, યરીખો, યર્દન નદી)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 7:15-17
- 2 રાજા 2:1-2
- હોશિયા 4:15-16
- ન્યાયાધીશો 2:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H1537

# ગુલગુથા

## સત્યો:

"ગુલગુથા" એક સ્થળનું નામ હતું કે જ્યાં ઈસુને વધસ્તંભે જડ્યો હતો. અરામીક શબ્દ પરથી તેનું નામ આવ્યું છે કે જેનો અર્થ "ખોપરી" અથવા "ખોપરીની જગ્યા."

- ગુલગુથા એ યરૂશાલેમ શહેરની દિવાલોની બહાર ક્યાંક નજીકમાં આવેલું હતું.

કદાચ તે જૈતૂન પહાડના ઢાળ ઉપર આવેલું હતું

- બાઈબલની કેટલીક જૂની અંગ્રેજી આવૃતિઓમાં, ગુલગુથાનું ભાષાંતર "કાલવરી" તરીકે થયેલું છે કે જે "ખોપરી" માટેના લેટીન શબ્દમાંથી આવે છે.
- બાઈબલ ઘણી આવૃતિઓમાં "ગુલગુથા" માટે તેના જેવો સમાન શબ્દ કે જે તેના જેવો લાગે અથવા ઉચ્ચાર થાય એવો શબ્દ વાપરવામાં આવ્યો છે, કારણકે બાઈબલના લખાણમાં પહેલેથી જ આ શબ્દનો અર્થ સમજાવેલો છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અરામ, જૈતૂનના પહાડ)

## બાઈબલની કલમો:

- યોહાન 19:17-18
- માર્ક 15:22-24
- માથ્થી 27:32-34

## શબ્દ માહિતી:

- Strong's: G1115

# ગેથશેમાને

## સત્યો:

ગેથશેમાને એ કીદ્રોન નાળાની બહાર અને જૈતૂનના પહાડની નજીક, યરૂશાલેમની પૂર્વે જૈતૂનના વૃક્ષોની વાડી હતી.

- ગેથશેમાની વાડી એ એક સ્થળ હતું કે જ્યાં ઈસુ અને તેના અનુયાયીઓ, ટોળાથી દૂર એકલા રહેવા અને આરામ કરવા જતા હતા.
- તે ગેથશેમાને હતું કે જ્યાં યહૂદી આગેવાનો દ્વારા ધરપકડ થયા પહેલા, ઈસુએ ઊંડી વેદના સાથે પ્રાર્થના કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: યહૂદા ઈશ્કરિયોત, કીદ્રોન નાળુ, જૈતૂનનો પહાડ)

## બાઈબલની કલમો:

- માર્ક 14:32-34
- માથ્થી 26:36-38

## શબ્દ માહિતી:

- Strong's: G1068

# ગેરાર

## સત્યો:

ગેરાર એ કનાનની ભૂમિમાં, જે હેબ્રોનના નૈઋત્ય ખૂણામાં અને બેર-શેબાના ઇશાન ખૂણામાં આવેલું શહેર અને પ્રદેશ હતો.

- જયારે ઈબ્રાહિમ અને સારાહ ત્યાં સ્થાયી થયા ત્યારે અબીમેલેખ રાજા ગેરારનો શાસક હતો.
- ઈઝરાએલીઓ કનાનમાં રહેતા હતા, તે સમય દરમ્યાન પલિસ્તીઓએ ગેરારના પ્રદેશ પર પ્રભુત્વ કરતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અબીમેલેખ, બેર –શેબા, હેબ્રોન, પલિસ્તીઓ)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 14:12-13
- ઉત્પત્તિ 20:1-3
- ઉત્પત્તિ 26:1
- ઉત્પત્તિ 26:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H1642

# ગોલ્યાથ

## સત્યો:

ગોલ્યાથ એ પલિસ્તીઓના લશ્કરમાં ખૂબ ઊંચો અને ખૂબ મોટો સૈનિક હતો કે જે દાઉદ દ્વારા મરાયો હતો.

- ગોલ્યાથ બે થી ત્રણ મીટર ઊંચો હતો.

મોટેભાગે તેને તેના મોટા કદને કારણે કદાવર તરીકે દર્શાવવામાં આવે છે.

- જોકે ગોલ્યાથ પાસે સારા શસ્ત્રો હતા અને તે દાઉદ કરતાં કદમાં વધારે મોટો હતો, તો પણ દેવે ગોલ્યાથને હરાવવા માટે દાઉદને શક્તિ અને ક્ષમતા આપી.
- દાઉદના ગોલ્યાથ ઉપરના વિજયના પરિણામે ઈઝરાએલીઓને પલિસ્તીઓ ઉપરના વિજય જાહેર કરવામાં આવ્યા હતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: દાઉદ, પલિસ્તીઓ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 20:4-5
- 1 શમુએલ 17:4-5
- 1 શમુએલ 21:8-9
- 1 શમુએલ 22:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H1555

# ગોશેન

## વ્યાખ્યા:

ગોશેન એ મિસરના ઉત્તર ભાગમાં નાઈલ નદીની પાસે આવેલા જમીનના ફળદ્રુપ પ્રદેશનું નામ હતું.

- જયારે યૂસફ મિસરનો અધિપતિ હતો, ત્યારે કનાનના દુકાળથી બચવા તેના પિતા અને ભાઈઓ અને તેઓના કુટુંબો ગોશેનમાં રહેવા આવ્યા.
- તે અને તેઓના વંશજો 400 વર્ષો માટે ગોશેનમાં સારી રીતે રહ્યા, પણ પછી મિસરના રાજા ફારુન દ્વારા ગુલામી કરવા ફરજ પાળી હતી.
- છેવટે દેવે મૂસાને મદદ કરવા મોકલ્યો, જેથી ઈઝરાએલના લોકો ગોશેનની ભૂમિ છોડી અને ગુલામીમાંથી છૂટકો પામે.

( ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: મિસર, દુકાળ, મૂસા, નાઈલ નદી)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 8:22-24
- ઉત્પત્તિ 45:9-11
- ઉત્પત્તિ 47:1-2
- ઉત્પત્તિ 50:7-9
- યહોશુઆ 10:40-41

## શબ્દ માહિતી:

- Strong's: H1657

# ગ્રીક, ગ્રીસ દેશનું

## સત્યો:

"ગ્રીક" શબ્દ, ગ્રીસ દેશમાં જે ભાષા બોલાય છે, અને તે ગ્રીસ દેશની વ્યક્તિ છે, તેને પણ દર્શાવે છે. ગ્રીક સમગ્ર રોમન સામ્રાજ્યમાં પણ બોલાતી હતી. "ગ્રીસ દેશનું" જે શબ્દનો અર્થ, "ગ્રીક બોલનારા" એમ થાય છે.

- બિન-યહૂદી લોકો રોમન સામ્રાજ્યમાં ગ્રીક બોલતા, ખાસ કરીને જયારે તેઓ યહૂદીઓથી વિપરીત હતા, ત્યારે તેઓને નવા કરારમાં વિદેશીઓને "ગ્રીક/ગ્રીકો" તરીકે દર્શાવાયા છે.
- "ગ્રીસ દેશના યહૂદીઓ" શબ્દસમૂહ એવા યહૂદીઓને દર્શાવે છે કે જેઓ ગ્રીક બોલતા, જેનાથી વિરુદ્ધમાં "હિબ્રૂ યહૂદીઓ" જેઓ ફક્ત હિબ્રૂ છે અથવા કદાચ અરામીક બોલતા.
- "ગ્રીસ દેશનું" બીજી રીતે ભાષાંતર કરવામાં આવે તો તેને, "ગ્રીક બોલનારા" અથવા "સાંસ્કૃતિક રીતે ગ્રીક" અથવા "ગ્રીક" શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- જયારે બિન-યહૂદીઓને દર્શાવવામાં આવે ત્યારે "ગ્રીક' શબ્દનું ભાષાંતર "વિદેશી" થઇ શકે છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અરામ, વિદેશી, ગ્રીસ, હિબ્રૂ, રોમ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 6:1
- પ્રેરિતો 9:28-30
- પ્રેરિતો 11:19-21
- પ્રેરિતો 14:1-2
- કલોસ્સી 3:9-11
- ગલાતી 2:3-5
- યોહાન 7:35-36

## શબ્દ માહિતી:

- Strong's: H3125, G1672, G1673, G1674, G1675, G1676

# ગ્રીસ, ગ્રીસ દેશનું

## સત્યો:

નવા કરારના સમય દરમ્યાન, ગ્રીસ એ રોમન સામ્રાજ્યનો પ્રાંત હતો.

- આધુનિક સમયનો ગ્રીસ દેશ, તે દ્વીપકલ્પ ઉપર આવેલું હતું કે જે ભૂમધ્ય સમુદ્ર, એજીયન સમુદ્ર, અને આયોનિયન સમુદ્રની સરહદો દ્વારા ઘેરાયેલું હતું,
- પાઉલ પ્રેરિતે અનેક વાર ગ્રીસમાંના શહેરોની મુલાકાત કરી, અને તેણે કંરિથ, થેસ્સલોનિકા અને ફિલિપ્પી જેવા શહેરો તથા કદાચ અન્ય શહેરોમાં પણ મંડળીઓની સ્થાપના કરી.
- લોકો કે જેઓ ગ્રીસના હતા "ગ્રીક" કહેવાતા હતા, અને તેઓની ભાષા "ગ્રીક" છે.

બીજા રોમન પ્રાંતોના લોકો પણ ગ્રીક બોલતા હતા, જેમાં ઘણા યહૂદીઓનો સમાવેશ થાય છે.

- ક્યારેક "ગ્રીક" શબ્દ વિદેશીને દર્શાવવા વાપરવામાં આવે છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કંરિથ, વિદેશી, ગ્રીક, હિબ્રૂ, ફિલિપ્પી, થેસ્સલોનિકા)

## બાઈબલની કલમો:

- દાનિયેલ 8:20-21
- દાનિયેલ 10:20-21
- દાનિયેલ 11:1-2
- ઝખાર્યા 9:11-13

## શબ્દ માહિતી:

- Strong's: H3120, G1671

# જાખ્ખી

## તથ્યો:

જાખ્ખી યરીખોના દાણ ઉઘરાવનાર હતા, જે લોકોની મોટી ભીડમાં લોકો દ્વારા ઘેરાયેલા ઈસુને જોવા માટે એક વૃક્ષ પર ચડતા હતા.

- જાખ્ખીએ ઈસુમાં વિશ્વાસ કર્યો ત્યારે તે સંપૂર્ણપણે બદલાઈ ગયો.
- તેમણે લોકોની છેતરપિંડીના તેમના પાપમાંથી પસ્તાવો કર્યો અને ગરીબોને અર્ધો સંપત્તિ આપવાનું વચન આપ્યું.
- તેમણે એ પણ વચન આપ્યું હતું કે તે લોકોને તેમના કરવેરા માટે વધુ પડતી રકમનું ચાર ગણું ચૂકવશે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: વિશ્વાસ, વચન, પસ્તાવો કરવો, પાપ, કર, કર ઉઘરાવનાર)

## બાઇબલના સંદર્ભો:

- લૂક 19:1-2
- લૂક 19:5-7

## શબ્દ માહિતી:

- Strong's: G2195

# જૈતૂન પહાડ

## વ્યાખ્યા:

જૈતૂન પહાડ યરુશાલેમ શહેરની પૂર્વ બાજુએ આવેલો એક પર્વત અથવા તો ઉંચો ડુંગર છે. તે લગભગ 787 મીટર ઊંચો છે.

- જૂના કરારમાં, આ પહાડનો ઉલ્લેખ કેટલીક વાર “યરુશાલેમની પૂર્વ બાજુનો પહાડ” તે રીતે કરવામાં આવ્યો છે.
- નવો કરાર ઘણી ઘટનાઓ નોંધે છે કે જ્યારે ઈસુ અને તેમના શિષ્યો જૈતૂન પહાડ પર પ્રાર્થના તથા આરામ કરવા ગયા.
- ઈસુની ધરપડક ગેથસેમાને વાડીમાં કરાઈ હતી કે જે જૈતૂન પહાડ પર આવેલી હતી.
- આનો અનુવાદ “જૈતૂન ડુંગર” અથવા તો જૈતૂન વૃક્ષોનો પહાડ” તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: ગેથસેમાને, જૈતૂન)

## બાઇબલના સંદર્ભો:

- લૂક 19:29-31
- લૂક 19:37-38
- માર્ક 13:3-4
- માથ્થી 21:1-3
- માથ્થી 24:3-5
- માથ્થી 26:30-32

## શબ્દ માહિતી:

- Strong's: H2022, H2132, G3735, G1636

# ઝખાર્યા (જૂનો કરાર)

## તથ્યો:

ઝખાર્યા એક પ્રબોધક હતો, જે પર્શિયાના રાજા દાર્યાવેશના શાસન દરમિયાન ભવિષ્યવાણી કરતો હતો. જૂના કરારના ઝખાર્યાના પુસ્તકમાં તેમની ભવિષ્યવાણીઓ છે, જેમાં પરત ફરતા નિર્વાસિતોને મંદિરને પુનઃનિર્માણ કરવા વિનંતી કરવામાં આવી હતી.

- ઝખાર્યા પ્રબોધક એઝરા નહેમ્યાહ, ઝરૂબ્બાબેલ અને હાગ્ગાયના જ સમયગાળા દરમિયાન રહેતા હતા.

જૂના કરારના સમય દરમિયાન જે છેલ્લા પ્રબોધકોની હત્યા કરવામાં આવી હતી તે તરીકે તેમનો ઇસુ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

- ઝખાર્યા નામનો એક માણસ, દાઉદના સમય દરમિયાન મંદિરમાં દ્વારપાળ હતો.
- રાજા યહોશાફાટના દીકરા ઝખાર્યાહના ભાઇ યહોરામ દ્વારા હત્યા કરવામાં આવી હતી.
- ઝખાર્યા એ એક યાજકનું નામ હતું, જેને ઈસ્રાએલી લોકો દ્વારા પથ્થરમારો કર્યો હતો, જ્યારે તેમણે મૂર્તિપૂજા માટે તેમને ઠપકો આપ્યો હતો.
- રાજા ઝખાર્યા યરોબઆમના દીકરા હતા અને તેણે હત્યા કર્યાના છ મહિના પહેલાં ઇઝરાયલ પર શાસન કર્યું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: દાર્યવેશ, એઝરા, યહોશાફાટ, યરોબઆમ, નહેમ્યાહ,ઝરૂબ્બાબેલ)

## બાઇબલ સંદર્ભો

- એઝરા 5:1-2
- માથ્થી 23:34-36
- ઝખાર્યા 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H2148

# ઝખાર્યા (નવો કરાર)

## તથ્યો:

નવાકરારમાં, ઝખાર્યા એક યહૂદી યાજક હતા જે યોહાન બાપ્તિસ્તના પિતા બન્યા.

- ઝખાર્યાએ ઈશ્વરને પ્રેમ કર્યો અને તેમને આધીન રહ્યા.
- ઘણાં વર્ષો સુધી ઝખાર્યા અને તેની પત્ની એલિસાબેતે, એક બાળક માટે હોય આતુરતાપૂર્વક પ્રાર્થના, પરંતુ તેમને એકે બાળક ન હતું.

પછી જ્યારે તેઓ ખૂબ વૃદ્ધ હતા, ત્યારે દેવે તેમની પ્રાર્થનાનો જવાબ આપ્યો અને તેમને એક પુત્ર આપ્યો.

- ઝખાર્યાએ ભવિષ્ય ભાખ્યું હતું કે તેનો દીકરો યોહાન પ્રબોધક હશે કે જે મસીહ માટે માર્ગની જાહેરાત કરશે અને તૈયાર કરશે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ખ્રિસ્ત, એલિસાબેત, પ્રબોધક)

## બાઇબલ સંદર્ભો

- લૂક 1:5-7
- લૂક 1:21-23
- લૂક 1:39-41
- લૂક 3:1-2

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **22:1** અચાનક એક દૂત દેવના સંદેશા સાથે **ઝખાર્યા** નામના વૃદ્ધ યાજક પાસે આવ્યો. **ઝખાર્યા** અને તેની પત્ની, એલિસાબેત, ઈશ્વરપરાયણ લોકો હતા, પરંતુ તે કોઈ પણ બાળકો ધરાવવા અશક્ત હતા.
- **22:2** દૂતે **ઝખાર્યાને** કહ્યું, "તમારી પત્નીને એક પુત્ર થશે.

તમે તેને યોહાન નામ આપજો. "

- **22:3** તરત જ, **ઝખાર્યા** બોલવામાં અસમર્થ હતો.
- **22:7** પછી ઈશ્વરે **ઝખાર્યા** ને ફરીથી બોલવાની છૂટ આપી.

## શબ્દ માહિતી:

- Strong's: G2197

# ઝબદી

## તથ્યો:

ઝબદી ગાલીલનો માછીમાર હતો, જે તેના પુત્રો, યાકૂબ અને યોહાનને કારણે ઓળખાય છે, જે ઈસુના શિષ્યો હતા. તેઓ નવા કરારમાં "ઝબદીના પુત્રો" તરીકે ઓળખવામાં આવે છે.

- ઝબદીના પુત્રો માછીમારો હતા અને માછલી પકડવા માટે તેમની સાથે કામ કરતા હતા.
- યાકૂબ અને યોહાને તેમના માછીમારીને તેમના પિતા ઝબદી સાથે છોડી દીધી અને ઈસુને અનુસરવા છોડી દીધી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: શિષ્ય,માછીમારો, યાકૂબ ઝબદીનો પુત્ર, યોહાન પ્રેષિત)

## બાઇબલના સંદર્ભો:

- યોહાન 21:1-3
- લૂક 5:8-11
- માર્ક 1:19-20
- માથ્થી 4:21-22
- માથ્થી 20:20-21
- માથ્થી 26:36-38

## શબ્દ માહિતી:

- Strong's: G2199

# ઝબુલોન

## તથ્યો:

ઝબુલોન, યાકૂબ અને લેઆહનો છેલ્લો જન્મેલો પુત્ર હતો અને ઇઝરાએલના બાર કુળોમાંના એકનું નામ છે.

- ઝબુલોનના ઈસ્રાએલી કુળને સીધી પશ્ચિમના ખારા સમુદ્રની જમીન આપવામાં આવી હતી.
- કેટલીકવાર "ઝબુલોન" નામનો ઉપયોગ જ્યાં ઇઝરાયલી કુળ રહેતું હતું તે જમીન માટે થાય છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: યાકૂબ, લેઆહ, ખારો સમુદ્ર, ઇસ્રાએલના બાર કુળો)

## બાઇબલના સંદર્ભો:

- નિર્ગમન 1:1-5
- ઉત્પત્તિ 30:19-21
- યશાયા 9:1-2
- ન્યાયાધીશો 4:10
- માથ્થી 4:12-13
- માથ્થી 4:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H2074, H2075, G2194

# ઝરૂબાબેલ

## તથ્યો:

જૂનાકરારમાં ઝરૂબ્બાબેલ બે ઈસ્રાએલી માણસોનું નામ હતું.

- આમાંનો એક, યહોયાકીમ અને સિદકીયાહનો વંશજ હતો.
- શઆલ્તિએલના પુત્ર ઝરૂબ્બાબેલ એઝરા અને નહેમ્યાહના સમય દરમિયાન યહુદાના કુળના વડા હતા, જ્યારે ઈરાનના રાજા કોરેશે ઈસ્રાએલીઓને બાબેલની ગુલામીમાંથી છોડાવ્યા હતા.
- ઝરુબ્બાબેલ અને પ્રમુખ યાજક યહોશુઆએ, દેવના મંદિર અને વેદી ફરીથી બાંધવા મદદ કરી હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: બાબેલ, બંદીવાન, કોરેશ, એઝરા, મુખ્ય યાજક, યહોયાકીમ, યહોશુઆ, યહૂદા, નહેમ્યાહ, ઈરાન, સિદકીયા)

## બાઇબલ સંદર્ભો

- 1 કાળવૃતાંત 3:19-21
- એઝરા 2:1-2
- એઝરા 3:8-9
- લૂક 3:27-29
- માથ્થી 1:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H2216, H2217, G2216

# તામાર

## તથ્યો:

તામાર જૂના કરારમાં ઘણી સ્ત્રીઓનું નામ હતું તે જૂના કરારમાં કેટલાક શહેરો અથવા અન્ય સ્થળોનું નામ પણ હતું

- તામાર યહૂદાની પુત્રી હતી.

તેણે પેરેસને જન્મ આપ્યો જે ઇસુ ખ્રિસ્તના પૂર્વજ હતા.

- રાજા દાઉદની એક દીકરી તામાર હતી. તે આબ્શાલોમની બહેન હતી.

તેના સાવકા ભાઈ આમ્નોને તેના પર બળાત્કાર કર્યો અને તેને તરછોડી દીધી હતી.

- આબ્શાલોમને તામાર નામની એક પુત્રી પણ હતી.
- 'હેઝઝોન તામાર' તરીકે ઓળખાતું શહેર, ખારા સમુદ્રના પશ્ચિમ કિનારાના એન્ગેદી શહેરની જેવું હતું.

એક "બાલ તામાર" પણ છે, અને સામાન્ય સંદર્ભોમાં "તામાર" નામનું સ્થળ જે બીજા શહેરોથી અલગ હોઈ શકે છે.

(આ પણ જુઓ: આબ્શાલોમ, પૂર્વજ, આમ્નોન, દાઉદ, પૂર્વજ, યહૂદા, ખારો સમુદ્ર)

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

## બાઇબલ સંદર્ભો

- 1 કાળવૃત્તાંત 2: 3-4
- 2 શમુએલ 13: 1-2
- 2શમુએલ 14:25-27
- ઉત્પત્તિ 38: 6-7
- ઉત્પત્તિ 38: 24-26
- માથ્થી 1: 1-3

## શબ્દ માહિતી:

- Strong's: H1193, H2688, H8412, H8559

# તાર્શીશ

## તથ્યો:

જૂનાકરારમાં તાર્શીશ બે માણસોનું નામ હતું તે એક શહેરનું નામ પણ હતું.

- યાફેથના પૌત્રો પૈકી એકનું નામ તાર્શીશ હતું.
- તાર્શીશ એ રાજા અહાશ્વેરોશના જ્ઞાની માણસોમાંના એકનું નામ પણ હતું.
- તાર્શીશ શહેર અત્યંત સમૃદ્ધ બંદરવાળું શહેર હતું, જેના જહાજો મૂલ્યવાન ચીજવસ્તુઓ ખરીદવા, વેચવા અથવા વેપાર કરવા માટે લઇ જતાં.
- આ શહેર તૂર સાથે સંકળાયેલું હતું અને તે એક ફિનિશિયન શહેર હતું જે ઇઝરાયેલથી થોડું દૂર, કદાચ સ્પેનના દક્ષિણ કિનારે હતું.
- જૂના કરારનો યૂના પ્રબોધક , નિનવેહને ઉપદેશ આપવા માટે દેવની આજ્ઞા પાળવાને બદલે તાર્શીશ શહેર જનારા વહાણમાં બેઠો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: એસ્તેર, યફતા, યૂના, નિનવેહ, ફિનિકિયા, જ્ઞાની માણસો)

## બાઇબલ સંદર્ભો

- ઉત્પત્તિ 10: 2-5
- યશાયાહ 2:14-16
- યિર્મેયાહ 10: 8-10
- યૂના 1: 1-3
- ગીતશાસ્ત્ર 48:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H8659

# તાર્સસ

## તથ્યો:

તાર્સસ રોમ પ્રાંતના કિલીકિયામાં આવેલ એક સમૃદ્ધ શહેર હતું, જે હવે દક્ષિણ મધ્ય તુર્કમાં છે.

- તાર્સસ મુખ્ય નદી સાથે અને ભૂમધ્ય સમુદ્રની નજીક આવેલું હતું, તેથી તે એક મહત્વપૂર્ણ વેપાર માર્ગનો ભાગ હતું.
- એક સમયે તે કિલીકિયાની રાજધાની હતી.
- નવા કરારમાં, તાર્સસ પ્રેરિત પાઉલના વતન તરીકે ખૂબ જાણીતું હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: કિલીકિયા, પાઉલ, પ્રાંત, સમુદ્ર)

## બાઇબલ સંદર્ભો

- પ્રેરિતોનાં કૃત્યો 9:10-12
- પ્રેરિતોનાં કૃત્યો 9:28-30
- પ્રેરિતોનાં કૃત્યો 11:25-26

## શબ્દ માહિતી:

- Strong's: G5018, G5019

# તિતસ

## સત્યો/તથ્યો:

તિતસ એક વિદેશી હતો. તેને પ્રારંભિક મંડળીઓમાંના એક આગેવાન થવા માટે પાઉલે તાલીમ આપી હતી.

- પાઉલ દ્વારા તિતસને લખેલો પત્ર નવા કરારમાં એક પુસ્તક છે.
- આ પત્રમાં પાઉલે તિતસને ક્રીત ટાપુની મંડળીઓ માટે વડીલોની નિમણૂક કરવાની સૂચના આપી હતી.
- ખ્રિસ્તીઓને તેના બીજા કેટલાક પત્રોમાં, પાઉલ તિતસનો ઉલ્લેખ કોઈ એવા વ્યક્તિ તરીકે કરે છે જેણે તેને ઉત્તેજન અને આનંદ આપ્યા.

(અનુવાદનાં સૂચનો: નામ કેવી રીતે ભાષાંતર કરવું)

(જુઓ: નિમણૂક, વિશ્વાસ, મંડળી, સુન્નત, ક્રિત, વડીલ, પ્રોત્સાહન, સૂચના આપવી, સેવક)

## બાઈબલ સંદર્ભો

- 2 તિમોથી 4:9-10
- ગલાતીઓ 2: 1-2
- ગલાતીઓ 2:3-5
- તિતસ 1:4-5

## શબ્દ માહિતી:

- Strong's: G5103

# તિમોથી

## તથ્યો:

તિમોથી લુસ્ત્રામાંનો એક યુવાન હતો. તેઓ પાછળથી પાઉલ કેટલીક મિશનરી મુસાફરીઓમાં સાથે જોડાયા અને વિશ્વાસીઓના નવા સમુદાયોને મદદ કરી.

- તિમોથીના પિતા ગ્રીક હતા, પરંતુ તેમની દાદી લોઈસ અને તેમની માતા યુનિકા યહૂદી હતા અને ઈસુમાં માનતા હતા.
- વડીલો અને પાઉલે ઔપચારિક રીતે તેમના પર હાથ મૂકીને અને તેમના માટે પ્રાર્થના કરીને સેવા માટે તીમોથીને નિયુક્ત કર્યા.
- નવાં કરારનાં બે પુસ્તકો (૧તિમોથી અને ૨ તિમોથી) પાઉલ દ્વારા લખાયેલા પત્રો છે જે સ્થાનિક મંડળીના યુવાન આગેવાન તરીકે તિમોથીને માર્ગદર્શન આપે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: નિમણૂક, વિશ્વાસ કરવો, મંડળી, ગ્રીક, સેવક)

## બાઇબલના સંદર્ભો

- ૧ થેસ્સાલોનીકી 3:1-3
- ૧ તિમોથી 1:1-2
- પ્રેરીતોનાં કૃત્યો 16:1-3
- કોલોસી 1:1-3
- ફિલેમોન 1:1-3
- ફિલિપી 1:1-2
- ફિલિપી 2:19-21

## શબ્દ માહિતી:

- Strong's: G5095

# તિર્સાહ

## તથ્યો:

તિર્સાહ એક મહત્વનું કનાની શહેર હતું, જે ઈસ્રાએલીઓ દ્વારા જીતી લેવામાં આવ્યું હતું. તે મનાશ્શેહના વંશજ ગિલયાદની દીકરીનું નામ પણ હતું.

- તિર્સાહ શહેર મનાશ્શેહના કુળના કબજા હેઠળના પ્રદેશમાં હતું.

એવું માનવામાં આવે છે કે તે શખેમ શહેરની ઉત્તરથી આશરે 10 માઇલ દૂર હતું.

- વર્ષો પછી, ઇઝરાયલના ચાર રાજાઓના શાસનકાળ દરમિયાન, તિર્સાહ ઇઝરાયલના ઉત્તરના રાજ્યનું કામચલાઉ શહેર બન્યું.
- મનાશ્શેહની પૌત્રીઓ પૈકી એકનું નામ પણ તિર્સાહ હતું.

તેઓ તેમના પિતાના અવસાન બાદ જમીનનો એક ભાગ આપવાનું કહેવામાં આવ્યું હતું અને સામાન્ય રીતે તે રિવાજ પ્રમાણે તેના કોઈ વારસ ન હતો.

(અનુવાદના સૂચનો: નામ કેવી રીતે ભાષાંતર કરવું)

(આ પણ જુઓ: કનાન, વારસો, ઈસ્રાએલનું રાજ્ય, મનાશ્શેહ, શખેમ)

## બાઇબલ સંદર્ભો

- ગણના 27:1
- ગણના 36:10-12
- ગીતોનું ગીત 6:4

## શબ્દ માહિતી:

- Strong's: H8656

# તુખિકસ

## તથ્યો:

તુખિકસ પાઉલના સુવાર્તાના સાથી કાર્યકર્તાઓ પૈકીનો એક હતો.

- તુખિકસ એશિયામાં ઓછામાં ઓછી એક મિશનરી મુસાફરીમાં પાઉલ સાથે હતો.
- પાઉલે તેને "વહાલા" અને "વિશ્વાસુ" તરીકે વર્ણવ્યો છે.
- તુખિકસ પાઉલના પત્રોને એફેસસ અને કોલોસી સુધી લઈ ગયો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: એશિયા, વહાલું, કોલોસી, એફેસસ, વિશ્વાસુ, શુભ સમાચાર, સેવક)

## બાઈબલ સંદર્ભો

- 2 તિમોથી 4:11-13
- કોલોસી 4:7-9
- તિતસ 3:12-13 {{ટેગ>કેટીલીંકપ્રકાશિત કરો}

## શબ્દ માહિતી:

- Strong's: G5190

# તુબાલ

## તથ્યો:

જૂના કરારમાં ઘણા પુરુષો હતા જેમના નામ " તુબાલ " હતું. તુબાલ નામના એક માણસ યાફેથના પુત્રો પૈકીના એક હતા.

- "તુબાલ-કેન" નામનો એક માણસ લામેખનો પુત્ર હતો અને કાઈનનો વંશજ હતો.
- તુબાલ લોકજુથનું નામ હતું જેનો ઉલ્લેખ યશાયાહ અને હઝકીએલ પ્રબોધકો દ્વારા કરાયેલ હતો।

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: કાઈન, વંશજ, હઝકીએલ, યશાયાહ, યાફેથ, લામેખ, લોકજૂથ, પ્રબોધક)

## બાઇબલના સંદર્ભો:

- 1કાળવૃતાંત 1:5-7
- હઝકીએલ 27:12-13
- ઉત્પત્તિ 10:2-5

## શબ્દ માહિતી:

- Strong's: H8422, H8423

# તૂર, તૂરના લોકો

## તથ્યો:

તૂર એ એક પ્રાચીન કનાની શહેર હતું, જે ભૂમધ્ય સમુદ્રના દરિયાકિનારે સ્થિત છે, જે હવે લેબનોનના આધુનિક દેશનો ભાગ છે. તેના લોકો "તૂરના" તરીકે ઓળખાતા હતા.

- શહેરનો ભાગ સમુદ્રમાં એક ટાપુ પર મુખ્ય જમીનથી આશરે એક કિલોમીટર દૂર આવેલો હતો,
- તેના સ્થાન અને તેના દેવદાર વૃક્ષોના મૂલ્યવાન કુદરતી સંસાધનોને કારણે, તૂરનો સમૃદ્ધ વેપાર ઉદ્યોગ હતો અને તે ખૂબ ધનવાન હતું.

તૂરના રાજા હીરામે રાજા દાઉદ માટે મહેલ બાંધવા માટે દેવદારના વૃક્ષોનું લાકડું અને કુશળ કામદારોને મોકલી દીધાં.

- વર્ષો પછી, હીરામે મંદિર બનાવવા માટે રાજા સુલેમાને લાકડું અને કુશળ કામદારોને પણ મોકલ્યા.

સુલેમાને મોટા પ્રમાણમાં ઘઉં અને ઓલિવ તેલ આપ્યા.

- તૂર ઘણી વખત નજીકના પ્રાચીન શહેર સિદોન સાથે સંકળાયેલ હતું.

કનાન પ્રાંતના આ સૌથી મહત્વપૂર્ણ શહેરો ફિનીકિયા કહેવાતા હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

આ પણ જુઓ: કનાન, દેવદાર, ઇસ્રાએલ, સમુદ્ર, ફેનીકિયા, સીદોન

## બાઇબલ સંદર્ભો

- પ્રેરિતોનાં કૃત્યો 12:20-21
- માર્ક 3:7-8
- માથ્થી 11:20-22
- માથ્થી 15:21-23

## શબ્દ માહિતી:

- Strong's: H6865, H6876, G5183, G5184

# તેરાહ

## તથ્યો:

તેરાહ નુહના પુત્ર શેમના વંશજ હતા. તે ઇબ્રામ, નાહોર અને હારાનના પિતા હતા.

- તેરાહે પોતાના પુત્ર ઇબ્રામ, તેમના ભત્રીજા લોટ, અને ઈબ્રામની પત્ની સારાય સાથે કનાન દેશમાં જવા માટે ઉર છોડી દીધું.
- કનાન માર્ગ પર, તેરાહ અને તેમના કુટુંબ મેસોપોટેમીયાના હારાન શહેરમાં વર્ષો સુધી જીવ્યા.

તેરાહ 205 વર્ષની ઉંમરે હારાનમાં મૃત્યુ પામ્યા હતા

(અનુવાદનાં સૂચનો: નામ કેવી રીતે ભાષાંતર કરવું)

(આ પણ જુઓ: ઇબ્રાહીમ, કનાન, લોત, મેસોપોટેમીયા, નાહોર, સારાહ, શેમ, ઉર)

## બાઇબલના સંદર્ભો:

ઉત્પત્તિ 11: 31-32

- 1 કાળવૃતાંત 1:24-27
- લુક 3:33-35

## શબ્દ માહિતી:

- Strong's: H8646, G2291

# ત્રોઆસ

## તથ્યો:

ત્રોઆસ શહેર એશિયાના પ્રાચીન રોમન પ્રાંતના ઉત્તરપશ્ચિમ દરિયાકિનારા પર આવેલું એક દરિયાઇ બંદર હતું.

- પાઉલે સુવાર્તા આપવા વિવિધ પ્રદેશોમાં તેમની મુસાફરીઓ દરમિયાન ઓછામાં ઓછા ત્રણ વખત ત્રોઆસની મુલાકાત લીધી હતી.
- ત્રોઆસમાં એક પ્રસંગે, પાઉલે રાત્રે લાંબા સમય સુધી પ્રચાર કર્યો અને યુતુખસ નામના યુવક સાંભળીને ઊંઘી ગયા.

કારણ કે તે એક ખુલ્લી બારીમાં બેઠો હતો, યુતુખસ પડ્યો અને મૃત્યુ પામ્યો. પાઉલે આ યુવકને ઈશ્વરના સામર્થ્યથી સજીવન કર્યો.

- જ્યારેપાઉલ રોમમાં હતા ત્યારે, તેમણે તિમોથીને પોતાના ઓડીયાં અને તેના ઝભ્ભાને લાવવા કહ્યું, જે તે ત્રોઆસમાં મૂકી રાખ્યા હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: એશિયા, ઉપદેશ, પ્રાંત, જીવિત રોમ, ઓડિયું, તિમોથી)

## બાઇબલના સંદર્ભો:

- 2 કોરિંથી 2:12-13
- 2 તિમોથી 4:11-13
- પ્રેરિતોનાં કૃત્યો 16:6-8
- પ્રેરિતોનાં કૃત્યો 20:4-6

## શબ્દ માહિતી:

- Strong's: G5174

# થેસ્સલોનિકા, થેસ્સલોનીકાના, થેસ્સલોનીકીઓ

## તથ્યો:

નવા કરારના સમયમાં, પ્રાચીન રોમન સામ્રાજ્યમાં થેસ્સલોનીકા મકદોનિયાની રાજધાની હતી. તે શહેરમાં રહેતા લોકો "થેસ્સલોનીકી" કહેવાતા.

- થેસ્સલોનીકા શહેર મહત્વનું દરિયાઇ બંદર હતું અને રોમન સામ્રાજ્યના પૂર્વ ભાગમાં રોમના મુખ્ય માર્ગ સાથે સંકળાયેલું હતું.
- પાઉલે, સિલાસ અને તીમોથી સાથે, બીજી મિશનરી મુસાફરીમાં થેસ્સલોનીકીની મુલાકાત લીધી હતી અને પરિણામે ત્યાં મંડળી સ્થાપિત થઈ હતી.

બાદમાં, પાઉલે આ ત્રીજી મિશનરી મુસાફરીમાં પણ આ શહેરની મુલાકાત લીધી હતી.

- પાઉલે થેસ્સલોનીકાના ખ્રિસ્તીઓને બે પત્રો લખ્યા હતા

આ પત્રો (1 થેસ્સલોનીકી અને 2થેસ્સલોનીકી) નવા કરારમાં સમાવેશ થાય છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: મકદોનિયા, પાઉલ, રોમ)

## બાઇબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનીકી 1:1
- 2થેસ્સલોનીકી 1:1-2
- 2 તિમોથી 4:9-10
- પ્રેરિતોનાં કૃત્યો 17:1-2
- ફિલિપી 4:14-17

## શબ્દ માહિતી:

- Strong's: G2331, G2332

# થોમા

## તથ્યો:

થોમા બાર માણસોમાંનો એક હતો, જેમને ઈસુએ પોતાના શિષ્યો અને પાછળથી પ્રેરિતો તરીકે પસંદ કર્યા હતા. તે "દીદૂમસ" તરીકે પણ જાણીતો હતો, જેનો અર્થ "જોડિયા." થાય છે.

- ઈસુના જીવનના અંતની નજીક, તેમણે પોતાના શિષ્યોને કહ્યું કે તેઓ પિતા સાથે રહેવા જશે અને તેઓ તેમની સાથે રહેવા માટે એક જગ્યા તૈયાર કરશે.

થોમાએ ઇસુને પૂછ્યું કે , જ્યારે તેઓ જાણતા ન હતા કે તેઓ ક્યાં જઈ રહ્યાં હતા ત્યારે.તેઓ ત્યાં જવાનો માર્ગ કેવી રીતે જાણી સકે.

- ઈસુ મૃત્યુ પામ્યા અને મૃત્યુમાંથી પાછાં જીવતા થયા પછી, થોમાએ કહ્યું કે, જ્યાં સુધી તે ઇજાગ્રસ્ત થયેલા ઘાને જોશે નહીં અને તેને અનુભવશે નહીં ત્યાં સુધી તે માનશે નહી કે ઈસુ ખરેખર જીવંત છે,

(અનુવાદ સૂચનો: નામ કેવી રીતે ભાષાંતર કરવું)

(આ પણ જુઓ: પ્રેરિત,શિષ્ય,ઈશ્વર પિતા, બાર)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 1:12-14
- યોહાન 11:15-16
- લુક 6:14-16
- માર્ક 3:17-19
- માથ્થી 10:2-4

## શબ્દ માહિતી:

- Strong's: G2381

# દમસ્ક

## સત્યો:

દમસ્ક એ અરામ દેશની રાજધાનીનું શહેર છે. તે બાઈબલમાં જે સ્થાન પર હતું ત્યાં હજુ પણ છે.

- દમસ્ક એ એક દુનિયાનું એક જૂનું શહેર છે, જ્યાં સતત રીતે હજુ પણ લોકો વસે છે.
- ઈબ્રાહિમના સમય દરમ્યાન, દમસ્ક અરામ રાજ્યની રાજધાની હતી (તે હાલના સીરિયામાં આવેલું છે).
- સમગ્ર જૂના કરારના ઘણા ઉલ્લેખો દર્શાવે છે કે દમસ્કના રહેવાસીઓ અને ઈઝરાએલના લોકો વચ્ચે પરસ્પર સંઘર્ષો થતા હતા.
- બાઈબલે દમસ્કના વિનાશની ઘણી ભવિષ્યવાણીઓ ભાખી છે.

જૂના કરારના સમય દરમ્યાન જયારે આશ્શૂર એ શહેરનો નાશ કર્યો ત્યારે આ ભવિષ્યવાણી પૂર્ણ થઈ હશે, અથવા ભવિષ્યમાં પણ કદાચ આ શહેરનો સંપૂર્ણ રીતે નાશ થઇ શકે છે.

- નવા કરારમાં, ફરોશી શાઉલ (જે પછીથી પાઉલ તરીકે જાણીતો બન્યો) ખ્રિસ્તીઓની ધરપકડ કરવા દમસ્ક શહેરમાં માર્ગમાં જતો હતો ત્યારે ઈસુએ તેનો સામનો કર્યો અને તેના કારણે તે વિશ્વાસી બન્યો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અરામ, આશ્શૂર, માનવું, સીરિયા)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 24:23-24
- પ્રેરિતો 9:1-2
- પ્રેરિતો 9:3-4
- પ્રેરિતો 26:12-14
- ગલાતી 1:15-17
- ઉત્પત્તિ 14:15-16

## શબ્દ માહિતી:

- Strong's: H1833, H1834, G1154

# દરિયાઈ પ્રાણી

## તથ્યો:

જૂના કરારના અયુબ, ગીતશાસ્ત્ર, અને યશાયાના પુસ્તકોના પ્રારંભિક લખાણમાં "દરિયાઈ પ્રાણી" શબ્દ વિશાળ, લુપ્ત પ્રાણીનો ઉલ્લેખ કરે છે.

- દરિયાઈ પ્રાણી વિશાળ, સાપ તરીકે વર્ણવામાં આવે છે જે પ્રાણીની જેમ બળવાન અને ઉગ્ર અને તેની આસપાસના પાણીને "ઉકળતું" રાખી શકે.

તેનું વર્ણન ડાયનાસોર સમાન હતું.

- યશાયા પ્રબોધકે દરિયાઈ પ્રાણીનો ઉલ્લેખ "સરકતા સાપ" સાથે કર્યો છે.
- અયુબે દરિયાઈ પ્રાણીના પ્રત્યક્ષ જ્ઞાનથી લખ્યું, તેથી તેના જીવનકાળ દરમિયાન કદાચ એ સમયે તે પ્રાણી જીવતું હશે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: યશાયા, અયુબ, સર્પ)

## બાઈબલના સંદર્ભો:

- અયુબ 3:8-10
- ગીતશાસ્ત્ર 104:25-26

## શબ્દ માહિતી:

- Strong's: H3882

# દલીલાહ

## સત્યો:

દલીલાહ તે પલિસ્તી સ્ત્રી હતી કે જેને સામસૂન પ્રેમ કર્યો હતો, પણ તેની પત્ની નહોતી.

- દલીલાહે સામસૂન કરતા પૈસાને વધારે પ્રેમ કર્યો.
- પલિસ્તીઓએ દલીલાહની સાથે યુક્તિ કરી કે તે સામસૂન કેવી રીતે નિર્બળ બનાવી શકે તે જાણવા તેઓએ તેણીને લાંચ આપી.

જયારે તેનું બળ જતું રહ્યું, ત્યારે પલિસ્તીઓએ તેને પકડી લીધો.

( ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: લાંચ, પલિસ્તીઓ, સામસૂન)

## બાઈબલની કલમો:

- ન્યાયાધીશો 16:4-5
- ન્યાયાધીશો 16:6-7
- ન્યાયાધીશો 16:10-12
- ન્યાયાધીશો 16:18-19

## શબ્દ માહિતી:

- Strong's: H1807

# દાઉદ

## સત્યો:

દાઉદ ઈઝરાએલનો બીજો રાજા હતો અને તેણે દેવને પ્રેમ કર્યો અને તેની સેવા કરી. તે ગીતશાસ્ત્રના પુસ્તકનો મુખ્ય લેખક હતો.

- જયારે દાઉદ હજુ તો નાનો છોકરો તેના કુટુબના ઘેટાં સંભાળતો હતો, ત્યારે દેવે તેને ઈઝરાએલનો અગામી રાજા બનવા પસંદ કર્યો.
- દાઉદ મહાન લડવૈયો બન્યો અને ઈઝરાએલના સૈન્યને તેઓના શત્રુઓની સામે લડાઈઓ લડવા દોરવણી આપી.

તેણે પલિસ્તી ગોલ્યાથનો પરાજય કર્યો તે સારી રીતે જાણીતું છે.

- શાઉલ રાજાએ દાઉદને મારી નાખવા પ્રયત્ન કર્યો, પણ દેવે તેને સુરક્ષિત રાખ્યો અને શાઉલ રાજાના મરણ બાદ તેને રાજા બનાવ્યો.
- દાઉદે ભયંકર પાપ કર્યું, પણ તેણે પસ્તાવો કર્યો અને દેવે તેને માફ કર્યો.
- ઈસુ, મસીહને "દાઉદનો દીકરો" કહેવામાં આવ્યો છે કારણકે તે દાઉદ રાજાનો વંશજ છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ગોલ્યાથ, પલિસ્તીઓ, [શાઉલ])

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 17:12-13
- 1 શમુએલ 20:32-34
- 2 શમુએલ 5:1-2
- 2 તિમોથી 2:8-10
- પ્રેરિતો 2:25-26
- પ્રેરિતો 13:21-22
- લૂક 1:30-33
- માર્ક 2:25-26

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:2**દેવે દાઉદ નામનાં જુવાન ઈઝરાએલીને શાઉલ પછી રાજા બનવા પસંદ કર્યો. દાઉદ બેથલેહેમ નગરનો ભરવાડ હતો. ... દાઉદ નમ્ર અને ન્યાયી માણસ હતો કે જેણે દેવ પર ભરોસો રાખ્યો અને દેવને આધીન રહ્યો.
- **17:3** દાઉદ એ મહાન સૈનિક અને નેતા પણ હતો.

જયારે **દાઉદ** હજુ તો જુવાન માણસ હતો, તે ગોલ્યાથ નામના રાક્ષસ સામે લડ્યો.

- **17:4**શાઉલને લોકોના દાઉદ પરના પ્રેમને લીધે ઈર્ષ્યા થઈ.

શાઉલે ઘણીવાર તેને મારવા પ્રયત્નો કર્યા, જેથી દાઉદ શાઉલથી સંતાઈ રહ્યો.

- **17:5** દેવે દાઉદ ને આશીર્વાદ આપ્યો અને તેને સફળ કર્યો. દાઉદ ઘણી લડાઈઓ લડ્યો અને દેવે તેને ઈઝરાએલના શત્રુને હરાવવામાં મદદ કરી.
- **17:6** દાઉદે મંદિર બાંધવા ચાહ્યું કે જ્યાં બધા ઈઝરાએલીઓ દેવની આરાધના કરી શકે અને તેને બલિદાનો અર્પણ કરી શકે.
- **17:9** દાઉદે ન્યાય અને વિશ્વાસુપણાથી રાજ્ય કર્યું અને દેવે તેને આશીર્વાદિત કર્યો.

તોપણ, તેના જીવનના પાછળના સમયમાં તરફ તેણે દેવની વિરુદ્ધ ભયંકર રીતે પાપ કર્યું.

- **17:9** દાઉદે જે કર્યું હતું તે વિશે દેવ ખૂબજ ગુસ્સે હતા, જેથી તેણે નાથાન પ્રબોધકને તેનું પાપ કેવું દુષ્ટ હતું તે દાઉદને કહેવા મોકલ્યો.

બાકીના તેના જીવન દરમ્યાન કે જ્યાં ખૂબ મુશ્કેલી હતી છતાં પણ દાઉદ દેવને અનુસર્યો અને આધીન રહ્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H1732, G1138

# દાઉદનું કુટુંબ

## સત્યો:

"દાઉદનું કુટુંબ" અભિવ્યક્તિ દાઉદ રાજાના કુટુંબ અથવા વંશજોને દર્શાવે છે.

- તેનું ભાષાંતર "દાઉદના વંશજો" અથવા દાઉદનું કુટુંબ" અથવા "દાઉદ રાજાનું કુળ" તરીકે પણ કરી શકાય છે.
- કારણકે ઈસુ દાઉદથી ઉતરી આવેલો હતો, તે "દાઉદના કુટુંબનો" ભાગ હતો.
- ક્યારેક "દાઉદનું કુટુંબ" અથવા "દાઉદના ઘરના" દાઉદના કુટુંબના લોકો કે જેઓ હજુ જીવતા હતા તેઓને દર્શાવે છે.
- અન્ય સમયોમાં આ શબ્દ ખૂબ સામાન્ય છે અને કે જેઓ પહેલેથી જ મૃત્યુ પામ્યા છે તેઓ સહિત, તેના બધા વંશજોને દર્શાવે છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: દાઉદ, વંશજ, ઘર, ઈસુ, રાજા)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 10:17-19
- 2 શમુએલ 3:6-7
- લૂક 1:69-71
- ગીતશાસ્ત્ર 122:4-5
- ઝખાર્યા 12:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H1004, H1732, G1138, G3624

# દાઉદનું નગર

## સત્યો:

"દાઉદનું નગર" શબ્દ એ યરૂશાલેમ અને બેથલેહેમ બંને માટેનું આ એક બીજું નામ છે.

- જયારે દાઉદે ઈઝરાએલ પર રાજ્ય કર્યું ત્યારે તે યરૂશાલેમમાં રહેતો હતો.
- બેથલેહેમ એ છે કે જ્યાં દાઉદ જન્મ્યો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: દાઉદ, બેથલેહેમ, યરૂશાલેમ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 8:1-2
- 2 શમુએલ 5:6-7
- યશાયા 22:8-9
- લૂક 2:4-5
- નહેમ્યા 3:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H1732, H5892, G1138, G4172

# દાન

## સત્યો:

દાન યાકૂબનો પાંચમો દીકરો હતો, અને તે ઈઝરાએલના બાર કુળોમાંનો એક હતો. કનાનના ઉત્તર ભાગના પ્રદેશમાં દાનનું કુળ સ્થાયી થયું હતું તેને પણ આ નામ અપાયું હતું.

- ઈબ્રામના સમય દરમ્યાન, આ દાન નામનું શહેર યરૂશાલેમની પ્રશ્ચિમે આવેલું હતું.
- વર્ષો પછી, ઈઝરાએલ દેશ વચનની ભૂમિમાં પ્રવેશ્યો તે સમય દરમ્યાન, દાન નામનું અલગ શહેર હતું, જે લગભગ યરૂશાલેમથી ઉત્તર દિશા તરફ 60 ગાઉ ઉપર આવેલું હતું.

"દાનીઓ" શબ્દ દાનના વંશજોને દર્શાવે છે કે જેઓ તેના કુળના પણ સભ્યો હતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કનાન, યરૂશાલેમ, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1કાળવૃતાંત 12:34-35
- 1 રાજા 4:24-25
- નિર્ગમન 1:1-5
- ઉત્પત્તિ 14:13-14
- ઉત્પત્તિ 30:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H1835, H1839, H2051

# દાનિયેલ

## સત્યો:

દાનિયેલ ઈઝરાએલીઓનો એક પ્રબોધક હતો કે જેને જુવાન તરીકે લગભગ ઈસ પૂર્વે 600 વર્ષમાં બાબિલનો રાજા નબૂખાદનેસ્સાર દ્વારા બંદી બનાવીને લઈ જવામાં આવ્યો હતો.

- આ સમય દરમ્યાન યહૂદામાંથી બીજા ઘણા ઈઝરાએલીઓને બંદી બનાવીને 70 વર્ષો માટે બાબિલમાં લઇ જવાયા હતા.
- દાનિયેલને બાબિનનું નામ બેલ્ટશાસ્સાર આપવામાં આવ્યું હતું.
- દાનિયેલ એ એક પ્રતિષ્ઠિત અને પ્રમાણિક જુવાન માણસ કે જે દેવની આજ્ઞા પાળનારો હતો.
- દેવે દાનિયેલને બાબિનના રાજાઓના અનેક સ્વપ્નો અને દર્શનોનું અર્થઘટન કરવા જ્ઞાન પૂરું પાડ્યું.
- આ ક્ષમતાને કારણે અને તેના પ્રતિષ્ઠિત ચરિત્રને કારણે, દાનિયેલને બાબિલના સામ્રાજ્યમાં ઉચ્ચ નેતૃત્વનો દરજ્જો અપાયો હતો.
- ઘણા વર્ષો પછી, દાનિયેલના શત્રુઓએ બાબિલના રાજા દાર્યાવેશ સિવાય બીજા કોઈની ઉપાસના ન કરવાનો પ્રતિબંધ મૂકતો કાયદો બનાવવાની યુક્તિ કરી.

પણ દાનિયેલે દેવને પ્રાર્થના કરવાનું ચાલુ રાખ્યું, જેથી તેની ધરપકડ કરી અને સિંહોના બિલમાં ફેકવામાં આવ્યો. પણ દેવે તેને બચાવ્યો અને તેને કંઈપણ ઈજા થઈ નહીં.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાબિલ, નબૂખાદનેસ્સાર)

## બાઈબલની કલમો:

- દાનિયેલ 1:6-7
- દાનિયેલ 5:29-31
- દાનિયેલ 7:27-28
- હઝકિયેલ 14:12-14
- માથ્થી 24:15-18

## શબ્દ માહિતી:

- Strong's: H1840, H1841, G1158

# દાર્યાવેશ

## સત્યો:

દાર્યાવેશ એ ઈરાનના અનેક રાજાઓના નામ હતા. તે શક્ય છે કે “દાર્યાવેશ” નામને બદલે તે એક શીર્ષક હતું.

- “માદી દાર્યાવેશ” રાજા હતો કે જે એવી યુક્તિમાં ફસાયો હતો કે જેથી તેણે દાનિયેલ પ્રબોધકને દેવની ઉપાસના કરવા બદલ સજા તરીકે સિંહોના બિલમાં ફેંકયો.
- “ફારસી દાર્યાવેશ” એ એઝરા અને નહેમ્યાના સમય દરમ્યાન યરૂશાલેમના મંદિરના પુન:નિર્માણ માટે સગવડ કરીને મદદ કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ફારસી, બાબિલ, દાનિયેલ, એઝરા, નહેમ્યા)

## બાઈબલની કલમો:

- એઝરા 4:4-6
- હાગ્ગાય 1:1-2
- નહેમ્યા 12:22-23
- ઝખાર્યા 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H1867, H1868

# નફતાલી

## તથ્યો:

નફતાલી યાકૂબનો છઠ્ઠો દીકરો હતો. તેના વંશજોથી નફતાલીનું કુળ બન્યું, કે જે ઇઝરાયલના બાર કુળોમાનું એક હતું.

- જ્યાં તે કુળ રહેતું હતું તે પ્રદેશને દર્શાવવા કેટલીક વાર નફતાલી નામનો ઉપયોગ થતો હતો.

(આ જૂઓ: ઉપલક્ષ્ય અલંકાર)

- નફતાલીનો પ્રદેશ ઇઝરાયલમાં ઉત્તર ભાગમાં, દાન તથા આશેરના કુળો પાસે આવેલો હતો. તેની પૂર્વીય સરહદ કિન્નેરોથ સમુદ્રના પશ્ચિમના કિનારા પાસે હતી.
- આ કુળનો ઉલ્લેખ બાઇબલના જૂના તથા નવા કરારમાં કરવામાં આવ્યો છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: આશેર, દાન, યાકૂબ, ગાલીલનો સમુદ્ર, ઇઝરાયલના બાર કુળો)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 4:15-17
- પુનર્નિયમ 27:13-14
- હઝકિયેલ 48:1-3
- ઉત્પત્તિ 30:7-8
- ન્યાયાધીશો 1:33
- માથ્થી 4:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H5321, G3508

# નબૂખાદનેસ્સાર

## તથ્યો:

નબૂખાદનેસ્સાર બાબિલના સામ્રાજ્યનો રાજા હતો કે જેના શક્તિશાળી સૈન્યે ઘણી લોકજાતિઓ તથા દેશોને જીત્યા હતા.

- નબૂખાદનેસ્સારની આગેવાની હેઠળ, બાબિલના સૈન્યે યહૂદિયાના રાજ્ય પર હુમલો કરીને તેને જીતી લીધું અને યહૂદિયાના મોટા ભાગના લોકોને બંદી બનાવીને બાબિલ લઈ ગયા.

બંદીઓને 70 વર્ષ સુધી ત્યાં રહેવા ફરજ પાડવામાં આવી હતી કે જેને "બાબિલનો બંદીવાસ" કહેવામાં આવે છે.

- દાનિયેલ કે જે એક બંદી હતો તેણે નબૂખાદનેસ્સારના સ્વપ્નોનો અર્થ કરી બતાવ્યો હતો.
- હનાન્યા, મિશાએલ તથા અઝાર્યા એ બીજા ત્રણ બંદી ઇઝરાયલીઓને અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં આવ્યા હતા કારણકે તેમણે નબૂખાદનેસ્સારે બનાવેલી સોનાની વિશાળ મૂર્તિ આગળ નમવાનો ઇન્કાર કર્યો હતો.
- નબૂખાદનેસ્સાર રાજા બહું અભિમાની હતો અને તે જૂઠા દેવોને ભજતો હતો.

જ્યારે તેણે યહૂદિયાને જીત્યું ત્યારે, તે યરુશાલેમના ભક્તિસ્થાનમાંથી સોના અને ચાંદીના ઘણી વસ્તુઓ ચોરી લઈ ગયો.

- નબૂખાદનેસ્સાર અભિમાની હતો અને તેણે જૂઠા દેવોની પૂજા છોડવાનો ઇન્કાર કર્યો તે કારણે, યહોવાએ તેને સાત વર્ષ સુધી પશુ સમાન જીવવા નિરાધાર કરી નાંખ્યો.

સાત વર્ષ પછી, જ્યારે નબૂખાદનેસ્સારે પોતાને નમ્ર કર્યો અને એક માત્ર સત્ય ઈશ્વર યહોવાની સ્તુતિ કરી ત્યારે, ઈશ્વરે તેને પુનઃસ્થાપિત કર્યો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: અભિમાની, અઝાર્યા, બાબિલ, હનાન્યા, મિશાએલ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 6:13-15
- 2 રાજા 25:1-3
- દાનિયેલ 1:1-2
- દાનિયેલ 4:4-6
- હઝકિયેલ 26:7-8

## બાઇબલ વાતાઓમાંથી ઉદાહરણો:

- **20:6** આશૂરીઓએ ઇઝરાયલના રાજ્યનો નાશ કર્યો તેના લગભગ 100 વર્ષ બાદ, ઈશ્વરે બાબિલના રાજા **નબૂખાદનેસ્સારને** યહૂદિયાના રાજ્ય પર હુમલો કરવા મોકલ્યો.
- **20:6** યહૂદિયાનો રાજા **નબૂખાદનેસ્સારના** સેવક સાથે સંમત થયો અને તેને દર વર્ષે પુષ્કળ નાણાં ચૂકવતો હતો.
- **20:8** યહૂદિયાના રાજાને વિદ્રોહ કરવા બદલ શિક્ષા કરવા, **નબૂખાદનેસ્સારના** સૈનિકોએ તેની સામે જ તેના પુત્રોને મારી નાખ્યા અને પછી તેને આંધળો બનાવી દીધો.
- **20:9 નબૂખાદનેસ્સાર** અને તેનું સૈન્યે યહૂદિયા રાજ્યના લગભગ તમામ લોકોને બાબિલ લઈ ગયા અને સૌથી ગરીબ લોકોને જ ખેતરો વાવવા રહેવા દીધા.

## શબ્દ માહિતી:

- Strong's: H5019, H5020

# નહેમ્યા

## તથ્યો:

નહેમ્યા એક ઇઝરાયલી હતો કે જેને, જ્યારે ઇઝરાયલ તથા યહૂદિયાના લોકોને બાબિલના લોકો દ્વારા બંદી બનાવીને લઈ જવામાં આવ્યા ત્યારે, બાબિલના સામ્રાજ્યમાં દબાણપૂર્વક લઈ જવામાં આવ્યો હતો.

- જ્યારે તે ઈરાનના રાજા આર્તાહશાસ્તાનો પાત્રવાહક હતો ત્યારે, નહેમ્યાએ યરુશાલેમ પાછા જવા રાજા પાસે અનુમતિ માગી.
- નહેમ્યાએ ઇઝરાયલીઓને યરુશાલેમનો કોટ ફરી બાંધવા દોર્યા. તે કોટને બાબિલના લોકોએ તોડી પાડ્યો હતો.
- રાજાના મહેલમાં નહેમ્યા પાછો આવ્યો તે અગાઉ તે બાર વર્ષ સુધી યરુશાલેમનો રાજ્યપાલ હતો.
- જૂના કરારનું નહેમ્યાનું પુસ્તક નહેમ્યાના કોટને ફરી બાંધવાના કાર્ય વિષે તથા યરુશાલેમના લોકોનો વહીવટ કરવાના કાર્ય વિષે જણાવે છે.
- જૂના કરારમાં નહેમ્યા નામના બીજા માણસો પણ હતા.

સામાન્ય રીતે તે નામ સાથે પિતાનું નામ જોડવામાં આવતું હતું કે જેથી ખબર પડે કે કયા નહેમ્યાની વાત થઈ રહી હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: આર્તાહશાસ્તા, બાબિલ, યરુશાલેમ, પુત્ર)

## બાઇબલના સંદર્ભો:

- એઝરા 2:1-2
- નહેમ્યા0 2:1-2
- નહેમ્યા 10:1-3
- નહેમ્યા 12:46-47

## શબ્દ માહિતી:

- Strong's: H5166

# નાઇલ નદી, ઈજીપ્તની નદી, નાઇલ

## તથ્યો:

ઉત્તરપૂર્વીય આફ્રિકામાં નાઇલ એક ખૂબ જ લાંબી અને પહોળી નદી છે. તે ખાસ તો ઈજીપ્તની મુખ્ય નદી તરીકે જાણીતી છે.

- નાઇલ નદી ઈજીપ્તમાં થઈને ઉત્તર તરફ ભૂમધ્ય સમુદ્રમાં વહે છે.
- નાઇલ નદીની બન્ને બાજુએ ફળદ્રુપ જમીનમાં સારો પાક થાય છે.
- ખોરાકના પાકો માટે નાઇલ નદી એક અગત્યનો સ્રોત છે તે માટે મોટા ભાગના ઈજીપ્તના લોકો નાઇલ નદીની પાસે વસે છે.
- ઇઝરાયલીઓ ગોશેન પ્રદેશમાં વસ્યા હતા કે જે નાઇલ નદી પાસે સ્થિત હોવાથી ખૂબ જ ફળદ્રુપ હતો.
- જ્યારે મૂસા નાનું બાળક હતો ત્યારે, તેના માતાપિતાએ તેને ફારુનના માણસોથી છૂપાવવા એક ટોપલીમાં મૂકીને નાઇલ નદીના બરૂઓમાં મૂક્યો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઈજીપ્ત, ગોશેન, મૂસા)

## બાઇબલના સંદર્ભો:

- આમોસ 8:7-8
- ઉત્પત્તિ 41:1-3
- યર્મિયા 46:7-9

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **8:4** ઈજીપ્ત **નાઇલ નદીના** કિનારે સ્થિત એક મોટો અને શક્તિશાળી દેશ હતો.
- **9:4** ફારુને જોયું કે ઇઝરાયલીઓને ઘણાં બાળકો જનમતા હતા, તેથી તેણે પોતાના માણસોને હુકમ કર્યો કે બધા જ ઇઝરાયલી નર બાળકોને **નાઇલ નદીમાં** નાખીને મારી નાખવા.
- **9:6** જ્યારે બાળકના માતાપિતા તેને વધારે સમય છૂપાવી શક્યા નહિ ત્યારે, તેમણે તે બાળકને મરતું બચાવવા તેને એક તરતી ટોપલીમાં મૂકીને **નાઇલ નદીના** કિનારે બરૂઓમાં મૂક્યું.
- **10:3** ઈશ્વરે **નાઇલ નદીના** પાણીને લોહીમાં બદલી નાખ્યું, તો પણ ફારુને ઇઝરાયલીઓને જવા દીધા નહિ.

## શબ્દ માહિતી:

- Strong's: H2975, H4714, H5104

# નાથાન

## તથ્યો:

નાથાન ઈશ્વરનો વિશ્વાસુ પ્રબોધક હતો. દાઉદ જ્યારે ઇઝરાયલનો રાજા હતો તે સમય દરમ્યાન તે થઈ ગયો.

- દાઉદે ઉરિયા વિરુદ્ધ ભયંકર પાપ કર્યું ત્યારે તેને પડકારવા ઈશ્વરે નાથાનને મોકલ્યો.
- જો કે દાઉદ રાજા હતો તો પણ નાથાને તેને ઠપકો આપ્યો.
- નાથાને તેને પડકાર્યો તે પછી દાઉદે તેના પાપ વિષે પશ્ચાતાપ કર્યો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: દાઉદ, વિશ્વાસુ, પ્રબોધક, ઉરિયા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 17:1-2
- 2 કાળવૃતાંત 9:29-31
- 2 શમુએલ 12:1-3
- ગીતશાસ્ત્ર 51:1-2

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **17:7** ઈશ્વરે **નાથાન** પ્રબોધકને દાઉદ પાસે આ સંદેશો આપવા મોકલ્યો, "તું મારા માટે આ ભક્તિસ્થાન નહિ બનાવે કારણકે તું યુદ્ધો કરનાર વ્યક્તિ છે."
- **17:13** દાઉદે જે કર્યું હતું તે વિષે ઈશ્વર ખૂબ જ ક્રોધિત થયા, તેથી દાઉદને તેનું પાપ કેટલું દુષ્ટ હતું તે કહેવા તેમણે **નાથાન** પ્રબોધકને મોકલ્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H5416, G3481

# નામાન

## તથ્યો:

જૂના કરારમાં, નામાન અરામના રાજાના સૈન્યનો સેનાપતિ હતો.

- નામાનને કોઢ કહેવાતો એક ભયંકર રોગ હતો કે જે મટી શકતો ન હતો.
- નામાનના પરિવારની એક યહૂદી ગુલામે તેને કહ્યું કે તે જઈને એલિશા પ્રબોધકને પોતાને સાજો કરવા કહે.
- એલિશાએ નામાનને યર્દન નદીમાં સાત વાર સ્નાન કરવા કહ્યું.

જ્યારે નામાને તે પ્રમાણે કર્યું ત્યારે, ઈશ્વરે તેને તેના રોગથી સાજો કર્યો.

- તેના પરિણામે, નામાને એકમાત્ર સાચા ઈશ્વર યહોવામાં વિશ્વાસ કર્યો.
- નામાન નામના બીજા બે માણસો યાકૂબના દીકરા બિન્યામીનના વંશજો હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: અરામ, યર્દન નદી, કોઢ, પ્રબોધક)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 8:6-7
- 2 રાજા 5:1-2
- લૂક 4:25-27

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **19:14 નામાન** કે જે શત્રુ સેનાપતિ હતો અને જેને ચામડીનો ભયંકર રોગ હતો તેના જીવનમાં એક ચમત્કાર થયો.
- **19:15** પ્રથમ તો **નામાન** ગુસ્સે થયો અને તેમ કરવા માગતો ન હતો કારણકે તેમ કરવું તેને મૂર્ખતા લાગી.

પણ બાદમાં તેણે પોતાનું મન બદલ્યું અને યર્દન નદીમાં સાત વાર ડૂબકી લગાવી.

- **26:6** "તેણે (એલિશાએ)**નામાનના** ચામડીના રોગને જ સાજો કર્યો."

## શબ્દ માહિતી:

- Strong's: H5283, G3497

# નાસરેથ, નાઝારી

## તથ્યો:

નાસરેથ ઉત્તર ઇઝરાયલમાં ગાલીલ પ્રાંતમાં આવેલું એક નગર છે. તે યરુશાલેમથી લગભગ 100 કિલોમીટર ઉત્તરે છે અને પગે ચાલતા લગભગ ત્રણથી પાંચ દિવસ લાગતા હતા.

- યૂસફ અને મરિયમ નાસરેથના વતની હતા અને ત્યાં જ તેમણે ઈસુનો ઉછેર કર્યો હતો.

તેથી જ ઈસુ “નાઝારી” તરીકે ઓળખાતા હતા.

- નાસરેથમાં રહેતા ઘણાં યહૂદીઓએ ઈસુના શિક્ષણને માન આપ્યું નહિ, કારણકે તેમનો ઉછેર તેઓ વચ્ચે થયો હતો અને તેઓએ વિચાર્યું કે તેઓ એક સામાન્ય માણસ હતા.
- એક વાર, જ્યારે ઈસુ નાસરેથના સભાસ્થાનમાં શીખવતા હતા ત્યારે, ત્યાંના યહૂદીઓએ તેમની હત્યા કરવાનો પ્રયાસ કર્યો કારણકે તેઓએ મસીહ હોવાનો દાવો કર્યો હતો અને તેમનો નકાર કરવા બદલ તેઓને ઠપકો આપ્યો હતો.
- જ્યારે નથાનિયેલે સાંભળ્યું કે ઈસુ નાસરેથના હતા ત્યારે તેણે જે ટીપણી કરી તે દર્શાવે છે કે આ શહેર ખાસ જાણીતું ન હતું.

(આ પણ જૂઓ: ખ્રિસ્ત, ગાલીલ, યૂસફ, મરિયમ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 26:9-11
- યોહાન 1:43-45
- લૂક 1:26-29
- માર્ક 16:5-7
- માથ્થી 2:22-23
- માથ્થી 21:9-11
- માથ્થી 26:71-72

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **23:4** યૂસફ અને મરિયમે જ્યાં તેઓ રહેતા હતા ત્યાં **નાસરેથથી** બેથલેહેમ જવા લાંબી મુસાફરી કરવી પડી કારણકે તેઓનો પૂર્વજ દાઉદ હતો કે જેનું વતન બેથલેહેમ હતું.
- **26:2** ઈસુ **નાસરેથ** નગરમાં ગયા કે જ્યાં તેઓનું બાળપણ વીત્યું હતું.
- **26:7** **નાસરેથના** લોકો ઈસુને આરાધનાના સ્થળેથી બહાર ખેંચી ગયા અને તેમને મારી નાખવા ડુંગરની ધાર પરથી ધકેલી દેવા પર લઈ ગયા.

## શબ્દ માહિતી:

- Strong's: G3478, G3479, G3480

# નાહૂમ

## તથ્યો:

નાહૂમ એક પ્રબોધક હતો કે જેણે જ્યારે મનાશ્શા રાજા યહૂદિયા પર રાજ કરતો હતો ત્યારે પ્રબોધ કર્યો.

- નાહૂમ એલ્કોશ નગરનો રહેવાસી હતો કે જે યરુશાલેમથી લગભગ 20 માઈલ દૂર હતું.
- જૂના કરારનું નાહૂમનું પુસ્તક આશૂર સામ્રાજ્યના નિનવે શહેરના નાશ વિષે તેના ભવિષ્યવચનો નોંધે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ:: આશૂર, મનાશ્શા, પ્રબોધક, નિનવે)

## બાઇબલના સંદર્ભો:

- નાહૂમ 1:1

## શબ્દ માહિતી:

- Strong's: H5151, G3486

# નાહોર

## તથ્યો:

ઇબ્રાહિમના બે સગાનું નામ નાહોર હતું, તેના દાદાનું નામ અને તેના ભાઈનું નામ.

- ઇબ્રાહીમનો ભાઈ નાહોર ઇસહાકની પત્ની રીબકાના દાદા હતા.
- “નાહોરનું શહેર” શબ્દસમૂહનો અર્થ “નાહોર નામનું શહેર” અથવા તો “નાહોર રહેતો હતો તે શહેર” અથવા તો “નાહોરનું શહેર” થઇ શકે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઇબ્રાહિમ, રીબકા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 1:24-27
- ઉત્પત્તિ 31:51-53
- યહોશુઆ 24:1-2
- લૂક 3:33-35

## શબ્દ માહિતી:

- Strong's: H5152, G3493

# નિનવે, નિનવેવાદી

## તથ્યો:

નિનવે આશ્શૂરની રાજધાનીનું શહેર હતું. "નિનવેવાદી" એક વ્યક્તિ હતી કે જે નિનવેમાં રહેતી હતી.

- ઈશ્વરે યૂના પ્રબોધકને નિનવેવાદીઓને તેમનાં દુષ્ટ માર્ગોથી પાછા ફરવા ચેતવણી આપવા મોકલ્યો.

લોકોએ પશ્ચાતાપ કર્યો અને ઈશ્વરે તેમનો નાશ કર્યો નહિ.

- આશ્શૂરના લોકોએ બાદમાં ઈશ્વરની સેવા કરવાનું બંધ કર્યું.

તેઓએ ઇઝરાયલના રાજ્યને જીતી લીધું અને લોકોને નિનવેમાં લઈ ગયા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: આશ્શૂર, યૂના, પશ્ચાતાપ કરવો, ફરવું)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 10:11-14
- યૂના 1:1-3
- યૂના 3:1-3
- લૂક 11:32
- માથ્થી 12:41

## શબ્દ માહિતી:

- Strong's: H5210, G3535, G3536

# નૂહ

## તથ્યો:

નૂહ એક માણસ હતો કે જે 4000 વર્ષ અગાઉ થઈ ગયો. આ તે સમય હતો કે જયારે ઈશ્વરે જગતના બધા જ દુષ્ટ લોકોનો સંહાર કરવા વિશ્વવ્યાપી પૂર મોકલ્યું હતું. ઈશ્વરે નૂહને એક વિશાળકાય વહાણ બાંધવા કહ્યું કે જયારે પૂર આખી પૃથ્વીને ઘેરી વળે ત્યારે તે અને તેનું કુટુંબ તેમાં રહી શકે.

- નૂહ એક ન્યાયી માણસ હતો કે જેણે દરેક બાબતમાં ઈશ્વરની આજ્ઞા માની.
- જયારે ઈશ્વરે નૂહને એક વિશાળકાય વહાણ બાંધવા કહ્યું ત્યારે, ઈશ્વરે જે પ્રમાણે કહ્યું હતું તે જ પ્રમાણે નૂહે તે બાંધ્યું.
- વહાણમાં, નૂહ અને તેના કુટુંબને સલામત રાખવામાં આવ્યું અને બાદમાં તેઓના બાળકો અને બાળકોના બાળકોએ પૃથ્વીને ફરી લોકોથી ભરપૂર કરી.
- પૂર બાદ જન્મેલી દરેક વ્યક્તિ નૂહની વંશજ છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: વંશજ, વહાણ)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 5:30-31
- ઉત્પત્તિ 5:32
- ઉત્પત્તિ 6:7-8
- ઉત્પત્તિ 8:1-3
- હિબ્રૂ 11:7
- માથ્થી 24:37-39

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **3:2** પણ **નૂહ** ઈશ્વરની નજરમાં કૃપા પામ્યો.
- **3:4** **નૂહે** ઈશ્વરની આજ્ઞા પાળી.

ઈશ્વરે તેઓને જે પ્રમાણે કહ્યું હતું તે જ પ્રમાણે તેણે તથા તેના દીકરાઓએ વહાણ બાંધ્યું.

- **3:13** બે મહિના પછી ઈશ્વરે **નૂહને** કહ્યું, “તું તથા તારું કુટુંબ અને બધા જ પ્રાણીઓ વહાણમાંથી બહાર નીકળી શકો છો.”

ઘણાં બાળકો અને બાળકોના બાળકો પેદા કરો અને પૃથ્વીને ભરપૂર કરો. તેથી **નૂહ** અને તેનું કુટુંબ વહાણમાંથી બહાર આવ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H5146, G3575

# નેગેબ

## તથ્યો:

નેગેબ દક્ષિણ ઇઝરાયલમાં એક અરણ્ય પ્રદેશ છે કે જે ખારા સમુદ્રની દક્ષિણ પશ્ચિમે છે.

- મૂળ શબ્દનો અર્થ “દક્ષિણ” થાય છે અને ઘણાં અંગ્રેજી અનુવાદો તે રીતે તેનો અનુવાદ કરે છે.
- એ શક્ય છે કે આજે જ્યાં નેગેબનું અરણ્ય આવેલું છે ત્યાં તે “દક્ષિણ” સ્થિત ન હોય.
- જ્યારે ઇબ્રાહિમ કાદેશ શહેરમાં વસતો હતો ત્યારે, તે નેબેગ અથવા તો દક્ષિણી પ્રાંતમાં હતો.
- જ્યારે રીબકાએ ઇસાહકને મળવા યાત્રા કરી અને તેની પત્ની બની ત્યારે તે નેગેબમાં રહેતો હતો.
- યહૂદા અને શિમઓનના યહૂદી કુળો દક્ષિણી પ્રાંતમાં રહેતા હતા.
- બેરશીબા નેગેબ પ્રાંતનું સૌથી મોટું શહેર હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઇબ્રાહિમ, બેરશીબા, ઇઝરાયલ, યહૂદિયા, કાદેશ, ખારો સમુદ્ર, શિમયોન)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 12:8-9
- ઉત્પત્તિ 20:1-3
- ઉત્પત્તિ 24:61-62
- યહોશુઆ 3:14-16
- ગણના 13:17-20

## શબ્દ માહિતી:

- Strong's: H5045, H6160

# પરીઝીઓ

## તથ્યો:

પરીઝીઓ કનાન દેશમાંની ઘણી લોકજાતિઓમાંની એક લોકજાતિ હતી. આ જાતિના પૂર્વજો કોણ હતા અને તેઓ કનાન દેશમાં કયા ભાગમાં રહેતા હતા તે વિષે ખૂબ જ ઓછી માહિતી ઉપલબ્ધ છે.

- પરીઝીઓનો ઉલ્લેખ જૂના કરારના ન્યાયાધીશોના પુસ્તકમાં સૌથી વધારે વાર કરવામાં આવ્યો છે કે જ્યાં નોંધવામાં આવ્યું છે કે તેઓએ ઇઝરાયલીઓ સાથે આંતરલગ્નો કર્યા અને તેઓને જૂઠા દેવોની પૂજા કરવા પ્રભાવિત કર્યા.
- નોંધ લો કે પેરેસનું કુળ કે જેઓને "પેરેસીઓ" કહેવામાં આવતા હતા તેઓ પરીઝીઓથી બિન્ન એવી લોકજાતિ હતી.

આ તફાવત સ્પષ્ટ કરવા બંને નામોની જોડણી અલગ રીતે લખાય તે જરૂરી છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: કનાન, જૂઠા દેવો)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 9:20-21
- 2 કાળવૃતાંત 8:7-8
- નિર્ગમન 3:16-18
- ઉત્પત્તિ 13:5-7
- યહોશુઆ 3:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H6522

# પલિસ્તિ દેશ, પલેશેથ

## વ્યાખ્યા:

પલેશેથ એ કનાન દેશના એક મોટા પ્રદેશનું નામ છે કે જે ભૂમધ્ય સમુદ્રના કિનારે સ્થિત છે.

- આ પ્રદેશ ઉત્તરમાં જોપ્પાથી લઈને દક્ષિણમાં ગાઝા સુધીના દરિયાકિનારાના ખૂબ જ ફળદ્રુપ મેદાનમાં સ્થિત હતો.

તે પ્રદેશ લગભગ 64 કિલોમીટર લાંબો અને 16 કિલોમીટર પહોળો હતો.

- પલિસ્તિ લોકો કે જેઓ એક શક્તિશાળી જૂથ હતું અને જેઓને ઇઝરાયલીઓ સાથે વારંવાર દુશ્મનાવટ રહેતી હતી તેઓએ પલેશેથનો કબજો લીધો હતો.

(આ પણ જૂઓ: પલિસ્તિઓ, ગાઝા, જોપ્પા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 10:9-10
- યોએલ 3:4-6
- ગીતશાસ્ત્ર 60:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H776 H6429 H06430

# પલિસ્તિઓ

## તથ્યો:

પલિસ્તિઓ એક લોકજાતિ હતી કે જેઓએ ભૂમધ્ય સમુદ્રના દરિયાકિનારે આવેલા પલેશેથ નામે ઓળખાતા પ્રદેશનો કબજો લીધો હતો. તેઓના નામનો અર્થ "સમુદ્રના લોકો" એવો થાય છે.

- પલિસ્તિઓના પાંચ મુખ્ય શહેરો હતા:

આશ્દોદ, આશ્કેલોન, એક્રોન, ગાથ અને ગાઝા.

- આશ્દોદ શહેર પલેશેથના ઉત્તર ભાગમાં હતું અને ગાઝા શહેર દક્ષિણ ભાગમાં હતું.
- પલિસ્તીઓ તેમના ઇઝરાયલીઓ વિરુદ્ધના ઘણા વર્ષોના યુદ્ધને કારણે કદાચ સૌથી વધારે જાણીતા છે.
- સામસૂન ન્યાયાધીશ પલિસ્તિઓ વિરુદ્ધ એક પ્રખ્યાત યોદ્ધો હતો કે જેણે ઈશ્વર તરફથી મળેલા અલૌકિક બળનો ઉપયોગ કર્યો હતો.
- દાઉદ રાજાએ પલિસ્તિઓ વિરુદ્ધ લડાઈઓમાં ઘણી વાર દોરવણી આપી કે જેમાં જ્યારે તે યુવાન હતો ત્યારે તેણે પલિસ્તિ યોદ્ધા ગોલ્યાથને હરાવ્યો તેનો પણ સમાવેશ થાય છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(જુઓ: આશ્દોદ, આશ્કેલોન, દાઉદ, એક્રોન, ગાથ, ગાઝા, ગોલ્યાથ, ખારો સમુદ્ર)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 18:9-11
- 1 શમુએલ 13:3-4
- 2 કાળવૃતાંત 9:25-26
- ઉત્પત્તિ 10:11-14
- ગીતશાસ્ત્ર 56:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H6429, H6430

# પાઉલ, શાઉલ

## સત્યો/તથ્યો:

પાઉલ શરૂઆતની મંડળીનો એક આગેવાન હતો કે જેને ઈસુએ બીજી ઘણી લોકજાતિઓને સુવાર્તા આપવા મોકલ્યો હતો.

- પાઉલ તાર્સસ નામના રોમન શહેરમાં જન્મેલો એક યહૂદી વ્યક્તિ હતો અને તેથી તે એક રોમન નાગરિક પણ હતો.
- પાઉલ અગાઉ તેના મૂળ યહૂદી નામ શાઉલ દ્વારા ઓળખાતો હતો.
- શાઉલ એક યહૂદી ધાર્મિક આગેવાન બન્યો અને તેણે ખ્રિસ્તી બનેલા યહૂદીઓની ધરપકડ કરી, કારણકે તે માનતો હતો કે ઈસુમાં વિશ્વાસ કરવા દ્વારા તેઓ ઈશ્વરનું અપમાન કરતા હતા.
- ઈસુએ પોતાને શાઉલ સમક્ષ આંખો આંજી નાખે તેવા પ્રકાશમાં પ્રગટ કર્યા અને તેને ખ્રિસ્તીઓને નુકસાન પહોંચાડવાનું બંધ કરવા કહ્યું.
- શાઉલે ઈસુ પર વિશ્વાસ કર્યો અને પોતાના સાથી યહૂદીઓને ઈસુ વિષે શીખવવાનું શરૂ કર્યું.
- ત્યાર પછી, ઈશ્વરે શાઉલને બિન-યહૂદીઓને ઈસુ વિષે શીખવવા તથા રોમન સામ્રાજ્યના વિવિધ શહેરો તથા પ્રાંતોમાં મંડળીઓ શરૂ કરવા મોકલ્યો. તે સમયે તે તેના રોમન નામ “પાઉલ” દ્વારા ઓળખાવા લાગ્યો.
- પાઉલે આ શહેરોમાંની મંડળીઓના ખ્રિસ્તીઓને ઉત્તેજન આપવા તથા શીખવવા પત્રો પણ લખ્યા. આવા ઘણાં પત્રો નવા કરારમાં જોવા મળે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ખ્રિસ્તી, યહૂદી આગેવાનો, રોમ)

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથી 1:1-3
- પ્રેરિતોનાં કૃત્યો 8:1-3
- પ્રેરિતોનાં કૃત્યો 9:26-27
- પ્રેરિતોનાં કૃત્યો 13:9-10
- ગલાતી 1:1-2
- ફીલેમોન 1:8-9

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **45:6 શાઉલ** નામનો એક જુવાન માણસ સ્તેફનની હત્યા કરનારા લોકો સાથે સંમત હતો અને જ્યારે તેઓ તેને પથ્થરો મારતા હતા ત્યારે તેણે તેઓના વસ્ત્રો સાચવ્યાં હતા.
- **46:1** જેઓએ સ્તેફનની હત્યા કરી તે માણસોના ઝભ્ભા **શાઉલ** નામના જુવાન માણસે સાચવ્યાં હતા. તે ઈસુમાં વિશ્વાસ કરતો ન હતો, તેથી તેણે વિશ્વાસીઓની સતાવણી કરી.
- **46:2** જ્યારે **શાઉલ** દમસ્કસના રસ્તે જતો હતો ત્યારે, સ્વર્ગમાંથી એક ઝળહળતો પ્રકાશ તેની આસપાસ ઝબૂક્યો અને તે જમીન પર પડી ગયો. **શાઉલે** કોઈકને કહેતા સાંભળ્યા કે, "**શાઉલ**! **શાઉલ**! તું મને કેમ સતાવે છે?
- **46:5** તેથી અનાન્યા **શાઉલ** પાસે ગયો, તેની પર પોતાના હાથ મૂક્યા અને કહ્યું, “ઈસુ કે જેઓ તને અહીં આવતા રસ્તામાં પ્રગટ થયા, તેઓએ મને મોકલ્યો છે કે જેથી તને તારી દ્રષ્ટિ પાછી મળે અને તું પવિત્ર આત્માથી ભરપૂર થાય.” **શાઉલ** તરત જ ફરીથી જોઈ શક્યો અને અનાન્યાએ તેને બાપ્તિસ્મા આપ્યું.
- **46:6** તરત જ, **શાઉલે** દમસ્કસના યહૂદીઓને “ઈસુ ઈશ્વરપુત્ર છે!” એમ કહેતાં પ્રચાર કરવાની શરૂઆત કરી.
- **46:9** આ નવા વિશ્વાસીઓને ઈસુ વિષે વધારે શીખવવા તથા મંડળીને દ્રઢ કરવા બાર્નબાસ અને **શાઉલ** ત્યાં (અંત્યોખ) ગયા.
- **47:1** જ્યારે **શાઉલે** સમગ્ર રોમન સામ્રાજ્યની મુસાફરી કરી ત્યારે, તેણે તેના રોમી નામ “**પાઉલ**” નો ઉપયોગ કરવાની શરૂઆત કરી.
- **47:14 પાઉલ** અને બીજા ખ્રિસ્તી આગેવાનોએ લોકોને ઈસુ વિશેના શુભ સમાચારનો પ્રચાર કરતા તથા શીખવતા બીજા ઘણા શહેરોની મુસાફરી કરી.

## શબ્દ માહિતી:

- Strong's: G3972, G4569

# પાદાનારામ

## તથ્યો:

પાદાનારામ એક પ્રદેશનું નામ હતું કે જ્યાં કનાન દેશમાં ગયા અગાઉ ઇબ્રાહિમનું કુટુંબ રહેતું હતું. તેનો અર્થ “અરામનું મેદાન” થાય છે.

- જ્યારે ઇબ્રાહિમ પાદાનારામના હારાનથી કનાન દેશમાં જવા નીકળ્યો ત્યારે, તેનું મોટા ભાગનું બાકીનું કુટુંબ તો હારાનમાં જ રહ્યું.
- ઘણા વર્ષો બાદ, ઇસહાક માટે ઇબ્રાહિમના સગાઓમાં પત્ની મેળવવા ઇબ્રાહિમનો દાસ પાદાનારામ ગયો અને ત્યાં તેને બથુએલની પૌત્રી રિબકા મળી.
- ઇસહાક અને રિબકાનો દીકરો યાકૂબ પણ પાદાનારામ ગયો અને રિબકાના ભાઈ લાબાનની બે દીકરીઓને પરણ્યો. લાબાન હારાનમાં રહેતો હતો.
- અરામ, પાદાનારામ અને અરામ નાહરાઇમ તે બધા એક જ પ્રદેશના ભાગો હતા કે જે હાલના સિરિયા દેશમાં આવેલો છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઇબ્રાહિમ, અરામ, બથુએલ, કનાન, હારાન, યાકૂબ, લાબાન, રિબકા, સિરિયા)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 28:1-2
- ઉત્પત્તિ 35:9-10
- ઉત્પત્તિ 46:12-15

## શબ્દ માહિતી:

- Strong's: H6307

# પારાન

## તથ્યો:

પારાન ઈજિપ્તની પૂર્વમાં અને કનાન દેશની દક્ષિણે આવેલો રણ કે અરણ્ય વિસ્તાર હતો. ત્યાં પારાન પહાડ પણ હતો કે જે સિનાઈ પર્વતનું બીજું નામ હોય શકે છે.

- સારાએ ઇબ્રાહિમને હગાર દાસી તથા તેના પુત્ર ઇશ્માએલને કાઢી મૂકવા કહ્યું તે પછી તેઓ પારાનના અરણ્યમાં રહેવા ગયા.
- જ્યારે મૂસાએ ઇઝરાયલીઓને ઈજિપ્તમાંથી બહાર દોર્યા ત્યારે, તેઓએ પારાનના અરણ્યમાં થઈને મુસાફરી કરી.
- પારાનના અરણ્યના કાદેશ-બાર્નેઆથી મૂસાએ કનાન દેશની બાતમી કાઢવા અને તેનો અહેવાલ લાવવા બાર જાસૂસોને મોકલ્યા હતા.
- ઝીનનું અરણ્ય પારાનની ઉત્તરે હતું અને સીનનું અરણ્ય પારાનની દક્ષિણે હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: કનાન, રણ, ઈજિપ્ત, કાદેશ, સિનાઈ)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 11:18-19
- 1 શમુએલ 25:1
- ઉત્પત્તિ 21:19-21
- ગણના 10:11-13
- ગણના 13:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H364, H6290

# પિતર, સિમોન પિતર, કેફાસ

## તથ્યો:

પિતર ઈસુના બાર શિષ્યોમાંનો એક હતો. તે શરૂઆતની મંડળીનો એક મહત્ત્વનો આગેવાન હતો.

- ઈસુએ પિતરને પોતાનો શિષ્ય થવા બોલાવ્યો તે અગાઉ, તેનું નામ સિમોન હતું.
- બાદમાં, ઈસુએ તેનું નામ "કેફાસ" પાડ્યું, જેનો અર્થ અરામિક ભાષામાં "પથ્થર" અથવા તો "ખડક" થાય છે.

પિતર નામનો અર્થ ગ્રીક ભાષામાં પણ "પથ્થર" અથવા તો "ખડક" થાય છે.

- ઈશ્વરે પિતર દ્વારા લોકોને સાજા કરવા તથા ઈસુ વિષે સુવાર્તા પ્રસારવા કાર્ય કર્યું.
- નવા કરારમાં બે પુસ્તકો પિતરે સાથી વિશ્વાસીઓને ઉત્તેજન આપવા તથા શીખવવા લખેલા પત્રો છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: શિષ્ય, પ્રેરિત)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 8:25
- ગલાતી 2:6-8
- ગલાતી 2:11-12
- લૂક 22:56-58
- માર્ક 3:13-16
- માથ્થી 4:18-20
- માથ્થી 8:14-15
- માથ્થી 14:28-30
- માથ્થી 26:33-35

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **28:9 પિતરે** ઈસુને કહ્યું, "અમે સઘળું છોડીને તમારું અનુસરણ કર્યું છે.

અમને શો બદલો મળશે?"

- **29:1** એક દિવસે **પિતરે** ઈસુને પૂછ્યું, "પ્રભુ, જ્યારે મારો ભાઈ મારી વિરુદ્ધ પાપ કરે ત્યારે મારે તેને કેટલી વાર માફ કરવું જોઈએ?

સાત વાર?"

- **31:5** પછી **પિતરે** ઈસુને કહ્યું, "પ્રભુ, જો તે તમે છો તો, મને પાણી પર ચાલીને તમારી પાસે આવવા આજ્ઞા કરો."

ઈસુએ **પિતરને** કહ્યું, "આવ!"

- **36:1** એક દિવસે ઈસુએ તેમના ત્રણ શિષ્યોને એટલે કે, **પિતર**, યાકૂબ અને યોહાનને પોતાની સાથે લીધા.
- **38:9 પિતરે** જવાબ આપ્યો, "જો કે બીજા બધા જ તમને તરછોડે તો પણ, હું તમને તરછોડીશ નહીં."

પછી ઈસુએ **પિતરને** કહ્યું, "શેતાન તમારા બધા પર નિયંત્રણ ચાહે છે, પણ **પિતર** મેં તારા માટે પ્રાર્થના કરી છે કે તારો વિશ્વાસ નિષ્ફળ ન જાય. તો પણ, આજે રાત્રે, તું ક્યારેય મને ઓળખતો હતો તે વિષે મરઘો બોલ્યા અગાઉ તું ત્રણ વાર નકાર કરીશ."

- **38:15** સૈનિકોએ ઈસુની ધરપકડ કરી ત્યારે, **પિતરે** તેની તલવાર કાઢીને પ્રમુખ યાજકના ચાકરનો કાન કાપી નાખ્યો.
- **43:11 પિતરે** તેઓને જવાબ આપ્યો, "તમારામાંના દરેકે પશ્ચાતાપ કરવો જોઈએ અને ઈસુના નામમાં બાપ્તિસ્મા પામવું જોઈએ કે જેથી ઈશ્વર તમારા પાપ માફ કરે."
- **44:8 પિતરે** તેઓને જવાબ આપ્યો, "ઈસુ મસીહાના સામર્થ્ય દ્વારા આ માણસ તમારી સામે સાજો ઊભો છે.

## શબ્દ માહિતી:

- Strong's: G2786, G4074, G4613

# પિલાત

## તથ્યો:

પિલાત યહૂદીયાના રોમન પ્રાંતનો રાજ્યપાલ હતો કે જેણે ઈસુને મૃત્યુદંડ દીધો હતો.

- પિલાત રાજ્યપાલ હતો તે કારણે તેની પાસે ગુનેગારોને મૃત્યુદંડ આપવાનો અધિકાર હતો.
- યહૂદી ધાર્મિક આગેવાનો ઇચ્છતા હતા કે પિલાત ઈસુને વધસ્તંભે જડાવે, તેથી તેઓ જૂઠું બોલ્યા અને કહ્યું કે ઈસુ ગુનેગાર હતા.
- પિલાતને ખબર પડી કે ઈસુ દોષિત ન હતા, પણ તે લોકોના ટોળાથી ડરતો હતો અને તેઓને ખુશ કરવા ચાહતો હતો, તેથી તેણે તેના સૈનિકોને ઈસુને વધસ્તંભે જડવા હુકમ કર્યો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: વધસ્તંભે જડાવવું, રાજ્યપાલ, દોષ, યહૂદિયા, રોમ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 4:27-28
- પ્રેરિતોનાં કૃત્યો 13:28-29
- લૂક 23:1-2
- માર્ક 15:1-3
- માથ્થી 27:11-14
- માથ્થી 27:57-58

## બાઇબલ વાતાઓમાંથી ઉદાહરણો:

- **39:9** બીજા દિવસે વહેલી સવારે, યહૂદી આગેવાનો ઈસુને રોમન રાજ્યપાલ **પિલાત** પાસે લાવ્યા.

તેઓને આશા હતી કે **પિલાત** ઈસુને દોષિત ઠરાવશે અને તેને મારી નાખવાની સજા કરશે. **પિલાતે** ઈસુને પૂછ્યું, "શું તું યહૂદીઓનો રાજા છે?"

- **39:10** **પિલાતે** કહ્યું, "સત્ય શું છે?"
- **39:11** ઈસુ સાથે વાત કર્યા પછી **પિલાત** લોકોના ટોળા પાસે ગયો અને કહ્યું, "મને આ માણસમાં કોઈ દોષ માલૂમ પડતો નથી."

પણ યહૂદી આગેવાનોએ અને ટોળાએ બૂમો પાડી, "તેને વધસ્તંભે જડાવ!" **પિલાતે** પ્રત્યુત્તર આપ્યો, "તે દોષિત નથી." પણ તેઓએ વધારે મોટેથી બૂમો પાડી. પછી **પિલાતે** ત્રીજી વાર કહ્યું, "તે દોષિત નથી!"

- **39:12** **પિલાતને** ડર લાગ્યો કે ટોળું હુલ્લડ કરશે, તેથી તેણે પોતાના સૈનિકોને ઈસુને વધસ્તંભે જડવા આદેશ આપ્યો.
- **40:2** **પિલાતે** હુકમ કર્યો કે ઈસુના માથા ઉપર "યહૂદીઓનો રાજા" એવો એક લેખ મૂકવામાં આવે.
- **41:2** **પિલાતે** કહ્યું, "કેટલાક સૈનિકોને લઈ જાવ અને કબરને પૂરતી સુરક્ષિત કરો."

## શબ્દ માહિતી:

- Strong's: G4091, G4194

# પેઓર, પેઓર પહાડ, બઆલ પેઓર

## વ્યાખ્યા:

"પેઓર" અને "પેઓર પહાડ" શબ્દો મોઆબના પ્રદેશમાં, ખારા સમુદ્રની ઉત્તરપૂર્વે સ્થિત એક પહાડનો ઉલ્લેખ કરે છે.

- "બેથ પેઓર" નામ એક શહેરનું નામ હતું કે જે કદાચને તે પહાડ પર અથવા તો તેની નજીક સ્થિત હતું.

આ એ જગ્યા છે જ્યાં ઈશ્વરે મૂસાને વચનનો દેશ બતાવ્યો તે પછી તે ત્યાં મૃત્યુ પામ્યો.

- "બઆલ પેઓર" મોઆબીઓનો જૂઠો દેવ હતો કે જેની પૂજા તેઓ પેઓર પહાડ પર કરતા હતા.

ઇઝરાયલીઓએ પણ તે મૂર્તિની પૂજા કરવાનું શરૂ કર્યું હતું અને ઈશ્વરે તે માટે તેઓને સજા કરી હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: બઆલ, જૂઠો દેવ, મોઆબ, ખરો સમુદ્ર, આરાધના)

## બાઇબલના સંદર્ભો:

- ગણના 23:28-30
- ગણના 31:16-17
- ગીતશાસ્ત્ર 106:28-29

## શબ્દ માહિતી:

- Strong's: H1047, H1187, H6465

# પોટીફાર

## તથ્યો:

યૂસફને ઇશ્માએલીઓને ગુલામ તરીકે વેચી દેવામાં આવ્યો ત્યારે પોટીફાર ઈજીપ્તના ફારૂન રાજાનો મહત્ત્વનો અધિકારી હતો.

- પોટીફારે ઇશ્માએલીઓ પાસેથી યૂસફને ખરીદ્યો અને તેને પોતાના પરિવાર પર અધિકારી ઠરાવ્યો.
- જ્યારે યૂસફ પર ખોટું કરવા સંબંધી જૂઠી રીતે દોષ મૂકવામાં આવ્યો ત્યારે, પોટીફારે તેને જેલમાં નાંખવ્યો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: ઈજિપ્ત, યૂસફ, ફારૂન)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 37:34-36
- ઉત્પત્તિ 39:1-2
- ઉત્પત્તિ 39:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H6318

# પોન્તસ

## તથ્યો:

રોમન સામ્રાજ્ય અને શરૂઆતની મંડળીના સમયમાં પોન્તસ એક રોમન પ્રાંત હતો. તે આજના તુર્કસ્તાન દેશના ઉત્તરીય ભાગમાં, કાળા સમુદ્રના દક્ષિણના કિનારે સ્થિત હતો.

- પ્રેરિતોનાં કૃત્યોમાં નોંધ્યા પ્રમાણે, પચાસમાંના દિવસે જ્યારે પવિત્ર આત્મા પ્રથમ વાર પ્રેરિતો પર આવ્યો ત્યારે પોન્તસ પ્રાંતના લોકો યરુશાલેમમાં હતા.
- આકુલ નામનો એક વિશ્વાસી પોન્તસનો વતની હતો.
- જ્યારે પિતર વિભિન્ન પ્રાંતોમાં વિખરાયેલા ખ્રિસ્તીઓને લખી રહ્યો હતો ત્યારે, તેણે ત્યાં પોન્તસ પ્રાંતનો પણ ઉલ્લેખ કર્યો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: આકુલ, પચાસમાંનું પર્વ, પેન્ટીકોસ્ટ)

## બાઇબલના સંદર્ભો:

- 1 પિતર 1:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 2:8-11

## શબ્દ માહિતી:

- Strong's: G4193, G4195

# પ્રિસ્કીલા

## તથ્યો:

પ્રિસ્કીલા અને તેનો પતિ આકુલ યહૂદી ખ્રિસ્તીઓ હતા જેઓએ પ્રેરિત પાઉલ સાથે મિશનરી કાર્ય કર્યું હતું.

- પ્રિસ્કીલા અને આકુલે રોમ છોડ્યું કારણ કે રોમન સમ્રાટે ખ્રિસ્તીઓને ત્યાંથી જતાં રહેવા કહ્યું હતું.
- પાઉલ આકુલ અને પ્રિસ્કીલાને કરિંથમાં મળ્યો હતો.

તેઓ તંબૂઓ બનાવવાનો વ્યવસાય કરતા હતા અને પાઉલ તેમાં જોડાયો.

- જ્યારે પાઉલ કરિંથથી સીરિયા જવા નીકળ્યો ત્યારે, પ્રિસ્કીલા અને આકુલ તેની સાથે ગયા.
- સીરિયાથી તેઓ ત્રણેય એફેસસ ગયા.

જ્યારે પાઉલ એફેસસથી નીકળ્યો ત્યારે, પ્રિસ્કીલા અને આકુલ ત્યાંજ રહ્યા અને સુવાર્તા પ્રચારનું કામ ચાલુ રાખ્યું.

- એફેસસમાં તેઓએ ખાસ આપોલાસ નામના એક માણસને શિક્ષણ આપ્યું કે જેણે ઈસુમાં વિશ્વાસ કર્યો અને તે એક પ્રતિભાશાળી વક્તા અને શિક્ષક હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: વિશ્વાસ કરવો, ખ્રિસ્તી, કરિંથ, એફેસસ, પાઉલ, રોમ, સીરિયા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કરિંથી 16:19-20
- 2 તિમોથી 4:19-22
- પ્રેરિતોનાં કૃત્યો 18:1-3
- પ્રેરિતોનાં કૃત્યો 18:24-26

## શબ્દ માહિતી:

# પ્રેરિત ફિલિપ

## તથ્યો:

પ્રેરિત ફિલિપ ઈસુના મૂળ બાર શિષ્યોમાંનો એક હતો. તે બેથસાઈદા નગરનો વતની હતો.

- ફિલિપ નથાનિયેલને ઈસુ સાથે મુલાકાત કરાવવા લાવ્યો.
- 5000 કરતાં વધારે લોકોને ભોજન કેવી રીતે આપવું તે વિષે ઈસુએ ફિલિપને પ્રશ્ન પૂછ્યો.
- ઈસુએ પોતાના શિષ્યો સાથે પાસ્ખાપર્વનું અંતિમ ભોજન કર્યું ત્યારે તેમણે શિષ્યોને પોતાના પિતા ઈશ્વર વિષે વાત કરી.

ફિલિપે ઈસુને કહ્યું કે તેઓ શિષ્યોને પિતા બતાવે.

- કેટલીક ભાષાઓ ગૂંચવાડો ટાળવા આ ફિલિપના નામને બીજા ફિલિપ (સુવાર્તિક)ના નામથી થોડું અલગ રીતે લખી શકે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ફિલિપ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 1:12-14
- યોજન 1:43-45
- યોજન 6:4-6
- લૂક 6:14-16
- માર્ક 3:17-19

## શબ્દ માહિતી:

- Strong's: G5376

# ફારૂન, ઈજીપ્તનો રાજા

## તથ્યો:

પ્રાચીન સમયોમાં, ઈજિપ્ત દેશ પર રાજ કરનારા રાજાઓને ફારૂન કહેવામાં આવતા હતા.

- કુલ મળીને લગભગ 300 ફારુનોએ ઈજિપ્ત પર 2000 વર્ષ કરતાં વધારે રાજ કર્યું હતું.
- આ ઈજીપ્તના રાજાઓ ખૂબ જ શક્તિશાળી અને ધનાઢ્ય હતા.
- બાઇબલમાં તેમાંના ઘણા ફારુનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- ઘણી વાર આ શીર્ષકને શીર્ષક કરતાં નામ તરીકે વધારે વાપરવામાં આવ્યું છે.

તેવા સંજોગોમાં, અંગ્રેજી ભાષામાં તેમને મોટા P સાથે લખવામાં આવે છે જેમ કે “Pharaoh."

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઈજિપ્ત, રાજા)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 7:9-10
- પ્રેરિતોનાં કૃત્યો 7:11-13
- પ્રેરિતોનાં કૃત્યો 7:20-21
- ઉત્પત્તિ 12:14-16
- ઉત્પત્તિ 40:6-8
- ઉત્પત્તિ 41:25-26

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **8:6** એક રાત્રે, **ફારૂનને** બે સ્વપ્નો આવ્યા જેનાથી તે બહુ જ ગભરાયો. ઈજીપ્તના લોકો તેમના રાજાઓને ફારૂનના નામે બોલાવતા હતા.
- **8:8 ફારૂન** યૂસફથી એટલો પ્રભાવિત થયો કે તેણે તેને સમગ્ર ઈજિપ્તમાં બીજા ક્રમાંકના સૌથી શક્તિશાળી મનુષ્ય તરીકે નિયુક્ત કર્યો!
- **9:2** તેથી **ફારુને** કે જે તે સમયે ઈજીપ્તમાં રાજ કરતો હતો તેણે ઇઝરાયલીઓને ઈજીપ્તના લોકોના ગુલામો બનાવ્યા.
- **9:13** “હું તને **ફારૂન** પાસે મોકલીશ કે જેથી તું ઇઝરાયલીઓને તેઓની ઈજિપ્તમાંની ગુલામગીરીમાંથી બહાર લાવે.”
- **10:2** આ મરકીઓ દ્વારા ઈશ્વરે **ફારૂનને** બતાવ્યું કે તેઓ **ફારૂન** અને ઈજીપ્તના દેવો કરતાં વધારે શક્તિશાળી હતા.

## શબ્દ માહિતી:

- Strong's: H4428, H4714, H6547, G5328

# ફિનહાસ

## તથ્યો:

જૂના કરારમાં બે માણસોનું નામ ફિનહાસ હતું.

- હારુનનો ફિનહાસ નામનો પૌત્ર યાજક હતો કે જેણે ઇઝરાયલમાં જૂઠા દેવોની પૂજાનો મોટો વિરોધ કર્યો હતો.
- ઇઝરાયલીઓએ મિદ્યાની સ્ત્રીઓ સાથે લગ્નો કર્યા અને તેઓના જૂઠા દેવોની પૂજા કરી માટે યહોવાએ તેઓને સજા કરવા મોકલેલી એક મરકીથી ફિનહાસે ઇઝરાયલીઓને બચાવ્યા.
- મિદ્યાનીઓનો નાશ કરવા ફિનહાસ ઘણી વાર ઇઝરાયલીઓના સૈન્ય સાથે લડવા ગયો.
- જૂના કરારમાં દર્શાવેલો બીજો ફિનહાસ શમુએલ પ્રબોધકના સમય દરમ્યાન એલી યાજકના બે દુષ્ટ પુત્રોમાંનો એક હતો.
- જ્યારે પલિસ્તિઓએ ઇઝરાયલીઓ પર હુમલો કર્યો અને કરારકોશ ચોરી ગયા ત્યારે ફિનહાસ અને તેનો ભાઈ હોફની બંને માર્યા ગયા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: કરારકોશ, યર્દન નદી, મિદ્યાન, પલિસ્તિઓ, શમુએલ)

## બાઇબલના સંદર્ભો:

- 1 શમુએલ 4:3-4
- એઝરા 8:1-3
- યહોશુઆ 22:13-14
- ગણના 25:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H6372

# ફિનીકિયા

## તથ્યો:

પ્રાચીન સમયમાં, ફિનીકિયા ઇઝરાયલની ઉત્તરે ભૂમધ્ય સમુદ્રને કિનારે કનાનમાં સ્થિત એક સમૃદ્ધ દેશ હતો.

- વર્તમાન સમયના લેબેનોન દેશના પશ્ચિમના પ્રદેશનો એક વિસ્તાર ફિનીકિયાના કબજામાં હતો.
- નવા કરારના સમયમાં, ફિનીકિયાની રાજધાની તૂર હતી.

ફિનીકિયાનું બીજું મહત્ત્વનું શહેર સિદોન હતું.

- ફિનીકિયાના લોકો તેમના દેશના પુષ્કળ દેવદાર વૃક્ષોનો ઉપયોગ લક્કડકામમાં કરવાની કુશળતા માટે, કિંમતી જાંબુડા રંગનું તેમનું ઉત્પાદન તથા સમુદ્રમાં તેઓની મુસાફરી અને વેપાર માટે જાણીતા હતા.

તેઓ અતિ કુશળ એવા વહાણો બાંધનારા લોકો પણ હતા.

- સૌથી જૂના મૂળાક્ષરોમાંના એકની રચના ફિનીકિયાના લોકોએ કરી હતી.

વેપારના કારણે તેમના ઘણી લોકજાતિઓ સાથેના સંપર્કને કારણે તેમના મૂળાક્ષરો બહોળા પ્રમાણમાં વપરાતા હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: દેવદાર, જાંબુડી, સિદોન, તૂર)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 11:19-21
- પ્રેરિતોનાં કૃત્યો 15:3-4
- પ્રેરિતોનાં કૃત્યો 21:1-2
- યશાયા 23:10-12

## શબ્દ માહિતી:

- Strong's: H3667, G4949, G5403

# ફિલિપ, સુવાર્તિક

## તથ્યો:

યરૂશાલેમમાંની શરૂઆતની ખ્રિસ્તી મંડળીમાં, ગરીબ અને જરૂરિયાતમંદ ખ્રિસ્તીઓની, ખાસ કરીને વિધવાઓની સંભાળ લેવા પસંદ કરાયેલા સાત આગેવાનોમાંનો એક ફિલિપ હતો.

- ઈશ્વરે યહૂદીયા અને ગાલીલના પ્રાંતોના વિવિધ નગરોમાં સુવાર્તા આપવા ફિલિપનો ઉપયોગ કર્યો. તેમાં ઇથોપિયાનો જે માણસ તેને યરુશાલેમથી ગાઝા જવાના અરણ્યના માર્ગે મળ્યો તેનો પણ સમાવેશ થાય છે.
- ઘણા વર્ષો બાદ જ્યારે ફિલિપ કાઈસારિયામાં રહેતો હતો ત્યારે પાઉલ તથા તેના સાથીદારો યરૂશાલેમ પાછા જતાં તેના ઘરમાં રહ્યા હતા.
- મોટા ભાગના બાઇબલના અભ્યાસકો માને છે કે સુવાર્તિક ફિલિપ અને તેના જ જેવુ નામ ધરાવતો ઈસુનો એક પ્રેરિત તે બંને એક જ વ્યક્તિ ન હતા.

કેટલીક ભાષાઓમાં આ બંને વ્યક્તિઓ માટે થોડા જુદા નામ વાપરવા વિચારી શકાય કે જેથી એ સ્પષ્ટ થાય કે તેઓ બંને જુદાજુદા વ્યક્તિઓ છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ફિલિપ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરીતોનાં કૃત્યો 6:5-6
- પ્રેરીતોનાં કૃત્યો 8:6-8
- પ્રેરીતોનાં કૃત્યો 8:12-13
- પ્રેરીતોનાં કૃત્યો 8:29-31
- પ્રેરીતોનાં કૃત્યો 8:36-38
- પ્રેરીતોનાં કૃત્યો 8:39-40

## શબ્દ માહિતી:

- Strong's: G5376

# ફિલિપી, ફિલિપીઓ

## તથ્યો:

ફિલિપી શહેર પ્રાચીન ગ્રીસ દેશના ઉત્તરીય ભાગમાં મકદોનિયામાં સ્થિત એક મોટું શહેર અને રોમન વસાહત હતું.

- પાઉલ અને સિલાસ ફિલિપીના લોકોને ઈસુ વિષે પ્રચાર કરવા ત્યાં ગયા.
- જ્યારે તેઓ ફિલિપીમાં હતા ત્યારે, પાઉલ અને સિલાસની ધરપકડ કરવામાં આવી હતી પણ ઈશ્વરે ચમત્કારિક રીતે તેઓને છોડાવ્યા હતા.
- નવા કરારનું ફિલિપીઓનું પુસ્તક તે પાઉલે ફિલિપી શહેરની મંડળીના ખ્રિસ્તીઓને લખેલો પત્ર છે.
- નોંધ લેજો કે આ શહેર કાઈસારિયા ફિલિપી શહેરથી અલગ શહેર છે કે જે હેર્મોન પર્વત પાસે ઉત્તરપૂર્વીય ઇઝરાયલમાં સ્થિત હતું.

(આ પણ જૂઓ: કાઈસારિયા, ખ્રિસ્તી, મંડળી, મકદોનિયા, પાઉલ, સિલાસ)

## બાઇબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનિકી 2:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 16:11-13
- માથ્થી 16:13-16
- ફિલિપી 1:1-2

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **47:1** એક દિવસે, પાઉલ અને તેનો મિત્ર સિલાસ **ફિલિપી** શહેરમાં ઈસુ વિશેની સુવાર્તા પ્રગટ કરવા ગયા.
- **47:13** બીજા દિવસે શહેરના આગેવાનોએ પાઉલ તથા સિલાસને મુક્ત કર્યા અને તેઓને **ફિલિપી** શહેરથી ચાલ્યા જવા કહ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: G5374, G5375

# ફ્રાત નદી, નદી

## સત્યો:

ફ્રાત નદી એ ચાર નદીઓમાંની એક કે જે એદનના બાગમાંથી વહેતી હતી. તે નદીનો બાઈબલમાં સૌથી વધારે વાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

- આધુનિક સમયની ઉફ્રેટીસ નામની નદી મધ્ય પૂર્વમાં આવેલી છે અને એશિયાની સૌથી લાંબી અને મહત્વપૂર્ણ નદી છે.
- હીદ્દેકેલ અને ફ્રાત બંને નદીઓ મેસોપોટેમીયાની જાણીતી જગ્યાની (પ્રદેશની) સરહદ બનાવે છે (બંને સરહદ પર આ નદીઓ આવેલી છે).
- જ્યાંથી ઈબ્રાહિમ આવ્યો હતો, તે ઉર નામનું પ્રાચીન શહેર ફ્રાત નદીના દ્વાર પર આવેલું હતું.
- આ નદીની સીમાઓમાંની એક હતી કે દેવે જે ભૂમિ ઈબ્રાહિમને આપવાનું વચન આપ્યું હતું (ઉત્પત્તિ 15:18).
- ક્યારેક ફ્રાત ફક્ત “નદી” કહેવાય છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 5:7-9
- 2 કાળવૃતાંત 9:25-26
- નિર્ગમન 23:30-33
- ઉત્પત્તિ 2:13-14
- યશાયા 7:20-22

## શબ્દ માહિતી:

- Strong's: H5104, H6578, G2166

# બઆલ

## સત્યો:

“બઆલ”નો અર્થ “સ્વામી” અથવા “ધણી” થાય છે, અને તે કનાનીઓ દ્વારા પૂજાતા પ્રાથમિક જુઠા દેવનું નામ હતું.

- ત્યાંના સ્થાનિક જુઠા દેવો પણ “બઆલ” નામ સાથે ભાગરૂપ હતા, જેમાં “બઆલ પેઓર” ના નામનો સમાવેશ થાય છે.

ક્યારેક આ બધા દેવોનો ઉલ્લેખ એક સાથે “બઆલીમ” તરીકે કરવામાં આવ્યો છે.

- કેટલાક લોકોના નામોમાં “બઆલ” શબ્દનો સમાવેશ થયેલો હતો.
- બઆલની ઉપાસનામાં બાળકોનું બલિદાન અને વેશ્યાનો ઉપયોગ જેવી ભૂંડી રીતો સમાવેશ થતો.
- ઈતિહાસના જુદાજુદા સમયગાળામાં દરમ્યાન ઈઝરાએલીઓ પણ આજુબાજુના વિદેશી દેશોના ઉદાહરણને અનુસરીને ગંભીરપણે બઆલની પૂજામાં સંડોવાયેલા હતા.
- આહાબ રાજાના શાસન દરમ્યાન, દેવના પ્રબોધક એલિયાએ બઆલનું અસ્તિત્વ નથી અને યહોવા તેજ ફક્ત સાચો દેવ છે તે સાબિત કરવા કસોટી ગોઠવી.

તેના પરિણામે, બઆલના પ્રબોધકોનો નાશ થયો અને ફરીથી લોકોએ યહોવાની આરાધના કરવાનું ચાલુ કર્યું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આહાબ, અશેરાહ, એલિયા, જુઠો દેવ, વેશ્યા, યહોવા)

## બાઈબલની કલમો:

- 1 રાજા 16:31-33
- 1 શમુએલ 7:3-4
- યર્મિયા 2:7-8
- ન્યાયાધીશો 2:11-13
- ગણના 22:41

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **19:2** આહાબ એક દુષ્ટ માણસ હતો કે જેણે લોકોને **બઆલ** નામના જુઠા દેવને ભજવા લોકોને ઉત્તેજન આપ્યું.
- **19:6** ઈઝરાએલના સમગ્ર રાજ્યના લોકો, તથા **બઆલના** 450 પ્રબોધકો સહિત, બધા કાર્મેલ પર્વત પર આવ્યા. એલિયાએ લોકોને કહ્યું, “ક્યાં સુધી તમે તમારા મનોને ફેરવ્યા કરશો?” જો યહોવા દેવ છે, તેની સેવા કરો! જો **બઆલ** દેવ છે, તેની સેવા કરો!"
- **19:7** પછી એલિયાએ **બઆલના** પ્રબોધકોને કહ્યું, ગોધો મારીને બલિદાન તરીકે તૈયાર કરો, પણ અગ્નિ સળગાવશો નહીં.
- **19:8** પછી **બઆલ** પ્રબોધકો **બઆલને** પ્રાર્થના કરે, “અમોને સાંભળ, ઓ **બઆલ**!"
- **19:12** જેથી લોકોએ **બઆલના** પ્રબોધકોને પકડ્યા. પછી એલિયા તેઓને ત્યાંથી દુર લઈ ગયો અને તેણે તેઓને મારી નાખ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H1120, G896

# બથુએલ

## સત્યો:

બથુએલ એ ઈબ્રાહીમના ભાઈ નાહોરનો પુત્ર હતો.

- બથુએલ રિબકા અને લાબાનનો પિતા હતો.
- ત્યાં બથુએલ નામનું નગર પણ હતું, કે જે યહૂદાના દક્ષિણમાં આવેલું હતું, જે બાર-શેબા નગરથી દૂર નહોતું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાર-શેબા, લાબાન, નાહોર, રિબકા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 4:29-31
- ઉત્પત્તિ 28:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H1328

# બનાયા

## વ્યાખ્યા:

જૂના કરારમાં ઘણા વ્યક્તિઓના નામ બનાયા હતા.

- બનાયા, યહોયાદાનો પુત્ર હતો, જે દાઉદના શૂરવીરમાંનો એક હતો.

તે યુદ્ધમાં કુશળ હતો અને તેને દાઉદના વ્યક્તિગત અંગરક્ષકોનો ઉપરી બનાવામાં આવ્યો હતો.

- જયારે સુલેમાન રાજા તરીકે નિમવામાં આવ્યો હતો ત્યારે તેના શત્રુઓને સત્તા પરથી ઉતારી દેવામાં બનાયાએ તેને મદદ કરી.

આખરે તે ઈઝરાએલી લશ્કરનો સેનાપતિ બન્યો.

- જૂના કરારમાં બીજા માણસોના નામ બનાયા હતા, જેમાં ત્રણ લેવીઓનો સમાવેશ થાય છે: જેઓ યાજકો, ગાયકો, અને આસાફના વંશજ હતા.

(આ પણ જુઓ: આસાફ, યહોયાદા, લેવીઓ, સુલેમાન)

## બાઈબલની કલમો:

- 1કાળવૃતાંત 4:34-38
- 1 રાજા 1:7-8
- 2 શમુએલ 23:20-21

## શબ્દ માહિતી:

- Strong's: H1141

# બરાબ્બાસ

## સત્યો:

જયારે ઈસુની ધરપકડ થઈ હતી તે સમયમાં બરબ્બાસ યરુશાલેમમાં કેદી હતો.

- બરબ્બાસ ગુનેગાર હતો કે જેણે ખૂનના ગુનાઓ અને રોમન સરકારની વિરુદ્ધ બળવો કર્યો હતો.
- જયારે પોન્ટીયસ પિલાતે પ્રસ્તાવ મૂક્યો કે ઈસુ અથવા બરબ્બાસ બેમાંથી કોને છોડવા, પણ લોકોએ બરબ્બાસને પસંદ કર્યો.
- જેથી પિલાતે બરબ્બાસને છૂટી જવાની મંજુરી આપી, પણ ઈસુને દોષિત ઠરાવી મારી નાખવા સોંપ્યો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પિલાત, રોમ)

## બાઈબલની કલમો:

- યોહાન 18:38-40
- લૂક 23:18-19
- માર્ક 15:6-8
- માથ્થી 27:15-16

## શબ્દ માહિતી:

- Strong's: G912

# બરુઓનો સમુદ્ર, લાલ સમુદ્ર

## તથ્યો:

“બરુઓનો સમુદ્ર” તે ઈજિપ્ત અને અરેબિયા વચ્ચે સ્થિત સમુદ્રનું નામ હતું. તેને હવે “લાલ સમુદ્ર” કહેવામાં આવે છે.

- લાલ સમુદ્ર લાંબો અને સાંકડો છે.

તે એક સરોવર કે નદી કરતાં મોટો છે પણ મહાસાગર કરતાં ઘણો નાનો છે.

- જ્યારે ઇઝરાયલીઓ ઈજિપ્તમાંથી ભાગતા હતા ત્યારે તેમણે લાલ સમુદ્ર પાર કરવો જરૂરી હતો.

ઈશ્વરે ચમત્કાર કર્યો અને સમુદ્રના પાણીને બે ભાગમાં વહેંચી નાખ્યું કે જેથી લોકો કોરી જમીન પર ચાલીને પાર જઈ શકે.

- કનાન દેશ આ સમુદ્રની ઉત્તરે હતો.
- આનો અનુવાદ “બરુઓના સમુદ્ર” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: અરેબિયા. કનાન, ઈજિપ્ત)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરીતોના કૃત્યો: 7:35-37
- નિર્ગમન 13:17-18
- યહોશુઆ 4:22-24
- ગણના 14:23-25

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **12:4** જ્યારે ઇઝરાયલીઓએ ઈજીપ્તના સૈન્યને આવતું જોયું ત્યારે, તેઓને મહેસુસ થયું કે તેઓ ફારુનના સૈન્ય અને **લાલ સમુદ્ર** વચ્ચે ફસાઈ ગયા હતા.
- **12:5** પછી ઈશ્વરે મૂસાને કહ્યું, “લોકોને **લાલ સમુદ્ર** તરફ જવા કહે.”
- **13:1** ઈશ્વરે ઇઝરાયલીઓને **લાલ સમુદ્રમાંથી** દોર્યા બાદ, તેમણે તેઓને અરણ્યમાં થઈને સિનાઈ પર્વત સુધી દોર્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H3220, H5488, G2063, G2281

# બર્થોલ્મી

## સત્યો:

બર્થોલ્મી ઈસુના બાર પ્રેરિતોમાંનો એક હતો.

- બીજા પ્રેરિતોની સાથે, બર્થોલ્મીને પણ સુવાર્તાપ્રચાર અને ચમત્કારો કરવા બહાર મોકલવામાં આવ્યો હતો.
- તે તેઓમાંનો એક હતો જેને ઈસુને સ્વર્ગમાં પાછા જતાં પણ જોયા.

થોડા અઠવાડિયા પછી, એટલે કે જયારે પચાસમાના દિવસે પવિત્રઆત્મા તેઓના ઉપર આવ્યો, ત્યારે તે બીજા પ્રેરિતોની સાથે યરુશાલેમમાં હતો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પ્રેરિત, સુવાર્તા, પવિત્ર આત્મા, ચમત્કાર, પચાસમાનો દિવસ, બારે)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 1:12-14
- લૂક 6:14-16
- માર્ક 3:17-19

## શબ્દ માહિતી:

- Strong's: G918

# બલામ

## સત્યો:

જયારે ઈઝરાએલપુત્રોએ મોઆબના ઉત્તરે યર્દન નદી પાસે છાવણી નાંખીને કનાનની ભૂમિમાં પ્રવેશ કરવા તૈયારી હતા, તે સમયે બલામ જે એક મૂર્તિપૂજક પ્રબોધક હતો તેને બાલાક રાજાએ ઈઝરાએલને શ્રાપ આપવા ભાડે રાખ્યો.

- બલામ પેથોર શહેરથી હતો, કે જે ફ્રાત (યુફ્રેટીસ) નદીની આજુબાજુના પ્રાંતમાં, લગભગ 400 માઈલ મોઆબની ભૂમિથી દૂર આવેલું હતું.
- મિદ્યાનીઓનો રાજા બાલક ઈઝરાએલીઓની સંખ્યા અને તાકાતથી ભયભીત થઈને તેણે બલામને ઈઝરાએલી લોકોને શ્રાપ દેવા ભાડે રાખ્યો.
- જયારે બલામ ઈઝરાએલ તરફ મુસાફરી કરી રહ્યો હતો, ત્યારે દેવનો દૂત તેના રસ્તામાં ઊભો રહ્યો, જેથી બલામની ગધેડી અટકી ગઈ.

દેવે ગધેડીને પણ બલામની સાથે બોલવાની ક્ષમતા આપી.

- દેવે બલામને ઈઝરાએલીઓને શ્રાપ આપવાની મંજુરી નહીં અને તેને બદલે તેઓને આશીર્વાદ આપવાનો હુકમ આપ્યો.
- તેમ છતાં પછી, બલામે ઈઝરાએલીઓ ઉપર દુષ્ટતા આણી, એટલે કે તેણે જુઠા દેવ બઆલ-પેઓરની આરાધના કરવા ઈઝરાએલીઓને પ્રેર્યા.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: આશીર્વાદ, કનાન, શ્રાપ, ગધેડી, ફ્રાત નદી, યર્દન નદી, મીદ્યાન, મોઆબ, પેઓર)

## બાઈબલની કલમો:

- 2 પિતર 2:15-16
- પુનર્નિયમ 23:3-4
- યહોશુઆ 13:22-23
- ગણના22:5-6
- પ્રકટીકરણ 2:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H1109, G903

# બાઅશા

## સત્યો:

બાઅશા ઈઝરાએલના દુષ્ટ રાજાઓમાંનો એક હતો, જેણે ઈઝરાએલીઓને મૂર્તિઓની પૂજા કરવા પ્રેર્યા.

- બાઅશા ઈઝરાએલનો ત્રીજો રાજા હતો અને તેણે ચોવીશ વર્ષો શાસન કર્યું, તે સમય દરમ્યાન આશા યહૂદાનો રાજા હતો.
- તે લશ્કરનો સેનાપતિ હતો કે જેણે અગાઉના રાજા નાદાબને મારી નાખીને રાજા બન્યો.
- બાઅશા રાજાના શાસન દરમ્યાન ઈઝરાએલ અને યહૂદાના રાજ્યો વચ્ચે ઘણા યુદ્ધ થયા હતા, ખાસ કરીને યહૂદાના રાજા આશા સાથે.
- છેવટે દેવે બાઅશાને તેના ઘણા પાપોને લીધે તેના મૃત્યુ દ્વારા તેના પદેથી દુર કર્યો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કરો)

(આ પણ જુઓ: આશા, જુઠો દેવ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 15:16-17
- 2 રાજા 9:9-10
- યર્મિયા 41:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H1201

# બાથ-શેબા

## સત્યો:

બાથ-શેબા તે દાઉદ રાજાના લશ્કરના સૈનિક ઉરિયાની પત્ની હતી. ઉરિયાના મરણ બાદ, તેણી દાઉદની પત્ની, અને સુલેમાનની માતા બની.

- દાઉદે બાથ-શેબા સાથે વ્યભિચાર કર્યો, જયારે તે ઉરિયા સાથે પરિણીત હતી.
- જયારે બાથ-શેબા દાઉદના બાળકનીમાં બની, દાઉદે ઉરિયાને યુદ્ધમાં મારી નંખાવ્યો.
- પછી દાઉદ બાથ-શેબા સાથે પરણ્યો અને તેણીએ તેના બાળકને જન્મ આપ્યો.
- તેના જન્મ પછી કેટલાક દિવસો બાદ બાળકના મૃત્યુ દ્વારા દેવે દાઉદને તેના પાપની શિક્ષા કરી.
- પછી, બાથ-શેબાએ બીજા દીકરા, સુલેમાનને જન્મ આપ્યો, જે મોટો થયો અને તે દાઉદ પછી રાજા બન્યો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: દાઉદ, સુલેમાન. ઉરિયા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:4-5
- 1 રાજા 1:11-12
- 2 શમુએલ 11:2-3
- ગીતશાસ્ત્ર 51:1-2

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:10** એક દિવસે, જયારે દાઉદના બધા સૈનિકો વતનથી દૂર યુદ્ધ લડી રહ્યા હતા, ત્યારે દાઉદે બપોરની અલ્પનિદ્રામાંથી ઉઠીને અને એક સુંદર સ્ત્રીને સ્નાન કરતી જોઈ. તેણીનું નામ **બાથ-શેબા** હતું.

**17:11** થોડા સમય પછી **બાથ-શેબા** એ દાઉદને સંદેશો મોકલી કહેવડાવ્યું કે તેણી સગર્ભા હતી. **17:11 બાથ-શેબાનો** પતિ, ઉરિયા નામનો માણસ, દાઉદના સૈનિકોમાંનો એક શ્રેષ્ઠ સૈનિક હતો.

- **17:13** ઉરિયાના મૃત્યુ બાદ, દાઉદે **બાથ-શેબા** સાથે લગ્ન કર્યા.
- **17:14** પછી દાઉદ અને **બાથ-શેબા** ને બીજો પુત્ર થયો, તેઓએ તેનું નામ સુલેમાન પાડ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H1339

# બાબિલ

## સત્યો:

બાબિલ એ મેસોપોતામિયાના દક્ષિણ ભાગના શિનઆર પ્રાંતમાં આવેલું મુખ્ય શહેર હતું. પછી શિનઆર બાબિલોનિયા કહેવાયું હતું.

- બાબિલ શહેર હામના પૌત્ર દ્વારા સ્થપાયું હતું, નિમ્રોદ કે જેણે શિનઆર પ્રાંતમાં રાજ્ય કર્યું.
- શિનઆરના લોકો અભિમાની બન્યા, અને તેઓએ આકાશમાં પહોચે એવો ઊંચો બુરજ બાંધવાનો નિર્ણય કર્યો.

તે પાછળથી “બાબિલના બુરજ” તરીકે જાણીતો બન્યો.

- કારણકે લોકો દેવની આજ્ઞાનો ઈન્કાર કરીને બીજી જગ્યામાં વિસ્તરી જવાને બદલે બુરજ બાંધવાની શરૂઆત કરી, તેથી દેવે તેઓની ભાષા ઉલટાવી નાંખી જેથી તેઓ એકબીજાને સમજી શક્યા નહી.

જેથી તેઓને આખા દુનિયાના જુદા જુદા ભાગોમાં દુર જઈને રહેવાની ફરજ પડી.

- “બાબિલ”નો મૂળ અર્થ “ગુંચવણ” છે, કારણકે દેવે લોકોની ભાષા બદલી નાંખી, તે નામ પરથી તેનું નામ પડ્યું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આપણ જુઓ: બાબિલ, હામ, મેસોપોતામિયા)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 10:8-10
- ઉત્પત્તિ 11:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H894

# બાબિલોન, શિનઆર (બાબિલોનીઆ), બાબિલોની, બાબિલોનીઓ

## સત્યો:

બાબિલોન શહેર એ પ્રાચીન સમયના શિનઆર (બાબિલોનીઆ) પ્રાંતની રાજધાની હતી કે જે બાબિલોનના સામ્રાજ્યનો ભાગ પણ હતો.

- બાબિલોન ફ્રાત (યૂફ્રેટીસ) નદીની બાજુમાં આવેલું હતું, તે એજ પ્રાંત છે કે જ્યાં હજારો વર્ષો પહેલા બાબિલનો બુરજ બાંધવામાં આવ્યો હતો. ક્યારેક "બાબિલોન" શબ્દ આખા બાબિલોનના સામ્રાજ્યને દર્શાવે છે. ઉદાહરણ તરીકે, "બાબિલોનના રાજા" એ ફક્ત શહેર જ નહીં, પણ આખા સામ્રાજ્ય પર રાજ કર્યું.
- બાબિલોનીઓ શક્તિશાળી લોકોનું જૂથ હતું, જેમણે યહૂદાના રાજ્ય પર હુમલો કર્યો અને 70 વર્ષો માટે લોકોને ગુલામો બનાવી બાબિલોનમાં રાખ્યા.
- આ ભાગના પ્રાંતને "ખાલદી" અને ત્યાં રહેતા લોકો "ખાલદીઓ" કહેવાતા હતા. પરિણામે, "ખાલદી" શબ્દનો ઉપયોગ વારંવાર બાબિલોનિયા માટે કરવામાં આવ્યો છે. (જુઓ: અલંકાર)
- નવા કરારમાં, ક્યારેક બાબિલોન શબ્દનો રૂપક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે કે જે મૂર્તિપૂજા અને બીજા પાપી આચરણોવાળા સ્થાનો, લોકો અને વિચારશીલ રચનાઓને દર્શાવે છે.
- "ભવ્ય બાબિલોન" અથવા "બાબિલોનનું ભવ્ય શહેર" શબ્દ રૂપક રીતે એવા શહેર અથવા દેશને દર્શાવે છે કે જે મોટો, ધનવાન, અને પાપમય હોય, જેવું કે પ્રાચીનકાળનું બાબિલોન શહેર હતું. (જુઓ: અલંકાર)

(આ પણ જુઓ: બાબિલ, ખાલદી, યહૂદા, નબૂખાદનેસ્સાર)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 9:1-3
- 2 રાજા 17:24-26
- પ્રેરિતો 7:43
- દાનિએલ 1:1-2
- હઝકિએલ 12:11-13
- માથ્થી 1:9-11
- માથ્થી 1:15-17

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **20:6** લગભગ 100 વર્ષો પછી આશ્શૂરીઓ ઈઝરાએલના રાજ્યનો નાશ કર્યો, દેવે **બાબિલવાસીઓના** , રાજા નબૂખાદનેસ્સારને યહૂદાના રાજ્ય પર હુમલો કરવા મોકલ્યો. **બાબિલોન** શક્તિશાળી સામ્રાજ્ય હતું.
- **20:7** પણ થોડા વર્ષો પછી, યહૂદાના રાજાએ બાબિલોન વિરુદ્ધ બળવો કર્યો. જેથી, **બાબાબિલવાસીઓએ** પાછા આવ્યા અને યહૂદાના રાજ્ય પર હુમલો કર્યો. તેઓએ યરુશાલેમ શહેરને કબજે કરી, મંદિરનો નાશ કર્યો, અને શહેર અને મંદિરનો બધો ખજાનો લઈ ગયા.
- **20:9** નબૂખાદનેસ્સાર અને તેનું સૈન્ય યહૂદા રાજ્યના લગભગ બધાજ લોકોને **બાબિલોનમાં** , લઈ ગયા, ફક્ત ગરીબ લોકોને ખેતરો વાવવા પાછળ છોડી ગયા.
- **20:11** લગભગ સિત્તેર વર્ષો પછી, ઈરાનના રાજા કોરેશે, **બાબિલોનનો** પરાજય કર્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H3778, H3779, H8152, H894, H895, H896, G897

# બારૂખ

## સત્યો:

જૂનાકરારમાં કેટલાક માણસોનાં નામ બારૂખ છે.

- એક બારૂખે (ઝાક્કાલનો પુત્ર) નહેમ્યા સાથે યરુશાલેમની દિવાલની મરામત કરવાનું કામ કર્યું.
- નહેમ્યાના સમય દરમ્યાન પણ, બીજો બારૂખ (કોલ-હોઝેહ નો પુત્ર) જે આગેવાનોમાંનો એક હતો, જે યરૂશાલેમની દિવાલો પુન:સ્થાપિત થયા પછી તે ત્યાં સ્થાયી થયો હતો.

બીજો બારૂખ (નેરિયાનો પુત્ર) યર્મિયા પ્રબોધકનો સહાયક હતો, કે જેણે વિવિધ વ્યવહારુ કાર્યોમાં તેને મદદ કરી, જેમકે દેવે યર્મિયાને આપેલા સંદેશાઓનું લખાણ કરવું અને પછી તે લોકોની આગળ વાંચી સંભળાવવું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: શિષ્ય, યર્મિયા, યરુશાલેમ, નહેમ્યા, પ્રબોધક)

## બાઈબલની કલમો:

- યર્મિયા 32:10-12
- યર્મિયા 36:4-6
- યર્મિયા 43:1-3

## શબ્દ માહિતી:

- Strong's: G1263

# બાર્નાબાસ

## સત્યો:

બાર્નાબાસ એ પ્રથમ ખ્રિસ્તીઓમાંનો એક હતો કે જે પ્રેરિતોના સમયમાં જીવ્યો હતો. બાર્નાબાસ ઈઝરાએલીઓના લેવી કુળમાંથી હતો અને સાઈપ્રસ ટાપુમાંથી આવતો હતો.

- જયારે શાઉલ (પાઉલ) ખ્રિસ્તી બન્યો, ત્યારે બાર્નાબસે બીજા વિશ્વાસીઓને તેને (પાઉલને) વિશ્વાસી સાથી તરીકે સ્વીકારવા વિનંતી કરી.
- બાર્નાબાસ અને પાઉલે ઈસુ વિશે સુવાર્તા પ્રચાર કરવા જુદા જુદા શહેરોમાં એક સાથે મુસાફરી કરી.
- તેનું નામ યુસફ હતું, પણ તે "બાર્નાબાસ" કહેવાયો, એટલે કે "સુબોધનો દીકરો."

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ખ્રિસ્તી, સાઈપ્રસ, સુવાર્તા, લેવી, પાઉલ)

## બાઈબલના કલમો:

- પ્રેરિતો 4:36-37
- પ્રેરિતો 11:25-26
- પ્રેરિતો 13:1-3
- પ્રેરિતો 15:33-35
- કલોસ્સી 4:10-11
- ગલાતી 2:9-10
- ગલાતી 2:13-14

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **46:8** પછી **બાર્નાબાસ** નામનો વિશ્વાસી શાઉલને પ્રેરિતો પાસે લઈ ગયો અને તેઓને કહ્યું કે કેવી રીતે શાઉલે હિંમતભેર દમસ્ક માં ઉપદેશ કર્યો.
- **46:9** **બાર્નાબાસ** અને શાઉલે, આ નવા વિશ્વાસીઓને ઈસુ વિશે વધારે શીખવવા અને મંડળીને દૃઢ કરવા તેમની પાસે ગયા. હું
- **46:10** એક દિવસ, જયારે અંત્યોખમાંના ખ્રિસ્તીઓ ઉપવાસ અને પ્રાર્થના કરી રહ્યા હતા, ત્યારે પવિત્રઆત્માએ તેઓને કહ્યું, "**બાર્નાબાસ** અને શાઉલને જે કામ માટે મેં બોલાવ્યા છે, તે કામ માટે અલગ કરો." જેથી અંત્યોખની મંડળીએ **બાર્નાબાસ** અને શાઉલ માટે પ્રાર્થના કરી અને તેઓના હાથ તેઓ પર મૂક્યા.

## શબ્દ માહિતી:

- Strong's: G921

# બાલઝબૂલ

## સત્યો:

બાલઝબૂલ એ શેતાન અથવા દુષ્ટ વ્યક્તિ માટેનું બીજું નામ છે. ક્યારેક તેની જોડણી “બિલઝબૂબ” પણ હોય છે.

- આ નામનો શાબ્દિક અર્થ “વાયુઓનો સ્વામી” કે જેનો અર્થ, “ભૂતોનો રાજા” થાય છે.

આ શબ્દનું ભાષાંતર કરવાને બદલે તેને અસલ જોડણી રાખવી વધારે શ્રેષ્ઠ છે.

- તેનું સ્પષ્ટ ભાષાંતર કરવા માટે “બાલઝબૂલ શેતાન” નો ઉપયોગ કરવો જે તેને દર્શાવે છે.
- આ નામ એક્રોનના જુઠા દેવ “બાલ-ઝબૂબ” ના નામ સાથે સંબધ ધરાવે છે.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ભૂતો, એક્રોન, શેતાન)

## બાઈબલની કલમો:

- લૂક 11:14-15
- માર્ક 3:20-22
- માથ્થી 10:24-25
- માથ્થી 12:24-25

## શબ્દ માહિતી:

- Strong's: G954

# બાશાન

## સત્યો:

બાશાન ગાલીલ સમુદ્રના પૂર્વની ભૂમિનો પ્રદેશ હતો. તે જે હાલના સીરિયાના ભાગના પ્રદેશને અને ગોલાનની ઉંચાઈને ઢાંકે છે.

- જૂનાકરારનું એક આશ્રય નગર જે ગોલાન કહેવાય છે તે આ બાશાનના પ્રદેશમાં આવેલું હતું.
- બાશાન ઘણો ફળદ્રુપ છે, તે પ્રદેશ ઓકના વૃક્ષો અને પશુઓને ચરવા માટે માટે જાણીતો હતો.
- ઉત્પત્તિ 14માં નોધવામાં આવ્યું છે કે, બાશાન કેટલાક રાજાઓ અને તેમના રાષ્ટ્રોની યુદ્ધની જગ્યા હતી.
- મિસરમાંથી તેમના છૂટકારા બાદ ઈઝરાએલ અરણ્યમાં ભટકતા હતા તે દરમ્યાન, તેઓએ બાશનના પ્રદેશના અમુક ભાગનો કબજો કર્યો.
- વર્ષો પછી, તે પ્રદેશમાંથી સુલેમાન રાજાએ જરૂરી સાધન સામગ્રી મેળવી.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: મિસર, ઓક, ગાલીલનો સમુદ્ર, સિરીયા)

## બાઈબલની કલમો:

- 1 રાજા 4:11-14
- આમોસ 4:1-2
- યર્મિયા 22:20-21
- યહોશુઆ 9:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H1316

# બિન્યામીન, બિન્યામીની, બિન્યામીનીઓ

## સત્યો:

બિન્યામીન એ યાકૂબ અને તેની પત્ની રાહેલ દ્વારા જન્મેલો સૌથી નાનો દીકરો હતો. તેના નામનો અર્થ, “મારા જમણા હાથનો પુત્ર.”

- તે અને તેનો મોટો ભાઈ યુસુફ ફક્ત રાહેલના બાળકો હતા, તેણી બિન્યામીનના જન્મ પછી મરણ પામી.
- બિન્યામીન વંશજો ઈઝરાએલના બાર કુળોમાંનું એક બન્યું.
- શાઉલ રાજા ઈઝરાએલના બિન્યામીન કુળમાંનો હતો.
- પાઉલ પ્રેરિત પણ બિન્યામીન કુળનો હતો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈઝરાએલા, યાકૂબ, યુસૂફ , પાઉલ, રાહેલ, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:1-2
- 1 રાજા 2:8-9
- પ્રેરિતો 13:21-22
- ઉત્પત્તિ 35:16-20
- ઉત્પત્તિ 42:1-4
- ઉત્પત્તિ 42:35-36
- ફિલીપ્પી 3:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H1144, G958

# બેથ-શેમેશ

## સત્યો:

બેથ-શેમેશ, એ યરૂશાલેમની પૂર્વે લગભગ 30 કિલોમીટર આવેલું કનાનીઓનું શહેર હતું.

- યહોશુઆની આગેવાનીના સમય દરમ્યાન ઈઝરાએલીઓએ બેથ-શેમેશને કબજે કર્યું.
- બેથ-શેમેશ એ શહેર હતું કે જે લેવી યાજકોને રહેવા માટે અલગ કરાયેલ સ્થળ હતું.
- જયારે પલિસ્તીઓ કબ્જે કરેલા કરારકોશને યરૂશાલેમ પાછા લઇ આવતા હતા ત્યારે તેઓ બેથ-શેમેશના શહેર પાસે પ્રથમ રોકાયા હતા.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર)

(તે પણ જુઓ: કરાર કોશ, કનાન, યરૂશાલેમ, યહોશુઆ, લેવીઓ, પલિસ્તીઓ)

## બાઈબલની કલમો :

- 1 રાજા 4:7-10
- 1 શમુએલ 6:7-9
- યહોશુઆ 19:20-22
- ન્યાયાધીશો 1:33

## શબ્દ માહિતી:

- Strong's: H1053

# બેથનિયા

## સત્યો:

બેથનિયા શહેર જૈતુન પર્વતના પૂર્વીય બાજુના ઢોળાવ ઉપર યરૂશાલેમની પૂર્વે લગભગ 2 ગાઉ (માઈલ્સ) આવેલું હતું.

બેથનિયયા કે જે યરૂશાલેમ અને યરીખોની નજીક વચ્ચેના માર્ગમાં હતું.

- ઈસુ વારંવાર બેથનિયાની મુલાકાત કરતા કે જ્યાં તેમના નિકટના મિત્રો લાઝરસ, માર્થા, અને મરિયમ રહેતા હતા.
- બેથનિયા ખાસ કરીને એ જગ્યા હતી કે જ્યાં ઈસુએ લાઝરસને મૃત્યુમાંથી ઉઠાડ્યો હતો.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: યરીખો, યરુશાલેમ, લાઝરસ, માર્થા, મરિયમ (માર્થાની બેન), જૈતુનનો પર્વત)

## બાઈબલની કલમો:

- યોહાન 1:26-28
- લૂક 24:50-51
- માર્ક 11:1-3
- માથ્થી 21:15-17

## શબ્દ માહિતી:

- Strong's: G963

# બેથલેહેમ,એફ્રાથાહ

## સત્યો:

બેથલેહેમ ઈઝરાએલની ભૂમિમાં યરૂશાલેમ શહેરની નજીક આવેલું એક નાનું શહેર હતું. તે "એફ્રાથાહ," તરીકે પણ જાણીતું હતું કે, જે સંભવત તેનું મૂળ નામ હતું.

- દાઉદ રાજા ત્યાં જન્મ્યો હતો, ત્યારથી બેથલેહેમ "દાઉદના શહેર" તરીકે ઓળખાતું હતું.
- મીખાહ પ્રબોધકે કહ્યું કે મસીહ "બેથલેહેમ એફ્રાથાહ" માંથી આવશે.
- ઘણાં વર્ષો પછી, તે ભવિષ્યવાણી પરિપૂર્ણ થતા, ઈસુ બેથલેહેમમાં જન્મ્યો હતો.

"બેથલેહેમ" શબ્દના નામનો અર્થ, "રોટલીનું ઘર" અથવા "અન્નનું ઘર" થતો હતો.

(આ પણ જુઓ : કાલેબ, દાઉદ, મીખાહ)

## બાઈબલની કલમો :

- ઉત્પત્તિ 35:16-20
- યોહાન 7:40-42
- માથ્થી 2:4-6
- માથ્થી 2:16
- રૂથ 1:1-2
- રૂથ 1:19-21

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:2** દાઉદ **બેથલેહેમ** નગરનો ભરવાડ હતો.
- **21:9** યશાયા પ્રબોધકે ભવિષ્યવાણી કરી કે મસીહ કુંવારીથી જન્મ લેશે.

મીખાહ પ્રબોધકે કહ્યું કે તે **બેથલેહેમ** નગરમાં જન્મ લેશે.

- **23:4** યુસુફ અને મરિયમને નાઝરેથ કે જ્યાં તેઓ રહેતા હતા ત્યાંથી **બેથલેહેમ** જવું પડ્યું, કારણકે તેમનો પૂર્વજ દાઉદ હતો કે જેનું વતન **બેથલેહેમ** હતું.
- **23:6**"મસીહ, સ્વામી,**બેથલેહેમમાં** જન્મ્યો છે.

## શબ્દ માહિતી:

- Strong's: H376, H672, H1035, G965

# બેથેલ

## સત્યો:

બેથેલ શહેર, યરૂશાલેમની ઉત્તરે કનાનની ભૂમિમાં આવેલું હતું. તે જૂના વખતમાં "લૂઝ" કહેવાતું હતું. ઈબ્રાહિમે પ્રથમ વાર દેવના વચનો પ્રાપ્ત કર્યા બાદ તેણે બેથેલની નજીક જઈ વેદી બાંધી. તે સમયે શહેરનું ખરું નામ પણ બેથેલ નહોતું, પણ તે સામાન્ય રીતે "બેથેલ" તરીકે દર્શાવાયું, જે તે રીતે વધુ જાણીતું હતું.

- યાકૂબ જયારે તેના ભાઈ એસાવથી ભાગી ગયો, ત્યારે યાકૂબે એક રાત આ શહેરની નજીક રહીને ત્યાંની ખુલ્લી જમીનમાં સૂઈ રહ્યો હતો.

જયારે તે સૂઈ રહ્યો હતો ત્યારે તેને સ્વપ્ન આવ્યું જેમાં તેણે સ્વર્ગની સીડીમાંથી દૂતો ચઢતા ઉતરતા જોયા.

- યાકૂબે આ શહેરનું નામ બેથેલ આપ્યું નહીં ત્યાં સુધી તેનું નામ પડ્યું નહોતું.

આ બાબતને સ્પષ્ટ કરવા, કોઈક ભાષાંતરમાં તેનું ભાષાંતર "લૂઝ (જે પાછળથી બેથેલ)" કહેવાયું, એટલે કે ઈબ્રાહિમ વિશેના શાસ્ત્રભાગમાં અને યાકૂબ ત્યાં પહેલી વાર આવ્યો (તેણે તેનું નામ બદલ્યું તે પહેલા).

- જૂના કરારમાં બેથેલનો ઉલ્લેખ વારંવાર કરવામાં આવ્યો છે અને એવું સ્થળ હતું કે જ્યાં ઘણી મહત્વની ઘટનાઓ બની હતી.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, વેદી, યાકૂબ, યરૂશાલેમ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 12:8-9
- ઉત્પત્તિ 35:1-3
- હોશિયા 10:14-15
- ન્યાયાધીશો 1:22-24

## શબ્દ માહિતી:

- Strong's: H1008

# બેરશેબા

## સત્યો:

જૂનાકરારના સમયમાં, બેરશેબા શહેર, યરૂશાલેમથી લગભગ 45 માઈલ્સ નૈઋત્ય દિશાએ રણ વિસ્તારમાં કે જ્યાં હાલમાં નેગેવ કહેવાય છે ત્યાં આવેલું હતું. બેરશેબાની આસપાસના રણનો જે વનપ્રદેશ છે, જ્યાં ઈબ્રાહિમે હાગાર અને ઇશ્માએલને તેમને તેના તંબુમાંથી બહાર મોકલ્યા બાદ તેઓ ભટક્યા ત્યાં હતા.

- આ શહેરના નામનો અર્થ "સમનો કુવો."

જયારે અબીમેલેખ રાજાના માણસોને ઈબ્રાહીમની સાથે સોગન ખાધા કે જેથી ઈબ્રાહીમનો કૂવાનો કબજો લીધા બદલ તે તેઓને સજા ન કરે, ત્યારે તેનું નામ પડ્યું હતું.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(તે પણ જુઓ: અબીમેલેખ, ઈબ્રાહીમ, હાગાર, ઈશ્માએલ, યરૂશાલેમ, સમ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 3:19-21
- 2 શમુએલ 17:11-12
- ઉત્પત્તિ 21:14-16
- ઉત્પત્તિ 21:31-32
- ઉત્પત્તિ 46:1-4
- નહેમ્યાહ 11:28-30

## શબ્દ માહિતી:

- Strong's: H884

# બૈરીયા

## સત્યો:

નવા કરારના સમયમાં, બૈરીયા (અથવા બેરોયા) મકદોનિઆ અગ્નિ દિશામાંનું સમૃદ્ધ ગ્રીક શહેર હતું, જે થેસ્સાલોનિકાથી લગભગ 80 કિલોમીટર દક્ષિણ આવેલું હતું.

- થેસ્સાલોનિકામાં અમુક યહૂદીઓ કે જેઓ તેમને માટે સંકટનું કારણ થયા ત્યારે પાઉલ અને સિલાસ તેમના ખ્રિસ્તી સાથીઓની મદદથી બૈરીયા શહેરમાં નાસી ગયા.
- જયારે બૈરીયામાં રહેતા લોકોએ પાઉલનો પ્રચાર સાંભળ્યો, કે તે તેઓને જે કહી રહ્યો હતો તે સત્ય છે કે નહીં તેની ખાત્રી કરવા તેઓએ ફરીથી પવિત્ર ધર્મ ગ્રંથ શોધતા.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: મકદોનિઆ, પાઉલ, સિલાસ, થેસ્સાલોનીકા)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 17:10-12
- પ્રેરિતો 17:13-15
- પ્રેરિતો 20:4-6

## શબ્દ માહિતી:

- Strong's: G960

# બોઆઝ

## સત્યો:

બોઆઝ ઈઝરાએલી માણસ હતો કે જે રૂથનો પતિ, દાઉદ રાજાના વડદાદા, અને ઈસુ ખ્રિસ્તનો પૂર્વજ હતો.

- બોઆઝ જયારે ઈઝરાએલમાં ન્યાયાધીશો હતા તે સમય દરમ્યાન જીવ્યો હતો.
- તે નાઓમી નામની ઈઝરાએલી સ્ત્રીનો સગો હતો કે જેનો પતિ અને પુત્રો મોઆબમાં મરણ પામ્યા પછી તેણી ઈઝરાએલ પાછી ફરી હતી.
- બોઆઝે નાઓમીની વિધવા પુત્રવધૂ રૂથની સાથે લગ્ન કરી તેને છોડાવી અને તેણે તેણીને પતિ અને બાળકો સાથેનું ભવિષ્ય આપ્યું .
- ઈસુએ આપણને કેવી રીતે પાપથી છોડાવ્યા અને બચાવ્યા તેની તે છબી દર્શાવે છે.

(ભાષાંતરના સૂચનો : નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: મોઆબ, છોડાવવું, રૂથ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:9-12
- 2 કાળવૃતાંત 3:15-17
- લૂક 3:30-32
- માથ્થી 1:4-6
- રૂથ 2:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H1162

# મકદોનિયા

## તથ્યો:

નવા કરારના સમયમાં, મકદોનિયા પ્રાચીન ગ્રીસ દેશની ઉત્તરે આવેલો એક રોમન પ્રાંત હતો.

- બાઇબલમાં બતાવેલા મકદોનિયા પ્રાંતના કેટલાક અગત્યના શહેરોમાં બેરિયા, ફિલિપી અને થેસ્સલોનિકા હતા.
- ઈશ્વરે પાઉલને એક દર્શન દ્વારા મકદોનિયાના લોકોને સુવાર્તા આપવા કહ્યું હતું.
- પાઉલ અને તેના સાથી કાર્યકરો મકદોનિયા ગયા અને ત્યાં લોકોને ઈસુ વિષે શીખવ્યું તથા નવા વિશ્વાસીઓને તેમના વિશ્વાસમાં વૃદ્ધિ પામવા મદદ કરી.
- બાઇબલમાં પાઉલે લખેલા એવા પત્રો છે કે જેઓને તેણે મકદોનિયા પ્રાંતના ફિલિપી શહેર તથા થેસ્સલોનિકા શહેરના વિશ્વાસીઓને લખ્યા હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: વિશ્વાસ કરવો, બેરિયા, વિશ્વાસ, સુવાર્તા, ગ્રીસ, ફિલિપી, થેસ્સલોનિકા)

## બાઇબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનિકી 1:6-7
- 1 થેસ્સલોનિકી 4:9-12
- 1 તિમોથી 1:3-4
- પ્રેરિતોના કૃત્યો 16:9-10
- પ્રેરિતોના કૃત્યો 20:1-3
- ફિલિપી 4:14-17

## શબ્દ માહિતી:

- Strong's: G3109, G3110

# મગ્દલાની મરિયમ

## તથ્યો:

મગ્દલાની મરિયમ ઈસુમાં વિશ્વાસ કરતી અને તેમની સેવામાં તેમનું અનુસરણ કરતી સ્ત્રીઓમાંની એક સ્ત્રી હતી. જેનામાંથી ઈસુએ સાત દુષ્ટાત્માઓ કાઢ્યા હતા કે જેઓએ તેને બાંધી રાખી હતી તે સ્ત્રી તરીકે તે જાણીતી હતી.

- મગ્દલાની મરિયમ અને કેટલીક બીજી સ્ત્રીઓ ઈસુ અને તેમના પ્રેરિતોને નાણાં આપીને સહાયતા કરતી હતી.
- ઈસુ મરણમાંથી સજીવન થયા ત્યારે તેમને સૌપ્રથમ મળનાર સ્ત્રીઓમાંની એક સ્ત્રી તરીકે પણ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- જ્યારે મગ્દલાની મરિયમ ખાલી કબરની બહાર ઊભી હતી ત્યારે, તેણે ઈસુને ત્યાં ઉભેલા જોયા અને તેમણે તેને જઈને બીજા શિષ્યોને ઈસુ ફરીથી સજીવન થયા છે તે જણાવવા કહ્યું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: દુષ્ટાત્મા, દુષ્ટાત્મા વળગેલ વ્યક્તિ)

## બાઇબલના સંદર્ભો:

- લૂક 8:1-3
- લૂક 24:8-10
- માર્ક 15:39-41
- માથ્થી 27:54-56

## શબ્દ માહિતી:

- Strong's: G3094, G3137

# મનાશ્શા

## તથ્યો:

જૂના કરારમાં મનાશ્શા નામના પાંચ પુરુષો હતા:

- યૂસફના પ્રથમજનિત પુત્રનું નામ મનાશ્શા હતું.
- મનાશ્શા અને તેના નાના ભાઈ એફ્રાઇમને યૂસફના પિતા યાકૂબે દત્તક લીધા હતા કે જેનાથી તેઓના વંશજોને ઇઝરાયલના બાર કુળોમાં ગણવાનો વિશેષાધિકાર મળ્યો.
- મનાશ્શાના વંશજોનું ઇઝરાયલમાં એક કુળ બન્યું.
- મનાશ્શાના કુળને ઘણીવાર "મનાશ્શાનું અર્ધકુળ" કહેવામાં આવતું હતું કારણકે યર્દન નદીની પશ્ચિમે કનાન દેશમાં ફક્ત અડધું જ કુળ વસ્યું હતું.

બાકીનું અરધું કુળ યર્દન નદીની પૂર્વ દિશાએ વસ્યું હતું.

- યહૂદિયાના એક રાજાનું નામ પણ મનાશ્શા હતું.
- મનાશ્શા એક દુષ્ટ રાજા હતો કે જેણે પોતાના ખુદના બાળકોનું જૂઠા દેવો આગળ દહનીયાર્ણ કર્યું.
- ઈશ્વરે મનાશ્શાને દુશ્મન સૈન્ય દ્વારા પકડાવીને શિક્ષા કરી.

મનાશ્શા ઈશ્વર તરફ પાછો ફર્યો અને જ્યાં મૂર્તિપૂજાઓ થતી હતી તે વેદીઓનો નાશ કર્યો.

- મનાશ્શા નામના બે માણસો એઝરાના સમયમાં થઈ ગયા.

આ બે પુરુષોને તેઓની પરદેશી પત્નીઓને છૂટાછેડા આપવા કહેવામાં આવ્યું હતું કે જેમણે તેઓને જૂઠા દેવોની આરાધના કરવા પ્રભાવિત કર્યા હતા.

- એક બીજો મનાશ્શા દાનના કુળના કેટલાક લોકોનો પરદાદા હતો કે જેઓ જૂઠા દેવોના યાજકો હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: વેદી, દાન, એફ્રાઇમ, એઝરા, જૂઠા દેવો, યાકૂબ, યહૂદિયા, પરદેશી, ઇઝરાયલના બાર કુળો)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃત્તાંત 15:8-9
- પુનર્નિયમ 3:12-13
- ઉત્પત્તિ 41:50-52
- ઉત્પત્તિ 48:1-2
- ન્યાયાધીશો 1:27-28

## શબ્દ માહિતી:

- Strong's: H4519, H4520, G3128

# મરિયમ

## તથ્યો:

મરિયમ હારુન અને મૂસાની મોટી બહેન હતી.

- જ્યારે મરિયમ નાની હતી ત્યારે, તેની માતાએ તેને તેના ભાઈ બાળમૂસાનું ધ્યાન રાખવા સૂચના આપી હતી કે જે નાઇલ નદીમાં બરૂઓ વચ્ચે ટોપલીમાં મૂકેલો હતો.

જ્યારે ફારુનની દીકરીને તે બાળક મળ્યું અને તેને કોઈ વ્યક્તિની જરૂર હતી કે જે બાળકની સંભાળ રાખી શકે ત્યારે, તે કરવા મરિયમ પોતાની માતાને બોલાવી લાવી.

- જ્યારે ઇઝરાયલીઓ લાલ સમુદ્રને પાર કરીને ઈજીપ્તના લોકોથી બચી ગયા ત્યારે, મરિયમે તેઓને આનંદ અને આભારસ્તુતિનું નૃત્ય કરવામાં દોર્યા.
- વર્ષો બાદ જ્યારે ઇઝરાયલીઓ અરણ્યમાં ભટકતા હતા ત્યારે, મરિયમ અને હારુન મૂસા વિરુદ્ધ ખોટું બોલ્યા કારણકે તેણે એક કુશી સ્ત્રી સાથે લગ્ન કર્યું હતું.
- મૂસા વિરુદ્ધ બોલવાના તેના વિદ્રોહને કારણે, ઈશ્વરે મરિયમને કોઢની રોગી બનાવી દીધી.

પણ બાદમાં જ્યારે મૂસાએ તેના માટે આજીજી કરી ત્યારે ઈશ્વરે તેને સાજી કરી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: હારુન, કુશ, આજીજી કરવી, મૂસા, નાઇલ નદી, ફારુન, વિદ્રોહી)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 6:1-3
- પુનર્નિયમ 24:8-9
- મીખાહ 6:3-5
- ગણના 12:1-3
- ગણના 20:1

## શબ્દ માહિતી:

- Strong's: H4813

# મરિયમ (માર્થાની બહેન)

## તથ્યો:

મરિયમ બેથનિયા નગરની સ્ત્રી હતી કે જે ઈસુને અનુસરતી હતી.

- મરિયમની માર્થા નામની એક બહેન અને લાજરસ નામનો એક ભાઈ હતો કે જેઓ પણ ઈસુને અનુસરતા હતા.
- એક સમયે જ્યારે મરિયમે માર્થાની જેમ ભોજનની તૈયારી સંબંધી ચિંતા કરવાને બદલે ઈસુના શિક્ષણને સાંભળવાનું પસંદ કર્યું ત્યારે ઈસુએ કહ્યું હતું કે મરિયમે શ્રેષ્ઠ બાબત પસંદ કરી હતી.
- ઈસુએ મરિયમના ભાઈ લાજરસને સજીવન કર્યો હતો.
- થોડા સમય બાદ, જ્યારે ઈસુ બેથનિયામાં કોઈકના ઘરે જમતા હતા ત્યારે, મરિયમે ઈસુની આરાધના કરવા તેમના પગ પર કિમતી અત્તર ચોળ્યું.
- તે કરવા બદલ ઈસુએ તેની પ્રશંસા કરી અને કહ્યું કે તે તેમના શરીરને દફન માટે તૈયાર કરતી હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: બેથનિયા, જટામાંસી, લાજરસ, માર્થા)

## બાઇબલના સંદર્ભો:

- યોહાન 11:1-2
- યોહાન 12:1-3
- લૂક 10:38-39

## શબ્દ માહિતી:

- Strong's: G3137

# મરિયમ, ઈસુની માતા

## તથ્યો:

મરિયમ નાઝરેથ નગરમાં રહેતી એક યુવાન સ્ત્રી હતી કે જેની સગાઈ યૂસફ નામના એક પુરુષ સાથે થઈ હતી. ઈશ્વરે મરિયમને ઈસુ મસીહ એટલે કે ઈશ્વરપુત્રની શારીરિક માતા થવા પસંદ કરી.

- જ્યારે મરિયમ કુંવારી હતી ત્યારે પવિત્ર આત્માએ તેને અલૌકિક રીતે ગર્ભવતી થવા દોરી.
- એક દૂતે મરિયમને કહ્યું કે જે બાળક તેને જનમવાનું હતું તે તો ઈશ્વરપુત્ર હતા અને તેણે તેમનું નામ ઈસુ પાડવાનું હતું.
- મરિયમે ઈશ્વરને પ્રેમ કર્યો અને તેના પર કૃપા કરવા તેમની સ્તુતિ કરી.
- યૂસફ મરિયમને પરણ્યો, પણ બાળક જન્મ્યું ત્યાં સુધી તે કુંવારી જ રહી.
- ભરવાડોએ તથા માગીઓએ જે અદભૂત બાબતો બાળઈસુ વિષે કહી તે વિષે મરિયમ ઊંડાણપૂર્વક વિચારતી હતી.
- મરિયમ તથા યૂસફ બાળઈસુને અર્પણ કરવા ભક્તિસ્થાનમાં લઈ ગયા.

બાદમાં હેરોદ રાજાની તે બાળકને મારી નાખવાની યોજનાથી બચવા તેઓ ઈસુને ઈજીપ્તમાં લઈ ગયા. અંતે તેઓ પાછા નાઝરેથમાં સ્થાયી થયા.

- જ્યારે ઈસુ મોટા થયા અને કાના ગામના લગ્નમાં તેમણે પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો ત્યારે, મરિયમ ઈસુની સાથે હતી.
- સુવાર્તા એ પણ ઉલ્લેખ કરે છે કે જ્યારે ઈસુ વધસ્થંભ પર મર્યા ત્યારે મરિયમ ત્યાં હતી.

તેમણે પોતાના શિષ્ય યોહાનને તેણીની કાળજી પોતાની સગી માતા તરીકે રાખવા કહ્યું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: કાના, ઈજીપ્ત, હેરોદ રાજા, ઈસુ, યૂસફ, ઈશ્વરપુત્ર, કુંવારી)

## બાઇબલના સંદર્ભો:

- યોહન 2:3-5
- યોહાન 2:12
- લૂક 1:26-29
- લૂક 1:34-35
- માર્ક 6:1-3
- માથ્થી 1:15-17
- માથ્થી 1:18-19

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **22:4** જ્યારે એલિસાબેત છ મહિનાથી ગર્ભવતી હતી ત્યારે, તે જ દૂત એલિસાબેતની સગી સમક્ષ પ્રગટ થયો, કે જેનું નામ **મરિયમ** હતું.

તે કુંવારી હતી અને યૂસફ નામના પુરુષ સાથે તેની સગાઈ થઈ હતી. દૂતે તેને કહ્યું, “તું ગર્ભવતી થશે અને એક પુત્રને જન્મ આપશે. તારે તેનું નામ ઈસુ પાડવું અને તેઓ તો મસીહ હશે.”

- **22:5** દૂતે તેને સમજાવ્યું, “પવિત્ર આત્મા તારા પર આવશે, અને ઈશ્વરનું સામર્થ્ય તારા પર આચ્છાદાન કરશે.

તેથી બાળક પવિત્ર એટલે કે ઈશ્વરપુત્ર હશે.” **મરિયમે** દૂતે જે કહ્યું તેના પર વિશ્વાસ કર્યો અને તેને સ્વીકાર્યું.

- **22:6** દૂત **મરિયમ** સાથે બોલ્યો તે પછી તરતજ તેણે જઈને એલિસાબેતની મુલાકાત કરી.

જેવી એલિસબેતે **મરિયમની** સલામ સાંભળી કે, એલીસાબેતનું બાળક તેના પેટમાં કૂદ્યું.

- **23:2** દૂતે કહ્યું, “યૂસફ, **મરિયમને** તારી પત્ની તરીકે લેતાં ડરીશ નહિ.

તેના પેટમાનું બાળક પવિત્ર આત્મા દ્વારા છે.”

- **23:4** યૂસફ તથા **મરિયમને** જ્યાં તેઓ રહેતા હતા તે નાઝરેથથી બેથલેહેમ જવા લાંબી મુસાફરી કરવી પડી કારણકે તેમનો પૂર્વજ દાઉદ હતો કે જેનું વતન બેથલેહેમ હતું.

- **49:1** એક દૂતે **મરિયમ** નામની એક કુમારિકાને કહ્યું કે તે ઈશ્વરના પુત્રને જન્મ આપશે.

તેથી જ્યારે તે કુંવારી હતી ત્યારે, તેણે એક પુત્રને જન્મ આપ્યો અને તેનું નામ ઈસુ પાડ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: G3137

# મલ્ખીસેદેક

## તથ્યો:

જ્યારે ઇબ્રાહિમ જીવતો હતો તે સમય દરમ્યાન, મલ્ખીસેદેક શાલેમ (પાછળથી "યરુશાલેમ") શહેરનો રાજા હતો.

- મલ્ખીસેદેકના નામનો અર્થ "ન્યાયીપણાનો રાજા" થાય છે અને તેના ખિતાબ "શાલેમનો રાજા"નો અર્થ "શાંતિનો રાજા" થાય છે.
- તેને "પરાત્પર ઈશ્વરનો યાજક" પણ કહેવામાં આવતો હતો.
- જ્યારે ઇબ્રામે શક્તિશાળી રાજાઓના હાથમાંથી પોતાના ભત્રીજા લોતને છોડાવ્યો તે પછી મલ્ખીસેદેકે ઇબ્રામને રોટલી તથા દ્રાક્ષારસ પીરસ્યાં ત્યારે બાઇબલમાં તેનો પ્રથમ વાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઇબ્રામે પોતાની જીતની લૂંટમાંથી મલ્ખીસેદેકને દશમો ભાગ આપ્યો.

- નવા કરારમાં, મલ્ખીસેદેકને જેના કોઈ માતાપિતા ન હતા તે રીતે દર્શાવવામાં આવ્યો છે.

તેને એક યાજક અને રાજા કહેવામાં આવ્યો છે કે જે સદાકાળ માટે રાજ કરશે.

- નવો કરાર એ પણ કહે છે કે ઈસુ "મલ્ખીસેદેકના યાજકપદના નિયમ" અનુસાર યાજક છે.

ઈસુ ઇઝરાયલના યાજકોની જેમ લેવીના વંશમાં નહોતા જન્મ્યા. તેમનું યાજકપદ મલ્ખીસેદેકની જેમ સીધું ઈશ્વર તરફથી હતું.

- બાઇબલમાં તેના વિષેના આ વર્ણનોના આધારે, મલ્ખીસેદેક એક માનવીય યાજક હતો કે જેને ઈશ્વર દ્વારા ઈસુનું પ્રતિનિધિત્વ કરવા અથવા તો આવનાર ઈસુનો નિર્દેશ કરવા પસંદ કરવામાં આવ્યો હતો, એ ઈસુ કે જેઓ શાંતિના અને ન્યાયીપણાના અનંતકાળીક રાજા અને આપણા મહાન પ્રમુખ યાજક છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઇબ્રાહિમ, અનંતકાળીક, પ્રમુખ યાજક, યરુશાલેમ, લેવી, યાજક, ન્યાયી)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 14:17-18
- હિબ્રૂ 6:19-20
- હિબ્રૂ 7:15-17
- ગીતશાસ્ત્ર 110:4

## શબ્દ માહિતી:

- Strong's: H4442, G3198

# મહાન હેરોદ

## સત્યો:

ઈસુના જનમ્યો હતો તે સમય પર મહાન હેરોદ યહૂદિયા ઉપર રાજ કરતો હતો.

- તે હેરોદ નામનાં અદોમીઓના અનેક શાસકોમાં પ્રથમ હતો કે જેણે રોમન સામ્રાજ્યના ભાગો ઉપર રાજ કર્યું.
- તેના પૂર્વજો યહૂદી ધર્મમાં ધર્માન્તર પામ્યા હતા, અને તે યહૂદી તરીકે મોટો થયો હતો.
- તે સાચો રાજા નહોતો છતાં પણ કૈસર ઓગસ્તસે તેને “હેરોદ રાજા” નામ આપ્યું.

તેણે 33 વર્ષો માટે યહૂદીઓ ઉપર યહૂદિયામાં રાજ કર્યું.

- મહાન હેરોદ એ તેણે સુંદર ઈમારતો બાંધવા માટે અને યહૂદીઓના યરૂશાલેમમાંના મંદિરને ફરીથી બાંધવા જે આદેશ આપ્યો તે માટે જાણીતો હતો.
- આ હેરોદ ખૂબ જ ક્રૂર હતો અને ઘણા માણસોને મારી નાખ્યા હતા.

જયારે તેણે સાભળ્યું કે “યહૂદીઓનો રાજા બેથલેહેમમાં જન્મ્યો છે, ત્યારે તેણે બધાંજ નર બાળકોને જે તે નગરમાં હતા તેઓને મારી નાખ્યા.

- તેના દીકરાઓ હેરોદ એન્તીપાસ, હેરોદ ફિલિપ, અને તેનો પૌત્ર હેરોદ એગ્રીપા પણ રોમન શાસકો બન્યા.

તેનો દોહિત્ર હેરોદ એગ્રીપા બીજો (“એગ્રીપા રાજા” કહેવાતો) તેણે યહૂદિયાના સમગ્ર વિસ્તાર ઉપર રાજ કર્યું.

(જુઓ નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: હેરોદ એન્તીપાસ, યહૂદિયા, રાજા, મંદિર)

## બાઈબલની કલમો:

- માથ્થી 2:1-3
- માથ્થી 2:11-12
- માથ્થી 2:16
- માથ્થી 2:19-21
- માથ્થી 2:22-23

## શબ્દ માહિતી:

- Strong's: G2264

# માકા

## તથ્યો:

માકા (અથવા તો માકાહ) ઇબ્રાહિમના ભાઈ નાહોરનો એક પુત્ર હતો.

જૂના કરારમાં બીજા લોકોનું નામ પણ માકા હતું.

- માકા શહેર અથવા તો બેથ માકા ઇઝરાયલની ઉત્તરમાં દૂર નફતાલીના કુળે કબજે કરેલા પ્રદેશમાં સ્થિત હતું.
- તે એક મહત્ત્વનું શહેર હતું અને ઘણી વાર શત્રુઓએ તેના પર હુમલાઓ કર્યાં હતા.
- દાઉદના પુત્ર આબ્શાલોમની માતા સહિત ઘણી સ્ત્રીઓનું નામ માકા હતું.
- આસા રાજાએ પોતાની દાદી માકાને રાણીપદથી દૂર કરી કારણકે તેણીએ અશેરાહની પૂજાને પ્રોત્સાહન આપ્યું હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: આસા, અશેરાહ, નાહોર, નફતાલી, ઇઝરાયલના બાર કુળો)

## બાઇબલના સંદર્ભો:

## શબ્દ માહિતી:

- Strong's: H4601

# માથ્થી, લેવી

## તથ્યો:

માથ્થી બાર માણસોમાંનો એક હતો કે જેઓને ઈસુએ તેમના પ્રેરિતો થવા પસંદ કર્યાં હતા. તે અલ્ફીના પુત્ર લેવી તરીકે પણ ઓળખાતો હતો.

- ઈસુ તેને મળ્યા તે અગાઉ લેવી (માથ્થી) કફર-નહૂમ નગરનો કર ઉઘરાવનાર વ્યક્તિ હતો.
- માથ્થીએ જે સુવાર્તા લખી છે તેમાં તેનું નામ દર્શાવાયું છે.
- બાઇબલમાં લેવી નામના બીજા કેટલાક લોકો છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: પ્રેરિત, લેવી, કર ઉઘરાવનાર)

## બાઇબલના સંદર્ભો:

- લૂક 5:27-28
- લૂક 6:14-16
- માર્ક 2:13-14
- માર્ક 3:17-19
- માથ્થી 9:7-9
- માથ્થી 10:2-4

## શબ્દ માહિતી:

- Strong's: G3017, G3156

# માદીઓ, માદાય

## તથ્યો:

માદાય આશ્શૂર અને બાબિલની પૂર્વ બાજુએ તથા એલામ અને ઈરાનની ઉત્તર બાજુએ સ્થિત એક પ્રાચીન સામ્રાજ્ય હતું. માદાય સામ્રાજ્યમાં રહેતા લોકોને "માદીઓ" કહેવામાં આવતા હતા.

- માદાય સામ્રાજ્ય વર્તમાન સમયના તુર્કી, ઈરાન, સીરિયા, ઇરાક તથા અફઘાનિસ્તાનના કેટલાક ભાગોમાં ફેલાયેલું હતું.
- માદીઓ ઈરાનીઓ સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા હતા અને બન્ને સામ્રાજ્યોએ બાબિલના સામ્રાજ્યને જીતવા સૈન્યોને ભેગા કર્યાં હતા.
- જ્યારે દાનિયેલ પ્રબોધક ત્યાં રહેતો હતો ત્યારે બાબિલ પર માદી રાજા દાર્યાવેશે ચડાઈ કરી હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: આશ્શૂર, બાબિલ, કોરેશ, દાનિયેલ, દાર્યાવેશ, એલામ, ઈરાન)

## બાઇબલના સંદર્ભો:

- 2 રાજા 17:4-6
- પ્રેરિતોનાં કૃત્યો 2:8-11
- દાનિયેલ 5:25-28
- એસ્તેર 1:3-4
- એઝરા 6:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H4074, H4075, H4076, H4077, G3370

# માર્થા

## તથ્યો:

માર્થા બેથાની નગરની સ્ત્રી હતી કે જે ઈસુને અનુસરતી હતી.

- માર્થાની મરિયમ નામે એક બહેન અને લાજરસ નામે એક ભાઈ હતો, કે જેઓ પણ ઈસુને અનુસરતા હતા.
- એક વાર જ્યારે ઈસુ તેઓની મુલાકાતે તેઓના ઘરે ગયા ત્યારે, માર્થા ભોજન વ્યવસ્થા બાબતે ગૂંચવાતી હતી જ્યારે તેની બહેન બેસીને ઈસુને સાંભળતી હતી.
- જ્યારે લાજરસ મરી ગયો ત્યારે, માર્થાએ ઈસુને કહ્યું કે ઈસુ તે જ ખ્રિસ્ત એટલે કે ઈશ્વરપુત્ર છે તેવો તે વિશ્વાસ કરતી હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: લાજરસ, મરિયમ (માર્થાની બહેન))

## બાઇબલના સંદર્ભો:

- યોહાન 11:1-2
- યોહાન 12:1-3
- લૂક 10:38-39

## શબ્દ માહિતી:

- Strong's: G3136

# માલાખી

## તથ્યો:

માલાખી ઈશ્વર દ્વારા યહૂદિયાના રાજ્યને મોકલાયેલો એક પ્રબોધક હતો. ઈસુના આ પૃથ્વી પર આવ્યાના 500 વર્ષ અગાઉ તે થઈ ગયો.

- બાબિલના બંદીવાસમાંથી લોકોના પાછા આવ્યાં બાદ જ્યારે ભક્તિસ્થાન બાંધવામાં આવી રહ્યું હતું તે વખતે માલાખીએ પ્રબોધ કર્યો.
- એઝરા અને નહેમ્યા પણ માલાખીના સમયમાં જ થઈ ગયા.
- માલાખીનું પુસ્તક જૂના કરારનું અંતિમ પુસ્તક છે.
- જૂના કરારના બીજા બધા પ્રબોધકોની જેમ, માલાખીએ લોકોને તેઓના પાપોનો પશ્ચાતાપ કરવા અને યહોવાની આરાધના કરવા પાછા ફરવા અરજ કરી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: બાબિલ, બંદી, એઝરા, યહૂદિયા, નહેમ્યા, પ્રબોધક, પશ્ચાતાપ કરવો, પાછા ફરવું)

## બાઇબલના સંદર્ભો:

- માલાખી 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H4401

# મિખાયેલ

## તથ્યો:

મિખાયેલ ઈશ્વરના બધા જ પવિત્ર આજ્ઞાંકિત દૂતોમાં મુખ્ય છે. તે એક જ એવો દૂત છે કે જેનો ખાસ ઉલ્લેખ ઈશ્વરના “પ્રમુખદૂત” કરીકે કરવામાં આવ્યો છે.

- “પ્રમુખદૂત” શબ્દનો શબ્દશઃ અર્થ “મુખ્ય દૂત” અથવા તો “શાસક દૂત” થાય છે.
- મિખાયેલ એક યોદ્ધો છે કે જે ઈશ્વરના શત્રુઓ સામે લડે છે અને ઈશ્વરના લોકોનું રક્ષણ કરે છે.
- તેણે ઇઝરાયલીઓને ઈરાનના સૈન્ય સામે લડવા માટે દોર્યા.

અંતના સમયોમાં, દાનિયેલના ભવિષ્યવચન અનુસાર તે ઇઝરાયલના સૈન્યોને દુષ્ટતાની તાકતો સામે અંતિમ લડાઈમાં દોરશે.

- બાઇબલમાં મિખાયેલ નામના કેટલાક માણસો પણ છે.

કેટલાક માણસોને “મિખાયેલના પુત્રો” તરીકે બતાવવામાં આવ્યા છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: દૂત, દાનિયેલ, સંદેશવાહક, ઈરાન)

## બાઇબલના સંદર્ભો:

- દાનિયેલ 10:12-13
- દાનિયેલ 10:20-21
- એઝરા 8:8-11
- પ્રકટીકરણ 12:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H4317, G3413

# મિદ્યાન, મિદ્યાની, મિદ્યાનીઓ

## તથ્યો:

મિદ્યાન ઇબ્રાહિમ અને તેની પત્ની કટુરાહનો પુત્ર હતો. તે એક લોકજાતિનું નામ અને કનાન દેશની દક્ષિણે ઉત્તરીય અરેબિયાના અરણ્યમાં આવેલ એક પ્રદેશ પણ છે. તે જૂથના લોકોને "મિદ્યાનીઓ" કહેવામાં આવતા હતા.

- જ્યારે મૂસા પહેલી વાર ઈજીપ્ત છોડીને ગયો ત્યારે, તે મિદ્યાનના પ્રદેશમાં ગયો કે જ્યાં તે યિથ્રોની દીકરીઓને મળ્યો અને તેમને તેમના પશુઓને પાણી પીવડાવવામાં મદદ કરી.

ત્યારે બાદ મૂસા યિથ્રોની એક દીકરીને પરણ્યો.

- યૂસફને ગુલામોનો વેપાર કરનારા એક મિદ્યાની જૂથ દ્વારા ઈજીપ્તમાં લઈ જવામાં આવ્યો હતો.
- ઘણાં વર્ષો બાદ કનાન દેશમાં મિદ્યાનીઓએ ઇઝરાયલીઓ પર હુમલા કર્યાં અને ધાડો પાડી.

તેઓને હરાવવા માટે ગિદિયોને ઇઝરાયલીઓની આગેવાની કરી.

- વર્તમાન સમયના અરેબિયાના ઘણા કુળો આ જૂથના વંશજો છે.

(આ પણ જૂઓ: અરેબિયા, ઈજીપ્ત, ટોળા, ગિદિયોન, યિથ્રો, મૂસા)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:29-30
- નિર્ગમન 2:15-17
- ઉત્પત્તિ 25:1-4
- ઉત્પત્તિ 36:34-36
- ઉત્પત્તિ 37:27-28
- ન્યાયધીશો 7:1

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **16:3** પણ પછી લોકો ઈશ્વરને ભૂલી ગયા અને તેઓએ મૂર્તિપૂજા કરવાની શરૂઆત કરી.

તેથી ઈશ્વરે તેઓને **મિદ્યાનીઓ** એટલે કે નજીકના એક શત્રુજૂથ દ્વારા હારવા દીધા.

- **16:4** ઇઝરાયલીઓ ખૂબ જ ડરી ગયા, તેઓ ગુફાઓમાં છૂપાતા હતા કે જેથી **મિદ્યાનીઓ** તેમને શોધી શકે નહિ.
- **16:11** તે માણસના મિત્રે કહ્યું, "આ સ્વપ્નનો અર્થ થાય છે કે ગિદિયોનનું સૈન્ય **મીદ્યાનીઓના** સૈન્યને હરાવશે!"
- **16:14** ઈશ્વરે **મીદ્યાનીઓને** ગુંચવી નાખ્યા, કે જેથી તેઓએ એકબીજા પર હુમલો કરવાનું અને મારી નાખવાનું શરૂ કર્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H4080, H4084, H4092

# મિસર, મિસરી, મિસરીઓ

## સત્યો:

મિસર એ આફ્રિકાના ઇશાન ભાગમાં, કનાનની ભૂમિના દક્ષિણ પશ્ચિમમાં આવેલો દેશ છે. મિસરી વ્યક્તિ છે કે જે મિસર દેશમાંથી આવે છે.

- પ્રાચીન સમયમાં, મિસર એ શક્તિશાળી અને શ્રીમંત દેશ હતો.

પ્રાચીન મિસર બે ભાગમાં વહેચાયેલું હતું, મિસરનો નીચેનો (ઉત્તર ભાગ જ્યાં નાઈલ નદી નીચે સમુદ્ર તરફ વહેતી હતી) અને મિસર નો ઉપરનો (દક્ષિણ ભાગ).

જૂના કરારમાં, આ ભાગોને મૂળ ભાષાના લખાણમાં “મિસર” અને “પત્રોસ” કહેવામાં આવે છે.

- અનેક વાર જયારે કનાનમાં અનાજ ઓછું હતું, ત્યારે ઈઝરાએલના કુટુંબના વડાઓ તેમના કુટુંબો માટે અનાજ વેચાતું લેવા મિસરમાં પ્રવાસ કરતા હતા.
- ઘણા વર્ષો માટે, ઈઝરાએલીઓ મિસરમાં ગુલામો હતા.
- સમ્રાટ હેરોદથી બચવા માટે, યુસફ અને મરિયમ નાના બાળક ઈસુને લઈને મિસરમાં ચાલ્યા ગયા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: સમ્રાટ હેરોદ, યૂસફ , નાઈલ નદી, કુટુંબનો વડાઓ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 4:7-9
- પ્રેરિતો 7:9-10
- નિર્ગમન 3:7-8
- ઉત્પત્તિ 41:27-29
- ઉત્પત્તિ 41:55-57
- માથ્થ 2:13-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **8:4** ગુલામના વેપારીઓ યૂસફ ને **મિસરમાં** લઈ ગયા. **મિસર** એ નાઈલ નદીને મોખરે આવેલો વિશાળ, શક્તિશાળી દેશ હતો.
- ફારુન યૂસફથી ખૂબ પ્રભાવિત થયો હતો કે તેણે તેને પુરા **મિસર** ઉપર બીજા સ્થાને સૌથી શક્તિશાળી માણસ તરીકે નીમ્યો.
- **8:11** જેથી યાકૂબે તેના મોટા દીકરાઓને અનાજ વેચાતું લેવા **મિસર** મોકલ્યા.
- **8:14** યાકૂબ ઘરડો હોવા છતાં, તેના પુરા કુટુંબ સાથે **મિસર** માં સ્થળાંતર કર્યું, અને તેઓ બધા ત્યાં રહ્યા.
- **9:1** યૂસફના મરણ બાદ, તેના બધા સંબંધીઓ **મિસર** માં વસ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H4713, H4714, G124, G125

# મિસ્પાહ

## તથ્યો:

મિસ્પાહ જૂના કરારમાં જેઓનો ઉલ્લેખ કરાયો છે તેવા કેટલાક નગરોનું નામ છે. તેનો અર્થ "ચોકી કરવાનું સ્થાન" અથવા તો "ચોકી કરવાનો બુરજ" થાય છે.

- જ્યારે શાઉલ દાઉદનો પીછો કરતો હતો ત્યારે, દાઉદે તેના માતાપિતાને મિસ્પાહમાં મોઆબના રાજાની સંભાળમાં રાખ્યા હતા.
- મિસ્પાહ નામનું એક શહેર યહૂદિયા અને ઇઝરાયલના રાજ્યોની સીમા પર સ્થિત હતું.

તે એક લશ્કરનું મુખ્ય થાણું હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: દાઉદ, યહૂદિયા, ઇઝરાયલનું રાજ્ય, મોઆબ, [શાઉલ])

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 15:20-22
- 1 શમુએલ 7:5-6
- 1 શમુએલ 7:10-11
- યર્મિયા 40:5-6
- ન્યાયાધીશો 10:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H4708, H4709

# મીખાહ

## તથ્યો:

મીખાહ ખ્રિસ્તથી લગભગ 700 વર્ષ અગાઉ યહૂદિયાનો પ્રબોધક હતો કે જ્યારે યશાયા પ્રબોધક પણ યહૂદિયામાં સેવા કરતો હતો. મીખાહ નામનો બીજો એક માણસ ન્યાયાધીશોના સમયમાં થઈ ગયો.

- મીખાહનું પુસ્તક જૂના કરારમાં અંત ભાગમાં આવેલું છે.
- મીખાહે આશ્શૂરીઓ દ્વારા સમરૂનના નાશ વિષે પ્રબોધવાણી કરી હતી.
- મીખાહે યહૂદિયાના લોકોને ઈશ્વરની આજ્ઞાઓ ન માનવા માટે ઠપકો આપ્યો અને તેઓને ચેતવણી આપી કે તેઓના શત્રુઓ તેમનાં પર હુમલો કરશે.
- તેની પ્રબોધવાણી જેઓ વિશ્વાસુ છે અને પોતાના લોકોનો ઉદ્ધાર કરે છે તે ઈશ્વરમાં આશાના સંદેશ સાથે પૂરી થાય છે.
- ન્યાયાધીશોના પુસ્તકમાં, એફ્રાઈમમાં રહેતા મીખાહ નામના એક માણસની વાર્તા કહેવામાં આવી છે કે જેણે ચાંદીની એક મૂર્તિ બનાવી હતી.

એક યુવાન લેવી યાજક કે જે તેની સાથે રહેવા આવ્યો હતો તેણે તે મૂર્તિ અને બીજી વસ્તુઓ ચોરી અને દાનના લોકોના એક જૂથ સાથે ચાલ્યો ગયો. અંતે દાનના લોકો અને તે યાજક લાઈશ શહેરમાં વસ્યા અને તેઓએ પૂજા કરવા તે ચાંદીની મૂર્તિ ત્યાં સ્થાપી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: આશ્શૂર, દાન, એફ્રાઈમ, જૂઠા દેવો, યશાયા, યહૂદિયા, ન્યાયાધીશ, લેવી, યાજક, પ્રબોધક, સમરૂન, ચાંદી)

## બાઇબલના સંદર્ભો:

- યર્મિયા 26:18-19
- મીખાહ 1:1
- મીખાહ 6:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H4316, H4318

# મીશાએલ

## તથ્યો:

જૂના કરારમાં મીશાએલ નામના ત્રણ માણસો છે.

- મીશાએલ નામનો એક માણસ હારુનનો પિત્રાઈ હતો.

ઈશ્વરે સૂચવ્યું હતું તે રીતે ધૂપ ન ચડાવવાને કારણે જ્યારે ઈશ્વરે હારુનના બે પુત્રોને મારી નાખ્યા ત્યારે, મીશાએલ અને તેના ભાઈને તેઓનાં શબ ઇઝરાયલની છાવણી બહાર લઈ જવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

- જ્યારે એઝરા શોધી કાઢવામાં આવેલા નિયમશાસ્ત્રના પુસ્તકને જાહેરમાં વાંચતો હતો ત્યારે મીશાએલ નામનો બીજો માણસ તેની પાસે ઊભો હતો.
- જ્યારે ઇઝરાયલીઓ બાબિલના બંદીવાસમાં હતા તે સમય દરમ્યાન, મીશાએલ નામના એક જુવાનને પણ પકડીને બાબિલમાં રહેવા લઈ જવાયો હતો.

બાબિલના લોકોએ તેને “મેશાખ” નામ આપ્યું હતું.

તેણે તેના મિત્રો અઝાર્યા (અબેદનગો) અને હનાન્યા (શાદ્રાખ) સાથે મળીને રાજાની મૂર્તિની આરાધના કરવાની ના પાડી અને તેઓને બળતી ભઠ્ઠીમાં નાખવામાં આવ્યા હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: હારુન, અઝાર્યા, બાબિલ, દાનિયેલ, હનાન્યા)

## બાઇબલના સંદર્ભો:

- દાનિયેલ 1:6-7
- દાનિયેલ 2:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H4332, H4333

# મૂસા

## તથ્યો:

મૂસા 40 વર્ષ સુધી ઇઝરાયલી લોકો માટે એક પ્રબોધક અને આગેવાન હતો.

- જ્યારે મૂસા બાળક હતો ત્યારે, તેના માતાપિતાએ ઈજીપ્તના રાજા ફારુનથી સંતાડવા તેને નાઇલ નદીના બરુઓમાં એક ટોપલીમાં મૂક્યો હતો.

મૂસાની બહેન મરિયમે ત્યાં તેનું ધ્યાન રાખ્યું હતું. જ્યારે ફારુનની દીકરીએ તેને જોયો અને તેને પોતાના પુત્ર તરીકે ઉછેરવા મહેલમાં લઈ ગઈ ત્યારે મૂસાનું જીવન બચી ગયું હતું.

- ઈશ્વરે ઈજીપ્તની ગુલામીમાંથી ઇઝરાયલીઓને મુક્ત કરવા અને તેઓને વચનના દેશમાં દોરી જવા મૂસાને પસંદ કર્યો.
- ઇઝરાયલીઓ ઈજીપ્તમાંથી નીકળ્યા ત્યાર બાદ અને જ્યારે તેઓ અરણ્યમાં ભટકતા હતા ત્યારે, ઈશ્વરે મૂસાને દશ આજ્ઞાઓ લખેલી પથ્થરની બે પાટીઓ આપી હતી.
- તેના જીવનના અંત ભાગમાં, મૂસાએ વચનનો દેશ જોયો પણ તે તેમાં રહેવા પામ્યો નહિ કારણકે તેણે ઈશ્વરનું આજ્ઞાપાલન કર્યું નહિ.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: મરિયમ, વચનનો દેશ, દશ આજ્ઞાઓ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:20-21
- પ્રેરિતોના કૃત્યો 7:29-30
- નિર્ગમન 2:9-10
- નિર્ગમન 9:1-4
- માથ્થી 17:3-4
- રોમનો 5:14-15

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **9:12** એક દિવસે જ્યારે **મૂસા** ઘેટાં ચરાવતો હતો ત્યારે, તેણે એક બળતું ઝાડવું જોયું.
- **12:5** **મૂસાએ** ઇઝરાયલીઓને કહ્યું, "ડરશો નહિ!

ઈશ્વર તમારા માટે લડશે અને તમને બચાવશે."

- **12:7** ઈશ્વરે **મૂસાને** તેનો હાથ સમુદ્ર પર લાંબો કરવા અને પાણીના બે ભાગ કરવા કહ્યું.
- **12:12** જ્યારે ઇઝરાયલીઓએ જોયું કે ઈજીપ્તના લોકો મરી ગયા છે ત્યારે, તેઓએ ઈશ્વર પર ભરોસો કર્યો અને માન્યું કે મૂસા ઈશ્વરનો પ્રબોધક હતો.
- **13:7** પછી ઈશ્વરે આ દસ આજ્ઞાઓ બે પથ્થરની પાટીઓ પર લખી અને **મૂસાને** આપી.

## શબ્દ માહિતી:

- Strong's: H4872, H4873, G3475

# મેમ્ફિસ

## વ્યાખ્યા:

મેમ્ફિસ ઈજીપ્તમાં નાઇલ નદીને કિનારે એક પ્રાચીન રાજધાનીનું શહેર હતું.

- મેમ્ફિસ નીચાણના ઈજીપ્તમાં નાઇલ નદીના મુખત્રિકોણ પ્રદેશની દક્ષિણે આવેલું હતું કે જ્યાં જમીન ખૂબ જ ફળદ્રુપ હતી અને પાક પુષ્કળ થતો હતો.
- તેની ફળદ્રુપ જમીન અને ઉપરના તથા નીચાણના ઈજીપ્તની વચ્ચેના અગત્યના સ્થાને મેમ્ફિસને વેપાર વાણિજ્યનું એક મુખ્ય શહેર બનાવ્યું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: ઈજીપ્ત, નાઇલ નદી)

## બાઇબલના સંદર્ભો:

- હોશિયા 9:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H4644, H5297

# મેશેખ

## તથ્યો:

મેશેખ જૂના કરારના બે માણસોનું નામ છે.

- એક મેશેખ તે યાફેથનો પુત્ર હતો.
- બીજો મેશેખ શેમનો પૌત્ર હતો.
- મેશેખ એક ભૌગોલિક પ્રદેશનું નામ પણ હતું કે જે કદાચને આ બે માણસોમાંના એકના નામ પરથી પાડવામાં આવ્યું હતું.
- મેશેખનો પ્રદેશ હાલમાં જે તુર્કસ્તાન દેશ છે તેના કોઈ ભાગમાં સ્થિત હોવો જોઈએ.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(જુઓ: યાફેથ, નૂહ, શેમ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 1:5-7
- હઝકિયેલ 27:12-13
- ઉત્પત્તિ 10:2-5
- ગીતશાસ્ત્ર 120:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H4851, H4902

# મેસોપોતામિયા, અરામ-નાહરાઈમ

## તથ્યો:

મેસોપોતામિયા હિદ્દેકેલ અને ફ્રાત નદીઓની વચ્ચેનો ભૌગોલિક પ્રદેશ છે. તેનું સ્થાન વર્તમાન ઇરાક દેશના વિસ્તારમાં છે.

- જૂના કરારમાં, આ પ્રદેશને “અરામ-નાહરાઈમ” કહેવામાં આવતો હતો.
- “મેસોપોતામિયા” શબ્દનો અર્થ “નદીઓ વચ્ચે” એવો થાય છે.

“અરામ-નાહરાઈમ” શબ્દસમૂહનો અર્થ “બે નદીઓનો અરામ” એવો થાય છે.

- ઇબ્રાહિમ કનાન દેશમાં ગયો તે અગાઉ તે મેસોપોતામિયાના ઉર અને હારાન શહેરોમાં રહેતો હતો.
- મેસોપોતામિયાનું એક બીજું અગત્યનું શહેર બાબિલ હતું.
- “ખાલ્દી” કહેવાતો પ્રદેશ પણ મેસોપોતામિયાનો એક ભાગ હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(જુઓ: બાબિલ, ખાલ્દી, ફ્રાત નદી)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 2:8-11
- પ્રેરિતોના કૃત્યો 7:1-3
- ઉત્પત્તિ 24:10-11

## શબ્દ માહિતી:

- Strong's: H763, G3318

# મોઆબ, મોઆબી, મોઆબી સ્ત્રી

## તથ્યો:

મોઆબ લોતની મોટી દીકરીનો પુત્ર હતો. તે અને તેનું કુટુંબ જ્યાં રહેતા હતા તે પ્રદેશનું નામ પણ મોઆબ પડ્યું. "મોઆબી" શબ્દ એવી વ્યક્તિનો ઉલ્લેખ કરે છે જે મોઆબની વંશજ છે અથવા તો જે મોઆબ દેશમાં રહે છે.

- મોઆબ દેશ ખારા સમુદ્રની પૂર્વ દિશાએ આવેલો હતો.
- મોઆબ બેથલેહેમ નગરથી દક્ષિણ-પૂર્વ દિશાએ આવેલું હતું કે જ્યાં નાઓમીનું કુટુંબ થોડો સમય રહ્યું.
- બેથલેહેમના લોકોએ રૂથને "મોઆબી" સ્ત્રી કહી કારણકે તે મોઆબ દેશની સ્ત્રી હતી.

આ શબ્દનો અનુવાદ "મોઆબની સ્ત્રી" અથવા તો "મોઆબ દેશની સ્ત્રી" તરીકે પણ થઈ શકે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: બેથલેહેમ, યહૂદિયા, લોત, રૂથ, ખારો સમુદ્ર)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 19:36-38
- ઉત્પત્તિ 36:34-36
- રૂથ 1:1-2
- રૂથ 1:22

## શબ્દ માહિતી:

- Strong's: H4124, H4125

# મોર્દખાય

## તથ્યો:

મોર્દખાય ઈરાન દેશમાં રહેતો યહૂદી માણસ હતો. તે તેની પિત્રાઈ એસ્તેરનો પાલકપિતા હતો કે જે બાદમાં ઈરાનના રાજા અહાશ્વેરોશની પત્ની બની.

- રાજાના મહેલમાં કામ કરતી વખતે મોર્દખાયે અમુક માણસોને અહાશ્વેરોશ રાજાની હત્યા કરવાની યોજના બનાવતા સાંભળ્યા.

તેણે તેની જાણ કરી અને રાજાનું જીવન બચાવવામાં આવ્યું હતું.

- થોડા સમય પછી, મોર્દખાયે ઈરાન સામ્રાજ્યના બધા જ યહૂદીઓની હત્યા કરવાની યોજના પણ જાણી.

તેણે એસ્તેરને તેના લોકોને બચાવવા માટે રાજાને અરજ કરવા સલાહ આપી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: અહાશ્વેરોશ, બાબિલ, એસ્તેર, ઈરાન)

## બાઇબલના સંદર્ભો:

- એસ્તેર 2:5-6
- એસ્તેર 3:5-6
- એસ્તેર 8:1-2
- એસ્તેર 10:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H4782

# મોલેખ, મોલોખ

## તથ્યો:

મોલેખ કનાની લોકો જેની પૂજા કરતા હતા તે એક જૂઠા દેવનું નામ હતું. તેની બીજી જોડણી "મોલોખ" અને "મોલેક" છે.

- જે લોકો તેની પૂજા કરતા હતા તેઓ પોતાના બાળકોને મોલેખને અગ્નિમાં બલિદાન આપતા હતા.
- કેટલાક ઇઝરાયલીઓએ સાચા ઈશ્વર એટલે કે યહોવાને બદલે મોલેખની પણ પૂજા કરી હતી.

તેઓએ મોલેખના આરાધકોની દુષ્ટ પ્રણાલીઓનું અનુસરણ કર્યું કે જેમાં પોતાના બાળકોનું બલિદાન આપવાનો સમાવેશ થતો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: કનાન, દુષ્ટ, જૂઠો દેવ, ઈશ્વર, જૂઠો દેવ, બલિદાન, સાચા, આરાધના, યહોવા)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 11:7-8
- 2 રાજા 23:10-11
- પ્રેરિતોના કૃત્યો 7:43
- યર્મિયા 32:33-35
- લેવીય 18:21

## શબ્દ માહિતી:

- Strong's: H4428, H4432, G3434

# યફતા

## સત્યો:

યફતા એ ગિલયાદથી એક યોદ્ધો હતો કે જેણે ઈઝરાએલ ઉપર ન્યાયાધીશ તરીકે સેવા કરી.

- હિબ્રૂ 11:32માં, યફતાની એક મહત્વના આગેવાન તરીકે પ્રશંસા થઈ છે કે જેણે લોકોને તેઓના શત્રુઓથી છોડાવ્યા હતા.
- તેણે ઈઝરાએલીઓને આમ્મોનીઓથી બચાવ્યા અને તેના લોકોને એફ્રાએમીઓને હરાવવા દોરવણી આપી.
- જો કે યફતાએ દેવની સાથે મૂર્ખ, અવિચારી માનતા લીધી જે તેની દીકરીના બલિદાનમાં પરિણમી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આમ્મોન, છોડાવવું, એફ્રાઇમ, ન્યાયાધીશ, પ્રતિજ્ઞા)

## બાઈબલની કલમો:

- હિબ્રૂ 11:32-34
- ન્યાયાધીશો 11:1-3
- ન્યાયાધીશો 11:34-35
- ન્યાયાધીશો 12:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3316

# યબૂસ, યબૂસી, યબૂસીઓ

## સત્યો:

યબૂસીઓ એ કનાનની ભૂમિમાં રહેનારા લોકોનું એક જૂથ હતું. તેઓ હામના દીકરા કનાનથી ઉતરી આવેલા હતા. યબૂસીઓ એ યબૂસ શહેરમાં રહેતા હતા, અને જયારે દાઉદ રાજાએ તેને જીતી લીધું ત્યારે તેનું નામ બદલીને યરૂશાલેમ રાખવામાં આવ્યું.

- શાલેમનો રાજા, મલ્ખીસદેખ કદાચ મૂળ યબૂસી હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કનાન, હામ, યરૂશાલેમ, મલ્ખીસદેખ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:13-16
- 1 રાજા 9:20-21
- નિર્ગમન 3:7-8
- ઉત્પત્તિ 10:15-18
- યહોશુઆ 3:9-11
- ન્યાયાધીશો 1:20-21

## શબ્દ માહિતી:

- Strong's: H2982, H2983

# યરીખો

## સત્યો:

યરીખો કનાનની ભૂમિમાંનું શક્તિશાળી શહેર હતું. તે યર્દન નદીની પૂર્વે અને ખારા સમુદ્રની ઉત્તરે આવેલું હતું.

- કનાનીઓની એ કર્યું તેમ, યરીખોના લોકો પણ જૂઠા દેવોની પૂજા કરતા.
- યરીખો એ કનાનની ભૂમિનું પ્રથમ શહેર હતું કે જેને દેવે ઈઝરાએલીઓને કબ્જે કરવા માટે કહ્યું.
- જયારે યહોશુઆ યરીખોની વિરુદ્ધ ઈઝરાએલીઓને આગેવાની આપતો હતો, ત્યારે તે શહેરને હરાવવા માટે દેવે મહાન ચમત્કાર કરી તેઓને મદદ કરી.

(આ પણ જુઓ: કનાન, યર્દન નદી, યહોશુઆ, ચમત્કાર, ખારો સમુદ્ર)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 6:77-79
- યહોશુઆ 2:1-3
- યહોશુઆ 7:2-3
- લૂક 18:35-37
- માર્ક 10:46-48
- માથ્થી 20:29-31
- ગણના 22:1

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **15:1** યહોશુઆએ બે જાસૂસોને કનાનીઓના શહેર **યરીખો** માં મોકલ્યા.
- **15:3** લોકોએ યર્દન નદી પાર કર્યા પછી, દેવે યહોશુઆને **યરીખો** ના શક્તિશાળી શહેર ઉપર કેવી રીતે હુમલો કરવો તે કહ્યું.
- **15:5** ત્યારબાદ **યરીખો** ની આસપાસની દિવાલો તૂટી પડી. દેવે આજ્ઞા આપી તે પ્રમાણે ઈઝરાએલીઓએ શહેરમાંના સર્વસ્વનો નાશ કર્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H3405, G2410

# યરૂશાલેમ

## સત્યો:

યરૂશાલેમ એ મૂળ કનાનીઓનુ એક પ્રાચીન શહેર હતું કે જે પાછળથી ઈઝરાએલમાં સૌથી મહત્વનું શહેર બન્યું. તે ખારા સમુદ્રની પશ્ચિમ દિશાએ લગભગ 34 કિલોમીટર અને બેથલેહેમના ઉત્તરે આવેલું છે. તે આજે પણ ઈઝરાએલનું પાટનગર છે.

- "યરૂશાલેમ" નામનો ઉલ્લેખ સૌપ્રથમ યહોશુઆના પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

જૂના કરારના આ શહેરના બીજા નામોમાં "શાલેમ" "યબૂસનું શહેર," અને "સિયોન" જેવા શબ્દોનો સમાવેશ થાય છે. "યરૂશાલેમ" અને "શાલેમ" બંનેનો મૂળ અર્થ "શાંતિ" થાય છે.

- મૂળ યરૂશાલેમ તે યબૂસીઓનો કિલ્લો "સિયોન" કહેવાતો હતો કે જે દાઉદ રાજાએ જીતી લીધો અને તેને પાટનગર બનાવ્યું.
- તે યરૂશાલેમમાં હતું કે જ્યાં દાઉદના પુત્ર સુલેમાને, મોરિયા પહાડ ઉપર, કે જે પર્વત હતો જ્યાં ઈબ્રાહિમે તેના પુત્ર ઈસહાનું અર્પણ કર્યું હતું, ત્યાં તેણે યરૂશાલેમમાં પ્રથમ મંદિર બાંધ્યું.

બાબિલોનીઓ દ્વારા તેનો નાશ કર્યા પછી તે મંદિરને ફરીથી ત્યાં બાંધવામાં આવ્યું હતું.

- કારણકે મંદિર યરૂશાલેમમાં હતું કે જ્યાં મુખ્ય યહૂદી પર્વો ત્યાં ઉજવવામાં આવતા હતા.
- સામાન્ય રીતે લોકો યરૂશાલેમ જવાનું પસંદ કરતા કારણકે તે પર્વતોની ઉપર આવેલું હતું.

(આ પણ જુઓ: બાબિલ, ખ્રિસ્ત, દાઉદ, યબુસીઓ, ઈસુ, સુલેમાન, મંદિર, સિયોન)

## બાઈબલની કલમો:

- ગલાતી 4:26-27
- યોહાન 2:13-14
- લૂક 4:9-11
- લૂક 13:4-5
- માર્ક 3:7-8
- માર્ક 3:20-22
- માથ્થી 3:4-6
- માથ્થી 4:23-25
- માથ્થી 20:17-19

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:5** દાઉદે **યરૂશાલેમ** ને જીતી લીધું અને તેનું પાટનગર બનાવ્યું.
- **18:2** **યરૂશાલેમ** માં, સુલેમાને મંદિર બાંધ્યું કે જેના માટે તેના પિતા દાઉદે આયોજન કર્યું હતું અને માલસામાન ભેગો કર્યો હતો.
- **20:7** તેઓ (બાબિલના લોકો) એ **યરૂશાલેમ** ના શહેરને કબ્જે કર્યું, મંદિરનો નાશ કર્યો, અને શેહેર અને મંદિરનો બધો ખજાનો લઈ ગયા.
- **20:12** જેથી, સિત્તેર વર્ષોના બંદીવાસ પછી, યહૂદીઓનું એક નાનું જૂથ યહૂદાના **યરૂશાલેમ** શહેરમાં પાછા ફર્યા.
- **38:1** લગભગ ત્રણ વર્ષ પછી ઈસુએ જાહેરમાં પ્રથમ પ્રચાર અને શિક્ષણની શરૂઆત કરી, ઈસુએ તેના શિષ્યોને કહ્યું કે તે **યરૂશાલેમ** માં તેઓની સાથે આ પાસ્ખા ઉજવવા માંગે છે, અને ત્યાં તેને મારી નાખવામાં આવશે.
- **38:2** ઈસુ અને તેના શિષ્યો **યરૂશાલેમ** માં આવ્યા પછી, યહૂદા યહૂદી આગેવાનો પાસે ગયો, અને પૈસાના બદલે તેણે ઈસુને તેઓને સોંપવાનું કહ્યું.
- **42:8** ધર્મશાસ્ત્રમાં પણ તે લખાયેલું છે તે પ્રમાણે મારા શિષ્યો જાહેર કરશે કે દરેક વ્યક્તિએ પોતાના પાપોની માફી માટે પસ્તાવો કરવો જોઈએ.

તેઓ તેની શરૂઆત **યરૂશાલેમ** થી કરશે, અને પછી (તે સંદેશને) સર્વત્ર બધા લોકોના જૂથોમાં લઇ જશે.

- **42:11** ઈસુ મૃત્યુમાંથી ઉઠ્યા તેના ચાલીસ દિવસ પછી, તેણે તેના શિષ્યોને કહ્યું, "જયારે પવિત્ર આત્મા તમારા પર આવે અને તમે સામર્થ્ય પ્રાપ્ત કરો ત્યાં સુધી **યરૂશાલેમ** માં રહો."

## શબ્દ માહિતી:

- Strong's: H3389, H3390, G2414, G2415, G2419

# યરોબઆમ

## સત્યો:

નબાટનો દીકરો યરોબઆમ ઈસ. પૂર્વે 900-910 ની આસપાસ ઈઝરાએલના ઉત્તર રાજ્યનો પ્રથમ રાજા હતો. લગભગ 120 વર્ષો પછી, બીજો યરોબઆમ, જે યોઆશ રાજાનો દીકરા હતો તેણે ઈઝરાએલ ઉપર રાજ્ય કર્યું.

- યહોવાએ નબાટના દીકરા યરોબઆમને ભવિષ્યવાણી કરી કે તે સુલેમાન પછી રાજા બનશે અને ઈઝરાએલના દસ કુળો ઉપર રાજ્ય કરશે.
- જયારે સુલેમાન મૃત્યુ પામ્યો, ત્યારે ઈઝરાએલના દસ કુળો એ સુલેમાનના દીકરા રહાબઆમ વિરુદ્ધ બળવો કર્યો અને યરોબઆમને તેની જગ્યાએ રાજા બનાવ્યો, રહાબઆમને ફક્ત દક્ષિણના યહૂદા અને બિન્યામીનના બે કુળો પર રાજા રહેવા દીધો.
- યરોબઆમ દુષ્ટ રાજા બન્યો જેણે લોકોને યહોવાની આરાધના કરવાથી દૂર લઇ જઈને તેને બદલે તેઓને પૂજા કરવા માટે મૂર્તિઓની સ્થાપના કરી.

ઈઝરાએલના બીજા બધા રાજાઓએ યરોબઆમનું અનુસરણ કર્યું અને તેના જેવા દુષ્ટ હતા.

- લગભગ 120 વર્ષો પછી, બીજા યરોબઆમે ઈઝરાએલના ઉત્તર રાજ્યમાં રાજ કરવાની શરૂઆત કરી.

આ યરોબઆમ યોઆશ રાજાનો પુત્ર હતો અને અગાઉના ઈઝરાએલના રાજાઓની જેમ દુષ્ટ હતો.

- ઈઝરાએલીઓ દુષ્ટ હોવા છતાં દેવે તેઓ પર દયા રાખી અને આ યરોબઆમ રાજાને જગ્યા મેળવવા અને તેઓના પ્રદેશની સીમાઓ સ્થાપવા મદદ કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: જૂઠો દેવ, ઈઝરાએલનું રાજ્ય, યહૂદા, સુલેમાન)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 5:16-17
- 1 રાજા 12:1-2
- 2 કાળવૃતાંત 9:29-31
- 2 રાજા 3:1-3
- આમોસ 1:1-2

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **18:8** ઈઝરાએલ દેશના બીજા દસ કુળો કે જેઓએ રહાબઆમ વિરુદ્ધ બળવો કરીને **યરોબઆમ** નામના માણસને તેઓના રાજા થવા માટે નીમ્યો.
- **18:9 યરોબઆમે** દેવની વિરુદ્ધ બળવો કર્યો અને લોકો પાસે પાપ કરાવ્યું.

તેણે યહૂદાના રાજ્યમાં દેવની આરાધના કરવાને બદલે લોકોને આરાધના કરવા માટે બે મૂર્તિઓ બાંધી.

## શબ્દ માહિતી:

- Strong's: H3379

# યર્દન નદી, યર્દન

## સત્યો:

યર્દન નદી કે જે ઉત્તરથી દક્ષિણમાં વહે છે, અને જમીનની પૂર્વ સીમા બનાવે છે કે જે કનાન કહેવાતો હતો. આજે, યર્દન નદી ઈઝરાએલને તેના પશ્ચિમ યર્દનથી તેના પૂર્વ યર્દનને અલગ કરે છે.

- યર્દન નદી ગાલીલના સમુદ્રમાંથી વહે છે અને પછી મૃત સમુદ્રમાં ખાલી થાય છે.
- જયારે યહોશુઆ ઈઝરાએલીઓને કનાનમાં જવા આગેવાની આપતો હતો ત્યારે તેઓને યર્દન નદી પાર કરીને જવું પડ્યું

તેને સામાન્ય રીતે પાર કરવી ખૂબ અઘરી હતી, પણ દેવે નદીને ચમત્કારીક રીતે વહેતી બંધ કરી જેથી તેઓ ચાલીને નદીના પટ પાર કરી શક્યા.

- બાઈબલમાં યર્દન નદીને મોટેભાગે "યર્દન" તરીકે દર્શાવવામાં આવી છે.

(આ પણ જુઓ: કનાન, ખારો સમુદ્ર, ગાલીલનો સમુદ્ર)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 32:9-10
- યોહાન 1:26-28
- યોહાન 3:25-26
- લૂક 3:3
- માથ્થી 3:4-6
- માથ્થી 3:13-15
- માથ્થી 4:14-16
- માથ્થી 19:1-2

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **15:2**વચનની ભૂમિમાં પ્રવેશ કરવા માટે ઈઝરાએલીઓને યર્દન નદી પાર કરવી પડી.
- **15:3**લોકોએ યર્દન નદી પાર કર્યા પછી, દેવે યહોશુઆને યરીખોના શક્તિશાળી શહેર પર કેવી રીતે હુમલો કરવો તે જણાવ્યું.
- **19:14** એલિશાએ (નામાનને) પોતે યર્દન નદીમાં સાત વખત ડૂબકી મારવા કહ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H3383, G2446

# યર્મિયા

## સત્યો:

યર્મિયા યહૂદાના રાજ્યમાં દેવનો પ્રબોધક હતો. યર્મિયાના જૂના કરારના પુસ્તકમાં તેની ભવિષ્યવાણીઓનો સમાવેશ થયેલો છે.

- બીજા પ્રબોધકોની જેમ, યર્મિયાએ વારંવાર ઈઝરાએલના લોકોને ચેતવણી આપી કે દેવ તેઓને તેમના પાપોની શિક્ષા કરવા જઈ રહ્યો હતો.
- યર્મિયા એ ભવિષ્યવાણી કરી કે બાબિલોનીઓ યરૂશાલેમને બંદી બનાવશે, જેથી યહૂદાના કેટલાક લોકો ક્રોધિત થયા.

જેથી તેઓએ તેને ઊંડા, સૂકા ટાંકામાં નાંખ્યો અને મરવા માટે ત્યાં છોડી દીધો. પણ યહૂદાના રાજાએ તેના નોકરોને યર્મિયાને ટાંકામાંથી બહાર કાઢવા આદેશ આપ્યો.

- યર્મિયાએ જયારે તેના લોકોની પીડા અને બળવાખોરી જોઈ તેણે પોતાની ઊંડી નિરાશાને દર્શાવવા લખ્યું કે તેની આંખો "આંસુઓનો ઝરો" હોત તો કેવું સારું, (તેવી ઈચ્છા વ્યક્ત કરી).

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાબિલ, યહૂદા, પ્રબોધક, બંડ કરવું, પીડા, કૂવો)

## બાઈબલની કલમો:

- 2કાળવૃતાંત 35:25
- યર્મિયા 1:1-3
- યર્મિયા 11:1-2
- માથ્થી 2:17-18
- માથ્થી 16:13-16
- માથ્થી 27:9-10

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **19:17** એક વખત, **યર્મિયા** ને સુકા ટાંકામાં નાખવામાં આવ્યો અને ત્યાં મરવા માટે છોડી દેવામાં આવ્યો હતો. તે માટીમાં ખુંપાયી ગયો કે જે ટાંકાનું તળિયું હતું, પણ પછી રાજાને તેના ઉપર દયા આવી અને તે મૃત્યુ પામે તે પહેલા **યર્મિયા** ને ટાંકામાંથી બહાર ખેંચી કાઢવા તેના ચાકરોને આદેશ આપ્યો.
- **21:5 યર્મિયા** પ્રબોધક દ્વારા, દેવે વચન આપ્યું કે તે નવો કરાર કરશે, પણ દેવે ઈઝરાએલ સાથે સિનાઈ પર કરાર કર્યો હતો તેવો નહીં હોય.

## શબ્દ માહિતી:

- Strong's: H3414, G2408

# યશાઈ

## સત્યો:

યશાઈ એ દાઉદ રાજાનો પિતા અને રૂથ અને બોઆઝનો પૌત્ર હતો.

- યશાઈ તે યહૂદાના કુળમાંથી હતો.
- તે "એફ્રાથી" હતો કે જેનો અર્થ કે તે એફ્રાથાહના નગર (બેથલેહેમ) થી હતો.
- યશાયા પ્રબોધકે "કળી" અથવા "ડાળી" વિશે ભવિષ્યવાણી કરી કે જે "યશાઈના ઠુંઠા"માંથી આવશે અને તેને ફળ આવશે.

તે ઈસુને દર્શાવે છે કે જે યશાઈનો વંશજ હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બેથલેહેમ, બોઆઝ, વંશજ, ફળ, ઈસુ, રાજા, પ્રબોધક, રૂથ, [ઈઝરાએલના બાર કુળો])

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:9-12
- 1 રાજા 12:16-17
- 1 શમુએલ 16:1
- લૂક 3:30-32
- માથ્થી 1:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H3448, G2421

# યશાયા

## સત્યો:

યશાયા એ દેવનો પ્રબોધક હતો કે જેણે યહૂદાના ચાર રાજાઓના શાસન દરમ્યાન ભવિષ્યવાણી કરી: ઉઝિઝયા, યોથામ, આહાઝ, અને હિઝિક્યા.

- હિઝિક્યા રાજાના રાજ્ય દરમ્યાન, જયારે આશ્શૂરીઓએ શહેર પર હુમલો કર્યો હતો, તે સમય દરમ્યાન તે યરૂશાલેમમાં રહેતો હતો.
- યશાયાનું પુસ્તક બાઈબલના જૂના કરારનું પુસ્તકોમાનું એક મુખ્ય પુસ્તક છે.
- યશાયા એ ઘણી ભવિષ્યવાણીઓ કરી કે જે જયારે હજુ તે જીવતો હતો ત્યારે સાચી પડી.
- ખાસ કરીને યશાયા મસીહા વિશેની લખેલી ભવિષ્યવાણીઓ માટે જાણીતો છે, તે જયારે ઈસુ પૃથ્વી ઉપર રહેતો હતો ત્યારે 700 વર્ષો પછી તેઓ સાચી પડી.
- ઈસુ અને તેના શિષ્યોએ લોકોને મસીહા વિશે શીખવવા માટે યશાયાની ભવિષ્યવાણીઓ ટાંકી (અવતરણ ટાંકયા).

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આહાઝ, આશ્શૂર, ખ્રિસ્ત, હિઝિક્યા, યોથામ, યહૂદા, પ્રબોધક, ઉઝિઝયા)

## બાઈબલની કલમો:

- 2 રાજા 20:1-3
- પ્રેરિતો 28:25-26
- યશાયા 1:1
- લૂક 3:4
- માર્ક 1:1-3
- માર્ક 7:6-7
- માથ્થી 3:1-3
- માથ્થી 4:14-16

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **21:9** યશાયા પ્રબોધકે ભવિષ્યવાણી કરી કે મસીહા કુંવારીથી જન્મ લેશે.
- **21:10** યશાયા પ્રબોધકે જણાવ્યું કે મસીહા ગાલીલમાં રહેશે, ભંગિત હ્રદયવાળા લોકોને દિલાસો આપશે, અને બંદીવાનોને મુક્તિ જાહેર કરશે અને કેદીઓને છોડાવશે.
- **21:11** _યશાયા _ પ્રબોધકે એ પણ ભવિષ્યવાણી કરી કે મસીહા પર વિના કારણ દ્વેષ કરવામાં અને નકારવામાં આવશે.
- **21:12** યશાયા પ્રબોધકે ભવિષ્યવાણી કરી કે લોકો મસીહા ઉપર થૂંકશે, મશ્કરી કરશે અને મારશે.
- **26:2** તેઓએ તેને (ઈસુને)_ યશાયા_ પ્રબોધકનું ઓળિયું આપ્યું જેથી તે તે તેમાંથી વાંચે.

ઈસુએ ઓળિયું ખોલ્યું અને લોકો માટે તેનો ભાગ વાંચ્યો.

- **45:8** જયારે ફિલિપ રથની પાસે ગયો ત્યારે ઈથોપિયાનો (હબશી) યશાયા પ્રબોધકનું લખેલું પુસ્તક વાંચતો સાંભળ્યો.
- **45:10** યશાયા એ ઈસુ વિશે જે લખ્યું હતું, તે ફિલિપે ઈથોપિયના (હબશીને) સમજાવ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H3470, G2268

# યહુદા, યહુદાનું રાજ્ય

## તથ્યો:

યહુદાનું કુળ ઈઝરાયેલના બાર કુળોમાનું સૌથી મોટું કુળ હતું. યહુદાનું રાજ્ય યહુદા અને બિન્યામીનના કુળનું બનેલું હતું.

- સુલેમાન રાજા મરણ પામ્યો પછી, ઈઝરાયેલ રાષ્ટ્ર બે ભાગમાં વિભાજિત થયું હતું:

ઈઝરાયેલ અને યહુદા. યહુદાનું રાજ્યએ દક્ષિણનું રાજ્ય હતું જે ખારા સમુદ્રની પશ્ચિમે સ્થિત હતું.

- યહુદાનું રાજ્યનું પાટનગર યરૂશાલેમ શહેર હતું.
- યહુદાના આઠ રાજાઓ યહોવાને આધીન થયા અને તેમનું ભજન કરવા તેઓએ લોકોને દોર્યા.

બીજા યહુદાના રાજાઓ દુષ્ટ હતા અને તેઓએ લોકોને મૂર્તિપુજા કરવા દોર્યા હતા.

- આશ્શુરીઓએ ઈઝરાયેલ (ઉત્તરનું રાજ્ય)ને હરાવ્યાના 120 વર્ષો પછી, યહુદા બાબીલોન રાષ્ટ્ર દ્વારા જીતવામાં આવ્યો.

બાબેલીઓએ શહેર અને મંદિરનો નાશ કર્યો, અને યહુદાના મોટા ભાગના લોકોને બાબીલોનમાં ગુલમો તરીકે લઈ ગયા.

(આ પણ જુઓ: યહુદા, ખારો સમુદ્ર)

## બાઈબલના સંદર્ભો:

- 1 શમુએલ 30:26-28
- 2 શમુએલ 12:7-8
- હોશિયા 5:14-15
- યર્મિયા 7:33-34
- ન્યાયાધીશો 1:16-17

## બાઈબલની વાર્તાઓમાથી ઉદાહરણો:

- **18:7** માત્ર બે કુળો તેને વફાદાર રહ્યા. (રહાબામ).

આ બે કુળો બન્યા **યહુદાના રાજ્યો**.

- **18:10 યહુદાના રાજ્યો** અને ઈઝરાયેલના એકબીજાના દુશ્મનો બન્યા અને અવારનવાર એકબીજા વિરુદ્ધ લડતા હતા.
- **18:13 યહુદાના રાજાઓ** દાઉદના વંશજો હતા.

આ રાજાઓમાના કેટલાંક સારાં માણસો હતા જેમણે ન્યાયી રીતે રાજ કર્યું અને ઈશ્વરની ભક્તિ કરી. પરંતુ મોટાભાગના **યહુદાના** રાજાઓ દુષ્ટ, ભ્રષ્ટ અને તેઓએ મુર્તિની પુજા કરી.

- **20:1 ઈઝરાયેલ અને યહુદાના રાજ્યો** બંનેએ ઈશ્વર વિરુદ્ધ પાપો કર્યા.
- **20:5** લોકો **યહુદાના રાજ્યોમાં** જોયું કે કેવી રીતે ઈશ્વરે ઈઝરાયેલ રાજ્યના લોકોને તેમનું ન માનવા અને આધીન થવા બદલ શિક્ષા કરી .

પરંતુ તેમછતાં તેઓએ કનાનીઓના દેવોની પણ મૂર્તિ પુજા કરી.

- **20:6** આશ્શુરીઓએ ઈઝરાયેલ રાજ્યને નષ્ટ કર્યું તેના 100 વર્ષો પછી, ઈશ્વરે નબુખાદનેસ્સારને મોકલ્યો, બાબેલીઓનો રાજા, હુમલો કરવા યહુદાના રાજ્ય પર.
- **20:9** નબુખાદનેસ્સાર અને તેના લશ્કરે લગભગ સર્વ લોકોને લઈ લીધા **યહુદાના રાજ્યના** બાબીલોનમાં, માત્ર ગરીબોને ખેતર ખેડવાને પાછળ છોડીને.

## શબ્દ માહિતી:

- Strong's: H4438, H3063

# યહૂદા

## સત્યો:

યહૂદા એ યાકૂબના મોટા દીકરાઓમાંનો એક હતો. લેઆહ તેની માતા હતી. તેના વંશજોને “યહૂદાનું કુળ” કહેવામાં આવતા હતા. તે યહૂદા હતો કે જેણે તેના ભાઈઓને તેઓના નાના ભાઈ યૂસફને ઊંડા ખાડામાં તેને મરવા માટે છોડવાને બદલે ગુલામ તરીકે વેચી દેવા કહ્યું.

- દાઉદ રાજા અને તેના પછીના બધાજ રાજાઓ યહૂદાના વંશજો હતા.

ઈસુ, પણ યહૂદાનો વંશજ હતો.

- જયારે સુલેમાનના રાજનો અંત આવ્યો અને ઈઝરાએલ રાષ્ટ્રના ભાગલા પડ્યા, ત્યારે દક્ષિણનું રાજ્ય યહૂદાનું રાજ્ય બન્યું.
- નવા કરારના પ્રકટીકરણના પુસ્તકમાં, ઈસુને “યહૂદાનો સિંહ” કહેવામાં આવ્યો છે.
- “યહૂદી” અને “યહૂદિયા” શબ્દો “યહૂદાના” નામ પરથી આવે છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: યાકૂબ, યહૂદી, યહૂદા, યહૂદિયા, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:1-2
- 1 રાજા 1:9-10
- ઉત્પત્તિ 29:35
- ઉત્પત્તિ 38:1-2
- લૂક 3:33-35
- રૂથ 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3063

# યહૂદા ઈશ્કરિયોત

## સત્યો:

યહૂદા ઈશ્કરિયોત એ ઈસુના શિષ્યોમાંનો એક હતો. તે એક હતો કે જેણે ઈસુને યહૂદી આગેવાનોને પરસ્વાધિન કર્યો હતો.

- "ઈશ્કરિયોત" નામનો અર્થ કદાચ "તે કેરીયોથનો હશે," કદાચ યહૂદા તે શહેરમાં ઉછર્યો હશે તેને દર્શાવે છે.
- યહુદા ઈશ્કરિયોત તે પ્રેરિતોના પૈસાનો વહીવટ કરતો હતો અને નિયમિત પોતાના માટે વાપરવા તેમાંથી કેટલાક નાણાં ચોરી કરતો હતો.
- ઈસુ ક્યાં હતો તે યહૂદી આગેવાનોને જણાવીને યહૂદાએ ઈસુને પરસ્વાધિન કર્યો, જેથી તેઓ તેની ધરપકડ કરી શકે.
- યહૂદી આગેવાનોએ ઈસુને મૃત્યુ માટે દોષિત ઠરાવ્યા પછી, યહૂદા દિલગીર થયો કે તેણે ઈસુને પરસ્વાધિન કરાવ્યો, જેથી તેણે પરસ્વાધિન કરવાના પૈસા યહૂદી આગેવાનોને પાછા આપ્યા અને પછી પોતે મરી ગયો.
- બીજા એક પ્રેરિતનું નામ પણ યહૂદા હતું, જે ઇસુના ભાઈઓમાંનો એક હતો.

ઈસુનો એક ભાઈ યહૂદા તરીકે ઓળખાતો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પ્રેરિત, પરસ્વાધિન, યહૂદી આગેવાનો, યાકૂબનો પુત્ર યહૂદા)

## બાઈબલની કલમો:

- લૂક 6:14-16
- લૂક 22:47-48
- માર્ક 3:17-19
- માર્ક 14:10-11
- માથ્થી 26:23-25

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **38:2** ઈસુના શિષ્યોમાંના એક માણસનું નામ **યહૂદા** હતું, ઈસુ અને શિષ્યો યરૂશાલેમમાં આવ્યા પછી, **યહૂદા** યહૂદી આગેવાનો પાસે ગયો અને પૈસાના બદલામાં ઈસુને તેઓને પરસ્વાધિન કહ્યું.
- **38:3** યહૂદી આગેવાનો, પ્રમુખ યાજક દ્વારા દોરાઈને, ઈસુને પરસ્વાધિન કરવા **યહૂદા** ને ચાંદીના ત્રીસ સિક્કા ચૂકવ્યા.
- **38:14** **યહૂદા** યહૂદી આગેવાનો, સિપાઈઓ, અને મોટા ટોળા સાથે આવ્યો.

તેઓ બધા તરવારો અને સોટા લઇને આવ્યા. **યહૂદા** ઈસુ પાસે આવ્યો અને કહ્યું "રાબ્બી, સલામ," અને તેને ચૂમ્યો.

- **39:8** તે દરમ્યાન, તેને પરસ્વાધિન કરનાર **યહૂદા**, જોયું કે યહૂદી આગેવાનોએ ઈસુને મૃત્યુ માટે દોષિત ઠરાવ્યો. તે ખૂબ દુઃખી થયો અને ત્યાંથી જઈને આત્મહત્યા કરી મરી ગયો.

## શબ્દ માહિતી:

- Strong's: G2455, G2469

# યહૂદિયા

## સત્યો:

"યહૂદિયા" શબ્દ પ્રાચીન ઈઝરાએલની ભૂમિના એક વિસ્તારને દર્શાવે છે. તેનો ઉપયોગ કેટલીક વાર સાંકડા સંદર્ભમાં અને અમુકવાર તેને બહોળા સંદર્ભમાં કરવામાં આવ્યો છે.

- કેટલીક વાર "યહૂદિયા"ને ફક્ત પશ્ચિમના મૃત સમુદ્રના પ્રાચીન ઈઝરાએલના દક્ષિણ ભાગમાં આવેલા પ્રાંતને દર્શાવવા માટે સાંકડા સંદર્ભમાં વાપરવામાં આવ્યું છે.

કેટલાક ભાષાંતરોમાં, આ પ્રાંતને "યહૂદા" કહેવામાં આવે છે.

- અન્ય સમયોમાં, "યહૂદિયા"નું બહોળો સંદર્ભ છે અને તે પ્રાચીન ઈઝરાએલના બધા પ્રાંતો, ગાલીલ, સમરૂન, પેરીઆ, ઈદુમીયા, અને યહૂદિયા (યહૂદા) સહિતના ભાગને દર્શાવે છે.
- જો અનુવાદકોને ભેદ સાફ કરવા માંગતા હોય તો, યહૂદિયાનું બહોળા અર્થમાં ભાષાંતર "યહૂદિયા દેશ," અને સાંકડા અર્થમાં ભાષાંતર "યહૂદિયા પ્રાંત," તરીકે કરી શકાય છે, કારણકે આ પ્રાચીન ઈઝરાએલના ભાગમાં યહૂદાનું કુળ અગાઉથી જ રહેતું હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ગાલીલ, અદોમ, યહૂદા, યહૂદા, સમરૂન)

## બાઈબલની કલમો:

- 1 થેસ્સલોનિકી 2:14-16
- પ્રેરિતો 2:8-11
- પ્રેરિતો 9:31-32
- પ્રેરિતો 12:18-19
- યોહાન 3:22-24
- લૂક 1:5-7
- લૂક 4:42-44
- લૂક 5:17
- માર્ક 10:1-4
- માથ્થી 2:1-3
- માથ્થી 2:4-6
- માથ્થી 2:22-23
- માથ્થી 3:1-3
- માથ્થી 19:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3061, G2453

# યહોયાકીમ

## સત્યો:

યહોયાકીમ એ એક દુષ્ટ રાજા હતો, કે જેણે લગભગ ઈસ પૂર્વે 608ની શરૂઆતમાં યહૂદાના રાજ્ય ઉપર રાજ કર્યું, તે યોઆશ રાજાનો દીકરો હતો. તેનું અસલ નામ એલ્યાકીમ હતું.

- મિસરના ફારુન નેકોહે એલ્યાકીમનુ નામ ફેરવીને યહોયાકીમ રાખ્યું અને તેને યહૂદાનો રાજા બનાવ્યો.
- નેકોહે યહોયાકીમને મિસરને ભારે કર ચૂકવવવા માટે ફરજ પાડી.
- પછી જયારે નબૂખાદનેસ્સાર રાજા દ્વારા યહૂદા પર આક્રમણ કરવામાં આવ્યું હતું, ત્યારે જેઓને પકડીને બાબિલ લઈ જવામાં આવ્યા હતા, તેઓમાં યહોયાકીમ પણ હતો.
- યહોયાકીમ એક દુષ્ટ રાજા હતો કે જે યહૂદાને યહોવાથી દૂર લઇ ગયો.

યર્મિયા પ્રબોધકે તેની વિરુદ્ધ ભવિષ્યવાણી કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: બાબિલ, એલ્યાકીમ, યર્મિયા, યહૂદા, નબૂખાદનેસ્સાર)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:15-16
- 2 રાજા 23:34-35
- 2 રાજા 24:1-2
- દાનિયેલ 1:1-2
- યર્મિયા 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H3079

# યહોયાખીન

## સત્યો:

યહોયાખીન રાજા હતો કે જેણે યહૂદાના રાજ્ય ઉપર રાજ કર્યું.

- યહોયાખીન 18 વર્ષનો હતો ત્યારે તે રાજા બન્યો હતો.

તેણે ફક્ત ત્રણ મહિના રાજ કર્યું, તે પછી તેને બાબિલના લશ્કર દ્વારા પકડીને બાબિલમાં લઈ જવામાં આવ્યો હતો. તેના ટૂંકા શાસન દરમ્યાન, યહોયાખીને તેના દાદા મનાશ્શા રાજા અને તેના પિતા યહોયાકીમ રાજાની જેમ દુષ્ટ બાબતો કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાબિલ, યહોયાકીમ, યહૂદા, મનાશ્શા)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 36:8
- 2 રાજા 24:15-17
- એસ્તેર 2:5-6
- હઝકિયેલ 1:1-3
- યર્મિયા 22:24-26
- યર્મિયા 37:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3078, H3112, H3204, H3659

# યહોયાદા

## સત્યો:

યહોયાદા યાજક હતો કે જેણે અહાઝ્યા રાજાના પુત્ર યોઆશને તે જ્યાં સુધી પુખ્ત થઇને રાજા જાહેર થાય ત્યાં સુધી તેને સંતાડી રાખવામાં મદદ કરી.

- જુવાન યોઆશને, જયારે મંદિરમાં લોકો દ્વારા તેને રાજા તરીકે જાહેર કરવામાં આવી રહ્યો હતો ત્યારે તેનું રક્ષણ કરવા મોટી સંખ્યામાં યહોયાદાએ અંગરક્ષકોની વ્યવસ્થા કરી.
- યહોયાદાએ જૂઠા દેવ બઆલની બધી વેદીઓને દૂર કરવા લોકોને દોરવણી આપી.
- યહોયાદા યાજકે, તેના બાકીના જીવન માટે યોઆશ રાજાને દેવની આજ્ઞા પાળવામાં મદદ કરી અને ડહાપણપૂર્વક લોકો પર શાસન કરવા સલાહ આપી.

યહોયાદા નામનો બીજો માણસ જે બનાયાનો પિતા હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અહાઝ્યા, બઆલ, બનાયા, યોઆશ)

## બાઈબલની કલમો:

- 2 રાજા 11:4-6
- 2 રાજા 12:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H3077, H3111

# યહોરામ, યોરામ

## સત્યો:

જૂના કરારમાં “યહોરામ” નામનાં બે રાજાઓ હતા. બંને રાજાઓ “યોરામ” તરીકે પણ જાણીતા હતા.

- એક યહોરામ રાજાએ યહૂદાના રાજ્ય ઉપર આઠ વર્ષો માટે રાજ કર્યું.

તે યહોશાફાટ રાજાનો દીકરો હતો. આ રાજા કે જે સામાન્ય રીતે લગભગ યહોરામ તરીકે જાણીતો છે.

- બીજા યહોરામ રાજાએ ઈઝરાએલના રાજ્ય ઉપર બાર વર્ષો માટે રાજ કર્યું હતું.

તે આહાબ રાજાનો દીકરો હતો.

- યહૂદાના રાજા યહોરામે જયારે રાજ્ય કર્યું, તે સમય દરમ્યાન યર્મિયા, દાનિયેલ, ઓબાદ્યા, અને હઝકિયેલ પ્રબોધકો યહૂદાના રાજ્યમાં ભવિષ્યવાણી કરતા હતા.
- જયારે તેનો પિતા યહોશાફાટ યહૂદા ઉપર રાજ કરતો હતો ત્યારે યહોરામ રાજાએ પણ થોડા સમય દરમ્યાન રાજ કર્યું.
- કેટલાક ભાષાંતરો જયારે ઈઝરાએલના આ રાજાનો ઉલ્લેખ કરે છે ત્યારે કદાચ સતત “યહોરામ” અને યહૂદાના રાજા માટે “યોરામ” વાપરવાનું પસંદ કરે છે.
- બીજી રીતે દરેક નામને સ્પષ્ટ રીતે ઓળખવા માટે તેના પિતાના નામનો સમાવેશ કરવામાં આવે છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આહાબ, યહોશાફાટ, યોરામ, યહૂદા, ઈઝરાએલનું રાજ્ય, ઓબાદ્યા)

## બાઈબલની કલમો:

- 1 રાજા 22:48-50
- 2 કાળવૃતાંત 21:1-3
- 2 રાજા 11:1-3
- 2 રાજા 12:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H3088, H3141, G2496

# યહોશાફાટ

## સત્યો:

જૂનાકરારમાં યહોશાફાટ નામના ઓછામાં ઓછા બે માણસો હતા.

- આ નામથી જાણીતો શ્રેષ્ઠ માણસ યહોશાફાટ રાજા હતો કે જે યહૂદાના રાજ્ય પર રાજ કરનાર ચોથો રાજા હતો.
- તેણે યહૂદા અને ઈઝરાએલ વચ્ચે શાંતિ સ્થાપી અને જૂઠા દેવોની મૂર્તિઓનો નાશ કર્યો.
- અન્ય યહોશાફાટ એ દાઉદ અને સુલેમાન માટે “ઈતિહાસકાર” હતો.

તેનું કાર્ય દસ્તાવેજો લખવાનું હતું, જેમાં રાજા સહી કરતો અને તે ઈતિહાસની અગત્યની ઘટનાઓ તે રાજ્યમાં બનતી તેની નોંધ કરવાના કાર્યનો સમાવેશ હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: વેદી, દાઉદ, જૂઠો દેવ, ઈઝરાએલ, યહૂદા, યાજક, સુલેમાન)

## બાઇબલના કલમો:

- 1 કાળવૃતાંત 3:10-12
- 1 રાજા 4:15-17
- 2 કાળવૃતાંત 17:1-2
- 2 રાજા 1:17-18
- શમુએલ 8:15-18
- માથ્થી 1:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H3092, H3146, G2498

# યહોશુઆ

## સત્યો:

બાઈબલમાં યહોશુઆ નામનાં ઘણા ઈઝરાએલી માણસો હતા. નૂનનો દીકરો યહોશુઆ એ સૌથી સારી રીતે જાણીતો છે કે જે મૂસાનો મદદગાર હતો, અને જે પાછળથી દેવના લોકોનો એક મહત્વનો આગેવાન બન્યો.

- યહોશુઆ બાર જાસૂસોમાંનો એક હતો કે જેઓને મૂસાએ વચનની ભૂમિની તપાસ કરવા મોકલ્યા હતા.
- કાલેબની સાથે, યહોશુઆએ કનાનીઓને હરાવી અને વચનની ભૂમિમાં પ્રવેશ કરવા ઈઝરાએલી લોકોને દેવની આજ્ઞા માનવા માટે વિનંતી કરી.
- મૂસાના મરણ પછી, ઘણાવર્ષો બાદ,ઈઝરાએલના લોકોને વચનની ભૂમિમાં દોરવા માટે દેવે યહોશુઆની નિમણૂક કરી.
- કનાનીઓની વિરુદ્ધ પ્રથમ અને સૌથી પ્રખ્યાત યુદ્ધમાં, યહોશુઆએ યરીખોના શહેરને હરાવવા ઈઝરાએલીઓને આગેવાની આપી.
- જૂના કરારમાંનું યહોશુઆનું પુસ્તક જણાવે છે કે કેવી રીતે યહોશુઆએ વચનની ભૂમિને કબ્જે કરવા ઈઝરાએલીઓને આગેવાની આપી અને કેવી રીતે તેણે ઈઝરાએલના દરેક કુળને રહેવા માટે જમીનનો ભાગ વહેંચી આપ્યો.
- હાગ્ગાયના પુસ્તકમાં યહોસાદાકના દીકરા યહોશુઆ અને ઝખાર્યાનો ઉલ્લેખ થયેલો છે; તે પ્રમુખ યાજક હતો જેણે યરૂશાલેમની દિવાલો ફરીથી બાંધવા મદદ કરી.
- બાઈબલમાં બીજી જગ્યાએ અને વંશાવળીમાં યહોશુઆ નામનાં બીજા કેટલાક માણસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કનાન, હાગ્ગાય, યરીખો, મૂસા, વચનની ભૂમિ, ઝખાર્યા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 7:25-27
- પુનર્નિયમ 3:21-22
- નિર્ગમન 17:8-10
- યહોશુઆ 1:1-3
- ગણના 27:18-19

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **14:4** જયારે ઈઝરાએલીઓ કનાનની છેડે પહોંચ્યા, ત્યારે મૂસાએ ઈઝરાએલના દરેક કુળમાંથી એક એમ બાર માણસો પસંદ કર્યા. તેણે માણસોને સૂચના આપી કે જાઓ અને જમીનની તપાસ કરો કે તે કેવી છે.
- **14:6** તરત જ કાલેબ અને **યહોશુઆ** અને બીજા બે જાસૂસોએ કહ્યું, "તે સાચું છે કે કનાનના લોકો ઊંચા અને મજબૂત છે, પણ આપણે ચોક્કસ તેઓને હરાવી શકીશું!"
- **14:08** કાલેબ અને **યહોશુઆ** સિવાય, દરેક કે જે વીસ વર્ષની ઉંમરના અથવા તેનાથી મોટા ત્યાં મૃત્યુ પામશે અને કદી વચનની ભૂમિમાં પ્રવેશ કરશે નહીં.
- **14:14** મૂસા હવે ખૂબ ઘરડો હતો, જેથી દેવે **યહોશુઆ** ને લોકોને આગેવાની આપી મદદ માટે પસંદ કર્યો.
- **14:15** **યહોશુઆ** સારો આગેવાન હતો કારણકે તેણે દેવની આજ્ઞા પાળી અને દેવ પર ભરોસો રાખ્યો.
- **15:3** લોકોએ યર્દન નદી પાર કરી પછી, દેવે **યહોશુઆ** ને યરીખોના શક્તિશાળી શહેર પર કેવી રીતે હુમલો કરવો તે જણાવ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H3091, G2424

# યાકૂબનો દીકરો યહૂદા

## સત્યો:

યાકૂબનો પુત્ર યહૂદા ઈસુના બાર પ્રેરિતોમાંનો એક હતો. નોંધ કરો કે તે યહૂદા ઈશ્કરિયોત નહોતો.

- મોટેભાગે બાઈબલમાં, સરખા નામવાળા માણસો માટે તે કોનો દીકરો હતો તે દર્શાવીને તેને અલગ કરવામાં આવ્યા હતા.

અહીં, યહૂદાને "યાકૂબના દીકરા" તરીકે ઓળખવામાં આવ્યો છે.

- બીજો યહૂદા નામનો માણસ ઈસુનો ભાઈ હતો.

તે "યહૂદા" તરીકે પણ જાણીતો હતો.

- નવા કરારનું "યહૂદા"નું પુસ્તક કહેવાય છે, તે કદાચ ઈસુના ભાઈ યહૂદા દ્વારા લખાયું હશે, કારણકે લેખક પોતાને "યાકૂબના ભાઈ" તરીકે ઓળખાવે છે.

યાકૂબ એ ઈસુનો બીજો ભાઈ હતો.

- તે પણ શક્ય છે કે યહૂદાનું પુસ્તક ઈસુના શિષ્ય, યાકૂબના પુત્ર, યહૂદા દ્વારા લખવામાં આવ્યું હોય.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: યાકૂબ (ઝબદીનો પુત્ર), યહૂદા ઈશ્કરિયોત, પુત્ર, બાર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 1:12-14
- લૂક 6:14-16

## શબ્દ માહિતી:

- Strong's: G2455

# યાફા

## સત્યો:

બાઈબલના સમયોમાં, યાફાનું શહેર ભૂમધ્ય સમુદ્ધ ઉપર, શારોનના મેદાનની દક્ષિણે આવેલું એક મહત્વનું વ્યાપારી બંદર હતું.

- યાફાનું પ્રાચીન સ્થળ તે વર્તમાન સમયના જફા શહેરનું સ્થાન છે, કે જે હાલના તેલ અવીવ શહેરના ભાગરૂપ છે.
- જૂના કરારમાં યાફા એ શહેર હતું, જ્યાં યૂના વહાણમાં બેઠો કે જે તાર્શીશ જઈ રહ્યું હતું
- નવા કરારમાં, ટબીથા નામની ખ્રિસ્તી સ્ત્રી યાફામાં મૃત્યુ પામી, અને પિતરે તેણીને સજીવન કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: સમુદ્ર, યરૂશાલેમ, શારોન, તાર્શીશ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 9:36-37
- પ્રેરિતો 10:7-8
- પ્રેરિતો 11:4-6
- પ્રેરિતો 11:11-14
- યૂના 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H3305, G2445

# યાફેથ

## સત્યો:

યાફેથ નૂહના ત્રણ દીકરાઓમાંનો એક હતો.

- વિશ્વભરના જળપ્રલય દરમ્યાન કે જેણે સમગ્ર પૃથ્વીને ઢાંકી દીધી હતી, તે સમયે યાફેથ અને તેના ભાઈઓ તેઓની પત્નીઓ સાથે નૂહની સાથે વહાણમાં હતા.
- સામાન્ય રીતે નૂહના દીકરાઓને યાદીમાં, “શેમ, હામ, અને યાફેથ છે.”

જે સૂચવે છે કે યાફેથ એ નાનો ભાઈ હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: વહાણ, પૂર, હામ, નૂહ, શેમ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:1-4
- ઉત્પત્તિ 5:32
- ઉત્પત્તિ 6:9-10
- ઉત્પત્તિ 7:13-14
- ઉત્પત્તિ 10:1

## શબ્દ માહિતી:

- Strong's: H3315

# યિઝ્રએલ

## વ્યાખ્યા:

યિઝ્રએલ એ ઈસ્સાખારના પ્રદેશમાં, ખારા સમુદ્રની નૈઋત્યના ખૂણામાં આવેલું ઈઝરાએલીઓનું એક મહત્વનું શહેર હતું.

- યિઝ્રએલ શહેર તે મેગીદોના મેદાનમાંનું એક પશ્ચિમ બિંદુ છે કે જેને “યિઝ્રએલની ખીણ” પણ કહેવામાં આવે છે.
- યિઝ્રએલના શહેરમાં ઈઝરાએલના કેટલાક રાજાઓના મહેલો હતા.
- નાબોથની દ્રાક્ષાવાડી યિઝ્રએલમાં આહાબ રાજાના મહેલની નજીક આવેલી હતી.

એલિયા પ્રબોધકે ત્યાં આહાબ રાજાની વિરુદ્ધ ભવિષ્ય ભાખ્યું હતું. યિઝ્રએલમાં આહાબની દુષ્ટ પતિ ઈઝેબેલને મારી નાખવામાં આવી હતી.

- આ શહેરમાં કેટલાક યુધ્ધો સહિત, બીજી ઘણી મહત્વની ઘટનાઓ બની હતી.

(આ પણ જુઓ: આહાબ, એલિયા, ઈસ્સાખાર, ઈઝેબેલ, મહેલ, ખારો સમુદ્ર)

## બાઈબલની કલમો:

- 1 રાજા 4:11-14
- 1 શમુએલ 25:43-44
- 2 રાજા 8:28-29
- 2 શમુએલ 2:1-3
- ન્યાયાધીશો 6:33

## શબ્દ માહિતી:

- Strong's: H3157, H3158, H3159

# યિથ્રો, રેઉએલ

## સત્યો:

“યિથ્રો” અને “રેઉએલ” બંને નામો મૂસાની પત્ની, સિપ્પોરાહના પિતાને દર્શાવે છે. જૂના કરારમાં બીજા પણ બે માણસોના નામ “રેઉએલ” હતા.

- જયારે મૂસા મિદ્યાનની ભૂમિમાં ભરવાડ હતો, ત્યારે તેણે રેઉએલ નામનાં મિદ્યાની માણસની દીકરી સાથે લગ્ન કર્યા.
- પાછળથી રેઉએલને મિદ્યાનના યાજક, “યિથ્રો” તરીકે ઓળખાવ્યો છે.

“રેઉએલ” તે તેના વંશ/કુળનું નામ હોઈ શકે છે.

- જયારે મૂસા યિથ્રોના ઘેટાંની દેખરેખ રાખતો હતો, ત્યારે દેવે બળતા ઝાડવામાંથી મૂસા સાથે વાત કરી.
- કેટલાક સમય પછી, દેવ ઈઝરાએલીઓને મિસરમાંથી બચાવ્યા પછી, યિથ્રો ઈઝરાએલીઓ પાસે અરણ્યમાં આવ્યો અને મૂસાને લોકોની બાબતોના ન્યાય કરવા વિશે સારી સલાહ આપી.
- જયારે તેણે ઈઝરાએલીઓ માટે મિસરમાં દેવે કરેલા બધા ચમત્કારો વિશે સાંભળ્યું ત્યારે તેણે દેવમાં વિશ્વાસ કર્યો.
- એસાવના દીકરાઓમાંના એકનું નામ રેઉએલ હતું.
- બીજા એક રેઉએલ નામનાં માણસનો ઉલ્લેખ ઈઝરાએલીઓની વંશાવળીમાં થયો છે કે જે બાબિલના બંદીવાસના પૂરો થયા પછી યહૂદામાં ફરીથી વસવા પાછા ફર્યો.

(ભાષાંતર ના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બંદીવાસ, કુળ, રણ, મિસર, એસાવ, ચમત્કાર, મૂસા, અરણ્ય)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:34-37
- નિર્ગમન 2:18-20
- નિર્ગમન 3:1-3
- નિર્ગમન 18:1-4
- ગણના 10:29-30

## શબ્દ માહિતી:

- Strong's: H3503, H7467

# યૂના

## વ્યાખ્યા:

યૂના એ જૂના કરારમાંનો હિબ્રૂ પ્રબોધક હતો.

- યૂનાના પુસ્તકની વાર્તા જણાવે છે કે જયારે દેવે યૂનાને નિનવેહના લોકોને બોધ કરવા માટે મોકલ્યો ત્યારે શું થયું.
- યૂનાએ નિનવેહ જવાનો ઇનકાર કર્યો અને તેને બદલે તાર્શીશ માટે જવાના વહાણમાં ચઢી બેઠો.
- દેવે તે વહાણને રોકવા માટે મોટું તોફાન ઉત્પન્ન કર્યું .
- તેણે વહાણ હંકારનારા માણસોને કહ્યું કે તે દેવથી દૂર નાસી જઈ રહ્યો હતો, અને તેણે સૂચન કર્યું કે તેઓ તેને સમુદ્રમાં ફેંકી દે.

જયારે તેઓએ તેમ કર્યું ત્યારે તોફાન બંધ થયું.

- યૂનાને એક મોટી માછલી ગળી ગઈ હતી, અને તે ત્રણ દિવસ અને ત્રણ રાત તે માછલીના પેટમાં રહ્યો હતો.
- તે પછી, યૂના નિનવેહ ગયો અને ત્યાંના લોકોને બોધ કર્યો, અને તેઓ તેમના પાપોથી ફર્યા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અનાદર, નિનવેહ, ફરવું)

## બાઈબલની કલમો:

- યૂના 1:1-3
- લૂક 11:29-30
- માથ્થી 12:38-40
- માથ્થી 16:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H3124, G2495

# યૂસફ (જૂના કરાર)

## સત્યો:

યૂસફ એ યાકૂબનો અગિયારમો દીકરો હતો અને તેની માતા રાહેલ માટે પ્રથમ દીકરો હતો.

- યૂસફ તેના પિતાનો માનીતો દીકરો હતો.
- તેના ભાઈઓને તેની ઈર્ષા હતી અને તેને ગુલામીમાં વેચી દીધો.
- જયારે તે મિસરમાં હતો, ત્યારે યૂસફ ઉપર ખોટો આરોપ મૂકવામાં આવ્યો અને કેદખાનામાં નાખવામાં આવ્યો.
- યૂસફ મુશ્કેલીઓમાં હોવા છતાં, દેવને વિશ્વાસુ રહ્યો.
- દેવ તેને મિસરમાં સત્તાના બીજા ક્રમના સૌથી ઊંચા દરજ્જામાં લાવ્યો અને જયારે ખૂબ ઓછો ખોરાક હતો ત્યારે લોકોને બચાવવા તેનો ઉપયોગ કર્યો.

મિસરના લોકો અને તેના પોતાના કુટુંબને ભૂખે મરવાથી દૂર રાખ્યા હતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: મિસર, યાકૂબ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 30:22-24
- ઉત્પત્તિ 33:1-3
- ઉત્પત્તિ 37:1-2
- ઉત્પત્તિ 37:23-24
- ઉત્પત્તિ 41:55-57
- યોહાન 4:4-5

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **8:2** યૂસફના ભાઈઓએ તેને નફરત કરી કારણકે તેનો પિતા તેને સૌથી વધુ પ્રેમ કરતો હતો અને યૂસફને સ્વપ્ન આવ્યું કે તે તેઓનો શાસક બનશે.
- **8:4**ગુલામ વેપારીઓ યૂસફને મિસરમાં લઈ ગયા.
- **8:5**જેલમાં હોવા છતાં, યૂસફ દેવને વિશ્વાસુ રહ્યો.
- **8:7**દેવે યૂસફને સ્વપ્નોના અર્થઘટન કરવાની ક્ષમતા આપી, જેથી ફારુન યૂસફને જેલમાંથી બહાર લાવ્યો.
- **8:9** યૂસફે લોકોને ફસલના સારા સાત વર્ષો દરમ્યાન અનાજને પુષ્કળ પ્રમાણમાં સગ્રહ કરવા કહ્યું.
- **9:2** જે બધી મદદ યુસુફે મિસરીઓને કરી, તે તેમણે યાદ રાખી નહીં.

## શબ્દ માહિતી:

- Strong's: H3084, H3130, G2500, G2501

# યૂસફ (નવાકરાર)

## સત્યો:

યૂસફ એ ઈસુના પાલક પિતા હતા અને તેમણે તેને દીકરા તરીકે ઉછેર્યો. તે ન્યાયી માણસ હતો કે જે સુથારીકામ કરતો હતો.

- યૂસફનું મરિયમ નામની યહૂદી છોકરી સાથે સગપણ થયું, જયારે તેઓની સગપણ થયુ હતું, ત્યારે દેવે તેણીને ઈસુ મસીહની માતા બનવા પસંદ કરી.
- એક દૂતે યૂસફને કહ્યું કે મરિયમે પવિત્ર આત્મા દ્વારા ચમત્કારીક રીતે ગર્ભ ધર્યો છે, અને તે મરિયમનું બાળક દેવનો પુત્ર હતો.
- ઈસુના જન્મ પછી, એક દૂતે હેરોદથી બચવા માટે બાળક અને મરિયમને લઈને મિસરમાં જવા માટે યૂસફને ચેતવણી આપી.
- પાછળથી યૂસફ અને તેનું કુટુંબ ગાલીલના નાઝરેથના શહેરમાં રહેતા હતા, જ્યાં તે સુથારી કામ કરીને નિર્વાહ ચલાવતા હતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ખ્રિસ્ત, ગાલીલ, ઈસુ, નાઝરેથ, દેવનો પુત્ર, [કુંવારી])

## બાઈબલની કલમો:

- યોહાન 1:43-45
- લૂક 1:26-29
- લૂક 2:4-5
- લૂક 2:15-16
- માથ્થી 1:18-19
- માથ્થી 1:24-25
- માથ્થી 2:19-21
- માથ્થી 13:54-56

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **22:4**તેણી (મરિયમ) કુંવારી હતી અને_ યૂસફ_ નામનાં માણસ સાથે લગ્ન કરવા માટે સગપણ થયું હતું.

મરિયમનું જે માણસ, યૂસફ સાથે સગપણ થયું હતું, તે ન્યાયી માણસ હતો. જયારે તેણે સાભળ્યું કે મરિયમ ગર્ભવતી છે, ત્યારે તેને ખબર હતી કે તે તેનું બાળક નથી. તે તેણીને શરમાવવા માંગતો નહોતો, જેથી તેને ગુપ્ત રીતે તેણીને છૂટાછેડા આપવાની યોજના કરી.

- **23:2** દૂતે યૂસફને કહ્યું, મરિયમને તારી પત્ની તરીકે લઈ જવા માટે બીશ નહીં.

તેણીના શરીરમાં જે બાળક છે તે પવિત્ર આત્માથી છે. તેણી પુત્રને જન્મ દેશે.

તેનું નામ ઈસુ રાખજે (કે જેનો અર્થ, 'યહોવા બચાવે છે'), કારણકે "તે લોકોને તેઓના પાપોથી બચાવશે."

- **23:3**જેથી યૂસફે મરિયમ સાથે લગ્ન કર્યા અને તેણીને તેની પત્ની તરીકે તેના ઘેર લઈ ગયો, પણ જ્યાં સુધી તેણે બાળકને જન્મ આપ્યો નહીં ત્યાં સુધી તેણે તેને જાણી નહીં.
- **23:4**યૂસફ અને મરિયમે નાઝરેથ જ્યાં તેઓ રહેતા હતા ત્યાંથી બેથલેહેમ માટે લાંબી મુસાફરી કરવી પડી, કારણકે તેઓનો પૂર્વજ દાઉદ હતો કે જેનું વતન બેથલેહેમ હતું.
- **26:4**ઈસુએ કહ્યું, "હમણાં જે વચનો મેં તમારી આગળ વાંચ્યા તે તમારી આગળ અત્યારે પૂર્ણ થઈ રહ્યું છે."

બધા લોકો આશ્ચર્ય પામ્યા. તેઓએ કહ્યું, "શું આ યૂસફનો દીકરો નથી?"

## શબ્દ માહિતી:

- Strong's: G2501

# યેહૂ

## સત્યો:

જૂના કરારમાં યેહૂ નામનાં બે માણસો હતા.

- હનાનીનો દીકરો યેહૂ ઈઝરાએલના રાજા આહાબ અને યહૂદાના રાજા યહોશાફાટના શાસન દરમ્યાન પ્રબોધક હતો.
- યહોશાફાટનો દીકરો (અથવા વંશજ) યેહૂ ઈઝરાએલી લશ્કરમાં સેનાપતિ હતો કે જેને એલિશા પ્રબોધકે રાજા થવા માટે અભિષિક્ત કર્યો.
- યેહૂ રાજાએ, ઈઝરાએલનો રાજા યોરામ અને યહૂદાના રાજા અહાઝ્યા એ બે દુષ્ટ રાજાઓને મારી નાખ્યા હતા.
- યેહૂ રાજાએ ભૂતપૂર્વ આહાબ રાજાના સંબંધીઓને અને દુષ્ટ રાણી ઈઝેબેલને પણ મારી નાંખી હતી.
- યેહૂ રાજાએ સમરૂનમાં બઆલની પૂજાના બધા સ્થળોનો નાશ કર્યો અને બઆલના બધા પ્રબોધકોને મારી નાખ્યા.
- યેહૂ રાજાએ ફક્ત, સાચા દેવ, યહોવાની સેવા કરી, અને તે ઈઝરાએલ ઉપર અઠ્ઠાવીસ વર્ષો માટે રાજા હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: આહાબ, અહાઝ્યા, બઆલ, એલિશા, યહોશાફાટ, યેહૂ, ઈઝેબેલ, યોરામ, યહૂદા, સમરૂન)

## બાઈબલની કલમો:

- 1કાળવૃતાંત 4:34-38
- 1 રાજા 16:1-2
- 2 કાળવૃતાંત 19:1-3
- 2 રાજા 10:8-9
- હોશિયા 1:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H3058

# યોઆબ

## વ્યાખ્યા:

દાઉદના સમગ્ર શાસન દરમ્યાન યોઆબ દાઉદ રાજાના સૈન્ય માટે એક મહત્વનો નેતા હતો.

- દાઉદના રાજા બન્યા પહેલા, પહેલેથીજ યોઆબ તેના વફાદાર સાથીઓમાંનો એક હતો.
- પાછળથી, ઈઝરાએલ ઉપર રાજા તરીકે દાઉદના શાસન દરમ્યાન, યોઆબ દાઉદ રાજાના લશ્કરનો સેનાપતિ બન્યો.
- યોઆબ એ દાઉદ રાજાનો ભાણેજ પણ હતો, કેમકે તેની માતા દાઉદની બહેનોમાંની એક હતી.
- જયારે દાઉદના પુત્ર આબ્શાલોમે વિશ્વાસઘાતથી તેનો રાજા તરીકેનો હક લઈ લેવા માટે પ્રયાસ કર્યો ત્યારે રાજાને બચાવવા માટે યોઆબે આબ્શાલોમ ને મારી નાંખ્યો.
- યોઆબ એ ખૂબજ આક્રમક લડવૈયો હતો અને તેણે ઘણા લોકો કે જેઓ ઈઝરાએલના શત્રુઓ હતા તેઓને મારી નાંખ્યા.

(આ પણ જુઓ: આબ્શાલોમ, દાઉદ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 2:16-17
- 1 રાજા 1:7-8
- 1 શમુએલ 26:6-8
- 2 શમુએલ 2:18-19
- નહેમ્યા 7:11-14

## શબ્દ માહિતી:

- Strong's: H3097

# યોઆશ

## સત્યો:

જૂના કરારમાં યોઆશ નામનાં ઘણા માણસો હતા.

- એક યોઆશ તે ઈઝરાએલીઓને છોડાવનાર ગિદીયોનનો પિતા હતો.
- બીજો યોઆશ નામનો માણસ યાકૂબના સૌથી નાના પુત્ર બિન્યામીનનો વંશજ હતો.
- સાત વર્ષની ઉમરે બનેલો યહૂદાનો રાજા યોઆશ સૌથી સારી રીતે જાણીતો હતો.

તે યહૂદાના રાજા અહાઝ્યાનો પુત્ર હતો, કે જેનું ખૂન કરવામાં આવ્યું હતું.

- જયારે યોઆશ ખૂબ નાનો બાળક હતો, ત્યારે તેની ફોઈએ જ્યાં સુધી તે રાજા બનવા જેટલો પુખ્ત ન થાય ત્યાં સુધી તેને મરવાથી બચાવવા દૂર સંતાડી રાખ્યો.
- યોઆશ રાજા એક સારો રાજા હતો કે જેણે પહેલેથી દેવની આજ્ઞા પાળી.

પણ તેણે ઉચ્ચ સ્થાનો કાઢી નાખ્યા નહીં, અને ઈઝરાએલીઓએ ફરીથી મૂર્તિઓની ઉપાસના કરવાનું ચાલુ કર્યું.

- કેટલાક વર્ષો દરમ્યાન જયારે યહોઆશ ઈઝરાએલ પર રાજ કરતો હતો ત્યારે યોઆશે યહૂદા પર રાજ કર્યું.

તેઓ બંને અલગ રાજાઓ હતા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: અહાઝ્યા, વેદી, બિન્યામીન, ખોટો દેવ, ગિદીયોન, ઉચ્ચ સ્થાનો, જૂઠો દેવ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:10-12
- 2 કાળવૃતાંત 18:25-27
- 2 રાજા 11:1-3
- આમોસ 1:1-2
- ન્યાયાધીશો 6:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H3101, H3135

# યોએલ

## સત્યો:

યોએલ એ પ્રબોધક હતો કે જે કદાચ યહૂદાના રાજા યોઆશના શાસન દરમ્યાન જીવતો હતો. જૂના કરારમાં બીજા ઘણા માણસોના નામ પણ યોએલ હતા.

- જૂના કરારના છેલ્લા વિભાગમાં યોએલનું પુસ્તક એ બાર ટૂંકા પ્રબોધક પુસ્તકોમાંનું એક છે.
- યોએલ પ્રબોધક વિશેની ફક્ત વ્યક્તિગત માહિતી આપણી પાસે એ છે કે તેના પિતાનું નામ પથુએલ હતું.
- પ્રેરિત પિતરે પચાસમાંના દિવસ પર, તેના સંદેશમાં યોએલના પુસ્તકમાંથી અવતરણ કર્યું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: યોઆશ, યહૂદા, પચાસમાંનો દિવસ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 6:33-35
- 1 શમુએલ 8:1-3
- પ્રેરિતો 2:16-17
- એઝરા10:41-44
- યોએલ 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H3100, G2493

# યોથામ

## વ્યાખ્યા:

જૂના કરારમાં, યોથામ નામ સાથેના ત્રણ માણસો હતા. એક યોથામ નામનો માણસ ગિદિયોનનો નાનો પુત્ર હતો. યોથામે તેના મોટાભાઈ અબીમેલેખને હરાવવા મદદ કરી, કે જેણે બાકીના તેઓના બધા ભાઈઓને મારી નાખ્યા હતા.

- યોથામ નામનો બીજો માણસ હતો કે જેણે તેના પિતા ઉઝિઝયા (અઝાર્યા) પછી સોળ વર્ષ માટે યહૂદા ઉપર રાજ કર્યું.
- તેના પિતાની જેમ, યોથામ રાજાએ દેવની આજ્ઞાઓ પાળી અને સારો રાજા હતો.
- તોપણ મૂર્તિ પૂજાના સ્થાનો કાઢી નાખવામાં આવ્યા નહિ, જેથી તે યહૂદાના લોકોને ફરીથી દેવથી દૂર જવાનું કારણ થઈ પડ્યો.
- માથ્થીના પુસ્તકમાં ઈસુ ખ્રિસ્તની વંશાવળીમાં યોથામને તેના પૂર્વજોમાંના એક ગણવામાં આવ્યો છે.

(આ પણ જુઓ: અબીમેલેખ, આહાઝ, ગિદિયોન, ઉઝિઝયા)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 26:21
- 2 રાજા 15:4-5
- યશાયા 1:1
- ન્યાયાધીશો 9:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H3147

# યોનાથાન

## સત્યો:

જૂના કરારમાં યોનાથાન નામનાં ઓછામાં ઓછાં દસ માણસો હતા. નામનો અર્થ "યહોવાએ આપ્યું છે."

- દાઉદનો શ્રેષ્ઠ મિત્ર, યોનાથાન, તે બાઈબલમાંનો આ નામ સાથેનો સૌથી સારી રીતે જાણીતો વ્યક્તિ (યોનાથાન) છે. આ યોનાથાન શાઉલ રાજાનો જ્યેષ્ઠ પુત્ર હતો.
- જૂના કરારમાં બીજા યોનાથાનોનો ઉલ્લેખ મૂસાના વંશજ નો; દાઉદ રાજાનો ભત્રીજો; કેટલાક યાજકો, અબ્યાથારના પુત્ર સહિત લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે; અને એક જૂના કરારનો લેખક કે જેના ઘરમાં યર્મિયા પ્રબોધકને કેદમાં રાખવામાં આવ્યો હતો.

(આ પણ જુઓ: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અબ્યાથાર, દાઉદ, મૂસા, યર્મિયા, યાજક, શાઉલ, લેખક)

## બાઈબલની કલમો:

- 1 રાજા 1:41-42
- 1 શમુએલ 14:1
- 1 શમુએલ 20:1-2
- 2 શમુએલ 1:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H3083, H3129

# યોરામ (યહોરામ)

## સત્યો:

ઈઝરાએલનો રાજા યોરામ તે આહાબનો પુત્ર હતો. ક્યારેક તેને “યહોરામ” તરીકે પણ દર્શાવવામાં આવ્યો હતો.

- યહૂદાનો રાજા યહોરામ જે સમયે રાજ કરતો હતો તે જ સમયે ઈઝરાએલના રાજા યોરામે રાજ કર્યું હતું.
- યોરામ એ એક દુષ્ટ રાજા હતો કે જેણે જૂઠા દેવોની પૂજા કરી અને ઈઝરાએલ પાસે પાપ કરાવ્યું.
- ઈઝરાએલના રાજા યોરામે એલિયા અને ઓબાદ્યા પ્રબોધકોના સમય દરમ્યાન પણ રાજ કર્યું.
- જયારે દાઉદ રાજા હતો ત્યારે બીજો યોરામ નામનો માણસ તે હમાથના રાજા ટોઈનો પુત્ર હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: આહાબ, દાઉદ, એલિયા, હમાથ, યહોરામ, ઈઝરાએલનુ રાજ્ય, યહૂદા, ઓબાદ્યા, પ્રબોધક)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:10-12
- 2 કાળવૃતાંત 22:4-5
- 2 રાજા 1:17-18
- 2 રાજા 8:16-17

## શબ્દ માહિતી:

- Strong's: H3088, H3141, G2496

# યોશિયા

## સત્યો:

યોશિયા એક ધાર્મિક રાજા હતો જેણે યહૂદાના રાજ્ય ઉપર એકત્રીસ વર્ષ માટે રાજ કર્યું. તેણે યહૂદાના લોકોને પસ્તાવો કરી અને યહોવાની આરાધના કરવા આગેવાની આપી.

- તેના પિતા આમોન રાજાને મારી નાખ્યા બાદ, આઠ વર્ષની ઉંમરે યોશિયા યહૂદા ઉપર રાજા બન્યો.
- તેના શાસનના અઢારમે વર્ષે, યોશિયા રાજાએ હિલ્કિયા મુખ્ય યાજકને દેવનું મંદિર ફરીથી બાંધવા આદેશ આપ્યો.

જયારે આ થયું હતું ત્યારે નિયમશાસ્ત્રના પુસ્તકો મળી આવ્યા.

- જયારે નિયમશાસ્ત્રના પુસ્તકો યોશિયાની આગળ વાંચવામાં આવ્યા હતા ત્યારે તેણે શોક કર્યો કે કેવી રીતે તેના લોકો દેવની અવજ્ઞા કરતા હતા.

તેણે આદેશ આપ્યો કે મૂર્તિ પૂજાના બધા સ્થાનોનો નાશ કરવો અને જૂઠા દેવોના યાજકોને મારી નાખવા.

- તેણે લોકોને ફરીથી પાસ્ખા પર્વની ઉજવણી કરવા પણ આદેશ આપ્યો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: જૂઠો દેવ, યહૂદા, નિયમ, પાસ્ખા, મંદિર)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:13-14
- 2 કાળવૃતાંત 33:24-25
- 2 કાળવૃતાંત 34:1-3
- યર્મિયા 1:1-3
- માથ્થી 1:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H2977, G2502

# યોહાન (પ્રેરિત)

## સત્યો:

યોહાન ઈસુના બાર પ્રેરિતોમાંનો એક હતો અને ઈસુના નજીકના મિત્રોમાંનો હતો.

- યોહાન અને તેનો ભાઈ યાકૂબ ઝબદી નામનાં માછીમારના દીકરા હતા.
- સુવાર્તામાં કે જે તેણે ઈસુના જીવન વિશે લખી, યોહાને પોતાને “ઈસુ જે શિષ્યને પ્રેમ કરતો હતો” તે રીતે દર્શાવ્યો છે.

આ સૂચવે છે કે યોહાન ખાસ કરીને ઈસુનો એક નિકટનો મિત્ર હતો.

- પ્રેરિત યોહાને નવા કરારના પાંચ પુસ્તકો લખ્યા: યોહાનની સુવાર્તા, ઈસુ ખ્રિસ્તનું પ્રકટીકરણ, અને અન્ય વિશ્વાસીઓને ત્રણ પત્રો લખ્યા.
- ધ્યાન રાખો કે પ્રેરિત યોહાન એ યોહાન બાપ્તિસ્ત કરતાં અલગ વ્યક્તિ છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: પ્રેરિત, વ્યક્ત કરવું, યાકૂબ (ઝબદીનો પુત્ર), યોહાન (બાપ્તિસ્ત), ઝબદી)

## બાઈબલની કલમો:

- ગલાતી 2:9-10
- યોહાન 1:19-21
- માર્ક 3:17-19
- માથ્થી 4:21-22
- પ્રકટીકરણ 1:1-3

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **36:1** એક દિવસે, ઈસુએ તેના ત્રણ શિષ્યો, પિતર, યાકૂબ, અને **યોહાન**ને તેની સાથે લીધા.

( યોહાન નામનો શિષ્ય એ એજ વ્યક્તિ નહોતો કે જેણે ઈસુને બાપ્તિસ્મા આપ્યું હતું.)

તેઓ પોતે ઊંચા પહાડ ઉપર ગયા.

- **44:1**એક દિવસે, પિતર અને યોહાન મંદિરમાં જઈ હતા.

જયારે તેઓ મંદિરના દરવાજા આગળ પહોંચ્યા,તેઓએ લંગડા માણસને જોયો કે જે પૈસા માટે ભીખ માગી રહ્યો હતો.

- **44:6**પિતર અને યોહાન જે કહી રહ્યા હતા તેથી મંદિરના આગેવાનો ખૂબજ નારાજ હતા.

જેથી તેઓએ તેમની ધરપકડ કરી અને તેઓને જેલમાં નાંખ્યા.

- **44:7**બીજા દિવસે, યહૂદી આગેવાનો પિતર અને યોહાનને મુખ્ય યાજક અને બીજા ધાર્મિક આગેવાનો પાસે લાવ્યા.

તેઓએ પિતર અને યોહાનને પૂછયું, “કયા પરાક્રમથી તમે આ લંગડા માણસને સાજો કર્યો?”

- **44:9** આગેવાનો આશ્ચર્ય પામ્યા હતા કે પિતર અને યોહાન ખૂબ હિંમતથી બોલ્યાં કારણકે તેઓ જોઈ શક્યા કે આ માણસો સામાન્ય માણસો હતા કે જેઓ અભણ હતા.

પણ પછી તેઓએ યાદ કર્યું કે આ માણસો ઈસુની સાથે હતા. પછી તેઓએ પિતર અને યોહાનને ધમકી આપી, તેઓએ તેમણે જવા દીધા.

## શબ્દ માહિતી:

- Strong's: G2491

# યોહાન (બાપ્તિસ્ત)

## સત્યો:

યોહાન ઝખાર્યા અને એલિસાબેતનો પુત્ર હતો. "યોહાન" સામાન્ય નામ હતું, જેથી બીજા યોહાન નામનાં માણસોથી તેને અલગ કરવા માટે મોટેભાગે તેને "યોહાન બાપ્તિસ્ત" કહેવામાં આવતો હતો, જેમ કે પ્રેરિત યોહાન.

- યોહાન પ્રબોધક હતો કે જેને દેવે મસીહાને અનુસરવા અને તેનામાં વિશ્વાસ કરવા લોકોને તૈયાર કરવા મોકલ્યો હતો.
- યોહાને લોકોને તેઓના પાપો કબૂલ કરવા, દેવની તરફ ફરવા અને પાપ કરવા બંધ કરવા કહ્યું, જેથી કે તેઓ મસીહને પ્રાપ્ત કરવા તૈયાર થઈ શકે.
- યોહાને ચિહ્ન તરીકે ઘણા લોકોને બાપ્તિસ્મા આપ્યું કે તેઓ તેમના પાપો માટે દુ:ખી છે અને તેઓથી પસ્તાવો કરે (પાપથી દૂર રહે).
- યોહાનને "યોહાન બાપ્તિસ્ત" કહેવામાં આવતો હતો કારણકે તેણે ઘણા લોકોને બાપ્તિસ્મા કર્યું હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાપ્તિસમા આપવું, [ઝખાર્યા])

## બાઈબલની કલમો:

- યોહાન 3:22-24
- લૂક 1:11-13
- લૂક 1:62-63
- લૂક 3:7
- લૂક 3:15-16
- લૂક 7:27-28
- માથ્થી 3:13-15
- માથ્થી 11:13-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **22:2**દૂતે ઝખાર્યાને કહ્યું, "તારી પત્ની ને પુત્ર થશે.

તું તેનું નામ યોહાન પાડશે તે પવિત્ર આત્માથી ભરપૂર થશે, અને તે લોકોને મસીહા માટે તૈયાર કરશે!"

- **22:7**એલિસાબેતે તેના પુત્રને જન્મ આપ્યા પછી, દૂતે આજ્ઞા આપી હતી તે પ્રમાણે, ઝખાર્યા અને એલિસાબેતે બાળકનું નામ યોહાન પાડ્યું.
- **24:1** ઝખાર્યા અને એલિસાબેતનો પુત્ર યોહાન, મોટો થયો અને પ્રબોધક બન્યો.

તે રાનમાં રહ્યો,રાણી મધ અને તીડો ખાતો હતો, અને ઊંટના વાળમાંથી બનાવેલા કપડાં પહેરતો હતો.

- **24:2** યોહાનને સાંભળવા ઘણા લોકો અરણ્યમાં બહાર આવ્યા.

તેણે તેઓને બોધ કર્યો, કહ્યું, પસ્તાવો કરો, કેમકે દેવનું રાજ્ય પાસે આવ્યું છે.

- **24:6**બીજા દિવસે, ઈસુ યોહાનથી બાપ્તિસ્મા લેવા તેની પાસે આવ્યો.

જયારે યોહાને તેને જોયો, તેણે કહ્યું, "જુઓ! દેવનું હલવાન જે જગતના પાપને દૂર કરશે."

## શબ્દ માહિતી:

- Strong's: G910 G2491

# યોહાન માર્ક

## સત્યો:

યોહાન માર્ક, તે “માર્ક” તરીકે પણ જાણીતો હતો, પાઉલની તેની સેવા યાત્રામાં જે માણસો તેની સાથે મુસાફરી કરતા હતા તેઓમાંનો એક હતો. લગભગ સંભવિત છે કે તે માર્કની સુવાર્તાનો લેખક છે.

- યોહાન માર્ક તેના પિતરાઈ બાર્નાબાસ અને પાઉલ સાથે તેઓની પ્રથમ મિશનરી મુસાફરીમાં સાથે ગયો.
- જયારે પિતરને યરૂશાલેમમાં જેલમાં નાખવામાં આવ્યો હતો, ત્યારે વિશ્વાસીઓ યોહાન માર્કની માતાના ઘરમાં તેને માટે પ્રાર્થના કરતા હતા.
- માર્ક એક પ્રેરિત ન હતો, પણ પાઉલ અને પિતર દ્વારા શિક્ષણ પામેલો હતો, અને સેવામાં તેઓની સાથે મળીને કામ કરતો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાર્નાબાસ, પાઉલ)

## બાઈબલની કલમો:

- 2 તિમોથી 4:11-13
- પ્રેરિતો 12:24-25
- પ્રેરિતો 13:4-5
- પ્રેરિતો 13:13-15
- પ્રેરિતો 15:36-38
- પ્રેરિતો 15:39-41
- કલોસ્સી 4:10-11

## શબ્દ માહિતી:

- Strong's: G2491, G3138

# રહાબામ

## તથ્યો:

રહાબામ સુલેમાન રાજાનો એક પુત્ર હતો અને સુલેમાનના મૃત્યુ બાદ તે ઇઝરાયલ દેશનો રાજા બન્યો.

- તેના શાસનકાળની શરૂઆતમાં, રહાબામ પોતાના લોકો પ્રત્યે કઠોર હતો કે જેથી ઇઝરાયલના દસ કુળોએ તેની વિરુદ્ધ બળવો કર્યો અને ઉત્તરમાં "ઇઝરાયલનું રાજ્ય" સ્થાપ્યું.
- રહાબામ દક્ષિણના યહૂદા રાજ્યના રાજા તરીકે ચાલુ રહ્યો જેમાં બાકીના બે કુળો યહૂદા અને બિન્યામીનનો સમાવેશ થતો હતો.
- રહાબામ દુષ્ટ રાજા હતો કે જેણે યહોવાનું આજ્ઞાપાલન કર્યું નહીં પણ જૂઠા દેવોની પૂજા કરી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઇઝરાયલનું રાજ્ય, યહૂદા, સુલેમાન)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 3:10-12
- 1 રાજા 11:41-43
- 1 રાજા 14:21-22
- માથ્થી 1:7-8

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **18:5** સુલેમાનના મરણ પછી, તેનો પુત્ર **રહાબામ** રાજા બન્યો. **રહાબામ** મૂર્ખ માણસ હતો.
- **18:6 રહાબામે** મૂર્ખતાથી જવાબ આપ્યો અને કહ્યું કે, "તમે વિચારો છો કે મારા પિતા સુલેમાને તમારી પાસે કઠોર મહેનત કરાવી, પણ હું તમારા કામને તેનાથી વધારે કઠોર બનાવીશ અને હું તમને મારા પિતા કરતાં વધારે નિર્દયતાથી સજા કરીશ."
- **18:7** ઇઝરાયલ દેશના દસ કુળોએ **રહાબામ** વિરુદ્ધ બળવો કર્યો.

ફક્ત બે જ કુળો તેને વિશ્વાસુ રહ્યાં.

## શબ્દ માહિતી:

- Strong's: H7346, G4497

# રાબ્બા

## વ્યાખ્યા:

રાબ્બા આમ્મોની લોકોનું સૌથી મહત્ત્વનું શહેર હતું.

- આમ્મોનીઓ વિરુદ્ધની લડાઈઓમાં, ઇઝરાયલીઓ ઘણી વાર રાબ્બા પર હુમલો કરતા હતા.
- ઇઝરાયલના રાજા દાઉદે પોતાના અંતિમ યુદ્ધ વિજયોમાં રાબ્બાને સર કર્યું હતું.
- રાબ્બા જ્યાં સ્થિત હતું ત્યાં આજે જોર્ડન દેશનું અમ્માન શહેર હયાત છે.

(આ જૂઓ: આમ્મોન, દાઉદ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 20:1
- 2 શમુએલ 12:26-28
- પુનર્નિયમ 3:11
- હઝકિયેલ 25:3-5
- યર્મિયા 49:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H7237

# રામા

## તથ્યો:

રામા યરૂશાલેમથી લગભગ 8 કિલોમીટર દૂર આવેલું પ્રાચીન ઇઝરાયલનું એક શહેર હતું. જ્યાં બિન્યામીનનું કુળ રહેતું હતું તે પ્રદેશમાં તે સ્થિત હતું.

- રાહેલ બિન્યામીનને જન્મ આપ્યા પછી મરણ પામી તે સ્થળ રામા હતું.
- જ્યારે ઇઝરાયલીઓને બાબેલના બંદીવાસમાં લઈ જવામાં આવતા હતા ત્યારે, તેઓને બાબેલમાં લઈ ગયા અગાઉ રામામાં લાવવામાં આવ્યા હતા.
- રામા શમુએલના માતાપિતાનું વતન હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(જુઓ: બિન્યામીન, ઇઝરાયલના બાર કુળો)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 27:25-27
- 1 શમુએલ 2:11
- 2 કાળવૃતાંત 16:1
- યર્મિયા 31:15
- યહોશુઆ 18:25-28
- માથ્થી 2:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H7414, G4471

# રામોથ

## તથ્યો:

રામોથ યર્દન નદી નજીક ગિલ્યાદના પહાડોમાં સ્થિત એક અગત્યનું શહેર હતું. તેને રામોથ ગિલ્યાદ પણ કહેવામાં આવતું હતું.

- રામોથ ઇઝરાયલના ગાદના કુળની માલિકીનું હતું અને તેને આશ્રયસ્થાનના એક શહેર તરીકે ઠરાવવામાં આવ્યું હતું.
- ઇઝરાયલના રાજા આહાબ અને યહૂદાના રાજા યહોશાફાટે રામોથમાં અરામના રાજા સાથે યુદ્ધ કર્યું હતું.

તે યુદ્ધમાં આહાબને મારી નાખવામાં આવ્યો હતો.

- થોડા સમય પછી, અહાઝ્યા રાજા અને યોરામ રાજાએ અરામના રાજા પાસેથી રામા જીતી લેવા પ્રયાસ કર્યો હતો.
- રામોથ ગિલ્યાદમાં યેહુને ઇઝરાયલના રાજા તરીકે અભિષિક્ત કરવામાં આવ્યો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: આહાબ, અહાઝ્યા, અરામ, ગાદ, યહોશાફાટ, યેહુ, યોરામ, યર્દન, યહૂદા, આશ્રય)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 6:71-73
- 1 રાજા 22:3-4
- 2 કાળવૃતાંત 18:1-3
- 2 રાજા 8:28-29

## શબ્દ માહિતી:

- Strong's: H7216, H7418, H7433

# રાહાબ

## તથ્યો:

રાહાબ એક સ્ત્રી હતી કે જે જ્યારે ઇઝરાયલીઓએ યરીખો પર હુમલો કર્યો ત્યારે ત્યાં રહેતી હતી. તે એક વેશ્યા હતી.

- ઇઝરાયલીઓ યરીખો પર હુમલો કરવા આવ્યા તે અગાઉ જે બે ઇઝરાયલીઓ તેની માહિતી મેળવવા આવ્યા તેઓને રાહાબે સંતાડ્યા હતા.

તેણે તે જાસૂસોને ઇઝરાયલની છાવણીમાં પાછા ભાગી જવા મદદ કરી હતી.

- રાહાબ યહોવામાં વિશ્વાસ કરનારી વ્યક્તિ બની.
- જ્યારે યરીખોનો નાશ કરવામાં આવ્યો ત્યારે તેને અને તેના કુટુંબને બચાવવામાં આવ્યું હતું અને તેઓ બધા ઇઝરાયલીઓ સાથે રહેવા ગયા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: ઇઝરાયલ, યરીખો, વેશ્યા)

## બાઇબલના સંદર્ભો:

- હિબ્રૂ 11:29-31
- યાકૂબ 2:25-26
- યહોશુઆ 2:20-21
- યહોશુઆ 6:17-19
- માત્થી 1:4-6

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **15:1** તે શહેરમાં **રાહાબ** નામે એક વેશ્યા રહેતી હતી જેણે જાસૂસોને સંતાડ્યા અને બાદમાં તેઓને ભાગી જવામાં મદદ કરી. તે ઈશ્વરમાં વિશ્વાસ કરતી હતી તે માટે તેણે આમ કર્યું. જ્યારે ઇઝરાયલીઓ યરીખોનો નાશ કરે ત્યારે તેઓએ **રાહાબનું** તથા તેના કુટુંબનું રક્ષણ કરવાનું વચન આપ્યું.
- **15:5** ઇઝરાયલીઓએ જેમ ઈશ્વરે આજ્ઞા આપી હતી તેમ શહેરમાંની દરેક બાબતોનો નાશ કર્યો. શહેરમાં **રાહાબ** અને તેનું કુટુંબ જ એવા લોકો હતા જેઓને તેઓએ મારી નાખ્યા નહીં.

તેઓ ઇઝરાયલી લોકોનો હિસ્સો બની ગયા.

## શબ્દ માહિતી:

- Strong's: H7343, G4460

# રાહેલ

## તથ્યો:

રાહેલ યાકૂબની પત્નીઓમાંની એક હતી. તે અને તેની બહેન લેઆ લાબાન કે જે યાકૂબના મામા હતા તેની દીકરીઓ હતી.

- રાહેલ યૂસફ અને બિન્યામીનની માતા હતી કે જેઓના વંશજો ઇઝરાયલના બે કુળો બન્યા.
- ઘણા વર્ષો સુધી, રાહેલ બાળકોને જન્મ આપવા સક્ષમ ન હતી.

પછી ઈશ્વરે તેને યૂસફનો જન્મ આપવા સક્ષમ કરી.

- વર્ષો બાદ, બિન્યામીનની પ્રસૂતિ સમયે રાહેલ મૃત્યુ પામી અને યાકુબે બેથલેહેમ પાસે તેનું દફન કર્યું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: બેથલેહેમ, યાકૂબ, લાબાન, લેઆ, યૂસફ, ઇઝરાયલના બાર કુળો)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 29:4-6
- ઉત્પત્તિ 29:19-20
- ઉત્પત્તિ 29:28-30
- ઉત્પત્તિ 31:4-6
- ઉત્પત્તિ 33:1-3
- માથ્થી 2:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H7354, G4478

# રિબકા

## તથ્યો:

રિબકા ઇબ્રાહિમના ભાઈ નાહોરની પૌત્રી હતી.

- ઈશ્વરે રિબકાને ઇબ્રાહિમના દીકરા ઇસહાકની પત્ની થવા પસંદ કરી હતી.
- રિબકા જ્યાં તે રહેતી હતી તે અરામ નાહરાઇમનો પ્રદેશ છોડીને જ્યાં ઇસહાક રહેતો હતો તે નેગેબના પ્રદેશમાં ઇબ્રાહિમના ચાકર સાથે ગઈ.
- ઘણા લાંબા સમય સુધી રિબકાને બાળકો થયા નહીં, પણ અંતે ઈશ્વરે તેને બે જોડિયા બાળકો, એસાવ અને યાકૂબનો આશીર્વાદ આપ્યો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઇબ્રાહિમ, અરામ, એસાવ, ઇસહાક, યાકૂબ, નાહોર, નેબેગ)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 24:15-16
- ઉત્પત્તિ 24:45-46
- ઉત્પત્તિ 24:56-58
- ઉત્પત્તિ 24:63-65
- ઉત્પત્તિ 25:27-28
- ઉત્પત્તિ 26:6-8

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **6:2** જ્યાં ઇબ્રાઇમના સગાં-સંબંધીઓ રહતાં હતાં ત્યાં જવાની લાંબી મુસાફરી બાદ, ઈશ્વરે ચાકરને **રિબકા** સુધી પહોંચવા દોર્યો. તે ઇબ્રાહિમના ભાઈની પૌત્રી હતી.
- **6:6** ઈશ્વરે **રિબકાને** કહ્યું કે, "તારા ઉદરમાં બે દેશજાતિઓ છે."
- **7:1** જ્યારે છોકરાઓ મોટા થયા ત્યારે, **રિબકાએ** યાકૂબને પ્રેમ કર્યો, પણ ઇસહાકે એસાવને પ્રેમ કર્યો.
- **7:3** ઇસહાક પોતાનો આશીર્વાદ એસાવને આપવા માંગતો હતો.

પણ તે તેમ કરે તે અગાઉ, યાકૂબના એસાવ હોવાના ઢોંગ દ્વારા **રિબકા** અને યાકૂબે તેને છેતર્યો.

- **7:6** પણ **રિબકાએ** એસાવની યોજના વિષે સાંભળ્યુ. તેથી તેને યાકૂબને પોતાના સગાંઓ સાથે રહેવા દૂર મોકલી દીધો.

## શબ્દ માહિતી:

- Strong's: H7259

# રિમ્મોન

## તથ્યો:

રિમ્મોન એ વ્યક્તિનું અને અનેક સ્થળોનું નામ હતું જેનો ઉલ્લેખ બાઈબલમાં કરવામાં આવ્યો હતો. તે એક જુઠ્ઠા દેવનું પણ નામ હતું.

- એક માણસ રિમ્મોન નામનો ઝબુલોનના બએરોથ શહેરનો બિન્યામીની હતો.

આ માણસના દીકરાઓએ મફીબોશેથને મારી નાંખ્યો હતો, જે યોનાથાનનો અપંગ દીકરો હતો.

- રિમ્મોન યહુદાના દક્ષિણ ભાગે આવેલું શહેર હતું, બિન્યામીન કુળ દ્વારા આ પ્રદેશને કબજે કરવામાં આવ્યું હતું.
- "રિમ્મોન ગઢ" એ સુરક્ષાનું સ્થળ હતું જ્યાં બિન્યામીનીઓ યુદ્ધમાં મરતાં બચવા માટે જતાં રહ્યાં હતાં.
- રિમ્મોન પેરેઝ યહુદાના ઉજ્જડ પ્રદેશમાંનું એક અજાણ્યું સ્થળ હતું.
- સીરિયાનો સેનાપતિ નામાન જુઠ્ઠા દેવ રિમ્મોનના મંદિર વિશે બોલ્યો, જ્યાં સીરિયાનો રાજા પૂજા કરતો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: બિન્યામીન, યહુદા, નામાન, અરામ, ઝબુલોન)

## બાઈબલના સંદર્ભો:

- 2 રાજાઓ 5:17-19
- 2 શમુએલ 4:5-7
- ન્યાયાધીશો 20:45-46
- ન્યાયાધીશો 21:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H7417

# રૂથ

## તથ્યો:

રૂથ મોઆબી સ્ત્રી હતી જે જ્યારે ન્યાયાધીશો ઈઝરાયેલનો ન્યાય કરતાં હતાં તે સમય દરમિયાન જીવતી હતી. તેણીએ ઈઝરાયેલી માણસ સાથે મોઆબમાં લગ્ન કર્યા હતાં જ્યારે ન્યાયાધીશો ઈઝરાયેલનો ન્યાય કરતાં હતાં તે સમય દરમિયાન દુષ્કાળને કારણે તેણે ત્યાં તેના કુટુંબ સાથે સ્થળાંતર કર્યું હતું

- રૂથનો પતિ મરણ પામ્યો, અને થોડાં સમય પછી તેણીએ પોતાની સાસુ નાઓમી સાથે મુસાફરી શરૂ કરતાં મોઆબ છોડ્યું, કે જે તેના વતન ઈઝરાયેલના બેથલેહેમ તરફ પરત ફરી રહી હતી.
- રૂથ નાઓમીને વફાદાર હતી અને તેને માટે ખોરાક પૂરો પાડવા ભારે મહેનત કરતી હતી.
- તેણે ઈઝરાયેલના એક ખરા ઈશ્વરની સેવાને માટે પણ પોતાને સમર્પિત કરી.
- રૂથે બોઆઝ નામના એક ઈઝરાયેલી માણસ સાથે લગ્ન કર્યા અને પુત્રને જન્મ આપ્યો કે જે દાઉદ રાજાનો દાદા બન્યો.

કારણ કે દાઉદ રાજા ઈસુ ખ્રિસ્તના પૂર્વજ હતાં તેથી રૂથ પણ હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો કેવી રીતે અનુવાદ કરવો)

(આ પણ જુઓ: બેથલેહેમ, બોઆઝ, દાઉદ, ન્યાયાધીશ)

## બાઈબલના સદાર્ભો:

- માથ્થી 1:4-6
- રૂથ 1:3-5
- રૂથ 3:8-9
- રૂથ 4:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H7327, G4503

# રૂબેન

## તથ્યો:

રૂબેન યાકૂબનો પ્રથમજનિત દીકરો હતો. તેની માતાનું નામ લેઆ હતું.

- જ્યારે યૂસફના ભાઈઓ તેને મારી નાખવાની યોજના કરતાં હતા ત્યારે, રૂબેને તેને મારી નાખવાને બદલે ઊંડા ખાડામાં નાખવાનું કહીને યૂસફનું જીવન બચાવ્યું હતું.
- રૂબેન બાદમાં યૂસફને બચાવવા આવ્યો, પણ બીજા ભાઈઓએ તેને પસાર થતા વેપારીઓને વેચી દીધો હતો.
- રૂબેનના વંશજો ઇઝરાયલના બાર કુળોમાંનું એક કુળ બન્યા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: યાકૂબ, યૂસફ, લેઆ, ઇઝરાયલના બાર કુળો)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 29:31-32
- ઉત્પત્તિ 35:21-22
- ઉત્પત્તિ 42:21-22
- ઉત્પત્તિ 42:37-38

## શબ્દ માહિતી:

- Strong's: H7205, H7206, G4502

# રોમ, રોમન

## તથ્યો:

નવા કરારના સમયમાં, રોમ શહેર તે રોમન સામ્રાજયનું કેન્દ્ર હતું. તે હવે આજના આધુનિક દેશ ઈટલીનું મહત્વનું શહેર છે.

- રોમન સામ્રાજ્યે ભૂમધ્ય સમુદ્રની આસપાસના દરેક પ્રદેશો પર, ઈઝરાયેલ પર પણ રાજ કર્યું.
- "રોમન" શબ્દ, રોમની સરકારના નિયંત્રણ હેઠળના વિસ્તારો, રોમન નાગરિકો અને રોમન અધિકારીઓ સહિતને લગતી કોઈ પણ બાબતનો ઉલ્લેખ કરે છે.
- પ્રેરિત પાઉલને રોમ શહેરમાં બંદીવાન તરીકે લઇ જવામાં આવ્યો હતો કારણ કે તેણે ઈસુ વિશેના સારાં સમાચારનો બોધ કર્યો હતો.
- નવા કરારનું પુસ્તક “રોમન” એ પત્ર છે જે પાઉલે રોમના ખ્રિસ્તીઓને લખ્યો હતો.

(આ પણ જુઓ: સારાં સમાચાર, સમુદ્ર, પિલાત, પાઉલ)

## બાઈબલના સંદર્ભો:

- 2 તિમોથી 1:15-18
- પ્રે.કૃ. 22:25-26
- પ્રે.કૃ. 28:13-15
- યોહાન 11:47-48

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **23:4** જ્યારે મરિયમ માટે જન્મ આપવાનો સમય નજીક આવ્યો, ત્યારે **રોમન** સરકારે દરેકને જણાવ્યું કે જ્યાં તેઓના પૂર્વજો રહેતાં હતાં તે શહેરમાં વસ્તી ગણતરીને સારું જાય.
- **32:6** પછી ઈસુએ અશુદ્ધ આત્માને પૂછ્યું, "તારું નામ શું છે?" તેણે જવાબ આપ્યો, "મારું નામ સેના છે, કારણ કે અમે ઘણાં છીએ." (“સેના” અનેક હજારો સૈનિકોનું જૂથ હતું **રોમન** સૈન્યમાં.)
- **39:9** બીજા દિવસે વહેલી સવારે, યહૂદી આગેવાનો ઈસુને **રોમન** રાજ્યપાલ, પિલાત, પાસે ઈસુને મારી નાંખવાની આશાએ લઇ આવ્યાં.
- **39:12** **રોમન** સૈનિકોએ ઈસુને ચાબૂક મારી અને બાદશાહી ઝભ્ભો અને કાંટાનો બનેલો મુગટ તેમને પહેરાવ્યો. પછી તેઓએ તેમની એમ કરતાં મશ્કરી કરી કે, “જુઓ, યહૂદીઓનો રાજા!"

## શબ્દ માહિતી:

- Strong's: G4514, G4516

# લબાનોન

## તથ્યો:

લબાનોન ઈઝરાયેલની ઉત્તરે સુંદર પર્વતીય વિસ્તાર ભૂમધ્ય સમુદ્રના કિનારાની સમાંતરે સ્થિત છે. બાઈબલના સમયમાં આ વિસ્તાર જાડા વૃક્ષો જેવા કે દેવદાર અને સાયપ્રસ સાથે, જંગલવાળો હતો.

- સુલેમાન રાજાએ ઈશ્વરના મંદિરના બાંધકામ માટે દેવદાર વૃક્ષોની લણણી કરવા કામદારોને લબાનોન મોકલ્યા હતા.
- પ્રાચીન લબાનોનનો ફોનિશિયન લોકો દ્વારા કબજો કરવામાં આવ્યો હતો, જેઓ જહાજોના કુશળ બાંધનારાઓ હતા જે સફળ વેપાર ઉદ્યોગ માટે ઉપયોગી હતું.
- તૂર અને સિદોનના શહેરો લબાનોનમાં સ્થિત હતા.

એ તો આ શહેરોમાં સૌ પ્રથમ મૂલ્યવાન જાંબલી રંગ ઉપયોગમાં લેવામાં આવ્યું હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: દેવદાર, સાયપ્રસ, ફીર, ફેનિસિયા)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 4:32-34
- 2 કાળુવૃતાંત 2:8-10
- પુનર્નિયમ 1:7-8
- ગીતશાસ્ત્ર 29:3-5
- ઝખાર્યા 10:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H3844

# લાજરસ

## તથ્યો:

લાજરસ અને તેની બહેનો માર્થા અને મરિયમ, ઈસુના ખાસ મિત્રો હતા. ઈસુ ઘણીવાર બેથાનિયામાં તેઓના ઘરે રોકાતા હતા.

- લાજરસ એ તથ્યને લીધે પ્રચલિત હતો કે કબરમાં તેને અનેક દિવસોથી દફનાવવામાં આવ્યો પછી ઈસુએ તેને મરણમાથી ઉઠાડ્યો હતો.
- યહૂદી આગેવાનો ઈસુથી ગુસ્સે હતા અને ઈર્ષા કરતાં હતા કે તેમણે આ ચમત્કાર કર્યો હતો, અને તેઓ ઈસુ અને લાજરસ બંનેને મારી નાંખવાનો લાગ શોધતા હતા.
- ઈસુએ એક ભિખારી અને ધનવાન માણસનું દ્રષ્ટાંત કહ્યું જેમાં ભિખારીનું નામ "લાજરસ" હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: માગવું, યહૂદી આગેવાનો, માર્થા, મરિયમ, ઊઠવું)

## બાઈબલના સંદર્ભો:

- યોહાન 11:10-11
- યોહાન 12:1-3
- લૂક 16:19-21

## બાઈબલની વાર્તાઓ પરથી ઉદાહરણો:

- **37:1** એક દિવસ, ઈસુને સંદેશો મળ્યો કે **લાજરસ** ઘણો બીમાર હતો. **લાજરસ** અને તેની બે બહેનો, માર્થા અને મરિયમ, ઈસુના નજીકના મિત્રો હતા.
- **37:2** ઈસુએ કહ્યું, "આપનો મિત્ર **લાજરસ** ઊંઘી ગયો છે, અને હું તેને ઉઠાડીશ."
- **37:3** ઈસુના શિષ્યોએ જવાબ આપ્યો, "માલિક, જો **લાજરસ** સૂઈ ગયો છે તો, તે સાજો થશે."

પછી ઈસુએ તેઓને સ્પષ્ટ કહ્યું, "**લાજરસ** મરી ગયો છે."

- **37:4** જેવાયએઆરઇ ઈસુ આવી પહોંચ્યા **લાજરસના** વતનમાં ત્યારે, **લાજરસ** ને મર્યા ચાર દિવસ થઈ ગયા હતા.
- **37:6** ઈસુએ તેઓને પૂછ્યું, "તમે ક્યાં મૂક્યો છે **લાજરસને**?"
- **37:9** પછી ઈસુએ બૂમ પાડી, "**લાજરસ**, બહાર આવ!"
- **37:10** તેથી **લાજરસ** બહાર આવ્યો!

તે હજુ સુધી કફનથી વીંટળાયેલો હતો.

- **37:11** પરંતુ યહુદીઓના ધાર્મિક આગેવાનો ઈર્ષાળુ બન્યા, તેથી તેઓ ભેગા થયા એ યોજના કરવા કે કેવી રીતે તેઓ ઈસુ અને **લાજરસને મારી નાખે**.

## શબ્દ માહિતી:

- Strong's: G2976

# લાબાન

## તથ્યો:

જૂના કરારમાં, લાબાન એ યાકુબનો સસરા તથા મામા હતા.

- યાકુબ લબાનના ઘરનાઓની સાથે પદ્દાનારામમાં રહ્યો અને તેની દીકરી સાથે લગ્ન કરવાની શરત પેટે તે તેના ઘેટાં-બકરાં સાચવતો હતો.
- યાકુબની પસંદગી લાબાનની દીકરી રાહેલને તેની પત્ની બનાવવા માટેની હતી.
- લાબાને યાકુબને છેતર્યો અને રાહેલને તેની પત્ની તરીકે આપતા પહેલા તેની મોટી દીકરી લેઆહને તેની સાથે પરણાવી દીધી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: યાકુબ, નાહોર, લેઆહ, રાહેલ)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 24:28-30
- ઉત્પત્તિ 24:50-51
- ઉત્પત્તિ 27:43-45
- ઉત્પત્તિ 28:1-2
- ઉત્પત્તિ 29:4-6
- ઉત્પત્તિ 29:13-14
- ઉત્પત્તિ 30:25-26
- ઉત્પત્તિ 46:16-18

## શબ્દ માહિતી:

- Strong's: H3837

# લામેખ

## તથ્યો:

ઉત્પત્તિના પુસ્તકમાં નોંધવામાં આવેલ બે માણસોના નામ લામેખ હતા.

- પ્રથમ લામેખ જેની નોંધ છે એ કાઇનનો વંશજ હતો.

તેણે પોતાની બે પત્નીઓ સામે બડાઈ મારી કે જેણે તેને ઈજા પહોંચાડી તેની તેણે હત્યા કરી નાખી હતી.

- બીજો લામેખ એ શેથનો વંશજ હતો.

તે નુહનો પણ પિતા હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: કાઇન, નુહ, શેથ)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 4:18-19
- ઉત્પત્તિ 4:23-24
- ઉત્પત્તિ 5:25-27
- ઉત્પત્તિ 5:28-29
- ઉત્પત્તિ 5:30-31
- લૂક 3:36-38

## શબ્દ માહિતી:

- Strong's: H3929, G2984

# લુક

## તથ્યો:

લુકે નવા કરારના બે પુસ્તકો લખ્યા: લુકની સુવાર્તા અને પ્રેરિતોનાં કૃત્યો.

- કોલોસીને લખેલા પત્રમાં, પાઉલ ડૉક્ટર તરીકે લુકનો ઉલ્લેખ કરે છે.

પાઉલે તેમના બીજા બે પત્રોમાં પણ લુકનો ઉલ્લેખ કર્યો છે.

- એવું માનવામાં આવે છે કે લુક એક ગ્રીક અને એક વિદેશી હતો જે ખ્રિસ્તને માનતો હતો.

તેમની સુવાર્તામાં, લુકે ઘણી બધી જગ્યા શામેલ કરી છે જે ઈસુ વિદેશીઓ અને યહૂદીઓ બંને લોકો માટેના પ્રેમને દર્શાવે છે.

- લુક પાઉલ સાથે તેમના બે મિશનરી મુસાફરીમાં સાથે ગયો અને તેમને તેમના કામમાં મદદ કરી.
- કેટલાક પ્રારંભિક મંડળીના લખાણોમાં એવું કહેવામાં આવે છે કે લુકનો જન્મ સીરિયાના અંત્યોખ શહેરમાં થયો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: અંત્યોખ, પાઉલ, સીરિયા)

## બાઇબલના સંદર્ભો:

- 2 તિમોથી 4:11-13
- કલોસ્સી 4:12-14
- ફિલેમોન 1:23-25

## શબ્દ માહિતી:

# લુસ્ત્રા

## તથ્યો:

લુસ્ત્રા એ પ્રાચીન એશિયા માઇનોરનું એક શહેર હતું, જે પાઉલ તેમની મિશનરી મુસાફરીમાં મુલાકાતે ગયો હતો. તે લિકોનિયાના પ્રદેશમાં સ્થિત હતું, જે હાલમાં તુર્કીના આધુનિક દેશમાં આવેલું છે.

- પાઉલ અને તેમના સાથીઓ દર્બે અને લુસ્ત્રામાં ભાગી ગયા હતા જ્યારે તેઓને ઈકોનિયામાં યહૂદીઓ દ્વારા ધમકી કરવામાં આવી હતી.
- લુસ્ત્રામાં, પાઉલ તીમોથીને મળ્યા, જે સાથી પ્રચારક અને મંડળીના સ્થાપક બન્યા.
- પાઉલે લુસ્ત્રામાં એક અપંગ માણસને સાજા કર્યા પછી, ત્યાં લોકોએ પાઉલ અને બાર્નાબાસની ઉપાસના કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પ્રેરિતોએ તેઓને ઠપકો આપ્યો અને તેઓને તે કરવાથી રોકી દીધા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: સુવાર્તિક, ઇકોનિયા, તીમોથી)

## બાઇબલના સંદર્ભો:

- 2 તિમોથી 3:10-13
- પ્રેરિતોનાં કૃત્યો 14:5-7
- પ્રેરિતોનાં કૃત્યો 14:8-10
- પ્રેરિતોનાં કૃત્યો 14:21-22

## શબ્દ માહિતી:

- Strong's: G3082

# લેઆહ

## તથ્યો:

લેઆહ એ યાકુબની પત્નીઓમાની એક હતી. તેણી યાકુબના દસ સંતાનોની માતા હતી અને તેમના વંશજો ઈઝરાયેલના બાર કુળોમાંના દસ કુળો હતા.

- લેઆહના પિતા લાબાન હતો, જે યાકુબની માં રિબકાનો ભાઈ હતો.
- યાકુબ લેઆહને તેણી બીજી પત્ની રાહેલ જેટલો પ્રેમ કરતો ન હતો, પરંતુ ઈશ્વરે લેઆહને ઘણાં બાળકો આપીને ભરપૂર આશીર્વાદિત કરી હતી.
- લેઆહનો દીકરો યહુદા એ દાઉદ રાજા અને ઇસુનો પૂર્વજ હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: યાકુબ, યહુદા, લાબાન, રાહેલ, રિબકા, ઈઝરાયેલના બાર કુળો)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 29:15-18
- ઉત્પત્તિ 29:28-30
- ઉત્પત્તિ 31:4-6
- રૂથ 4:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H3812

# લેવી, લેવી, લેવીઓ, લેવીઓના

## વ્યાખ્યા:

લેવી યાકુબ અથવા ઈઝરાયેલના બાર દીકરાઓમાનો એક હતો. "લેવી""" શબ્દ એવિ વ્યક્તિનો ઉલ્લેખ કરે છે જે ઈઝરાયેલી કુળનો સભ્ય છે જેના પૂર્વજો લેવી હતા.

- મંદિરની સંભાળ લેવાને માટે અને ધાર્મિક વિધિઓ કરાવવા, જેમાં બલિદાનો ચઢાવવા અને પ્રાર્થનાઓનો સમાવેશ થાય છે તે માટે લેવીઓ જવાબદાર હતા.
- સર્વ યહૂદી યાજકો લેવીઓ હતા, લેવી પરથી ઉતરી આવેલા અને લેવીના કુળનો ભાગ હતા.

(જો કે, સર્વ લેવીઓ યાજકો ન હતા.)

- લેવી યાજકો અલગ કરવામાં આવેલા અને મંદિરમાં ઈશ્વરની સેવાના ખાસ કાર્યને સારું સમર્પિત કરવામાં આવ્યા હતા.
- "લેવી""" નામના બે બીજા માણસો ઈસુના પૂર્વજો હતા, અને તેઓના નામો લુકની સુવાર્તાની વંશાવળીમાં છે.
- ઈસુનો શિષ્ય માથ્થી પણ લેવી હતો.

(આ પણ જુઓ: માથ્થી, યાજક, બલિદાન, મંદિર, ઇઝરાયેલના બાર કુળો)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 2:1-2
- 1 રાજાઓ 8:3-5
- પ્રેરિતોના કૃત્યો 4:36-37
- ઉત્પત્તિ 29:33-34
- યોહાન 1:19-21
- લૂક 10:31-32

## શબ્દ માહિતી:

- Strong's: H3878, H3879, H3881, G3017, G3018, G3019, G3020

# લોત

## તથ્યો:

લોત ઇબ્રાહીમનો ભત્રીજો હતો.

- તે ઇબ્રાહીમના ભાઈ હારાનનો પુત્ર હતો.
- લોતે કનાન દેશમાં ઇબ્રાહીમ સાથે મુસાફરી અને સદોમ શહેરમાં સ્થાયી થયો હતો.
- લોત મોઆબીઓ અને આમ્મોનીઓનો પૂર્વજ હતો.
- દુશ્મન રાજાઓએ સદોમ પર હુમલો કર્યો અને લોત પર કબજો કર્યો ત્યારે, ઈબ્રાહીમ લોતને બચાવવા અને પોતાની સંપત્તિ ફરીથી મેળવવા ઘણા માણસો સાથે આવ્યો.
- સદોમ શહેરમાં રહેતા લોકો ખૂબ દુષ્ટ હતા, તેથી દેવે તે શહેરનો નાશ કર્યો.

પરંતુ, તેમણે સૌ પ્રથમ લોત અને તેના કુટુંબને શહેર છોડી જવા કહ્યું, જેથી તેઓ ભાગી શકે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ઈબ્રાહીમ, આમ્મોન, હારાન, મોઆબ, સદોમ)

## બાઇબલના સંદર્ભો:

- 2 પિતર 2:7-9
- ઉત્પત્તિ 11:27-28
- ઉત્પત્તિ 12:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H3876, G3091

# વાશ્તી

## તથ્યો:

જૂના કરારમાં એસ્તેરના પુસ્તકમાં, વાશ્તી પર્શિયાના રાજા અહાશ્વેરોશની પત્ની હતી.

- રાજા અહાશ્વેરોશે રાણી વાશ્તીને દૂર કરી જ્યારે તેણીએ મિજબાનીમાં આવવા અને તેના દારૂના નશામાં મહેમાનોને તેની સુંદરતા બતાવવાની આજ્ઞા પાળવાનો ઇન્કાર કર્યો.
- પરિણામે, એક નવી રાણીની શોધ થઈ અને આખરે એસ્તેરને રાજાની નવી પત્ની તરીકે પસંદ કરવામાં આવી.

(અનુવાદના સૂચનો: નામનું ભાષાંતર કરો)

(આ પણ જુઓ: અહાશ્વેરોશ, એસ્તેર, પર્શિયા)

## બાઇબલ સંદર્ભો

- એસ્તેર 1:9-11
- એસ્તેર 2:1-2
- એસ્તેર 2:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H2060

# શખેમ

## તથ્યો:

શખેમ કનાનમાંનું એક શહેર હતું જે યરૂશાલેમની ઉત્તરે લગભગ 40 માઇલ પર સ્થિત હતું. જુના કરારમાં શખેમ એ માણસનું પણ નામ હતું.

- યાકૂબ તેના ભાઈ એસાવની સાથે સમાધાન કર્યા પછી શખેમનું શહેર જ્યાં તે સ્થાયી થયા હતા.
- યાકૂબે શખેમના હમોરના પુત્રો હિવ્વીઓ પાસેથી જમીન ખરીદી હતી.

આ જમીન બાદમાં તેના પરિવારને દફન કરવાનું સ્થળ અને જ્યાં તેના પુત્રોએ તેને દફનાવ્યો હતો તે જગા બની ગઈ હતી.

- હામોરના પુત્ર શખેમે યાકૂબની પુત્રી દીનાહ પર બળાત્કાર કર્યો, પરિણામે યાકૂબના પુત્રોએ શખેમ નગરના બધા માણસોને મારી નાખ્યાં.

(અનુવાદ માટેના સૂચનો: હમોર)

(આ પણ જુઓ: કનાન, એસાવ, હમોર, હિવ્વી, યાકૂબ)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:14-16
- ઉત્પત્તિ 12:6-7
- ઉત્પત્તિ 33:18-20
- ઉત્પત્તિ 37:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H7928, H7930

# શમુએલ

## તથ્યો:

શમુએલ પ્રબોધક અને ઇઝરાયેલનો છેલ્લો ન્યાયાધીશ હતો. તેણે ઈઝરાયેલના રાજા તરીકે શાઉલ અને દાઉદ બંનેનો અભિષેક કર્યો હતો.

- શમુએલ રામાહ શહેરમાં એલ્કાનાહ અને હાન્નાના ત્યાં જન્મ્યો હતો .
- હાન્ના વાંઝણી હતી, તેથી ઈશ્વર તેને દીકરો આપે તેવી તેણીએ આગ્રહથી પ્રાર્થના કરી હતી.

શમુએલ તે પ્રાર્થનાનો જવાબ હતો.

- હાન્નાએ વચન આપ્યું હતું કે, જો તેની અતિશય પ્રાર્થનાના જવાબ પેટે ઈશ્વર તેને દીકરો આપે, તો તેણી તેનો દીકરો યહોવાને સમર્પિત કરશે, તેની વિનંતી સ્વીકારવામાં આવી.
- પોતાનું વચન ઈશ્વર આગળ પૂર્ણ કરવાને માટે, જ્યારે શમુએલ જુવાન છોકરો હતો, ત્યારે હાન્નાએ તેને મંદિરમાં એલી યાજકની સાથે રહેવા અને મદદ કરવાં મોકલ્યો.
- ઈશ્વરે શમુએલને એક મહાન પ્રબોધક બનવા ઊભો કર્યો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો કેવી રીતે અનુવાદ કરવો)

(આ પણ જુઓ: હાન્ના, ન્યાયાધીશ, પ્રબોધક, યહોવા)

## બાઈબલના સંદર્ભો:

- 1 શમુએલ 1:19-20
- 1 શમુએલ 9:23-24
- 1 શમુએલ 12:16-18
- પ્રેરિતોના કૃત્યો 3:24-26
- પ્રેરિતોના કૃત્યો 13:19-20
- હિબ્રુઓ 11:32-34

## શબ્દ માહિતી:

- Strong's: H8050, G4545

# શાઉલ (જુનો કરાર)

## તથ્યો:

શાઉલ ઈઝરાયેલી માણસ હતો જેને ઈશ્વરે ઈઝરાયેલનો પ્રથમ રાજા બનવા માટે પસંદ કર્યો હતો.

- શાઉલ ઊંચો અને સુંદર, અને શક્તિમાન સૈનિક હતો.

તે એવા પ્રકારનો માણસ હતો કે જે પ્રમાણે ઈઝરાયેલીઓ ઈચ્છતા હતા તેમના રાજા તરીકે.

- જો કે પ્રથમ તેણે ઈશ્વરની સેવા કરી, પછી શાઉલ અભિમાની અને ઈશ્વરને અનાધીન બન્યો.

તેના પરિણામે, ઈશ્વરે શાઉલની જગ્યા લેવાને માટે દાઉદને રાજા તરીકે નિમ્યો અને શાઉલ યુદ્ધમાં મરણ પામે તેવું ઠરાવ્યું.

- નવા કરારમાં, શાઉલ નામે એક યહૂદી હતો જે પાઉલ તરીકે પણ ઓળખાતો હતો અને જે ઈસુ ખ્રિસ્તનો પ્રેરિત બન્યો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: રાજા)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 10:1-3
- 1 શમુએલ 9:1-2
- 2 શમુએલ 1:1-2
- પ્રેરિતોના કૃત્યો 13:21-22
- ગીતશાસ્ત્ર 18:1

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:1 શાઉલ** ઈઝરાયેલનો પ્રથમ રાજા હતો.

તે ઊંચો અને સુંદર હતો, જેઓ લોકો ઈચ્છતાહતા તેવો જ. **શાઉલ** શરૂઆતના વર્ષો ઈઝરાયેલ પર રાજ કર્યું એ માટે તે એક સારો રાજા હતો . પરંતુ પછી તે દુષ્ટ માણસ બની ગયો કે જે ઈશ્વરને આધીન રહ્યો નહિ, તેથી ઈશ્વરે બીજા માણસને પસંદ કર્યો કે જે એક દિવસ તેની જગ્યાએ રાજા બને.

- **17:4 શાઉલ** દાઉદ માટેના લોકોના પ્રેમને લીધે ઈર્ષાળુ બન્યો. **શાઉલે** તેને મારી નાંખવાનો ઘણીવાર પ્રયત્ન કર્યો, તેથી દાઉદ સંતાતો ફરતો હતો **શાઉલથી**.
- **17:5** આખરે, **શાઉલ** યુદ્ધમાં મરણ પામ્યો, અને દાઉદ ઈઝરાયેલનો રાજા બન્યો.

## શબ્દ માહિતી:

- Strong's: H7586, G4549

# શારોન, શારોનની સરહદે

## તથ્યો:

શારોન, કાર્મેલ પર્વતની દક્ષિણે ભૂમધ્ય સમુદ્રના કાંઠે જમીનના સપાટ અને ફળદ્રુપ વિસ્તારનું નામ હતું. તેને "શારોનની સરહદે" એમ પણ ઓળખવામાં આવતું હતું.

- બાઈબલમાં ઉલ્લેખ કરાયેલા કેટલાક શહેરો જેવા કે જોપ્પા, લોદ અને કૈસરીયા શારોનની સરહદે સ્થાપિત થયેલાં હતાં.
- તેનો આ પ્રમાણે અનુવાદ કરી શકાય "શારોન નામની સરહદે" અથવા "શારોનની સરહદે."
- શારોનના પ્રદેશમાં રહેતા લોકો "શારોનના રહેવાસીઓ" તરીકે ઓળખાતા હતાં.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: કૈસરીયા, કાર્મેલ, જોપ્પા, સમુદ્ર)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 5:16-17
- પ્રેરિતોના કૃત્યો 9:33-35
- યશાયા 33:9

## શબ્દ માહિતી:

- Strong's: H8289, H8290

# શિનઆર

## તથ્યો:

શિનઆરનો અર્થ “બે નદીઓનો દેશ” અને દક્ષિણ મેસોપોતામિયાના એક સપાટ અથવા પ્રદેશનું નામ હતું.

- શિનઆર પછીથી “ખાલદી” અને પછી “બાબિલોન” તરીકે ઓળખાયું.
- પ્રાચીન લોકો જેઓ બાબિલના સપાટ શિનઆરમા રહેતા હતા, તેમણે પોતાને મહાન કરવાને વાસ્તે મોટો બુરજ બંધાવ્યો.
- સદીઓ પછી, યહૂદીના પૂર્વજ ઈબ્રાહિમ આ પ્રદેશના ઉર શહેરમાં રહેતા હતા, જે તે સમયે “ખાલદી” તરીકે ઓળખાતો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, બાબેલ, બાબિલોન, ખાલદીઓ, મેસોપોતામિયા, પૂર્વજ, ઉર)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પતિ 10:8-10
- ઉત્પતિ 14:1-2
- ઉત્પતિ 14:7-9
- યશાયા 11:10-11
- ઝખાર્યા 5:10-11

## શબ્દ માહિતી:

- Strong's: H8152

# શિમઈ

## વ્યાખ્યા:

જુના કરારમાં અનેક માણસોનું નામ શિમઈ હતું.

- શિમઈ ગેરાનો દીકરો બીન્યામીની હતો કે જેણે દાઉદ રાજાને શાપ આપ્યો હતો અને જ્યારે તે તેના દીકરા આબ્શાલોમથી બચવા માટે યરૂશાલેમમાંથી ભાગી રહ્યાં હતા ત્યારે તેણે તેની તરફ પથ્થરો ફેંક્યા હતા.
- જુના કરારમાં એવા ઘણાં લેવી યાજકો પણ હતાં જેમનું નામ શિમઈહતું.

(આ પણ જુઓ: આબ્શાલોમ, બિન્યામીન, લેવી, યાજક)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 6:16-18
- 1 રાજાઓ 1:7-8
- 2 શમુએલ 16:13-14
- ઝખાર્યા 12:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H8096, H8097

# શિમયોન

## તથ્યો:

બાઈબલમાં, શિમયોન નામના ઘણા માણસો હતા.

- જુના કરારમાં, યાકુબ (ઈઝરાયેલ)ના બીજા દીકરાનું નામ શિમયોન હતું.

તેની માતા લેહ હતી. તેના વંશજો ઈઝરાયેલના બાર કુળમાંના એક બન્યા.

- શિમયોનના કુળે વચનના દેશ કનાનનો મોટા ભાગનો દક્ષિણ પ્રદેશ કબજે કર્યો હતો.

તે જમીન જે જમીન યહુદિયા સાથે સંકળાયેલ હતી તેનાથી સંપૂર્ણપણે ઘેરાયેલી હતી.

- જ્યારે યુસફ અને મરિયમ ઈસુને ઈશ્વરને સમર્પિત કરવા યરૂશાલેમ મંદિરમાં લાવ્યા ત્યારે, શિમયોન નામના વૃદ્ધ વ્યક્તિએ મસીહાને જોવા બદલઈશ્વરની સ્તુતિ કરી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: કનાન, ખ્રિસ્ત, સમર્પણ, યાકુબ, યહુદા, મંદિર)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પતિ 29:33-34
- ઉત્પતિ 34:24-26
- ઉત્પતિ 42:35-36
- ઉત્પતિ 43:21-23
- લૂક 2:25-26

## શબ્દ માહિતી:

- Strong's: H8095, H8099, G4826

# શિલોહ

## તથ્યો:

શિલોહ એક કોટવાળું કનાની શહેર હતું, જે યહોશુઆના આગેવાની હેઠળ ઈઝરાયેલીઓ દ્વારા જીતી લેવામાં આવ્યું હતું.

- શિલોહનું શહેર યર્દન નદીની પશ્ચિમે અને બેથેલ શહેરના ઉત્તરપૂર્વમાં આવેલું હતું.
- યહોશુઆ ઈઝરાયેલને આગેવાની આપતો હતો તે સમયગાળા દરમિયાન, શિલોહનું શહેર ઈઝરાયેલના લોકો માટે મુલાકાતનું સ્થળ હતું.
- ઈઝરાયેલના બાર કુળો કનાનનો કયો ભાગ તેઓમાંના દરેકને વહેંચવામાં આવ્યો છે તે માટે યહોશુઆનું કહેવું સાંભળવા શિલોહમાં ભેગા મળ્યા હતા.
- યરૂશાલેમમાં કોઈ પણ મંદિર બાંધવામાં આવ્યું તે પહેલાં, શિલોહ એવી જગ્યા હતી જ્યાં ઈઝરાયેલીઓ ઈશ્વરને બલિદાન આપવા આવતાં હતાં.
- જ્યારે શમુએલ એક નાનો છોકરો હતો, ત્યારે તેની માતા હાન્ના તે યાજક એલી દ્વારા તાલીમ પામીને યહોવાની સેવા કરવા માટે તેને શિલોહમાં રહેવા લઇ આવી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: બેઠેલ, અર્પણ કરવું, હાન્ના, યરૂશાલેમ, યર્દન નદી, યાજક, બલિદાન, શમુએલ, મંદિર)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 2:26-27
- 1 શમુએલ 1:9-10
- યહોશુઆ 18:1-2
- ન્યાયાધીશો 18:30-31

## શબ્દ માહિતી:

- Strong's: H7886, H7887

# શેથ

## તથ્યો:

ઉત્પતિના પુસ્તકમાં, શેથએ આદમ અને હવાનો ત્રીજો દીકરો હતો.

- હવાએ કહ્યું કે તેના દીકરા હાબેલના બદલામાં શેથ તેને આપવામાં આવ્યો હતો, કે જેની હત્યા તેના ભાઈ કાઈન દ્વારા કરવામાં આવી હતી.
- નુહ શેથના વંશજોમાંનો એક હતો, તેથી જળપ્રલયના સમયથી જે લોકો જીવ્યા તેઓ શેથના વંશજ છે.
- સેથ અને તેનું કુંટુંબ એ પ્રથમ લોકો હતા જેમણે "પ્રભુના નામને પોકાર્યું."

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: હાબેલ, કાઈન, તેડું, વંશજ, પૂર્વજ, પૂર, નૂહ)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 1:1-4
- લૂક 3:36-38
- ગણના 24:17

## શબ્દ માહિતી:

- Strong's: H8352, G4589

# શેબા

## તથ્યો:

પ્રાચીન સમયમાં, શેબા એક પ્રાચીન સંસ્કૃતિ અથવા જમીનનો વિસ્તાર હતો જે દક્ષિણ અરેબિયામાં ક્યાંક સ્થિત હતો.

- શેબાનો પ્રદેશ અથવા દેશ કદાચ હાલના યેમેન અને ઈથોપિયા દેશોની નજીક સ્થિત છે.
- તેના રહેવાસીઓ કદાચ હામના વંશજો હતા.
- શેબની રાણી સુલેમાન રાજાને મળવા આવી જ્યારે તેણીએ તેમની સંપત્તિ અને ડહાપણની કીર્તિ વિષે સાંભળ્યું.
- જુના કરારમાં "શેબા" નામના ઘણા પુરુષો વંશાવળીમાં નોંધાયેલા પણ હતાં.

એ શક્ય છે કે શેબા પ્રદેશનું નામ તેઓમાંના એકમાંથી આવ્યું હોય.

- જુના કરારમાં એકવાર બેરશેબા શહેરને શેબા એમ ટૂંકું કરવામાં આવ્યું હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: અરેબિયા, બેરશેબા, ઈથોપિયા, સુલેમાન)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 1:8-10
- 1 રાજાઓ 10:1-2
- યશાયા 60:6-7
- ગીતશાસ્ત્ર 72:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H5434, H7614

# શેમ

## તથ્યો:

નુહના ત્રણ દીકરાઓમાંનો એક શેમ, જેઓ સર્વ ઉત્પતિના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે વિશ્વભરના જળપ્રલય દરમિયાન તેની સાથે વહાણમા ગયા હતા.

- શેમ ઈબ્રાહીમ અને તેના વંશજોનો પૂર્વજ હતો.
- શેમના વંશજો "સેમિટસ" તરીકે જાણીતા હતા; તેઓ હિબ્રુ અને અરબી જેવી "સેમિટિક" ભાષાઓ બોલતા હતા.
- બાઇબલ સૂચવે છે કે શેમ લગભગ 600 વર્ષ જીવ્યો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ઈબ્રાહીમ, અરબી, વહાણ, જળપ્રલય, નૂહ)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 5:32
- ઉત્પત્તિ 6:9-10
- ઉત્પતિ 7:13-14
- ઉત્પતિ 10:1
- ઉત્પતિ 10:30-31
- ઉત્પતિ 11:10-11
- લૂક 3:36-38

## શબ્દ માહિતી:

- Strong's: H8035, G4590

# સદોમ

## વ્યાખ્યા:

સદોમએ કનાનના દક્ષિણ ભાગનું શહેર હતું જ્યાં ઈબ્રાહિમનો ભત્રીજો લોત તેણી પત્ની અને બાળકો સાથે રહેતો હતો.

- સદોમની આસપાસનો પ્રદેશ ઘણો સારો પાણીયુક્ત અને ફળદ્રુપ હતો, તેથી લોતે જ્યારે તે પ્રથમ કનાનમાં સ્થાયી થયા ત્યારે ત્યાં રહેવા માટે પસંદ કર્યું.
- આ શહેરનું ચોક્કસ સ્થાન જાણીતું નથી કારણ કે સદોમ અને તેની નજીકનું શહેર ગમોરા ત્યાના લોકોના દુષ્ટ કૃત્યોને લીધે શિક્ષાના ભાગરૂપે ઈશ્વર દ્વારા સંપૂર્ણપણે નષ્ટ કરવામાં આવ્યું હતું
- સૌથી નોંધપાત્ર પાપ સદોમ અને ગમોરાના લોકો કરતાં હતા એ તો સમલૈંગિકતા હતી.

(આ પણ જુઓ: કનાન, ગમોરાહ)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પતિ 10:19-20
- ઉત્પતિ 13:12-13
- માથ્થી 10:14-15
- માથ્થી 11:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H5467, G4670

# સફાન્યાહ

## તથ્યો:

કુશીનો પુત્ર સફાન્યા, એક પ્રબોધક હતા જેયરુસાલેમમાં રહેતા હતા અને રાજા યોશીયાહના શાસન દરમિયાન ભવિષ્યવાણી કરતા હતા. તે યિર્મેયાહના સમય દરમિયાન જ જીવ્યા હતા.

- તેમણે જૂઠા દેવોની પૂજા માટે યહુદાહના લોકોને ઠપકો આપ્યો.

તેમની ભવિષ્યવાણીઓ જૂના કરારના સફાન્યાહના પુસ્તકમાં લખેલી છે.

- જૂના કરારમાં સફાન્યાહ નામના બીજા ઘણા પુરુષો હતા, જેમાંના મોટા ભાગના યાજકો હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: યિર્મેયા,યોશીયાહ, યાજક)

## બાઇબલ સંદર્ભો

- 2 રાજાઓ 25:18-19
- યર્મિયા 52:24-25
- ઝખાર્યા 6:9-11
- સફાન્યા 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H6846

# સમરૂન, સમરૂની

## તથ્યો:

સમરૂન ઈઝરાયેલના ઉત્તરીય ભાગના એક શહેર અને તેના આસપાસના પ્રદેશનું નામ હતું. આ પ્રદેશ શારોન સરહદની પશ્ચિમ અને યરદન નદીની પૂર્વ વચ્ચે આવેલું હતું.

- જુના કરારમાં, સમરૂન ઈઝરાયેલના ઉત્તરી રાજ્યનું પાટનગર હતું.

પાછળથી તેના આસપાસના પ્રદેશને પણ સમરૂન કહેવાય છે.

- જ્યારે આશ્શૂરીઓએ ઈઝરાયેલના ઉત્તરીય રાજ્ય પર વિજય મેળવ્યો, ત્યારે તેઓએ સમરૂન શહેર કબજે કર્યું અને મોટાભાગના ઉત્તરના ઈઝરાયેલીઓને આ પ્રદેશ છોડાવા માટે ફરજ પાડી, તેઓને આશ્શૂરના જુદા જુદા શહેરોમાં ખસેડીને.
- આશ્શૂરીઓએ જે ઈઝરાયેલીઓને ખસેડ્યા હતાં તેઓના સ્થાને ઘણા વિદેશીઓને પણ સમરૂનના પ્રદેશમાં લાવ્યા હતા.
- આ પ્રદેશમાં રહેલા કેટલાંક ઈઝરાયેલીઓએ વિદેશીઓ કે જેઓ ત્યાં વસ્યા હતાં તેઓની સાથે લગ્ન કર્યા, અને તેઓના વંશજો સમરૂનીઓ તરીકે ઓળખાયા.
- યહૂદીઓ સમરૂનીઓને તુચ્છ ગણતા હતાં કારણ કે તેઓ માત્ર અંશતઃ યહૂદી હતા અને તેઓના પૂર્વજોએ મૂર્તિપૂજક દેવોની પૂજા કરી હતી માટે.
- નવા કરારના સમયમાં, સમરૂનનો પ્રદેશ તેની ઉત્તર તરફના ગાલીલ પ્રદેશ અને તેની દક્ષિણ તરફના યહૂદિયા પ્રદેશની સરહદે આવ્યો હતો.

(જુઓ: આશ્શૂર, ગાલીલ, યહૂદિયા, શારોન, ઈઝરાયેલનું રાજ્ય)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 8:1-3
- પ્રેરિતોના કૃત્યો 8:4-5
- યોહાન 4:4-5
- લૂક 9:51-53
- લૂક 10:33-35

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **20:4** પછી આશ્શૂરીઓ જ્યાં ઈઝરાયેલનું રાજ્ય હતું ત્યાં વસવા માટે વિદેશીઓને લઇ આવ્યાં હતાં..

વિદેશીઓએ નષ્ટ થયેલાં શહેરોનું પુનઃનિર્માણ કર્યું અને ત્યાં બાકી રહેલા ઈઝરાયેલીઓ સાથે લગ્ન કર્યા. ઈઝરાયેલીઓ કે જેઓ વિદેશીઓ સાથે પરણ્યા હતાં તેઓના વંશજોને **સમુરૂનીઓ તરીકે ઓળખાયા**.

- **27:8** "તે માર્ગ પર ત્યારબાદ જનાર વ્યક્તિ **સમરૂની હતો**. (**સમરૂનીઓ** યહૂદીઓના વંશજો હતાં જેઓએ બીજા રાષ્ટ્રોના લોકો સાથે લગ્ન કર્યા હતાં. **સમરૂનીઓ** અને યહૂદીઓ એકબીજાને ધિક્કારતા હતાં.)"
- **27:9** "તે **સમરૂની** તે માણસને પોતાના ગધેડા પર ઊંચકીને ઉતારામાં લઇ ગયો જ્યાં તેણે તેની માવજત કરી."
- **45:7** તે (ફિલિપ) ગયો **સમરૂનમાં** જ્યાં તેણે ઈસુ વિશે બોધ કર્યો અને ઘણાં લોકો બચી ગયાં.

## શબ્દ માહિતી:

- Strong's: H8111, H8115, H8118, G4540, G4541, G4542

# સમુદ્ર, મહા સમુદ્ર, પશ્ચિમનો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર

## તથ્યો:

બાઇબલમાં, "મહા સમુદ્ર" અથવા તો "પશ્ચિમનો સમુદ્ર" જેને હાલમાં "ભૂમધ્ય સમુદ્ર" કહેવાય છે તેનો ઉલ્લેખ કરે છે કે જે બાઇબલના સમયના લોકોની જાણ પ્રમાણે સૌથી મોટો સમુદ્ર હતો.

- ભૂમધ્ય સમુદ્રની હદ આ પ્રમાણે હતી:

ઇઝરાયલ (પૂર્વ), યુરોપ (ઉત્તર તથા પશ્ચિમ), અને આફ્રિકા (દક્ષિણ).

- પ્રાચીન સમયમાં આ સમુદ્ર વ્યાપાર અને યાત્રા માટે ખૂબ જ અગત્યનો હતો કારણકે તે ઘણાં દેશોની સરહદને સ્પર્શતો હતો.

આ સમુદ્રને કિનારે આવેલા શહેરો તથા લોકો ખૂબ જ સમૃદ્ધ હતા કારણકે વહાણો દ્વારા બીજા દેશોનો સામાન મેળવવો ખૂબ જ સરળ હતું.

- મહા સમુદ્ર ઇઝરાયલની પશ્ચિમે આવેલો હતો તે કારણે ઘણી વાર તેનો ઉલ્લેખ "પશ્ચિમના સમુદ્ર" તરીકે કરવામાં આવતો હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: ઇઝરાયલ, લોકજાતિ, સમૃદ્ધ થવું)

## બાઇબલના સંદર્ભો:

- હઝકિયેલ 47:15-17
- હઝકિયેલ 47:18-20
- યહોશુઆ 15:3-4
- ગણના 13:27-29

## શબ્દ માહિતી:

- Strong's: H314, H1419, H3220

# સાદોક

## તથ્યો:

રાજા દાઉદના શાસનકાળ દરમિયાન ઇઝરાયલમાં એક મહત્વપૂર્ણ મુખ્ય યાજકનું નામ સાદોક હતું.

- જ્યારે આબ્શાલોમે રાજા દાઉદ સામે બળવો કર્યો ત્યારે, સાદોકે દાઉદને ટેકો આપ્યો અને કરારકોશને યરૂશાલેમમાં પાછો લાવવા મદદ કરી.
- વર્ષો પછી, તેમણે દાઉદના દીકરા સુલેમાનને રાજા તરીકે અભિષિક્ત કરવા માટે સમારંભમાં ભાગ લીધો.
- સાદોક નામના બે જુદા જુદા પુરુષોએ નહેમ્યાહના સમય દરમિયાન યરૂશાલેમની દિવાલોને ફરીથી બાંધવામાં સહાય કરી.
- સાદોક રાજા યોથામના દાદાનું નામ પણ હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: કરારકોશ, દાઉદ, યોથામ, નહેમ્યાહ, શાસન, સુલેમાન)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 24:1-3
- 1રાજાઓ 1:26-27
- 2 શમુએલ 15:24-26
- માથ્થી 1:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H6659, G4524

# સાન્હેરીબ

## તથ્યો:

સાન્હેરીબ આશ્શૂરનો શક્તિશાળી રાજા હતો કે જેણે નિનવેહને ધનવાન, મહત્વનું શહેર બનાવ્યું હતું.

- સાન્હેરીબ રાજા બેબિલોન અને યહુદિયાના રાજ્યો પર તેના યુદ્ધો માટે જાણીતો હતો.
- તે ઘણો ઘમંડી રાજા હતો અને યહોવાની ઠેકડી ઉડાવતો હતો.
- સાન્હેરીબે હિઝ્કિયા રાજાના સમય દરમિયાન યરૂશાલેમ પર હુમલો કર્યો હતો.
- યહોવાએ સાન્હેરીબના લશ્કરનો નાશ કર્યો.
- જુના કરારના પુસ્તકો રાજાઓ અને કાળુવૃતાંતો સાન્હેરીબના શાસનના કેટલાંક પ્રસંગો નોંધે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: આશ્શૂર, બેબિલોન, હિઝ્કિયા, યહૂદિયા, મશ્કરી કરવી, નિનવેહ)

## બાઈબલના સંદર્ભો:

- 2 કાળુવૃતાંત 32:1
- 2 કાળુવૃતાંત 32:16-17
- 2 રાજાઓ 18:13-15

## શબ્દ માહિતી:

# સામસૂન

## તથ્યો:

સામસૂન ઈઝરાયેલના ન્યાયાધીશોમાંનો એક, અથવા છોડાવનાર હતો. તે દાનના કુળનો હતો.

- ઈશ્વરે સામસૂનને મનુષ્યેત્તર શક્તિ આપી હતી, જેનો ઉપયોગ તે ઈઝરાયેલના દુશ્મનો પલિસ્તીઓની સામે લડવા કરતો હતો.
- સામસૂન કદી વાળ ન કાપવા અને કદી દારૂ અથવા દ્રાક્ષારસ ન પીવું એ કરાર હેઠળ હતો.

જ્યાં સુધી તેણે આ કરાર પાળ્યો, ત્યાં સુધી ઈશ્વરે તેને શક્તિ આપવાનું જારી રાખ્યું.

- આખરે તેણે પોતાનો કરાર તોડ્યો અને પોતાના વાળ કાપવાની પરવાનગી આપી, જેથી પલિસ્તીઓ તેને પકડવા શક્તિમાન થયાં.
- જ્યારે સામસૂન કેદમાં હતો, ત્યારે ઈશ્વરે તેને ફરી શક્તિ મેળવવા શક્તિમાન કર્યો અને તેને તક આપી કે તે જુઠ્ઠા દેવ દાગોનના મંદીરનો ઘણાં પલિસ્તીઓની સાથે નાશ કરે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: છોડાવવું, પલિસ્તીઓ, ઈઝરાયેલના બાર કુળ)

## બાઈબલના સંદર્ભો:

- હિબ્રુઓ 11:32-34
- ન્યાયાધીશો 13:24-25
- ન્યાયાધીશો 16:1-2
- ન્યાયાધીશો 16:30-31

## શબ્દ માહિતી:

- Strong's: H8123, G4546

# સારા, સારાય

## તથ્યો:

- સારા ઈબ્રાહિમની પત્ની હતી.
- મૂળ રીતે તેણીનું નામ “સારાય” હતું પરંતુ ઈશ્વરે તે બદલીને “સારા” કર્યું.
- સારાએ ઈસહાકને જન્મ આપ્યો, દીકરો કે જેનું વચન ઈશ્વરે ઈબ્રાહિમ અને તેણીને આપ્યું હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, ઈસહાક)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પતિ 11:29-30
- ઉત્પતિ 11:31-32
- ઉત્પતિ 17:15-16
- ઉત્પતિ 25:9-11

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **5:1** “તેથી ઈબ્રાહિમની પત્ની, **સારાયે**, તેને કહ્યું, “ઈશ્વરે મને બાળકો થાય એ માટે હજુ પરવાનગી આપી નથી અને બાળકોને પ્રાપ્ત કરવાં હવે હું ખુબ વૃદ્ધ થઈ છું, અહિયાં મારી દાસી છે, હાગાર.

તેણી સાથે લગ્ન પણ કર કે જેથી તેણીને મારે માટે બાળક થાય.”

- **5:4** "'તારી પત્ની, **સારા**, દીકરો થશે—તે વચનનો દીકરો થશે.'"
- **5:4** "ઈશ્વરે **સારાયનું** નામ પણ બદલી નાંખ્યું **સારા કરીને**, જેનો અર્થ "રાજકુમારી" થાય છે.
- **5:5** "આશરે એક વરસ પછી, જ્યારે ઈબ્રાહિમ 100 વર્ષનો હતો અને **સારા** 90 વર્ષની હતી, **ત્યારે સારાએ** ઈબ્રાહિમના દીકરાને જન્મ આપ્યો.

જેમ ઈશ્વરે તેઓને કહ્યું હતું તેમ તેઓએ તેનું નામ ઈસહાક પાળ્યું."

## શબ્દ માહિતી:

- Strong's: H8283, H8297, G4564

# સિદકિયા

## તથ્યો:

યોશિયાના પુત્ર સિદકિયા, યહૂદિયાના છેલ્લા રાજા હતા (597-587 બી.સી.).

જૂના કરારમાં સિદકિયા નામના ઘણા અન્ય પુરુષો પણ છે.

- રાજા નેબુખાદનેસ્સારે રાજા યહોયાખીનને કબજે કરીને અને તેને બાબેલ લઇ ગયા બાદ સિદકિયાને યહૂદિયાના રાજા બનાવ્યો હતો.

ત્યારબાદ સિદકિયાએ બળવો કર્યો અને પરિણામે નબૂખાદનેસ્સાર તેને કબજે કરાવ્યો અને યરૂશાલેમના બધાનો નાશ કર્યો.

- ઇઝરાયલના રાજા આહાબના સમય દરમિયાન, કેનાનાહના પુત્ર સિદકિયા જૂઠા પ્રબોધક હતા.
- સિદકિયા નામવાળા એક માણસ જેઓ નહેમ્યાના સમય દરમિયાન ઈશ્વર માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા પૈકીના એક હતા.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ:આહાબ,યહુદાહ, નબૂખાદનેસ્સાર,બાબેલ, હઝકીએલ, ઈસ્રાએલનું રાજ્ય,યહોયાખીન,યિર્મેયાહ, યોશીયાહ, નહેમ્યાહ)

## બાઇબલ સંદર્ભો

- 1 કાળવૃતાંત 3:15-16
- યર્મિયા 37:1-2
- યર્મિયા 39:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H6667

# સિદોન, સિદોનીઓ

## તથ્યો:

સિદોન કનાનનો મોટો દીકરો હતો. ત્યાં એક કનાની શહેર સિદોન નામનું પણ હતું, કદાચ તેનું નામ કનાનના દીકરા પરથી પાડવામાં આવ્યું હોય.

- સિદોન શહેર ભૂમધ્ય સમુદ્રના કિનારે ઇઝરાયલના ઉત્તરપશ્ચિમમાં એક પ્રદેશમાં આવેલું હતું જે હાલના લબાનોનના દેશનો ભાગ છે.
- "સિદોનીઓ" એક ફિનીકિયા લોકોનો સમૂહ હતો, જે પ્રાચીન સિદોન અને તેની આસપાસના પ્રદેશમાં રહેતા હતા.
- બાઈબલમાં, સિદોન બહુ જ નજીકથી તૂર શહેર સાથે સંકળાયેલું હતું, અને બંને શહેરો તેમની સંપત્તિ અને તેમના લોકોના અનૈતિક વર્તનને કારણે ઓળખાતું હતું.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: કનાન, નૂહ, ફિનીકિયા, સમુદ્ર, તૂર)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 12:20-21
- પ્રેરિતોના કૃત્યો 27:3-6
- ઉત્પતિ 10:15-18
- ઉત્પતિ 10:19-20
- માર્ક 3:7-8
- માથ્થી 11:20-22
- માથ્થી 15:21-23

## શબ્દ માહિતી:

- Strong's: H6721, H6722, G4605, G4606

# સિનાઈ, સિનાઈ પર્વત

## તથ્યો:

સિનાઈ પર્વત એક પહાડ છે તે કદાચ હાલના સિનાઈ દ્વીપકલ્પના દક્ષિણ ભાગે સ્થિત છે. તેને "હોરેબ પર્વત" તરીકે પણ ઓળખવામાં આવતો હતો.

- સિનાઈ પર્વત મોટા, પથરાળ રણનો એક ભાગ છે.
- ઈઝરાયેલીઓ જ્યારે ઈજીપ્તથી વચનના દેશ ભણી મુસાફરી કરતાં હતા ત્યારે તેઓ સિનાઈ પર્વત પર આવ્યા.
- ઈશ્વરે મુસાને સિનાઈ પર્વત પર દસ આજ્ઞાઓ આપી હતી.

(આ પણ જુઓ: રણ, ઈજીપ્ત, હોરેબ, વચનનો દેશ, દસ આજ્ઞાઓ)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:29-30
- નિર્ગમન 16:1-3
- ગલાતીઓ 4:24-25
- લેવીય 27:34
- ગણના 1:17-19

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **13:1** ઈશ્વર ઈઝરાયેલીઓને લાલ સમુદ્રમાંથી દોર્ય બાદ, તેઓ તેમને વેરાન ઉજ્જડ પ્રદેશથી દોરી લઇ ગયા પર્વત **સિનાઈ પર**.
- **13:3** ત્રણ દિવસ બાદ, લોકોએ જ્યારે પોતાને આત્મિક રીતે તૈયાર કર્યા પછી, ઈશ્વર નીચે ઉતર્યા ટોચ પર **સિનાઈ પર્વત પર** મેઘગર્જના, વીજળી, ધુમાડા, અને મોટા રણશિંગડાના અવાજ સાથે.
- **13:11** ઘણાં દિવસો સુધી, મુસા ટોચ પર હતો **સિનાઈ પર્વત પર** ઈશ્વર સાથે વાતચીત કરતો હતો.
- **15:13** પછી યહોશુઆએ લોકોને ઈશ્વરે જે કરાર ઈઝરાયેલીઓ સાથે **સિનાઈ પર્વત પર** કર્યો હતો તેને આધીન થવા તેમની જવાબદારી વિષે યાદ અપાવ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H2022, H5514, G3735, G4614

# સિમોન ઝલોતસ

## તથ્યો:

સિમોન ઝલોતસ એ ઈસુના બારમાનો એક શિષ્ય હતો.

- ઈસુની શિષ્યોની યાદીમાં સિમોનનો ત્રણ વાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે, પરંતુ બહુ ઓછા તેના વિષે જાણતા હશે.
- ઈસુને સ્વર્ગમાં લઇ લેવામાં આવ્યા બાદ સિમોન એ અગિયારમાનો એક હતો જે યરૂશાલેમમા પ્રાર્થના કરવા ભેગા મળતો હતો.
- "ઝલોત" શબ્દનો અર્થ સિમોન એ "ઝલોતસ" નો સભ્ય હતો, યહૂદી ધાર્મિક પક્ષ જે મુસાના નિયમને જાળવવા ખુબ ઉત્સાહી જ્યારે રોમન સરકારનો ખુબ વિરોધ કરતાં હતા.
- અથવા, "ઝલોત" નો સામાન્ય અર્થ "ઉત્સાહી વ્યક્તિ," જે સિમોનના ધાર્મિક ઉત્સાહનો ઉલ્લેખ કરે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: પ્રેરિત, શિષ્ય, બાર)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 1:12-14
- લૂક 6:14-16
- માર્ક 3:17-19

## શબ્દ માહિતી:

- Strong's: G2208, G2581, G4613

# સિલાસ, સિલ્વાનુસ

## તથ્યો:

સિલાસ યરૂશાલેમમાં વિશ્વાસીઓ મધ્યેનો આગેવાન હતો.

- યરૂશાલેમના મંડળીના વડીલોએ અંત્યોખ શહેરમા પત્ર લઈ સિલાસને પાઉલ તથા બાર્નાબાસ સાથે જવા માટે નિમ્યો હતો.
- સિલાસે પછીથી લોકોને ઈસુ વિષે શીખવવા માટે પાઉલ સાથે બીજા શહેરોની મુસાફરી કરી.
- ફિલિપ્પી શહેરમાં પાઉલ અને સિલાસને કેદખાનામાં નાંખવામાં આવ્યાં હતા.

જ્યારે તેઓ ત્યાં હતા ત્યારે તેઓ ઈશ્વરની સ્તુતિ કરતાં હતા અને ઈશ્વરે તેઓને કેદખાનામાંથી છોડાવ્યા હતાં. તેઓની સાક્ષીના પરિણામે દરોગો ખ્રિસ્તી વ્યક્તિ બન્યો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: અંત્યોખ, બાર્નાબાસ, યરૂશાલેમ, પાઉલ, ફિલિપ્પી, જેલ, સાક્ષી)

## બાઈબલના સંદર્ભો:

- 1 પિતર 5:12-14
- 1 થેસ્સલોનિકીઓ 1:1
- 2 થેસ્સલોનિકીઓ 1:1-2
- પ્રેરિતોના કૃત્યો 15:22-23

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **47:1** એક દિવસ, પાઉલ અને તેનો મિત્ર **સિલાસ** ઈસુ વિશેનો શુભ સંદેશ પ્રગટ કરવાને માટે ફિલિપ્પી શહેરમાં ગયા.
- **47:2** તેણી (લૂદિયા)એ આમંત્રણ આપ્યું પાઉલ અને **સિલાસને** તેના ઘરમાં રહેવાને માટે, તેથી તેઓ તેણી અને તેણીના કુટુંબ સાથે રહ્યા.
- **47:3** પાઉલ અને **સિલાસ** વારંવાર લોકો સાથે પ્રાર્થનાના સ્થળે મળતા હતા.
- **47:7** તેથી ગુલામ છોકરીનો માલિક પાઉલ અને **સિલાસને** રોમન અધિકારી પાસે લઇ ગયો, જેઓએ તેમને માર્યા અને તેમને કેદખાનામાં નાંખી દીધા.,
- **47:8** તેઓએ મુક્યા પાઉલ અને **સિલાસને** કેદખાનાના અતિ સુરક્ષિત ભાગમાં અને તેઓના પગ પણ બંધી દીધા.
- **47:11** દરોગો ધ્રુજ્યો જ્યારે તે પાસે આવ્યો પાઉલ અને **સિલાસની** અને પૂછ્યું કે, “તારણ પામવા માટે મારે શું કરવું જોઈએ?”
- **47:13** બીજા દિવસે શહેરના આગેવાનોએ છોડી મુક્યા પાઉલ અને **સિલાસને** કેદખાનામાંથી અને તેઓને ફિલિપ્પી છોડી ચાલ્યા જવા કહ્યું.

પાઉલ અને **સિલાસ** લૂદિયા અને બીજા મિત્રોને મળ્યા અને પછી શહેરને છોડ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: G4609, G4610

# સીરિયા

## તથ્યો:

સીરિયા ઇસ્રાએલના ઉત્તરપૂર્વમાં આવેલો એક દેશ છે. નવાકરારના સમય દરમિયાન,તે રોમન સામ્રાજ્યના શાસન હેઠળનો એક પ્રાંત હતો.

- જૂનાકરારના સમયગાળામાં, અરામીઓ ઇસ્રાએલીઓના સખત દુશ્મનો હતા.
- નામાન અરામના સૈન્યનો સેનાપતિ હતો કે જેનો એલિશા પ્રબોધકે કોઢ મટાડયો હતો.
- સીરિયાના ઘણા રહેવાસીઓ અરામના વંશજો છે, જેઓ નૂહના પુત્ર શેમથી ઉતરી આવ્યા હતા.
- સીરિયાની રાજધાની દમસ્કનો ઉલ્લેખ બાઇબલમાં ઘણી વખત થયો હતો॰
- શાઉલ દમસ્ક શહેરમાં ખ્રિસ્તીઓને સતાવવાની યોજના સાથે ગયો, પરંતુ ઈસુએ તેને રોક્યો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: અરામ, સેનાપતિ, દમસ્ક, વંશજ, એલિશા, રક્તપિત્ત, નામાન, સતાવણી, પ્રબોધક)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 15:22-23
- પ્રેરિતોનાં કૃત્યો 15:39-41
- પ્રેરિતોનાં કૃત્યો 20:1-3
- ગલાતીઓ 1: 21-24
- માથ્થી 4:23-25

## શબ્દ માહિતી:

- Strong's: H130, H726, H758, H761, H762, H804, H1834, H4601, H7421, G4947, G4948

# સુકકોથ

## વ્યાખ્યા:

સુકકોથ નામ જૂના કરારના બે શહેરોનું નામ હતું. “સુકકોથ” શબ્દનો અર્થ “ માંડવા” થાય છે.

- પ્રથમ સુકકોથ શહેર યર્દન નદીના પૂર્વ બાજુએ આવેલું હતું.
- યાકુબ સુકકોથમાં આવ્યો ને તેના માટે ઘર બાંધ્યું, ને તેનાં ઢોર માટે માંડવા બનાવ્યા.
- સહસ્ત્ર વર્ષો બાદ, ગિદિયોન અને તેના થાકેલા માણસો મિદ્યાનીઓ પાછળ પડ્યા હતા ત્યારે તેઓ સુકકોથમાં થોભ્યા હતા, પરંતુ તે લોકોએ તેઓને કોઈપણ ખોરાક આપવાની મનાઈ કરી હતી.
- બીજું સુકકોથ મિસરની ઉત્તર સરહદે આવેલું હતું અને જ્યારે ઇસ્રાએલીઓ મિસરની ગુલામગીરીમાંથી છૂટીને લાલ સમુદ્ર પાર કર્યા બાદ થોભ્યા હતા તે સ્થળ હતું.

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 7:46-47
- નિર્ગમન 12: 37-40
- યહોશુઆ 13:27-28
- ન્યાયાધીશો 8:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H5523, H5524

# સુલેમાન

## તથ્યો:

સુલેમાન દાઉદ રાજાના દીકરાઓમાનો એક દીકરો હતો. તેની માતા બાથશેબા હતી.

- જ્યારે સુલેમાન રાજા બન્યો ત્યારે, ઈશ્વરે તેને જે જોઈએ તે માંગવા કહ્યું.

તેથી સુલેમાને લોકો પર ન્યાયી અને સારી રીતે રાજ કરવા ડહાપણ માંગ્યું. ઈશ્વર સુલેમાનની માંગણીથી ખુશ થયા અને તેને ડહાપણ અને ઘણી સંપત્તિ બંને આપ્યા.

- સુલેમાન યરૂશાલેમમાં ભવ્ય મંદિર બંધાયાને લીધે પણ ઘણો પ્રખ્યાત હતો.
- જો કે સુલેમાને પોતાના રાજ્યકાળના પ્રથમ વર્ષો દરમિયાન સારી રીતે રાજ કર્યું, પછીથી તેણે મુર્ખામી રીતે ઘણી વિદેશી સ્ત્રીઓ સાથે લગ્નો કર્યા અને તેણીઓના દેવોનું ભજન કરવાનું શરૂ કર્યું.
- સુલેમાંનના અવિશ્વાસુપણાને કારણે, તેના મરણ પછી ઈશ્વરે ઈઝરાયેલીઓને બે રાજ્યોમાં ઈઝરાયેલ અને યહુદીયામાં વહેંચી દીધા.

આ રાજ્યો અવારનવાર એકબીજા વિરુદ્ધ લડતાં હતાં.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: બાથશેબા, દાઉદ, ઈઝરાયેલ, યહુદિયા, ઇઝરાયેલનું રાજ્ય, મંદિર)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:47-50
- લૂક 12:27-28
- માથ્થી 1:7-8
- માથ્થી 6:27-29
- માથ્થી 12:42

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **17:14** પછી, દાઉદ અને બાથશેબાને બીજો દીકરો થયો, અને તેઓએ તેનું નામ **સુલેમાન પાડ્યું**.
- **18:1** ઘણાં વર્ષો પછી, દાઉદ મરણ પામ્યો, અને તેના દીકરા **સુલેમાને** રાજ કરવાનું શરૂ કર્યું.

ઈશ્વર બોલ્યા **સુલેમાન સાથે** અને તેને પૂછ્યું કે તેને વધારે શું જોઈએ છે. જ્યાત્રે **સુલેમાને** ડહાપણ માંગ્યું, ત્યારે ઈશ્વર ખુશ થયા અને તેને દુનિયાનો જ્ઞાની માણસ બનાવ્યો. **સુલેમાન** ઘણું શીખ્યો અને જ્ઞાની ન્યાયાધીશ હતો. ઈશ્વરે તેને ઘણો ધનવાન પણ બનાવ્યો.

- **18:2** યારૂશાલેમમાં, **સુલેમાને** મંદિર બંધાવ્યું કે જેણે માટે તેના પિતા દાઉદે આયોજન કર્યું હતું અને સામગ્રીઓ ભેગી કરી હતી.
- **18:3** પરંતુ **સુલેમાને** બીજા દેશોની સ્ત્રીઓ પર પ્રીતિ કરી. ...

જ્યારે **સુલેમાન** વૃદ્ધ થયો, ત્યારે તેણે તેમના દેવોની પણ પૂજા કરી.

- **18:4** ઈશ્વર કોપાયમાન થયા **સુલેમાન પર** અને, શિક્ષા તરીકે **સુલેમાનના** અવિશ્વાસુપણાને માટે, તેમણે ઈઝરાયેલ રાષ્ટ્રના બે રાજ્યોમાં ભાગ કરવાનું વચન આપ્યું **સુલેમાંનના** મરણ પછી.

## શબ્દ માહિતી:

- Strong's: H8010, G4672

# સૈપ્રસ

## સત્યો:

સૈપ્રસ એ ભૂમધ્ય સમુદ્રમાંનો એક ટાપુ છે, જે આધુનિક સમયના દક્ષિણ તુર્કસ્તાન દેશના લગભગ 64 કિલોમીટર દૂર આવેલું છે.

- બાર્નાબાસ સૈપ્રસનો હતો જેથી તે સંભવિત છે કે તેનો પિતરાઈ ભાઈ યોહાન માર્ક પણ ત્યાંનો જ હતો
- પાઉલે અને બાર્નાબાસે તેઓની શરૂઆતની પ્રથમ મિશનરી મુસાફરીમાં સૈપ્રસના ટાપુ ઉપર એક સાથે પ્રચાર કર્યો.

યોહાન માર્ક પણ તે સફર દરમ્યાન તેઓને મદદ કરવા સાથે આવ્યો.

- પછીથી, બાર્નાબાસ અને માર્કે ફરીથી સૈપ્રસની મુલાકાત લીધી.
- જૂના કરારમાં, સૈપ્રસનો ઉલ્લેખ જૈત વૃક્ષોના સમૃદ્ધ સ્ત્રોત તરીકે કરવામાં આવ્યો છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાર્નાબાસ, યોહાન માર્ક, સમુદ્ર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 4:36-37
- પ્રેરિતો 13:4-5
- પ્રેરિતો 15:39-41
- પ્રેરિતો 27:3-6
- હઝકિયેલ 27:6-7
- યશાયા 23:10-12

## શબ્દ માહિતી:

- Strong's: G2953, G2954

# સોઆર

## તથ્યો:

સોઆર નાનું શહેર હતું જ્યાં લોત જ્યારે ઈશ્વરે સદોમ અને ગમોરાહનો નાશ કર્યો ત્યારે નાસી ગયો.

- પહેલાં તે "બેલા" તરીકે ઓળખાતું હતું પરંતુ લોતે આ "નાના" શહેરને છોડી દેવા માટે ઈશ્વરને પૂછ્યું ત્યારે તેનું નામ બદલીને " સોઆર " રાખવામાં આવ્યું હતું.
- સોઆર યર્દન નદીના મેદાનમાં અથવા મૃત સમુદ્રના દક્ષિણને અંતે આવ્યું હોય તેવું માનવામાં આવે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: લોત, સદોમ, ગમોરાહ)

## બાઇબલ સંદર્ભો

- પુનર્નિયમ 34:1-3
- ઉત્પત્તિ 13:10-11
- ઉત્પત્તિ 14:1-2
- ઉત્પત્તિ 19:21-22
- ઉત્પત્તિ 19:23-25

## શબ્દ માહિતી:

- Strong's: H6820

# સ્તેફન

## તથ્યો:

સ્તેફનને પ્રથમ ખ્રિસ્તી શહીદ વ્યક્તિ તરીકે મોટે ભાગે યાદ કરવામાં આવે છે, કે જે, પ્રથમ વ્યક્તિ જેના ઈસુમાં વિશ્વાસને કારણે મારી નાંખવામાં આવ્યો. તેના મરણ અને જીવનના વિશેના તથ્યો પ્રેરિતોના પુસ્તકમાં નોંધવામાં આવ્યા છે.

- યરૂશાલેમની પ્રથમની મંડળી દ્વારા સ્તેફનને વિધવાઓ અને બીજા ખ્રિસ્તી લોકો કે જેઓ જરૂરિયાતમંદ હતા તેઓને ખોરાક પૂરો પાડવા દ્વારા ખ્રિસ્તી લોકોની સેવા કરવા સારું ડિકન તરીકે નીમવામાં આવ્યો હતો.
- ચોક્કસ યહુદીઓએ સ્તેફન પર ખોટો આરોપ મુક્યો કે તે ઈશ્વરની વિરુદ્ધ અને મુસાના નિયમોની વિરુદ્ધ બોલે છે.
- સ્તેફન ઈસુ મસીહા વિષે હિંમતપૂર્વક સત્ય બોલ્યો, ઈશ્વરના ઈઝરાયેલ સાથેના વ્યવહારના ઈતિહાસથી શરૂ કરીને.
- યહૂદી આગેવાનો ક્રોધાયમાન થયા અને શહેરની બહાર લઇ જઈને પથ્થરે મારીને મારી નાંખ્યો.
- તાર્સસનો શાઉલ કે જે પછી પાઉલપ્રેરિત બન્યો તે સ્તેફનના મરણનો સાક્ષી હતો.
- સ્તેફન મરણ પામ્યો તે પહેલાના તેના છેલ્લા શબ્દો માટે પણ પ્રચલિત છે, "પ્રભુ, મહેરબાની કરીને આ પાપ તેમની વિરુદ્ધ ગણતા નહિ," જે તેનો બીજાઓ માટેનો પ્રેમ બતાવે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: નિમવું, ડિકન, યરૂશાલેમ, પાઉલ, પથ્થર, સાચું)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 6:5-6
- પ્રેરિતોના કૃત્યો 6:8-9
- પ્રેરિતોના કૃત્યો 6:10-11
- પ્રેરિતોના કૃત્યો 6:12-15
- પ્રેરિતોના કૃત્યો 7:59-60
- પ્રેરિતોના કૃત્યો 11:19-21
- પ્રેરિતોના કૃત્યો 22:19-21

## શબ્દ માહિતી:

- Strong's: G4736

# હઝકિયેલ

## સત્યો:

જયારે બંદીવાસના સમય દરમ્યાન ઘણા યહૂદીઓને બાબિલમાં લઈ જવાયા હતા ત્યારે હઝકિયેલ દેવનો પ્રબોધક હતો.

- જયારે તે અને ઘણા યહૂદીઓને બાબિલના લશ્કર દ્વારા પકડી જવામાં આવ્યા હતા ત્યારે હઝકિયેલ યાજક યહૂદાના રાજ્યમાં રહેતો હતો.
- 20 વર્ષો માટે તે અને તેની પત્ની નદીની પાસે બાબિલમાં રહેતા હતા, અને દેવ તરફથી આવેલા સંદેશાઓ સાંભળવા યહૂદીઓ ત્યાં આવતા હતા.
- બીજી બાબતોમાં, હઝકિયેલે યરૂશાલેમ અને મંદિરના વિનાશ અને પુન:સ્થાપના વિશે ભવિષ્યવાણીઓ કરી.
- તેણે મસીહાના ભવિષ્યના રાજ્ય વિશે પણ ભવિષ્યવાણી કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાબિલોન, ખ્રિસ્ત, બંદીવાસ, પ્રબોધક)

## બાઈબલની કલમો:

- હઝકિયેલ 1:1-3
- હઝકિયેલ 24:22-24

## શબ્દ માહિતી:

- Strong's: H3168

# હનાન્યા

## સત્યો:

જૂના કરારમાં હનાન્યા નામના અનેક અલગઅલગ માણસો હતા.

- એક હનાન્યા બાબિલમાં ઈઝરાએલી કેદી હતો, જેનું નામ બદલીને "શાદ્રાખ" રાખવામાં આવ્યું હતું.
- તેના ઉત્તમ ચરિત્ર અને ક્ષમતાઓને કારણે તેને બાદશાહી સેવક તરીકેનો હોદ્દો આપવામાં આવ્યો હતો.
- એકવાર હનાન્યા (શાદ્રાખ) અને અન્ય બે ઈઝરાએલી માણસોને અગ્નિની ભઠ્ઠીમાં નાખવામાં આવ્યા હતા, કારણકે તેઓએ બાબિલના રાજાની પૂજા કરવાનો નકાર કર્યો.

તેઓને નુકસાન થવાથી બચાવીને દેવે તેની શક્તિ બતાવી.

- બીજો હનાન્યા નામનો માણસ સુલેમાન રાજાના વંશજની યાદીમાં આવતો હતો.
- યર્મિયા પ્રબોધકના સમય દરમ્યાન હનાન્યા નામનો એક જૂઠો પ્રબોધક હતો.
- બીજો એક હનાન્યા નામનો માણસ યાજક હતો, જેણે નહેમ્યાના સમય દરમ્યાન ઉજવણીની આગેવાનીમાં મદદ કરી.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: અઝાર્યા, બાબિલ, દાનિયેલ, જૂઠો પ્રબોધક, યર્મિયા, મીશાએલ)

## બાઈબલની કલમો:

- દાનિયેલ 1:6-7
- દાનિયેલ 2:17-18
- યર્મિયા 28:1-2
- યર્મિયા 28:5-7
- યર્મિયા 28:15-17

## શબ્દ માહિતી:

- Strong's: H2608

# હનોખ

## સત્યો:

જૂના કરારમાં બે માણસોના નામ હનોખ હતા.

- એક હનોખ નામનો માણસ શેથથી ઉતરી આવેલો હતો.

તે નૂહનો વડદાદા હતો.

- આ હનોખને દેવ સાથે નજીકનો સંબંધ હતો અને જયારે તે 365 વર્ષનો વૃદ્ધ હતો, ત્યારે હજુ તો તે જીવિત હતો ત્યારે દેવે તેને સ્વર્ગમાં લઈ લીધો હતો.
- હનોખ નામનો બીજો માણસ કાઈનનો પુત્ર હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કાઈન, શેથ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:1-4
- ઉત્પત્તિ 5:18-20
- ઉત્પત્તિ 5:21-24
- યહૂદા 1:14-16
- લૂક 3:36-38

## શબ્દ માહિતી:

- Strong's: H2585, G1802

# હબાક્કુક

## સત્યો:

હબાક્કુક એક જૂના કરારનો પ્રબોધક હતો, જયારે યહોયાકીન રાજા યહૂદા ઉપર રાજ્ય કરતો હતો તે સમયગાળાની આસપાસ તે રહેતો હતો. યર્મિયા પ્રબોધક પણ આ સમયના અમુક ગાળા દરમ્યાન જીવતો હતો.

- જયારે બાબિલોનીઓ યરૂશાલેમ પર વિજય મેળવી યહૂદાના ઘણા લોકોને બંદીવાસમાં લઈ ગયા ત્યારે આ પ્રબોધકે હબાક્કુકનું પુસ્તક ઈસ. પૂર્વે. 600 લખ્યું.
- યહોવાએ હબાક્કુકને ભવિષ્યવાણી આપી કે કેવી રીતે "ખાલદીઓ (બાબિલોનીઓ) કેવી રીતે આવી અને યહૂદા ઉપર વિજય મેળવશે.
- હબાક્કુકનું એક સૌથી જાણીતું નિવેદન છે: "ન્યાયી વ્યક્તિ તેના વિશ્વાસથી જીવશે."

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: બાબિલોન, યહોયાકીમ, યર્મિયા)

## બાઈબલની કલમો:

- હબાક્કુક 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H2265

# હમાથ, હમાથીઓ, લિબો હમાથ

## સત્યો:

હમાથ સિરિયાની ઉત્તરમાં, કનાનની ભૂમિની ઉત્તરે આવેલું એક મહત્વનું શહેર હતું. હમાથીઓ એ નૂહના દીકરા કનાનના વંશજો હતા.

- કદાચ “લેબો હમાથ” નામ એ હમાથ શહેરની નજીકથી પસાર થતા પર્વતને દર્શાવે છે.
- કેટલીક આવૃત્તિઓ “લેબો હમાથ” નું ભાષાંતર “હમાથના પ્રવેશ” તરીકે કરે છે.
- દાઉદ રાજાએ હમાથના રાજા ટોઈના શત્રુઓનો હરાવ્યા, જેથી તેઓ સારી રીતે સુલેહમાં રહેવા લાગ્યા.
- હમાથ સુલેમાન રાજાના શહેરોમાંનું એક શહેર હતું કે જ્યાં ખાદ્યસામગ્રી રાખવામાં આવતી હતી.
- હમાથની ભૂમિ કે જ્યાં નબૂખાદનેસ્સાર રાજા દ્વારા સિદકિયા રાજાને મારી નાખવામાં આવ્યો હતો અને યહોઆહાઝ રાજાને મિસરી ફારુન દ્વારા પકડી લઈ જવામાં આવ્યો હતો.
- “હમાથી” શબ્દનું ભાષાંતર, “વ્યક્તિ કે જે હમાથથી છે,” એમ પણ કરી શકાય છે.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: બાબિલ, કનાન, નબૂખાદનેસ્સાર, સિરિયા, સિદકિયા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 18:3-4
- 2 શમુએલ 8:9-10
- આમોસ 6:1-2
- હઝકિયેલ 47:15-17

## શબ્દ માહિતી:

- Strong's: H2574, H2577

# હમોર

## સત્યો:

જયારે યાકૂબ અને તેનું કુટુંબ સુક્કોથની નજીક રહેતા હતા ત્યારે હમોર એ શખેમના શહેરમાં રહેતો કનાની માણસ હતો. તે હિવ્વી હતો.

- યાકૂબે હમોરના દિકરાઓ પાસેથી કુટુંબ માટે કબ્રસ્થાન ખરીદ્યું.
- જયારે તેઓ ત્યાં હતા ત્યારે હમોરના દીકરા શખેમે યાકૂબની દીકરી દીનાહનો બળાત્કાર કર્યો.
- દીનાહના ભાઈઓ એ હમોરના કુટુંબ પર વેર લીધું અને શખેમ શહેરના બધાંજ માણસોને મારી નાંખ્યા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: કનાન, હિવ્વી, યાકૂબ, શખેમ, સુક્કોથ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:14-16
- ઉત્પત્તિ 34:1-3
- ઉત્પત્તિ 34:20-21
- યહોશુઆ 24:32-33
- ન્યાયાધીશો 9:28-29

## શબ્દ માહિતી:

- Strong's: H2544

# હવા

## સત્યો:

આ પ્રથમ સ્ત્રીનું નામ હતું. તેણીના નામનો અર્થ “જીવન” અથવા “સજીવ” થાય છે.

- દેવે પાંસળીમાંથી (શરીરના ભાગમાંથી) હવાની રચના કરી કે જે તેણે આદમમાંથી લીધી હતી.
- હવાને આદમની સહાયકારી થવા માટે બનાવવામાં આવી હતી.
- દેવે જે કામ તેઓને કરવા આપ્યું હતું તેમાં આદમને સહાય કરવા માટે તેણી તેની સાથે આવી.
- હવા શેતાન (સાપના રૂપમાં) દ્વારા લલચાઈ હતી અને દેવે જે ફળ ખાવાની મના કરી હતી તે ખાવા દ્વારા તેણીએ પ્રથમ પાપ કર્યું હતું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આદમ, જીવન, શેતાન)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 2:13-15
- 2 કરિંથી 11:3-4
- ઉત્પત્તિ 3:20-21
- ઉત્પત્તિ 4:1-2

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **1:13**પછી દેવે આદમની પાંસળીઓમાંથી (ભાગમાંથી) એક લીધી અને તેમાંથી સ્ત્રી બનાવી અને તેણીને તેની પાસે લાવ્યો.
- **2:2**પણ બાગમાં ત્યાં સાપ લુચ્ચો હતો.

તેણે સ્ત્રીને પૂછ્યું, શું ખરેખર દેવે તને કહ્યું છે, વાડીમાંના કોઇપણ વૃક્ષોના ફળમાંથી ખાવું નહીં?

- **2:11**માણસે તેની પત્નીનું નામ હવા રાખ્યું, જેનો અર્થ “જીવન આપનાર,” કારણકે તે બધાંજ લોકોની માતા બનવાની હતી.
- **21:1**દેવે વચન આપ્યું કે હવાના જે વંશજો જન્મ લેશે કે જેઓ સાપનું માથું છૂંદશે.
- **48:2** વાડીમાં હવાને છેતરવા માટે શેતાન સાપ દ્વારા બોલ્યો.
- **49:8**જયારે આદમ અને હવા એ પાપ કર્યું, તેની તેઓના બધાજ વંશજો પર અસર થઈ..
- **50:16** કારણકે આદમ અને હવા એ દેવની આજ્ઞાનો ભંગ કર્યો અને આ જગતમાં પાપ લાવ્યાં, દેવે શાપ દીધો અને તેનો નાશ કરવાનું નક્કી કર્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H2332, G2096

# હાગાર

## સત્યો:

હાગારએ એક મિસરી સ્ત્રી હતી કે જે સારાયની વ્યક્તિગત દાસી હતી.

- જયારે સારાય બાળકોને જન્મ આપવા સક્ષમ નહોતી, ત્યારે તેણીએ હાગારને તેના પતિ ઈબ્રામને તેના થકી બાળક કરવા આપી.
- હાગાર ગર્ભવતી થઈ અને ઈબ્રામના પુત્ર ઈશ્માએલને જન્મ આપ્યો.

જયારે તે અરણ્યમાં તકલીફમાં હતી ત્યારે દેવે તેની પર દૃષ્ટિ કરી અને તેના વંશજોને આશીર્વાદ આપવાનું વચન આપ્યું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, વંશજ, ઈશ્માએલ, સારાહ, નોકર)

## બાઈબલની કલમો:

- ગલાતી 4:24-25
- ઉત્પત્તિ 16:1-4
- ઉત્પત્તિ 21:8-9
- ઉત્પત્તિ 25:12

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **5:1** જેથી ઈબ્રામની પત્ની, સારાયએ, તેને કહ્યું, દેવે મને બાળકો જણવાથી અટકાવી છે અને હવે હું બાળકો કરવા માટે ખૂબ વૃદ્ધ છે, અહીં મારી દાસી **હાગાર** છે. તેની સાથે પણ લગ્ન કર જેથી તેણી મારા માટે બાળક કરે."
- **5:2 હાગાર** ને પુત્ર થયો, અને ઈબ્રામે તેનું નામ ઈશ્માએલ રાખ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H1904

# હાગ્ગાય

## સત્યો:

જયારે બાબિલના બંદીવાસમાંથી યહૂદીઓ પોતાના ઘેર પાછા આવ્યા, ત્યારે હાગ્ગાય પ્રબોધક યહૂદામાં હતો.

- જે સમય દરમ્યાન યહૂદા ઉપર ઉઝિઝયા રાજા રાજ્ય કરતો હતો, તે સમયે હાગ્ગાય પ્રબોધ કરતો હતો.
- આ સમયગાળા દરમ્યાન ઝખાર્યા પ્રબોધક પણ પ્રબોધ કરતો હતો.
- હાગ્ગાય અને ઝખાર્યાએ યહૂદીઓને ફરીથી મંદિર બાંધવા પ્રેરણાઆપી, કે જેનો નબૂખાદનેસ્સાર રાજાની હેઠળ બાબિલોનીઓ દ્વારા નાશ કરાયો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ : બાબિલ, યહૂદા, નબૂખાદનેસ્સાર, ઉઝિઝયા, ઝખાર્યા)

## બાઈબલની કલમો:

- એઝરા 5:1-2
- એઝરા 6:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H2292

# હાબેલ

## સત્યો:

હાબેલ આદમ અને હવાનો બીજો પુત્ર હતો . તે કાઈનનો નાનો ભાઈ હતો.

- હાબેલ ઘેટાપાળક હતો.
- હાબેલે તેના થોડા પશુઓ દેવને બલિદાન તરીકે અર્પણ કર્યા.
- દેવ હાબેલ અને તેના અર્પણથી ખુશ હતો.
- હાબેલનું ખૂન આદમ અને હવાના પ્રથમ પુત્ર કાઈને કર્યું.

(ભાષાંતર માટેના સૂચનો: નામોનું ભાષાંતર કેવીરીતે કરવું)

(જુઓ: કાઈન, બલિદાન, ઘેટાપાળક)

## બાઈબલની કલમો:

- ઉત્પતિ 4:1-2
- ઉત્પતિ 4:8-9
- હિબ્રૂ 12:22-24
- લૂક 11:49-51
- માત્થી 23:34-36

## શબ્દ માહિતી:

- Strong's: H01893, G6

# હામ

## સત્યો:

હામ એ નૂહના ત્રણ દીકરાઓમાંનો બીજો હતો.

- વિશ્વભરમાં પૂર દરમ્યાન કે જેણે સમગ્ર પૃથ્વીને ઢાંકી દીધી હતી, ત્યારે હામ અને તેના ભાઈઓ તેઓની પત્નીઓ સહિત નૂહની સાથે વહાણમાં હતાં.
- પૂર પછી, ત્યાં એક પ્રસંગ હતો, જ્યાં હામે તેના પિતા નૂહનું ખૂબ અપમાન કર્યું.

પરિણામે, નૂહે હામના દીકરા કનાન અને તેના બધા વંશજોને શ્રાપ દીધો, કે છેવટે જેઓ કનાનીઓ તરીકે ઓળખાયા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: વહાણ, કનાન, અપમાન, નૂહ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 5:32
- ઉત્પત્તિ 6:9-10
- ઉત્પત્તિ 7:13-14
- ઉત્પત્તિ 10:1
- ઉત્પત્તિ 10:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H2526

# હારાન

## સત્યો:

હારાન એ ઈબ્રામનો નાનો ભાઈ અને લોતનો પિતા હતો.

- હારાન એ શહેરનું નામ પણ હતું, જ્યાં ઈબ્રામ અને તેનું કુટુંબ ઉર શહેરથી કનાનની ભૂમિમાં જવાની તેઓની મુસાફરીમાં થોડા સમય માટે ત્યાં રહ્યા હતા.
- હારાન નામનો અન્ય માણસ તે કાલેબનો દીકરો હતો.
- બાઈબલમાં હારાન નામનો ત્રીજો માણસ લેવીનો વંશજ હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, કાલેબ, કનાન, લેવીઓ, લોત, તેરાહ, ઉર)

## બાઈબલની કલમો:

- 2 રાજા 19:12-13
- પ્રેરિતો 7:1-3
- ઉત્પત્તિ11:31-32
- ઉત્પત્તિ 27:43-45
- ઉત્પત્તિ 28:10-11
- ઉત્પત્તિ 29:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H2039

# હારુન

## સત્યો:

હારુન મુસાનો મોટો ભાઈ હતો. ઈશ્વરે હારુનને પસંદ કર્યો કે જેથી તે ઈઝરાએલના લોકોનો પ્રથમ યાજક બની શકે.

- હારુનને મુસાને મદદ કરી જેથી તે ફારુન રાજા સાથે વાત કરે અને તેના લોકોને જવા દે.
- અરણ્યમાંથી જ્યારે ઈઝરાએલીઓ પ્રવાસ કરી રહ્યા હતા, ત્યારે હારુને લોકોને સારું ભજવા મૂર્તિ બનાવીને પાપ કર્યું.
- ઈઝરાએલના લોકો માટે દેવે હારુન અને તેના વંશજોને સેવકો યાજકો તરીકે પણ નિયુક્ત કર્યા.

(ભાષાંતર માટેના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(તે પણ જુઓ: યાજક, મુસા, ઈઝરાએલ)

## બાઈબલ ની કલમો:

- 1કાળવૃતાંત 23:12-14
- પ્રેરિતોના કૃત્યો 7:38-40
- નિર્ગમન 28:1-3
- લૂક 1:5-7
- ગણના 16:44-46

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **9.15** દેવે મૂસા અને **હારુન** ને ચેતવણી આપી કે ફારુન હઠીલો બનશે.
- **10:5** ફારુને મૂસા અને **હારુન** ને બોલાવીને તેઓને કહ્યું કે જો તેઓ મરકી બંધ કરશે તો, ઈઝરાએલીઓને મિસરમાંથી છોડી શકશે.
- **13:9** યાજકો થવા માટે દેવે મૂસાના ભાઈ હારુન અને હારુનના વંશજોને પસંદ કર્યા.
- **13:11** જેથી તેઓએ (ઈઝરાએલીઓં) હારુનની પાસે સોનુ લાવ્યા અને તેને કહ્યું કે તેમાંથી તેમના માટે મૂર્તિ બનાવે!
- **14:7** તેઓ (ઈઝરાએલીઓ) મૂસા અને હારુનની સાથે ગુસ્સે થયા અને કહેવા લાગ્યા, "અરે, તમે અમને આવી ભયંકર જગ્યામાં કેમ લાવ્યા?

## શબ્દ માહિતી:

- Strong's: H175, G2

# હા’ન્ના”’

## સત્યો:

હન્ના શમુએલ પ્રબોધકની માતા હતી. તેણી એલ્કાનાહની બે પત્નીઓમાંની એક હતી

- હન્ના બાળકનો ગર્ભ ધારણ કરવા સક્ષમ નહોતી, જે તેણી માટે ભારે દુઃખ હતું.
- તેણે મંદિરમાં દેવ તેણીને દીકરો આપે તે માટે આતુરતાપૂર્વક પ્રાર્થના કરી, તેને દેવની સેવા માટે સમર્પિત કરવાનું વચન આપ્યું.
- દેવે તેની વિનંતી માન્ય કરી, અને જયારે મોટો થયો, ત્યારે તેણી તેને મંદિરમાં સેવા કરવા માટે લાવી.
- ત્યાર પછી, દેવે હાન્ના ને બીજા બાળકો પણ આપ્યા.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ગર્ભ, શમુએલ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 1:1-2
- 1 શમુએલ 2:1

## શબ્દ માહિતી:

- Strong's: H2584

# હિઝિક્યા

## વ્યાખ્યા:

હિઝિક્યા યહૂદાના રાજ્ય ઉપર 13મો રાજા હતો. તે એક એવો રાજા હતો કે જે વિશ્વસનીય અને દેવની આજ્ઞાપાલન કરનારો હતો.

- તેનો પિતા આહાઝ તેનાથી વિપરીત હતો, કે જે એક દુષ્ટ રાજા હતો, હિઝિક્યા સારો રાજા હતો કે જેણે યહૂદામાં મૂર્તિપૂજાના સ્થળોનો નાશ કર્યો.
- એકવાર જયારે હિઝિક્યા ખૂબ જ માંદો થયો અને લગભગ મૃત્યુ પામ્યો, ત્યારે તેણે આતુરતાપૂર્વક પ્રાર્થના કરી કે દેવ તેને વધારે જીવન આપે.

દેવે તેને સાજો કર્યો, અને તેના જીવનમાં 15 વર્ષ વધારી આપ્યા.

- હિઝિક્યાને ચિહ્ન તરીકે કે આવું બનશે, દેવે ચમત્કાર કર્યો અને સૂર્યને આકાશમાં પાછો ખસેડ્યો.
- જયારે આશ્શૂરના રાજા સાન્હેરીબ હુમલો કરવા માટે આવ્યો ત્યારે હિઝિકયાની પ્રાર્થનાનો દેવે જવાબ આપ્યો અને દેવે તેના લોકોને છોડાવ્યા.

(આ પણ જુઓ: આહાઝ, આશ્શૂર, જૂઠો દેવ, યહૂદા, સાન્હેરીબ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 3:13-14
- 2 રાજા 16:19-20
- હોશિયા 1:1-2
- માથ્થી 1:9-11
- નીતિવચન 25:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H2396, H3169, G1478

# હિત્તી, હિત્તીઓ

## વ્યાખ્યા:

હિત્તીઓ હામના તેના પુત્ર કનાનથી થયેલા વંશજો હતા. તેઓ એક મોટું સામ્રાજ્ય બન્યું, જે હાલના સમયનું તુર્કસ્તાન અને ઉત્તર પેલેસ્ટાઈનમાં આવેલું છે.

- ઈબ્રાહિમે એફ્રોન હિત્તી પાસેથી મિલકતનો ભાગ ખરીદ્યો, જેથી તે તેની મરેલી પત્ની સારા ને ત્યાંની ગુફામાં દાટે.

છેવટે ઈબ્રાહિમ અને તેના અન્ય વંશજોને પણ તે ગુફામાં દફનાવવામાં આવ્યા હતા.

- જયારે એસાવ હિત્તી સ્ત્રીને પરણ્યો ત્યારે તેના માતા પિતા ઉદાસ થયા હતા.
- દાઉદના શક્તિશાળી માણસોમાંના એકનું નામ ઊરિયા હિત્તી હતું.
- કેટલીક પરદેશી સ્ત્રીઓ કે જેની સાથે સુલેમાને લગ્ન કર્યા તેઓ હિત્તીઓ હતી.

આ પરદેશી સ્ત્રીઓએ સુલેમાંનના હ્રદયને દેવથી દૂર ફેરવી નાખ્યું, કારણકે તેઓ જૂઠા દેવોની પૂજા કરતી હતી.

- ઘણીવાર હિત્તીઓ ઈઝરાએલીઓને માટે શારીરિક અને આત્મિક બંને રીતે અનિષ્ટ (ધમકી આપનારા) બન્યા હતા.

(આ પણ જુઓ: વંશજ, એસાવ, પરદેશી, હામ, શક્તિશાળી, સુલેમાન, ઊરિયા)

## બાઈબલની કલમો:

- 1 રાજા 9:20-21
- નિર્ગમન 3:7-8
- ઉત્પત્તિ 23:10-11
- ઉત્પત્તિ 25:9-11
- યહોશુઆ 1:4-5
- નહેમ્યા 9:7-8
- ગણના 13:27-29

## શબ્દ માહિતી:

- Strong's: H2850

# હિલ્કિયા

## સત્યો:

હોશિયા રાજાના શાસન દરમ્યાન હિલ્કિયા એ મુખ્ય યાજક હતો.

- જયારે મંદિરનું સમારકામ કરવામાં આવ્યું હતું ત્યારે મુખ્ય યાજક હિલ્કિયાને નિયમનુ પુસ્તક મળ્યું કે તેને હોશિયા રાજા પાસે લાવવાનો હુકમ કર્યો.
- નિયમનું પુસ્તક તેની આગળ વાંચ્યા પછી, હોશિયા દુખિત થયો હતો અને જેથી યહૂદાના લોકોને ફરીથી યહોવાનું ભજન અને તેના નિયમોનું પાલન કરવાનું શરૂ કર્યું.
- બીજો એક હિલ્કિયા નામનો માણસ એલ્યાકીમનો પુત્ર હતો અને હિઝિક્યા રાજાના સમય દરમ્યાન મહેલમાં કામ કર્યું.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: એલ્યાકીમ, હિઝિક્યા, મુખ્ય યાજક, યોશિયા, યહૂદા, નિયમ, પૂજા, યહોવા)

## બાઈબલની કલમો:

- 2 રાજા18:16-18

## શબ્દ માહિતી:

- Strong's: H2518

# હિવ્વી, હિવ્વીઓ

## સત્યો:

હિવ્વીઓ કનાનની ભૂમિમાં રહેતા સાત મુખ્ય લોકોના જૂથોમાંનું એક હતું.

- આ બધા જૂથો, હિવ્વીઓ સહિત, કનાનના વંશજો હતા, કે જે નૂહનો પૌત્ર હતો.
- શેખેમ હિવ્વીએ યાકૂબની દીકરી દીનાહનો બળાત્કાર કર્યો, અને બદલામાં તેણીના ભાઈઓએ ઘણા હિવ્વીઓને મારી નાખ્યા.
- જયારે યહોશુઆ ઈઝરાએલીઓને કનાનની ભૂમિમાં લઈ જઈ રહ્યો હતો, ત્યારે ઈઝરાએલીઓએ તેઓને વિજય મેળવવાને બદલે બનાવટ કરીને તેઓ સાથે કરાર કર્યો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: કનાન, હામોર, નૂહ, શેખેમ)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 8:7-8
- નિર્ગમન 3:7-8
- ઉત્પત્તિ 34:1-3
- યહોશુઆ 9:1-2
- ન્યાયાધીશો 3:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H2340

# હેબ્રોન

## સત્યો:

હેબ્રોન શહેર લગભગ 20 માઈલ્સ યરૂશાલેમની દક્ષિણે ઊંચી ખડકાળ ટેકરીઓમાં આવેલું હતું.

- આ શહેર ઈબ્રાહિમના સમય દરમ્યાન લગભગ 2000 વર્ષ પૂર્વે બાંધવામાં આવ્યું હતું.

તેનો ઉલ્લેખ ઘણીવાર જૂના કરારમાં આપવામાં આવેલા ઐતિહાસિક અહેવાલોમાં કરવામાં આવ્યો હતો.

- દાઉદ રાજાના જીવનમાં હેબ્રોનનો ખૂબજ મહત્વનો ફાળો હતો.

આબ્શાલોમ સહિત, તેના અનેક દીકરાઓ, હેબ્રોનમાં જન્મ્યા હતા.

- લગભગ ઈસ. 70માં રોમનો દ્વારા તેનો નાશ કરાયો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: આબ્શાલોમ)

## બાઈબલની કલમો:

- 2 શમુએલ 2:10-11
- ઉત્પત્તિ 13:16-18
- ઉત્પત્તિ 23:1-2
- ઉત્પત્તિ 35:26-27
- ઉત્પત્તિ 37:12-14
- ન્યાયાધીશો 1:8-10
- ગણના 13:21-22

## શબ્દ માહિતી:

- Strong's: H2275, H2276, H5683

# હેરોદ, હેરોદ એન્તીપાસ

## સત્યો:

ઈસુના મોટાભાગના જીવનકાળ દરમ્યાન, હેરોદ એન્તીપાસ રોમન સામ્રાજ્યના ભાગનો શાસક હતો કે જેમાં ગાલીલ પ્રાંતનો સમાવેશ થાય છે.

- તેના પિતા મહાન હેરોદની જેમ અમુક સમયે એન્તીપાસ રાજા ન હતો છતાં પણ તેને રાજા તરીકે દર્શાવવામાં આવ્યો છે.

હેરોદ એન્તીપાસ રોમન સામ્રાજ્યના ચોથા ભાગમાં રાજ્ય કરતો હતો, જેથી તેને "હેરોદ તેત્રાચ" પણ કહેવામાં આવતો હતો.

- "હેરોદ" એન્તીપાસ છે કે જેણે યોહાન બાપ્તિસ્તનું માથું કાપીને તેને મારી નાખવાનો આદેશ આપ્યો.
- તે પણ હેરોદ એન્તીપાસ હતો કે જેણે ઈસુને વધસ્તંભે જડ્યા પહેલા પ્રશ્ન કર્યા હતા.
- નવા કરારમાં બીજા હેરોદ તે એન્તીપાસનો દીકરો (એગ્રીપા) અને તેનો પૌત્ર (એગ્રીપા-2), જેઓએ પ્રેરિતોના સમય દરમ્યાન રાજ્ય કર્યું

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: વધસ્તંભે જડવું, મહાન હેરોદ, યોહાન (બાપ્તિસ્ત), રાજા, રોમ)

## બાઈબલની કલમો:

- લૂક 3:1-2
- લૂક 3:18-20
- લૂક 9:7-9
- લૂક 13:31-33
- લૂક 23:8-10
- માર્ક 6:18-20
- માથ્થી 14:1-2

## શબ્દ માહિતી:

- Strong's: G2264, G2265, G2267

# હેરોદિયા

## સત્યો:

હેરોદિયા એ યહૂદિયામાં યોહાન બાપ્તિસ્તના સમય દરમ્યાન હેરોદ એત્નીપાસની પત્ની હતી.

- હેરોદિયા મૂળ હેરોદ એન્તીપાસના ભાઈ ફિલિપની પત્ની હતી, પણ પાછળથી તેણીએ ગેરકાયદેસર રીતે હેરોદ એન્તીપાસ સાથે લગ્ન કર્યા.
- યોહાન બાપ્તિસ્તએ હેરોદ અને હેરોદિયાને તેઓના ગેરકાયદેસર લગ્ન માટે ઠપકો આપ્યો.

તેને કારણે, હેરોદે યોહાનને કેદખાનામાં નાંખ્યો અને હેરોદિયાના કારણે શિરચ્છેદ કરવામાં આવ્યો હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: હેરોદ એન્તીપાસ, યોહાન બાપ્તિસ્ત)

## બાઈબલની કલમો:

- લૂક 3:18-20
- માર્ક 6:-17
- માર્ક 6:21-22
- માથ્થી 14:3-5

## શબ્દ માહિતી:

- Strong's: G2266

# હેર્મોન પર્વત

## તથ્યો:

હેર્મોન પર્વત ઇઝરાયલના સૌથી ઊંચા પર્વતનું નામ છે કે જે લબાનોન પર્વતમાળાની દક્ષિણના છેડે આવેલો છે.

- તે ઇઝરાયલ અને સિરિયા વચ્ચેની ઉત્તર દિશાની સરહદ પર ગાલીલ સમુદ્રની ઉત્તરે આવેલો છે.
- બીજી લોકજાતિઓ દ્વારા હેર્મોન પર્વતને આપાયેલા બીજા નામો “સીરીઓન પર્વત” અને “સનીર પર્વત” હતા.
- હેર્મોન પર્વતના ત્રણ મુખ્ય શિખરો છે.

સૌથી ઊંચું શિખર 2800 મીટર ઊંચું છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જૂઓ: ઇઝરાયલ, ગાલીલનો સમુદ્ર, સિરિયા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 5:23-24
- હઝકિયેલ 27:4-5
- યહોશુઆ 11:16-17
- ગીતશાસ્ત્ર 42:5-6
- ગીતોનું ગીત 4:8

## શબ્દ માહિતી:

- Strong's: H2022, H2768, H2769, H8149

# હોરેબ

## વ્યાખ્યા:

હોરેબ પર્વત એ સિનાઈ પર્વત માટેનું બીજું નામ છે, જ્યાં દેવે મૂસાને દસ આજ્ઞાઓ સાથે શિલાપાટીઓ આપી.

- હોરેબ પર્વતને "દેવનો પર્વત" કહેવામાં આવે છે.
- હોરેબ એ સ્થળ હતું કે, જ્યાં મૂસા જયારે ઘેટાં ચરાવતો હતો ત્યારે તેણે બળતું ઝાડવું જોયું.
- હોરેબ પર્વત એ સ્થળ હતું કે જ્યાં દેવે શિલાપાટીઓ પર તેની દસ આજ્ઞાઓ લખીને આપી, અને ઈઝરાએલીઓ સાથે તેનો કરાર પ્રગટ કર્યો.
- તે એ પણ સ્થળ હતું કે જ્યાં દેવે જયારે તેઓ અરણ્યમાં ભટકતા હતા ત્યારે ઈઝરાએલીઓ માટે પાણી પૂરું પાળવા માટે મૂસાને ખડક પર મારવા કહ્યું.
- આ પર્વતનું ચોક્કસ સ્થાન ખબર નથી, પણ તે કદાચ દક્ષિણ ભાગમાં કે જ્યાં હાલમાં સિનાઈ દ્વીપકલ્પ છે.
- તે શક્ય છે કે પર્વતનું વાસ્તવિક નામ "હોરેબ" હતું, અને કે જે "સિનાઈનો ટેકરો" નો સામાન્ય અર્થ "સિનાઈનો પર્વત," એ સત્યને દર્શાવવા માટે કે હોરેબ પર્વત સિનાઈના રણમાં આવેલો હતો.

(આ પણ જુઓ: કરાર, ઈઝરાએલ, મૂસા, સિનાઈ, દસ આજ્ઞાઓ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 8:9-11
- 2 કાળવૃતાંત 5:9-10
- પુનર્નિયમ 1:1-2
- નિર્ગમન 3:1-3
- ગીતશાસ્ત્ર 106:19-21

## શબ્દ માહિતી:

- Strong's: H2722

# હોશિયા

## સત્યો:

જૂના કરારમાં હોશિયા તે ઈઝરાએલના રાજા અને અન્ય માણસોના નામ (પણ) હતા.

- યહૂદાના રાજાઓ આહાઝ અને હિઝિક્યાના શાસનના ભાગ દરમ્યાન, એલાહનો દીકરો હોશિયા નવ વરસ માટે ઈઝરાએલનો રાજા હતો.
- એક સમયે નૂનના પુત્ર યહોશુઆનું નામ હોશિયા હતું.

મૂસાએ કનાનીઓની ભૂમિમાં અગિયાર માણસો જાસૂસ કરવા સાથે મોકલ્યા, તે પહેલા હોશિયાનું નામ બદલીને યહોશુઆ આપ્યું હતું.

- મૂસાના મરણ બાદ, યહોશુઆએ કનાનની ભૂમિની સંપત્તિ લેવા ઈઝરાએલના લોકોને આગેવાની આપી.
- બીજો એક હોશિયા નામનો માણસ અઝાઝ્યાનો પુત્ર હતો, અને તે એફ્રાએમીઓના આગેવાનોમાંનો એક હતો.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

(આ પણ જુઓ: આહાઝ, કનાન, એફ્રાઈમ, હિઝિક્યા, યહોશુઆ, મૂસા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 27:19-22
- 2 રાજા 15:29-31
- 2 રાજા 17:1-3
- 2 રાજા 18:1-3
- 2 રાજા 18:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H1954

# translationWords

## Other

# (મોં) ચહેરો, ચહેરાઓ, સામનો કરવો, ચહેરાનું, નીચે જોવું

## વ્યાખ્યા:

"ચહેરો" શબ્દ શાબ્દિક રીતે વ્યક્તિના માથાનો આગળનો ભાગ દર્શાવે છે. આ શબ્દના ઘણા રૂપકાત્મક અર્થો પણ છે.

- મોટેભાગે શાબ્દિક રીતે "તમારો ચહેરો" તે "તમને" અભિવ્યક્તિ કરે છે.

એ જ રીતે, મોટેભાગે "મારો ચહેરો" જેનો અર્થ, "હું" અથવા "મને" અભિવ્યક્તિ કરે છે.

- શારીરિક અર્થમાં, કોઈક વ્યક્તિ તરફ અથવા કોઈની દિશા બાજુ "જોવું" તેમ થઇ શકે છે.
- "એકબીજાને જોવો" તેનો અર્થ, "એકબીજા સામે સીધું જોવું."
- "મોઢામોઢ" હોવાનો અર્થ, જયારે બે લોકો નજીકના અંતરે વ્યક્તિમાં એક બીજાને જુએ છે.
- જયારે ઈસુએ "યરૂશાલેમ જવા તેનું મુખ તે તરફ રાખ્યું," તેનો અર્થ કે તેણે નિશ્ચિતપણે જવાનું નક્કી કર્યું.
- લોકો અથવા શહેરની "વિરુદ્ધમાં ચહેરો રાખવો" જેનો અર્થ, તે વ્યક્તિ અથવા શહેરને આધાર ન આપવાનું અથવા તેનો અસ્વીકાર કરવાનું નિશ્ચિતપણે નક્કી કરવું.
- "જમીનનું મુખ" અભિવ્યક્તિ પૃથ્વીની સપાટી દર્શાવે છે અને મોટેભાગે તે સંદર્ભ સમગ્ર પૃથ્વી માટે છે.

ઉદાહરણ તરીકે, "દુકાળ પૃથ્વીનું મુખ ઢાંકે છે," જે દશાવે છે કે વ્યાપક દુકાળ પૃથ્વી પર રહેતા ઘણા લોકોને અસર કરે છે.

- "તારા લોકોથી તારો ચહેરો છુપાવવો નહીં" રૂપકાત્મક અભિવ્યક્તિનો અર્થ, "તારા લોકોનો નકાર ના કર," અથવા "તારા લોકોનો ત્યાગ ના કર," અથવા "તારા લોકોની કાળજી લેવાનું બંધ ના કર," એમ થાય છે

## ભાષાંતરના સૂચનો:

- જો સંભવિત હોય તો, લક્ષ ભાષામાં જે સમાન અર્થ અથવા જે અભિવ્યક્તિ હોય તે જ રાખવી સારું છે
- "સામે જોવું" માટેના શબ્દનું ભાષાંતર, "તરફ ફરવું" અથવા "તે તરફ સીધું જોવું" અથવા "મુખ ઉપર જોવું," તરીકે કરી શકાય છે.
- "મોઢામોઢ અભિવ્યક્તિનું ભાષાંતર, "ખૂબ નજીક" અથવા "ની બિલકુલ સામે" અથવા "ની હાઝરીમાં," તરીકે (ભાષાંતર) કરી શકાય.
- સંદર્ભ પર આધારિત, "તેના મુખ આગળ" અભિવ્યક્તિનું ભાષાંતર, "તેની આગળ" અથવા "તેની સામે" અથવા "તેની આગળ" અથવા "તેની હાજરીમાં," તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- "તે તરફ તેનું મુખ રાખવું" તે અભિવ્યક્તિનું ભાષાંતર, "તેની તરફ મુસાફરી શરૂ કરી" અથવા "નિશ્ચિતપણે જવા તેના મનમાં નક્કી કર્યું," તરીકે કરી શકાય છે.
- "તેનાથી મોં સંતાડવું" અભિવ્યક્તિનું ભાષાંતર, "થી દૂર થવું" અથવા "મદદ અથવા રક્ષણ કરવાનું બંધ કરવું" અથવા "નકારવું," તરીકે કરી શકાય છે.
- શહેર અથવા લોકોની "વિરુદ્ધમાં ચહેરો રાખવો" શબ્દનું ભાષાંતર, "ગુસ્સા અથવા તિરસ્કારથી જોવું" અથવા "સ્વીકારવાનો ઇન્કાર કરવો" અથવા "નકારવા માટે નક્કી કરવું" અથવા "તિરસ્કારવું અને નકારવું" અથવા "તેના ન્યાય કરવો" તરીકે પણ કરી શકાય.
- "તે તેઓના મોઢા પર કહો" તે અભિવ્યક્તિનું ભાષાંતર, "તેઓને સીધુંજ કહો" અથવા " તેઓની હાજરીમાં તે તેઓને કહો" અથવા "તેઓને વ્યક્તિગત રીતે કહો," તરીકે પણ કરી શકાય છે.
- "જમીનના મુખ ઉપર" અભિવ્યક્તિનું ભાષાંતર, "સમગ્ર જમીન" અથવા "સમગ્ર પૃથ્વી ઉપર" અથવા "જેમાં વસવાટ કરો છો તે સમગ્ર પૃથ્વી," તરીકે પણ કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 5:4-6
- ઉત્પત્તિ 33:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H600, H639, H5869, H6440, H8389, G3799, G4383, G4750

# અંજીર, અંજીરો

## વ્યાખ્યા:

અંજીર એ નાનું, પોચું, મીઠું ફળ છે કે જે વૃક્ષો ઉપર થાય છે. જયારે તે પાકે છે, ત્યારે ભુખરો, પીળો, અથવા જાંમલી જેવા વિવિધ રંગના હોઈ શકે છે.

- અંજીરના વૃક્ષો 6 મીટરની ઊંચાઈમાં વધી શકે છે અને તેઓના મોટા પાંદડા સુખદ છાયો આપે છે.

ફળ લગભગ 3-5 સેન્ટીમીટર લાંબુ હોય છે.

- આદમ અને હવાએ પાપ કર્યા પછી અંજીર વૃક્ષના પાંદડામાંથી કપડાં બનાવીને પોતાના માટે ઉપયોગ કર્યો.
- અંજીરોને કાચા, રાંધીને, અથવા સૂકા ખાઈ શકાય છે.

લોકો તેઓને નાના ટુકડાઓમાં કાપે છે અને ચકતામાં દબાવી પછી ખાય છે.

- બાઈબલના સમયમાં, અંજીરો ખોરાક અને આવક માટે મહત્વનો સ્ત્રોત હતા.
- બાઈબલમાં વારંવાર સમૃદ્ધિના ચિહ્ન તરીકે ફળદાયી અંજીરના વૃક્ષની હાજરીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- ઘણી વખત ઈસુએ તેના શિષ્યોને આત્મિક સત્યો શીખવવા માટે ઉદાહરણ તરીકે અંજીરના વૃક્ષોનો ઉપયોગ કર્યો છે.

## બાઈબલની કલમો:

- હબાક્કુક 3:17
- યાકૂબ 3:11-12
- લૂક 13:6-7
- માર્ક 11:13-14
- માથ્થી 7:15-17
- માથ્થી 21:18-19

## શબ્દ માહિતી:

- Strong's: H1061, H1690, H6291, H8384, G3653, G4808, G4810

# અંતરાય, અંતરાયો, ઠોકર ખવડાવનાર પથ્થર

## વ્યાખ્યા:

"અંતરાય" અથવા "ઠોકર ખવડાવનાર પથ્થર" શબ્દ ભૌતિક પદાર્થનો ઉલ્લેખ કરે છે જે વ્યક્તિને લપસી અને પડી જવાનું કારણ બને છે.

- રૂપકાત્મક અંતરાય એ કંઈ પણ હોય જે વ્યક્તિને નૈતિક કે આત્મિક સમજમાં નિષ્ફળ બનાવી દે છે.
- "અંતરાય" અથવા "ઠોકર ખવડાવનાર પથ્થર" રૂપકાત્મક રીતે પણ, એવું કંઇક હોઈ શકે જે કોઈકને ઈસુમાં વિશ્વાસ કરતાં રોકે અથવા કોઈકને આત્મિક રીતે વૃદ્ધિ પામતા અટકાવે.
- ઘણીવાર પોતાને અથવા બીજાને માટે પાપએ અંતરાય જેવું હોય છે.
- કેટલીકવાર ઈશ્વર જેઓ તેમની વિરુદ્ધ બંડ પોકારે છે તે લોકોના માર્ગમાં અંતરાય મુકે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- જો ભાષા પાસે છુપું જોખમ ગતિમાન કરવાનો શબ્દ હોય, તો તે શબ્દનો ઉપયોગ આ શબ્દનું અનુવાદ કરવા થઇ શકે છે.
- આ શબ્દનું અનુવાદ આ રીતે પણ કરી શકાય "પથ્થર કે જે ઠોકર ખવડાવે છે" અથવા "એવું કંઇક જે કોઈકને ન માનવા પ્રેરે છે" અથવા "શંકા કે જે અવરોધ પેદા કરે છે" અથવા "વિશ્વાસને માટે અવરોધરૂપ" અથવા "કંઇક જે કોઈકને પાપ કરવા પ્રેરે છે."

(આ પણ જુઓ: ઠોકર, પાપ)

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથીઓ 1:22-23
- ગલાતીઓ 5:11-12
- માથ્થી 5:29-30
- માથ્થી 16:21-23
- રોમનો 9:32-33

## શબ્દ માહિતી:

- Strong's: H4383, G3037, G4349, G4625

# અંધકાર

## વ્યાખ્યા:

“અંધકાર” શબ્દનો વાસ્તવિક અર્થ, પ્રકાશની ગેરહાજરી. આ શબ્દના અનેક રૂપકાત્મક અર્થો પણ છે:

- એક રૂપક તરીકે, ‘અંધકાર” શબ્દના અર્થો, “અશુદ્ધતા” અથવા “દુષ્ટ” અથવા “આત્મિક અંધાપો” થાય છે.
- તે બાબત કંઈપણ જે પાપ અને નૈતિક ભ્રષ્ટાચાર લગતું હોય તેને દર્શાવે છે.
- ” “અંધકારનું અધિપત્ય” અભિવ્યક્તિ જે બધુ દુષ્ટ છે, અને જે શેતાનના શાસન દ્વારા ચાલે છે, તેને દર્શાવે છે.
- “અંધકાર” શબ્દ, મરણ માટેના પણ રૂપક તરીકે વાપરી શકાય છે. (જુઓ : રૂપક)
- લોકો કે જેઓ દેવને જાણતા નથી તેઓ “અંધકારમાં જીવી રહ્યા છે” અને જેઓ તેને સમજતા અથવા ન્યાયી વ્યવહાર કરતા નથી.
- દેવ પ્રકાશ છે (ન્યાયીપણું), અને અંધકાર (દુષ્ટ) તે પ્રકાશ પર જીત પામી શકતું નથી.
- જેઓ દેવનો નકાર કરે છે તેઓ માટે ક્યારેક આ સજાના સ્થળને “બહારના અંધકાર” તરીકે દર્શાવવામાં આવ્યું છે.

## ભાષાંતરના સૂચનો:

લક્ષ ભાષામાં આ શબ્દના શાબ્દિક ભાષાંતર માટે, પ્રકાશની ગેરહાજરી એવો શબ્દ વાપરવો. આ શબ્દ કે જે પ્રકાશ વગરના ઓરડાના અંધકાર માટે અથવા દિવસના સમય માટે કે જયારે પ્રકાશ હોતો નથી, તેને દર્શાવી શકે છે. રૂપક તરીકે આ શબ્દના અર્થને પ્રકાશની વિરુદ્ધનું સ્વરૂપ તે દર્શાવવું જરૂરી છે, જે દુષ્ટ અને કપટવાળું છે, જે ભલાઈ અને સત્યની વિરુદ્ધમાં આવેલું છે.

સંદર્ભ પર આધાર રાખીને આ શબ્દનું ભાષાંતર, “રાત્રીનો અંધકાર” (જે દિવસના પ્રકાશની વિરુદ્ધમાં છે) અથવા “રાત્રીની જેમ કાંઈ દેખાય નહીં તેવું” અથવા “દુષ્ટ, જે અંધકારની જગ્યા છે.”

(આ પણ જુઓ: ભ્રષ્ટ, અધિપત્ય, રાજ્ય, પ્રકાશ, છોડાવવું, ન્યાયી)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 1:5-7
- 1 યોહાન 2:7-8
- 1થેસ્સલોનિકી 5:4-7
- 2 શમુએલ 22:10-12
- કલોસ્સી 1:13-14
- યશાયા 5:29-30
- યર્મિયા 13:15-17
- યહોશુઆ 24:7
- માથ્થી 8:11-13

## શબ્દ માહિતી:

- Strong's: H652, H653, H2816, H2821, H2822, H2825, H3990, H3991, H4285, H5890, H6205, G2217, G4652, G4653, G4655, G4656

# અક્કડ ગરદન, જિદ્દી, હઠીલા, દુરાગ્રહી

## વ્યાખ્યા:

"અક્કડ-ગરદન" એ એક રૂઢીપ્રયોગ છે જે બાઈબલમાં એવા લોકો કે જેઓ ઈશ્વરનું સતત ઉલ્લંઘન કરનારા અને પસ્તાવો કરવાનો ઇન્કાર કરનારા લોકોનું વર્ણન કરે છે. આવા લોકો ઘણાં અભિમાની હોય છે અને ઈશ્વરની સત્તાને આધીન થતા નથી.

- તે જ રીતે "જિદ્દી" શબ્દ એ એવા વ્યક્તિનું વર્ણન કરે છે કે જેને વિંનતી કરવામાં આવે બદલવા માટે તેમ છતાં તેના મન અથવા કૃત્યોને બદલવાનો ઈન્કાર કરે છે.

જિદ્દી લોકો બીજા લોકો દ્વારા આપવામાં આવતી સારી સલાહ કે ચેતવણીઓને માનતા નથી.

- જુનો કરાર ઈઝરાયેલીઓને "અક્કડ-ગરદન" તરીકે વર્ણવે છે કારણ કે તેઓએ ઈશ્વરના પ્રબોધકો કે જેઓએ તેમને પસ્તાવો કરવા અને યહોવા તરફ પાછા ફરવા માટે વિંનતી કરી તે ઘણાં સંદેશાઓને માન્યા ન હતા.
- જો ગરદન "અક્કડ" છે તો તે સરળતાથી વળતી નથી.

પ્રોજેક્ટ ભાષામાં કદાચ બીજો રૂઢીપ્રયોગ હોઈ શકે જે કહી શકે કે વ્યક્તિ તેના માર્ગો બદલવા ઈન્કાર કરે છે તેમાં તે "અક્કડ" છે.

- બીજી રીતે આ શબ્દનો અનુવાદ કરવો તેમાં "ગર્વથી જિદ્દી" અથવા "ઘમંડી અને અનિશ્ચિત" અથવા "બદલાવા માટે ઈન્કાર કરનાર" નો સમવેશ કરી શકાય.

(આ પણ જુઓ: ઘમંડી, અભિમાની, પસ્તાવો)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:51-53
- પુનર્નિયમ 9:13-14
- નિર્ગમન 13:14-16
- યર્મિયા 3:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H47, H3513, H5637, H6203, H6484, H7185, H7186, H7190, H8307, G483, G4644, G4645

# અગ્નિ, આગ સળગાવે છે, સળગતું લાકડું, આગની સૂપડી, સગડી, ચૂલો, ચૂલાઓ

## વ્યાખ્યા:

અગ્નિ એ ગરમી, પ્રકાશ, અને જ્યોત છે કે જે જયારે કઈંક બળે છે ત્યારે ઉત્પન્ન થાય છે.

- જયારે અગ્નિ દ્વારા લાકડું બળે છે ત્યારે તે રાખમાં ફેરવાઈ જાય છે.
- સામાન્યરીતે, “અગ્નિ” શબ્દનો રૂપકાત્મક ઉપયોગ, ન્યાય અથવા શુદ્ધિકરણ પણ થઇ શકે છે.
- અવિશ્વાસીઓનો આખરી ન્યાય (ચુકાદો) અગ્નિની ખાઇમાં છે.
- અગ્નિ સોનું અને અન્ય ધાતુઓને શુદ્ધ કરે છે.
- બાઈબલમાં, આ એક એવી પ્રક્રિયા છે કે જે દ્વારા દેવ લોકોના જીવનમાં મુશ્કેલ બાબતો આવવા દઈને તેઓને શુદ્ધ કરે છે તેને સમજાવવા માટે (તે શબ્દ) વાપરવામાં આવ્યો છે.
- “અગ્નિથી બાપ્તિસમા પામવું” શબ્દસમૂહનું ભાષાંતર, “દુઃખનો અનુભવ કરવાથી શુદ્ધ થવું” તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: શુદ્ધ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 16:18-20
- 2 રાજા 1:9-10
- 2 થેસ્સલોનિકી 1:6-8
- પ્રેરિતો 7:29-30
- યોહાન 15:5-7
- લૂક 3:15-16
- માથ્થી 3:10-12
- નહેમ્યા 1:3

## શબ્દ માહિતી:

- Strong's: H215, H217, H398, H784, H800, H801, H1197, H1200, H1513, H2734, H3341, H3857, H4071, H4168, H5135, H6315, H8316, G439, G440, G1067, G2741, G4442, G4443, G4447, G4448, G4451, G5394, G5457

# અજમાયશ, કસોટીઓ

## વ્યાખ્યા:

"અજમાયશ" શબ્દ એ એવી પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે કે જેમાં કંઈક અથવા કોઈ વ્યક્તિ પર "અજમાયશ" અથવા કસોટી થતી હોય.

- ટ્રાયલ એક ન્યાયિક સુનાવણી હોઈ શકે છે જેમાં કોઈ વ્યક્તિ નિર્દોષ છે અથવા ખોટી રીતે દોષિત છે તે સાબિત કરવા માટે પુરાવા આપવામાં આવે છે.

"* અજમાયશ" શબ્દ એ મુશ્કેલ સંજોગોનો પણ ઉલ્લેખ કરી શકે છે કે જેમાંથી કોઈ વ્યક્તિ જતી હોય છે, જાણે ઈશ્વર તેમના વિશ્વાસની પરીક્ષા કરતા હોય છે. આ માટેનો બીજો શબ્દ "કસોટી " અથવા " પરીક્ષણ " એક ચોક્કસ પ્રકારની અજમાયશ છે.

- બાઇબલમાં ઘણા લોકોની કસોટી એ જોવા થઈ કે તેઓ ઈશ્વર પર વિશ્વાસ કરવાનું અને આજ્ઞા પાળવાનું ચાલુ રાખશે કે નહિ.

તેઓ કસોટીઓમાંથી પસાર થયા હતા જેમાં તેમના વિશ્વાસને કારણે મારવામાં આવ્યા,કેદ થઈ, અથવા તો માર્યા ગયા હતા.

(આ પણ જુઓ: લલચાવવું, કસોટી, નિર્દોષ, અપરાધ)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 4:34
- હઝકીએલ 21:12-13
- યર્મિયાનો વિલાપ 3:58-61
- નીતિવચનો 25:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H974, H4531, H4941, H7378, G178, G1382, G1383, G2919, G3984, G3986, G4451

# અદાલત, અદાલતો, મંદિરનું આંગણુ, મંદિરના આંગણાઓ

## વ્યાખ્યા:

“મંદિરના આંગણાઓ” અને “આંગણુ” શબ્દો, બંધ વિસ્તાર કે જે આકાશ નીચે ખુલ્લો હોય અને તે દિવાલોથી ઘેરાયેલો હોય, તેને દર્શાવે છે. “અદાલત” શબ્દ એવી જગ્યાને પણ દર્શાવે છે કે જ્યાં ન્યાયાધીશો કાનૂની અને ગુનાહિત બાબતો નક્કી કરે છે.

- મુલાકાતમંડપ એ એક મંદિરના આંગણાથી ઘેરાયેલું હતું જે જાડા કપડાથી બનાવેલા, પડદાઓની દિવાલો દ્વારા બંધ કરાયેલું હતું.
- મંદિરની ઈમારતને ત્રણ આંતરિક આંગણાઓ હતા: એક યાજકો માટે, એક યહૂદી પુરુષો માટે, અને એક યહૂદી સ્ત્રીઓ માટે.
- આ આંતરિક આંગણાઓ નીચા પત્થરની દીવાલથી ઘેરાયેલા હતા કે જે તેઓને બહારના મંદિરના આંગણાઓથી અલગ કરે છે કે જ્યાં વિદેશીઓને આરાધના કરવા માટેની પરવાનગી હતી.
- ઘરનું આંગણું એ ઘરના વચ્ચેનો ખુલ્લો વિસ્તાર હતો.
- “રાજાનું આગણું” શબ્દસમૂહ તેનો મહેલ અથવા તેના મહેલમાંની જગ્યા કે જ્યાં તે ચુકાદાઓ આપે છે, તેને દર્શાવી શકે છે.
- “યહોવાના આંગણા” અભિવ્યક્તિ રૂપકાત્મક રીતે “યહોવાનું નિવાસસ્થાન” અથવા સ્થળ કે જ્યાં લોકો યહોવાની આરાધના કરવા જાય છે તેને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- “મંદિરનું આંગણુ” શબ્દનું ભાષાંતર, “બંધ જગ્યા” અથવા “કોટ કરેલી જગ્યા” અથવા “મંદિરની જગ્યા” અથવા “મંદિરની ચોતરફની દિવાલ,” એમ કરી શકાય.
- ક્યારેક “મંદિર” શબ્દનું ભાષાંતર માટે, “મંદિરના આંગણાઓ” અથવા “મંદિરનો ભાગ” એવા શબ્દો હોવા જરૂરી છે, જેથી તે સ્પષ્ટ કરી શકાય કે તે મંદિરના આંગણાને દર્શાવે છે, અને તે મંદિરની ઇમારતને દર્શાવતું નથી.
- “યહોવાના આંગણા” અભિવ્યક્તિનું ભાષાંતર, “સ્થળ કે જ્યાં યહોવા રહે છે” અથવા “સ્થળ કે જ્યાં યહોવાની આરાધના થાય છે.”
- રાજાના આંગણા માટે વાપરેલો શબ્દ, યહોવાના આંગણા માટે પણ વાપરી શકાય છે.

(આ પણ જુઓ: વિદેશી, ન્યાયાધીશ, રાજા, મુલાકાતમંડપ, મંદિર)

## બાઈબલની કલમો:

- 2 રાજા 20:4-5
- નિર્ગમન 27:9-10
- યર્મિયા 19:14-15
- લૂક 22:54-55
- માથ્થી 26:69-70
- ગણના 3:24-26
- ગીતશાસ્ત્ર 65:4

## શબ્દ માહિતી:

- Strong's: H1004, H1508, H2691, H5835, H6503, H7339, H8651, G833, G933, G2681, G4259

# અદેખાઈ/ઈર્ષા, લોભ

## વ્યાખ્યા:

કારણ કે વ્યક્તિ જે ધરાવે (મિલ્કત વિગેરે) છે અથવા વ્યક્તિની વખાણવાલાયક લાક્ષણિકતાઓને લીધે તેના પ્રત્યે ઈર્ષાળું હોવાનો ઉલ્લેખ “અદેખાઈ” શબ્દ કરે છે. “લોભ” શબ્દનો અર્થ, કઈંક હોવા (પ્રાપ્ત કરવા) માટેની મજબૂત ઈચ્છા હોવી.

- અદેખાઈ એ સામાન્ય રીતે બીજી વ્યક્તિની સફળતા, ઉજ્જવળ ભવિષ્ય અથવા સંપત્તિ માટે રોષની નકારાત્મક લાગણી છે.
- લોભ એ કોઈ બીજાની મિલકત, અથવા બીજા કોઈની પત્ની લેવાની મજબૂત ઈચ્છા પણ છે.

(આ પણ જુઓ: ઇર્ષ્યા)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 13:4-7
- 1 પિતર 2:1-3
- નિર્ગમન 20:15-17
- માર્ક 7:20-23
- નીતિવચન 3:31-32
- રોમન 1:29-31

## શબ્દ માહિતી:

- Strong's: H183, H1214, H1215, H2530, H3415, H5869, H7065, H7068, G866, G1937, G2205, G2206, G3713, G3788, G4123, G4124, G4190, G5354, G5355, G5366

# અધર્મી, અધર્મીઓ

## વ્યાખ્યા:

બાઇબલના સમયોમાં, “અધર્મી” શબ્દનો ઉપયોગ યહોવાને બદલે જૂઠા દેવોને ભજનારા લોકોને દર્શાવવા થતો હતો.

- આવા લોકો સાથે સંબંધિત દરેક બાબતને, જેમ કે જે વેદીઓ પર તેઓ પૂજા કરતા હતા, જે ધાર્મિક ક્રિયાકાંડો તેઓ કરતા હતા અને તેઓની માન્યતાઓ વગેરેને પણ “અધર્મી” કહેવામા આવતી હતી.
- અધર્મી માન્યતાઓમાં જૂઠા દેવોની પૂજા અને કુદરતી પરિબળોની પૂજા સમાયેલ હતી.
- કેટલાક અધર્મી સમાજોમાં ભ્રષ્ટ જાતીય ક્રિયાકાંડો અથવા તો પૂજાના ભાગરૂપે મનુષ્યોનો બલિ ચડાવવો પણ કરવામાં આવતા હતા.

(આ પણ જૂઓ: વેદી, જૂઠો દેવ, બલિદાન, પૂજા, યહોવા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 10:20-22
- 1 કાળવૃતાંત 12:1-3
- 2 રાજા 17:14-15
- 2 રાજા 21:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H1471, G1484

# અનાજ, દાણાં, પાકના ખેતરો

## વ્યાખ્યા:

સામાન્ય રીતે “અનાજ” શબ્દ, એ ખાવાના છોડના દાણાંને દર્શાવે છે જેવા કે ઘઉં, જવ, મકાઈ, બાજરી, અથવા ચોખા. તે સમગ્ર છોડને પણ દર્શાવી શકે છે.

- બાઈબલમાં, મુખ્ય અનાજ કે જે ઘઉં અને જવને દર્શાવે છે.
- કણસલું એ છોડનો ભાગ છે કે જે અનાજ ધરાવે છે.
- નોંધ કરો કે કેટલાક જૂના બાઈબલની આવૃત્તિઓમાં સામાન્ય અનાજને દર્શાવવા માટે “મકાઈ” શબ્દ વાપર્યો છે.

જો કે આધુનિક અંગ્રેજીમાં, “મકાઈ” ફક્ત એક પ્રકારનું અનાજ દર્શાવે છે.

(આ પણ જુઓ: કણસલું, ઘઉં)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 42:1-4
- ઉત્પત્તિ 42:26-28
- ઉત્પત્તિ 43:1-2
- લૂક 6:1-2
- માર્ક 2:23-24
- માથ્થી 13:7-9
- રૂથ 1:22

## શબ્દ માહિતી:

- Strong's: H1250, H1430, H1715, H2233, H2591, H3759, H3899, H7054, H7383, H7641, H7668, G248, G2590, G3450, G4621, G4719

# અનાજનું અર્પણ, અનાજના અર્પણો, ખાદ્યાર્પણો

## વ્યાખ્યા:

એક “ખાદ્યાર્પણ” અથવા તો “અનાજનું અર્પણ” અનાજના રૂપમાં અથવા તો અનાજના લોટમાંથી બનાવેલી રોટલીના રૂપમાં ઈશ્વરને ચડાવેલું બલિદાન હતું.

- “ખાદ્ય” શબ્દ અનાજનો ઉલ્લેખ કરે છે કે જેને દળીને લોટ બનાવવામાં આવ્યો છે.
- ચપટી રોટલી બનાવવા લોટને પાણી અથવા તો તેલ સાથે મેળવવામાં આવતો હતો.

કેટલીક વાર તેલને રોટલી ઉપર લગાવવામાં આવતું હતું.

- આ પ્રકારનું અર્પણ સામાન્ય રીતે દહનાર્પણ સાથે ચડાવવામાં આવતું હતું.

(આ પણ જૂઓ: દહનાર્પણ, અનાજ, બલિદાન)

## બાઇબલના સંદર્ભો:

- હઝકિયેલ 44:30-31
- યોએલ 2:14

## શબ્દ માહિતી:

- Strong's: H4503, H8641

# અનુકરણ, અનુકરણ કરનાર, અનુકરણ કરનારાઓ

## વ્યાખ્યા:

"અનુકરણ" અથવા "અનુકરણ કરનાર" શબ્દો, એ વ્યક્તિને દર્શાવે છે કે જે બીજા વ્યક્તિની જેમ જ વર્તીને તેની આબેહૂબ નકલ કરે છે.

- ખ્રિસ્તીઓને જેવું ઈસુએ કર્યું તેવી જે રીતે ઈશ્વરની આજ્ઞા પાળવા અને બીજાઓને પ્રેમ કરી, ઈસુનું અનુકરણ કરવાનું શીખવવામાં આવ્યું છે.
- પાઉલ પ્રેરિતે પ્રારંભિક મંડળીને કહ્યું કે જેમ તેણે ખ્રિસ્તનું અનુકરણ કર્યું તેમ તેઓ પણ તેનું અનુકરણ કરે.

## ભાષાંતરના સૂચનો:

- "અનુકરણ" શબ્દનું ભાષાંતર, "તેના જેવી સમાન બાબતો કરવી" અથવા "તેના ઉદાહરણને અનુસરવું" તરીકે કરી શકાય છે.
- "ઈશ્વરનું અનુકરણ કરનારા હોવું" અભિવ્યક્તિનું ભાષાંતર, "એવા લોકો હોવું કે જેઓ ઈશ્વરના જેવું કાર્ય કરે છે" અથવા "એવા લોકો હોવું કે જે ઈશ્વર કરે છે તેવી બાબતો કરે" તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- "તમે અમારું અનુકરણ કરનારા બનો" તેનું ભાષાંતર, "તમે અમારા ઉદાહરણને અનુસર્યા" અથવા "તમે અમને જે કરતા જોયા છે તેવી જ રીતે તમે ઈશ્વરીય બાબતો કરી રહ્યા છો" તરીકે પણ કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- 3 યોહાન 1:11-12
- માથ્થી 23:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H310, H6213, G1096, G2596, G3401, G3402, G4160

# અપમાન, અપમાન કરે છે, અપમાનિત, અપમાન યોગ્ય

## વ્યાખ્યા:

"અપમાન" શબ્દનો અર્થ, કોઈને માટે કંઈક કે જે અપમાન જનિત છે તે કરવું. તેથી તે વ્યક્તિને શરમ અથવા કલંક પણ લાગે છે.

- "અપમાન યોગ્ય" શબ્દ, જે શરમજનક છે તેને અથવા કોઈ અપમાનજનક કાર્યને વર્ણવે છે.
- ક્યારેક "અપમાન યોગ્ય" એવી વસ્તુઓને દર્શાવે છે કે જે કંઇ ખાસ કામ માટે ઉપયોગી ના હોય.
- બાળકોને તેઓના માતાપિતાનું સન્માન કરવા અને આજ્ઞા પાળવા આદેશ આપવામાં આવ્યો છે.

જયારે બાળકો તેઓના માતાપિતાની આજ્ઞાનો અનાદર કરે છે, ત્યારે તેઓ તેમનું અપમાન કરે છે. તેઓ તેમના માતાપિતાને એવી રીતે ગણના કરે છે કે તે તેઓને માન આપતા નથી.

- જયારે ઈઝરાએલીઓએ જૂઠા દેવોની આરાધના અને અનૈતિક આચરણનો વ્યવહાર કર્યો, ત્યારે તેઓએ યહોવાને અપમાનિત કર્યો.
- તેને ભૂત વળગ્યું છે તેમ કહીને યહૂદીઓએ ઈસુને અપમાનિત કર્યો.
- આ શબ્દનું ભાષાંતર, "સન્માન ન કરવું" અથવા "આદરથી ન વર્તવું" કરી શકાય છે.
- "અપમાન" સંજ્ઞાનું ભાષાંતર, "અનાદર" અથવા "સન્માનની ખોટ" તરીકે કરી શકાય.
- સંદર્ભ પર આધાર રાખીને "અપમાન યોગ્ય" શબ્દનું ભાષાંતર, "સન્માનને યોગ્ય નથી" અથવા "શરમજનક" અથવા "યોગ્ય નથી" અથવા "મૂલ્યવાન નથી," તરીકે પણ (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: કલંક, સન્માન)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 4:10-11
- 1 શમુએલ 20:32-34
- 2 કરિંથી 6:8-10
- હઝકિયેલ 22:6-9
- યોહાન 8:48-49
- લેવીય 18:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H1540, H2490, H2781, H3637, H3639, H5006, H5034, H6172, H6173, H7034, H7036, H7043, G818, G819, G820, G2617

# અપવિત્ર કરવું, અપવિત્ર (અશુદ્ધ) કરેલું, અભડાવવું

## વ્યાખ્યા:

"અપવિત્ર કરવું" શબ્દનો અર્થ, પવિત્ર સ્થાન અથવા પદાર્થને એવી રીતે નુકસાન અથવા બગાડવું કે તે ઉપાસના કરવા માટે અસ્વીકાર્ય બની જાય.

- કોઈ બાબતને અપવિત્ર કરવામાં મોટેભાગે તે બાબત માટે ખૂબ અનાદર બતાવવોનો સમાવેશ થાય છે.
- ઉદાહરણ તરીકે, વિદેશી રાજાઓએ દેવના મંદિરમાંની ખાસ થાળીઓનો પોતાની મિજબાનીઓ માટે વાપરીને તેઓને અશુદ્ધ કરેલી.
- દેવના મંદિરની વેદીને અપવિત્ર કરવા માટે શત્રુઓ મૃત લોકોના હાડકાંનો ઉપયોગ કરતા હતા.
- આ શબ્દનું ભાષાંતર, "અપવિત્ર કરવું" અથવા" અપવિત્ર કરી અનાદર કરવો" અથવા "અપમાનિત કરી અપવિત્ર કરવું" અથવા "અશુદ્ધ કરવું," એવું (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: વેદી, ભ્રષ્ટ, અનાદર, અપવિત્ર, શુદ્ધ, મંદિર, પવિત્ર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 24:4-6
- યશાયા 30:22
- ગીતશાસ્ત્ર 74:7-8
- ગીતશાસ્ત્ર 89:38-40

## શબ્દ માહિતી:

- Strong's: H2490, H2610, H2930, G953

# અભિમાની, અભિમાનથી, અભિમાન, ગર્વિષ્ઠ

## વ્યાખ્યા:

“અભિમાની” અને “ગર્વિષ્ઠ” શબ્દો પોતાના વિષે ખૂબ જ ઊંચું વિચારતા વ્યક્તિનો ઉલ્લેખ કરે છે, અને ખાસ કરીને બીજાઓ કરતાં પોતાને સારી માનનાર વ્યક્તિનો ઉલ્લેખ કરે છે.

- અભિમાની વ્યક્તિ ઘણી વાર તેના પોતાના દોષ સ્વીકારતી નથી.

તે નમ્ર હોતી નથી.

- અભિમાન જુદીજુદી રીતે ઈશ્વરનું આજ્ઞાપાલન ન કરવામાં દોરી શકે.
- “અભિમાની” અને “અભિમાન” શબ્દોનો ઉપયોગ હકારાત્મક રીતે પણ કરી શકાય છે, જેમ કે કોઈ વ્યક્તિએ જે સિદ્ધિ પ્રાપ્ત કરીએ છે તે વિષે “ગર્વ” હોવો અને પોતાના બાળકો વિષે “ગર્વ કરવો”.

“તમારા કાર્ય વિષે ગર્વ કરો” અભિવ્યક્તિનો અર્થ તમારા કાર્યને સારી રીતે કરવામાં આનંદ માનવો એવો થાય છે.

- કોઈ વ્યક્તિ તેણે જે કર્યું છે તે વિષે ગર્વિષ્ઠ થયા વગર ગર્વ કરી શકે છે.

કેટલીક ભાષાઓમાં “અભિમાન” ના આ બે વિભિન્ન અર્થો માટે બે જુદાજુદા શબ્દો છે.

- “ગર્વિષ્ઠ” શબ્દ હંમેશાં નકારાત્મક છે કે જેમાં “અહંકારી” કે “બડાઈખોર” કે “સ્વ-મહત્ત્વ” હોવાનો અર્થ સમાયેલો હોય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- “અભિમાન” સંજ્ઞાનો અનુવાદ “અહંકાર” અથવા તો “ગુમાન” અથવા તો “સ્વ-મહત્ત્વ” તરીકે કરી શકાય.
- બીજા સંદર્ભોમાં, “ગર્વ” નો અનુવાદ “આનંદ” અથવા તો “સંતોષ” અથવા તો “પ્રસન્નતા” તરીકે કરી શકાય.
- “ના વિષે ગર્વ હોવો” નો અનુવાદ “થી આનંદિત હોવું” અથવા તો “થી સંતોષી હોવું” અથવા તો “(ની સિદ્ધિ વિષે) ખુશ હોવું” તરીકે પણ કરી શકાય.
- “તમારા કાર્ય વિશે ગર્વ કરો” શબ્દસમૂહનો અર્થ “તમારા કાર્યને સારી રીતે કરવામાં સંતોષ પામો” તરીકે કરી શકાય.
- “યહોવામાં ગર્વ કરો” અભિવ્યક્તિનો અનુવાદ “યહોવાએ કરેલી બધી જ અદભૂત બાબતો વિષે આનંદ કરો” અથવા તો “યહોવા કેટલા અદભૂત છે તે વિષે આનંદિત રહો” તરીકે પણ કરી શકાય.

(આ જૂઓ: અહંકારી, નમ્ર, આનંદ)

## બાઇબલના સંદર્ભો:

- 1 તિમોથી 3:6-7
- 2 કરિંથી 1:12-14
- ગલાતી 6:3-5
- યશાયા 13:19-20
- લૂક 1:50-51

## બાઇબલ વાતાાઓમાંથી ઉદાહરણો:

- **4:2** તેઓ ખૂબ જ **અભિમાની** હતા અને ઈશ્વરે જે કહ્યું તેની તેઓએ પરવા કરી નહીં.
- **34:10** પછી ઈસુએ કહ્યું, “હું તમને સત્ય કહું છું, ઈશ્વરે કર ઉઘરાવનારની પ્રાર્થના સાંભળી અને તેને ન્યાયી જાહેર કર્યો.

પણ તેમણે ધાર્મિક આગેવાનની પ્રાર્થના પસંદ ન હતી. જે કોઈ **અભિમાની** છે તેને ઈશ્વર નીચો કરશે અને જે કોઈ પોતાને નમ્ર કરે છે તેને તેઓ ઊંચો કરશે.”

## શબ્દ માહિતી:

- Strong's: H1341, H1343, H1344, H1346, H1347, H1348, H1349, H1361, H1362, H1363, H1364, H1396, H1466, H1467, H1984, H2086, H2087, H2102, H2103, H2121, H3093, H3238, H3513, H4062, H1431, H4791, H5965, H7293, H7295, H7312, H7342, H7311, H7407, H7830, H8597, G212, G1391, G1392, G2744, G2745, G2746, G3173, G5187, G5229, G5243, G5244, G5308, G5309, G5426, G5450

# અર્થ કાઢવો, અર્થઘટન કરે છે, અર્થઘટન કરેલું, અર્થ કાઢવો, અનુવાદ, અર્થઘટનો, અનુવાદક/અર્થ કાઢનાર

## સત્યો:

"અર્થ કાઢવો" અને "અર્થઘટન" શબ્દો, કશાકનો અર્થ કે જે સ્પષ્ટ નથી તે સમજવો અને સમજાવવો, તે દર્શાવે છે.

- મોટેભાગે બાઈબલમાં આ શબ્દોને સ્વપ્નો અથવા દર્શનોના અર્થ સમજાવવાના અનુસંધાનમાં વાપરવામાં આવ્યા છે.
- જયારે બાબિલના રાજાને કેટલાક ગૂંચવણવાળા સ્વપ્નો આવ્યા, ત્યારે દેવે દાનિયેલને તેઓના અર્થ કાઢવા તથા તેઓના અર્થો સમજાવવા મદદ કરી.
- સ્વપ્નનો "અર્થ કાઢવો" એનો અર્થ કે સ્વપ્નનો "ખુલાસો" કરવો.
- જૂના કરારમાં, ક્યારેક દેવે ભવિષ્યમાં શું બનવાનું છે તે વ્યક્ત કરવા સ્વપ્નોનો ઉપયોગ કર્યો છે.

જેથી સ્વપ્નોના અર્થઘટનો ભવિષ્યવાણીઓ હતા.

- "અર્થ કાઢવો" શબ્દ અન્ય બાબતોના અર્થ કાઢવા પણ દર્શાવવામાં આવ્યા છે, જેવા કે વાતાવરણ કેટલું ગરમ અથવા ઠંડુ છે, તે કેટલું તોફાની છે, અને આકાશ કેવું દેખાય છે.
- "અર્થ કાઢવો" શબ્દના ભાષાંતરમાં, "શબ્દનો અર્થ બહાર લાવવા" અથવા "સમજાવવું" અથવા "(તે)નો અર્થ આપવો" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- "અર્થઘટન" શબ્દનું ભાષાંતર, "સમજૂતી" અથવા "અર્થ" તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: બાબિલ, દાનિયેલ, સ્વપ્ન, પ્રબોધક, દર્શન)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 12:9-11
- દાનિયેલ 4:4-6
- ઉત્પત્તિ 40:4-5
- ન્યાયાધીશો 7:15-16
- લૂક 12:54-56

## શબ્દ માહિતી:

- Strong's: H995, H3887, H6591, H6622, H6623, H7667, H7760, H7922, G1252, G1328, G1329, G1381, G1955, G2058, G3177, G4793

# અર્પણ, સમર્પિત કરવું, સમર્પિત કરાયેલું, સમર્પણ

## વ્યાખ્યા:

સમર્પિત કરવું એટલે અલગ કરવું અથવા કઈંક વિશેષ હેતુ માટે અથવા કાર્ય માટે સોંપવું.

- દાઉદે તેનું સોનું અને ચાંદી પ્રભુને અર્પણ કર્યું.
- મોટેભાગે “સમર્પણ” શબ્દ, ઔપચારિક પ્રસંગ અથવા સમારંભના વિશેષ હેતુ માટે જે કઈંક અલગ કરેલ છે, તેને દર્શાવે છે
- વેદીના સમર્પણમાં દેવને અપાતા બલિદાનના અર્પણનો પણ સમાવેશ થાય છે.
- નહેમ્યાએ ઈઝરાએલીઓને યરૂશાલેમના દીવાલોનું સમારકામના કાર્યની સાથે ફક્ત યહોવાની જ સેવા કરવાનું વચન તાજું કરાવ્યું અને તેના શહેરની સંભાળ રાખવાના સમર્પણમાં દોર્યા.

આ પ્રસંગમાં સંગીતના સાધનો અને સંગીત સાથે દેવનો આભાર માનવાનો પણ સમાવેશ થયો હતો.

“સમર્પિત” શબ્દનું ભાષાંતર, “ખાસ વિશેષ હેતુ માટે સોંપેલું” અથવા “કઈંક ચોક્કસ ઉપયોગ માટે વપરાવવા સોંપવું” અથવા “કોઈકને વિશેષ કાર્ય કરવા માટે સોંપવું” એમ પણ (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: સોંપવું)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 15:11-12
- 1 કરિંથી 6:9-11
- 1 રાજા 7:51
- 1 તિમોથી 4:3-5
- 2 કાળવૃતાંત 2:4-5
- યોહાન 17:18-19
- લૂક 2:22-24

## શબ્દ માહિતી:

- Strong's: H2596, H2597, H2598, H2764, H4394, H6942, H6944, G1456, G1457

# અવયવ, અવયવો

## વ્યાખ્યા:

“અવયવ” શબ્દ એક જટિલ શરીર કે જૂથના એક ભાગનો ઉલ્લેખ કરે છે.

- નવો કરાર ખ્રિસ્તીઓનું વર્ણન ખ્રિસ્તના શરીરના “અવયવો” તરીકે કરે છે.

ખ્રિસ્તમાં વિશ્વાસીઓ એક જૂથના ભાગ છે કે જે ઘણા સભ્યોનું બનેલું છે.

- ઈસુ ખ્રિસ્ત તે શરીરના “શિર” છે અને વ્યક્તિગત વિશ્વાસીઓ તે શરીરના અવયવો તરીકે કાર્ય કરે છે.

પવિત્ર આત્મા સમગ્ર શરીરને સારી રીતે કાર્ય કરવામાં મદદ કરવા શરીરના દરેક અવયવને ખાસ ભૂમિકા આપે છે.

- યહૂદી સભા અને ફરોશીઓ જેવા જૂથોમાં ભાગ લેતા વ્યક્તિઓને પણ તે જૂથોના “અવયવો” કહેવામાં આવે છે.

(આ પણ જૂઓ: શરીર, ફરોશી, સભા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કરિંથી 6:14-15
- 1 કરિંથી 12:14-17
- ગણના 16:1-3
- રોમનો 12:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H1004, H1121, H3338, H5315, H8212, G1010, G3196, G3609

# અવાજ, અવાજો

## વ્યાખ્યા:

"અવાજ" શબ્દનો ઉપયોગ ઘણી વખત બોલવાની અથવા કંઈક વાતચીત કરવા માટે વપરાય છે. ઈશ્વરે પોતાના અવાજનો ઉપયોગ કર્યો એમ કહેવાય છે, ભલે તે મનુષ્યની જેમ જ કોઈ અવાજ ન હોય.

- આ શબ્દનો ઉપયોગ સમગ્ર વ્યક્તિનો ઉલ્લેખ કરવા માટે થઈ શકે છે, જેમ કે વિધાનમાં "અરણ્યમાંપોકારનારની વાણી સંભળાય છે, 'ઈશ્વરનો માર્ગ તૈયાર કરો.' 'આનું ભાષાંતર " એક વ્યક્તિ અરણ્યમાં બોલતો સંભળાય છે .... " કરી શકાય છે (જુઓ: લક્ષણલંકાર)

"* કોઈના અવાજ સાંભળવો" નો અનુવાદ "કોઈને બોલતા સાંભળવો" તરીકે પણ કરી શકાય છે. "* અવાજ" શબ્દ કેટલીકવાર વસ્તુઓ માટે ઉપયોગમાં લેવાય છે જે શાબ્દિક રીતે બોલી શકતા નથી, જેમ કે જયારે દાઊદે ગીતશાસ્ત્રમાં કહ્યું કે સ્વર્ગની "વાણી" ઈશ્વરનાં શકિતશાળી કાર્યોને જાહેર કરે છે. આનો અનુવાદ આ પણ કરી શકાય છે "તેમની ભવ્યતા બતાવે છે કે ઈશ્વર કેટલા મહાન છે."

(આ પણ જુઓ: બોલાવવા, જાહેર કરવું, [વૈભવ])

## બાઇબલ સંદર્ભો

- યોહાન 5:36-38
- લૂક 1:42-45
- લૂક 9:34-36
- માથ્થી 3:16-17
- માથ્થી 12:19-21

## શબ્દ માહિતી:

- Strong's: H6963, H7032, H7445, H8193, G2906, G5456, G5586

# અશુદ્ધ કરવું, ભ્રષ્ટ કરે છે, અશુદ્ધ કરેલું, અભડાવવું, અશુદ્ધ થવું, અશુદ્ધ થએલા, અશુદ્ધ થયેલ હતો, અશુદ્ધ થયેલ હતા

### વ્યાખ્યા:

“અશુદ્ધ થવું” અથવા “અશુદ્ધ કરાવવું” શબ્દો, પ્રદૂષિત અથવા ગંદી થયેલ બાબતને દર્શાવે છે. અશુદ્ધ હોવું એ કંઈક શારીરિક, નૈતિક અથવા ધાર્મિક અર્થમાં હોઈ શકે છે.

- દેવે ઈઝરાએલીઓને ચેતવણી આપી કે જે વસ્તુઓ તેણે “અશુદ્ધ” અથવા “અપવિત્ર” જાહેર કરી છે તે ખાવા અથવા અડકવા દ્વારા પોતાને અશુદ્ધ ન કરે.
- ચોક્કસ વસ્તુઓ જેવી કે મૃતદેહ અને ચેપી રોગો દેવ દ્વારા અશુદ્ધ જાહેર કરાયા છે અને જો વ્યક્તિ તેઓને અડકે તો તે અશુદ્ધ ગણાય.
- દેવે ઈઝરાએલીઓને જાતીય પાપોથી દૂર રહેવાની આજ્ઞા આપી.

આ તેઓને અશુદ્ધ કરશે અને તેઓ દેવ માટે અસ્વીકાર્ય બનશે.

- ત્યાં ચોક્કસ પ્રકારની શારીરિક પ્રક્રિયાઓ હતી કે જે જ્યાં સુધી ધાર્મિક રીતે ફરીથી શુદ્ધ થાય ત્યાં સુધી વ્યક્તિને કામચલાઉ અશુદ્ધ ગણાતો.
- નવા કરારમાં, ઈસુએ શીખવ્યું કે પાપી વિચારો અને કાર્યો છે કે જે સાચે જ વ્યક્તિને અશુદ્ધ કરે છે.

## ભાષાંતરના સૂચનો:

- “અશુદ્ધ કરવું” શબ્દનું ભાષાંતર, “કોઇથી અશુદ્ધ થવું” અથવા “અન્યાયી બનવું” અથવા “ધાર્મિક રીતે અસ્વીકાર્ય બનવું” એમ પણ (ભાષાંતર) કરી શકાય છે.
- ” “અશુદ્ધ બનવું” શબ્દનું ભાષાંતર, “અશુદ્ધ થવું” અથવા “(દેવ માટે) નૈતિક રીતે અસ્વીકાર્ય હોવું” અથવા “ધાર્મિક રીતે અસ્વીકાર્ય થવું” એમ કરી (ભાષાંતર) શકાય છે.

(આ પણ જુઓ: સ્વચ્છ, શુદ્ધ)

## બાઈબલની કલમો:

- 2 રાજા 23:8-9
- નિર્ગમન 20:24-26
- ઉત્પત્તિ 34:27-29
- ઉત્પત્તિ 49:3-4
- યશાયા 43:27-28
- લેવીય 11:43-45
- માર્ક 7:14-16
- માથ્થી 15:10-11

## શબ્દ માહિતી:

- Strong's: H1351, H1352, H1602, H2490, H2491, H2610, H2930, H2931, H2933, H2936, H5953, G733, G2839, G2840, G3392, G3435, G4696, G5351

# અહંકારી, અહંકારથી, અહંકાર

## વ્યાખ્યા:

આ શબ્દ “અહંકારી” એટલે અભિમાન, ખુલ્લું, બાહ્ય આડંબર કરનાર. અહંકારી વ્યક્તિ વારંવાર પોતા વિશે બડાઈ કરશે. સામાન્ય રીતે અહંકારી તરીકે વિચારે છે કે બીજા લોકો મહત્વના નથી અથવા બીજા પોતાના જેવા પ્રભાવશાળી નથી. લોકો કે જેઓ દેવને સન્માન આપતા નથી અને જેઓ અહંકારી છે તેઓ તેની વિરદ્ધ બંડ કરે છે કારણકે તેઓ સ્વીકારતા નથી કે દેવ કેટલો મહાન છે.

(આ પણ જુઓ : સ્વીકારવું, બડાઈ, અભિમાન)

## બાઈબલની કલમો:

- 1 કોરંથી 4:17-18
- 2 પિતર 2:17-19
- હઝકિએલ 16:49-50
- નીતિવચન 16:5-6
- ગીતશાસ્ત્ર 56:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H1346, H1347, H6277

# અહેવાલ આપવો, અહેવાલ આપે છે, અહેવાલ આપ્યો

## વ્યાખ્યા:

“અહેવાલ આપવો” શબ્દનો અર્થ જે બન્યું તેના વિષે લોકોને જણાવવું એવો થાય છે જેમાં ઘણી વાર તે ઘટના વિષેની વિગતો આપવામાં આવે છે. જે કહેવામાં આવે છે તે “અહેવાલ” છે અને તે બોલીને કે લખીને આપી શકાય છે.

- “અહેવાલ આપવો” નો અનુવાદ “કહેવું” અથવા તો “સમજાવવું” અથવા તો “ની વિગતો આપવી” તરીકે પણ કરી શકાય.
- “આનો અહેવાલ કોઈને આપશો નહીં” અભિવ્યક્તિનો અનુવાદ “કોઇની પણ સાથે આના વિષે વાત કરશો નહીં” અથવા તો “કોઈને પણ આના વિષે કહેશો નહીં” તરીકે કરી શકાય.
- “અહેવાલ” નો અનુવાદ સંદર્ભ અનુસાર, “સ્પષ્ટિકરણ” અથવા તો “વાર્તા” અથવા તો “વિગતવાર હેવાલ” તરીકે કરી શકાય.

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 5:22-23
- યોહાન 12:37-38
- લૂક 5:15-16
- લૂક 8:34-35
- માથ્થી 28:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H1681, H1696, H1697, H5046, H7725, H8034, H8052, H8085, H8088, G189, G191, G312, G518, G987, G1225, G1310, G1426, G1834, G2036, G2162, G2163, G3004, G3056, G3140, G3141, G3377

# આજીજી કરવી, ભીખ માંગી, ભિક્ષા માંગવી, ભિખારી

## વ્યાખ્યા:

"માગવું" શબ્દનો અર્થ, તાકીદથી કોઈની પાસે કંઇક માંગવું. તે મોટે ભાગે પૈસા માંગવા માટે વપરાય છે, પણ તે સામાન્ય રીતે કોઈ બાબતની આજીજી કરવા માટે પણ વપરાય છે.

- જયારે લોકોને કોઈ બાબતની ખુબ જ જરૂરીઆત હોય ત્યારે તેઓ કંઇક ભારપૂર્વક આજીજીપૂર્વક માગણી કરે છે, પણ તેમને ખબર હોતી નથી કે તે વ્યક્તિ તેઓ જે પૂછે છે તે આપવા સમર્થ છે કે નહીં.
- "ભિખારી" કોઈ એક વ્યક્તિ છે કે જે નિયમિતપણે જાહેર જગ્યામાં બેસીને અથવા ઉભા રહીને લોકો પાસે પૈસા માંગે છે.

સંદર્ભ પ્રમાણે, આ શબ્દનું ભાષાંતર "આજીજી કરવી" અથવા "તાકિદથી માંગવું" અથવા "પૈસાની માંગણી કરવી" અથવા "નિયમિતપણે પૈસા માંગવા" થઇ શકે છે.

(આ પણ જુઓ: આજીજી કરવી)

## બાઈબલની કલમો:

- લૂક 16:19-21
- માર્ક 6:56
- માથ્થી 14:34-36
- ગીતશાસ્ત્ર 45:12-13

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **10:4** દેવે આખા મિસર દેશ પર દેડકાં મોકલ્યાં.

ફારુને મૂસાને દેડકાં દૂર કરવા વિનંતી કરી.

- **29:8** "રાજાએ ચાકરને બોલાવીને કહ્યું, ઓ દુષ્ટ ચાકર

મેં તારું દેવું માફ કર્યું કારણકે તે મને આજીજી કરી."

- **32:7**ભૂતોએ ઈસુને આજીજી કરી, "મહેરબાની કરી અમને આ પ્રદેશમાંથી બહાર ન મોકલ.

ત્યાં ભૂંડોનું એક ટોળું પર્વતની નજીક ચરતું હતું. જેથી, ભૂતોએ ઈસુને વિનંતીકરી "મહેરબાની કરી અમને ભૂંડોની અંદર મોકલો."

- **32:10** જેનામાં ભૂતો હતા, તે માણસે ઈસુની સાથે જવા માટે વિનંતી કરી.
- **35:11**તેના પિતાએ બહાર આવીને તેઓની સાથે ઉત્સવ કરવા તેને વિનંતી કરી, પણ તેણે ઇનકાર કર્યો.
- **44:1**એક દિવસ, પિતર અને યોહાન મંદિરમાં જઈ રહ્યા હતા.

જયારે તેઓ મંદિરના દરવાજા પાસે ગયા, ત્યારે તેઓએ એક લંગડા માણસને પૈસાની ભીખ માંગતો જોયો.

## શબ્દ માહિતી:

- Strong's: H34, H7592, G154, G1871, G4319, G4434, G6075

# આજીજી, આજીજીઓ, આજીજી કરવી, આજીજી કરે છે, આજીજી કરી, આજીજી કરતું, આજીજીઓ કરતું

## તથ્યો:

"આજીજી" અને "આજીજી કરતું" શબ્દો કોઈ વ્યક્તિને કશું કરવા તાત્કાલિક કહેવું તેનો ઉલ્લેખ કરે છે. "આજીજી" એક તાકીદની વિનંતી છે.

- આજીજી કરવામાં એ સૂચિત થાય છે કે વ્યક્તિ બહુ ભારે જરૂરિયાત અનુભવે છે અથવા તો ભારપૂર્વક મદદ ઈચ્છે છે.
- લોકો ઈશ્વરને આજીજી કરી શકે અથવા તો તેમની દયા માટે તાકીદની અરજ ગુજારી શકે અથવા તો તેમના પોતાના માટે કે કોઈ બીજા માટે કશુંક આપવા કહી શકે.
- આનો અનુવાદ "ભીખ માંગવી" અથવા તો "વિનવણી કરવી" અથવા તો "તાકીદથી માંગવુ" જેવી બીજી રીતે પણ કરી શકાય.
- "આજીજી" શબ્દનો અનુવાદ "તાકીદની વિનંતી" અથવા તો "દ્રઢ અરજ" તરીકે પણ કરી શકાય.
- આ સંદર્ભમાં એ સ્પષ્ટ કરવા પર ધ્યાન રાખો આ શબ્દ પૈસા માટે ભીખ માગવાનો ઉલ્લેખ કરતો નથી.

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 8:3-5
- ન્યાયાધીશો 6:31-32
- લૂક 4:38-39
- નીતિવચન 18:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H1777, H2603, H3198, H4941, H4994, H6279, H6293, H6664, H6419, H7378, H7379, H7775, H8199, H8467, H8469, G1189, G1793, G2065, G3870

# આજ્ઞા પાળવી, પાલન કરવું/રાખવું

## વ્યાખ્યા:

“આજ્ઞા પાળવી” શબ્દોનો અર્થ છે, વ્યક્તિ અથવા નિયમ દ્વારા જે આજ્ઞા કરવામાં આવી હોય તે કરવું. “આજ્ઞાંકિત” શબ્દ આજ્ઞા પાળતી વ્યક્તિને દર્શાવે છે. ક્યારેક આજ્ઞા એટલે કશુંક કરવાનો નિષેધ, જેમ કે "ચોરી કરવી નહિ" થાય છે. આ કિસ્સામાં "આધીન થવું"નો અર્થ ચોરી કરવી નહિ. બાઈબલમાં , મોટાભાગે "પાલન કરવું"નો અર્થ "આજ્ઞા પાળવી" થાય છે.

- સામાન્ય રીતે “આજ્ઞા પાળવી” નો ઉપયોગ અધિકાર ધરાવનાર વ્યક્તિની આજ્ઞાઓ અથવા તો કાયદાને પાળવાના સંદર્ભમાં થાય છે. ઉદાહરણ તરીકે, દેશ, રાજ્ય કે બીજી કોઈ સંસ્થાના આગેવાનો દ્વારા બનાવેલા કાયદાનું પાલન લોકો કરે છે.
- બાળકો તેમના માતાપિતાની આજ્ઞા પાળે છે, લોકો ઈશ્વરની આજ્ઞા પાળે છે અને નાગરિકો તેમના દેશના કાયદા પાળે છે.
- જ્યારે અધિકાર ધરાવનાર કોઈ વ્યક્તિ લોકોને કશુંક ન કરવા કહે છે ત્યારે, તેઓ તે ન કરવા દ્વારા તેઓ આજ્ઞા પાળે છે.
- આજ્ઞા પાળવીનો અનુવાદ કરવામાં એવો શબ્દ કે શબ્દસમૂહનો સમાવેશ કરી શકે જેનો અર્થ “જે આજ્ઞા આપી છે તે કરવું” અથવા તો "હુકમો અનુસાર વર્તવું" અથવા “ઈશ્વર જે કરવા કહે છે તે કરવું” થાય છે.
- “આજ્ઞાકિંત” શબ્દનો અનુવાદ “જે આજ્ઞા આપી હતી તે પ્રમાણે કરનાર” અથવા તો “હુકમોનું અનુસરણ કરનાર” અથવા તો “ઈશ્વરે જે આજ્ઞા આપી તેને પાળનાર” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: નાગરિક, આજ્ઞા, આજ્ઞા ન પાળવી, રાજ્ય, કાયદો)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 5:29-32
- પ્રેરિતોનાં કૃત્યો 6:7
- ઉત્પત્તિ 28:6-7
- યાકૂબ 1:22-25
- યાકૂબ 2:10-11
- લૂક 6:46-48
- માથ્થી 7:26-27
- માથ્થી 19:20-22
- માથ્થી 28:20

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **3:4** નૂહે ઈશ્વરની **આજ્ઞા પાળી.** તેણે તથા તેના ત્રણ દીકરાઓએ જે પ્રમાણે ઈશ્વરે કહ્યું હતું તેમ વહાણ બનાવ્યું.
- **5:6** ઇબ્રાહિમે ફરીથી ઈશ્વરની **આજ્ઞા પાળી** અને તેના દીકરાનું બલિદાન આપવાની તૈયારી કરી.
- **5:10** “તેં ઇબ્રાહિમે મારી **આજ્ઞા પાળી** છે માટે, દુનિયાના બધા જ કુટુંબો તારા કુટુંબ દ્વારા આશીર્વાદિત થશે.”
- **5:10** પણ ઈજીપ્તના લોકોએ ઈશ્વર પર વિશ્વાસ કર્યો નહિ કે તેમની **આજ્ઞાઓ પાળી** નહિ.
- **13:7** જો લોકો આ **નિયમો પાળે** તો, ઈશ્વરે ખાતરીદાયક વચન આપ્યું કે તેઓ તેમને આશીર્વાદ આપશે અને તેમનું રક્ષણ કરશે.

## શબ્દ માહિતી:

- Strong's: H1697, H2388, H3349, H4928, H6213, H7181, H8085, H8086, H8104, G191, G544, G3980, G3982, G4198, G5083, G5084, G5218, G5219, G5255, G5292, G5293, G5442

# આજ્ઞાભંગ/અનાદર, આજ્ઞાભંગ કર્યો, આજ્ઞાપાલન ન કરેલ/આજ્ઞાની અવજ્ઞા, આજ્ઞાંકિત નહીં તેવું/બળવાખોર

## વ્યાખ્યા:

"આજ્ઞાભંગ" શબ્દનો અર્થ, સત્તામાં રહેલ કોઈકે અધિકારથી આદેશ અથવા જે સૂચના આપી છે તે ન પાળવી. વ્યક્તિ કે જે આ કરે છે તે "આજ્ઞાની અવજ્ઞા" કરનારું હોય છે.

- વ્યક્તિને જે કઈંક ના કરવાનું કહેવામાં આવ્યું છે તે કરે છે ત્યારે તે આજ્ઞાની અવજ્ઞા છે.
- આજ્ઞાભંગનો અર્થ, જે કઈંક કરવા માટે આદેશ આપવામાં આવ્યો હતો તેનો ઇન્કાર કરવો.
- "અવગણના" શબ્દ, કોઈક કે જેને આજ્ઞાભંગ અથવા બળવો કરવાની ટેવ હોય છે, તેના ચરિત્રના વર્ણન માટે પણ વાપરવામાં આવ્યો છે. તેનો અર્થ કે તેઓ પાપી અથવા દુષ્ટ છે.
- "આજ્ઞાભંગ" શબ્દનો અર્થ, "આજ્ઞા ન પાળવાનું કાર્ય" અથવા "ઈશ્વરની ઈચ્છા વિરુદ્ધનું વર્તન."
- "આજ્ઞાભંગ કરનારા લોકો" (શબ્દસમૂહનું) ભાષાંતર, "લોકો કે જેઓ આજ્ઞાભંગ કરવાનું ચાલુ રાખે છે" અથવા "લોકો કે જેઓ ઈશ્વરે જે આદેશો આપ્યા છે તે કરતા નથી" એવું (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: અધિકાર, દુષ્ટ, પાપ, આજ્ઞા પાળવી)

## બાઈબલની કલમો:

- 1 રાજા 13:20-22
- પ્રેરિતો 26:19-21
- કલોસ્સી 3:5-8
- લૂક 1:16-17
- લૂક 6:49
- ગીતશાસ્ત્ર 89:30-32

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **2:11** ઈશ્વરે માણસને કહ્યું તે તારી પત્નીનું સાભળ્યું અને મારો **અનાદર** કર્યો.
- **13:7** ઈશ્વરે વચન આપ્યું કે, જો લોકો આ નિયમોનું પાલન કરશે તો તે તેઓને આશીર્વાદ આપશે અને રક્ષણ કરશે. જો તેઓ તેમનો **અનાદર** કરશે, તો ઈશ્વર તેઓને શિક્ષા કરશે.
- **16:2** ઈઝરાએલીઓએ **અવજ્ઞા** કરવાનું ચાલુ રાખ્યું તેથી ઈશ્વરે તેમને તેમના દુશ્મનો દ્વારા હરાવવા દઈને સજા કરી.
- **35:12** "મોટા દીકરાએ તેના પિતાને કહ્યું, 'આ બધાંજ વર્ષોમાં મેં વિશ્વાસુપણે તમારા માટે કામ કર્યું છે! મેં કદી તમારો **અનાદર** કર્યો નથી, છતાંપણ તમે મને એક બકરીનું બચ્ચું સુધ્ધા આપ્યું નથી કે જેથી હું મારા મિત્રો સાથે ઉજવણી કરી શકું.'"

## શબ્દ માહિતી:

- Strong's: H4784, H5674, G506, G543, G544, G545, G3847, G3876

# આડો/કુટિલ, આડાઈથી, વિકૃત, કુટિલતાઓ/અવળાઈઓ, દ્વેષપૂર્ણ, અપ્રમાણિક, વિકૃતિ

## વ્યાખ્યા:

"આડો" શબ્દનો ઉપયોગ નૈતિક રીતે કુટિલ અથવા તો વિકૃત વ્યક્તિ કે વ્યવહારને દર્શાવવા માટે થાય છે. "આડાઈથી" શબ્દનો અર્થ "આડી રીતે" એવો થાય છે. કોઈ બાબતને "વિકૃત કરવી" નો અર્થ થાય છે તેને મરોડવી અથવા તો જે સાચું અને સારું છે તેનાથી દૂર લઈ જવી.

- કોઈક વ્યક્તિ કે વસ્તુ જે આડી છે તે, જે સાચું અને સારું છે તેનાથી વિચલિત થઈ ગઈ છે.
- બાઈબલમાં, ઈઝરાયલીઓએ જ્યારે ઈશ્વરની આજ્ઞાઓ ન માની ત્યારે તેઓ આડાઈથી વર્ત્યા. તેઓએ જૂઠા દેવોની પૂજા કરીને આવું ઘણી વાર કર્યું હતું.
- ઈશ્વરના ધોરણો અને વ્યવહારની વિરુદ્ધનું કોઈ પણ કામ આડાઈ ગણાય છે.
- "આડાઈ" નો અનુવાદ સંદર્ભ અનુસાર "નૈતિક રીતે વિકૃત" અથવા તો "અનૈતિક" અથવા તો "ઈશ્વરના સીધા માર્ગેથી દૂર જવું" કરી શકાય.
- "આડી વાણી" નો અનુવાદ "દુષ્ટ રીતે બોલવું" અથવા તો "કપટી વાત" અથવા તો "અનૈતિક રીતે બોલવું" કરી શકાય.
- "આડા લોકો" ને "અનૈતિક લોકો" અથવા તો "નૈતિક રીતે વિચલિત લોકો" અથવા તો "સતત ઈશ્વરની આજ્ઞાઓ ન પાળનારા લોકો" તરીકે વર્ણવી શકાય.
- "આડી રીતે વર્તવું" શબ્દસમૂહનો અનુવાદ "દુષ્ટ રીતે વ્યવહાર કરવો" અથવા તો "ઈશ્વરની આજ્ઞાઓ વિરુદ્ધની બાબતો કરવી" અથવા તો "ઈશ્વરનું શિક્ષણ નકારતી રીતે જીવવું" કરી શકાય.
- "વિકૃત કરવું" શબ્દનો અનુવાદ "ભ્રષ્ટ કરવા માટેનું કારણ બનવું" અથવા તો "કોઈ બાબતને દુષ્ટ બનાવવી" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: ભ્રષ્ટ, છેતરવું, આજ્ઞા ન પાળવી, દુષ્ટ, બદલવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજા 8:46-47
- 1 શમુએલ 20:30-31
- અયૂબ 33:27-28
- લૂક 23:1-2
- ગીતશાસ્ત્ર 101:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H1942, H2015, H3399, H3868, H3891, H4297, H5186, H5557, H5558, H5753, H5766, H5773, H5791, H5999, H6140, H6141, H8138, H8397, H8419, G654, G1294, G3344, G3859

# આતંક, આતંકવાદ, આતંકવાદ, ભય, ભયભીત, ભયભીત, ભયાનક

## વ્યાખ્યા:

"આતંક" શબ્દનો અર્થ અત્યંત ભયનો અનુભવ થાય છે કોઇ વ્યક્તિને "ભયભીત" કરવાનો અર્થ વ્યક્તિને ખૂબ ભયભીત થવાનું કારણ બનવું એમ થાય છે

- '' આતંક '' કંઈક અથવા કોઈ વ્યક્તિ જેનાથી ભય અથવા બીક પેદા થવાનું કારણ છે.

આતંકનું ઉદાહરણ આક્રમક દુશ્મનના લશ્કરનું આક્રમણ અથવા પ્લેગ અથવા રોગ કે જે વ્યાપક છે, જેમાં ઘણા લોકો માર્યા ગયા હોઈ શકે છે.

- આ ભયને "ભયાનક" તરીકે વર્ણવી શકાય છે.

આ શબ્દનો અનુવાદ "ભયનું કારણ" અથવા "આતંક ઉત્પન્નકર્તા" તરીકે કરી શકાય છે.

- ઈશ્વરનો ચુકાદો કોઈક દિવસે પસ્તાવો નહિ કરનાર લોકોને ભયભીત કરશે જેઓ તેમની કૃપાને નકારે છે.
- 'યહોવાનું ભય' એ "યહોવાહની ભયાનક હાજરી" અથવા "યહોવાહનો ભયાનક ચુકાદો" અથવા "જ્યારે યહોવા મહાન ભય પેદા કરે છે." એમ ભાષાંતર કરી શકાય છે
- 'આતંક' નું ભાષાંતર કરવાની રીતોમાં "ભારે ડર" અથવા "ઊંડો ભય" પણ શામેલ હોઈ શકે છે.

(આ પણ જુઓ: પ્રતિસ્પર્ધી, ભય, ન્યાયાધીશ, પ્લેગ, યહોવાહ)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 2:24-25
- નિર્ગમન 14:10-12
- લુક 21:7-9
- માર્ક 6:48-50
- માથ્થી 28:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H367, H926, H928, H1091, H1161, H1204, H1763, H2111, H2189, H2283, H2731, H2847, H2851, H2865, H3372, H3707, H4032, H4048, H4172, H4288, H4637, H6184, H6206, H6343, H6973, H8541, G1629, G1630, G2258, G4422, G4426, G5401

# આત્મવિશ્વાસ, આત્મવિશ્વાસી, આત્મવિશ્વાસપૂર્વક

## વ્યાખ્યા:

"આત્મવિશ્વાસ" કઈંક કે જે ચોક્કસ સાચું અથવા ચોક્કસ બનવાનું છે તેને દર્શાવે છે.

- બાઈબલમાં, "આશા" શબ્દ, મોટેભાગે કઈંક કે જે ચોક્કસ બનવાનું છે, તેની અપેક્ષા રાખી રાહ જોવી.

મોટેભાગે યુએલબી (અંગ્રેજી આવૃત્તિ) આ શબ્દનું ભાષાંતર, "આત્મવિશ્વાસ" અથવા "ભવિષ્ય માટે આત્મવિશ્વાસ" અથવા "ભવિષ્યનો આત્મવિશ્વાસ," ખાસ કરીને જયારે ઈસુમાં જે વિશ્વાસીઓ છે તેઓને દેવે વચન આપ્યુ છે, તે તેઓ ખાતરીથી પ્રાપ્ત કરશે, તેવો અર્થ થાય છે.

- મોટેભાગે "આત્મવિશ્વાસ" શબ્દ, ખાસ કરીને ઈસુમાં જે વિશ્વાસીઓ છે કે જે ઓને ખાતરી છે કે તેઓ એક દિવસે હંમેશા માટે દેવની સાથે સ્વર્ગમાં હશે.
- "દેવમાં આત્મવિશ્વાસ રાખો" વાક્યનો અર્થ, દેવે શું વચન આપ્યું છે તેને સંપૂર્ણપણે સ્વીકારવાની અને અનુભવ કરવાની અપેક્ષા રાખવી.
- " આત્મવિશ્વાસું" હોવું શબ્દનો અર્થ, દેવે જે વચનો આપ્યા છે તેને ખાતરીપૂર્વક માનવા અને દેવે જે કહ્યું છે તે કરશે એવી ખાતરી રાખવી.

આ શબ્દનો અર્થ એ પણ થઈ શકે કે નિર્ભયતાથી અને હિંમતથી કાર્ય કરવું.

## ભાષાંતરના સૂચનો:

- "આત્મવિશ્વાસી" શબ્દનું ભાષાંતર, "ખાતરીપૂર્વક" અથવા "ખૂબ જ સાચું," થઇ શકે છે.
- "આત્મવિશ્વાસી હોવું" વાક્યનું ભાષાંતર, "સંપૂર્ણપણે ભરોસો રાખવો" અથવા "તે વિશે સંપૂર્ણપણે ખાતરી હોવી" અથવા "ચોક્કસ જાણવું," આ રીતે કરી શકાય છે.
- "આત્મવિશ્વાસપૂર્વક" શબ્દનું ભાષાંતર, "હિંમતભેર" અથવા "નિશ્ચિતતાથી" પણ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને "આત્મવિશ્વાસ" શબ્દનું ભાષાંતર, "સંપૂર્ણ ખાતરી" અથવા "ચોક્કસ અપેક્ષા" અથવા "નિશ્ચિતતા" જેવા શબ્દોનો સમાવેશ થાય છે.

(આ પણ જુઓ: સ્વીકારવું, માનવું, સાહસિક, વિશ્વાસુ, આશા, ભરોસો)

## બાઈબલની કલમો:

## શબ્દ માહિતી:

- Strong's: H982, H983, H985, H986, H3689, H3690, H4009, G1340, G2292, G3954, G3982, G4006, G5287

# આત્મસંયમ, સ્વ-નિયંત્રિત

## વ્યાખ્યા:

આત્મ-સંયમ એ પાપ કરવાનું ટાળી શકાય તે માટે પોતાના વર્તન પર કાબુ રાખવાની ક્ષમતા છે.

- તે સારી વર્તણુકનો ઉલ્લેખ કરે છે, કે જે, પાપી વિચારો, વાણી, અને કૃત્યોને ટાળે છે.
- આત્મ-સંયમ એ એક ફળ અથવા લક્ષણ છે કે જે પવિત્ર આત્મા ખ્રિસ્તીઓને આપે છે.
- વ્યક્તિ કે જે આત્મ-સંયમ રાખે છે તે પોતાને કંઈક ખોટું કરતાં રોકવા સમર્થ છે કે જે તે પોતે કરવા ઈચ્છતો હોય. ઈશ્વર જ એકમાત્ર છે કે જે વ્યક્તિને આત્મ-સંયમ રાખવાને માટે શક્તિમાન કરે.

(આ પણ જુઓ: ફળ, પવિત્ર આત્મા)

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથીઓ 7:8-9
- 2 પિત્તર 1:5-7
- 2 તિમોથી 3:1-4
- ગલાતીઓ 5:22-24

## શબ્દ માહિતી:

- Strong's: H4623, H7307, G192, G193, G1466, G1467, G1468, G4997

# આદરણીય, આદર કરવો, આદરભાવ, આદરયુક્ત

## વ્યાખ્યા:

“આદર” શબ્દ કોઈ વ્યક્તિ કે બાબત માટેના ઊંડા આદરની ભાવનાનો ઉલ્લેખ કરે છે. કોઈ વ્યક્તિ કે બાબતનો આદર કરવાનો અર્થ, તે વ્યક્તિ કે બાબત પ્રતિ આદરભાવ દર્શાવવો, થાય છે.

- આદરભાવની લાગણીઓ જે વ્યક્તિનો આદરભાવ કરવામાં આવે છે તેને માન આપતી ક્રિયાઓમાં જોઈ શકાય છે.
- પ્રભુનો ભય એક આંતરિક આદરભાવ છે કે જે ઈશ્વરની આજ્ઞાઓના આજ્ઞાપાલનમાં પ્રદર્શિત થાય છે.
- આ શબ્દનો અનુવાદ “ભય અને માન” અથવા તો "આદરયુક્ત સન્માન" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: ભય, માન, આજ્ઞાપાલન કરવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 પિતર 1:15-17
- હિબ્રૂ 11:7
- યશાયા 44:17
- ગીતશાસ્ત્ર 05:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H3372, H3373, H3374, H4172, H6342, H7812, G127, G1788, G2125, G2412, G5399, G5401

# આદરયુક્ત ભય, ભયાનક

## વ્યાખ્યા:

“આદરયુક્ત ભય” શબ્દ એક એવી બાબત દર્શાવે છે, જેમાં કોઈક મહાન, શક્તિશાળી, અને ભવ્ય જોવાથી આશ્ચર્યચકિત થઈને અને ઊંડો આદર ઉભરાઈ આવે. “ભયાનક” શબ્દ, કોઈને અથવા કાંઇક, જે આદરયુક્ત પ્રેરણા સાથે ભયની લાગણી ઉભી કરે.

- હઝકિએલ પ્રબોધકને જે દેવના મહિમાનું દર્શન દ્વારા દેખાયું, તે “ભયાનક” અથવા “આદરયુક્ત ભયવાળું” હતું.
- દેવની હાજરીનો માનવીય પ્રતિભાવ સામાન્ય રીતે ભય, પ્રણામ અથવા ઘૂંટણે પડીને, ચહેરો ઢાંકીને, અને ધ્રૂજારી પેદા કરી શકે છે.

(જુઓ: ભય, મહિમા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 17:19-21
- ઉત્પત્તિ 28:16-17
- હિબ્રૂ 12:27-29
- ગીતશાસ્ત્ર 22:22-23
- ગીતશાસ્ત્ર 147:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H366, H1481, H3372, H6206, H7227, G2124

# આધીન થવું ,આધીન થાય છે ,આધીન થયો ,આધીન થઈ રહ્યો છે ,સમર્પણ, સમર્પણમાં

## વ્યાખ્યા:

"આધીન થવાનો" સ્વાભાવિક રીતે એવો અર્થ થાય કે વ્યક્તિ સ્વૈચ્છિક રીતે કોઈ વ્યકિત કે સરકારના અધિકાર હેઠળ લાવવું.

- બાઇબલ વિશ્વાસીઓને ઈસુમાં ઈશ્વરને અને બીજા અધિકારીઓને આધીન થવાનું કહે છે.
- "એકબીજાને આધીન થાઓ" સૂચનાનો અર્થ એવો થાય કે નમ્રતાથી સુધારાને સ્વીકારવો અને પોતાની જરૂરિયાતો કરતાં બીજાની જરૂરિયાતો પ્રત્યે ધ્યાન રાખવું.
- "ની આધીનતામાં જીવવા" નો અર્થ વ્યક્તિએ પોતાને કોઈ વ્યક્તિ અથવા કોઈ અધિકાર હેઠળ મુકવું એવો થાય.

## અનુવાદ માટેના સૂચનો:

- "આધીન થાઓ" આજ્ઞાનો તરજુમો " ના અધિકાર હેઠળ તમારી જાતને મૂકો" અથવા "ની આગેવાનીને અનુસરો" અથવા "નમ્રતાથી આદર અને સન્માન આપો" એવો કરી શકીએ.
- "સમર્પણ" શબ્દનો તરજુમો "આધીનતા" અથવા "અધિકારીને અનુસરવું" એવો કરી શકીએ.
- "ની આધીનતામાં જીવવા" ના શબ્દસમૂહનો તરજુમો "ને આજ્ઞાધીન થાઓ" અથવા પોતાને કોઈકના અધિકાર હેઠળ મૂકો એવો કરી શકીએ."
- "સમર્પણમાં રહો" શબ્દસમૂહનો તરજુમો "નમ્રતાથી અધિકારીને સ્વીકારો" એવો કરી શકીએ.

(આ પણ જુઓ:આધીન)

## બાઈબલનાસંદર્ભો:

- 1 કોરીંથી 14:34-36
- 1 પિતર 3:1-2
- હિબ્રુ 13:15-17
- લૂક 10:17-20

## શબ્દ માહિતી:

- Strong's: H3584, H7511, G5226, G5293

# આનંદ કરવો, આનંદ કરે છે, આનંદી, આનંદિત

## વ્યાખ્યા:

"આનંદ" જે કોઈ બાબત કોઈક વ્યક્તિને સારી પેઠે ખુશ કરે અથવા ખૂબ આનંદિત કરે છે.

- "(કશાક) માં આનંદ કરવો" તેનો અર્થ, "(જીવન) માં આનંદ લેવો" અથવા તે "વિશે પ્રસન્ન થવું"
- જયારે કંઈક ખૂબજ અનુકૂળ અથવા ખુશી આપનારું હોય તેને "આનંદિત" કરનારું કહી શકાય છે.
- જો વ્યક્તિઓ કોઈ બાબતમાં આનંદ કરે છે, તેનો અર્થ કે તે ખૂબ જ આનંદ માણે છે.
- "યહોવાના નિયમોમાં મારો આનંદ છે" તે અભિવ્યક્તિનું ભાષાંતર, "યહોવાના નિયમો મને મહાન ખુશી આપે છે" અથવા "યહોવાના નિયમો પાડવામાં હું આનંદ માનું છું" અથવા "જયારે હું યહોવાની આજ્ઞાઓ પાડું છું ત્યારે હું ખુશ હોઉં છું" એવું (ભાષાંતર) કરી શકાય છે.
- "તેમાં પ્રસન્ન નથી" અને "તેમાં આનંદ ન લેવો" શબ્દસમૂહનું ભાષાંતર, "(તેનાથી) બિલકુલ ખુશ નથી" અથવા "(તેના) વિશે ખુશ નથી" તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- "પોતામાં આનંદ કરવો" શબ્દસમૂહનો અર્થ "તે કઈંક કરવામાં આનંદ માણે છે" અથવા કોઈ વ્યક્તિથી કે કોઈ બાબતથી "તે ખુબ જ ખુશ છે."
- "આનંદ કરવો" શબ્દ દર્શાવે છે કે વ્યક્તિ કોઈ વસ્તુઓનો આનંદ માણે છે. આ શબ્દનું ભાષાંતર, "મોજ (સુખો)" અથવા "વસ્તુઓ કે જે ખુશી આપે છે, એવું (ભાષાંતર) કરી શકાય છે.
- "હું તમારી ઈચ્છા પૂરી કરવામાં આનંદ માનું છું" તે અભિવ્યક્તિનું ભાષાંતર, "હું તમારી ઈચ્છા પૂરી કરવામાં ખુશ છું" અથવા "જયારે હું તમારી આજ્ઞા પાડું છું ત્યારે હું ખૂબ ખુશ થાઉં છું," એવું (ભાષાંતર) કરી શકાય.

## બાઈબલની કલમો:

- નીતિવચન 8:30-31
- ગીતશાસ્ત્ર 01:1-2
- ગીતશાસ્ત્ર 119:69-70
- ગીતોનું ગીત 1:1-4

## શબ્દ માહિતી:

- Strong's: H1523, H2530, H2531, H2532, H2654, H2655, H2656, H2836, H4574, H5276, H5727, H5730, H6026, H6027, H7306, H7381, H7521, H7522, H8057, H8173, H8191, H8588, H8597

# આનંદ, આનંદીત, આનંદપૂર્વક, આનંદદાયક, આનંદ કરે છે, આનંદ કર્યો, આનંદ લઈ રહ્યો છે, મોજમજા, ખુશ થવું, ખુશ થાય છે, હર્ષમાં આવી જવું, હર્ષઘેલું

## વ્યાખ્યા:

#### આનંદ

"આનંદ" શબ્દ હર્ષની લાગણી અથવા ઊંડા સંતોષને દર્શાવે છે. આને સંબંધિત શબ્દ “આનંદીત” એ વ્યક્તિને વર્ણવે છે કે જે ખૂબ પ્રસન્ન અને સંપૂર્ણ ઊંડું સુખ અનુભવે છે.

- જયારે વ્યક્તિ જે તે ખૂબ સારું છે તે અનુભવે છે ત્યારે તેને, અત્યંત આનંદ શું છે તેનો ઊંડો અનુભવ થાય છે.
- ઈશ્વર જ છે કે જે લોકોને સાચો આનંદ આપે છે.
- આનંદ હોવો તે સુખદ સંજોગો પર આધાર રાખતો નથી. જયારે તેઓના જીવનમાં ખૂબ મુશ્કેલ બાબતો બની રહી હોય છે ત્યારે પણ ઈશ્વર લોકોને આનંદ આપી શકે છે.
- ક્યારેક સ્થળોને આનંદાયક તરીકે વર્ણવેલ છે, જેમ કે ઘરો અથવા શહેરો. તેનો અર્થ કે લોકો કે જેઓ ત્યાં રહે છે, તેઓ આનંદી છે.

**આનંદ કરવો** “આનંદ કરવો” શબ્દસમૂહનો અર્થ સંપૂર્ણ આનંદ અને ઉલ્લાસમાં હોવું.

- મોટેભાગે આ શબ્દો ઈશ્વરે જે સારી બાબતો કરી છે તે વિશે ખૂબ ખુશ હોવાનું દર્શાવે છે.
- તેનું ભાષાંતર “ખૂબ ખુશ હોવું” અથવા “ખૂબ પ્રસન્ન હોવું” અથવા “સંપૂર્ણ આનંદમાં હોવું” તરીકે કરી શકાય છે.
- જયારે મરિયમે કહ્યું કે “મારો આત્મા મારા પ્રભુમાં હરખાય છે,” તેણીનો કહેવાનો અર્થ “પ્રભુ મારા તારણહારે મને ખૂબ આનંદિત કરી છે” અથવા “ મારા તારણહાર ઈશ્વરે મારા માટે જે કર્યું છે, તેથી હું ખૂબ ખુશી અનુભવું છું.”

## ભાષાંતરના સૂચનો:

- “આનંદ” શબ્દનું ભાષાંતર, “ઉલ્લાસ” અથવા “હર્ષ” અથવા “મહાન સુખ” તરીકે પણ કરી શકાય છે.
- “આનંદી રહો” શબ્દસમૂહનું ભાષાંતર, “આંનદ કરવો” અથવા “ઉલ્લાસી” અથવા “ઈશ્વરની ભલાઈમાં આનંદ કરવો” થઇ શકે છે.
- વ્યક્તિ કે જે આનંદી છે તેનું વર્ણન, “ખૂબ સુખી” અથવા “ઉલ્લાસી” અથવા “અતિશય પ્રસન્ન” તરીકે કરી શકાય છે.
- “મોટેથી હર્ષનાદ કરો” શબ્દસમૂહનું ભાષાંતર, “એવી રીતે અવાજ કરો કે તમે ખૂબ ખુશ છો” તરીકે કરી શકાય છે.
- “આનંદી શહેર” અથવા “આનંદી ઘર” નું ભાષાંતર, “શહેર કે જ્યાં આનંદી લોકો રહે છે” અથવા “આનંદી લોકોનું ભરપૂર ઘર” અથવા “શહેર કે જેના લોકો ખૂબ સુખી છે” તરીકે કરી શકાય છે. (See: ઉપનામ)

## બાઈબલની કલમો:

- નહેમ્યા 8:9-10
- ગીતશાસ્ત્ર 48:1-3
- યશાયા 56:6-7
- યર્મિયા 15:15-16
- માથ્થી 2:9-10
- લૂક 15:6-7
- લૂક 19:37-38
- યોહાન 3:29-30
- પ્રેરિતો 16:32-34
- રોમન 5:1-2
- રોમન 15:30-32
- ગલાતી 5:22-24
- ફિલિપ્પી 4:10-13
- 1 થેસ્સલોનિકી 1:6-7
- 1 થેસ્સલોનિકી 5:15-18
- ફિલેમોન 1:4-7
- યાકૂબ 1:1-3
- 3 યોહાન 1:1-4

## બાઇબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **33:7** “ખડકવાળી જમીન એક એવો વ્યક્તિ છે કે જે ઈશ્વરના વચન સાભળે છે અને **આનંદ** થી તેને સ્વીકારે છે”.
- **34:4** “ઈશ્વરનું રાજ્ય પણ એક ખજાના જેવું છે કે જેને કોઈએ ખેતરમાં સંતાડ્યું. બીજા વ્યક્તિને ખજાનો મળ્યો અને પછી તેણે તે ફરીથી દાટી દીધો. તે અતિશય **આનંદ** થી ભરપૂર હતો, તે ગયો અને તેનું જે હતું તે બધું વેચી દીધું અને તે પૈસા તેણે તે ખેતર ખરીદવામાં વાપર્યા.
- **41:7** સ્ત્રીઓ અતિશય ભયમાં અને મહાન **આનંદ** માં હતી. તેઓ શિષ્યોને સુસમાચાર આપવા દોડી ગઈ.

## શબ્દ માહિતી:

- Strong's: H1523, H1524, H1525, H1750, H2302, H2304, H2305, H2654, H2898, H4885, H5937, H5938, H5947, H5965, H5970, H6342, H6670, H7440, H7442, H7444, H7445, H7797, H7832, H8055, H8056, H8057, H8342, H8643, G20, G21, G2165, G2167, G2620, G2744, G2745, G3685, G4640, G4796, G4913, G5463, G5479

# આરામ, વિશ્રામ, આરામ કરે છે, આરામ કર્યો, આરામ કરતું, બેચેન

## વ્યાખ્યા:

“આરામ” કરવો શબ્દનો શાબ્દિક અર્થ હળવાશ અનુભવવા કે બળ પુનઃપ્રાપ્ત કરવા કામ કરવાનું બંધ કરવું એવો થાય છે. "the rest of" કોઈક વસ્તુની બાકી રહેલી બાબતોનો ઉલ્લેખ કરે છે. કાર્ય કરવાનું બંધ કરવું તે “આરામ” છે.

- કોઈ વસ્તુ “આરામ કરે છે” એમ કહી શકાય જ્યાં તેનો અર્થ તે વસ્તુ “ઊભી” છે અથવા તો “પડી” છે એવો થાય છે.
- એક હોડી “આરામના સ્થળે પહોંચે છે” નો અર્થ એ થાય છે કે તે કિનારે આવીને “અટકી છે” અથવા તો “કિનારે પહોંચી” છે.
- જ્યારે કોઈ વ્યક્તિ કે પ્રાણી આરામ કરે છે ત્યારે, તેઓ હળવાશ અનુભવવા બેઠેલા છે અથવા તો આડા પડ્યા છે.
- ઈશ્વરે ઇઝરાયલીઓને અઠવાડિયાના સાતમા દિવસે આરામ કરવા કહ્યું.

આ કામ નહીં કરવાના દિવસને “સાબ્બાથદિન” કહેવામાં આવ્યો હતો.

- કોઈ વસ્તુને બીજી વસ્તુના આધાર પર ગોઠવવીનો અર્થ તેને “મૂકવી” અથવા તો “ગોઠવવી” એવો થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, “(જાતે) આરામ કરવો” તેનો અનુવાદ “કામ કરવાનું બંધ કરવું” અથવા તો “પોતાની જાતને તાજી કરવી” અથવા તો “ભાર ઊચકવાનું બંધ કરવું” તરીકે કરી શકાય.
- કોઈ વસ્તુને બીજી વસ્તુના આધાર પર “ગોઠવવી” નો અનુવાદ તેને બીજી વસ્તુ પર “મૂકવી” અથવા તો “ગોઠવવી” અથવા તો “બેસાડવી” તરીકે કરી શકાય.
- જ્યારે ઈસુએ કહ્યું કે, “હું તમને વિશ્રામ આપીશ” ત્યારે તેનો અનુવાદ “તમે તમારો બોજો ઊચકવાનું બંધ કરો તેવું હું કરીશ” અથવા તો “હું તમને શાંત થવા મદદ કરીશ” અથવા તો “હું તમને હળવાશ અનુભવવા તથા મારામાં ભરોસો રાખવા સમર્થ કરીશ” તરીકે કરી શકાય.
- ઈશ્વરે કહ્યું, “તેઓ મારા વિશ્રામમાં પ્રવેશ નહીં કરે” અને આ વાક્યનો અનુવાદ “તેઓ મારા વિશ્રામના આશીર્વાદો નહીં માણી શકે” અથવા તો “તેઓ જે આનંદ અને શાંતિ મારામાં વિશ્વાસ કરવાથી આવે છે તેનો અનુભવ નહીં કરે” એ રીતે કરી શકાય.
- "the rest" શબ્દનો અનુવાદ “બાકી રહેલા” અથવા તો “બીજા બધા લોકો” અથવા તો “બાકી રહેલું બધુ” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: શેષ, સાબ્બાથ)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 6:40-42
- ઉત્પત્તિ 2:1-3
- યર્મિયા 6:16-19
- માથ્થી 11:28-30
- પ્રકટીકરણ 14:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H14, H1824, H1826, H2308, H3498, H3499, H4494, H4496, H4771, H5117, H5118, H5183, H5564, H6314, H7258, H7280, H7599, H7604, H7605, H7606, H7611, H7673, H7677, H7901, H7931, H7954, H8058, H8172, H8252, H8300, G372, G373, G425, G1515, G1879, G1954, G1981, G2270, G2663, G2664, G2681, G2838, G3062, G4520

# આરોપ લગાવવો/તહોમત મુકવું, આરોપી, આરોપ મુકનાર, દોષારોપણ

## વ્યાખ્યા:

”આરોપ લગાવવો“ અને “દોષારોપણ” શબ્દોનો અર્થ કોઈને કાંઇક અયોગ્ય કરવા બદલ દોષી ઠરાવવાનો ઉલ્લેખ કરે છે. જે વ્યક્તિ અન્યો પર આરોપ મૂકે છે તેને “આરોપ મુકનાર” કહે છે.

- કોઈની વિરુધ્ધ જે સાચું નથી તેવું તહોમત મુકવું એ જૂઠો આરોપ છે, જેમ કે જયારે યહૂદી આગેવાનોએ ઈસુ પર ખોટું કર્યાનું જુઠું તહોમત મુક્યું હતું.
- નવા કરારમાં પ્રકટીકરણના પુસ્તકમાં શેતાનને “ આરોપ મુકનાર” તરીકે ઓળખવામાં આવ્યો છે.

## બાઈબલની કલમો :

- પ્રેરિતોના કૃત્યો 19:38-41
- હોશિયા 4:4-5
- યર્મિયાહ 2:9-11
- લૂક 6:6-8
- રોમન 8:33-34

## શબ્દ માહિતી:

- Strong's: H3198, H8799, G1458, G2147, G2596, G2724

# આશ્ચર્ય પામેલું, આશ્ચર્ય, અચંબો પામેલું, ચકિત થઇ ગયેલ, ચકિત થવું, ચકિત, અજાયબ, અજાયબ થયેલ

## વ્યાખ્યા:

જયારે વ્યક્તિ કોઈ અસાધારણ બાબત માટે ભારે અચંબો પામે ત્યારે આ બધા શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે.

- અમુક શબ્દોની અભિવ્યક્તિ ગ્રીક ભાષામાંથી આવે છે જે દર્શાવે છે કે "કોઈ અચંબિત થઇ જાય" અથવા "પોતાને ભૂલીને આશ્ચર્યમાં પડી જાય."

આવી અભિવ્યક્તિઓ દર્શાવે છે કે વ્યક્તિ અચંબો પામીને ચકિત થઈ ગયું છે. બીજી ભાષામાં પણ આવા પ્રકારની અભિવ્યક્તિઓ હશે.

- મોટે ભાગે આવી ઘટના જે આશ્ચર્યમાં મુકીને ચકિત કરી દે છે, તે કાર્ય ફક્ત ઈશ્વર જ કરી શકે છે.
- આવા પ્રકારના શબ્દો પણ એક પ્રકારની ગુંચવણની લાગણીઓ ઉભી કરી દે છે કારણકે આવી બાબતો થવી સંપૂર્ણ રીતે અશક્ય છે.
- આવા શબ્દોનું બીજી રીતે ભાષાંતર એવું થઇ શકે છે કે "ખુબ જ આશ્ચર્ય પામી ગયું હોય" અથવા "બહુ જ ચકિત થઇ ગયું હોય."
- "આશ્ચર્ય" (અચંબો, અદભૂત) સાથે "ચકિત" અને "આશ્ચર્ય થઇ જાય" એવા શબ્દો નો સમાવેશ થાય છે.
- સામાન્ય રીતે આ શબ્દનો ઉપયોગ હકારત્મક રીતે અને જયારે કાંઈક ખુશીની બાબત બની હોય ત્યારે કરવામાં આવે છે.

(જુઓ: ચમત્કાર, નિશાની)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 8:9-11
- પ્રેરિતો 9:20-22
- ગલાતીઓ 1:6-7
- માર્ક 2:10-12
- માથ્થી 7: 28-29
- માથ્થી 15:29-31
- માથ્થી 19:25-27

## શબ્દ માહિતી:

- Strong's: H926, H2865, H3820, H4159, H4923, H5953, H6313, H6381, H6382, H6383, H6395, H7583, H8047, H8074, H8078, H8429, H8539, H8540, H8541, H8653, G639, G1568, G1569, G1605, G1611, G1839, G2284, G2285, G2296, G2297, G2298, G3167, G4023, G4423, G4592, G5059

# આશ્ચર્યરૂપ, ભયાનકતાઓ, ભયાનક, ભયાનક રીતે, ભયભીત, ભયભીત કરવું

## વ્યાખ્યા:

"આશ્ચર્યરૂપ" શબ્દ, ભય અથવા ધાસ્તીની ખૂબજ તીવ્ર લાગણીને દર્શાવે છે. વ્યક્તિ કે જે આશ્ચર્ય અનુભવે છે તેને ભયભીત કહેવામાં આવે છે.

- આશ્ચર્યરૂપ એ સામાન્ય ભય કરતાં વધુ નાટ્યાત્મક અને તીવ્ર હોય છે.
- સામાન્ય રીતે જયારે કોઈ ભયભીત છે ત્યારે તેઓ આઘાતમાં અથવા સ્તબ્ધ પણ હોય છે.

(આ પણ જુઓ: ભય, ત્રાસ)

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 28:36-37
- હઝકિયેલ 23:33-34
- યર્મિયા 2:12-13
- અયૂબ 21:4-6
- ગીતશાસ્ત્ર 55:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H367, H1091, H1763, H2152, H2189, H4032, H4923, H5892, H6343, H6427, H7588, H8047, H8074, H8175, H8178, H8186

# આશ્રય, શરણાર્થી, શરણાર્થીઓ, આશ્રયસ્થાન, આશ્રયસ્થાનો, આશ્રય લીધેલું, આશ્રય લેતું

## વ્યાખ્યા:

“આશ્રય” શબ્દ સલામતી અને સુરક્ષાની જગા અથવા પરિસ્થિતિનો ઉલ્લેખ કરે છે. “શરણાર્થી” સલામત જગા શોધનાર વ્યક્તિ છે. “આશ્રયસ્થાન” વાતાવરણ અને જોખમોથી રક્ષણ કરી શકે એવી જગાનો ઉલ્લેખ કરે છે.

- બાઇબલમાં, ઈશ્વરને ઘણી વાર આશ્રયસ્થાન તરીકે ઉલ્લેખવામાં આવ્યા છે કે જ્યાં તેમના લોકો સલામત અને સુરક્ષિત રહી શકે અને તેમની કાળજી લેવામાં આવે.
- જૂના કરારમાં “આશ્રયસ્થાનનું શહેર” શબ્દસમૂહ કેટલાક શહેરોમાંના એકનો ઉલ્લેખ કરે છે જ્યાં જે વ્યક્તિએ અકસ્માતે કોઇની હત્યા કરી હોય તો તેનો બદલો લેવા હુમલો કરતા લોકોથી રક્ષણ પામવા જઇ શકે.
- “આશ્રયસ્થાન” ઘણી વાર એક છત કે ઇમારત જેવુ ભૌતિક માળખું છે કે જે લોકો કે પ્રાણીઓ માટે રક્ષણ પૂરું પાડે છે.
- કેટલીક વાર “આશ્રયસ્થાન” નો અર્થ “રક્ષણ” થાય છે, જેમ કે લોતે કહ્યું કે તેના મહેમાનો તેની છત “નીચે આશ્રય” પામ્યા હતા.

તે જણાવતો હતો કે તેઓ સુરક્ષિત રહેવા જોઈએ કારણ કે તે પોતાના પરિવારના સદસ્યો તરીકે તેઓનું રક્ષણ કરવાની જવાબદારી નિભાવતો હતો.

## અનુવાદ માટેના સૂચનો:

- “આશ્રયસ્થાન” શબ્દનો અનુવાદ “સુરક્ષિત જગા” અથવા તો “રક્ષણની જગા” તરીકે કરી શકાય.
- “શરણાર્થીઓ” એવા લોકો છે જેઓ જોખમી પરિસ્થિતીથી બચવા પોતાના ઘર છોડી દે છે અને તેનો અનુવાદ “પરદેશી,” ઘરવિહોણા લોકો” કે “નિર્વાસિતો” તરીકે કરી શકાય.
- સંદર્ભ અનુસાર, “આશ્રયસ્થાન” શબ્દનો અનુવાદ “રક્ષણ કરતી બાબત” અથવા તો “રક્ષણ” અથવા તો “સુરક્ષિત જગા” તરીકે કરી શકાય.
- જો તે ભૌતિક માળખાનો ઉલ્લેખ કરતું હોય તો, “આશ્રયસ્થાન” નો અનુવાદ “રક્ષણ આપતી ઇમારત” અથવા તો “સલામતીનું ઘર” તરીકે પણ કરી શકાય.
- “સુરક્ષિત આશ્રયસ્થાનમાં” શબ્દસમૂહનો અનુવાદ “સુરક્ષતિ જગામાં” અથવા તો “એવી જગામાં કે જ્યાં રક્ષણ મળશે” તરીકે કરી શકાય.
- “શરણ મેળવવું” અથવા તો “શરણ લેવું” અથવા તો “આશ્રય લેવો” નો અનુવાદ “સુરક્ષિત જગા મેળવવી” અથવા તો “પોતાની જાતને સુરક્ષિત જગામાં રાખવી” તરીકે કરી શકાય.

## બાઇબલના સંદર્ભો:

- 2 શમુએલ 22:3-4
- પુનર્નિયમ 32:37-38
- યશાયા 23:13-14
- યર્મિયા 16:19-21
- ગણના 35:24-25
- ગીતશાસ્ત્ર 46:1-3
- ગીતશાસ્ત્ર 28:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H2620, H4268, H4498, H4585, H4733, H4869

# ઇસ્રાએલના બાર કુળ, ઇસ્રાએલના સંતાનના બાર કુળ, બાર કુળ

## વ્યાખ્યા:

"ઇસ્રાએલના બાર કુળ" એ શબ્દ યાકુબના બાર પુત્રો અને તેના સંતાનોને દર્શાવે છે.

- યાકુબ ઈબ્રાહીમનો પૌત્ર હતો.

ઈશ્વરે યાકુબનું નામ પાછળથી બદલીને ઇસ્રાએલ રાખ્યું.

- આ ઇસ્રાએલના બાર કુળ છે.

રેઉબેન, શિમયોન, લેવી, યહુદા, દાન, નફતાલી, ગાદ, આશેર, ઇસ્સાખાર, ઝબુલુન, યુસુફ અને બિન્યામીન.

- લેવીના સંતાનોને કનાનનો કોઈ પણ વારસો મળ્યો નહીં, કારણકે તેઓને યાજકોના કુળ હતા, જેમને ઈશ્ર્વરની અને તેના લોકોની સેવા કરવા માટે અલગ કરવામાં આવ્યા હતા.
- યુસુફને જમીનના વારસાનો બમણો ભાગ મળ્યો, જે તેણે તેના બન્ને બાળકો, એફ્રાઈમ અને મન્નાશેહને વહેંચી આપ્યો.
- બાઈબલમાં ઘણી જગ્યા પર બાર કુળની યાદીને અલગ રીતે દર્શાવવામાં આવી છે.

ઘણીવાર લેવી, યુસુફ અથવા દાનને યાદીમાંથી પડતા મુકવામાં આવ્યા છે, જયારે યુસુફના બન્ને પુત્રો એફ્રાઈમ અને મન્નાશેહ સમાવેશ કરવામાં આવ્યો છે.

(તેને પણ જુઓ: વારસો, ઇસ્રાએલ, યાકુબ, યાજક, કુળ)

## બાઈબલની કલમો

- પ્રે.કૃ. 26:6-8
- ઉત્પત્તિ 49:28-30
- લુક 22:28-30
- માથ્થી 19:28

## શબ્દ માહિતી:

- Strong's: H3478, H7626, H8147, G1427, G2474, G5443

# ઉંમર/યુગ, વૃદ્ધ

## વ્યાખ્યા:

“ઉંમર” શબ્દ, વ્યક્તિ કેટલા વર્ષ જીવ્યો તેનો ઉલ્લેખ કરે છે. સામાન્ય રીતે આ શબ્દ એક સમયગાળાનો પણ ઉલ્લેખ કરે છે.

- સમયના વધારાના ગાળાને અભિવ્યક્ત કરવા બીજા શબ્દો “યુગ” અને “ઋતુ”નો સમાવેશ કરે છે.
- ઈસુએ “આ યુગને” હાલનો સમય ગણાવ્યો છે કે જેમાં ભૂંડાઈ, પાપ અને આજ્ઞાભંગ પૃથ્વીને ભરી દેશે.
- ભવિષ્યમાં એવો યુગ આવશે જયારે ન્યાયીપણું, નવા આકાશ અને નવી પૃથ્વી પર રાજ્ય કરશે.

## ભાષાંતર માટે સૂચનો:

- સંદર્ભ પ્રમાણે “યુગ” શબ્દનો અર્થ “કાળ” અથવા “વર્ષોનો સમયગાળો” અથવા “સમયગાળો” અથવા “સમય” થઈ શકે છે.
- “પાકી ઉંમરે” શબ્દસમૂહનો અર્થ “વધારે ઉંમરવાળા” અથવા “જયારે તે બહુ ઉંમરવાળા થયા” અથવા “જયારે તે બહુ જીવ્યા” એમ થઈ શકે છે.
- “હાલનો ભૂંડો સમય” શબ્દસમૂહનો અર્થ થાય કે “હાલનો સમય જેમાં લોકો ખૂબ ભૂંડા થઇ ગયા છે."

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 29:26-28
- 1 કોરંથી 2:6-7
- હિબ્રુ 6:4-6
- અયુબ 5:26-27

## શબ્દ માહિતી:

- Strong's: H2465, G165, G1074

# ઉચ્ચસ્થાન, ઉચ્ચસ્થાનો

## વ્યાખ્યા:

“ઉચ્ચસ્થાનો” શબ્દ વેદીઓ અને દેવળોને દર્શાવે છે કે તેઓ મૂર્તિઓની પૂજા કરવા માટે વાપરવામાં આવતા હતા. સામાન્ય રીતે તેઓને ઉચ્ચ જમીન પર બાંધવામાં આવતા હતા, જેવા કે ટેકરા ઉપર અથવા પર્વત ની બાજુ પર આવેલા હોય.

- આ ઉચ્ચસ્થાનો પર જૂઠા દેવોની વેદીઓ બાંધીને ઈઝરાએલના ઘણા રાજાઓએ દેવની વિરુદ્ધ પાપ કર્યું.

આ બાબતે લોકોને ઊંડી રીતે મૂર્તિઓની પૂજા કરવા માટે સામેલ કરીને દોરવણી આપી.

- તે વારંવાર થયું કે જયારે ઈઝરાએલ અથવા યહૂદામાં દેવનો ભય રાખનાર રાજાએ રાજ્ય કરવાનું શરૂ કર્યું, ત્યારે મોટેભાગે તે આ મૂર્તિઓની પૂજા બંધ કરવા માટે ઉચ્ચસ્થાનો અથવા વેદીઓને કાઢી નાખતા.
- જો કે, આમાંના ઘણા સારા રાજાઓ બેદરકાર હતા અને તેઓએ ઉચ્ચસ્થાનોને કાઢી નાખ્યા નહીં, કે જેના પરિણામે ઈઝરાએલના સમગ્ર દેશે મૂર્તિઓની પૂજા કરવાનું સતત ચાલુ રાખ્યું.

## ભાષાંતરના સૂચનો:

બીજી રીતે આ શબ્દના ભાષાંતર કરવામાં આવે તો તેમાં, “મૂર્તિપૂજા માટે ઊંચા કરેલા સ્થાનો” અથવા “પર્વતો ઉપરના મૂર્તિ દેવળો” અથવા “મૂર્તિ વેદીઓના ટેકરા” જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

- ખાતરી રાખીને તે સ્પષ્ટ કરો કે આ શબ્દો મૂર્તિ વેદીઓને દર્શાવે, ફક્ત ઉચ્ચસ્થાનો નહીં કે જ્યાં તે વેદીઓ આવેલી હતી.

(આ પણ જુઓ: વેદી, જૂઠો દેવ, પૂજા)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 9:12-13
- 2 રાજા 16:3-4
- આમોસ 4:12-13
- પુનર્નિયમ 33:29
- હઝકિયેલ 6:1-3
- હબાક્કુક 3:18-19

## શબ્દ માહિતી:

- Strong's: H1116, H1181, H1354, H2073, H4791, H7311, H7413

# ઉજાડવું, ઉજાડેલું, વિનાશક, સર્વનાશ, બરબાદી

## વ્યાખ્યા:

“ઉજાડેલું” અથવા “સર્વનાશ” શબ્દો, કોઈની મિલકત અથવા જમીનને નિર્જન અથવા નાશ કરવામાં આવે છે તેને દર્શાવે છે. મોટેભાગે તે જગ્યામાં રહેતા લોકોનો નાશ અને કબ્જો કરવાની બાબતનો પણ સમાવેશ થાય છે.

- આ ખૂબજ ગંભીર અને સંપૂર્ણ વિનાશને દર્શાવવા માટે વપરાય છે.
- ઉદાહરણ તરીકે, સદોમમાં શહેરનો વિનાશ દેવ દ્વારા કરાયો હતો જેથી તે લોકોને તેમના પાપોની સજા મળે.
- ” “સર્વનાશ” શબ્દમાં, સજા અથવા વિનાશના પરિણામે મહાન ભાવનાત્મક દુ:ખ ઉત્પન્ન કરે છે તેનો પણ સમાવેશ કરી શકાય છે.

## ભાષાંતરના સૂચનો

- “ઉજાડવું” શબ્દનું ભાષાંતર, “સંપૂર્ણપણે નાશ” અથવા “સંપૂર્ણપણે વિનાશ” તરીકે કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, “વિનાશક” શબ્દનું ભાષાંતર, “સંપૂર્ણ વિનાશ” અથવા “પૂરો વિનાશ” અથવા “જબરજસ્ત દુ:ખ” અથવા “આપત્તિ” તરીકે કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- દાનિયેલ 8:24-25
- યર્મિયા 4:13-15
- ગણના 21:29-30
- સફાન્યા 1:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H1110, H1238, H2721, H1826, H3615, H3772, H7701, H7703, H7722, H7843, H8074, H8077

# ઉઠાડવું, ઉઠાડે છે, ઉઠાડ્યા, ઊઠવું, ઊઠેલું, ઊઠવું, ઉઠ્યો

## વ્યાખ્યા:

**ઉઠાડવું, ઉપર ઉઠાડવું** સામાન્ય રીતે, "ઉઠાડવું" શબ્દનો અર્થ "ઉપર ઊચકવું" અથવા તો "ઊંચું કરવું" એવો થાય છે.

- પ્રતિકાત્મક શબ્દસમૂહ "ઉપર ઉઠાડવું" નો અર્થ કોઈક બાબત જીવંત થાય અથવા તો દ્રશ્યમાન થાય તેમ કરવું એવો થાય છે.

તેનો અર્થ કોઈ વ્યક્તિને કશુંક કરવા નિયુક્ત કરવું એવો પણ થઈ શકે છે.

- કેટલીક વાર "ઉપર ઉઠાડવું" નો અર્થ "પુનઃસ્થાપતિ કરવું" અથવા તો "પુનઃનિર્માણ કરવું" એવો થાય છે.
- "મરેલાઓમાંથી ઉઠાડવું" શબ્દસમૂહમાં "ઉઠાડવું" નો ખાસ અર્થ રહેલો છે.

તેનો અર્થ એક મૃત વ્યક્તિને ફરીથી જીવિત કરવી એવો થાય છે.

- કેટલીક વાર "ઉપર ઉઠાડવું" નો અર્થ કોઈ વ્યક્તિ કે બાબતને સન્માનિત કરવી એવો થાય છે.

**ઊઠવું, બેઠા થવું** "ઊઠવું" નો અર્થ "ઉપર જવું" અથવા તો "બેઠા થવું" એવો થાય છે. "ઉઠેલા" અને "ઉઠ્યા" શબ્દો ભૂતકાળની ક્રિયા દર્શાવે છે.

- જ્યારે કોઈ વ્યક્તિ ક્યાંક જવા ઊઠે છે ત્યારે, તેને કેટલીક વાર "તે ઉઠ્યો અને ગયો" એવી રીતે વ્યક્ત કરવામાં આવે છે.
- જો કોઈ બાબત "ઊઠે છે" તો તેનો અર્થ તે બાબત "થાય છે" અથવા તો "થવાની શરૂઆત થાય છે" એવો થાય છે.
- ઈસુએ ભવિષ્યવચન કરેલું કે તેઓ "મરેલાઓમાંથી ઉઠશે".

ઈસુના મરણના ત્રણ દિવસ બાદ, દૂતે કહ્યું હતું કે, "તેઓ ઉઠ્યા છે!"

## અનુવાદ માટેના સૂચનો:

- "ઊઠવું" અથવા તો "ઉપર ઊઠવું" શબ્દોનો અનુવાદ "ઉપર ઉઠાવવું" અથવા તો "ઊંચું કરવું" તરીકે કરી શકાય.
- "ઊંચું કરવું" નો અનુવાદ "દ્રશ્યમાન થાય તેવું કરવું" અથવા તો "નિયુક્ત કરવું" અથવા તો "અસ્તિત્વમાં લાવવું" તરીકે પણ થઈ શકે.
- "તમારા શત્રુઓનું બળ વધારવું" નો અનુવાદ "તમારા શત્રુઓ બળવાન થાય તેવું કરવું" તે રીતે કરી શકાય.
- "કોઈ વ્યક્તિને મરેલાઓમાંથી ઉઠાડવું" શબ્દસમૂહનો અનુવાદ "કોઈ વ્યક્તિ મરણમાંથી જીવનમાં પાછી ફરે તેવું કરવું" અથવા તો "કોઈ વ્યક્તિ જીવનમાં પાછી આવે તેવું કરવું" તે રીતે કરી શકાય.
- સંદર્ભ અનુસાર, "ઉપર ઉઠાડવું" નો અનુવાદ "પૂરું પાડવું" અથવા તો "નિયુક્ત કરવું" અથવા તો "કશું મળે તેવું કરવું" અથવા તો "બાંધવું" અથવા તો "પુનઃનિર્માણ કરવું" અથવા તો "સમારવું" તરીકે પણ થઈ શકે.
- "ઉઠ્યો અને ગયો" શબ્દસમૂહનો અનુવાદ "ઊભો થયો અને ગયો" અથવા તો "ગયો" તરીકે કરી શકાય.
- સંદર્ભ અનુસાર, "ઉઠ્યો" નો અનુવાદ "શરૂ કર્યું" અથવા તો "શરૂઆત કરી" અથવા તો "ઉઠ્યો" અથવા તો "ઊભો થયો" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: જીવનોત્થાન, નિયુક્ત કરવું, સન્માનિત કરવું)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 6:40-42
- 2 શમુએલ 7:12-14
- પ્રેરિતોના કૃત્યો 10:39-41
- ક્લોસ્સી 3:1-4
- પુનર્નિયમ 13:1-3
- યર્મિયા 6:1-3
- ન્યાયાધીશો 2:18-19
- લૂક 7:21-23
- માથ્થી 20:17-19

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **21:14** પ્રબોધકોએ ભવિષ્યવચન કહ્યું કે મસીહા મરણ પામશે અને ઈશ્વર તેઓને મરેલાઓમાંથી **ઉઠાડશે**.

- **41:5** "ઈસુ અહીં નથી. જેમ તેઓએ કહ્યું હતું તેમ, તેઓ મરેલાઓમાંથી **ઉઠ્યા** છે!"
- **43:7** "જોકે ઈસુ મૃત્યુ પામ્યા તો પણ, ઈશ્વરે તેઓને મરેલાઓમાંથી **ઉઠાડ્યા.** આ બાબત તે પ્રબોધવાણીને પરિપૂર્ણ કરે છે જે કહે છે કે, 'તમે તમારા પવિત્ર વ્યક્તિને કબરમાં સડવા નહીં દો'. અમે તે હકીકતના સાક્ષીઓ છીએ કે ઈશ્વરે ઈસુને જીવનમાં **ઉઠાડ્યા."**
- **44:5** "તમે જીવનના માલિકની હત્યા કરી, પણ ઈશ્વરે તેઓને મરેલાઓમાંથી **ઉઠાડ્યા."**
- **44:8** પિતરે તેઓને જવાબ આપ્યો, "આ માણસ તમારી સમક્ષ ઈસુ મસીહાના સામર્થથી સાજો થઈને ઊભો છે. તમે ઈસુને વધસ્થંભે જડાવ્યા, પણ ઈશ્વરે તેમને જીવનમાં **ઉઠાડ્યા!"**
- **48:4** તેઓ અર્થ એ થયો કે શેતાન મસીહને મારશે, પણ ઈશ્વર તેઓને જીવનમાં **ઉઠાડશે** અને પછી મસીહા શેતાનના સામર્થને સદાકાળને માટે કચડી નાખશે.
- **49:2** તેઓ (ઈસુ) પાણી પર ચાલ્યા, તોફાનોને શાંત કર્યા, ઘણા બીમારોને સાજા કર્યા, દુષ્ટાત્માઓને કાઢ્યા, મરેલાઓને જીવનમાં **ઉઠાડ્યા** અને પાંચ રોટલી તથા બે નાની માછલીઓને 5000 લોકો માટે પૂરતો ખોરાક બનાવી નાખ્યા.
- **49:12** તમારે વિશ્વાસ કરવો જ જોઈએ કે ઈસુ ઈશ્વરના પુત્ર છે, તેઓ તમારે બદલે વધસ્તંભ પર મરણ પામ્યા અને ઈશ્વરે તેમને પાછા જીવનમાં **ઉઠાડ્યા.**

## શબ્દ માહિતી:

- Strong's: H2210, H2224, H5549, H5782, H5927, H5975, H6209, H6965, H6966, H6974, H7613, H7721, G305, G386, G393, G450, G1096, G1326, G1453, G1525, G1817, G1825, G1892, G1999, G4891

# ઉપદેશ આપવો/પ્રચાર કરવો, ઉપદેશ/પ્રચાર, ઉપદેશક/પ્રચારક, ઘોષણા કરવી, ઘોષણા

### વ્યાખ્યા:

"ઉપદેશ આપવા" નો અર્થ, લોકોના જૂથને ઈશ્વર વિષે શીખવવું અને ઈશ્વરની આજ્ઞા પાળવા તેઓને વિનંતી કરવી, થાય છે. "ઘોષણા કરવી" નો અર્થ જાહેરમાં હિંમતથી કોઈ બાબતની જાહેરાત કરવી અથવા તો પ્રગટ કરવી, થાય છે.

- ઉપદેશ મોટા ભાગે કોઈ એક વ્યક્તિ દ્વારા લોકોના મોટા જૂથને કરવામાં આવે છે. સામાન્ય રીતે તે બોલવા દ્વારા કરવામાં આવે છે અને લેખિત હોતો નથી.
- "ઉપદેશ કરવો" અને "શિક્ષણ આપવું" એકબીજા સાથે મળતા આવે છે પણ ચોક્કસ રીતે એકસમાન નથી.
- "ઉપદેશ" મુખ્યત્વે આત્મિક કે નૈતિક સત્યની જાહેર ઘોષણાનો ઉલ્લેખ કરે છે કે જેમાં શ્રોતાગણને તેના વિષે પ્રતિભાવ આપવા માટે અરજ કરવામાં આવે છે. "શિક્ષણ આપવું" શબ્દ બોધ આપવા પર ભાર મૂકે છે કે જેમાં લોકોને માહિતી આપવામાં આવે છે અથવા તો તેમને કશુંક કરવા માટે શિક્ષણ આપવામાં આવે છે.
- "પ્રચાર કરવો" શબ્દોનો ઉપયોગ સામાન્ય રીતે "સુવાર્તા" શબ્દ સાથે કરવામાં આવે છે.
- વ્યક્તિએ બીજાઓને જે બાબતનો ઉપદેશ/પ્રચાર કર્યો છે તેને સામાન્ય અર્થમાં તેના "શિક્ષણ" તરીકે પણ ઉલ્લેખી શકાય છે.
- બાઈબલમાં ઘણીવાર, "ઘોષણા કરવી" નો અર્થ, ઈશ્વરે આજ્ઞા કરેલી બાબતની જાહેરમાં જાહેરાત કરવી અથવા તો ઈશ્વર વિષે તથા તેઓ કેવા મહાન છે તે વિષે બીજાઓને કહેવું, થાય છે.
- નવા કરારમાં, પ્રેરિતોએ જુદાજુદા શહેરો તથા પ્રદેશોમાં ઘણા લોકોને ઈસુ વિશે શુભ સમાચાર ઘોષિત કર્યા.
- "ઘોષિત કરવું" શબ્દનો ઉપયોગ રાજાઓ દ્વારા બહાર પાડવામાં આવેલા વટહુકમો માટે અથવા તો જાહેરમાં દુષ્ટ બાબતોને વખોડવા પણ કરી શકાય છે.
- "ઘોષિત કરવું" ના બીજા અનુવાદો "જાહેરાત કરવી" અથવા તો "જાહેરમાં પ્રચાર કરવો" અથવા તો "જાહેરમાં જણાવવું" તરીકે કરી શકાય.
- "ઘોષણા" શબ્દનો અનુવાદ "જાહેરાત" અથવા તો "જાહેર પ્રચાર" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ:

જાહેર કરવું, સુવાર્તા, ઈસુ, ઈશ્વરનું રાજ્ય

## બાઈબલના સંદર્ભો:

- 2 તિમોથી 4:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 8:4-5
- પ્રેરિતોનાં કૃત્યો 10:42-43
- પ્રેરિતોનાં કૃત્યો 14:21-22
- પ્રેરિતોનાં કૃત્યો 20:25-27
- લૂક 4:42-44
- માથ્થી 3:1-3
- માથ્થી 4:17
- માથ્થી 12:41
- માથ્થી 24:12-14
- પ્રેરિતોનાં કૃત્યો 9:20-22
- પ્રેરિતોનાં કૃત્યો 13:38-39
- યૂના 3:1-3
- લૂક 4:18-19
- માર્ક 1:14-15
- માથ્થી 10:26-27

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **24:2** તેણે (યોહાને) તેઓને એવું કહેતા **ઉપદેશ/ પ્રચાર કર્યો** કે "પસ્તાવો કરો, કારણ કે ઈશ્વરનું રાજ્ય પાસે આવ્યું છે!"
- **30:1** ઈસુએ પોતાના પ્રેરિતોને જુદાજુદા ગામોમાં લોકોને **ઉપદેશ/ પ્રચાર કરવા** તથા શીખવવા મોકલ્યા.
- **38:1** ઈસુએ **"પ્રચાર"** કરવાની અને જાહેરમાં શીખવવાની શરૂઆત કરી તેના લગભગ ત્રણ વર્ષ બાદ, તેમણે પોતાના શિષ્યોને કહ્યું કે તેઓ તેમની સાથે યરુશાલેમમાં પાસ્ખાપર્વ પાળવા માંગતા હતા અને કે તેમને ત્યાં મારી નાખવામાં આવશે.
- **45:6** તો પણ, તેઓ જ્યાં કંઇ ગયા ત્યાં તેમણે ઈસુ વિષે **પ્રચાર કર્યો.**
- **45:7** તે (ફિલિપ) સમરૂનમાં ગયો કે જ્યાં તેણે ઈસુ વિષે **પ્રચાર કર્યો** અને ઘણા લોકોનું તારણ થયું.

- **46:6** તરત જ, શાઉલે દમસ્કસના યહૂદીઓને એમ કહેતાં **પ્રચાર** કરવાની શરૂઆત કરી કે, "ઈસુ ઈશ્વરપુત્ર છે!"
- **46:10** ત્યાર બાદ તેઓએ તેમને બીજી ઘણી જગાઓમાં ઈસુ વિશેના શુભ સમાચારનો **પ્રચાર કરવા** મોકલ્યા.
- **47:14** પાઉલ અને બીજા ખ્રિસ્તી આગેવાનોએ લોકોને ઈસુ વિશેના શુભસંદેશનો **પ્રચાર** કરતાં અને શીખવતાં ઘણા શહેરોમાં મુસાફરી કરી.
- **50:2** જ્યારે ઈસુ આ પૃથ્વી પર જીવતા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે, "મારા શિષ્યો વિશ્વમાં દરેક જગ્યાએ લોકોને ઈશ્વરના રાજ્ય વિશેના શુભસંદેશનો **પ્રચાર કરશે** અને ત્યાર બાદ અંત આવશે."

## શબ્દ માહિતી:

- (for proclaim): H1319, H1696, H1697, H2199, H3045, H3745, H4161, H5046, H5608, H6963, H7121, H7440, H8085, G518, G591, G1229, G1861, G2097, G2605, G2782, G2784, G2980, G3142, G4135

# ઉપપત્ની,ઉપપત્નીઓ

## વ્યાખ્યા:

ઉપપત્ની એવી સ્ત્રી છે કે, જે પુરુષ પાસે પહેલી પત્ની હોય, અને તે (ઉપપત્ની) તેની બીજી પત્ની બને.

સામાન્ય રીતે ઉપપત્ની પુરુષ સાથે કાયદેસર લગ્ન કરેલી હોતી નથી.

- જૂનાકરારમાં, મોટેભાગે ગુલામ સ્ત્રીઓ ઉપપત્નીઓ હતી.
- ઉપપત્નીને ખરીદી દ્વારા, લશ્કરી વિજય દ્વારા, અથવા દેવા ચુકવણીમાં પ્રાપ્ત કરેલ હોઈ શકે છે.
- ઘણી ઉપપત્નીઓ હોવી તે રાજા માટે અધિકારનું ચિહ્ન હતું.

નવો કરાર શીખવે છે કે ઉપપત્ની કરવાની પ્રથા દેવની ઈચ્છાની વિરુદ્ધ છે.

## બાઈબલની કલમો:

- 2 શમુએલ 3:6-7
- ઉત્પત્તિ 22:23-24
- ઉત્પત્તિ 25:5-6
- ઉત્પત્તિ 35:21-22
- ઉત્પત્તિ 36:9-12
- ન્યાયાધીશો 19:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3904, H6370

# ઉપવસ્ત્ર, ઉપવસ્ત્રો

## વ્યાખ્યા:

બાઇબલમાં, "ઉપવસ્ત્ર" શબ્દનો ઉપયોગ કપડાં કે જે ત્વચાની ઉપર અન્ય કપડાં હેઠળ પહેરવામાં આવે છે તે માટે થાય છે.

- એક ઉપવસ્ત્ર કમર અથવા ઘૂંટણ સુધી પહોંચે છે અને સામાન્ય રીતે પટ્ટા સાથે પહેરવામાં આવે છે.

શ્રીમંત લોકો દ્વારા પહેરવામાં આવતા ઝભ્ભાઓને ઘણી વખત બાંયો હતી અને પગની ઘૂંટી સુધી પહોંચતી હતી.

- ઝભ્ભાઓ ચામડા, વાળના કાપડ, ઊન, અથવા શણના બનેલા હતા, અને પુરુષો અને સ્ત્રીઓ બંને દ્વારા પહેરવામાં આવતા હતા ..
- એક ઉપવસ્ત્ર સામાન્ય રીતે લાંબા ઉપરના-કપડાના હેઠળ, જેમ કે ટોગા અથવા બાહ્ય ઝભ્ભા પહેરવામાં આવતા હતા.

ગરમ હવામાનમાં ક્યારેક કોઈ બાહ્ય વસ્ત્રો વિના પહેરવામાં આવતું હતું.

- આ શબ્દનું ભાષાંતર "લાંબુ શર્ટ" અથવા "લાંબું ઉપવસ્ત્ર " અથવા "શર્ટ-જેવા વસ્ત્ર" તરીકે કરી શકાય છે.

" ઉપવસ્ત્ર " એવી રીતે લખવામાં આવી શકે છે કે તે કેવા પ્રકારના કપડાં હતા. આ પણ જુઓ: [અજ્ઞાતનું] કેવી રીતે ભાષાંતર કરવું આ પણ જુઓ: [ઝભ્ભો])

## બાઇબલના સંદર્ભો:

- દાનીએલ 3:21-23
- યશાયાહ 22:20-22
- લેવીય 8:12-13
- લુક 3:10-11
- માર્ક 6:7-9
- માથ્થી 10:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H2243, H3801, H6361, G5509

# ઉપવાસ, ઉપવાસ કરે છે, ઉપવાસ કર્યા, ઉપવાસ, ઉપવાસો

## વ્યાખ્યા:

"ઉપવાસ" શબ્દનો અર્થ થોડા સમય, જેમકે એક દિવસ અથવા વધુ સમય માટે ખાવાનું બંધ કરવું.

ક્યારેક તેમાં (કોઈ પીણું) ના પીવાનો પણ સમાવેશ થાય છે.

- ઉપવાસ લોકોને દેવ ઉપર ધ્યાન આપવામાં અને ખાવાનું અથવા ખોરાક તૈયાર ન કરવાથી વિચલિત થયા વગર પ્રાર્થના કરવામાં મદદ કરી શકે છે.
- ઈસુએ યહૂદી ધાર્મિક આગેવાનોને ખોટા કારણો માટે ઉપવાસ કરવા માટે ઠપકો આપ્યો.

તેઓએ ઉપવાસ કર્યા જેથી બીજાઓ વિચારે કે તેઓ પ્રામાણિક હતા.

- ક્યારેક લોકો કોઈક બાબત વિશે ખૂબજ નિરાશ અથવા ઉદાસ હોય છે, તે કારણથી તેઓ ઉપવાસ કરે છે.
- "ઉપવાસ" ક્રિયાપદનું ભાષાંતર "ખાવાથી દૂર રહેવું" અથવા "ખાવું નહીં," તરીકે પણ કરી શકાય છે.
- "ઉપવાસ" સંજ્ઞાનું ભાષાંતર, "નહિ ખાવાનો સમય" અથવા "ખોરાકથી દૂર રહેવાનો સમય," તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: યહૂદી આગેવાનો)

## બાઈબલની કલમો:

- 1 રાજા 21:8-10
- 2 કાળવૃતાંત 20:3-4
- પ્રેરિતો 13:1-3
- યૂના 3:4-5
- લૂક 5:33-35
- માર્ક 2:18-19
- માથ્થી 6:16-18
- માથ્થી 9:14-15

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **25:1** ઈસુ બાપ્તિસમાં પામ્યા પછી તરત જ, પવિત્ર આત્મા તેને બહાર રાનમાં દોરી ગયો, જ્યાં તેણે ચાલીસ દિવસ અને રાત માટે ઉપવાસ કર્યો.
- **34:8** "ઉદાહરણ તરીકે, હું અઠવાડિયામાં બે વખત ઉપવાસ કરું છું અને સઘળા પૈસાનો અને માલ કે જે હું પ્રાપ્ત કરું છું તેનો દસમો ભાગ આપું છું.
- **46:10** એક દિવસ, જયારે અંત્યોખમાંના ખ્રિસ્તીઓ ઉપવાસ અને પ્રાર્થના કરતા હતા, ત્યારે પવિત્ર આત્માએ કહ્યું કે "બાર્નાબાસ અને શાઉલને જે કાર્ય માટે મેં તેમણે બોલાવ્યા છે તે કરવા માટે તેઓને અલગ કરો."

## શબ્દ માહિતી:

- Strong's: H2908, H5144, H6684, H6685, G777, G3521, G3522, G3523

# ઉપાડી લેવું, સાથે ઉપાડી લેવું, સાથે થઇ જવું

## વ્યાખ્યા:

"ઉપાડી લેવું" શબ્દ, મોટે ભાગે, જયારે દેવ કોઈ વ્યક્તિને એકાએક, ચમત્કારિક રીતે સ્વર્ગમાં ઉપાડી લે, તેને દર્શાવે છે.

- " સાથે ઉપાડી લેવું" વાક્ય, કોઈ ઉતાવળથી કોઈને મળવા (પહોંચવા) આવે, તેને દર્શાવે છે.

તેવો જ સમાન શબ્દ જેનો અર્થ, "આગળ નીકળી જવું" થાય છે.

- પાઉલ પ્રેરિતને ત્રીજા આકાશમાં "ઉપાડી લેવાયો હતો" તે વિશે તેણે વાત કરી હતી.

આનું ભાષાંતર "ઉપર લઇ લેવાયો" તરીકે કરી શકાય છે.

- પાઉલે કહ્યું કે જયારે ખ્રિસ્ત પાછો આવશે, ખ્રિસ્તીઓને તે એક સાથે હવામાં તેને મળવા "ઉપર ઉપાડી લઇ" જશે.

રૂપકાત્મક અભિવ્યક્તિ "મારા પાપોએ મને જકડ્યો છે" તેનું ભાષાંતર, "હું મારા પાપોનું પરિણામ ભોગવું છું" અથવા "મારા પાપોને કારણે હું દુઃખ ભોગવી રહ્યો છું" અથવા "મારા પાપો મને સંકટમાં નાંખી રહ્યા છે" એમ થઇ શકે છે.

(જુઓ : ચમત્કાર, આગળ નીકળી જવું, દુઃખ વેઠવું, સંકટ)

## બાઈબલની કલમો:

- 2 કરંથી 12:1-2
- પ્રેરિતો 8:39-40

## શબ્દ માહિતી:

- Strong's: H1692, G726

# ઉશ્કેરવું, ઉશ્કેરે છે, ઉશ્કેર્યું, ઉશ્કેરતું, ઉશ્કેરણી

## તથ્યો:

"ઉશ્કેરવું" શબ્દનો અર્થ થાય છે કોઈ વ્યક્તિ નકારાત્મક પ્રત્યાઘાત કે લાગણી અનુભવે તેવું કરવું.

- કોઈને ગુસ્સે થવા ઉશ્કેરવાનો અર્થ કોઈ વ્યક્તિને ગુસ્સે કરવા કઇંક કરવું એવો થાય છે.

તેનો અનુવાદ "ગુસ્સે કરવું" અથવા તો "ક્રોધિત કરવું" તરીકે કરી શકાય.

- જ્યારે તેનો ઉપયોગ "તેને ઉશ્કેરશો નહીં" જેવા શબ્દસમૂહમાં કરવામાં આવે છે ત્યારે તેનો અનુવાદ "તેને ગુસ્સે કરશો નહીં" અથવા તો "તેને ગુસ્સો ચડાવશો નહીં" અથવા તો "તેને તમારા પર ક્રોધિત કરશો નહીં" તરીકે કરી શકાય.

(આ જૂઓ: ગુસ્સે થયેલું)

## બાઇબલના સંદર્ભો:

- હઝકિયેલ 20:27-29

## શબ્દ માહિતી:

- Strong's: H3707, H3708, H4784, H4843, H5006, H5496, H7065, H7069, H7107, H7264, H7265, G653, G2042, G3863, G3893, G3947, G3948, G3949, G4292

# ઊંઘવું, ઊંઘમાં પડવું, ઊંઘમાં પડ્યા, ઊંઘમાં પડ્યા હતા, ઊંઘ, ઊંઘે છે, ઊંઘી રહ્યા છે, ચોક્કસ રીતે ઊંઘવું, ઊંઘ વિનાનું, ઊંઘણસી

### વ્યાખ્યા:

આ શબ્દોનો મરણના સંદર્ભમાં રૂપકાત્મક અર્થ થઇ શકે છે.

- "ઊંઘ" અથવા "ઊંઘવું" જેનો અર્થ "મૃત" રૂપક હોઈ શકે. (જુઓ: રૂપક)
- "ઊંઘમાં પડવું" અભિવ્યક્તિનો અર્થ સુવાનું શરૂ કરવું અથવા રૂપકાત્મક રીતે, મૃત્યુ એમ થાય.
- "પોતાના પિતા સાથે સુઈ જવું" એટલે કે મરી જવું, પોતાના પૂર્વજોની જેમ જ મૃત્યુ પામવું.

## અનુવાદ માટેના સૂચનો:

- "ઊંઘમાં પડવું" નું અનુવાદ "અચાનક ઊંઘવાની શરૂઆત કરવી" અથવા "ઊંઘવાનું શરૂ કરવું" અથવા "મરવું," તેના અર્થને અઆધારે કરી શકાય.
- નોંધ:

જ્યાં શ્રોતાજન અર્થ સમજી શકે એમ ન હોય ત્યાં રૂપકાત્મક અભિવ્યક્તિને સંદર્ભમાં રાખવી તે ખાસ રીતે મહત્વનું છે. ઉદાહરણ તરીકે, જ્યારે ઈસુએ તેમના શિષ્યોને કહ્યું કે લાજરસ "ઊંઘી રહ્યો છે" ત્યારે તેઓએ વિચાર્યું કે તેમનો અર્થ એ છે કે લાજરસ કુદરતી રીતે ઊંઘી રહ્યો હતો. આ સંદર્ભમાં, "તે મૃત્યુ" પામ્યો તે પ્રમાણે તેનું અનુવાદ કરવો તેવો અર્થ થતો નથી.

- કેટલીક ભાષાઓમાં મરણ અથવા મરણ પામી રહ્યો છે માટે અલગ અભિવ્યક્તિ હોઈ શકે છે જેનો ઉપયોગ જો અભિવ્યક્તિઓ "ઊંઘ" અને "ઊંઘમાં પડવું" નો કોઈ અર્થ નથી તો થઇ શકે છે.

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 18:27-29
- 1 થેસ્સલોનિકીઓ 4:13-15
- પ્રેરિતોના કૃત્યો 7:59-60
- દાનિયેલ 12:1-2
- ગીતશાસ્ત્ર 44:23-24
- રોમનો 13:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H1957, H3462, H3463, H7290, H7901, H8139, H8142, H8153, H8639, G879, G1852, G1853, G2518, G2837, G5258

# ઊંચામાં, પરમ ઊંચામાં

## વ્યાખ્યા:

"ઊંચામાં" અને "પરમ ઊંચામાં" શબ્દો એવી અભિવ્યક્તિઓ છે જેનો અર્થ સામાન્ય રીતે "સ્વર્ગમાં" એવો થાય છે.

- "પરમ ઊંચામાં" અભિવ્યક્તિનો બીજો અર્થ "સૌથી વધારે સન્માનિત" એવો થઇ શકે છે.
- આ અભિવ્યક્તિનો ઉપયોગ શબ્દશઃ રીતે પણ થઇ શકે છે, જેમ કે "સૌથી ઊંચા ઝાડમાં" કે જેનો અર્થ થાય છે "બધા ઝાડોમાં સૌથી ઊંચા ઝાડમાં".
- "ઊંચામાં" અભિવ્યક્તિ આકાશમાં ઊંચા હોવાનો ઉલ્લેખ પણ કરી શકે છે, જેમ કે પક્ષીનો માળો ઊંચામાં છે.

તે સંદર્ભમાં તેનો અનુવાદ "આકાશમાં ઊંચે" અથવા તો "એક ઊંચા ઝાડની ટોચે" તરીકે કરી શકાય.

- "ઉચ્ચ" શબ્દ ઊંચું સ્થાન અથવા તો વ્યક્તિ કે વસ્તુનું મહત્ત્વ પણ સૂચિત કરી શકે છે.
- "ઉચ્ચસ્થાને થી" અભિવ્યક્તિનો અનુવાદ "સ્વર્ગમાંથી" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: સ્વર્ગ, સન્માન)

## બાઇબલના સંદર્ભો:

- યર્મિયાનો વિલાપ 1:13-14
- ગીતશાસ્ત્ર 69:28-29

## શબ્દ માહિતી:

- Strong's: H1361, H4605, H4791, H7682, G1722, G5308, G5310, G5311

# ઊંટ, ઊંટો

## વ્યાખ્યા:

ઊંટ એ મોટું, ચાર પગવાળું પ્રાણી છે, તેની પીઠ ઉપર એક અથવા બે ખૂંધ હોય છે.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

- બાઈબલના સમયમાં, ઈઝરાએલના આસપાસના વિસ્તારોમાં ઊંટ એ સૌથી મોટું પ્રાણી મળી આવતું હતું.
- ઊંટ એ મુખ્યત્વે લોકોના વાહન અને બોજો ઉંચકવા માટે વપરાતું હતું.
- કેટલાક લોકોના જૂથો ઊંટોને ખોરાક માટે પણ વાપરતા હતા, પણ ઈઝરાએલીઓ એમ કરતા નહીં, કારણકે દેવે તેઓને કહ્યું હતું કે ઊંટો અશુધ્ધ પ્રાણી છે અને જેઓને તમારે ખાવા નહીં.
- ઊંટો એ મુલ્યવાન હતા, કેમકે તેઓ રેતીમાં ઝડપથી ચાલતા અને તેઓ કોઈક વાર ઘણા અઠવાડિયાઓ સુધી ખોરાક અને પાણી વગર રહી શકતા હતા.

(આ પણ જુઓ: બોજો, શુધ્ધ)

## બાઈબલની કલમો :

- 1 કાળવૃતાંત 5:20-22
- 2 કાળવૃતાંત 9:1-2
- નિર્ગમન 9:1-4
- માર્ક 10:23-25
- માથ્થી 3:4-6
- માથ્થી 19:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H327, H1581, G2574

# ઊપણવું, ઊપણવું, ઊપણ્યું, સૂપડું, ચાળવું, ચાળણી

## વ્યાખ્યા:

" ઊપણવું " અને" ચાળવું " શબ્દોનો અર્થ અનિચ્છનીય સામગ્રીઓમાંથી અનાજ અલગ કરવા માટે થાય છે. બાઇબલમાં, બંને શબ્દોનો રૂપકાત્મક અર્થ લોકોના અલગ કરવા અથવા વિભાજનના સંદર્ભમાં કરવામાં આવે છે.

- “ઊપણવું"એટલે કે અનાજ અને ફોતરાં બંનેને હવામાં ઉછાળીને છોડના અનિચ્છિત ભાગોમાંથી અનાજને અલગ પાડવાનો પવનથી ફોતરાંને દૂર કરવાથી અર્થ થાય છે.

"* ચાળવું" શબ્દનો ઉપયોગ ચાળણીમાં અનાજને હલાવીને સાફ કરવા માટે થાય છે, જે કચરો અથવા પથ્થરો જેવી બાકીની કોઈપણ અનિચ્છનીય સામગ્રી છુટકારો મેળવવા માટે વપરાય છે.

- જૂના કરારમાં, "ઊપણવું" અને "ચાળવું"નો અર્થપૂર્ણ ઉપયોગ જે મુશ્કેલીઓ ન્યાયી લોકોને અન્યાયી લોકોથી જુદા પાડે છે તેનું વર્ણન કરવા માટે થાય છે.
- જ્યારે ઇસુએ સિમોન પિતરને કહ્યું હતું કે તે અને તેમના શિષ્યોની વિશ્વાસમાં કેવી રીતે કસોટી કરવામાં આવશે ત્યારે ઈસુએ પણ "ચાળવું" શબ્દ વાપર્યો હતો.
- શબ્દોનો અનુવાદ કરવા માટે, આ પ્રવૃત્તિઓનો સંદર્ભ આપતી પ્રોજેક્ટ ભાષાના શબ્દો અથવા શબ્દસમૂહોનો ઉપયોગ કરો; સંભવિત અનુવાદ "હલાવવું" અથવા "ઊપણવું" હોઈ શકે છે.

જો સૂપડું અથવા ચાળણી જાણીતા ન હોય , તો પછી અનાજને ફોતરાંથી અથવા કચરાથી અલગ કરવાની પદ્ધતિ, અથવા પ્રક્રિયાને વર્ણવતા શબ્દો દ્વારા ઉલ્લેખ કરવો એવો અનુવાદ કરી શકાય છે. આ પણ જુઓ: અજ્ઞાતનું કેવી રીતે ભાષાંતર કરવું આ પણ જુઓ: ફોતરું, અનાજ)

## બાઇબલના સંદર્ભો:

- યશાયા 21:10
- લૂક 22:31-32
- માથ્થી 3:10-12
- નીતિવચનો 20:7-8
- રૂથ 3:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H2219, H5128, H5130, G4425, G4617

# એરેજ (દેવદાર), દેવદારના વૃક્ષો, દેવદારનું લાકડું (એરેજ કાસ્ટ)

## વ્યાખ્યા:

"દેવદાર" શબ્દ, મોટા લાકડાનું વૃક્ષને દર્શાવે છે, જે સામાન્ય રીતે લાલ ભૂખરા રંગનું હોય છે. બીજા વૃક્ષના લાકડાંની જેમ, તેને શંકુ અને સોય આકારની પાંદડીઓ હોય છે.

- મોટેભાગે જૂના કરારમાં દેવદારના વૃક્ષોનું સંબંધ લબાનોન સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જ્યાં તેઓ પુષ્કળ પ્રમાણમાં ઉગતા હતા.
- યરુશાલેમ મંદિરના બાંધકામમાં એરેજ કાષ્ટ વાપરવામાં આવ્યું હતું.
- તે બલિદાનો અને શુદ્ધિકરણ અર્પણો માટે વાપરવામાં આવ્યું હતું.

(આ પણ જુઓ: વૃક્ષનું કાષ્ટ, શુદ્ધ, બલિદાન, મંદિર)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 14:1-2
- 1 રાજા 7:1-2
- યશાયા 2:12-13
- ઝખાર્યા 11:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H730

# ઐચ્છિકાર્પણ, ઐચ્છિકાર્પણો

## વ્યાખ્યા:

ઐચ્છિકાર્પણ એ દેવને આપવામાં આવતું એક પ્રકારનું બલિદાન હતું કે જેને મૂસાના નિયમ દ્વારા કરવું જરૂરી નહોતું. આ અર્પણ આપવું તે વ્યક્તિની પોતાની પસંદગીની બાબત હતી.

- જો ઐચ્છિકાર્પણમાં એક પશુનું બલિદાન આપવાનું હતું, આ અર્પણ સ્વૈચ્છિક હતું તેથી થોડી ખામી વાળા પશુની પરવાનગી આપવામાં આવતી હતી.
- ઈઝરાએલીઓ મિજબાનીના ઉજવણીના ભાગ તરીકે બલિદાન આપેલું પ્રાણી ખાતા.
- જયારે ઐચ્છિકાર્પણ આપવામાં આવતું, ત્યારે તે ઈઝરાએલ માટે આનંદનું કારણ હતું જે બતાવે છે કે ફસલ સારી રહી છે જેથી લોકો પાસે ખોરાક પુષ્કળ છે.
- એઝરાનું પુસ્તક અલગ અલગ પ્રકારના ઐચ્છિકાર્પણ વર્ણવે છે કે જે મંદિરને ફરીથી બાંધવા માટે લાવવામાં આવ્યા હતા.

આ અર્પણમાં સોના અને ચાંદીના પૈસા, તેમજ વાટકીઓ અને સોના અને ચાંદીમાંથી બનાવેલી અન્ય વસ્તુઓનો સમાવેશ થાય છે.

(આ પણ જુઓ: દહનાર્પણ, એઝરા, મિજબાની, ખાદ્યાર્પણ, દોષાર્થાર્પણ, કાયદો, પાપાર્થાર્પણ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 29:6-7
- 2 કાળવૃતાંત 35:7-9
- પુનર્નિયમ 12:17
- નિર્ગમન 36:2-4
- લેવીય 7:15-16

## શબ્દ માહિતી:

- Strong's: H5068, H5071

# ઓક, એલોન વૃક્ષ, એલોન વૃક્ષો

## વ્યાખ્યા:

એલોન અથવા તો એલોન વૃક્ષ વિશાળ થડ અને ઘેઘૂર ડાળીઓવાળું ઊંચું ઘટાઘોર વૃક્ષ છે.

- એલોન વૃક્ષોનું લાકડું મજબૂત અને કઠણ હોય છે કે જેનો ઉપયોગ વહાણો બાંધવામાં, ખેતીના હળ, બળદોની ઝૂંસરી અને ચાલવા માટેની લાકડીઓ બનાવવા થતો હતો.
- એલોન વૃક્ષના ફળને અંગ્રજીમાં એકોર્ન કહેવામાં આવે છે.
- કેટલાક એલોન વૃક્ષોના થડ 6 મીટરના પરિઘવાળા હોય છે.
- એલોન વૃક્ષો લાંબા જીવનનું પ્રતિક હતા અને તેઓના બીજા આત્મિક અર્થો પણ હતા.

બાઇબલમાં, તેઓ ઘણીવાર પવિત્ર જગાઓ સાથે સંકળાયેલા હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- ઘણાં અનુવાદોમાં ફક્ત “એલોન” ના બદલે “એલોન વૃક્ષ” શબ્દ વાપરવો મહત્ત્વનું રહેશે.
- જો ઓક વૃક્ષ કોઈ વિસ્તારમાં જાણીતું ન હોય તો, “ઓક”નો અનુવાદ “ઓક, કે જે એક ના જેવું મોટું ઘટાદાર વૃક્ષ છે”, તે રીતે કરી શકાય અને ખાલી જગ્યામાં સમાન લક્ષણો ધરાવતા સ્થાનિક વૃક્ષનું નામ આપો.
- આ પણ જૂઓ: અજ્ઞાત બાબતોનો અનુવાદ કેવી રીતે કરવો

(આ પણ જૂઓ: પવિત્ર)

## બાઇબલના સંદર્ભો:

- 1 શમુએલ 10:3-4
- ઉત્પત્તિ 13:16-18
- ઉત્પત્તિ 14:13-14
- ઉત્પત્તિ 35:4-5
- ન્યાયાધીશો 6:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H352, H424, H427, H436, H437, H438

# ઓળિયું, ઓળિયાઓ

## વ્યાખ્યા:

પ્રાચીન સમયમાં, ઓળિયું એક પ્રકારનું પુસ્તક હતું જે જળવનસ્પતિ અથવા ચામડામાંથી એક લાંબા કાગળ દ્વારા બનાવવામાં આવ્યું હતું.

- ઓળિયામાં લખ્યા પછી અથવા તેમાંથી વાંચ્યા પછી, લોકો તેને તેણી સાથે જોડાયેલ સળિયા સાથે વાળી દેતા.
- ઓળિયાઓ કાયદેસરના દસ્તાવેજો અને વચન માટે ઉપયોગમાં લેવાતા હતા.
- ઘણી વાર ઓળિયાઓ મીણ દ્વારા મહોર મારીને સંદેશવાહકો દ્વારા પહોંચાડવામાં આવતાં.

જ્યારે ઓળિયું સ્વીકારવામાં આવે ત્યારે જો મીણ હજુ પણ ઓળિયા પર હોય, તો સ્વીકારનાર સમજી શકે કે જ્યારથી ઓળિયાને મહોર કરવામાં આવ્યું ત્યારથી તેને કોઈએ પણ વાંચવા કે તેના પર લખવા ખોલ્યું નથી.

- હિબ્રૂ વચનો સમાવતા ઓળિયાઓ સભાસ્થાનોમાં મોટેથી વાંચવામાં આવતા હતાં.

(આ પણ જુઓ: મહોર, સભાસ્થાન, ઈશ્વરનું વચન)

## બાઈબલના સંદર્ભો:

- યર્મિયા 29:1-3
- લૂક 4:16-17
- ગણના 21:14-15
- પ્રકટીકરણ 5:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H4039, H4040, H5612, G974, G975

# કચરો, કચરો, વેડફાયેલું, બરબાદી, પડતર જમીન, પડતર જમીનો

## વ્યાખ્યા:

કંઈક બગાડવાનો અર્થ છે બેદરકારીથી તેને ફેંકી દેવું અથવા તેનો ઉપયોગ અયોગ્ય રીતે કરવો. "પડતર જમીન" અથવા "કચરો" કંઈક એવી જમીન અથવા એક શહેરનો ઉલ્લેખ કરે છે કે જેનો એવો નાશ કરવામાં આવ્યો હોય તેથી હવે તેમાં કંઇ ન રહે.

- "બગાડતા જવું" શબ્દ એ અભિવ્યક્તિ છે જેનો અર્થ થાય કે વધુ અને વધુ બીમાર અથવા બગાડતું જવું.

જે વ્યક્તિ બીમાર રહેતી હોય છે તે બીમારી અથવા ખોરાકની અછતને લીધે સામાન્ય રીતે ખૂબ જ પાતળું બની જાય છે.

- શહેર અથવા જમીન “ પર કચરો મૂક્વો ” તેનો અર્થ તેનો નાશ કરવાનો છે.
- ' પડતર જમીન ' માટેનો અન્ય શબ્દ "રણ" અથવા "જંગલ” હોઈ શકે છે.

પરંતુ પડતર જમીન એ પણ સૂચવે છે કે લોકો ત્યાં રહેતા હતા અને જમીન પર વૃક્ષો અને છોડ હતાં જે ખોરાક ઉત્પન્ન કરતા હતાં.

## બાઇબલ સંદર્ભો

- હઝકિયેલ 6:6-7
- લેવીય 26:37-39
- માથ્થી 26:6-9
- પ્રકટીકરણ 18:15-17
- ઝખાર્યા 7:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H535, H1086, H1104, H1110, H1197, H1326, H2100, H2490, H2522, H2717, H2720, H2721, H2723, H3615, H3765, H3856, H4087, H4127, H4198, H4592, H4743, H4875, H5307, H5327, H7334, H7582, H7703, H7722, H7736, H7843, H8047, H8074, H8077, H8414, H8437, G684, G1287, G2049, G2673, G4199

# કઠણ, વધારે કઠણ, એકદમ સખત, કઠણ કરવું, કઠણ કરે છે, કઠણ કરેલુ, સખ્તાઇ, કઠિનતા

## વ્યાખ્યા:

સંદર્ભ પર આધારિત, “કઠણ” શબ્દના કેટલાક અલગ અલગ અર્થો હોય છે. સામાન્ય રીતે તે એવી કાંઇક બાબત દર્શાવે છે કે જે મુશ્કેલ, સતત ચાલુ, અથવા અતિ કઠોર હોય.

- “કઠણ હ્રદય” અથવા “કઠોર મનવાળું” અભિવ્યક્તિઓ કે જેઓ જીદ્દીપણે પસ્તાવો નહીં કરનારા લોકોને દર્શાવે છે.

આ અભિવ્યક્તિઓ લોકો કે જેઓ સતત દેવનો અનાદર કરે છે તે વર્ણવે છે.

- "હ્રદયની કઠિનતા” અને “તેઓના હ્રદયની કઠિનતા” રૂપકાત્મક અભિવ્યક્તિઓ પણ જીદ્દી આજ્ઞાભંગને દર્શાવે છે.
- જો કોઈનું હ્રદય કઠિન છે તો તેનો અર્થ એમ થાય કે તે વ્યક્તિ આજ્ઞા પાળવાનો ઇનકાર અને પસ્તાવો કરતો નથી અને જીદ્દી રહે છે.
- જયારે “સખત કામ કરો” અથવા “કઠિન પ્રયાસ કરો,” ક્રિયા વિશેષણ વાપરવામાં આવે છે, ત્યારે તેનો અર્થ કંઈક ખૂબ જ મજબૂત રીતે અને ખંતપૂર્વક, કંઈક ખૂબ જ સારું કરવા પ્રયાસ કરવામાં આવે છે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને “કઠણ” શબ્દનું ભાષાંતર, “મુશ્કેલ” અથવા “જીદ્દી” અથવા “પડકારરૂપ” પણ કરી શકાય છે.
- “કઠિનતા” અથવા “હ્રદયની કઠિનતા” અથવા “કઠણ હ્રદય” શબ્દોનું ભાષાંતર, “જીદ્દીપણું” અથવા “સતત બળવો” અથવા” બળવાખોર વલણ” અથવા “જીદ્દી આજ્ઞાભંગ” અથવા “જીદ્દીપણે પસ્તાવો ન કરનાર” તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- “કઠણ કરેલું” શબ્દનું ભાષાંતર, “જીદ્દીપણે પસ્તાવો નહીં કરનાર” અથવા “આજ્ઞા માનવાનો ઇનકાર કરનાર” તરીકે પણ થઇ શકે છે.
- “તમારા હ્રદયોને કઠણ ન કરો” તેનું ભાષાંતર, “પસ્તાવો કરવાનો ઇનકાર ન કરો” અથવા “જીદ્દીપણે અનાદર કરવાનું ચાલુ ન રાખો” તરીકે કરી શકાય છે.
- “કઠણ મનવાળું” અથવા “કઠણ દિલનું” વિવિધ ભાષાંતર કરવામાં આવે તો તેમાં, “જીદ્દી પણે અવગણના કરનારું” અથવા “સતત અનાદર કરનાર” અથવા “પસ્તાવો કરવાનો ઇનકાર” જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- અભિવ્યક્તિઓમાં જેવી કે “સખત કામ કરો” અથવા “કઠિન પ્રયાસ કરો” જેનું ભાષાંતર, “દ્રઢતાથી” અથવા “ખંતપૂર્વક” તરીકે કરી શકાય છે.
- "વિરુદ્ધમાં સખત દબાવવું” અભિવ્યક્તિનું ભાષાંતર, “જોરથી ધક્કો મારવો” અથવા “મજબૂત રીતે વિરુદ્ધમાં ધક્કો મારવો” તરીકે પણ કરી શકાય છે.
- “સખત કામથી લોકોનું દમન કરવું” જેનું ભાષાંતર, “લોકોને વધુ કામ કરવા બળજબરી કરવી કે તેઓ દુઃખી થાય” અથવા “તેઓને ખૂબ જ મુશ્કેલ કામ કરવા બળજબરી કરવી જેથી લોકો દુઃખી થાય” તરીકે કરી શકાય છે.
- અલગ પ્રકારની “સખત પીડા,” સ્ત્રી કે જે બાળકને જન્મ આપે છે, તે અનુભવે છે.

(આ પણ જુઓ: અનાદર, દુષ્ટ, હ્રદય, પ્રસુતિની પીડા, હઠીલા)

## બાઈબલની કલમો:

- 2 કરિંથી 11:22-23
- પુનર્નિયમ 15:7-8
- નિર્ગમન 14:4-5
- હિબ્રૂ 4:6-7
- યોહાન 12:39-40
- માથ્થી 19:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H280, H386, H553, H1692, H2388, H2389, H2420, H2864, H3021, H3332, H3513, H3515, H3966, H4165, H4522, H5450, H5539, H5564, H5646, H5647, H5797, H5810, H5980, H5999, H6089, H6277, H6381, H6635, H7185, H7186, H7188, H7280, H8068, H8307, H8631, G917, G1419, G1421, G1422, G1423, G1425, G2205, G2532, G2553, G2872, G2873, G3425, G3433, G4053, G4183, G4456, G4457, G4641, G4642, G4643, G4645, G4912, G4927

# કતલ, કતલ કરવી, કતલ કરી, કતલ કરી રહ્યા છે

## વ્યાખ્યા:

"કતલ" શબ્દ મોટા પ્રમાણમા પ્રાણીઓ અથવા લોકોની હત્યા કરવી અથવા હિંસક રીતે હત્યા કરવી તેનો ઉલ્લેખ કરે છે. તે પ્રાણીને ખાવાને સારું હત્યા કરવી તેનો પણ ઉલ્લેખ કરી શકે છે. કતલ કરવાનું કૃત્ય પણ "કતલ" જ કહેવાય છે.

- જ્યારે ઈબ્રાહિમને રણમાં ત્રણ મુલાકાતીઓ તેના તંબુ આગળ મળ્યા, ત્યારે તેણે તેના સેવકોને વાછરડાની કતલ કરી તેના મહેમાનો માટે રાંધવા હુકમ કર્યો.
- હઝકિયેલ પ્રબોધકે પ્રબોધ કર્યો કે ઈશ્વર જેઓ તેમના વચનને અનુસરતા નથી તે સર્વની કતલ કરવા તેમના દૂતોને મોકલશે.
- 1 શમુએલ મહા કતલની નોંધ કરે છે જેમાં 30,000 ઈઝરાયેલીઓ ઈશ્વરને અનાધીન થયા હતા તેને કારણે તેમના દુશ્મનો દ્વારા મારી નાંખવામાં આવ્યા હતા.
- "કતલનું હથિયાર" ને "હત્યા માટેનું હથિયાર" તરીકે અનુવાદ કરી શકાય.
- "કતલ મહા ભયંકર હતી" અભિવ્યક્તિનું અનુવાદ "મોટા પ્રમાણમાં હત્યા કરવામાં આવી હતી" અથવા "મરણ પામનારાઓ ઘણાં હતા" અથવા "ખુબ મોટા પ્રમાણમાં લોકો મૃત્યુ પામ્યા" એમ કરી શકાય.
- "કતલ" ને અનુવાદ કરવાની રીતોમાં "મારવું" અથવા "વધ કરવો" અથવા "હત્યા" નો સમાવેશ કરી શકાય.

(આ પણ જુઓ: દૂત, ગાય, અનાધીન, હઝકિયેલ, સેવક, વધ)

## બાઈબલન સંદર્ભો:

- હઝકિયેલ 21:10-11
- હિબ્રુઓ 7:1-3
- યશાયા 34:1-2
- યર્મિયા 25:34-36

## શબ્દ માહિતી:

- Strong's: H2026, H2027, H2028, H2076, H2491, H2873, H2874, H2878, H4046, H4293, H4347, H4660, H5221, H6993, H7524, H7819, H7821, G2871, G4967, G4969, G5408

# કન્યા, કન્યાઓ,કન્યા વિશે

## વ્યાખ્યા:

કન્યા લગ્ન સમારંભ માં સ્ત્રી છે કે જે તેણીના પતિ સાથે લગ્ન કરી રહી છે, જે વરરાજા છે.

- "કન્યા" શબ્દ ઈસુમાં જેઓ વિશ્વાસીઓ માટે રૂપક તરીકે, મંડળી માટે વપરાયો છે
- મંડળી માટે ઈસુ અલંકારયુક્ત રીતે "વરરાજા" કહેવાય છે.

(જુઓ : રૂપક)

(આ પણ જુઓ: વરરાજા, મંડળી)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 22:16-17
- યશાયા 62:5
- યોએલ 2:15-16

## શબ્દ માહિતી:

- Strong's: H3618, G3565

# કપાઈ જવું, કાપી નાખે છે, કાપી નાખવું

## વ્યાખ્યા:

“કપાઈ ગયેલું હોવું” તે અભિવ્યક્તિનો અર્થ, મુખ્ય જૂથમાંથી દૂર કરવું, બાકાત કરવું, અથવા અલગ કરવું. તેને પાપના દૈવી ચુકાદાના લીધે મારી નાખવું, તેમ પણ દર્શાવી શકાય છે.

- જૂના કરારમાં, દેવની આજ્ઞાઓનો અનાદર કરવાનું પરિણામ એવું થતું કે, કાપી નાખવું, અથવા દેવના લોકોથી અને તેની હાજરીમાંથી અલગ કરવું.
- દેવ પણ કહે છે કે તે બિન-ઈઝરાએલીઓના દેશોને “કાપી નાખશે,” અને તેનો નાશ કરશે, કારણકે તેઓએ તેની આરાધના કરી નહીં અથવા તેને આધીન રહ્યા નહીં અને ઈઝરાએલીઓના શત્રુઓ બન્યા હતા.
- “ કાપી નાખવું” અભિવ્યક્તિ, દેવ નદીને વહેતી બંધ કરે છે તે દર્શાવવા પણ વપરાય છે.

## ભાષાંતરના સૂચનો:

- “કપાઈ ગયેલું” અભિવ્યક્તિનું ભાષાંતર, “બાકાત કરાયેલ” અથવા “દૂર મોકલી દીધેલ” અથવા “તેનાથી અલગ કરાયેલું” અથવા “મારી નખાયેલું” અથવા “નાશ કરાયેલું” એમ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને “કાપી નાખવુ” શબ્દનું ભાષાંતર, “નાશ કરવો” અથવા “દૂર મોકલવું” અથવા “તેનાથી અલગ કરવું” અથવા “વિનાશ કરવો” તરીકે કરી શકાય છે.
- વહેતા પાણી કાપી નાખેલા હોવાના સંદર્ભમાં, આ શબ્દનું ભાષાંતર, “બંધ કરવામાં આવ્યા” અથવા “વહેતું બંધ કરવાનું કારણ બનવું” અથવા “વિભાજીત કરેલું” એમ કરી શકાય છે.
- છરીથી કઈંક કાપી નાખવાનો શાબ્દિક અર્થને આ રૂપકાત્મક શબ્દથી અલગ રીતે કરવો જોઈએ.

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 17:12-14
- ન્યાયાધીશો 21:6-7
- નીતિવચન 23:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H1214, H1219, H1438, H1468, H1494, H1504, H1629, H1820, H1824, H1826, H2498, H2686, H3582, H3772, H5243, H5352, H6202, H6789, H6990, H7082, H7088, H7096, H7112, H7113, G609, G851, G1581, G2407, G5257

# કબજો કરવો, કબજો ધરાવવો, કબજામાં હોવું, કબજે કર્યું, કબજામાં રહેલું, કબજો, વતન, સંપત્તિ, કબજો જતો રહેવો

## તથ્યો:

"કબજો કરવો" અને "કબજો" શબ્દો સામાન્ય રીતે કોઈ બાબતના માલિક હોવું તેનો ઉલ્લેખ કરે છે. તેઓનો અર્થ કોઈ બાબત પર કાબૂ કરવો અથવા તો જમીનનો કોઈ પ્રદેશ મેળવવો પણ થઈ શકે છે.

- જૂના કરારમાં, આ શબ્દ જમીનના પ્રદેશનો "કબજો હોવો" અથવા તો "કબજો લેવો" તેના સંદર્ભમાં ઘણી વાર વપરાયો છે.
- જ્યારે યહોવાએ ઇઝરાયલીઓને કનાન દેશનો "કબજો લેવા" આજ્ઞા કરી ત્યારે, તેનો અર્થ એ થયો કે તેઓએ તે પ્રદેશમાં જઈને રહેવું જોઈએ.

આમ કરવામાં પ્રથમ તો જે કનાની લોકો તે પ્રદેશમાં રહેતા હતા તેઓને જીતવાના હતા.

- યહોવાએ ઇઝરાયલીઓને કહ્યું કે તેમણે તેઓને કનાન દેશ "તેઓના વતન" કરીકે આપ્યો હતો.

તેનો અનુવાદ "રહેવા માટે તેઓના હકનું સ્થળ" તરીકે પણ કરી શકાય.

- ઇઝરાયલી લોકોને યહોવાનો "ખાસ વારસો, સંપત્તિ" કહેવામા આવતા હતા.

આનો અર્થ એ થાય છે કે યહોવાના લોકો તરીકે તેઓ તેમનો વારસો હતા કે જેઓને તેમણે પોતાની આરાધના અને સેવા કરવા ખાસ તેડ્યા હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- "કબજો ધરાવવો" શબ્દનો અનુવાદ "માલિકી હોવી" અથવા તો "નું હોવું" અથવા તો "ની ઉપર અધિકાર હોવો" તરીકે પણ કરી શકાય.
- "નો કબજો લેવો' નો અનુવાદ સંદર્ભ પ્રમાણે, "નિયંત્રણમાં લેવું" અથવા તો "વસવાટ કરવો" અથવા તો "માં રહેવું" તરીકે કરી શકાય.
- જ્યારે લોકો જેની માલિકી ભોગવતા હોય તેવી બાબતોનો ઉલ્લેખ કરતા હોય ત્યારે તેનો અનુવાદ "માલમત્તા" અથવા તો "સંપત્તિ" અથવા તો "માલિકીની વસ્તુઓ" અથવા તો "તેઓની માલિકીની વસ્તુઓ" તરીકે કરી શકાય.
- જ્યારે યહોવા ઇઝરાયલીઓને "મારો ખાસ વારસો, સંપત્તિ" કહે છે ત્યારે, તેનો અનુવાદ "મારા ખાસ લોકો" અથવા તો "મારી માલિકીના લોકો" અથવા તો "જેઓને હું પ્રેમ કરું છું અને જેઓના પર હું રાજ કરું છું તે મારા લોકો" તરીકે પણ કરી શકાય.
- જ્યારે જમીનનો ઉલ્લેખ કરતા હોય ત્યારે "તે તેઓનો વારસો, સંપત્તિ થશે" તે વાક્યનો અર્થ "તેઓ જમીનનો કબજો કરીને રહેશે" અથવા તો "જમીન તેઓની માલિકીની થશે" તેવો થાય છે.
- "તેની માલમત્તામાંથી મળ્યું" અભિવ્યક્તિનો અનુવાદ "કે જે તેની પાસે હતું તેમાંથી" અથવા તો "કે જે તેની સાથે હતું તેમાંથી" તરીકે કરી શકાય.
- "તમારા વારસા, સંપત્તિ તરીકે" અભિવ્યક્તિનો અનુવાદ "એવું કઇંક કે જે તમારું છે" અથવા તો "એવી જગ્યા કે જ્યાં તમારા લોકો રહેશે" તરીકે પણ કરી શકાય.
- "તેની માલિકીમાં" શબ્દસમૂહનો અનુવાદ "તે કે જેનો તે માલિક હતો" અથવા તો "તે કે જે તેનું હતું" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: કનાન, આરાધના)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 6:70
- 1 રાજા 9:17-19
- પ્રેરિતોનાં કૃત્યો 2:43-45
- પુનર્નિયમ 4:5-6
- ઉત્પત્તિ 31:36-37
- માથ્થી 13:44-46

## શબ્દ માહિતી:

- Strong's: H270, H272, H834, H2505, H2631, H3027, H3423, H3424, H3425, H3426, H4180, H4181, H4672, H4735, H4736, H5157, H5159, H5459, H7069, G1139, G2192, G2697, G2722, G2932, G2933, G2935, G4047, G5224, G5564

# કબર, કબર ખોદનારા, કબરો, કબર, કબરો, દફનાવવાનું સ્થળ

## વ્યાખ્યા:

"કબર" અને "કબર" શબ્દો એવી જગ્યા છે જ્યાં લોકો મૃત્યુ પામ્યા હોય તેવા વ્યક્તિના શરીરને મૂકે છે તેનો ઉલ્લેખ કરેછે. "દફનવિધિ" એ વધુ સામાન્ય શબ્દ છે જેનો સંદર્ભ પણ આ છે.

- યહુદીઓ ક્યારેક કુદરતી ગુફાઓની કબરો તરીકે ઉપયોગ કરતા હતા, અને કેટલીક વાર તેઓ ટેકરીની બાજુમાં ખડકમાં ગુફાઓ ખોદી કાઢતા હતા.
- નવા કરારના સમયમાં, એક કબરની આગળ સામે તેને બંધ કરવા માટે એક વિશાળ, ભારે પથ્થર ગબડાવી દેતા એ સામાન્ય હતું.
- જો લક્ષ્ય ભાષા કબર માટેનો શબ્દ ફક્ત કાણાનો ઉલ્લેખ કરે છે જેમાં શરીરને જમીનની નીચે મૂકવામાં આવે છે, તો તેનું અનુવાદ અન્ય રીતે "ગુફા" અથવા"ટેકરીની બાજુમાં એક કાણું" થઈ શકે છે.
- "કબર" શબ્દસમૂહ મોટે ભાગે મુએલાની સ્થિતિ અથવા મૃત લોકોના આત્માઓ છે તે સ્થળનો સંદર્ભ આપવા માટે સામાન્ય રીતે અને લાક્ષણિક રીતે વપરાય છે.

(આ પણ જુઓ: દફનાવવું, મૃત્યુ)

## બાઇબલ સંદર્ભો

- પ્રેરિતોનાં કૃત્યો 2: 29-31
- ઉત્પત્તિ 23: 5-6
- ઉત્પત્તિ 50: 4-6
- યોહાન 19: 40-42
- લુક 23: 52-53
- માર્ક 5: 1-2
- માથ્થી 27: 51-53
- રોમન 3: 13-14

## બાઇબલ વાર્તાઓનાં ઉદાહરણો:

- **32:4** આ માણસ _ કબ્રસ્તાન _ માં રહેતો હતો.
- **37:6** ઈસુએ તેમને પૂછ્યું, "લાજરસને ક્યાં મૂક્યો છે?"

તેઓએ તેને કહ્યું, "_ કબર _ માં આવો અને જુઓ."

- **37:7** કબર _ _ એ એક ગુફા હતી જેનાપર પત્થર મૂકેલો હતો
- **40:9** પછી યુસફ અને નીકોદેમસ, બે યહુદી આગેવાનોએ જે ઇસુ મસીહ હતા એમ માનતા હતા, તેમણે પિલાતને ઈસુના શબ માટે પૂછ્યું.

તેઓએ તેમના શરીરને કાપડમાં લપેટીને અને તેને ખડકમાંથી ખોદેલી કબર માં મૂક્યા. પછી તેઓએ _ કબર _ આગળ એક મોટો પથ્થર ગબડાવી દીધો.

- **41:4** તેણે (દૂતે) એ પથ્થરને ગબડાવ્યો જે _ કબર _ ના પ્રવેશદ્વારને ઢાંકતો હતો અને તેના પર બેઠો.

_ કબરનું _ રક્ષણ કરતા સૈનિકો ડરી ગયા હતા અને મૂએલા જેવા જમીન પર પડી ગયા હતા.

- **41:5** જ્યારે સ્ત્રીઓ _ કબર _ પહોંચી, ત્યારે દૂતે તેમને કહ્યું, "ડરશો નહીં.

ઈસુ અહીં નથી. જેમ તેમણે જણાવ્યું હતું તેમ, તે મરણમાંથી ઉઠ્યા છે! _ કબરમાં _ જુઓ અને નિહાળો." સ્ત્રીઓ _ કબર _ માં જોયું અને નિહાળ્યું કે જ્યાં ઈસુનું શરીર મૂકવામાં આવ્યું હતું. તેનું શબ ત્યાં ન હતું!

## શબ્દ માહિતી:

- Strong's: H1164, H1430, H6900, H6913, H7585, H7845, G86, G2750, G3418, G3419, G5028

# કમર

## વ્યાખ્યા:

"કમર" શબ્દનો ઉલ્લેખ પ્રાણી અથવા વ્યક્તિના શરીરના ભાગનો થાય છે જે નીચલા પાંસળી અને હિપ હાડકા વચ્ચે હોય છે, જેને નીચલા પેટ તરીકે પણ ઓળખાય છે.

- અભિવ્યક્તિ "કમર સજવી" સખત કામ કરવા માટે તૈયાર થવાનો ઉલ્લેખ કરે છે.

તે સરળતા સાથે આગળ વધવા માટે કમરની ફરતે બેલ્ટમાં એકના ઝભ્ભાના તળિયાને ટકવાની રીતમાંથી આવે છે.

- "કમર" શબ્દનો ઉપયોગ વારંવાર બાઇબલમાં કરવામાં આવે છે, જેનો બલિદાન આપવામાં આવતા પ્રાણીના નીચેના ભાગનો ઉલ્લેખ કરે છે.
- બાઇબલમાં, "કમર" શબ્દનો અર્થ વારંવાર માણસના પ્રજનન અંગોને તેના વંશજોના સ્ત્રોત તરીકે રૂઢિચુસ્ત અને સૌમ્યોક્તિમાં થાય છે.

(જુઓ: સૌમ્યોક્તિ)

- "તમારા કમરમાંથી આવશે" અભિવ્યક્તિ પણ, "તમારૂ સંતાન થશે" અથવા "તમારા સંતાનમાંથી જન્મશે" અથવા "ઈશ્વર તમારા તરફથી આવશે". (જુઓ: સૌમ્યોક્તિ)
- જ્યારે શરીરના ભાગનો સંદર્ભ આપતા હોય, ત્યારે સંદર્ભના આધારે તેને "પેટ" અથવા "હિપ્સ" અથવા "કમર" તરીકે પણ અનુવાદ કરી શકાય છે.

(આ પણ જુઓ: વંશજ,સજવું,સંતાન)

## બાઇબલના સંદર્ભો:

- 1 પિતર 1: 13-14
- 2 કાળવૃતાંત 6:7-9
- પુનર્નિયમ 33:11
- ઉત્પત્તિ 37:34-36
- અયૂબ 15:27-28

## શબ્દ માહિતી:

- Strong's: H2504, H2783, H3409, H3689, H4975, G3751

# કરા, (સલામ) બરફના કરાં, કરાનું તોફાન

## સત્યો:

સામાન્ય રીતે આ શબ્દ થીજેલા પાણીના ગઠ્ઠાને દર્શાવે છે કે જે આકાશમાંથી નીચે પડે છે. જોકે અંગ્રેજીમાં, અલગ શબ્દની સમાન જોડણી છે, પણ તેનો બીજો શબ્દ "સલામ" પણ થાય છે જેનો અર્થ કોઈને સલામ પાઠવવી.

- કરા કે જે દડા અથવા બરફના ટુકડાના સ્વરૂપમાં આકાશમાંથી નીચે આવે છે, તેને "કરા" કહેવામાં આવે છે.
- સામાન્ય રીતે કરા નાના (ફક્ત થોડા સેન્ટીમીટર પહોળા) હોય છે, પણ ક્યારેક આ કરા 20 સેન્ટીમીટર જેટલા મોટા અને કે જેનું વજન એક કિલોગ્રામ ઉપર હોય છે.
- નવા કરારમાં પ્રકટીકરણનું પુસ્તક 50 કિલોગ્રામના પ્રચંડ કરાને વર્ણવે છે કે જે અંતના સમયે જયારે દેવ લોકોને તેઓની દુષ્ટતા માટે ન્યાય કરશે ત્યારે તે તેને પૃથ્વી ઉપર પડવા દેશે.
- "સલામ" શબ્દ કે જે જૂના અંગ્રેજીમાં ઔપચારિક અભિવાદનનો શાબ્દિક અર્થમાં "આનંદ" થાય છે, અને તેનું ભાષાંતર, "શુભેચ્છાઓ" અથવા "સાંભળો" (હેલો) તરીકે કરી શકાય.

(ભાષાંતરના સૂચનો: નામોનું ભાષાંતર)

## બાઈબલની કલમો:

- માથ્થી27:27-29
- માથ્થી 28:8-10
- ગીતશાસ્ત્ર 78:47-49
- ગીતશાસ્ત્ર 148:7-8
- પ્રકટીકરણ 8:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H68, H417, H1258, H1259, G5463, G5464

# કરૂબ, કરૂબો

## વ્યાખ્યા:

“કરૂબ” અને તેનું બહુવચનનું રૂપ “કરૂબો” શબ્દ કે જે દેવે બનાવેલા વિશેષ પ્રકારના દિવ્ય અસ્તિત્વ ધરાવનાર (દૂત જેવા) દર્શાવે છે.

બાઈબલ વર્ણવે છે કે કરૂબોને પાંખો અને અગ્નિ હોય છે.

- કરૂબો દેવનો મહિમા અને સામર્થ્ય પ્રદર્શિત કરે છે અને પવિત્ર વસ્તુઓનું રક્ષણ કરે છે.
- આદમ અને હવા એ પાપ કર્યા પછી, દેવે કરૂબો સાથે અગ્નિરૂપી તરવાર એદન વાડીની પૂર્વગમ મૂકી જેથી કરીને લોકો જીવનના વૃક્ષને મેળવી શકે નહીં.
- દેવે ઈઝરાએલીઓને, કરારકોશના દયાસન પર સામસામે બે કરૂબો, તેઓની પાંખો એકબીજાને ફેલાવીને કોતરવાનો આદેશ આપ્યો.
- તેણે તેઓને મુલાકાત મંડપના પડદાઓમાં પણ કરૂબોના ચિત્રો વણવા કહ્યું.
- કેટલાક શાસ્ત્રભાગમાં પણ વર્ણન કરવામાં આવ્યું છે તે રીતે આ પ્રાણીઓને ચાર મુખો હોય છે: મનુષ્ય, સિંહ, બળદ, અને ગરૂડ.
- ક્યારેક કરૂબોની દૂતો તરીકે કલ્પના કરવામાં આવી છે, પણ બાઈબલ સ્પષ્ટ રીતે તે કહેતું નથી.

## ભાષાંતર માટેના સૂચનો:

- “કરૂબો” શબ્દનું ભાષાંતર, “પાંખોવાળા પ્રાણીઓ” અથવા પાંખોવાળા રક્ષકો” અથવા “પાંખોવાળા આત્મિક રક્ષકો” અથવા “પવિત્ર,પાંખો વાળા રક્ષકો” તરીકે કરી શકાય.
- કરૂબોનું એકવચન તરીકે ભાષાંતર “કરૂબ” થવું જોઈએ, ઉદાહરણ તરીકે , “પાંખોવાળું પ્રાણી” અથવા “પાંખ વાળું આત્મિક રક્ષક.”
- “દૂત” શબ્દના ભાષાંતરથી આ શબ્દનું ભાષાંતર અલગ થાય તેનું ધ્યાન રાખો.

બાઈબલ ભાષાંતરમાં, આ શબ્દનું ભાષાંતર જયારે સ્થાનિક અથવા રાષ્ટ્રીય ભાષામાં કરવામાં કે લખવામાં આવે ત્યારે તેનું ધ્યાન લેશો.

(જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: દૂત)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 13:5-6
- 1રાજા 6:23-26
- નિર્ગમન 25:15-18
- હઝકિયેલ 9:3-4
- ઉત્પત્તિ 3:22-24

## શબ્દ માહિતી:

- Strong's: H3742, G5502

# કલંક, કલંકો, કલંકિત, શરમજનક

## સત્યો:

"કલંક" શબ્દ, સન્માન અને આદર ગુમાવવું તે દર્શાવે છે.

- જયારે વ્યક્તિ કંઈક પાપરૂપ કરે છે, તે તેના માટે કલંક અથવા અપમાનરૂપ બને છે.
- "શરમજનક" શબ્દ, પાપી વર્તન અથવા વ્યક્તિ કે જેણે તે કર્યું છે તેનું વર્ણન કરવા વપરાયો છે.
- ક્યારેક વ્યક્તિ કે જે સારી બાબતો કરે છે તેની સાથે ખરાબ વ્યવહાર કરવામાં આવે છે કે જે તેના માટે કલંક અને શરમનું કારણ બને છે.
- ઉદાહરણ તરીકે, જયારે ઈસુને વધસ્તંભ ઉપર મારી નાખવામાં આવ્યા હતા, આ શરમજનક (રીતનું) મૃત્યુ હતું. ઈસુએ આ કલંકને લાયક કંઈ કર્યું નહોતું.
- "કલંક" શબ્દના ભાષાંતરમાં, "શરમ" અથવા "અપમાનનો" સમાવેશ કરી શકાય છે.
- "માનહાનિકારક" શબ્દના ભાષાંતરમાં, "શરમજનક" અથવા "અપમાનનો" સમાવેશ કરી શકાય છે.

(આ પણ જુઓ: અપમાન, સન્માન, શરમ)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 3:6-7
- ઉત્પત્તિ 34:6-7
- હિબ્રૂ 11:23-26
- યર્મિયાનો વિલાપ 2:1-2
- ગીતશાસ્ત્ર 22:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H954, H1984, H2490, H2617, H2659, H2781, H2865, H3637, H3971, H5007, H5034, H5039, H6031, H7036, G149, G819, G3680, G3856

# કલાક (હોરા), કલાકો

## વ્યાખ્યા:

બાઈબલમાં મોટેભાગે “ઘડી (કલાક)” શબ્દ દિવસના અમુક સમયને દર્શાવે છે કે જે સમયે કાંઇક ચોક્કસ મહત્વની ઘટના બની છે. તેનો રૂપક અર્થ “સમય” અથવા “ક્ષણ” પણ થાય છે.

- યહૂદીઓ સૂર્યોદય પછી જયારે સૂર્યનું અજવાળું ફેલાય છે ત્યાર પછી કલાકો ગણતરી કરે છે (લગભગ સવારના 6 વાગ્યાથી). દાખલા તરીકે, “નવમો કલાક (નવમી હોરા)” એટલે “લગભગ બપોરના ત્રણ કલાકનો સમય.” રાત્રીના કલાકો સુર્યાસ્ત પછી શરૂ કરી, ત્યાંથી ગણતા હતા (લગભગ સાંજના 6 વાગ્યાથી). દાખલા તરીકે, “રાત્રીનો ત્રીજો કલાક” એટલે” આપણા ચાલુ દિવસની વ્યવસ્થા પ્રમાણે “લગભગ સાંજનો નવ કલાકનો સમય” કહી શકાય.
- બાઈબલમાં જે સમયનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે હાલના દિવસની સમય વ્યવસ્થા સાથે તદ્દન મળતું આવશે નહીં, જેમકે “લગભગ નવમી હોરા” અથવા “લગભગ છ કલાકે” એમ કહી શકાય.
- કેટલાક ભાષાંતરમાં અમુક શબ્દો જેમકે “સાંજના સમયમાં” અથવા “સવારના સમયમાં” અથવા “બપોરના સમયમાં” જે સ્પષ્ટતા કરે છે કે તે દિવસની કઈ ઘડી છે.

“તે કલાકમાં” આ શબ્દનું ભાષાંતર “તે સમયે” અથવા “તે ક્ષણમાં” એમ થઇ શકે છે.

- જયારે ઈસુ વિશે ઉલ્લેખ કરીએ ત્યારે “તેનો સમય પાસે આવ્યો છે” તે અભિવ્યક્તિનું ભાષાંતર “તેના માટેનો સમય પાસે આવ્યો છે” અથવા “તેનો નિર્મિત સમય નજીક આવ્યો છે” એમ કરી શકાય.

## બાઈબલની કલમો:

- પ્રેરિતોના કૃત્યો 2:14-15
- યોહાન 4:51-52
- લૂક 23:44-45
- માથ્થી 20:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H8160, G5610

# કાંટો, કાંટાનું જાળું, કાટાના જાળાં, કાંટા, ઉત્કંટો, ઉત્કંટા

## તથ્યો:

કાંટોના ઝાડ અને કાંટાદાર છોડ એવા છોડ છે જે કાંટાદાર શાખાઓ કે ફૂલો હોય છે. આ છોડ ફળ અથવા કંઈપણ ઉપયોગી છે તે પેદા કરતા નથી.

- "કાંટો" એ છોડની ડાળી પર અથવા થડ પર કઠણ, તીક્ષ્ણ વૃદ્ધિ પામેલ છે.

"કાંટાનો ઝાડ" એ એક નાના વૃક્ષ અથવા ઝાડવાનો એક પ્રકાર છે જે તેની શાખાઓ પર ઘણા કાંટા ધરાવે છે

- " ઉત્કંટો " એ કાંટાદાર દાંડીઓ અને પાંદડાઓ ધરાવતો એક છોડ છે.

મોટેભાગે ફૂલો જાંબલી હોય છે

- કાંટો અને ઉત્કંટો છોડ ઝડપથી વધે છે અને નજીકના છોડ અથવા પાક ઉગાડવામાં સક્ષમ ન બની શકે.

આ એક ચિત્ર છે કે કેવી રીતે પાપ વ્યક્તિને સારા આધ્યાત્મિક ફળ ઉત્પન્ન કરવાથી દૂર રાખે છે.

- કાંટાળી ડાળીઓને વાળીને બનાવેલો તાજ ઇસુને વધસ્તંભે જડ્યા તે પહેલાં તેમના શિર પર મૂક્યો
- જો શક્ય હોય તો, આ શબ્દોનો ઉપયોગ બે અલગ અલગ છોડ અથવા ઝાડના નામ દ્વારા કરવામાં આવે છે જે ભાષા વિસ્તારમાં ઓળખાય છે.

(આ પણ જુઓ: તાજ, ફળ, આત્મા)

## બાઇબલના સંદર્ભો:

- હિબ્રૂ 6:7-8
- માથ્થી 13:7-9
- માથ્થી 13:22-23
- ગણના 33: 55-56

## શબ્દ માહિતી:

- Strong's: H329, H1863, H2312, H2336, H4534, H5285, H5518, H5544, H6791, H6796, H6975, H7063, H7898, G173, G174, G4647, G5146

# કાપણી કરવી, કાપણી કરે છે, લણનાર, લણનારાઓ, કાપણી કરતું

## વ્યાખ્યા:

“કાપણી કરવી” શબ્દનો અર્થ અનાજના પાકની લણણી કરવી એવો થાય છે. “લણનાર” એ પાકની કાપણી કરનાર વ્યક્તિ છે.

- લણનારાઓ સામાન્ય રીતે પાકને હાથથી કે છોડને ઉખાડીને કે તીક્ષ્ણ ઓજારથી તેને કાપીને લણતા હતા.
- ફસલ લણવાનો વિચાર લોકોને ઈસુ વિશેનો શુભસંદેશ કહેવા અને તેઓને ઈશ્વરના કુટુંબમાં લાવવાનો ઉલ્લેખ કરવા ઘણી વાર પ્રતિકાત્મક રીતે વાપરવામાં આવે છે.
- આ શબ્દ વ્યક્તિના કાર્યોના જે પરિણામો આવે છે તેનો ઉલ્લેખ કરવા પણ પ્રતિકાત્મક રીતે વાપરવામાં આવે છે, જેમ કહેવતમાં કહેવાય છે તેમ “મનુષ્ય જે વાવે છે તે જ લણે છે.” (જૂઓ: રૂપક)
- “કાપણી કરવી” અને “લણનાર” નો અનુવાદ “ફસલ કાપવી” અને “ફસલ કાપનાર” (અથવા તો ફસલ કાપનારા લોકો) તરીકે થઈ શકે.

(આ પણ જૂઓ: શુભસંદેશ, કાપણી)

## બાઇબલના સંદર્ભો:

- ગલાતી 6:9-10
- માથ્થી 6:25-26
- માથ્થી 13:29-30
- માથ્થી 13:36-39
- માથ્થી 25:24-25

## શબ્દ માહિતી:

- Strong's: H4672, H7114, H7938, G270, G2325, G2327

# કાયદેસર, ગેરકાયદેસર, કાયદેસર નથી, અન્યાયી/ગેરકાયદેસર, અરાજકતા

## વ્યાખ્યા:

"કાયદેસર" શબ્દ એવું કંઈક જે કાયદા અથવા બીજી જરૂરિયાત પ્રમાણે કરવા માટે પરવાનગીનો ઉલ્લેખ કરે છે. તેનું વિરુદ્ધાર્થી "ગેરકાયદેસર" છે, જેનો સરળ અર્થ "કાયદેસર નથી" થાય છે.

- બાઈબલમાં, જો ઈશ્વરના નૈતિક નિયમ અથવા મુસાના નિયમ અને યહૂદી નિયમો દ્વારા કંઈકની પરવાનગી આપવામાં આવી હોય તો તે "કાયદેસર" ગણાતું હતું. કંઈક જે "ગેરકાયદેસર" હોય તેની નિયમો દ્વારા "પરવાનગી નથી."
- કંઈક "કાયદેસર રીતે કરવું હોય" તેનો અર્થ તેને "યોગ્ય રીતે" અથવા "ખરી રીતમાં" કરવું.
- ઘણી બાબતો કે જેને યહૂદી નિયમો કાયદેસર ગણતાં હતા અથવા કાયદેસર નહોતા ગણતાં તે બીજાઓને પ્રેમ કરવા વિષે ઈશ્વરના નિયમો સાથે સંમત થતાં ન હતા.
- સંદર્ભને આધારે, "કાયદેસર" નું અનુવાદ કરવાની રીતોમાં "પરવાનગી છે" અથવા "ઈશ્વરના નિયમ પ્રમાણે" અથવા "આપણા નિયમોને અનુસરવું" અથવા "યોગ્ય" અથવા "ઉચિત"નો સમાવેશ કરી શકાય.
- "શું તે કાયદેસર છે?" શબ્દસમૂહનો અનુવાદ "શું આપનો કાયદો તેની મંજૂરી આપે છે?" અથવા "તે એવું કંઈક છે જેની પરવાનગી આપણો કાયદો આપે છે?" એમ પણ કરી શકાય.
  "ગેરકાયદેસર" અને "કાયદેસર નહિ" શબ્દો નિયમ તોડનાર ક્રિયાઓના વર્ણન માટે ઉપયોગમાં લેવાય છે.
- નવા કરારમાં, "ગેરકાયદેસર" શબ્દ એ માત્ર ઈશ્વરના નિયમોને તોડવાનો ઉલ્લેખ કરવા વપરાયો નથી, પરંતુ યહૂદી માણસોના બનાવેલા નિયમોને તોડવાનો પણ ઉલ્લેખ કરે છે.
- વરસોથી, ઈશ્વરે યહુદીઓને આપેલ નિયમોમાં યહૂદીઓએ ઉમેરો કર્યો. જો તે તેમના માણસો દ્વારા બનાવેલા નિયમો સાથે બંધ ન બેસે તો યહૂદી આગેવાનો તેને "ગેરકાયદેસર" કહેતા.
- જ્યારે ઈસુ અને તેમના શિષ્યો વિશ્રામવારે અનાજ તોડતા હતા ત્યારે, ફરોશીઓએ તેઓ પર કંઈક "ગેરકાયદેસર" કરવા માટેનો આરોપ મૂક્યો કેમ કે તેમ કરવું, એ દિવસે કોઈ કામ કરવું નહિ, તે યહૂદી નિયમને તોડતું હતું.
- જ્યારે પિત્તરે કહ્યું કે તેના માટે અશુદ્ધ ખોરાક ખાવો એ "ગેરકાયદેસર" હતું ત્યારે, તેનો અર્થ એ હતો કે જો તે એ ખોરાક ખાય તો તે ઈશ્વરે ઈઝરાયેલીઓને આપેલ ચોક્કસ ખોરાક ન ખાવા વિષેના નિયમને તોડશે.
  "અન્યાયી" શબ્દ એવી વ્યક્તિનું વર્ણન કરે છે જે કાયદાઓ કે નિયમોનું પાલન કરતો નથી. જ્યારે દેશ કે લોકોનું જુથ "અરાજકતા" ની સ્થિતિમાં હોય ત્યારે, ત્યાં વ્યાપક આજ્ઞાભંગ, બળવો, અથવા અનૈતિક્તા છે.
- અન્યાયી વ્યક્તિ બળવાખોર છે અને ઈશ્વરના નિયમોને ન માનનાર હોય છે.
- પ્રેરિત પાઉલે લખ્યું કે છેલ્લા દિવસોમાં "અધર્મી માણસ" હશે, અથવા "અન્યાયી વ્યક્તિ" કે જે શેતાન દ્વારા દુષ્ટ બાબતો કરવાને માટે પ્રભાવિત હશે.

## અનુવાદ માટેના સૂચનો:

- "ગેરકાયદેસર" શબ્દનું અનુવાદ, શબ્દ કે અભિવ્યક્તિ જેનો અર્થ "કાયદેસર નથી" અથવા "કાયદાને તોડનારું"નો ઉપયોગ કરીને કરવું.
- "ગેરકાયદેસર" ને અનુવાદ કરવાની બીજી રીતોમાં "પરવાનગી નથી" અથવા "ઈશ્વરના નિયમો પ્રમાણે નથી" અથવા "આપણાં કાયદાઓને સમર્થન આપતું નથી" હોઈ શકે.
- "નિયમ/કાયદાની વિરુદ્ધ" અભિવ્યક્તિનો "ગેરકાયદેસર"ના જેવો જ સમાન અર્થ થાય છે.
- "અન્યાયી" શબ્દનું અનુવાદ "બંડખોર" અથવા "આજ્ઞાભંગ કરનાર" અથવા "કાયદાનો વિરોધ કરનાર" એમ કરી શકાય.
- "અરાજકતા" શબ્દનું અનુવાદ "કોઈપણ કાયદાનું પાલન ન કરવું" અથવા "બળવો (ઈશ્વરના નિયમો વિરુદ્ધ)" એમ કરી શકાય.
- "અરાજકતાનો માણસ" શબ્દસમૂહનું અનુવાદ "માણસ જે કોઈપણ કાયદાનું પાલન કરતો નથી" અથવા "માણસ કે જે ઈશ્વરના નિયમો વિરુદ્ધ બળવો કરે છે" એમ કરી શકાય.
- જો શક્ય હોય તો આ શબ્દમાં "કાયદો/નિયમ" નો ખ્યાલ રાખવો એ મહત્વનુ છે.
- એ નોંધો કે "ગેરકાયદેસર" શબ્દનો અર્થ આ શબ્દ કરતાં અલગ છે.

(આ પણ જુઓ: નિયમ, કાયદો, મુસા, સબ્બાથ/વિશ્રામવાર)

## બાઈબલના સંદર્ભો:

- માથ્થી 7:21-23
- માથ્થી 12:1-2
- માથ્થી 12:3-4
- માથ્થી 12:9-10
- માર્ક 3:3-4

- લૂક 6:1-2
- પ્રેરિતોના કૃત્યો 2:22-24
- પ્રેરિતોના કૃત્યો 10:27-29
- પ્રેરિતોના કૃત્યો 22:25-26
- 2 થેસ્સાલોનિકીઓ 2:3-4
- તિતસ 2:14
- 1 યોહાન 3:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H4941, H6530, H6662, H7386, H7990, G111, G113, G266, G458, G459, G1832, G3545

# કાયદો/કાનૂન, સિદ્ધાંત

## વ્યાખ્યા:

"કાયદો" એ કાયદેસરનો નિયમ છે જે સત્તામાંના કોઈક દ્વારા સામાન્ય રીતે લખાણમાં અને અમલ લાવવામાં આવ્યો હોય છે. "સિદ્ધાંત" એ નિર્ણય લેવા અને વ્યવહાર માટેની માર્ગદર્શિકા છે, અને સામાન્યપણે તે લખાણમાં હોતી નથી અથવા અમલમાં આણેલ હોતી નથી. જો કે કેટલીકવાર "કાયદો" શબ્દનો અર્થ "સિદ્ધાંત" તરીકે થાય છે.

- "કાયદો" એ "આદેશ/ફરમાન"ની સમાન છે પરંતુ "કાયદા" શબ્દનો સામાન્યપણે ઉપયોગ, બોલવા કરતા કાંઇક જે લખાણમાં અસ્તિત્વ ધરાવે છે, તેનો ઉલ્લેખ છે.
- "કાયદો" અને "સિદ્ધાંત" બંને સામાન્ય નિયમ અથવા માન્યતા કે જે વ્યક્તિના વ્યવહારને દોરે છે તેનો ઉલ્લેખ કરે છે.
- "કાયદા"નો આ અર્થ, "મુસાના નિયમ" જે ઈશ્વરે ઇઝરાયેલીઓને આપેલ આજ્ઞાઓ અને સૂચનાઓનો ઉલ્લેખ કરે છે, તે શબ્દના અર્થ કરતાં અલગ છે.
- જ્યારે સામાન્ય કાયદાનો ઉલ્લેખ થતો હોય તો, "કાયદા"નો અનુવાદ "સિદ્ધાંત" અથવા "સામાન્ય નિયમ" તરીકે કરી શકાય.

(આ પણ જુઓ: મૂસાનો નિયમ, હુકમનામું, આજ્ઞા, જાહેર કરવું)

## બાઈબલના સંદર્ભો:

- પુનર્નિયમ 4:1-2
- એસ્તર 3:8-9
- નિર્ગમન 12:12-14
- ઉત્પત્તિ 26:4-5
- યોહાન 18:31-32
- રોમનો 7:1

## શબ્દ માહિતી:

- Strong's: H1285, H1881, H1882, H2706, H2708, H2710, H4687, H4941, H6310, H7560, H8451, G1785, G3548, G3551, G4747

# કાળવૃતાંત

## વ્યાખ્યા:

“કાળવૃતાંત” શબ્દ, એ સમયગાળા દરમ્યાન થયેલી ઘટનાઓના લેખિત હેવાલને દર્શાવે છે.

- જૂના કરારમાંના બે પુસ્તકોને, “કાળવૃતાંતનું પહેલું પુસ્તક” અને “કાળવૃતાતનું બીજું પુસ્તક” કહેવામાં આવે છે.
- જેને ”કાળવૃતાંતના” પુસ્તકો કહેવાય છે, તેમાં આદમથી શરૂઆત કરીને દરેક પેઢીના લોકોની યાદી સાથે, ઈઝરાએલી લોકોના ઈતિહાસનો ભાગ નોંધવામાં આવ્યો છે.
- “પહેલા કાળવૃતાંત” ના પુસ્તકમાં શાઉલ રાજાના જીવનનો અંત અને દાઉદ રાજાના રાજ્યની ઘટનાઓને નોંધવામાં આવી છે.
- “બીજા કાળવૃતાંત” ના પુસ્તકમાં, સુલેમાન રાજાનું શાસન, તથા બીજા કેટલાક રાજાઓ, સાથે મંદિરનું બાંધકામ, અને ઈઝરાએલના ઉત્તરના રાજ્યના યહૂદાના દક્ષિણના રાજ્યથી પડેલા ભાગલાની નોંધ કરે છે.
- બીજા કાળવૃતાંતના અંતમાં બાબિલોનના બંદીવાસની શરૂઆતનું વર્ણન કરવામાં આવ્યું છે

(આ પણ જુઓ: બાબિલોન, દાઉદ, બંદીવાસ/દેશવટો, ઈઝરાએલનું રાજ્ય, યહુદા, સુલેમાન)

## બાઈબલની કલમો:

- 1કાળવૃતાંત 27:23-24
- 2 કાળવૃતાંત 33:18-20
- એસ્તર 10:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H1697

# કિલ્લો, કિલ્લાઓ, કિલ્લેબંધી,મજબૂત કરવું, ગઢ, ગઢો

## વ્યાખ્યા:

“કિલ્લો” અને “ગઢ” બંને શબ્દો એવી જગ્યાઓનો ઉલ્લેખ કરે છે જે દુશ્મન સૈનિકોના હુમલાઓ સામે ખુબ સુરક્ષિત છે. “મજબૂત કરવું” શબ્દ એવા શહેર કે બીજી જગાનું વર્ણન કરે છે કે જેને હુમલાથી સુરક્ષિત કરવામાં અઆવ્યું છે.

- ઘણીવાર, કિલ્લાઓ અને ગઢો એ માનવસર્જિત રક્ષણાત્મક દીવાલો સાથેનું માળખું હોય છે.

તેઓ કુદરતી સુરક્ષિત અવરોધોવાળી જગ્યાઓ જેવી કે પથરાળ ખડક કે ઊંચા પર્વતો હોઈ શકે.

- લોકો જાડી દીવાલો અથવા માળખું બાંધીને કિલ્લાઓને મજબૂત કરે છે જે દુશ્મન માટે તોડવું મુશ્કેલ બનાવે.
- “કિલ્લા” અથવા “ગઢ” નું અનુવાદ “મજબૂત સુરક્ષિત જગ્યા” અથવા ભારપૂર્વક સુરક્ષિત જગ્યા” એમ પણ કરી શકાય.
- “શહેરને મજબૂત કરવું” શબ્દનું અનુવાદ “સુરક્ષિત શહેર” અથવા “ભારપૂર્વક બંધાયેલ શહેર” એમ પણ કરી શકાય.
- આ શબ્દનો ઉપયોગ રૂપકાત્મક રીતે જેઓ ઈશ્વર પર વિશ્વાસ કરે છે તેઓ માટે ઈશ્વરને ગઢ કે કિલ્લો તરીકે ઉલ્લેખીને પણ થતો હતો.

(જુઓ: કહેવત)

- બીજો “કિલ્લા” શબ્દનો રૂપકાત્મક અર્થ જેને કોઈકે ખોટી રીતે સુરક્ષામાં વિશ્વાસ કર્યો હતો, જેમ કે જુઠ્ઠા દેવ કે બીજુ કોઈ કે જેની આરાધના યહોવાને બદલે કરવામાં આવતી તેને સંબોધે છે.

તેનું આમ પણ અનુવાદ કરી શકાય “જુઠ્ઠો કિલ્લો.”

- આ શબ્દનું અનુવાદ “આશ્રય,” કે જે મજબૂત બનાવવા કરતાં સુરક્ષા પર વધુ ભાર મુકે છે તેનાથી અલગ રીતે થવું જોઈએ.

(આ પણ જુઓ: જુઠ્ઠા દેવ, જુઠ્ઠા દેવ, આશ્રય, યહોવા)

## બાઈબલના સંદર્ભો:

- 2 કરિંથીઓ 10:3-4
- 2 રાજાઓ 8:10-12
- 2 શમુએલ 5:8-10
- પ્રેરિતોના કૃત્યો 21:34-36
- હબાક્કુક 1:10-11

## શબ્દ માહિતી:

- Strong's: H490, H553, H759, H1001, H1002, H1003, H1219, H1225, H2388, H4013, H4026, H4581, H4526, H4679, H4685, H4686, H4692, H4693, H4694, H4869, H5794, H5797, H5800, H6438, H6696, H6877, H7682, G3794, G3925

# કુટુંબ, કબીલો, લોહીના સંબંધવાળું, સગાસંબંધીઓ, સગા, સગાઓ

## વ્યાખ્યા:

“કુટુંબ” શબ્દ વ્યક્તિના લોહીના સંબંધ, જુથ તરીકેનો ઉલ્લેખ કરે છે. “સગા” સ્પષ્ટપણે પુરુષ સંબંધીનો ઉલ્લેખ કરે છે.

- “કુટુંબ” શબ્દ વ્યક્તિના નજીકના સબંધીઓનો ઉલ્લેખ કરે છે, જેવા કે માતપિતા, બહેન, અથવા તે ઘણાં દૂરના સંબંધીઓ જેવા કે કાકા, મામા, ફોઇ, ફુઆ અથવા પિતરાઇનો સમાવેશ કરે છે.
- પ્રાચીન ઈઝરાયેલમાં, જ્યારે પુરુષ મૃત્યુ પામે ત્યારે, તેના નજીકના પુરુષ સંબંધીએ તેની વિધવા સાથે લગ્ન કરવા અપેક્ષિત હતા, અને તેના કુટુંબના નામને આગળ લઈ જવા મદદ કરવાની હતી.

આ સંબંધીને “સગા-ઉધ્ધારક” કહેવામા આવતા હતા.

- “કુટુંબ” શબ્દનું અનુવાદ “સંબંધી” અથવા “કુટુંબના સભ્ય” તરીકે કરી શકાય.

## બાઈબલના સંદર્ભો:

- રોમનો 16:9-11
- રૂથ 2:19-20
- રૂથ 3:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H251, H1350, H4129, H4130, H7138, H7607, G4773

# કુટુંબ, કુટુંબો

## વ્યાખ્યા:

"કુટુંબ" શબ્દ એવા લોકોના જૂથને દર્શાવે છે કે, જેઓ લોહીથી સબંધિત અને સામાન્ય રીતે પિતા, માતા, અને તેઓના બાળકોનો સમાવેશ થાય છે. મોટેભાગે તેમાં અન્ય સંબંધીઓ જેવા કે દાદા-દાદી, પૌત્ર –પુત્રીઓ, કાકાઓ-કાકીઓનો સમાવેશ થાય છે.

- હિબ્રૂ કુટુંબ એ ધાર્મિક સમાજ હતો જે ભજન અને સૂચનાઓ દ્વારા પરંપરાઓને પસાર કરે છે.
- સામાન્ય રીતે આ કુટુંબમાં પિતાને મુખ્ય અધિકાર હતો.
- કુટુંબમાં નોકરો, ઉપપત્નીઓ, અને પરદેશીઓનો પણ સમાવેશ કરી શકાય છે.
- કેટલીક ભાષાઓમાં કદાચ બહોળો શબ્દ જેવા કે "કુળ" અથવા "ઘરના" જે તે સંદર્ભમાં સારી રીતે બંધબેસતો હોય છે, જેમાં માબાપ અને બાળકો સાથે બીજા પણ જોડાયેલા હોય છે.
- "કુટુંબ" શબ્દ લોકો કે જેઓ આત્મિક રીતે સંબંધિત છે તેઓને દર્શાવવા પણ વાપરવામાં આવ્યો છે, જેવા કે લોકો જેઓ દેવના કુટુંબનો ભાગ છે, કારણકે તેઓ ઈસુમાં માને છે.

(આ પણ જુઓ: કુળ, પૂર્વજ, ઘર)

## બાઈબલની કલમો:

- 1 રાજા 8:1-2
- 1 શમુએલ 18:17-18
- નિર્ગમન 1:20-22
- યહોશુઆ 2:12-13
- લૂક 2:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H1, H251, H272, H504, H1004, H1121, H2233, H2859, H2945, H3187, H4138, H4940, H5387, H5712, G1085, G3614, G3624, G3965

# કુમારિકા, કુમારિકાઓ કૌમાર્ય

## વ્યાખ્યા:

કુમારિકા એક સ્ત્રી છે જેણે ક્યારેય જાતીય સંબંધો કર્યા નથી.

- યશાયાહ પ્રબોધકે કહ્યું કે મસીહ કુમારિકામાંથી જન્મશે.
- મરિયમ કુંવારી હતી જ્યારે તે ઈસુ સાથે ગર્ભવતી હતી.

તેમને માનવ પિતા ન હતા.

- કેટલીક ભાષાઓમાં કુમારિકાનો ઉલ્લેખકરવા નમ્ર રીતનો એક શબ્દ હોઈ શકે છે.

(જુઓ: [સૌમ્યોક્તિ]

(આ પણ જુઓ: ખ્રિસ્ત યશાયાહ, ઈસુ, મરિયમ)

## બાઇબલ સંદર્ભો

- ઉત્પત્તિ 24:15-16
- લૂક 1:26-29
- લૂક 1:34-35
- માથ્થી 1:22-23
- માથ્થી 25:1-4

## બાઇબલ વાર્તાઓનાં ઉદાહરણો:

- **21:9** પ્રબોધક યશાયાહે ભવિષ્યવાણી કરી હતી કે મસીહ **કુમારિકાથી જન્મશે .**
- **22:4** તેણી )મરિયમ (_ કુમારિકા_ હતી અને તેને યુસફ નામના પુરુષ સાથે લગ્ન કરવા સગાઈ થઈ હતી.
- **22:5**મરિયમે જવાબ આપ્યો, "આ કેવી રીતે હોઈ શકે, કારણ કે હું _ કુવારી _ છું?"
- **49: 1** કોઈ દૂતે મરિયમ નામની _ કુમારિકા _ને કહ્યું કે તે ઈશ્વરના દીકરાને જન્મ આપશે.

તેથી જ્યારે તે હજુ પણ _ કુમારિકા _ હતી, તેણે એક પુત્રને જન્મ આપ્યો અને તેને ઈસુ નામ આપ્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H1330, H1331, H5959, G3932, G3933

# કુમાર્ગે, કુમાર્ગે જવું, ભટકી ગયો, કુમાર્ગે દોરવું, ભટકાયેલ

## વ્યાખ્યા:

"ભટકાયેલ" અને "કુમાર્ગે જવું" શબ્દોનો અર્થ ઈશ્વરની ઈચ્છાનો અનાદર કરવો, થાય છે. જે લોકો "અવળે માર્ગે દોરાયા" તેઓએ ઈશ્વરની આજ્ઞાનો ભંગ કરવા બીજા લોકો અથવા સંજોગોને પ્રભાવ પાડવા દીધો.

- "કુમાર્ગે જવું" તે શબ્દસમૂહ, એક સ્પષ્ટ માર્ગ છોડીને જવું અથવા સ્પસ્ટ અને સલામતીની જગ્યા છોડીને ખોટા અને ખતરનાક માર્ગ તરફ જવાનું ચિત્ર રજૂ કરે છે,
- ઘેટું કે જે પોતાના ભરવાડના ગૌચર છોડી જાય છે તેઓ "ભટકી જાય છે." ઈશ્વર પાપી લોકને ઘેટા સાથે સરખાવે છે, કે જે "કુમાર્ગે દોરાઈ જાય છે."

## ભાષાંતરના સુચનો

- "કુમાર્ગે જવું" એ શબ્દસમૂહનું ભાષાંતર "ઈશ્વરથી દુર જવું" અથવા "ઈશ્વરની ઈચ્છાથી દુર ખોટો માર્ગ પકડવો" અથવા "ઈશ્વરની આજ્ઞા પાળવાનું બંધ કરવું" અથવા "એવા માર્ગમાં જીવવું કે જે ઈશ્વરથી દુર જાય છે" થઇ શકે છે.
- "કોઈને કુમાર્ગે દોરવું" તેનું ભાષાંતર આ રીતે થઇ શકે છે: "કોઈને ઈશ્વરની આજ્ઞા ન પાળવા માટે નિમિત્ત બનવું" અથવા "કોઈને ઈશ્વરની આજ્ઞા પાળવાથી રોકવું" અથવા "કોઈને ખોટે માર્ગે ચલાવવા નિમિત્ત બનવું."

(આપણ જુઓ: આજ્ઞાભંગ, ભરવાડ)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 3:7-8
- 2 તિમોથી 3:10-13
- નિર્ગમન 23:4-5
- હઝકિએલ 48:10-12
- માથ્થી18:12-14
- માથ્થી 24:3-5
- ગી.શા. 58:3
- ગી.શા. 119:110

## શબ્દ માહિતી:

- Strong's: H5080, H7683, H7686, H8582, G4105

# કુલીન, ઉમરાવો, ઉમરાવ, ઉમરાવો

## વ્યાખ્યા:

“કુલીન” શબ્દ જે ઉત્તમ અને ઉચ્ચ કક્ષાની હોય તેવી બાબતનો ઉલ્લેખ કરે છે. “ઉમરાવ” એવો વ્યક્તિ છે કે જે ઉચ્ચ રાજકીય અથવા તો સામાજિક વર્ગનો સદસ્ય છે. “કુલીન જન્મ” વાળો વ્યક્તિ એ છે કે જે ઉમરાવ તરીકે જન્મ્યો હતો.

- એક ઉમરાવ ઘણી વાર રાજ્યનો અધિકારી અને રાજાનો ઘનિષ્ટ સેવક હતો.
- “ઉમરાવ” શબ્દનો અનુવાદ “રાજાના અધિકારી” અથવા તો “સરકારી અધિકારી” તરીકે પણ કરી શકાય.

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 23:20-21
- દાનિયેલ 4:36-37
- સભાશિક્ષક 10:16-17
- લૂક 19:11-12
- ગીતશાસ્ત્ર 16:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H117, H678, H1281, H1419, H2715, H3358, H3513, H5057, H5081, H6440, H6579, H7336, H7261, H8282, H8269, H8321, G937, G2104, G2903

# કુળ, કુળો

## વ્યાખ્યા:

"કુળ" શબ્દ, એક જ પૂર્વજમાંથી વિસ્તરેલા કુટુંબના સભ્યોનું જૂથ તે દર્શાવે છે.

- જૂના કરારમાં, ઈઝરાએલીઓ તેમના કુળો અથવા કુટુંબના જૂથો પ્રમાણે ગણવામાં આવતા હતા.
- કુળોના નામ સામાન્ય રીતે તેઓમાંના સૌથી વધુ જાણીતા પૂર્વજ પરથી આપવામાં આવતા હતા.
- ક્યારેક વ્યક્તિગત લોકો તેઓના કુળના નામ દ્વારા ઓળખવામાં આવતા હતા.

આ ઉદાહરણ છે જયારે મૂસાના સસરા યિથ્રોને ક્યારેક તેના કુળના નામ, રેઉલથી ઓળખવામાં આવે છે.

- કુળનું ભાષાંતર, "કુટુંબ જૂથ" અથવા "વિસ્તરેલું કુટુંબ" અથવા "સગા સબંધીઓ" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: કુટુંબ, યિથ્રો, જાતિ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 6:33-35
- ઉત્પત્તિ 10:2-5
- ઉત્પત્તિ 36:15-16
- ઉત્પત્તિ 36:29-30
- ઉત્પત્તિ 36:40-43
- યહોશુઆ 15:20
- ગણના 3:38-39

## શબ્દ માહિતી:

- Strong's: H1, H441, H1004, H4940

# કુહાડી, કુહાડીઓ

## વ્યાખ્યા:

કુહાડી એક હથિયાર છે, જે લાકડું અથવા વૃક્ષો કાપવા અથવા ચીરવા માટે વપરાય છે.

- સામાન્ય રીતે કુહાડીને લાકડાનો લાંબો દસ્તો હોય છે, જેને લોખંડની મોટી ધાર કાઢેલ પાના સાથે છેડા પર જોડેલો હોય છે.
- જો તમારી સંસ્કૃતિમાં કુહાડી (અથવા ફરસી) જેવું સમાન હથિયાર હોય, તે હથિયારના નામનું ભાષાંતર “કુહાડી” વાપરી શકાય.
- બીજી રીતે આ શબ્દનું ભાષાંતર કરીએ તો “વૃક્ષ કાપવાનું હથિયાર” અથવા “ધારવાળું લાકડાનું હથિયાર” અથવા “લાંબા હાથાવાળું લાકડા કાપવાનું હથિયાર” એવા શબ્દોનો સમાવેશ કરી શકાય.
- એક જૂના કરારની ઘટનામાં, કુહાડીનું પાનું નદીમાં પડી ગયું હતું, એટલે કે જો તેનું ઉત્તમ વર્ણન કરવું હોય તો કુહાડીનું પાનું લાકડાના દસ્તામાંથી ઢીલું થઈને નીકળીને શકે છે.

## બાઈબલની કલમો:

- 1 રાજા 6:7-8
- 2 રાજા 6:4-5
- ન્યાયાધીશો 9:48-49
- લૂક 3:9
- માથ્થી 3:10-12
- ગીતશાસ્ત્ર 35:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H1631, H4621, H7134, G513

# કેફી પીણું, કેફી પીણાઓ

## વ્યાખ્યા:

"કેફી પીણું" એવા પીણાંનો ઉલ્લેખ કરે છે જેમાં આથો આવ્યો હોય અને જેમાં દારૂનું શુદ્ધ અર્ક હોય.

- દારૂના શુદ્ધ અર્કવાળું પીણું એ અનાજ અથવા ફળમાંથી બનાવવામાં આવે અને તેમાં આથો આવવા દેવામાં આવે.
- "કેફી પીણાં" ના પ્રકારોમાં દ્રાક્ષાની દારૂ, તાડનો દારૂ, જવ, અને સફરજનનું પીણાંનો સમાવેશ થાય છે.

બાઈબલમાં, દ્રાક્ષારસને વારંવાર કેફી પીણાં તરીકે સંબોધવામા આવ્યું છે.

- યાજકો અને કોઈએ પણ જેમણે ખાસ વ્રત જેમ કે "નાઝીરી વ્રત" લીધું હોય તેઓને આથો આવેલ પીણું પીવાની પરવાનગી ન હતી.
- આ શબ્દનું અનુવાદ "આથો આવેલ પીણું" અથવા "દારૂના અર્કવાળું પીણું" તરીકે પણ કરી શકાય.

(આ પણ જુઓ: દ્રાક્ષ, નાઝીરી, વ્રત, દારૂ)

## બાઈબલના સંદર્ભો:

- યશાયા 5:11-12
- લેવીય 10:8-11
- લૂક 1:14-15
- ગણના 6:1-4

## શબ્દ માહિતી:

- Strong's: H5435, H7941, G4608

# કોપ, કોપિત થાય છે, કોપ કર્યો, કોપિત

## તથ્યો:

કોપ એ અતિશય ગુસ્સો છે કે જે નિયંત્રણની બહાર હોય છે. જ્યારે કોઈ કોપિત થાય છે ત્યારે, તેનો અર્થ થાય છે કે તે વ્યક્તિ પોતાનો ગુસ્સો વિનાશકારી રીતે પ્રદર્શિત કરે છે.

- કોપ ત્યારે ચડે છે જ્યારે ગુસ્સાની ભાવના વ્યક્તિને સ્વનિયંત્રણ ગુમાવવા દોરે છે.
- કોપિત થયેલા લોકો વિનાશકારી બાબતો કહે છે અને કરે છે.
- “ઉત્પાત મચાવવો” શબ્દનો અર્થ જોરદાર રીતે ધસવું પણ થઈ શકે છે જેમ કે “ઉત્પાત મચાવતું” તોફાન અથવા તો “ઉત્પાત મચાવતા” સમુદ્રના મોજાં.
- જ્યારે “દેશો ઉત્પાત મચાવે છે”, ત્યારે તેમના ધર્મભ્રષ્ટ લોકો ઈશ્વરનો અનાદર કરે છે અને તેમની વિરુદ્ધ વિદ્રોહ કરે છે.
- “કોપથી પાગલ થઈ જવા” નો અર્થ અત્યંત ગુસ્સાની જબરજસ્ત ભાવના સવાર થવી એવો થાય છે.

(આ પણ જૂઓ: ક્રોધિત, આત્મસંયમ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 4:23-25
- દાનિયેલ 3:13-14
- લૂક 4:28-30
- ગણના 25:10-11
- નીતિવચનો 19:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H398, H1348, H1984, H1993, H2121, H2195, H2196, H2197, H2534, H2734, H2740, H3491, H3820, H5590, H5678, H7264, H7265, H7266, H7267, H7283, H7857, G1693, G2830, G3710, G5433

# ખંડણી

## વ્યાખ્યા:

" ખંડણી " શબ્દનો અર્થ, રક્ષણના હેતુસર અને તેમના દેશો વચ્ચે સારા સંબંધો માટે એક શાસક પાસેથી અન્ય શાસક માટે ભેટ એવો થાય છે.

- એક ખંડણી એ ચૂકવણી પણ હોઈ શકે છે કે જે લોકો પાસેથી સરકાર અથવા શાસકને આવશ્યક છે, જેમ કે ટોલ અથવા વેરો.
- બાઇબલના સમયમાં, મુસાફરી કરનારા રાજાઓ અથવા શાસકો અમુકવાર તે પ્રદેશના રાજાને ખંડણી ચૂકવતા હતા કે જેથી તેઓ સુરક્ષિત અને સલામત રહે.
- ઘણી વાર ખંડણીમાં નાણાં ઉપરાંત વસ્તુઓ, જેમ કે ખોરાક, મસાલા, સમૃદ્ધ કપડાં અને સોના જેવી મોંઘી ધાતુઓનો સમાવેશ થાય છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

સંદર્ભના આધારે, " ખંડણી "નું ભાષાંતર "અધિકૃત ભેટો" અથવા "વિશિષ્ટ કર" અથવા "જરૂરી ચુકવણી" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: સોનું, રાજા, શાસક, કર)

## બાઇબલના સંદર્ભો:

- 1કાળવૃતાંત 18:1-2
- 2 કાળવૃતાંત 9:22-24
- 2 રાજાઓ 17:1-3
- લુક 23:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H1093, H4060, H4061, H4371, H4503, H4522, H4530, H4853, H6066, H7862, G1323, G2778, G5411

# ખજૂરી, ખજૂરીઓ

## વ્યાખ્યા:

“ખજૂરી” શબ્દ એક પ્રકારના ઊંચા, લાંબી લચીલી પાંદડાવાળી ડાળીઓ ધરાવતા વૃક્ષનો ઉલ્લેખ કરે છે. આ ડાળીઓ ઉપરથી એક પંખા આકારે ફેલાયેલી હોય છે.

- બાઇબલમાંનું ખજૂરીનું વૃક્ષ એક ખાસ પ્રકારના ખજૂરીના વૃક્ષનો ઉલ્લેખ કરે છે જેને “ખજૂરી” નામના ફળ આવતા હતા.

તેના પાંદડા પીંછા સમાન હોય છે.

- ખજૂરીના ઝાડ લાક્ષણિક રીતે ગરમ ભેજવાળી આબોહવામાં ઊગે છે.

તેમના પાંદડા બારે માસ લીલા રહે છે.

- જ્યારે ઈસુ ગધેડા પર સવાર થઈને યરૂશાલેમમાં પ્રવેશતા હતા ત્યારે, લોકોએ તેમની આગળ જમીન પર ખજૂરીની ડાળીઓ બિછાવી.
- ખજૂરીની ડાળીઓ શાંતિ અને વિજયની ઉજવણીનો સંકેત આપે છે.

(આ પણ જૂઓ: ગધેડું, યરૂશાલેમ, શાંતિ)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 6:29-30
- હઝકિએલ 40:14-16
- યોહાન 12:12-13
- ગણના 33:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H3712, H8558, H8560, H8561, G5404

# ખમીર, ખમીર, ખમીર, ખમીર, બેખમીર

## વ્યાખ્યા:

" ખમીર " એક સામાન્ય શબ્દ છે જે રોટલીના કણકને ફૂલાવવા અને વધવા માટેનું કારણ બને છે. "યીસ્ટ" ચોક્કસ પ્રકારનું ખમીર છે.

- કેટલાક અંગ્રેજી ભાષાંતરોમાં, ખમીર માટેના શબ્દને "યીસ્ટ" તરીકે અનુવાદિત કરવામાં આવે છે, જે આધુનિક ખમીર એજન્ટ છે, જે રોટલીના કણકને ગેસના પરપોટાથી ભરે છે, તે કણકને પકવવા પહેલાં ફૂલાવે છે.

ખમીરને કણકમાં ભેળવવામાં આવે છે, જેથી તે સમગ્ર કણકમાં ફેલાઇ જાય.

- જૂના કરારના સમયમાં, કણકને ક્ષણભર માટે બેસાડી દઈને ફૂલવા અથવા વધવા માટે એજન્ટ બનાવવામાં આવતું હતું.

કણકના પહેલાના બેચમાંથી કણકની થોડી માત્રાને આગામી બેચ માટે ખમીર તરીકે સાચવવામાં આવતું હતું.

- જ્યારે ઈસ્રાએલીઓ ઇજિપ્તમાંથી બચી ગયા, ત્યારે તેમની પાસે રોટલીના કણકમાં ફુલવાની રાહ જોવી પડતી ન હતી. તેથી, તેઓએ તેઓની મુસાફરી દરમિયાન ખમીર વિના રોટલી બનાવી.

આની યાદગીરી તરીકે, દર વર્ષે યહુદી લોકો બેખમીર રોટલી ખાઈને પાસ્ખાપર્વ ઉજવે છે.

- બાઇબલમાં "ખમીર" અથવા "યીસ્ટ" શબ્દનો અર્થ એ છે કે કેવી રીતે પાપ વ્યક્તિના જીવનથી ફેલાય છે અથવા કેવી રીતે પાપ અન્ય લોકો પર અસર કરે છે.
- તે ખોટા શિક્ષણનો સંદર્ભ પણ આપી શકે છે જે ઘણીવાર ઘણા લોકો સુધી ફેલાય છે અને તેમને પ્રભાવિત કરે છે.
- “ ખમીર" શબ્દનો અર્થ હકારાત્મક રીતે સમજાવવા પણ થાય છે કે કેવી રીતે દેવના રાજ્યનો પ્રભાવ વ્યકિતગત રીતે ફેલાય છે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- આનું ભાષાંતર "ખમીર" અથવા "પદાર્થ કે જે કણકને ફૂલાવે છે" અથવા "વિસ્તરણ એજન્ટ" તરીકે થાય છે.

"ઉભારવું" શબ્દ "વિસ્તૃત" અથવા "મોટી બનો" અથવા "ફૂલાવવું" તરીકે વ્યક્ત કરી શકાય છે.

- જો સ્થાનિક ખમીર એજન્ટનો ઉપયોગ બ્રેડ કણક ફૂલાવવા માટે થાય છે, તો તે શબ્દનો ઉપયોગ કરી શકાય છે.

જો ભાષામાં જાણીતો, સામાન્ય શબ્દ હોય જેનો અર્થ "ખમીર", થાય, તો તેનો ઉપયોગ કરવા માટે શ્રેષ્ઠ શબ્દ હશે. આ પણ જુઓ: ઇજિપ્ત, પાસ્ખાપર્વ, બેખમીર રોટલી)

## બાઇબલના સંદર્ભો:

- નિર્ગમન 12:5-8
- ગલાતી 5:9-10
- લૂક 12:1
- લૂક 13:20-21
- માથ્થી 13:33
- માથ્થી 16:5-8

## શબ્દ માહિતી:

- Strong's: H2556, H2557, H4682, H7603, G106, G2219, G2220

# ખરી, ખરીઓ, પ્રાણીઓની ખરીઓ

## સત્યો:

આ શબ્દો પગની નીચેના કઠણ ભાગને કે જે ચોક્કસ પ્રાણીઓ જેવા કે, ઊંટો, ઢોર, હરણ, ઘોડા, ગધેડા, ડુક્કરો, બળદો, ઘેટાં, અને બકરાંના પગોના નીચેના ભાગને દર્શાવે છે.

- પ્રાણીઓની ખરીઓ જયારે તેઓ ચાલે છે, ત્યારે તેમણે રક્ષણ આપે છે.
- કેટલાક પ્રાણીઓને ખરીઓ હોય છે, અને તે બે ભાગમાં વહેંચાયેલી હોય છે, અને જયારે બીજાઓને તે હોતી નથી.
- દેવે ઈઝરાએલીઓને કહ્યું કે પ્રાણીઓ જેઓને ફાટેલી ખરીઓ અને વાગોળે તેઓને ખાવા માટે શુદ્ધ ગણવામાં આવ્યા હતા.

તેમાં ઢોર, ઘેટાં, હરણ, અને બળદોનો સમાવેશ થાય છે.

(આ પણ જુઓ: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઊંટ, ગાય, બળદ, ગધેડો, બકરી, ડુક્કર, ઘેટું)

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 14:6-7
- હઝકિયેલ 26:9-11
- લેવીય 11:3-4
- ગીતશાસ્ત્ર 69:30-31

## શબ્દ માહિતી:

- Strong's: H6119, H6471, H6536, H6541, H7272

# ખાડો, ખાડા, જોખમ

## વ્યાખ્યા:

ખાડો એ એક ઊંડું કાણું છે કે જેને જમીનમાં ખોદીને પાડવામાં આવ્યું છે.

- લોકો પ્રાણીઓને ફસાવવા કે પાણી પ્રાપ્ત કરવા ખાડો ખોદે છે.
- ખાડાનો ઉપયોગ હંગામી ધોરણે કેદીને બંધનમાં રાખવા પણ થઈ શકે છે.
- કેટલીક વાર "ખાડો" શબ્દ કબર અથવા તો નર્કનો ઉલ્લેખ કરે છે.

કેટલીક વાર તે "પાતાળ (શેઓલ)" નો ઉલ્લેખ પણ કરી શકે.

- એક ઊંડા ખાડાને "ટાંકી" અથવા તો "કુંડ" પણ કહી શકાય.
- "ખાડો" શબ્દનો ઉપયોગ શબ્દસમૂહોમાં પ્રતિકાત્મક રીતે પણ થાય છે જેમ કે, "નાશનો ખાડો" કે જે આફતો ભરેલી પરિસ્થિતિમાં હોવું અથવા તો પાપરૂપી વિનાશક પ્રવૃત્તિઓમાં ઊંડી રીતે સામેલ હોવું તે દર્શાવે છે.

(આ પણ જૂઓ: પાતાળ, નર્ક, જેલ)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 37:21-22
- અયૂબ 33:16-18
- લૂક 6:39-40
- નીતિવચનો 1:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H875, H953, H1356, H1360, H1475, H2352, H4087, H4113, H4379, H6354, H7585, H7745, H7816, H7825, H7845, H7882, G12, G999, G5421

# ખાદ્યાર્પણ, ખાદ્યાર્પણો

## વ્યાખ્યા:

ખાદ્યાર્પણ એ મોટે ભાગે દહનાર્પણ પછી, દેવને આપવામાં આવતું ઘઉં અથવા જવના લોટનું દાન હતું.

- ખાદ્યાર્પણ માટે વાપરવામાં આવતું અનાજ બારીક દળેલું હોવું જોઈએ.
- ક્યારેક તે ચઢાવ્યા પહેલા રાંધવામાં આવતું હતું, પણ બીજા સમયે તેને રાંધ્યા વગરનું રાખવામાં આવતું હતું.
- અનાજના લોટમાં તેલ અને મીઠું ઉમેરવામાં આવતું હતું, પણ ખમીર અને મધની પરવાનગી નહોતી.
- ખાદ્યર્પણનો ભાગ બાળવામાં આવતો હતો અને તેનો અમુક ભાગ યાજકો દ્વારા ખાવામાં આવતો હતો.

(આ પણ જુઓ: દહનાર્પણ, દોષાર્થાર્પણ , બલિદાન, પાપર્થાર્પણ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 23:27-29
- નિર્ગમન 29:41-42
- ન્યાયાધીશો 13:19-20
- લેવીય 2:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H4503, H8641

# ખામી, ખોડખાપણવાળું, ખોડખાપણ વગરનું

## સત્યો:

"ખામી" શબ્દ, શારીરિક ખોડ અથવા ખામીવાળું પ્રાણી અથવા વ્યક્તિને દર્શાવે છે. તે લોકોની આત્મિક અપૂર્ણતા અને ભૂલો પણ દર્શાવી શકે છે.

- દેવે ઈઝરાએલીઓને સૂચના આપી હતી કે અમુક બલિદાનો માટે તેઓએ ખોડખાપણ અથવા ખામી વગરના પ્રાણીનું અર્પણ કરવું.
- આ ઈસુ ખ્રિસ્તનું એક સંપૂર્ણ, પાપરહિત બલિદાનનું ચિત્ર રજૂ કરે છે.

ખ્રિસ્તમાંના વિશ્વાસીઓને તેના લોહી દ્વારા તેઓના પાપથી શુધ્ધ કરાયેલા છે જેઓને ડાઘ (ખામી) વગરના ગણી શકાય.

- આ શબ્દનું ભાષાંતર તેના સંદર્ભ પ્રમાણે "ખામી" અથવા "અપૂર્ણતા" અથવા "પાપ" કરી શકાય છે.

(આ પણ જુઓ: વિશ્વાસ કરવો, સ્વચ્છ, બલિદાન, પાપ)

## બાઈબલની કલમો:

- 1 પિતર 1:18-19
- 2 પિતર 2:12-14
- પુનર્નિયમ 15:19-21
- ગણના 6:13-15
- ગીતોનું ગીત 4:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H3971, H8400, H8549, G3470

# ખુશ હોવું, ખુશ કરે છે, હર્ષઘેલું, પ્રસન્નચિત્ત

## વ્યાખ્યા:

“ખુશ” અને “પ્રસન્નચિત્ત” શબ્દો સફળતા અથવા વિશેષ આશીર્વાદને કારણે ખુબજ ખુશ હોવું, તે દર્શાવે છે.

- “ખુશ” શબ્દ, એ કંઇક અદભૂત ઉજવણીની લાગણીનો સમાવેશ કરે છે.
- વ્યક્તિ દેવની ભલાઈથી ખુશ હોઈ શકે છે.
- “પ્રસન્નચિત્ત” શબ્દમાં, સફળતા અથવા સમૃદ્ધિ વિશે ઉલ્લાસની લાગણીમાં મિથ્યાભિમાની હોવાનું પણ સમાવેશ કરી શકાય છે.
- “ખુશ હોવું” શબ્દનું ભાષાંતર, “આનંદપૂર્વક ઉજવવું” અથવા “મહાન આનંદથી વખાણવું,” તરીકે પણ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, “પ્રસન્નચિત્ત” શબ્દનું ભાષાંતર, “વિજયની પ્રશંસા” અથવા “પોતાના વખાણ સાથે ઉજવવું” અથવા “મિથ્યાભિમાની” તરીકે (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: મિથ્યાભિમાની, આનંદ, પ્રશંસા, આનંદ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 2:1
- યશાયા 13:1-3
- અયૂબ 6:10-11
- ગીતશાસ્ત્ર 68:1-3
- સફાન્યા 2:15

## શબ્દ માહિતી:

- Strong's: H5539, H5947, H5970

# ખોટું, ખોટા, ખોટું, ખોટી રીતે, ખોટી રીતે, ખોટું કરનાર, ખોટું કરવું, દુર્વ્યવહાર કરવો, દુર્વ્યવય કરાવવું, દુઃખ પહોંચવું, દુખી કરવું, નુકસાન કરવું, નુકસાનકારક

## વ્યાખ્યા:

વ્યક્તિને "ખોટુ કરવું" એટલે કે તે વ્યક્તિની સાથે અન્યાયી અને અપ્રમાણિક રીતે વ્યવહાર કરવો. " * દુર્વ્યવહાર" શબ્દનો અર્થ એ છે કે તે વ્યક્તિ સાથે ખરાબ રીતે અથવા અસામાન્ય રીતે વર્તવું, તે વ્યક્તિને શારિરીક અથવા ભાવનાત્મક નુકસાન પહોંચાડવું.

- ”દુઃખ" શબ્દ વધુ સામાન્ય છે અને તેનો અર્થ છે "કોઈકને નુકસાન પહોંચાડવું."

તે ઘણીવાર "શારીરિક ઇજા" નો અર્થ થાય છે.

- સંદર્ભને આધારે, આ શબ્દોનું "ખોટું કરવું" અથવા "અન્યાયી રીતે વર્તવું" અથવા "હાનિકારક રીતે નુકસાન પહોંચાડવું" અથવા "નુકસાન પહોંચાડવાનું કારણ" તરીકે ભાષાંતર કરી શકાય છે.

## બાઇબલ સંદર્ભો

- પ્રેરિતોનાં કૃત્યો 7:26-28
- નિર્ગમન 22:20-21
- ઉત્પત્તિ 16:5-6
- લૂક 6:27-28
- માથ્થી 20:13-14
- ગીતશાસ્ત્ર 71:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H205, H816, H2248, H2250, H2255, H2257, H2398, H2554, H2555, H3238, H3637, H4834, H5062, H5142, H5230, H5627, H5753, H5766, H5791, H5792, H5916, H6031, H6087, H6127, H6231, H6485, H6565, H6586, H7451, H7489, H7563, H7665, H7667, H7686, H8133, H8267, H8295, G91, G92, G93, G95, G264, G824, G983, G984, G1536, G1626, G1651, G1727, G1908, G2556, G2558, G2559, G2607, G3076, G3077, G3762, G4122, G5195, G5196

# ખોપરી

## વ્યાખ્યા:

“ખોપરી” શબ્દ વ્યક્તિ કે પ્રાણીના માથાના હાડપિંજરના હાડકાનો ઉલ્લેખ કરે છે.

- કેટલીક વાર “ખોપરી” શબ્દનો અર્થ “તમારા માથાની હજામત કરાવો” જેવા શબ્દસમૂહ “માથું” જેમ જ થાય છે.
- “ખોપરીની જગા” શબ્દ એ ગલગથાનું બીજું નામ હતું, જ્યાં ઈસુને વધસ્તંભે જડાવવામાં આવ્યા હતા.
- આ શબ્દનું અનુવાદ “માથું” અથવા “માથાનું હાડકું” એ પ્રમાણે પણ કરી શકાય.

(આ પણ જુઓ: વધસ્તંભે જડવું, ગલગથા)

## બાઈબલના સંદર્ભો:

- 2 રાજાઓ 9:35-37
- યર્મિયા 2:14-17
- યોહાન 19:17-18
- માથ્થી 27:32-34

## શબ્દ માહિતી:

- Strong's: H1538, H2026, H2076, H2490, H2491, H2717, H2763, H2873, H2874, H4191, H4194, H5221, H6936, H6991, H6992, H7523, H7819, G337, G615, G1315, G2380, G2695, G4968, G4969, G5407

# ખ્યાતિ, જાણીતું, નામાંકિત

## વ્યાખ્યા:

“નામાંકિત” શબ્દ જાણીતા હોવું અને પ્રશંસનીય પ્રતિષ્ઠા હોવાની સાથે સંકળાયેલ મહાનતાનો ઉલ્લેખ કરે છે. જો કોઈ બાબત કે વ્યક્તિ પાસે ખ્યાતિ છે તો તે “નામાંકિત” છે.

- એક “નામાંકિત” વ્યક્તિ એવી વ્યક્તિ છે કે જે જાણીતી છે અને ખૂબ જ માનવંત છે.
- “ખ્યાતિ” ખાસ કરીને સારી પ્રતિષ્ઠાનો ઉલ્લેખ કરે છે કે જે લાંબા સમય માટે દૂરદૂર સુધી ફેલાયેલી છે.
- એક શહેર કે જે “નામાંકિત” છે તે ઘણી વાર તેની સંપત્તિ અને સમૃદ્ધિ માટે વિખ્યાત છે.

## અનુવાદ માટેના સૂચનો:

- “ખ્યાતિ” શબ્દનો અનુવાદ “પ્રસિદ્ધિ” અથવા તો “માનવંત પ્રતિષ્ઠા” અથવા તો “ઘણા લોકોમાં જાણીતી મહાનતા” તરીકે કરી શકાય.
- “નામાંકિત” શબ્દનો અનુવાદ “સુવિખ્યાત અને ખૂબ જ માનવંત” અથવા તો “જબરજસ્ત પ્રતિષ્ઠા ધરાવતું” તરીકે પણ કરી શકાય.
- “પ્રભુનું નામ ઇઝરાયલમાં બુલંદ હો” અભિવ્યક્તિનો અનુવાદ “ઈશ્વરનું નામ જાણીતું થાય અને ઇઝરાયલી લોકો દ્વારા માનવંત હો” તરીકે થઈ શકે.
- “નામાંકિત પુરુષો” શબ્દસમૂહનો અનુવાદ “પોતાની હિમ્મત માટે જાણીતા પુરુષો” અથવા તો “વિખ્યાત યોદ્ધાઓ” અથવા તો “ખૂબ જ માનવંત પુરુષો” તરીકે થઈ શકે.
- “તમારી ખ્યાતિ પેઢીદરપેઢી ટકી રહે છે” શબ્દસમૂહનો અનુવાદ “તમે કેટલા મહાન છો તે વિષે લોકો વર્ષો સુધી સાંભળશે” અથવા તો “દરેક પેઢીના લોકોએ તમારી મહાનતા જોઈ છે અને સાંભળી છે” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: માન)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 6:4
- ગીતશાસ્ત્ર 135:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H1984, H7121, H8034

# ગંધક,ગંધકયુક્ત

## વ્યાખ્યા:

ગંધક એક પીળા રંગનો પદાર્થ છે જે બળતું પ્રવાહ બની જાય છે જ્યારે તેને આગ લાગે છે.

- ગંધકમાંખૂબ તીવ્ર ગંધપણ છે જે સડેલા ઇંડાની ગંધ જેવું છે.
- બાઇબલમાં, બળતું ગંધક દુષ્ટ અને બળવાખોર લોકો પર દેવના ન્યાયચુકાદાનું પ્રતિક છે.
- લોતના સમયમાં,દેવે સદોમ અને ગમોરાહના દુષ્ટ શહેરો પર આગ અને ગંધક નો વરસાદ વરસાવ્યો.
- અમુક અંગ્રેજી બાઇબલમાં સલ્ફરને "ગંધક" તરીકે ઓળખવામાં આવે છે,જેનો અર્થ થાય છે " બળતો પથ્થર."

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દના સંભવિત અનુવાદમાં"પીળો પથ્થર જે બળે છે" અથવા "પીળાશ પડતો બળતો પથ્થર" શામેલ હોઈ શકે છે.

(આ પણ જુઓ:ગમોરાહ,ન્યાયાધીશ,લોત,બળવો, સદોમ,ધાર્મીક વૃત્તિ વાળું)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 19:23-25
- યશાયાહ 34:8-10
- લુક 17:28-29
- પ્રકટીકરણ 20:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H1614, G2303

# ગધેડો, ખચ્ચર

## વ્યાખ્યા:

ગધેડો એ ચાર પગોવાળું, પણ નાનું અને લાંબા કાનોવાળું ઘોડા સમાન પ્રાણી છે.

- ખચ્ચર એ (નર) ગધેડો અને (નારી) ઘોડીનું વંધ્ય સંતાન છે.

ખચ્ચર એ ખૂબજ મજબૂત પ્રાણી છે અને જેથી તેઓ મૂલ્યવાન કામના પ્રાણીઓ છે.

- ગધેડા અને ખચ્ચર બન્ને બોજો વહન કરવા, અને લોકો મુસાફરી કરતા હોય છે ત્યારે તેને વાપરવામાં આવે છે.
- બાઈબલના સમયમાં, શાંતિના સમયમાં રાજાઓ ઘોડાના બદલે ગધેડા પર સવારી કરતા, કે જેનો (ઘોડાનો) યુધ્ધના સમયમાં ઉપયોગ કરવામાં આવતો હતો.
- ઈસુને વધસ્તંભ પર જડવામાં આવ્યો તેના એક અઠવાડિયા પહેલા તેણે યરૂશાલેમમાં ગધેડાના વછેરા પર સવારી કરી.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

## બાઈબલની કલમો:

- 1 રાજા 1:32-34
- 1 શમુએલ 9:3-4
- 2 રાજા 4:21-22
- પુનર્નિયમ 5:12-14
- લૂક 13:15-16
- માથ્થી 21:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H860, H2543, H3222, H5895, H6167, H6501, H6505, H6506, H7409, G3678, G3688, G5268

# ગરૂડ, ગરૂડ પક્ષીઓ

## વ્યાખ્યા:

ગરૂડ એ ખૂબ જ મોટું, શિકાર કરનારું શક્તિશાળી પક્ષી છે કે જે નાના પ્રાણીઓ જેવા કે માછલી, ઉંદર, સાપ, અને મરઘીઓ ખાય છે.

- બાઈબલ લશ્કરની ઝડપ અને તાકાતને ગરૂડની સાથે સરખાવે છે કે તે કેટલા ઝડપથી અને અચાનક તેનો શિકાર પકડવા નીચે તરાપ મારે છે.
- યશાયા કહે છે કે જેઓ પ્રભુ પર ભરોસો રાખે છે તેઓ ગરૂડની પેઠે ઉડશે.

આવી રૂપકાત્મક ભાષા તેની સ્વતંત્રતા અને તાકાતને દર્શાવવા માટે વપરાય છે, જે દેવમાં ભરોસો રાખવાથી અને આજ્ઞા પાડવાથી આવે છે.

- દાનિયેલના પુસ્તકમાં, નબૂખાદનેસ્સાર રાજાના વાળની લંબાઈને ગરૂડના પીછાંની લંબાઈ સાથે સરખાવવામાં આવ્યા હતા, કે જે 50 સેન્ટીમીટર કરતાં વધારે લાંબા હોઈ શકે છે.

(આ પણ જુઓ: દાનિયેલ, મુક્ત, નબૂખાદનેસ્સાર, શક્તિ)

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

## બાઈબલની કલમો:

- 2 શમુએલ 1:23-24
- દાનિયેલ 7:4-5
- યર્મિયા 4:13-15
- લેવીય 11:13-16
- પ્રકટીકરણ 4:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H5403, H5404, H7360, G105

# ગર્ભ ધારણ કરવો, ગર્ભ ધારણ કરે છે, પેટે રહેવું, ગર્ભ (ગર્ભધારણ)

## વ્યાખ્યા:

"ગર્ભ ધારણ કરવો" અથવા "ગર્ભધારણ" શબ્દો સામાન્ય રીતે બાળક સાથે ગર્ભવતી બનવું, તેમ દર્શાવે છે. તે પ્રાણીઓ કે જેઓ ગર્ભવતી થાય છે તેઓ માટે પણ વાપરી શકાય છે.

- "બાળક સાથે ગર્ભ ધારણ કરવો" વાક્યનું ભાષાંતર, "ગર્ભવતી થવું" અથવા તેના માટે બીજો કોઈક શબ્દ આ બાબતને દર્શાવે છે તે સ્વીકાર્ય છે.
- "ગર્ભધારણ "સંબંધિત શબ્દનું ભાષાંતર, "ગર્ભાવસ્થાની શરૂઆત" અથવા "ગર્ભવતી થવાની ક્ષણ" તરીકે કરી શકાય.
- આ શબ્દોનો ઉપયોગ કઈંક ઉત્પન્ન કરવામાં અથવા કઈંક વિચારવામાં, જેમકે એક વિચાર, યોજના, અથવા કાર્યને પણ દર્શાવી શકે છે.

સંદર્ભ પર આધાર રાખીને આ શબ્દના ભાષાંતરમાં, "તેને વિશે વિચારવું" અથવા "યોજના ઘડવી" અથવા "સર્જન કે ઉત્પન્ન કરવું," તેવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.

- ક્યારેક આ શબ્દનો ઉપયોગ રૂપકાત્મક રીતે કરી શકાય છે, જેમકે "જયારે પાપ ગર્ભ ધરે છે" કે જેનો અર્થ "જયારે પાપનો પહેલો વિચાર આવે છે" અથવા "જયારે પાપની સાચી શરૂઆત થાય છે" અથવા "જયારે પ્રથમ પાપ શરૂ થાય છે."

(આ પણ જુઓ: સર્જન કે ઉત્પન્ન કરવું, કૂંખ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 21:1-4
- હોશિયા 2:4-5
- અયૂબ 15:34-35
- લૂક 1:24-25
- લૂક 2:21

## શબ્દ માહિતી:

- Strong's: H2029, H2030, H2032, H2232, H2254, H2803, H3179, G1080, G1722, G2602, G2845, G4815

# ગર્ભાશય, ગર્ભાશય

## વ્યાખ્યા:

"ગર્ભાશય" શબ્દનો અર્થ છે કે જ્યાં બાળક તેની માતામાં વધે છે.

- જૂનો શબ્દ છે જેનો ઉપયોગ નમ્ર અને ઓછી સીધી રીતે કરવા માટે થાય છે.

(જુઓ: સૌમ્યોક્તિ)

ગર્ભાશય માટે વધુ આધુનિક શબ્દ"ગર્ભાશય" છે.

- કેટલીક ભાષાઓમાં સ્ત્રીના ગર્ભાશય અથવા ગર્ભાશયનો ઉલ્લેખ કરવા માટે "પેટ" જેવા શબ્દનો ઉપયોગ થાય છે.
- પ્રોજેક્ટ ભાષામાં આ માટે જે જાણીતા, કુદરતી અને સ્વીકાર્ય હોય તેવા શબ્દનો ઉપયોગ કરો

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 25:23
- ઉત્પત્તિ 25:24-26
- ઉત્પત્તિ 38:27-28
- ઉત્પત્તિ 49:25
- લૂક 2:21
- લૂક 11:27-28
- લૂક 23:29-31
- માથ્થી 19:10-12

## શબ્દ માહિતી:

- Strong's: H990, H4578, H7356, H7358, G1064, G2836, G3388

# ગર્વિષ્ઠ

## વ્યાખ્યા:

“ગર્વિષ્ઠ” શબ્દનો અર્થ, મિજાજી અથવા ઘમંડી હોવું. કોઈ કે જે “ગર્વિષ્ઠ” છે તે પોતા વિશે ખૂબજ ઊંચું વિચારે છે.

- મોટેભાગે આ શબ્દ અભિમાની વ્યક્તિને વર્ણવે છે કે જે દેવની વિરુદ્ધ પાપ કરવાનું ચાલુ રાખે છે.
- સામાન્ય રીતે ગર્વિષ્ઠ વ્યકિત પોતા વિશે આત્મપ્રશંસા કરે છે.
- ગર્વિષ્ઠ વ્યક્તિ મૂર્ખ છે, જ્ઞાની નથી.
- આ શબ્દનું ભાષાંતર “ગર્વ” અથવા “ઘમંડી” અથવા “સ્વ કેન્દ્રિત” તરીકે પણ કરી શકાય છે.
- “ગર્વિષ્ઠ આંખો” જેની રૂપકાત્મક અભિવ્યક્તિનું ભાષાંતર, “ગર્વથી જોવું” અથવા “બીજાઓ ઓછા મહત્વમાં છે તેમ જોવું” અથવા “ગર્વિષ્ઠ વ્યક્તિ કે જે બીજાઓ ઉપર નીચું જુએ છે” તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: બડાઈ, ગર્વ)

## બાઈબલની કલમો:

- 2 તિમોથી 3:1-4
- યશાયા 2:17-19
- નીતિવચન 16:17-18
- નીતિવચન 21:23-24
- ગીતશાસ્ત્ર 131:1

## શબ્દ માહિતી:

- Strong's: H1361, H1363, H1364, H3093, H4791, H7312

# ગળી જવું (ફાડી ખાવું), ભસ્મ કરેલું, વપરાશ

## વ્યાખ્યા:

"ગળી જવું" શબ્દનો અર્થ, આક્રમક રીતે ખાવું અથવા વાપરવું.

- રૂપકાત્મક અર્થમાં આ શબ્દ ઉપયોગ કરીને, પાઉલ વિશ્વાસીઓને ચેતવણી આપે છે કે, એકબીજાને ફાડી ન ખાઓ, એટલે કે શબ્દો અથવા કાર્યોથી દરેક એકબીજાનો હુમલો અથવા નાશ ન કરો (ગલાતી 5:15).
- "ફાડી ખાવું" શબ્દનો રૂપકાત્મક અર્થ, જયારે રાષ્ટ્રો એકબીજા સાથે ફાડી ખાવા વિશે વાત કરે છે અથવા અગ્નિ લોકો અને ઈમારતોને નાશ કરે છે ત્યારે મોટેભાગે "સંપૂર્ણપણે નાશના" અર્થમાં તેનો ઉપયોગ થાય છે.
- આ શબ્દનું ભાષાંતર, "પૂરી રીતે વાપરી કાઢવું" અથવા "તદ્દન નાશ" તરીકે પણ કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- 1 પિતર 5:8-9
- આમોસ 1:9-10
- નિર્ગમન 24:16-18
- હઝકિયેલ 16:20-22
- લૂક 15:28-30
- માથ્થી 23:13-15
- ગીતશાસ્ત્ર 21:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H398, H399, H400, H402, H1104, H1105, H3216, H3615, H3857, H3898, H7462, H7602, G2068, G2666, G2719, G5315

# ગાય, ગાયો, આખલો, આખલાઓ, વાછરડું, વાછરડા, ઢોર, વાછરડી, બળદ, બળદો,

## વ્યાખ્યા:

“ગાય,” “આખલો,” “વાછરડી,” “બળદ,” અને “ઢોર” બધાંજ મોટા પ્રકારના, મંદબુદ્ધિના ચાર પગવાળા પ્રાણીને દર્શાવે છે કે જે ઘાસ ખાય છે.

- આ પ્રકારની નારીજાત પ્રાણીને “ગાય,” નરજાતને “આખલો”, અને તેઓના સંતાનને “વાછરડું” કહેવામાં આવે છે.
- બાઈબલમાં, ઢોર એ “શુદ્ધ” પ્રાણીઓ હતા, કે જે લોકો ખાઈ અને બલિદાન માટે વાપરી શકતા હતા.

તેઓ પ્રાથમિક રીતે તેઓને માંસ અને દૂધ માટે ઉછેરતા હતાં. “વાછરડી” એ એક જુવાન નારી ગાય છે કે જેણે હજુ સુધી વાછરડાને જન્મ આપ્યો નથી. “બળદ” એક પ્રકારનું પશુ છે કે જે વિશિષ્ઠ રીતે કૃષિવિષયક કામ માટે તાલીમ પામેલું હોય છે. આ શબ્દનું બહુવચન “બળદો” થાય છે. સામાન્ય રીતે બળદો નર અને ખસી કરેલા હોય છે.

- સમગ્ર બાઈબલમાં, બળદોને ઝૂંસરી સાથે બાંધી ગાડું અથવા હળ ખેંચવાના પ્રાણીઓ તરીકે દર્શાવામાં આવ્યા હતા.
- એક સાથે ઝૂંસરી નીચે બળદોનું કામ કરવું, એવા બાઈબલમાંના સામાન્ય શબ્દસમૂહનો અર્થ, “ઝૂંસરી નીચે રહીને કઠીન કામ અને શ્રમ કરવું” એમ થાય છે.
- આખલો પણ એક પ્રકારનો નર પશુ છે, પણ તેને ખસી કરેલી હોતી નથી અને કામ કરતાં પ્રાણી તરીકે તાલીમ આપેલી હોતી નથી.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ઝૂંસરી)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 15:9-11
- નિર્ગમન 24:5-6
- ગણના 19:1-2
- પુનર્નિયમ 21:3-4
- 1 શમુએલ 1:24-25
- 1 શમુએલ 15:1-3
- 1 શમુએલ 16:2-3
- 1 રાજા 1:9-10
- 2 કાળવૃતાંત 11:13-15
- 2 કાળવૃતાંત 15:10-11
- માથ્થી 22:4
- લૂક 13:15-16
- લૂક 14:4-6
- હિબ્રૂ 9:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H47, H441, H504, H929, H1165, H1241, H1241, H1241, H4399, H4735, H4806, H5695, H5697, H5697, H6499, H6499, H6510, H6510, H6629, H7214, H7716, H7794, H7794, H7921, H8377, H8377, H8450, H8450, G1016, G1151, G2353, G2934, G3447, G3448, G4165, G5022, G5022

# ગુનો, ગુનાઓ, ગુનેગાર, ગુનેગારો

## વ્યાખ્યા:

સામાન્ય રીતે “ગુનો” શબ્દ, જે દેશ અથવા રાજ્યનો કાયદો તોડી પાપમાં સામેલ થાય છે તેને દર્શાવે છે. “ગુનેગાર” શબ્દ, કોઈક કે જેણે ગુનો કર્યો છે તેને દર્શાવે છે.

- ગુનાઓના પ્રકારમાં જેવા કે કોઈને મારી નાખવું અથવા મિલકત ચોરી કરવી, જેવી બાબતોનો સમાવેશ થાય છે.
- સામાન્ય રીતે ગુનેગારને પકડવામાં આવે છે અને તેમને કોઈ પ્રકારના બંધનમાં જેવા કે કેદખાનામાં નાખવામાં આવે છે.
- બાઈબલના સમયોમાં, કેટલાક ગુનેગારો ભાગેડુ અને એક સ્થળેથી બીજા જગ્યાએ ભટકતા હતા, જેથી તેઓ જે લોકો તેમના ગુના માટે વેર લઈ તેમને નુકશાન કરવા માગતા હતા તેઓથી તેઓ બચી શકે.

(આ પણ જુઓ: ચોર)

## બાઈબલની કલમો:

- 2 તિમોથી 2:8-10
- હોશિયા 6:8-9
- અયૂબ 31:26-28
- લૂક 23:32
- માથ્થી 27:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H2154, H2400, H4639, H5771, H7563, H7564, G156, G1462, G2556, G2557, G4467

# ગુસ્સો,(ક્રોધ), ક્રોધે ભરાયેલ, ગુસ્સે થયેલું

## વ્યાખ્યા:

"ગુસ્સે થવું" અથવા "ગુસ્સો આવવો" એનો અર્થ એ થાય છે કે અતિશય નાખૂશ કે ગુસ્સે થયેલું, કશાક વિશે અને કોઈકની વિરુદ્ધ ચિડાયેલું કે નારાજ થયેલ. જયારે લોકો ગુસ્સે થાય, ત્યારે તેઓ સતત પાપ કરનારા અને સ્વાર્થી જતા હોય છે, પણ ક્યારેક તેમનો ન્યાયી ગુસ્સો અન્યાય અથવા જુલમ વિરુદ્ધ હોય છે.

- દેવનો ગુસ્સો (તેને "કોપ" પણ કહેવામાં આવે છે) જે પાપ વિશે સખત નાખુશી દર્શાવે છે.

"ગુસ્સાથી ઉશ્કેરાવું" એ શબ્દનો અર્થ "ગુસ્સે કરાવવો" થાય છે.

(જુઓ: કોપ)

## બાઈબલની કલમો:

- એફેસી 4:25-27
- નિર્ગમન 2:9-11
- યશાયા 57:16-17
- યોહાન 6:52 -53
- માર્ક 10:13-14
- માથ્થી 26:6-9
- ગીતશાસ્ત્ર 18:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H599, H639, H1149, H2152, H2194, H2195, H2198, H2534, H2734, H2787, H3179, H3707, H3708, H3824, H4751, H4843, H5674, H5678, H6225, H7107, H7110, H7266, H7307, G23, G1758, G2371, G2372, G3164, G3709, G3710, G3711, G3947, G3949, G5520

# ઘઉં

## વ્યાખ્યા:

ઘઉં એક પ્રકારનું અનાજ છે જે લોકો ખોરાક માટે ઉગાડે છે. જ્યારે બાઇબલ "અનાજ" અથવા "બીજ" નો ઉલ્લેખ કરે છે ત્યારે તે ઘઉંના અનાજ અથવા બીજ વિશે વાત કરે છે.

- ઘઉંનાં બીજ અથવા અનાજ ઘઉંના છોડની ટોચ પર ઉગે છે.
- ઘઉંનીકાપણીપછી, અનાજને મસળવા દ્વારા છોડના કણસાલાથી અલગ કરવામાં આવે છે.

ઘઉંના છોડની દાંડીને "પરાળ તરીકે પણ ઓળખવામાં આવે છે અને તે ઘણીવાર પ્રાણીઓ પર સૂવા માટે જમીન પર મૂકવામાં આવે છે. ખેડ્યા પછી, અનાજના બીજની આસપાસના ફોતરાંને અનાજમાંથી ઊપણવા દ્વારા દૂર કરવામાં આવે છે.

- લોકો ઘઉંના અનાજને દળીને લોટ બનાવે છે અને રોટલી બનાવવા માટે તેનો ઉપયોગ કરે છે.

(આ પણ જુઓ: જવ, ફોતરુ, અનાજ,બીજ, મસળવું, ઊપણવું)

## બાઇબલ સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 27:36-38
- લેવીય 34:21-22
- યોહાન 12:23-24
- લૂક 3:17
- માથ્થી 3:10-12
- માથ્થી 13:24-26

## શબ્દ માહિતી:

- Strong's: H1250, H2406, G4621

# ઘર, ઘરો, ઘરનું છાપરું, ઘરના છાપરાં, વખાર, વખારો, રખેવાળો

### વ્યાખ્યા:

બાઈબલમાં ઘણીવાર "ઘર" શબ્દને રૂપકાત્મક રીતે વાપરવામાં આવ્યો છે.

- ક્યારેક તેનો અર્થ "ઘરના," લોકો કે જેઓ એક ઘરમાં એકસાથે રહે છે તે દર્શાવે છે.
- મોટેભાગે "ઘર" વ્યક્તિના વંશજો અથવા સંબંધીઓને દર્શાવે છે. ઉદાહરણ તરીકે, "દાઉદનું ઘર(કુટુંબ)" શબ્દસમૂહ, દાઉદ રાજાના બધા વંશજોને દર્શાવે છે.
- "દેવનું ઘર" અને "યહોવાનું ઘર" શબ્દો, મુલાકાત મંડપ અથવા મંદિરને દર્શાવે છે.

સામાન્ય રીતે આ અભિવ્યક્તિ દેવ ક્યાં છે અથવા રહે છે એમ પણ દર્શાવી શકાય છે.

- હિબ્રૂ 3 માં, "દેવના ઘર" ને રૂપક અલંકારમાં, દેવના લોકો અથવા, વધારે સામાન્ય રીતે, દેવને લગતી તમામ બાબત તરીકે દર્શાવવા વાપરવામાં આવી છે.
- સામાન્ય રીતે "ઈઝરાએલનું ઘર" શબ્દસમૂહ, ઈઝરાએલના સમગ્ર દેશ અથવા વધુ નિશ્ચિત રીતે ઈઝરાએલના ઉત્તર રાજ્યના કુળોને દર્શાવી શકાય છે.

## ભાષાંતરના સૂચનો

- સંદર્ભ પર આધાર રાખીને, "ઘર"નું ભાષાંતર, "ઘરના" અથવા "લોકો" અથવા "કુટુંબ" અથવા "વંશજો" અથવા "મંદિર" અથવા "રહેવાની જગ્યા" તરીકે કરી શકાય છે.
- "દાઉદનું ઘર" શબ્દસમૂહનું ભાષાંતર, "દાઉદનું કુળ" અથવા "દાઉદનું કુટુંબ" અથવા "દાઉદના વંશજો" તરીકે કરી શકાય છે. આ પ્રકારની અભિવ્યક્તિઓનું ભાષાંતર એજ (સમાન) રીતે કરી શકાય છે.
- "ઈઝરાએલનું ઘર" શબ્દનું વિવિધ ભાષાંતરમાં, "ઈઝરાએલના લોકો" અથવા "ઈઝરાએલના વંશજો" અથવા "ઈઝરાએલીઓ" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- "યહોવાનું ઘર" શબ્દસમૂહનું ભાષાંતર, "યહોવાનું મંદિર" અથવા "સ્થળ કે જ્યાં યહોવાનું ભજન થાય છે" અથવા "સ્થળ કે જ્યાં યહોવા તેના લોકોને મળે છે" અથવા "જ્યાં યહોવા રહે છે" તરીકે કરી શકાય છે.
- "દેવના ઘરનું" ભાષાંતર સમાન રીતે કરી શકાય છે.

(આ પણ જુઓ: દાઉદ, વંશજ, દેવનું ઘર, ઘરના, ઈઝરાએલનું રાજ્ય, મુલાકાત મંડપ, મંદિર, યહોવા)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:41-42
- પ્રેરિતો 7:47-50
- ઉત્પત્તિ 39:3-4
- ઉત્પત્તિ 41:39-41
- લૂક 8:38-39
- માથ્થી 10:5-7
- માથ્થી 15:24-26

## શબ્દ માહિતી:

- Strong's: H1004, H1005, G3609, G3613, G3614, G3624

# ઘેટાં બકરાં, ટોળું, ટોળું, ઢોરઢાંક

## વ્યાખ્યા:

બાઈબલમાં, "ટોળું" ઘેટાનો અથવા બકરાનો સમુદાય, અને "જાનવરનું ટોળું" પશુઓ, જેમાં બળદો, અથવા ભૂંડોના સમુદાયનો પણ સમાવેશ થાય છે.

- કદાચ અલગ ભાષાઓમાં પશુઓ અથવા પક્ષીઓના જૂથોના માટે અલગ નામ આપવામાં આવ્યા હોઈ શકે.
- ઉદાહરણ તરીકે, અંગ્રેજી શબ્દ, "ઢોર ઢાંક"ને ઘેટાં અથવા બકરાં માટે પણ વાપરવામાં આવ્યો છે, પણ બાઈબલના લખાણમાં આ રીતે વાપરવામાં આવ્યા નથી.
- અંગ્રેજીમાં "ટોળું" શબ્દ, પક્ષીઓના જૂથ માટે પણ વાપરવામાં આવ્યો છે, પણ તે ભૂંડો, બળદો, અથવા પશુ માટે વાપરવામાં આવ્યો નથી.
- ધ્યાનમાં રાખો કે જૂથોના પ્રાણીઓ માટે તમારી ભાષામાં કયા શબ્દો વાપરવામાં આવ્યા છે.
- જયારે કલમોમાં "ટોળું અને ઢોર-ઢાંક" આવે ત્યારે જો લક્ષ ભાષામાં અલગ પ્રકારના પ્રાણીના જૂથોને માટે અલગ શબ્દો ન હોય તો, તેમાં ઉદાહરણ તરીકે "ઘેટાનું ટોળું" અથવા "પશુનું ટોળું" એવા શબ્દો ઉમેરી શકાય તો સારું રહેશે.

(આ પણ જુઓ: બકરો, બળદ, ભૂંડ, ઘેટું, )

## બાઈબલની કલમો:

- 1 રાજા 10:28-29
- 2 કાળવૃતાંત 17:10-11
- પુનર્નિયમ 14:22-23
- લૂક 2:8-9
- માથ્થી 8:30-32
- માથ્થી 26:30-32

## શબ્દ માહિતી:

- Strong's: H951, H1241, H2835, H4029, H4735, H4830, H5349, H5739, H6251, H6629, H7399, H7462, G34, G4167, G4168

# ઘેટાંપાળક, ઘેટાંપાળકો, માર્ગદર્શન આપ્યું, ઉત્તેજન આપે છે

### વ્યાખ્યા:

ઘેટાંપાળક એ વ્યક્તિ છે કે જે ઘેટાંની સંભાળ રાખે છે. "ઘેટાંપાળક" ક્રિયાપદનો અર્થ ઘેટાનું રક્ષણ કરવું અને તેમને ખોરાક અને પાણી પૂરું પાડવું. ઘેટાંપાળક ઘેટાં પર ધ્યાન આપે છે, જ્યાં સારો ખોરાક અને પાણી મળે છે તેવી જગ્યાએ દોરી લઇ જાય છે. ઘેટાંપાળક ઘેટાંને ખોવાઈ જતું અટકાવે છે અને તેમનું જંગલી પ્રાણીઓથી રક્ષણ કરે છે.

- લોકોની આત્મિક જરૂરિયાતોની સંભાળ રાખવી તે શબ્દોનો ઉલ્લેખ વારંવાર બાઈબલમાં રૂપકાત્મક રીતે કરવામાં આવ્યા છે

આ બાબત ઈશ્વરે બાઈબલમાં તેમને શું કહ્યું છે તે એમને શીખવવું અને જે રીતે તેમણે જીવવું જોઈએ તે રીતે તેમને દોરવા તેનો સમાવેશ કરે છે.

- જુના કરારમાં, ઈશ્વરને તેઓના લોકના "ઘેટાંપાળક" કહેવામાં આવ્યાં હતાં કારણ કે તેઓ તેમની દરેક જરૂરિયાતોની સંભાળ રાખતાં હતાં અને તેમનું રક્ષણ કરતાં હતાં. તેઓ તેમને દોરતાં અને માર્ગદર્શન આપતાં હતાં. (જુઓ: રૂપક)
- મુસા ઈઝરાયેલીઓ માટે ઘેટાંપાળક હતો તેણે તેમને આત્મિક રીતે તેમની યહોવાની આરાધનામાં માર્ગદર્શન આપ્યું અને તેમની કનાન સુધીની મુસાફરીમાં શારીરિક રીતે દોરવણી આપી.
- નવા કરારમાં, ઈસુએ પોતાને "ઉત્તમ ઘેટાંપાળક" કહ્યા.

પાઉલ પ્રેરિતે પણ તેમનો ઉલ્લેખ મંડળીના "મહાન ઘેટાંપાળક" તરીકે કર્યો.

- નવા કરારમાં, એવી વ્યક્તિ જે બીજા વિશ્વાસીઓનો આત્મિક આગેવાન હતો તેનો ઉલ્લેખ કરવા માટે પણ "ઘેટાંપાળક" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

જે શબ્દ પરથી "પાળક" શબ્દનો અનુવાદ થયો છે તે જ શબ્દ પરથી "ઘેટાંપાળક" શબ્દનો અનુવાદ થયો છે. વડીલો અને દેખરેખ રાખનારાઓ પણ ઘેટાંપાળક કહેવાતા.

## અનુવાદ માટેના સૂચનો

- જ્યારે શાબ્દિક રીતે કરવાનું હોય ત્યારે "ઘેટાંપાળક" ના કાર્યનું અનુવાદ "ઘેટાંની સંભાળ લેવી" અથવા "ઘેટાંનું ધ્યાન રાખવું" એમ કરી શકાય.
- "ઘેટાંપાળક" તરીકે વ્યક્તિનું અનુવાદ "વ્યક્તિ કે જે ઘેટાંની સંભાળ રાખે છે તે" અથવા "ઘેટાંને જોનાર" અથવા "ઘેટાંના પાલક" એમ કરી શકાય.
- જ્યારે રૂપકાત્મક રીતે વાપરવામાં આવે, ત્યારે આ શબ્દોનો "આત્મિક ઘેટાંપાળક" અથવા "આત્મિક આગેવાન" અથવા "વ્યક્તિ કે જે ઘેટાંપાળકસમાન છે" અથવા "વ્યક્તિ કે જે પોતાના ઘેટાંની સંભાળ રાખે છે તેમ પોતાના લોકોની સંભાળ રાખે છે" અથવા "વ્યક્તિ કે જે પોતાના લોકોને દોરે છે જેમ ઘેટાંપાળક પોતાના ઘેટાંને દોરે છે તેમ" અથવા "વ્યક્તિ કે જે ઈશ્વરના ઘેટાંની સંભાળ રાખે છે" એમ જુદી-જુદી રીતે અનુવાદ કરી સમાવિષ્ટ કરી શકાય.
- કેટલાંક સંદર્ભોમાં, "ઘેટાંપાળક" નું અનુવાદ "આગેવાન" અથવા "માર્ગદર્શક" અથવા "પાલક" એમ કરી શકાય.
- આત્મિક દ્રષ્ટિકોણથી "ઘેટાંપાળક" નું અનુવાદ "ની સંભાળ રાખનાર" અથવા "આત્મિક રીતે પોષવું" અથવા "માર્ગદર્શન આપવું અને શીખવવું" અથવા "દોરવણી આપવી અને સંભાળ લેવી (જેમ ઘેટાંપાળક ઘેટાં માટે કરે છે તેમ)" કરી શકાય.
- રૂપકાત્મક ઉપયોગમાં, "ઘેટાંપાળક" શબ્દના અનુવાદ માટેના શાબ્દિક શબ્દનો ઉપયોગ કરવો અને સમાવેશ કરવો તે શ્રેષ્ઠ છે.

(આ પણ જુઓ: માનવું, કનાન, મંડળી, મુસા, પાળક, ઘેટાં, આત્મા)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પતિ 49:24
- લૂક 2:8-9
- માર્ક 6:33-34
- માર્ક 14:26-27
- માથ્થી 2:4-6
- માથ્થી 9:35-36
- માથ્થી 25:31-33
- માથ્થી 26:30-32

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **9:11** મુસા બન્યો **ઘેટાંપાળક** મીસરથી ઘણે દૂર રણમાં.
- **17:2** દાઉદ હતો **ઘેટાંપાળક** બેથલેહેમ શહેરથી.

જુદા-જુદા સમયે જ્યારે તે તેના પિતાના ઘેટાંની સંભાળ રાખતો હતો, ત્યારે દાઉદે સિંહ અને રીંછ બંને કે જેઓએ ઘેટાં પર હુમલો કર્યો હતો તેમને મારી નાંખ્યા.

- **23:6** એ રાતે, ત્યાં કેટલાંક **ઘેટાંપાળકો હતાં** નજીકન ખેતરમાં તેમના ઘેટાંઓનું રક્ષણ કરતાં હતાં.
- **23:8** આ **ઘેટાંપાળકો** ઈસુ જ્યાં હતા એ જગાએ જલદીથી આવી પહોંચ્યા અને તેઓએ ગભાણમાં તેમને જોયા, જેમ દૂતોએ તેમને કહ્યું હતું તેમ.
- **30:3** ઈસુ માટે, આ લોકો ઘેટાં હતાં **ઘેટાંપાળક વિનાના**.

## શબ્દ માહિતી:

- Strong's: H6629, H7462, H7469, H7473, G750, G4165, G4166

# ઘેટી, ઘેટીઓ, ખરીવાળો ઘેટો, ખરીવાળા ઘેટાંઓ, ઘેટાં, ઘેટાંનો વાળો, ઉન કાતનારાઓ, ઘેટાંનું ચામડું

## વ્યાખ્યા:

“ઘેટાં” એક મધ્યમ કદના પ્રાણી છે જેના ચાર પગ હોય છે અને તેના તમામ શરીર પર ઉન હોય છે. નર ઘેટાંને “ખરીવાળો ઘેટો” કહેવાય છે. નારી ઘેટાંને “ઘેટી” કહેવાય છે. “ઘેટાં” નું બહુવચન “ઘેટાંઓ” પણ થાય છે.

- ઘેટાંના બચ્ચાને “હલવાન” કહેવામાં આવે છે.
- ઈઝરાયેલીઓ વારંવાર બલિદાનને માટે ઘેટાંઓનો ઉપયોગ કરતાં હતાં, ખાસ કરીને નર અને જુવાન ઘેટાંનો.
- લોકો ઘેટાંમાંથી માંસ ખાય છે અને તેના ઊનનો ઉપયોગ કપડાં અને અન્ય વસ્તુઓ બનાવવા માટે કરે છે.
- ઘેટાં ખૂબ જ વિશ્વાસુ, નબળા અને ડરપોક હોય છે.

તેઓ સરળતાથી દૂર ભટકવું પ્રભાવિત થઈ જાય છે. તેઓને એક ઘેટાંપાળક જે તેમને દોરી જાય, તેમનું રક્ષણ કરે તેમને ખોરાક, પાણી અને આશ્રય પૂરો પાડે તેની જરૂર હોય છે.

- બાઇબલમાં, જે લોકોને ઈશ્વર તેમના ઘેટાંપાળક તરીકે છે તેઓની સરખામણી ઘેટાં સાથે કરવામાં આવી છે.

(અનુવાદ માટેના સૂચનો: અજ્ઞાતનો કેવી રીતે અનુવાદ કરવો)

(આ પણ જુઓ: ઈઝરાયેલ, હલવાન, બલિદાન, ઘેટાંપાળક)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 8:32-33
- ઉત્પતિ 30:31-32
- યોહાન 2:13-14
- લૂક 15:3-5
- માર્ક 6:33-34
- માથ્થી 9:35-36
- માથ્થી 10:5-7
- માથ્થી 12:11-12
- માથ્થી 25:31-33

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **9:12** એક દિવસ જ્યારે મુસા સંભાળ રાખી રહ્યો હતો તેના **ઘેટાંની**, તેણે બળતું ઝાડવું જોયું.
- **17:2** દાઉદ બેથલેહેમ શહેરથી એક ભરવાડ હતો.

જુદા-જુદા સમયે જ્યારે તે સંભાળ રાખતો હતો તેના પિતાના **ઘેટાંની**, દાઉદે સિંહ અને રીંછ બંનેને મારી નાંખ્યા હતાં કે જેમણે હુમલો કર્યો હતો **ઘેટાં પર**.

- **30:3** ઈસુ માટે, આ લોકો **ઘેટાંના જેવા છે** ઘેટાંપાળક વિનાના.
- **38:8** ઈસુએ કહ્યું, “આજે રાતે તમે સહુ મને છોડી દેશો.

એ લખવામાં આવ્યું છે કે, ‘હું ઘેટાંપાળકને મારી નાખીશ અને બધા **ઘેટાંઓ** વેર-વિખેર થઈ જશે.'"

## શબ્દ માહિતી:

- Strong's: H352, H1494, H1798, H2169, H3104, H3532, H3535, H3733, H3775, H5739, H5763, H6260, H6629, H6792, H7353, H7462, H7716, G4165, G4262, G4263

# ઘેરો, ઘેરી લેવું, ઘેરાયેલાં, ઘેરો ઘાલનાર, ઘેરી રહ્યા છે, હંગામી કિલ્લો

## વ્યાખ્યા:

"ઘેરો" ત્યારે થાય છે જ્યારે એક આક્રમણકારી લશ્કર શહેરની આસપાસ આવે છે અને તેને ખોરાક અને પાણીની કોઈ પણ ચીજ પ્રાપ્ત કરવાથી રોકી રાખે છે. શહેરને "ઘેરી લેવું" અથવા તેને "ઘોષણા હેઠળ" મૂકવું તેનો અર્થ એ છે કે ઘેરાબંધી દ્વારા તેના પર હુમલો કરવો.

- જ્યારે બાબિલીઓ ઈઝરાયેલ પર હુમલો કરવા આવ્યા, ત્યારે તેઓએ શહેરની અંદર લોકોને નબળા બનાવવા યરૂશાલેમ સામે ઘેરો ઘાલ્યો હતો.
- મોટેભાગે ઘેરાબંધી દરમિયાન, શહેરની દિવાલો પાર કરવા અને શહેર પર આક્રમણ કરવા માટે હુમલાખોર સૈન્યને શક્તિમાન કરવા માટે ધૂળની ઢોળાવવાળો માર્ગ ધીમે ધીમે નિર્માણ કરવામાં આવે છે.
- શહેરને “ઘેરી લેવું” તેને “ઘેરો ઘાલવો” અથવા તેના પર “ઘેરો કરવો” તરીકે વ્યક્ત કરી શકાય.
- “ઘેરી લેવું” શબ્દનો સમાન શબ્દપ્રયોગ “ઘેરાબંધી હેઠળ” તરીકે થાય છે.

બંને અભિવ્યક્તિઓ એવું શહેર કે જેને દુશ્મનના સૈન્યએ ઘેરી લીધા છે તે વર્ણવે છે.

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 20:1
- 1 રાજાઓ 20:1-3
- 1 શમુએલ 11:1-2
- યર્મિયા 33:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H4692, H4693, H5341, H5437, H5564, H6693, H6696, H6887

# ઘોડેસવાર, ઘોડેસવારો

## વ્યાખ્યા:

બાઈબલના સમયમાં, “ઘોડેસવારો” શબ્દ માણસો કે જેઓ યુદ્ધમાં ઘોડા ચલાવતા તે દર્શાવે છે.

- યોદ્ધાઓ કે જેઓ ઘોડા ખેંચવાના રથોને ચલાવતા, તેઓને પણ કદાચ “ઘોડેસવારો” કહેવામાં આવતા હતા, સામાન્ય રીતે જો કે આ શબ્દ માણસો કે જેઓ ખરેખર ઘોડાઓ ઉપર સવારી કરતા હતા તેઓને દર્શાવે છે.
- ઈઝરાએલીઓ માનતા હતા કે યુધ્ધમાં ઘોડાને વાપરવો તેનો અર્થ કે તેઓ યહોવાને બદલે પોતાની તાકાત પર વધુ ભાર મૂકે છે, જેથી તેઓ પાસે ઘણા ઘોડેસવારો ન હતા.
- આ શબ્દને “ઘોડા ચલાવનારા” અથવા “ઘોડા ઉપરના માણસો” તરીકે પણ ભાષાંતર કરી શકાય છે.

(આ પણ જુઓ: રથ, ઘોડો)

## બાઈબલની કલમો:

- 1 રાજા 1:5-6
- દાનિયેલ 11:40-41
- નિર્ગમન 14:23-25
- ઉત્પત્તિ 50:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H6571, H7395, G2460

# ઘોડો, ઘોડા, યુદ્ધ ઘોડો, યુદ્ધ ઘોડા, ઘોડા પર

## વ્યાખ્યા:

ઘોડો એક મોટું, ચાર પગવાળું પ્રાણી છે કે જે મોટેભાગે બાઈબલના સમયમાં ખેતી કામ માટે અને લોકોના વાહનવ્યવહાર (મુસાફરી) માટે વાપરવામાં આવતા હતા.

- ક્યારેક ઘોડાને ગાડા અથવા રથોને ખેંચવા માટે વાપરવામાં આવતા હતા, જયારે બીજા તેને વ્યક્તિગત સવારી કરીને જવા માટે વાપરવામાં આવતા હતા.
- મોટેભાગે ઘોડાઓ તેઓના માથા ઉપર લગામનું ચોકડું અને રાશ પહેરતા જેથી તેઓ માર્ગદર્શન કરી શકે.
- બાઈબલમાં, ઘોડાઓને મૂલ્યવાન સંપત્તિ માનવામાં આવતા હતા અને સંપત્તિમાં ગણવામાં આવતા, કારણકે મુખ્યત્વે યુદ્ધમાં તેઓનો ઉપયોગ થતો હતો.
- ઉદાહરણ તરીકે, સુલેમાન રાજા કે જેની પાસે હજારો ઘોડા અને રથો હતા કે જે તેની સંપત્તિના મહાન ભાગરૂપ હતા.
- પ્રાણીઓ કે જે ગધેડો અને ખચ્ચર જે ઘોડા સમાન છે.

(આ પણ જુઓ: રથ, , ગધેડો, સુલેમાન)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 18:3-4
- 2 રાજા 2:11-12
- નિર્ગમન 14:23-25
- હઝકિએલ 23:5-7
- ઝખાર્યા 6:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H47, H5483, H5484, H6571, H7409, G2462

# ચંદ્રદર્શન, ચંદ્રદર્શનો

## વ્યાખ્યા:

"ચંદ્રદર્શન" શબ્દ જ્યારે ચંદ્ર નાનો, પ્રકાશનો અર્ધચંદ્રાકાર ટુકડો દેખાય છે તેનો ઉલ્લેખ કરે છે. જ્યારે ચંદ્ર સૂર્યાસ્ત સમયે પૃથ્વીના ગ્રહ આસપાસ પોતાની ભ્રમણકક્ષામાં ફરે છે ત્યારે આ તેનો શરૂઆતનો તબક્કો છે. આ, થોડા દિવસ અંધકારમય રહ્યા પછી ચંદ્ર દ્રશ્યમાન થાય તેના પ્રથમ દિવસનો ઉલ્લેખ પણ કરે છે.

- પ્રાચીન સમયોમાં, ચંદ્રદર્શનો ખાસ સમયગાળાઓની શરૂઆત સૂચિત કરતા હતા જેમ કે મહિનાઓની શરૂઆત.
- ઇઝરાયલીઓ એક ચંદ્રદર્શન પર્વ ઉજવતા હતા કે જેમાં ગોધાનું શિંગ ફૂંકવામાં આવતું હતું.
- બાઇબલ આ સમયને "મહિનાની શરૂઆત" તરીકે પણ ઉલ્લેખે છે.

(આ પણ જૂઓ: મહિનો, પૃથ્વી, પર્વ, શિંગ, ઘેટું)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 23:30-31
- 1 શમુએલ 20:4-5
- 2 રાજા 4:23-24
- હઝકિયેલ 45:16-17
- યશાયા 1:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H2320, G3376, G3561

# ચંપલ,

## વ્યાખ્યા:

ચંપલ એ એક સરળ પગના તળિયાના પગરખા છે જે પગના પંજા અથવા ઘૂંટીની આસપાસ રાખવામાં આવે છે. ચંપલ પુરુષો અને સ્ત્રીઓ બંને દ્વારા પહેરવામાં આવે છે.

- ઘણીવાર ચંપલ એ કાયદેસરના વ્યવહાર નક્કી કરવા ઉપયોગમાં લેવાતા, જેવી કે મિલકત વેચવા: એક માણસ ચંપલ કાઢે અને બીજાને આપી દે.
- જોન્ના કે ચંપલ કાઢવા તે માન અને આદરની પણ નિશાની હતી, ખાસ કરીને ઈશ્વરની હાજરીમાં.
- યોહાને કહ્યું કે તે ઈસુના ચંપલની દોરી છોડવા પણ યોગ્ય ન હતો, જે નોકર કે ગુલામનું હલકું કાર્ય હતું.

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:33-34
- પુનર્નિયમ 25:9-10
- યોહાન 1:26-28
- યહોશુઆ 5:14-15
- માર્ક 6:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H5274, H5275, H8288, G4547, G5266

# ચાંદી/રૂપું

## વ્યાખ્યા:

ચાંદી એ ચળકતું, રાખોડી મુલ્યવાન ધાતુ સિક્કાઓ, ઝવેરાત, પાત્રો અને ઘરેણાં બનાવવા માટે વપરાય છે.

- વિવિધ પાત્રો ચાંદીના પ્યાલાઓ અને વાટકાઓનો સમાવેશ કરે છે, અને બીજી વસ્તુઓ ખોરાક બનાવવા, ખાવા અને વહેંચવા માટે વાપરવામાં આવે છે.
- ચાંદી અને સોનાનો ઉપયોગ મુલાકાત મંડપ અને મંદિરના બાંધકામમાં કરવામાં આવ્યો હતો. યારૂશાલેમમાંના મંદિરમા ચાંદીના પાત્રો હતા.
- બાઈબલના સમયમાં, શેકેલ એ વજનનું એકમ હતું, અને ખરીદી હંમેશા ચોક્કસ ચાંદીના શેકેલની સંખ્યાની કિંમતમા કરવામાં આવતી હતી.

નવા કરારના સમયમાં ત્યારે રૂપાના સિક્કાઓ અનેક વજનના હતા જેને શેકેલમાં માપવામાં આવતા હતા.

- યુસફના ભાઈઓએ તેને ગુલામ તરીકે વીસ ચાંદીના શેકેલમાં વેચી દીધો.
- યહુદાને ઈસુને પરસ્વાધીન કરવા માટે ત્રીસ ચાંદીના સિક્કાઓ આપવામાં આવ્યા હતા.

(આ પણ જુઓ: મુલાકાત મંડપ, મંદિર)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 18:9-11
- 1 શમુએલ 2:36
- 2 રાજાઓ 25:13-15
- પ્રેરિતોના કૃત્યો 3:4-6
- માથ્થી 26:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H3701, H3702, H7192, G693, G694, G695, G696, G1406

# ચાલવું, ચાલવું, ચાલ્યો, ચાલવું

## વ્યાખ્યા:

"ચાલવું” શબ્દનો અર્થ ઘણીવાર લાક્ષણિક અર્થમા "જીવવું” થાય છે.

- “ હનોખ ઈશ્વર સાથે ચાલ્યો" એટલે એનો અર્થ હનોખ ઈશ્વર સાથે ગાઢ સંબંધમાં રહીને જીવતો હતા.
- 'આત્મા દ્વારા ચાલવું' એટલે પવિત્ર આત્મા દ્વારા માર્ગદર્શન પામવું, જેથી આપણે જે કઇ કરીએ તેથી ઈશ્વરને પ્રસન્ન અને સન્માનિત કરીએ છીએ.
- ઈશ્વરની આજ્ઞાઓમાં "ચાલવું" અથવા 'ઈશ્વરના માર્ગમાં ચાલવું' એટલે કે, 'તેમની આજ્ઞાઓમાં જીવવું' એટલે "તેમની આજ્ઞાઓને આધીન રહેવું" અથવા "તેમની ઇચ્છા પ્રમાણે કરવું."
- જયારે ઈશ્વર કહે છે કે તેઓ તેમના લોકો વચ્ચે "ચાલશે", તેનો અર્થ એ કે તેઓ તેમની વચ્ચે રહે છે અથવા તેમની સાથે નજીકથી વાતચીત કરી રહ્યા છે.
- “ની વિરુદ્ધ ચાલવું” નો અર્થ કંઈક અથવા કોઈની વિરુદ્ધ છે તે રીતે જીવવું અથવા વર્તન કરવું. "
- “ પાછળ ચાલવું" નો અર્થ એ કે કોઈ વ્યક્તિને અથવા કંઈક શોધી કાઢવું. બીજા કોઈની જેમ જ કાર્ય કરવાનો અર્થ પણ થઈ શકે છે.

## અનુવાદનાં સૂચનો:

- "ચાલવું” એમ શાબ્દિક અનુવાદ કરવાની સાથે સાથે, તેનો સાચો અર્થ જળવાઈ રહે તો તે અનુવાદ શ્રેષ્ઠ છે.
- નહિંતર, "ચાલવું " નો લાક્ષણિક ઉપયોગ "જીવવું" અથવા "કૃત્ય કરવું" અથવા"વર્તવું” દ્વારા પણ અનુવાદ કરી શકાય છે.
- “આત્મા દ્વારા ચાલવું" શબ્દનું ભાષાંતર "પવિત્ર આત્માની આધીનતામાં જીવવું " અથવા "પવિત્ર આત્માને પ્રસન્ન કરે તે રીતે વર્તવું“ અથવા "જે બાબતો ઈશ્વરને ખુશ કરે છે તે પવિત્ર આત્માના માર્ગદર્શન દ્વારા કરવી” તરીકે અનુવાદ કરી શકાય છે.
- “ઈશ્વરની આજ્ઞાઓમાં ચાલવું” એનું ભાષાંતર "ઈશ્વરની આજ્ઞાઓથી જીવવું " અથવા "ઈશ્વરની આજ્ઞાઓ પાળવી" કરી શકાય છે.
- “ ઈશ્વરની સાથે ચાલ્યો" શબ્દસમૂહનું ભાષાંતર આમ થઈ શકે છે, " ઈશ્વર સાથે ગાઢ સંબંધમાં તેમને આધીન રહીને તથા સન્માન આપીને જીવ્યો."

(આ પણ જુઓ: પવિત્ર આત્મા, સન્માન)

## બાઇબલ સંદર્ભો:

- 1 યોહાન 1:5-7
- 1 રાજાઓ 2:1-4
- કલોસી 2:6-7
- ગલાતી 5:25-26
- ઉત્પત્તિ 17:1-2
- યશાયા 2:5-6
- યર્મિયા 13:8-11
- મીખાહ 4:2-3

## શબ્દ માહિતી:

- Strong's: H1869, H1979, H1980, H1981, H3212, H4108, H4109, G1330, G1704, G3716, G4043, G4198, G4748

# ચાલાક, ચાલાક રીતે

## વ્યાખ્યા:

"ચાલાક" શબ્દ એવી વ્યક્તિનું વર્ણન કરે છે કે જે બુદ્ધિશાળી અને હોશિયાર હોય છે, ખાસ કરીને વ્યવહારુ બાબતોમાં.

- કેટલીકવાર "ચાલાક" શબ્દનો આંશિક નકારાત્મક અર્થ થાય છે કેમ કે સામાન્ય રીતે તે સ્વાર્થી હોવાનો પણ સમાવેશ કરે છે.
- ચાલાક વ્યક્તિ હંમેશા પોતાને મદદ કરવાને માટે ધ્યાન કેન્દ્રિત કરે છે, બીજાને નહિ.
- બીજી રીતે આ શબ્દનો અનુવાદ સંદર્ભને આધારે "નિપુણતા" અથવા "કુશળ" અથવા "ચાલાક" અથવા "હોશિયાર" એમ કરીને સમાવેશ કરી શકાય.

## બાઈબલના સંદર્ભો:

## શબ્દ માહિતી:

- Strong's: H2450, H6175, G5429

# ચિઠ્ઠીઓ, ચિઠ્ઠીઓ નાખવી

## વ્યાખ્યા:

"ચિઠ્ઠી" એક નિશ્ચિત વસ્તુ છે જે કંઇક નક્કી કરવાનો માર્ગ તરીકે અન્ય સમાન વસ્તુઓમાંથી પસંદ કરવામાં આવે છે. " ચિઠ્ઠીઓ નાખવી " જમીન અથવા અન્ય સપાટી પર નિશાની કરેલી વસ્તુઓને ઉછાળવાનો ઉલ્લેખ કરે છે.

- ઘણી વાર ચિઠ્ઠી નાના પથ્થરો અથવા માટીકામના તૂટેલા ટુકડાઓ તરીકે ઓળખાય છે.
- કેટલાક સંસ્કૃતિઓ સ્ટ્રોઝના સમૂહનો ઉપયોગ કરીને ચિઠ્ઠી "ડ્રો કરે" અથવા "ખેંચે છે".

કોઈએ સ્ટ્રોઝ રાખ્યા છે જેથી કોઈ પણ જોઈ ન શકે કે તે કેટલી લાંબી છે.

દરેક વ્યક્તિ એક સ્ટ્રો ખેંચે છે અને જે સૌથી લાંબી (અથવા સૌથી ટૂંકી) સ્ટ્રો પસંદ કરે છે તે પસંદ કરેલા છે.

- ઈસ્રાએલીઓએ ઘણાં ઉછાળવાનો ઉપયોગ ઈશ્વરે તેઓને જે કરવાનું હતું તે શોધવા માટે કર્યો.
- ઝખાર્યાહ અને એલિસાબેતના સમયમાં, તે પણ પસંદ કરવામાં આવતો હતો કે કયા યાજક ચોક્કસ સમયે મંદિરમાં ચોક્કસ ફરજ બજાવશે.
- જે સૈનિકોએ ઈસુને વધસ્તંભ પર મારી નાખ્યો, તેઓએ ઈસુના ઝભ્ભાને કોણ રાખશે તે નક્કી કરવા ચિઠ્ઠીઓ નાખી.
- "કાસ્ટિંગ લૉટ" શબ્દનો અનુવાદ " લોટ ઉછાળવી " અથવા " લોટ ખેચવી " અથવા " લોટ ગબડાવવી" તરીકે થઈ શકે છે.

ખાતરી કરો કે "નાખવું" નું ભાષાંતર લાંબા અંતરે ફેંકી નાખવા જેવા અવાજ જેવું નથી.

- સંદર્ભના આધારે, "લોટ" શબ્દનો અનુવાદ "ચિહ્નિત પથ્થર" અથવા "માટીના ટુકડા" અથવા "લાકડી" અથવા "સ્ટ્રોના ટુકડા" તરીકે પણ થઈ શકે છે.
- જો "પાસાં દ્વારા" નિર્ણય લેવામાં આવે છે, તો તેને "ઘણાં (અથવા ફેંકવાના) ઘણાં દ્વારા" ભાષાંતર કરી શકાય છે.

(આ પણ જુઓ: એલિસાબેત, યાજક, ઝખાર્યા, ઝખાર્યા)

## બાઇબલના સંદર્ભો:

- યૂના 1:6-7
- લુક 1:8-10
- લુક 23:33-34
- માર્ક 15:22-24
- માથ્થી 27:35-37
- ગીતશાસ્ત્ર 22:18-19

## શબ્દ માહિતી:

- Strong's: H1486, H2256, H5307, G2624, G2819, G2975, G3091

# ચિત્તો, ચિત્તાઓ

## તથ્યો:

ચિત્તો વિશાળ, બિલાડી જેવો, જંગલી પ્રાણી કે જે ભૂરા સાથે કાળા પટ્ટાવાળો હોય છે.

- ચિત્તો એવ પ્રકારનું પ્રાણી છે જે બીજા પ્રાણીઓને પકડીને તેમણે ખાઈ જાય છે.
- બાઈબલમાં, અચાનક આવતી આપત્તિને ચિત્તા સાથે સરખાવમાં આવી છે, જે તેના શિકાર પર અચાનક આવી પડે છે.
- દાનિયેલ પ્રબોધક અને પ્રેરિત યોહાન દર્શન વિષે જણાવે છે જેમાં તેઓએ એક પશુ જોયું જે ચિત્તા જેવુ દેખાતું હતું.

(આ પણ જુઓ: અજ્ઞાતનું અનુવાદ કેવી રીતે કરવું)

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જુઓ: પશુ, દાનિયેલ, શિકાર, દર્શન)

## બાઈબલના સંદર્ભો:

- દાનિયેલ 7:6-7
- હોશિયા 13:7-8
- પ્રકટીકરણ 13:1-2
- ગીતોનું ગીત 4:8

## શબ્દ માહિતી:

- Strong's: H5245, H5246

# ચુંબન, ચુંબન કરે છે, ચુંબન કર્યું, ચુંબન કરી રહ્યા છે

## વ્યાખ્યા:

ચુંબન એ ક્રિયા છે જેમાં એક વ્યક્તિ પોતાના હોઠ બીજાના હોઠ અથવા ચહેરા પર મૂકે છે આ શબ્દનો ઉપયોગ લાક્ષણિક રીતમાં પણ કરી શકાય.

- કેટલીક સંસ્કૃતિમાં અભિવાદન કે છેલ્લી સલામી પાઠવવાના ભાગ સ્વરૂપે એકબીજાના ગાલ પર ચુંબન કરવામાં આવે છે.
- ચુંબન એ બે વ્યક્તિઓ વચ્ચે ઊંડો પ્રેમ છે તે જણાવી શકે છે, જેમ કે પતિ-પત્ની તરીકે.
- "કોઈકને વિદાય વેળાનું ચુંબન કરવું" ની અભિવ્યક્તિ એટલે કે ચુંબન સાથે છેલ્લી સલામ કહેવી.
- કેટલીકવાર "ચુંબન" શબ્દ "કોઈકને છેલ્લી સલામ કહેવા" વાપરવામાં આવે છે.

જ્યારે એલિશાએ એલિયાને કહ્યું, "મને પહેલા મારા માતપિતા પાસે જઈને ચુંબન કરી આવવા દે," ત્યારે તે એલિયાને અનુસરવા માટે તેના માતપિતાને છોડતા પહેલા છેલ્લી સલામ કહેવા ઈચ્છતો હતો.

## બાઈબલના સંદર્ભો:

- 1 થેસ્સાલોનિકીઓ 5:25-28
- ઉત્પત્તિ 27:26-27
- ઉત્પત્તિ 29:11-12
- ઉત્પત્તિ 31:26-28
- ઉત્પત્તિ 45:14-15
- ઉત્પત્તિ 48:8-10
- લૂક 22:47-48
- માર્ક 14:43-46
- માથ્થી 26:47-48

## શબ્દ માહિતી:

- Strong's: H5390, H5401, G2705, G5368, G5370

# ચેતવણી આપવી, ચેતવણી આપી, માહિતગાર

## વ્યાખ્યા:

“ચેતવણી આપવી” શબ્દોનો અર્થ સખત રીતે ચેતવણી અથવા સલાહ આપવી થાય છે.

- મોટેભાગે “ચેતવણી આપવી” શબ્દોનો અર્થ એમ થાય છે કે, કોઈને કાંઈક ન કરવા માટે સલાહ આપવી.
- ઈસુની મંડળીમાં વિશ્વાસીઓને શીખવામાં આવે છે કે તેઓ પાપથી દુર રહેવા અને પવિત્ર જીવન જીવવા એકબીજાને ચેતવણી આપે.
- “ચેતવણી આપવી” શબ્દોનું ભાષાંતર “પાપ ના કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવું અથવા “પાપ ન કરવા કોઈકને વિનંતી કરવી” થઇ શકે છે.

## બાઈબલની કલમો:

- નહેમ્યાહ 9:32-34

## શબ્દ માહિતી:

- Strong's: H2094, H5749, G3560, G3867, G5537

# ચોકીબુરજ, ચોકીબુરજો, બુરજ

## વ્યાખ્યા:

" ચોકી બુરજ " શબ્દ એ એક ઊંચી ઇમારત બાંધવામાં આવે છે, જે જગ્યાએથી ચોકીદારો કોઈપણ ખતરાને જોઈ શકે છે. આ બુરજો ઘણી વખત પથ્થરના બનેલા હતા.

- જમીનમાલિકોએ કેટલીક વાર બુરજ બનાવ્યા હતા છે, જ્યાંથી તેઓ તેમના પાકની રક્ષા કરી શકે અને ચોરાઇ જવાથી તેમને સુરક્ષિત કરી શકે.
- આ બુરજોમાં એવા ઓરડાનો સમાવેશ થતો હતો જ્યાં ચોકીદાર અથવા કુટુંબ રહેતા હતા, જેથી તેઓ દિવસ અને રાત પાકનું રક્ષણ કરી શકે.

શહેરની દિવાલો કરતા શહેરો માટેના ઘડિયાળ બાંધી દેવામાં આવ્યાં જેથી ચોકીદારો જોઈ શકે કે જો કોઈ દુશ્મનો શહેર પર હુમલો કરવા આવતા હોય તો.

- “ચોકીબુરજ" શબ્દનો ઉપયોગ દુશ્મનોથી રક્ષણના પ્રતીક તરીકે પણ થાય છે.

(જુઓ: રૂપક)

(આ પણ જુઓ: પ્રતિસ્પર્ધી, ઘડિયાળ)

## બાઇબલ સંદર્ભો

- 1 કાળવૃતાંત 27:25-27
- હઝકિયેલ 26:3-4
- માર્ક 12:1-3
- માથ્થી 21:33-34
- ગીતશાસ્ત્ર 62:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H803, H969, H971, H975, H1785, H2918, H4024, H4026, H4029, H4692, H4707, H4869, H6076, H6438, H6836, H6844, G4444

# ચોર, ચોરો, લૂંટ, લૂંટી, લૂંટી લેવાયા, લૂંટારો, લૂંટારાઓ , લૂંટફાટ, લૂંટતા

## તથ્યો:

"ચોર" શબ્દ એ વ્યક્તિનો ઉલ્લેખ કરે છે જે અન્ય લોકો પાસેથી નાણાં અથવા સંપત્તિ ચોરી કરે છે. “ચોર” નું બહુવચન “ચોરો” છે. " લૂંટારો " શબ્દ ઘણી વખત એવા ચોરનો ઉલ્લેખ કરે છે કે જે લોકો પાસેથી ચોરી કરતા હોય તેવા લોકોને શારીરિક નુકસાન પહોંચાડે છે અથવા ધમકી આપે છે.

- ઈસુએ એક સમરૂની માણસ વિષે એક દૃષ્ટાંત આપ્યું હતું, જેણે એક યહુદી માણસની સંભાળ રાખી હતી. જેના પર લૂંટારા દ્વારા હુમલો કરાયો હતો.

લૂંટારાઓએ યહૂદી માણસને તેના પૈસા અને કપડાં ચોરી કરતા પહેલાં તેમને માર્યો હતો અને ઘાયલ કર્યો હતો.

- ચોર અને લૂંટારાઓ બંને અચાનક ચોરી કરવા આવે છે, જ્યારે લોકો તેની અપેક્ષા રાખતા નથી.

મોટેભાગે તેઓ શું કરી રહ્યાં છે તે છુપાવવા માટે અંધકારના આવરણનો ઉપયોગ કરે છે.

- એક લાક્ષણિક રીતે, નવા કરારમાં શેતાનને ચોર તરીકે વર્ણવે છે જે ચોરી કરવા, મારવા અને નાશ કરવા આવે છે.

આનો અર્થ એ થાય કે શેતાનની યોજના ઈશ્વરના લોકો તેમને આધીન રહેવાનું બંધ કરે તેવો પ્રયાસ કરવો.. જો શેતાન આ કરવામાં સફળ થાય તો ઈશ્વરે જે સારી વસ્તુઓની તેમના માટે યોજના કરી છે તેમાંથી તેમની પાસેથી ચોરી કરે છે।

- ઈસુએ તેમના અચાનક પાછા આવવાની સરખામણી ચોર અચાનક લોકો પાસેથી ચોરી કરવા આવે છે તેની સાથે કરી.

જેમ લોકો તેની અપેક્ષા રાખતા નથી એવા સમયે ચોર આવે છે , તેમ જ્યારે લોકો તેની અપેક્ષા રાખતા નથી તેમ ઈસુ તે સમયે પાછો આવશે

(આ પણ જુઓ: આશીર્વાદ, અપરાધ ,વધસ્તંભે જડવું, અંધકાર, વિનાશ કરનાર, સામર્થ્ય, સમરૂનમાં, શેતાન)

## બાઇબલના સંદર્ભો:

- 2 પિતર 3:10
- લુક 12:33-34
- માર્ક 14:47-50
- નીતિવચનો 6:30-31
- પ્રકટીકરણ 3:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H1214, H1215, H1416, H1589, H1590, H1980, H6530, H6782, H7703, G727, G1888, G2417, G2812, G3027

# છાંયો, છાંયો કરે છે, પડછાયો, ઝાંખું

## વ્યાખ્યા:

"છાંયો" શબ્દ શાબ્દિક રીતે અંધકારનો ઉલ્લેખ કરે છે કે જે પ્રકાશને અટકાવનાર કોઈ વસ્તુ દ્વારા થાય છે. તેના અનેક રૂપકાત્મક અર્થ પણ છે.

- “મરણની છાંયા" નો અર્થ કે મરણ હાજર છે અથવા નજીક છે, જેમ છાંયો તેની કોઈ વસ્તુની હાજરીને દર્શાવે છે તેમ.
- બાઈબલમાં ઘણી વખત, મનુષ્યનું જીવન છાંયા સાથે સરખાવવામાં આવે છે, જે લાંબા સમય સુધી ચાલતું નથી અને જેનું કોઈ મહત્વ નથી.
- ઘણીવાર "છાંયો" બીજો શબ્દ “અંધકાર" તરીકે વાપરવામાં આવ્યો છે.
- ઈશ્વરની પાંખોની છાંયામાં અથવા હાથમાં છુપાયેલ અથવા સુરક્ષિત એ વિષે બાઈબલ જણાવે છે.

આ જોખમથી સુરક્ષિત અને છુપાયેલનું ચિત્ર છે. આ સંદર્ભોમાં "છાંયા" નું અનુવાદ કરવાની અન્ય રીતોમાં "છાંયડો" અથવા "સલામતી" અથવા "રક્ષણ" સામેલ હોઈ શકે છે.

- વાસ્તવિક છાંયાના સંદર્ભ માટે સ્થાનિક શબ્દનો શાબ્દિક ઉપયોગ કરીને "છાંયો" નું અનુવાદ કરવું શ્રેષ્ઠ છે.

(આ પણ જુઓ: અંધકાર, પ્રકાશ)

## બાઈબલના સંદર્ભો:

- 2 રાજાઓ 20:8-9
- ઉત્પત્તિ 19:6-8
- યશાયા 30:1-2
- યર્મિયા 6:4-5
- ગીતશાસ્ત્ર 17:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H2927, H6738, H6751, H6752, H6754, H6757, H6767, G644, G1982, G2683, G4639

# છાણ, ખાતર

## વ્યાખ્યા:

“છાણ” શબ્દ એ મનુષ્ય અથવા પશુનો ઘટ્ટ કચરો દર્શાવે છે, અને તેને મળ અથવા વિષ્ટા પણ કહેવામાં આવે છે. જયારે તે જમીનને સમૃદ્ધ કરવા ખાતર તરીકે વપરાય છે, ત્યારે તેને “ખાતર” કહેવામાં આવે છે.

- આ શબ્દોને રૂપકાત્મક રીતે કંઇક કે જે નકામું અથવા મહત્વપૂર્ણ નથી તે માટે પણ વાપરી શકાય છે.
- મોટેભાગે પશુના સૂકા છાણને બળતણ માટે વાપરવામાં આવે છે.
- “પૃથ્વી ઉપર છાણ જેવું હોવું” અભિવ્યક્તિનું ભાષાંતર, “નકામા છાણની જેમ ધરતી ઉપર વિખરાઈ જવું,” તરીકે કરી શકાય છે.
- યરૂશાલેમની દક્ષિણ દીવાલમાંનો “છાણ નો દરવાજો” કદાચ એ દરવાજો હતો કે જ્યાંથી કચરો અને નકામી ચીજો શહેરની બહાર લઈ જવામાં આવતી હતી.

(આ પણ જુઓ: દરવાજો)

## બાઈબલની કલમો:

- 1 રાજા 14:9-10
- 2 રાજા 6:24-26
- યશાયા 25:9-10
- યર્મિયા 8:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H830, H1119, H1557, H1561, H1686, H1828, H6569, H6675, G906, G4657

# છાતીનું રક્ષા કવચ, છાતીના રક્ષા કવચો, ઉરપત્ર

## વ્યાખ્યા:

“છાતીનું રક્ષા કવચ” શબ્દ, બખતરના ભાગને જે સૈનિકના યુદ્ધ દરમ્યાન તેને રક્ષણ આપવા છાતીના આગળના ભાગને ઢાંકે છે તેને દર્શાવે છે. “ઉરપત્ર” શબ્દ વિશેષ કપડાનો ટુકડો કે જે ઈઝરાએલી મુખ્ય યાજકો તેમની છાતીના આગળના ભાગ ઉપર પહેરતા હતા તેને દર્શાવે છે.

- ”બખતર” તે સૈનિક દ્વારા વપરાતું હતું, જે લાકડું, ધાતુ અથવા પ્રાણીની ચામડામાંથી બનાવામાં આવતું હશે.

તેને સૈનિકની છાતીમાં બાણો, ભાલાઓ, અથવા તલવારો ભોંકાય તેને અટકાવવા માટે બનાવવામાં આવ્યું હતું.

- ઈઝરાએલી મુખ્ય યાજક જે “ઉરપત્ર” પહેરતા હતા જે કાપડથી બનાવેલું અને તેમાં કિંમતી રત્નો જડેલા હતા.

યાજક આ પહેરીને મંદિરમાં દેવની સેવાની ફરજ બજાવતો હતો.

- “બખતર” શબ્દનું બીજી રીતે ભાષાંતર કરીએ તો તેને માટેનો શબ્દ, “ધાતુનું રક્ષણાત્મક છાતીનું આવરણ” અથવા “છાતીનું રક્ષણ કરનાર બખ્તરનું શસ્ત્ર” થઇ શકે છે.
- “ઉરપત્ર” શબ્દનું ભાષાંતરનું કરીએ તો તે શબ્દનો અર્થ “ છાતીને આવરી લેતા યાજકના વસ્ત્ર” અથવા “યાજકના કપડાનો ટુકડો” અથવા “યાજકના કપડાનો આગળનો ભાગ” થઈ શકે છે.

(આ પણ જુઓ: બખતર, મુખ્ય યાજક, ભોંકવું, યાજક, મંદિર, લડવૈયો)

## બાઈબલની કલમો:

- 1 થેસ્સલોનિકી 5:8-11
- નિર્ગમન 39:14-16
- યશાયા 59:17-18
- પ્રકટીકરણ 9:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H2833 , H8302, G2382

# છૂટાછેડા

## વ્યાખ્યા:

છૂટાછેડા એ લગ્નની સમાપ્તિનું કાનૂની કાર્ય છે. “છૂટાછેડા” શબ્દનો અર્થ, ઔપચારિક અને કાયદેસર રીતે લગ્નનો અંત લાવવાની પ્રક્રિયા છે.

- “છૂટાછેડા” શબ્દ માટેનો શાબ્દિક અર્થ, “મોકલી દેવું” અથવા “ઔપચારિક રીતથી અલગ” થાય છે.

છૂટાછેડાને દર્શાવવા માટે અન્ય ભાષાઓમાં કદાચ સમાન અભિવ્યક્તિઓ હોય છે.

- “છૂટાછેડાનું પ્રમાણપત્ર” શબ્દનું ભાષાંતર, “એક પ્રકારનું પત્ર છે કે જે દર્શાવે છે કે લગ્નનો અંત આવી ગયો છે.

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 8:8-11
- લેવીય 21:7-9
- લૂક 16:18
- માર્ક 10:1-4
- માથ્થી 5:31-32
- માથ્થી 19:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H1644, H3748, H5493, H7971, G630, G647, G863

# છેતરવું, જૂઠું બોલવું, છેતરપિંડી, ભ્રમણા

## વ્યાખ્યા:

“છેતરવું” શબ્દ કંઈક કે જે સાચું નથી તેને માનવા કોઈને પ્રેરવો, મોટાભાગે જુઠું બોલીને. કોઈને છેતરવાના કાર્યને “જુઠું બોલવું," "છેતરવું" અથવા "ભ્રમિત કરવું" કહેવામાં આવે છે.

- “છેતરનાર” એવી વ્યક્તિ છે જે બીજાઓને કંઈક ખોટું છે તે માનવા પ્રેરે છે. ઉદાહરણ તરીકે, શેતાનને “છેતરનાર” કહેવામાં આવ્યો છે. દુષ્ટ આત્માઓ કે જેનું તે નિયંત્રણ કરે છે તે પણ “છેતરનારા” (આત્માઓ) છે.
- "જુઠું" બોલવું એટલે જે સત્ય નથી તેવું કાંઇક કહેવું.
- વ્યક્તિનું કાર્ય અથવા વાત (સંદેશા) જે સાચા નથી, તેને પણ “છેતરામણું” તરીકે વર્ણન કરી શકાય છે.
- “કપટ” અને “છેતરપિંડી” શબ્દોના સમાન અર્થ થાય છે, પણ તેમાં કેટલાક નાના તફાવતો જે રીતે તેઓનો ઉપયોગ થાય છે તેમાં રહેલા છે.
- “કપટી” અને “ભ્રામક” જેવા વર્ણનાત્મક શબ્દોના સમાન અર્થ રહેલા છે અને તેનો ઉપયોગ પણ સમાન સંદર્ભ કરવામાં આવે છે.

## ભાષાંતરના સૂચનો:

- “છેતરવું” શબ્દનું વિવિધ રીતે ભાષાંતર કરીએ તો, “જૂઠું બોલવું” અથવા “ખોટી માન્યતા માનવા પ્રેરવું” અથવા “કોઈકને કે જે સાચું નથી તે માનવા માટે કારણ બનવું” નો સમાવેશ કરી શકાય.
- “ઠગવું” શબ્દનું ભાષાંતર, “કંઈક ખોટું વિચારવા પ્રેરવું” અથવા “ખોટું બોલવું” અથવા “બનાવટ કરવી” અથવા “મૂર્ખ બનાવવું” અથવા “ગેરમાર્ગે દોરવું,” કરી શકાય.
- “છેતરનાર” શબ્દનું ભાષાંતર, “જૂઠો” અથવા “જે ગેરમાર્ગે દોરે છે તે” અથવા “કોઈક કે જે છેતરે છે,” કરી શકાય.
- સંદર્ભ પર આધાર રાખીને, “છેતરપિંડી” અથવા “ઠગાઈ” શબ્દોનું ભાષાંતર, એવા શબ્દ અથવા શબ્દસમૂહનો ઉપયોગ કરીને, જેનો અર્થ “જુઠાણું” અથવા “જુઠ્ઠાબોલું” અથવા “કપટ” અથવા “બેઈમાની” હોય તે દ્વારા કરી શકાય છે.
- “ભ્રામક” અથવા “કપટી” શબ્દોનું ભાષાંતર, “જૂઠું” અથવા “ગેરમાર્ગે દોરવું” અથવા “જુઠ્ઠાબોલું,” કરી શકાય, એ વ્યક્તિનું વર્ણન કરવા કે જે એ રીતે કહે છે અથવા વર્તે છે કે જેથી જે સાચું નથી તે બાબતો માનવા બીજાઓ દોરાય.

(આ પણ જુઓ: સાચું)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 1:8-10
- 1 તિમોથી 2:13-15
- 2 થેસ્સલોનિકી 2:3-4
- ઉત્પત્તિ 3:12-13
- ઉત્પત્તિ 31:26-28
- લેવીય 19:11-12
- માથ્થી 27:62-64
- મીખાહ 6:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H898, H2048, H3577, H3584, H4123, H4820, H4860, H5230, H5377, H6121, H6231, H6280, H6601, H7411, H7423, H7683, H7686, H7952, H8267, H8496, H8501, H8582, H8591, H8649, G538, G539, G1386, G1387, G1388, G1389, G1818, G3884, G4105, G4106, G4108, G5422, G5423

# છોડ, રોપે છે, રોપ્યું, રોપી રહ્યા છે, પ્રત્યારોપણ, ફરીથી રોપવું, એક જગ્યાએથી ઉખાડીને બીજે રોપવું, વાવવું, વાવે છે, વાવ્યું, વાવેતર, વાવણી

### વ્યાખ્યા:

“છોડ” સંન્ય રીતે એવું કંઇક કે જે ઉગે છે અને જમીન સાથે જોડાયેલું હોય છે. “વાવવું” એટલે જમીનમાં બીજ મુકવા કે જેથી છોડ ઉગે. “વાવનાર” એ વ્યક્તિ છે કે જે બીજ વાવે છે.

- વાવવાની અને રોપવાની રીત અલગ હોઈ શકે, પરંતુ એક રીત એ છે કે મુઠ્ઠીભર બીજ લેવા અને જમીનમાં તેઓને પાથરવા.
- બીજી રીત બીજ રોપવાની એ જમીનમાં કાણાં પાળવા અને દરેક કાણાંમાં બીજ મુકવા.
- “વાવવું” શબ્દ રૂપકાત્મક રીતે ઉપયોગમાં લઇ શકાય, જેમ કે “વ્યક્તિ જે વાવે છે તે જ લણે છે.”

એનો અર્થ કે જો વ્યક્તિ કંઇક દુષ્ટ કરે તો, તે નકારાત્મક પરિણામ મેળવશે, અને જો વ્યક્તિ સારું કરે તો, તે હકારાત્મક પરિણામ ભોગવશે.

## અનુવાદ માટેના સૂચનો

- “વાવવું” શબ્દનો અનુવાદ “રોપવું” પણ કરી શકાય.

એ ધ્યાનમાં રાખો કે તેને માટે જે શબ્દનો અનુવાદ કર્યો હોય તે બીજ રોપવાને સમાવેશ કરતો હોય.

- “વાવનાર” ને અનુવાદ કરવાની બીજી રીતોમાં “રોપનાર” અથવા “ખેડૂત” અથવા “વ્યક્તિ કે જે બીજ વાવે છે” તેનો સમવેશ કરી શકાય.
- અંગ્રેજીમાં, “વાવવું” એ માત્ર બીજ વાવવા વપરાય છે, પરંતુ અંગેજી શબ્દ “છોડ/રોપવું” બીજ અને મોટી બાબતો, જેમ કે ઝાડ રોપવા વાપરી શકાય છે.

બીજી ભાષાઓઅલગ શબ્દો વાપરી શકે, શું રોપવામાં આવે છે તેના આધારે.

- “વ્યક્તિ જે વાવે છે તે લણે છે” અભિવ્યક્તિનુ અનુવાદ આમ કારી શકાય “જેમ ચોક્કસ પ્રકારના બીજ ચોક્કસ પ્રકારના છોડ ઉત્પન્ન કરે, તેમ જ વ્યક્તિના સારા કૃત્યો સારું પરિણામ લાવશે અને વ્યક્તિના દુષ્ટ કૃત્યો દુષ્ટ પરિણામ લાવશે.”

(આ પણ જુઓ: દુષ્ટ, સારું, પાક ભેગો કરવો)

### બાઈબલના સંદર્ભો:

- ગલાતીઓ 6:6-8
- લૂક 8:4-6
- માથ્થી 6:25-26
- માથ્થી 13:3-6
- માથ્થી 13:18-19
- માથ્થી 25:24-25

### શબ્દ માહિતી:

- Strong's: H2221, H2232, H2233, H2236, H4218, H4302, H5193, H7971, H8362, G4687, G4703, G5300, G5452 , G6037

# છોડાવવું, બચાવવું, છોડાવ્યું, છોડાવનાર, છુટકારો

## વ્યાખ્યા:

કોઈને "છોડાવવું (તારવું)" તેનો અર્થ, તે વ્યક્તિને બચાવવી.

"છોડાવનાર" શબ્દ કોઈ વ્યક્તિ કે જે લોકોને ગુલામી, જુલમ અથવા અન્ય જોખમોથી બચાવે અથવા મુક્ત કરે, તે દર્શાવે છે. "છુટકારો" શબ્દ જયારે કોઈ ગુલામી, જુલમ અથવા અન્ય જોખમોથી લોકોને બચાવે અથવા મુક્ત કરે ત્યારે જે થાય છે, તેને દર્શાવે છે.

- જૂના કરારમાં દેવે બીજા લોકોના જૂથોની વિરુદ્ધ કે જેઓ ઈઝરાએલીઓ પર હુમલો કરવા માટે આવતા, તેઓ પર યુધ્ધમાં દોરીને રક્ષણ આપવા દેવે છોડાવનારાઓની નિમણૂક કરી.
- આ છોડાવનારાઓને "ન્યાયાધીશો" પણ કહેવામાં આવતા હતા, અને જયારે આ ન્યાયાધીશો સંચાલન કરતા હતા ત્યારે ઇતિહાસના સમયમાં તેને જૂના કરારના ન્યાયાધીશોના પુસ્તક નોંધવામાં આવ્યા છે.
- દેવને પણ "છોડાવનાર" કહેવામાં આવે છે.

ઈઝરાએલના સમગ્ર ઈતિહાસમાં, તેણે તેના લોકોને તેઓના શત્રુઓથી છોડાવ્યા અથવા બચાવ્યા છે.

- "સોંપી દેવું" અથવા "છેક આપી દેવા" શબ્દનો અલગ અર્થ થાય છે, જેમકે કોઈ વ્યક્તિને તેના શત્રુના હાથમાં સોંપી દેવો, જેમકે યહૂદા ઇસ્કારીયાતે ઈસુને યહૂદી આગેવાનોને સોંપી દીધો.

## ભાષાંતરના સૂચનો:

- લોકોને તેઓના શત્રુઓથી ભાગી જવા મદદ કરવાના સંદર્ભમાં, "તારવું" શબ્દનું ભાષાંતર, "છોડાવવું" અથવા "મુક્ત કરવું" અથવા "બચાવવું" થઇ શકે છે.
- જયારે તેનો અર્થ શત્રુઓને "સોંપી દેવું" એવો કરવામાં આવે છે ત્યારે તેનું ભાષાંતર, "પરસ્વાધીન કરવો" અથવા "સોંપી દેવો" અથવા "સુપ્રત કરી દેવા" એવું થઇ શકે છે.
- "છોડાવનાર" (મસીહા) શબ્દનું ભાષાંતર, "બચાવનાર" અથવા "મુક્તિદાતા" પણ કરી શકાય છે. જયારે "છોડાવનાર" શબ્દ ન્યાયાધીશો માટે કે જેઓએ ઈઝરાએલને દોરવાણી આપી તેને માટે વપરાય, ત્યારે તેનું ભાષાંતર "રાજ્યપાલ" અથવા "ન્યાયાધીશ" અથવા "આગેવાન" તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: ન્યાયાધીશ, બચાવવું)

## બાઈબલની કલમો:

- 2 કરિંથી 1:8-10
- પ્રેરિતો 7:35-37
- ગલાતી 1:3-5
- ન્યાયાધીશો 10:10-12

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **16:3** પછી દેવે તેમને **છોડાવનાર** પુરા પાડ્યા કે જેથી તે તેઓને તેમના શત્રુઓથી બચાવે અને દેશમાં શાંતિ લાવે.
- **16:16** તેઓએ (ઈઝરાએલ) છેવટે ફરીથી મદદ માટે દેવને માંગણી કરી, અને દેવે અન્ય **છોડાવનારને** મોકલ્યા.
- **16:17** ઘણા વર્ષો સુધી, દેવે ઘણા **છોડાવનારાઓને** મોકલ્યા કે જેઓએ ઈઝરાએલને તેઓના શત્રુઓથી બચાવ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H579, H1350, H2020, H2502, H3052, H3205, H3444, H3467, H4042, H4422, H4560, H4672, H5337, H5338, H5414, H5462, H6299, H6308, H6403, H6405, H6413, H6475, H6487, H6561, H7725, H7804, H8000, H8199, H8668, G325, G525, G629, G859, G1080, G1325, G1560, G1659, G1807, G1929, G2673, G3086, G3860, G4506, G4991, G5088, G5483

# જપ્ત કરવું, જપ્ત કરે છે, જપ્ત કર્યું, જપ્તી

## વ્યાખ્યા:

"જપ્ત" શબ્દનો અર્થ કોઈકને અથવા કશુક બળજબરીથી લેવું અથવા પકડવું. તેનો કોઈકને હરાવવું અને નિયંત્રિત કરવું તેવો પણ અર્થ થઇ શકે છે.

- જ્યારે લશ્કરી દબાણ દ્વારા શહેરને લઇ લેવામાં આવે છે, ત્યારે તેઓએ જેઓના પર જીત મેળવી છે તે લોકોની કિમતી માલ-મિલકત સૈનિકો દ્વારા જપ્ત કરી લેવામાં આવે છે.
- જ્યારે રૂપકાત્મક રીતે વાપરવામાં આવે, ત્યારે એક વ્યક્તિને આ પ્રમાણે વર્ણવી શકાય "બીકથી જપ્ત થઇ ગયેલ."

તેનો અર્થ એ કે વ્યક્તિ અચાનક "બીક પર જીત મેળવે છે." જો વ્યક્તિ "બીકથી થઇ ગયો" હોય તો તેવું પણ કહી શકાય કે વ્યક્તિ "તરત જ ઘણો ભયભીત બન્યો હતો."

- પ્રસુતિની પીડાના સંદર્ભમાં સ્ત્રીને "જપ્ત કરી લેવું" એટલે તેનો અર્થ એ છે કે દુઃખ અચાનક અને અતિશય છે.

તેનું અનુવાદ આમ કહીને કરી શકાય કે તે સ્ત્રી પર દુઃખ "જીત્યું" અથવા "અચાનક આવી પડ્યું" છે.

- આ શબ્દનો અનુવાદ "નું નિયંત્રણ લેવું" અથવા "અચાનક લેવું" અથવા ઝુંટવી લેવું" એમ પણ કરી શકાય.
- "જપ્ત કરીને તેણી સાથે સુઈ ગયો" અભિવ્યક્તિનું અનુવાદ "તેણી પર પોતાનું નિયંત્રણ લીધું" અથવા "તેણીનું ઉલ્લંઘન કર્યું" અથવા "તેણી પર બળાત્કાર કર્યો" એમ કરી શકાય.

આ વિચારનું અનુવાદ એ સ્વીકાર્ય હોય તે ધ્યાનમાં રાખો.

(જુઓ: સોમ્યોક્તિ)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 16:19-21
- નિર્ગમન 15:14-15
- યોહાન 10:37-39
- લૂક 8:28-29
- માથ્થી 26:47-48

## શબ્દ માહિતી:

- Strong's: H270, H1497, H2388, H3027, H3920, H3947, H4672, H5377, H5860, H6031, H7760, H8610, G724, G1949, G2638, G2902, G2983, G4815, G4884

# જવ

## વ્યાખ્યા:

“જવ” શબ્દ એક પ્રકારનું અનાજ છે કે જે રોટલી બનાવવા માટે વપરાય છે.

- જવના છોડને લાંબી દાંડી હોય છે અને તેની ઉપર કણસલું જોડાયેલું હોય છે, કે જ્યાં બીજ અથવા દાણાં વૃદ્ધિ પામે છે.
- જવ ગરમ વાતાવરણમાં સારું વધે છે જેથી વસંતઋતુ અને ઉનાળામાં તેની ખેતી વારંવાર થાય છે.

જ્યારે જવ ઝુડવામાં આવે છે, ત્યારે ખાવા યોગ્ય બીજમાંથી નકામા ફોતરાંને અલગ કરાય છે.

- જવના અનાજને દળીને લોટ કરાય છે, જેમાં પાણી અથવા તેલ ભેળવી રોટલી બનાવાય છે.

જો જવ વિશે જ્ઞાન ન હોત તો, તેનું ભાષાંતર “દાણો એટલે જવ” અથવા “જવનો દાણો” કરી શકાય છે.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: અનાજ, દળવું, [ઘઉં])

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 11:12-14
- અયૂબ 31:38-40
- ન્યાયાધીશો 7:13-14
- ગણના 5:15
- પ્રકટીકરણ 6:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H8184, G2915, G2916

# જાંબુડી

## તથ્યો:

“જાંબુડી” શબ્દ એક રંગનું નામ છે જે લાલ અને ભૂરા રંગનું મિશ્રણ છે.

- પ્રાચીન સમયોમાં, જાંબુડી રંગ રંગવાના ઉપયોગ માટે દુર્લભ અને ખૂબજ મૂલ્યવાન રંગ હતો કે જેનો ઉપયોગ રાજાઓ અને ઉચ્ચ અધિકારીઓના વસ્ત્રો રંગવા કરવામાં આવતો હતો.
- આ રંગ તૈયાર કરવાનું ખર્ચાળ હતું અને તેમાં ખૂબ જ સમય લાગતો હતો તેથી જાંબુડી વસ્ત્રોને સંપત્તિ, વિશિષ્ટતા તથા રાજવૈભવની નિશાની ગણવામાં આવતા હતા.
- જાંબુડી રંગ મુલાકાતમંડપ અને ભક્તિસ્થાનના પડદાઓમાં તથા યાજકો દ્વારા પહેરવામાં આવતા એફોદમાં વપરાતા રંગોમાંનો એક રંગ પણ હતો.
- જાંબુડી રંગ એક પ્રકારની સમુદ્રી ગોકળગાયમાંથી કાઢવામાં આવતો હતો. તે ગોકળગાયને છૂંદીને અથવા તો ઉકાળીને અથવા તો જ્યારે તે જીવતી હોય ત્યારે તે રંગ કાઢે તે રીતે મેળવવામાં આવતો હતો.

આ એક ખર્ચાળ પ્રક્રિયા હતી.

- રોમન સિપાઈઓએ ઈસુને વધસ્થંભે જડ્યા અગાઉ ઈસુના યહૂદીઓના રાજા હોવાના દાવાની મજાક ઉડાવવા તેમને જાંબુડી રાજવી ઝભ્ભો પહેરાવ્યો હતો.
- ફિલિપી નગરની લુદિયા જાંબુડી રંગના વસ્ત્રો વેચીને ગુજરાન ચલાવનાર સ્ત્રી હતી.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ જૂઓ: એફોદ, ફિલિપી, રાજવી, મુલાકાત મંડપ, ભક્તિસ્થાન)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 2:13-14
- દાનિયેલ 5:7
- દાનિયેલ 5:29-31
- નીતિવચનો 31:22-23

## શબ્દ માહિતી:

- Strong's: H710, H711, H713, G4209, G4210, G4211

# જાણવું, જાણે છે, જાણતો હતો, જ્ઞાન, ઓળખાવું, ઓળખાયો, ઓળખાવે છે, ઓળખાવ્યો, અજાણ, વંશવેલો, પૂર્વજ્ઞાન, ભેદ દર્શાવવો, નામાંકિત કરવું

### વ્યાખ્યા:

"જાણવું" અને "જાણતા હોવું" શબ્દોનો અર્થ સામાન્ય રીતે કશુંક અથવા કોઈને સમજવું. એતેનો અર્થ એમ પણ થાય કે તથ્ય વિષે સભાન હોવું અથવા વ્યક્તિને જાણતા હોવું. "જાણતા કર્યા" અભિવ્યક્તિનો અર્થ છે માહિતી કહેવી/જણાવવી.

- "જ્ઞાન" શબ્દ લોકો જે માહિતી જાણે છે તેનો ઉલ્લેખ કરે છે. તેનું લાગુકરણ, ભૌતિક અને અમૂર્ત ખ્યાલોને જાણવા તેમ થાય છે.
- ઈશ્વર "ના વિશે જાણવું" એટલે તેમના વિશેના તથ્યો સમજવા જે તેમણે આપણને પ્રગટ કર્યા છે.
- ઈશ્વરને "જાણવા" એટલે તેમની સાથે સંબંધ હોવો. આ શબ્દ લોકોને જાણવાનો પણ સમાવેશ કરે છે.
- ઈશ્વરની ઈચ્છા જાણવી એટલે વ્યક્તિને જે હુકમ આપવામાં આવ્યો છે તેનાથી વાકેફ હોવું, અથવા ઈશ્વર શું ઈચ્છે છે કે વ્યક્તિ કરે, તે સમજવું.
- "નિયમને જાણવો" એટલે ઈશ્વરે જે હુકમ કર્યો છે તેનાથી વાકેફ, અથવા મુસાને આપવામાં આવેલ નિયમોમાં ઈશ્વરે શું સૂચના આપી છે તે સમજવું.
- કેટલીકવાર "જ્ઞાન" ને "ડહાપણ" ના સમાનાર્થી તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે, જે ઈશ્વરને પ્રસન્ન કરે એ રીતે જીવવાનો સમાવેશ કરે છે.
- "ઈશ્વરનું જ્ઞાન" ને કેટલીકવાર "યહોવાની બીક" ના સમાનાર્થી તરીકે વાપરવામાં આવે છે.
- જ્યારે પુરુષે અને સ્ત્રી એકબીજાને "જાણવું" તેવો ઉલ્લેખ થાય છે ત્યારે તે મહદઅંશે પરોક્ષ રીતે ઉલ્લેખાય છે જેનો અર્થ છે કે તેઓએ જાતીય સંબંધ કર્યો છે.

## અનુવાદ માટેના સુચનો

- સંદર્ભને આધારે, "જાણવું" ને અનુવાદ કરવાની રીતોમાં "સમજવું" અથવા "ની સાથે પરિચિત" અથવા "ના વિશે વાકેફ" અથવા "ના વિશે માહિતગાર" અથવા "ની સાથે સંબંધમાં હોવું" નો સમાવેશ થાય છે.
- બે વસ્તુઓ વચ્ચેના તફાવતને સમજવાના સંદર્ભમાં, આ શબ્દનું ભાષાંતર સામાન્યપણે "ભેદ દર્શાવવો" થાય છે. જ્યારે આ શબ્દનો ઉપયોગ આ રીતે કરવામાં આવે છે ત્યારે આ શબ્દની પાછળ મોટાભાગે નામયોગી અવ્યય "વચ્ચે" આવે છે.
- કેટલીક ભાષાઓમા "જાણવું" માટે બે અલગ શબ્દો હોય છે, એક તથ્યો જાણવા માટે, અને બીજો વ્યક્તિને જાણવા અને તેની સાથે સંબંધ હોવા માટે.
- "ઓળખાયો/જાણતા કર્યા" શબ્દનું અનુવાદ "લોકો જાણે તે માટેનું પ્રયોજન" અથવા "પ્રગટ કરવું" અથવા "તે વિશે કહેવું" અથવા "સમજાવવું" એમ કરી શકાય.
- "ના વિશે જાણવું" કંઈકનું અનુવાદ "થી વાકેફ" અથવા "ની સાથે પરિચિત" એમ કરી શકાય.
- "કેવી રીતે વિશે જાણવું" અભિવ્યક્તિનો અર્થ કંઈક પૂરું કરવાની પ્રક્રિયા કે પદ્ધતિને સમજવી. તેનું "સક્ષમ" અથવા "કુશળતા હોવી" અનુવાદ કરી શકાય.
- "જ્ઞાન" શબ્દનું અનુવાદ સંદર્ભને આધારે "જે જાણીતું છે" અથવા "ડહાપણ" અથવા "સમજશક્તિ" કરી શકાય.

(આ પણ જુઓ: નિયમ, પ્રગટ કરવું, સમજવું, જ્ઞાની)

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથીઓ 2:12-13
- 1 શમુએલ 17:46-47
- 2 કરિંથીઓ 2:14-15
- 2 પિત્તર 1:3-4
- પુનર્નિયમ 4:39-40
- ઉત્પત્તિ 19:4-5
- લૂક 1:76-77

## શબ્દ માહિતી:

- Strong's: H1843, H1844, H1847, H1875, H3045, H3046, H4093, H4486, H5046, H5234, H5475, H5869, G50, G56, G1097, G1107, G1108, G1231, G1492, G1921, G1922, G1987, G2467, G2589, G3877, G4267, G4894

# જાતિ, જાતિઓ, આદિજાતિ, આદિવાસીઓ

## વ્યાખ્યા:

એક જાતિનું લોકજૂથ જે સામાન્ય પૂર્વજ પરથી ઉતરી આવે છે.

- સમાન જાતિના લોકો સામાન્ય રીતે સામાન્ય ભાષા અને સંસ્કૃતિને પણ વહેંચે છે.
- જૂના કરારમાં, ઈશ્વરે ઈસ્રાએલના લોકોને બાર કુળોમાં વિભાજિત કર્યા.

દરેક જાતિ યાકુબના એક પુત્ર અથવા પૌત્ર પરથી ઉતરી આવ્યું હતું.

- એક જાતિ રાષ્ટ્ર કરતાં નાની છે, પરંતુ એક કુળ કરતાં મોટી છે.

(આ પણ જુઓ: કુળ, રાષ્ટ્ર, લોકજૂથ, ઇઝરાએલના બાર કુળો)

## બાઇબલના સંદર્ભો:

- 1શમુએલ:17-19
- 2રાજાઓ 17:16-18
- ઉત્પત્તિ 25:13-16
- ઉત્પત્તિ 49:16-18
- લુક 2:36-38

## શબ્દ માહિતી:

- Strong's: H523, H4294, H7625, H7626, G1429, G5443

# જાતીય અનૈતિકતા, અનૈતિકતા, અનૈતિક, વ્યભિચાર

## વ્યાખ્યા:

"જાતીય અનૈતિકતા" શબ્દ જાતીય પ્રવૃત્તિને દર્શાવે છે, કે જે સ્ત્રી અને પુરુષના લગ્ન સંબંધની બહાર સ્થાન લે છે. આ દેવની યોજનાની વિરુદ્ધ છે. બાઈબલની જૂની અંગ્રેજી આવૃત્તિઓ તેને "વ્યભિચાર" કહે છે.

- આ શબ્દ કોઇપણ પ્રકારની જાતીય પ્રવૃત્તિ દર્શાવે છે કે જે દેવની ઈચ્છાની વિરુદ્ધમાં છે જેમાં પુમૈથુનના કાર્યો અને ગંદા ચિત્રો જોવા તેનો સમાવેશ થાય છે.
- જાતીય અનૈતિકતા એ એક પ્રકારનો વ્યભિચાર છે, કે જે ખાસ કરીને લગ્ન કરેલી વ્યક્તિ અને કોઈક કે જે તે વ્યક્તિની પતિ અથવા પત્ની નથી તે વચ્ચેની જાતીય પ્રવૃત્તિ છે.
- બીજા પ્રકારની જાતીય અનૈતિકતા એ "વેશ્યાગીરી" છે, કે જેમાં કોઈની સાથે કોઈકની સાથે જાતીય સંબંધમાં સામેલ થવા માટે ચૂકવણી કરવામાં આવે છે.
- આ શબ્દ જયારે ઈઝરાએલએ જૂઠા દેવોની પૂજા કરી, ત્યારે દેવ માટે બેવફાઈ દર્શાવવા માટે આ શબ્દનો રૂપકાત્મક રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ભાષાંતરના સૂચનો:

- "જાતીય અનૈતિકતા" શબ્દના ભાષાંતરમાં જ્યાં સુધી આ શબ્દનો યોગ્ય અર્થ "અનૈતિકતા" થાય ત્યાં તેઓ ઉપયોગ કરી શકાય છે.
- આ શબ્દના ભાષાંતરમાં બીજા વિવિધ શબ્દો જેવા કે, "ખોટા જાતીય કાર્યો" અથવા "લગ્નની બહાર જાતીય સંબંધ," (તેવા શબ્દોનો) સમાવેશ કરી શકાય છે.
- "વ્યભિચાર" શબ્દના ભાષાંતર કરતાં આ શબ્દનું ભાષાંતર અલગ રીતે થવું જોઈએ.
- આ શબ્દના ભાષાંતરના રૂપકાત્મક ઉપયોગમાં શક્ય હોય ત્યાં અસલ અર્થ જાળવી રાખવો, કારણકે બાઈબલમાં ઈશ્વર પ્રત્યેનું અવિશ્વાશુપણુ અને જાતિયતાના અવિશ્વાસીપણા વચ્ચે સામાન્ય સરખામણી કરવામાં આવેલી છે.

(આ પણ જુઓ: વ્યભિચાર, જૂઠો દેવ, વેશ્યા, વિશ્વાસુ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 15:19-21
- પ્રેરિતો 21:25-26
- કલોસ્સી 3:5-8
- એફેસી 5:3-4
- ઉત્પત્તિ 38:24-26
- હોશિયા 4:13-14
- માથ્થી 5:31-32
- માથ્થી 19:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H2181, H8457, G1608, G4202, G4203

# જાદુ, જાદુઈ, જાદુગર, જાદુગરો

## વ્યાખ્યા:

"જાદુ" શબ્દ ઈશ્વર તરફથી આપવામાં આવી ન હોય તેવી અલૌકિક શક્તિ વાપરવાની ક્રિયાનો ઉલ્લેખ કરે છે. જાદુ કરનાર વ્યક્તિને "જાદુગર" કહેવાય છે.

- ઈજીપ્તમાં, જ્યારે ઈશ્વરે મૂસા દ્વારા ચમત્કારિક કામો કર્યાં ત્યારે, ઈજીપ્તના રાજા ફારુનના જાદુગરો તેવા જ કામો કરવા સક્ષમ હતા, પણ તેમની શક્તિ ઈશ્વર તરફથી ન હતી.
- જાદુમાં મોટાભાગે મંત્રો ફૂંકવા અથવા તો કંઈક અલૌકિક બાબત કરવા અમુક શબ્દોનું વારંવાર ઉચ્ચારણ કરવામાં આવે છે.
- ઈશ્વરે તેમના લોકોને આવી જાદુક્રિયાઓ અથવા તો ભવિષ્ય ભાખવાની બાબતો ન કરવા આજ્ઞા આપી છે.
- તાંત્રિક વ્યક્તિ એક પ્રકારનો જાદુગર છે કે જે સામાન્ય રીતે બીજાઓને નુકસાન પહોંચાડવા જાદુક્રિયા કરે છે.

(આ પણ જૂઓ: ભવિષ્ય ભાખવું, ઈજીપ્ત, ફારુન, શક્તિ, તંત્રવિદ્યા)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 41:7-8
- ઉત્પત્તિ 41:22-24
- ઉત્પત્તિ 44:3-5
- ઉત્પત્તિ 44:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H2748, H2749, H3049, G3097

# જાદુગર, જાદુગરો, સ્ત્રી જાદુગર, મેલીવિદ્યા, મેલીવિદ્યાઓ, મેલીવિદ્યા

## વ્યાખ્યા:

"જાદુ" અથવા "મેલીવિદ્યા" જાદુનો ઉપયોગ કરવાનો ઉલ્લેખ કરે છે, જે દુશ્તાત્માઓ દ્વારા શક્તિશાળી બાબતો કરવાનો સમાવેશ કરે છે. એ "જાદુગર" એ છે કે જે આ શક્તિશાળી, જાદુને લગતી બાબતો કરે છે.

- જાદુ અને મેલીવિદ્યાનો ઉપયોગ લાભદાયી બાબતો (જેમ કે કોઈને નીરોગી કરવા) અને નુકસાનકારક બાબતો (જેમ કે કોઈકના પર શાપ મુકવો) બંનેનો સમાવેશ કરે છે.

પરંતુ દરેક પ્રકારની મેલીવિદ્યાઓ ખોટી છે, કારણ કે તેઓ દુશ્તાત્માઓના સામર્થનો ઉપયોગ કરે છે.

- બાઈબલમાં, ઈશ્વર કહે છે કે મેલીવિદ્યાનો ઉપયોગ બીજા પાપો (જેવા કે વ્યભિચાર, મૂર્તિઓની પૂજા અને બાળ અર્પણો) જેટલું જ ભયંકર છે.
- "મેલીવિદ્યા" અને "મેલીવિદ્યા" શબ્દોનું અનુવાદ "દુષ્ટાત્માનું સામર્થ" અથવા જદુમંત્ર કરવું" એમ પણ કરી શકાય.
- "જાદુગર" ને અનુવાદ કરવાની રીતોમાં "જાદુના કામદારો" અથવા "વ્યક્તિ કે જે જાદુમંત્ર કરે છે" અથવા "વ્યક્તિ કે જે દુશ્તાત્માઓના સામર્થનો ઉપયોગ કરીને ચમત્કારો કરે છે" નો સમાવેશ કરી શકાય.
- એ નોંધો કે "મેલીવિદ્યા" ના "ભવિષ્યકથન" કરતાં જુદાં-જુદાં અર્થ છે, કે જે આત્માના જગતનો સંપક કરવાનો પ્રયત્ન કરે છે તેનો ઉલ્લેખ કરે છે.

(આ પણ જુઓ: વ્યભિચાર, અશુદ્ધ આત્મા, ભવિષ્યકથન, જુઠ્ઠા દેવ, જાદુ, બલિદાન, આરાધના)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 8:9-11
- નિર્ગમન 7:11-13
- ગલાતીઓ 5:19-21
- પ્રકટીકરણ 9:20-21

## શબ્દ માહિતી:

- Strong's: H3784, H3785, H3786, H6049, G3095, G3096, G3097, G5331, G5332, G5333

# જાનવર, પશુ

## સત્યો/તથ્યો:

બાઈબલમાં "જાનવર" શબ્દ મોટેભાગે "પશુ" કહેવાની બીજી રીત છે.

- જંગલી જાનવર એક પ્રકારનું પ્રાણી છે કે જે વન અથવા ખેતરોમાં છૂટથી રહે છે અને લોકો દ્વારા કેળવાયેલું હોતું નથી.
- પાળેલું જાનવર એવું પ્રાણી છે કે જે લોકો સાથે રહે છે અને ખોરાક માટે અથવા કામ કરવા માટે ઉપયોગમાં લેવાય છે, જેમકે ખેતર ખેડવા માટે તેનો ઉપયોગ થાય છે. મોટેભાગે "પશુધન" શબ્દ આ પ્રકારના જાનવર માટે દર્શાવાયો છે.
- જૂના કરારમાં દાનિએલના પુસ્તકમાં અને નવા કરારમાં પ્રકટીકરણના પુસ્તકના દર્શનોમાં જે જાનવરનું (શ્વાપદ) વર્ણન કરવામાં આવ્યું છે તે ઈશ્વરની વિરુદ્ધિ દુષ્ટ શક્તિ અને સત્તાઓનું પ્રતિનિધિત્વ કરે છે. (જુઓ: રૂપક)
- આમાંના થોડા ઘણા પ્રાણીઓ વિચિત્ર લક્ષણોવાળા દર્શાવાયા છે, જેવાં કે કેટલાક માથાં અને શિંગડા. તેઓ પાસે મોટે ભાગે શક્તિ અને સત્તા હોય છે, કે જેઓ દેશો, રાષ્ટ્રો, અથવા રાજકીય સત્તાઓને દર્શાવે છે.
- ભાષાંતર કરવાની રીતે સમાવેશ કરે છે; "પ્રાણી" અથવા "સર્જેલી વસ્તુ" અથવા "પશુ" અથવા "જંગલી જાનવર."

(આ પણ જુઓ: સત્તા, દાનિએલ, પશુધન, રાષ્ટ્ર, શક્તિ, પ્રગટ થવું, બાલ-ઝબુલ)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 15:31-32
- 1 શમુએલ 17:44-45
- 2 કાળવૃતાંત 25:18-19
- યર્મિયા 16:1-4
- લેવીય 7:21
- ગીતશાસ્ત્ર 49:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H338, H929, H1165, H2123, H2416, H2423, H2874, H3753, H4806, H7409, G2226, G2341, G2342, G2934, G4968, G5074

# જાળ, જાળ પાથરે છે, જાળમાં ફસાવવું, જાળમાં ફસાવે છે, જાળમાં ફસાવ્યો, ફોસલાવવું, છટકું, છટકું કરે છે, છટકું ગોઠવ્યું

## વ્યાખ્યા:

"જાળ" અને "છટકું" શબ્દ એવા સાધનનો ઉલ્લેખ કરે છે કે જે પ્રાણીઓને પકડવા અને તેમને ભાગી જતા અટકાવવા માટે વપરાય છે. "જાળ" કે "જાળમાં ફસાવવું" એટલે જાળ દ્વારા પકડવું, અને "છટકું" કે "ફોસલાવવું" એટલે કે છટકા દ્વારા પકડવું. બાઈબલમાં, આ શબ્દોનો ઉપયોગ રૂપકાત્મક રીતે એ વાત કહેવા વિષે પણ થયો છે કે કેવી રીતે પાપ અને પરીક્ષણએ સંતાયેલ છટકા સમાન છે કે જે લોકોને પકડે છે અને તેમને નુકસાન પહોંચાડે છે

- "જાળ" એટલે દોરડાંનો અથવા તારનો ફાંસો કે જે અચાનક મજબૂત રીતે ખેંચવામાં આવે જ્યારે પ્રાણી અંદર પ્રવેશે ત્યારે, તેના પગને જાળમાં ફસાવવા દ્વારા.
- "છટકું" એ ધાતુ અથવા લાકડાંનું બનેલું હોય છે અને તેને બે ભાગ હોય છે કે જે અચાનક અને શક્તિપૂરવક રીતે સાથે બંધ કરવામાં આવે છે, પ્રાણીને પકડવા દ્વારા કે જેથી તે કોઈ પણ રીતે છટકી ન શકે.

ઘણીવાર છટકું ઊંડા બાકોરું/છિદ્ર જેવું હોઈ શકે કે જે બનાવવામાં આવ્યું હોય જે કંઇક તેમાં પડે તેને પકડવા માટે.

- સામાન્ય રીતે જાળ અથવા છટકું એ ગુપ્ત હોય છે કે જેથી તેનો શિકાર આશ્ચર્યકારક રીતે લઇ લેવામાં આવે.
- "છટકું ગોઠવવું" શબ્દસમૂહનો અર્થ કંઇક પકડવા માટે જાળને તૈયાર કરવી.
- "જાળમાં પડવું" એ ઊંડા છિદ્રમાં કે ખાડામાં પડવું કે જે પ્રાણીને પકડવાને માટે ખોદવામાં આવ્યો હતો અને ગુપ્ત હતો તેનો ઉલ્લેખ કરે છે.
- વ્યક્તિ કે જે પાપ કરવાની શરૂઆત કરે અને બંધ ન કરી શકે તેને "પાપની જાળમાં ફસાયો" છે એમ કહેવાય રૂપકાત્મક સંદર્ભમાં જે રીતે પ્રાણી જાળમાં ફસાય છે અને છટકી શકતું નથી તેમ.
- જેવી રીતે પ્રાણી જાળમાં રહેવા દ્વારા જોખમમાં મુકાય છે અને ઈજાગ્રસ્ત બને છે, તે રીતે વ્યક્તિ પાપના છટકામાં પકડાય છે ત્યારે તેને તે પાપ દ્વારા નુકસાન થાય છે અને તેને છુટવાની જરૂર છે.

(આ પણ જુઓ: મુક્ત, , શિકાર, શેતાન, લલચાવવું)

## બાઈબલના સંદર્ભો:

- સભાશિક્ષક 7:26
- લૂક 21:34-35
- માર્ક 12:13-15
- ગીતશાસ્ત્ર 18:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H2256, H3353, H3369, H3920, H3921, H4170, H4204, H4434, H4685, H4686, H4889, H5367, H5914, H6315, H6341, H6351, H6354, H6679, H6983, H7639, H7845, H8610, G64, G1029, G2339, G2340, G3802, G3803, G3985, G4625

# જાહેર, જાહેર કરે છે, જાહેર કરાયેલું, જાહેર કરવું, જાહેરાત, જાહેરાતો

## વ્યાખ્યા:

"જાહેર કરવું" અને "જાહેરાત" શબ્દો, મોટે ભાગે કોઈએક બાબત પર ભાર મૂકવા માટે ઔપચારિક અથવા જાહેર નિવેદન કરવા માટે દર્શાવાય છે.

- "જાહેરાત" શબ્દ, શું જાહેર થયું છે તે જ ફક્ત અગત્યનું નથી પણ સાથે જે વ્યક્તિ જાહેરાત કરે છે તેના પર પણ ધ્યાન આપવા સૂચવે છે.
- ઉદાહરણ તરીકે, જૂના કરારમાં મોટેભાગે દેવ તરફથી આવતા સંદેશાની શરૂઆતમાં, "યહોવાની ઘોષણા" અથવા "યહોવા એમ કહે છે (જાહેર કરે છે)" તેમ જાણવવામાં આવતું. આ અભિવ્યક્તિ, જે યહોવા પોતે કહે છે તે પર ભાર મૂકે છે. હકીકત એ છે કે સંદેશો યહોવા તરફથી આવે છે, તેથી તે ખાસ અગત્યનો છે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, "જાહેર કરવું" શબ્દનું ભાષાંતર, "ઘોષણા કરવી" અથવા "જાહેરમાં કહેવું" અથવા "દૃઢતાથી કહેવું" અથવા "ભારપૂર્વક કહેવું" તરીકે પણ (ભાષાંતર) કરી શકાય છે.
- "જાહેરાત" શબ્દનું ભાષાંતર, "નિવેદન" અથવા "ઘોષણા" પણ કરી શકાય.
- "આ યહોવાનું નિવેદન છે" તે શબ્દસમૂહનું ભાષાંતર, "આ યહોવા જાહેર કરે છે" અથવા "આ જે યહોવા કહે છે" એમ કરી શકાય છે.

(આ પણ જુઓ: ઘોષણા કરવી)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 16:23-24
- 1 કરિંથી 15:31-32
- 1 શમુએલ 24:17-18
- આમોસ 2:15-16
- હઝકિયેલ 5:11-12
- માથ્થી 7:21-23

## શબ્દ માહિતી:

- Strong's: H262, H559, H560, H816, H874, H952, H1696, H3045, H4853, H5002, H5042, H5046, H5608, H6567, H6575, H7121, H7561, H7878, H8085, G312, G394, G518, G669, G1107, G1213, G1229, G1335, G1344, G1555, G1718, G1732, G1834, G2097, G2511, G2605, G2607, G3140, G3670, G3724, G3822, G3853, G3870, G3955, G5319, G5419

# જીભ,જીભો

## વ્યાખ્યા:

બાઇબલમાં "જીભ" ના કેટલાંક અલંકારિક અર્થો થાય છે.

- બાઇબલમાં, આ શબ્દ માટે સૌથી સામાન્ય અલંકારિક અર્થ "ભાષા" અથવા "વાણી" છે.
- ક્યારેક "જીભ" કોઈ ચોક્કસ લોકજૂથ દ્વારા બોલાતી માનવીય ભાષાનો ઉલ્લેખ કરી શકે છે.
- અન્ય વખતે તે અલૌકિક ભાષાને દર્શાવે છે કે પવિત્ર આત્મા ખ્રિસ્તમાંના વિશ્વાસીઓને એક "આત્માના દાન" તરીકે આપે છે.
- અગ્નિની "જીભો" શબ્દનો અર્થ આગની "જ્વાળાઓ" થાય છે.
- “મારી જીભને આનંદ થાય છે" એમાં "જીભ" શબ્દનો ઉલ્લેખ સમગ્ર વ્યક્તિને થાય છે.

(જુઓ: લક્ષણલંકાર)

"* જૂઠું બોલતી જીભ" શબ્દસમૂહ વ્યક્તિના અવાજ અથવા ભાષણનો ઉલ્લેખ કરે છે. જુઓ: ગુણલક્ષણના આધારે થતો ભાષાલંકાર- અજહલ્લંકાર

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભને આધારે, "જીભ" શબ્દનું "ભાષા" અથવા "આધ્યાત્મિક ભાષા" ભાષાંતર કરી શકાય છે.

જેનો ઉલ્લેખ કરે છે તે જો સ્પષ્ટ ન હોય, તો તેને "ભાષા" તરીકે ભાષાંતર કરવું વધુ સારું છે.

- આગનો ઉલ્લેખ કરતી વખતે, આ શબ્દનું ભાષાંતર "જ્યોત" તરીકે થઈ શકે છે.

" * મારી જીભને આનંદ થાય છે" એનું ભાષાંતર "હું આનંદિત થાઉં છું અને ઈશ્વરની સ્તુતિ કરું છું" અથવા "હું ખુશીથી ઈશ્વરની સ્તુતિ કરી રહ્યો છું" એમ ભાષાંતર કરી શકાય છે.

- “જૂઠી જીભ" શબ્દસમૂહનું ભાષાંતર "જૂઠું બોલનાર વ્યક્તિ" અથવા "જૂઠું બોલનાર લોકો" તરીકે કરી શકાય છે.
- જેમ કે "તેમની માતૃભાષા સાથે" શબ્દનું ભાષાંતર "તેઓ શું કહે છે" અથવા "તેમના શબ્દોથી" એવું ભાષાંતર કરી શકાય છે.

આ પણ જુઓ: [ભેટ], [પવિત્ર આત્મા], [આનંદ], [સ્તુતિ], [આનંદ], [આત્મા])

## બાઇબલના સંદર્ભો:

- 1 કોરિંથી 12:9-11
- 1 યોહાન 3:16-18
- 2 શમુએલ 23:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 2:25-26
- હઝકીએલ 36:1-3
- ફિલિપી 2:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H762, H2013, H2790, H3956, G1100, G1258, G1447, G2084

# જીવનનું પુસ્તક

## વ્યાખ્યા:

“જીવનનું પુસ્તક” શબ્દ એ દર્શાવે છે, કે એવું પુસ્તક કે જેમાં દેવે જેને બચાવ્યા અને અનંતજીવન આપ્યું છે તેના નામ લખેલા છે. પ્રકટીકરણમાં આ પુસ્તકને “હલવાનના જીવનનું પુસ્તક” તરીકે દર્શાવામાં આવ્યું છે. તેનું ભાષાંતર, “દેવના હલવાન, ઈસુનું જીવનનું પુસ્તક” એમ થઇ શકે છે. ઈસુના વધસ્તંભ પરના બલિદાને લોકોના પાપો માટે દંડની ચૂકવણી કરી, જેથી કરીને જેઓ તેના પર વિશ્વાસ કરે છે તેઓને તેનાથી અનંતજીવન મળે છે.

- “પુસ્તક” શબ્દનો અર્થ “ઓળિયું” અથવા “પત્ર” અથવા “લખાણ” અથવા “કાનૂની દસ્તાવેજ” થઈ શકે છે.

તે શાબ્દિક અથવા રૂપકાત્મક હોઈ શકે છે.

(આ પણ જુઓ: શાશ્વત, હલવાન, જીવન, બલિદાન, ઓળિયું)

## બાઈબલની કલમો:

- ફિલિપ્પી 4:1-3
- ગીતશાસ્ત્ર 69:28-29
- પ્રકટીકરણ 3:5-6
- પ્રકટીકરણ 20:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H2416, H5612, G976, G2222

# જુલમ કરવો, જુલમ કરે છે, કચડાયેલા, જુલમ કરતું, જુલમ, અત્યાચારી, અત્યાચાર કરનાર, અત્યાચાર કરનારાઓ

## વ્યાખ્યા:

"જુલમ કરવો" તથા "જુલમ" શબ્દો લોકો સાથે કઠોર વ્યવહાર કરવાનો ઉલ્લેખ કરે છે. "અત્યાચારી" એવો વ્યક્તિ છે કે જે લોકો પર જુલમ ગુજારે છે.

- "જુલમ" ખાસ કરીને એવી પરિસ્થતિનો ઉલ્લેખ કરે છે જ્યાં બળવાન લોકો તેઓની સત્તા કે રાજ હેઠળના લોકો સાથે દુર્વ્યવહાર કરે અથવા તો તેઓને ગુલામો બનાવે.
- "કચડાયેલા" શબ્દ જે લોકો સાથે કઠોર વ્યવહાર કરવામાં આવે છે તેઓનું વર્ણન કરે છે.
- ઘણી વાર શત્રુ દેશો અને તેઓના શાસકો ઇઝરાયલી લોકો માટે અત્યાચારીઓ હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "જુલમ કરવા" નો અનુવાદ "સખત દુર્વ્યવહાર કરવો" અથવા તો "ભારે બોજો લાદવો" અથવા તો "દયાજનક ગુલામીમાં જકડવું" અથવા તો "કઠોરતાથી શાસન ચલાવવું" તરીકે કરી શકાય.
- "જુલમ" નો અનુવાદ "ભારે દમન અને ગુલામી" અથવા તો "ભારે નિયંત્રણ" તરીકે કરી શકાય.
- "કચડાયેલા" શબ્દનો અનુવાદ "કચડાયેલા લોકો" અથવા તો "ભયંકર ગુલામીમાં સબડતા લોકો" અથવા તો "જેઓની સાથે કઠોર વ્યવહાર કરવામાં આવે છે તેઓ" તરીકે કરી શકાય.
- "અત્યાચારી" શબ્દનો અનુવાદ "જુલમ કરનાર વ્યક્તિ" અથવા તો "કઠોરતાથી નિયંત્રણ અને રાજ કરનાર દેશ" અથવા તો "સતાવનાર" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: બાંધવું, ગુલામ બનાવવું, સતાવવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 શમુએલ 10:17-19
- પુનર્નિયમ 26:6-7
- સભાશિક્ષક 4:1
- અયૂબ 10:1-3
- ન્યાયાધીશો 2:18-19
- નહેમ્યા 5:14-15
- ગીતશાસ્ત્ર 119:133-134

## શબ્દ માહિતી:

- Strong's: H1790, H1792, H2541, H2555, H3238, H3905, H3906, H4642, H4939, H5065, H6115, H6125, H6184, H6206, H6216, H6217, H6231, H6233, H6234, H6693, H7429, H7533, H7701, G2616, G2669

# જૂઠો પ્રબોધક, જૂઠા પ્રબોધકો

## વ્યાખ્યા:

જૂઠો પ્રબોધક એવી વ્યક્તિ છે કે જે તેનો સંદેશો દેવ તરફથી આવ્યો છે તેવો દાવો કરે છે.

- સામાન્ય રીતે જૂઠા પ્રબોધકોની ભવિષ્યવાણીઓ પૂર્ણ થતી નથી.

તેઓ સાચી પડતી નથી.

- જૂઠા પ્રબોધકો જે સંદેશાઓ શીખવે છે કે જે બાઈબલ જે કહે છે તેનાથી આંશિક અથવા તદ્દન વિરોધાભાસનું શિક્ષણ આપે છે.
- આ શબ્દનું ભાષાંતર, "જે વ્યક્તિ દેવના પ્રવક્તા હોવાનો ખોટી રીતે દાવો કરે છે" અથવા "કોઈક કે જે ખોટી રીતે દેવના શબ્દો બોલે છે તેવો દાવો કરે છે."
- નવો કરાર શીખવે છે કે અંતના સમયે ઘણા જૂઠા પ્રબોધકો હશે કે જેઓ લોકોને એવું વિચારો કરાવીને છેતરશે કે તેઓ દેવ તરફથી છે.

(આ પણ જુઓ: પૂર્ણ, પ્રબોધક, સાચું)

## બાઈબલની કલમો:

- 1 યોહાન 4:1-3
- 2 પિતર 2:1-3
- પ્રેરિતો 13:6-8
- લૂક 6:26
- માથ્થી 7:15-17
- માથ્થી 24:23-25

## શબ્દ માહિતી:

- Strong's: G5578

# જેલ, કેદી, કેદીઓ, જેલો, જેલમાં પૂરવું, જેલમાં પૂરે છે, જેલમાં પૂર્યું, જેલવાસ, જેલવાસો

## વ્યાખ્યા:

"જેલ" શબ્દ એવી જગાનો ઉલ્લેખ કરે છે જ્યાં ગુનેગારોને તેઓના ગુનાઓની શિક્ષા કરવા રાખવામાં આવે છે. "કેદી" એવી વ્યક્તિ છે જેને જેલમાં પૂરવામાં આવી છે.

- જ્યારે કોઈ વ્યક્તિ ન્યાયાલયમાં ન્યાય પામવા સુનવણીની રાહ જોતી હોય ત્યારે તેને જેલમાં રાખવામાં આવી શકે છે.
- "જેલમાં પૂર્યું" શબ્દનો અર્થ "જેલમાં રાખ્યું" અથવા તો "બંધનમાં રાખ્યું" થાય છે.
- તેઓએ કઇંપણ ખોટું કર્યું ન હતું તો પણ ઘણા પ્રબોધકો તથા ઈશ્વરના સેવકોને જેલમાં પૂરવામાં આવ્યા હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- "જેલ" માટે બીજો શબ્દ "કેદ" છે.
- જ્યારે જેલ જમીનની નીચે કે મહેલ કે મકાનની નીચેના ભાગમાં હોય તે સંદર્ભમાં, આ શબ્દનો અનુવાદ "અંધારકોટડી" અથવા તો "ભોંયરામાનું કેદખાનું" તરીકે કરી શકાય.
- "કેદીઓ" શબ્દ સામાન્ય અર્થમાં એવા લોકોનો ઉલ્લેખ પણ કરી શકે કે જેઓને શત્રુઓએ પકડ્યા છે અને તેઓની ઇચ્છા વિરુદ્ધ બંધનમાં રાખ્યાં છે.

આ અર્થનો બીજો અનુવાદ "બંદી" થઈ શકે.

- "જેલમાં પૂર્યું" નો બીજો અનુવાદ "કેદી તરીકે રાખ્યું" અથવા તો "બંધનમાં રાખ્યું" અથવા તો "બંધનમાં જકડ્યું" થઈ શકે.

(આ પણ જૂઓ: બંદી)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 25:4-5
- એફેસી 4:1-3
- લૂક 12:57-59
- લૂક 22:33-34
- માર્ક 6:16-17
- માથ્થી 5:25-26
- માથ્થી 14:3-5
- માથ્થી 25:34-36

## શબ્દ માહિતી:

- Strong's: H612, H613, H615, H616, H631, H1004, H1540, H3608, H3628, H3947, H4115, H4307, H4455, H4525, H4929, H5470, H6115, H6495, H7617, H7622, H7628, G1198, G1199, G1200, G1201, G1202, G1210, G2252, G3612, G4788, G4869, G5084, G5438, G5439

# જૈત વૃક્ષ

## વ્યાખ્યા:

"જૈત વૃક્ષ" શબ્દ, એક પ્રકારના વૃક્ષનું લાકડું છે કે જે બાઈબલના સમયમાં જે લોકો રહેતા હતા, તે ભાગોમાં પુષ્કળ પ્રમાણમાં થતું હતું તેને દર્શાવે છે.

- બાઈબલમાં ખાસ કરીને જૈત વૃક્ષોનો ઉલ્લેખ સાઈપ્રસ (સૈપ્રસ) અને લબાનોનના બે સ્થળોમાં વધારે પ્રમાણમાં કરવામાં આવ્યો છે.
- નૂહે વહાણ બાંધવા જે લાકડું વાપર્યું હતું તે કદાચ જૈત વૃક્ષનું હોવું હોઈએ.
- કારણકે જૈત વૃક્ષનુ લાકડું ખડતલ અને ટકાઉ છે. તે પ્રાચીનકાળના લોકો હોડીઓ અને બીજા માળખા બાંધવા માટે તેને વાપરવામાં હતા.

(આ પણ જુઓ: વહાણ, સૈપ્રસ, વૃક્ષનું કાષ્ટ, લબાનોન)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 11:19-21
- ઉત્પત્તિ 6:13-15
- હોશિયા 14:7-8
- યશાયા 44:14
- યશાયા 60:12-13
- ઝખાર્યા 11:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H8645

# જૈતફળ, જૈતફળો

## વ્યાખ્યા:

જૈતફળ એ જૈતુન વૃક્ષનું નાનું લંબગોળ ફળ છે કે જે મોટાભાગે ભૂમધ્ય સમુદ્રની આસપાસના પ્રદેશોમાં થાય છે.

- જૈતુન વૃક્ષો એ નાના સફેદ ફૂલો વાળા એક બારમાસી લીલાછમ ઝાડનો એક પ્રકાર છે.

તેઓ ગરમ હવામાનમાં ઉગે છે અને ઓછા પાણીવાળા પ્રદેશમાં પણ ટકી શકે છે.

- જૈતુન વૃક્ષનું ફળ શરૂઆતમાં લીલા રંગનું હોય છે પણ જેમ તે પાકે છે તેમ કાળો રંગ ધારણ કરે છે.

જૈતફળો ખોરાક માટે અને તેમાંથી બનતા તેલ માટે ઉપયોગી હતા.

- જૈતફળનું તેલ રાંધવામાં, દીવા સળગાવવામાં અને ધાર્મિક વિધિઓમાં વાપરવામાં આવતું હતું.
- બાઇબલમાં, જૈતુન વૃક્ષો અને ડાળીઓનો ઉપયોગ પ્રતીકાત્મક રીતે લોકોનો ઉલ્લેખ કરવા વાપરવામાં આવે છે.

(આ પણ જૂઓ: દીવો, સમુદ્ર, જૈતુન પહાડ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 27:28-29
- પુનર્નિયમ 6:10-12
- નિર્ગમન 23:10-11
- ઉત્પત્તિ 8:10-12
- યાકૂબ 3:11-12
- લૂક 16:5-7
- ગીતશાસ્ત્ર 52:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H2132, H3323, H8081, G65, G1636, G1637, G2565

# જોવું, જુએ છે, જોયેલી, જોવાનું, ચોકીદાર, ચોકીદારો, જાગૃત

## વ્યાખ્યા:

"જોવું" શબ્દનો અર્થ ખૂબ નજીકથી અને કાળજીપૂર્વક કંઈક જોવાનો છે. તેનામાં કેટલાક લાક્ષણિક અર્થો પણ છે. "ચોકીદાર" એ એવી વ્યક્તિ હતી કે જેની નોકરી શહેરમાં રહેલા લોકોને આસપાસના શહેરો દ્વારા કોઈ ખતરો અથવા ભય છે કે નહીં તે કાળજીપૂર્વક જોઈને રક્ષણ આપવાની હતી.

- ”તમારા જીવન અને સિદ્ધાંતને કાળજીપૂર્વક જુઓ” આજ્ઞાનો અર્થ છે ખોટા ઉપદેશો પર વિશ્વાસ ન રાખો અને કાળજી રાખીને સાવચેતીથી જીવો.
- જોખમને અથવા હાનિકારક પ્રભાવને દૂર કરવા માટે સાવચેત રહેવુ એ "સાવચેત રહેવું" એ ચેતવણી છે.
- 'જાગૃત થવું' અથવા 'જાગતા રહેવું' એટલે હંમેશાં પાપ અને અનિષ્ટ સામે ચેતવું અને સંભાળવું.

તેનો અર્થ "તૈયાર થવું" પણ થાય છે.

- 'જાગતા રહેવું' અથવા 'નજર રાખવી' એટલે તેનો અર્થ, કોઈની અથવા કંઈક કાળજી, રક્ષણ અથવા કાળજી લેવી.
- “સાવધ રહો” અનુવાદના અન્ય રીતે "કાળજીપૂર્વક ધ્યાન આપો" અથવા "હોશિયાર બનો" અથવા "ખૂબ કાળજી રાખો" અથવા "સાવચેત રહો" નો સમાવેશ થઈ શકે છે.
- “ચોકીદાર" માટેના અન્ય શબ્દો "સંત્રી" અથવા "રક્ષક" છે.

## બાઇબલ સંદર્ભો:

- 1 થેસ્સલોનીકી 5:4-7
- હિબ્રુ 13:15-17
- યર્મિયા 31:4-6
- માર્ક 8:14-15
- માર્ક 13:33-34
- માથ્થી 25:10-13

## શબ્દ માહિતી:

- Strong's: H821, H2370, H4929, H4931, H5027, H5341, H5894, H6486, H6822, H6836, H6974, H7462, H7789, H7919, H8104, H8108, H8245, G69, G70, G991, G1127, G1492, G2334, G2892, G3525, G3708, G3906, G4337, G4648, G5083, G5438

# જ્ઞાની માણસો

## તથ્યો:

બાઇબલમાં, "જ્ઞાની માણસો" શબ્દ, ઘણીવાર એવા લોકોનો ઉલ્લેખ કરે છે જેઓ દેવની સેવા કરે છે અને મૂર્ખામીભર્યા નથી, પરંતુ કુશળ રીતે કાર્ય કરે છે. આ એક વિશિષ્ટ શબ્દ પણ છે જે અસામાન્ય જ્ઞાન અને ક્ષમતાઓ ધરાવતા માણસોને દર્શાવે છે જે રાજાના દરબારના ભાગ રૂપે સેવા આપતા હતા.

- ક્યારેક "જ્ઞાની માણસો "શબ્દને"સમજદાર માણસો "અથવા "સમજુ માણસો" તરીકે વર્ણવવામાં આવ્યા છે.

આનો અર્થ એ છે કે જેઓ ઈશ્વરની આજ્ઞા પાળવાને કારણે ડહાપણથી અને ન્યાયપણાથી વર્તતા હોય તેવા માણસોનો ઉલ્લેખ કરે છે.

- ફારુન અને અન્ય રાજાઓની સેવા કરનાર "જ્ઞાની માણસો" ઘણી વાર વિદ્વાનો હતા, જેમણે તારાઓનો અભ્યાસ કર્યો હતો, ખાસ કરીને તારાઓએ આકાશમાંની તેમની સ્થિતિ પર જે નમૂનાઓની રચના કરી હતી તે વિશિષ્ટ અર્થ શોધી રહ્યા હતા.
- ઘણી વખત જ્ઞાની માણસો સ્વપ્નોના અર્થો સમજાવે એવી અપેક્ષા રાખવામાં આવતી હતી.

ઉદાહરણ તરીકે, રાજા નબુખાદનેસ્સારે માંગ કરી હતી કે તેમના જ્ઞાની પુરુષો તેનું સ્વપ્ન વર્ણવે અને તેનો અર્થ શું છે તે તેઓ કહે, પરંતુ તેમને દાનિયલ જેને દેવ પાસેથી આ જ્ઞાન મળ્યું હતું તે સિવાય આવું કહેવા માટે, કોઇ સક્ષમ ન હતું.

- ક્યારેક જ્ઞાની પુરુષો દુષ્ટ આત્માઓ શક્તિ દ્વારા ભવિષ્યકથન કે ચમત્કાર જેવા જાદુઈ કૃત્યો કરવામાં આવતાં હતાં.
- નવા કરારમાં, પૂર્વીય પ્રાંતોમાંથી માણસોનો સમૂહ જે ઇસુનું ભજન કરવા આવ્યા હતા તેમને "માગી" કહેવામાં આવતા હતા, જેને ઘણીવાર "જ્ઞાની માણસો" તરીકે ભાષાંતર કરવામાં આવે છે, કારણ કે કદાચ આ વિદ્વાનોનો ઉલ્લેખ કરે છે, જેમણે પૂર્વીય દેશના એક શાસકની સેવા કરી હતી.
- તે બહુ સંભવ છે કે આ પુરુષો તારાઓનો અભ્યાસ કરનાર જ્યોતિષીઓ હતા.

કેટલાક એવું માને છે કે દાનીએલ બાબેલોનમાં હતા ત્યારે, તેમણે શીખવેલા જ્ઞાની માણસોના વંશજ હતા.

- સંદર્ભ ને આધારે, શબ્દ "જ્ઞાની પુરુષો" શબ્દ "જ્ઞાની" અથવા "હોશિયાર પુરુષો" અથવા "શિક્ષિત પુરુષો" અથવા કોઈ અન્ય શબ્દ જેવા શબ્દસમૂહ સાથે અનુવાદિત કરી શકાય છે જેનો અર્થ થાય છે કે જે લોકોએ શાસક માટે મહત્વનું કામ કર્યું છે.
- જ્યારે "જ્ઞાની માણસો" ફક્ત એક સંજ્ઞા શબ્દ છે, ત્યારે "જ્ઞાની" શબ્દનું ભાષાંતર એ જ અથવા સમાન રીતે કરવું જોઈએ કે તે બાઇબલમાં અન્ય જગ્યાએ અનુવાદિત થાય છે.

(આ પણ જુઓ: બાબેલોન, દાનિએલ, ભવિષ્યકથન, જાદુ, નબૂખાદનેસ્સાર, શાસક, જ્ઞાની)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 27:32-34
- દાનિયેલ 2:1-2
- દાનિયેલ 2:10-11

## શબ્દ માહિતી:

- Strong's: H2445, H2450, H3778, H3779, G4680

# ઝભ્ભો, ઝભ્ભાઓ, ઝભ્ભો પહેરાવ્યો

## વ્યાખ્યા:

ઝભ્ભો એ બાહ્ય લાંબી બાંયનું કપડું કે જે પુરુષ કે સ્ત્રી દ્વારા પહેરી શકાય. તે અંગરખાને સમાન હોય છે.

- ઝભ્ભાઓ આગળની બાજુ ખુલ્લા હોય છે અને ખેસ અથવા પટ્ટા દ્વારા બાંધવામાં આવે છે.
- તેઓ લાંબા કે ટૂંકા હોઈ શકે.
- રાજાઓ દ્વારા જાંબલી રંગના ઝભ્ભાઓ હકસાઈ, ધન અને પ્રતિષ્ઠાની નિશાની તરીકે પહેરવામાં આવતાં હતાં.

(આ પણ જુઓ: રાજવંશી, ઉપવસ્ત્ર)

## બાઈબલના સંદર્ભો:

- નિર્ગમન 28:4-5
- ઉત્પતિ 49:11,12
- લૂક 15:22-24
- લૂક 20:45-47
- માથ્થી 27:27-29

## શબ્દ માહિતી:

- Strong's: H145, H155, H899, H1545, H2436, H2684, H3671, H3801, H3830, H3847, H4060, H4254, H4598, H5497, H5622, H6614, H7640, H7757, H7897, H8071, G1746, G2066, G2067, G2440, G4749, G4016, G5511

# ઝુડવું, ઝુડે છે, ઝુડ્યો, ઝુડવાનું

## વ્યાખ્યા:

" ઝુડવું " અને " ઝુડવાનું " શબ્દો ઘઉંના અનાજને બાકીના ઘઉંના છોડમાંથી અલગ કરવાની પ્રક્રિયાના પ્રથમ ભાગનો ઉલ્લેખ કરે છે.

- ઘઉંના છોડને ઝુડવાથી તણખલાં અને છોડામાંથી દાણા છૂટા પડી જાય છે.

ત્યારબાદ અનાજને "ઊપણવા" સામગ્રીમાંથી અનાજને સંપૂર્ણપણે જુદું કરવા માટે "વિખેરાયેલા" છે, જે ફક્ત અનાજ કે જે યોગ્ય જે પણ કરી શકાય છે. બાઇબલના સમયમાં, "ખળો" એક વિશાળ સપાટ પથ્થર અથવા ધૂળવાળો વિસ્તાર હતો, જ્યાં અનાજનાં કણસલાંને વાટીને અને કઠણ, સપાટ સ્તરની જગ્યામાં મસળીને અનાજ મેળવવામાં આવતું હતું. એ " ઝુડવાના ગાડા" અથવા " ઝુડવાના પૈડા" નો ઉપયોગ ક્યારેક અનાજને મસળવા માટે કરવામાં આવે છે અને તેને તણખલાં અને છોડામાંથી જુદા પાડવામાં મદદ કરે છે.

- ઝૂડવાના સ્લેજ" અથવા "ઝૂડવાના બોર્ડ" પણ અનાજ અલગ કરવા માટે વપરાતાં હતાં.

તે લાકડાની પાટિયાની બનેલી હતી જેના છેડામાં તીક્ષ્ણ ધાતુનાં ટેકા ધરાવતા હતા. આ પણ જુઓ: છોડા, અનાજ, ઊપણવું

## બાઇબલના સંદર્ભો:

- 2કાળવૃતાંત 3:1-3
- 2 રાજાઓ 13:6-7
- 2 શમુએલ 24:15-16
- દાનિયેલ 2:34-35
- લુક 3:17
- માથ્થી 3:10-12
- રૂથ 3:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H212, H4173, H1637, H1758, H1786, H1869, H2251, G248

# ઝૂંસરી, ઝૂંસરીઓ, ઝૂંસરીવાળું

## વ્યાખ્યા:

ઝૂંસરી લાકડા અથવા ધાતુનો એક ભાગને બે અથવા વધુ પ્રાણીઓ સાથે જોડાયેલ હળ અથવા ગાડાને ખેંચવાના હેતુ માટે જોડવામાં આવે છે. આ શબ્દ માટે કેટલાક રૂપકાત્મક અર્થો પણ છે.

- "ઝૂંસરી" શબ્દનો અર્થ એ થાય છે કે એકસાથે કામ કરવાના હેતુથી લોકોને જોડે છે, જેમ કે ઇસુની સેવા કરવી.
- પાઉલ જેમ પોતે ખ્રિસ્તની સેવા કરતા હતા તેમ વ્યક્તિનો ઉલ્લેખ કરવા માટે "ઝૂંસરી સાથીદાર" શબ્દનો ઉપયોગ કર્યો હતો.

આને "સાથીદાર" અથવા "સાથી સેવક" અથવા "સહકર્મીને" તરીકે પણ અનુવાદ કરવામાં આવે છે.

- "ઝૂંસરી" શબ્દનો અર્થ એ પણ થાય છે કે કોઈ વ્યક્તિએ ભારે ભાર ઉચકવો પડે છે, જેમ કે ગુલામી અથવા સતાવણી દ્વારા દમન કરતી વખતે.
- મોટાભાગના સંદર્ભમાં, ખેતી માટે ઉપયોગમાં લેવાતી ઝૂંસરી માટેના સ્થાનિક શબ્દનો ઉપયોગ કરીને, આ શબ્દનનો શાબ્દિક રીતે અનુવાદ કરવો શ્રેષ્ઠ છે.
- આ શબ્દનો લાક્ષણિક રીતે અનુવાદ ઉપયોગ કરવાના અન્ય રીતોના સંદર્ભમાં "જુલમી બોજ" અથવા "ભારે ભાર" અથવા "બંધન" હોઈ શકે છે.

(આ પણ જુઓ: બાંધો, બોજ, દમન, સતાવણી, સેવક)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 15:10-11
- ગલાતી 5:1-2
- ઉત્પત્તિ 27:39-40
- યશાયા 9:4-5
- યર્મિયા 27:1-4
- માથ્થી 11:28-30
- ફિલિપી 4:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H3627, H4132, H4133, H5674, H5923, H6776, G2086, G2201, G2218, G4805

# ટાંકણ, ટાંકણો, કૂવો, કુવાઓ

## વ્યાખ્યા:

"કૂવો" અને "ટાંકણ" શબ્દો બાઇબલના સમયમાં બે અલગ અલગ પ્રકારનાં સ્રોતોનો ઉલ્લેખ કરે છે.

- કૂવો જમીનમાં ખોદવામાં આવેલો એક ઊંડો ખાડો છે જેથી ભૂગર્ભ જળ તેમાં પ્રવેશી શકે.
- એક ટાંકું ખડકમાં ખોદેલો એક ઊંડો ખાડો છે જેમાં વરસાદી જળ સંઘરી શકાય.
- ટાંકા સામાન્ય રીતે ખડકમાં ખોદવામાં આવ્યા હતા અને પાણી રાખવા માટે પ્લાસ્ટરથી બંધ કરવામાં આવ્યા હતા.

જ્યારે પ્લાસ્ટર તૂટી પડે જેથી પાણી લીક થાય ત્યારે એક "તૂટેલું ટાંકણ" બન્યું..

- ટાંકા લોકોના ઘરના આંગણા આગળ છત પરથી પડતા વરસાદી પાણીને ઝીલવા માટે રાખેલા હોય છે.
- ઘણી વખત કૂવાઓ એવી જગ્યાએ હતા જ્યાંથી ઘણા કુટુંબો અથવા આખો સમાજ પાણી ભરી શકે.
- કારણ કે લોકો અને પશુધન માટે પાણી ખૂબ મહત્વનું હતું, કૂવાનો ઉપયોગ કરવાનો અધિકાર વારંવાર ઝઘડા અને સંઘર્ષનું કારણ બન્યું હતું.
- બંને કૂવાઓ અને કુંડાઓ સામાન્ય રીતે મોટા પથ્થરથી ઢંકાયેલા હોય છે જેથી તેમાં કશું પડે નહીં.

પાણીને ઉપર લાવવા માટે તે ઘણી વખત ડોલ સાથે અથવા દોરડું સાથે ઘડો જોડેલો હતો.

- કોઈક વાર કોઈકને કેદ કરવા માટે સૂકા કુંડનો ઉપયોગ કરવામાં આવતો હતો, જેમ કે યુસફ અને યિર્મેયાહ સાથે.

## અનુવાદનાં સૂચનો:

- ' કૂવાનું ભાષાંતર કરવાની રીતોમાં "ઊંડો પાણીનો ખાડો" અથવા ઝરાના પાણી માટે ઊંડો ખાડો" અથવા " પાણી કાઢવામાટે ઊંડો ખાડો" શામેલ હોઈ શકે છે.
- " કુંડ" શબ્દ નું ભાષાંતર "પથ્થરનો ખાડો" અથવા "પાણી માટે ઊંડો અને સાંકડો ખાડો" અથવા "પાણી ભરવા માટે ભૂગર્ભ ટાંકી" તરીકે કરી શકાય છે.
- આ શબ્દનો અર્થ સમાન છે.

કૂવામાં સતત ભૂગર્ભમાંથી પાણી મળે છે જ્યારે કૂંડું વરસાદમાંથી આવેલા પાણીનો સંગ્રહ કરે છે જે મુખ્ય તફાવત છે.

(આ પણ જુઓ: યર્મિયા, જેલ, સંઘર્ષ)

## બાઇબલ સંદર્ભો

- 1 કાળવૃતાંત 11:15-17
- 2 શમુએલ 17:17-18
- ઉત્પત્તિ 16:13-14
- લૂક 14:4-6
- ગણના 20:17

## શબ્દ માહિતી:

- Strong's: H875, H883, H953, H1360, H3653, H4599, H4726, H4841, G4077, G5421

# ટોપલી, ટોપલીઓ, ટોપલીભર

## વ્યાખ્યા:

“ટોપલી” શબ્દ, વણેલા સામગ્રીનું બનેલું પાત્ર દર્શાવે છે.

- બાઈબલના સમયમાં, ટોપલીઓ મોટેભાગે મજબૂત છોડની સામગ્રી, જેવું કે લાકડાંની ડાળીઓની ઉતારેલી છાલ અથવા ઝાડની નાની ડાળીમાંથી બનેલી હતી.

ટોપલી જળરોધક પદાર્થથી મઢેલી હોઈ તેઓ તરી શકે છે.

- જયારે મૂસા બાળક હતો, ત્યારે તેની માતાએ તેને અંદર મુકવા જળરોધક ટોપલી બનાવી અને તેને નાઈલ નદીમાં બરૂઓની વચ્ચે તરતી મૂકી.
- નૂહની વાર્તા આવે જે “વહાણ” શબ્દ વાપરવામાં આવ્યો છે, તે જ શબ્દ “ટોપલી” માટે પણ વાપરવામાં આવ્યો છે.

આ બન્ને સંદર્ભોનો ઉપયોગમાં વપરાયેલ સામાન્ય શબ્દનો અર્થ “તરતુ પાત્ર” એમ થઇ શકે છે.

(આ પણ જુઓ: વહાણ, મૂસા, નાઈલ નદી, નૂહ)

## બાઈબલની કલમો:

- 2 કોરીંથી 11:32-33
- પ્રેરિતો 9:23-25
- આમોસ 8:1-3
- યોહાન 6:13-15
- ન્યાયાધીશો 6:19-20
- માથ્થી 14:19-21

## શબ્દ માહિતી:

- Strong's: H374, H1731, H1736, H2935, H3619, H5536, H7991, G2894, G3426, G4553, G4711

# ઠપકો આપવો, સખ્ત રીતે બોલવું

## વ્યાખ્યા:

ઠપકો આપવો એટલે કોઈને સખત શબ્દોમાં સુધરવા કહેવું, સામાન્યપણે કડકાઈ અથવા જુસ્સાથી.

- જ્યારે અન્ય વિશ્વાસીઓ સ્પષ્ટ રીતે ઈશ્વરની આજ્ઞાઓ ન માનતા હોય ત્યારે તેઓને ઠપકો આપવાની આજ્ઞા નવો કરાર ખ્રિસ્તીઓને કરે છે.
- જ્યારે તેઓના બાળકો અનાજ્ઞાંકિત હોય ત્યારે, તેઓને ઠપકો આપવા નીતિવચનોનું પુસ્તક માતપિતાઓને બોધ કરે છે.
- લાક્ષણિક રીતે ઠપકો, જેઓએ ખોટું કર્યું છે તેઓને પાપમાં વધારે સંડોવાથી રોકવા માટે આપવામાં આવે છે.
- તેનો અનુવાદ "સખત સુધાર" અથવા તો "ચેતવણી" કરી શકાય.
- "એક ઠપકો" શબ્દસમૂહનો અનુવાદ "એક સખત સુધાર" અથવા તો "એક સખત ટીકા" તરીકે કરી શકાય.
- "ઠપકો આપ્યા વગર" નો અનુવાદ "ચેતવણી આપ્યા વગર" અથવા તો "ટીકા કર્યા વગર" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: બોધ આપવો, આજ્ઞા ન પાળવી)

## બાઈબલના સંદર્ભો:

- માર્ક 1:23-26
- માર્ક 16:14-16
- માથ્થી 8:26-27
- માથ્થી 17:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H1605, H1606, H2778, H2781, H3198, H4045, H4148, H8156, H8433, G298, G299, G1649, G1651, G1969, G2008, G3679

# ઠપકો, નિંદા કરવી, નિંદા કરે છે, નિંદા કરી, નિંદા કરતું, નિંદાખોરીથી

## વ્યાખ્યા:

કોઇની નિંદા કરવાનો અર્થ તે વ્યક્તિના ચારિત્ર્ય કે વર્તનની ટીકા કરવી કે તેને ખોટું ઠરાવવું એવો થાય છે. નિંદા એ વ્યક્તિ માટેની નકારાત્મક ટીપણી છે.

- કોઈ વ્યક્તિ "નિંદાથી પર છે" અથવા તો "નિંદાથી દૂર છે" અથવા તો "નિંદારહિત છે" તો તેનો અર્થ એ થાય છે કે તે વ્યક્તિ ઈશ્વરપારાયણ રીતે વર્તે છે અને તેની ટીકા કરવા માટે વધારે કહી ન શકાય એવી છે કે ટીકા કરવા કશું જ નથી એવો થાય છે.
- "નિંદા" શબ્દનો અનુવાદ "આરોપ" અથવા તો "શરમ" અથવા તો "કલંક" તરીકે કરી શકાય.
- "નિંદા" કરવીનો અનુવાદ સંદર્ભ અનુસાર "ઠપકો આપવો" અથવા તો "તહોમત મૂકવું" અથવા તો "ટીકા કરવી" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: તહોમત મૂકવું, ઠપકો આપવો, શરમ)

## બાઇબલના સંદર્ભો:

- 1 તિમોથી 5:7-8
- 1 તિમોથી 6:13-14
- યર્મિયા 15:15-16
- અયૂબ 16:9-10
- નીતિવચનો 18:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H1421, H1442, H2617, H2659, H2778, H2781, H3637, H3639, H7036, G410, G423, G819, G3059, G3679, G3680, G3681, G5195, G5196, G5484

# ઠરાવવું, નિયુક્ત કર્યો, દીક્ષા આપવી, ઘણાં સમય પહેલાં આયોજીત કરેલ, તૈયાર કરેલ

## વ્યાખ્યા:

ઠરાવવાનો અર્થ કોઈ ખાસ કાર્ય કે ભૂમિકા માટે વ્યક્તિને નિયુક્ત કરવો થાય છે. તેનો અર્થ એ પણ થાય છે કે ઔપચારિક રીતે નિયમ કે કાયદો બનાવવો.

- "ઠરાવવું" શબ્દ ઘણીવાર કોઈકને ઔપચારિક રીતે યાજક, સેવક અથવા તો ધાર્મિક શિક્ષક તરીકે નિયુક્ત કરવાનો ઉલ્લેખ કરે છે.
- ઉદાહરણ તરીકે, ઈશ્વરે હારુન તથા તેના વંશજોને યાજકો થવા ઠરાવ્યા.
- તેનો અર્થ કશુંક શરુ કરવું અથવા તો સ્થાપિત કરવું એવો પણ થઇ શકે, જેમ કે ધાર્મિક પર્વ અથવા તો કરાર સ્થાપવો.
- સંદર્ભ અનુસાર, "ઠરાવવું" નો અનુવાદ "સોંપવું" અથવા તો "નિયુક્ત કરવું" અથવા તો "આજ્ઞા કરવી" અથવા તો "નિયમ બનાવવો" અથવા તો "શરુ કરવું" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: આજ્ઞા, કરાર, રાજહુકમ, નિયમ, નિયમ, યાજક)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજા 12:31-32
- 2 શમુએલ 17:13-14
- નિર્ગમન 28:40-41
- ગણના 3:3-4
- ગીતશાસ્ત્ર 111:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H3245, H4390, H4483, H6186, H6213, H6466, H6680, H7760, H8239, G1299, G2525, G2680, G3724, G4270, G4282, G4309, G5021, G5500

# ઠોકર, ઠોકર કહ્યા છે, ઠોકર ખાધી, ઠોકર ખાઈ રહ્યા છે

## વ્યાખ્યા:

"ઠોકર" શબ્દનો અર્થ ચાલતા કે દોડતા "લગભગ પડી જવું" એમ થાય છે. સામાન્ય રીતે કશાક પર લપસવું એનો સમાવેશ કરે છે.

- રૂપકાત્મક રીતે, "ઠોકર" નો અર્થ "પાપ" કે માનવામાં "અસ્થિર" થઇ શકે.
- આ શબ્દ યુદ્ધ કરતી વખતે અથવા સતાવણી કે શિક્ષા વખતે અસ્થિરતા કે નબળાઈ બતાવવી તેનો પણ ઉલ્લેખ કરી શકે છે.

## અનુવાદ માટેના સૂચનો

- "ઠોકર" શબ્દનો અર્થ શારીરિક રીતે કશાક પર પડી જવું તેના સંદર્ભમાં, તેનું અનુવાદ જે શબ્દનો અર્થ "લગભગ પડી જવું" અથવા "લપસી જવું" થતું હોય તે પરમને થવું જોઈએ.
- આ શાબ્દિક અર્થનો ઉપયોગ જો તે સંદર્ભમાં ખરો અર્થ જણાવતો હોય તો રૂપકાત્મક રીતે પણ કરી શકાય.
- રૂપકાત્મક ઉપયોગ માટે જ્યાં શાબ્દિક અર્થનો કોઈ અર્થ પ્રોજેક્ટ ભાષામાં થતો નથી, ત્યાં "ઠોકર" ને "પાપ" અથવા "અસ્થિર" અથવા "માનતા અટકવું" અથવા "નબળા પડવું" તરીકે સંદર્ભના આધારે અનુવાદ કરી શકાય.
- આ શબ્દનું બીજી રીતે અનુવાદ, "પાપ કરવા દ્વારા ઠોકરરૂપ" અથવા "ન માનવા દ્વારા ઠોકરરૂપ" કરી શકાય.
- "ઠોકર માટે બનેલ" શબ્દસમૂહનું અનુવાદ "નબળાં બનવા ઉત્પન્ન થયેલ" અથવા "અસ્થિર માટે ઉત્પન્ન થયેલ" તરીકે કરી શકાય.

(આ પણ જુઓ: માનવું, સતાવણી, પાપ, અંતરાય)

## બાઈબલના સંદર્ભો:

- 1 પિતર 2:7-8
- હોશિયા 4:4-5
- યશાયા 31:3
- માથ્થી 11:4-6
- માથ્થી 18:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H1762, H3782, H4383, H4384, H5062, H5063, H5307, H6328, H6761, H8058, G679, G4348, G4350, G4417, G4624, G4625

# ડહાપણ, શાણપણ, ડાહ્યો, શાણો, ડહાપણભરી રીતે

## તથ્યો:

"ડાહ્યો" શબ્દ એવા વ્યક્તિને વર્ણવે છે કે જે પોતાના કાર્યો વિષે કાળજીપૂર્વક વિચારે છે અને ડહાપણભર્યા નિર્ણયો લે છે.

- ઘણી વાર "ડહાપણ (શાણપણ)" ભૌતિક વ્યાવહારિક બાબતો જેવી કે પૈસા કે સંપત્તિનું સંચાલન કરવું તે વિષે ડહાપણભર્યા નિર્ણયો લેવાની ક્ષમતાનો ઉલ્લેખ કરે છે.
- જો કે "શાણપણ" અને "બુદ્ધિ" નો અર્થ સમાન છે તો પણ, ઘણી વાર "બુદ્ધિ" વધારે સામાન્ય વિચાર છે અને તે આત્મિક કે નૈતિક બાબતો પર ભાર મૂકે છે.
- સંદર્ભ અનુસાર, "ડાહ્યો (શાણો)" શબ્દનો અનુવાદ "ચાલાક" અથવા તો "સાવચેત" અથવા તો "ડાહ્યો" તરીકે કરી શકાય.

(આ જૂઓ: ચાલાક, આત્મા, ડાહ્યું)

## બાઇબલના સંદર્ભો:

- નીતિવચનો 8:4-5
- નીતિવચનો 12:23-24
- નીતિવચનો 27:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H995, H5843, H6175, H6191, H6195, H7080, H7919, H7922, G4908, G5428

# ઢાલ, ઢાલો, રક્ષણ

## વ્યાખ્યા:

દુશ્મનના હથિયારો દ્વારા ઘાયલ થવાથી પોતાની જાતને બચાવવા માટે યુદ્ધમાં સૈનિક દ્વારા રાખવામાં આવતી વસ્તુ તેને ઢાલ કહેવાતી હતી. કોઈને "ઢાલ" રૂપ બનવું એટલે કે તે વ્યક્તિને હાનિથી રક્ષણ આપવું.

- ઢાલો ઘણી વખત વર્તુળાકાર અથવા લંબગોળ હતા, જે ચામડું, લાકડું અથવા ધાતુ જેવા સામગ્રીથી બનેલા હતા, અને તે પૂરતા ખડતલ અને જાડા હતા જેથી તલવાર કે તીરને ભોંકાતા દુર રખાતા.
- આ શબ્દનો રૂપક તરીકે ઉપયોગ કરીને, બાઈબલ ઈશ્વરને તેમના લોકો માટે એક રક્ષણાત્મક ઢાલ તરીકે વર્ણવે છે.

(જુઓ:

રૂપક)

- પાઊલે "વિશ્વાસની ઢાલ" વિશે વાત કરી, જેને રૂપકાત્મક રીતે એમ કહેવાય કે ઈસુ પર વિશ્વાસ રાખવો અને તે વિશ્વાસને ઈશ્વરની આધીનતામાં જીવવો કે જે વિશ્વાસીઓનું શેતાનના આત્મિક હુમલાઓથી રક્ષણ કરશે.

(આ પણ જુઓ: વિશ્વાસ, આધીન, શેતાન, આત્મા)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 14:25-26
- 2 કાળુવૃતાંત 23:8-9
- 2 શમુએલ 22:36-37
- પુનર્નિયમ 33:29
- ગીતશાસ્ત્ર 18:35-36

## શબ્દ માહિતી:

- Strong's: H2653, H3591, H4043, H5437, H5526, H6793, H7982, G2375

# તંબુ, તંબુઓ, તંબુ બનાવનારા

## વ્યાખ્યા:

એક તંબુ એ નાનો આશ્રય છે જે મજબુત કાપડના બનેલા હોય છે જે થાંભલાના માળખા પર ઢંકાયેલ હોય છે અને તેમને જોડે છે.

- તંબુ થોડા લોકો માટે સૂવા માટે પૂરતી જગ્યા સાથે નાના હોઇ શકે છે અથવા તેઓ સમગ્ર પરિવારમાટે ઊંઘવા, રસોઇ કરવા અને રહેવા માટે વિશાળ જગ્યા ધરાવતા હોઈ શકે છે.
- ઘણા લોકો માટે તંબુઓનો કાયમી નિવાસસ્થાનો તરીકે ઉપયોગ થાય છે ..

દાખલા તરીકે, મોટા ભાગના વખતે ઈબ્રાહીમનો પરિવાર કનાન દેશમાં રહેતો હતો, તેઓ બકરાના વાળમાંથી બનેલા મજબૂત કાપડના વિશાળ તંબુમાં રહેતા હતા.

- ઈસ્રાએલીઓ સિનાઈના રણમાં ચાલીસ વર્ષ દરમિયાન ભટકતા હતા ત્યારે તંબુઓમાં રહેતા હતા.
- મંડપનું મકાન એક મોટું તંબુ હતું, જેમાં કાપડના પડદાથી બનેલી જાડા દિવાલો હતી.
- જ્યારે પ્રેરીત પાઉલે સુવાર્તા વહેંચવા માટે જુદા જુદા શહેરોમાં પ્રવાસ કર્યો, તેમણે તંબુઓ બનાવીને પોતાની જાતને મદદ કરી.
- "તંબુઓ" શબ્દનો અલંકારિક ઉપયોગ સામાન્ય રીતે જ્યાં લોકો રહે છે તે માટે થાય છે.

તેનો અનુવાદ "ઘરો" અથવા "નિવાસ" અથવા "મકાનો" અથવા તો "સંસ્થાઓ" તરીકે પણ થઈ શકે છે.

(આ પણ જુઓ: ઈબ્રાહીમ, કનાન, પડદો, પાઉલ, સીનાઇ, મંડપ,મુલાકાત મંડપ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃત્તાંત 5:10
- દાનીયેલ 11:44-45
- નિર્ગમન 16:16-18
- ઉત્પત્તિ 12:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H167, H168, H2583, H3407, H6898

# તકરાર, વિવાદો, ઝઘડા, દલીલો, સંઘર્ષ

## વ્યાખ્યા:

"તકરાર" શબ્દ લોકો વચ્ચેનો શારીરિક કે ભાવનાત્મક ઝગડાનો ઉલ્લેખ કરે છે.

- વ્યક્તિ કે જે તકરાર કરે છે તે એવું કરે છે કે જેથી લોકો વચ્ચે ગાઢ મતભેદ થાય છે અને લાગણીઓ ઘવાય છે.
- કેટલીકવાર "તકરાર" શબ્દનો ઉપયોગ મજબૂત લાગણીઓ જેમ કે ગુસ્સો અથવા કડવાશનો, સમાવેશ કરે છે, તેમ સૂચવે છે.
- આ શબ્દનો અનુવાદ કરવાની બીજી રીતોમા "અસંમતી" અથવા "વિવાદ" અથવા "ઝગડા" નો સમાવેશ કરી શકાય.

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથીઓ 3:3-5
- હબાક્કુક 1:3-4
- ફિલિપ્પીઓ 1:15-17
- નીતિવચન 17:1-2
- ગીતશાસ્ત્ર 55:8-9
- રોમનો 13:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H1777, H1779, H4066, H4090, H4683, H4808, H7379, H7701, G485, G2052, G2054, G3055, G3163, G5379

# તલવાર,તલવારો, તલવારની પત્તાબાજીમાં ઉસ્તાદ

### વ્યાખ્યા:

તલવાર કાપવા અથવા ભોંકવા માટે ઉપયોગમાં લેવાતુ એક પહોળી ધારવાળું ધાતુનું હથિયાર છે. તેને હેન્ડલ અને લાંબી, ખૂબ તીક્ષ્ણ ધારવાળી,અણીદાર બ્લેડ હોય છે.

- પ્રાચીન સમયમાં તલવારની બ્લેડની લંબાઇ લગભગ 60 થી 91સેન્ટિમીટર હતી.
- કેટલીક તલવારોમાં બે બાજુ તીક્ષ્ણ ધાર હોય છે અને તેને "બેધારી"અથવા"બે ધારવાળી" તલવારો તરીકે ઓળખવામાં આવે છે.
- ઈસુના શિષ્યોએ સ્વબચાવ માટે તલવારો રાખી હતી.

પીતરે તેની તલવારથી, પ્રમુખ યાજકના ચાકરનો કાન કાપી નાખ્યો.

- યોહાન બાપ્તિસ્ત અને પ્રેરીત યાકુબ બંનેનો તલવારોથી શિરચ્છેદ કરાયો હતો.

## અનુવાદ માટેના સૂચનો:

- તલવારનો ઉપયોગ ઈશ્વરના શબ્દ માટે રૂપક તરીકે થાય છે.

બાઇબલમાં ઇશ્વરનું શિક્ષણ લોકોના આંતરિક વિચારોને ખુલ્લા પાડે છે અને તેમનાં પાપનું ભાન કરાવે છે. તેવી જ રીતે,તલવાર ઊંડે સુધીકાપે છે,જેનાથી પીડા થાય છે. (જુઓ:રૂપક)

- રૂપકાત્મક અનુવાદનો ઉપયોગ આ રીતે પણ થાય છે, "ઈશ્વરનું વચન તલવાર જેવું છે, જે ઊંડે સુધી કાપે છે અને પાપને ખુલ્લું પાડે છે."
- આ શબ્દનો બીજો રૂપકાત્મક ઉપયોગ, ગીતશાસ્ત્રના પુસ્તકમાં કરવામાં આવ્યો છે, જ્યાં વ્યક્તિની જીભ અથવા વાણીની સરખામણી તલવાર સાથે કરવામાં આવી છે, જે લોકોને ઘાયલ કરી શકે છે.

તેનું ભાષાંતર આ રીતે કરી શકાય છે કે,"જીભ તલવાર જેવી છે જે વ્યક્તિને ખરાબ રીતે ઘાયલ કરી શકે છે."

- જો તલવારો તમારી સંસ્કૃતિમાં પ્રચલિત ન હોય, તો આ શબ્દનો ઉપયોગ અન્ય લાંબા હથિયારના નામ સાથે થઈ શકે છે જેનો ઉપયોગ કાપવા અથવા ભોકવા માટે કરવામાંઆવતો હોય છે.
- તલવારને "તીક્ષ્ણ હથિયાર" અથવા "લાંબી છરી"તરીકે વર્ણવવામાં આવી શકે છે.

કેટલાક અનુવાદોમાં તલવારનું ચિત્ર સામેલ હોઈ શકે છે.

(આ પણ જુઓ:અજ્ઞાતનું કેવી રીતે ભાષાંતર કરવું)

(આ પણ જુઓ:યાકુબ (ઇસુના ભાઇ),યોહાન(બાપ્તિસ્ત),જીભ, દેવનો શબ્દ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાંકૃત્યો 12:1-2
- ઉત્પત્તિ 27:39-40
- ઉત્પત્તિ 34:24-26
- લુક 2:33-35
- લુક 21:23-24
- માથ્થી 10:34-36
- માથ્થી 26:55-56
- પ્રકટીકરણ 1:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H19, H1300, H2719, H4380, H6609, H7524, H7973, G3162, G4501

# તહેવાર, તહેવારો

## વ્યાખ્યા:

સામાન્ય રીતે, સમાજના લોકો દ્વારા તહેવારની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે.

- જૂના કરારમાં તહેવાર શબ્દ માટેનો વાસ્તવિક અર્થ, "નિયુક્ત કરેલો સમય" થાય છે.
- ખાસ કરીને નિયુક્ત કરેલા સમયોમાં અથવા ઋતુઓ કે જે દેવે તેઓને આજ્ઞા આપી તેમ ઈઝરાએલીઓ દ્વારા તહેવારોને ઉજવવામાં આવતા હતા.
- કેટલાક અંગ્રેજી ભાષાંતરમાં, તહેવારને બદલે "મિજબાની" શબ્દ વાપવામાં આવ્યો છે, કારણકે ઉજવણીમાં એકસાથે મોટા ભોજનનો સમાવેશ થતો.
- અહીં કેટલાક મુખ્ય તહેવારો હતા કે જે ઈઝરાએલીઓ દરેક વર્ષે ઉજવતા હતા.
- પાસ્ખા પર્વ
- બેખમીર રોટલીનું પર્વ
- પ્રથમ ફળો
- પચાસમાના દિવસનું પર્વ
- રણશિંગડાનું પર્વ
- પ્રાયશ્ચિતનો દિવસ
- આશ્રયસ્થાનનું પર્વ
- આ પર્વોના હેતુ દેવનો આભાર માનવાનું હતું અને તેણે જે તેના લોકોનો બચાવ, રક્ષણ, અને વસ્તુઓ પૂરી પાડીને જે આશ્ચર્યકારક બાબતો કરી તેને યાદ રાખવાનું હતું.

(આ પણ જુઓ: મિજબાની)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 23:30-31
- 2 કાળવૃતાંત 8:12-13
- નિર્ગમન 5:1-2
- યોહાન 4:43-45
- લૂક 22:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H1974, H2166, H2282, H2287, H6213, H4150, G1456, G1858, G1859

# તિરસ્કાર (ધિક્કાર), ધિક્કારવા લાયક

## સત્યો:

"તિરસ્કાર" શબ્દ, કોઈની અથવા કશાકની પ્રત્યે ઊંડો અનાદર અને અપમાન દર્શાવે છે. કંઈક જે ખૂબ અપમાનજનક છે તેને "ધિક્કારવાલાયક" કહેવામાં આવે છે.

- વ્યક્તિ અથવા વર્તન કે જે દેવ સામે ઉઘાડો અનાદર બતાવે છે તેને "ધિક્કારવા લાયક" બાબત કહેવાય છે, અને તેનું ભાષાંતર, "ખૂબ જ અવિનયી" અથવા "સંપૂર્ણપણે અપમાનજનક" અથવા "ઘૃણા પાત્ર" તરીકે કરી શકાય.
- "તિરસ્કાર રાખવો" તેનો અર્થ, કોઈકની કિંમત ઓછી આંકવી અથવા પોતાના કરતાં બીજાને ઉતરતા ગણવા.
- આ અભિવ્યક્તિઓનો અર્થ સમાન હોય છે: "કોઈ માટે તિરસ્કાર હોવો" અથવા "કોઈ માટે તિરસ્કાર દેખાડવો" અથવા "કોઈના તિરસ્કારમાં હોવું" અથવા "તિરસ્કારથી વર્તવું."

આ બધા શબ્દનો અર્થ, જે કંઈ કહેવાય કે કરાય તે દ્વારા "ભારે અનાદર" અથવા "ભારે અપમાન" થાય છે.

- જયારે દાઉદ રાજાએ વ્યભિચાર અને ખૂન દ્વારા પાપ કર્યું, ત્યારે દેવે કહ્યું હતું કે દાઉદે દેવ "માટે ઘૃણા દેખાડી" છે.

તેનો અર્થ એ કે તે કરવાથી તેણે દેવનું ખૂબજ અપમાન અને તિરસ્કાર કર્યો છે.

(આ પણ જુઓ: અનાદર)

## બાઈબલની કલમો:

- દાનિયેલ 12:1-2
- નીતિવચન 15:5-6
- ગીતશાસ્ત્ર 31:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H936, H937, H959, H963, H1860, H7043, H7589, H5006, G1848

# તિરસ્કારવું, ઘૃણાપાત્ર, ધિક્કારપાત્ર

## સત્યો/તથ્યો:

"તિરસ્કારપાત્ર" શબ્દ કઈંક કે જે નાપસંદ અને ફગાવી દીધેલું છે તેને વર્ણવે છે. "તિરસ્કારેલું" એટલે એવું જે કંઈ જે સખત રીતે નાપસંદ હોય.

- મોટેભાગે બાઈબલ દુષ્ટને ધિક્કારવાની વાત કરે છે. તેનો અર્થ એમ કે દુષ્ટની (બાબતની) નફરત કરવી અને તેનો અસ્વીકાર કરવો.
- જેઓ જૂઠા દેવોની આરાધના કરે છે તેઓના દુષ્ટ વ્યવહારોનું વર્ણન કરવા ઈશ્વરે "તિરસ્કારપાત્ર" શબ્દનો ઉપયોગ કર્યો છે.
- ઈઝરાએલીઓને તેમના કેટલાક પડોશી લોકોના જૂથો, જે પાપી, અનૈતિક કાર્યો કરતા હતા તે બાબતોનો "તિરસ્કાર" કરવાની આજ્ઞા આપવામાં આવી હતી.
- ઈશ્વર બધાંજ ખોટા જાતીય કાર્યોને "ધિક્કારપાત્ર" કહે છે.
- ઈશ્વર માટે ભવિષ્યકથન, મેલીવિદ્યા, અને બાળકનું બલિદાન બધું જ "તિરસ્કારપાત્ર" હતું.
- "તિરસ્કાર કરવો" શબ્દનું ભાષાંતર, "સખત રીતે અસ્વીકાર્ય" અથવા "ધિક્કારવું" અથવા "ખૂબ જ દુષ્ટ ગણવું" તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- "તિરસ્કારપાત્ર" શબ્દનું ભાષાંતર, "ભયાનક રીતે દુષ્ટ" અથવા "ઘૃણાસ્પદ" અથવા "નકારવાલાયક" તરીકે પણ કરી શકાય છે.
- જયારે આ શબ્દ, ન્યાયી લોકો પ્રત્યે દુષ્ટ લોકોનો "ધિક્કાર" દર્શાવવા વપરાય છે, ત્યારે તેનું ભાષાંતર "વધુ અનિચ્છનીય ગણવા" અથવા "અણગમતા લાગવા" અથવા "તેમના દ્વારા નકાર," એવું (ભાષાંતર) થઇ શકે છે.
- ઈશ્વરે ઈઝરાએલીઓને ચોક્કસ પ્રકારના પ્રાણીઓ કે જેને ઈશ્વરે "અશુદ્ધ" જાહેર કર્યા હતા અને ખાવા માટે યોગ્ય નહોતા તેનો "તિરસ્કાર" કરવા કહ્યું હતું. આ શબ્દનું ભાષાંતર, "સખત રીતે નાપસંદ" અથવા "અસ્વીકાર્ય" અથવા "અસ્વીકાર્ય ગણવા" તરીકે પણ (ભાષાંતર) કરી શકાય.

(આ પણ જુઓ: ભવિષ્યકથન, શુદ્ધ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 43:32-34
- યર્મિયા 7:29-30
- લેવીય 11:9-10
- લૂક 16:14-15
- પ્રકટીકરણ 17:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H1602, H6973, H8130, H8251, H8262, H8263, H8441, H8581, G946, G947, G948, G4767, G5723, G3404

# તીડ, તીડ

## તથ્યો:

" તીડ " શબ્દનો ઉલ્લેખ મોટા, ઉડતી ખડમાકડી તરીકેનો થાય છે જે ઘણીવાર ઝૂંડમાં ખૂબ જ વિનાશક થઈને ઊડે છે જે બધી વનસ્પતિ ખાઇ જાય છે.

- તીડો અને અન્ય તિત્તીધોડાઓ મોટા, સીધા પાંખવાળા લાંબા, જોડાયેલા પગવાળા જંતુઓ છે જે તેમને લાંબા અંતર સુધી કૂદવાની ક્ષમતા આપે છે.
- જૂના કરારમાં, તીડોનો ઉલ્લેખ ઇસ્રાએલના આજ્ઞાભંગના પરિણામ સ્વરૂપે આવનારા ભારે વિનાશના પ્રતીક અથવા ચિત્ર તરીકે કરવામાં આવ્યો હતો.

ઈશ્વરે ઇજિપ્તવાસીઓ સામે દસ મરકીઓમાંના એક તરીકે તીડો મોકલ્યા હતા.

- નવો કરાર કહે છે કે જ્યારે તે અરણ્યમાં રહેતો હતો ત્યારે યોહાન બાપ્તીસ્ત માટે તીડો ખોરાકનો મુખ્ય સ્ત્રોત હતો.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ગુલામ, ઇજિપ્ત, ઇસ્રાએલ, યોહાન બાપ્તિસ્ત, મરકી)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 6:28-31
- પુનર્નિયમ 28:38-39
- નિર્ગમન 10:3-4
- માર્ક 1:4-6
- નીતિવચનો 30:27-28

## શબ્દ માહિતી:

- Strong's: H697, H1357, H1462, H1501, H2284, H3218, H5556, H6767, G200

# તીરંદાજ,તીરંદાજો

## વ્યાખ્યા:

“તીરંદાજ” શબ્દ તે એક એવા માણસ માટે વાપર્યો છે કે જે તીર અને કામઠુંને હથિયાર તરીકે વાપરવામાં કુશળ હોય છે. બાઈબલમાં, સામાન્ય રીતે તીરંદાજ એટલે સૈનિક કે જે લશ્કરમાં લડવા માટે તીર અથવા ધનુષ્યનો ઉપયોગ કરે છે.

- તીરંદાજો એ આશ્શૂરના લશ્કરીદળનો અગત્યનો ભાગ હતો.

કેટલીક ભાષાઓમાં આ માટે ધનુર્ધારી શબ્દ વપરાયો હોઈ શકે છે.

(આ પણ જુઓ: આશ્શૂર)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 31:1-3
- 2 કાળવૃતાંત 35:23-24
- ઉત્પત્તિ 21:19-21
- યશાયા 21:16-17
- અયુબ16:13-14
- નીતિવચનો 26:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H1167, H1869, H2671, H2686, H3384, H7198, H7199, H7228

# તે લખેલું છે

## વ્યાખ્યા:

શબ્દસમૂહ "એમ લખેલું છે" અથવા "જે લખેલું છે" તે નવા કરારમાં વારંવાર જોવા મળે છે અને સામાન્ય રીતે તે આજ્ઞા અથવા ભવિષ્યવાણીનો ઉલ્લેખ કરે છે જે હિબ્રૂ ગ્રંથોમાં લખવામાં આવ્યા હતા.

- ક્યારેક "એમ લખેલું છે" જે મૂસાના નિયમશાસ્ત્રમાં લખવામાં આવ્યું હતું તેનો ઉલ્લેખ કરે છે.
- અન્ય વખતે પ્રબોધકોમાંના કોઈ એકે જૂના કરારમાં લખ્યું હતું તે એક અવતરણ છે
- આનું ભાષાંતર "મૂસાના નિયમશાસ્ત્રમાં લખેલું છે" અથવા "પ્રબોધકોએ લાંબા સમય પહેલા લખ્યું છે" અથવા " ઈશ્વરના નિયમોમાં જે કહે છે તે મૂસાએ લાંબા સમય પહેલા લખેલું છે " કરી શકાય છે.
- બીજો વિકલ્પ "તે લખાયેલું" રાખવાનું છે અને ફૂટનોટ આપો જે આનો અર્થ સમજાવે છે.

(આ પણ જુઓ: આજ્ઞા, નિયમશાસ્ત્ર, પ્રબોધક, દેવનું વચન)

## બાઇબલના સંદર્ભો:

- 1 યોહાન 5:13-15
- પ્રેરિતોનાં કૃત્યો 13:28-29
- નિર્ગમન 32:15-16
- યોહાન 21:24-25
- લૂક 3:4
- માર્ક 9:11-13
- માથ્થી 4:5-6
- પ્રકટીકરણ 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H3789, H7559, G1125

# તેલ

## વ્યાખ્યા:

તેલ એક ઘટ્ટ પારદર્શક પ્રવાહી છે કે જેને ખાસ છોડમાંથી એકઠું કરી શકાય છે. બાઇબલના સમયોમાં, સામાન્ય રીતે તેલને જૈતુન વૃક્ષોમાંથી કાઢવામાં આવતું હતું.

- જૈતુન તેલનો ઉપયોગ રાંધવામાં, અભિષેક કરવામાં, બલિદાન ચડાવવામાં, દીવા સળગાવવામાં અને દવા તરીકે કરવામાં આવતો હતો.
- પ્રાચીન સમયોમાં, જૈતુન તેલનું મૂલ્ય ખૂબ વધારે હતું અને તે તેલની માલિકી એ સમૃદ્ધિનો માપદંડ હતો.
- ધ્યાન રાખો કે આ શબ્દનો અનુવાદ એવા પ્રકારના તેલનો ઉલ્લેખ કરે કે જે રાંધવાના કામમાં આવે છે અને મોટરના તેલનો નહિ..

કેટલીક ભાષાઓમાં આ વિભિન્ન પ્રકારના તેલો માટે વિભિન્ન શબ્દો હોય છે.

(આ પણ જૂઓ: જૈતુન, બલિદાન)

## બાઇબલના સંદર્ભો:

- 1 શમુએલ 1:21-22
- નિર્ગમન 29:1-2
- લેવીય 5:11
- લેવીય 8:1-3
- માર્ક 6:12-13
- માથ્થી 25:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H1880, H2091, H3323, H4887, H6671, H7246, H8081, G1637, G3464

# થાંભલો, થાંભલા, સ્તંભ, સ્તંભો

## વ્યાખ્યા:

"સ્તંભ" શબ્દ સામાન્ય રીતે એક મોટા ઊભા માળખાનો ઉલ્લેખ કરે છે કે જેનો ઉપયોગ છત કે મકાનના બીજા કોઈ ભાગને ટેકો આપવા કરવામાં આવે છે. "સ્તંભ" માટેનો બીજો શબ્દ "થાંભલો" છે.

- બાઇબલના સમયોમાં, મકાનોને ટેકો આપવા વપરાતા સ્તંભો સામાન્ય રીતે ખડકના એક જ ટુકડામાંથી કોરી કાઢવામાં આવતા હતા.
- જૂના કરારમાં જ્યારે સામસૂનને પલિસ્તિઓ દ્વારા પકડવામાં આવ્યો ત્યારે, તેણે અધર્મી મંદિરને ટેકો આપતા સ્તંભોને ધકેલ્યા કે જેથી તે તૂટી પડ્યું અને તે રીતે તેનો નાશ કર્યો.
- "સ્તંભ" શબ્દ કેટલીક વાર એક મોટા પથ્થર કે શિલાખંડનો ઉલ્લેખ કરે છે કે જેને કોઈ કબર અથવા તો જ્યાં કઇંક મહત્ત્વની ઘટના ઘટી હોય તે સ્થળ દર્શાવવા એક યાદગીરી તરીકે ઊભો કરવામાં આવે છે.
- તે એક મૂર્તિ કે જેને જૂઠા દેવની પૂજા કરવા બનાવવામાં આવી હતી તેનો ઉલ્લેખ પણ કરી શકે છે.

"કોરેલી મૂર્તિ" માટેનું તે બીજું નામ છે અને તેનો અનુવાદ "પૂતળું" તરીકે કરી શકાય.

- "સ્તંભ" શબ્દનો ઉપયોગ સ્તંભના આકારની બાબતોનો ઉલ્લેખ કરવા કરવામાં આવ્યો છે, જેમ કે ઇઝરાયલીઓને અરણ્યમાં રાત્રિ દરમ્યાન દોરનાર "અગ્નિસ્તંભ" કે પછી લોતની પત્ની શહેર તરફ પાછું જોવાથી "ખારનો થાંભલો" થઈ ગઈ તે સ્તંભ.
- મકાનને આધાર આપતા માળખા તરીકે, "સ્તંભ" અથવા તો "થાંભલો" શબ્દનો અનુવાદ "ઊભો પથ્થરનો આધારસ્તંભ" અથવા તો "પથ્થરનું આધાર આપતું માળખું" તરીકે કરી શકાય.
- "સ્તંભના" બીજા ઉપયોગોનો અનુવાદ સંદર્ભ અનુસાર "પૂતળું" અથવા તો "ઢગલો" અથવા તો "ટેકરો" અથવા તો "સ્મારક" અથવા તો "ઊંચો ઢગલો" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: પાયો, જૂઠો દેવ, પ્રતિમા)

## બાઇબલના સંદર્ભો:

- 2 રાજા 18:4-5
- નિર્ગમન 13:19-22
- નિર્ગમન 33:7-9
- ઉત્પત્તિ 31:4-47
- નીતિવચનો 9:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H352, H547, H2106, H2553, H3730, H4552, H4676, H4678, H4690, H5324, H5333, H5982, H8490, G4769

# દંડવત પ્રણામ, દંડવત પ્રણામ કર્યા

## વ્યાખ્યા:

"દંડવત પ્રણામ" શબ્દનો અર્થ ઉંધા મોઢે જમીન પર સૂઈ જવું એવો થાય છે.

- "દંડવત પ્રણામ કરવા" અથવા તો કોઇની સમક્ષ "દંડવત પ્રણામ કરવા" નો અર્થ કોઈ વ્યક્તિની આગળ અચાનક ખુબજ ઝૂકી જવું એવો થાય છે.
- સામાન્ય રીતે "દંડવત પ્રણામ" ની અવસ્થા એક પ્રતિભાવ છે કે જે કંઈક ચમત્કારિક બનવાના કારણે આઘાત, આશ્ચર્ય અને આદરયુક્ત ભય દર્શાવે છે.

તે, જે વ્યક્તિની આગળ નમન કરવામાં આવે છે તે વ્યક્તિ પ્રત્યેનો આદર અને સન્માન પણ પ્રદર્શિત કરે છે.

- દંડવત પ્રણામ એ ઈશ્વરની આરાધના કરવાની એક રીત પણ હતી.

જ્યારે ઈસુએ કોઈ ચમત્કાર કર્યો ત્યારે અથવા તો એક મહાન શિક્ષક તરીકે તેમનું બહુમાન કરવા લોકોએ ઘણી વાર તેમની પ્રત્યે આ રીતનો પ્રતિભાવ આપ્યો હતો.

- સંદર્ભ અનુસાર, "દંડવત પ્રણામ કર્યા" નો અનુવાદ "જમીન સુધી મુખ નમાવતા ખૂબ ઝુકીને નમન કર્યું" અથવા તો "તેમની આગળ ઉંધા મોઢે પડીને તેમની આરાધના કરી" અથવા તો "આશ્ચર્ય પામીને જમીન પર પડીને નમન કર્યું" અથવા તો "આરાધના કરી" તરીકે કરી શકાય.
- "દંડવત પ્રણામ નહીં કરીએ" શબ્દસમૂહનો અનુવાદ "આરાધના નહીં કરીએ" અથવા તો "આરાધનામાં ઉંધા મોઢે નહીં પડીએ" અથવા તો "નમન કરીને આરાધના નહીં કરીએ" તરીકે કરી શકાય.
- "ની આગળ જાતે દંડવત પ્રણામ કરવા" નો અનુવાદ "આરાધના કરવી" અથવા તો "ની આગળ નમન કરવું" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: આદરયુક્ત ભય, નમન કરવું)

## બાઇબલના સંદર્ભો:

- 2 રાજા 17:36-38
- ઉત્પત્તિ 43:28-29
- પ્રકટીકરણ 19:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H5307, H5457, H6440, H6915, H7812

# દફનાવવું, દાટે છે, દ્ફ્નાવેલું, દાટવું, દફનક્રિયા

## વ્યાખ્યા:

"દફનાવવું" શબ્દ સામાન્ય રીતે લાશને ખાડામાં અથવા અન્ય કબ્રસ્થાનમાં મૂકવા આવે, તેના માટે દર્શાવામાં આવે છે. "દફનક્રિયા" શબ્દ કઈંક દફનાવવાનું કાર્ય છે અથવા કઈંક દાટવાનું સ્થળના વર્ણન માટે વપરાય શકે છે.

- મોટે ભાગે લોકો લાશને જમીનમાં ઊંડા ખાડામાં દફનાવી અને પછી તેની ઉપર માટી વાળી દે છે.
- ક્યારેક લાશને તે દફનાવ્યા પહેલા ખોખા જેવી રચના, જેવી કે શબપેટીમાં મૂકવામાં આવે છે.
- બાઈબલના સમયમાં, મૃત્યુ પામેલા લોકોને મોટેભાગે ગુફા અથવા તે સમાનની જગ્યામાં દફનાવવામાં આવતા હતા.

ઈસુ મૃત્યુ પામ્યા પછી, તેનું શરીર કપડાંમાં લપેટીને પત્થરની કબરમાં મૂકવામાં આવ્યું હતું, જેની પર મહોર મારી મોટો પથ્થર મુકવામાં આવ્યો હતો.

- "કબ્રસ્થાન" અથવા "દફનની ઓરડી" અથવા "દફનનો ખંડ" અથવા "દફનની ગુફા" શબ્દો બધી રીતે જ્યાં લાશને દફનાવવામાં આવે છે તે જગ્યા માટે દર્શાવામાં આવ્યા છે.
- અન્ય વસ્તુઓ પણ દાટી શકાય છે, જેમકે આખાને ચાંદી અને અન્ય વસ્તુઓ તેણે યરિખોમાંથી ચોરીને દાટી દીધી હતી.
- "પોતાનો ચહેરો ઢાંકી દેવો" તે વાક્યનો સામાન્ય અર્થ "પોતાના હાથોથી ચહેરો ઢાંકી દેવો" એમ થાય છે.
- ક્યારેક "સંતાડવું" શબ્દનો અર્થ "દાટવું" થઈ શકે છે, જેમકે જયારે આખાને યરિખોમાંથી ચોરેલી વસ્તુઓ જમીનમાં સંતાડી હતી.

તેનો અર્થ તેણે તેઓને જમીનમાં દાટી દીધી.

(આ પણ જુઓ:યરિખો, કબર)

## બાઈબલની કલમો:

- 2 રાજા 9:9-10
- ઉત્પત્તિ 35:4-5
- યર્મિયા 25:32-33
- લૂક 16:22-23
- માથ્થી 27:6-8
- ગીતશાસ્ત્ર 79:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H6900, H6912, H6913, G1779, G1780, G2290, G4916, G5027

# દર્શન, દર્શનો, કલ્પના

## તથ્યો:

"દર્શન " શબ્દ વ્યક્તિ જે કઇ જુએ છે તેનો ઉલ્લેખ કરે છે. તે ખાસ કરીને અસામાન્ય અથવા અલૌકિક બાબતનો ઉલ્લેખ કરે છે જે ઈશ્વર લોકોને સંદેશ આપવા માટે બતાવે છે.

- સામાન્ય રીતે, જ્યારે વ્યક્તિ જાગૃત હોય ત્યારે દર્શનો જોતો હોય છે.

જો કે, કેટલીક વાર વ્યક્તિ જ્યારે ઊંઘતો હોય ત્યારે સ્વપ્નમાં દર્શન જુએ છે.

- ઈશ્વર લોકો માટે કંઈક ખૂબ મહત્વનું છે તે જણાવવા માટે દર્શન મોકલે છે.

દાખલા તરીકે, પીતરને કહેવા માટે એક દર્શન બતાવવામાં આવ્યુ હતું કે ઈશ્વર ઇચ્છતા હતા કે તે વિદેશીઓને પણ આવકારે.

## અનુવાદ માટેનાં સૂચનો:

- “દર્શન થયું" શબ્દનું ભાષાંતર "ઈશ્વર તરફથી કંઈક અસામાન્ય જોયું" અથવા " ઈશ્વરે તેને ખાસ કંઈક બતાવ્યું".
- કેટલીક ભાષાઓમાં " દર્શન " અને "સ્વપ્ન" માટે અલગ શબ્દો હોતા નથી.

તેથી, "દાનિયેલને તેમના મનમાં સ્વપ્નો અને દર્શનો દેખાતાં હતાં" જેવા વાક્યનું ભાષાંતર "દાનિયેલે સ્વપ્ન જોયું અને ઈશ્વર અસાધારણ વસ્તુઓ જોવા દેતા હતા"થાય છે.

(આ પણ જુઓ: સ્વપ્ન)

## બાઇબલ સંદર્ભો

- પ્રેરિતોનાં કૃત્યો 9:10-12
- પ્રેરિતોનાં કૃત્યો 10:3-6
- પ્રેરિતોનાં કૃત્યો 10:9-12
- પ્રેરિતોનાં કૃત્યો 12:9-10
- લૂક 1:21-23
- લૂક 24:22-24
- માથ્થી 17:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H2376, H2377, H2378, H2380, H2384, H4236, H4758, H4759, H7203, H7723, H8602, G3701, G3705, G3706

# દસ આજ્ઞાઓ

## તથ્યો:

"દસ આજ્ઞાઓ" એ આજ્ઞાઓ હતી જે ઈશ્વરે મુસાને સિનાય પર્વત પર આપી હતી, જ્યારે ઈસ્રાએલીઓ કનાન દેશને રસ્તે અરણ્યમાં રહેતા હતા. ઈશ્વરે આ આદેશો પથ્થરની બે મોટી શિલા પર લખ્યા હતા. ઈશ્વરે ઈસ્રાએલીઓને ઘણી આજ્ઞાઓ પાળવાની આજ્ઞા આપી હતી, પરંતુ દસ આજ્ઞાઓ ખાસ આજ્ઞા હતી કે ઈસ્રાએલીઓ ઈશ્વરને પ્રેમ કરે અને ભજન કરે અને અન્ય લોકોને પ્રેમ કરે.

- આ આજ્ઞાઓ પણ તેના લોકો સાથે ઈશ્વરના કરારનો ભાગ હતો.

ઈશ્વરે તેમને જે કરવા કહ્યું હતું તે પાળવાથી ઈસ્રાએલી લોકો બતાવશે કે તેઓ ઈશ્વરને પ્રેમ કરતા હતા અને તેઓ તેમના હતા.

- આ આજ્ઞાઓ લખેલા પથ્થર ને કરારકોશના કરારમાં રાખવામાં આવ્યા હતા, જે મંડપનું પરમ પવિત્રસ્થાન અને પાછળથી મંદિરમાંનું સ્થાન હતું.

(આ પણ જુઓ: કરારકોશ, આદેશ, કરાર, અરણ્ય, કાયદો, પાળવું, સિનાઇ, ભજન કરવું)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 4:13-14
- પુનર્નિયમ 10:3-4
- નિર્ગમન 34: 27-28
- લુક 18:18-21

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **13:7** ત્યાર પછી ઈશ્વરે બે પથ્થરની પાટીઓ પર આ **દસ આજ્ઞાઓ** લખી અને મૂસાને આપી દીધી.
- **13:13** જ્યારે મૂસા પર્વત પરથી નીચે આવ્યો અને મૂર્તિને જોઇ, ત્યારે તે એટલો ગુસ્સે થઈ ગયો કે તેણે પથ્થરની પાટીઓ તોડી નાખી જેના પર ઈશ્વરે **દસ આજ્ઞાઓ** લખી હતી.
- **13:15** મૂસાએ જે પાટીઓ તોડી નાખી હતી તેના બદલે નવી પથ્થરની પાટીઓ પર **દસ આજ્ઞાઓ** લખી હતી.

## શબ્દ માહિતી:

- Strong's: H1697, H6235

# દસમું, દસમા, દશાંશ, દશાંશો

## વ્યાખ્યા:

"દશમો" અને "દશાંશ" શબ્દનો અર્થ થાય છે, "દસ ટકા" અથવા "પૈસાનો, પશુઓ, અથવા અન્ય સંપત્તિ, જે ઈશ્વરને આપવામાં આવે છે" તેનો "દસમાંથી એક ભાગ".

- જૂના કરારમાં, ઈશ્વરે ઇસ્રાએલીઓને તેમના સામાનના દશમા ભાગને તેમની પાસે આભારસ્તુતિના અર્પણ તરીકે આપવાનું સૂચન કર્યું.
- આ અર્પણોનો ઉપયોગ ઈસ્રાએલના લેવી કુળના લોકો માટે કરવામાં આવ્યો હતો, જેઓ ઈસ્રાએલીઓના યાજકો અને મુલાકાતમંડપ સંભાળનાર હતા અને પાછળથી મંદિરમાં સેવા આપતા હતા.
- નવા કરારમાં, ઈશ્વરને દસમો ભાગ આપવાની આવશ્યકતા નથી, પરંતુ તેના બદલે તેમણે વિશ્વાસીઓને ઉદારતાથી અને રાજીખુશીથી જરૂરિયાતવાળા લોકોને મદદ કરવાની અને ખ્રિસ્તી સેવાના કાર્યને ટેકો આપવાની સૂચના આપે છે.
- આનો અનુવાદ "દશનો એક ભાગ" અથવા "દસમાંથી એક" તરીકે પણ થઈ શકે છે.

(આ પણ જુઓ: માનવું, ઇઝરાયલ, લેવી, પશુઓ, મેલ્ખીસેદેક, સેવા કરનાર, બલિદાન, મંડપ, મંદિર)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 14:19-20
- ઉત્પત્તિ 28:20-22
- હિબ્રૂ 7:4-6
- યશાયાહ 6:13
- લુક 11:42
- લુક 18:11-12
- માથ્થી 23:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H4643, H6237, H6241, G586, G1181, G1183

# દહનાર્પણ, દહનાર્પણો, અગ્નિ દ્વારા અર્પણ

## વ્યાખ્યા:

"દહનાર્પણ" દેવને અપાતું એક પ્રકારનું બલિદાન હતું કે જેનું વેદી ઉપર અગ્નિ દ્વારા દહન કરવામાં આવતું હતું. તે લોકોના પાપોના પ્રાયશ્ચિત કરવા માટે ચઢાવવામાં આવતું હતું. તેને "અગ્નિ દ્વારા અર્પણ" પણ કહેવામાં આવતું હતું.

- આ અર્પણ માટે સામાન્ય રીતે ઘેટું અને બકરાં પ્રાણીઓનો સમાવેશ થાય છે, જેમાં બળદો અને પક્ષીઓ પણ વાપરવામાં આવતા હતા.
- ફક્ત ચામડી વગર, આખું પ્રાણી આ અર્પણમાં બાળી નાખવામાં આવતું હતું.

ત્વચા અથવા પશુનું ચામડું યાજકને આપવામાં આવતું હતું.

- દેવે યહૂદી લોકોને દરરોજ બે વખત દહનાર્પણ ચઢાવવાની આજ્ઞા આપી હતી.

(આ પણ જુઓ: વેદી, પ્રાયશ્ચિત, બળદ, યાજક, બલિદાન)

## બાઈબલની કલમો :

- નિર્ગમન 40:5-7
- ઉત્પત્તિ 8:20-22
- ઉત્પત્તિ 22:1-3
- લેવીય 3:3-5
- માર્ક 12:32-34

## શબ્દ માહિતી:

- Strong's: H801, H5930, H7133, H8548, G3646

# દાડમ

## તથ્યો:

દાડમ એક પ્રકારનું ફળ છે કે જેને સખત જાડું છોડું હોય છે જેમાં ખાવાલાયક લાલ ગરથી આવરિત બીજ રહેલા હોય છે.

- બહારની છાલ લાલ રંગની હોય છે અને બીજની આસપાસનો ગર ચમકતો અને લાલ હોય છે.
- દાડમોને ઈજિપ્ત અને ઇઝરાયલ જેવા બહુ સામાન્ય રીતે ગરમ અને સૂકા દેશોમાં ઉગાડાય છે.
- યહોવાએ ઇઝરાયલીઓને વચન આપ્યું હતું કે કનાન દેશ પુષ્કળ પાણી અને ફળદ્રુપ જમીનથી ભરપૂર હતો કે જેથી ત્યાં દાડમો સહિત ભરપૂર ખોરાક હતો.
- સુલેમાનના ભક્તિસ્થાનના બાંધકામમાં દાડમના આકારના પિત્તળના અલંકારોનો સમાવેશ થયો હતો.

(આ પણ જૂઓ: પિત્તળ, કનાન, ઈજિપ્ત, સુલેમાન, ભક્તિસ્થાન)

## બાઇબલના સંદર્ભો:

- 2 રાજા 25:16-17
- પુનર્નિયમ 8:7-8
- યર્મિયા 52:22-23
- ગણના 13:23-24
- ઈજિપ્ત

## શબ્દ માહિતી:

- Strong's: H7416

# દાન

## વ્યાખ્યા:

ગરીબોને મદદરૂપ થવા માટે પૈસા, ખોરાક અથવા બીજી અન્ય વસ્તુઓ આપવામાં આવે તેના માટે “દાન” શબ્દ વપરાય છે.

- તે સમયના ધર્મમાં મોટેભાગે દાન આપવું તે ન્યાયી થવા માટેની જરૂરી બાબત હતી.
- ઈસુએ કહ્યું બીજા લોકો જુએ તે ઈરાદા જાહેરમાં દાન આપવું જોઈએ નહીં.
- આ શબ્દનું ભાષાંતર આ રીતે પણ થઈ શકે એટલે કે “પૈસા” “ગરીબો લોકોને ભેટ” અથવા “ગરીબ માટે મદદ.”

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 3:1-3
- માથ્થી 6:1-2
- માથ્થી 6:3-4

## શબ્દ માહિતી:

- Strong's: G1654

# દાસ/ગુલામ બનાવવું, દાસ/ગુલામ, બંદીવાન/બંધનકર્તા, બંધાયેલ/બંધનકર્તા હોવું

## વ્યાખ્યા:

કોઈને "ગુલામ બનાવવું" તેનો અર્થ, માલિક અથવા શાસક દેશની સેવા કરવા માટે વ્યક્તિને બળજબરી કરવી. "ગુલામ હોવું" અથવા "ગુલામીમાં હોવું" નો અર્થ, કઈંક અથવા કોઈકના નિયંત્રણમાં હોવું.

- વ્યક્તિ કે જે દાસત્વમાં હોય અથવા ગુલામીમાં હોય છે તેણે કોઇપણ વેતન વગર બીજાઓની સેવા કરવી; તે જે ઈચ્છે તે કરવા માટે તેને છૂટ નથી. "દાસત્વમાં હોવું" માટેનો બીજો શબ્દ "ગુલામી" છે.
- જ્યાં સુધી માણસોને ઈસુ પાપના સામર્થ્ય અને અંકુશથી મુક્ત કરે નહિ ત્યાં સુધી નવો કરાર તેઓને પાપના "ગુલામ હોવા" તરીકે દર્શાવે છે. જયારે વ્યક્તિ ખ્રિસ્તમાં નવું જીવન મેળવે છે ત્યારે તે પાપના ગુલામ બનવાનું બંધ કરે છે અને ન્યાયીપણાનો દાસ બને છે.

## ભાષાંતરના સૂચનો:

- "દાસ બનાવવું" શબ્દનું ભાષાંતર, "છૂટ ન હોવાનું કારણ" અથવા "બીજાઓની સેવા માટે બળજબરી કરાયેલ" અથવા "બીજાઓના નિયંત્રણ હેઠળ મૂકાયેલ" કરી શકાય છે.
- "નું દાસ હોવું" અથવા "(કોઈ) ના બંધનમાં હોવું" શબ્દસમૂહોનું ભાષાંતર, "કોઈના બંધનમાં હોવા માટે બળજબરી કરાયેલ" અથવા "સેવા કરવા માટે દબાણ કરાયેલ" અથવા "ના નિયંત્રણ હેઠળ રહેવું," કરી શકાય છે.

(આ પણ જુઓ: મુક્ત/છૂટ, પ્રામાણિક, ચાકર)

## બાઈબલની કલમો:

- ગલાતી 4:3-5
- ગલાતી 4:24-25
- ઉત્પત્તિ 15:12-13
- યર્મિયા 30:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H3533, H5647, G1398, G1402, G2615

# દિલાસો, આરામ, દિલાસો પામેલ, દિલાસો આપવો, દિલાસો આપનાર, દિલાસો આપનારાં, દિલાસો ન પામેલ

## વ્યાખ્યા:

"દિલાસો" અને "દિલાસો આપનાર" કોઈક કે જે શારીરિક અથવા ભાવનાત્મક દર્દથી પીડાઈ રહ્યું છે તેને મદદ કરવાનું દર્શાવે છે.

- વ્યક્તિ કે જે કોઈકને દિલાસો આપે છે તેને "દિલાસો આપનાર" કહેવાય છે.
- જૂના કરારમાં, "દિલાસો" શબ્દ દેવ તેના લોકોને કેવો માયાળુ અને પ્રેમાળ છે, અને જયારે તેઓ પીડાતા હોય તેઓને મદદ કરે છે તેનું વર્ણન કરે છે
- નવા કરારમાં, તે કહે છે કે દેવ તેના લોકોને પવિત્ર આત્મા દ્વારા દિલાસો આપશે.

જેઓ દિલાસો પામે છે તેઓ તેવો જ દુઃખથી પીડાતા લોકોને તે જ પ્રકારનો દિલાસો આપવા સક્રિય બને છે.

- "ઈઝરાએલને દિલાસો આપનાર," એ અભિવ્યક્તિ મસીહ કે જે આવીને તેના લોકોને છોડાવશે તેને દર્શાવે છે.
- ઈસુ પવિત્ર આત્માને "દિલાસો આપનાર" તરીકે દર્શાવે છે કે, જે ઈસુમાંના વિશ્વાસીઓને મદદ કરે છે.

## ભાષાંતર માટેના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, "દિલાસા" શબ્દનું ભાષાંતર "દર્દને સરળ કરવું" અથવા "કોઈકના દુઃખને દૂર કરવા મદદ કરવી" અથવા "સાંત્વના આપવી" અથવા "દિલાસો આપવો" તરીકે કરી શકાય.
- જેમકે "અમારો દિલાસો" વાક્યનું ભાષાંતર "અમારું પ્રોત્સાહન" અથવા "(કોઈકને) અમારી સાંત્વના" અથવા "દુઃખના સમયમાં અમારી મદદ" તરીકે કરી શકાય.
- "દિલાસો આપનાર" શબ્દનું ભાષાંતર, "વ્યક્તિ કે જે દિલાસો આપે છે" અથવા "કોઈક કે જે દુઃખ હળવું કરવામાં મદદ કરે છે" અથવા "વ્યક્તિ કે જે પ્રોત્સાહન આપે છે" તરીકે કરી શકાય છે.
- જયારે પવિત્ર આત્મા "દિલાસો આપનાર" કહેવાય છે જેનું ભાષાંતર, "પ્રોત્સાહન આપનાર" અથવા "મદદગાર" અથવા "એક કે જે મદદ અને માર્ગદર્શક" તરીકે પણ કરી શકાય.
- "ઈઝરાએલને દિલાસો આપનાર" વાક્યનું ભાષાંતર, "મસીહ", કે જે ઈઝરાએલને દિલાસો આપે છે" એમ કરી શકાય છે.
- "તેઓને દિલાસો આપનાર નથી" જેવી અભિવ્યક્તિનું ભાષાંતર, "કોઈએ તેમને દિલાસો આપ્યો નથી" અથવા "તેઓને પ્રોત્સાહન કે મદદ કરવા કોઈ પણ નથી" તરીકે પણ કરી શકાય.

(આ પણ જુઓ: પ્રોત્સાહિત, પવિત્ર આત્મા)

## બાઈબલની કલમો:

- 1 થેસ્સ્લોનિકી 5:8-11
- 2 કરિંથીઓ 1:3-4
- 2 શમુએલ 10:1-3
- પ્રેરિતો 20:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H2505, H5150, H5162, H5165, H5564, H8575, G302, G2174, G3870, G3874, G3875, G3888, G3890, G3931

# દિવસ, દિવસો

## વ્યાખ્યા:

“દિવસ” શબ્દનો શાબ્દિક અર્થ, 24 કલાકનો સમયગાળો જેની શરૂઆત સૂરજના ઉગવાથી થાય છે. તેનો રૂપક તરીકે પણ ઉપયોગ થાય છે.

- ઈઝરાએલીઓ અને યહૂદિઓ માટે દિવસની શરૂઆત સૂર્યાસ્તથી થાય છે અને તેનો અંત બીજા દિવસના સૂર્યાસ્તે થાય છે.
- કયારેક “દિવસ” શબ્દનો ઉપયોગ રૂપક તરીકે કરવામાં આવ્યો છે, જે લાંબા સમયગાળા ને દર્શાવે છે, જેમકે “યહોવાનો દિવસ” અથવા “છેલ્લા દિવસો.”
- કેટલીક ભાષાઓમાં આ રૂપક શબ્દોની અભિવ્યક્તિને જુદી જુદી રીતે ભાષાંતર કરવામાં આવી છે, અથવા તેનું ભાષાંતરનો સામાન્ય અર્થ “દિવસ” પણ કરવામાં આવ્યું છે.
- સંદર્ભ પ્રમાણે “દિવસ” શબ્દનું ભાષાંતર, “સમય” અથવા “ઋતુ” અથવા “પ્રસંગ” અથવા “ઘટના” જેવા શબ્દોનો સમાવેશ થાય છે.

(આ પણ જુઓ: ન્યાયનો દિવસ, છેલ્લો દિવસ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતોના કૃત્યો 20:4-6
- દાનિએલ 10:4-6
- એઝરા 6:13-15
- એઝરા 6:19-20
- માથ્થી 9:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H3117, H3118, H6242, G2250

# દીન, દીનતા

## વ્યાખ્યા:

“દીન” શબ્દ સૌમ્ય, આધીન તથા અન્યાય સહેવા સહમત એવા વ્યક્તિનું વર્ણન કરે છે. દીનતા, જ્યારે કઠોરતા અથવા તો બળપ્રયોગનો ઉપયોગ યોગ્ય લાગે ત્યારે પણ સૌમ્ય રહેવાની ક્ષમતા છે.

- દીનતાને ઘણી વાર નમ્રતા સાથે સાંકળવામાં આવે છે.
- આ શબ્દનો અનુવાદ “સૌમ્ય” અથવા તો “ઋજુ સ્વભાવ” અથવા તો “મીઠો સ્વભાવ” એ રીતે પણ કરી શકાય.
- “દીનતા” શબ્દનો અર્થ “સૌમ્યતા” અથવા તો “નમ્રતા” તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: નમ્ર)

## બાઇબલના સંદર્ભો:

- 1 પિતર 3:15-17
- 2 કરિંથી 10:1-2
- 2 તિમોથી 2:24-26
- માથ્થી 5:5-8
- માથ્થી 11: 28-30
- ગીતશાસ્ત્ર 37:11-13

## શબ્દ માહિતી:

- Strong's: H6035, H6037, H6038, G4235, G4236, G4239, G4240

# દીવી, દીવીઓ

## વ્યાખ્યા:

બાઈબલમાં, સામાન્ય રીતે "દીવી" શબ્દ એવિ રચનાનો ઉલ્લેખ કરે છે જેના પર દીવો મૂકવામાં આવે જેથી તે ઓરડામાં પ્રકાશ આપે.

- સામાન્ય રીતે સાદી દીવી એક દીવાને રાખી શકે અને તે માટીની, લાકડાની, કે ધાતુની (જેમ કે કાંસું, ચાંદી, અથવા સોનું) બનેલી હતી.
- યરૂશાલેમના મંદિરમાં એક ખાસ સોનાની દીવી હતી જેને સાત દીવાઓ રાખવા માટે સાત શાખાઓ હતી.

## અનુવાદ માટેના સૂચનો

- આ શબ્દનું અનુવાદ "દીવાની પડઘી" અથવા "દીવાને રખવાનું માળખું" અથવા "દીવો રાખનાર" એમ કરી શકાય.
- મંદિરની દીવીને માટે, તેનું અનુવાદ "સાત દીવાઓની દીવી" અથવા "સાત દીવાઓ સાથેની સોનાની પડઘી" એમ કરી શકાય.
- અનુવાદમાં બાઈબલના ફકરાઓથી સંબંધિત સાદી દીવીના ચિત્રનો અને સાત શાખાઓવાળી દીવીનો સમાવેશ કરવો એ મદદરૂપ બનશે.

(આ પણ જુઓ: કાંસું, સોનું, દીવો, પ્રકાશ, ચાંદી, મંદિર)

## બાઈબલના સંદર્ભો:

- દાનિયેલ 5:5-6
- નિર્ગમન 37:17-19
- માર્ક 4:21-23
- માથ્થી 5:15-16
- પ્રકટીકરણ 1:12-13
- પ્રકટીકરણ 1:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H4501, G3087

# દીવો, દીવાઓ

## વ્યાખ્યા:

સામાન્ય રીતે "દીવો" શબ્દ જે અજવાળું આપે છે તેનો ઉલ્લેખ કરે છે. બાઈબલના સમયમાં જે દીવાઓ ઉપયોગમાં લેવાતા હતા એ તો સામાન્ય રીતે તેલના દીવાઓ હતા. બળતણના સ્ત્રોત સાથેનું નાનું પાત્ર, સામાન્ય રીતે તેલ, જે જ્યારે સળગે ત્યારે અજવાળું આપે એ બાઈબલના સમયોમાં વપરાતા દીવાનો પ્રકાર હતો.

- સામાન્ય તેલનો દીવો જૈતૂનના તેલથી ભરેલ માટીના વાસણનો બનેલો, જેમાં સળગવા માટે તેલમાં દિવેટ મૂકવામાં આવતી હતી.
- કેટલાંક દીવાઓ માટે, ઘડો અથવા બરણી અંડાકાર હતો, જેની એક બાજુ દિવેટને પકડવા સારું પીલાયેલી હતી.
- તેલના દીવા લઈ જવામાં આવતા અથવા દીવી પર મૂકવામાં આવતા કે જેથી તેનો પ્રકાશ ઓરડા કે ઘરને ભરી દે.
- વચનમાં, દીવાઓનો અનેક અલંકારિક રીતે પ્રકાશ અને જીવનના ચિહ્ન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે.

(આ પણ જુઓ: દીવી, જીવન, પ્રકાશ/અજવાળું)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 11:34-36
- નિર્ગમન 25:3-7
- લૂક 8:16-18
- માથ્થી 5:15-16
- માથ્થી 6:22-24
- માથ્થી 25:1-4

## શબ્દ માહિતી:

- Strong's: H3940, H3974, H4501, H5215, H5216, G2985, G3088

# દુકાળ, દુષ્કાળ

## વ્યાખ્યા:

"દુકાળ" શબ્દ સામાન્ય રીતે અપૂરતા વરસાદને કારણે, સમગ્ર દેશ અથવા પ્રદેશમાં ખોરાકની સખત અછતને દર્શાવે છે.

- કુદરતી કારણોથી અનાજનો પાક નિષ્ફળ થઈ શકે જેવા કે વરસાદની અછત, પાકમાં રોગ, અથવા જંતુઓ.
- ખોરાકની તંગી લોકો દ્વારા પણ થઈ શકે, જેવા કે દુશ્મનો કે જેઓ પાકનો નાશ કરે છે.
- બાઈબલમાં, મોટેભાગે જયારે તેઓએ તેની વિરુદ્ધ પાપ કર્યું ત્યારે દેવે દેશોને સજા તરીકે દુકાળ આપ્યો.
- આમોસ 8: 11 માં "દુકાળ" શબ્દ રૂપકાત્મક રીતે જયારે દેવ તેના લોકોને તેઓ સાથે જે તે સમયે વાત ન કરી તેમને સજા કરી તેને દર્શાવવા માટે વપરાયો છે.

તમારી ભાષામાં "દુકાળ" શબ્દ અથવા શબ્દસમૂહનું ભાષાંતર, "ખૂબજ અછત" અથવા "ગંભીર નુકશાન," (શબ્દ વાપરીને ભાષાંતર) કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 21:11-12
- પ્રેરિતો 7:11-13
- ઉત્પત્તિ 12:10-13
- ઉત્પત્તિ 45:4-6
- યર્મિયા 11:21-23
- લૂક 4:25-27
- માથ્થી 24:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H3720, H7458, H7459, G3042

# દેખરેખ રાખવી, અધ્યક્ષ/સંભાળ રાખનાર/નિરીક્ષક, વ્યવસ્થાપક

## વ્યાખ્યા:

"અધ્યક્ષ" શબ્દ બીજા લોકોના કાર્ય અને કલ્યાણ માટે જવાબદાર વ્યક્તિનો ઉલ્લેખ કરે છે. બાઈબલમાં મહદઅંશે "સંભાળ રાખનાર" શબ્દોનો અર્થ "અધ્યક્ષ" થાય છે.

- જૂના કરારમાં, અધ્યક્ષનું કામ તેના હાથ નીચેના લોકો, તેઓનું કાર્ય સારી રીતે કરે તે જોવાનું હતું.
- નવા કરારમાં, આ શબ્દનો ઉપયોગ શરૂઆતની ખ્રિસ્તી મંડળીના આગેવાનોને વર્ણવવા માટે કરાયો છે. તેઓનું કાર્ય વિશ્વાસીઓને બાઈબલનું ભૂલરહિત શિક્ષણ મળે તેનું ધ્યાન રાખતા મંડળીની આત્મિક જરૂરિયાતોની સંભાળ લેવાનું હતું.
- પાઉલ અધ્યક્ષનો ઉલ્લેખ એક ઘેટાંપાળક તરીકે કરે છે, જે સ્થાનિક મંડળીમાં વિશ્વાસીઓ કે જેઓ તેનું "ઝુંડ/જૂથ" છે, તેઓની તે સંભાળ રાખે છે.
- અધ્યક્ષ ઘેટાંપાળકની જેમ ટોળાની ચોકી કરે છે. તે ખોટું આત્મિક શિક્ષણ તથા અન્ય દુષ્ટ પ્રભાવોથી વિશ્વાસીઓને સાચવે છે, તેઓની રક્ષા કરે છે.
- નવા કરારમાં, "અધ્યક્ષો", "વડીલો" તથા "ઘેટાંપાળકો/પાળકો વગેરે શબ્દો સમાન આત્મિક આગેવાનોનો ઉલ્લેખ કરવાની વિભિન્ન રીતો છે.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો અનુવાદ "નિરીક્ષક" અથવા તો "દેખભાળ કરનાર" અથવા તો "સંચાલક" એ રીતે કરી શકાય.
- જ્યારે ઈશ્વરના લોકોના સ્થાનિક જૂથના એક આગેવાનનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે આ શબ્દનો અનુવાદ એવા શબ્દ કે શબ્દસમૂહ દ્વારા કરી શકાય કે જેનો અર્થ "આત્મિક દેખરેખ રાખનાર" અથવા તો "વિશ્વાસીઓના જૂથની આત્મિક જરુરિયાતોની સંભાળ રાખનાર કોઈ વ્યક્તિ" અથવા તો "મંડળીની આત્મિક જરુરિયાતોની કાળજી કરનાર વ્યક્તિ" થાય છે.

(આ પણ જૂઓ: મંડળી, વડીલ, પાળક, ઘેટાંપાળક)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 26:31-32
- 1 તિમોથી 3:1-3
- પ્રેરિતોનાં કૃત્યો 20:28-30
- ઉત્પત્તિ 41:33-34
- ફિલિપ્પી 1:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H5329, H6485, H6496, H7860, H8104, G1983, G1984, G1985

# દેવદાર, દેવદારો

## વ્યાખ્યા:

દેવદાર એક એવા પ્રકારનું વૃક્ષ છે કે જે આખું વર્ષ લીલુછમ રહે છે અને તેને એવા ફળ થાય છે, જેમાં બીજનો સમાવેશ થાય છે.

- દેવદારના વૃક્ષોને “સદાબહાર વૃક્ષો” તરીકે પણ દર્શાવામાં આવ્યા છે.
- પ્રાચીન સમયોમાં, દેવદાર વૃક્ષોના લાકડાને સંગીતના સાધનો અને ઈમારતના માળખા બાંધવા માટે જેવા કે, હોડીઓ, ઘરો, અને મંદિર બનાવવા માટે વાપરવામાં આવતા હતા.
- બાઈબલમાં દેવદારના વૃક્ષોનો ઉલ્લેખ કેટલાક ઉદાહરણોમાં ચીડનું વૃક્ષ (પાઈન), સિડર, સરુનું વૃક્ષ (સાયપ્રેસ), અને જ્યુનિપર તરીકે થયો છે.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: દેવદાર, સરુનું વૃક્ષ/સાયપ્રેસ)

## બાઈબલની કલમો:

- હઝકિયેલ 27:4-5
- યશાયા 27:24-25
- યશાયા 41:19-20
- યશાયા 44:14
- યશાયા 60:12-13
- ગીતશાસ્ત્ર 104:16-18

## શબ્દ માહિતી:

- Strong's: H766, H1265, H1266

# દેશ, દેશો

## વ્યાખ્યા:

દેશ એ કોઈક પ્રકારની સરકાર દ્વારા શાસિત લોકોનો એક મોટો સમૂહ છે. ઘણી વાર દેશના લોકોના એક જ પૂર્વજો હોય છે અને તેઓનો વંશવારસો સમાન હોય છે.

- સામાન્ય રીતે દરેક “દેશ” ની એક સુવ્યાખ્યિત સંસ્કૃતિ અને પ્રાદેશિક સીમાઓ હોય છે.
- બાઇબલમાં, એક “દેશ” એ એક “રાષ્ટ્ર” હોઈ શકે છે જેમ કે ઈજીપ્ત અથવા તો ઈથોપિયા, પણ ઘણી વાર તે બહું સામાન્ય અર્થમાં હોય છે અને ખાસ જ્યારે બહુવચનમાં વપરાય છે ત્યારે તે એક લોકજાતિનો ઉલ્લેખ કરે છે.

તેનો સંદર્ભ તપાસવો બહું જ મહત્ત્વનું છે.

- બાઇબલમાં બીજા ઘણાં દેશોમાં ઇઝરાયલીઓ, પલિસ્તીઓ, આશૂરીઓ, બાબિલ, કનાન, રોમનો, ગ્રીકો વગેરેનો સામાવેશ થાય છે.
- ઘણી વાર “દેશ” શબ્દનો ઉપયોગ કોઈ ખાસ લોકજાતિના પૂર્વજનો ઉલ્લેખ કરવા પ્રતીકાત્મક રીતે કરવામાં આવતો હતો, જેમ કે ઈશ્વરે રીબકાને

આનો અનુવાદ “બે દેશોના સ્થાપકો” અથવા તો “બે લોકજાતિઓના પૂર્વજો” તરીકે કરી શકાય.

- “દેશ” તરીકે જેનો અનુવાદ કરવામાં આવ્યો છે તે શબ્દને ઘણીવાર “વિદેશીઓ (બિન-યહૂદીઓ)” અથવા તો જે લોકો યહોવાની આરાધના કરતા નથી તેઓનો ઉલ્લેખ કરવા વાપરવામાં આવ્યો હતો.

અહીં સંદર્ભ અર્થને સ્પષ્ટ બનાવે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, “દેશ” શબ્દનો અનુવાદ “લોકજાતિ” અથવા તો “પ્રદેશ” તરીકે કરી શકાય.
- જો કોઈ ભાષામાં “દેશ” માટે એવો શબ્દ હોય કે જે આ બીજા શબ્દોથી અલગ હોય તો તે શબ્દને બાઇબલમાં દરેક જગ્યાએ વાપરી શકાય. ફક્ત ધ્યાન એ રાખવાનું કે તે કુદરતી લાગતો હોય અને સંદર્ભ પ્રમાણે ચોક્કસ હોય.
- બહુવચનમાં “દેશો” શબ્દનો અનુવાદ મોટાભાગે “લોકજાતિઓ” તરીકે કરી શકાય.
- અમુક ખાસ સંદર્ભોમાં, આ શબ્દનો અનુવાદ “વિદેશીઓ” અથવા તો “બિન-યહૂદીઓ” તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: આશૂર, બાબિલ, કનાન, બિન-યહૂદી, ગ્રીક, લોકજાતિ, પલિસ્તીઓ, રોમ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 14:15-17
- 2 કાળવૃતાંત 15:6-7
- 2 રાજા 17:11-12
- પ્રેરિતોના કૃત્યો 2:5-7
- પ્રેરિતોના કૃત્યો 13:19-20
- પ્રેરિતોના કૃત્યો 17:26-27
- પ્રેરિતોના કૃત્યો 26:4-5
- દાનિયેલ03:3-5
- ઉત્પત્તિ 10:2-5
- ઉત્પત્તિ 27:29
- ઉત્પત્તિ 35:11-13
- ઉત્પત્તિ 49:10
- લૂક 7:2-5
- માર્ક 13:7-8
- માથ્થી 21:43-44
- રોમનો 4:16-17

## શબ્દ માહિતી:

- Strong's: H249, H523, H524, H776, H1471, H3816, H4940, H5971, G246, G1074, G1085, G1484

# દોડવું, દોડે છે, દોડનાર, દોડનારો, દોડી રહ્યો છે

## વ્યાખ્યા:

“દોડવું” શબ્દનો શબ્દશ:અર્થ “પગ પર ખૂબ ઝડપથી ખસવું”, સામાન્ય રીતે ચાલવાં દ્વારા પૂરું કરી શકાય તે કરતાં પુષ્કળ ગતિથી. “દોડવું” નો મુખ્ય અર્થ તેના સૂચક અભિવ્યક્તિઓમાં પણ નીચે પ્રમાણે ઉપયોગ થાય છે જેમ કે:

- “એવી રીતે દોડવું કે જેથી ઇનામ પ્રાપ્ત થાય”- જેમ દોડમાં જીતવાને માટે દોડવામાં આવે છે તેમ તે જ ખંતથી ઈશ્વરની ઈચ્છા પ્રમાણે કરવામાં મંડ્યા રહેવું તેનો ઉલ્લેખ કરે છે.
- “તમારી આજ્ઞાઓના માર્ગમાં દોડવું”- એટલે કે રાજીખુશીથી અને ઝડપથી ઈશ્વરની આજ્ઞાઓને અધીન થવું.
- “બીજા દેવોની પાછળ દોડવું” એટલે કે બીજા દેવોની પૂજા કરવામાં મંડ્યા રહેવું.
- “હું પોતાને સંતાડવાને માટે તમારી પાસે દોડી આવ્યો” એટલે કે જ્યારે મુશ્કેલ બાબતોનો સામનો કર્યો હોય ત્યારે ઝડપથી ઈશ્વર તરફ આશ્રય અને સુરક્ષાને માટે ફરવું.
- પાણી અને અન્ય પ્રવાહીઓ જેવાં કે આંસુ, રક્ત, પરસેવો, અને નદીઓને “પ્રસરવું” કહેવાય.

તેને “વહેવું” એ પ્રમાણે પણ અનુવાદ કરી શકાય. દેશ અથવા પ્રદેશની સરહદ એક નદી અથવા એક બીજા દેશની સરહદ "સાથે ચાલે છે" તેમ કહેવાય છે. તેનો આમ કહેવા દ્વારા પણ અનુવાદ કરી શકાય કે દેશની સરહદ નદીની અથવા બીજા દેશની “નજીક” છે અથવા તેમ કહેવા દ્વારા કે દેશની “સરહદો” નદી અથવા બીજા દેશની નજીક છે.”

- નદીઓ અને ઝરણાઓ “સુકાઈ જઈ” શકે, તેનો અર્થ કે તેઓ પાસે હવે તેઓમાં પાણી નથી.

તેનું અનુવાદ “સુકાઈ ગયું” અથવા “સુકું થઇ ગયું” પ્રમાણે કરી શકાય.

- પર્વના દિવસો “પૂર્ણ થયાં,” જેનો અર્થ કે તેઓ “પસાર થઇ ગયાં” અથવા “સમાપ્ત થઇ ગયાં” અથવા “પુરા થઇ ગયાં.” *

(આ પણ જુઓ: જુઠ્ઠા દેવ, મંડ્યા રહેવું, આશ્રય, ફરવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથી 6:18
- ગલાતી 2:1-2
- ગલાતી 5:5-8
- ફિલિપ્પી 2:14-16
- નીતિવચન 1:15-17

## શબ્દ માહિતી:

- Strong's: H213, H386, H1065, H1272, H1518, H1556, H1980, H2100, H2416, H3001, H3212, H3332, H3381, H3920, H3988, H4422, H4754, H4794, H4944, H5074, H5127, H5140, H5472, H5756, H6437, H6440, H6544, H6805, H7272, H7291, H7310, H7323, H7325, H7519, H7751, H8264, H8308, H8444, G413, G1377, G1601, G1530, G1532, G1632, G1998, G2027, G2701, G3729, G4063, G4370, G4390, G4890, G4936, G5143, G5240, G5295, G5302, G5343

# દોષાર્થાર્પણ, દોષાર્થાર્પણો

## વ્યાખ્યા:

દોષાર્થાર્પણ એક એવું અર્પણ હતું કે જે જો તેણે આકસ્મિક રીતે કંઈક ખોટું કર્યું હોય તો ઈઝરાએલીએ દેવને આપવું જરૂરી છે, જેવા કે દેવનો અનાદર અથવા કોઈ વ્યક્તિની મિલકતને નુકસાન કર્યું હોય.

- આ અર્પણમાં એક પશુના બલિદાનનો સમાવેશ થાય છે અને સોના અથવા ચાંદીના પૈસા સાથે દંડની ચૂકવણી થાય છે.
- વધુમાં, જે વ્યક્તિએ ગુનામાં જે કર્યું હોય તેનું દરેક નુકસાન ભરવા માટે તે જવાબદાર હોય છે.

(આ પણ જુઓ: દહનાર્પણ, ખાદ્યાર્પણ, બલિદાન, પાપર્થાર્પણ)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 6:3-4
- 2 રાજા 12:15-16
- લેવીય 5:5-6
- ગણના 6:12

## શબ્દ માહિતી:

- Strong's: H817

# દ્રાક્ષ, દ્રાક્ષા, દ્રાક્ષનો વેલો

## વ્યાખ્યા:

દ્રાક્ષ એ નાનું, ગોળ, કોમળ છાલવાળું બોર જેવું ફળ છે કે જે વેલાઓ ઉપર ઝૂમખાંમાં ઊગે છે. દ્રાક્ષાના રસને દ્રાક્ષારસ બનાવવા માટે વાપરવામાં આવે છે.

- દ્રાક્ષ અલગઅલગ રંગોની છે, જેવી કે આછી લીલી, જાંબુડી, અથવા લાલ.
- સામાન્ય રીતે દ્રાક્ષ કદમાં લગભગ એક થી ત્રણ સેન્ટીમીટર હોય છે.
- લોકો દ્રાક્ષને બગીચામાં ઉગાડે છે તેને દ્રાક્ષાવાડીઓ કહેવામાં આવે છે.

જેમાં સામાન્ય રીતે વેલાઓની લાંબી હારમાળા આવેલી હોય છે.

- બાઈબલના સમય દરમ્યાન દ્રાક્ષા એ ખૂબ મહત્વનો ખોરાક હતો અને દ્રક્ષાવાડીઓ હોવી એ સંપત્તિનો સંકેત હતો.
- દ્રાક્ષો સડી ન જાય માટે, મોટેભાગે લોકો તેઓને સુકવી દેતા.

સુકાઈ ગયેલી દ્રાક્ષોને “કિસમિસ” કહેવામાં આવતી, અને તેઓ તેની કિસમિસ કેક બનાવવા ઉપયોગ કરતા હતાં.

- ઈસુએ તેના શિષ્યોને દેવના રાજ્ય વિશે શીખવવા માટે દ્રાક્ષાવાડી વિશેનું દૃષ્ટાંત કહ્યું.

(આ પણ જુઓ: દ્રાક્ષાવેલો, બગીચો, દ્રાક્ષારસ)

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 23:24-25
- હોશિયા 9:10
- અયૂબ 15:31-33
- લૂક 6:43-44
- માથ્થી 7:15-17
- માથ્થી 21:33-34

## શબ્દ માહિતી:

- Strong's: H811, H891, H1154, H1155, H1210, H2490, H3196, H5563, H5955, H6025, H6528, G288, G4718

# દ્રાક્ષવાડી, દ્રાક્ષવાડીઓ

## વ્યાખ્યા:

દ્રાક્ષવાડી એક મોટો બગીચો છે જ્યાં દ્રાક્ષવેલાની વાવણી થાય છે અને દ્રાક્ષની ખેતી થાય છે.

- એક દ્રાક્ષવાડીની આસપાસ ઘણી વાર ચોરો અને પ્રાણીઓથી ફળોનું રક્ષણ કરવા માટે દિવાલ હોય છે.
- ઈશ્વરે ઈસ્રાએલના લોકોને સારા ફળ ન આપનારી એક દ્રાક્ષાવાડી સાથે સરખામણી કરી.

જુઓ: [રૂપક]

- દ્રાક્ષવાડીનું ભાષાંતર "દ્રાક્ષારસનો બગીચો" અથવા "દ્રાક્ષનું વાવેતર" પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: દ્રાક્ષ, ઇસ્રાએલ, વેલો)

## બાઇબલ સંદર્ભો

- ઉત્પત્તિ 9:20-21
- લૂક 13:6-7
- લૂક 20:15-16
- માથ્થી 20:1-2
- માથ્થી 21:40-41

## શબ્દ માહિતી:

- Strong's: H64, H1612, H3657, H3661, H3754, H3755, H8284, G289, G290

# દ્રાક્ષાકુંડ

## વ્યાખ્યા:

બાઇબલના સમયમાં, "દ્રાક્ષાકુંડ" એક વિશાળપાત્ર અથવા ખુલ્લું સ્થળ હતું, જ્યાં દ્રાક્ષનો રસ દ્રાક્ષારસ બનાવવા માટે કાઢવામાં આવતો હતો.

- ઈસ્રાએલમાં, દ્રાક્ષાકુંડો મોટા ભાગે મોટા, વિશાળ ભાગના કે જે સખત ખડકમાંથી ખોદવામાં આવ્યા હતા.

દ્રાક્ષના ઝૂમખાં કાણાંના સપાટ તળિયે મૂકવામાં આવતાં હતાં અને લોકો દ્રાક્ષનો રસ બહાર કાઢવા માટે તેમના પગ તળે દ્રાક્ષને કચડી નાખતા હતા.

- સામાન્ય રીતે દ્રાક્ષાકુંડને બે સ્તરો હતા, ટોચના સ્તરમાં દ્રાક્ષને કચડી નાખવામાં આવે છે, જેથી રસ નીચલા સ્તરે આવે છે જ્યાં તે એકત્રિત થઈ શકે.
- બાઇબલમાં "દ્રાક્ષાકુંડ" શબ્દનો અર્થ દુષ્ટ લોકો પર રેડવામાં આવેલાં ઈશ્વરના કોપના ચિત્ર તરીકે થાય છે.

(જુઓ: રૂપક)

(આ પણ જુઓ: દ્રાક્ષ, ક્રોધ)

## બાઇબલ સંદર્ભો

- યશાયા 63:1-2
- માર્ક 12:1-3
- માથ્થી 21:33-34
- પ્રકટીકરણ 14:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H1660, H3342, H6333, G3025, G5276

# દ્રાક્ષારસ, મશક, મશકો, નવો દ્રાક્ષારસ

## વ્યાખ્યા:

બાઇબલમાં, " દ્રાક્ષારસ " શબ્દનો અર્થ છે દ્રાક્ષના ફળોના રસમાંથી બનાવેલ આથો ચડાવેલું પીણું. દ્રાક્ષારસ ને " મશકો " માં સંગ્રહ કરવામાં આવતો હતો, જે પ્રાણીઓની ચામડીમાંથી બનાવવામાં આવેલી હતી.

- "નવા દ્રાક્ષારસ" શબ્દ દ્રાક્ષના રસનો સંદર્ભ આપે છે જે દ્રાક્ષમાંથી હમણાં જ કાઢવામાં આવ્યો હતો અને જેને હજુ સુધી આથો ચડાવેલો ન હતો. કેટલીકવાર " દ્રાક્ષારસ " શબ્દ પણ આથો ચડાવેલો ન હોય તેવા દ્રાક્ષના રસનો ઉલ્લેખ કરે છે.
- દ્રાક્ષારસ બનાવવા માટે, દ્રાક્ષને એક દ્રાક્ષાકુંડમાં કચડવામાં આવે છે કે જેથી રસ બહાર આવે છે. આ રસને આખરે આથો ચડે છે અને તે દારૂમાં ફેરવાય છે.
- બાઇબલના સમયમાં, દ્રાક્ષારસ ભોજન સાથે સામાન્ય પીણું હતું. હાલના દ્રાક્ષરસમાં દારૂ હોય તેટલો ત્યારના દ્રાક્ષારસમાં ન હતો.
- ભોજન માટે દ્રાક્ષારસ પીરસવામાં આવે તે પહેલાં, ઘણી વખત તેમાં પાણી મિશ્રિત કરવામાં આવતું હતું.
- જે મશક જૂની અને બરડ થઇ ગઇ હતી તેમાં તિરાડો પડી જતી, જેમાંથી દ્રાક્ષારસ બહાર ઢળતો હતો. નવી મશકોમાં નરમ અને લવચીક હતી, જેનો અર્થ છે કે તેઓ સરળતાથી તૂટતી ન હતી અને દ્રાક્ષારસને સુરક્ષિત રાખી શકતી હતી.
- જો દ્રાક્ષારસ તમારી સંસ્કૃતિમાં અજાણ હોય, તો તેને "આથેલો દ્રાક્ષ રસ" અથવા "આથેલું પીણું કે જેને દ્રાક્ષના ફળમાંથી બને છે" અથવા "આથેલા ફળોનો રસ" તરીકે ભાષાંતર કરી શકાય છે. (જુઓ: અજ્ઞાતનું કેવી રીતે ભાષાંતર કરવુ)

મશકનું બીજી રીતે ભાષાંતર “દ્રાક્ષારસ માટેની થેલી” અથવા પ્રાણીઓની ચામડીમાંથી બનાવેલી દ્રાક્ષારસની થેલી” અથવા પ્રાણીઓની ચામડીમાંથી બનાવેલું દ્રાક્ષારસ માટેનું પાત્ર.

(આ પણ જુઓ: દ્રાક્ષ, વેલો, દ્રાક્ષાવાડી, દ્રાક્ષાકુંડ)

## બાઇબલના સંદર્ભો:

- 1 તિમોથી 5:23-25
- ઉત્પત્તિ 9:20-21
- ઉત્પત્તિ 49:11-12
- યોહાન 2:3-5
- યોહાન 2:9-10
- માથ્થી 9:17
- માથ્થી 11:18-19

પીસવું

## શબ્દ માહિતી:

- Strong's: H2561, H2562, H3196, H4469, H4997, H5435, H6025, H6071, H8492, G1098, G3631, G3820, G3943

# દ્વાર, દ્વારો, દરવાજાના ભૂંગળો, દ્વારપાળ, દ્વારપાળો, દ્વારસ્તંભો, પ્રવેશદ્વાર, પ્રવેશદ્વારો,

## વ્યાખ્યા:

"દ્વાર" એ પ્રવેશદ્વાર આગળ રહેલો અને મિજાગરા પર ફરતો એક અવરોધરૂપ બારણું છે કે, જે ઘર અથવા શહેરની આસપાસ, અને દિવાલ સાથે જોડાયેલ હોય છે. "આગળો" એ લાકડાનો અથવા ધાતુનો આગળો કે જે દ્વારને બંધ કરવા માટે ખસેડી શકાય છે.

- શહેરનું દ્વાર લોકો, પ્રાણીઓ, અને માલને શહેરની અંદર અને બહાર જવા માટે ખોલવામાં આવતું હતું.
- શહેરનું રક્ષણ કરવા માટે, તેની દિવાલો અને દ્વારો જાડા અને મજબૂત રાખવામાં આવતા હતા.

દ્વારોને ધાતુ અથવા લાકડાના આગળાથી બંધ કરી અને તાળા મારવામાં આવતા હતા જેથી શત્રુ સિપાઈઓને શહેરમાં પ્રવેશ કરતાં અટકાવી શકાય.

- મોટેભાગે શહેરનું દ્વાર સમાચારો માટે અને ગામનું સામાજિક કેન્દ્ર હતું.

દિવાલો પ્રવેશદ્વાર સખત જાડી રહેતી કે જેથી સૂર્યની ગરમીથી બચીને ઠંડો છાંયો ઉત્પન્ન થાય, તેને કારણે તે જગ્યા પર ધંધાની લેવડદેવડ અને ચુકાદો પણ આપવામાં આવતો હતો. નાગરિકોને તે છાંયામાં બેસીને તેઓનો વ્યવસાય કરવાનું અને કાનૂની કિસ્સાઓનો ન્યાય કરવાનું સુખદ લાગતું હતું.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, "દ્વાર" શબ્દનું બીજી રીતે ભાષાંતર, "બારણું" અથવા "દીવાલની અંદર પ્રવેશ કરવાનું દ્વાર" અથવા "અવરોધ" અથવા "પ્રવેશ માર્ગ" કરી શકાય છે.
- "દ્વારના આગળાઓ" શબ્દસમૂહનું ભાષાંતર, "દ્વારની કળ" અથવા "દ્વારને બંધ કરવા માટે લાકડાના મોભ" અથવા "દ્વારને બંધ કરવાના ધાતુના સળિયા" તરીકે (ભાષાંતર) કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 9:23-25
- પ્રેરિતો 10:17-18
- પુનર્નિયમ 21:18-19
- ઉત્પત્તિ 19:1-3
- ઉત્પત્તિ 24:59-60
- માથ્થી 7:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H1817, H5592, H6607, H8179, H8651, G2374, G4439, G4440

# ધકેલવું, દબાવવું, ધકેલ્યું, ધકેલતા

## વ્યાખ્યા:

“ધકેલવું” શબ્દનો શાબ્દિક અર્થ બળપ્રયોગ દ્વારા કોઈ વસ્તુને ભૌતિક રીતે ખસેડવી એવો થાય છે. આ શબ્દના કેટલાક પ્રતિકાત્મક અર્થો પણ છે.

- “ધકેલી કાઢવું” અભિવ્યક્તિનો અર્થ “નકાર કરવો” અથવા “મદદ કરવાનો ઇનકાર કરવો” પણ થઈ શકે છે.
- “નીચે દબાવવું” નો અર્થ “જુલમ કરવો” અથવા તો “સતાવવું” અથવા તો “હરાવવું” થઈ શકે છે.

તેનો અર્થ એ પણ થઈ શકે કે કોઈ વ્યક્તિને શાબ્દિક અર્થમાં જમીન સુધી દબાવવામાં આવી રહી છે.

- “કોઈને બહાર ધકેલી કાઢવા” નો અર્થ કોઇ વ્યક્તિથી “છૂટકારો પામવો” અથવા તો “દૂર મોકલી દેવી” એવો થાય છે.
- “આગળ ધકેલે રાખવું” અભિવ્યક્તિનો અર્થ કોઈ બાબત સાચી કે સુરક્ષિત છે કે નહિ તેની ખાતરી કર્યા વગર તેની પાછળ પડવું કે તે બાબત કરે રાખવી એવો થાય છે.

(આ જૂઓ: જુલમ કરવો, સતાવવું, નકારવું)

## બાઇબલના સંદર્ભો:

## શબ્દ માહિતી:

- Strong's: H1556, H1760, H3276, H3423, H5055, H5056, H5186, H8804, G683, G4261

# ધનુષ્ય અને બાણ, ધનુષ્યો અને બાણો

## વ્યાખ્યા:

આ એક પ્રકારનું હથિયાર કે જે તારના ધનુષ્યમાંથી બાણ છોડવા બનાવેલું છે. બાઈબલના સમયોમાં તેનો વપરાશ દુશ્મનોની વિરુદ્ધ લડવા અને પશુઓના ભક્ષ માટે થતો હતો.

- ધનુષ્ય લાકડું, હાડકા, અથવા ધાતુ અથવા બીજી કઠણ સામગ્રી, જેવી કે સાબરના શિંગુંમાંથી બનાવેલું હોય છે.

તેનો વક્ર આકાર અને દોરી, દોરડું, અથવા વેલા સાથે મજબૂત રીતે બાંધેલું હોય છે.

- બાણને પાતળો દાંડો અને છેડા પર ધારદાર અણીદાર માથું હોય છે.

પ્રાચીન સમયોમાં, બાણો વિવિધ સામગ્રી જેવી કે લાકડું, હાડકું, પત્થર, અથવા ધાતુમાંથી બનાવામાં હશે.

- ધનુષ્યો અને બાણો સામાન્ય રીતે પારધી અને યોદ્ધા દ્વારા વાપરવામાં આવે છે.
- બાઈબલમાં "ધનુષ્ય" શબ્દનો ઉપયોગ ક્યારેક રૂપકાત્મક રીતે કરાયો છે, જેમકે દુશ્મનના હુમલા અથવા દૈવી ન્યાય દર્શાવવા માટે વપરાયો છે.

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 21:14-16
- હબ્બાકૂક 3:9-10
- અયુબ 29:20-22
- યર્મિયાનો વિલાપ 2:3-4
- ગીતશાસ્ત્ર 58:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H2671, H7198, G5115

# ધીરજવાન, ધૈર્યથી, ધીરજ, અધીરું

## વ્યાખ્યા:

"ધીરજવાન" અને "ધીરજ" શબ્દો મુશ્કેલ પરિસ્થિતિઓમાં દ્રઢ રહેવાનો ઉલ્લેખ કરે છે. ધીરજમાં ઘણીવાર રાહ જોવાની બાબત સમાયેલી હોય છે.

- જ્યારે લોકો કોઈક વ્યક્તિ માટે ધીરજ રાખે છે ત્યારે તેનો અર્થ થાય છે કે તેઓ તે વ્યક્તિને પ્રેમ કરે છે અને તે વ્યક્તિમાં જે કંઇ દોષ છે તેને માફ કરે છે.
- ઈશ્વરના લોકો જ્યારે મુશ્કેલીઓનો સામનો કરે છે ત્યારે તેઓને ધીરજવાન થવા અને એકબીજા સાથે ધીરજવાન થવા બાઇબલ શીખવે છે.
- જો કે લોકો પાપી હોવાને કારણે શિક્ષાને પાત્ર છે તો પણ, ઈશ્વર તેમની દયાને કારણે તેઓ પ્રત્યે ધીરજવાન છે.

(આ પણ જૂઓ: સહેવું, માફ કરવું, દ્રઢ રહેવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 પિતર 3:18-20
- 2 પિતર 3:8-9
- હિબ્રૂ 6:11-12
- માથ્થી 18:28-29
- ગીતશાસ્ત્ર 37:7
- પ્રકટીકરણ 2:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H750, H753, H2342, H3811, H6960, H7114, G420, G463, G1933, G3114, G3115, G3116, G5278, G5281

# ધૂપ, ધૂપ કરવો

## વ્યાખ્યા:

“ધૂપ” શબ્દ મસાલાની સુવાસના મિશ્રણને દર્શાવે છે કે જેને બાળવાથી જે ધુમાડો પેદા થાય છે, તેની સુવાસ સુખદ હોય.

- દેવે ઈઝરાએલીઓને તેને અર્પણ કરવા માટે ધૂપ બાળવાનું કહ્યું (હતું).
- દેવે જે ચોક્કસરીતે નિર્દેશિત કર્યા, તે રીતે પાંચ વિશેષ મસાલાને સરખા પ્રમાણમાં મેળવીને ધૂપને બનાવવામાં આવતો હતો.

આ પવિત્ર ધૂપ હતો, જેથી તેઓને તેની બીજા કોઈ હેતુ માટે વાપરવાની પરવાનગી નહોતી.

- “ધૂપની વેદી” એ ખાસ વેદી હતી કે જેનો ઉપયોગ ફક્ત ધૂપ બાળવા માટે કરવામાં આવતો હતો.
- પ્રાર્થનાના દરેક કલાકમાં ઓછામાં ઓછો દિવસમાં ચાર વખત ધૂપ ચઢાવવામાં આવતો હતો.

તે દરેક સમયે જયારે દહનાર્પણ અર્પણ કરવામાં આવતું, ત્યારે તે (ધૂપ) ચઢાવવામાં આવતો હતો.

- ધૂપ બાળવો તે દેવ પ્રત્યેની તેના લોકોની પ્રાર્થના અને સ્તુતિને રજૂ કરે છે તે (દેવ પાસે) ઉપર જાય છે.
- “ધૂપ” શબ્દના વિવિધ ભાષાંતરમાં, “મસાલાની સુવાસ” અથવા “સારી સુગંધ આપનારાં છોડવા,” જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: ધૂપની વેદી, દહનાર્પણ, લોબાન)

## બાઈબલની કલમો:

- 1 રાજા 3:1-3
- 2 કાળવૃતાંત 13:10-11
- 2 રાજા 14:4-5
- નિર્ગમન 25:3-7
- લૂક 1:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H2553, H3828, H4196, H4289, H5208, H6988, H6999, H7002, H7004, H7381, G2368, G2369, G2370, G2379, G3031

# ધૂપનીવેદી , ધૂપવેદી

## સત્યો:

ધૂપવેદી એ કોઈ બનાવેલું માળખું (રાચરચીલું) હતું કે જેના ઉપર યાજક દેવને બલિદાન તરીકે ધૂપ બાળી અર્પણ કરતો.

તે સોનાની વેદી તરીકે પણ ઓળખતી હતી.

- ધૂપની વેદી લાકડાંની બનેલી હતી, અને તેની ટોચ અને બાજુઓ સોનાથી ઢાંકેલી હતી.

તે લગભગ અડધો મીટર લાંબી, અડધો મીટર પહોળી અને એક મીટર ઊંચી હતી.

- સૌ પ્રથમ તેને મુલાકાત મંડપમાં રાખવામાં આવી હતી.

પછી તેને મંદિરમાં રાખવામાં આવી હતી.

- દરરોજ સવારે અને સાંજે યાજક તેની ઉપર ધૂપ બળતા હતા.
- એનું ભાષાંતર એ રીતે કરી શકાય એટલે કે “ધૂપ બાળવા માટેની વેદી” અથવા “સોનાની વેદી” અથવા “ધૂપ બાળવાનું” અથવા “ધૂપની મેજ.”

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: ધૂપ)

## બાઈબલની કલમો:

- લૂક 1:11-13

## શબ્દ માહિતી:

- Strong's: H4196, H7004, G2368, G2379

# ધૈર્ય રાખવું, દ્રઢતા

## વ્યાખ્યા:

"ધૈર્ય રાખવું" તથા "દ્રઢતા" શબ્દો, જો કે કોઈ બાબત ખૂબ જ મુશ્કેલ હોય કે લાંબો સમય લે તો પણ તે કરવાનું ચાલું રાખવુંનો ઉલ્લેખ કરે છે.

- ધૈર્ય રાખવુંનો અર્થ એ પણ થઈ શકે કે, જો કે મુશ્કેલ કસોટીઓમાંથી કે સંજોગોમાંથી પસાર થતા હોઈએ તો પણ ખ્રિસ્તની જેમ વ્યવહાર કરતા રહેવું.
- જો કોઈ વ્યક્તિ પાસે "દ્રઢતા" છે તો તેનો અર્થ એ થાય છે કે, કઇંક કરવું પીડાકારક કે મુશ્કેલ હોય તો પણ વ્યક્તિએ જે કરવું જોઈએ તે કરવા તે સક્ષમ છે.
- ખાસ કરીને જ્યારે ખોટા શિક્ષણનો સામનો કરતા હોઈએ ત્યારે, ઈશ્વર જે શીખવે છે તેમાં સતત વિશ્વાસ કરવો, દ્રઢતા માંગી લે છે, .
- "જિદ્દી" જેવો શબ્દ ન વાપરવાની કાળજી રાખો કે જેમાં સામાન્યપણે નકારાત્મક અર્થ રહેલો છે.

(આ પણ જૂઓ: ધીરજવાન, કસોટી)

## બાઈબલના સંદર્ભો:

- ક્લોસ્સી 1:11-12
- એફેસી 6:17-18
- યાકૂબ 5:9-11
- લૂક 8:14-15

## શબ્દ માહિતી:

- Strong's: G3115, G4343, G5281

# ધ્રૂજવું, ધ્રૂજે છે, ધ્રુજયો, ધ્રુજતો

## વ્યાખ્યા:

"ધ્રુજારી" એટલે ભય અથવા ભારે તકલીફમાંથી હલવું અથવા તૂટવું.

- આ શબ્દનો અર્થ પણ "ખૂબ જ ભયભીત હોવું" થાય છે.
- ક્યારેક જ્યારે જમીન હચમચે છે ત્યારે તેને "ધ્રુજવું" કહે છે.

તે ભૂકંપ દરમિયાન અથવા ઘોંઘાટના અવાજને કારણે આ કરી શકે છે.

- બાઇબલ જણાવે છે કે ઈશ્વરની હાજરીમાં પૃથ્વી ધ્રૂજશે.

આનો અર્થ એમ થઈ શકે કે પૃથ્વીના લોકો ઈશ્વરના ડરથી ધ્રુજશે. અથવા પૃથ્વી પોતે ધ્રુજશે.

- આ શબ્દનું ભાષાંતર સંદર્ભના આધારે "ભયભીત" અથવા "ઈશ્વરથી ડર" અથવા "હચમચવું" તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: પૃથ્વી, ભય, ઈશ્વર)

## બાઇબલના સંદર્ભો:

- 2 કોરિંથી 7:15-16
- 2 શમુએલ 22:44-46
- પ્રેરિતોનાં કૃત્યો 16:29-31
- યર્મિયાહ 5:20-22
- લુક 8:47-48

## શબ્દ માહિતી:

- Strong's: H1674, H2111, H2112, H2151, H2342, H2648, H2729, H2730, H2731, H5128, H5568, H6342, H6426, H6427, H7264, H7268, H7269, H7322, H7460, H7461, H7478, H7481, H7493, H7578, H8078, H8653, G1719, G1790, G5141, G5156, G5425

# નકાર કરવો, નકાર્યું, નામંજૂરી

## વ્યાખ્યા:

કોઈક વ્યક્તિ કે વસ્તુનો “નકાર કરવા” નો અર્થ, તે વ્યક્તિ કે વસ્તુને સ્વીકારવાનો ઇનકાર કરવો, થાય છે.

- “નકાર કરવો” શબ્દનો અર્થ “માં વિશ્વાસ કરવાનો ઇનકાર કરવો” પણ થઈ શકે છે.
- ઈશ્વરનો નકાર કરવાનો અર્થ, તેમનું આજ્ઞાપાલન કરવાનો ઇનકાર કરવો, થાય છે.
- જ્યારે ઈઝરાયલીઓએ મૂસાની આગેવાનીનો નકાર કર્યો ત્યારે, તેનો અર્થ એ થયો કે તેઓ તેના અધિકાર વિરુદ્ધ બળવો કરતા હતા. તેઓ તેનું આજ્ઞાપાલન કરવા ઈચ્છતા નહોતા.
- જ્યારે ઈઝરાયલીઓએ જૂઠા દેવોની પૂજા કરે ત્યારે તેઓએ દર્શાવ્યું કે તેઓ ઈશ્વરનો નકાર કરતા હતા.
- આ શબ્દનો શાબ્દિક અર્થ “ધકેલી કાઢવું” થાય છે. બીજી ભાષાઓમાં આવી જ અભિવ્યક્તિ હોય શકે કે જેનો અર્થ, કોઈક વ્યક્તિ કે વસ્તુ પર વિશ્વાસ કરવાનો નકાર કરવો, થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, “નકાર કરવો” શબ્દનો અનુવાદ “અસ્વીકાર કરવો” અથવા તો “મદદ કરવાનું બંધ કરવું” અથવા તો “આજ્ઞા પાળવાનો ઇનકાર કરવો” અથવા તો “આજ્ઞાપાલન બંધ કરવું” તરીકે પણ કરી શકાય.
- “બાંધનારાઓએ જે પથ્થરનો નકાર કર્યો” અભિવ્યક્તિમાં, “નકાર કર્યો” શબ્દનો અનુવાદ “ઉપયોગ કરવાનો ઇનકાર કર્યો” અથવા તો “અસ્વીકાર કર્યો” અથવા તો “ફેંકી દીધો” અથવા તો “નકામો ગણીને દૂર કર્યો” તરીકે કરી શકાય.
- જે લોકોએ ઈશ્વરની આજ્ઞાઓને નકારી, તે સંદર્ભમાં, નકાર્યાનો અનુવાદ તેમની આજ્ઞાઓ “પાળવાનો ઇનકાર કર્યો” અથવા તો “હઠીલા થઈને ઈશ્વરના નિયમોનો સ્વીકાર ના કરવાનું પસંદ કર્યું” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: આજ્ઞા, આજ્ઞા ન પાળવી, આજ્ઞા પાળવી, હઠીલું)

## બાઈબલના સંદર્ભો:

- ગલાતી 4:12-14
- હોશિયા 4:6-7
- યશાયા 41:8-9
- યોહાન 12:48-50
- માર્ક 7:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H947, H959, H2186, H2310, H3988, H5006, H5034, H5186, H5203, H5307, H5541, H5800, G96, G114, G483, G550, G579, G580, G593, G683, G720, G1609, G3868

# નમવું, નમે છે, નમ્યા, નમવું, આગળ નમવું, આગળ નમે છે, નમી પડવું, નમી પડે છે.

## વ્યાખ્યા:

નમવું શબ્દનો અર્થ, નમ્રતાપૂર્વક આદર વ્યક્ત કરવા આગળ વળવું અને કોઈકને માન આપવું. "નીચા નમવું" શબ્દનો અર્થ, આગળ વાંકા વળવું અથવા મોટેભાગે જમીન તરફ ચહેરો રાખીને હાથો સાથે ઘુંટણે પડવું.

- બીજી અભિવ્યક્તિમાં "ઘુંટણ વાળવા" નો સમાવેશ (જેનો અર્થ, નમવું) અને "માથું નમાવવું" (જેનો અર્થ, નમ્રતાપૂર્વકના આદરથી દુઃખ સાથે માથું નમાવવું).
- નીચા નમવું તે તકલીફ અથવા વિલાપનું લક્ષણ પણ હોઈ શકે છે.

"નીચા કરવામાં આવ્યા" એટલે કે જેને નીચો દરજ્જો આપવામાં આવ્યો હોય.

- મોટેભાગે કોઈ વ્યક્તિ કે જે ઉંચો હોદ્દો ધરાવતા હોય તેમની હાજરીમાં લોકો નમે છે, જેમકે રાજાઓ અને બીજા શાસકોને કે જેમની પાસે વધારે મહત્વતા હોય છે.
- દેવની આગળ નમવું તે તેની આગળની ઉપાસનાની અભિવ્યક્તિ દર્શાવે છે.
- બાઈબલમાં, લોકો ઇસુની આગળ નમ્યા, કે જયારે તેઓને લાગ્યું કે તેના ચમત્કારો અને તેનું શિક્ષણ દેવ પાસેથી આવ્યું છે.
- બાઈબલ કહે છે કે જયારે ઈસુ કોઈક દિવસે પાછો આવે છે, ત્યારે દરેક ઘુંટણ નમીને તેની આરાધના કરશે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર કોઈક શબ્દ અથવા વાક્યથી કરી શકાય જેનો અર્થ, "આગળ નમવું" અથવા "માથું નમાવવું" અથવા "ઘુંટણે પડવું" એમ થાય છે.
- "વાંકા વળવું" શબ્દનું ભાષાંતર, "ઘુંટણે પડવું" અથવા "સાષ્ટ્નંગ દડ્વંત પ્રણામ કરવા" એમ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, કેટલીક ભાષાઓમાં આ શબ્દનું ભાષાંતર એક કરતા વધારે રીતે થઇ શકે છે.

(આ પણ જુઓ: નમ્ર, આરાધના)

## બાઈબલની કલમો:

- 2 રાજા 5:17-19
- નિર્ગમન 20:4-6
- ઉત્પત્તિ 24:26-27
- ઉત્પત્તિ 44:14-15
- યશાયા 44:19
- લૂક 24:4-5
- માથ્થી 2:11-12
- પ્રકટીકરણ 3:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H86, H3721, H3766, H5186, H5753, H5791, H6915, H7743, H7812, H7817, G1120, G2578, G2827, G4098, G4781, G4794

# નાગરિક, નાગરિકો, નાગરિકતા

## વ્યાખ્યા:

નાગરિક એ વ્યક્તિ છે કે જે કોઈક ચોક્કસ શહેર, દેશ, અથવા રાજ્યમાં રહે છે. તે એવો વ્યક્તિ છે કે જે વિશેષ કરીને સરકારી રાહે તે સ્થળનો કાનૂની રહીશ તરીકે ઓળખાય છે.

- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર “રહેવાસી” અથવા “સરકારી રહેવાસી” તરીકે પણ કરી શકાય.
- નાગરિક જેમાં તે રહે છે તેના મોટા ભાગના રાજ્યનો અથવા સામ્રાજ્યનો હિસ્સો રાજા, સમ્રાટ અથવા અન્ય શાસક દ્વારા સંચાલિત થતો હોય.

ઉદાહરણ તરીકે, પાઉલ રોમન સામ્રાજ્યનો વતની હતો, જેમાં ઘણા અલગ અલગ પ્રાંતોનો સમાવેશ થાય છે, પાઉલ તે પ્રાંતોમાંના એકમાં રહેતો હતો.

- રૂપકાત્મક અર્થમાં, ઈસુમાં માનનારાઓને સ્વર્ગના “નાગરિકો” એ અર્થમાં કહેવામાં આવ્યા છે કે એક દિવસ તેઓ ત્યાં રહેશે.

દેશના નાગરિકની જેમ, ખ્રિસ્તીઓ દેવના રાજ્યના છે.

( જુઓ: રાજ્ય, પાઉલ, પ્રાંત, રોમ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 21:39-40
- યશાયા 3:1-3
- લૂક 15:15-16
- લૂક 19:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H6440, G4175, G4177, G4847

# નાશ, નાશ કરે છે, નાશ પામેલું, વિનાશક, વિનાશકો, વિનાશ કરનારું

## વ્યાખ્યા:

કંઇક વસ્તુનો નાશ કરવો એટલે તેનો સંપૂર્ણપણે અંત લાવવો, જેથી તે અસ્તિત્વમાં ન રહે.

- "વિનાશક" શબ્દનો વાસ્તવિક અર્થ, "વ્યક્તિ કે જે નાશ કરે છે."
- મોટેભાગે આ શબ્દ જૂના કરારમાં કોઇપણ કે જે બીજા લોકોનો નાશ કરે, જેમકે કોઈ લશ્કર આક્રમણથી નાશ કરે, તેના સામાન્ય ઉલ્લેખ માટે આ શબ્દ વાપરવામાં આવ્યો છે.
- જયારે દેવે મિસરના પ્રથમ જનિત પુરુષોને મારવા માટે દૂતને મોકલ્યો, ત્યારે તે દૂતને "પ્રથમ જનિતના વિનાશક" તરીકે દર્શાવવામાં આવ્યો હતો.

તેનું ભાષાંતર, "એક (અથવા દૂત) કે જેણે પ્રથમ જનિત પુરુષોને મારી નાખ્યા," તરીકે કરી શકાય છે.

- પ્રકટીકરણના પુસ્તકમાં અંતના સમયો વિશે, શેતાન અથવા અન્ય બીજા દુષ્ટ આત્માઓને "વિનાશક" કહેવામાં આવ્યા છે.

તે એક છે "કે જે નાશ કરે છે" કારણકે તેનો હેતુ દેવે જે બનાવ્યું છે તે બધાંનો વિનાશ કરવાનો છે.

(આ પણ જુઓ: દૂત, મિસર, પ્રથમ જનિત, પાસ્ખા પર્વ)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 12:23
- હિબ્રૂ 11:27-28
- યર્મિયા 6:25-26
- ન્યાયાધીશો 16:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H6, H7, H622, H398, H1104, H1197, H1820, H1942, H2000, H2015, H2026, H2040, H2254, H2255, H2717, H2718, H2763, H2764, H3238, H3341, H3381, H3423, H3582, H3615, H3617, H3772, H3807, H4191, H4199, H4229, H4591, H4889, H5218, H5221, H5307, H5362, H5420, H5422, H5428, H5595, H5642, H6789, H6979, H7665, H7667, H7703, H7722, H7760, H7843, H7921, H8045, H8074, H8077, H8316, H8552, G355, G396, G622, G853, G1311, G1842, G2049, G2506, G2507, G2647, G2673, G2704, G3089, G3645, G4199, G5351, G5356

# નિંદા અથવા ચુગલી કરવી, ચુગલી કરે છે, ચુગલીખોર, કૂથલી કરવી

## વ્યાખ્યા:

"ચુગલી" શબ્દ કોઈ બીજાની વ્યક્તિગત બાબતો વિશે અન્ય લોકોને વાત કરવી, સામાન્ય રીતે નકારાત્મક અને અનુત્પાદક રીતે વાત કરવી તેને દર્શાવે છે. મોટેભાગે જેના વિશે વાત કરવામાં આવી રહી છે તે સાચું છે તેની ખાતરી હોતી નથી.

- બાઈબલ કહે છે કે લોકો વિશે નકારાત્મક માહિતી ફેલાવવી તે ખોટું છે.

કૂથલી અને નિંદા આ પ્રકારના નકારાત્મક શબ્દો/ભાષાના ઉદાહરણો છે.

- વ્યક્તિ વિશે થયેલી કૂથલી હાનિકારક છે કારણકે મોટેભાગે તે અન્ય લોકો સાથેના બીજાના સંબંધોને હાનિ પહોંચાડે છે.

(આ પણ જુઓ: નિંદા)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 5:11-13
- 2 કંરિથી 12:20-21
- લેવીય 19:15-16
- નીતિવચન 16:27-28
- રોમન 1:29-31

## શબ્દ માહિતી:

- Strong's: H5372, G2636, G5397

# નિંદા, નિંદા કરનારા, -નું ભૂંડું બોલવું, અપમાન કરવું

## વ્યાખ્યા:

નિંદાએ નકારાત્મક, બીજી વ્યક્તિ માટે બદનામકારક બોલવામાં (લખાણમાં નહિ) આવે તેને સમાવિષ્ટ કરે છે. કોઈકના વિષે તેવી બાબતો બોલવી (તેઓને લખવી નહિ) એટલે કે તે વ્યક્તિની નિંદા કરવી. જે વ્યક્તિ આવી બાબતો બોલે છે તે નિંદા કરનાર છે.

- નિંદાએ ખરો અહેવાલ હોય અથવા ખોટો આરોપ હોય, પરંતુ તેની અસર બીજી વ્યક્તિઓને, જેની નિંદા કરવામાં આવી છે તેને વિષે નકારત્મક વિચારતા કરવાની છે.
- “નિંદા કરવી” નું અનુવાદ “ની વિરુદ્ધ બોલવું” અથવા “દુષ્ટ અહેવાલ ફેલાવવો” અથવા “બદનામ” એમ કરી શકાય.
- નિંદા કરનારને “બાતમીદાર” અથવા “ભાષણ વાહક” પણ કહેવાય.

(આ પણ જુઓ: દુર્ભાષિણ કરવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથીઓ 4:12-13
- 1 તિમોથી 3:11-13
- 2 કરિંથીઓ 6:8-10
- માર્ક 7:20-23

## શબ્દ માહિતી:

- Strong's: H1681, H1696, H1848, H3960, H5006, H5791, H7270, H7400, H8267, G987, G988, G1228, G1426, G2636, G2637, G3059, G3060, G6022

# નિમ્ન, નીચુ, નિમ્નતા

## વ્યાખ્યા:

"નિમ્ન" અને "નિમ્નતા" શબ્દો ગરીબ અથવા નીચી સ્થિતિ હોવાનો ઉલ્લેખ કરે છે. નિમ્ન હોવાનો અર્થ નમ્ર હોવાનો અર્થ પણ હોઈ શકે છે.

- ઈસુએ મનુષ્ય બનવાના અને બીજાઓની સેવા કરવાના નિમ્ન પદ સુધી પોતાને નમ્ર કર્યા.
- તેમનો જન્મ નિમ્ન હતો કારણ કે તેમનો જન્મ મહેલમાં નહીં પણ જ્યાં પ્રાણીઓને રાખવામાં આવ્યા હતા એવા સ્થળે થયો હતો.
- નમ્ર વલણ ગર્વનું વિરોધી વલણ છે.
- "નિમ્ન"નું ભાષાંતર કરવાની રીતમાં "નમ્ર" અથવા "નીચા દરજ્જાનું" અથવા "બિનમહત્વપૂર્ણ" શામેલ હોઈ શકે છે.
- "નિમ્નતા" શબ્દનો અનુવાદ "વિનમ્રતા" અથવા "ઓછું મહત્વ" પણ થઈ શકે છે.

(આ પણ જુઓ: નમ્ર, ગર્વ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 20:17-21
- હઝકિયેલ 17:13-14
- લુક 1:48-49
- રોમન 12:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H6041, H6819, H8217, G5011, G5012, G5014

# નિર્દોષ, દોષમુક્ત કરવું, નિર્દોષ જાહેર કરાયેલું

## વ્યાખ્યા:

"નિર્દોષ" શબ્દનો અર્થ એમ થાય છે કે ઔપચારિક રીતે જાહેર કરવું કે જે તે વ્યક્તિ ગેરકાયદે કામ અથવા અનૈતિક વર્તનથી મુક્ત છે.

- બાઈબલમાં આ શબ્દનો ઉપયોગ અમુકવાર જ્યારે કોઈ પાપીને માફી આપવામાં આવે છે ત્યારે કરવામાં આવ્યો છે.
- મોટા ભાગના સંદર્ભમાં બાઈબલ આ શબ્દનો ઉપયોગ જયારે ભૂંડા અથવા ઈશ્વરની વિરુદ્ધ બળવાખોર વ્યક્તિને નિર્દોષ જાહેર કરવામાં આવે છે ત્યારે વાપરવામાં કરવામાં આવ્યો છે.
- આ શબ્દ "નિર્દોષ જાહેર કરવું" અથવા "ન્યાય થયેલ પણ નિર્દોષ જાહેર કરાયેલ" થઇ શકે છે.

(જુઓ: માફી, દોષ, પાપ)

## બાઈબલની કલમો:

- પુર્નનિયમ 25:1-2
- નિર્ગમન 21:28-30
- નિર્ગમન 23:6-9
- યશાયા 5:22-23
- અયૂબ 10:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H3444, H5352, H5355, H6403, H6663

# નિસાસો, નિસાસો નાંખવો, નિસાસો નાખતા કહેવું, કણવું, આહ ભરવી

## વ્યાખ્યા:

“નિસાસો નાંખવો” શબ્દ નીચા અવાજમાં ઊંડો નિસાસો દર્શાવે છે, કે જે શારીરિક અથવા ભાવનાત્મક તકલીફ દ્વારા થાય છે. તે કોઈપણ અવાજ વિનાના શબ્દો પણ હોઈ શકે છે.

- દુઃખની લાગણીને કારણે વ્યક્તિ નિસાસો નાખી શકે છે.
- કણવું એ ભયંકર લાગણી, દમનકારી બોજાને કારણે પણ થઈ શકે છે
- બીજી રીતે “નિસાસો” શબ્દનું ભાષાંતર કરવામાં આવે તો તેમાં, “ધીમેથી રડવાનું દર્દ આપવું” અથવા “ઊંડી વ્યથા થવી” જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.
- સંજ્ઞા તરીકે, તેનું ભાષાંતર, “ધીમેથી રડવાની તકલીફ” અથવા “પીડાનો ઊંડો કલરવ” તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: રડવું)

## બાઈબલની કલમો:

- 2 કંરિથી 5:1-3
- હિબ્રૂ 13:15-17
- અયૂબ 23:1-2
- ગીતશાસ્ત્ર 32:3-4
- ગીતશાસ્ત્ર 102:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H584, H585, H602, H603, H1901, H1993, H5008, H5009, H5098, H5594, H7581, G1690, G4726, G4727, G4959

# ની સાથે સંબંધ હતો, પ્રેમાલાપ, ની સાથે સુવું, ની સાથે સુએ છે, ની સાથે સુઈ ગયા, ની સાથે સુઈ રહ્યા છે

## વ્યાખ્યા:

બાઇબલમાં, આ શબ્દો પરોક્ષ શબ્દો છે જે જાતીય સંભોગનો ઉલ્લેખ કરે છે. (જુઓ: પરોક્ષ શબ્દ)

- સામાન્ય રીતે કોઈક "ની સાથે સુવું" અભિવ્યક્તિ એ તે વ્યક્તિ સાથે જાતીય સંબંધો હોવાનો ઉલ્લેખ કરે છે.

તેનું ભૂતકાળ "ની સાથે સુઈ ગયા" એમ થાય છે.

- જુના કરારના "ગીતોના ગીત" પુસ્તકમાં, યુ.એલ.બી. “પ્રેમ" ના અનુવાદ માટે “પ્રેમાલાપ" શબ્દ વાપરે છે, જે તેના અનુસંધાનમાં જાતીય સંબંધોનો ઉલ્લેખ કરે છે.

આ શબ્દ "પ્રેમ કરો" અભિવ્યક્તિ સાથે સંબંધિત છે.

## અનુવાદ માટેના સૂચનો:

- કેટલીક ભાષાઓ આ શબ્દો માટે જુદી જુદી અભિવ્યક્તિઓ તેમાં સામેલ કોઈ પરિણીત યુગલ છે કે પછી તેઓ અન્ય કોઈ સંબંધમાં છે તેના આધારે અલગ અલગ સંદર્ભોમાં વાપરે છે.

આ શબ્દોનું અનુવાદ દરેક સંદર્ભમાં સાચો અર્થ બતાવે તેની ખાતરી કરવી ઘણી મહત્વપૂર્ણ છે.

- સંદર્ભને આધારે, “ની સાથે સુવું" અભિવ્યક્તિનો ઉપયોગ."ની સાથે જાતીય સંભોગ કરવો" અથવા "પ્રેમ કરવો" અથવા "ની સાથે ઘનિષ્ઠ હોવું" ના અનુવાદ કરવા માટે કરી શકાય.
- “ની સાથે સંબંધમાં હોવું" ને બીજી રીતે "ની સાથે જાતીય સંબંધો હોવા" અથવા "ની સાથે વૈવાહિક સંબંધો હોવા" અનુવાદ કરી શકાય.
- “પ્રેમાલાપ" શબ્દનો અનુવાદ "પ્રેમાળ" અથવા "આત્મીયતા"એમ પણ કરી શકાય.

અથવા કોઈ એવી અભિવ્યકિત હોઇ શકે જે સ્થાનિક ભાષામાં ભાષાંતર કરવા માટે એક પ્રાકૃતિક રીત હોય.

- જેઓ બાઇબલ અનુવાદનો ઉપયોગ કરશે તેઓ માટે આ ખ્યાલને અનુવાદ કરવા માટે વપરાતા શબ્દો સ્વીકાર્ય બને તે તપાસવું મહત્વનું બની રહેશે.

(આ પણ જુઓ: જાતીય અનૈતિકતા)

## બાઈબલના સંદર્ભો:

- 1 કરિંથીઓ 5:1-2
- 1 શમુએલ 1:19-20
- પુનર્નિયમ 21:13-14
- ઉત્પત્તિ 19:4-5
- માથ્થી 1:24-25

## શબ્દ માહિતી:

- Strong's: H160, H935, H1540, H2181, H2233, H3045, H3212, H6172, H7250, H7901, H7903, G1097

# નીતિવચન, નીતિવચનો, કહેવત

## વ્યાખ્યા:

નીતિવચન એક નાનું વિધાન છે કે જે બુદ્ધિ કે સત્ય વ્યક્ત કરે છે.

- નીતિવચનો શક્તિશાળી હોય છે કારણ કે તેઓ યાદ રાખવા તથા દોહરાવવા સહેલા હોય છે.
- ઘણી વાર નીતિવચનમાં દૈનિક જીવનના ઉદાહરણો સમાયેલા હોય છે.
- કેટલાક નીતિવચનો સ્પષ્ટ અને પ્રત્યક્ષ હોય છે જ્યારે અમુક સમજવા માટે વધારે અઘરાં હોય છે.
- સુલેમાન રાજા તેના ડહાપણ માટે પ્રખ્યાત હતો અને તેણે 1000 નીતિવચનો લખ્યાં.
- ઈસુએ જ્યારે લોકોને શીખવ્યું ત્યારે તેમણે ઘણી વાર નીતિવચનો તથા દ્રષ્ટાંતોનો ઉપયોગ કર્યો.
- “નીતિવચન” નો અનુવાદ “ડહાપણભરી કહેવત” અથવા તો “સત્ય વિધાન” તરીકે કરી શકાય.

(આ જૂઓ: સુલેમાન, સાચું, ડાહ્યું)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 4:32-34
- 1 શમુએલ 24:12-13
- 2 પિતર 2:20-22
- લૂક 4:23-24
- નીતિવચન 1:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H2420, H4911, H4912, G3850, G3942

# ન્યાયસભા, ન્યાયસભાઓ

## વ્યાખ્યા:

ન્યાયસભા એ લોકોનું જૂથ છે કે, જેઓ ચર્ચા કરવા, સલાહ આપવા, અને અગત્યની બાબતો વિશે નિર્ણયો લેવા ભેગા મળે છે.

- સામાન્ય રીતે ન્યાયસભા સત્તાવાર અને કંઈક ચોક્કસ હેતુ સાથે કાયમી ધોરણે આયોજિત કરેલી હોય છે, જેમકે કાનૂની બાબતો વિશે નિર્ણયો કરવા માટે મળતા હોય છે.
- યરૂશાલેમમાંની યહૂદી ન્યાયસભા, "સાન્હેદ્રીન" તરીકે પણ જાણીતી હતી, જેમાં 70 સભ્યો હતા, યહૂદી આગેવાનો જેવા કે મુખ્ય યાજકો, વડીલો, લેખકો, ફરોશીઓ અને સાદુકીઓ કે જેઓ યહૂદી કાયદાની બાબતોને નક્કી કરવા નિયમિત મળતા હતા.

તે આ ન્યાયસભાના ધાર્મિક આગેવાનો હતા કે, જેઓએ ઈસુ પર મુકદ્દમો ચલાવ્યો, અને તેને મારી નાખવો જોઈએ તેવું નક્કી કર્યું.

- ત્યાંના બીજા શહેરોમાં પણ નાની યહૂદી ન્યાયસભાઓ હતી.
- સુવાર્તાના શિક્ષણ માટે જયારે પાઉલ પ્રેરીતની ધરપકડ કરવામાં આવી, ત્યારે તેને રોમન ન્યાયસભાની આગળ લાવવામાં આવ્યો હતો.
- સંદર્ભ પર આધાર રાખીને, "ન્યાયસભા" શબ્દનું ભાષાંતર, "કાનૂની સભા" અથવા "રાજકીય સભા" તરીકે પણ કરી શકાય છે.
- "ન્યાયસભામાં" હોવું તેનો અર્થ કઈંક નક્કી કરવા ખાસ સભામાં હોવું.
- નોંધ કરો કે આ શબ્દ, "સલાહ" શબ્દ કરતાં અલગ છે, જેનો અર્થ, "જ્ઞાની સલાહ" થાય છે.

(આ પણ જુઓ: સભા, ન્યાયસભા, ફરોશી, કાયદો, યાજક, સાદુકી, શાસ્ત્રી/લેખક)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:57-58
- પ્રેરિતો 24:20-21
- યોહાન 3:1-2
- લૂક 22:66-68
- માર્ક 13:9-10
- માથ્થી 5:21-22
- માથ્થી 26:59-61

## શબ્દ માહિતી:

- Strong's: H4186, H5475, H7277, G1010, G4824, G4892

# ન્યાયાધીશ, ન્યાયાધીશો

## વ્યાખ્યા:

ન્યાયાધીશ એક નિયુક્ત કરેલ અધિકારી છે કે જે ન્યાય કરવાનું કામ કરે છે અને કાયદાકિય બાબતોનો નિર્ણય કરે છે.

- બાઇબલના સમયમાં, ન્યાયાધીશ લોકો વચ્ચેના ઝગડાઓનું સમાધાન પણ કરાવતો હતો.
- સંદર્ભ પ્રમાણે, આ શબ્દનો અનુવાદ કરવા “ચૂકાદો આપનાર ન્યાયાધીશ” અથવા તો “કાયદાકિય અધિકારી” અથવા તો “શહેરનો આગેવાન” એવા શબ્દો વાપરી શકાય.

(આ પણ જૂઓ: ન્યાયાધીશ, કાયદો)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 16:19-21
- પ્રેરિતોના કૃત્યો 16:35-36
- દાનિયેલ 3:1-2
- લૂક 12:57-59

## શબ્દ માહિતી:

- Strong's: H6114, H8200, H8614, G758, G3980, G4755

# પકડી પાડવું, પકડી પાડે છે, પકડી પાડેલું, પકડી પાડ્યું

## વ્યાખ્યા:

"પકડી પાડવું" અને "પકડી પાડ્યું" શબ્દો કોઈક વ્યક્તિ અથવા તો કોઈ વસ્તુ પર નિયંત્રણ પામવાનો ઉલ્લેખ કરે છે. તેમાં સામાન્ય રીતે કોઈ વસ્તુ પાછળ ભાગવા બાદ તેને પકડી પાડવાના વિચારનો સમાવેશ છે.

- જ્યારે સૈન્યદળો દુશ્મનને "પકડી પાડે છે" ત્યારે તેનો અર્થ તેમણે તે દુશ્મનને યુદ્ધમાં હરાવ્યો છે એવો થાય છે.
- જ્યારે એક શિકારી પ્રાણી તેના શિકારને પકડી પાડે છે ત્યારે, તેનો અર્થ થાય છે કે તે તેની પાછળ ભાગે છે અને શિકારને ઝડપી લે છે.
- જો એક શ્રાપ કોઈને "પકડી પાડે" છે તો તેનો અર્થ થાય છે કે તે શ્રાપમાં જે કંઇ કહ્યું હતું તે તે વ્યક્તિને થાય છે.
- જો આશીર્વાદો લોકોને "પકડી પાડે" છે તો તેનો અર્થ થાય છે કે તે લોકો તે આશીર્વાદોને પામે છે.
- સંદર્ભ અનુસાર, "પકડી પાડવું" નો અનુવાદ "જીતવું" અથવા તો "કબજો કરવો" અથવા તો "હરાવવું" અથવા તો "પહોંચી વળવું" અથવા તો "સંપૂર્ણપણે અસર કરવી" તરીકે કરી શકાય.
- ભૂતકાળની ક્રિયા "પકડી પાડ્યું" નો અનુવાદ "પકડી લીધું" અથવા તો "ની બાજુમાં આવી ગયું" અથવા તો "જીતી લીધું" અથવા તો "હરાવ્યું" અથવા તો "નુકસાન પહોંચાડ્યું" તરીકે કરી શકાય.
- જ્યારે લખાણમાં વપરાય કે લોકોના પાપને કારણે અંધકાર અથવા તો શિક્ષા અથવા તો ભય તેઓને પકડી પાડશે ત્યારે, તેનો અર્થ થાય છે કે જો તે લોકો પશ્ચાતાપ ન કરે તો તેઓ તે નકારાત્મક બાબતો ભોગવશે.
- "મારા વચનોએ તમારા બાપદાદાઓને પકડી પાડ્યા છે" શબ્દસમૂહનો અર્થ થાય છે કે યહોવાએ જે શિક્ષણ તેઓના પિતૃઓને આપ્યું હતું તે તેઓના પિતૃઓ પર શિક્ષા લાવશે કારણકે તે શિક્ષણ પાળવામાં તેઓ નિષ્ફળ ગયા.

(આ પણ જૂઓ: આશીર્વાદ આપવો, શ્રાપ આપવો, શિકાર કરવો, શિક્ષા કરવી)

## બાઇબલના સંદર્ભો:

- 2 રાજા 25:4-5
- યોહાન 12:34-36

## શબ્દ માહિતી:

- Strong's: H579, H935, H1692, H4672, H5066, H5381, G2638, G2983

# પક્ષપાતી, પક્ષપાતી હોવું, પક્ષપાત

## વ્યાખ્યા:

"પક્ષપાતી હોવું" અને "પક્ષપાત કરવો" શબ્દો કેટલાક લોકોને બીજાઓ કરતાં વધારે મહત્ત્વના ગણી વ્યવહાર કરવાની પસંદગીનો ઉલ્લેખ કરે છે.

- આ કોઇની તરફદારી કરવા સમાન છે જેનો અર્થ થાય છે કે અમુક લોકો સાથે બીજાઓ કરતાં વધારે સારી રીતે વ્યવહાર કરવો.
- સામાન્ય રીતે જેઓ વધારે ધનવાન હોય છે અથવા તો બીજાઓ કરતાં વધારે પ્રખ્યાત હોય છે તે કારણે પક્ષપાત કે તરફદારી બતાવવામાં આવે છે.
- જેઓ ધનવાન કે ઉચ્ચ દરજ્જાના છે તેઓ પ્રત્યે પક્ષપાત કે તરફદારી ન બતાવવા બાઇબલ લોકોને બોધ આપે છે.
- પાઉલ તેના રોમનોને પત્રમાં શીખવે છે કે ઈશ્વર લોકોનો ન્યાય પક્ષપાત વગર ન્યાયી રીતે કરે છે.
- યાકૂબનો પત્ર શીખવે છે કે લોકો ધનવાન હોય તે કારણે તેઓને બેસવા માટે સારું સ્થાન આપવું કે તેમની સાથે સારો વ્યવહાર કરવો તે ખોટું છે.

(આ પણ જૂઓ: તરફદારી)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 1:17-18
- માલાખી 2:8-9
- માર્ક 12:13-15
- માથ્થી 22:15-17
- રોમન 2:10-12

## શબ્દ માહિતી:

- Strong's: H5234, H6440, G991, G1519, G2983, G4299, G4383

# પગ તળે કચડવું, કચડે છે, કચડયો, કચડી નાખે

## વ્યાખ્યા:

"કચડી નાખવું" નો અર્થ એ થાય કે કશા પર પગ મૂકવો અને તેને પગથી કચડવું. બાઇબલમાં આ શબ્દનો અલંકારિક રીતે અર્થ થાય છે "નાશ કરવો" અથવા "હાર" અથવા "અપમાનિત કરવું".

- “કચડી નાખે” નું ઉદાહરણ, ખેતરમાં ચાલતા લોકોના પગ તળે ઘાસ કચડાતું હોય છે.
- પ્રાચીન સમયમાં, કેટલીકવાર દ્રાક્ષમાંથી કચડી નાખીને તેનો રસ કાઢીને દ્રાક્ષારસ બનાવવામાં આવતો હતો.
- કેટલીક વખત "કચડી નાખવું" શબ્દનો અલંકારિક અર્થ એ છે કે "અપમાનથી શિક્ષા કરવી", ખળામાં કાદવ કચડવામાં આવે છે એની સાથે સરખામણી કરવામાં આવે છે.

"* કચડી નાખવાં" શબ્દનો અલંકારિક અર્થ એ હતો કે કઈ રીતે યહોવા પોતાના ઇસ્રાએલી લોકોને તેમના અભિમાન અને બળવા માટે સજા કરશે.

- "કચડવું" નું અન્ય રીતે ભાષાંતર કરી શકાય છે, તેમાં "પગથી ચગદી નાખવું" અથવા "પગથી પછાડવું અને ચગદવું " અથવા "ઠંડું પાડવું" અને "જમીનદોસ્ત કરવું" અથવા "તોડવું."

સંદર્ભને આધારે, આ શબ્દનો અનુવાદ પણ થઇ શકે છે.

આ પણ જુઓ: દ્રાક્ષ, અપમાન, શિક્ષા,બળવાખોર, કણસલામાંથી દાણા કાઢવા માટે ઝૂડવું, દ્રાક્ષારસ)

## બાઇબલના સંદર્ભો:

- હિબ્રુ 10:28-29
- ગીતશાસ્ત્ર 7:5

## શબ્દ માહિતી:

- Strong's: H947, H1758, H1869, H4001, H4823, H7429, H7512, G2662, G3961

# પડદો, ઘૂંઘટ, અસ્પષ્ટ, અનાવરણ

## વ્યાખ્યા:

"પડદો" શબ્દ સામાન્ય રીતે કાપડના પાતળા ભાગને દર્શાવે છે, જે માથાના આવરણ તરીકે ઉપયોગમાં લેવાય છે, માથા કે ચહેરાને ઢાંકવા માટે કે જેથી તેને જોઈ શકાતું નથી.

- યહોવાના હાજરીમાં મૂસાએ તેનો ચહેરો પડદોથી ઢાંકી દીધો, જેથી તેનો ચમકતો ચહેરો લોકોથી ઢંકાયેલો રહે..
- બાઇબલમાં, સ્ત્રીઓ તેમના માથાને આવરી લેવા માટે એક પડદો પહેરી હતી, અને ઘણી વાર જ્યારે તે જાહેરમાં હતી અથવા પુરુષોની હાજરીમાં હતી ત્યારે તેમનો ચહેરો ઢાંકતી.
- “ઢાંકવું" ક્રિયાપદ એક પડદાથી કંઈક આવરી લેવું એ અર્થ થાય છે.
- કેટલાક અંગ્રેજી આવૃત્તિઓમાં, "પડદો" શબ્દ જાડો પડદો કે મોટા ભાગના પરમ પવિત્ર સ્થળના પ્રવેશને આવરી લેવાના સંદર્ભ માટે વપરાય છે.

પરંતુ તે સંદર્ભમાં "પડદો" એ વધુ સારો શબ્દ છે, કારણ કે તે કાપડના ભારે, જાડા ભાગને દર્શાવે છે.

## અનુવાદનાં સૂચનો

- શબ્દ "પડદા" નું ભાષાંતર "પાતળા કાપડનું આવરણ" અથવા "કાપડનું આવરણ" અથવા "માથાનું આવરણ" તરીકે પણ થઇ શકે છે.
- કેટલીક સંસ્કૃતિઓમાં, પહેલેથી જ મહિલાઓ માટેના પડદા માટે એક શબ્દ હોઇ શકે છે.

મૂસા માટે તેનો ઉપયોગ થતો હોય ત્યારે કોઈ અલગ શબ્દ શોધવાનું જરૂરી બની શકે છે. આ પણ જુઓ: મૂસા)

## બાઇબલ સંદર્ભો

- 2 કોરિંથી 3:12-13
- 2 કોરિંથી 3:14-16
- હઝકિયેલ 13:17-18
- યશાયાહ 47:1-2
- ગીતોનું ગીત 4:3

## શબ્દ માહિતી:

- Strong's: H7289, G2665

# પડદો, પડદાઓ

## વ્યાખ્યા:

બાઈબલમાં, “પડદો” શબ્દ, મુલાકાત મંડપ અને મંદિર બનાવવામાં માટે વપરાતી કપડાંની સામગ્રીના ખૂબજ જાડો અને ભારે ટુકડાને દર્શાવે છે.

- મુલાકાત મંડપની ટોચ અને બાજુઓને બાંધવા માટે ચાર પડના પડદાઓ વાપરવામાં આવ્યા હતા.

આ પડદાના આવરણો કાપડ અથવા પશુઓની ચામડીમાંથી બનાવેલા હતા.

- કપડાના પડદાઓ મુલાકાત મંડપના આંગણાની આસપાસની દીવાલ બનાવવા પણ વપરાતા હતા.

આ પડદાઓ “શણ” માંથી બનાવેલા હતા, કે જે શણના છોડમાંથી બનાવેલું એક પ્રકારનું કાપડ હતું.

- મુલાકાત મંડપ અને મંદિર બંને ઇમારતોમાં, જાડા કાપડના પડદાઓ પવિત્રસ્થાન અને પરમ પવિત્રસ્થાનની વચ્ચે લટકાવેલા હતા.

આ તે પડદાઓ હતા કે જયારે ઈસુ મૃત્યુ પામ્યા ત્યારે ચમત્કારિક રીતે બે ભાગોમાં ચિરાઈ ગયા હતા.

## ભાષાંતરના સૂચનો:

- આધુનિક સમયના પડદાઓ બાઈબલમાં વાપરવામાં આવેલા પડદાઓથી ખૂબજ અલગ છે, તે વધારે સ્પષ્ટ કરવા માટે કદાચ શક્ય હોય તો અલગ શબ્દ વાપરવો અથવા પડદાઓનું વર્ણન કરવા શબ્દો ઉમેરવા.
- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર, “પડદાનું આવરણ” અથવા “આવરણ” અથવા “જાડા કપડાનો ટુકડો” અથવા “પશુઓની ચામડીનું આવરણ” એવા શબ્દોનો સમાવેશ કરી શકાય.

(આ પણ જુઓ: પવિત્રસ્થાન, મુલાકાતમંડપ, મંદિર)

## બાઈબલની કલમો:

- હિબ્રૂ 10:19-22
- લેવીય 4:16-17
- લૂક 23:44-45
- માથ્થી 27:51-53
- ગણના 4:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H1852, H3407, H4539, H6532, H7050, G2665

# પડોશી, પડોશીઓ, પાડોશ, પાડોશના

## વ્યાખ્યા:

“પડોશી” શબ્દ સામાન્ય રીતે નજીકમાં રહેતા વ્યક્તિનો ઉલ્લેખ કરે છે. વધુમાં, તે એક જ સમુદાયમાં અથવા તો લોકજાતિમાં રહેતા વ્યક્તિનો ઉલ્લેખ પણ કરી શકે છે.

- “પડોશી” એવી વ્યક્તિ છે કે જેનું રક્ષણ કરવામાં આવે છે અને તેની સાથે ભલાઈથી વર્તવામાં આવે છે કારણકે તે એક જ સમુદાયનો ભાગ છે.
- નવા કરારના ભલા સમરૂનીના દ્રષ્ટાંતમાં, ઈસુએ “પડોશી” શબ્દનો ઉપયોગ પ્રતીકાત્મક રીતે કર્યો. બધા જ મનુષ્યોનો સમાવેશ કરતા અને જેને શત્રુ માનવામાં આવે તેનો પણ સમાવેશ કરતા તેમણે તેના અર્થને વિસ્તાર્યો.
- જો શક્ય હોય તો, “તમારી આસપાસ રહેતી વ્યક્તિ” એવો અર્થ ધરાવનાર શબ્દ કે શબ્દસમૂહ વાપરીને આ શબ્દનો શબ્દશઃ અનુવાદ કરવો સૌથી શ્રેષ્ઠ રહેશે.

(આ પણ જૂઓ: શત્રુ, દ્રષ્ટાંત, લોકજાતિ, સમરૂન)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કર્યો 7:26-28
- એફેસી 4:25-27
- ગલાતી 5:13-15
- યાકૂબ 2:8-9
- યોહાન 9:8-9
- લૂક 1:56-58
- માથ્થી 5:43-45
- માથ્થી 19:18-19
- માથ્થી 22:39-40

## શબ્દ માહિતી:

- Strong's: H5997, H7138, H7453, H7468, H7934, G1069, G2087, G4040, G4139

# પત્ર, પત્ર, પત્રો

## વ્યાખ્યા:

પત્ર એ એક લેખિત સંદેશ વ્યક્તિ કે વ્યક્તિઓના જુથને મોકલવામાં આવતો જેઓ સામાન્ય રીતે લેખકથી દૂર અંતરે હોય.

પત્ર (એપિસ્ટલ) એ ખાસ પ્રકારનો પત્ર છે, ઘણીવાર ખૂબ પદ્ધતિસર શૈલીમાં, ખાસ હેતુ, જેમ કે શીખવવા માટે લખવામાં આવતો હતો.

- નવા કરારના સમયોમાં, પત્રો અને બીજા પ્રકારના પત્રો પ્રાણીની ચામડીઓમાથી બનાવેલ ચર્મપત્રો અથવા વનસ્પતિના રેસામાથી બનાવેલ પેપિરસ પર લખવામાં આવતા હતા.
- પાઉલ, યોહાન, યાકુબ, અને પિત્તરના નવા કરારના પત્રો સૂચનાના પત્રો હતા જે તેમણે સમગ્ર રોમન સામ્રાજ્યના વિવિધ શહેરોમાં વસતા શરૂઆતના ખ્રિસ્તીઓને ઉત્તેજન, બોધ, અને શીખવવા માટે લખ્યા હતા.
- આ શબનો અનુવાદ કરવાની રીતોમાં "લેખિત સંદેશ" અથવા "લેખિત શબ્દો" અથવા "લખાણ" નો સમાવેશ કરી શકાય.

(આ પણ જુઓ: ઉત્તેજન, બોધ આપવો, શીખવવું)

## બાઈબલના સંદર્ભો:

- 1 થેસ્સાલોનિકીઓ 5:25-28
- 2 થેસ્સાલોનિકીઓ 2:13-15
- પ્રેરિતોના કૃત્યો 9:1-2
- પ્રેરિતોના કૃત્યો 28:21-22

## શબ્દ માહિતી:

- Strong's: H104, H107, H3791, H4385, H5406, H5407, H5612, H6600, G1121, G1989, G1992

# પરંપરા, પરંપરાઓ

## વ્યાખ્યા:

"પરંપરા" શબ્દનો અર્થ એવો થાય છે કે જે રિવાજ અથવા પ્રથા એક સમયે રાખવામાં આવે છે અને તે પછીની પેઢીઓના લોકોમાં પડી જાય છે.

- ઘણી વખત બાઇબલમાં "પરંપરાઓ" શબ્દ જે લોકોએ બનાવેલા શિક્ષણ અને પ્રથાઓનો ઉલ્લેખ કરે છે, પરમેશ્વરના નિયમો નહીં.

"માણસોની પરંપરા" અથવા "માનવ પરંપરા" અભિવ્યક્તિ આ સ્પષ્ટ કરે છે

- “વડીલોની પરંપરાઓ" અથવા "મારા પૂર્વજોની પરંપરા" જેવા શબ્દોસમૂહો, ખાસ કરીને યહુદી રીતરિવાજો અને પ્રથાઓનો ઉલ્લેખ કરે છે, જે સમય જતાં યહૂદી આગેવાનોએ મૂસા મારફતે ઈસ્રાએલીઓને આપેલા ઈશ્વરના નિયમોમાં ઉમેર્યા હતા.

ભલે આ ઉમેરાતી પરંપરાઓ ઈશ્વર તરફથી આવતી ન હતી, છતાં લોકો માનતા હતા કે તેમને ન્યાયી બનવા માટે તેમની આજ્ઞા પાળવાનો છે.

- પ્રેરિત પાઉલે "પરંપરા" શબ્દનો ઉપયોગ જુદી રીતે ઉલ્લેખ કર્યો છે જે ખ્રિસ્તી પ્રથાઓ વિષેનું શિક્ષણ ઈશ્વરતરફથી આવ્યું હતું અને તે અને બીજા પ્રેરિતોએ નવા વિશ્વાસીઓને શીખવ્યું હતું.
- આધુનિક સમયમાં, ઘણી ખ્રિસ્તી પરંપરાઓ બાઇબલમાં શીખવી નથી, પરંતુ ઐતિહાસિક રીતે સ્વીકૃત રિવાજો અને પ્રથાઓના પરિણામે છે.

આ પરંપરાઓ બાઇબલમાં ઈશ્વર આપણને જે શીખવે છે તેના આધારે હંમેશા તેનું મૂલ્યાંકન કરવું જોઈએ.

આ પણ જુઓ:પ્રેરિત, માનવું, ખ્રિસ્તી, પૂર્વજ, પેઢી, યહૂદી, કાયદો, મૂસા

## બાઇબલના સંદર્ભો:

- 2 થેસ્સલોનીકી 3:6-9
- કલોસી 2:8-9
- ગલાતી 1:13-14
- માર્ક 7:2-4
- માથ્થી 15:1-3

## શબ્દ માહિતી:

- Strong's: G3862, G3970

# પરદેશી, અલગ કરે છે, અલગ કરેલું, વિદેશ, વિદેશી, વિદેશીઓ

## વ્યાખ્યા:

“વિદેશી” શબ્દ વ્યક્તિ કે જે દેશ તેનો પોતાનો નથી તેમાં રહે છે, તે દર્શાવે છે. વિદેશીનું બીજું એક નામ “પરદેશી” છે.

- જૂના કરારમાં, ખાસ કરીને આ શબ્દ કોઇપણ કે જે તે લોકોની વચ્ચે રહેતો હતો, તેના કરતાં અન્ય લોકોના જૂથમાંથી આવે છે, તે દર્શાવે છે.
- વિદેશી વ્યક્તિ તે છે કે જેની ભાષા અને સંસ્કૃતિ બીજા પ્રદેશની જગ્યાથી અલગ હોય છે.
- ઉદાહરણ તરીકે, જયારે નાઓમી અને તેણીનું કુટુંબ મોઆબમાં રહેવા ગયા, ત્યારે ત્યાં તેઓ વિદેશીઓ હતા.

પછીથી જયારે નાઓમી અને તેણીની પુત્ર વધૂ રૂથ ઈઝરાએલમાં રહેવા આવ્યા, ત્યારે રૂથને “વિદેશી” કહેવામાં આવી હતી કારણકે તેણી મૂળ ઈઝરાએલથી નહોતી.

- પાઉલ પ્રેરીતે એફેસીઓને કહ્યું કે ખ્રિસ્તને જાણ્યાં પહેલા, તેઓ દેવના કરાર માટે “પરદેશીઓ” હતા.
- ક્યારેક “વિદેશી” શબ્દનું ભાષાંતર, “અજાણી વ્યક્તિ” છે, પણ તે ફક્ત કોઈક કે જે અજાણ્યા અથવા અજ્ઞાત વ્યક્તિઓને માટે દર્શાવવું જોઈએ નહીં.

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 2:17-18
- પ્રેરિતો 7:29-30
- પુનર્નિયમ 1:15-16
- ઉત્પત્તિ 15:12-13
- ઉત્પત્તિ 17:24-27
- લૂક 17:17-19
- માથ્થી 17:24-25

## શબ્દ માહિતી:

- Strong's: H312, H628, H776, H1471, H1481, H1616, H2114, H3363, H3937, H4033, H5236, H5237, H5361, H6154, H8453, G241, G245, G526, G915, G1854, G3581, G3927, G3941

# પરિવાર/કુટુંબ

## વ્યાખ્યા:

“પરિવાર” શબ્દ, જે સર્વ લોકો, કુટુંબના સભ્યો અને તેઓના ચાકરો સહિત, ઘરમાં એકસાથે રહે છે તેનો ઉલ્લેખ કરે છે.

- ઘરનો વહીવટ કરવો જેમાં નોકરોને માર્ગદર્શન આપવું, અને બધી સંપત્તિની પણ સંભાળ રાખવીનો સમાવેશ થાય છે.
- ક્યારેક “પરિવાર” રૂપકાત્મક રીતે કોઈના સમગ્ર કુટુંબ-રેખા, ખાસ કરીને તેના વંશજોનો ઉલ્લેખ કરે છે.

(આ પણ જુઓ: ઘર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:9-10
- ગલાતી 6:9-10
- ઉત્પત્તિ 7:1-3
- ઉત્પત્તિ 34:18-19
- યોહાન 4:53-54
- માથ્થી 10:24-25
- માથ્થી 10:34-36
- ફિલિપ્પી 4:21-23

## શબ્દ માહિતી:

- Strong's: H1004, H5657, G2322, G3609, G3614, G3615, G3616, G3623, G3624

# પવિત્ર નગર, પવિત્ર નગરો

## વ્યાખ્યા:

બાઈબલમાં, "પવિત્ર નગર" શબ્દ યરૂશાલેમ શહેરને દર્શાવે છે.

- આ શબ્દ યરૂશાલેમના પ્રાચીન શહેર, તેમ જ નવું આકાશી યરૂશાલેમ કે જ્યાં દેવ રહેશે, અને તેના લોકોમાં રાજ્ય કરશે તેને દર્શાવવા માટે વાપરવામાં આવ્યો છે.
- આ શબ્દનું ભાષાંતર, "પવિત્ર" અને "શહેર" શબ્દો ભેગા કરીને કરી શકાય છે કે જે બાકીના ભાષાંતરમાં વાપરવામાં આવ્યા છે.

(આ પણ જુઓ: સ્વર્ગ, પવિત્ર, યરૂશાલેમ)

## બાઈબલની કલમો:

- માથ્થી 4:5-6
- માથ્થી 27:51-53
- પ્રકટીકરણ 21:1-2
- પ્રકટીકરણ 21:9-10
- પ્રકટીકરણ 22:18-19

## શબ્દ માહિતી:

- Strong's: H5892, H6944, G40, G4172

# પશુધન

## તથ્યો:

"પશુધન" શબ્દ પ્રાણીઓને સૂચવે છે જે ખોરાક અને અન્ય ઉપયોગી ઉત્પાદનો પ્રદાન કરવા માટે ઉછેર કરવામાં આવે છે. કેટલાક પ્રકારના પશુધનને કામ કરનારપ્રાણીઓ તરીકે તાલીમ પણ આપવામાં આવે છે.

- પશુધનના પ્રકારમાં ઘેટાં, ઢોર, બકરાં, ઘોડા અને ગધેડાંનો સમાવેશ થાય છે.
- બાઇબલના સમયમાં, સંપત્તિને આંશિક રીતે કોઈ વ્યક્તિ પાસે કેટલું પશુધન હતું તેનાથી માપવામાં આવતી હતી.
- પશુધન, ઊન, દૂધ, ચીઝ, ઘર વપરાશની સામગ્રી અને કપડાં જેવા વસ્તુઓ બનાવવા માટે વપરાય છે.
- આ શબ્દનો અનુવાદ "ખેતરના પ્રાણીઓ" તરીકે પણ થઈ શકે છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: ગાય, બળદ, ગધેડો, બકરી, ઘોડો, ઘેટાં)

## બાઇબલના સંદર્ભો:

- 2રાજાઓ 3:15 -17
- ઉત્પત્તિ 30:29-30
- યહોશુઆ 1:14-15
- નહેમ્યાહ 9: 36-37
- ગણના 3:40-41

## શબ્દ માહિતી:

- Strong's: H929, H4399, H4735

# પહેરાવવું, પહેરાવ્યું, પહેરાવે છે, કપડાં, નગ્ન કરાયેલ

## વ્યાખ્યા:

જયારે તેનો રૂપકાત્મક ઉપયોગ થયો હોય ત્યારે “પહેરાવવું” શબ્દનો અર્થ, કોઈ બાબતથી સજાવવું અથવા તૈયાર કરવું, થઈ શકે છે. પોતાની જાતને “તૈયાર કરવી” તેનો અર્થ કે, કોઈ ખાસ ચરિત્રના ગુણ માટે ખોજ કરવી.

- જે રીતે બહારના કપડાં આપણા શરીરને માટે દ્રશ્ય છે તેમ જયારે તમે અમુક પ્રકારના ખાસ ચરિત્રના ગુણથી પોતાની જાતને “તૈયાર” કરીએ છે ત્યારે બીજા લોકો તેને તરત જોઈ શકે છે.

“પોતાની જાતને ભલાઈ પહેરાવવી” તેનો અર્થ, તમારા બધા કાર્યમાં ભલાઈ પ્રગટ કરો જેથી બધા લોકોને જોઈ શકે.

- “ઉપરના સામર્થ્યથી તૈયાર થવું” તેનો અર્થ, આપણને આપવામાં આવેલી શકિત પ્રાપ્ત કરવી.
- આ શબ્દનો ઉપયોગ નકારાત્મક અનુભવોને અભિવ્યક્ત કરવા માટે થઈ શકે છે, જેમકે “શરમથી ઢંકાઈ જવું” અથવા “ભયથી ઢંકાઈ જવું.”

## ભાષાંતર માટેના સૂચનો:

- જો શક્ય હોય તો અલંકારિક ભાષાને શાબ્દિક રૂપમાં રાખવી, જેમકે “પોતાની જાતને તૈયાર કરવી.”

“પહેરી લેવું” તેનું બીજી રીતે ભાષાંતર કરીએ તો કપડાં પહેરવા એવું દર્શાવી શકાય.

- જો તે “પહેરી લેવા” શબ્દનો ખરો અર્થ આપતો નથી તો તેનું ભાષાંતર અલગ રીતે કરાય, જેમકે “દર્શાવવું” અથવા “પ્રગટ કરવું” અથવા “ઢાંકી દેવું” અથવા “તેના ગુણો હોવા”
- “તમારી જાતને પહેરવો” તે શબ્દનું ભાષાંતર “તમારી જાતને ઢાંકી દો” અથવા “એવી રીતે વર્તન કરો કે તે દેખાઈ આવે”

## બાઈબલની કલમો:

- લૂક 24: 48-49

## શબ્દ માહિતી:

- Strong's: H899, H1545, H3680, H3736, H3830, H3847, H3848, H4055, H4346, H4374, H5497, H8008, H8071, H8516, G294, G1463, G1562, G1737, G1742, G1746, G1902, G2066, G2439, G2440, G3608, G4016, G4470, G4616, G4683, G4749, G5509, G6005

# પહેલેથી જાણેલું, પૂર્વજ્ઞાન

## વ્યાખ્યા:

"અગાઉથી જાણેલું" અને "પૂર્વજ્ઞાન" શબ્દો, "અગાઉથી જાણવા પામવું" ક્રિયાપદમાંથી આવે છે કે જેનો અર્થ કંઈક થયા અગાઉ તેને જાણવું.

- દેવ સમયથી મર્યાદિત નથી.

જે ભૂત, વર્તમાન અને ભવિષ્યમાં થાય છે, તે બધું ઈશ્વર જાણે છે.

- મોટેભાગે આ શબ્દ પહેલેથી જ દેવ જાણે છે કે કોણ ઈસુને તારનાર તરીકે પ્રાપ્ત કરી ઉધ્ધાર પામશે, તે સંદર્ભમાં આ શબ્દ વાપરવામાં આવ્યો છે.

## ભાષાંતરના સૂચનો:

- "પહેલેથી જાણેલું" શબ્દનું ભાષાંતર, "પહેલા જાણતા હતાં" અથવા "સમયની અગાઉ જાણતા હતાં" અથવા "અગાઉથી જાણતા હતા" અથવા "પહેલેથી જાણતા હતા," તરીકે પણ કરી શકાય છે.
- "પૂર્વજ્ઞાન" શબ્દનું ભાષાંતર, "પહેલા જાણેલું" અથવા "સમયની અગાઉ જાણેલું" અથવા "પહેલેથી જાણેલું" અથવા "આગળથી જાણેલું," તરીકે કરી શકાય છે

(આ પણ જુઓ: જાણવું, આગળથી નક્કી કરવું)

## બાઈબલની કલમો:

- રોમન 8:28-30
- રોમન 11:1-3

## શબ્દ માહિતી:

- Strong's: G4267, G4268

# પહેલેથી મુકરર, નિર્મિત, ભાવી, પૂર્વનિર્ધારિત

## વ્યાખ્યા:

“ભાવી (ભાગ્ય)” શબ્દ ભવિષ્યમાં લોકોનું શું થશે તે દર્શાવે છે.

જો કોઈને કંઈક કરવા માટે નિર્મિત કર્યા છે તેનો અર્થ કે તે વ્યક્તિ ભવિષ્યમાં જે કરશે તે દેવ દ્વારા નક્કી થઈ ગયું છે.

- જયારે દેવે દેશ માટે કોપ “નિર્મિત” કરેલો છે, તેનો અર્થ કે તેણે નક્કી કર્યું છે અથવા તે દેશને તેના પાપોને કારણે સજા કરવા માટે પસંદ કરવામાં આવ્યો છે.
- યહૂદા વિનાશ માટે “નિર્મિત” થયેલો હતો, જેનો અર્થ દેવે નક્કી કર્યું કે યહૂદા તેના બંડને કારણે નાશ પામશે.
- દરેક વ્યક્તિને, સ્વર્ગ અથવા નર્ક બેમાંથી એક અંતિમ, અનંત ભાવી હોય છે.
- જયારે સભાશિક્ષકનો લેખક કહે છે કે દરેક જણનું ભાવી સરખું છે, તેનો અર્થ કે બધાંજ લોકો છેવટે મરણ પામશે.

## ભાષાંતરના સૂચનો:

- “તમે કોપ માટે નિર્મિત છો” તે શબ્દસમૂહનું ભાષાંતર, “નક્કી થયેલું છે કે તમને સજા થશે” અથવા “નિર્ધારિત છે કે તમને મારા કોપનો અનુભવ થશે,” તરીકે પણ (ભાષાંતર) કરી શકાય છે.
- “તેઓ તરવાર માટે નિર્મિત થયેલા છે” જેવી અલંકારિક અભિવ્યક્તિનું ભાષાંતર, “દેવે નક્કી કર્યું છે કે તેઓ તેમના શત્રુઓ દ્વારા કે જેઓ તેઓનો તરવારોથી નાશ કરશે” અથવા “દેવે નિર્ધાર કર્યો છે કે તેઓના શત્રુઓ તેઓને તરવારોથી મારી નાખશે,” તરીકે (ભાષાંતર) કરી શકાય.
- “તમે તે માટે નિર્મિત છો” તે શબ્દસમૂહનું ભાષાંતર, “દેવે નક્કી કર્યું કે તમને તેવું બનશે” તેવા શબ્દસમૂહ વાપરીને (ભાષાંતર) કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, “પ્રારબ્ધ (ભાવી)” શબ્દનું ભાષાંતર, “છેલ્લો અંત” અથવા “અંતમાં એમ થશે” અથવા “દેવે જે નક્કી કર્યું છે તે થશે” તરીકે (ભાષાંતર) કરી શકાય.

આ પણ જુઓ: બંદી, શાશ્વત, સ્વર્ગ, નર્ક, યોહાન(બાપ્તિસ્ત), પસ્તાવો)

## બાઈબલની કલમો:

- 1 થેસ્સલોનિકી 5:8-11
- સભાશિક્ષક 2:13-14
- હિબ્રૂ 9:27-28
- ફિલિપ્પી 3:17-19
- ગીતશાસ્ત્ર 09:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H2506, H4150, H4487, H4745, H6256, H4507, G5056, G5087

# પહોર (રાત્રીના પહોર), પહોરો

## વ્યાખ્યા:

બાઈબલના સમયમાં, "પહોર" એ રાત્રીના સમય દરમ્યાનનો એક સમયગાળો હતો કે જયારે ચોકીદાર અથવા રક્ષક શહેર પર દુશ્મન તરફથી આવનાર જોખમ સામે પેહારો રાખે છે.

- જૂના કરારમાં, ઈઝરાએલીઓ પાસે ત્રણ પહોરો હતા, જેમકે "શરૂઆતનો પહોર" (સૂર્યાસ્તના સમયથી રાત્રીના 10 કલાક સુધી), "મધ્ય રાત્રીનો પહોર" (રાતના 10 કલાક થી 2 કલાક સુધી), અને "સવારનો પહોર" (રાત્રીના 2 કલાકથી સૂર્યોદય સુધીનો સમય) જેને પહોરો કહેવામાં આવે છે.
- નવા કરારમાં, યહૂદીઓ રોમન વ્યવસ્થાને અનુસરે છે અને તેઓ પાસે ચાર પહોરો હતા, તેનું સામાન્ય નામ પાડ્યું કે "પહેલો" (સુર્યાસ્તથી રાત્રીના 9 કલાક સુધી), "બીજો" (રાત્રીના 9 કલાક થી મધ્ય રાત્રીના 12 કલાક સુધી), "ત્રીજો" (મધ્ય રાત્રીના 12 કલાકથી વહેલી સવારના 3 કલાક સુધી), અને "ચોથો" (વહેલી સવારના 3 કલાકથી સૂર્યોદય સુધી), એવા પહોરો હતા.
- આનું ભાષાંતર મોટે ભાગે સામાન્ય અભિવ્યક્તિથી આ પ્રમાણે થઇ શકે છે, જેમકે "મોડી સાંજ" અથવા "મધ્ય રાત્રી" અથવા "ખુબજ વહેલી સવારમાં," તેનો પર આધાર કયા પહોર વિશે વાત કરવામાં આવે છે તેના પર રહેલો છે.

(આ પણ જુઓ: પહોર)

## બાઈબલની કલમો:

- લૂક 12:37-38
- માર્ક 6:48-50
- માથ્થી 14:25-27
- ગીતશાસ્ત્ર 90:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H821, G5438

# પાછા ફરવું, વળતું કરવું, પાછા ફરે છે, પાછા ફર્યા, પાછું ફરતું

## વ્યાખ્યા:

“વળતું કરવું” શબ્દનો અર્થ પાછા જવું અથવા તો કશુંક પાછું આપવું એવો થાય છે.

- કોઈ બાબતમાં “પાછા” વળવુંનો અર્થ થાય છે કે તે ગતિવિધિ ફરીથી કરવાની શરૂઆત કરવી એવો થાય છે.

કોઈ જગા કે વ્યક્તિની “પાસે પાછા ફરવું” તેનો અર્થ તે જગા કે વ્યક્તિની પાસે ફરીથી પાછા જવું એવો થાય છે.

- જ્યારે ઇઝરાયલીઓ તેમની મૂર્તિપૂજા તરફ પાછા વળ્યા ત્યારે, તેઓ મૂર્તિઓની પૂજા ફરી કરવાનું ચાલુ કરતા હતા.
- જ્યારે તેઓ યહોવા તરફ પાછા વળ્યા ત્યારે, તેઓએ પશ્ચાતાપ કર્યો અને તેઓ ફરીથી યહોવાની આરાધના કરતા હતા.
- કોઈ અન્ય વ્યક્તિ પાસેથી લીધેલી કે પ્રાપ્ત કરેલી જમીન કે વસ્તુઓ પાછી આપવી તેનો અર્થ તે સંપત્તિ જેની માલીકીની હતી તે વ્યક્તિને પાછી આપવી એવો થાય છે.

(આ પણ જૂઓ: ફરવું)

## બાઇબલના સંદર્ભો:

## શબ્દ માહિતી:

- Strong's: H5437, H7725, H7729, H8421, H8666, G344, G360, G390, G1877, G1880, G1994, G5290

# પાણી, પાણીઓ, પાણી પાયું, પાણી પીવડાવવું

## વ્યાખ્યા:

તેના પ્રાથમિક અર્થ ઉપરાંત, "પાણી" પણ ઘણીવાર પાણીના શરીરનો ઉલ્લેખ કરે છે, જેમ કે મહાસાગર, સમુદ્ર, તળાવ અથવા નદી.

- " પાણી" શબ્દનો અર્થ પાણીનું શરીર અથવા પાણીના ઘણા સ્રોતોનો ઉલ્લેખ કરે છે.

તે મોટા પ્રમાણમાં પાણી માટે સામાન્ય સંદર્ભ હોઈ શકે છે.

- "પાણી "નો અલંકારિક ઉપયોગ થાય છે, જે મહાન તકલીફ, મુશ્કેલીઓ અને દુઃખનો ઉલ્લેખ કરે છે.

દાખલા તરીકે, ઈશ્વર વચન આપે છે કે જ્યારે આપણે 'પાણીમાંથી પસાર થઈશું' ત્યારે તે અમારી સાથે હશે.

- શબ્દસમૂહ "ઘણાં પાણીઓ" મુશ્કેલીઓ કેટલી મોટી છે તેના પર ભાર મૂકે છે.
- '' પાણી પીવડાવવું '' નો અર્થ પશુધન અને અન્ય પશુઓને " પાણી પૂરું પાડવું" થાય છે.

બાઇબલના સમયમાં, તે સામાન્ય રીતે એક કૂવામાંથી ડોલથી પાણી કાઢીને પ્રાણીઓને પીવા માટે પાણીની હોજમાં અથવા અન્ય વાસણમાં રેડવામાં આવતું હતું.

- જૂના કરારમાં, ઈશ્વરને તેના લોકો માટે"જીવતા પાણી" નો ઝરો અથવા ફુવારો તરીકે ઓળખવામાં આવે છે.

તેનો અર્થ એ કે તે આધ્યાત્મિક શક્તિ અને તાજગીનો સ્ત્રોત છે.

- નવા કરારમાં, ઈસુએ "જીવંત પાણી" શબ્દનો ઉપયોગ કર્યો છે, જેનો અર્થ થાય છે પવિત્ર આત્મા એક વ્યક્તિમાં પરિવર્તન અને નવા જીવન લાવવા માટે કામ કરે છે.

## અનુવાદનાં સૂચનો:

- શબ્દસમૂહ, "પાણી ભરવું" નું"એક ડોલથી કૂવામાંથી પાણી ખેંચવું" ભાષાંતર કરી શકાય છે.

"* તેમનામાંથી જીવતા પાણીના ઝરાઓ વહેશે" નું ભાષાંતર કરી શકાય છે "પવિત્ર આત્માથી શક્તિ અને આશીર્વાદો તેમનામાંથી પાણીના ઝરાઓની જેમ વહેશે." "આશીર્વાદ" શબ્દને બદલે "ભેટ" અથવા "ફળો" અથવા "દૈવી ચરિત્ર" નો ઉપયોગ કરી શકાય છે.

- જ્યારે ઈસુ સમરૂની સ્ત્રીની સાથે કૂવા પર વાત કરી રહ્યા છે ત્યારે, "જીવંત પાણી" શબ્દનું ભાષાંતર "પાણી કે જે જીવન આપે છે" અથવા "જીવનઆપનાર પાણી" તરીકે કરી શકાય છે.

આ સંદર્ભમાં, પાણીની કલ્પનાને અનુવાદમાં રાખવી જોઈએ.

સંદર્ભને આધારે, "પાણી" અથવા "ઘણાં પાણી " શબ્દનું ભાષાંતર "મહાન પીડા )તમારી આસપાસ પાણીની જેમ ઘેરે છે" અથવા "જબરજસ્ત મુશ્કેલીઓ )પાણીના પ્રવાહની જેમ( અથવા "મોટા પ્રમાણમાં પાણી" ભાષાંતર કરી શકાય છે.

(આ પણ જુઓ: જીવન, આત્મા, પવિત્ર આત્મા, [શક્તિ]

## બાઇબલ સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 8:36-38
- નિર્ગમન 14:21-22
- યોહાન 4:9-10
- યોહાન 4:13-14
- યોહાન 4:15-16
- માથ્થી 14:28-30

## શબ્દ માહિતી:

- Strong's: H2222, H4325, H4529, H4857, H7301, H7783, H8248, G504, G4215, G4222, G5202, G5204

# પાતાળ શેઓલ, તળિયા વગર ખાડો

## વ્યાખ્યા:

“પાતાળ” શબ્દ અર્થ એવો બતાવે છે કે, ઊંડું કાણું અથવા તળિયા વગરનો ખાડો.

- બાઈબલમાં, “પાતાળ એટલે” દંડની જગ્યા.
- ઉદાહરણ તરીકે, જયારે ઈસુએ માણસમાં થી અશુદ્ધ આત્માઓંને નીકળી જવાની આજ્ઞા કરી, તેમણે તેને વિનંતી કરી તેઓને પાતાળમાં ના મોકલે.
- આ શબ્દ “પાતાળ” નું ભાષાંતર આ રીતે પણ થઈ શકે “તળિયા વગરનો ખાડો “ અથવા “ઊંડો ખીણ.”
- આ શબ્દનું ભાષાંતર જુદી રીતે થવું જોઈએ “હાદેસ,” “શેઓલ,” અથવા “નર્ક”.

(આ પણ જુઓ: હાદેસ, નર્ક, દંડ)

## બાઈબલની કલમો:

- લૂક 8:30-31
- રોમન 10:6-7

## શબ્દ માહિતી:

- Strong's: G12, G5421

# પાત્રવાહક, પાત્રવાહકો

## વ્યાખ્યા:

જૂનાકરારના સમયોમાં, "પાત્રવાહક" રાજાનો ચાકર હતો કે જેને રાજાને તેનું દ્રાક્ષારસનુ પ્યાલું આપવાનું કાર્ય આપવામાં આવતું હતું, સામાન્ય રીતે પ્રથમ દ્રાક્ષારસને ચાખીને ખાતરી કરવામાં આવતી કે તેને ઝેર આપવામાં આવ્યું નથી.

- આ શબ્દનો વાસ્તવિક અર્થ "પ્યાલું લાવનાર" અથવા "કોઈક કે જે પ્યાલું લાવે છે."
- પાત્રવાહક રાજા માટે તેની ખૂબજ વિશ્વાસનિયતા અને વફાદારી માટે જાણીતો હતો.
- તેના વિશ્વસનીય દરજ્જાને કારણે, મોટેભાગે શાસક જે નિર્ણયો કરે છે તેમાં પાત્રવાહકનો પ્રભાવ હોય છે.
- જયારે કેટલાક ઈઝરાએલીઓ બાબિલના બંદીવાસમાં હતા તે સમય દરમ્યાન નહેમ્યા ફારસીનો રાજા આર્તાહશાસ્તા માટે પાત્રવાહક હતો.

(આ પણ જુઓ: આર્તાહશાસ્તા, બાબિલ, બંદી, ફારસી, ફારુન)

## બાઈબલની કલમો:

- 1 રાજા 10:3-5
- નહેમ્યા 1:10-11

## શબ્દ માહિતી:

- Strong's: H8248

# પાદાસન

## વ્યાખ્યા:

"પાદાસન" શબ્દ સામાન્ય રીતે જયારે વ્યક્તિ આરામ કરવા માટે જ્યારે તેના પગ તેના પગ (પાદાસન) મૂકે છે.

આ શબ્દનો રૂપકાત્મક અર્થ, આધિનતા અને નીચો દરજ્જો પણ કરી શકાય છે.

- બાઈબલના સમયના લોકો પગને શરીરના ઓછા માનનીય ભાગો ગણતા હતા.

જેથી "પાદાસન" ને ઓછું માન આપવામાં આવતું હતું, કારણકે તેના પર પગ મૂકવામાં આવતા હતા.

- જયારે દેવ કહે છે કે "હું મારા શત્રુઓને મારા પગ માટે પાદાસન કરીશ" ત્યારે તે લોકો કે જેઓ તેની વિરુદ્ધ બળવો કરે છે તેના ઉપર શક્તિ, નિયંત્રણ, અને વિજય જાહેર કરે છે.

તેઓને દેવની ઈચ્છાને માન્ય રાખવાની ઘડીમાં આવશે કે જ્યારે તેમને નમ્ર કરવામાં આવશે અને તેઓ વિજય મેળવવામાં આવશે.

- "દેવના પાદાસન પર આરાધના કરવી" તેનો અર્થ તે તેના સિંહાસન પર બિરાજમાન છે, તેનું નમીને ભજન કરવું.

આ બાબત ફરીથી દેવ પ્રત્યે નમ્રતા અને આધિનતા દર્શાવે છે.

- દાઉદ મંદિરને દેવના "પાદાસન" તરીકે દર્શાવે છે.

આ તેની તેના લોકો ઉપર નિરપેક્ષ સત્તા દર્શાવે છે.

- આ દેવ રાજા તરીકે તેના સિંહાસન ઉપર બિરાજેલો છે અને તેના પગ પાદાસન ઉપર મૂકેલા, અને દરેક તેની આધિનતામાં છે તેની રજૂઆત કરે છે.

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:47-50
- યશાયા 66:1
- લૂક 20:41-44
- માથ્થી 5:33-35
- માથ્થી 22:43-44
- ગીતશાસ્ત્ર 110:1

## શબ્દ માહિતી:

- Strong's: H1916, H3534, H7272, G4228, G5286

# પાપાર્થાપણ, પાપાર્થાપણો

## વ્યાખ્યા:

"પાપાર્થાપણ" અનેક બલિદાનોમાનું એક કે જે ઈઝરાયેલીઓ અર્પણ કરે તેમ ઈશ્વરે જરૂરી બનાવ્યું હતું.

- આ દહનાર્પણ વાછરડાના બલિદાનનો સમવેશ કરતુ હતું, તેના લોહી અને ચરબીનું વેદી પર દહન કરવું, અને પ્રાણીના બાકીના શરીરનો ભાગ લઇ લેવો અને તેને ઈઝરાયેલી છાવણીની બહાર મેદાનમાં દહન કરવું.
- પ્રાણીના બલિદાનનું સંપૂર્ણ દહન ઈશ્વર કેટલા પવિત્ર છે અને પાપ કેટલું ભયંકર છે તે બતાવે છે.
- બાઈબલ જણાવે છે કે પાપોમાંથી શુદ્ધ થવાને માટે, જે પાપ કરવામાં આવ્યું છે તેની કિંમત સ્વરૂપે લોહી વહેવું જ જોઈએ.
- પ્રાણીના બલિદાનો હંમેશને માટે પાપોની માફી લાવી શકતું ન હતું.
- ઈસુના વધસ્તંભના મરણે પાપનો દંડ હંમેશને માટે ચૂકવી દીધો.

તેઓ સંપૂર્ણ પાપાર્થાપણ હતાં.

(આ પણ જુઓ: વેદી, ગાય, માફી, બલિદાન, પાપ)

## બાઈબલના સંદર્ભો:

- 2 કાળુવૃતાંત 29:20-21
- નિર્ગમન 29:35-37
- હઝકિયેલ 44:25-27
- લેવીય 5:11
- ગણના 7:15-17

## શબ્દ માહિતી:

- Strong's: H2401, H2402, H2398, H2403

# પાયમાલ, પાયમાલી, તારાજીઓ (નાશ)

## વ્યાખ્યા:

"પાયમાલ" અને "પાયમાલી" શબ્દો વસવાટ કરેલા પ્રદેશને નાશ કરવો જેથી તે બિનવસવાટી જગ્યા બની જાય, તેને દર્શાવે છે.

- "પાયમાલ" શબ્દ જયારે વ્યક્તિ માટે દર્શાવાય છે ત્યારે તે વિનાશ, એકલતા અને દુઃખની પરિસ્થિતિ વર્ણવે છે.
- "પાયમાલી" શબ્દ, તે ઉજ્જડ હોવાની અવસ્થા અથવા પરિસ્થિતિ દર્શાવે છે.
- જે ખેતરમાં જ્યાં ફસલ પાકે છે તેનો નાશ કરવામાં આવે છે, તેનો અર્થ એમ કે કંઈક જેવા કે જંતુઓ (જીવડાં) અથવા લશ્કરના આક્રમણથી પાકનો નાશ થયો છે.
- "ઉજ્જડ પ્રદેશ" તે જમીનનો એવો વિસ્તાર દર્શાવે છે કે જ્યાં થોડા લોકો રહે છે, કારણકે ત્યાં ફસલો અને શાકભાજી ઓછા ઉગે છે.
- "ઉજ્જડ જમીન" અથવા "અરણ્ય" કે જ્યાં મોટેભાગે ઘરબારવિહોણા (જેવા કે રક્તપીતિયાઓ) અને ખતરનાક પ્રાણીઓ રહેતા હતાં.
- જો શહેર "પાયમાલ કરવામાં" આવ્યું છે તેનો અર્થ કે મકાનો અને માલ સમાનનો નાશ અથવા ચોરી કરવામાં આવી છે, અને તેના લોકોને મારી નાખવામાં અથવા પકડી લઇ જવામાં આવ્યા છે. જેથી શહેર "ખાલી" અને "નિર્જન" થયેલું છે. આવો જ સમાન અર્થ, "ઉજાડવું" અથવા "ઉજાડેલું" છે, પણ તે શબ્દમાં ખાલીપણું પર વધારે બહાર મૂકવામાં આવ્યો છે.
- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર, "નિર્જન" અથવા "વિનાશ કરેલું" અથવા "નકામું કરી નાખવું" અથવા "એકાંકી અને ઘરબારવિહોણા" અથવા "રણ જેવું," એવું (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: રણ, ઉજાડવું, વિનાશ, કચરો)

## બાઈબલની કલમો :

- 2 રાજા 22:17-19
- પ્રેરિતો 1:20
- દાનિયેલ 9:17-19
- યર્મિયાનો વિલાપ 3:9-11
- લૂક 11:16-17
- માથ્થી 12:24-25

## શબ્દ માહિતી:

- Strong's: H490, H816, H820, H910, H1327, H1565, H2717, H2720, H2721, H2723, H3173, H3341, H3456, H3582, H4875, H4876, H4923, H5352, H5800, H7582, H7612, H7701, H7722, H8047, H8074, H8076, H8077, G2048, G2049, G2050, G3443

# પાયો નાંખવો, સ્થાપન થયું, સ્થાપક, પાયો, પાયા

## વ્યાખ્યા:

"પાયો નાંખવો" ક્રિયાપદનો અર્થ, "બાંધવું", અથવા "બનાવવું", અથવા પાયો નાખવો. "પર સ્થાપના કરેલ" શબ્દસમૂહનો અર્થ, તેના પર આધારભૂત અથવા તેના પર આધારિત થાય છે. "પાયો" એ છે કે તેનો પર જે કઈ બાંધેલું અથવા બનાવેલું છે તેનો આધાર તેની પર (તળ કે જમીન) છે.

- ઘર અથવા મકાનનો પાયો અવશ્ય મજબૂત અને સમગ્ર માળખાને આધાર આપે તેવો હોવો જરૂરી છે.
- "પાયો" શબ્દ, શરૂઆત પણ દર્શાવે છે અથવા સમય કે જયારે કંઈક પ્રથમ વાર બનાવાયું હતું.
- રૂપકાત્મક અર્થમાં, ખ્રિસ્તમાંના વિશ્વાસીઓને એક બાંધકામ સાથે સરખાવાવમાં આવ્યા છે, કે જેની સ્થાપના પ્રેરિતો અને પ્રબોધકોના શિક્ષણ પર કરેલી છે, કે જે બાંધકામમાં ઈસુ પોતે ખૂણાનો મુખ્ય પત્થર છે.
- "પાયાનો પત્થર" એક પત્થર હતો કે જે પાયાના ભાગ તરીકે મૂકવામાં આવેલો હતો.

આ પત્થરોનું પરીક્ષણ કરી ખાત્રી કરવામાં આવી હતી કે તેઓ સમગ્ર મકાનને આધાર આપવા પૂરતા મજબૂત છે કે નહીં.

## ભાષાંતરના સૂચનો:

- "જગતનો પાયો નાખ્યા અગાઉ" શબ્દસમૂહનું ભાષાંતર, "જગતની રચના થયા અગાઉ" અથવા "જયારે જગત પ્રથમ અસ્તિત્વમાં આવ્યું તે સમય પહેલાં" અથવા "બધું પ્રથમ બનાવવામાં આવ્યું હતું તે પહેલા" તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- "(તેના) પર સ્થાપના" શબ્દનું ભાષાંતર, "તેના પર સુરક્ષિત બાંધેલું" અથવા "નિશ્ચિતપણે આધારિત," તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને "પાયા" શબ્દનું ભાષાંતર, "મજબૂત પાયો" અથવા "મજબૂત આધાર" અથવા "શરૂઆત" અથવા "ઉત્પત્તિ" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: ખૂણાનો મુખ્ય પથ્થર, સર્જન કરવું)

## બાઈબલની કલમો:

- 1 રાજા 6:37-38
- 2 કાળવૃતાંત 3:1-3
- હઝકિયેલ 13:13-14
- લૂક 14:28-30
- માથ્થી 13:34-35
- માથ્થી 25:34-36

## શબ્દ માહિતી:

- Strong's: H134, H787, H803, H808, H2713, H3245, H3247, H3248, H4143, H4144, H4146, H4328, H4349, H4527, H6884, H8356, G2310, G2311, G2602

# પારખવું, પારખી લીધું, પારખી લેવું (જાણવું), પારખશક્તિ

## વ્યાખ્યા:

“પારખવું” શબ્દનો અર્થ, કંઇક સમજવા માટે સક્ષમ હોવું, ખાસ કરીને કંઇક સાચું છે કે અથવા ખોટું છે તે જાણવા સક્ષમ હોવું.

- ” “પારખશક્તિ” શબ્દ, કુશળતાપૂર્વક ચોક્કસ બાબતને સમજવી અને નક્કી કરવું, તે માટે દર્શાવવામાં આવ્યો છે.
- તેનો અર્થ બુદ્ધિ અથવા સારો ન્યાય થાય છે.

## ભાષાંતરના સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, “પારખવું” શબ્દનું ભાષાંતર, “સમજવું” અથવા “(બંને)ની વચ્ચેનો તફાવત જાણવો” અથવા “સારું અને ખરાબનો તફાવત જાણવો” અથવા “યોગ્ય રીતે ન્યાય કરવો” અથવા “ખોટાથી સાચાને પારખવું” તરીકે પણ (ભાષાંતર) કરી શકાય છે.
- “પારખશક્તિ” શબ્દનું ભાષાંતર, “સમજશક્તિ” અથવા “સારું અને દુષ્ટ પારખવાની ક્ષમતા હોવી” તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: ન્યાયાધીશ, જ્ઞાની)

## બાઈબલની કલમો :

- 1 રાજા 3:7-9
- ઉત્પત્તિ 41:33-34
- નીતિવચન 1:4-6
- ગીતશાસ્ત્ર 19:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H995, H2940, H4209, H5234, H8085, G350, G1252, G1253, G1381, G2924

# પિત્તળ

## વ્યાખ્યા:

"પિત્તળ" શબ્દ, એક પ્રકારનું ધાતુ દર્શાવે છે કે જે તાંબુ અને કલાઈ ધાતુઓને એક સાથે ઓગાળીને બનાવવામાં આવે છે. તેને ઘેરો બદામી, સહેજ લાલ રંગ હોય છે.

- પિત્તળ પાણીના ખવાણને અટકાવે છે અને ઉષ્માને સારી રીતે વાહક (લઈ જાય છે) કરી શકે છે.
- પ્રાચીન સમયોમાં, પિત્તળનો ઉપયોગ બીજી વસ્તુઓની સાથે, સાધનો, હથિયારો, કલાકારી, વેદીઓ, રાંધવાના ઘડાઓ અને સૈનિકોના શસ્ત્રો તરીકે થતો હતો.
- મંદિર અને મુલાકાત મંડપ બાંધવા માટેની ઘણી સામગ્રીઓ પિત્તળમાંથી બનાવેલી હતી.
- જુઠા દેવોની મૂર્તિઓ પણ મોટેભાગે પિત્તળના ધાતુમાંથી બનાવવામાં આવતી હતી.
- પ્રથમ પિત્તળની વસ્તુઓને પ્રવાહીમાં ઓગાળીને પછી તેને બીબામાં તે રેડીને બનાવવામાં આવતી હતી.

આ પ્રક્રિયાને "ઢાળણી" કહેવામાં આવતી હતી.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: હથિયારો, મુલાકાત મંડપ, મંદિર)

## બાઈબલની કલમો:

- 1 રાજા 7:15-17
- 1શમુએલ 17:37-38
- દાનિએલ 2:44-45
- નિર્ગમન 25:3-7
- પ્રકટીકરણ 1:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H5153, H5154, H5174, H5178, G5470, G5474, G5475

# પીગળવું, પીગળેલું, પીગળતું, પીગળે છે, પીગળેલા

## તથ્યો:

"પીગળવું" શબ્દ જ્યારે કોઈ વસ્તુને ગરમ કરવામાં આવે ત્યારે તે પ્રવાહી બને છે તેનો ઉલ્લેખ કરે છે. તેનો ઉપયોગ અલંકારિક રીતે પણ કરવામાં આવે છે. કોઈ વસ્તુ કે જે પીગળી ગઈ છે તેનું વર્ણન "પીગળેલી" વસ્તુ તરીકે પણ કરવામાં આવે છે.

- વિભિન્ન પ્રકારની ધાતુઓને જ્યાં સુધી તેઓ પીગળે નહિ અને હથિયારો કે મૂર્તિઓ જેવી વસ્તુઓ બનાવવા માટે બીબામાં ઢાળી શકાય નહિ ત્યાં સુધી ગરમ કરવામાં આવે છે.

"પીગળેલી ધાતુ" અભિવ્યક્તિ એક પીગળેલી ધાતુનો ઉલ્લેખ કરે છે.

- જ્યારે એક મીણબત્તી સળગે છે ત્યારે તેનું મીણ પીગળે છે અને વહે છે.

પ્રાચીન સમયોમાં, પત્રોને ઘણી વાર તેની કિનારીઓ પર પીગળેલું મીણ લગાવીને બંધ કરવામાં આવતા હતા.

- "પીગળવું"ના અલંકારિક ઉપયોગનો અર્થ પીગળેલા મીણની જેમ નરમ અને નબળા પડવું થાય છે.
- "તેઓના હૃદયો પીગળી જશે" તે અભિવ્યક્તિનો અર્થ ડરને કારણે તેઓ ખૂબ જ નબળા પડી જશે તેવો થાય છે.
- એક બીજી અલંકારિક અભિવ્યક્તિ "તેઓ પીગળી જશે"નો અર્થ થાય છે કે તેઓને બળજબરીથી દૂર કરવામાં આવશે અથવા તો તેઓ નબળાં છે તેવું જાહેર કરવામાં આવશે અને તેઓ હારીને ભાગી જશે.
- "પીગળવું"નો શબ્દશ: અર્થ "પ્રવાહી બનવું" અથવા "પીગાળી નાખવું" અથવા તો "પીગાળવું" તરીકે કરી શકાય.
- "પીગળવું"ના અલંકારિક અર્થના બીજા અનુવાદ "નરમ બનવું" અથવા તો "નબળા પડવું" અથવા તો "હારી જવું" થઈ શકે.

(આ પણ જૂઓ: હૃદય, જૂઠા દેવો, પ્રતિમા, મહોર)

## બાઇબલના સંદર્ભો:

- ગીતશાસ્ત્ર 112:10

## શબ્દ માહિતી:

- Strong's: H1811, H2003, H2046, H3988, H4127, H4529, H4541, H4549, H5140, H5258, H5413, H6884, H8557, G3089, G5080

# પીડા, ત્રાસ, પીડા, પીડિત

## તથ્યો:

"પીડા" શબ્દનો અર્થ ભયંકર દુઃખો થાય છે. કોઈને દુઃખ આપવાનો અર્થ એ કે તે વ્યક્તિને ઘણીવાર ક્રૂર રીતે, સહન કરવું પડે છે.

- કેટલીક વખત "પીડા" શબ્દનો અર્થ શારીરિક પીડા અને દુઃખનો થાય છે.

ઉદાહરણ તરીકે, પ્રકટીકરણનું પુસ્તક શારીરિક પીડાને વર્ણવે છે કે "શ્વાપદ"ના ભક્તો અંતના સમયમાં પીડાશે.

- અયૂબની અનુભવની જેમ દુઃખ પણ આધ્યાત્મિક અને ભાવનાત્મક પીડા હોઇ શકે છે.
- પ્રેરિત યોહાને પ્રકટીકરણના પુસ્તકમાં લખ્યું હતું કે જે લોકો ઈસુને તેમના ઉદ્ધારક તરીકે માનશે નહી તેઓ આગના તળાવમાં શાશ્વત પીડા અનુભવશે.
- આ શબ્દ "ભયંકર વેદના" અથવા "કોઈને મોટા પ્રમાણમાં પીડાય થઇ" અથવા "યાતના."તરીકે ભાષાંતર કરી શકે છે

કેટલાક અનુવાદકો અર્થને સ્પષ્ટ બનાવવા માટે " શારીરિક " અથવા "આધ્યાત્મિક" ઉમેરી શકે છે.

આ પણ જુઓ: [શ્વાપદ], [શાશ્વત], [અયૂબ], [તારનાર], [આત્મા], [પીડા], [ભજન]

## બાઇબલના સંદર્ભો:

- 2 પિતર 2:7-9
- યર્મિયાહ 30:20-22
- યર્મિયાહનો વિલાપ 1:11-12
- લુક 8:28-29
- પ્રકટીકરણ 11:10-12

## શબ્દ માહિતી:

- Strong's: H3013, G928, G929, G930, G931, G2558, G2851, G3600

# પીધેલ, દારૂડિયો

## સત્યો:

"પીધેલ" શબ્દનો અર્થ અતિશય નશીલું પીણું પીવાથી ઉન્મત્ત થઈ જવું. "દારૂડિયો" એ એવી વ્યક્તિ છે કે જે મોટેભાગે પીધેલ હોય છે. આ પ્રકારના વ્યક્તિને "નશીલા" તરીકે પણ દર્શાવી શકાય છે.

- બાઈબલ વિશ્વાસીઓને કહે છે કે દારૂ (નશીલા) પીણાથી મસ્ત ન બનવું, પરંતુ દેવના પવિત્ર આત્માથી નિયંત્રણમાં રહેવું.
- બાઈબલ શીખવે છે કે દારૂનો નશો એ ગાંડપણ છે અને વ્યક્તિને પાપના બીજા માર્ગે જવા ઉત્તેજિત કરે છે.
- "પીધેલ" શબ્દનું બીજી રીતે ભાષાંતર કરીએ ત્યારે તેમાં બીજા શબ્દો જેવા કે, "નશામાં" અથવા "ઉન્મત્ત" અથવા "અતિશય દારૂ પીવો" અથવા "આથાવાળું પીણું પીવું" (શબ્દોનો) સમાવેશ કરી શકાય.

(આ પણ જુઓ: દ્રાક્ષારસ/દારૂ)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 5:11-13
- 1 શમુએલ 25:36
- યર્મિયા 13:12-14
- લૂક 7:33-35
- લૂક 21:34-35
- નીતિવચન 23:19-21

## શબ્દ માહિતી:

- Strong's: H5433, H5435, H7301, H7302, H7910, H7937, H7941, H7943, H8354, H8358, G3178, G3182, G3183, G3184, G3630, G3632

# પૂછવું, પુછે છે, તપાસ કરેલું, પૂછપરછ

## સત્યો:

"પૂછવું" શબ્દનો અર્થ જાણકારી માટે કોઈને પૂછવું.

"(તે)ને વિશે પૂછવું" અભિવ્યક્તિ મોટેભાગે જ્ઞાન અથવા મદદ માટે દેવને પૂછવું, તે દર્શાવવા વાપરવામાં આવ્યો છે.

- જૂના કરારમાં કેટલાક ઉદાહરણો છે જ્યાં લોકો દેવની પૂછપરછ કરતા હતા.
- રાજા અથવા સરકારી અધિકારી દ્વારા જયારે સત્તાવાર લખાયેલા અહેવાલોની તપાસ કરવામાં આવે છે ત્યારે આ શબ્દ વાપરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "પૂછપરછ" શબ્દનું ભાષાંતર, "પૂછવું" અથવા જાણકારી માટે પૂછવું" તરીકે કરી શકાય છે.
- "યહોવાને પૂછવું" અભિવ્યક્તિનું ભાષાંતર "માર્ગદર્શન માટે યહોવાને પૂછવું" અથવા "યહોવાને પૂછવું કે શું કરવું" તરીકે કરી શકાય છે.
- કંઈક "તેના વિશે પૂછવું" શબ્દસમૂહનું ભાષાંતર, "વિશે પ્રશ્નો પૂછવા" અથવા "વિશેની જાણકારી માટે પૂછવું" તરીકે કરી શકાય છે.
- જયારે યહોવા કહે છે "હું તમને પૂછવા નહિ દઉં," ત્યારે તેનુ ભાષાંતર "હું તમને માહિતી માટે મને પૂછવાની પરવાનગી આપીશ નહીં" અથવા "તમને મારા તરફથી મદદ લેવાની પરવાનગી અપાશે નહીં" તરીકે કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 19:17-19
- હઝકિયેલ 20:1
- હઝકિયેલ 20:30-32
- એઝરા 7:14-16
- અયૂબ 10:4-7

## શબ્દ માહિતી:

- Strong's: H1240, H1245, H1875, G1830

# પૂર, પૂર આવે છે, પૂર આવ્યું, પૂર આવવું, પાણીનું પૂર

## વ્યાખ્યા:

"પૂર" શબ્દનો શાબ્દિક અર્થ, જ્યારે મોટા પ્રમાણમાં પાણી સંપૂર્ણપણે રીતે જમીનને ઢાંકે છે તેને દર્શાવે છે.

- આ શબ્દ રૂપકાત્મક ઉપયોગ જ્યારે અતિશય પ્રમાણમાં થઈ જાય, ખાસ કરીને કંઈક એકાએક બને છે તેને દર્શાવવા પણ વપરાયો છે.
- નૂહના સમયમાં, લોકો ખૂબજ દુષ્ટ બની ગયા હતા કે જેથી દેવે સમગ્ર પૃથ્વીની સપાટી ઉપર વિશ્વભરમાં પૂર આવવા દીધું, પર્વતોની ટોચ પણ ઢંકાઈ ગઈ.

દરેક કે જેઓ નૂહની સાથે વહાણમાં નહોતા તેઓ ડૂબી ગયા. પૂરથી જમીનનો બધોજ નાનો વિસ્તાર ઢંકાઈ ગયો.

- આ શબ્દ એક ક્રિયા પણ હોઈ શકે છે, જેમકે "નદીના પાણીથી જમીનમાં પૂર આવ્યું હતું."

## ભાષાંતરના સૂચનો:

- "પૂર" ના શાબ્દિક અર્થનું ભાષાંતર, "પાણીનું ઊભરાવું" અથવા "પાણીનું વધારે પ્રમાણ" જેવા શબ્દનો સમાવેશ થાય છે.
- "પૂર જેવું" શબ્દની રૂપકાત્મક સરખામણીમાં શાબ્દિક શબ્દ રાખી શકાય અથવા યોગ્ય શબ્દ વાપરી શકાય કે જે કઈક દર્શાવે છે કે જે નદીની જેમ વહેતુ હોય.
- "પૂરના જેવું પાણી" અભિવ્યક્તિ, જ્યાં પાણી શબ્દનો ઉલ્લેખ આવી જાય છે, ત્યાં પૂર શબ્દનું ભાષાંતર, "વધારે પડતું પાણી" અથવા "ઉભરાતું પાણી" તરીકે કરી શકાય છે.
- આ શબ્દ રૂપક તરીકે વાપરવામાં આવ્યો છે, જેમકે "પૂરને મારી ઉપર આવવા ન દો," જેનો અર્થ, "અતિશય આપત્તિઓ મારી પર આવવા ન દો" અથવા "આપત્તિઓથી મારો વિનાશ થવા ન દો" અથવા "તમારો ગુસ્સો અમારો નાશ ન કરો" એમ થઈ શકે છે. (જુઓ: રૂપક)
- "મારી પથારીને આંસુઓથીથી ભીંજવું છું" રૂપકાત્મક અભિવ્યક્તિનું ભાષાંતર, "મારા આંસુઓ મારી પથારીને પાણીના પૂરની જેમ ઢાંકે છે"

(આ પણ જુઓ: વહાણ, નૂહ)

## બાઈબલની કલમો:

- દાનિયેલ 11:10
- ઉત્પત્તિ 7:6-7
- લૂક 6:46-48
- માથ્થી 7:24-25
- માથ્થી 7:26-27
- માથ્થી 24:37-39

## શબ્દ માહિતી:

- Strong's: H216, H2229, H2230, H2975, H3999, H5104, H5140, H5158, H5674, H6556, H7641, H7857, H7858, H8241, G2627, G4132, G4215, G4216

# પૂર્વજ, પૂર્વજો

## વ્યાખ્યા:

બાઈબલમાં "પૂર્વજ" શબ્દ જે વ્યક્તિ યહૂદી લોકોની સ્થાપના કરનાર પૂર્વજ હતો તેનો ઉલ્લેખ કરે છે, ખાસ કરીને ઇબ્રાહિમ, ઇસહાક અથવા તો યાકૂબનો ઉલ્લેખ કરે છે.

- તે શબ્દ યાકૂબના બાર પુત્રોનો ઉલ્લેખ પણ કરી શકે છે કે જેઓ ઇઝરાયલના બાર કુળોના બાર પૂર્વજો બન્યા.
- "પૂર્વજ" શબ્દનો અર્થ "આદિપિતા" જેવો જ છે, પણ તે વિશિષ્ટરૂપે એક લોકજાતિના સૌથી વિખ્યાત પુરુષ વડા આગેવાનનો ઉલ્લેખ કરે છે.

(આ પણ જૂઓ: પૂર્વજ, પિતા, બાપદાદા)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 2:29-31
- પ્રેરિતોનાં કૃત્યો 7:6-8
- પ્રેરિતોનાં કૃત્યો 7:9-10
- એઝરા 3:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H1, H7218, G3966

# પૂર્વજ, પૂર્વજો, પિતા, પિતાઓ, જન્મ આપવો, પિતાની સાર, વડવા, વડવાઓ, દાદા

## વ્યાખ્યા:

જયારે શાબ્દિક રીતે "પિતા" શબ્દ વાપરવામાં આવ્યો છે, ત્યારે તે વ્યક્તિના પુરુષ પિતાને દર્શાવે છે. આ શબ્દના અનેક રૂપકાત્મક ઉપયોગો પણ છે.

- મોટેભાગે "પિતા" અથવા "વડવા" શબ્દો ચોક્કસ વ્યક્તિ અથવા લોકોના જૂથના પુરુષ વડવાઓને દર્શાવવા વાપરવામાં આવે છે.

આ શબ્દનું ભાષાંતર, "પૂર્વજ" અથવા "વડીલોપાર્જિત પિતા" પણ કરી શકાય છે.

- "(તે)નો પિતા" અભિવ્યક્તિ રૂપકાત્મક રીતે એવી વ્યક્તિને દર્શાવે છે કે જે કોઈ લોક જૂથનો આગેવાન અથવા કોઈકનો સ્ત્રોત (ઉત્પન્ન કરનાર) હોય.

ઉદાહરણ તરીકે, ઉત્પત્તિ 4 માં "બધાનો પિતા જે તંબુઓમાં રહે છે" તે શબ્દનો અર્થ, "પ્રથમ લોકોના પ્રથમ કુળનો આગેવાન કે જે તંબુમાં વસ્યો હતો," એમ થઈ શકે છે.

- પાઉલ પ્રેરિત જેઓને સુવાર્તા પ્રચાર દ્વારા (ઘણા લોકોને) ખ્રિસ્તી બનવા માટે મદદ કરી, તેથી તે રૂપકાત્મક રીતે પોતાને "પિતા" કહેવડાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- જયારે પિતા અને તેના વાસ્તવિક પુત્ર વિશે વાત કરીએ, ત્યારે જે તે ભાષામાં પિતાનો સામાન્ય શબ્દ વપરાય છે તે વાપરીને તેનું ભાષાંતર કરવું.
- પિતા માટેના સામાન્ય શબ્દનો ઉપયોગ કરીને "ઈશ્વર પિતા" શબ્દનું ભાષાંતર પણ કરવું જોઈએ.
- જયારે વડવાઓને દર્શાવવામાં આવે છે, ત્યારે આ શબ્દનું ભાષાંતર "પૂર્વજો" અથવા "વડીલોપાર્જિત પિતાઓ" તરીકે કરી શકાય છે.
- જયારે પાઉલ રૂપકાત્મક રીતે પોતાને ખ્રિસ્તમાં વિશ્વાસીઓના પિતા તરીકે દર્શાવે છે, ત્યારે તેનું ભાષાંતર "આત્મિક પિતા" અથવા "ખ્રિસ્તમાં પિતા" તરીકે કરી શકાય છે.
- ક્યારેક "પિતા" શબ્દનું ભાષાંતર, "કુળના આગેવાન" તરીકે કરી શકાય છે.
- "સઘળા જૂઠાણાનો પિતા" શબ્દસમૂહનું ભાષાંતર, "સઘળા જૂઠાણાનો સ્ત્રોત" અથવા "એક કે જેમાંથી સઘળું જૂઠ આવે છે.

(આ પણ જુઓ: ઈશ્વર પિતા, દીકરો, દેવનો દીકરો)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:1-3
- પ્રેરિતો 7:31-32
- પ્રેરિતો 7:44-46
- પ્રેરિતો 22:3-5
- ઉત્પત્તિ 31:29-30
- ઉત્પત્તિ 31:41-42
- ઉત્પત્તિ 31:51-53
- હિબ્રૂ 7:4-6
- યોહાન 4:11-12
- યહોશુઆ 24:3-4
- માલાખી 3:6-7
- માર્ક 10:7-9
- માથ્થી 1:7-8
- માથ્થી 3:7-9
- માથ્થી 10:21-23
- માથ્થી 18:12-14
- રોમન 4:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H1, H2, H25, H369, H539, H1121, H1730, H1733, H2524, H3205, H3490, H4940, H5971, H7223, G256, G540, G1080, G2495, G3737, G3962, G3964, G3966, G3967, G3970, G3971, G3995, G4245, G4269, G4613

# પૃથ્વી, માટીનું, ધરતીનું

## વ્યાખ્યા:

“પૃથ્વી” શબ્દ એ વિશ્વને દર્શાવે છે કે જેના ઉપર મનુષ્ય જાત, બધા અન્ય સ્વરૂપોના જીવો સાથે રહે છે.

- “પૃથ્વી” એ ભૂમિ અથવા માટી કે જે જમીનને ઢાંકે છે તેને પણ દર્શાવે છે.

મોટેભાગે આ શબ્દ રૂપકાત્મક રીતે, લોકો કે જેઓ પૃથ્વી ઉપર રહે છે તેઓ માટે દર્શાવવા માટે કરવામાં આવ્યો છે. (આ પણ જુઓ: સબંધી/અજહલ્લક્ષણા)

- “પૃથ્વી આનંદ કરો” અને “તે પૃથ્વીનો ન્યાય કરશે,” એવી અભિવ્યક્તિઓ આ શબ્દના રૂપકાત્મક ઉપયોગો માટેના ઉદાહરણો છે.
- સામાન્ય રીતે “પૃથ્વીનું” શબ્દ, ભૈતિક બાબતો જે આત્મિક બાબતો સામે વિરોધાભાસ દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું ભાષાંતર, કોઈ શબ્દ અથવા શબ્દસમૂહ દ્વારા કરી શકાય છે કે જે સ્થાનિક ભાષા અથવા નજીકની રાષ્ટ્રીય ભાષાઓમાં પૃથ્વીને ગ્રહ તરીકે દર્શાવે કે જેમાં આપણે રહીએ છીએ.
- સંદર્ભ પર આધાર રાખીને, “પૃથ્વી” શબ્દનું ભાષાંતર, “વિશ્વ” અથવા “જમીન” અથવા “ધૂળ” અથવા “માટી” તરીકે પણ કરી શકાય છે.
- જયારે તેનો રૂપકાત્મક ઉપયોગ થાય છે ત્યારે “પૃથ્વી” શબ્દનું ભાષાંતર, “પૃથ્વી પરના લોકો” અથવા “પૃથ્વી ઉપર રહેતા લોકો” અથવા “પૃથ્વી ઉપરનું સઘળું,” તરીકે કરી શકાય છે.
- “પૃથ્વીનું” શબ્દના ભાષાંતરમાં, “ભૌતિક” અથવા “આ પૃથ્વી પરની વસ્તુઓ” અથવા “દૃશ્યમાન” જેવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.

(આ પણ જુઓ: આત્મા, વિશ્વ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 1:38-40
- 2 કાળવૃતાંત 2:11-12
- દાનિયેલ 4:35
- લૂક 12:51-53
- માથ્થી 6:8-10
- માથ્થી 11:25-27
- ઝખાર્યા 6:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H127, H772, H776, H778, H2789, H3007, H3335, H6083, H7494, G1093, G1919, G2709, G2886, G3625, G3749, G4578, G5517

# પેઢી

## વ્યાખ્યા:

"પેઢી" શબ્દ, લોકોનું જૂથ કે જેઓ એક સમયગાળામાં આસપાસ જન્મ્યા હતા, તેને દર્શાવે છે.

- પેઢી સમયના ગાળા માટે પણ દર્શાવી શકાય છે.

બાઈબલના સમયમાં, પેઢી સામાન્ય રીતે લગભગ 40 વર્ષો માટે માનવામાં આવતી હતી.

- માતા-પિતા અને તેઓના બાળકો બે અલગઅલગ પેઢીઓમાં આવે છે.
- બાઈબલમાં, રૂપકાત્મક રીતે "પેઢી" શબ્દ, પ્રચલિત રીતે જે લોકો સામાન્ય લક્ષણો ધરાવે છે તેમને માટે વાપરવામાં આવ્યો છે.

## ભાષાંતરના સૂચનો:

- "આ પેઢી" અથવા "આ પેઢીના લોકો" શબ્દસમૂહનું ભાષાંતર, "અત્યારે જે લોકો જીવે છે" અથવા "તમે લોકો" તરીકે કરી શકાય છે.
- "આ દુષ્ટ પેઢી" નું ભાષાંતર, "અત્યારે આ દુષ્ટ લોકો જીવે છે તે," તરીકે પણ કરી શકાય છે.
- "વંશપરંપરા" અથવા "એક પેઢીથી બીજી પેઢી" અભિવ્યક્તિનું ભાષાંતર, "અત્યારે લોકો જીવે છે, તેમજ તેઓના બાળકો અને પૌત્ર પૌત્રીઓ" અથવા "દરેક સમયગાળામાં લોકો" અથવા "આ સમયગાળામાં અને ભવિષ્યના સમયગાળામાં લોકો" અથવા "બધા લોકો અને તેઓના વંશજો," તરીકે કરી શકાય છે.
- "પેઢી જે આવશે તેની સેવા કરશે; તેઓ પછીની પેઢીને યહોવા વિશે કહેશે," તેનું ભાષાંતર, "ભવિષ્યમાં ઘણા લોકો યહોવાની સેવા કરશે અને તેઓના બાળકો અને પૌત્ર-પૌત્રીઓને તેના વિશે કહેશે," તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: વંશજ, દુષ્ટ, પૂર્વજ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 15:19-21
- નિર્ગમન 3:13-15
- ઉત્પત્તિ 15:14-16
- ઉત્પત્તિ 17:7-8
- માર્ક 8:11-13
- માથ્થી 11:16-17
- માથ્થી 23:34-36
- માથ્થી 24:34-35

## શબ્દ માહિતી:

# પેયાર્પણો

## વ્યાખ્યા:

પેયાર્પણ એ દેવને ચઢાવવા આવતું બલિદાન હતું કે જેમાં વેદી ઉપર દ્રાક્ષારસ રેડવામાં આવે છે. તે મોટેભાગે દહનાર્પણ અને ખાદ્યાર્પણની સાથે ચઢાવવામાં આવતું હતું.

- પાઉલ તેના જીવનને પેયાર્પણની જેમ રેડી દેવામાં આવેલું હોય તેમ દર્શાવે છે. તેનો અર્થ એ કે તેને (પાઉલને) ખબર હતી કે તેને દુઃખ સહન કરવું પડશે અને તે કારણે મરવું પડશે, છતાં પણ તે દેવની સેવા અને લોકોને ઈસુ વિશે કહેવા સંપૂર્ણપણે સમર્પિત હતો.
- ઈસુનું વધસ્તંભ પરનું મરણ એ અંતિમ પેયાર્પણ હતું, આપણા પાપોને માટે તેનું લોહી વધસ્તંભ ઉપર રેડવામાં આવ્યું હતું

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું બીજી રીતે ભાષાંતર, "દ્રાક્ષારસનું અર્પણ" કરી શકાય. જયારે પાઉલ કહે છે કે તે "અર્પણ તરીકે રેડાઈ ગયો છે" તેનું ભાષાંતર, "જેવી રીતે વેદી ઉપર અર્પણ તરીકે સંપૂર્ણપણે દ્રાક્ષારસ રેડવામાં આવે છે, તેવી રીતે હું સંપૂર્ણપણે લોકોને દેવના સંદેશનું શિક્ષણ આપવામાં સમર્પિત થઈ ગયો છું" આ રીતે પણ (તેનું ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: દહનાર્પણ, ખાદ્યાર્પણ)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 25:28-30
- હઝકિયેલ 45:16-17
- ઉત્પત્તિ 35:14-15
- યર્મિયા 7:16-18
- ગણના 5:15

## શબ્દ માહિતી:

- Strong's: H5257, H5261, H5262

# પ્રકાર, પ્રકારો, દયા, દયાળુ

## વ્યાખ્યા:

“પ્રકાર” અને “પ્રકારો” “શબ્દો જૂથો કે વસ્તુઓના વર્ગીકરણનો ઉલ્લેખ કરે છે જે સરખી લાક્ષણિક્તાઓથી જોડાયેલ હોય છે.

- બાઈબલમાં, આ શબ્દ ખાસ રીતે જ્યારે ઈશ્વરે પૃથ્વીની રચના કરી ત્યારે જે વિશિષ્ટ પ્રકારના છોડવાઓ અને પ્રાણીઓ બનાવ્યા તેના માટે વપરાયો છે.
- ઘણીવાર દરેક “પ્રકાર’’ ની અંદર જુદા જુદા તફાવત અથવા પ્રજાતિઓ હોય છે.

ઉદાહરણ તરીકે, ઘોડાઓ, જીબ્રાઓ, અને ગધેડાઓ એ સર્વ સમાન “પ્રકાર” ના સભ્યો છે પરંતુ તેઓ જુદી પ્રજાતિઓ છે.

- મુખ્ય બાબત જે દરેક “પ્રકાર” ને અલગ જુથ તરીકે તફાવત કરે છે એ તો તે જૂથના સભ્યો તેમના સમાન “પ્રકાર” ના ફરી ઉત્પન્ન કરી શકે છે.

જુદા પ્રકારોના સભ્યો એકબીજા સાથે એમ કરી શકતા નથી.

## અનુવાદ માટેના સૂચનો

- આ શબ્દનો અનુવાદ કરવાની રીતો “પ્રકાર” અથવા ”વર્ગ” અથવા ”જુથ” અથવા “પ્રાણીનું (છોડ) જુથ” અથવા”” “શ્રેણી” નો સમાવેશ કરી શકે છે.

## બાઇબલ સંદર્ભો:

- ઉત્પત્તિ 1:20-21
- ઉત્પત્તિ 1:24-25
- માર્ક 9:28-29
- માથ્થી 13:47-48

## શબ્દ માહિતી:

- Strong's: H2178, H3978, H4327, G1085, G5449

# પ્રકાશ, પ્રકાશે છે, પ્રકાશિત કરવું, દિવસનો પ્રકાશ, સૂર્યપ્રકાશ, સંધિકાળ, પ્રકાશિત કરવું, પ્રબુદ્ધ

## વ્યાખ્યા:

બાઈબલમાં અનેક અલંકારિક ઉપયોગો "પ્રકાશ" શબ્દ માટે છે. તે ઘણીવાર ન્યાયીપણું, પવિત્રતા, અને સત્યતાના રૂપક તરીકે વાપરવામાં આવે છે. (જુઓ: રૂપક)

- ઈસુએ કહ્યું, "હું જગતનો પ્રકાશ/અજવાળું છું" એ દર્શાવવા માટે કે તેઓ ઈશ્વરનો સાચો સંદેશ જગતમાં લાવે છે અને લોકોને તેમના પાપોના અંધકારમાથી છોડવે છે.
- ખ્રિસ્તી લોકોને "પ્રકાશમાં ચાલવા" આજ્ઞા આપવામાં આવી છે, જેનો અર્થ તેઓ ઈશ્વર ચાહે છે તે રીતે જીવન જીવે અને દુષ્ટતાને ટાળે.
- પ્રેરિત યોહાને નોંધ્યું કે "ઈશ્વર પ્રકાશ" છે અને તેમનામા કંઈ પણ અંધકાર નથી.
- પ્રકાશ અને અંધકાર સંપૂર્ણપણે વિપરીત છે.

અંધકાર એ સર્વ પ્રકાશની ગેરહાજરી છે.

- ઈસુએ કહ્યું કે તેઓ "જગતના પ્રકાશ હતા" અને તેમના શિષ્યોએ જગતમાં પ્રકાશની જેમ પ્રકાશિત થવું જોઈએ એવી રીતે જીવીને કે જે સપ્ષ્ત બતાવે કે ઈશ્વર કેટલા મહાન છે.
- "પ્રકાશમાં ચાલવું" એ એવી રીતે જીવવું કે જે ઈશ્વરને પસંદ પડે છે, જે ખરું અને સાચું છે તે કરવું તેનું પ્રતિનિધિત્વ કરે છે.

અંધકારમાં ચાલવું એ ઈશ્વરની વિરુદ્ધ બંડ પોકારીને જીવવું, દુષ્ટ બાબતો કરવી તેનું પ્રતિનિધિત્વ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- અનુવાદ કરતી વખતે, જ્યારે તેનો અર્થાલંકારિક રીતે ઉપયોગ થયો હોય તોપણ એ મહત્વનુ છે કે "પ્રકાશ" અને "અંધકાર" ના શાબ્દિક શબ્દો જ રાખવા.
- લખાણમાં તેની સરખામણી સમજાવવી એ જરૂરી બની શકે.

ઉદાહરણ તરીકે, "પ્રકાશના સંતાનોની જેમ ચાલો" નું અનુવાદ "ન્યાયી રીતે જીવો, જાણે કોઈક તેજસ્વી સૂર્યપ્રકાશમાં ચાલતું હોય" એમ કરી શકાય.

- એ ધ્યાનમાં રાખો કે "પ્રકાશ" નું અનુવાદ વસ્તુનો ઉલ્લેખ કરતો નથી જે પ્રકાશ આપે છે, જેમ કે દીવો.

આ શબ્દનું અનુવાદ પોતે જ પ્રકાશનો ઉલ્લેખ કરતો હોવો જોઈએ.

(આ પણ જુઓ: અંધકાર, પવિત્ર, ન્યાયી, સત્ય)

## બાઈબલના સંદર્ભો:

- 1 યોહાન 1:5-7
- 1 યોહાન 2:7-8
- 2 કરિંથીઓ 4:5-6
- પ્રેરિતોના કૃત્યો 26:15-18
- યશાયા 2:5-6
- યોહાન 1:4-5
- માથ્થી 5:15-16
- માથ્થી 6:22-24
- નહેમ્યા 9:12-13
- પ્રકટીકરણ 18:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H216, H217, H3313, H3974, H4237, H5051, H5094, H5105, H5216, H6348, H7052, H7837, G681, G796, G1645, G2985, G3088, G5338, G5457, G5458, G5460, G5462

# પ્રતિજ્ઞા, જમાનત, પ્રતિજ્ઞા કરી, પ્રતિજ્ઞા કરે છે

## વ્યાખ્યા:

"પ્રતિજ્ઞા" શબ્દ ઔપચારિક રીતે અને ગંભીરતાપૂર્વક કઇંક કરવાનું કે આપવાનું વચન આપવાનો ઉલ્લેખ કરે છે.

- જૂના કરારમાં, ઇઝરાયલના અધિકારીઓએ દાઉદ રાજા પ્રત્યે વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લીધી હતી.
- જ્યારે પ્રતિજ્ઞા પૂરી કરવામાં આવે ત્યારે જે વસ્તુને જમાનત તરીકે આપવામાં આવી હોય તે વસ્તુને તેના માલિકને પાછી આપવામાં આવે છે.
- "પ્રતિજ્ઞા કરવી" નો અનુવાદ "ઔપચારિક રીતે વચન આપવું" અથવા તો "દ્રઢતાપૂર્વક વચન આપવું" તરીકે કરી શકાય.
- "જમાનત" શબ્દ દેવું ચૂકવી આપવામાં આવશે તેની બાંયધરી અથવા તો ખાતરીરૂપે આપવામાં આવેલી વસ્તુનો ઉલ્લેખ પણ કરી શકે છે.
- "પ્રતિજ્ઞા" નો અનુવાદ સંદર્ભ અનુસાર "ગંભીર વચન" અથવા તો "ઔપચારિક સમર્પણ" અથવા તો "બાંયધરી" અથવા તો "ઔપચારિક ભરોસો" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: ખાતરીદાયક વચન, પ્રતિજ્ઞા, શપથ)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 5:4-5
- નિર્ગમન 22:25-27
- ઉત્પત્તિ 38:17-18
- નહેમ્યા 10:28-29

## શબ્દ માહિતી:

- Strong's: H781, H2254, H2258, H5667, H5671, H6148, H6161, H6162

# પ્રતિમા (મૂર્તિ), મૂર્તિઓ, કોતરેલી પ્રતિમા, કોતરેલી મૂર્તિઓ, ધાતુના ઘાટની પ્રતિમાઓ, પૂતળું, પૂતળાં, કોતરેલું પૂતળું, કોતરેલા પૂતળાં, ધાતુ ઘાટના પૂતળું, ધાતુ ઘાટના પૂતળાં

## વ્યાખ્યા:

આ બધાંજ શબ્દો મૂર્તિઓને દર્શાવવા વાપરવામાં આવ્યા છે કે જે જૂઠા દેવની પૂજા માટે બનાવવામાં આવેલી છે. મૂર્તિઓના પૂજા કરવાના સંદર્ભમાં, “પ્રતિમા” શબ્દનું ટૂંકું સ્વરૂપ “કોતરેલી મૂર્તિ” છે.

- “કોતરેલી મૂર્તિ” અથવા “કોતરેલું પૂતળું” લાકડાની વસ્તુ છે કે જે એક પ્રાણી, વ્યક્તિ, અથવા વસ્તુ જેવા રૂપમાં બનાવેલું હોય છે.
- “ધાતુના ઘાટમાં બનાવેલું પૂતળું” એક પદાર્થ અથવા પ્રતિમા છે કે જે ધાતુ ઓગાળીને બનાવવામાં આવે છે, અને તેને બીબામાં રેડવામાં આવે છે કે જેનો આકાર એક વસ્તુ, પ્રાણી, અથવા વ્યક્તિ જેવો હોય છે.
- આ લાકડા અને ધાતુની પ્રતિમાઓ જૂઠા દેવોની આરાધનામાં વાપરવામાં આવતા હતા.
- જયારે “પ્રતિમા” શબ્દને એક મૂર્તિ તરીકે દર્શાવવામાં આવે છે, ત્યારે લાકડું અથવા ધાતુના મૂર્તિ તરીકે પણ દર્શાવી શકાય છે.

## ભાષાંતરના સૂચનો:

- જયારે એક મૂર્તિને દર્શાવવામાં આવે છે, ત્યારે “પ્રતિમા” શબ્દનું ભાષાંતર, “પૂતળું” અથવા “કોતરેલી મૂર્તિ” અથવા “કોતરેલી ધાર્મિક પ્રતિમા” તરીકે પણ કરી શકાય છે.
- કેટલીક ભાષાઓમાં હંમેશા વર્ણનાત્મક શબ્દ વડે આ શબ્દને દર્શાવવામાં આવે તો તે કદાચ વધુ સ્પષ્ટ થઇ શકે, જેમકે “કોતરેલી મૂર્તિ” અથવા “ ઘડેલું પૂતળું,” જોકે અમુક મૂળ લખાણમાં તે “પ્રતિમા” અથવા “પૂતળું” વાપરવામાં આવ્યું હોઈ શકે.
- ખાતરી કરો તે સ્પષ્ટ છે કે જે શબ્દ દેવના સ્વરૂપ (પ્રતિમા)ને દર્શાવવા વાપરવામાં આવ્યો છે, તે આ શબ્દ કરતાં અલગ હોય.

(આ પણ જુઓ: ખોટો દેવ, દેવ, જૂઠો દેવ, દેવની પ્રતિમા/સ્વરૂપ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 14:9-10
- પ્રેરિતો 7:43
- યશાયા 21:8-9
- માથ્થી 22:20-22
- રોમન 1:22-23

## શબ્દ માહિતી:

- Strong's: H457, H1544, H2553, H4541, H4676, H4853, H4906, H5257, H5262, H5566, H6091, H6456, H6459, H6754, H6755, H6816, H8403, H8544, H8655, G1504, G5179, G5481

# પ્રથમજનિત

## વ્યાખ્યા:

"પ્રથમજનિત" શબ્દ, તે લોક અથવા પ્રાણીઓના સંતાનને દર્શાવે છે, જેઓ બીજા સંતાનની પહેલા જન્મે છે.

- બાઈબલમાં, સામાન્ય રીતે "પ્રથમજનિત" પહેલા પુરુષ સંતાન કે જે જન્મ લે છે તે દર્શાવે છે.
- બાઈબલના સમયમાં, પ્રથમ જનિત પુત્ર ને તેના કુટુંબના વારસામાં બીજા પુત્રો કરતા બમણો હિસ્સો અને પદ આપવામાં આવતા હતા.
- મોટેભાગે પ્રાણીનું જે પ્રથમ જનિત નર હતું કે જેનું દેવ માટે બલિદાન આપવામાં આવતું હતું.
- આ ભાગને રૂપકાત્મક રીતે પણ વાપરી શકાય છે.

ઉદાહરણ તરીકે, ઈઝરાએલના દેશને દેવનો પ્રથમજનિત દીકરો કહેવામાં આવ્યો છે કારણકે દેવે તેને બીજા દેશો ઉપર ખાસ અધિકારો આપ્યા છે.

- ઈસુ , દેવના દીકરાને દેવનો પ્રથમજનિત કહેવામાં આવ્યો છે કારણકે દરેક જણ ઉપર તેનું મહત્વ અને અધિકાર રહેલો છે.

## ભાષાંતરના સૂચનો:

- જયારે "પ્રથમજનિત" માત્ર લખાણ માં હોયછે, ત્યારે તેનું ભાષાંતર " પ્રથમજનિત પુરુષ" અથવા "પ્રથમજનિત પુત્ર," તરીકે પણ કરી શકાય છે ? (જુઓ: માની લીધેલું જ્ઞાન અને સૂચિત માહિતી)
- આ શબ્દનું બીજી રીતે ભાષાંતર "પુત્ર કે જે પ્રથમ જન્મ્યો છે" અથવા " જયેષ્ઠ પુત્ર" નો સમાવેશ કરીને કરી શકાય છે.
- જયારે રૂપકાત્મક રીતે ઈસુને દર્શાવવા વપરાય છે, ત્યારે તેનું ભાષાંતર શબ્દ અથવા શબ્દસમૂહ સાથે કે જેનો અર્થ "પુત્ર કે જેને સઘળા ઉપર અધિકાર છે" અથવા "પુત્ર કે જે પ્રથમ સન્માનમાં છે" તરીકે કરી શકાય છે.
- સાવધાની:

ખાત્રી કરો કે ઈસુના સંદર્ભમાં આ શબ્દનું ભાષાંતર કે તેને બનાવવામાં આવેલો હતો તેમ સૂચિત કરતું નથી.

(આ પણ જુઓ: વારસો, બલિદાન, દીકરો)

## બાઈબલની કલમો:

- કલોસ્સી 1:15-17
- ઉત્પત્તિ 4:3-5
- ઉત્પત્તિ 29:26-27
- ઉત્પત્તિ 43:32-34
- લૂક 2:6-7
- પ્રકટીકરણ 1:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H1060, H1062, H1067, H1069, G4416, G5207

# પ્રથમફળો

## વ્યાખ્યા:

"પ્રથમ ફળો" શબ્દ, ફસલની ઋતુમાં લણવામાં આવતા દરેક પાકના ફળોનો અને શાકભાજીના પ્રથમ ભાગને તે દર્શાવે છે. આ પ્રથમ ફળોને ઈઝરાએલીઓ બલિદાનના અર્પણ તરીકે દેવને અર્પણ કરતા હતા.

- આ શબ્દને બાઈબલમાં રૂપકાત્મક રીતે પ્રથમ જનિત દીકરાને કુટુંબના પ્રથમ ફળો તરીકે દર્શાવવા માટે પણ વાપરવામાં આવ્યો છે.

કારણકે તે કુટુંબમાં તે દીકરો પ્રથમ જન્મ્યો હતો, તે એક હતો કે જે કુટુંબનું નામ આગળ લઇ જાય છે અને તેનું સન્માન ધારણ કરે છે.

- કારણકે ઈસુ મૃત્યુમાંથી ઉઠ્યો છે, તે વિશ્વાસીઓમાં "પ્રથમ ફળ" બન્યો છે, અને વિશ્વાસીઓ કે જેઓ મૃત્યુ પામ્યા છે તેઓ પણ એક દિવસ ફરીથી સજીવન થશે.
- સમગ્ર જગતમાં ઈસુમાં વિશ્વાસીઓ પણ "પ્રથમ ફળ" કહેવાયા, જે દર્શાવે છે કે ઈસુએ તેમને ખાસ તક અને સ્થાન આપી, અને તેમને માટે ખંડણી આપી પોતાના લોકો તરીકે બોલાવ્યા છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દના શાબ્દિક અર્થનું ભાષાંતર, "(પાકનો) પ્રથમ ભાગ" અથવા "ફસલનો પ્રથમ ભાગ" તરીકે કરી શકાય છે.
- જો શક્ય હોય તો, રૂપકાત્મક ઉપયોગોનું શાબ્દિક રીતે ભાષાંતર કરવું, જેથી અલગ સંદર્ભોને અલગ અર્થો મળી શકે. જેથી તેઓ શાબ્દિક અર્થ અને રૂપકાત્મક અર્થ વચ્ચેનો સંબંધ પણ બતાવી શકે.

(આ પણ જુઓ: પ્રથમજનિત)

## બાઈબલની કલમો:

- 2 કાળવૃતાંત 31:4-5
- 2 થેસ્સલોનિકી 2:13-15
- નિર્ગમન 23:16-17
- યાકૂબ 1:17-18
- યર્મિયા 2:1-3
- ગીતશાસ્ત્ર 105:34-36

## શબ્દ માહિતી:

- Strong's: H1061, H6529, H7225, G536

# પ્રાંત, પ્રાંતો, પ્રાંતીય

## તથ્યો:

પ્રાંત એ દેશ અથવા સામ્રાજ્યનો એક ભાગ કે વિભાગ છે. “પ્રાંતીય” શબ્દ એવી બાબતનું વર્ણન કરે છે કે જે પ્રાંત સાથે સંબંધિત છે જેમ કે પ્રાંતીય રાજયપાલ.

- ઉદાહરણ તરીકે, પ્રાચીન ઇરાનનું સામ્રાજ્ય માદી, ઇરાન, સીરિયા તથા ઈજિપ્ત એવા પ્રાંતોમાં વિભાજિત હતું.
- નવા કરારના સમય દરમ્યાન, રોમનું સામ્રાજ્ય મકદોનિયા, આસિયા, સીરિયા, યહૂદીયા, સમારિયા, ગાલીલી તથા ગલાતિયા જેવા પ્રાંતોમાં વિભાજિત હતું.
- દરેક પ્રાંતનો તેમનો પોતાનો શાસન કરનાર અધિકારી હતો કે જે રાજા અથવા તો સામ્રાજ્યના શાસકનો તાબેદાર હતો.

આ શાસક અધિકારીને કેટલીક વાર “પ્રાંતીય અધિકારી” અથવા તો “પ્રાંતીય રાજ્યપાલ” કહેવામા આવતો હતો.

- “પ્રાંત” અને “પ્રાંતીય” શબ્દોનો અનુવાદ “પ્રદેશ” અને “પ્રાદેશિક” તરીકે પણ કરી શકાય.

(આ જૂઓ: આસિયા, ઈજિપ્ત, એસ્તેર, ગલાતિયા, ગાલીલ, યહૂદીયા, મકદોનિયા, માદીઓ, રોમ, સમરૂન, સીરિયા)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 19:30-32
- દાનિયેલ 3:1-2
- દાનિયેલ 6:1-3
- સભાશિક્ષક 2:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H4082, H4083, H5675, H5676, G1885

# પ્રાણી, પ્રાણીઓ

## વ્યાખ્યા:

"પ્રાણી" શબ્દ, બધાંજ જીવતા સજીવોને જેને દેવે બનાવ્યા તેને દર્શાવે છે, જેમકે તેમાં માણસો અને પશુઓ બન્નેનો સમાવેશ થાય છે.

- દેવના મહિમાના દર્શનમાં હઝકિયેલ પ્રબોધક "જીવતા પ્રાણીઓને" જુએ છે.

તેને ખબર નહોતી કે તેઓ કોણ છે, જેથી તેણે તેઓને ખૂબ સામાન્ય નામ આપ્યું.

"સર્જન" શબ્દ, જેમાં સજીવ અને નિર્જિવનો સમાવેશ થાય છે કારણકે દેવે સઘળું બનાવ્યું છે અને બંને વસ્તુઓ માટે અલગ અર્થ થાય છે તે ધ્યાન રાખો (જેવી કે જમીન, પાણી, અને તારાઓ)

"પ્રાણી" શબ્દમાં ફક્ત જીવંત વસ્તુઓનો સમાવેશ થાય છે.

## ભાષાંતરના સૂચનો

- સંદર્ભ પર આધાર રાખીને "પ્રાણી" શબ્દનું ભાષાંતર, "અસ્તિત્વ ધરાવનાર" અથવા "જીવતું હોવું" અથવા "માનવજાત" તરીકે કરી શકાય.
- " "પ્રાણીઓ" શબ્દનું ભાષાંતર, "બધીજ જીવંત વસ્તુઓ" અથવા "લોકો અને પશુઓ" અથવા "પ્રાણીઓ" અથવા "માનવ જાત" તરીકે કરી શકાય.

(આ પણ જુઓ: સર્જન કરવું)

## બાઈબલની કલમો:

- દાનિયેલ 4:10-12
- હઝકિયેલ 1:7-9
- યહોશુઆ 10:28
- લેવીય 11:46-47
- પ્રકટીકરણ 19:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H255, H1320, H1321, H1870, H2119, H2416, H4639, H5315, H5971, H7430, H8318, G2226, G2937, G2938

# પ્રામાણિકપણું

## વ્યાખ્યા:

“પ્રામાણિકપણું” શબ્દ, મજબૂત નૈતિક સિદ્ધાંતો અને વિશ્વસનીય વર્તન જેમાં પ્રામાણિકપણું રહેલું છે, તેને દર્શાવે છે.

- પ્રામાણિકતા હોવાનો અર્થ, જે પ્રામાણિક છે તે પસંદ કરવું અને કોઈ બીજું જોતું ના હોય ત્યારે પણ સાચું રહેવું.
- બાઈબલમાં અમુક પાત્રો, જેવા કે યૂસફ અને દાનિયેલે, જયારે દુષ્ટતા કરવાનો ઇનકાર કર્યો ત્યારે તેઓએ પ્રમાણિકતા બતાવી અને દેવની આજ્ઞા પાળવાનુ પસંદ કર્યું,
- નીતિવચનનું પુસ્તક કહે છે કે ધનવાન અને ભ્રષ્ટ અથવા અપ્રામાણિક હોવા કરતાં ગરીબ અને પ્રામાણિક હોવું તે વધારે સારું છે.

## ભાષાંતરના સૂચનો

- “પ્રામાણિકપણું” શબ્દનું ભાષાંતર, “ઈમાનદારી” અથવા “નૈતિક સચ્ચાઈ” અથવા “પ્રામાણિકપણે વર્તવું” અથવા “વિશ્વાસપાત્ર રીતે, પ્રામાણિક રીતે કાર્ય કરવું” તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: દાનિયેલ, યૂસફ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 9:4-5
- અયૂબ 2:3
- અયૂબ 4:4-6
- નીતિવચન 10:8-9
- ગીતશાસ્ત્ર 26:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H3476, H6664, H6666, H8535, H8537, H8538, H8549, G4587

# પ્રેમી, પ્રેમીઓ

## વ્યાખ્યા:

"પ્રેમી" શબ્દનો શાબ્દિક અર્થ છે "વ્યક્તિ જે પ્રેમ કરે છે." સામાન્ય રીતે આ લોકો એવા લોકોનો ઉલ્લેખ કરે છે જે એકબીજા સાથે જાતીય સંબંધમાં હોય છે.

- જ્યારે બાઇબલમાં "પ્રેમી" શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તે સામાન્ય રીતે તે વ્યક્તિનો ઉલ્લેખ કરે છે જેના કોઈ સાથે લગ્ન ન કરેલ વ્યક્તિ સાથે જાતીય સંબંધમાં સામેલ હોય.
- આ ખોટા જાતીય સંબંધનો ઉપયોગ ઇસ્રાએલના મૂર્તિઓની પૂજામાં ઇસ્રાએલના આજ્ઞાભંગના સંદર્ભમાં બાઇબલમાં વારંવાર કરવામાં આવે છે.

તેથી, "પ્રેમીઓ" શબ્દનો ઉપયોગ ઇસ્રાએલના લોકોએ પૂજા કરવામાં આવેલી મૂર્તિઓનો ઉલ્લેખ કરવા માટે એક લાક્ષણિક રીતે પણ થાય છે. આ સંદર્ભોમાં, આ શબ્દનો સંભવતઃ "અનૈતિક ભાગીદારો" અથવા "વ્યભિચારના ભાગીદારો" અથવા "મૂર્તિઓ" દ્વારા ભાષાંતર થઈ શકે છે. (રૂપક જુઓ)

- પૈસાનો "પ્રેમી" એવી વ્યક્તિ છે જે પૈસા મેળવવા અને ધનવાન થવા પર ખૂબ મહત્વ આપે છે.
- જૂના કરારના ગીતોના ગીત પુસ્તકમાં, "પ્રેમી" શબ્દનો હકારાત્મક રીતે ઉપયોગ થયો છે.

(આ પણ જુઓ: વ્યભિચાર, જુઠા દેવ , જુઠા દેવ, પ્રેમ)

## બાઇબલના સંદર્ભો:

- હોશિયા 2:4-5
- યર્મિયા 3:1-2
- યર્મિયાનો વિલાપ 1:1-2
- લુક 16:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H157, H158, H868, H5689, H7453, H8566, G865, G866, G5358, G5366, G5367, G5369, G5377, G5381, G5382

# ફરમાન, ફરમાનો

## વ્યાખ્યા:

ફરમાન એક જાહેર કાયદો કે નિયમ છે કે જે લોકોને અનુસરવા માટે ધોરણો કે સૂચનાઓ આપે છે. આ શબ્દ “ઠરાવવું” શબ્દ સાથે સંબંધિત છે.

- ઘણીવાર ફરમાન એક રિવાજ છે કે જે વર્ષોના મહાવરાને કારણે ઘણો સ્થાપિત કાયદો બની ગયો છે.
- બાઇબલમાં, ફરમાન એવી બાબત હતી કે જેને ઈશ્વરે ઇઝરાયલીઓને પાળવા આજ્ઞા કરી હતી.

ઘણીવાર ઈશ્વરે તેઓને તે હંમેશાં પાળવા આજ્ઞા કરી હતી.

- “ફરમાન” શબ્દનો અનુવાદ સંદર્ભ પ્રમાણે “જાહેર વટહુકમ” અથવા તો “ધારાધોરણ” અથવા તો “નિયમ” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: આજ્ઞા, વટહુકમ, નિયમ, ઠરાવવું, કાયદો)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 4:13-14
- નિર્ગમન 27:20-21
- લેવીય 8:31-32
- માલાખી 3:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H2706, H2708, H4687, H4931, H4941, G1296, G1345, G1378, G1379, G2937, G3862

# ફળ, ફળદાયી, નિષ્ક્રિય/નિરર્થક/બિનપરિણામકારક

## વ્યાખ્યા:

શાબ્દિક રીતે "ફળ" શબ્દ દર્શાવે છે કે તે છોડનો એક ભાગ છે કે જેને ખાઈ શકાય છે. કંઈક કે જે "ફળદાયી" છે, તેને ઘણા ફળ હોય છે. બાઈબલમાં આ શબ્દોને રૂપકાત્મક રીતે પણ વાપરવામાં આવ્યા છે.

- મોટેભાગે બાઈબલ વ્યક્તિના કાર્યોને દર્શાવવા "ફળ" નો ઉપયોગ કરે છે. જેવી રીતે વૃક્ષ ઉપરનું ફળ બતાવે છે કે તે કેવા પ્રકારનું વૃક્ષ છે, તેવી જ રીતે વ્યક્તિનું ચરિત્ર કેવું છે તે તેના શબ્દો અને કાર્યો જાહેર કરે છે.
- વ્યક્તિ સારા અને ખરાબ આત્મિક ફળ ઉત્પન્ન કરી શકે છે, પણ હંમેશા "ફળદાયી" શબ્દનો વધારે સારા ફળ ઉત્પન્ન કરવાનો હકારાત્મક અર્થ હોય છે.
- રૂપકાત્મક રીતે "ફળદાયી" શબ્દને "સમૃદ્ધિ" અર્થમાં પણ વાપરવામાં આવે છે. મોટેભાગે આ ઘણા બાળકો અને વંશજો હોવા, એ જ પ્રમાણે પુષ્કળ ખોરાક અને અન્ય સંપત્તિ હોવાનું દર્શાવે છે.
- સામાન્ય રીતે "(તે)ના ફળ" અભિવ્યક્તિ, કંઈપણ કે જે તેમાંથી આવે છે અથવા કે જે બીજી કોઈક બાબત દ્વારા ઉત્પાદન થાય છે, તેને દર્શાવે છે. ઉદાહરણ તરીકે, "ડહાપણનું ફળ" સારી બાબતો કે જે જ્ઞાની હોવાથી આવે છે, તેને દર્શાવે છે.
- "ભૂમિનું ફળ" અભિવ્યક્તિ, સામાન્ય રીતે જે ભૂમિ લોકોને ખાવા માટે જે સર્વ ઉત્પન કરે છે તેને દર્શાવે છે. આમાં ફક્ત ફળો જેવા કે દ્રાક્ષો અથવા ખજૂર જ નહિ, પણ શાકભાજી, બદામ, અને અનાજનો પણ સમાવેશ થાય છે.
- "આત્માના ફળ" રૂપકાત્મક અભિવ્યક્તિ, ઈશ્વરીય ગુણોને દર્શાવે છે કે જે પવિત્ર આત્મા, તેમની આજ્ઞા પાળનારાઓના જીવનમાં ઉપજાવે છે.
- "ગર્ભનું ફળ" અભિવ્યક્તિ, "ગર્ભાશય જે પેદા કરે છે," એટલે કે તે બાળકોને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- "ફળ" શબ્દનું શ્રેષ્ઠ ભાષાંતર કરવા માટે લક્ષ્ય ભાષામાં વૃક્ષના ખાદ્ય ફળને દર્શાવવા માટે જે સામાન્ય શબ્દ વપરાતો હોય તેનો ઉપયોગ કરવો. જ્યારે પણ એક કરતા વધારે ફળને દર્શાવવામાં આવે છે ત્યારે ઘણી ભાષાઓમાં કદાચ "ફળો" શબ્દનો ઉપયોગ વધુ કુદરતી છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "ફળદાયી" શબ્દનું ભાષાંતર, "ખૂબ આત્મિક ફળનું ઉત્પાદન કરવું" અથવા "ઘણા બાળકો હોવા" અથવા "સમૃદ્ધ હોવું," કરી શકાય છે.
- "ભૂમિનું ફળ" અભિવ્યક્તિનું ભાષાંતર, "જે ખોરાક ભૂમિ ઉપજાવે છે" અથવા "જે તે પ્રદેશમાં ઉગતા ખોરાકના પાક," તરીકે પણ કરી શકાય છે.
- જયારે ઈશ્વરે પ્રાણીઓ અને લોકોને બનાવ્યા ત્યારે તેમણે તેઓને આજ્ઞા આપી "ફળદાયી બનો અને વધો," કે જે ઘણા સંતાન હોવાનું દર્શાવે છે. તેનું ભાષાંતર "ઘણા સંતાન હોવા" અથવા "ઘણા બાળકો અને વંશજો હોવા" અથવા "ઘણા બાળકો કરો જેથી તમારે ઘણા વંશજો હોય" તરીકે પણ કરી શકાય છે.
- "ગર્ભનું ફળ" અભિવ્યક્તિનું ભાષાંતર, "ગર્ભાશય જે પેદા કરે છે" અથવા "બાળકો જેને સ્ત્રીઓ જન્મ આપે છે" અથવા માત્ર "બાળકો," તરીકે કરી શકાય છે. જયારે એલિસાબેત મરિયમને કહે છે "તારા ગર્ભના ફળને ધન્ય છે," ત્યારે તેણીનો કહેવાનો અર્થ "તું જે બાળકને જન્મ આપશે તેને ધન્ય છે." કદાચ લક્ષ્ય ભાષામાં તેની અલગ અલગ અભિવ્યક્તિ પણ હોઈ શકે છે.
- "ફળનો દ્રાક્ષારસ" અન્ય અભિવ્યક્તિનું ભાષાંતર, "દ્રાક્ષારસનું ફળ" અથવા "દ્રાક્ષો," તરીકે કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "વધુ ફળદાયી હશે" તે અભિવ્યક્તિનું ભાષાંતર, "વધુ ફળ પેદા કરશે" અથવા "વધુ બાળકો હશે" અથવા "સમૃદ્ધ હશે" તરીકે પણ કરી શકાય છે.
- પાઉલ પ્રેરિતની અભિવ્યક્તિ "ફળદાયી શ્રમ"નું ભાષાંતર, "કાર્ય કે જે ખૂબ જ સારું પરિણામ લાવે છે" અથવા "પ્રયાસો કે જેના પરિણામે ઘણા લોકોને ઈસુમાં વિશ્વાસ કરવા લાગે છે," તરીકે કરી શકાય છે.
- "આત્માના ફળ"નું ભાષાંતર, "કામ કે જે પવિત્ર આત્મા ઉપજાવે છે" અથવા "શબ્દો અને કાર્યો કે જે બતાવે છે કે તેનામાં પવિત્ર આત્મા કામ કરી રહ્યા છે" એમ પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: વંશજ, અનાજ, દ્રાક્ષ, પવિત્ર આત્મા, દ્રાક્ષારસ, ગર્ભાશય)

## બાઈબલની કલમો:

- ગલાતી 5:22-24
- ઉત્પત્તિ 1:11-13
- લૂક 8:14-15
- માથ્થી 3:7-9
- માથ્થી 7:15-17

## શબ્દ માહિતી:

- Strong's: H3, H4, H1061, H1063, H1069, H2173, H2233, H2981, H3206, H3581, H3759, H3899, H3978, H4022, H4395, H5108, H5208, H6500, H6509, H6529, H7019, H8256, H8393, H8570, G1081, G2590, G2592, G2593, G3703, G5052, G5352, G6013

# ફસલ, ફસલો, કાપણી, લણણી કરવી, કાપણી કરનાર, કાપણી કરનારાઓ

## વ્યાખ્યા:

"ફસલ" શબ્દ દર્શાવે છે કે છોડવાઓથી પાકેલાં ફળો અથવા શાકભાજી કે જે તેઓ ઉગાડી રહ્યા હતા, તેને ભેગા કરવામાં આવે છે.

- સામાન્ય રીતે કાપણીનો સમય એ વૃદ્ધિની ઋતુના અંત પર થાય છે.
- ઈઝરાએલીઓ ખોરાકના પાકોની લણણીની ઉજવણી માટે "કાપણીનું પર્વ" અથવા "ફસલનું પર્વનું" આયોજન કરતા.

દેવે તેઓને આજ્ઞા આપી આ પાકોના પ્રથમ ફળોનું તેને બલિદાન તરીકે અર્પણ કરવા.

- રૂપકાત્મક અર્થમાં, "ફસલ" શબ્દ લોકો ઈસુ પાસે આવે છે તે દર્શાવી શકે છે અથવા વ્યક્તિની આત્મિક વૃદ્ધિને દર્શાવી શકે છે.
- આત્મિક પાકોના ફસલનો વિચાર તેના ફળોની રૂપકાત્મક છબી જે દૈવી ચરિત્રનું ચિત્ર રજૂ કરે છે તે સાથે સુસંગત થાય છે.

## ભાષાંતર સૂચનો:

- આ શબ્દનું ભાષાંતર કરવા માટે લક્ષ ભાષામાં જે સામાન્ય શબ્દ ફસલ ભેગી કરવા વાપરવામાં આવે છે તેનો ઉપયોગ કરવો.
- લણણીના પ્રસંગનું ભાષાંતર, "ભેગું કરવાનો સમય" અથવા "પાક ભેગો કરવાનો સમય" અથવા "ફળ તોડવાનો સમય" તરીકે કરી શકાય છે.
- "લણણી" ક્રિયાપદનું ભાષાંતર, "તેમાં ભેગું કરવાનો સમય" અથવા "એકઠું કરી લેવું" અથવા "ભેગું કરવું" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: પ્રથમફળો, પર્વ)

## બાઈબલની કલમો:

- 1 કરંથી 9:9-11
- 2 શમુએલ21:7-9
- ગલાતી 6:9-10
- યશાયા 17:10-11
- યાકૂબ 5:7-8
- લેવીય 19:9-10
- માથ્થી 9:37-38
- રૂથ 1:22

## શબ્દ માહિતી:

- Strong's: H2758, H7105, G2326, G6013

# ફુલાઈ ગયેલું, ફુલાઈ જાય છે

## વ્યાખ્યા:

"ફુલાઈ ગયેલું" શબ્દ પ્રતિકાત્મક અભિવ્યક્તિ છે કે જે અભિમાની કે અહંકારી હોવાનો ઉલ્લેખ કરે છે.

(જૂઓ: રૂઢિપ્રયોગ)

- ફુલાઈ ગયેલી વ્યક્તિમાં બીજાઓ કરતાં ચડિયાતા હોવાની ભાવનાવાળું વલણ હોય છે.
- પાઉલે શીખવ્યું કે પુષ્કળ માહિતી હોવી અથવા તો ધાર્મિક અનુભવો હોવા તે ફુલાઈ જવા કે અભિમાની થવા દોરી શકે છે.
- બીજી ભાષાઓમાં આવો જ કે જુદો રૂઢિપ્રયોગ હોય શકે છે કે જે આ અર્થ વ્યક્ત કરે.
- તેનો અનુવાદ "ખૂબ જ અભિમાની" અથવા તો "બીજાઓનો તુચ્છકાર કરનાર" અથવા તો "અહંકારી" અથવા તો "બીજાઓ કરતાં પોતાને સારા માનનાર" તરીકે પણ કરી શકાય.

(આ જૂઓ: અહંકારી, અભિમાની)

## બાઇબલના સંદર્ભો:

- 1 કરિંથી 4:6-7
- 1 કરિંથી 8:1-3
- 2 કરિંથી 12:6-7
- હબાકુક 2:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H6075, G5229, G5448

# ફુવારો, ફુવારા, ઝરણું, ઝરણાઓ, ફૂટી નીકળવું

## વ્યાખ્યા:

સામાન્ય રીતે "ફુવારો" અને "ઝરણું" શબ્દો મોટા પ્રમાણના પાણીના જથ્થાને દર્શાવે છે, કે જે કુદરતી રીતે જમીનમાંથી બહાર વહે છે.

- બાઈબલમાં રૂપકાત્મક રીતે દેવ તરફથી મળતા આશીર્વાદોને દર્શાવવા અથવા કંઈક કે જે સાફ અને શુદ્ધિને દર્શાવવા આ શબ્દો વપરાયેલ છે.
- આધુનિક સમયમાં, મોટે ભાગે ફુવારો માનવસર્જિત વસ્તુ છે કે જેમાંથી પાણી બહાર વહે છે, જેવા કે પીવાનો ફુવારો.

ખાતરી કરો કે આ શબ્દનું ભાષાંતર વહેતા પાણીના કુદરતી સ્ત્રોતને દર્શાવે છે.

- "પૂર" શબ્દનું ભાષાંતર કેવી રીતે થયું છે, તેની આ શબ્દ સાથે તુલના કરો.

(આ પણ જુઓ: પૂર)

## બાઈબલની કલમો:

- 2 પિતર 2:17-19
- ઉત્પત્તિ 7:11-12
- ઉત્પત્તિ 8:1-3
- ઉત્પત્તિ 24:12-14
- ઉત્પત્તિ 24:42-44
- યાકૂબ 3:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H794, H953, H1530, H1543, H1876, H3222, H4002, H4161, H4456, H4599, H4726, H5033, H5869, H5927, H6524, H6779, H6780, H7823, H8444, H8666, G242, G305, G393, G985, G1530, G1816, G4077, G4855, G5453

# બંદી, બંદીવાનો, વશમાં કરવું, વશમાં કરેલુ, બંદીવાસ

## વ્યાખ્યા:

“બંદી “અને “બંદીવાસ” શબ્દ દર્શાવે છે કે, જયારે લોકોને પકડીને, અને જ્યાં તેઓને નથી રહેવું ત્યાં, જેમકે વિદેશમાં રહેવા બળજબરી કરવામાં આવે. યહુદાના રાજ્યમાંથી ઈઝરાએલીઓને 70 વર્ષો માટે બાબિલના રાજ્યમાં બંદી કરાયા હતા.

- મોટેભાગે બંદીવાનોને જે દેશે બંદી બનાવ્યા છે, તેમને માટે ત્યાં ફરજીયાત કામ કરવું પડતું હોય છે.
- દાનિએલ અને નહેમ્યા ઈઝરાએલી બંદીવાનો હતા કે, જેઓએ બાબિલોનના રાજા માટે કામ કર્યું.
- “બંદી બનાવી લેવા” બીજાને પકડી લેવા માટેની બીજી એક અભિવ્યક્તિ છે.
- “બંદી બનાવી લઈ જવું” અભિવ્યક્તિનું ભાષાંતર, “તમને બંદીઓ તરીકે રહેવા બળજબરી કરવી” અથવા “તમને અન્ય દૂર દેશમાં કેદીઓ તરીકે લઈ જવા” એમ થઇ શકે છે.
- રૂપકાત્મક ભાવમાં પાઉલ પ્રેરિત ખ્રિસ્તીઓને કહે છે કે, બધા જ વિચારને “વશમાં કરી લો” અને તેને ખ્રિસ્ત માટે આજ્ઞાકારી બનાવો.

તે એ વિશે પણ વાત કરે છે કે વ્યક્તિ કેવી રીતે પાપ દ્વારા “વશમાં આવી શકે છે”, એનો અર્થ એ કે તે પાપ “દ્વારા નિયંત્રિત” થઇ જાય છે

## ભાષાંતરના સૂચનો

- સંદર્ભ પર આધાર રાખીને, “બંદી બનાવી લેવું” શબ્દનું ભાષાંતર, “સ્વતંત્ર રહેવા ન દેવા” અથવા “કેદમાં નાખવું” અથવા “વિદેશમાં રહેવાની ફરજ પાડવી” એમ કરી શકાય છે.

“બંદીને લઇ જવા” અથવા “બંદી લઇ જવાયા” જેવી અભિવ્યક્તિનું ભાષાંતર, “બંદી કરેલ” અથવા “કેદ કરવું” અથવા “વિદેશમાં લઇ જવા બળજબરી કરવી” એમ થઇ શકે છે.

- “બંદીવાનો” શબ્દનું ભાષાંતર, “લોકો કે જેઓને પકડી જવામાં આવ્યા હતા” અથવા “ગુલામ લોકો” તરીકે પણ કરી શકાય છે.

સંદર્ભ પર આધાર રાખીને, “બંદીવાસનું ભાષાંતર, “કેદ” અથવા “દેશનિકાલ” અથવા “વિદેશમાં રહેવા બળજબરી કરવી” તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: બાબિલોન, બંદીવાસ, જેલ, પકડી લઇ જવા)

## બાઈબલની કલમો:

- 2 કરંથી 10:5-6
- યશાયા 20:3-4
- યર્મિયા 43:1-3
- લૂક 4:18-19

## શબ્દ માહિતી:

- Strong's: H1123, H1473, H1540, H1546, H1547, H2925, H6808, H7617, H7622, H7628, H7633, H7686, H7870, G161, G162, G163, G164, G2221

# બંદીવાસ, નિર્વાસિતો, દેશવટો

## વ્યાખ્યા:

"બંદીવાસ" શબ્દ, લોકોને તેમના વતનના દેશથી ક્યાંક દૂર રહેવા માટે ફરજ પાડવામાં આવે તેને દર્શાવે છે.

- સામાન્ય રીતે સજા માટે અથવા રાજકીય કારણો માટે લોકોને બંદીવાસમાં મોકલવામાં આવે છે.
- કદાચ પરાજય પામેલા લોકોને વિજય પામેલા લશ્કરના દેશમાં, કામ કરવા માટે બંદીવાસમાં લઈ જવામાં આવે છે.
- "બાબિલનો બંદીવાસ" (અથવા "બંદીવાસ") બાઈબલના સમયનો ઈતિહાસ છે, જયારે યહૂદાના પ્રદેશના યહૂદી નાગરિકોને તેમના વતનથી દૂર લઈ જવાયા હતા, અને બાબિલમાં રહેવાની ફરજ પાડી હતી. તે (બંદીવાસ) 70 વર્ષો માટે ચાલ્યો હતો.
- "નિર્વાસિતો" શબ્દસમૂહ, લોકો કે જેઓ તેમના વતનના દેશથી દૂર, બંદીવાસમાં રહે છે, તેમને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- "બંદીવાસ" શબ્દનું ભાષાંતર, "દૂર મોકલવું" અથવા "બહાર જવાની ફરજ પાડવી" અથવા "કાઢી નાખવું" તરીકે પણ કરી શકાય છે.
- "આ બંદીવાસ" શબ્દનું ભાષાંતર શબ્દ અથવા શબ્દસમૂહ સાથે કરવામાં આવે જેનો અર્થ, "દૂર મોકલવાનો સમય" અથવા "દેશ નિકાલનો સમય" અથવા "તડીપારનો સમય" અથવા "દેશનિકાલ" તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- "નિર્વાસિતો" શબ્દના ભાષાંતરમાં, "દેશવટો પામેલા લોકો" અથવા "લોકો કે જેઓ દેશનિકાલ કરાયા હતા" અથવા "બાબિલ માટે બંદીવાન બનેલા લોકો," તેનો સમાવેશ કરી શકાય છે.

(આ પણ જુઓ: બાબિલોન, યહૂદા)

## બાઈબલની કલમો:

- 2 રાજા 24:13-14
- દાનિયેલ 2:25-26
- હઝકિયેલ 1:1-3
- યશાયા 20:3-4
- યર્મિયા 29:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H1123, H1473, H1540, H1541, H1546, H1547, H3212, H3318, H5080, H6808, H7617, H7622, H8689, G3927

# બકરી, બકરાં, બકરાની ચામડી, બલિનો બકરો, બકરીનું બચ્ચું

## વ્યાખ્યા:

બકરી એ મધ્યમ કદનું, ચાર પગોવાળું પ્રાણી છે કે જે ઘેટાં સમાન હોય છે, અને પ્રાથમિક રીતે તેના દૂધ અને માંસ માટે ઉછેરવામાં આવે છે. બકરીના નાના બચ્ચાને "લવારું" કહેવામાં આવે છે.

- ઘેટાંની જેમ, બકરાં પણ ખાસ કરીને, પાસ્ખાના સમય પર બલિદાન માટેના અગત્યના પ્રાણીઓ હતા.
- જોકે બકરાં અને ઘેટાં સરખા હોઈ શકે છે, આ રીતે તેઓ ભિન્ન છે:
- બકરાંને બરછટ વાળ હોય છે; ઘેટાને ઊન હોય છે.
- બકરાંની પૂંછડી ઉભી રહે છે; ઘેટાની પૂંછડી નીચે લટકે છે.
- ખાસ કરીને ઘેટાં તેઓના ટોળા સાથે રહેવાનું પસંદ છે, પણ બકરાં વધુ સ્વતંત્ર અને તેઓના ટોળાથી દૂર ભટકવાનું વલણ દર્શાવતા હોય છે.
- બાઈબલમાં, મોટેભાગે બકરાં એ ઈઝરાએલમાં દૂધ માટેનો મુખ્ય સ્ત્રોત હતા.
- બકરાના ચામડાને તંબુને ઢાંકવા માટે અને દ્રાક્ષારસ ભરવા માટે મશકો બનાવવા માટે વાપરવામાં આવતા હતા.
- જૂના અને નવા કરાર બન્નેમાં, કદાચ જેઓ બકરા કાળજી રાખે છે તેનાથી દૂર જવાના ભટકવાના વલણને કારણે બકરાને અન્યાયી લોકોના પ્રતિક તરીકે વાપરવામાં આવ્યા હતા.
- ઈઝરાએલીઓ પણ બકરાને પાપના સાંકેતિક વાહક તરીકે વાપરતા.

જયારે એક બકરાનું બલિદાન આપવામાં આવતું હતું, ત્યારે યાજક બીજા બકરા પર પોતાના હાથો મૂકતો, તે બકરાને લોકોના પાપોને વહન કરી લઈ લેવાના પ્રતિકરૂપે રણમાં મોકલી દેવામાં આવતો આવતો.

(આ પણ જુઓ: ટોળું, બલિદાન, ઘેટું, ન્યાયી, દ્રાક્ષારસ)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 12:3-4
- ઉત્પત્તિ 30:31-32
- ઉત્પત્તિ 31:10-11
- ઉત્પત્તિ 37:31-33
- લેવીય 3:12-14
- માથ્થી 25:31-33

## શબ્દ માહિતી:

- Strong's: H689, H1423, H1429, H1601, H3277, H3629, H5795, H5796, H6260, H6629, H6842, H6939, H7716, H8163, H8166, H8495, G122, G2055, G2056, G5131

# બખ્તર, શસ્ત્રાગાર

## વ્યાખ્યા:

“બખ્તર” શબ્દ, સૈનિક યુદ્ધમાં લડવા માટે તેને શસ્ત્ર તરીકે ઉપયોગ કરી પોતાને શત્રુના હુમલાથી બચાવે છે. તેનો રૂપક અર્થ આત્મિક બખ્તર થઇ શકે છે. સૈનિકના બખ્તરના ભાગોમાં ટોપ, ઢાલ, વક્ષ:કવચ, પગરખાં અને તલવાર નો સમાવેશ થયો છે. આ શબ્દનો રૂપક ઉપયોગ કરી, પાઉલ પ્રેરિત શારીરિક શસ્ત્રોને આત્મિક શસ્ત્રો સાથે સરખાવ્યા છે કે જે દેવે વિશ્વાસીઓને આત્મિક યુદ્ધો લડવા સારું મદદને માટે આપ્યા છે.

- પાપ અને શેતાનની વિરુદ્ધ લડવા માટે દેવે તેના લોકોને આત્મિક શસ્ત્રો આપ્યા છે, જેમાં સત્ય, પ્રામાણિકપણું, શાંતિની સુવાર્તા, વિશ્વાસ, તારણ અને પવિત્રઆત્માનો સમાવેશ થયેલો છે.

આ શબ્દનું ભાષાંતર “સૈનિકના હથિયારો” અથવા ”યુદ્ધના રક્ષણ વસ્ત્રો” અથવા “રક્ષણ આવરણ” અથવા ‘”શસ્ત્રો” એમ કરી શકાય છે.

(આ પણ જુઓ : વિશ્વાસ, પવિત્રઆત્મા, શાંતિ, બચાવ, આત્મા)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 31:9-10
- 2 શમુએલ 20:8
- એફેસી 6:10-11
- યર્મિયા 51:3-4
- લૂક 11:21-23
- નહેમ્યા 4:15-16

## શબ્દ માહિતી:

- Strong's: H2185, H2290, H2488, H3627, H4055, H5402, G3696, G3833

# બદલો, બદલો આપે છે, બદલો આપ્યો, બદલો આપતું, બદલો આપનાર

## વ્યાખ્યા:

“બદલો” શબ્દ વ્યક્તિએ જે કઈ સારું કે ખરાબ કર્યું છે તે કારણે તે જે પ્રાપ્ત કરે છે તેનો ઉલ્લેખ કરે છે. કોઈક વ્યક્તિને “બદલો” આપવો એટલે જે બાબત તે વ્યક્તિ પામવા માટે યોગ્ય છે તે તેને આપવી.

- બદલો એક સારી અને હકારાત્મક બાબત હોય શકે, કે જે વ્યક્તિએ કશુંક સારું કર્યું છે તે કારણે અથવા તો તેણે ઈશ્વરનું આજ્ઞાપાલન કર્યું છે તે કારણે પ્રાપ્ત કરે છે.
- કેટલીક વાર બદલો નકારાત્મક બાબતોનો ઉલ્લેખ કરી શકે છે કે જે ખરાબ વર્તનના પરિણામે હોય શકે એટલે કે જેમ “દુષ્ટોનો બદલો” વિધાન જણાવે છે તેમ હોય શકે છે.

આ સંદર્ભમાં “બદલો” તેઓના પાપી કાર્યોને લીધે તેઓ જે સજા અથવા તો નકારાત્મક પરિણામો પામે છે તેનો ઉલ્લેખ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, “બદલો” શબ્દનો અનુવાદ “ચુકવણી” અથવા તો “પામવા માટે યોગ્ય છે તે બાબત” અથવા તો “સજા” તરીકે કરી શકાય.
- કોઈને “બદલો” આપવો તેનો અનુવાદ “ચૂકવી આપવું” અથવા તો “સજા કરવી” અથવા તો “જે યોગ્ય છે તે ચૂકવી આપવું” તરીકે થઈ શકે.
- આ શબ્દનો અનુવાદ પગાર કે મજૂરીનો ઉલ્લેખ ના કરે તેનું ધ્યાન રાખો.

“બદલો” ખાસ રીતે કોઈ કામ કરવા બદલ નાણાં કમાવવા વિષે નથી.

(આ પણ જૂઓ: સજા કરવી)

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 32:5-6
- યશાયા 40:9-10
- લૂક 6:35-36
- માર્ક 9:40-41
- માથ્થી 5:11-12
- માથ્થી 6:3-4
- ગીતશાસ્ત્ર 127:3-5
- પ્રકટીકરણ 11:18

## શબ્દ માહિતી:

- Strong's: H319, H866, H868, H1576, H1578, H1580, H4864, H4909, H4991, H5023, H6118, H6468, H6529, H7809, H7810, H7936, H7938, H7939, H7966, H7999, H8011, H8021, G469, G514, G591, G2603, G3405, G3406, G3408

# બરફ, બરફ પડ્યો, બરફ પડી રહ્યો છે

## તથ્યો:

"બરફ" શબ્દ સફેદ પાણીના ઠરી ગયેલા ટુકડાઓ કે જે એવી જગાઓમાં જ્યાં હવાનું તાપમાન વધુ ઠંડુ હોય ત્યાં વાદળામાંથી પડે છે

- ઈઝરાયેલમાં બરફ ઊંચા ચઢાણ પર પડે છે, પરંતુ લાંબા સમય સુધી પીગળવા પહેલા હંમેશા મેદાન પર રહેતું નથી.

પર્વતોના શિખરો પર બરફ કે જે લાંબો સમય સુધી રહે છે. બાઈબલમાં નોંધવામાં આવેલ જગાનું એક ઉદાહરણ કે જ્યાં બરફ હોય છે તે છે લબાનોન પર્વત.

- કંઇક જે ઘણું સફેદ હોય છે ઘણીવાર તેના રંગની સરખામણી બરફના રંગ સાથે કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે, પ્રકટીકરણના પુસ્તકમાં ઈસુના વસ્ત્રો અને વાળ "બરફ જેવા સફેદ" તરીકે વર્ણવામાં આવ્યા છે.

- બરફના સાક્ષીઓ શુદ્ધતા અને સ્વચ્છતા પણ દર્શાવે છે.

ઉદાહરણ તરીકે, આપણા "પાપો બરફ જેવા સફેદ થશે" વાક્યનો અર્થ એ છે કે ઈશ્વર સંપૂર્ણપણે પોતાના લોકોને તેમના પાપોથી શુદ્ધ કરશે.

- ઘણી ભાષાઓમાં બરફને "ઠરી ગયેલો વરસાદ" અથવા "બરફના ટુકડાઓ" અથવા "ઠરી ગયેલા ટુકડાઓ" સંબોધવામાં આવે છે.
- "બરફનું પાણી" એ પાણી કે જે ઓગાળવામાં આવેલા બરફમાંથી આવે છે તેનો ઉલ્લેખ કરે છે.

(આ પણ જુઓ: અજ્ઞાતનો અનુવાદ કેવી રીતે કરવો)

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ)

(આ પણ જુઓ: લબાનોન, શુદ્ધ)

## બાઈબલના સંદર્ભો:

- નિર્ગમન 4:6-7
- અયૂબ 37:4-6
- માથ્થી 28:3-4
- ગીતશાસ્ત્ર 147:15-16
- પ્રકટીકરણ 1:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H7949, H7950, H8517, G5510

# બરુ, બરુઓ

## તથ્યો:

"બરુ" શબ્દ લાંબી દાંડીવાળા છોડનો ઉલ્લેખ કરે છે કે જે પાણીમાં અને સામાન્ય રીતે નદી કે ઝરણાના કિનારે ઊગે છે.

- નાઇલ નદીમાંના બરુઓ કે જ્યાં મૂસાને છુપાવવામાં આવ્યો હતો તેઓને દાભના છોડ પણ કહેવામાં આવતા હતા.

તેઓ ઊંચી પોલી દાંડીઓ હતી કે જેઓ નદીના પાણીમાં ભરાવદાર ઝૂંડોમાં ઊગતી હતી.

- પ્રાચીન ઈજીપ્તમાં આ રેસાવાળા છોડનો ઉપયોગ કાગળ, ટોપલીઓ અને હોડીઓ બનાવવા કરવામાં આવતો હતો.
- બરુના છોડની દાંડી લચીલી અને પવન દ્વારા સરળતાથી વળી જાય તેવી હોય છે.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: ઈજિપ્ત, મૂસા, નાઇલ નદી)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 14:14-16
- લૂક 7:24-26
- માથ્થી 11:7-8
- માથ્થી 12:19-21
- ગીતશાસ્ત્ર 68:30-31

## શબ્દ માહિતી:

- Strong's: H98, H100, H260, H5488, H6169, H7070, G2063, G2563

# બલિદાન, બલિદાન કરે છે, બલિદાન કર્યું, બલિદાન કરી રહ્યો છે, અર્પણ, અર્પણો

## વ્યાખ્યા:

બાઈબલમાં, “બલિદાન” અને “અર્પણ” શબ્દો ઈશ્વરની આરાધનાના ભાગ સ્વરૂપે તેમને ખાસ ભેટ આપવાંનો ઉલ્લેખ કરે છે લોકો જુઠ્ઠા દેવોને પણ બલિદાનો ચઢાવતાં હતાં.

- સામાન્ય રીતે “અર્પણ” શબ્દ કંઈપણ કે જે ચઢાવવામાં અથવા આપવામાં આવતું તેનો ઉલ્લેખ કરે છે.

“બલિદાન” શબ્દ આપનાર દ્વારા ભારે કિંમતે કંઈક કે જે આપવામાં અથવા કરવામાં આવતું તેનો ઉલ્લેખ કરે છે

- ઈશ્વરને માટે ચોક્કસ અર્પણો હતાં કે જે તેમણે તેમના પ્રત્યે સમર્પણ અને આધિનતા દર્શાવવાં માટે ઈઝરાયેલીઓએ આપવાં માટે ફરમાવ્યા હતાં.
- અલગ અલગ અર્પણોના નામ જેવાં કે, “દહનાર્પણ” અને “શાંત્યર્પણ,” એ કેવાં પ્રકારનું અર્પણ આપવામાં આવી રહ્યું હતું તે સૂચવતું હતું.
- ઈશ્વરને બલિદાનો આપવા વારંવાર પશુની હત્યા કરવાનો સમાવેશ કરવામાં આવતો હતો.
- માત્ર ઈસુ ઈશ્વરના સંપૂર્ણ, પાપરહિત દીકરાનું બલિદાન, લોકોને પાપથી સંપૂર્ણપણે શુદ્ધ કરી શકે છે જે પશુનું બલિદાન કદી ન કરી શક્યું હોત.
- “જીવંત બલિદાન તરીકે પોતાને રજુ કરો” રૂપકાત્મક અભિવ્યક્તિનો અર્થ, “ઈશ્વરની સંપૂર્ણ આધિનતામાં તમારું જીવન જીવો, તેમની સેવા કરવા સઘળું છોડી દો.”

## અનુવાદ માટેના સૂચનો

- “અર્પણ” શબ્દનું અનુવાદ આ પ્રમાણે પણ કરી શકાય “ઈશ્વરને માટે ભેટ” અથવા “કંઈક ઈશ્વરને આપવું” અથવા “કંઈક મુલ્યવાન કે જે ઈશ્વરને પ્રસ્તુત કરવું.”
- સંદર્ભના આધારે, “બલિદાન” શબ્દનો અનુવાદ આ રીતે પણ કરી શકાય “કંઈક મુલ્યવાન આરાધનામાં આપવું” અથવા “ખાસ પશુને મારી નાંખવામાં આવતું અને ઈશ્વરને પ્રસ્તુત કરવામાં આવતું.”
- “બલિદાન”ની ક્રિયાનો “કંઈક મુલ્યવાન આપી દેવું” અથવા “પશુને મારીને ઈશ્વરને આપવું” આ પ્રમાણે અનુવાદ કરી શકાય.
- બીજી રીતે “જીવંત બલિદાન તરીકે પોતાને રજુ કરો” નું અનુવાદ આ પ્રમાણે કરી શકાય “જ્યારે તમે જીવન જીવો છો, ત્યારે જે રીતે પશુને યજ્ઞવેદી પર અર્પણ કરવામાં આવતું તેમ તમારું સંપૂર્ણપણે અર્પણ ઈશ્વરને કરો.”

(આ પણ જુઓ: યજ્ઞવેદી, દહનાર્પણ, પેયાર્પણ, જુઠ્ઠા દેવ, શાંત્યર્પણ, ઐચ્છિકાર્પણ, શાંત્યર્પણ, યાજક, પાપાર્થાર્પણ, આરાધના)

## બાઈબલના સંદર્ભો:

- 2 તિમોથી 4:6-8
- પ્રેરિતોના કૃત્યો 7:41-42
- પ્રેરિતોના કૃત્યો 21:25-26
- ઉત્પતિ 4:3-5
- યાકુબ 2:21-24
- માર્ક 1:43-44
- માર્ક 14:12-14
- માથ્થી 5:23-24

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **3:14** નૂહ વહાણમાંથી ઉતાર્યો પછી, તેણે યજ્ઞવેદી બંધી અને **બલિદાન કર્યું** દરેક પ્રકારના કેટલાંક પશુનું કે જેનો ઉપયોગ કરી શકાય **બલિદાન તરીકે**.

ઈશ્વર ખૂશ હતાં **બલિદાનથી** અને નૂહ અને તેના કુટુંબને આશીર્વાદિત કર્યા.

- **5:6** “ઈસહાકને લે, તારો એકનો એક દીકરો, અને તેને મારી નાંખ **બલિદાન તરીકે** મારે વાસ્તે."

ફરીથી ઈબ્રાહીમ ઈશ્વરને આધીન થયો અને તૈયારી કરવાં લાગ્યો **બલિદાન કરવાં** તેના દીકરાને.

- **5:9** ઈશ્વરે ઘેટું પૂરું પાડ્યું **બલિદાન માટે** ઈસહાકના બદલામાં.
- **13:9** જે કોઈ ઈશ્વરના નિયમનો અનાદર કરો તે મુલાકાતમંડપ પાસે પશુ લાવતો **બલિદાન તરીકે** ઈશ્વરને માટે.

યાજક પશુને મારી નાંખતો અને યજ્ઞવેદી પર બાળી નાંખતો. પશુનું રક્ત **બલિદાન કરવામાં આવતું હતું** વ્યક્તિના પાપને ઢાંકવા અને ઈશ્વરની નજરમાં તે વ્યક્તિને શુદ્ધ કરવાં માટે.

- **17:6** દાઉદ મંદિર બાંધવા ઈચ્છતો હતો કે જ્યાં સર્વ ઈઝરાયેલીઓ ઈશ્વરની આરાધના કરી શકે અને તેમને **બલિદાનો ચઢાવી શકે**.
- **48:6** ઈસુએ મહાન પ્રમુખ યાજક છે.

અન્ય યાજકોથી વિપરીત, તેમણે પોતાને આપી દીધા એકમાત્ર **બલિદાન તરીકે** જે વિશ્વના તમામ લોકોના પાપ દૂર કરી શકે.

- **48:8** પરંતુ ઈશ્વરે ઈસુને આપ્યાં, ઈશ્વરના હલવાન **બલિદાન તરીકે** આપણી જગાએ મરણ પામવા.
- **49:11** કારણ કે ઈસુએ **બલિદાન કર્યું** પોતાનું, ઈશ્વર કોઈ પણ પાપ માફ કરી શકે છે, ભયંકર પાપો પણ.

## શબ્દ માહિતી:

- Strong's: H801, H817, H819, H1685, H1890, H1974, H2076, H2077, H2281, H2282, H2398, H2401, H2402, H2403, H2409, H3632, H4394, H4469, H4503, H4504, H5066, H5068, H5069, H5071, H5257, H5258, H5261, H5262, H5927, H5928, H5930, H6453, H6944, H6999, H7133, H7311, H8002, H8426, H8548, H8573, H8641, G266, G334, G1049, G1435, G1494, G2378, G2380, G3646, G4376, G5485

# બળ, બળવાન, વધારે બળવાન, શક્તિશાળી રીતે

## વ્યાખ્યા:

"બળ" અને "બળવાન" શબ્દો પુષ્કળ શક્તિ અથવા તો સામર્થ હોવાનો ઉલ્લેખ કરે છે.

- ઘણી વાર "બળ" શબ્દ "શક્તિ" માટેનો બીજો એક શબ્દ છે.

જ્યારે ઈશ્વર વિષે તેને વાપરવામાં આવે છે ત્યારે, તેનો અર્થ "સામર્થ્ય" થઈ શકે છે.

- "બળવાન માણસો" શબ્દસમૂહ ઘણીવાર એવા માણસોનો ઉલ્લેખ કરે છે કે જેઓ હિમ્મતવાન અને યુદ્ધમાં વિજયી હોય છે.

દાઉદના વિશ્વાસુ લોકોનું જૂથ કે જેઓએ તેનો બચાવ અને રક્ષણ કરવા મદદ કરી તેઓને ઘણીવાર "બળવાન પુરુષો" કહેવામાં આવતા હતા.

- ઈશ્વરનો ઉલ્લેખ પણ "બળવાન" તરીકે થાય છે.
- "શક્તિશાળી કાર્યો" શબ્દસમૂહ સામાન્યરીતે ઈશ્વર જે અદભૂત બાબતો કરે છે, અને ખાસ કરીને ચમત્કારો કરે છે તેઓનો ઉલ્લેખ કરે છે.
- આ શબ્દ "સર્વશક્તિમાન" શબ્દ સાથે સંબંધિત છે, કે જે ઈશ્વર માટેનું સામાન્ય વર્ણન છે અને તેનો અર્થ થાય છે કે તેઓ પાસે સંપૂર્ણ સામર્થ્ય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "બળવાન" શબ્દનો અનુવાદ "શક્તિમાન" અથવા તો "અદભૂત" અથવા તો "ખૂબ જ બળવાન" તરીકે કરી શકાય.
- "તેમનું બળ" શબ્દસમૂહનો અનુવાદ "તેમની શક્તિ" અથવા તો "તેમનું સામર્થ્ય" તરીકે કરી શકાય.
- પ્રેરિતોના કૃત્યો 7માં, મૂસાને એક "વાણી તથા વ્યવહારમાં બળવાન" મનુષ્ય તરીકે વર્ણવવામાં આવ્યો છે.

તેનો અનુવાદ "મૂસા ઈશ્વર તરફથી જોરદાર શબ્દો બોલ્યો અને ચમત્કારિક બાબતો કરી" અથવા તો "મૂસા ઈશ્વરના શબ્દો જોરદાર રીતે બોલ્યો અને ઘણી અદભૂત બાબતો કરી" તે રીતે કરી શકાય.

- સંદર્ભ અનુસાર, "શક્તિશાળી કાર્યો"નો અનુવાદ "ઈશ્વર કરે છે તે અદભૂત બાબતો" અથવા તો "ચમત્કારો" અથવા તો "ઈશ્વર સામર્થ્ય વડે જે કાર્યો કરે છે તે" તરીકે કરી શકાય.
- "બળ" શબ્દનો અનુવાદ "સામર્થ્ય" અથવા તો "મહાશક્તિ" તરીકે પણ કરી શકાય.
- આ શબ્દને અંગ્રેજી શબ્દ કે જેને શક્યતા દર્શાવવા વાપરવામાં આવે છે તેની સાથે ગુંચવશો નહિ.

(આ પણ જૂઓ: સર્વશક્તિમાન, ચમત્કાર, સામર્થ્ય, શક્તિ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:22-25
- ઉત્પત્તિ 6:4
- માર્ક 9:38-39
- માથ્થી 11:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H46, H47, H117, H193, H202, H352, H386, H410, H430, H533, H650, H1219, H1368, H1369, H1370, H1396, H1397, H1401, H1419, H2220, H2389, H2394, H2428, H3201, H3524, H3581, H3966, H4101, H5794, H5797, H5807, H5868, H6099, H6105, H6108, H6184, H6697, H6743, H7227, H7580, H7989, H8623, H8624, H8632, G972, G1411, G1413, G1414, G1415, G1498, G1752, G1754, G2159, G2478, G2479, G2900, G2904, G3168, G3173, G5082

# બળ, મજબૂત કરવું, મજબૂત કરે છે, મજબૂત કર્યું, મજબૂત કરી રહ્યા છે

## તથ્યો:

"બળ" શબ્દ શારીરિક, ભાવનાત્મક, અથવા આત્મિક શક્તિનો ઉલ્લેખ કરે છે. કોઈકને અથવા કશાકને "મજબૂત કરવું" નો અર્થ તે વ્યક્તિ કે વસ્તુને બળવાન બનાવવી એમ થાય છે.

- "બળ" એ કોઈક પ્રકારની વિરુદ્ધ તાકાત સામે ટકવા શક્તિનો પણ ઉલ્લેખ કરી શકે છે.
- વ્યક્તિ પાસે "ઈચ્છા શક્તિનું બળ છે" જ્યારે પરીક્ષણ આવે ત્યારે જો તે પાપને ટાળવા શક્તિમાન છે તો.
- ગીતશાસ્ત્રના એક લેખકે યહોવાને પોતાનું "બળ" કહ્યા કારણ કે ઈશ્વરે તેને બળવાન થવા મદદ કરી હતી માટે.
- જો ભૌતિક માળખું જેવું કે દીવાલ અથવા ઈમારત "મજબૂત કરવામાં આવે," તો લોકો માળખાને ફરીથી બંધી રહ્યા છે, વધારે પથ્થરોથી કે ઇંટોથી તેને બળવત્તર આકરી રહ્યા છે જેથી તે હુમલા સામે ટકી શકે.

## અનુવાદ માટેના સૂચનો

- સામાન્ય રીતે, "મજબૂત કરવું" શબ્દનું અનુવાદ "મજબૂત બનાવવું" અથવા "ખુબ શક્તિશાળી બનાવવું" એમ કરી શકાય.
- આત્મિક સમાજમાં, "તારા ભાઈઓને મજબૂત કર" નું અનુવાદ આમ પણ કરી શકાય "તારા ભાઈઓને ઉત્તેજન આપ" અથવા "મંડ્યા રહેવા તારા ભાઈઓને મદદ કર."
- જ્યારે તેનો લાંબી અભિવ્યક્તિઓમાં સમાવેશ થયો હોય ત્યારે તેનું અનુવાદ કેવી રીતે કરી શકાય તે નીચેના ઉદાહરણો આ શબ્દોનો અર્થ બતાવે છે.
- "કમરબંધની જેમ મારાં પર બળ મુકો" નો અર્થ "કમરબંધ કે જે મારી કમરને ઘેરે છે તેની જેમ મને સંપૂર્ણ રીતે મજબૂત બનાવે છે."
- "શાંતિ અને વિશ્વાસ તારું બળ થશે" નો અર્થ "સ્વસ્થતાપૂર્વક વર્તવું અને ઈશ્વરમાં વિશ્વાસ કરવો તે તમને આત્મિક રીતે મજબૂત બનાવશે."
- "તેમનું બળ નવું કરાશે" નો અર્થ "ફરથી મજબૂત કરાશે."
- "મારાં બળ અને મારાં ડહાપણ દ્વારા હું વર્ત્યો" નો અર્થ "મેં આ સઘળું કર્યું કારણ કે હું ખુબ જ બળવાન અને ડાહ્યો છું."
- "દીવાલને મજબૂત કરવી" નો અર્થ "દીવાલને બળવત્તર કરવી" અથવા "દીવાલને ફરીથી બાંધવી."
- "હું તને મજબૂત કરીશ" નો અર્થ "મજબૂત થવા માટે હું તને મદદ કરીશ."
- "યહોવામાં જ માત્ર તારણ અને બળ છે" નો અર્થ "યહોવા જ એકમાત્ર છે જે આપણને બચાવે છે અને મજબૂત કરે છે."
- "તારા બળનો ખડક" નો અર્થ "વિશ્વાસુ કે જે તને મજબૂત બનાવે છે."
- "તેના જમણા હાથના બચાવવાના બળ વડે" નો અર્થ "તે મજબૂત રીતે તને મુશ્કેલીમાંથી બચાવે છે જેમ કોઈક સુરક્ષિત રીતે તેના મજબૂત હાથ વડે પકડી રાખે."
- "નું થોડું બળ" નો અર્થ "બહુ મજબૂત નહિ" અથવા "નબળો."
- "મારાં સઘળાં બળ વડે" નો અર્થ "મારાં શ્રેષ્ઠ પ્રયત્નોનો ઉપયોગ કરીને" અથવા મજબૂત રીતે અને સંપૂર્ણપણે."

(આ પણ જુઓ: વિશ્વાસુ, મંડ્યા રહેવું, જમણો હાથ, બચાવવું)

## બાઈબલના સંદર્ભો:

- 2 રાજાઓ 18:19-21
- 2 પિતર 2:10-11
- લૂક 10:25-28
- ગીતશાસ્ત્ર 21:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H193, H202, H353, H360, H386, H410, H553, H556, H905, H1082, H1369, H1396, H1679, H2220, H2388, H2391, H2392, H2393, H2428, H2633, H3027, H3028, H3559, H3581, H3811, H3955, H4206, H4581, H5326, H5331, H5332, H5582, H5797, H5807, H5810, H5934, H5975, H6106, H6109, H6697, H6965, H7292, H7293, H7296, H7307, H8003, H8443, H8510, H8632, H8633, G461, G772, G950, G1411, G1412, G1743, G1765, G1840, G1849, G1991, G2479, G2480, G2901, G2904, G3619, G3756, G4599, G4732, G4733, G4741

# બળવો કરવો, બળવો, બળવાખોર, બળવાખોરી

## વ્યાખ્યા:

"બળવો કરવો" શબ્દનો અર્થ, કોઈ વ્યક્તિના અધિકારને આધીન થવાનો ઇનકાર કરવો, થાય છે. "બળવાખોર" વ્યક્તિ ઘણી વાર આજ્ઞાપાલન કરતી નથી અને દુષ્ટ બાબતો કરે છે. આ પ્રકારના વ્યક્તિને "વિદ્રોહી" કહેવામાં આવે છે.

- જ્યારે વ્યક્તિ પોતાની ઉપરના અધિકારીઓએ તેને જે કરવાની મનાઈ ફરમાવી હોય તે કરે ત્યારે તે વ્યક્તિ બળવો કરી રહી છે.
- એક વ્યક્તિ અધિકારીઓએ તેને આજ્ઞા કરેલ બાબત કરવાનો ઇનકાર કરીને પણ બળવો/વિદ્રોહ કરી શકે છે.
- કેટલીક વાર લોકો તેમની સરકાર કે તેમના પર શાસન કરતા આગેવાન વિરુદ્ધ બળવો કરે છે.
- સંદર્ભ અનુસાર, "બળવો કરવો" શબ્દનો અનુવાદ "આજ્ઞા ન પાળવી" અથવા તો "વિદ્રોહ કરવો" પણ કરી શકાય.
- "બળવાખોર" નો અનુવાદ "સતત અનાજ્ઞાંકિત" અથવા તો "આજ્ઞા પાળવા નો ઇનકાર કરતું" કરી શકાય.
- "બળવો" શબ્દનો અર્થ "આજ્ઞા માનવાનો ઇનકાર" અથવા તો "અનાજ્ઞાંકિતતા" અથવા તો "નિયમભંગ" થાય છે.
- "બળવો" અથવા "વિદ્રોહ" શબ્દ લોકોના સંયોજિત જૂથનો ઉલ્લેખ પણ કરી શકે છે કે જેઓ કાયદાઓ તોડવા દ્વારા અને આગેવાનો તથા બીજા લોકો પર હુમલો કરવા દ્વારા જાહેર રીતે શાસન કરતા અધિકારીઓ વિરુદ્ધ બળવો કરે છે. મોટાભાગે તેઓ બળવો કરવામાં બીજા લોકો જોડાય તેવો પ્રયાસ કરે છે.

(આ પણ જૂઓ: અધિકાર, રાજ્યપાલ)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજા 12:18-19
- 1 શમુએલ 12:14-15
- 1 તિમોથી 1:9-11
- 2 કાળવૃતાંત 10:17-19
- પ્રેરિતોના કૃત્યો 21:37-38
- લૂક 23:18-19

## બાઈબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **14:14** ચાલીસ વર્ષો સુધી ઈઝરાયલીઓ અરણ્યમાં ભટક્યા બાદ, જે બધાએ ઈશ્વર વિરુદ્ધ **બળવો કર્યો** હતો તેઓ મરણ પામ્યા.
- **18:7** ઈઝરાયલ દેશના દસ કુળોએ રહાબામ વિરુદ્ધ **બળવો કર્યો.**
- **18:9** યરોબામે ઈશ્વર વિરુદ્ધ **બળવો કર્યો** અને લોકોને પાપ કરવા દોર્યા.
- **18:13** યહૂદાના મોટા ભાગના લોકોએ પણ ઈશ્વર વિરુદ્ધ **બળવો કર્યો** અને અન્ય દેવોની પૂજા કરી.
- **20:7** પણ થોડા વર્ષો બાદ, યહૂદાના રાજાએ બાબિલ વિરુદ્ધ **બળવો કર્યો.**
- **45:3** પછી તેણે (સ્તેફને) કહ્યું, "તમે હઠીલા અને **બળવાખોર** લોકો, જેમ તમારા પૂર્વજોએ ઈશ્વરને હંમેશાં નકાર્યા અને તેમના પ્રબોધકોની હત્યા કરી તેમ, હંમેશાં પવિત્ર આત્માનો નકાર કરો છો.

## શબ્દ માહિતી:

- Strong's: H4775, H4776, H4777, H4779, H4780, H4784, H4805, H5327, H5627, H5637, H6586, H6588, H7846, G3893, G4955

# બહાર કાઢવું, બહાર કાઢી નાખવું, બહાર હાંકી કાઢવું, બહાર ફેંકવું, બહાર નાંખી દેવું,

## વ્યાખ્યા:

કોઈકને અથવા કાંઇક "બહાર કાઢવું" અથવા "બહાર હાંકી કાઢવું" નો અર્થ, એમ કે તે વ્યક્તિ અથવા વસ્તુને બળજબરીપૂર્વક દૂર કરી દેવું.

- "કાઢવું" શબ્દનો સમાન અર્થ, "ફેંકવું" થાય છે. જાળને નાખવી તેનો અર્થ, જાળને પાણીમાં ફેંકવી.
- રૂપકાત્મક ભાવમાં, "બહાર કાઢવું" અથવા "દૂર કાઢવું" જેનો અર્થ, કોઈને વ્યક્તિને નકારી અને તેને દૂર મોકલી દેવી.

## ભાષાંતરના સુચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, તેનું બીજું ભાષાંતર, "બળજબરીપૂર્વક કાઢવું" અથવા "દૂર મોકલવું" અથવા "છૂટકારો મેળવવો" એમ કરી શકાય છે.
- "ભૂતોને બહાર કાઢવા" નું ભાષાંતર, "ભૂતોને કહેવું કે તેઓ વ્યક્તિને છોડીને જતાં રહે" અથવા "દુષ્ટ આત્માઓને બહાર હાંકી કાઢવા" અથવા "ભૂતોને કાઢી મુકવા" અથવા "ભૂતોને બહાર નીકળવા આદેશ આપવો" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: ભૂત, ભૂત વળગેલો , ઘણા)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:17-19
- માર્ક 3:13-16
- માર્ક 9:28-29
- માથ્થી 7:21-23
- માથ્થી 9:32-34
- માથ્થી 12:24-25
- માથ્થી 17:19-21

## શબ્દ માહિતી:

- Strong's: H1272, H1644, H1920, H3423, H7971, H7993, G1544

# બહેન, બહેનો

## વ્યાખ્યા:

બહેન એક સ્ત્રી વ્યક્તિ છે કે જે ઓછામાં ઓછા એક જૈવિક માતા અથવા પિતાને અન્ય સાથે વહેંચે છે. તેણીને તે બીજા વ્યક્તિની બહેન અથવા બીજા વ્યક્તિની બહેન કેવાય છે.

- નવા કરારમાં, "બહેન" અર્થાલંકારિક રીતે એવી સ્ત્રી કે જે ઈસુ ખ્રિસ્તમાં સાથી વિશ્વાસી છે તેનો ઉલ્લેખ કરવા માટે પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.
- ઘણીવાર "ભાઈઓ અને બહેનો" શબ્દસમૂહ સ્ત્રી અને પુરુષ બંને, ખ્રિસ્તમાં દરેક વિશ્વાસીઓને સંબોધવા માટે વાપરવામાં આવ્યો છે.
- જુના કરારના ગીતોના ગીત પુસ્તકમાં, "બહેન" સ્ત્રીના પ્રેમી અથવા પત્નીનો ઉલ્લેખ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો શાબ્દિક શબ્દ સાથે અનુવાદ કરવો કે જેનો ઉપયોગ સ્થાનિક ભાષામાં કુદરતી કે જૈવિક બહેનનો ઉલ્લેખ કરવાં થાય છે તે શ્રેષ્ઠ છે, નહિતર તે ખોટો અર્થ આપશે.
- તેનું બીજી રીતે અનુવાદ "ખ્રિસ્તમાં બહેન" અથવા "આત્મિક બહેન" અથવા "સ્ત્રી કે જે ઈસુમાં વિશ્વાસ કરે છે" અથવા સાથી સ્ત્રી વિશ્વાસી" એમ કરી શકાય.
- જો શક્ય હોય તો, પારિવારિક શબ્દ વાપરવો શ્રેષ્ઠ છે.
- જો ભાષા પાસે "વિશ્વાસી" માટે નારીજાતિનો શબ્દ હોય, તો એ શબ્દનું અનુવાદ કરવું તે શક્ય રીતે હોઈ શકે.
- જયારે પ્રેમી કે પત્નીનો ઉલ્લેખ કરવામાં આવે ત્યારે, તેનો અનુવાદ કરી શકાય નારીજાતિનો શબ્દ વાપરીને "પ્રેમાળ" અથવા "વ્હાલા" એમ કરી શકાય.

(આ પણ જુઓ: ભાઈ, ખ્રિસ્તમાં, આત્મા)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 2:16-17
- પુનર્નિયમ 27:22-23
- ફિલેમોન 1:1-3
- રોમનો 16:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H269, H1323, G27, G79

# બાંધવું, સજવું

## વ્યાખ્યા:

"બાંધવું" શબ્દનો અર્થ, બીજા કશાકની આસપાસ કંઈક જોડવું અથવા બાંધવું.

મોટેભાગે તે ઝભ્ભો અથવા ઉપવસ્ત્રને કમર પર યોગ્ય જગ્યા રીતે રાખવા (કમરની) આસપાસ પટો અથવા ખેસ વાપરવામાં આવે, તેને દર્શાવે છે.

- બાઈબલમાં સામાન્ય શબ્દસમૂહ, "કમર બાંધવી" દર્શાવે છે કે, કપડાના (ઉપવસ્ત્રને) નીચેના ભાગને પટામાં નાખી બાંધી દેવું, જેથી તે વ્યક્તિ મુક્ત રીતે ચાલી શકે અથવા કામ કરી શકે.
- આ શબ્દસમૂહનો અર્થ, "કામ માટે તૈયાર થઈ જાઓ" અથવા "કંઈક મુશ્કેલ કરવા તૈયાર રહેવું," પણ હોઈ શકે છે.
- "કમર બાંધવી" અભિવ્યક્તિનું ભાષાંતર, લક્ષ્ય ભાષામાં જે શબ્દ વપરાતો હોય તેનો ઉપયોગ કરીને ભાષાંતર કરવું, જેથી તે અભિવ્યક્તિનો અર્થ સમાન રહી શકે.

અથવા તેનું ભાષાંતર રૂપકાત્મક રીતે, "કાર્ય માટે પોતાની જાતને તૈયાર કરો" અથવા "પોતાની જાતને તૈયાર રહો," તરીકે કરી શકાય છે.

"(તેના)થી સજવું" શબ્દનું ભાષાંતર, "તેનાથી ઘેરાયેલું હોવું" અથવા "તેનાથી ઢાંકવું" અથવા "પટાથી બાંધેલું" કરી શકાય છે.

(આ પણ જુઓ: કમર)

## બાઈબલની કલમો:

- 1 પિતર 1:13-14
- અયૂબ 38:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H247, H640, H2290, H2296, H8151, G328, G1241, G2224, G4024

# બારસાખ

## વ્યાખ્યા:

“બારસાખ” એ બારણાની બેમાંથી એક બાજુ પર આવેલો ઊભી પાંખ (મોભ) છે, કે જે બારણાના સૌથી ઉપરના ભાગને આધાર આપે છે.

- દેવે ઈઝરાએલીઓને મિસરમાંથી નાશી જવા મદદ કરી તે પહેલા તેણે (દેવે) સૂચના આપી કે તેઓ ઘેટાને મારીને તેનું રક્ત બારસાખો પર લગાવે.
- જૂના કરારમાં, દાસ કે જે પૂરી જિંદગી તેના શેઠની સેવા કરવા ઈચ્છતો હોય તો, તેણે તેનો કાન તેના શેઠના ઘરની બારસાખ ઉપર મૂકી, બારસાખમાં તેનો કાન આરથી (ખીલીથી) વીંધવામાં આવતો.
- આ શબ્દનું ભાષાંતર, “બારણાની બંને બાજુના ચોખઠાની પાંખ” અથવા “લાકડાંની બારસાખની બાજુઓ” અથવા “દ્વારની બાજુઓ પરના લાકડાંના મોભ” તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: મિસર, પાસ્ખા)

## બાઈબલની કલમો:

- 1 રાજા 6:31-32
- પૂનર્નિયમ 11:20-21
- નિર્ગમન 12:5-8
- યશાયા 57:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H352, H4201

# બાવળ

## વ્યાખ્યા:

"બાવળ" શબ્દ એ પુરાતન કનાનમાં આવેલા એક છોડ અથવા વૃક્ષનું નામ છે જે એ વિસ્તારમાં બહુ ઉગે છે.

- બાવળમાંથી એક બદામી રંગનું ખુબ જ મજબુત અને ટકાઉ લાકડું પેદા થાય છે, જેનો ઉપયોગ બાંધકામ માટે થાય છે
- આ લાકડામાં ન સડવાના ગુણ રહેલા છે, કારણકે એ ખુબજ ઘટ્ટ અને તે પોતામાંથી પાણીને દુર રાખે છે. તેમાં કુદરતી સાચવણીનો ગુણધર્મ રહેલો છે જે જંતુનો નાશ કરે છે.

બાઈબલ ની અંદર, કરારકોશ અને મુલાકાત મંડપ બનાવવા માટે બાવળના લાકડાનો ઉપયોગ કર્યો હતો.

(જુઓ: અજ્ઞાતોનું ભાષાંતર કેવી રીતે કરવું)

(જુઓ: કરારકોશ, મુલાકાત મંડપ)

## બાઈબલની કલમો:

- પુર્નનિયમ 10:3-4
- નિર્ગમન 25:3-7
- નિર્ગમન 38:6-7
- યશાયાહ 41:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H7848

# બીજ, વીર્ય

## વ્યાખ્યા:

બીજ એવા છોડનો એક ભાગ છે જે જમીનમાં સમાન છોડનું પુનઃઉત્પાદન કરવાને માટે વાવેતર કરવામાં આવે છે. તેના કેટલાક રૂપકાત્મક અર્થો પણ છે.

- "બીજ" શબ્દ રૂપકાત્મક અને સૌમ્યોક્તિથી ઉપયોગમાં લેવાય છે જે એક માણસની અંદર રહેલાં નાના કોશિકાઓ એક સ્ત્રીના કોશિકાઓ સાથે જોડાય છે જેના કારણે તેનામાં બાળકની વૃદ્ધિ થાય છે તેનો ઉલ્લેખ કરે છે.

તેના સંકલનને વીર્ય કહેવાય છે.

- તેના અનુસંધાનમાં, “બીજ” વ્યક્તિના સંતાન અથવા વંશજનો ઉલ્લેખ કરવાં ઉપયોગમાં લેવાય છે.
- આ શબ્દમાં ઘણીવાર બહુવચનનો અર્થ થાય છે, એક કરતાં વધુ બીજનું અનાજ અથવા એક કરતાં વધુ વંશજ.
- ખેડૂતના બીજ વાવવાના દ્રષ્ટાંતમાં, ઈસુએ તેમના બીજની સરખામણી ઈશ્વરના વચન સાથે કરી હતી, જે સારા આધ્યાત્મિક ફળ ઉત્પન્ન કરવા માટે લોકોના હ્રદયમાં વાવવામાં આવે છે.
- પ્રેરિત પાઉલે પણ “બીજ” શબ્દનો ઉપયોગ ઈશ્વરના વચનનો ઉલ્લેખ કરવાં માટે કર્યો છે.

## અનુવાદ માટેના સૂચનો:

- શાબ્દિક બીજ માટે, ખેડૂત પોતાના ખેતરમાં જે વાવે છે તે માટે પ્રાદેશિક ભાષામાં જે શબ્દ વપરાય છે તેનો શાબ્દિક ઉપયોગ “બીજ” માટે કરવો.
- શાબ્દિક શબ્દ જ્યાં રૂપકાત્મક રીતે ઈશ્વરના વચનો વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સંદર્ભમાં પણ તેનો ઉપયોગ થવો જોઈએ.
- રૂપકાત્મક ઉપયોગ એક સમાન કુટુંબ રેખાના લોકોનો ઉલ્લેખ કરવા માટે, બીજને બદલે “વંશજ” અથવા “વંશજો” શબ્દનો ઉપયોગ કરવો ભૂ સ્પષ્ટ રહેશે.

કેટલીક ભાષાઓમાં એક શબ્દ હોઈ શકે છે જેનો અર્થ "બાળકો અને પૌત્રો" થાય છે.

- માણસ કે સ્ત્રીના “બીજ” માટે એ ધ્યાનમાં લો કે પ્રાદેશિક ભાષા તેને કેવી રીતે વર્ણવે કે જેથી તે લોકોને નારાજ ન કરે કે મુંઝવણમાં ન મુકે.

(જુઓ: સોમ્યોક્તિ)

(આ પણ જુઓ: વંશજ, સંતાન)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 18:30-32
- ઉત્પતિ 18:30-32
- યર્મિયા 2:20-22
- માથ્થી 13:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H2232, H2233, H2234, H3610, H6507, G4615, G4687, G4690, G4701, G4703

# બીબું, બીબાં, ઢાળ્યું, ઢાળવું, ઢાળનાર

## વ્યાખ્યા:

બીબું એ લાકડાનું, ધાતુનું કે માટીનું અંદરથી પોલું એવું સાધન છે કે જેનો ઉપયોગ સોનાની, ચાંદીની કે બીજી સામગ્રીની વસ્તુઓ ઢાળવા કરવામાં આવે છે, એવી સામગ્રી કે જેને નરમ બનાવી શકાય અને પછી બીબાંમાં ઢાળી શકાય.

- બીબાંઓનો ઉપયોગ ઘરેણાં, થાળીઓ અને જમવા માટેના બીજા વાસણો વગેરે બનાવવા કરવામાં આવતો હતો.
- બાઇબલમાં, બીબાંનો ઉલ્લેખ મુખ્યત્વે મૂર્તિઓ તરીકે વાપરવાના પૂતળા ઢાળવાના સંબંધમાં કરવામાં આવ્યો છે.
- ધાતુઓને ખૂબ જ ઊંચા તાપમાને ગરમ કરવી પડે છે કે જેથી તેઓને બીબાંમાં રેડી શકાય.
- વસ્તુને ઢાળવાનો અર્થ બીબાંના ઉપયોગ દ્વારા કે હાથથી વસ્તુને ખાસ આકાર કે સમાનતામાં બનાવવી એવો થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો અનુવાદ “બનાવવું” અથવા તો “આકાર આપવો” અથવા તો “રચવું” તરીકે પણ કરી શકાય.
- “ઢાળ્યું” શબ્દનો અનુવાદ “આકાર આપ્યો” અથવા તો “બનાવ્યું” તરીકે કરી શકાય.
- ઢાળેલી વસ્તુનો અનુવાદ એક શબ્દ કે શબ્દસમૂહ દ્વારા થઈ શકે કે જેનો અર્થ “આકાર આપેલું વાસણ” અથવા તો “ઘાટ આપેલ થાળી” થાય છે.

(આ પણ જૂઓ: જૂઠા દેવો, સોનું, જૂઠા દેવો, ચાંદી)

## બાઇબલના સંદર્ભો:

- નિર્ગમન 32:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H4541, H4165, G4110, G4111

# બોજો, ભારરૂપ છે, ભારથી લદાયેલું, બોજારૂપ

## વ્યાખ્યા:

બોજો એ ભારે વજનને દર્શાવે છે. તે શાબ્દિક અર્થ અનુસાર તે શારીરિક ભારને દર્શાવે છે, જેમકે પ્રાણી કામ કરવા માટે જે બોજાને ઉંચકે છે. "ભાર" શબ્દને ઘણા બધા રૂપકાત્મક અર્થો પણ હોય છે.

- ભાર કોઈ મુશ્કેલ ફરજ, અથવા મહત્વની જવાબદારી કે જે વ્યક્તિ એ કરવાની હોય, તેને દર્શાવી શકે છે.

તેને કહેવા મુજબ તે "ભારે બોજો" "વહન કરી" અથવા "લઇ જઈ" રહ્યો છે.

- ક્રૂર નેતા જે લોકો પર શાસન ચલાવતો હોય તેઓ પર ભારે બોજો મૂકી શકે છે, ઉદાહરણ તરીકે, બળજબરી દ્વારા તે તેઓ પાસે વધુ કરોની ચુકવણી કરાવી શકે છે.
- વ્યક્તિ કે જે કોઈને માટે બોજ બનવા માંગતો નથી, તે બીજી વ્યક્તિને કોઇપણ તકલીફ આપવા માંગતો નથી.

વ્યક્તિ પાપનો દોષ તેના માટે બોજ છે. "પ્રભુનો બોજો" શબ્દનો અર્થાલંકારિક અર્થ, "ઈશ્વર તરફથી સંદેશ" કે જે પ્રબોધકે ઈશ્વરના લોકોને સુધી અવશ્ય પહોંચાડવાનો હોય, તેને દર્શાવે છે.

- "ભાર" શબ્દનું ભાષાંતર, "જવાબદારી" અથવા "ફરજ" અથવા "ભારે બોજો" અથવા "સંદેશ," જે તે સંદર્ભ પ્રમાણે કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- 2 થેસ્સલોનિકી 3:6-9
- ગલાતીઓ 6:1-2
- ગલાતીઓ 6:3-5
- ઉત્પત્તિ 49:14-15
- માથ્થી 11:28-30
- માથ્થી 23:4-5

## શબ્દ માહિતી:

- Strong's: H92, H3053, H4614, H4853, H4858, H4864, H4942, H5445, H5447, H5448, H5449, H5450, H6006, G4, G916, G922, G1117, G2347, G2599, G2655, G5413

# ભઠ્ઠી

## સત્યો:

ભઠ્ઠી એ ખૂબ જ મોટો ચૂલો હતો કે જેમાં વસ્તુઓને ઊંચા તાપમાને ગરમ કરવા માટે વાપરવામાં આવતો હતો.

- પ્રાચીન સમયમાં, મોટાભાગની ભઠ્ઠીઓ વસ્તુઓ બનાવવા માટેના ધાતુઓને ઓગાળવા વાપરવામાં આવતી હતી, જેવી કે રાંધવાના વાસણો, આભૂષણો, શસ્ત્રો, અને મૂર્તિઓ.
- ભઠ્ઠીઓમાં માટીની કુલડીઓ પણ બનાવવા આવતી હતી.
- રૂપકાત્મક રીતે ક્યારેક ભઠ્ઠીને કંઈક કે જે ખૂબ જ ગરમ છે, તેને દર્શાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

(આ પણ જુઓ: જૂઠો દેવ, છબી)

## બાઈબલની કલમો:

- 1 રાજા 8:51-53
- ઉત્પત્તિ 19:26-28
- નીતિવચન 17:3-4
- ગીતશાસ્ત્ર 21:9-10
- પ્રકટીકરણ 9:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H861, H3536, H3564, H5948, H8574, G2575

# ભવિષ્યકથન, ભવિષ્ય ભાખનાર, ભવિષ્ય ભાખવું, ભવિષ્ય કહેનાર

## વ્યાખ્યા:

"ભવિષ્યકથન" અને "ભવિષ્ય કહેનાર" શબ્દો, અલૌકિક વિશ્વમાંથી આત્માઓ દ્વારા માહિતી મેળવવા પ્રયાસ કરવાની પ્રથાને દર્શાવે છે. જે આ કરે છે તેને ક્યારેક "ભવિષ્ય ભાખનાર" અથવા "ભવિષ્ય કહેનાર" વ્યક્તિ કહેવાય છે.

- જૂના કરારના સમયમાં, ઈઝરાએલીઓને દેવે ભવિષ્યકથન અથવા ભવિષ્ય ભાખવાની બાબત પર મનાઈની આજ્ઞા ફરમાવી હતી.
- દેવે તેના લોકોને ઉરીમ અને તુમ્મીમ કે જે પત્થરો હતા, તેનો ઉપયોગ કરી તેનાથી માહિતી લેવા પરવાનગી આપી હતી, દેવે તે હેતુ માટે મુખ્ય યાજકોને તે કાર્ય કરવા નિયુક્ત કર્યા હતા. પણ તેણે તેના લોકોને દુષ્ટ આત્માઓની મદદથી માહિતી લેવાની પરવાનગી આપી ન હતી.
- વિદેશી (મૂર્તિપૂજક) ભવિષ્ય ભાખનારાઓએ આત્મા જગતમાંથી માહિતી શોધી કાઢવા અન્ય પદ્ધતિઓનો ઉપયોગ કર્યો. ક્યારેક તેઓ મૃત પ્રાણીના અંદરના ભાગો અથવા જમીન પર નાંખી દીધેલા પ્રાણીના હાડકાંની રચના જોવા માટે પરીક્ષણ કરતા જેથી તેઓ તેઓના જૂઠા દેવોથી સંદેશાઓના અર્થઘટન કરી શકે.
- નવા કરારમાં, ઈસુ અને પ્રેરિતોએ પણ ભવિષ્યકથન, મેલીવિદ્યા, જાદુવિદ્યા, અને જાદુ ને ફગાવી દીધા હતા.

આ સઘળી પ્રથાઓમાં દુષ્ટ આત્માઓની શક્તિનો ઉપયોગનો સમાવેશ થાય છે અને તેઓ દેવ દ્વારા તિરસ્કાર પામેલ છે.

(આ પણ જુઓ: પ્રેરિત, જુઠો દેવ, જાદુ, મેલીવિદ્યા)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 6:1-2
- પ્રેરિતો 16:16-18
- હઝકિયેલ 12:24-25
- ઉત્પત્તિ 44:3-5
- યર્મિયા 27:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H1870, H4738, H5172, H6049, H7080, H7081, G4436

# ભાલા, ભાલાઓ, ભાલાધારી

## વ્યાખ્યા:

ભાલો એક શસ્ત્ર છે લાંબા લાકડાંના હાથાવાળું અને બીજી બાજુ તિક્ષ્ણ ધારદાર ધાતુ કે જે દૂરના અંતર સુધી ફેંકવામાં આવે છે.

- બાઈબલના સમયમાં ભાલાઓ સામાન્ય રીતે યુદ્ધને માટે વાપરવામાં આવતા હતા.

તેઓ કેટલીકવાર હજુ વર્તમાન દિવસોની ચોક્કસ લોક જૂથોની તકરારોમાં પણ વપરાય છે.

- જ્યારે ઈસુને વધસ્તંભ પર લટકાવવામાં આવ્યા હતા ત્યારે રોમન સૈનિકો દ્વારા તેમને વિંધવા માટે ભાલાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- કેટલીકવાર લોકો માછલી પકડવા ભાલાઓ મારતા હતા અથવા બીજા ખાવા માટે તેનો શિકાર કરતાં હતા.
- “નાનકડાં ભાલા” અથવા “સિપાહીનું ભાલુ” સમાન શસ્ત્રો છે.
- એ ધ્યાન રાખો કે “ભાલા”નું અનુવાદ “તલવાર”ના અનુવાદથી અલગ હોય, કે જે શસ્ત્ર છે જે અચાનક હુમલો કરવા કે છરાબાજી કરવા વપરાય નહિ કે ફેંકવા માટે.

તલવારને લાંબી ધારદાર બાજુ હાથા સાથે હોય છે, જ્યારે ભાલાને નાની ધારદાર બાજુ લાંબા દાંડાની ધારે હોય છે.

(આ પણ જુઓ: શિકાર, રોમ, તલવાર, યોદ્ધો)

## બાઈબલના સંદર્ભો:

- 1 શમુએલ 13:19-21
- 2 શમુએલ 21:18-19
- નહેમ્યા 4:12-14
- ગીતશાસ્ત્ર 35:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H1265, H2595, H3591, H6767, H7013, H7420, G3057

# ભૂંડ, ભૂંડો, ડુક્કરનું માંસ, ભૂંડણ

## વ્યાખ્યા:

ભૂંડ એ ચાર પગવાળું, ખરીવાળું પ્રાણી છે કે જે માંસ માટે પાળવમાં આવે છે.

તેનું માંસ "ડુક્કરનું માંસ" (અંગ્રેજીમાં "પોર્ક") કહેવામાં આવે છે.

ભૂંડો તથા તેમના સંબંધિત પ્રાણીઓ માટે "ભૂંડણ" એ સામાન્ય શબ્દ છે.

- ઈશ્વરે ઇઝરાયલીઓને ભૂંડનું માંસ ન ખાવા અને તેને અશુદ્ધ ગણવા જણાવ્યું.

યહૂદીઓ આજે પણ ભૂંડને અશુદ્ધ ગણે છે અને તેનું માંસ ખાતા નથી.

- ભૂંડોને તેમના માંસ માટે લોકોને વેચવા ખેતરોમાં પાળવામાં આવે છે.
- એક એવા પ્રકારનું ભૂંડ હોય છે કે જેને ખેતરમાં પાળવામાં આવતું નથી પણ તે જંગલમાં રહે છે કે જેને "જંગલી સૂવર" કહેવામા આવે છે.

જંગલી સૂવરોને મોટો અણીદાર દાંત હોય છે અને તેઓને ખૂબ જ ભયાનક પ્રાણી માનવામાં આવે છે.

- કેટલીક વાર મોટા ભૂંડોનો ઉલ્લેખ "ડુક્કરો" તરીકે કરવામાં આવે છે.

(આ પણ જૂઓ: કેવી રીતે અજ્ઞાત બાબતોનો અનુવાદ કરવો)

(આ પણ જૂઓ: શુદ્ધ)

## બાઇબલના સંદર્ભો:

- 2 પિતર 2:20-22
- માર્ક 5:11-13
- માથ્થી 7:6
- માથ્થી 8:30-32

## શબ્દ માહિતી:

- Strong's: H2386, G5519

# ભૂંડું કરનાર, ભૂંડું કરનારાઓ, દુષ્ટ કામ

## વ્યાખ્યા:

“ભૂંડું કરનાર” શબ્દ એવા લોકોને સામાન્ય રીતે દર્શાવે છે કે, જેઓની પાપી અને દુષ્ટ બાબતોનો કરે છે.

- જે લોકો દેવની આજ્ઞા પાળનારા નથી તેઓ માટેનો સામાન્ય શબ્દ હોઈ શકે છે.
- આ શબ્દ માટેનું ભાષાંતર કરવા માટે, “દુષ્ટ” અથવા “ઘૃણાસ્પદ” શબ્દોની સાથે, “કરવું” અથવા “બનાવવું” અથવા “કારણ બનવું,” જેવા શબ્દો વાપરી શકાય.

(આ પણ જુઓ: દુષ્ટ)

## બાઈબલની કલમો:

- 1 પિતર 2:13-17
- યશાયા 9:16-17
- લૂક 13:25-27
- માલાખી 3:13-15
- માથ્થી 7:21-23

## શબ્દ માહિતી:

- Strong's: H205, H6213, H6466, H7451, H7489, G93, G458, G2038, G2040 , G2555

# ભૂંસી નાખવું, ભૂંસી નાખે છે, ભૂંસી નાખેલું, સાફ કરવું, સાફ કરી દે છે, સાફ કરી દીધેલું

## વ્યાખ્યા:

- "ભૂંસી નાખવું" અને "સાફ કરી દેવું" એ શબ્દોની અભિવ્યક્તિઓનો અર્થ, કોઈકનો અથવા કોઈ બાબતનો સંપૂર્ણતા નાશ કરવો અથવા કાઢી નાખવું, એમ થઇ શકે છે.
- આ અભિવ્યક્તિયોનો ઉપયોગ હકારાત્મક રીતે પણ થઈ શકે છે, જે રીતે પ્રભુ પાપોને માફ કરીને "ભૂંસી નાખે છે" અને તેને નહીં યાદ કરવા નક્કી કરે છે.
- તેનો ઘણીવાર નકારાત્મક રીતે પણ ઉપયોગ થાય છે, જેમકે જયારે દેવ લોકોને તેમના પાપોને લીધે તેમનો નાશ કરીને તેઓને "ભૂંસી નાખે છે" અથવા "સાફ કરી નાખે છે."
- બાઈબલમાં જ્યારે કોઈ વ્યક્તિનું નામ જીવનના પુસ્તકમાંથી "ભૂંસી નાખવામાં આવે છે" અથવા "સાફ કરી દેવામાં આવે છે," એનો અર્થ એમ થાય છે કે તે વ્યક્તિને અનંતજીવન પ્રાપ્ત નહીં થાય.

## ભાષાંતરના સુચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, આ અભિવ્યક્તિયોનું ભાષાંતર, "મુક્ત કરવું" તથા "કાઢી નાખવું" અથવા "સંપૂર્ણ રીતે નાશ કરવો" અથવા "સંપૂર્ણ રીતે કાઢી નાખવું" પણ થઈ શકે છે.

જ્યારે કોઈ વ્યક્તિનું નામ જીવનના પુસ્તકમાંથી ભૂંસી નાખવું જેનું ભાષાંતર, "કાઢી નાખવું" અથવા "લૂછી નાખવું" એમ થઇ શકે છે.

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 29:20-21
- નિર્ગમન 32:30-32
- ઉત્પત્તિ 7:23-24
- ગીતશાસ્ત્ર 51:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3971, H4229, G631, G1591, G1813

# ભૂસું

## વ્યાખ્યા:

ભૂસું એ અનાજના દાણાનું સુકું રક્ષણાત્મક આવરણ છે. ભૂસું એ ખોરાક માટે સારું નથી, જેથી લોકો તેને અનાજના દાણામાંથી જુદું કરીને તેને દૂર ફેંકી દે છે.

- મોટેભાગે, અનાજના કણસલાંને હવામાં ઉછાળીને ભૂસાથી અલગ કરવામાં આવે છે.

હવા ભૂસાને દૂર ખેંચી લઇ જાય છે, અને દાણા જમીન ઉપર પડે છે. આ પ્રક્રિયાને “ઊપણવું” કહેવામાં આવે છે.

- બાઈબલમાં આ શબ્દ રૂપકાત્મક રીતે દુષ્ટ લોકો અને, નકામી વસ્તુઓ માટે પણ વાપરવામાં આવ્યો છે.

(આ પણ જુઓ: અનાજ, ઘઉં, ઊપણવું)

## બાઈબલની કલમો:

- દાનિએલ 2:34-35
- અયૂબ 21:16-18
- લૂક 3:17
- માથ્થી 3:10-12

## શબ્દ માહિતી:

- Strong's: H2842, H4671, H5784, H8401, G892

# ભ્રષ્ટ સાક્ષી, ખોટો અહેવાલ, ખોટી સાક્ષી, જૂઠી સાક્ષી, ખોટી સાક્ષીઓ

## વ્યાખ્યા:

"ખોટી સાક્ષી" અને "ભ્રષ્ટ સાક્ષી" શબ્દો એવી વ્યક્તિને દર્શાવે છે કે જે વ્યક્તિ અથવા ઘટના વિશે જૂઠી બાબતોને સામાન્ય રીતે ઔપચારિક દ્રશ્યમાં જેવી કે ન્યાયાલય કહે છે.

- "ખોટી સાક્ષી" અથવા "ખોટો અહેવાલ" તે વાસ્તવિક અસત્ય છે કે જે કહેવામાં આવે છે.
- "ખોટી સાક્ષી આપવી" તેનો અર્થ, કશાક વિશે અસત્ય કહેવું અથવા ખોટો અહેવાલ આપવો.
- બાઈબલ ઘણા દાખલાઓ આપે છે કે બીજા વિશે અસત્ય કહેવા ખોટા સાક્ષીઓ ભાડે રાખવામાં આવતા હતા કે જેથી કોઈ વ્યક્તિને સજા થાય અથવા મારી નાખવામાં આવે.

## ભાષાંતરના સૂચનો:

- "ખોટી સાક્ષી આપવી" અથવા "ખોટી સાક્ષી આપવી" શબ્દનું ભાષાંતર, "ખોટી રીતે સાક્ષી આપવી" અથવા "કોઈકના વિશે ખોટો અહેવાલ આપવો" અથવા "કોઈની વિરુદ્ધમાં ખોટી રીતે બોલવું" અથવા "અસત્ય," તરીકે કરી શકાય છે.
- જયારે "ખોટી સાક્ષી" વ્યક્તિ માટે દર્શાવવામાં આવે છે, ત્યારે તેનું ભાષાંતર "વ્યક્તિ કે જે અસત્ય બોલે છે" અથવા "જે ખોટી રીતે સાક્ષી આપે છે" અથવા "કોઈક કે જે બાબતો કહે છે તે સાચી નથી" તરીકે પણ (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: સાક્ષી, સાચું)

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 19:17-19
- નિર્ગમન 20:15-17
- માથ્થી 15:18-20
- માથ્થી 19:18-19
- નીતિવચન 14:5-6
- ગીતશાસ્ત્ર 27:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H5707, H6030, H7650, H8267, G1965, G3144, G5571, G5575, G5576, G5577

# ભ્રષ્ટ, ભ્રષ્ટ થયેલું, ભ્રષ્ટ કરતું

## વ્યાખ્યા:

કોઈ બાબતને ભ્રષ્ટ કરવાનો અર્થ જે કશું પવિત્ર છે તેને અશુદ્ધ, પ્રદુષિત કે અનાદર કરતી રીતે વ્યવહાર કરવો એવો થાય છે.

- ભ્રષ્ટ વ્યક્તિ એ છે કે જે અપવિત્ર અને ઈશ્વરનું અપમાન કરતી રીતે કાર્ય કરે છે.
- "ભ્રષ્ટ કરવું" ક્રિયાપદનો અનુવાદ "કોઈ બાબત સાથે તે અપવિત્ર હોય તે રીતે વ્યવહાર કરવો" અથવા તો "કોઈ બાબત પ્રત્યે અનાદર દેખાડવો" અથવા તો "અપમાન" તરીકે કરી શકાય.
- ઈશ્વરે ઇઝરાયલી લોકોને કહ્યું કે તેઓએ પોતાને મૂર્તિઓ દ્વારા "ભ્રષ્ટ" કર્યા હતા, જેનો અર્થ એ થતો હતો કે તે પાપ દ્વારા લોકો પોતાને "અશુદ્ધ" કે "અપમાનિત" કરતા હતા.

તેઓ ઈશ્વરનું અપમાન પણ કરતા હતા.

- સંદર્ભ અનુસાર, "ભ્રષ્ટ" વિશેષણનો અનુવાદ "અપમાનકારક" અથવા તો "ઈશ્વરરહિત" અથવા તો "અપવિત્ર" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: અશુદ્ધ કરવું, પવિત્ર, શુદ્ધ)

## બાઇબલના સંદર્ભો:

- 2 તિમોથી 2:16-18
- હઝકિયેલ 20:8-9
- માલાખી 1:10-12
- માથ્થી 12:5-6
- ગણના 18:30-32

## શબ્દ માહિતી:

- Strong's: H2455, H2490, H2491, H2610, H2613, H5234, H8610, G952, G953

# ભ્રષ્ટ, ભ્રષ્ટ થયેલું, ભ્રષ્ટાચાર, વિશુદ્ધિ (ભ્રષ્ટ ન થાય તેવું), નીતિભ્રષ્ટ

## વ્યાખ્યા:

"ભ્રષ્ટ" અને "ભ્રષ્ટાચાર" શબ્દો રાજ્યની બાબતો દર્શાવે છે કે જેમાં લોકો નાશ પામેલ, અનૈતિક, અથવા અપ્રામાણિક બની ગયેલા હોય છે.

- "ભ્રષ્ટ" શબ્દનો શબ્દશઃ અર્થ, નૈતિક રીતે "વાકું હોવું" અથવા "ભાગેલું" થાય છે.
- વ્યક્તિ કે જે ભ્રષ્ટ છે તે સત્યથી દૂર ગયેલો છે અને તે અપ્રમાણિક અથવા અનૈતિક વસ્તુઓ કરતો હોય છે.
- કોઈને ભ્રષ્ટ કરવું તેનો અર્થ કે, તે વ્યક્તિને અપ્રમાણિક અને અનૈતિક વસ્તુઓ કરવા પ્રભાવિત કરવું.

## ભાષાંતરના સૂચનો:

- "ભ્રષ્ટ" શબ્દનું ભાષાંતર, "દુષ્ટતા કરવા પ્રભાવિત કરવું" અથવા "અનૈતિક બનાવવા પ્રેરવું" કરી શકાય.
- ભ્રષ્ટ વ્યક્તિનું વર્ણન એવી વ્યક્તિ તરીકે કરી શકાય કે "જે અનૈતિક બનેલી છે" અથવા "જે દુષ્ટ વ્યવહારો કરે છે."
- આ શબ્દનું ભાષાંતર, "ખરાબ" અથવા "અનૈતિક" અથવા "દુષ્ટ" પણ કરી શકાય છે.
- "ભ્રષ્ટાચાર" શબ્દનું ભાષાંતર, "દુષ્ટનો વ્યવહાર" અથવા "દુષ્ટ" અથવા "અનૈતિકતા" કરી શકાય છે.

(આ પણ જુઓ: દુષ્ટ)

## બાઈબલની કલમો:

- હઝકિયેલ 20:42-44
- ગલાતી 6:6-8
- ઉત્પત્તિ 6:11-12
- માથ્થી 12:33-35
- ગીતશાસ્ત્ર 14:1

## શબ્દ માહિતી:

- Strong's: H1097, H1605, H2254, H2610, H4167, H4743, H4889, H4893, H7843, H7844, H7845, G853, G861, G862, G1311, G1312, G2585, G2704, G4550, G4595, G5349, G5351, G5356

# મજૂરી, મજૂરી કરે છે, મહેનત, મજૂર, મજૂરો

## વ્યાખ્યા:

"મજૂરી" શબ્દ કોઈપણ પ્રકારના ભારે શ્રમના કાર્યનો ઉલ્લેખ કરે છે.

- સામાન્ય રીતે, મજૂરી એટલે કોઈપણ કાર્ય જેમાં શક્તિનો ઉપયોગ થાય.

તેમાં ઘણીવાર કાર્ય મુશ્કેલ હોય છે તે સૂચિત હોય છે.

- મજૂર એવિ એક વ્યક્તિ કે જે કોઈપણ પ્રકારની મજૂરી કરે છે.
- અંગ્રેજીમાં, "મજૂરી" શબ્દ જન્મ આપવાની પ્રક્રિયાના ભાગ સ્વરૂપે પણ વપરાય છે.

બીજી ભાષાઓમાં સંપૂર્ણપણે અલગ શબ્દ તે માટે હોઈ શકે.

- "મજૂરી" ને અનુવાદ કરવાની રીતોમાં "કામ" અથવા "ભારે શ્રમ" અથવા "મુશ્કેલ કામ" અથવા "ભારે પરિશ્રમ" નો સંવેશ કરી શકાય.

(આ પણ જુઓ: ભારે, પ્રસૂતિની પીડા)

## બાઈબલના સંદર્ભો:

- 1 થેસ્સાલોનિકીઓ 2:7-9
- 1 થેસ્સાલોનિકીઓ 3:4-5
- ગલાતીઓ 4:10-11
- યાકુબ 5:4-6
- યોહાન 4:37-38
- લૂક 10:1-2
- માથ્થી 10:8-10

## શબ્દ માહિતી:

- Strong's: H213, H3018, H3021, H3022, H3023, H3205, H5447, H4522, H4639, H5445, H5647, H5656, H5998, H5999, H6001, H6089, H6468, H6635, G75, G2038, G2040, G2041, G2872, G2873, G4704, G4866, G4904, G5389

# મજૂરી, મજૂરીમાં, પ્રસૂતિની પીડા

## વ્યાખ્યા:

એક સ્ત્રી કે જે "પ્રસૂતિમાં હોય" તે પીડાનો અનુભવ કરે છે જે બાળકના જન્મ તરફ દોરી જાય છે. તેઓને "પ્રસૂતિની પીડા" કહેવામા આવે છે.

- ગલાતીઓના લખેલા તેના પત્રમાં, પ્રેરિત પાઉલે તેના સાથી વિશ્વાસીઓ વધુને વધુ ખ્રિસ્ત જેવા બને તે માટે મદદરૂપ બનવા તેના તીવ્ર પ્રયત્નનું વર્ણન કરવા રૂપકાત્મક રીતે આ શબ્દનો ઉપયોગ કર્યો હતો.
- અંતિમ દિવસોમાં કેવી આપત્તિઓ વધુને વધુ અને વધુ તીવ્ર થશે એ વર્ણવવા માટે પણ બાઈબલમાં પ્રસૂતિની પીડાની સમરૂપતા વપરાઈ છે.

(આ પણ જુઓ: મજૂરી, અંતિમ દિવસ)

## બાઈબલના સંદર્ભો:

- 1 શમુએલ 4:19-20
- ગલાતીઓ 4:19-20
- યશાયા 13:6-8
- યર્મિયા 13:20-21
- ગીતશાસ્ત્ર 48:4-6
- રોમનો 8:20-22

## શબ્દ માહિતી:

- Strong's: H2342, H2470, H3018, H3205, H5999, H6045, H6887, H8513, G3449, G4944, G5088, G5604, G5605

# મધ, મધપૂડા

## વ્યાખ્યા:

“મધ” એ મીઠું, ચીકણું, ખાદ્ય પદાર્થ કે જે મધમાખીઓ ફૂલના અમૃતમાંથી બનાવે છે. મધપૂડો એ મીણ જેવી રચના છે કે જ્યાં માખીઓ મધ એકઠું કરે છે.

- મધ પ્રકાર પર આધારિત હોઈ તે પીળું અથવા કથ્થાઇ રંગનુ હોઈ શકે છે.
- મધ જંગલમાં મળી શકે છે, જેવું કે વૃક્ષના પોલાણમાં, અથવા જયારે મધમાખી માળો બનાવે છે.

મધનું ઉત્પાદન કરી તેને ખાવા અથવા વેચવા માટે લોકો મધપૂડાઓમાં પણ મધમાખીઓને ઉછેરે છે, પણ બાઈબલમાં જે મધનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે કદાચ જંગલી મધ હતું.

- ત્રણ લોકો કે જેનો બાઈબલમાં વિશેષ રીતે જંગલી મધ ખાવાની (અથવા ન ખાવાની) બાબતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, યોનાથાન, સામસૂન, અને યોહાન બાપ્તિસ્ત હતા.
- મોટેભાગે આ શબ્દ રૂપકાત્મક રીતે કંઈક કે જે મીઠું અને ખૂબજ આનંદદાયક છે, તે દર્શાવવા વાપરવામાં આવ્યો છે.

ઉદાહરણ તરીકે, દેવના વચનો અને આજ્ઞાઓ, જેઓ “મધ કરતાં મીઠા” છે. (જુઓ: સમાન, રૂપક)

અમુક વ્યક્તિ દેખાવમાં મધના જેવા મીઠા દેખાય છે, પણ તેઓ આખરે છેતરનારા અને બીજાને નુકશાન કરનારા હોય છે.

(આ પણ જુઓ: યોહાન (બાપ્તિસ્ત), યોનાથાન, પલિસ્તીઓ, સામસૂન)

## બાઈબલની કલમો:

- 1 રાજા 14:1-3
- પુનર્નિયમ 6:3
- નિર્ગમન 13:3-5
- યહોશુઆ 5:6-7
- નીતિવચન 5:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H1706, H3293, H3295, H5317, H6688, G2781, G3192, G3193

# મધ્યસ્થ

## વ્યાખ્યા:

મધ્યસ્થ એક વ્યક્તિ છે કે જે બે કે તેથી વધુ લોકોને તેમના એકબીજા સાથેના મતભેદો અથવા તો ઝગડાઓ ઉકેલવામાં મદદ કરે છે. તે તેઓને સમાધાન કરવા મદદ કરે છે.

- લોકોએ પાપ કર્યું છે તે કારણે, તેઓ ઈશ્વરના શત્રુઓ છે અને તેમના ક્રોધ તથા શિક્ષાને લાયક છે.

પાપને કારણે ઈશ્વર તથા તેમના લોકો વચ્ચેનો સંબંધ તૂટી ગયો છે.

- ઈશ્વરપિતા અને તેમના લોકો વચ્ચે ઈસુ મધ્યસ્થ છે એટલે કે પાપનો બદલો ભરવા પોતાના મૃત્યુ દ્વારા તેઓ તૂટેલા સંબંધને પુન:સ્થાપિત કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "મધ્યસ્થ" શબ્દનો અનુવાદ "વચ્ચે પડનાર વ્યક્તિ" અથવા તો "સમાધાન કરાવનાર વ્યક્તિ" અથવા તો "શાંતિ કરાવનાર વ્યક્તિ" એ રીતે કરી શકાય.
- "યાજક" શબ્દનો અનુવાદ જે રીતે કરવામાં આવ્યો છે તેની સાથે આ શબ્દને સરખાવો.

જો "મધ્યસ્થ" શબ્દનો અનુવાદ અલગ રીતે કરવામાં આવે તો તે શ્રેષ્ઠ રહેશે.

(આ પણ જૂઓ: યાજક, સમાધાન કરવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 તિમોથી 2:5-7
- ગલાતી 3:19-20
- હિબ્રૂ 8:6-7
- હિબ્રૂ 12:22-24
- લૂક 12:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H3887, G3312, G3316

# મન, સમજું/સાવધ મનવાળું, યાદ કરાવવું, યાદ પત્ર/યાદ કરાવવું, સમાન વિચારધારા ધરાવતા

## વ્યાખ્યા:

"મન" શબ્દ વ્યક્તિના તે અંગનો ઉલ્લેખ કરે છે કે જે વિચારે છે અને નિર્ણયો લે છે.

- દરેક વ્યક્તિનું મન તેના તમામ વિચારો અને તર્કશક્તિનો સરવાળો છે.
- "ખ્રિસ્તનું મન રાખવું"નો અર્થ ઈસુ ખ્રિસ્ત જે રીતે વિચારશે અને વર્તશે તે રીતે વિચારવું અને વર્તવું, થાય છે. તેનો અર્થ થાય છે કે ઈશ્વરપિતાને આજ્ઞાધિન હોવું, ખ્રિસ્તના શિક્ષણને પાળવું, આ પ્રમાણે કરવા પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા સક્ષમ બનવું.
- "તેનું મન બદલવું"નો અર્થ થાય છે કે કોઈકે એક ભિન્ન નિર્ણય કર્યો અથવા તો અગાઉના કરતા ભિન્ન મત દાખવ્યો.

## અનુવાદ માટેના સૂચનો:

- "મન" શબ્દનો અનુવાદ "વિચારો" અથવા તો "તર્ક કરવો" અથવા તો "વિચારવું" અથવા તો "સમજવું" તરીકે પણ કરી શકાય.
- "મનમાં રાખો" અભિવ્યક્તિનો અનુવાદ "યાદ રાખો" અથવા તો "આ બાબત પર ધ્યાન આપો" અથવા તો "આ જાણવાની ખાતરી રાખો" તરીકે કરી શકાય.
- "હૃદય, પ્રાણ અને અને મન" અભિવ્યક્તિનો અનુવાદ "તમે જે અનુભવો છો, તમે જે માનો છો અને તમે તે વિષે શું વિચારો છો" તરીકે પણ કરી શકાય.
- "મનમાં લાવવું"નો અનુવાદ "યાદ કરવું" અથવા તો "તે વિષે વિચારો" તરીકે કરી શકાય.
- "મન બદલ્યું અને ગયો" અભિવ્યક્તિનો અનુવાદ "અલગ નિર્ણય કર્યો અને ગયો" અથવા તો "છેવટે જવાનો નિર્ણય કર્યો" અથવા તો "તેનો મત બદલ્યો અને ગયો" તરીકે પણ કરી શકાય.
- "બે મનવાળો" અભિવ્યક્તિનો અનુવાદ "શંકા કરનાર" અથવા તો "નિર્ણય કરવા અશક્તિમાન" અથવા તો "વિરોધાભાસી વિચારો વાળો" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: માનવું, હૃદય, પ્રાણ)

## બાઈબલના સંદર્ભો:

- લૂક 10:25-28
- માર્ક 6:51-52
- માથ્થી 21:28-30
- માથ્થી 22:37-38
- યાકૂબ 4:8

## શબ્દ માહિતી:

- Strong's: H3629, H3820, H3824, H5162, H7725, G1271, G1374, G3328, G3525, G3540, G3563, G4993, G5590

# મનન કરવું, મનન કરે છે, મનન

## વ્યાખ્યા:

"મનન" શબ્દનો અર્થ કોઈક બાબત પર કાળજીપૂર્વક અને ઊંડાણપૂર્વક વિચાર કરવામાં સમય ગાળવો એવો થાય છે.

- આ શબ્દનો ઉપયોગ બાઇબલમાં ઘણી વાર ઈશ્વર અને તેમના શિક્ષણ વિષે વિચારવાનો ઉલ્લેખ કરવા વાપરવામાં આવ્યો છે.
- ગીતશાસ્ત્ર 1 જણાવે છે કે જે વ્યક્તિ "દિવસરાત" ઈશ્વરના નિયમ પર મનન કરે છે તે પુષ્કળ આશીર્વાદિત થશે.

## અનુવાદ માટેના સૂચનો:

- "મનન કરવું"નો અનુવાદ "કાળજીપૂર્વક અને ઊંડાણપૂર્વક વિચારવું" અથવા તો "વિચારપૂર્વક ચકાસવું" અથવા તો "વારંવાર વિચારવું" એ રીતે કરી શકાય.
- તેનું સંજ્ઞારૂપ "મનન" છે અને તેનો અનુવાદ "ઊંડા વિચારો" એવો થઈ શકે.

"મારા હૃદયનું મનન" એ શબ્દસમૂહનો અનુવાદ "જે વિષે હું ઊંડાણપૂર્વક વિચારું છું" અથવા તો "જે વિષે હું વારંવાર વિચારું છું" તે રીતે કરી શકાય.

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 24:63-65
- યહોશુઆ 1:8-9
- ગીતશાસ્ત્ર 01:1-2
- ગીતશાસ્ત્ર 119:15-16

## શબ્દ માહિતી:

- Strong's: H1897, H1900, H1901, H1902, H7742, H7878, H7879, H7881, G3191, G4304

# મરકી, મરકીઓ

## વ્યાખ્યા:

મરકીઓ એવી ઘટનાઓ છે કે જેઓ મોટી સંખ્યામાં લોકોમાં પીડા અને મૃત્યુ ઉપજાવે છે. ઘણી વાર મરકી એ એવો રોગ છે જે ઝડપથી ફેલાય છે અને તેને અટકાવી શકાય તે અગાઉ ઘણા લોકોના મૃત્યુમાં પરિણામે છે.

- ઘણી મરકીઓ પાછળ કુદરતી કારણો હોય છે પણ કેટલીક મરકીઓ લોકોને તેઓના પાપને કારણે સજા કરવા ઈશ્વર તરફથી મોકલવામાં આવી હતી.
- મૂસાના સમયમાં, ફારૂન ઇઝરાયલીઓને ઈજિપ્તમાંથી જવા દે તે માટે તેના પર દબાણ લાવવા ઈશ્વરે ઈજિપ્ત વિરુદ્ધ દસ મરકીઓ મોકલી હતી.

આ મરકીઓમાં પાણીનું લોહી બનવું, શારીરિક રોગો, જીવાત અને કરા દ્વારા પાકનો નાશ, ત્રણ દિવસનો સંપૂર્ણ અંધકાર અને પ્રથમજનિત પુત્રોના મૃત્યુનો સમાવેશ થાય છે.

- આનો અનુવાદ સંદર્ભ અનુસાર “વ્યાપક આપત્તિઓ” અથવા તો “વ્યાપક રોગો” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: કરા, ઇઝરાયલ, મૂસા, ફારૂન)

## બાઇબલના સંદર્ભો:

- 2 શમુએલ 24:13-14
- નિર્ગમન 9:13-14
- ઉત્પત્તિ 12:17-20
- લૂક 21:10-11
- પ્રકટીકરણ 9:18-19

## શબ્દ માહિતી:

- Strong's: H1698, H4046, H4194, H4347, H5061, H5062, H5063, G3061, G3148, G4127

# મરી જવું, મૃત્યુ પામે છે, મૃત્યુ પામેલ, મૃત, ઘાતક, મૃત હાલત, મરણ, મરણો, જીવલેણ

## વ્યાખ્યા:

આ શબ્દ દૈહિક અને આત્મિક મરણ બંનેને દર્શાવવા માટે વપરાયો છે. દૈહિક (મરણ) રીતે, જયારે વ્યક્તિનું દૈહિક શરીર જીવવાનું બંધ કરે છે તેને દર્શાવે છે. આત્મિક (મરણ) રીતે, જયારે પાપીઓ પોતાના પાપને કારણે પવિત્ર દેવથી અલગ થઈ જાય છે તેને દર્શાવે છે.

### 1. દૈહિક મરણ

- " મરવું" એટલે કે જીવવાનું બંધ થઇ જવું.

મરણ એ દૈહિક જીવનનો અંત છે

- જયારે વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે તેનો આત્મા શરીરને મૂકીને જાય છે.
- જયારે આદમ અને હવા એ પાપ કર્યું, ત્યારે દૈહિક મરણ જગતમાં આવ્યું.
- "મારી નાખવું" અભિવ્યક્તિ કોઈકને મારી નાખવું અથવા ખૂન કરવું, ખાસ કરીને કોઈ રાજા અથવા અન્ય શાસક કોઈકને મારી નાખવા માટે આદેશ આપે છે તેને દર્શાવે છે.

### 2. આત્મિક મરણ

- વ્યક્તિનું દેવથી અલગ થવું એ આત્મિક મરણ છે.
- જયારે આદમે દેવની આજ્ઞાનો અનાદર કર્યો ત્યારે તે આત્મિક રીતે મૃત્યુ પામ્યો.

દેવની સાથેનો તેનો સંબધ તૂટી ગયો હતો. તે લજ્જિત બન્યો અને તેણે દેવથી સંતાવાનો પ્રયાસ કર્યો.

- આદમના દરેક વંશજ પાપી છે, અને તે આત્મિક રીતે મૃત્યુ પામેલા છે.

જયારે આપણે ઈસુ ખ્રિસ્તમાં વિશ્વાસ રાખીએ છીએ ત્યારે દેવ ફરીથી આપણને આત્મિક રીતે જીવંત કરે છે.

## ભાષાંતરના સૂચનો:

- આ શબ્દનું ભાષાંતરના માટે એવો શબ્દ વાપરવો જે પ્રતિદિન વપરાતો, અને કુદરતી શબ્દ હોય અથવા લક્ષ્ય ભાષામાં તેની અભિવ્યકિત મરણ દર્શાવે છે.
- કેટલીક ભાષાઓમાં, "મરવું" તે જે "જીવિત નથી" તેને વ્યક્ત કરે છે.

"મૃત" શબ્દનું ભાષાંતર, જે "જીવતું નથી" અથવા "જેનામાં જીવ ના હોય તેવું" અથવા "જીવતું નથી," એમ કરી શકાય છે.

- ઘણી ભાષાઓમાં મૃત્યુનું વર્ણન કરવા માટે અલંકારિક અભિવ્યક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેવો કે અંગ્રેજીમાં "ગુજરી જવું" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

છતાંપણ, બાઈબલમાં તેનો સીધો ઉપયોગ કરવો, કે જે બીજી ભાષાઓમાં પણ કરવામાં આવ્યો છે.

- બાઈબલમાં, મોટેભાગે દૈહિક જીવન અને મૃત્યુને, આત્મિક જીવન અને મૃત્યુ સાથે સરખાવવામાં આવ્યા છે.

ભાષાંતરમાં દૈહિક મરણ અને આત્મિક મરણ બંને માટે એક સમાન શબ્દ અથવા શબ્દસમૂહ વાપરવો તે અગત્યનું છે.

- કેટલીક ભાષાઓના સંદર્ભમાં કદાચ "આત્મિક મરણ" શબ્દનો ઉપયોગ કરવો જરૂરી હોય છે જેથી અર્થ વધારે સ્પષ્ટ કરી શકાય.

અમુક ભાષાંતરકર્તા "દૈહિક મરણને" આત્મિક મરણના તુલનાના સંદર્ભમાં જણાવી શકે છે.

- "મૃત્યુ પામેલ" અભિવ્યક્તિ નામવાચક વિશેષણ છે, એ વ્યક્તિઓ મૃત્યુ પામેલ છે તેને દર્શાવે છે. અમુક ભાષાઓ તેને "મૃત્યુ પામેલ લોકો" અથવા "જે લોકોનું મૃત્યુ થઇ ગયું છે" તેવું ભાષાંતર કરે છે. (જુઓ: નામવાચક વિશેષણ)
- "મારી નાખવું" અભિવ્યક્તિનું ભાષાંતર, "મારવું" અથવા "ખૂન" અથવા "મારી નાખી શિક્ષા કરવી" એમ થઇ શકે છે.

(આ પણ જુઓ: માનવું, વિશ્વાસ, જીવન, આત્મા)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 15:20-21
- 1થેસ્સલોનિકી 4:16-18
- પ્રેરિતો 10:42-43
- પ્રેરિતો 14:19-20
- કલોસ્સી 2:13-15
- કલોસ્સી 2:20-23
- ઉત્પત્તિ 2:15-17
- ઉત્પત્તિ 34:27-29
- માથ્થી 16:27-28
- રોમન 5:10-11
- રોમન 5:12-13
- રોમન 6:10-11

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **1:11** દેવે આદમને કહ્યું કે તે આ બાગમાંના દરેક ફળ ખાઈ શકે છે, પણ તેણે સારા ભૂંડા જાણવાનું ફળ ખાવું નહીં. જો તે આ વૃક્ષનું ફળ ખાશે, તો તે **મરશે**.
- **2:11** પછી તમે **મરશો**, અને તમારું શરીર ધૂળમાં પાછું મળી જશે.
- **7:10** પછી ઈસહાક **મરણ પામ્યો**, અને યાકૂબ અને એસાવે તેને દફનાવ્યો.
- **37:5** ઈસુએ જવાબ આપ્યો, "પુનરુત્થાન તથા જીવન હું છું."

જે કોઈ મારા પર વિશ્વાસ કરશે તે જોકે **મરી જાય** તો પણ જીવતો થશે. દરેક જે મારામાં વિશ્વાસ કરશે તે કદી **મરશે** નહીં."

- **40:8** ઈસુએ તેના **મૃત્યુ** દ્વારા, લોકો માટે દેવની પાસે આવવાનો માર્ગ ખોલ્યો.
- **43:7** "જોકે ઈસુ **મરણ** પામ્યા, પણ દેવે તેને મૃત્યુમાંથી ઉઠાડ્યો.
- **48:2** તેઓએ પાપ કર્યું, તેથી પૃથ્વી ઉપર દરેક બીમાર થશે અને દરેક **મરણ** પામશે.
- **50:17** તે (ઈસુ) દરેક આંસુ લૂછી નાખશે અને ત્યાર પછી પીડા, નિરાશા, રડવું, દુષ્ટતા, દુઃખ અથવા **મરણ** આવશે નહીં.

## શબ્દ માહિતી:

- Strong's: H6, H1478, H1826, H1934, H2491, H4191, H4192, H4193, H4194, H4463, H5038, H5315, H6297, H6757, H7496, H7523, H8045, H8546, H8552, G336, G337, G520, G581, G599, G615, G622, G684, G1634, G1935, G2079, G2253, G2286, G2287, G2288, G2289, G2348, G2837, G2966, G3498, G3499, G3500, G4430, G4880, G4881, G5053, G5054

# મર્મ, મર્મો, ગુપ્ત સત્ય, ગુપ્ત સત્યો

## વ્યાખ્યા:

બાઇબલમાં, “મર્મ” શબ્દ કંઈક અજ્ઞાત અથવા તો સમજવા અઘરી એવી બાબત કે જેને ઈશ્વર હવે સમજાવે છે તેનો ઉલ્લેખ કરે છે.

- નવો કરાર કહે છે કે ખ્રિસ્તની સુવાર્તા એક મર્મ હતો કે જે ભૂતકાળમાં અજ્ઞાત હતો.
- મર્મ તરીકે વર્ણન કરાયેલો એક ખાસ મુદ્દો એ છે કે યહૂદીઓ અને બિન-યહૂદીઓ ખ્રિસ્તમાં સમાન થશે.
- આ શબ્દનો અનુવાદ “રહસ્ય” અથવા તો “ગુપ્ત બાબતો” અથવા તો “કશુંક અજ્ઞાત” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: ખ્રિસ્ત, બિન-યહૂદી, સુવાર્તા, યહૂદી, સાચું)

## બાઇબલના સંદર્ભો:

- ક્લોસ્સી 4:2-4
- એફેસી 6:19-20
- લૂક 8:9-10
- માર્ક 4:10-12
- માથ્થી 13:10-12

## શબ્દ માહિતી:

- Strong's: H1219, H7328, G3466

# મહિનો, મહિનાઓ, મહિને

## વ્યાખ્યા:

" મહિનો" એ શબ્દ, ચાર અઠવાડિયાના સમયગાળાને દર્શાવે છે. દરેક મહિનામાં કેટલા દિવસોની સંખ્યા હોય છે, તેનો આધાર સૂર્ય અથવા ચંદ્રના પંચાંગ પર હોઈ, તેઓ અલગ અલગ હોય શકે છે.

- ચંદ્રના પંચાગમાં, મહિનાની લંબાઈ ચંદ્રને પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરવા માટે કેટલો સમય લે છે તેના તેનો પર આધાર હોય છે, જેમકે તેનો સમય લગભગ 29 દિવસનો હોય છે.

આ વ્યવસ્થામાં એક વર્ષમાં 12 અથવા 13 મહિના હોય છે. આ પંચાંગમાં વર્ષના 12 અથવા 13 મહિના હોય છે, જેમાં પ્રથમ મહિનાને હંમેશા એક જ નામથી બોલાવાય છે, તેમ છતાં તેમાં અલગ અલગ ઋતુ હોય શકે છે.

- "નવો ઉગતો ચંદ્ર" અથવા નવા ચંદ્રનું શરૂઆતનું સ્વરૂપ જેમાં તે ચાંદીના પ્રકાશ સાથે ચમકે છે જે સમયે ચંદ્રેના પંચાંગમાં શરૂઆત થાય છે.
- બાઈબલમાં બધાં જ મહિનાઓના નામ ચંદ્રના પંચાંગના નામ પ્રમાણે આપવામાં આવ્યા છે, કારણકે ઈઝરાએલીઓ આ પ્રકારના પંચાગનો ઉપયોગ કરતા હતા. આધુનિક યહૂદિયો આજે પણ ધાર્મિક હેતુ માટે આ પંચાગનો ઉપયોગ કરે છે.
- આધુનિક સમયના સૂર્ય પંચાંગનો આધાર, પૃથ્વી સૂર્યની ચોફેર ફરતા કેટલો સમય લે છે તેના ઉપર આધારિત છે (લગભગ 365 દિવસ) આ વ્યવસ્થામાં વર્ષને હંમેશા 12 મહિનાઓમાં વિભાજીત કરવામાં આવે છે, જેમાં દરેક મહિનામાં દિવસોની સંખ્યા 28 થી લઈને 31 સુધી હોય છે.

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 20:32-34
- પ્રેરિતોના કૃત્યો 18:9-11
- હિબ્રુઓ 11:23-26
- ગણના 10:10

## શબ્દ માહિતી:

- Strong's: H2320, H3391, H3393, G3376

# મહેલ, મહેલો

## વ્યાખ્યા:

"મહેલ" શબ્દ જ્યાં રાજા તેના કુટુંબીજનો અને દાસો સાથે રહે છે તે ભવન અથવા તો ઘરનો ઉલ્લેખ કરે છે.

- નવા કરારમાં દર્શાવ્યા પ્રમાણે, પ્રમુખ યાજક પણ મહેલ જેવા ભવનમાં રહેતો હતો.
- મહેલો સુંદર બાંધકામ અને રાચરચીલા સાથે અતિ આભૂષિત ભવનો હતા.
- મહેલનું મકાન અને રાચરચીલું પથ્થર અથવા તો લાકડાનું બનાવેલું હતું અને ઘણી વાર તેના પર કિંમતી લાકડું, સોનું અથવા તો હાથીદાંતનો ઢોળ ચડાવેલો હતો.
- બીજા ઘણા લોકો મહેલ પરિસરોમાં રહેતા હતા અને કામ કરતા હતા. આ પરિસરોમાં સામાન્યરીતે ઘણા ભવનો તથા આંગણાઓ હતા.

(આ પણ જૂઓ: આંગણું, પ્રમુખ યાજક, રાજા)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 28:7-8
- 2 શમુએલ 11:2-3
- દાનિયેલ 5:5-6
- માથ્થી 26:3-5
- ગીતશાસ્ત્ર 45:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H643, H759, H1001, H1002, H1004, H1055, H1406, H1964, H1965, H2038, H2918, G833, G933, G4232

# મહોર, મહોર કરે છે, મહોર કરવામાં આવી, મહોર કરવામાં આવી રહી છે, મહોર ન કરેલું

## વ્યાખ્યા:

વસ્તુને મહોર કરવી તેનો અર્થ કે તેને કશાકથી બંધ કરવું કે જેને તોડ્યા વિના ખોલવા માટે અશક્ય બનાવે.

- ઘણીવાર મહોરને ચિત્ર કે આકૃતિ દ્વારા અંકિત કરવામાં આવતું કે જેથી તે દર્શાવી શકાય કે તે કોની માલિકીનું છે.
- પત્રો અથવા બીજા દસ્તાવેજો કે જે સુરક્ષિત રાખવાની જરૂર હોય તેને મહોર કરવા ઓગાળેલી મીણનો ઉપયોગ કરવામાં આવતો હતો.

જ્યારે મીણ ઠંડુ અને કઠણ બની જાય, ત્યારે મહોરને તોડ્યા વિના પત્ર ખોલી શકાય નહિ.

- ઈસુની કબરની સામે પથ્થર પર મહોર મુકવામાં આવી હતી કે જેથી કોઈ પથ્થર ખસેડી શકે નહિ.
- પાઉલ રૂપકાત્મક રીતે પવિત્ર આત્માને "મહોર" તરીકે ઉલ્લેખે છે જે દર્શાવે છે કે આપણું તારણ સુરક્ષિત છે.

(આ પણ જુઓ: પવિત્ર આત્મા, કબર)

## બાઈબલના સંદર્ભો:

- નિર્ગમન 2:3-4
- યશાયા 29:11-12
- યોહાન 6:26-27
- માથ્થી 27:65-66
- પ્રકટીકરણ 5:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H2368, H2560, H2856, H2857, H2858, H5640, G2696, G4972, G4973

# માછીમાર, માછીમારો

## વ્યાખ્યા:

માછીમાર માણસો કે જેઓ પૈસાની આવક માટે પાણીમાંથી માછલી પકડે છે. નવા કરારમાં, માછીમાર માછલી પકડવા મોટી જાળોનો ઉપયોગ કરતા હતા. “માછીમારો” શબ્દ એ માછીમાર માટેનું બીજું નામ છે.

- ઈસુએ પિતર અને બીજા પ્રેરિતો તેડું આપ્યા તે પહેલા તેઓ માછીમાર તરીકે કામ કરતા હતા.
- ઈઝરાએલની જમીન પાણીની નજીક હતી, જેથી બાઈબલમાં માછલી અને માછીમારો વિશે ઘણા સંદર્ભો આપવામાં આવેલા છે.
- આ શબ્દનું ભાષાંતર શબ્દસમૂહ વડે કરાય તો, “માણસો કે જેઓ માછલી પકડે છે” અથવા “માણસો કે જેઓ માછલી પકડવા દ્વારા પૈસાની આવક કરે છે,” એવા શબ્દો દ્વારા (ભાષાંતર) કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- હઝકિયેલ 47:9-10
- યશાયા 19:7-8
- લૂક 5:1-3
- માથ્થી 4:18-20
- માથ્થી 13:47-48

## શબ્દ માહિતી:

- Strong's: H1728, H1771, H2271, G231, G1903

# માન્ય કરવું, માન્ય કરે છે, માન્ય કરેલું, સ્વીકાર કરવું, સ્વીકાર કરેલ

## સત્યો:

"મંજુર કરવું" એ શબ્દનો અર્થ, કોઈકની અથવા કશાની સચોટ ઓળખાણ આપવી.

- ઈશ્વરને મંજુર રાખવો એનો અર્થ એ થાય છે કે આપણે એવું વર્તન કરીએ જે દર્શાવે કે જે ઈશ્વર કહે છે તે સાચું છે.
- જે લોકો ઈશ્વરને માન્ય રાખે છે તેઓ તેની આજ્ઞા માને છે, જે તેના નામને માટે મહિમા લાવે છે .

કાંઈક મંજુર રાખવું એનો અર્થ કે તે સાચું છે તેમ વિશ્વાસ કરવો અને વર્તન અને શબ્દો દ્વારા તેને દર્શાવવું.

## ભાષાંતરના સુચનો :

જયારે કાંઈક સાચું હોય તેને કોઈ સંદર્ભમાં મંજુર કરવામાં આવે, જેના અર્થનું ભાષાંતર "સ્વીકાર કરવું" અથવા "જાહેર કરવું", અથવા "સાચું છે તેમ કબુલ કરવું" અથવા "માનવું", તેમ થઈ શકે છે. જયારે કોઈ વ્યક્તિને સ્વીકારવામાં આવે છે, ત્યારે તે શબ્દનું ભાષાંતર કરી શકાય કે "સ્વીકારવું" અથવા "તેની કિંમતને સમજવી" અથવા" બીજાને કહેવું કે તે વ્યક્તિ વિશ્વાસુ છે. જયારે કોઈ સંદર્ભમાં ઈશ્વરને મંજુર કરવામાં આવે છે, જે શબ્દનું ભાષાંતર "વિશ્વાસ કરવો અને આધિન થવું" અથવા "ઈશ્વર કોણ છે તે જાહેર કરવું" અથવા "બીજા લોકોને જણાવવું કે ઈશ્વર કેટલા મહાન છે" અથવા "કબુલ કરો કે ઈશ્વર જે કહે છે અને કરે છે તે સાચું છે.

(જુઓ: આજ્ઞા પાડવી, મહિમા, બચવું)

## બાઈબલની કલમો:

- દાનિએલ 11:38-39
- યર્મિયાહ 9:4-6
- અયુબ 34:26-28
- લેવીય 22: 31-33
- ગીતશાસ્ત્ર 29:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3045, H3046, H5046, H5234, H6942, G1492, G1921, G3670

# મિજબાની

## વ્યાખ્યા:

મિજબાની એ એક મોટું,ઔપચારિક ભોજન છે કે જેમાં સામાન્ય રીતે અલગ અલગ વાનગીઓનો સમાવેશ થાય છે.

- પ્રાચીન સમયમાં, રાજાઓ વારંવાર રાજકીય નેતાઓ અને બીજા મોભાદાર મહેમાનોને મનોરંજન કરાવવા મિજબાની આપતા હતાં.
- આનું ભાષાંતર આ રીતે થઈ શકે જેમકે, "વિગતવારવાળું ભોજન" અથવા "મહત્વની મિજબાની" અથવા "બહુવિધ વાનગીઓનું ભોજન."

## બાઈબલની કલમો:

- દાનિએલ 5:10
- યશાયા 5:11-12
- યર્મિયા16:7-9
- લૂક 5:29-32
- ગીતોનું ગીત 2:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H3739, H4797, H4960, H4961, H8354, G1173, G1403

# મિજબાની, મિજબાની આપે છે, મિજબાની

## વ્યાખ્યા:

“મિજબાની” શબ્દ મોટેભાગે કોઈ ઉજવણી કરવાના હેતુથી, જયારે કોઈએક પ્રસંગ કોઈ લોકોનું જૂથ એકસાથે મળી ખૂબજ મોટું ભોજન ખાય છે, તેને દર્શાવે છે. “મિજબાની” શબ્દનો અર્થ, મોટા પ્રમાણમાં ભોજન ખાવાની ક્રિયા અથવા એક સાથે જમણ ખાવામાં ભાગ લેવો, તેવો થાય છે.

- મોટેભાગે ખાસ પ્રકારના ભોજન છે કે જે ચોક્કસ મિજબાની પર ખાવામાં આવતા હોય છે.
- સામાન્ય રીતે દેવે યહૂદીઓને આજ્ઞા આપી કે ધાર્મિક તહેવારોની ઉજવણીમાં તેઓએ તેની સાથે મિજબાની પણ રાખવાની હોય છે.

મોટેભાગે આ કારણને લીધે તહેવારોને “મિજબાની” કહેવામાં આવે છે.

- બાઈબલના સમયમાં, મોટેભાગે રાજાઓ અને અન્ય શ્રીમંત અને શક્તિશાળી લોકો તેઓના કુટુંબને અથવા મિત્રોને મનોરંજન માટે મિજબાની આપતા હતા.
- ખોવાયેલા દીકરા વિશેની વાર્તામાં, તેના દીકરાના પાછા આવવાથી ઉજવણી કરવા માટે પિતા ખાસ મિજબાની તૈયાર કરે છે.
- ક્યારેક મિજબાની ઘણા દિવસો સુધી અથવા વધુ ચાલતી હોય છે.
- “મિજબાની” શબ્દનું ભાષાંતર, “ભવ્ય રીતે ખાવું” અથવા “ઘણું ભોજન ખાઈને ઉજવણી કરવી” અથવા “ખાસ, મોટું ભોજન ખાવું,” તરીકે પણ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, “મિજબાની” શબ્દનું ભાષાંતર, “એકસાથે મળી મોટા ભોજનની ઉજવણી કરવી” અથવા “વધારે ખોરાક સાથેનું ભોજન” અથવા “ઉજવણી ભોજન,” તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: તહેવાર)

## બાઈબલની કલમો:

- 2 પિતર 2:12-14
- ઉત્પત્તિ 26:30-31
- ઉત્પત્તિ 29:21-22
- ઉત્પત્તિ 40:20-23
- યહૂદા 1:12-13
- લૂક 2:41-44
- લૂક 14:7-9
- માથ્થી 22:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H398, H2077, H2282, H2287, H3899, H3900, H4150, H4580, H4797, H4960, H7646, H8057, H8354, G26, G755, G1062, G1173, G1403, G1456, G1858, G1859, G2165, G3521, G4910

# મુક્ત કરવું, મુક્ત કરે છે, છોડાવવું, છૂટું કરવું, સ્વતંત્રતા, મુક્તપણે, સ્વતંત્ર માણસ, મુક્તેચ્છા, સ્વાયત્તતા,

## વ્યાખ્યા

"મુક્ત કરવું" અથવા "સ્વતંત્રતા" શબ્દો દાસપણામાં અથવા અન્ય કોઇપણ પ્રકારના બંધનમાં ન હોવું તે દર્શાવે છે. "સ્વતંત્રતા" માટેનો બીજો શબ્દ "સ્વાયત્તતા" છે.

- "કોઈને મુક્ત કરવું" અથવા "કોઈને છોડાવવું" અભિવ્યક્તિનો અર્થ, કોઈને ગુલામગીરી અથવા કેદમાંથી છોડાવવા માટે રસ્તો કરવો.
- બાઈબલમાં, મોટેભાગે આ શબ્દોને રૂપકાત્મક રીતે ઈસુના વિશ્વાસી કેવી રીતે હવે પાપની શક્તિ હેઠળ નથી, તે દર્શાવવા વપરાયેલ છે.
- "સ્વાયત્તતા" અથવા "સ્વતંત્રતા" હોવી તે દર્શાવે છે કે હવે મુસાના નિયમને પાળવો જરૂરી નથી, પણ તેના બદલે પવિત્ર આત્માનું શિક્ષણ અને માર્ગદર્શન દ્વારા મુક્ત રીતે જીવવું.

## ભાષાંતરના સૂચનો:

- "મુક્ત કરવું" શબ્દનું ભાષાંતર શબ્દ અથવા શબ્દસમૂહ સાથે કરવામાં આવે તો તેનો અર્થ, "બંધાયેલું નહીં" અથવા "દાસ નથી" અથવા "ગુલામીમાં નથી" અથવા "બંધનમાં નથી" તરીકે કરી શકાય છે.
- "સ્વતંત્રતા" અથવા "સ્વાયત્તતા" શબ્દનું ભાષાંતર, શબ્દ અથવા શબ્દસમૂહ સાથે કરવામાં આવે તો તેનો અર્થ, "મુક્ત કરેલું હોવું" અથવા "ગુલામ તરીકેની સ્થિતિમાં ન હોવું" અથવા "બંધાયેલું ના હોવું" તરીકે કરી શકાય છે.
- "મુક્ત કરવું" અભિવ્યક્તિનું ભાષાંતર, "મુક્ત કરવા માટે કારણ બનવું" અથવા "ગુલામીમાંથી બચાવવું" અથવા "બંધનમાંથી છોડાવવું" તરીકે કરી શકાય છે.
- વ્યક્તિ કે જે "મુક્ત કરવામાં આવી છે" એટલે કે જેને "છોડાવવામાં આવી છે" અથવા "બંધનમાંથી બહાર અથવા ગુલામીમાંથી બહાર કાઢવામાં આવી છે."

(આ પણ જુઓ: બાંધવું, ગુલામ બનાવવું, નોકર)

## બાઈબલની કલમો:

- ગલાતી 4:26-27
- ગલાતી 5:1-2
- યશાયા 61:1
- લેવીય 25:10
- રોમન 6:17-18

## શબ્દ માહિતી:

- Strong's: H1865, H2600, H2666, H2668, H2670, H3318, H4800, H5068, H5069, H5071, H5081, H5337, H5352, H5355, H5425, H5674, H5800, H6299, H6362, H7342, H7971, G425, G525, G558, G572, G629, G630, G859, G1344, G1432, G1657, G1658, G1659, G1849, G2010, G3032, G3089, G3955, G4174, G4506, G5483, G5486

# મુખ્ય યાજકો

## વ્યાખ્યા:

ઈસુ પૃથ્વી ઉપર રહેતા હતા તે સમય દરમ્યાન મુખ્ય યાજકો મહત્વના યહૂદી ધાર્મિક આગેવાનો હતા.

- મુખ્ય યાજકો એ મંદિરમાં ભજનની સેવાઓની દરેક જરૂરી વસ્તુ માટે જવાબદાર હતા.

તેઓ મંદિરમાં જે પૈસા આપવામાં આવતા હતા, તેના પણ ઉપરીઓ હતા.

- સામાન્ય યાજકો કરતાં તેઓનો દરજ્જો ઉંચો રહેતો અને અધિકાર ધરાવતા હતા. ફક્ત મુખ્ય યાજક (પ્રધાન યાજક) પાસે વધારે સત્તા હતી.
- કેટલાક મુખ્ય યાજકો ઈસુના મુખ્ય શત્રુઓ હતા અને તેઓએ રોમન આગેવાનોને ઈસુની ધરપકડ કરી અને મારી નાખવા ખુબજ પ્રભાવિત કર્યા.

## ભાષાંતરના સૂચનો:

- "મુખ્ય યાજકો" શબ્દનું ભાષાંતર, "મોટા યાજકો" અથવા "આગેવાની આપનાર યાજકો" અથવા "રાજ્ય કરનાર યાજકો" તરીકે પણ કરી શકાય.
- ધ્યાન રાખો કે "મુખ્ય યાજક (પ્રધાન યાજક)" શબ્દનું ભાષાંતર, આ શબ્દથી થોડું અલગ રીતે હોવું જોઈએ.

(આ પણ જુઓ: મુખ્ય, મુખ્ય/પ્રધાન યાજક, યહૂદી આગેવાનો, યાજક)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 9:13-16
- પ્રેરિતો 22:30
- પ્રેરિતો 26:12-14
- લૂક 20:1-2
- માર્ક 8:31-32
- માથ્થી 16:21-23
- માથ્થી 26:3-5
- માથ્થી 26:59-61
- માથ્થી 27:41-42

## શબ્દ માહિતી:

- Strong's: H3548, H7218, G749

# મુખ્ય, મુખ્ય વ્યક્તિઓ

## વ્યાખ્યા:

“મુખ્ય” શબ્દ એ ખાસ જૂથના સૌથી શક્તિશાળી અથવા સૌથી મહત્વના આગેવાનને દર્શાવે છે.

- આ ઉદાહરણોમાં, “મુખ્ય સંગીતકાર,” “મુખ્ય યાજક,” અને “મુખ્ય કર ઉઘરાવનાર” અને “મુખ્ય રાજ્યકર્તા” નો સમાવેશ થાય છે.
- તેને કુટુંબના વિશિષ્ટ વડા તરીકે પણ વાપરી શકાય છે, જેમકે ઉત્પત્તિ 36માં કે જ્યાં તેઓના કુટુંબના ગોત્રના ચોક્કસ માણસો “મુખ્ય વ્યક્તિઓ” તરીકે ઓળખવામાં આવ્યા છે.

આ સંદર્ભમાં, “મુખ્ય” શબ્દનું ભાષાંતર “આગેવાન” અથવા “મુખ્ય પિતા” તરીકે પણ કરી શકાય છે.

- જયારે શબ્દને નામ તરીકે લઈએ તો તેનું ભાષાંતર “અગ્રણી” અથવા “રાજ્ય કરનાર” અથવા “મુખ્ય સંગીતકાર” અથવા “મુખ્ય યાજક” તરીકે કરી શકાય.

(આ પણ જુઓ: મુખ્ય યાજકો, યાજક, કર ઉઘરાવનાર)

## બાઈબલની કલમો:

- દાનિયેલ 1:11-13
- હઝકિયેલ 26:15-16
- લૂક 19:1-2
- ગીતશાસ્ત્ર 04:1

## શબ્દ માહિતી:

- Strong's: H47, H441, H5057, H5387, H5632, H6496, H7218, H7225, H7227, H7229, H7262, H8269, H8334, G749, G750, G754, G4410, G4413, G5506

# મુગટ (તાજ), મુગટ પહેરાવે છે, મુગટ પહેરાવ્યો

## વ્યાખ્યા:

મુગટ એ શાસકો, જેવા કે રાજાઓ અને રાણીઓના માથા ઉપર પહેરવામાં આવતો શણગારેલો ગોળાકાર માથાનો તાજ છે. "મુગટ મૂકવો" શબ્દનો અર્થ, કોઈકના માથા પર મુગટ મુકવો, જેનો રૂપકાત્મક અર્થ સન્માન થાય છે.

- સામાન્ય રીતે મુગટો સોનું અને ચાંદીના બનેલા હોય છે અને તેના પર કિંમતી રત્નો જેવા કે નીલમ અને માણેકથી જડેલા હોય છે.
- મુગટ એ રાજાઓની શક્તિ અને સંપત્તિના પ્રતિકરૂપ હોય છે.
- તેનાથી વિરુદ્ધમાં, મુગટ જે કાંટાઓની ડાળીઓમાંથી બનાવેલો હતો કે જે રોમન સિપાઈઓ એ ઈસુના માથા પર મૂક્યો, જે તેની મશ્કરી અને પીડાને દર્શાવે છે.
- પુરાતન સમયોમાં, રમત સ્પર્ધાના વિજેતાઓને જૈતુનની ડાળીઓમાંથી બનાવેલા મુગટથી સન્માનિત કરવામાં આવતા હતા.

પાઉલ પ્રેરિતે તિમોથીના બીજા પત્રમાં આ મુગટનો ઉલ્લેખ કર્યો છે.

- રૂપકાત્મક રીતે, "મુગટ" નો અર્થ કોઈકને સન્માન આપવું, તે માટે વપરાય છે.

આપણે દેવની આજ્ઞા પાળી અને બીજાઓની આગળ તેની પ્રસંશા કરીને તેને માન આપીએ છીએ. આ તેના માથા પર મુગટ મૂકવા અને સ્વીકારવા સમાન છે કે તે રાજા છે.

- પાઉલ તેના સાથી વિશ્વાસીઓને તેનો "આનંદ અને મુગટ" કહીને બોલાવે છે.

આ અભિવ્યક્તિમાં, "મુગટ" શબ્દનો ઉપયોગ રૂપકાત્મક અર્થમાં થયો છે, કે આ વિશ્વાસીઓ કેવી રીતે દેવની સેવામાં વિશ્વાસુ રહ્યા છે જે દ્વારા પાઉલ સારી પેઠે ધન્ય અને સન્માન પામ્યો છે.

- "મુગટ" જયારે રૂપકાત્મક રીતે વપરાય છે ત્યારે તેનું ભાષાંતર, "ઈનામ" અથવા "સન્માન" અથવા "પુરસ્કાર" તરીકે કરી શકાય છે.
- "મુગટ પહેરવો" તે શબ્દનો રૂપકાત્મક ઉપયોગ અને તેનું ભાષાંતર, "સન્માન" અથવા "સજાવટ" થઇ શકે છે.
- જો કોઈ વ્યક્તિને "મુગટ પહેરાવ્યો" હોય તો તેનું ભાષાંતર, "તેના માથા પર મુગટ મૂકવામાં આવ્યો હતો" એમ કરી શકાય છે.
- "તેને મહિમા અને માનનો મુગટ પહેરાવ્યો હતો," આ અભિવ્યક્તિનું ભાષાંતર," "તેને માન અને મહિમા અર્પણ કરવામાં આવ્યા હતા" અથવા "તેને માન અને મહિમા અપાયા હતા" અથવા "તેના ઉપર માન અને મહિમા મૂકવામાં આવ્યા હતા," એમ કરી શકાય છે.

(આ પણ જુઓ: મહિમા, રાજા, જૈતુન)

## બાઈબલની કલમો:

- યોહાન 19:1-3
- યર્મિયાનો વિલાપ 5:15-16
- માથ્થી 27:27-29
- ફિલિપ્પી 4:1-3
- ગીતશાસ્ત્ર 21:3-4
- પ્રકટીકરણ 3:9-11

## શબ્દ માહિતી:

- Strong's: H2213, H3803, H3804, H4502, H5145, H5849, H5850, H6936, G1238, G4735, G4737

# મુલાકાતમંડપ

## તથ્યો:

" મુલાકાત મંડપ "શબ્દ એ તંબુને દર્શાવે છે, જેમાં મુસા ઈશ્વરસાથે કામચલાઉ તંબુમાં જે મુલાકાત મંડપ બાંધવામાં આવ્યો તે પહેલાં મળતો હતો.

- ઈસ્રાએલીઓની છાવણીની બહાર મુલાકાતનો તંબુ ઊભો કરવામાં આવ્યો હતો.
- મુસા જ્યારે ઈશ્વર સાથે મળવા માટે મંડપમાં ગયા, ત્યારે ત્યાં ઈશ્વરની હાજરીના ચિન્હ તરીકે મેઘસ્તંભ તંબુના પ્રવેશદ્વાર પર ઊભો રહેતો.
- ઈસ્રાએલીઓએ મંડપ બનાવડાવ્યા પછી, કામચલાઉ તંબુની જરૂર ન હતી અને મંડપનો ઉલ્લેખ કરવા માટે " મુલાકાતમંડપ" શબ્દનો ઉપયોગ થતો હતો.

(આ પણ જુઓ: ઇઝરાએલ, મૂસા, સ્તંભ, મુલાકાત મંડપ, તંબુ)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 2:28-29
- યહોશુઆ 19:51
- લેવીય 1:1-2
- ગણના 4:31-32

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **13:8** ઈશ્વરે ઈસ્રાએલીઓને તંબુનું વિસ્તૃત વર્ણન આપ્યું હતું જે તેઓ બનાવે એવું તે ઇચ્છતા હતા. તે **મુલાકાત મંડપ** તરીકે ઓળખાતું હતું, અને તેમાં બે રૂમ હતા, જે મોટા પડદા દ્વારા અલગ કરાયેલા હતા.
- **13:9** કોઈ પણ વ્યક્તિ જે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરે તે ઈશ્વરને બલિદાન તરીકે **મુલાકાત મંડપ** ની સામે યજ્ઞવેદીને એક પ્રાણી લાવી શકતો.
- **14:8** ઈશ્વર ખૂબ ગુસ્સે થયા હતા અને **મુલાકાત મંડપ** માં આવ્યા હતા.
- **18:2 મુલાકાત મંડપ** ની જગ્યાએ, લોકો હવે ઈશ્વરની ઉપાસના કરે છે અને મંદિરમાં તેમને બલિદાન અર્પણ કરે છે.

## શબ્દ માહિતી:

- Strong's: H168, H4150

# મુશ્કેલી, મુશ્કેલીઓ, મુશ્કેલીગ્રસ્ત, મુશ્કેલીમાં, તોફાની,

## વ્યાખ્યા:

"મુશ્કેલી" એ જીવનનો અનુભવ છે જે ખૂબ જ મુશ્કેલ અને દુ: ખદાયી છે. કોઇ વ્યક્તિને "મુશ્કેલી" આપવી એટલે તે વ્યક્તિને "ચિંતા" કરવા અથવા તેને દુઃખ પહોંચાડવાનો અર્થ થાય છે. "મુશ્કેલીમાં" હોવાનો અર્થ કોઈના વિશે અસ્વસ્થ અથવા દુઃખી થવાનો થાય છે.

- મુશ્કેલીઓ શારીરિક, લાગણીયુક્ત, અથવા આધ્યાત્મિક બાબતો છે કે જે વ્યક્તિને નુકસાન કરી શકે છે.
- બાઇબલમાં, ઘણીવાર મુશ્કેલીઓ કસોટીઓનો સમય છે કે જે ઈશ્વર વિશ્વાસીઓને તેમના વિશ્વાસમાં પરિપકવ અને વૃદ્ધિ પામવા મદદ કરે છે.
- જૂનો કરારમાં "મુશ્કેલી"નો ઉપયોગ પણ ન્યાયનો ઉલ્લેખ કર્યો છે કે જે લોક જૂથો પર આવ્યો હતો કે જે અનૈતિક હતા અને ઈશ્વરને નકારતા હતા.

## અનુવાદ માટેનાં સૂચનો:

- "મુશ્કેલી" અથવા "મુશ્કેલીઓ" શબ્દનું ભાષાંતર "ભય" અથવા "દુ:ખદાયક વસ્તુઓ" અથવા "સતાવણી" અથવા "મુશ્કેલ અનુભવો" અથવા "તકલીફ" તરીકે કરી શકાય છે.
- શબ્દ "મુશ્કેલીમાં" શબ્દ અથવા શબ્દસમૂહ સાથે અનુવાદિત થઈ શકે છે, જેનો અર્થ છે "દુ:ખ સહન કરવું" અથવા "ભયંકર તકલીફ અનુભવવી" અથવા "ચિંતિત" અથવા "બેચેન" અથવા "પીડિત" અથવા "ભયભીત" અથવા "વ્યગ્ર".
- "તેણીને મુશ્કેલી આપશો નહીં" નું ભાષાંતર પણ "તેણીને ચિંતા ન આપશો" અથવા "તેણીની ટીકા કરશો નહીં."
- "મુશ્કેલીનો દિવસ" અથવા "મુશ્કેલીનો સમય" નો અનુવાદ પણ "જ્યારે તમને તકલીફ થાય છે" અથવા "જ્યારે મુશ્કેલ બાબતો તમને થાય છે" અથવા "જ્યારે ઈશ્વર દુ: ખદાયી બાબતો માટે કારણ બને છે."
- "તકલીફ ઊભી કરવી" અથવા "મુશ્કેલી લાવવી"નું ભાષાંતર કરવાની રીતોમાં "દુ: ખદાયી બાબતોનું કારણ બનવું " અથવા "મુશ્કેલીઓ ઊભી કરવી" અથવા "તેમને ખૂબ જ મુશ્કેલ બાબતોનો અનુભવ કરવો" શામેલ હોઈ શકે છે.

(આ પણ જુઓ: દુઃખ, સતાવવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજાઓ 18:18-19
- 2 કાળવૃતાંત 25:18-19
- લુક 24:38-40
- માથ્થી 24:6-8
- માથ્થી 26:36-38

## શબ્દ માહિતી:

- Strong's: H205, H598, H926, H927, H928, H1204, H1205, H1607, H1644, H1804, H1993, H2000, H2113, H2189, H2560, H2960, H4103, H5590, H5753, H5916, H5999, H6031, H6040, H6470, H6696, H6862, H6869, H6887, H7264, H7267, H7451, H7481, H7489, H7515, H7561, H8513, G387, G1298, G1613, G1776, G2346, G2347, G2350, G2360, G2553, G2873, G3636, G3926, G3930, G3986, G4423, G4660, G5015, G5016, G5182

# મૂલ્યવાન

## તથ્યો:

“મૂલ્યવાન” શબ્દ એવા લોકો કે વસ્તુઓનો ઉલ્લેખ કરે છે જેઓને ઘણા કિંમતી ગણવામાં આવે છે.

- “મૂલ્યવાન પાષાણ” અથવા તો “મૂલ્યવાન રત્ન” શબ્દો એવા પથ્થરો કે ખનિજોનો ઉલ્લેખ કરે છે કે જેઓ રંગબેરંગી હોય અથવા તો જેઓમાં સુંદરતા કે ઉપયોગીતાના ગુણલક્ષણો હોય.
- હીરા, માણેક તથા નીલમણિ મૂલ્યવાન પાષાણોના ઉદાહરણો છે.
- સોનું અને ચાંદીને “મૂલ્યવાન ધાતુઓ” કહેવામાં આવે છે.
- યહોવા કહે છે કે તેમના લોકો તેમની નજરમાં “મૂલ્યવાન” છે (યશાયા 43:4).
- પિતરે લખ્યું કે નમ્ર તથા શાંત સ્વભાવ ઈશ્વરની નજરમાં મૂલ્યવાન છે (1 પિતર 3:4).
- આ શબ્દનો અનુવાદ “કિંમતી” અથવા તો “ખૂબ જ વહાલું” અથવા તો “વહાલસોયું” અથવા તો “મહામૂલું” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: સોનું, ચાંદી)

## બાઇબલના સંદર્ભો:

- 2 પિતર 1:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 20:22-24
- દાનિયેલ 11:38-39
- યર્મિયાનો વિલાપ 1:7
- લૂક 7:2-5
- ગીતશાસ્ત્ર 36:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H68, H1431, H2532, H2580, H2667, H2896, H3357, H3365, H3366, H3368, H4022, H4030, H4261, H4262, H4901, H5238, H8443, G927, G1784, G2472, G4185, G4186, G5092, G5093

# મોકલવું, મોકલે છે, મોકલ્યાં, મોકલી રહ્યા છે, બહાર મોકલવું, બહાર મોકલે છે, બહાર મોકલ્યાં, બહાર મોકલી રહ્યા છે

## વ્યાખ્યા:

"મોકલવું" એટલે કે કોઈકને અથવા કશાકને ક્યાંક જવા માટે દોરવું. "બહાર મોકલવું" એટલે કોઈક વ્યક્તિ, બીજા વ્યક્તિને સંદેશને માટે અથવા કાર્યને માટે જવાનું કહે છે.

- ઘણીવાર વ્યક્તિ કે જેને "બહાર મોકલવામાં આવી છે" તે ચોક્કસ કાર્ય કરવા માટે નિમાયેલી હોય છે.
- "વરસાદ મોકલો" અથવા "આપત્તિ મોકલો" શબ્દસમૂહનો અર્થ "આવવા માટેનું કારણ" એમ થાય છે. આ પ્રકારની અભિવ્યક્તિ સામાન્ય રીતે ઈશ્વરને અનુલક્ષીને ઉપયોગમાં લેવામાં આવે છે કે જેઓ તે પ્રમાણે કરી શકે છે.
- "મોકલવું" શબ્દ "વચન મોકલો" અથવા "સંદેશ મોકલો" તેવી અભિવ્યક્તિઓમાં પણ વાપરવામાં આવે છે, જેનો અર્થ એમ થાય છે કે કોઈકને બીજાને કહેવા સારું સદેશ આપવો.
- કોઈકની સાથે કંઇક "મોકલવું"નો અર્થ થાય છે કે વસ્તુ કે બાબત "બીજાને" "આપવી", સામાન્ય રીતે તે વ્યક્તિ તે વસ્તુ કે બાબત પ્રાપ્ત કરે માટે કેટલાંક અંતર સુધી જવું.
- ઈસુએ વારંવાર "જેમણે મને મોકલ્યો છે" આ શબ્દસમૂહનો ઉપયોગ કર્યો જે ઈશ્વરપિતાને સંબોધે છે, કે જેમણે તેઓને આ પૃથ્વી પર લોકોના ઉદ્ધાર અને તારણ માટે "મોકલ્યા." તેનો આ પ્રમાણે પણ અનુવાદ કરી શકાય "એક કે જેઓએ મને આદેશ આપ્યો"

(આ પણ જુઓ: નીમવું, કિંમત આપીને છોડાવવું, બહાર મોકલવું)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 7:33-34
- પ્રેરિતોના કૃત્યો 8:14-17
- યોહાન 20:21-23
- માથ્થી 9:37-38
- માથ્થી 10:5-7
- માથ્થી 10:40-41
- માથ્થી 21:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H935, H1540, H1980, H2199, H2904, H3318, H3474, H3947, H4916, H4917, H5042, H5130, H5375, H5414, H5674, H6963, H7368, H7725, H7964, H7971, H7972, H7993, H8421, H8446, G782, G375, G630, G649, G652, G657, G1026, G1032, G1544, G1599, G1821, G3333, G3343, G3936, G3992, G4311, G4341, G4369, G4842, G4882

# યહૂદી અધિકારીઓ, યહૂદી આગેવાનો

## સત્યો:

"યહૂદી આગેવાન" અથવા "યહૂદી અધિકારી" શબ્દ ધાર્મિક આગેવાનો જેવા કે યાજકો અને દેવના કાયદાના શિક્ષકોને દર્શાવે છે. તેઓને બિન-ધાર્મિક બાબતો વિશે પણ ન્યાય કરવાનો અધિકાર હતો.

- યહૂદી આગેવાનો એ મુખ્ય યાજકો, પ્રમુખ યાજકો, અને શાસ્ત્રીઓ (દેવના કાયદાના શિક્ષકો) હતા.
- ફરોશીઓ અને સાદુકીઓ એ યહૂદી આગેવાનોના બે મુખ્ય જૂથો હતા.
- યરૂશાલેમમાં યહૂદી પરિષદમાં કાયદાની બાબતો વિશે ન્યાય કરવા સિત્તેર યહૂદી આગેવાનો ભેગા મળતા હતા.
- ઘણા યહૂદી આગેવાનો અભિમાની હતા અને માનતા હતા કે તેઓ ન્યાયી હતા.

તેઓ ઈસુ માટે ઈર્ષાળુ હતા અને તેને નુકસાન કરવા માંગતા હતા. તેઓએ દેવને જાણવાનો દાવો કર્યો પણ તેની આજ્ઞા પાળી નહિ.

- "યહૂદીઓ" શબ્દસમૂહ, મોટેભાગે યહૂદી આગેવાનોને, ખાસ કરીને જયારે તેઓ ઈસુ પર ગુસ્સે થતા હતા અને મજાક અથવા નુકસાન કરવા પ્રયત્ન કરતા હતા તે સંદર્ભોને દર્શાવે છે.
- આ શબ્દોનું ભાષાંતર "યહૂદી શાસકો" અથવા "માણસો કે જેઓ યહૂદી લોકો ઉપર શાસન કરે છે" અથવા "યહૂદી ધાર્મિક આગેવાનો" તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: યહૂદી, પ્રમુખ યાજક, પરિષદ, મુખ્ય યાજક, ફરોશી, યાજક, સાદુકી, શાસ્ત્રી)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 16:22-23
- યોહાન 2:17-19
- યોહાન 5:10-11
- યોહાન 5:16-18
- લૂક 19:47-48

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **24:3**ઘણા ધાર્મિક આગેવાનો પણ યોહાનથી બાપ્તિસ્મા લેવા આવ્યા, પણ તેઓએ પસ્તાવો અથવા તેઓના પાપોની કબૂલાત કરી નહીં.
- **37:11**પણ યહૂદીઓના ધાર્મિક આગેવાનો ઈર્ષાળુ હતા, જેથી તેઓએ એકસાથે ભેગા મળી ઈસુ અને લાઝરસને કેવી રીતે મારી શકાય તેની યોજના ઘડી.
- **38:2**તેને (યહૂદા)ને ખબર હતી કે _યહૂદી આગેવનો _ ઈસુ મસીહા હતો તેમ માનવાનો ઇનકાર કર્યો અને તેથી તેઓ તેને મારી નાખવાનું કાવતરું કરતા હતા.
- **38:3** મુખ્ય યાજકની દોરવણીથી _યહૂદી આગેવાનોએ _, ઈસુને પરસ્વાધિન કરવા માટે યહૂદાને ચાંદીના ત્રીસ સિક્કા ચૂકવ્યા.
- **39:5**બધા યહૂદી આગેવાનોએ મુખ્ય યાજક ને ઉત્તર આપ્યો, "તે (ઈસુ) મૃત્યુને લાયક છે!"
- **39:9** બીજા દિવસે વહેલી સવારે, યહૂદી આગેવાનો ઈસુને પિલાત, રોમન હાકેમ પાસે લાવ્યાં.
- **39:11**પણ યહૂદી આગેવાનો અને ટોળાએ મોટેથી બૂમો પાડી, "તેને વધસ્તંભે જડો!"
- **40:9**પછી યૂસફ અને નિકોદેમસ,બન્ને યહૂદી આગેવાનો જેઓ ઈસુ મસીહા હતો તેવો વિશ્વાસ કરતા હતા, તેઓએ ઈસુના શરીર માટે પિલાતને પૂછયું.
- **44:7**બીજા દિવસે, યહૂદી આગેવાનો પિતર અને યોહાનને મુખ્ય યાજક અને બીજા ધાર્મિક આગેવાનો પાસે લાવ્યાં.

## શબ્દ માહિતી:

- Strong's: G2453

# યહૂદી, યહૂદી ધર્મ

## વ્યાખ્યા:

“યહૂદીવાદ” શબ્દ, યહૂદીઓ દ્વારા પાળવામાં આવતા ધર્મને દર્શાવે છે. તેને “યહૂદી ધર્મ” તરીકે પણ દર્શાવવામાં આવે છે.

- જૂના કરારમાં, “યહૂદી ધર્મ” શબ્દ વાપરવામાં આવ્યો છે,જયારે નવા કરારમાં, “યહૂદીવાદ” શબ્દ વાપરવામાં આવ્યો છે.
- યહૂદીવાદમાં જૂના કરારના બધા નિયમો અને સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે કે જે દેવે ઈઝરાએલીઓને પાળવા આપ્યા હતા.

તેમાં રિવાજો અને પરંપરાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે કે જેને ઘણા સમય બાદ યહૂદી ધર્મના ઉમેરવામાં આવ્યા છે.

- જયારે ભાષાંતર કરીએ છીએ ત્યારે “યહૂદી ધર્મ” અથવા “યહૂદીઓનો ધર્મ” શબ્દ, જૂના અને નવા કરાર બંનેમાં વાપરી શકાય છે.
- જો કે, “યહૂદી વાદ” ફક્ત નવા કરારમાં વપરાયેલ હોવો જોઈએ, કારણ કે તે સમય પહેલા તે શબ્દ અસ્તિત્વમાં નહોતો.

(આ પણ જુઓ: યહૂદી, નિયમ)

## બાઈબલની કલમો:

- ગલાતી 1:13-14

## શબ્દ માહિતી:

- Strong's: G2454

# રક્તપાત

## વ્યાખ્યા:

“રક્તપાત” શબ્દ, માનવીના મૃત્યુ દર્શાવે છે જે ખૂન, યુદ્ધ, અથવા બીજી હિંસા દ્વારા આવે છે.

- આ શબ્દના શાબ્દિક અર્થ અનુસાર તેનો અર્થ “રક્ત વહેવડાવવું” કે જે દર્શાવે છે, જયારે વ્યક્તિના ખુલ્લા ઘામાંથી રક્ત બહાર આવે છે.
- જયારે લોકોની મોટા પ્રમાણમાં કતલ કરવામાં આવે ત્યારે “રક્તપાત” શબ્દ વપરાય છે
- તે સામાન્ય રીતે ખૂનના પાપને દર્શાવવા માટે પણ વપરાય છે.

## ભાષાંતરના સૂચનો:

- “રક્તપાત” શબ્દનું ભાષાંતર, “લોકોની હત્યા” અથવા “ઘણા લોકો કે જેઓની હત્યા થઈ છે” તે માટે કરી શકાય છે.
- “રક્તપાત દ્વારા” શબ્દનું ભાષાંતર, “લોકોની કતલ કરીને” પણ થઇ શકે છે.
- “નિર્દોષ રક્તપાત” નું ભાષાંતર, “નિર્દોષ લોકોની હત્યા” એમ થાય છે.
- “રક્તપાત એ રક્તપાતને અનુસરે છે” જેનું ભાષાંતર, “તેઓ લોકોની કતલ કરવાનું ચાલુ રાખે છે” અથવા “લોકોનો સંહાર ચાલુ રહે છે” અથવા “તેઓએ ઘણા લોકોને મારી નાખ્યા અને તેમ કરવાનું ચાલુ રાખે છે” અથવા “લોકો બીજા લોકોને મારવાનું ચાલુ રાખે છે” એમ કરી શકાય છે.
- આ શબ્દનો રૂપક રીતેનો ઉપયોગ, “ખૂન તમારી પાછળ લાગશે” જેનું ભાષાંતર, “તમારા લોકો રક્તપાતનો અનુભવ કરતા રહેશે” અથવા “તમારા લોકો બીજા દેશો સાથે યુદ્ધ કરતા રહેશે અને લોકો મરતા રહેશે” એમ થઇ શકે છે.

(આ પણ જુઓ: રક્ત, કતલ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 22:6-8
- ઉત્પત્તિ 9:5-7
- હિબ્રુઓ 9:21-22
- યશાયા 26:20-21
- માથ્થી 23:29-31

## શબ્દ માહિતી:

- Strong's: H1818, G2210

# રક્તપિત્તિઓ, રક્તપિત્તિયાઓ, રક્તપિત્ત, કોઢ

## વ્યાખ્યા:

"રક્તપિત્ત" શબ્દ બાઈબલમાં અનેક ચામડીની બીમારીઓ માટે વાપરવામાં આવ્યો છે. "રક્તપિત્તિઓ" એ વ્યક્તિ છે જેને રક્તપિત્ત થયો છે. "કોઢ" શબ્દ વ્યક્તિ અથવા શરીરના ભાગનું વર્ણન કરે છે જે રક્તપિત્તથી ચેપગ્રસ્ત થયું હોય.

- ચોક્કસ પ્રકારોના રક્તપિત્ત ચામડીને કદરૂપી કરી સફેદ ડાઘ બનાવી દે છે, જેમ મરિયમ અને નામાનને રક્તપિત્ત હતો.
- આધુનિક સમયોમાં, રક્તપિત્ત ઘણીવાર હાથ, પગ, અને બીજા શરીરના ભાગોને નુકસાન કરે છે અને વિકૃત બનાવી દે છે.
- ઈશ્વરે ઈઝરાયેલીઓને જે સૂચનાઓ આપી હતી તે પ્રમાણે, જ્યારે વ્યક્તિને રક્તપિત્ત થાય ત્યારે, તેને "અશુદ્ધ" ગણવામાં આવતો અને તેને બીજા લોકોથી અલગ રહેવું પડતું કે જેથી તેઓ એ બીમારીથી ચેપગ્રસ્ત ન થાય.
- રક્તપિત્તિયાને ઘણીવાર "અશુદ્ધ" કહેવામાં આવતો કે જેથી બીજાઓ ચેતવણી પામે કે તેઓ તેની નજીક ન આવે.
- ઈસુએ ઘણાં રક્તપિત્તિયાઓને અને જે લોકોને બીજા પ્રકારની બીમારીઓ હતી તેઓને પણ સાજા કર્યા.

## અનુવાદ માટેના સૂચનો:

- બાઈબલમાં "રક્તપિત્ત" શબ્દનું અનુવાદ "ચામડીની બીમારી" અથવા "દહેશતની ચામડીની બીમારી" એમ કરી શકાય.
- "કોઢ" ને અનુવાદ કરવાની રીતોમાં "રક્તપિત્તથી ભરપૂર" અથવા "ચાંદીની બીમારીથી ચેપગ્રસ્ત" અથવા "ચામડીના ચાંદા સાથે ઢંકાયેલું" નો સમાવેશ કરી શકાય.

(આ પણ જુઓ: મરિયમ, નામાન, શુદ્ધ)

## બાઈબલના સંદર્ભો:

- લૂક 5:12-13
- લૂક 17:11-13
- માર્ક 1:40-42
- માર્ક 14:3-5
- માથ્થી 8:1-3
- માથ્થી 10:8-10
- માથ્થી 11:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H6879, H6883, G3014, G3015

# રડવું, રડે છે, રડ્યો, રડતું, પોકાર કરવો, પોકાર કર્યો, બૂમ પાડવી, બૂમરાણ કરે છે

## વ્યાખ્યા”

“રડવું” અથવા “પોકારવું” શબ્દોના અર્થ, મોટેભાગે કંઇક મોટેથી કહેવું અથવા તાત્કાલિક કરવા વિનંતી કરવી. કોઈક દુઃખ અથવા તકલીફ અથવા ગુસ્સામાં “રડી” શકે છે.

- “ બૂમ પાડવી” શબ્દસમૂહનો અર્થ, મોટેભાગે મદદના ઉદ્દેશથી ચીસ પાડવી અથવા બોલાવવું,
- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર, “મોટેથી બોલી પડવું” અથવા “તાત્કાલિક મદદ માટે પૂછવું” એમ પણ કરી શકાય છે.
- અભિવ્યક્તિ જેવી કે, “હું તમને બોલાવું છું” શબ્દનું ભાષાંતર, “હું તમને મદદ માટે બોલવું છું” અથવા “હું તમને તાત્કાલિક મદદ માટે પૂછું છું” એમ કરી શકાય છે.

(આ પણ જુઓ: બોલાવવું, આજીજી)

## બાઈબલની કલમો:

- અયૂબ 27:8-10
- માર્ક 5:5-6
- માર્ક 6:48-50
- ગીતશાસ્ત્ર 22:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H603, H1058, H2199, H2201, H6030, H6463, H6670, H6682, H6817, H6818, H6873, H6963, H7121, H7123, H7321, H7440, H7442, H7723, H7737, H7768, H7769, H7771, H7773, H7775, H8173, H8663, G310, G349, G863, G994, G995, G1916, G2019, G2799, G2805, G2896, G2905, G2906, G2929, G4377, G5455

# રણ, રણો, અરણ્ય, અરણ્યો

## વ્યાખ્યા:

રણ અથવા અરણ્ય, સુકી અને ઉજ્જડ જગ્યા છે કે જ્યાં ખુબજ અલ્પ પ્રમાણમાં છોડવા અને વૃક્ષો ઉગી શકે.

- રણ એ જમીનનો સુકી આબોહવાવાળો વિસ્તાર હતો કે જ્યાં છોડવા અથવા પ્રાણીઓ ઓછા પ્રમાણમાં રહેલા હોય.
- આવી કઠોર પરિસ્થિતિ કારણે ત્યાં ખૂબજ ઓછા લોકો રહી શકતા, જેથી તેને “અરણ્ય” તરીકે પણ દર્શાવવામાં આવ્યું છે.

“અરણ્ય” તે એક દૂરવર્તી, નિર્જન, અને લોકોથી અળગી જગ્યા હોવાનો અર્થ આપે છે.

- આ શબ્દનું ભાષાંતર, “ખાલી જગ્યાનો પ્રદેશ” અથવા “ઉજ્જડ જગ્યા” અથવા “બિનવસવાટવાળી જગ્યા,” થઇ શકે છે.

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 13:16-18
- પ્રેરિતો 21:37-38
- નિર્ગમન 4:27-28
- ઉત્પત્તિ 37:21-22
- યોહાન 3:14-15
- લૂક 1:80
- લૂક 9:12-14
- માર્ક 1:1-3
- માથ્થી 4:1-4
- માથ્થી 11:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H776, H2723, H3293, H3452, H4057, H6160, H6723, H6728, H6921, H8047, H8414, G2047, G2048

# રણશીગડું, રણશીગડાં, રણશીગડું વગાડનાર

## વ્યાખ્યા:

" રણશીગડું " શબ્દનો અર્થ સંગીતનું નિર્માણ કરવા માટે અથવા લોકોને જાહેરાત અથવા મીટિંગ માટે એકત્ર કરવા માટે ફોન કરવા માટેના સાધન તરીકે થાય છે.

- એક રણશીગડું ધાતુ, શંખ, અથવા પ્રાણીના શિંગડામાંથી બનાવવામાં આવતું હતું.

યુદ્ધ માટે ભેગા થવા માટે લોકોને બોલાવવા માટે, અને ઈઝરાયલના જાહેર સંમેલનો માટે, રણશીગડું સૌથી સામાન્ય રીતે વગાડવામાં આવતું હતું.

- પ્રકટીકરણનું પુસ્તક અંતના સમયમાં એક દ્રશ્ય વર્ણવે છે જેમાં સ્વર્ગદૂતો પૃથ્વી પર ઈશ્વરના ક્રોધને રેડવાનો સંકેત આપવા માટે રણશિંગડાં વગાડશે.

આ પણ જુઓ: દૂત, સભા, પૃથ્વી, શિંગ, ઇઝરાયલ, ક્રોધ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 13:7-8
- 2 રાજાઓ 9:11-13
- નિર્ગમન 19:12-13
- હેબ્રુ 12:18-21
- માથ્થી 6:1-2
- માથ્થી 24:30-31

## શબ્દ માહિતી:

- Strong's: H2689, H2690, H3104, H7782, H8619, H8643, G4536, G4537, G4538

# રથ, રથો, સારથિ

## વ્યાખ્યા:

પ્રાચીન સમયમાં, રથો ઓછા વજનવાળા, બે પૈડાના ગાડા હતા કે જેઓ ઘોડાઓ દ્વારા ખેંચવામાં આવતા હતાં.

- લોકો રથોમાં બેસતા અથવા ઉભા રહેતા, યુદ્ધ અથવા મુસાફરી માટે તેઓનો ઉપયોગ થતો.
- યુધ્ધ દરમ્યાન જે લશ્કર પાસે રથો નહોતા તેમની સામે જે લશ્કર પાસે રથો હતા તેઓને ઝડપ અને ગતિશીલતાનો મહાન ફાયદો હતો.
- પ્રાચીન સમયના મિસરીઓ અને રોમનો તેઓના ઘોડાઓ અને રથોના ઉપયોગ માટે ખૂબજ પ્રખ્યાત હતા.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ : મિસર, રોમ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 9:22
- 2 કાળવૃતાંત 18:28-30
- પ્રેરિતો 8:29-31
- પ્રેરિતો 8:36-38
- દાનિયેલ 11:40-41
- નિર્ગમન 14:23-25
- ઉત્પત્તિ 41:42-43

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **12:10**જેથી તેઓ સમુદ્રમાં તેઓની પૂઠે લાગ્યા, પણ દેવે મિસરીઓને ગભરાવી નાખ્યા અને તેઓના રથોને ફસાવી દીધા.

## શબ્દ માહિતી:

- Strong's: H668, H2021, H4817, H4818, H5699, H7393, H7395, H7396, H7398, G716, G4480

# રાક્ષસ/કદાવર, કદાવરો

## વ્યાખ્યા:

સામાન્ય રીતે “કદાવર” શબ્દ એ વ્યક્તિ કે જે અત્યંત ઊંચો અને મજબૂત હોય છે તેને દર્શાવે છે.

- ગોલ્યાથ, પલિસ્તી યોદ્ધો કે જે દાઉદ સાથે લડ્યો, તેને કદાવર કહેવામાં આવ્યો હતો, કારણકે તે ખૂબ જ ઊંચો, મોટો, અને મજબૂત માણસ હતો.
- ઈઝરાએલી જાસૂસો જેઓ કનાનની ભૂમિની બાતમી કાઢવા ગયા, તેઓ એ જણાવ્યું કે ત્યાં રહેનારા લોકો રાક્ષસો જેવા છે.

(આ પણ જુઓ: કનાન, ગોલ્યાથ, પલિસ્તીઓ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 6:4
- ગણના 13:32-33

## શબ્દ માહિતી:

- Strong's: H1368, H5303, H7497

# રાખ, ભસ્મ, ધૂળ

## સત્યો:

“રાખ” અથવા “ભસ્મ” શબ્દ, જે લાકડાં બળી ગયા પછી જે રાખોડી ભુકીવાળો પદાર્થ પાછળ રહી જાય છે તેને દર્શાવે છે. ક્યારેક લાક્ષણિક રીતે કે જે કંઇક નકામું અથવા નિરર્થક છે તેના માટે તેનો ઉપયોગ થાય છે. બાઈબલમાં ક્યારેક “ધૂળ” શબ્દ રાખ વિશે વાત હોય ત્યારે વપરાય છે. તેનો ઉલ્લેખ બારીક, છૂટ્ટી ધૂળ કે જે કોરી જમીન રૂપ ધારણ કરી શકે છે, તેને દર્શાવે છે.

- ભસ્મનો ઢગલો ”રાખનો ઢગલો” છે.

પ્રાચીન સમયમાં રાખમાં બેસવું તે વિલાપ અથવા શોકની નિશાની હતી. વિલાપના સમયમાં એવો રિવાજ હતો કે ખરબચડા ટાટના વસ્ત્રો પહેરવા અને રાખમાં બેસવું અથવા માથા ઉપર રાખ ભભરાવવી. માથા ઉપર રાખ નાખવી, તે માનહાની અથવા વ્યગ્ર કરાયેલું હોય એની પણ નિશાની હતી.

કંઈક નકામા માટે સખત પ્રયત્ન કરવો, એ રાખ ખવડાવવા (નિષ્ફળતા પર વધુ ધ્યાન આપવું) સમાન કહેવાય છે.

જયારે યોજેલી ભાષામાં “રાખ” શબ્દનો ભાષાંતર કરીએ ત્યારે તે લાકડાં બાળી નાખ્યા પછી બાકી રહેલ વસ્તુને દર્શાવે છે.

- “રાખ વૃક્ષ” (એશ ત્રી નામનું વૃક્ષ)” સંપૂર્ણ અલગ શબ્દ છે, તેની નોંધ લેશો.

(આ પણ જુઓ: અગ્નિ, ટાટ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 20:9-10
- યર્મિયા 6:25-26
- ગીતશાસ્ત્ર 102:9-10
- ગીતશાસ્ત્ર 113:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H80, H665, H666, H766, H1854, H6083, H6368, H7834, G2868, G4700, G5077, G5522

# રાજ કરવું, રાજ કરે છે, રાજ કર્યું, રાજ કરતું

## વ્યાખ્યા:

"રાજ કરવું" શબ્દનો અર્થ કોઈ ખાસ દેશ કે રાજ્યના લોકો પર શાસન કરવું એવો થાય છે. કોઈ રાજાનો રાજ્યકાળ તે શાસન કરતો હોય તે સમયકાળ હોય છે.

- "રાજ કરવું" શબ્દનો ઉપયોગ ઈશ્વરનો ઉલ્લેખ કરવા માટે પણ થયો છે કે જ્યાં તેઓ સમગ્ર જગત પર રાજા તરીકે શાસન કરે છે.
- લોકોએ ઈશ્વરનો રાજા તરીકે નકાર કર્યો તે પછી તેમણે ઇઝરાયલ પર માનવીય રાજાઓને શાસન કરવા દીધું.
- જ્યારે પ્રભુ ઈસુ પાછા આવશે ત્યારે, તેઓ જાહેરમાં સમગ્ર જગત પર રાજા તરીકે શાસન કરશે અને ખ્રિસ્તીઓ તેમની સાથે શાસન કરશે.
- આ શબ્દનો અનુવાદ "સંપૂર્ણ શાસન" અથવા તો "રાજા તરીકે શાસન કરવું" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: રાજ્ય)

## બાઇબલના સંદર્ભો:

- 2 તિમોથી 2:11-13
- ઉત્પત્તિ 36:34-36
- લૂક 1:30-33
- લૂક 19:26-27
- માથ્થી 2:22-23

## શબ્દ માહિતી:

- Strong's: H3427, H4427, H4437, H4438, H4467, H4468, H4475, H4791, H4910, H6113, H7287, H7786, G757, G936, G2231, G4821

# રાજકુમાર, રાજકુમારો, રાજકુમારી, રાજકુમારીઓ

## વ્યાખ્યા:

"રાજકુમાર" રાજાનો પુત્ર છે. "રાજકુમારી" રાજાની પુત્રી છે.

- "રાજકુમાર" શબ્દનો ઉપયોગ ઘણીવાર પ્રતિકાત્મક રીતે એક આગેવાન, શાસક કે બીજી કોઈ શક્તિશાળી વ્યક્તિનો ઉલ્લેખ કરવા થાય છે.
- ઇબ્રાહિમની સંપત્તિ તથા માહાત્મ્યને કારણે, જે હિત્તીઓ મધ્યે તે રહેતો હતો તેઓ તેને "રાજકુમાર" કહેતા હતા.
- દાનિયેલના પુસ્તકમાં, "રાજકુમાર" શબ્દ "ઈરાનનો રાજકુમાર" તથા "ગ્રીસનો રાજકુમાર" અભિવ્યક્તિઓમાં વપરાયો છે કે જે તે સંદર્ભોમાં કદાચ શક્તિશાળી દુષ્ટ આત્માઓનો ઉલ્લેખ કરે છે કે જેઓ પાસે તે પ્રદેશો પર અધિકાર હતો.
- દાનિયેલના પુસ્તકમાં પ્રમુખ દૂત મીખાએલનો ઉલ્લેખ પણ "રાજકુમાર" તરીકે કરાયો છે.
- બાઇબલમાં ઘણીવાર શેતાનનો ઉલ્લેખ "આ જગતના રાજકુમાર" તરીકે કરાયો છે.
- ઈસુને "શાંતિનો રાજકુમાર" તથા "જીવનનો રાજકુમાર" કહેવામાં આવ્યા છે.
- પ્રેરિતોનાં કૃત્યો 2:36માં, ઈસુનો ઉલ્લેખ "પ્રભુ અને ખ્રિસ્ત" તરીકે તથા પ્રેરિતોનાં કૃત્યો 5:31માં તેઓનો ઉલ્લેખ "રાજકુમાર અને તારનાર" તરીકે કરવામાં આવ્યો છે કે જે "પ્રભુ" અને "રાજકુમાર" નો સમાન અર્થ વ્યક્ત કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "રાજકુમાર" શબ્દના અનુવાદો "રાજાનો પુત્ર" અથવા તો "શાસક" અથવા તો "આગેવાન" અથવા તો "સરદાર" અથવા તો "કપ્તાન" તરીકે કરી શકાય.
- જ્યારે દૂતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યારે, આનો અનુવાદ "શાસક આત્મા" અથવા તો "પ્રમુખ દૂત" તરીકે કરી શકાય.
- જ્યારે શેતાન તથા બીજા દુષ્ટાત્માઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય ત્યારે સંદર્ભ અનુસાર, આ શબ્દનો અનુવાદ "દુષ્ટ શાસક આત્મા" અથવા તો "શક્તિશાળી આગેવાન આત્મા" અથવા તો "શાસક આત્મા" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: દૂત, અધિકાર, ખ્રિસ્ત, દુષ્ટાત્મા, માલિક, સામર્થ, અધિકારી, શેતાન, તારનાર, આત્મા)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 5:29-32
- ઉત્પત્તિ 12:14-16
- ઉત્પત્તિ 49:26
- લૂક 1:52-53

## શબ્દ માહિતી:

- Strong's: H1, H117, H324, H2831, H3548, H4502, H5057, H5081, H5139, H5257, H5387, H5633, H5993, H6579, H7101, H7261, H7333, H7336, H7786, H7991, H8269, H8282, H8323, G747, G758, G1413, G2232, G3175

# રાજદંડ, સેપ્ટર્સ

## વ્યાખ્યા:

“રાજદંડ” શબ્દ શોભાપ્રદ લાકડી અથવા રાજકર્તા જેવા કે રાજા દ્વારા ધરાવવામાં આવતા કર્મચારીઓનો ઉલ્લેખ કરે છે.

- સેપ્ટર્સ મૂળભૂત રીતે કોતરણી કરાયેલ લાકડાની એક શાખા હતી.

પછી સેપ્ટર્સ પણ સોના જેવી મુલ્યવાન ધાતુઓમાંથી બનાવવામાં આવ્યા હતાં.

- રાજદંડ હકસાઈ અને અધિકારના પ્રતિક હતા અને રાજા સાથે સંકળાયેલ સન્માન અને ગૌરવનું પણ પ્રતિક છે.
- જુના કરારમાં, ઈશ્વરને ન્યાયીપણાના રાજદૂત તરીકે વર્ણવામાં આવ્યા હતા કારણ કે ઈશ્વર તેમના લોકો પર રાજા તરીકે રાજ કરે છે.
- જુના કરારની ભવિષ્યવાણી મસીહાને રાજદૂતના પ્રતિક તરીકે ઉલ્લેખ કરતી હતી કે જે ઈઝરાયેલમાંથી દરેક રાષ્ટ્રો પર રાજ કરવા આવશે.
- તેનો આ પ્રમાણે પણ અનુવાદ કરી શકાય “રાજ કરતી લાકડી” અથવા “રાજાની લાકડી.”

(આ પણ જુઓ: અધિકાર, ખ્રિસ્ત, રાજા, ન્યાયી)

## બાઈબલના સંદર્ભો:

- આમોસ 1:5
- એસ્તેર 4:9-12
- ઉત્પતિ 49:10
- હિબ્રુઓ 1:8-9
- ગણના 21:17-18
- ગીતશાસ્ત્ર 45:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H2710, H4294, H7626, H8275, G4464

# રાજદૂત, રાજદૂતો, પ્રતિનિધિ, પ્રતિનિધિઓ

## વ્યાખ્યા:

રાજદૂત એક દેશ દ્વારા પસંદ કરાયેલ એક પ્રતિનિધિ છે, જે પોતાના દેશનું પ્રતિનિધિત્વ બીજા દેશમાં જઈને કરે છે. આ શબ્દનો રૂપક તરીકે ઉપયોગ કરવામાં આવે છે, તેનું ભાષાંતર સામાન્ય અને મોટે ભાગે એક "પ્રતિનિધિ" થાય છે.

- રાજદૂત અથવા પ્રતિનિધિ, કોઈ વ્યક્તિ અથવા સરકાર માટે સંદેશાઓ મોકલે છે.
- સામાન્ય રીતે "પ્રતિનિધિ" શબ્દ દર્શાવે છે કે એવી વ્યક્તિ કે જેને અમુક પ્રકારના અધિકાર આપવામાં આવ્યો હોય અને બીજાના વ્યક્તિને બદલે બોલવાનું હોય છે.
- પ્રેરિત પાઉલે શિક્ષણ આપ્યું કે ખ્રિસ્તી લોકોને આ દુનિયામાં ખ્રિસ્ત માટે તેના એલચીઓ બનાવ્યા છે, કારણકે તેઓ ખ્રિસ્ત માટે દુનિયામાં તેનો સંદેશો લઈ જઈ તેનું પ્રતિનિધિત્વ કરે છે.
- સંદર્ભ પ્રમાણે આ શબ્દનું ભાષાંતર "સત્તાવાર પ્રતિનિધિ" અથવા "નિમાયેલ સંદેશવાહક" અથવા "પસંદ કરાયેલ પ્રતિનિધિ" અથવા "નિમાયેલ પ્રતિનિધિ" થઇ શકે છે.
- "રાજદૂતોનું મંડળ" નું ભાષાંતર, "કોઈ સત્તાવાર સંદેશવાહકો" અથવા "પ્રતિનિધિનું નિમાયેલ મંડળ" અથવા "બધા લોકો માટે રજૂઆત કરનાર સત્તાવાર દળ" થઇ શકે છે.

(જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(તે પણ જુઓ: સંદેશવાહક)

## બાઈબલની કલમો:

- અફેસીઓ 6:19-20
- લૂક 14:31-33
- લૂક 19:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H3887, H4135, H4136, H4397, H6735, H6737, G4243

# રાજવંશી, રાજત્વ

## વ્યાખ્યા:

"રાજવંશી" શબ્દ રાજા અથવા રાણીથી સંબંધિત લોકો અથવા વસ્તુઓને વર્ણવે છે.

- "રાજવંશી" કહી શકાય તેવી બાબતોના ઉદાહરણો જે રાજાના પોશાક, મહેલ, સિંહાસન, અને મુગટનો સમાવેશ કરે છે.
- રાજા કે રાણી સામાન્ય રીતે રાજવંશી મહેલમાં રહેતાં હતાં .
- રાજા ખાસ વસ્ત્ર પહેરતાં, કેટલીકવાર તેને "રાજવંશી ઝભ્ભાઓ કહેવાતા હતાં."

ઘણી વખત રાજાના ઝભ્ભાઓ જાંબલી હતાં, આ રંગ અસામાન્ય અને ખર્ચાળ પ્રકારના રંગની મારફતે ઉત્પન્ન કરી શકાતો હતો.

- નવા કરારમાં, ઈસુમાં વિશ્વાસીઓને "રાજવંશી યાજકવર્ગ" કહેવાતાં હતાં.

બીજી રીતે તેનો આ પ્રમાણે અનુવાદ કરી શકાય, "યાજકો કે જેઓ ઈશ્વર રાજાની સેવા કરે છે" અથવા "ઈશ્વર રાજાને સારુ યાજકો બનવા માટે બોલાવવામાં આવ્યાં."

- "રાજવંશી" શબ્દનો અનુવાદ "રજવાડી" અથવા "રાજા સાથે સંબંધિત" એમ પણ કરી શકાય.

(આ પણ જુઓ: રાજા. મહેલ, યાજક, જાંબલી, રાણી, ઝભ્ભો)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 10:13
- 2 કાળુવૃતાંત 18:28-30
- આમોસ 7:12-13
- ઉત્પતિ 49:19-21

## શબ્દ માહિતી:

- Strong's: H643, H1921, H1935, H4410, H4428, H4430, H4437, H4438, H4467, H4468, H7985, H8237, G933, G934, G937

# રાજા, રાજાઓ, રાજ્ય, રાજ્યો, રાજાશાહી, રાજવી

## વ્યાખ્યા:

"રાજા" શબ્દ એવા એક માણસનો ઉલ્લેખ કરે છે જે શહેર, રાજ્ય, અથવા દેશનો સર્વોચ્ચ શાસક છે.

- આગલા રાજાઓના કૌટુંબિક સંબંધને કારણે સામાન્ય રીતે રાજાને રાજ કરવા પસંદ કરવામાં આવતો હતો.
- જ્યારે રાજા મરણ પામે ત્યારે, સામાન્ય રીતે તેનો વડો દીકરો તેના પછીનો રાજા બને.
- પ્રાચીન સમયોમાં, રાજા પાસે તેના રાજ્યના લોકો પર સંપૂર્ણ સત્તા હતી.
- ભાગ્યેજ "રાજા" શબ્દનો ઉલ્લેખ એવા વ્યક્તિ માટે કરવામાં આવ્યો હતો જે ખરો રાજા ન હતો, જેમ કે નવા કરારમાં ""હેરોદ રાજા."
- બાઈબલમાં, ઘણીવાર ઈશ્વરને તેમના લોકો પર રાજા તરીકે સંબોધવામાં આવ્યા છે.
- "ઈશ્વરનું રાજ્ય" એ ઈશ્વરનું તેમના લોકો પરના રાજનો ઉલ્લેખ કરે છે.
- ઈસુને "યહુદીઓના રાજા," "ઈઝરાયેલના રાજા," અને "રાજાઓના રાજા" કહેવામા આવ્યા.
- જ્યારે ઈસુ પરત આવશે ત્યારે, તેઓ રાજા તરીકે જગત પર રાજ કરશે.
- આ શબ્દનું અનુવાદ "સર્વોચ્ચ વડા" અથવા "પૂર્ણ આગેવાન" અથવા "સર્વોપરી શાસક" એમ પણ કરી શકાય.
- "રાજાઓના રાજા" શબ્દસમૂહનું અનુવાદ "રાજા કે જે બીજા રાજાઓ પર રાજ કરે છે" અથવા "સર્વોચ્ચ શાસક જેને બીજા શાસકો પર સત્તા છે" એમ કરી શકાય.

(આ પણ જુઓ: સત્તા, હેરોદ અંતિપાસ, રાજ્ય, ઈશ્વરનું રાજ્ય)

## બાઇબલના સંદર્ભો:

- 1 તિમોથી 6:15-16
- 2 રાજાઓ 5:17-19
- 2 શમુએલ 5:3-5
- પ્રેરિતોના કૃત્યો 7:9-10
- પ્રેરિતોના કૃત્યો 13:21-22
- યોહાન 1:49-51
- લૂક 1:5-7
- લૂક 22:24-25
- માથ્થી 5:33-35
- માથ્થી 14:8-9

## બાઈબલની વાર્તાઓમાથી ઉદાહરણો:

- **8:6** એ રાત્રે, ફારુન, જેને મિસરીઓ તેમના રાજા તરીકે ગણતાં હતા, તેને બે સ્વપ્નો આવ્યા કે જેણે તેને ખૂબ બેચેન બનાવી દીધો.
- **16:1** ઈઝરાયેલીઓનો કોઈ હતો નહીં **રાજા**, તેથી દરેક જેને પોતાને માટે જે સારું લાગતું તે કરો હતો.
- **16:18** છેવટે, લોકોએ ઈશ્વર પાસે માંગ્યો એક **રાજા** જેમ બીજા બધા દેશો પાસે હતો તેમ.
- **17:5** છેવટે, શાઉલ લડતમાં મૃત્યુ પામ્યો, અને દાઉદ બન્યો **રાજા** ઇઝરાયેલનો.

તે સારો હતો **રાજા**, અને કોલો તેને પ્રેમ કરતાં હતા.

- **21:6** ઈશ્વરના પ્રબોધકોએ એ પણ કહ્યું હતું કે મસીહા પ્રબોધક, યાજક અને **રાજા હશે**.
- **48:14** દાઉદ હતો **રાજા** ઈઝરાયેલનો, પરંતુ ઈસુ છે **રાજા** સમગ્ર વિશ્વના!

## શબ્દ માહિતી:

- Strong's: H4427, H4428, H4430, G935, G936

# રાજ્ય કરવું, રાજ્યકાળ, શાસક, અધિકારી, સત્તાધીશ, અધિકૃત, આગેવાન

## વ્યાખ્યા:

"શાસક" શબ્દ એ એક વ્યક્તિ કે જેને બીજા લોકો પર અધિકાર છે તેનો સામાન્ય ઉલ્લેખ છે, જેમ કે દેશનો, રાજ્યનો, અથવા ધાર્મિક જુથનો આગેવાન. "શાસક" એ છે કે જે રાજ કરે છે, અને તેનો અધિકાર એ તેનું "રાજ" છે.

- જુના કરારમાં, સામાન્ય રીતે રાજાને કેટલીકવાર "શાસક" તરીકે ઓળખવામાં આવતા હતા, "ઈઝરાયેલ પર તેને શાસક તરીકે નિમવામાં આવ્યો" શબ્દસમૂહ પ્રમાણે.
- ઈશ્વરને અંતિમ શાસક તરીકે ઓળખવામાં આવે છે, કે જેઓ સર્વ બીજા શાસકો પર રાજ કરે છે.
- નવા કરારમાં, સભાસ્થાનના આગેવાન "શાસક" કહેવાતા હતાં.
- બીજા પ્રકારના શાસક નવા કરારમાં "રાજ્યપાલ" હતાં.
- સંદર્ભને આધારે, "શાસક"નું ભાષાંતર "આગેવાન" અથવા "વ્યક્તિ કે જેને બીજા પર અધિકાર છે" તેમ કરી શકાય.
- "રાજ્ય કરવા"ની ક્રિયા એટલે કે "આગેવાની" આપવી અથવા "બીજા પર અધિકાર" હોવો. જ્યારે રાજાના શાસન કરવાનો ઉલ્લેખ થાય છે ત્યારે તેનો અર્થ એકસરખો, "રાજયકાળ" જ થાય છે.

(આ પણ જુઓ: અધિકાર, રાજ્યપાલ, રાજા, સભાસ્થાન)

## બાઈબલના સંદર્ભો:

- પ્રે.કૃ. 3:17-18
- પ્રે.કૃ. 7:35-37
- લૂક 12:11-12
- લૂક 23:35
- માર્ક 10:41-42
- માથ્થી 9:32-34
- માથ્થી 20:25-28
- તિતસ 3:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H995, H1166, H1167, H1404, H2708, H2710, H3027, H3548, H3920, H4043, H4410, H4427, H4428, H4438, H4467, H4474, H4475, H4623, H4910, H4941, H5057, H5065, H5387, H5401, H5461, H5715, H6113, H6213, H6485, H6957, H7101, H7218, H7287, H7300, H7336, H7786, H7860, H7980, H7981, H7985, H7989, H7990, H8199, H8269, H8323, H8451, G746, G752, G755, G757, G758, G932, G936, G1018, G1203, G1299, G1778, G1785, G1849, G2232, G2233, G2525, G2583, G2888, G2961, G3545, G3841, G4165, G4173, G4291

## રાજ્ય, રાજ્યો

### વ્યાખ્યા:

રાજ્ય એ રાજા દ્વારા શાસિત લોકોનું જુથ છે. તે રાજ્ય અથવા રાજકીય વિસ્તારનો ઉલ્લેખ કરે છે જેના પર રાજા અથવા બીજો શાસક નિયંત્રણ અને સત્તા ધરાવે છે.

- રાજ્ય કોઈપણ ભૌગોલિક આકારનું હોય શકે.

રાજા કદાચ રાષ્ટ્ર અથવા દેશ અથવા કેવળ શહેર પર શાસન કરતો હોય.

- "રાજ્ય" શબ્દ એ આત્મિક શાસન કે સત્તાનો ઉલ્લેખ કરી શકે, જેમ "ઈશ્વરના રાજ્ય" ના શબ્દમાં છે તેમ.
- ઈશ્વર સર્વ સર્જનના શાસક છે, પરંતુ "ઈશ્વરનું રાજ્ય" શબ્દ જેઓએ ઈસુમાં વિશ્વાસ કર્યો છે અને જેઓ તેમની સત્તાને તાબે થયા છે તેઓ પર તેમના શાસન અને સત્તાનો ખાસ કરીને ઉલ્લેખ કરે છે.
- શેતાન પાસે પણ "રાજ્ય" છે એવી પણ વાત બાઇબલ કરે છે જેમાં તે આ પૃથ્વી પર ઘણી બાબતો પર ક્ષણિક રીતે રાજ કરે છે.

તેનું રાજ્ય એ દુષ્ટ છે અને તેને "અંધકાર" તરીકે સંબોધવામાં આવે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- જ્યારે ભૌતિક વિસ્તાર જે પર રાજા દ્વારા શાસન કરવામાં આવતું હોય તેમ સંબોધવામાં આવ્યું હોય ત્યારે, "રાજ્ય" શબ્દનું અનુવાદ "દેશ (રાજા દ્વારા શાસિત)" અથવા "રાજાનો પ્રદેશ" અથવા "રાજા દ્વારા શાસિત વિસ્તાર" એમ કરી શકાય.
- આત્મિક સમજણમાં, "રાજ્ય" નું અનુવાદ "શાસક" અથવા "સત્તાધીશ" અથવા "નિયંત્રણ" અથવા "શાસન" એમ કરી શકાય.
- એક રીતે "યાજકોનું રાજ્ય" નું અનુવાદ "આત્મિક યાજકો જેઓ ઈશ્વર દ્વારા શાસિત છે" એમ કરી શકાય.
- "અજવાળાનું રાજ્ય" નું અનુવાદ "ઈશ્વરનું શાસન જે અજવાળાની જેમ સારું છે" અથવા "જ્યારે ઈશ્વર, જેઓ અજવાળું છે, લોકો પર શાસન કરે છે" અથવા "અજવાળું અને ઈશ્વરના રાજ્યની ભલમનસાઈ" એમ કરી શકાય.

આ અભિવ્યક્તિમાં "અજવાળું" શબ્દ રાખવો એ શ્રેષ્ઠ છે કેમ કે તે બાઇબલમણિ અતિ મહત્વનો શબ્દ છે.

- એ નોંધો કે "રાજ્ય" શબ્દ એ સામ્રાજ્ય શબ્દ કરતાં અલગ છે, જેમાં સમ્રાટ અનેક દેશો પર રાજ કરે છે.

(આ પણ જુઓ: સત્તા, રાજા, ઈશ્વરનું રાજ્ય, ઈઝરાયેલનું રાજ્ય, યહુદા, યહુદા, યાજક)

## બાઈબલના સંદર્ભો:

- 1 થેસ્સાલોનિકીઓ 2:10-12
- 2 તિમોથી 4:17-18
- કલોસ્સીઓ 1:13-14
- યોહાન 18:36-37
- માર્ક 3:23-25
- માથ્થી 4:7-9
- માથ્થી 13:18-19
- માથ્થી 16:27-28
- પ્રકટીકરણ 1:9-11

## બાઈબલની વાર્તાઓ પરથી ઉદાહરણો:

- **13:2** ઈશ્વરે મુસા અને ઈઝરાયેલના લોકોને કહ્યું, "જો તમે મારી આજ્ઞાઓ પાળશો અને મારો કરાર પાળશો, તો તમે મારા ખાસ લોક થશો, એક **રાજ્ય** યાજકોનું, અને એક પવિત્ર દેશજાતિ."
- **18:4** ઈશ્વર સુલેમાનથી ગુસ્સે થયા અને, સુલેમાનના અવિશ્વાસુપણાની શિક્ષા તરીકે, તેમણે ઈઝરાયેલ રાષ્ટ્રનું વિભાજન કરવાનું વચન આપ્યું બે **રાજ્યોમાં** સુલેમાનના મરણ પછી.
- **18:7** ઈઝરાયેલ રાષ્ટ્રના દસ કુળોએ રહાબામ વિરુદ્ધ બંડ પોકાર્યું.

માત્ર બે કુળો જ તેને વફાદાર રહ્યા. આ બે કુળો બન્યા **રાજ્ય** યહુદાના.

- **18:8** ઇઝરાયેલ રાષ્ટ્રના બીજા દસ કુળો કે જેમણે રહાબામ વિરુદ્ધ બંડ પોકાર્યું હતું તેમણે યરોબામ નામના માણસને તેમના રાજા તરીકે પસંદ કર્યો.

તેઓએ સ્થાપ્યું તેમનું **રાજ્ય** જમીનના ઉત્તર ભાગમાં અને તેને કહ્યું **રાજ્ય** ઈઝરાયેલનું.

- **21:8** રાજા એ છે કે જે રાજ કરો હોય **રાજ્ય પર** અને લોકોનો ન્યાય કરતો હોય.

## શબ્દ માહિતી:

- Strong's: H4410, H4437, H4438, H4467, H4468, H4474, H4475, G932

# રાણી, રાણીઓ

## વ્યાખ્યા:

રાણી એ એક દેશની સ્ત્રી શાસક અથવા તો રાજાની પત્ની છે.

- એસ્તેર જ્યારે અહાશ્વેરોશ રાજાને પરણી ત્યારે તે ઇરાનના સામ્રાજ્યની રાણી બની.
- ઇઝબેલ રાણી આહબ રાજાની દુષ્ટ પત્ની હતી.
- શેબાની રાણી એક વિખ્યાત શાસક હતી કે જે સુલેમાન રાજાની મુલાકાતે આવી હતી.
- "રાજમાતા" શબ્દ સામાન્ય રીતે રાજ કરતા રાજાની માતા અથવા દાદી અથવા તો અગાઉના રાજાની વિધવા પત્નીઓ ઉલ્લેખ કરતો હતો.

રાજમાતા ઘણી પ્રભાવશાળી વ્યક્તિ હતી; ઉદાહરણ તરીકે અથાલ્યાએ લોકોને મૂર્તિપૂજા કરવા પ્રેર્યા હતા.

(આ જૂઓ: અહાશ્વેરોશ, અથાલ્યા, એસ્તેર, રાજા. ઈરાન, શાસક, શેબા)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 10:10
- 1 રાજા 11:18-19
- 2 રાજા 10:12-14
- પ્રેરિતોનાં કૃત્યો 8:26-28
- એસ્તેર 1:16-18
- લૂક 11:31
- માથ્થી 12:42

## શબ્દ માહિતી:

- Strong's: H1404, H1377, H4410, H4427, H4433, H4436, H4438, H4446, H7694, H8282, G938

# રીંછ, રીંછો

## વ્યાખ્યા:

રીંછ એ મોટું, રુંવાટીદાર ચાર-પગવાળું, કાળા-ભૂરા અથવા કાળા વાળ, તીક્ષ્ણ ધારદાર દાંતવાળું, અને પંજાવાળું એક પ્રાણી છે. બાઈબલના સમય દરમ્યાન ઈઝરાએલમાં રીંછો સામાન્ય હતા.

- આ પ્રાણીઓ જંગલો અને પહાડી ભાગોમાં રહે છે, તેઓ માછલી, જીવ જંતુઓ, અને વનસ્પતિ ખાય છે .
- જૂનાકરારમાં, રીંછને બળવાનના પ્રતિક તરીકે વાપરવામાં આવ્યું છે.
- ઘેટાંની દેખરેખના સમયે, દાઉદ ભરવાડ રીંછ સામે લડ્યો અને તેને હરાવ્યું.
- બે રીંછો જંગલમાંથી નીકળી આવ્યા અને જેઓએ એલીશા પ્રબોધકની મશ્કરી કરી હતી તેમની ઉપર હુમલો કર્યો.

(આ પણ જુઓ: દાઉદ, એલીશા)

## બાઈબલની કલમો:

## શબ્દ માહિતી:

- Strong's: H1677, G715

# રોટલી

## વ્યાખ્યા:

રોટલી એ લોટમાં પાણી અને તેલ ભેળવીને કણક (બાંધેલા લોટ) માંથી બનાવેલો ખોરાક છે.

પછી કણકને રોટલાનો આકાર આપીને શેકવામાં આવે છે.

- જયારે “રોટલો” (આખો શેકેલો લોંદો/બ્રેડ) શબ્દ આવે છે, તેનો અર્થ “રોટલાનો ટુકડો” (રોટલીનો ટુકડો) થાય છે.
- રોટલીનો કણક સામાન્ય રીતે એવી વસ્તુમાંથી બને છે જે ખમીર લીધે ઉપશી આવે છે.
- ખમીર વગરની રોટલી પણ બનાવી શકાય છે, જે ફૂલશે નહીં.

બાઈબલમાં તેને “બેખમીર રોટલી” અને જે યહૂદિઓના પાસ્ખાપર્વના ભોજન માટે વપરાય હતી.

- બાઈબલના સમયોમાં રોટલી ઘણા લોકો માટે મુખ્ય ખોરાક હતો, આ શબ્દ બાઈબલમાં સામાન્ય રીતે ખોરાક દર્શાવવા વપરાય છે.

(જુઓ: લક્ષણા(અલંકાર))

- “ઉપસ્થિતિની રોટલી” શબ્દ, બાર રોટલીઓ કે જે મુલાકાત મંડપના સોનાની મેજ ઉપર મુકવામાં આવતી હતી અથવા મંદિરની ઈમારત પર દેવને બલિદાન તરીકે અર્પણ કરવામાં આવતી હતી, તેને દર્શાવે છે.

આ રોટલીઓ ઈઝરાએલના બાર કુળો દર્શાવે છે અને તે ફક્ત યાજકોને ખાવા માટે હતી. તેનું ભાષાંતર એમ કરી શકાય, “રોટલી દર્શાવે છે કે દેવ તેઓની મધ્યેમાં રહે છે.”

- “સ્વર્ગમાંથી આવેલી રોટલી” રૂપકાત્મક શબ્દ દર્શાવે છે, જે વિશેષ સફેદ ખોરાક છે જેને “માન્ના” કહેવાય છે, જયારે ઈઝરાએલીઓ અરણ્યના રણમાં ભટકતા હતા ત્યારે દેવે તેઓને પૂરું પાડ્યું.
- ઈસુ પણ પોતાને “રોટલી કે જે આકાશમાંથી નીચે આવી છે” અને “જીવનની રોટલી” કહેવડાવે છે.
- જયારે ઈસુ અને તેના શિષ્યોની સાથે તેના મૃત્યુ પહેલા પાસ્ખા ભોજન ખાઈ રહ્યા હતા ત્યારે તેમણે બેખમીર પાસ્ખા રોટલીને તેના શરીર સાથે સરખાવી કે જેને વધસ્તંભ ઉપર ઘાયલ કરી અને મારી નાખવામાં આવશે.
- ઘણી વખત “રોટલી” શબ્દનું ભાષાંતર, સામાન્ય રીતે “ખોરાક” તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: પાસ્ખા, મુલાકાત મંડપ, મંદિર, બેખમીર રોટલી, ખમીર)

## બાઈબલની કલમો :

- પ્રેરિતો 2:46-47
- પ્રેરિતો 27:33-35
- નિર્ગમન 16:13-15
- લૂક 9:12-14
- માર્ક 6:37-38
- માથ્થી 4:1-4
- માથ્થી 11:18-19

## શબ્દ માહિતી:

- Strong's: H2557, H3899, H4635, H4682, G106, G740, G4286

# લટકાવવું, લટકાવે છે, ફાંસી આપવી, નીચે લટકાવવું, લટકાવવામાં આવે છે, ટંગાયેલો

## વ્યાખ્યા:

"લટકાવવું" શબ્દનો અર્થ, કંઈક અથવા કોઈને જમીનની ઉપર સ્થગિત કરવું. જયારે કોઈને ફાંસી પર લટકાવવામાં આવે છે ત્યારે વ્યક્તિના ગળામાં દોરડું બાંધીને તેને કોઈ ઉભા કરેલા સ્થાન પર, જેવા કે ઝાડની ડાળી પરથી લટકાવી દેવામાં આવે છે. યહૂદાએ ફાંસી દ્વારા પોતાને મારી નાખ્યો.

જો કે જયારે ઈસુ લાકડાના વધસ્તંભ ઉપર લટકીને મૃત્યુ પામ્યો, ત્યારે ત્યાં તેના ગળાની આસપાસ કશુંજ નહોતું: સિપાઈઓએ વધસ્તંભ ઉપર તેના હાથો (અથવા કાંડા) અને તેના પગોમાં ખીલા જડી લટકાવી દીધો.

કોઈને લટકાવી દેવું, જે હંમેશા દર્શાવે છે કે કોઈને તેઓના ગળાની આસપાસ દોરડાથી લટકાવીને મારી નાખવું.

## બાઈબલની કલમો:

- 2 શમુએલ 17:23
- પ્રેરિતો 10:39-41
- ગલાતી 3:13-14
- ઉત્પત્તિ40:20-23
- માથ્થી 27:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H2614, H3363, H8518, G519

# લાંચ આપવી, લાંચ આપે છે, લાંચ આપી, રુશ્વતખોરી

## વ્યાખ્યા:

“લાંચ” નો અર્થ, કોઈકને કંઈક કિંમત આપવી, જેમકે પૈસા, જેથી તે વ્યક્તિ કઈંક અપ્રમાણિક કરવા માટે લાગવગ કરે.

- સૈનિકો જેઓ ઈસુની ખાલી કબર ચોકી કરતા હતા, તેઓને જે બન્યું હતું તે વિશે જૂઠું બોલવા માટે (લાંચના) પૈસા આપ્યા.
- ક્યારેક સરકારી અધિકારીને ગુનાની અવગણના કરવા અથવા ચોક્કસ રીતે મત આપવા માટે લાંચ આપવામાં આવે છે.
- બાઈબલ લાંચ આપવી અથવા લેવા વિશે મનાઈ કરે છે.
- “લાંચ” શબ્દનું ભાષાંતર, “અપ્રમાણિક ચુકવણી” અથવા “જૂઠું બોલવા માટેની ચુકવણી” અથવા “નિયમો તોડવા માટેની કિંમત” તરીકે કરી શકાય.
- “લાંચ આપવી” તે શબ્દનું ભાષાંતર જે શબ્દ અથવા વાક્યથી કરી શકાય જેનો અર્થ, “કોઈકને લાગવગ (પ્રભાવ) માટે ચુકવણી કરવી” અથવા “અપ્રમાણિક તરફેણ કરવા ચુકવણી કરવી” અથવા “તરફેણ માટે ચુકવણી કરવી” એમ કરી શકાય.

## બાઈબલની કલમો :

- 1 શમુએલ 8:1-3
- સભાશિક્ષક 7:7
- યશાયા 1:23
- મીખાહ 3:9-11
- નીતિવચનો 15:27-28

## શબ્દ માહિતી:

- Strong's: H3724, H4979, H7809, H7810, H7936, H7966, H8641, G5260

# લાકડી, લાકડીઓ

## વ્યાખ્યા:

લાકડી એ લાંબી લાકડાંની છડી અથવા સોટી હોય છે, જે ઘણીવાર ચાલતી વખતે સાથે રાખવામાં આવે છે.

- જ્યારે યાકુબ ઘરડો હતો, ત્યારે તે ચાલવા માટે લાકડીની મદદ લેતો હતો.
- ઈશ્વરે તેમનું બળ ફારૂનને બતાવવા માટે મુસાની લાકડીને સર્પમાં બદલી નાંખી.
- ઘેટાંપાળકો પણ તેમના ઘેટાંને દોરવા, અથવા જ્યારે તેઓ પડી જાય કે ભટકી જાય ત્યારે ઘેટાંને બચાવવા લાકડીની મદદ લેતા હતા.
- ઘેટાંપાળકની લાકડીમાં એક બાજુ વાળેલો આંકડો હોય, તેથી તે ઘેટાંપાળકની સોટી કે જે સીધી હોય અને જે જંગલી પ્રાણીઓ કે જેઓ ઘેટાં પર હુમલો કરવાનો પ્રયત્ન કરતાં હોય તેને મારવા કરવામાં આવતો હતો.

(આ પણ જુઓ: ફારૂન, શક્તિ, ઘેટું, ઘેટાંપાળક)

## બાઈબલના સંદર્ભો:

- નિર્ગમન 4:1-3
- નિર્ગમન 7:8-10
- લૂક 9:3-4
- માર્ક 6:7-9
- માથ્થી 10:8-10
- માથ્થી 27:27-29

## શબ્દ માહિતી:

- Strong's: H4132, H4294, H4731, H4938, H6086, H6418, H7626, G2563, G3586, G4464

# લાભ, લાભકારક, ગેરફાયદાવાળું/બિનલાભદાયક

## વ્યાખ્યા:

સામાન્ય રીતે, "લાભ" અને "લાભકારક" શબ્દો ખાસ કાર્યો કે વ્યવહાર કરવા દ્વારા કશુંક સારું પ્રાપ્ત કરવુંનો ઉલ્લેખ કરે છે.

જો કોઈ બાબત કોઈ વ્યક્તિ માટે સારી બાબતો ઉપજાવે છે અથવા તો બીજાઓ માટે સારી બાબતો ઉપજાવવામાં મદદ કરે છે તો તે બાબત તે વ્યક્તિ માટે "લાભકારક" છે.

- વધારે ચોક્કસ રીતે, "લાભ" શબ્દ મોટેભાગે વેપાર દ્વારા પ્રાપ્ત કરેલા નાણાંનો ઉલ્લેખ કરે છે. ખર્ચવામાં આવેલ નાણાં કરતાં જો વધુ નાણાં પ્રાપ્ત થાય તો તે વેપારને "લાભકારક" કહેવામાં આવે છે.
- જે કાર્યો લોકો માટે સારી બાબતો ઉપજાવે તો તે કાર્યો લાભકારક છે.
- ૨ તિમોથી ૩:૧૬ કહે છે કે દરેક શાસ્ત્રવચન લોકોના સુધારા અને ન્યાયીપણાની તાલીમ માટે "લાભકારક" છે. તેનો અર્થ એ થાય છે કે બાઈબલનું શિક્ષણ લોકોને ઈશ્વરની ઇચ્છા અનુસાર જીવવાનું શીખવવા મદદરૂપ અને ઉપયોગી છે. "બિનલાભદાયક" શબ્દનો અર્થ ઉપયોગી નહીં એવો થાય છે.
- તેનો શાબ્દિક અર્થ, કશોજ લાભ ન થવો અથવા તો કોઈક વ્યક્તિને કશું પણ પ્રાપ્ત કરવા મદદ ન કરવી, થાય છે.
- જે બાબત બિનલાભદાયક છે તે કરવી યોગ્ય નથી કારણકે તે કશો લાભ કરાવતી નથી.
- તેનો અનુવાદ "બિનઉપયોગી' અથવા તો "નકામું" અથવા તો "લાભદાયી નહીં" અથવા તો "અયોગ્ય" અથવા તો "લાભ ન કરાવતું" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: યોગ્ય)

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "લાભ" શબ્દનો અનુવાદ "ફાયદો" અથવા તો "મદદ" અથવા તો "નફો" તરીકે પણ કરી શકાય.
- "લાભકારક" શબ્દનો અનુવાદ "ઉપયોગી" અથવા તો "ફાયદાકારક" અથવા તો "મદદરૂપ" તરીકે કરી શકાય.
- કશાક "માંથી લાભ પામવો" નો અનુવાદ "માંથી ફાયદો થવો" અથવા તો "માંથી નાણાં પ્રાપ્ત કરવા" અથવા તો "માંથી મદદ પ્રાપ્ત કરવી" તરીકે કરી શકાય.
- વેપારના સંદર્ભમાં, "લાભ" નો અનુવાદ એવા શબ્દ કે શબ્દસમૂહ દ્વારા કરી શકાય કે જેનો અર્થ "ધનલાભ" અથવા તો "વધારે નાણાં" અથવા તો "અધિક નાણાં" તરીકે કરી શકાય.

## બાઈબલના સંદર્ભો:

- અયૂબ 15:1-3
- નીતિવચનો 10:16-17
- યર્મિયા 2:7-8
- હઝકિયેલ 18:12-13
- યોહાન 6:62-63
- માર્ક 8:35-37
- માથ્થી 16:24-26
- 2 પિતર 2:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H1215, H3148, H3276, H3504, H4195, H4768, H5532, H7737, H7939, G147, G255, G512, G888, G889, G890, G1281, G2585, G2770, G2771, G3408, G4297, G4298, G4851, G5539, G5622, G5623, G5624

# લાયક બનવું, લાયક બનાવેલ, અયોગ્ય ઠરેલું

## વ્યાખ્યા:

"લાયક થવું" શબ્દ ખાસ લાભ પ્રાપ્ત કરવાનો હક મેળવવો અથવા તો ખાસ કૌશલ્યો ધરાવવા માટે જાણીતા થવાનો ઉલ્લેખ કરે છે.

- એક વ્યક્તિ જેણે કોઈ ખાસ કાર્ય માટે "લાયકાત મેળવેલ" છે તેની પાસે તે કાર્ય કરવા જરૂરી કૌશલ્યો અને તાલીમ છે.
- પાઉલ પ્રેરિતે તેના ક્લોસ્સીઓની મંડળીને લખેલા પત્રમાં લખ્યું કે ઈશ્વર પિતાએ વિશ્વાસીઓને પોતાના પ્રકાશના રાજ્યમાં ભાગીદાર થવા "લાયક બનાવ્યા" છે.

તેનો અર્થ એ થાય છે કે ઈશ્વરે તેઓને ઈશ્વર પારાયણ જીવનો જીવવા જરૂરી બધી જ બાબતો આપી છે.

- વિશ્વાસી મનુષ્ય ઈશ્વરના રાજ્યનો ભાગીદાર બનવાનો હક કમાઈ શકતો નથી.

ઈશ્વરે તેને ખ્રિસ્તના રક્ત દ્વારા છોડાવ્યો છે તે કારણે તેને ફક્ત લાયક બનાવવામાં આવે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "લાયક બનાવેલ" નો અનુવાદ "તૈયાર કરેલ" અથવા તો "કૌશલ્ય સજ્જ" અથવા તો "સક્ષમ બનાવેલ" તરીકે કરી શકાય.
- કોઈને "લાયક બનાવવા" નો અર્થ તેને "તૈયાર કરવો" અથવા તો "સક્ષમ કરવો" અથવા તો "સશક્ત કરવો" તરીકે કરી શકાય.

(આ જૂઓ: ક્લોસ્સે, ઈશ્વરપરાયણ, રાજ્ય, પ્રકાશ, પાઉલ, છોડવવું)

## બાઇબલના સંદર્ભો:

- દાનિયેલ 1:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H3581

# લોકજાતિ, લોકો, લોક, તે લોકો

## વ્યાખ્યા:

"લોકો" અને "લોકજાતિ" શબ્દો એવા લોકોના જૂથનો ઉલ્લેખ કરે છે કે જેઓની ભાષા અને સંકૃતિ એકસમાન છે. "તે લોકો" શબ્દસમૂહ કોઈ ખાસ જગામાં કે ખાસ પ્રસંગે એકઠા થયેલા લોકોનો ઉલ્લેખ કરે છે.

- જ્યારે ઈશ્વરે પોતાને માટે "લોકો" અલગ કર્યા ત્યારે, તેનો અર્થ થાય છે કે તેઓએ ખાસ લોકોને પસંદ કર્યા કે તે લોકો ઈશ્વરના થાય અને તેમની સેવા કરે.
- બાઇબલના સમયોમાં, લોકજાતિના સભ્યોના એકસમાન પૂર્વજો હતા અને તેઓ ખાસ દેશમાં કે પ્રદેશમાં રહેતા હતા.
- સંદર્ભ અનુસાર, "તમારા લોકો" એ શબ્દસમૂહનો અર્થ "તમારી લોકજાતિ" અથવા તો "તમારું કુટુંબ" અથવા તો "તમારાં સગાં" થઈ શકે.
- "લોકો" શબ્દ ઘણીવાર પૃથ્વી પરની તમામ લોકજાતિઓનો ઉલ્લેખ કરવા વપરાય છે.

કેટલીક વાર તે ખાસ એવા લોકો જેઓ ઇઝરાયલીઓ નથી અને જેઓ યહોવાની સેવા કરતા નથી એવા લોકોનો ઉલ્લેખ કરે છે. કેટલાક અંગ્રેજી બાઇબલ અનુવાદોમાં "દેશો" શબ્દનો ઉપયોગ આ રીતે થયો છે.

## અનુવાદ માટેના સૂચનો:

- "લોકજાતિ" શબ્દનો અનુવાદ કોઈ શબ્દ અથવા તો શબ્દસમૂહ દ્વારા કરી શકાય કે જેનો અર્થ "મોટું કૌટુંબિક જૂથ" અથવા તો "કુળ" અથવા તો "વંશીય જૂથ" થતો હોય.
- "મારા લોકો" એવા શબ્દસમૂહનો અર્થ સંદર્ભ અનુસાર, "મારા સગાં" અથવા તો "મારા સાથી ઇઝરાયલીઓ" અથવા તો "મારૂ કુટુંબ" અથવા તો "મારી લોકજાતિ" તરીકે કરી શકાય.
- "તમને લોકજાતિઓ મધ્યે વિખેરી નાખવા" એ અભિવ્યક્તિનો અર્થ "તમે જઈને ઘણી વિભિન્ન લોકજાતિઓ મધ્યે રહો તેવું કરવું" અથવા તો "તમને એકબીજાથી અલગ કરવા અને તમે જઈને દુનિયાના ઘણા વિભિન્ન પ્રદેશોમાં રહો તેવું કરવું" તરીકે પણ કરી શકાય.
- "લોકો" અથવા તો "લોક" નો અનુવાદ સંદર્ભ અનુસાર "દુનિયામાંના લોકો" અથવા તો "લોકજાતિઓ" તરીકે પણ કરી શકાય.
- "ના લોકો" શબ્દસમૂહનો અનુવાદ "માં રહતા લોકો" અથવા તો "ના વંશના લોકો' અથવા તો "નું કુટુંબ" તરીકે કરી શકાય. તેનો આધાર એ હશે કે તેની અગાઉ વ્યક્તિનું નામ આવે છે કે પછી એક જગાનું નામ આવે છે.
- "પૃથ્વી પરના બધા જ લોકો" નો અનુવાદ "પૃથ્વી પર રહેતી દરેક વ્યક્તિ" અથવા તો "દુનિયાની દરેક વ્યક્તિ" અથવા તો "બધા જ લોકો" તરીકે કરી શકાય.
- "લોકો" શબ્દસમૂહનો અનુવાદ "લોકોનું એક જૂથ" અથવા તો "ખાસ લોકો" અથવા તો "લોકોનો એક સમુદાય" અથવા તો "લોકોનું કુટુંબ" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: વંશજ, દેશ, કુળ, દુનિયા)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 8:51-53
- 1 શમુએલ 8:6-7
- પુનર્નિયમ 28:9-10
- ઉત્પત્તિ 49:16-18
- રૂથ 1:16-18

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **14:2** ઈશ્વરે ઇબ્રાહિમ, ઇસહાક અને યાકૂબને વચન આપ્યું કે તેમના વંશજોને તેઓ વચનનો દેશ આપશે, પણ હમણાં તો ત્યાં **લોકજાતિઓ** રહેતી હતી. ત્યાર બાદ જે થયું તે એ હતું કે
- **21:2** ઈશ્વરે ઇબ્રાહિમને વચન આપ્યું કે તેના દ્વારા દુનિયાની બધી જ **લોકજાતિઓ** આશીર્વાદ પામશે. આ આશીર્વાદ એ હશે કે ભવિષ્યમાં મસીહા આવશે અને દુનિયાની બધી જ **લોકજાતિઓમાંના** લોકો માટે ઉદ્ધારનો માર્ગ પૂરો પાડશે.
- **42:8** "શાસ્ત્રવચનમાં તે પણ લખેલું હતું કે મારા શિષ્યો એવું ઘોષિત કરશે કે તેઓના પાપની માફી પામવા દરેકે પશ્ચાતાપ કરવો જોઈએ.

તેઓ તે કરવાની શરૂઆત યરૂશાલેમથી કરશે અને પછી દરેક જગ્યાએ દરેક **લોકજાતિમાં** જઈને તેવું ઘોષિત કરશે."

- **42:10** "માટે, જાઓ, ઈશ્વર પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં બાપ્તિસ્મા આપવા દ્વારા અને મેં જે આજ્ઞાઓ આપી છે તેઓને પાળવાનું શીખવવા દ્વારા બધી જ **લોકજાતિઓમાંથી** શિષ્યો બનાવો".
- **48:11** આ નવા કરારને કારણે, ઈસુમાં વિશ્વાસ કરવા દ્વારા કોઈપણ **લોકજાતિમાંની** કોઈપણ વ્યક્તિ ઈશ્વરના લોકોનો ભાગ બની શકે છે.
- **50:3** તેઓએ (ઈસુએ) કહ્યું કે, "જાઓ અને બધી જ **લોકજાતિઓમાંથી** શિષ્યો બનાવો!" અને "ખેતરો કાપણી માટે પાકી ચૂક્યા છે!"

## શબ્દ માહિતી:

- Strong's: H249, H523, H524, H776, H1121, H1471, H3816, H5712, H5971, H5972, H6153, G246, G1074, G1085, G1218, G1484, G2560, G2992, G3793

# લોબાન

## વ્યાખ્યા:

લોબાન એ રાળ વૃક્ષમાંથી બનાવેલી તેજાનાની સુવાસ છે. તેને અત્તર અને ધૂપ બનાવવા વાપરવામાં આવે છે.

- બાઈબલના સમયમાં, લોબાન એ મહત્વનો મસાલો હતો, જે મૃતદેહોને દફન માટે તૈયાર કરવા વાપરવામાં આવતું હતું.
- આ મસાલો તેના રૂઝ લાવવાના અને શાંત પાળવાના ગુણોને માટે પણ કિંમતી છે.
- જયારે પૂર્વ દેશથી જ્ઞાની માણસો બાળક ઈસુની મુલાકાત માટે બેથલેહેમ આવ્યા, ત્યારે તેઓ તેના માટે ત્રણ ભેટો લાવ્યાં હતા, લોબાન તેઓમાંની એક હતી.

(આ પણ જુઓ: બેથલેહેમ, જ્ઞાનીમાણસો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 9:28-29
- નિર્ગમન 30:34-36
- માથ્થી 2:11-12
- ગણના 5:15

## શબ્દ માહિતી:

- Strong's: H3828, G3030

# લ્યૂટ, તંતુવાદ્ય, તંતુવીણા

## વ્યાખ્યા:

લૂંટ અને ગીત એક નાના, તારવાળા, સંગીતનાં સાધનો છે જે ઇઝરાયેલીઓ દ્વારા ઈશ્વરની આરાધના કરવા માટે ઉપયોગમાં લેવાય છે.

- લાયર એક નાની વીણા જેવી દેખાય છે, જે એક ખુલ્લા ફ્રેમમાં તાર ભરેલા હોય છે.
- લૂંટ આધુનિક એકોસ્ટિક ગિટારથી ખૂબ જ સમાન છે, જેમાં લાકડાનું સાઉન્ડ બૉક્સ અને વિસ્તૃત ગરદન હોય છે જેના પર તાર ભરેલા હોય છે.
- લ્યુટ અથવા લાઇર વગાડવા, એક બાજુની આંગળીઓ સાથે અમુક તાર નીચે રાખવામાં આવે છે જ્યારે આ અને અન્ય તાર બીજી તરફ ખેંચાય છે અથવા ભરાય છે.
- લ્યુટ, લાઇઅર અને હાર્પ બધા તાર હલાવીને અથવા પકડાવીને વગાડાય છે.
- તારની સંખ્યા વિવિધ છે, પરંતુ જૂના કરારમાં ખાસ કરીને એવા સાધનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જેમાં દસ તાર હતાં.

(આ પણ જુઓ: હાર્પ)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજાઓ 10:11-12
- 1 શમુએલ 10:5-6
- 2 કાળવૃતાંત 5:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H3658, H5035, H5443

# વખાર, વખારો

## વ્યાખ્યા:

"વખાર" એ મોટી ઈમારત હોય છે જે લાંબા સમય માટે અનાજ અને બીજી વસ્તુઓ રાખવા માટે વપરાય છે.

- બાઈબલમાં સામાન્ય રીતે વધારાનું અનાજ અને બીજા ખોરાકનો સંગ્રહ "વખાર" માં કરવામાં આવતું જે પછી જ્યારે દુકાળ હોય ત્યારે વાપરવામાં આવતું.
- ઈશ્વર દરેક સારી બાબતો કે જે તેમના લોકોને આપવા ઈચ્છે છે તેનો ઉલ્લેખ કરવા આ શબ્દનો રૂપકાત્મક રીતે પણ ઉપયોગ કરવામાં આવતો હતો.
- મંદિરના વખારો મુલ્યવાન વસ્તુઓ જેમ કે સોનું અને ચાંદી કે જે યહોવાને સમર્પિત કરવામાં આવતું તેને સામેલ કરતું હતું.

તેમાંની કેટલીક બાબતોનો ઉપયોગ મંદિરના સમારકામ અને જાળવણી માટે કરવામાં આવતો જે ત્યાં રાખવામાં આવતું હતું.

- "વખાર" નું અનુવાદ કરવાની બીજી રીતોમાં "અનાજનો સંગ્રહ કરવાની ઈમારત" અથવા "ખોરાક રાખવાની જગા" અથવા "મુલ્યવાન વસ્તુઓ સુરક્ષિત રાખવાનો ઓરડો" નો સમાવેશ થાય છે.

(આ પણ જુઓ: પવિત્ર, સમર્પિત, દુકાળ, સોનું, અનાજ, ચાંદી, મંદિર)

## બાઈબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 16:2-3
- લૂક 3:17
- માથ્થી 3:10-12
- ગીતશાસ્ત્ર 33:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H214, H618, H624, H4035, H4200, H4543, G596

# વડીલ, વડીલો, ઉમરવાન, વૃદ્ધ

## વ્યાખ્યા:

"વડીલ" અથવા "ઉમરવાન" શબ્દ એ લોકોનો (બાઇબલમાં મહાદઅંશે પુરુષો) ઉલ્લેખ કરે છે જેઓ સમુદાયમાં આગેવાનો બની શકે તે રીતે પુખ્ત પરિપકવ વ્યક્તિઓ તરીકે વૃદ્ધી પામ્યા છે. ઉદાહરણ તરીકે, વડીલોને વાળ ધોળા હોય, પુખ્ત ઉમરના બાળકો હોય, અથવા કદાચ પોત્રો-પોત્રીઓ હોય.

- "વડીલ" શબ્દ એ હકીકત પરથી ઉતરી આવ્યો છે કે વડીલો વાસ્તવમાં વૃદ્ધ પુરુષો હતા જેઓને તેમની ઉંમર અને અનુભવને કારણે વધારે ડહાપણ/શાણપણ હતું.
- જૂના કરારમાં, વડીલોએ સામાજિક ન્યાય અને મૂસાના નિયમોની બાબતમાં ઈઝરાએલીઓને મદદ કરીને દોર્યા હતા.
- નવા કરારમાં, યહૂદી વડીલો તેઓના સમુદાયોમાં આગેવાનો તરીકે ચાલુ રહ્યા અને લોકો માટે ન્યાયાધીશો પણ રહ્યા હતા.
- શરૂઆતની ખ્રિસ્તી મંડળીઓમાં, ખ્રિસ્તી વડીલોએ વિશ્વાસીઓની સ્થાનિક સભામાં આત્મિક નેતાગીરી આપી. આ મંડળીઓના વડીલોમાં જુવાન માણસો કે જેઓ આત્મિક રીતે પુખ્ત હતા તેઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આ શબ્દનું ભાષાંતર "ઉમરવાન/વૃદ્ધ માણસો" અથવા "મંડળીને દોરનાર આત્મિક રીતે પુખ્ત માણસો" તરીકે પણ કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 11:1-3
- 1 તિમોથી 3:1-3
- 1 તિમોથી 4:14-16
- પ્રેરિતો 5:19-21
- પ્રેરિતો 14:23-26
- માર્ક 11:27-28
- માથ્થી 21:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H1419, H2205, H7868, G1087, G3187, G4244, G4245, G4850

# વધ કરવો, વધ કર્યો

## વ્યાખ્યા:

વ્યક્તિ કે પ્રાણીનો “વધ કરવો” એટલે કે તેને મારી નાંખવું. ઘણીવાર તેનો મતલબ તેને બળજબરીપૂર્વક કે હિંસક રીતે મારી નાંખવું એમ થાય છે. જો માણસે પ્રાણીને મારી નાંખ્યું છે તો તેણે તેનો “વધ કર્યો” એમ કહેવાય.

- પ્રાણી અથવા મોટી સંખ્યાના લોકોને સંબોધવા, “કતલ” શબ્દ ઘણીવાર વાપરવામાં આવે છે.
- ખાવા માટે પ્રાણીનો વધ કરવો તેને પણ “કતલ” જ કહેવામાં આવે છે.
- “વધ કર્યો” શબ્દસમૂહનું અનુવાદ “વધ થયેલા લોકો” અથવા “લોકો કે જેઓ મારી નાંખવામાં આવ્યા” એમ પણ થઇ શકે.

(આ પણ જુઓ: કતલ)

## બાઈબલના સંદર્ભો:

- હઝકિયેલ 28:23-24
- યશાયા 26:20-21

## શબ્દ માહિતી:

- Strong's: H2026, H2076, H2490, H2491, H2717, H2763, H2873, H2874, H4191, H4194, H5221, H6991, H6992, H7523, H7819, G337, G615, G1315, G2380, G2695, G4968, G4969, G5407

# વધારવું, વધારે છે, વધાર્યું, વધારવું, વધારો

## વ્યાખ્યા:

“વધારવું” શબ્દનો અર્થ પુષ્કળ સંખ્યામાં વધારવું એવો થાય છે. તેનો અર્થ કોઈ બાબતના પ્રમાણને વધારવું એવો પણ થઈ શકે, જેમ કે દુઃખ વધારવું.

- ઈશ્વરે મનુષ્યોને અને પ્રાણીઓને “વધવા” તથા પૃથ્વીને ભરપૂર કરવા કહ્યું.

આ આજ્ઞા તેઓની જાત પ્રમાણે ઘણા બચ્ચાઓ પેદા કરવાની હતી.

- ઈસુએ 5000 લોકોને જમાડવા રોટલી અને માછલીને વધારી નાખ્યા.

ખોરાકની માત્રા વધતી ગઈ કે જેથી દરેકને તૃપ્ત કરવા જરૂરિયાતથી વધારે ખોરાક હતો.

- સંદર્ભ અનુસાર, આ શબ્દનો અનુવાદ “વધારો” અથવા તો “વધારી નાખવું” અથવા તો “સંખ્યામાં મોટો વધારો કરવો” અથવા તો “સંખ્યામાં વધારો થવો” અથવા તો “અસંખ્ય બનવું” તરીકે કરી શકાય.
- “તારું દુઃખ ઘણું વધારો” શબ્દસમૂહનો અનુવાદ “તારા દુઃખને વધારે ભારે કરો” અથવા તો “તને ઘણું દુઃખ આપો” તરીકે પણ કરી શકાય.
- “ઘોડાઓની વૃદ્ધિ કરવાનો અર્થ “લાલચી રીતે વધારે ઘોડા મેળવવા” અથવા તો “પુષ્કળ ઘોડાઓ મેળવવા” થાય છે.

## બાઇબલના સંદર્ભો:

- પુનર્નિયમ 8:1-2
- ઉત્પત્તિ 9:5-7
- ઉત્પત્તિ 22:15-17
- હોશિયા 4:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H3254, H3527, H6280, H7231, H7233, H7235, H7680, G4052, G4129

# વરરાજા, વરરાજાઓ

## વ્યાખ્યા:

લગ્ન સમારંભમાં, વરરાજા એક પુરુષ છે કે જે કન્યા સાથે લગ્ન કરશે.

- બાઈબલના સમય દરમ્યાન યહૂદી સંસ્કૃતિમાં, વરરાજા તેની કન્યાને લેવા આવતો અને આખો સમારંભ તેની આસપાસ કેન્દ્રિત હતો.
- બાઈબલમાં, ઈસુને રૂપકાત્મક રીતે "વરરાજા" કહેવામાં આવ્યો છે, કે જે એક દિવસ તેની "કન્યા," જે મંડળી છે તેને લેવા માટે આવશે.

ઈસુએ તેના શિષ્યોને વરરાજાના મિત્રો સમાન સરખાવ્યા છે કે જયારે તેઓ વરરાજા સાથે છે ત્યારે તેઓ ઉજવણી કરે છે, પણ જયારે વરરાજા ચાલ્યો જશે ત્યારે તેઓ ઉદાસ થઇ જશે.

(આ પણ જુઓ: કન્યા)

## બાઈબલની કલમો :

- યશાયા 62:5
- યોએલ 2:15-16
- યોહાન 3:29-30
- લૂક 5:33-35
- માર્ક 2:18-19
- માર્ક 2:20-21
- માથ્થી 9:14-15

## શબ્દ માહિતી:

- Strong's: H2860, G3566

# વરુ, વરુઓ, જંગલી કુતરાઓ

## વ્યાખ્યા:

વરુ એક જંગલી કૂતરા સમાન ઉગ્ર, માંસ ભક્ષક પ્રાણી છે.

- વરુઓ સામાન્ય રીતે જૂથોમાં શિકાર કરે છે અને એક હોંશિયાર અને ક્રાંતિકારી રીતે શિકાર કરે છે.
- બાઇબલમાં, "વરૂઓ" શબ્દનો ઉપયોગ ખોટા શિક્ષકો અથવા જૂઠા પ્રબોધકોનો ઉલ્લેખ કરવા માટે કરવામાં આવે છે જે ઘેટાંના જેવા વિશ્વાસીઓનો નાશ કરે છે.

ખોટુ શિક્ષણ લોકોને ખોટી બાબતો મનાવે છે જે તેમને નુકસાન પહોંચાડે છે.

- આ સરખામણી એ હકીકત પર આધારિત છે કે ઘેટાં ખાસ કરીને વરુના દ્વારા થનારહુમલા અને ખાઇ જવાની બીક માટે સંવેદનશીલ હોય છે, કારણ કે તેઓ નબળા છે અને પોતાનું રક્ષણ કરી શકતા નથી.

## અનુવાદ માટેનાં સૂચનો:

- આ શબ્દનો અનુવાદ "જંગલી કૂતરો" અથવા "જંગલી પ્રાણી" તરીકે કરી શકાય છે.
- જંગલી કૂતરા માટેના અન્ય નામો "શિયાળ" અથવા "કોયોટે" હોઈ શકે છે.
- લાક્ષણિક રીતે જ્યારે લોકોનો ઉલ્લેખ કરવા માટે વપરાય ત્યારે, આનો અર્થ થાય છે, "દુષ્ટ લોકો જે ઘેટાં પર હુમલો કરતા પ્રાણીઓ જેવા લોકોને નુકસાન પહોંચાડે છે."

(આ પણ જુઓ: દુષ્ટ, ખોટા પ્રબોધક, ઘેટા, શીખવવું)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 20:28-30
- યશાયા 11:6-7
- યોહાન 10:11-13
- લૂક 10:3-4
- માથ્થી 7:15-17
- સફાન્યા 3:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H2061, H3611, G3074

# વર્ષ, વર્ષો

## વ્યાખ્યા:

બાઈબલમાં જયારે “વર્ષ” શબ્દ વાપરવામાં આવે છે ત્યારે તેના શાબ્દિક અર્થ અનુસાર તે સમયગાળો 354 દિવસોનો હોય છે. આ ચંદ્રની પંચાંગ પ્રમાણેની વ્યવસ્થા છે, જેમાં ચંદ્રને પૃથ્વીની ચોફેર ફરતા જે સમય લે છે તે દર્શાવે છે.

- આધુનિક સમયમાં સૂર્ય પંચાંગ પ્રમાણે 365 દિવસોને બાર મહિનાઓમાં વિભાજીત કરવામાં આવે છે, એટલે કે એ સમય દરમ્યાન પૃથ્વી સૂર્યની આજુબાજુ પરિભ્રમણ કરી એક આંટો પુરો કરે છે.
- બન્ને પંચાંગ વ્યવસ્થામાં વર્ષના બાર મહિના હોય છે.

પણ ચંદ્રના પંચાંગમાં વધારાનો 13મો મહિનો ઉમેરવામાં આવે છે, જેથી સૂર્ય પંચાંગ પ્રમાણે 11 ખૂટતા દિવસો ઉમેરી દેવામાં આવે. આ બંને પંચાંગો એકબીજા સાથે જોડી રાખવામાં વધારે મદદ કરે છે.

- બાઈબલમાં જયારે વિશિષ્ટ ઘટના સ્થાન લે છે, તે વખતે સામાન્ય સમયને દર્શાવવા માટે “વર્ષ” શબ્દનો રૂપક તરીકે પણ ઉપયોગ કરવામાં આવે છે.

આ ઉદાહરણોમાં “યહોવાનું વર્ષ,” અથવા “દુકાળના સમયનું વર્ષ” અથવા “પ્રભુને માન્ય વર્ષ” નો સમાવેશ થાય છે. આ સંદર્ભોમાં, ”વર્ષ” શબ્દનું ભાષાંતર “સમય” અથવા “ઋતુ” અથવા “સમયગાળો” કરી શકાય છે.

(આ પણ જુઓ: મહિનો)

## બાઈબલની કલમો:

- 2 રાજા 23:31-33
- પ્રેરિતોના કૃત્યો 19:8-10
- દાનિએલ 8:1-2
- નિર્ગમન 12:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H3117, H7620, H7657, H8140, H8141, G1763, G2094

# વળવું, પાછું ફરવું, પાછા ફરવું, પાછું વળવું

### વ્યાખ્યા:

"વળવું"નો અર્થ ભૌતિક રીતે દિશા બદલવી અથવા દિશા બદલવા બીજા માટે કારણ બનવું થાય છે.

- "વળવું" શબ્દનો અર્થ પાછળ જોવા માટે "પાછળ ફરવું" અથવા કોઈ અલગ દિશામાં મુખ રાખવું પણ થાય છે.
- "પાછા ફરવું " અથવા "પાછું ફરવું " એટલે કે "પાછા જાઓ" અથવા "દૂર જાઓ" અથવા "દૂર જવાનું કારણ બનવું" છે.
- "થી પાછું ફરવું"નો અર્થ "એવો થાય છે કે કંઈક કરવાનું " બંધ કરવું" અથવા કોઇનો અસ્વીકાર કરવો.
- કોઇના "તરફ વળવું"નો અર્થ તે વ્યક્તિ તરફ નજર કરવી.
- "વળો અને છોડો" અથવા "છોડવા માટે પીઠ ફેરવો" નો અર્થ "દૂર જાઓ".
- "પાછા ફરો" નો અર્થ "કંઈક કરવાનું ફરીથી શરૂ કરવું."
- "કંઈક કરવાનું બંધ કરવું" એટલે કે "માંથી દૂર થવું".
- "અન્ય બાજુએ વળવું"નો અર્થ દિશા બદલવી, જેનો મહાદઅંશે અર્થ કાંતો બંને જે સારું છે તે કરવાથી અટકી અને દૃષ્ટ કરવાનું શરુ કરે અથવા તો તેનાથી વિરુદ્ધ.

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભને આધારે, "વળવું"નું ભાષાંતર " દિશા બદલવી " અથવા "જાઓ" અથવા "ખસેડો." કરી શકાય છે.
- કેટલાક સંદર્ભોમાં," વળવું " નું ભાષાંતર (કોઇએ) કરવા માટે "કારણ" કરી શકાય છે. " (કોઇ) થી દૂર ફેરવવું " નું " (કોઈ)થી દૂર જવાનું કારણ " અથવા " (કોઈક) રોકવા માટે કારણ " તરીકે ભાષાંતર કરી શકાય છે."
- "ઈશ્વર તરફથી વળવું" શબ્દસમૂહનું ભાષાંતર "ઈશ્વરની ભક્તિ કરવાનું બંધ કરવાનું" થાય છે.
- "ઈશ્વર તરફ પાછા વળવું" શબ્દનો અનુવાદ "ફરીથી ઈશ્વરની ઉપાસના શરૂ કરવી" કરી શકાય છે.
- જ્યારે દુશ્મનો "પાછા ફર્યા," એટલે કે તેઓએ "પીછેહઠ કરી." "દુશ્મનને પાછો ફેરવ્યો" એટલે કે "દુશ્મનને પીછેહઠ કરાવી."
- લાક્ષણિક રીતે, જ્યારે ઈસ્રાએલીઓ જૂઠા દેવો તરફ વળ્યા ત્યારે તેઓએ "તેમની ઉપાસના કરવા લાગ્યા." જ્યારે તેઓ મૂર્તિઓથી "દૂર" ગયા, ત્યારે તેઓએ "તેમની પૂજા કરવાનું બંધ કર્યું."
- જ્યારે ઈશ્વરે પોતાના બળવાખોર લોકોથી "પીઠ ફેરવી" ત્યારે, તેમણે "તેઓનું રક્ષણ કરવાનું બંધ કરી દીધું " અથવા "તેમને મદદ કરવાનું બંધ કરી દીધું."
- "પિતાના હૃદયને તેમના બાળકો તરફ ફેરવવા" શબ્દસમૂહનું ભાષાંતર કરી શકાય છે "પિતા તેમનાં બાળકોની ફરીથી સંભાળ લેનાર બને."
- "મારા સન્માનને શરમમાં ફેરવી દો છો" અભિવ્યક્તિનું ભાષાંતર "મારા માનને શરમમાં ફેરવી દો છો" અથવા "મને બદનામ કરો છો જેથી હું શરમ અનુભવું છું" અથવા "મને શરમ લાગે તેવું (દુષ્ટતા કરીને) કરો છો, જેથી લોકો મને સન્માન ન આપે", એવું ભાષાંતર કરી શકાય છે."
- "હું તમારા શહેરોનો વિનાશ કરીશ" નું ભાષાંતર કરી શકાય છે, "તમારા શહેરોનો નાશ થાય તેવું હું કરીશ" અથવા "હું તમારા શહેરોનો નાશ કરવા માટે દુશ્મનોને કારણ બનાવીશ."
- "માં ફેરવ્યું" શબ્દસમૂહને "બનવું" તરીકે ભાષાંતર કરી શકાય છે. જ્યારે મૂસાની "લાકડી" એક "સાપ"માં ફેરવાઇ, ત્યારે તે "સાપ" બની. તેનું "માં બદલાઈ ગઈ" તરીકે પણ ભાષાંતર કરી શકાય છે

(આ પણ જુઓ: જૂઠા ઈશ્વર, રક્તપિત્ત, ઉપાસના,ભક્તિ)

## બાઈબલના સંદર્ભો:

- 1રાજાઓ 11:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 7:41-42
- પ્રેરિતોનાં કૃત્યો 11:19-21
- યર્મિયા 36:1-3
- લૂક 1:16-17
- માલાખી 4:4-6
- પ્રકટીકરણ 11:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H541, H1750, H2015, H2017, H2186, H2559, H3399, H3943, H4142, H4672, H4740, H4878, H5186, H5253, H5414, H5437, H5472, H5493, H5528, H5627, H5753, H5844, H6437, H6801, H7227, H7725, H7734,

H7750, H7760, H7847, H8159, H8447, G344, G387, G402, G576, G654, G665, G868, G1294, G1578, G1612, G1624, G1994, G2827, G3179, G3313, G3329, G3344, G3346, G4762, G5077, G5157, G5290, G6060

# વસ્તીગણતરી

## વ્યાખ્યા:

“વસ્તીગણતરી” શબ્દ, દેશ અથવા સામ્રાજ્યમાં લોકોના સંખ્યાની ઔપચારિક ગણતરીને દર્શાવે છે. જૂના કરારમાં વિવિધ સમયોમાં નોધવામાં આવ્યું છે દેવે ઈઝરાએલના માણસોની ગણતરી કરવી માટે આદેશ આપ્યો, જેમકે જયારે ઈઝરાએલીઓએ પ્રથમ મિસર છોડ્યું અને ત્યાર બાદ તેઓ ક્નાનમાં પ્રવેશ્યાં પહેલા વસ્તીગણતરી કરવામાં આવી.

- મોટેભાગે વસ્તીગણતરીનો હેતુ, કેટલા લોકો કરની ચુકવણી કરે છે તેનો આંકડો જાણવાનો હતો.
- ઉદાહરણ તરીકે નિર્ગમનમાં એક સમયે ઈઝરાએલી પુરુષોની ગણતરી કરવામાં આવી હતી જેથી કરીને મંદિરની કાળજી લેવા માટે દરેક જણ અડધો શેકેલ ચૂકવે.
- જયારે ઈસુ બાળક હતા ત્યારે રોમન સરકારે પોતાના સામ્રાજ્યમાં રહેતાં બધાંજ લોકોની વસ્તી ગણતરી કરી કે જેથી લોકો તેમને કર ચૂકવે.

## ભાષાંતરના સૂચનો

- સંભવિત રીતે આ શબ્દનું ભાષાંતર, “નામોની ગણતરી” અથવા “નામોની યાદી” અથવા “નામ નોંધણી” નો સમાવેશ કરી થઇ શકે છે.
- “વસ્તીગણતરી કરવી” વાક્યનું ભાષાંતર, “લોકોના નામોની નોંધણી કરવી” અથવા “લોકોના નામો લખવા” એમ કરી શકાય છે.

(આ પણ જુઓ: રાષ્ટ્ર, રોમ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 5:35-37
- નિર્ગમન 30:11-14
- નિર્ગમન 38:24-26
- લૂક 2:1-3
- ગણના 4:1-4

## શબ્દ માહિતી:

- Strong's: H3789, H5674, H5921, H6485, H7218, G582, G583

# વહીવટ, સંચાલક, સંચાલકો, વહીવટ કરેલ, વહીવટ કરવો

## સત્યો:

"વહીવટ" અને "સંચાલક" શબ્દો, વહીવટ અથવા રાજ્ય કરનાર માટે વપરાય છે કે, જે દ્વારા દેશનું કાર્ય વ્યવસ્થિત થઇ શકે.

- દાનિયેલ અને તેના ત્રણ યહૂદી મિત્રોને બાબિલના દેશના અમુક ભાગ પર સંચાલકો અથવા વહીવટકર્તા તરીકે નિમવામાં આવ્યા હતા.
- નવા કરારમાં વહીવટ કરવો તેને પવિત્રઆત્માનું એક વરદાન ગણવામાં આવ્યું છે.
- જે વ્યક્તિને આત્મિક વરદાન મળેલ છે,તેઓ વ્યક્તિઓને દોરી અને સંચાલન, અને સાથે ઈમારતો અને મિલકતોના કાર્યની દેખરેખ તથા જાળવણી કરી શકે છે.

## ભાષાંતરના સૂચનો

- સંદર્ભને ધ્યાનમાં રાખીને "વહીવટકર્તા" શબ્દનું ભાષાંતર "સૂબો" "આયોજક" અથવા "વ્યવસ્થાપક" અથવા "રાજ્યકર્તા" અથવા સરકારી અધિકારી" થઇ શકે છે.
- "વહીવટ કરવો" શબ્દનું ભાષાંતર "રાજ્ય કરવું" અથવા "સંચાલન કરવું" અથવા "આગેવાની" અથવા "સંસ્થાગત માળખું" થઈ શકે છે.
- "સંભાળ રાખવી" અથવા "દેખરેખ રાખવી" જેવી અભિવ્યક્તિ શક્ય છે કે તેઓ "વહીવટ" શબ્દના ભાષાંતરના ભાગરૂપ હોઈ શકે છે.

(જુઓ: બાબિલ, દાનિએલ, વરદાન, સૂબો, હનાન્યાહ, મિશાએલ, અઝાર્યા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 18: 14-17
- દાનિએલ 6:1-3
- એસ્તર 9: 3-5

## શબ્દ માહિતી:

- Strong's: H5532, H5608, H5632, H6213, H7860, G2941

# વાંઝણી

## વ્યાખ્યા:

“વાંઝણી” (ઉજ્જડ) હોવું તેનો અર્થ એ કે, તે ફળદ્રુપ અથવા ફળદાયી ન હોય.

- જમીન અથવા ભૂમિ કે જે ઉજ્જડ છે, તે કંઈ પણ છોડ ઉત્પન કરવા સક્ષમ નથી.
- સ્ત્રી કે જે વાંઝણી છે, તે શારીરિક રીતે ગર્ભ ધારણ કરવા અથવા બાળકને જન્મ આપવા અશક્ત છે.

## ભાષાંતરના સુચનો:

- જયારે “ઉજ્જડ” શબ્દ જમીન માટે વપરાય છે, તેનું ભાષાંતર “ફળદ્રુપ નથી” અથવા “ફળ નહીં આપનારું” અથવા “છોડપાન રહિત” તેમ થઈ શકે છે.
- જયારે આ શબ્દ વાંઝણી સ્ત્રી માટે વપરાય છે, તેનું ભાષાંતર “નિ:સંતાન” અથવા “બાળકોને જન્મ આપવા અસક્ષમ” અથવા “બાળકનો ગર્ભ ધારણ કરવા અશક્ત” તેમ કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- 1 શમુએલ 2:5
- ગલાતી 4:26-27
- ઉત્પત્તિ 11:29-30
- અયૂબ 3:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H4420, H6115, H6135, H6723, H7909, H7921, G692, G4723

# વાંસળી, વાંસળીઓ, મુરલી, મુરલીઓ

## વ્યાખ્યા:

બાઈબલના સમયમાં, મુરલીઓ એ સંગીતના સાધનો હતા જેને વગાડવા અને તેનો અવાજને બહાર આવવા માટે લાકડાં અથવા હાડકાંમાં નાના કાણાં પાડવામાં આવતા હતા. વાંસળી એ એક પ્રકારની પાઈપ હતી.

- મોટાભાગની વાંસળીઓને બરુ બનેલી હતી જે એક જાડા પ્રકારનું ઘાસ છે, જ્યારે હવા તેના પર વાય છે ત્યારે તે હમેશાં હાલ્યા કરે છે.
- મોટેભાગે બરુ વગરની મુરલીને "વાંસળી" કહેવામાં આવે છે.
- ઘેટાંપાળક તેના ઘેટાંના ટોળાને શાંત કરવા માટે મુરલી વગાડે છે.
- મુરલીઓ અને વાંસળીઓ દુઃખી અથવા આનંદી સંગીત વગાડવા માટે વાપરવામાં આવતી હતી.

(આ પણ જુઓ: ટોળું, પાળક)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 14:7-9
- 1 રાજા 1:38-40
- દાનિયેલ 3:3-5
- લૂક 7:31-32
- માથ્થી 9:23-24
- માથ્થી 11:16-17

## શબ્દ માહિતી:

- Strong's: H4953, H5748, H2485, H2490, G832, G834, G836

# વાપરવું (ખલાસ કરવું), નાશ કરવો, નાશ પામેલું, વપરાશ

## વ્યાખ્યા:

“ખતમ કરવું” શબ્દનો વાસ્તવિક અર્થ કશુંક વાપરી નાખવું. તેના અનેક રૂપકાત્મક અર્થો રહેલા છે.

- બાઈબલમાં, મોટેભાગે “ખતમ કરવું” શબ્દ, વસ્તુઓ અથવા લોકોનો નાશ કરવો એમ દર્શાવે છે.

આગ માટે એવું કહેવાય છે કે તે વસ્તુઓનો પૂરી કરી દે છે, જેનો અર્થ બાળવા દ્વારા તેનો નાશ કરી દે છે.

- દેવનું વર્ણન “નાશ કરનાર અગ્નિ” તરીકે થયું છે, જે પાપની વિરુદ્ધના તેના ક્રોધનું વર્ણન કરે છે.

પાપીઓ કે જેઓ પસ્તાવો કરતા નથી, તેઓ માટે તેના ક્રોધનું પરિણામ ભયંકર સજા છે.

- ખોરાક પૂરો કરવો, એટલે કઈંક ખાઈ કે પી જવું.

“જમીનને બાળી નાખવી” શબ્દસમૂહનું ભાષાંતર, “જમીનનો નાશ કરવો” તરીકે કરી શકાય.

## ભાષાંતરના સૂચનો

- જમીન અથવા લોકોને ખલાસ કરી દેવાના સંદર્ભમાં, આ શબ્દનું ભાષાંતર “વિનાશ કરવો” એમ થઇ શકે છે.
- જયારે “ખતમ કરવું” શબ્દ અગ્નિ માટે વપરાય છે તેનું ભાષાંતર, “બાળી નાખવું” એમ થઇ શકે છે.
- મૂસાએ જે બળતું ઝાડવું જોયું કે જે “નાશ પામેલું નહોતું” જેનું ભાષાંતર, “ભષ્મ થતું નહોતું” અથવા “બળતું નહોતું” એમ કરી શકાય છે.
- જયારે “ખલાસ કરવું (વાપરવું)” શબ્દ ખાવા માટે દર્શાવાય છે ત્યારે તેનું ભાષાંતર, “ખાવું” અથવા “ખાઈ જવું” તરીકે કરી શકાય.
- જો કોઈકની તાકાત “ખતમ થઇ જાય છે,” તેનો અર્થ કે તેની તાકાત “વપરાઈ ગઈ છે” અથવા “જતી રહી છે.”
- ”દેવ ભષ્મ કરનાર અગ્નિ છે” આ અભિવ્યક્તિનું ભાષાંતર, “દેવ અગ્નિ સમાન છે કે જે વસ્તુઓને બાળી નાખે છે” અથવા “દેવ પાપની વિરુદ્ધ ગુસ્સો કરે છે અને અગ્નિની જેમ પાપીઓનો નાશ કરે છે” એમ કરી શકાય છે.

(આ પણ જુઓ: ખાઈ જવું, કોપ)

## બાઈબલની કલમો:

- 1 રાજા 18:38-40
- પૂનર્નીયમ 7:16
- યર્મિયા 3:23-25
- અયૂબ 7:8-10
- ગણના 11:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H398, H402, H1086, H1104, H1197, H1497, H1846, H2000, H2628, H3615, H3617, H3631, H3857, H4127, H4529, H4743, H5486, H5487, H5595, H6244, H6789, H7332, H7646, H7829, H8046, H8552, G355, G1159, G2618, G2654, G2719, G5315, G5723

# વારસ/વારસદાર

## વ્યાખ્યા:

વારસ, વારસદાર એક એવી વ્યક્તિ છે કે જે એક મરણ પામેલ વ્યક્તિની સાથે સંકળાયેલ મિલકત અથવા પૈસાને, કાયદાકીય રીતે પ્રાપ્ત કરે છે.

- બાઈબલના સમયમાં, પ્રથમ જનિત પુત્ર મુખ્ય વારસદાર હતો, કે જે તેના પિતાની લગભગ બધીજ મિલકત અને પૈસા પ્રાપ્ત કરતો હતો.
- બાઈબલ "વારસદાર" શબ્દનો રૂપકાત્મક ઉપયોગ કરે છે, જે દર્શાવે છે એક વ્યક્તિ ખ્રિસ્તી તરીકે તેના આત્મિક પિતા ઈશ્વર પાસેથી આત્મિક લાભો પ્રાપ્ત કરે છે.
- ઈશ્વરના બાળકો તરીકે, ખ્રિસ્તીઓને ઈસુ ખ્રિસ્તની સાથે "સંયુક્ત વારસદારો" કહેવામાં આવ્યા છે. આ શબ્દનું ભાષાંતર, "સહ-વારસદારો" અથવા "સાથી-વારસદારો" અથવા "સામૂહિક-વારસદારો" તરીકે પણ કરી શકાય છે.
- "વારસદાર" શબ્દનું ભાષાંતર, "વ્યક્તિ લાભોને પ્રાપ્ત કરે છે" અથવા બીજી ભાષામાં ગમે તે અભિવ્યક્તિને વાપરવામાં આવી હોય જેનો અર્થ થવો જોઈએ કે જયારે વ્યક્તિના માબાપ અથવા બીજા સંબંધી મરણ પામે છે ત્યારે તેમની મિલકત અથવા બીજી વસ્તુઓ તે વ્યક્તિ પ્રાપ્ત કરે છે.

(આ પણ જુઓ: પ્રથમજનિત, વારસો)

## બાઈબલની કલમો:

- ગલાતી 4:1-2
- ગલાતી 4:6-7
- ઉત્પત્તિ 15:1-3
- ઉત્પત્તિ 21:10-11
- લૂક 20:13-14
- માર્ક 12:6-7
- માથ્થી 21:38-39

## શબ્દ માહિતી:

- Strong's: H1121, H3423, G2816, G2818, G2820, G4789

# વારસામાં ઉતરેલું, વારસામાં આવે છે, વારસામાં આવેલ, વારસમાં આવવું, વંશજ, વંશજો

## વ્યાખ્યા:

"વંશજ" તે વ્યક્તિ છે, જે ઈતિહાસમાં તેના પાછળના કોઈનો સબંધી સાથે સીધો લોહીનો સબંધ ધરાવે છે.

- ઉદાહરણ તરીકે, ઈબ્રાહિમ નૂહનો વંશજ હતો.
- જેમકે વ્યક્તિના બાળકો, પૌત્રો-પૌત્રીઓ, દોહિત્રો-દોહીત્રીઓ, તથા તે પછીના તેની આગળના તેના વંશજો છે, અને તે પ્રમાણે આગળ.

ઈઝરાએલના બાર કુળો એ યાકૂબના વંશજો હતા.

- "પરથી ઉતરી આવેલ" શબ્દસમૂહને બીજી રીતે કહીએ તો "તેના વંશજો," જેમકે ઈબ્રાહિમ નૂહથી ઉતરી આવેલ હતો.

તેનું ભાષાંતર, "કુટુંબના કુળથી ઉતરી આવેલ" પણ થઈ શકે છે.

(આ પણ જુઓ: ઈબ્રાહિમ, પૂર્વજ, યાકૂબ, નૂહ, ઈઝરાએલના બાર કુળો)

## બાઈબલની કલમો:

- 1 રાજા 9:4-5
- પ્રેરિતો 13:23-25
- પુનર્નિયમ 2:20-22
- ઉત્પત્તિ 10:1
- ઉત્પત્તિ 28:12-13

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **2:9**સ્ત્રીના વંશજ તારું માથું છુંદશે, અને તું તેની એડી પર ઘા કરશે.
- **4:9**હું કનાનની ભૂમિ તારા વંશજોને આપીશ.
- **5:10**તારા વંશજો આકાશના તારાઓ કરતા વધારે હશે.
- **17:7**તારા કુટુંબમાંથી કોઈક હંમેશા ઈઝરાએલ ઉપર રાજા તરીકે રાજ્ય કરશે, અને મસીહ તારા _વંશજો _માંનો એક હશે.
- **18:13** યહૂદાના રાજાઓ દાઉદના વંશજો હતા.
- **21:4**દેવે દાઉદ રાજાને વચન આપ્યું કે મસીહ દાઉદના પોતાના વંશજોમાંનો એક હશે.
- **48:13**દેવે દાઉદને વચન આપ્યું કે મસીહ તેના _વંશજો _માંનો એક હશે.

ઈસુ, મસીહા, કે જે દાઉદનો વિશેષ વંશજ હતો.

## શબ્દ માહિતી:

- Strong's: H319, H1004, H1121, H1323, H1755, H2232, H2233, H3205, H3211, H3318, H3409, H4294, H5220, H6849, H7611, H8435, G1074, G1085, G4690

## વાસના, લંપટ/કામાંધ, જાતીય આવેગો, જાતીય ઈચ્છાઓ

### વ્યાખ્યા:

વાસના સામાન્ય રીતે, કંઈક પાપ અથવા અનૈતિક ઇચ્છાના સંદર્ભમાં, એક ખૂબ જ તીવ્ર ઇચ્છા છે. કામાતુરતા હોવી એટલે વાસના હોવી.

- બાઈબલમાં, "વાસના" સામાન્ય રીતે કોઈના પોતાના જીવનસાથી સિવાય અન્ય કોઈની સાથેની જાતીય ઇચ્છાનો ઉલ્લેખ કરે છે.
- ઘણી વાર આ શબ્દનો ઉપયોગ મૂર્તિઓની પૂજા કરવા માટે એક લાક્ષણિક અર્થમાં કરવામાં આવતો હતો.
- સંદર્ભના આધારે, "વાસના" નું ભાષાંતર "ખોટી ઇચ્છા" અથવા "તીવ્ર ઇચ્છા" અથવા "ખોટી જાતિય ઇચ્છાઓ" અથવા "તીવ્ર અનૈતિક ઇચ્છા" અથવા "પાપ કરવાની તીવ્ર ઇચ્છા" તરીકે થઈ શકે છે.
- "વાસના પાછળ" શબ્દનો અનુવાદ "ખોટી ઇચ્છા" અથવા "ના વિષે અનૈતિક વિચાર" અથવા "અનૈતિક ઇચ્છા" તરીકે થઈ શકે છે.

(આ પણ જુઓ: વ્યભિચાર, ખોટા દેવ)

### બાઈબલના સંદર્ભો:

- 1 યોહાન 2:15-17
- 2 તિમોથી 2:22-23
- ગલાતી 5:16-18
- ગલાતી 5:19-21
- ઉત્પત્તિ 39:7-9
- માથ્થી 5:27-28

### શબ્દ માહિતી:

- Strong's: H183, H185, H310, H1730, H2181, H2183, H2530, H5178, H5375, H5689, H5691, H5869, H7843, H8307, H8378, G766, G1937, G1938, G1939, G1971, G2237, G3715, G3806

# વિખેરવું, વિક્ષેપ

## વ્યાખ્યા:

“વિખેરવું, અને “વિક્ષેપ” શબ્દો, લોકોને અલગઅલગ દિશામાં અથવા વસ્તુઓને વિખેરી નાખવી તેને દર્શાવે છે.

- જૂના કરારમાં, દેવ લોકોને “વિખેરવા” વિશે વાત કરે છે, જેથી તેઓ એકબીજાથી અલગ થઈ અને વિવિધ સ્થળોમાં રહે.

આ તેણે તેઓના પાપની સજા માટે કર્યું. કદાચ “વિખેરાઇ” જવું તેઓને પસ્તાવો અને ફરીથી દેવની આરાધનાની શરૂઆત કરવામાં મદદ કરે.

- નવા કરારમાં “વિખેરાઈ જવું” શબ્દ, ખ્રિસ્તીઓ કે જેઓને તેઓના ઘરો છોડી અને ઘણા અન્ય સ્થળોમાં સતાવણીથી છૂટી જવા માટે સ્થળાંતર કરવા માટે વાપરવામાં આવ્યો છે.
- “વિક્ષેપ” શબ્દસમૂહનું ભાષાંતર, “ઘણા અન્ય સ્થળોમાં વિશ્વાસીઓ” અથવા “લોકો કે જેઓને અન્ય દેશોમાં દૂર રહેવા માટે ખસેડવામાં આવ્યા છે,” તરીકે (ભાષાંતર) કરી શકાય છે.
- “વિખેરવું” શબ્દનું ભાષાંતર, “ઘણા અન્ય સ્થળોમાં મોકલી દેવા” અથવા “વિદેશમાં વિખેરાઈ જવું” અથવા “અન્ય દેશોમાં તેઓને મોકલી દેવા” તરીકે (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: માનવું, સતાવ)

## બાઈબલની કલમો:

- 1 પિતર 1:1-2
- હઝકિયેલ 12:14-16
- હઝકિયેલ 30:22-24
- ગીતશાસ્ત્ર 18:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H2219, H4127, H5310, H6327, H6340, H6504, H8600, G1287, G1290, G4650

# વિદ્વાન માણસ, જ્યોતિષીઓ

## વ્યાખ્યા:

માથ્થીના પુસ્તકમાં ખ્રિસ્તના જન્મમાં, "વિદ્વાન" અથવા "શિક્ષિત" માણસો "જ્ઞાની પુરુષો" હતા જેઓ ઈસુ પાસે તેમના જન્મના થોડા સામ્ય પછી યરૂશાલેમમાં ભેટો લાવ્યા હતા. તેઓ કદાચ "જ્યોતિષીઓ" હોય શકે, એવા લોકો કે જેઓ તારાઓનો અભ્યાસ કરતાં હોય.

- આ માણસો ઈઝરાયેલની પૂર્વથી ઘણે દૂર દેશથી મુસાફરી કરી આવ્યા હતા.

તેઓ ક્યાથી આવ્યા હતા અથવા તેઓ કોણ હતા તેની સ્પષ્ટ જાણકારી નથી. પરંતુ તેઓ ચોક્કસ વિદ્વાન હતા જેઓએ તારાઓનો અભ્યાસ કર્યો હતો.

- તેઓ કદાચ દાનિયેલના સમયના બાબીલીઓના રાજાનિ સેવા કરતાં જ્ઞાની માણસોના વંશજો હોઈ શકે અને તેઓ તારાઓનો અભ્યાસ અને સ્વપ્નોનો ખુલાસો કરવાનો સમાવેશ કરીને ઘણી બાબતોમાં તાલિમબદ્ધ હતા.
- તેઓ ઈસુ માટે ત્રણ ભેટો લાવ્યા તેને કારણે ત્યાં ત્રણ જ્ઞાની માણસો અથવા વિદ્વાન માણસો હતા એમ પરંપરાગત રીતે એ કહેવામાં આવ્યું છે.

જો કે, બાઇબલ કંઈ કહેતું નથી કે ત્યાં કેટલા લોકો હતા.

(આ પણ જુઓ: બાબીલોન, બેથલેહેમ, દાનિયેલ)

## બાઈબલના સંદર્ભો:

- દાનિયેલ 2:27-28
- દાનીયેલ 5:7
- માથ્થી 2:1-3
- માથ્થી 2:7-8
- માથ્થી 2:16

## શબ્દ માહિતી:

- Strong's: H1505, G3097

# વિધિ (હુકમ), વિધિઓ, હુકમ આપવામાં આવ્યો

## વ્યાખ્યા:

હુકમ (વિધિ) એ ઘોષણા અથવા નિયમ છે, જે બધાંજ લોકોને જાહેરમાં જણાવવામાં આવે છે.

- દેવના નિયમોને પણ વિધિઓ, કાયદા, અથવા આજ્ઞાઓ કહેવામાં આવે છે.
- કાયદા અને આજ્ઞાઓની જેમ, વિધિઓનું પણ અવશ્ય પાલન કરવું જરૂરી છે.
- હુકમનું એક ઉદાહરણ, માનવીય રાજકર્તા કૈસર ઓગસ્તસ દ્વારા કરવામાં આવેલી ઘોષણા કે જેણે રોમન સામ્રાજ્યમાં રહેતા દરેક જણને વસ્તી ગણતરી માટે પોતાના વતનમાં પાછા જવા આજ્ઞા કરી.

વિધિનો અર્થ કંઈક આદેશ આપવો કે જેનું અવશ્ય પાલન થાય. આ શબ્દનું ભાષાંતર, "આદેશ" અથવા આજ્ઞા" અથવા "ઔપચારિક રીતે આવશ્યક" અથવા "જાહેરમાં નિયમ બનાવવો" એમ કરી શકાય છે.

- કંઈક જેનો "હુકમ આપવામાં આવ્યો છે" તે વાસ્તવિક બને, તેનો અર્થ એમ કે આ "ચોક્કસપણે થશે" અથવા "નક્કી કરેલું છે અને બદલાશે નહીં" અથવા "સંપૂર્ણપણે જાહેર કરો કે આ થશે."

(આ પણ જુઓ: આજ્ઞા, જાહેર, નિયમ, ઘોષણા)

## બાઈબલની કલમો :

- 1 કાળવૃતાંત 15:13-15
- 1 રાજા 8:57-58
- પ્રેરિતો 17:5-7
- દાનિયેલ 2:12-13
- એસ્તર 1:21-22
- લૂક 2:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H559, H633, H1697, H5715, H1504, H1510, H1881, H1882, H1696, H2706, H2708, H2710, H2711, H2782, H2852, H2940, H2941, H2942, H3791, H3982, H4055, H4406, H4941, H5407, H5713, H6599, H6680, H7010, H8421, G1378

# વિધિ, વિધિઓ

## વ્યાખ્યા:

વિધિએ સ્પષ્ટ લેખિત નિયમ છે જે લોકોને જીવવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

- “વિધિ” શબ્દ “વટહુકમ” અને “હુકમ” અને “નિયમ” અને “ફરમાન” ના સમાન અર્થમાં છે.

આ બધા શબ્દો સૂચનાઓ અને જરૂરિયાતો કે જે ઈશ્વર તેમના લોકોને આપે છે અથવા રાજકર્તાઓ તેમના લોકોને આપે છે તેનો સમાવેશ કરે છે.

- દાઉદ રાજાએ કહ્યું કે તેણે પોતાને યહોવાના વિધિઓમાં ઉલ્લાસી કર્યો.
- “વિધિ” શબ્દ નું અનુવાદ “સ્પષ્ટ હુકમ” અથવા “ખાસ ફરમાન” એમ પણ કરી શકાય.

(આ પણ જુઓ: હુકમ, ફરમાન, નિયમ, વટહુકમ, યહોવા)

## બાઈબલના સંદર્ભો:

- 1 રાજાઓ 11:11-13
- પુનર્નિયમ 6:20-23
- હઝકિયેલ 33:14-16
- ગણના 19:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H2706, H2708, H6490, H7010

# વિનાશ, વિનાશ કરવો, વિનાશ કર્યો

## વ્યાખ્યા:

કશાકનો "વિનાશ" કરવો એટલે કે બગાડવું, નાશ, અથવા નિરુપયોગી બનાવવું. "વિનાશ" અથવા "વિનાશ કરવો" શબ્દ જેનો નાશ કરવામાં આવ્યો છે તેના રોડાં અને બગડેલા કશાકના અવશેષનો ઉલ્લેખ કરે છે.

- સફાન્યા પ્રબોધક "વિનાશના દિવસ" તરીકે ઈશ્વરના કોપના દિવસ વિશે બોલ્યો કે જ્યારે જગતનો ન્યાય અને શિક્ષા કરવામાં આવશે.
- નીતિવચનનું પુસ્તક જણાવે છે કે વિનાશ અને નાશ જેઓ પાપીઓ છે તેઓની રાહ જુએ છે.
- સંદર્ભના આધારે, "વિનાશ" નો અનુવાદ "નાશ" અથવા "બગાડવું" અથવા "નિરુપયોગી બનાવવું" અથવા "તોડવું" તરીકે કરી શકાય.
- "વિનાશ" અથવા "વિનાશ કરવો" શબ્દનો અનુવાદ "રોડાં" અથવા "ખરાબ દશાની ઈમારતો" અથવા "નષ્ટ શહેર" અથવા "બરબાદી" અથવા "ભંગીત" અથવા "પાયમાલી" એમ સંદર્ભના આધારે કરી શકાય.

## બાઈબલના સંદર્ભો:

- 2 કાળુવૃતાંત 12:7-8
- 2 રાજાઓ 19:25-26
- પ્રે.કૃ. 15:15-18
- યશાયા 23:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H6, H1197, H1530, H1820, H1942, H2034, H2040, H2717, H2719, H2720, H2723, H2930, H3510, H3765, H3782, H3832, H4072, H4288, H4383, H4384, H4654, H4658, H4876, H4889, H5221, H5557, H5754, H5856, H6365, H7451, H7489, H7582, H7591, H7612, H7701, H7703, H7843, H8047, H8074, H8077, H8414, H8510, G2679, G2692, G3639, G4485

# વિપત્તિ

## વ્યાખ્યા:

"વિપત્તિ" શબ્દ હાડમારી, દુ:ખ અને વેદનાના સમયનો ઉલ્લેખ કરે છે.

- નવા કરારમાં સમજાવ્યું છે કે ખ્રિસ્તીઓ સતાવણી અને અન્ય પ્રકારની વિપત્તિના સમયમાં સહન કરશે કારણ કે આ જગતમાં ઘણા લોકો ઈસુના શિક્ષણનો વિરોધ કરે છે.
- "મહા વિપત્તિ" શબ્દ બાઇબલમાં ઈસુના બીજા આગમન પહેલાના સમય માટે વર્ણવવા ઉપયોગ કર્યો છે ત્યારે ઈશ્વરનો ક્રોધ ઘણા વર્ષો માટે પૃથ્વી પર રેડવામાં કરવામાં આવશે.
- " વિપત્તિ " શબ્દ "મહા દુ:ખનો સમય" અથવા “ઊડી વેદના”અથવા "ગંભીર મુશ્કેલીઓ" તરીકે ભાષાંતર કરી શકાય છે.

આ પણ જુઓ: પૃથ્વી, શીખવવું, ક્રોધ

## બાઇબલના સંદર્ભો:

- માર્ક 4:16-17
- માર્ક 13:17-20
- માથ્થી 13:20-21
- માથ્થી 24:9-11
- માથ્થી 24:29
- રોમન 2:8-9

## શબ્દ માહિતી:

- Strong's: H6869, G2346, G2347

# વિલાપ કરવો, વિલાપ કરે છે, વિલાપ કર્યો, વિલાપ, વિલાપ કરનાર, વિલાપ કરનારાઓ, શોકાતુર, શોકાતુર રીતે

## તથ્યો:

"વિલાપ કરવો" અને "વિલાપ" શબ્દો સામાન્ય રીતે કોઈના મરણ માટે ઊંડું દુઃખ વ્યક્ત કરવાનો ઉલ્લેખ કરે છે.

- ઘણી સંસ્કૃતિઓમાં, વિલાપ કરવામાં ખાસ બાહ્ય વર્તણૂકનો સમાવેશ થાય છે કે જે ઊંડો વિશાદ અને દુઃખ બતાવે છે.
- પ્રાચીન સમયમાં ઇઝરાયલીઓ અને બીજી લોકજાતિઓ મોટેથી રડીને તથા અફસોસ વ્યક્ત કરીને વિલાપ પ્રદર્શિત કરતી હતી.

તેઓ ટાટના જાડા વસ્ત્રો પણ પહેરતા અને માથા પર રાખ નાખતા હતા.

- ભાડે કરેલા વિલાપ કરનારાઓ, સામાન્ય રીતે સ્ત્રીઓ, મરણના સમયથી તે શબના દફન સુધી મોટેથી રડતા અને આક્રંદ કરતા.
- વિલાપનો સામાન્ય સમય સાત દિવસનો હતો, પણ ત્રીસ દિવસ સુધી (જેમ કે મૂસા અને હારુન માટે) અથવા તો સિત્તેર દિવસ સુધી (જેમ કે યાકૂબ માટે) પણ ચાલતો.
- પાપના કારણે "વિલાપ" વિષે બતાવવા બાઇબલ આ શબ્દનો ઉપયોગ પ્રતીકાત્મક રીતે પણ કરે છે.

આ બાબત હૃદયપૂર્વક દુઃખ અનુભવવાનો ઉલ્લેખ કરે છે કારણકે પાપ ઈશ્વરને અને લોકોને દુઃખ પહોંચાડે છે.

(આ પણ જૂઓ: ટાટ, પાપ)

## બાઇબલના સંદર્ભો:

- 1 શમુએલ 15:34-35
- 2 શમુએલ 1:11-13
- ઉત્પત્તિ 23:1-2
- લૂક 7:31-32
- માથ્થી 11:16-17

## શબ્દ માહિતી:

- Strong's: H56, H57, H60, H205, H578, H584, H585, H1058, H1065, H1068, H1669, H1671, H1897, H1899, H1993, H4553, H4798, H5092, H5098, H5110, H5594, H6937, H6941, H6969, H7300, H8386, G2354, G2875, G3602, G3996, G3997

# વિશ્વાસઘાત કરવો, દગો કરે છે, વિશ્વાસઘાત કર્યો, વિશ્વાસઘાત, દગો કરનાર, વિશ્વાસઘાતી, દગાખોરો

## વ્યાખ્યા:

"વિશ્વાસઘાત" શબ્દનો અર્થ, કોઈને છેતરવાનું કાર્ય અને ઈજા કરવી. " વિશ્વાસઘાતી" એવી વ્યક્તિ છે કે જે મિત્ર કે જે તેના પર ભરોસો રાખતો હતો તેને તે દગો કરે છે.

- યહૂદા "એક વિશ્વાસઘાતી" હતો કારણકે તેણે ઈસુને કેવી રીતે પકડવો તે વિશે યહૂદી આગેવાનોને સમજાવ્યું.

યહૂદા દ્વારા થયેલો દગો ખાસ પ્રકારની ભૂંડાઈ હતી, કારણકે તે ઇસુનો પ્રેરિત હતો કે જેણે યહૂદી આગેવાનોને માહિતી આપવા માટે પૈસાની લેવડ દેવડ કરી કે જે પરિણામે ઈસુનું અન્યાયી રીતે મૃત્યુ થયું.

## ભાષાંતરના સુચનો:

- સંદર્ભ પ્રમાણે "વિશ્વાસઘાત" શબ્દનું ભાષાંતર "છેતરવું અને ઇજાનું કારણ બનવું" અથવા "દુશ્મનને સોંપી દેવું" અથવા "કરડાઈથી વર્તવું" એમ થઇ શકે છે.
- "વિશ્વાસઘાતી" શબ્દનું ભાષાંતર "વ્યક્તિ કે જે વિશ્વાસઘાત કરે છે" અથવા "બે બાજુ બોલનાર" અથવા "વિશ્વાસઘાતી" એમ થઇ શકે છે.

(આ પણ જુઓ : યહૂદા ઈશ્કરિયોત, યહૂદી આગેવાનો, પ્રેરિત)

## બાઈબલની કલમો :

- પ્રેરિતો 7:51-53
- યોહાન 6:64-65
- યોહાન 13:21-22
- માથ્થી 10:2-4
- માથ્થી 26:20-22

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **21:11** બીજા પ્રબોધકો એ ભાખ્યું હતું કે જેઓએ મસીહને મારી નાખશે તેઓ તેના વસ્ત્રો માટે જુગાર રમશે અને તે તેના મિત્ર દ્વારા **દગો પામશે**." ઝખાર્યા પ્રબોધકે ભાખ્યું કે તે મસીહ **પકડાવવા** માટે તેના મિત્રને ચાંદીના ત્રીસ સિક્કા ચૂકવવામાં આવશે.
- **38:2** ઈસુ અને તેના શિષ્યો યરૂશાલેમમાં પહોંચ્યા પછી, યહૂદાએ પૈસાના બદલે ઈસુને **પરસ્વાધિન** કરાવવા માટે યહૂદી આગેવાનો પાસે ગયો.
- **38:3** મુખ્ય યાજક દ્વારા દોરાવણી પામીને યહૂદી આગેવાનોએ ઈસુને **પકડવા** માટે યહૂદાને ચાંદીના ત્રીસ સિક્કા આપ્યા.
- **36:6** પછી ઈસુએ શિષ્યોને કહ્યું, "તમારામાંનો એક મને **પરસ્વાધીન** કરશે." ઈસુએ કહ્યું કે "જે વ્યક્તિને હું રોટલીનો ટુકડો આપીશ તે **વિશ્વાસઘાતી** છે."
- **38:13** જયારે તે ત્રીજી વાર પાછો આવ્યો, ઈસુએ કહ્યું, "ઉઠો"

મને **પરસ્વાધિન કરનાર** અહીં છે."

- **38:14** પછી ઈસુએ કહ્યું, "યહૂદા, શું તું મને ચુંબનથી **પરસ્વાધીન** કરીશ?"
- **39:8** તે દરમ્યાન, યહૂદા, **વિશ્વાસઘાતીએ**, જોયું કે યહૂદી આગેવાનોએ ઈસુને દોષિત ઠરાવી મારી નાખવાવા સારું સોંપ્યો છે. તે ગમગીન બન્યો અને તેણે બહાર જઈને આત્મહત્યા કરી.

## શબ્દ માહિતી:

- Strong's: H7411, G3860, G4273

# વિષય/આધીન, ને આધીન રેહવું, તાબેદારી/અધીનતા

## તથ્યો:

જો બીજો વ્યક્તિ પ્રથમ વ્યક્તિ પર અધિકાર ચલાવે તો એ વ્યક્તિ બીજા વ્યક્તિને “આધીન” છે. "ને આધીન રહેવું" એટલે કે "આજ્ઞા પાળો" અથવા "ની સત્તાને આધીન થવું.”

- "જે આધીન છે" તે શબ્દનો અર્થ, લોકો આગેવાન અથવા શાસકના સત્તા હેઠળ હોય, તેવો થાય છે.
- "કોઈના માટે કોઈ" એટલે તે વ્યક્તિને કંઈક નકારાત્મક, જેમ કે સજા તરીકે અનુભવ કરાવવાનું કારણ બનવું.
- કેટલીકવાર"વિષય" શબ્દનો ઉપયોગ કોઈ વિષય પર અથવા વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે થાય છે, જેમ કે, "તમે ઉપહાસનો વિષય હશો."
- શબ્દસમૂહ "ને આધીન હોવું" નો અર્થ એ થાય કે "આધીન રહો" અથવા "તાબે થવું."

(આ પણ જુઓ :તાબે થવું)

## બાઈબલનાસંદર્ભો:

- 1 કોરીંથી 2:14-16
- 1 રાજાઓ 4:5-6
- 1 પિતર 2:18-20
- હિબ્રૂ 2:5-6
- નીતિવચનો 12:23-24

## શબ્દ માહિતી:

- Strong's: H1697, H3533, H3665, H4522, H5647, H5927, G350, G1379, G1396, G1777, G3663, G5292, G5293

# વીંધવું, વીંધે છે, વીંધ્યું, વીંધતું

## વ્યાખ્યા:

"વીંધવું" શબ્દનો અર્થ કોઈ તીક્ષ્ણ અણીદાર વસ્તુથી કશાકને ભોંકવું એવો થાય છે. કોઈ વ્યક્તિને ઊંડું ભાવનાત્મક દુઃખ પહોંચાડવાનો ઉલ્લેખ કરવા તેનો પ્રતિકાત્મક ઉપયોગ પણ કરવામાં આવે છે.

- જ્યારે ઈસુ વધસ્તંભે જડાયેલા હતા ત્યારે એક સૈનિકે તેમની કૂખ વીંધી હતી.
- બાઇબલના સમયોમાં, જે ગુલામને મુક્ત કરવામાં આવતો હતો તે તેના માલિક માટે કામ કરવાનું ચાલુ રાખવાનું પસંદ કરે છે તેની નિશાનીરૂપે તેનો કાન વીંધવામાં આવતો હતો.
- જ્યારે શિમયોને મરિયમને કહ્યું કે તલવાર તેના હૃદયને વીંધશે ત્યારે તે પ્રતિકાત્મક રીતે બોલ્યો હતો કે જેનો અર્થ થતો હતો કે તેના પુત્ર ઈસુને જે થશે તેનાથી મરિયમને ઊંડું દુઃખ થશે.

(આ પણ જૂઓ: વધસ્તંભ, ઈસુ, દાસ, શિમયોન)

## બાઇબલના સંદર્ભો:

- અયૂબ 16:13-14
- અયૂબ 20:23-25
- યોહાન 19:36-37
- ગીતશાસ્ત્ર 22:16-17

## શબ્દ માહિતી:

- Strong's: H935, H1856, H2342, H2490, H2491, H2944, H3738, H4272, H5181, H5344, H5365, H6398, G1330, G1338, G1574, G2660, G3572, G4044, G4138

# વીણા, વીણાઓ, વીણાવગાડનાર, વીણા વગાડનારા

## વ્યાખ્યા:

વીણા એ તારોથી બનેલુ સંગીતનું સાધન છે, કે જે સામાન્ય રીતે ઉભા તારો સાથે મોટા ખુલ્લા આકારના માળખા સાથે બનેલું હોય છે.

- બાઈબલના સમયમાં, વીણા અને અન્ય સંગીતના સાધનો બનાવવા માટે દેવદારના લાકડાનો ઉપયોગ કરવામાં આવતો હતો.
- મોટેભાગે વીણાને હાથમાં રાખવામાં આવતા હતા અને તેને જયારે ચાલતા હોય ત્યારે વગાડવામાં આવતી.
- બાઈબલમાં ઘણી જગ્યાઓમાં, વીણાઓનો સાધનો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જે દેવ આરાધના અને સ્તુતિ માટે વાપરવામાં આવતા હતા.
- દાઉદે વીણા સંગીતને બંધબેસતા કેટલાક ગીતો લખ્યા છે.
- તેણે શાઉલ રાજા માટે, તેને હેરાન કરતા આત્માથી શાંત કરવા પણ વીણા વગાડી.

(આ પણ જુઓ: દાઉદ, કાષ્ટનું વૃક્ષ, ગીત, [શાઉલ])

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 15:16-18
- આમોસ 5:23-24
- દાનિયેલ 3:3-5
- ગીતશાસ્ત્ર 33:1-3
- પ્રકટીકરણ 5:8

## શબ્દ માહિતી:

- Strong's: H3658, H5035, H5059, H7030, G2788, G2789, G2790

# વેદના

## વ્યાખ્યા:

“વેદના” શબ્દ તીવ્ર દુ:ખ અથવા આપત્તિ દર્શાવે છે.

- “વેદના” શારીરિક અથવા ભાવનાત્મક દુ:ખ અથવા વેદના હોઈ શકે.
- જે લોકોને બહુ વેદના થાય છે, તેઓના ચહેરા અને વર્તનમાં દેખાય આવે છે.
- દાખલા તરીકે, જયારે વ્યક્તિ ખુબજ દુ:ખ અથવા વેદનામાં હોય ત્યારે તે પોતાના દાંત પીસે અથવા રુદન કરે છે.
- “વેદના” શબ્દનું ભાષાંતર “ભાવનાત્મક વેદના” અથવા “ઊંડું દુ:ખ” અથવા “ખુબજ દુ:ખ” થઇ શકે છે.

## બાઈબલની કલમો:

- યર્મિયા 6:23-24
- યર્મિયા 19:6-9
- અયૂબ 15:22-24
- લૂક 16:24
- ગીતશાસ્ત્ર 116:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H2342, H2479, H3708, H4164, H4689, H4691, H5100, H6695, H6862, H6869, H7267, H7581, G928, G3600, G4928

# વેર, વેર લે છે, વેર લીધું, વેર લેવું, વેર લેનાર, વેર વાળવું, બદલો

## વ્યાખ્યા:

"વેર" અથવા "વેર લેવું" અથવા "બદલો વાળી આપવો" કોઈને તેને કરેલા નુકસાનને પાછું ભરી આપવાની સજા છે. વેર લેવાનું કામ અથવા વેર લેવું તે "બદલો" છે. સામાન્ય રીતે "વેર" નો ઉદ્દેશ ન્યાય મેળવી, ખોટને સુધારવું (રોકવું). "બદલો લેવો" અથવા "વેર લેવું" તે અભિવ્યક્તિ દર્શાવે છે, કે સામાન્ય રીતે જે વ્યક્તિએ નુકસાન કર્યું તેને તે પ્રમાણે કરી પાછું વાળી આપવું.

- જયારે દેવ "બદલો લે છે" અથવા "બદલો વાળી આપે છે," તે એક ન્યાયી તરીકે કાર્ય છે, કારણકે તે પાપ અને બળવાની સજા કરે છે.

## ભાષાંતરના સુચનો:

- "વેર" ની અભિવ્યક્તિનું ભાષાંતર, "ખોટું રોકવું" અથવા "બીજા માટે ન્યાય મેળવવો" એમ થઇ શકે છે.
- જયારે "બદલો લેવો," તે માનવજાત માટે વપરાય છે, ત્યારે તેનું ભાષાંતર "પાછા ભરી આપવું" અથવા "દુઃખ આપીને સજા કરવી" અથવા "બદલો વાળવો" એમ થઇ શકે છે.
- સંદર્ભ પ્રમાણે "વેર" શબ્દનું ભાષાંતર "સજા" અથવા "પાપની શિક્ષા" અથવા "ખોટું કર્યાની કિંમત ચૂકવવી" એમ થઇ શકે છે.

જો આ શબ્દ નો અર્થ "વેરની વસૂલાત" થાય છે, તો એનો ઉપયોગ ફક્ત માણસજાત માટે જ થાય છે.

- જયારે દેવ કહે છે, "મારે બદલો લેવો છે," તેનું ભાષાંતર "મારી વિરુદ્ધ ગયાથી તેમને સજા થાય છે" અથવા "તેઓએ મારી વિરુદ્ધ પાપ કર્યું છે તેના કારણે તેમના પર ખરાબ બિના બની રહી છે" એમ થઇ શકે છે.
- જ્યારે દેવના બદલાની વાત થાય છે, ત્યારે તે સ્પષ્ટ ખાતરી કરવી કે દેવ ન્યાયી બની વ્યક્તિને પાપની સજા કરે છે.

(આ પણ જુઓ: સજા, યોગ્ય, ન્યાયી)

## બાઈબલની કલમો:

- 1 શમુએલ24:12-13
- હઝકિએલ 25:15-17
- યશાયા 47:3-5
- લેવીય 19:17-18
- ગીતશાસ્ત્ર 18:46-47
- રોમન 12:19-21

## શબ્દ માહિતી:

- Strong's: H1350, H3467, H5358, H5359, H5360, H6544, H6546, H8199, G1349, G1556, G1557, G1558, G2917, G3709

## વેરો, વેરા, કર લાદયો, કરચોરી, કરપદ્ધતિ, કરદાતાઓ, દાણી, દાણીઓ,

### વ્યાખ્યા:

" કરવેરો " અને " કરવેરા " શબ્દો નાણાં અથવા માલનો ઉલ્લેખ કરે છે કે જે લોકો તેમના પર સત્તા ધરાવતી સરકારને ચૂકવે છે. " દાણી " એક સરકારી કર્મચારી હતો, જેમનું કામ લોકોએ કરવેરામાં સરકારને જે નાણાં ચૂકવવાની જરૂર હતી એ નાણાં મેળવવાનું હતું .

- નાણાંની રકમ કર તરીકે ચૂકવવામાં આવે છે તે સામાન્ય રીતે વસ્તુની કિંમત પર અથવા વ્યક્તિની મિલકત કેટલી મૂલ્યની છે તેના પર આધારિત હોય છે.
- ઈસુ અને પ્રેરિતોના સમયમાં, રોમન સામ્રાજ્યમાં રહેલા દરેકને રોમન સરકારનો કર ચૂકવવો જરૂરી હતો, જેમાં યહૂદીઓનો પણ સમાવેશ થાય છે.
- જો કર ચૂકવવામાં ન આવે તો, સરકાર તે વ્યક્તિને નાણાં મેળવવા માટે કાનૂની કાર્યવાહી કરી શકે છે.
- રોમન સામ્રાજ્યમાં રહેતા દરેકને કર વસૂલવા માટે વસતી ગણતરીમાં યુસફ અને મરિયમ બેથલહેમમાં ગયા.
- "કર" શબ્દનો અનુવાદ પણ "જરૂરી ચુકવણી" અથવા "સરકારી નાણાં" અથવા "મંદિરનાં નાણાં" તરીકે સંદર્ભ આધારિત કરી શકાય છે.
- "કર ચૂકવવા" નો અનુવાદ "સરકારને નાણાં ચૂકવવા" અથવા "સરકાર માટે નાણાં મેળવવા" અથવા "જરૂરી ચુકવણી કરવી" તરીકે પણ અનુવાદિત થઈ શકે છે.

"કર એકત્રિત કરવો" નું ભાષાંતર "સરકાર માટે નાણાં પ્રાપ્ત કરો" કરી શકાય છે.

- “દાણી " એ એવી વ્યક્તિ છે જે સરકાર માટે કામ કરે છે અને માટે લોકોને જે નાણાં ચૂકવવાની જરૂર છે તે નાણાં મેળવે છે.
- જે લોકો રોમન સરકાર માટે કર ઉઘરાવતાહતા તેઓ સરકારને જરૂર હોય તે કરતાં વધારે નાણાં લોકો પાસેથી માગતા હતા.

દાણીઓ તેમના માટે વધારે રકમ રાખી મુક્તા હતા. કારણકે દાણીઓ આ રીતે લોકોને છેતરતા હતા, તેથી યહૂદીઓ તેમને સૌથી ખરાબ પાપીઓ ગણતા હતા.

- યહુદીઓએ યહુદી દાણીઓને પોતાના લોકો માટે દેશદ્રોહી ગણાવ્યા હતા કારણ કે તેઓ રોમન સરકાર માટે કામ કરતા હતા, જે યહૂદી લોકો પર દમન કરતા હતા.
- “દાણીઓ અને પાપીઓ” શબ્દસમૂહ નવા કરારમાં સામાન્ય અભિવ્યક્તિ હતી જે યહુદીઓ કેટલું ધિકકારતા હતા તે બતાવે છે.

(આ પણ જૂઓ:

યહુદી, રોમ, પાપ,)

### બાઇબલ સંદર્ભો

- લુક 20:21-22
- માર્ક 2:13-14
- માથ્થી 9:7-9
- ગણના 31:28-29
- રોમન 13:6-7
- લુક 3:12-13
- લુક 5: 12-13
- માથ્થી 5:46-48
- માથ્થી 9:10-11
- માથ્થી 11:18-19
- માથ્થી 17:26-27
- માથ્થી 18:17

### બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

34:6 તેણે કહ્યું, "બે માણસો પ્રાર્થના કરવા મંદિરમાં ગયા. તેમાંના એક દાણી હતો અને અન્ય એક ધાર્મિક આગેવાન હતો." 34:7 "ધાર્મિક આગેવાને આ પ્રમાણે પ્રાર્થના કરી, 'ઈશ્વર આપનો આભાર કે હું બીજા માણસો જેવો જેમ કે લૂંટારાઓ, અન્યાયીઓ, વ્યભિચારીઓ, કે તે દાણી જેવો પણ. પાપી નથી.” 34:9 "પરંતુ દાણી ધાર્મિક આગેવાન થી દૂર ઊભોરહીને, આકાશ તરફ નજર ઊચી ન કરી. એના બદલે, તેમણે પોતાની છાતી કૂટતા પ્રાર્થના કરી, 'હે ઈશ્વર, મારા પર દયા કરો, કારણ કે હું પાપી છું.' 34:10 પછી ઈસુએ કહ્યું, "હું તમને સત્ય કહું છું, દેવે દાણીની પ્રાર્થના સાંભળી અને તેને ન્યાયી ઠરાવ્યો." 35:1 એક દિવસ, ઈસુ ઘણા દાણીઓ અને બીજા પાપીઓ તેનું સાંભળવાને ભેગા થયા હતા તેઓને શીખવતા હતા.

## શબ્દ માહિતી:

- Tax Collector: Strong's: H5065, H5674, G5057, G5058

# વેલો, વેલા

## વ્યાખ્યા:

"વેલો" શબ્દ એ એક છોડને દર્શાવે છે જે જમીનની સાથે અથવા વૃક્ષો અને અન્ય માળખાઓ ચડતાં વધતો જાય છે. બાઇબલમાં "વેલો" શબ્દનો ઉપયોગ ફળદાયક વેલાને માટે થાય છે અને સામાન્ય રીતે દ્રાક્ષવેલાનો ઉલ્લેખ કરે છે.

- બાઇબલમાં, "વેલો" શબ્દનો અર્થ હંમેશા "દ્રાક્ષવેલો" થાય છે.
- દ્રાક્ષની ડાળીઓ મુખ્ય થડ સાથે જોડાયેલ છે જે તેમને પાણી અને અન્ય પોષક તત્વો આપે છે જેથી તેઓ વૃધ્ધિ કરી શકે.
- ઈસુએ પોતાને "દ્રાક્ષાવેલો" કહ્યા અને પોતાના લોકોને "ડાળીઓ" કહ્યા.

આ સંદર્ભમાં, "વેલો" શબ્દને "દ્રાક્ષવેલાનું થડ" અથવા "દ્રાક્ષના છોડનો દાંડો" તરીકે ભાષાંતર કરી શકાય છે.)જુઓ: રૂપક આ પણ જુઓ: દ્રાક્ષ, દ્રાક્ષવાડી)

## બાઇબલ સંદર્ભો

- ઉત્પત્તિ 40:9-11
- ઉત્પત્તિ 49:11-12
- યોહાન 15:1-2
- લૂક 22:17-18
- માર્ક 12:1-3
- માથ્થી 21:35-37

## શબ્દ માહિતી:

- Strong's: H5139, H1612, H8321, G288, G290, G1009, G1092

# વેશ્યા, વેશ્યાવૃત્તિ કરી, વેશ્યાઓ, ગણિકા, વેશ્યાવૃત્તિ કરી

## વ્યાખ્યા:

"વેશ્યા" અને "ગણિકા" બંને શબ્દો પૈસા માટે કે ધાર્મિક ક્રિયાકાંડો માટે જાતીય વ્યવહાર કરનાર વ્યક્તિનો ઉલ્લેખ કરે છે. વેશ્યાઓ તથા ગણિકાઓ સામાન્ય રીતે સ્ત્રીઓ હતી, પણ કેટલાક પુરુષો પણ હતા.

- બાઇબલમાં, "વેશ્યા" શબ્દ જૂઠા દેવની પૂજા કરનાર કે જાદુક્રિયા આચરનાર વ્યક્તિનો ઉલ્લેખ કરવા કેટલીક વાર પ્રતિકાત્મક રીતે વપરાયો છે.
- "વેશ્યાવૃત્તિ કરવી" અભિવ્યક્તિનો અર્થ જાતીય રીતે અનૈતિક બની ગણિકા જેવો વ્યવહાર કરવો એવો થાય છે.

બાઇબલમાં આ અભિવ્યક્તિનો ઉપયોગ મૂર્તિઓની પૂજા કરનાર વ્યક્તિનો ઉલ્લેખ કરવા પણ થયો છે.

- કોઈ બાબત સાથે "જાતે વેશ્યાવૃત્તિ કરવી" નો અર્થ જાતીય રીતે અનૈતિક હોવું અથવા પ્રતિકાત્મક રીતે વપરાય તો જૂઠા દેવોની પૂજા કરવા દ્વારા ઈશ્વરને અવિશ્વાસુ હોવું તેવો થાય છે.
- પ્રાચીન સમયોમાં, કેટલાક અધર્મી મંદિરો પોતાના ક્રિયાકાંડોના ભાગરૂપે પુરુષ અને સ્ત્રી વેશ્યાઓનો ઉપયોગ કરતા હતા.
- આ શબ્દનો અનુવાદ જે ભાષામાં બાઇબલનો અનુવાદ કરવામાં આવે છે તે ભાષામાં વપરાતા શબ્દ કે શબ્દસમૂહ દ્વારા કરી શકાય કે જે વેશ્યાનો ઉલ્લેખ કરતો હોય.

કેટલીક ભાષાઓમાં આને માટે વપરાતો સૌમ્યોક્તિ શબ્દ હોય શકે.

(આ જૂઓ: સૌમ્યોક્તિ)

(આ જૂઓ: વ્યભિચાર, જૂઠો દેવ, જાતીય અનૈતિક્તા, જૂઠો દેવ)

## બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 34:30-31
- ઉત્પત્તિ 38:21-23
- લૂક 15:28-30
- માથ્થી 21:31-32

## શબ્દ માહિતી:

- Strong's: H2154, H2181, H2183, H2185, H6945, H6948, H8457, G4204

# વૈભવ

## વ્યાખ્યા:

“વૈભવ” શબ્દ ઉચ્ચ સુંદરતા અને લાવણ્યનો ઉલ્લેખ કરે છે કે જે ઘણીવાર સંપત્તિ અને ભવ્ય દેખાવ સાથે સંકળાયેલ હોય છે.

- ઘણીવાર રાજા પાસે જે સંપત્તિ છે અથવા તેના ખર્ચાળ, સુંદર શણગારમાં તે કેવો લાગે છે તે વર્ણવવા વૈભવનો ઉપયોગ થાય છે.
- “વૈભવ” શબ્દનો ઉપયોગ વૃક્ષની, પહાડોની અને વસ્તુઓ કે જે ઈશ્વરે સર્જી છે તેની સુંદરતા વર્ણવવા પણ થાય છે.
- ચોક્કસ શહેરો તેમના કુદરતી સંસાધનો, કાળજીપૂર્વક તૈયાર કરેલા બાંધકામ અને રસ્તાઓ, અને તેમના લોકોની સંપત્તિ, જે કિંમતી વસ્ત્ર, સોના અને ચાંદીનો સમાવેશ કરે છે તેને કારણે તેમનો વૈભવ છે એમ કહેવાય છે.
- સંદર્ભને આધારે, આ શબ્દનો ઉપયોગ “ભવ્ય સુંદરતા” અથવા “અદ્દભુત પ્રતિભા” અથવા બાદશાહી મહાનતા” તરીકે કરી શકાય.

(આ પણ જુઓ: મહિમા, રાજા, ગૌરવ)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 16:25-27
- નિર્ગમન 28:1-3
- હઝકિયેલ 28:6-7
- લૂક 4:5-7
- ગીતશાસ્ત્ર 89:44-45
- પ્રકટીકરણ 21:26-27

## શબ્દ માહિતી:

- Strong's: H1925, H1926, H1927, H1935, H2091, H2122, H2892, H3314, H3519, H6643, H7613, H8597

# વૈરી, વૈરીઓ, દુશ્મન, દુશ્મનો

## વ્યાખ્યા:

"વૈરી" એક એવો વ્યક્તિ છે, જે કોઈ વ્યક્તિનો કે કોઈ બાબતનો વિરોધ કરે છે. "દુશ્મન" શબ્દનો પણ એજ પ્રમાણે અર્થ થાય છે.

- "વૈરી" એક એવો વ્યક્તિ હોઈ શકે, જે તમારો વિરોધ અને તમને નુકશાન કરવા પ્રયત્ન કરે છે.
- જયારે બે દેશો એકબીજા સાથે લડે છે ત્યારે તેમને એકબીજાના "વૈરી" કહેવામાં આવે છે.
- બાઈબલમાં શેતાનને "વૈરી" અને "દુશ્મન" તરીકે દર્શાવામાં આવ્યો છે.
- વૈરી શબ્દનું ભાષાંતર "વિરોધી" અથવા "દુશ્મન" થઇ શકે છે, પણ આ એક વધુ મજબુત પ્રકારનો વિરોધી દર્શાવે છે.

(જુઓ: શેતાન)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 5:14-16
- યશાયા 9: 11-12
- અયુબ 6: 21-23
- યર્મિયાનો વિલાપ 4:12-13
- લૂક 12: 57-59
- માથ્થી 13: 24-26

## શબ્દ માહિતી:

- Strong's: H341, H6146, H6887, H6862, H6965, H7790, H7854, H8130, H8324, G476, G480, G2189, G2190, G4567, G5227

# વ્યથિત, દમન, પીડિત, દુઃખ, પીડા, પીડાઓ

## વ્યાખ્યા:

"પીડિત" શબ્દનો અર્થ એ થાય છે કે કોઈને તકલીફ અથવા દુઃખ આપવું. "દુઃખ" એક રોગ, ભાવનાત્મક પીડા, અથવા પીડા દ્વારા પેદા થતી બીજી કોઈ હોનારત છે.

- ઈશ્વર તેના લોકોને બિમારી તથા હાડમારીથી પીડિત કરે છે જેથી તેઓ પાપનો પસ્તાવો કરે અને પોતાના પાપથી પાછા ફરે.
- જયારે મિસરના રાજાએ ઈશ્વરની આજ્ઞા માનવાની અવગણના કરી ત્યારે ઈશ્વર પીડા અને મરકી મોકલી.
- "પીડિત થવું" એનો અર્થ એવો થાય કે રોગ, સતાવણી, અથવા માનસિક દુઃખ દ્વારા પીડા પામવી.

## ભાષાંતર માટે સૂચનો:

- બીજા કોઈને પીડા આપવી એનું ભાષાંતર એમ થાય કે "બીજા કોઈને મુશ્કેલીનો અનુભવ કરાવવો" અથવા "બીજા કોઈને દુઃખ આપવું" અથવા "કોઈ પર દુઃખ લાવવું."
- બીજા સંદર્ભમાં "પીડા આપવી" એનું ભાષાંતર એમ થાય કે "થવા દેવું" અથવા "આવવા દેવું" અથવા "દુઃખ લાવવું."
- "કોઈની પર કોઢ લાવવો" એ શબ્દનું ભાષાંતર એમ થઈ શકે કે "કોઈની પર કોઢનો રોગ લાવવો."
- જયારે કોઈ વ્યક્તિ અથવા પ્રાણી પર "દુઃખ" મોકલવામાં આવે એ શબ્દનું ભાષાંતર એમ થઈ શકે કે "તેના પર દુઃખ આણવું."
- સંદર્ભ પ્રમાણે "દુઃખ" શબ્દનો અર્થ "હોનારત" અથવા "બિમારી" અથવા "રોગ" અથવા "ભારે પીડા" થઈ શકે છે.
- "દુખિત" શબ્દનો અર્થ "કોઇથી દુખિત થવું" અથવા "બિમાર થયેલ" થઈ શકે છે.

(જુઓ: કોઢ, મરકી, દુઃખ)

## બાઈબલની કલમો:

- 2 થેસ્સાલોનીકી 1: 6-8
- આમોસ 5:12-13
- કલોસી 1: 24-27
- નિર્ગમન 22: 22-24
- ઉત્પત્તિ 12: 17-20
- ઉત્પત્તિ 15:12-13
- ઉત્પત્તિ 29: 31-32

## શબ્દ માહિતી:

- Strong's: H205, H1790, H3013, H3905, H3906, H4157, H4523, H6031, H6039, H6040, H6041, H6862, H6869, H6887, H7451, H7489, H7667, G2346, G2347, G2552, G2553, G2561, G3804, G4777, G4778, G5003

# વ્યર્થ, મિથ્યાભિમાન

## વ્યાખ્યા:

આ "વ્યર્થ" શબ્દ કંઈક નકામું છે અથવા કોઈ હેતુ નથી તેવું વર્ણવે છે. વ્યર્થ વસ્તુઓ ખાલી અને નકામી છે.

- શબ્દ "મિથ્યાભિમાન" નો અર્થ નકામું અથવા ખાલીપણું છે. તે ગર્વિષ્ઠ અથવા ઘમંડનો પણ ઉલ્લેખ કરી શકે છે.
- જૂના કરારમાં, મૂર્તિઓને નિરર્થક વસ્તુઓ તરીકે વર્ણવવામાં આવી છે જે બચાવી અથવા સાચવી શકતી નથી. તેઓ નકામી છે અને તેનો કોઈ ઉપયોગ અથવા હેતુ નથી.
- જો કંઈક " વ્યર્થ " કરવામાં આવ્યું હતું, તો તેનો અર્થ એ કે તેનાથી કોઈ સારા પરિણામ આવવાનનાં ન હતાં. પ્રયત્ન અથવા ક્રિયા કંઈપણ પૂર્ણ કરી શકતી નહીં.
- ' વ્યર્થમાં માનવું ' એટલે જે સાચું નથી તે માનવું અને તે ખોટી આશા આપે છે

## અનુવાદ માટેનાં સૂચનો:

- સંદર્ભ પર આધાર રાખીને, " વ્યર્થ " શબ્દનું "ખાલી" અથવા "નકામી" અથવા "નિરાશાજનક" અથવા "નાલાયક" અથવા "અર્થહીન." તરીકે ભાષાંતર કરી શકાય છે.
- શબ્દ " વ્યર્થ " નો અનુવાદ "પરિણામ વગર" અથવા "કોઈ પરિણામ વિના" અથવા "કોઈ કારણ વિના" અથવા "કોઈ હેતુ વગર" તરીકે કરી શકાય છે.
- શબ્દ "મિથ્યાભિમાન" નું ભાષાંતર "ગર્વ" અથવા "યોગ્ય નથી" અથવા "નિરાશા" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: જૂઠા દેવ, લાયક)

## બાઈબલ સંદર્ભો

- 1 કોરિંથી 15:1-2
- 1 શમુએલ 25:21-22
- 2 પિતર 2:17-19
- યશાયાહ 45:19
- યર્મિયા 2:29-31
- માથ્થી 15:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H205, H1891, H1892, H2600, H3576, H5014, H6754, H7307, H7385, H7386, H7387, H7723, H8193, H8267, H8414, G945, G1432, G1500, G2755, G2756, G2757, G2758, G2761, G3150, G3151, G3152, G3153, G3154, G3155

# શપથ, સમ ખાવા, સમ ખાય છે, સમ ખાતું, ના સમ ખાવા, ના સમ ખાય છે

### વ્યાખ્યા:

બાઇબલમાં, શપથ એ કંઇક કરવાનું ઔપચારિક વચન છે. શપથ લેનાર વ્યક્તિએ તે વચનને પૂરું કરવું જરૂરી હોય છે. શપથમાં વિશ્વાસુ અને સાચા હોવાનું સમર્પણ સમાયેલું હોય છે.

- કાનૂની અદાલતમાં, એક સાક્ષી ઘણી વાર શપથ લે છે જેમાં તે સાચું અને વાસ્તવિક બોલવાનું વચન આપે છે.
- બાઇબલમાં, "સમ ખાવા" નો અર્થ શપથ લેવા એવો છે.
- "ના સમ ખાવા" શબ્દનો અર્થ કોઈક વસ્તુ કે વ્યક્તિના નામનો ઉપયોગ આધાર અથવા તો શક્તિ તરીકે કરવો એમ થાય છે કે જેના પર શપથ આધારિત છે.
- ઘણી વાર આ શબ્દો સાથે વપરાય છે, જેમ કે "પ્રતિજ્ઞાના શપથ લેવા".
- જ્યારે ઇબ્રાહિમ અને અબીમેલેખે એક કૂવાના ઉપયોગ સંબંધી કરાર કર્યો ત્યારે તેમણે સમ ખાધા હતા.
- ઇબ્રાહિમે તેના દાસને સમ ખવડાવ્યા (ઔપચારિક વચન લીધું) કે તે ઇબ્રાહિમના સગાંઓમાંથી ઇસહાક માટે પત્ની શોધશે.
- ઈશ્વરે પણ શપથ લીધા કે જેમાં તેઓએ તેમના લોકોને વચનો આપ્યાં.
- અંગ્રેજી શબ્દ "સ્વેર"નો આધુનિક અર્થ "ગંદી ભાષા બોલવી" એવો થાય છે.

બાઇબલમાં તેનો અર્થ આવો નથી.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "શપથ" નો અનુવાદ "પ્રતિજ્ઞા" અથવા તો "ગંભીર વચન" તરીકે પણ કરી શકાય.
- "સમ ખાવા" નો અનુવાદ "ઔપચારિક રીતે વચન આપવું" અથવા તો "પ્રતિજ્ઞા" લેવી અથવા તો "કશુંક કરવાનું સમર્પણ કરવું" તરીકે કરી શકાય.
- "મારા નામમાં સમ ખાવા" ના બીજા અનુવાદો કરવામાં "શપથની પુષ્ટિ કરવા મારું નામ લઈને વચન આપવું" નો સમાવેશ થઇ શકે છે.
- "સ્વર્ગ અને પૃથ્વીના સમ ખાવા" નો અનુવાદ "કશુંક કરવા વચન આપવું કે જેની પુષ્ટિ સ્વર્ગ તથા પૃથ્વી કરશે" એ રીતે પણ કરી શકાય.
- ધ્યાન રાખો કે "સમ" તથા "શપથ" નો અનુવાદ ગાળો બોલવાનો ઉલ્લેખ ન કરે.

બાઇબલમાં તેઓનો અર્થ એવો થતો નથી.

(આ પણ જૂઓ: અબીમેલેખ, કરાર, પ્રતિજ્ઞા)

### બાઇબલના સંદર્ભો:

- ઉત્પત્તિ 21:22-24
- ઉત્પત્તિ 24:1-4
- ઉત્પત્તિ 31:51-53
- ઉત્પત્તિ 47:29-31
- લૂક 1:72-75
- માર્ક 6:26-29
- માથ્થી 5:36-37
- માથ્થી 14:6-7
- માથ્થી 26:71-72

### શબ્દ માહિતી:

- Strong's: H422, H423, H3027, H5375, H7621, H7650, G332, G3660, G3727, G3728

# શબ્દ, શબ્દો

## વ્યાખ્યા:

"શબ્દ" એવી કોઈ બાબતનો ઉલ્લેખ કરે છે જે કોઈએ કહ્યું છે

- આનું ઉદાહરણ હતું કે જ્યારે દૂતે ઝખાર્યાહને કહ્યું હતું કે, "તમે મારા શબ્દો પર વિશ્વાસ ન કર્યો," તો એનો અર્થ એ થયો કે, "મેં જે કહ્યું તે તમે માનતા નહોતા."

આ શબ્દ લગભગ હંમેશાં સમગ્ર સંદેશ, ફક્ત એક શબ્દ નહીં, ઉલ્લેખ કરે છે.

- ક્યારેક "શબ્દ" સામાન્ય રીતે ભાષણને સંદર્ભિત કરે છે, જેમ કે "શબ્દ અને કૃત્યોમાં શક્તિશાળી" જેનો અર્થ છે "વાણી અને વર્તનમાં શક્તિશાળી."
- ઘણી વાર બાઇબલમાં "શબ્દ" શબ્દ જેનો અર્થ "દેવના વચન" અથવા "સત્યના વચન" પ્રમાણે થાય છે.
- આ શબ્દનો એક ખાસ ઉપયોગ છે જ્યારે ઇસુને "શબ્દ" કહેવામાં આવે છે.

આ છેલ્લા બે અર્થો માટે, જુઓ ઈશ્વરનું વચન

## અનુવાદ માટેનાં સૂચનો:

- "શબ્દ" અથવા "શબ્દો" નો અનુવાદ વિવિધ રીતે "શિક્ષણ" અથવા "સંદેશ" અથવા "સમાચાર" અથવા "એક કહેવત" અથવા "શું કહેવામાં આવ્યું હતું" નો સમાવેશ થાય છે.

(આ પણ જુઓ: ઈશ્વરનું વચન)

## બાઇબલના સંદર્ભો:

- 2 તિમોથી 4:1-2
- પ્રેરિતોનાં કૃત્યો 8:4-5
- કલોસી 4:2-4
- યાકૂબ 1:17-18
- યર્મિયા 27:1-4
- યોહાન 1:1-3
- યોહાન 1:14-15
- લૂક 8:14-15
- માથ્થી 2:7-8
- માથ્થી 7:26-27

## શબ્દ માહિતી:

- Strong's: H561, H562, H565, H1697, H1703, H3983, H4405, H4406, H6310, H6600, G518, G1024, G3050, G3054, G3055, G3056, G4086, G4487, G4935, G5023, G5542

# શરમ, લજ્જિત, બદનામી, અપમાનિત કરવું, ઠપકો

## વ્યાખ્યા:

"શરમ" શબ્દ એ વ્યક્તિની બદનામીની અથવા અપમાનિત થયાની પીડાદાયક લાગણીનો સંદર્ભ સૂચવે છે, જ્યારે તેઓ એવું કાંઇક કરે જેને બીજાઓ અપમાનજનક અથવા અયોગ્ય ગણે.

- કંઈક "શરમજનક" છે તે "અયોગ્ય" અથવા "અપમાનજનક" છે.
- “લજ્જિત" શબ્દ એ જ્યારે વ્યક્તિએ કંઈક શરમજનક કર્યું હોય ત્યારે તે કેવું અનુભવે છે તેનું વર્ણન કરે છે.
- "અપમાનિત કરવું" નો અર્થ કોઈને શરમ અનુભવડાવવી અથવા અપમાનિત મહેસુસ કરાવવું, સામાન્ય રીતે જાહેરમાં. બીજાને આ રીતે શરમજનક પરિસ્થિતિમાં મૂકવાની ક્રિયાને "અપમાનિત કરવું" કહેવાય.
- કોઈને "ઠપકો" આપવો શબ્દ, એ તે વ્યક્તિના ચારિત્ર્ય અથવા વર્તનની ટીકા કરવી છે.
- “શરમમાં મુકવા" શબ્દસમૂહનો અર્થ લોકોને હરાવવાનો અથવા તેઓના પાપને ખુલ્લા પાડવા કે જેથી તેઓ પોતે જ પોતાને માટે શરમ અનુભવે. યશાયા પ્રબોધકે કહ્યું કે જેઓ મૂર્તિઓ બનાવે છે અને તેનું ભજન કરે છે તેઓને શરમમાં મુકવામાં આવશે.
- ક્યારેક વ્યક્તિ કંઇક સારું કરી રહ્યો હોય તેની સાથે અપમાનજનક વ્યવહાર કરવામાં આવે છે જે તેના માટે બદનામી અથવા શરમજનક છે. ઉદાહરણ તરીકે, જ્યારે પ્રભુ ઈસુને વધસ્તંભ પર મારી નાંખવામાં આવ્યા ત્યારે તે અપમાનજનક રીતે મૃત્યું પામવુ હતું. આવી બદનામી સહન કરવી પડે તેવું કશું પણ ઈસુએ કર્યું નહોતું.
- જ્યારે ઈશ્વર કોઈને "નમ્ર કરે છે", તેનો અર્થ એ થાય છે કે ઈશ્વર, અભિમાની વ્યક્તિને નિષ્ફળતા અનુભવડાવે છે જેથી તે તેના અભિમાનથી બહાર આવી શકે. વ્યક્તિને અપમાનિત કરવું એટલે જે મોટેભાગે તેને નુકસાન પહોંચાડવા માટે કરવામાં આવે છે તેનાથી આ અલગ છે.
- વ્યક્તિ "ઠપકાથી પર છે" અથવા "ઠપકાથી દૂર છે" અથવા "ઠપકા સિવાયનો છે" તેઓ અર્થ કે તે વ્યક્તિ ઈશ્વરને માન આપતી રીએ જીવે છે અને તેની ટીકા કરી શકાય તે માટે બહું ઓછું અથવા કશું જ નથી.

#### ભાષાંતર સૂચનો

- "બદનામી" નું ભાષાંતર "શરમ" અથવા "અપમાનિત કરવા"નો સમાવેશ પણ કરે છે.
- "બદનામીભરી પરિસ્થિતિમાં મૂકાવું" તે "શરમજનક" અથવા "તેની સાથે અણછાજતું વર્તન કરવું" નો પણ સમાવેશ કરે છે.
- "અપમાનિત કરવું" નો અનુવાદ "શરમ" અથવા "શરમ અનુભવડાવવા માટે વર્તવું" અથવા "ક્ષોભજનક પરીસ્થિતિમાં મૂકવું" તરીકે પણ થઇ શકે છે..
- સંદર્ભ અનુસાર "અપમાનિત કરવા"ના ભાષાંતરની રીતો "શરમ" અથવા "માનભંગ કરતું" અથવા "બદનામી"નો સમાવેશ કરે છે.
- "ઠપકો" શબ્દનું ભાષાંતર, "આરોપ મૂકવો" અથવા "શરમ" અથવા "અપમાન કરવું" તરીકે પણ કરી શક્ય.
- "ઠપકો આપવો" નું ભાષાંતર "ધમકાવવું" અથવા "દોષ મૂકવો" અથવા "ટીકા કરવી" એમ તેના સંદર્ભના આધારે ભાષાંતર થઇ શકે છે.

(આ પણ જુઓ:અપમાન કરવું, આરોપ મુકવો, ધમકાવવું, જુઠ્ઠા દેવ, નમ્ર, યશાયા, આરાધના)

## બાઈબલના સંદર્ભો:

- 1 પિતર 3:15-17
- 2 રાજાઓ 2:17-18
- 2 શમુએલ 13:13-14
- લૂક 20:11-12
- માર્ક 8:38
- માર્ક 12:4-5
- ૧ તિમોથી 3:7
- ઉત્પત્તિ 34:7
- હિબ્રૂ 11:26
- યર્મિયાનો વિલાપ 2:1-2
- ગીતશાસ્ત્ર 22:6
- પુર્નનિયમ 21:14
- એઝરા 9:5
- નીતીવચન 25:7-8
- ગીતશાસ્ત્ર 6:8-10
- ગીતશાસ્ત્ર 123:3
- ૧ તિમોથી 5:7-8
- ૧ તિમોથી 6:13-14
- યાર્મિયા 15:15-16

- અયૂબ 16:9-10
- નીતિવચન 18:3

## શબ્દ માહિતી:

- Strong's: H937, H954, H955, H1317, H1322, H2616, H2659, H2781, H3001, H3637, H3639, H3640, H6172, H7022, H7036, H8103, H8106, G127, G149, G152, G153, G422, G808, G818, G819, G821, G1788, G1791, G1870, G2617, G3856, G5195

# શરૂઆત, ઉંબરો, પ્રવેશદ્વાર

## વ્યાખ્યા:

" ઉંબરો " શબ્દનો ઉપયોગ દરવાજાના તળિયાનો ભાગ અથવા બારણાની અંદરના ભાગમાંના એક ભાગ તરીકે ઉલ્લેખ થાય છે.

- ક્યારેક ઉંબરો કોઈ લાકડાની અથવા પથ્થરની પટ્ટી છે જે રૂમ અથવા ઇમારતમાં દાખલ થવા માટે લગાડવામાં આવે છે.
- બંને દરવાજા અને તંબુને ખોલવા પણ થ્રેશોલ્ડ હોય છે.
- આ શબ્દનો પ્રોજેક્ટની ભાષાના શબ્દ સાથે અનુવાદ કરવો જોઈએ જે એક ઘરના પ્રવેશદ્વારસાથે ઉલ્લેખ કરે છે કે કોઈ વ્યક્તિ ચાલે છે.
- જો આ માટે કોઈ શબ્દ ન હોય તો સંદર્ભના આધારે "થ્રેશોલ્ડ" નું ભાષાંતર "દ્વાર" અથવા "ઉદઘાટન" અથવા "પ્રવેશદ્વાર" તરીકે પણ થઈ શકે છે.

(આ પણ જુઓ: દ્વાર, તંબૂ)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 9:17-19
- હઝકીએલ 9:3-4
- યશાયાહ 9:4-5
- નીતિવચનો 17:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H624, H4670, H5592

# શાંતિ, શાંતિપૂર્ણ, શાંતિપૂર્ણ રીતે, શાંતિચાહક, શાંતિ કરાવનારાઓ

## વ્યાખ્યા:

"શાંતિ" શબ્દ સંઘર્ષ, ચિંતા કે ડર વગરની લાગણી અનુભવી કે તેવી સ્થિતિમાં હોવું, તેનો ઉલ્લેખ કરે છે. "શાંતિપૂર્ણ" વ્યક્તિ શાંતિ અનુભવે છે અને સુરક્ષા તથા સલામતી સંબંધિત તે ખાતરી ધરાવે છે.

- જૂના કરારમાં, "શાંતિ" શબ્દનો અર્થ મહદઅંશે વ્યક્તિની સુખાકારી, તંદુરસ્તી અથવા સમ્પૂર્ણતા, થાય છે.
- જ્યારે લોકજાતિઓ તથા દેશો એકબીજા સાથે યુદ્ધ ન કરતા હોય તે સમયનો ઉલ્લેખ પણ "શાંતિ" શબ્દ કરી શકે છે. તેવા લોકોને "શાંતિપૂર્ણ સંબંધો" ધરાવતા લોકો કહેવામા આવે છે.
- કોઈ વ્યક્તિ કે લોકોના જૂથ સાથે "સુલેહ કરવાનો" અર્થ લડાઈ બંધ કરવા પગલાં ભરવા એવો થાય છે.
- "શાંતિ કરાવનાર" વ્યક્તિ એ છે કે જે લોકોને એકબીજા સાથે શાંતિપૂર્વક રહેવા માટે પોતાના વર્તન અને વાણીથી પ્રભાવિત કરે છે.
- બીજા લોકો સાથે "શાંતિ હોવી" નો અર્થ તે લોકો સાથે લડાઈ ન કરવાની સ્થિતિ, થાય છે.
- જ્યારે ઈશ્વર લોકોને તેઓના પાપથી બચાવે છે ત્યારે, ઈશ્વર અને લોકો વચ્ચે એક સારો અને સાચો સંબંધ સ્થાપિત થાય છે. તેને "ઈશ્વર સાથે સમાધાન" કહેવાય છે.
- પ્રેરિતોએ તેમના સાથી વિશ્વાસીઓને લખેલા પત્રોમાં "કૃપા તથા શાંતિ" એ સલામનો ઉપયોગ આશીર્વાદ આપવા થયો હતો.
- "શાંતિ" શબ્દ બીજા લોકો સાથે કે ઈશ્વર સાથે સારા સંબંધો હોવાનો ઉલ્લેખ પણ કરી શકે છે.

## બાઇબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનિકી 5:1-3
- પ્રરિતોનાં કૃત્યો 7:26-28
- ક્લોસ્સી 1:18-20
- ક્લોસ્સી 3:15-17
- ગલાતી 5:22-24
- લૂક 7:48-50
- લૂક 12:51-53
- માર્ક 4:38-39
- માથ્થી 5:9-10
- માથ્થી 10:11-13

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **15:6** ઈશ્વરે ઇઝરાયલીઓને કનાન દેશની કોઈપણ લોકજાતિ સાથે **શાંતિ** કરાર કરવાની ના પાડી હતી.
- **15:12** પછી ઈશ્વરે ઇઝરાયલને તેની ચારે બાજુએ **શાંતિ** આપી.
- **16:3** પછી ઈશ્વરે એક છોડાવનાર ઊભો કર્યો કે જેણે તેઓને તેઓના દુશ્મનોના હાથમાંથી છોડાવ્યા અને દેશમાં **શાંતિ** બહાલ કરી.
- **21:13** તે (મસીહ) બીજા લોકોના પાપને કારણે શિક્ષા પામવા, મૃત્યુ પામશે. તેમને થયેલી સજા ઈશ્વર અને લોકો વચ્ચે **શાંતિ** કરાવશે.
- **48:14** દાઉદ ઇઝરાયલનો રાજા હતો, પણ ઈસુ તો સમગ્ર વિશ્વના રાજા છે! તેઓ પાછા આવશે અને તેમનું રાજ્ય સદાકાળને માટે ન્યાય અને **શાંતિ** થી ચલાવશે.
- **50:17** ઈસુ તેમનું રાજ્ય **શાંતિ** અને ન્યાયથી ચલાવશે અને તેઓ સર્વકાળ સુધી પોતાના લોકો સાથે રહેશે.

## શબ્દ માહિતી:

- Strong's: H5117, H7961, H7962, H7965, H7999, H8001, H8002, H8003, H8252, G269, G31514, G1515, G1516, G1517, G1518, G2272

# શાંત્યર્પણ, શાંત્યર્પણો

## સત્યો:

જૂના કરારમાં, "શાંત્યર્પણ" એ એક પ્રકારનું બલિદાન હતું કે જે અલગઅલગ કારણો, જેવા કે દેવનો આભાર માનવા અથવા પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા માટે ચઢાવવામાં આવતું હતું,

- જે અર્પણમાં એક પશુનું બલિદાન જરૂરી હતું કે, જે નર અથવા નારી હોઈ શકે છે.

તે દહનાર્પણથી અલગ હતું, કે જેમાં નર પશુ જરૂરી હોય છે.

- દેવને બલિદાનનો ભાગ આપ્યા પછી, વ્યક્તિ કે જે શાંત્યર્પણ લાવ્યો છે તે માંસને યાજકો અને ઈઝરાએલીઓ સાથે વહેંચે છે.
- આ અર્પણ સાથે જે ભોજન સંકળાયેલ હતું, જેમાં બેખમીર રોટલીનો સમાવેશ થાય છે.
- ક્યારેક તેને "શાંતિ અર્પણ" કહેવામાં આવે છે.

(આ પણ જુઓ: દહનાર્પણ, પૂર્ણ, ખાદ્યાર્પણ, દોષાર્થાર્પણ, શાંતિ અર્પણ, યાજક, બલિદાન, બેખમીર રોટલી, પ્રતિજ્ઞા)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 21:25-27
- 2 કાળવૃતાંત 29:35-36
- નિર્ગમન 24:5-6
- લેવીય 3:3-5
- ગણના 6:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H8002

# શાંત્યાર્પણ, શાંત્યાર્પણો

## તથ્યો:

ઈશ્વરે ઇઝરાયલીઓને જે બલિદાનો ચડાવવાને આજ્ઞા આપેલી તેઓમાનું એક બલિદાન તે “શાંત્યાર્પણ” હતું. તેને ઘણી વાર “આભારસ્તુતિનું અર્પણ” અથવા તો “સંગતાર્પણ” કહેવામાં આવે છે.

- આ અર્પણમાં, ખોડખાંપણ વગરના પ્રાણીનું બલિદાન, તે પ્રાણીના લોહીને વેદી પર છાંટવું અને તે પ્રાણીની ચરબીનું દહન કરવું તથા તે પ્રાણીના બાકીના દેહનું અલગથી દહન કરવું તેનો સમાવેશ થતો હતો.
- આ બલિદાન સાથે જોડાયેલું અર્પણ બેખમીરી અને ખમીરી રોટલીનું હતું કે જેને દહનીયાર્પણની ઉપર દહન કરવામાં આવતું હતું.
- જે ખોરાક અર્પણ કરવામાં આવ્યો હતો તે ખાવા માટે યાજક અને અર્પણ કરનાર વ્યક્તિને અનુમતિ હતી.
- આ અર્પણ ઈશ્વરની તેમના લોકો સાથેની સંગત સૂચવે છે.

(આ પણ જૂઓ: દહનીયાર્પણ, સંગત, સંગતનું અર્પણ, ખાદ્યાર્પણ, યાજક, બલિદાન, બેખમીર રોટલી)

## બાઇબલના સંદર્ભો:

- 1 શમુએલ 13:8-10
- હઝકિયેલ 45:16-17
- યહોશુઆ 8:30-32
- લેવીય 9:3-5
- નીતિવચનો 7:13-15

## શબ્દ માહિતી:

- Strong's: H8002

# શિંગડા, શિંગ, શિંગડાવાળા

## સત્યો:

શિંગડા એ ઘણા પ્રકારના પ્રાણીઓના માથા ઉપર કાયમ માટે થતી કઠણ અણીદાર વૃદ્ધિ છે, જેમાં ઢોર, ઘેટા, બકરાં અને હરણનો સમાવેશ થાય છે.

- મેઢાનું શિંગ (નર ઘેટો) ને સંગીત સાધન હતું જેને "મેઢાનું શિંગ (રણશિંગુ)" અથવા "સોફાર" કહેવામાં આવે છે તે બનાવવામાં આવતું હતું, કે જે ખાસ પ્રસંગો જેવા કે ધાર્મિક પર્વો માટે વગાડવામાં આવતા હતા.
- દેવે ઈઝરાએલીઓને કહ્યું ધૂપ વેદીના દરેક ચાર ખૂણાની ઉપર અને પિત્તળની વેદીઓ ઉપર શિંગ આકારનું પ્રક્ષેપણ બનાવ.

જો કે આ પ્રક્ષેપણોને "રણ શિંગડા" કહેવામાં આવતા હતા, ખરેખર તેઓ પ્રાણીઓના શિંગડા નહોતા.

- ક્યારેક "શિંગડા" શબ્દ "બાટલી" ને દર્શાવવા વાપરવામાં આવતો હતો કે જેનો આકાર શિંગડા જેવો હતો અને તે પાણી અથવા તેલ ભરવા વાપરવામાં આવતા હતા.

શિંગનું તેલ રાજાનો અભિષેક કરવા માટે વાપરવામાં આવતું હતું, જેવી રીતે શમુએલે દાઉદ સાથે કર્યું હતું. આ શબ્દનું ભાષાંતરમાં જે શબ્દ રણશિંગું દર્શાવે છે, તેનાથી અલગ રીતે થવું જોઈએ.

- "શિંગડા" શબ્દને રૂપકાત્મક રીતે તાકાત, શક્તિ, અધિકાર, અને બાદશાહીના પ્રતિક તરીકે પણ વાપરવામાં આવ્યો છે.

(આ પણ જુઓ: અધિકાર, ગાય, હરણ, બકરી, શક્તિ, શાહી, ઘેટાં, [રણશિંગુ])

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 15:27-28
- 1 રાજા 1:38-40
- 2 શમુએલ 22:3-4
- યર્મિયા 17:1-2
- ગીતશાસ્ત્ર 22:20-21

## શબ્દ માહિતી:

- Strong's:H3104, H7160, H7161, H7162, H7782, G2768

# શિકાર, શિકાર કરવો

## વ્યાખ્યા:

“શિકાર” શબ્દ જેનો પીછો કરવામાં આવે છે, એટલે કે સામાન્ય રીતે ખોરાક માટે ઉપયોગી પ્રાણીનો પીછો કરવામાં આવે છે તેનો ઉલ્લેખ કરે છે.

- પ્રતિકાત્મક અર્થમાં, “શિકાર” એવી વ્યક્તિ કે જેનો ગેરફાયદો ઉઠાવવામાં આવે છે, જેનો ગેરઉપયોગ કરવામાં આવે છે, જેની પર વધારે શક્તિશાળી વ્યક્તિ દ્વારા જુલમ કરવામાં આવે છે તેનો ઉલ્લેખ કરી શકે છે.
- લોકોનો “શિકાર કરવા” નો અર્થ તેઓ પર જુલમ ગુજારવા દ્વારા કે તેઓ પાસેથી કઇંક ચોરી લેવા દ્વારા તેમનો ગેરફાયદો ઉઠાવવો એવો થાય છે.
- “શિકાર” શબ્દનો અનુવાદ “પીછો કરાયેલું પ્રાણી” અથવા તો “પીછો કરાયેલું” અથવા તો “ભોગ બનેલું” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: જૂલમ કરવો)

## બાઇબલના સંદર્ભો:

- યર્મિયા 12:7-9
- ગીતશાસ્ત્ર 104:21-22

## શબ્દ માહિતી:

- Strong's: H400, H957, H961, H962, H2863, H2963, H2964, H4455, H5706, H5861, H7997, H7998

# શિક્ષક, શિક્ષકો

## વ્યાખ્યા:

શિક્ષક એક એવી વ્યક્તિ છે જે બજા લોકોને નવી માહિતી આપે છે. શિક્ષકો બીજાઓને જ્ઞાન અને કૌશલ્યો બંને મેળવવામાં અને ઉપયોગ કરવામાં મદદ કરે છે.

- બાઈબલમાં "શિક્ષક" શબ્દનો ઉપયોગ વિશિષ્ટ રીતે જે વ્યક્તિ ઈશ્વર વિશે શીખવતી હોય તેના માટે કરવામાં આવ્યો છે.
- શિક્ષક પાસેથી શિખનાર લોકોને "વિદ્યાર્થીઓ" અથવા "શિષ્યો" કહેતા હતા.
- કેટલાક બાઈબલના અનુવાદોમાં આ શબ્દ જ્યારે ઇસુ માટે સંબોધન કરાયું છે ત્યાં મોટા અક્ષરોમાં (શિક્ષક) કરવામાં આવ્યો છે.

## અનુવાદ માટેના સૂચનો:

- કેટલીક સંસ્કૃતિઓમાં ધાર્મિક શિક્ષકો માટે વિશિષ્ટ શિર્ષકો વપરાતાં હતાં જેવાકે "સાહેબ" અથવા "રાબ્બી" અથવા "ઉપદેશક."

(આ પણ જુઓ: શિષ્ય, ઉપદેશ આપવો)

## બાઇબલના સંદર્ભો:

- સભાશિક્ષક 1:12-15
- એફેસી 4:11-13
- ગલાતી 6:6-8
- હબાક્કુક 2:18-20
- યાકૂબ 3:1-2
- યોહાન 1:37-39
- લૂક 6:39-40
- માથ્થી 12:38-40
- **27:1** એક દિવસે એક પંડિતે ઇસુનું પરીક્ષણ કરતાં કહ્યું કે " **ઉપદેશક**, અનંતજીવનનો વારસો પામવા સારુ મારેશું કરવું?"
- **28:1** એક દિવસે એક શ્રીમંત જુવાન અધિકારીએ
- **37:2** બે દિવસો પૂરા થયા બાદ ઇસુએ તેના શિષ્યોને કહ્યું, કે ચાલો આપણે પાછા યહૂદીયા જઈએ." શિષ્યોએ ઉત્તર આપ્યો કે, પણ **ગુરુજી**", થોડા સમય પહેલાં તો લોકો તને મારી નાખવા માગતા હતા!"
- **38:14** યહૂદા ઇસુ પાસે આવ્યો અને કહ્યું," સલામ **ગુરુજી**", અને તેમને ચુંબન કર્યું.
- **49:3** ઇસુ મહાન **શિક્ષક** પણ હતા, અને તે અધિકારથી બોલતા હતા કારણકે તે ઈશ્વરપુત્ર હતા.

## શબ્દ માહિતી:

- Strong's: H3384, H3887, H3925, G1320, G2567, G3547, G5572

# શિક્ષા કરવી, શિક્ષા કરે છે, શિક્ષા કરી, શિક્ષા કરતું, શિક્ષા , શિક્ષા નહીં કરેલું

## વ્યાખ્યા:

"શિક્ષા કરવી" શબ્દનો અર્થ કશું ખોટું કરવા માટે વ્યક્તિ નકારાત્મક પરિણામ ભોગવે તેવું કરવું તેવો થાય છે. "શિક્ષા" શબ્દ તે ખોટા વ્યવહારના ફળ સ્વરૂપે આપવામાં આવેલા નકારાત્મક પરિણામનો ઉલ્લેખ કરે છે.

- ઘણી વાર શિક્ષા પાછળનો ઉદ્દેશ્ય વ્યક્તિને પાપ કરવાથી રોકવા પ્રોત્સાહિત કરવાનો હોય છે.
- જ્યારે ઇઝરાયલીઓએ ઈશ્વરની આજ્ઞા પાળી નહીં, અને ખાસ કરીને જ્યારે તેઓએ જૂઠા દેવોની પૂજા કરી ત્યારે તેઓએ તેમને શિક્ષા કરી.

તેઓના પાપોને કારણે ઈશ્વરે તેઓના શત્રુઓને તેઓ પર હુમલા કરવા દીધા અને બંદી બનાવવા દીધા.

- ઈશ્વર ન્યાયી અને નિષ્પક્ષ છે અને તેથી તેમણે પાપને શિક્ષા કરવી જ પડે.

દરેક મનુષ્યે ઈશ્વર વિરુદ્ધ પાપ કર્યું છે અને તે શિક્ષાને યોગ્ય છે.

- દરેક વ્યક્તિએ દરેક સમયે કરેલી દરેક દુષ્ટ બાબતો માટે ઈસુને શિક્ષા કરવામાં આવી હતી.

જો કે તેમણે કશું પણ ખોટું કર્યું ન હતું અને તેના માટે તેમને શિક્ષા થાય તે યોગ્ય ન હતું તો પણ, ઈસુએ દરેક વ્યક્તિની શિક્ષા પોતા પર ભોગવી.

- "શિક્ષા ન થવી" અને "શિક્ષા કર્યા વગર છોડી દેવું" અભિવ્યક્તિઓનો અર્થ લોકોને તેઓના દુષ્કૃત્યો બદલ શિક્ષા ન કરવા નિર્ણય કરવો તેવો થાય છે.

ઈશ્વર ઘણી વાર પાપની શિક્ષા કરતાં નથી કારણ કે લોકો પશ્ચાતાપ કરે તેની તેઓ રાહ જૂએ છે.

(આ જૂઓ: ન્યાયી, પશ્ચાતાપ કરવો, ન્યાયી, પાપ)

## બાઇબલના સંદર્ભો:

- 1 યોહાન 4:17-18
- 2 થેસ્સલોનિકી 1:9-10
- પ્રેરિતોનાં કૃત્યો 4:21-22
- પ્રેરિતોનાં કૃત્યો 7:59-60
- ઉત્પત્તિ 4:13-15
- લૂક 23:15-17
- માથ્થી 25:44-46

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **13:7** ઈશ્વરે બીજા પણ ઘણા કાનૂનો અને નિયમો પાળવા માટે આપ્યા.

જો લોકો તે કાનૂનો પાળે તો, ઈશ્વરે વચન આપ્યું કે તેઓ તેમને આશીર્વાદ આપશે અને રક્ષણ કરશે. જો લોકો તેનો અનાદર કરે તો ઈશ્વર તેઓને **શિક્ષા કરશે.**

- **16:2** ઇઝરાયલીઓએ ઈશ્વરની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવાનું ચાલ્યું રાખ્યું માટે, ઈશ્વરે તેઓના શત્રુઓ તેઓને હરાવે એવું કરીને તેઓને **શિક્ષા કરી**.
- **19:16** પ્રબોધકોએ લોકોને ચેતવણી આપી કે જો તેઓ દુષ્ટતા કરવાનું બંધ કરીને ઈશ્વરનું આજ્ઞાપાલન નહીં કરે તો, ઈશ્વર દોષિત તરીકે તેઓનો ન્યાય કરશે અને તેઓને **શિક્ષા કરશે.**
- **48:6** ઈસુ સંપૂર્ણ પ્રમુખ યાજક હતા કારણ કે તેઓએ દરેક વ્યક્તિએ દરેક સમયે કરેલા દરેક પાપની **શિક્ષા** ભોગવી.
- **48:10** જ્યારે કોઈ વ્યક્તિ ઈસુ પર વિશ્વાસ કરે છે ત્યારે, ઈસુનું રક્ત તે વ્યક્તિના પાપ દૂર કરે છે અને તેના પરથી ઈશ્વરની **શિક્ષા** દૂર કરાય છે.
- **49:9** પણ ઈશ્વરે દુનિયાની દરેક વ્યક્તિને એટલો પ્રેમ કર્યો કે તેમણે પોતાનો એકનો એક પુત્ર આપ્યો કે જેથી જે કોઈ વ્યક્તિ ઈસુ પર વિશ્વાસ કરે તેને તેના પાપ માટે **શિક્ષા ન થાય** પણ તે વ્યક્તિ સદાકાળને માટે ઈશ્વર સાથે રહેશે.
- **49:11** ઈસુએ કદાપિ પાપ કર્યું નહોતું, પણ તેમણે તમારા અને દુનિયાની દરેક વ્યક્તિના પાપો દૂર કરવા **શિક્ષા પામવા** અને સંપૂર્ણ બલિદાન તરીકે મરવા પસંદ કર્યું.

## શબ્દ માહિતી:

- Strong's: H3027, H3256, H4148, H4941, H5221, H5414, H6031, H6064, H6213, H6485, H7999, H8199, G1349, G1556, G1557, G2849, G3811, G5097

# શિર, શિરો, કપાળ, કપાળો, ટાલિયો, વગરવિચારે અથવા અનાયાસે, ખેસ, દુપટ્ટો, શિરચ્છેદ

## વ્યાખ્યા:

બાઈબલમાં, "શિર" શબ્દ, અન્ય રૂપકાત્મક અર્થો સાથે વાપરવામાં આવ્યો છે.

- મોટેભાગે આ શબ્દ, જેને લોકો ઉપર અધિકાર હોય છે, તે દર્શાવવા માટે વાપરવામાં આવ્યો છે, જેમકે "તમે મને રાષ્ટ્રો ઉપર શિર બનાવ્યો છે." તેનું ભાષાંતર, "તમે મને શાસક બનાવ્યા છે" અથવા "તમે મને (તેના) ઉપર અધિકાર આપ્યો છે," તરીકે (ભાષાંતર) થઇ શકે છે.
- ઈસુને "મંડળીના શિરપતિ" કહેવામાં આવે છે.

જેવી રીતે વ્યક્તિનું શિર તેના શરીરના અવયવોને માર્ગદર્શન અને દિશા બતાવે છે, તેવી રીતે ઈસુ તેના "શરીર" એટલે કે મંડળીને માર્ગદર્શન અને દિશા બતાવે છે.

- નવો કરાર શીખવે છે કે પતિ તેની પત્ની માટે "શિર" અથવા અધિકાર છે.

તેને તેની પત્ની અને કુટુંબને આગેવાની અને માર્ગદર્શન આપવાની જવાબદારી આપવામાં આવી છે.

- "અસ્ત્રો તેના માથા ઉપર કદી ફરશે નહીં" તે અભિવ્યક્તિનો અર્થ, "તે કદી તેના વાળ કાપશે અથવા તેના વાળનું મુંડન કરશે નહીં"
- "શિર" શબ્દને કોઈ બાબતની શરૂઆત કરનાર અથવા કશાકનો સ્ત્રોત હોય તેને પણ દર્શાવી શકાય છે, જેમ કે "શેરીનો વડો."
- "અનાજનું કણસલું" અભિવ્યક્તિ, તે ઘઉંના સૌથી ઉપરના ભાગો અથવા જવનો છોડ કે જેમાં દાણાંનો સમાવેશ થાય છે.
- જયારે સમગ્ર વ્યક્તિને રજૂ કરવામાં આવે છે જેમાં "શિર" શબ્દનો રૂપકાત્મક ઉપયોગ ઉપયોગ થાય છે, જેમકે "આ પળિયાવાળું શિર" તે એક વૃદ્ધ વ્યક્તિને દર્શાવે છે, અથવા "યૂસફનું શિર" કે જે યૂસફને દર્શાવે છે. (જુઓ: લક્ષણા અલંકાર)
- "તેનું લોહી તેના પોતાના માથા પર હો" તે અભિવ્યક્તિનો અર્થ, માણસ તેઓના મોત માટે જવાબદાર છે અને તે માટે તેને સજા થશે.

## ભાષાંતરના સૂચનો

- સંદર્ભ પર આધાર રાખીને, "શિર" શબ્દનું ભાષાંતર, "અધિકાર" અથવા "એક કે જે આગેવાની આપે છે અને માર્ગદર્શન આપે છે" અથવા "એક કે જે જવાબદાર છે" તરીકે કરી શકાય છે.
- "(તે)નું માથું" તે અભિવ્યક્તિ સમગ્ર વ્યક્તિને દર્શાવે છે, અને જેથી આ અભિવ્યક્તિનું ભાષાંતર માત્ર વ્યક્તિનું નામ વાપરીને કરી શકાય છે. ઉદાહરણ તરીકે, "યૂસફનું શિર" નું ભાષાંતર, કેવળ "યૂસફ" તરીકે કરી શકાય છે.
- "તેના પોતાના શિર પર હશે" તે અભિવ્યક્તિનું ભાષાંતર, "તેના પર હશે" અથવા "તે માટે તેને સજા થશે" અથવા "તેના માટે તે જવાબદાર રહેશે" અથવા "તેને માટે તેને દોષિત માનવામાં આવશે" તરીકે કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું વિવિધ રીતે ભાષાંતર કરવામાં આવે તો તેમાં, "શરૂઆત" અથવા "સ્ત્રોત" અથવા "શાસક" અથવા "આગેવાન" અથવા "સર્વોચ્ચ" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: અનાજ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 1:51-54
- 1 રાજા 8:1-2
- 1 શમુએલ 9:22
- કલોસ્સી 2:10-12
- કલોસ્સી 2:18-19
- ગણના 1:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H441, H1270, H1538, H3852, H4425, H4761, H4763, H5110, H5324, H6285, H6287, H6797, H6915, H6936, H7139, H7144, H7146, H7217, H7226, H7218, H7541, H7636, H7641, H7872, G346, G755, G2775, G2776, G4719

# શીખવવું, શીખવે છે, વણશીખવ્યું

## વ્યાખ્યા:

કોઈને “શીખવવું” એટલે તે જે કઇ જાણતો નથી તે તેને કહેવું. સામાન્ય રીતે "માહિતી પૂરી પાડવી" એવો અર્થ પણ થઇ શકે છે, જે શીખનાર વ્યક્તિ સાથે કોઈ સંદર્ભ નથી. સામાન્ય રીતે માહિતી ઔપચારિક અથવા વ્યવસ્થિત રીતે આપવામાં આવે છે. એક વ્યક્તિનું " શિક્ષણ " અથવા તેના "ઉપદેશો" એ છે જે તેણે શીખવ્યું છે

- જે શીખવે છે તે "શિક્ષક" છે. “શીખવ્યું” એ “શીખવવાની” ભૂતકાળની ક્રિયા છે.
- જ્યારે ઈસુ શીખવતા હતા, ત્યારે તે ઈશ્વર અને તેમના રાજ્ય વિષે સમજાવતા હતા.
- જે કોઈ વ્યક્તિ ઈશ્વર વિષે લોકોને શીખવતું હોય તે એટલે "ગુરુજી" તરીકે માનવાચક સંબોધન ઈસુના શિષ્યોએ તેમને માટે કર્યું.
- શીખવવામાં આવી રહેલી માહિતી બતાવી અથવા બોલી શકાય છે.
- "સિદ્ધાંત" શબ્દ ઈશ્વર તરફથી સ્વ વિષે અને કેવી રીતે જીવવું તે વિષે ઈશ્વરની સૂચનાઓના શિક્ષણના સમૂહનો ઉલ્લેખ કરે છે. આનો અનુવાદ "ઈશ્વરના ઉપદેશો" અથવા " ઈશ્વર આપણને જે શીખવે છે" એમ પણ કરી શકાય છે
- શબ્દસમૂહ "જે તમને શીખવવામાં આવ્યું છે" નું ભાષાંતર, "આ લોકોએ તમને જે શીખવ્યું છે તે" અથવા " ઈશ્વરે તમને જે શીખવ્યું છે તે" એમ સંદર્ભના આધારે કરી શકાય છે
- “શીખવવું” નું બીજી રીતે “કહેવું” અથવા “સમજાવવું” અથવા “સૂચન કરવું” એમ ભાષાંતર કરી શકાય.
- ઘણીવાર આ શબ્દનું ભાષાંતર " લોકોને ઈશ્વર વિષે શીખવવું" પણ કરી શકાય.

(આ પણ જુઓ: સૂચના આપવી, શિક્ષક, ઈશ્વરનું વચન)

## બાઈબલના સંદર્ભો:

- 1 તીમોથી 1:3-4
- પ્રેરિતોનાં કૃત્યો 2:40-42
- યોહાન 7:14-16
- લુક 4:31-32
- માથ્થી 4:23-25
- ગીતશાસ્ત્ર 32:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H502, H2094, H2449, H3045, H3046, H3256, H3384, H3925, H3948, H7919, H8150, G1317, G1321, G1322, G2085, G2605, G2727, G3100, G2312, G2567, G3811, G4994

# શોકના વસ્ત્રો

## વ્યાખ્યા:

શોકનું વસ્ત્ર એ નાજુકાઈ વિનાનું, ઉઝરડાવાળું વસ્ત્ર હતું કે જે બકરાના અથવા ઉંટના વાળમાંથી બંનાવવામાં આવતું હતું.

- જે કોઈ વ્યક્તિ તેમાંથી બંનાવવામાં આવેલ વસ્ત્ર પહેરતો તેને તે આરામદાયક લગતું નહિ.

શોકનું વસ્ત્ર એ શોક, દુઃખ, અથવા નમ્ર પસ્તાવો બતાવવા પહેરવામાં આવતું હતું.

- "શોકના વસ્ત્રો અને રાખ" શબ્દસમૂહ એ દુઃખ અને પસ્તાવાની પરંપરાગત અભિવ્યક્તિનો ઉલ્લેખ કરવાં માટે સામાન્ય શબ્દ હતો.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો આ રીતે પણ અનુવાદ કરી શકાય "પ્રાણીઓના વાળમાંથી બનાવવામાં આવેલું નાજુકાઈ વિનાનું વસ્ત્ર" અથવા "બકરાના વાળમાંથી બનાવવામાં આવેલાં વસ્ત્રો" અથવા "ખરબચડું, ઉઝરડાવાળું વસ્ત્ર."
- બીજી રીતે આ શબ્દનું અનુવાદ આ પ્રમાણે કરી શકાય "ખરબચડું, ઉઝરડાવાળું શોકનું વસ્ત્ર."
- "શોકના વસ્ત્રો પહેરીને રાખમાં બેસવું" શબ્દસમૂહનું આ પ્રમાણે અનુવાદ કરી શકાય "ઉઝરડાવાળા વસ્ત્ર પહેરીને અને રાખમાં બેસીને શોક અને દીનતા બતાવી."

(આ પણ જુઓ: કેવી રીતે અજ્ઞાતનું અનુવાદ કરવું)

(આ પણ જુઓ: રાખ, ઊંટ, બકરી, નમ્ર, શોક, પસ્તાવો, ચિહ્ન)

## બાઈબલના સંદર્ભો:

- 2 શમુએલ 3: 31-32
- ઉત્પતિ 37: 34-36
- યોએલ 1: 8-10
- યુના 3:4-5
- લૂક 10: 13-15
- માથ્થી 11: 20-22

## શબ્દ માહિતી:

- Strong's: H8242, G4526

# શોધવું, શોધે છે, શોધી રહ્યા છે, શોધ્યો

## વ્યાખ્યા:

"શોધવું" શબ્દનો અર્થ કશુક અથવા કોઈકને ખોળવા. ભૂતકાળ "શોધ્યો" થાય છે. "કંઇક કરવા માટે ભારે પ્રયત્ન કરવો" અથવા "પ્રયત્ન લગાવવો" એવો પણ અર્થ થઇ શકે છે.

- કંઇક કરવા માટે તકને "શોધવી" અથવા "ખોળવી" તેનો અર્થ તે કરવા માટે "સમયને શોધવા પ્રયત્ન કરવો" એમ થઇ શકે છે.
- "યહોવાને શોધવા" તેનો અર્થ "સમય અને શક્તિ યહોવાને જાણવા માટે વિતાવવી અને તેમને અનુસરવાનું શીખવું" એમ થાય છે.
- "રક્ષણ શોધવું" તેનો અર્થ "વ્યક્તિ અથવા સ્થળને શોધવાનો પ્રયત્ન કરવો કે જે તમને જોખમથી રક્ષણ આપે."
- "ન્યાયને શોધવો" તેનો અર્થ "લોકોની ન્યાયપૂર્વક અથવા ન્યાયીપણે માવજત કરવામાં આવે તે જોવા માટે પ્રયત્ન કરવો."
- "સત્યને શોધવું" તેનો અર્થ "સત્ય શું છે તે શોધવા પ્રયત્ન કરવો."
- "તરફેણ શોધવી" તેનો અર્થ "તરફેણ મેળવવા પ્રયત્ન કરવો" અથવા "એવી બાબતો કરવી કે જેથી કોઈક તમને મદદ કરે."

(આ પણ જુઓ: ન્યાયી, સાચું)

## બાઈબલના સંદર્ભો:

- 1 કાળુવૃતાંત 10:13-14
- પ્રેરિતોના કૃત્યો 17:26-27
- હિબ્રુઓ 11:5-6
- લૂક 11:9-10
- ગીતશાસ્ત્ર 27:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H579, H1156, H1239, H1243, H1245, H1556, H1875, H2470, H2603, H2658, H2664, H2713, H3289, H7125, H7592, H7836, H8446, G327, G1567, G1934, G2052, G2212

# શ્વાસ, શ્વાસ લેવો, શ્વાસ લે છે, શ્વાસ લીધો, શ્વાસ લેવો

### વ્યાખ્યા:

બાઈબલમાં, "શ્વાસ લેવો" અને "શ્વાસ" શબ્દનો રૂપક રીતે વારંવાર ઉપયોગ કરવામાં આવ્યો છે, જેનો અર્થ, જીવન આપવું અથવા જીવન લેવું થાય છે.

- બાઈબલ શીખવે છે કે, દેવે આદમમાં જીવનનો "શ્વાસ મૂક્યો."

તે એમ દર્શાવે છે કે આદમ જીવતો માનવ બન્યો.

- જયારે ઈસુએ શિષ્યો ઉપર શ્વાસ ફૂંક્યો અને તેઓને કહ્યું "આત્મા પ્રાપ્ત કરો", ત્યારે તેણે તેઓને ઉપર કદાચ વ્યવહારિક રીતે હવા બહાર ફેંકીને તેમના પર પ્રતિકરૂપે પવિત્ર આત્મા આવે એમ કર્યું હશે.
- ક્યારેક "શ્વાસ લેવો" અને "ઉચ્છવાસ" શબ્દો, મૌખિક રજૂઆત દર્શાવવા માટે વપરાયા છે.
- "દેવનો શ્વાસ" અથવા "યહોવાનો શ્વાસ" રૂપકાત્મક અભિવ્યક્તિ, મોટેભાગે બળવાખોર અથવા નાસ્તિક દેશો ઉપર દેવનો કોપ રેડવામાં આવ્યો તેમ દર્શાવે છે.

તે તેની શક્તિ દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો

- "તેણે છેલ્લો શ્વાસ લીધો" તે અભિવ્યક્તિ રૂપકાત્મક દર્શાવે છે કે "તે મરણ પામ્યો."

તેનું ભાષાંતર, "તેણે છેલ્લો શ્વાસ લીધો" અથવા "તેણે શ્વાસ લેવાનું બંધ કર્યું અને મૃત્યુ પામ્યો" અથવા "તેણે હવામાં એક છેલ્લી વખત શ્વાસ નાખ્યો" આ રીતે પણ કરી શકાય છે. દેવનું વચન "ઈશ્વર-પ્રેરિત" છે જે શબ્દ વર્ણવે છે કે, દેવ બોલ્યો અથવા શાસ્ત્રોના વચનો તેની પ્રેરણાથી આવ્યા, ત્યારબાદ માનવી લેખકોને તેને લખ્યું. "ઈશ્વર-પ્રેરિત" એ શબ્દનું સંભવિત રીતે શક્ય છે તેમ તેનું સૌથી સારું શાબ્દિક ભાષાંતર શું થાય છે તે જણાવવું અઘરું છે.

- જો "ઈશ્વર-પ્રેરિત" શબ્દનું શાબ્દિક ભાષાંતર સ્વીકાર્ય ન હોય તો બીજી રીતે તેનું ભાષાંતર, "દેવ દ્વારા પ્રેરિત" અથવા "ઈશ્વર દ્વારા લખેલું" અથવા "ઈશ્વર દ્વારા બોલાયેલું" થઇ શકે છે.

એટલે એમ કહી શકાય કે, "ઈશ્વરે વચનોના શબ્દોને પ્રેરિત કર્યા."

- "તેમાં શ્વાસ મુકવો" અથવા "તેમાં જીવનનો શ્વાસ મૂકવો" અથવા "શ્વાસ આપવો" તે અભિવ્યક્તિઓનું ભાષાંતર, "શ્વાસ લેવામાં મદદ કરી" અથવા "ફરીથી જીવતું કરવું" અથવા "તેઓને જીવવા અને શ્વાસ લેવામાં મદદ કરી" અથવા "જીવન આપવું" એમ કરી શકાય છે.
- "ઈશ્વર-પ્રેરિત" એ શબ્દનું, સંભવિત રીતે શક્ય હોય તો તેનું સૌથી સારું શાબ્દિક ભાષાંતર કરવું હોય તો તેની ભાષામાં જે શબ્દ "શ્વાસ" માટે વપરાય છે તેનો ઉપયોગ કરવો.
- જો તેનું ભાષાંતર "શ્વાસ લેવાના" શબ્દ સાથે જોડાયેલું ના હોય તો તેનું ભાષાંતર "દેવનું સામર્થ્ય" અથવા "દેવની વાણી" થઇ શકે છે.
- "શ્વાસ રોકાઈ જવો" અથવા "શ્વાસ પાછો આવી જવો" એ અભિવ્યક્તિનું ભાષાંતર, "શ્વાસ લેવા માટે વિશ્રામ લેવો" અથવા "દોડવાનું બંધ કર્યું જેથી શ્વાસ લઇ શકાય" તેમ થઇ શકે છે.
- "ફક્ત શ્વાસ જ છે" એવી અભિવ્યકિતનો અર્થ થાય છે કે "થોડો સમય માટે જ ટકશે."
- એવી જ રીતે "માણસ ફક્ત એક શ્વાસ છે" તેવી અભિવ્યક્તિનો અર્થ "માણસનું જીવન ખૂબ જ ટૂંકુ છે" અથવા "દેવની સરખામણીમાં માણસનું જીવન ખુબ જ ટૂંકુ છે કારણકે તેના જીવન માટે ફક્ત એક શ્વાસની જરૂર હોય છે."

(આ પણ જુઓ: આદમ, પાઉલ, દેવનું વચન, જીવન)

## બાઈબલની કલમો:

- 1 રાજા 17:17-18
- સભાશિક્ષક 8:8-9
- અયૂબ 4:7-9
- પ્રકટીકરણ 11:10-12
- પ્રકટીકરણ 13:15-17

## શબ્દ માહિતી:

- Strong's: H3307, H5301, H5396, H5397, H7307, H7309, G1709, G1720, G4157

# સંકટ (વિનાશ)

## વ્યાખ્યા:

“સંકટ” શબ્દ, જે દંડાજ્ઞાના ચુકાદામાં, આજીજી (અરજી) અથવા છુટકારાની કોઈ શક્યતા ન હોય, તેને દર્શાવે છે.

- જેવી રીતે ઈઝરાએલ દેશને બંદીવાન કરીને લઈ જવાયા હતા ત્યારે હઝકિયેલ પ્રબોધકે કહ્યું, “સંકટ તેઓ પર આવી પડ્યું છે.”
- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર, “આપત્તિ” અથવા “સજા” અથવા “નિરાશાજનક વિનાશ” તરીકે કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- હઝકિયેલ 7:5-7
- હઝકિયેલ 30:8-9
- યશાયા 6:4-5
- ગીતશાસ્ત્ર 92:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H1820, H3117, H6256, H6843, H8045

# સંચાલક, કારભારી, કારભારીપણું

## વ્યાખ્યા:

બાઈબલમાં “સંચાલક” અથવા તો “કારભારી” શબ્દ એક સેવકનો ઉલ્લેખ કરે છે કે જેને તેના માલિકની સંપત્તિની અને ધંધાકિય કામોની કાળજી રાખવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

- કારભારીને પુષ્કળ જવાબદારીઓ સોંપવામાં આવતી હતી જેમાં બીજા ચાકરોના કાર્યોની દેખરેખ રાખવાનો પણ સમાવેશ થતો હતો.
- “સંચાલક” શબ્દ કારભારી માટેનો એક આધુનિક શબ્દ છે. બન્ને શબ્દો કોઈ મનુષ્ય માટે વ્યાવહારિક કાર્યોનો વહીવટ કરનાર એવા વ્યક્તિનો ઉલ્લેખ કરે છે.

## અનુવાદ માટેના સૂચનો:

- આનો અનુવાદ “દેખરેખ રાખનાર” અથવા તો “પારિવારિક આયોજક” અથવા તો “વહીવટ કરનાર સેવક” અથવા "વ્યક્તિ જે વ્યવસ્થિત કરે છે" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: ચાકર)

## બાઈબલના સંદર્ભો:

- 1 તિમોથી 3:4-5
- ઉત્પત્તિ 39:3-4
- ઉત્પત્તિ 43:16-17
- યશાયા 55:10-11
- લૂક 8:1-3
- લૂક 16:1-2
- માથ્થી 20:8-10
- તિતસ 1:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H376, H4453, H5057, H6485, G2012, G3621, G3623

# સંચાલન, સરકાર, સરકારો, હાકેમ, હાકેમો, સૂબો

## વ્યાખ્યા:

"હાકેમ" એક વ્યક્તિ છે કે જે રાજ્ય, વિસ્તાર, અથવા પ્રદેશ ઉપર રાજ કરે છે. "સંચાલન" કરવું જેનો અર્થ, માર્ગદર્શન, આગેવાની, અથવા તેઓને સાચવી લેવા.

- "સૂબો" એક ખાસ બિરુદ હતું, જે રોમન સામ્રાજ્યના કોઈ પ્રાંત પર રાજ્ય કરતા હાકેમને આપવામાં આવેલું હતું.
- બાઈબલના સમયમાં, રાજા અથવા સમ્રાટ દ્વારા "હાકેમો"ની નિમણુક થતી હતી કે જેઓ તેમના અધિકાર નીચે હતા.
- "સરકાર" એક ચોક્કસ દેશ અથવા સામ્રાજ્ય નીચે સંચાલન કરતા શાસકોની બનેલી હોય છે.

આ શાસકો કાયદા બનાવે છે કે જેથી તેઓ નાગરિકોના વર્તનને માર્ગદર્શન આપી શકે, અને ત્યાંના દેશના બધાંજ લોકો માટે શાંતિ, સલામતી, અને સમૃદ્ધિ રહી શકે.

## ભાષાંતરના સૂચનો:

- "હાકેમ" શબ્દનું ભાષાંતર, "શાસક" અથવા "નિરીક્ષક" અથવા "પ્રાદેશિક આગેવાન" અથવા "એક કે જે નાના પ્રદેશનું સંચાલન કરે છે" તરીકે પણ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "સંચાલન" શબ્દનું ભાષાંતર, "ઉપર રાજ્ય કરવું" અથવા "આગેવાની" અથવા "સંભાળવું" અથવા "દેખરેખ રાખવી" તરીકે પણ કરી શકાય છે.
- "રાજા" અથવા "સમ્રાટ" ના બિરુદ કરતાં "હાકેમ" શબ્દનું ભાષાંતર અલગ થવું જોઈએ, કારણકે હાકેમ ઓછો શક્તિશાળી શાસક હતો, જે તેઓના અધિકાર નીચે કામ કરતા હતો.
- "સૂબો" શબ્દનું ભાષાંતર, "રોમન હાકેમ" અથવા "રોમનનો પ્રાંતપતિ" થઇ શકે છે.

(આ પણ જુઓ: અધિકાર, રાજા, શક્તિ, પ્રાંત, રોમ, શાસક)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:9-10
- પ્રેરિતો 23:22-24
- પ્રેરિતો 26:30-32
- માર્ક 13:9-10
- માથ્થી 10:16-18
- માથ્થી 27:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H324, H1777, H2280, H4951, H5148, H5460, H6346, H6347, H6486, H7989, H8269, H8660, G445, G446, G746, G1481, G2232, G2233, G2230, G4232

# સંતાન

## વ્યાખ્યા:

“સંતાન” શબ્દ લોકોના કે પ્રાણીઓના જૈવિક વંશજનો સામાન્ય ઉલ્લેખ છે.

- ઘણીવાર બાઇબલમાં, “સંતાન” નો અર્થ “બાળકો” અથવા તો “વંશજો” ના અર્થ જેવો જ કરવામાં આવે છે.
- ઘણીવાર “બીજ” શબ્દનો ઉપયોગ પ્રતીકાત્મક રીતે સંતાનનો ઉલ્લેખ કરવા વપરાય છે.

(આ પણ જૂઓ: વંશજ, બીજ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 17:28-29
- નિર્ગમન 13:11-13
- ઉત્પત્તિ 24:5-7
- યશાયા 41:8-9
- અયૂબ 5:23-25
- લૂક 3:7
- માથ્થી 12:33-35

## શબ્દ માહિતી:

- Strong's: H1121, H2233, H5209, H6363, H6529, H6631, G1081, G1085

# સંદેશવાહક, સંદેશવાહકો

## તથ્યો:

“સંદેશવાહક” શબ્દ એવો વ્યક્તિ કે જેને બીજાઓને કહેવા માટે એક સંદેશ આપવામાં આવ્યો છે તેનો ઉલ્લેખ કરે છે.

- પ્રાચીન સમયોમાં, જે બની રહ્યું હતું તે શહેરના લોકોને કહેવા લડાઈના મેદાનમાંથી એક સંદેશવાહકને મોકલવામાં આવતો હતો.
- દૂત એક ખાસ પ્રકારનો સંદેશવાહક છે કે જેને ઈશ્વર લોકોને સદેશાઓ આપવા મોકલે છે.

કેટલાક અનુવાદો “દૂત”નો “સંદેશવાહક” તરીકે અનુવાદ કરે છે.

- યોહાન બાપ્તિસ્મીને સંદેશવાહક કહેવામાં આવ્યો કે જે ઈસુની અગાઉ મસીહાનું આગમન ઘોષિત કરવા અને લોકો મસીહાનો સ્વીકાર કરે તે માટે તેમને તૈયાર કરવા આવ્યો હતો.
- ઈસુના પ્રેરિતો ઈશ્વરના રાજ્ય વિશેની સુવાર્તા બીજા લોકોને જણાવવા ઈસુના સંદેશવાહકો હતા.

(આ પણ જૂઓ: દૂત, પ્રેરિત, યોહાન (બાપ્તિસ્મી))

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજા 19:1-3
- 1 શમુએલ 6:21
- 2 રાજા 1:1-2
- લૂક 7:27-28
- માથ્થી 11:9-10

## શબ્દ માહિતી:

- Strong's: H1319, H4397, H4398, H5046, H5894, H6735, H6737, H7323, H7971, G32, G652

# સંપૂર્ણ, સંપૂર્ણ થયેલ, સંપૂર્ણ કરનાર, સંપૂર્ણતા, સંપૂર્ણ રીતે

## વ્યાખ્યા:

બાઇબલમાં, "સંપૂર્ણ" શબ્દનો અર્થ ખ્રિસ્તી જીવનમાં પરિપક્વ હોવું એવો થાય છે. કોઈ બાબતને સંપૂર્ણ કરવી તેનો અર્થ તે બાબત ઉત્તમ અને ખામીરહિત બને ત્યાં સુધી પ્રયત્ન કરવો એવો થાય છે.

- સંપૂર્ણ અને પરિપક્વ હોવાનો અર્થ એક ખ્રિસ્તી વ્યક્તિ આજ્ઞાંકિત છે એવો થાય છે અને પાપરહિત છે એવો નથી થતો.
- "સંપૂર્ણ" શબ્દનો બીજો અર્થ "પૂર્ણ" અથવા તો "સમગ્ર (પૂરેપુરું)" હોવું એવો પણ થાય છે.
- નવા કરારમાં યાકૂબનો પત્ર જણાવે છે કે કસોટીઓમાં દ્રઢ રહેવું તે સંપૂર્ણતા અને પરિપક્વતા ઉપજાવે છે.
- જ્યારે ખ્રિસ્તીઓ બાઇબલનો અભ્યાસ કરે છે અને તેનું આજ્ઞાપાલન કરે છે ત્યારે, તેઓ આત્મિક રીતે વધારે સંપૂર્ણ અને પરિપક્વ બનશે કારણકે તેઓ તેમના ચારિત્ર્યમાં ઈસુ જેવા વધારે બનાશે.

## અનુવાદ માટેના સૂચનો:

- આ શબ્દનો અનુવાદ "દોષરહિત" અથવા તો "ભૂલરહિત" અથવા તો "ક્ષતિરહિત" અથવા તો "ચૂકરહિત" અથવા તો "કોઈ પણ દોષ ન હોય તેવું" તરીકે કરી શકાય.

## બાઇબલના સંદર્ભો:

- હિબ્રૂ 12:1-3
- યાકૂબ 3:1-2
- માથ્થી 5:46-48
- ગીતશાસ્ત્ર 19:7-8

## શબ્દ માહિતી:

- Strong's: H724, H998, H1584, H1585, H3632, H3634, H4357, H4359, H4512, H8003, H8502, H8503, H8535, H8537, H8549, H8552, G195, G197, G199, G739, G1295, G2005, G2675, G2676, G2677, G3647, G5046, G5047, G5048, G5050, G5052

# સતાવવું, સતાવેલ, સતાવતું, સતાવણી, સતાવણીઓ, સતાવનાર, સતાવનારાઓ

## વ્યાખ્યા:

“સતાવવું” અને “સતાવણી” શબ્દો કોઈ વ્યક્તિ કે લોકજૂથ સાથે સતત કઠોર વ્યવહાર કરવો કે જે દ્વારા તેઓને નુકસાન પહોંચે તેનો ઉલ્લેખ કરે છે.

- સતાવણી એક વ્યક્તિ કે ઘણા લોકો વિરુદ્ધ હોય શકે અને તેમાં સામાન્ય રીતે સતત વારંવારનો હુમલાઓનો સમાવેશ થાય છે.
- ઇઝરાયલીઓને ઘણી વિભિન્ન લોકજાતિઓ દ્વારા સતાવવામાં આવ્યા હતા કે જેમણે તેઓ પર હુમલા કર્યા, તેઓને બંદી બનાવ્યા અને તેઓની વસ્તુઓ ચોરી લીધી હતી.
- જે લોકો ભિન્ન પ્રકારની ધાર્મિક માન્યતાઓ ધરાવે છે અથવા તો જેઓ નબળા છે તેવા લોકોની સતાવણી ઘણીવાર કરે છે.
- યહૂદી આગવાનોએ ઈસુની સતાવણી કરી કારણ કે ઈસુ જે શીખવતા હતા તે તેઓને ગમતું ન હતું.
- ઈસુ સ્વર્ગમાં પાછા ગયા ત્યાર બાદ, યહૂદી ધાર્મિક આગેવાનોએ અને રોમન સરકારે ઈસુના અનુયાયીઓની સતાવણી કરી.
- “સતાવવું” નો અનુવાદ “દમન કરતા રહેવું” અથવા તો “કઠોરપણે વર્તવું” અથવા તો “સતત દુર્વ્યવહાર કરવો” તરીકે પણ કરી શકાય.
- “સતાવણી” નો અનુવાદ “કઠોર દુર્વ્યવહાર” અથવા તો “જુલમ” અથવા તો “સતત નુકસાનકારક વ્યવહાર” તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: ખ્રિસ્તી, મંડળી, દમન કરવું, રોમ)

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 7:51-53
- પ્રેરિતોનાં કૃત્યો 13:50-52
- ગલાતી 1:13-14
- યોહાન 5:16-18
- માર્ક 10:29-31
- માથ્થી 5:9-10
- માથ્થી 5:43-45
- માથ્થી 10:21-23
- માથ્થી 13:20-21
- ફીલિપ્પી 3:6-7

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **33:7** “ખડકાળ જમીન એવી વ્યક્તિ છે કે જે ઈશ્વરનું વચન સાંભળે છે અને આનંદથી તેનો સ્વીકાર કરે છે.

પણ જ્યારે તે મુશ્કેલીઓ તથા **સતાવણીનો** સામનો કરે છે ત્યારે, તે પીછેહઠ કરે છે.”

- **45:6** તે દીવસે યરુશાલેમમાં ઘણા લોકોએ ઈસુના અનુયાયીઓને **સતાવાનું** કરવાનું શરૂ કર્યું કે જેથી વિશ્વાસીઓ અન્ય સ્થળોએ ભાગી ગયા.
- **46:2** શાઉલે કોઈને એવું કહેતા સાંભળ્યા કે “શાઉલ!

શાઉલ! તું મને કેમ **સતાવે** છે?” શાઉલે પૂછ્યું, “પ્રભુ, તમે કોણ છો?” ઈસુએ તેને જવાબ આપ્યો, “હું ઈસુ છું. તું મને **સતાવે** છે!”

- **46:4** પણ અનાન્યાએ કહ્યું, “પ્રભુ, આ માણસે કેવી રીતે વિશ્વાસીઓને **સતાવ્યા** છે તે મેં સાંભળ્યુ છે.”

## શબ્દ માહિતી:

- Strong's: H1814, H4783, H7291, H7852, G1375, G1376, G1377, G1559, G2347

# સપ્તાહ, સપ્તાહો

## વ્યાખ્યા:

“સપ્તાહ” શબ્દનો શાબ્દિક અર્થ, સાત દિવસોનો સમયગાળો દર્શાવે છે.

- યહૂદીયોના સમય વ્યવસ્થાની ગણતરીમાં સપ્તાહની શરૂઆત શનિવારના સૂર્યાસ્તથી શરૂ થઈને પછીના શનિવારના સૂર્યાસ્તે તેનો અંત આવે છે.
- બાઈબલમાં, “સપ્તાહ” શબ્દનો રૂપક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમકે સાત એકમના સમય જૂથને સાત વર્ષો તરીકે દર્શાવવામાં આવ્યા છે.
- “સપ્તાહોની ઉજવણી” જે ફસલની ઉજવણી છે કે જે પાસ્ખાપર્વના સાત સપ્તાહો પછી આવે છે.

તેને “પચાસમાનો દિવસ” પણ કહેવામાં આવે છે.

(આ પણ જુઓ: પચાસમાનો દિવસ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતોના કૃત્યો 20:7-8
- પુનર્નિયમ 16:9-10
- લેવીય 23:15-16

## શબ્દ માહિતી:

- Strong's: H7620, G4521

# સભા, સભાઓ, એકત્ર કરવું, ભેગા થયેલ

## વ્યાખ્યા:

"સભા" શબ્દ દર્શાવે છે કે એક લોકોનું એવું જૂથ જેઓ એક સાથે ભેગા થઈ સમસ્યાઓની ચર્ચા કરી, સલાહ આપી, અને નિર્ણય કરે.

- સભા એ એક આયોજીત સત્તાવાર જૂથ છે જે કેટલેક અંશે કાયમી હોઈ શકે છે, તે એક એવાં લોકોનું જૂથ કે જે થોડાસમય અને નિશ્ચિત હેતુ અથવા પ્રસંગ માટે ભેગા મળે છે.
- જૂનાકરારમાં વિશિષ્ટ પ્રકારની સભા હતી જેને "ધાર્મિક સભા" તરીકે ઓળખવામાં આવતી હતી કે જ્યાં ઈઝરાએલના લોકો ભેગા મળી યહોવાની આરાધના કરતા હતા.
- ક્યારેક આ શબ્દ "સભા" સામાન્ય રીતે ઈઝરાએલી લોકોના જૂથને દર્શાવે છે.
- દુશ્મન સૈનિકોના મોટા ટોળાને પણ ક્યારેક "સભા" તરીકે ઉલ્લેખવામાં આવ્યું છે.

તેનું ભાષાંતર "સૈન્ય" થઇ શકે છે.

- નવાકરારના સમયમાં 70 યહૂદી આગેવાનોની એક સભા હતી, જે મોટા શહેરો જેવા કે યરુશાલેમમાં પણ હતી, જે કાયદાને લગતી બાબતોને લઈને ન્યાય કરવા અને લોકો વચ્ચેના વિવાદોને ઠેકાણે પાડવા ભેગા મળતી.

આ "સભા" સાન્હેદ્રીન" અથવા "પરિષદ" તરીકે જાણીતી હતી.

## ભાષાંતરના સુચનો

- સંદર્ભ પર આધાર રાખીને આ "સભા" શબ્દનું ભાષાંતર "વિશિષ્ટ સંમેલન" અથવા "ભજન માટે એકત્ર થયેલી સભા" અથવા "પરિષદ" અથવા "સૈન્ય" અથવા "મોટું જૂથ" થઈ શકે છે.
- "સભા" શબ્દનો ઉપયોગ મોટે ભાગે સમગ્ર ઈઝરાએલી લોકોને એક જૂથ તરીકે ઓળખવામાં થાય છે, તેનું ભાષાંતર "જનસમૂહ" અથવા "ઈઝરાએલના લોકો" થઈ શકે છે.
- "સમગ્ર સભા" શબ્દનું ભાષાંતર "સમગ્ર લોકો" અથવા "ઈઝરાએલીઓનું આખું જૂથ" અથવા "દરેક જણ" થઈ શકે છે.

(જુઓ:અતિશયોક્તિ)

(આ પણ જુઓ: પરિષદ)

## બાઈબલની કલમો:

- 1રાજા 8:14-16
- પ્રેરિતો 7:38-40
- એઝરા 10:12-13
- હિબ્રૂ 12:22-24
- લેવીય 4:20-21
- નહેમ્યા 8:1-3

## શબ્દ માહિતી:

- Strong's: H622, H627, H1413, H1481, H2199, H3259, H4150, H4186, H4744, H5475, H5712, H5789, H6116, H6633, H6908, H6950, H6951, H6952, H7284, G1577, G1997, G3831, G4863, G4864, G4871, G4905

# સમજવું, સમજે છે, સમજયા, સમજણ

## વ્યાખ્યા:

“સમજવું” શબ્દનો અર્થ માહિતી સાંભળવી અથવા મેળવવી અને તેનો અર્થ શો છે તે જાણવું એવો થાય છે. “સમજણ” શબ્દ જ્ઞાન અથવા “ ડહાપણ” અથવા કેવી રીતે કઇક કરવું તેની ખાતરી કરવી.

- કોઈકને સમજવાનો અર્થ તે વ્યક્તિને કેવી લાગણી થાય છે તે જાણવું એવો થાય છે.
- એમોસના રસ્તા પર ચાલતાં, ઈસુએ શિષ્યોને મસીહ વિશેના શાસ્ત્રવચનોનો અર્થ સમજવા માટે પ્રેરણા આપી.
- સંદર્ભને આધારે, "સમજવું" શબ્દનું ભાષાંતર "જાણવું" અથવા "માનવું" અથવા "ગ્રહણ કરવું" અથવા "કઇક અર્થ જાણવો" થાય છે.
- કેટલીક વાર “સમજણ” શબ્દનો તરજુમો “જ્ઞાન” અથવા “ ડહાપણ” તરીકે કરી શકાય.

(આ પણ જુઓ: માનવું, જાણવું, જ્ઞાની)

## બાઇબલ સંદર્ભો

- અયૂબ 34:16-17
- લૂક 2:45-47
- લૂક 8:9-10
- માથ્થી 13:10-12
- માથ્થી 13:13-14
- નીતિવચનો 3:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H995, H998, H999, H1847, H2940, H3045, H3820, H3824, H4486, H7200, H7306, H7919, H7922, H7924, H8085, H8394, G50, G145, G191, G801, G1097, G1107, G1108, G1271, G1921, G1922, G1987, G1990, G2657, G3129, G3539, G3563, G3877, G4441, G4907, G4908, G4920, G5424, G5428, G5429, G6063

# સમય, અકાળે, તારીખ

## તથ્યો:

બાઈબલમાં મોટાભાગે "સમય" શબ્દનો ઉપયોગ લાક્ષણિક રીતે કરવામાં આવ્યો છે જ્યારે ઋતુ અથવા અમુક સમયના સમયગાળામાં ચોક્કસ ઘટનાઓ બની હતી. તેનો અર્થ "વય" અથવા "યુગ" અથવા "ઋતુ"ની સમાન છે.

- "સમય"નો અર્થ શબ્દસમૂહ "ત્રીજી વખત"માં "પ્રસંગ" હોઈ શકે. "ઘણી વખત" શબ્દસમૂહનો અર્થ "ઘણા પ્રસંગોએ" થઇ શકે.
- સંદર્ભને આધારે, "સમય" શબ્દનું "મોસમ" અથવા "સમયગાળો" અથવા "ક્ષણ" અથવા "ઘટના" અથવા "પ્રસંગ" તરીકે ભાષાંતર કરી શકાય છે.
- “વખત અને ઋતુઓ" શબ્દસમૂહ એવી અલંકારિક અભિવ્યક્તિ છે જે સમાન વિચારને બે વાર જણાવે છે. આનું ભાષાંતર "ચોક્કસ સમયગાળામાં થઈ રહેલી ચોક્કસ ઘટનાઓ" તરીકે પણ કરી શકાય.
- (જુઓ: સામ્ય ધરાવનારો શબ્દ)

આ પણ જુઓ: વય, મહા વિપત્તિકાળ)

## બાઈબલના સંદર્ભો:

- પ્રેરિતોનાં કૃત્યો 1:6 -8
- દાનિયેલ 12:1-2
- માર્ક 11:11-12
- માથ્થી 8:28-29
- ગીતશાસ્ત્ર 68:28-29
- પ્રકટીકરણ 14:14-16

## શબ્દ માહિતી:

- Strong's: H116, H227, H268, H310, H570, H865, H1697, H1755, H2165, H2166, H2233, H2465, H3027, H3117, H3118, H3119, H3259, H3427, H3706, H3967, H4150, H4279, H4489, H4557, H5331, H5703, H5732, H5750, H5769, H6049, H6235, H6256, H6258, H6440, H6471, H6635, H6924, H7105, H7138, H7223, H7272, H7281, H7637, H7651, H7655, H7659, H7674, H7992, H8027, H8032, H8138, H8145, H8462, H8543, G744, G530, G1074, G1208, G1441, G1597, G1626, G1909, G2034, G2119, G2121, G2235, G2250, G2540, G3379, G3461, G3568, G3763, G3764, G3819, G3956, G3999, G4178, G4181, G4183, G4218, G4277, G4287, G4340, G4455, G5119, G5151, G5305, G5550, G5551, G5610

# સમર્થન આપવું (કાયમ કરવું), તાજું કરે છે, કાયમ કરેલું, ખાતરીપૂર્વક

## વ્યાખ્યા:

"કાયમ કરવું" અને "ખાતરીપૂર્વક" શબ્દ દર્શાવે છે કે, જે કઈંક સાચું અથવા ચોક્કસ અથવા ભરોસાપાત્ર છે, તેની ખાતરી આપવી.

- જૂના કરારમાં દેવ તેના લોકોને કહે છે કે, તે તેનો કરાર તેના લોકો સાથે "કાયમ" કરશે.

તેનો અર્થ કે આ બાબત દર્શાવે છે કે જે કરાર દેવે કર્યો છે તે પાડશે. જયારે રાજાને "સમર્થન આવવામાં આવે છે" ત્યારે લોકો તેને રાજા બનવાના નિર્ણયથી સંમત છે અને તેને ટેકો આપે છે

- જે લખ્યું છે તેને સમર્થન આપવું, તેનો અર્થ એમ કે જે તે લખેલું છે તે સાચું છે.
- સુવાર્તાને "સમર્થન આપવું" એટલે કે સત્યનિષ્ઠાપૂર્વક લોકોને શિક્ષણ આપવું કે ઈસુ વિશેની સુવાર્તા સાચી છે.
- "સમર્થન સાથે" શપથ આપવાનો અર્થ, ગંભીરતાપૂર્વક કહેવું અથવા શપથ લેવા કે તે સાચું અને ભરોસાપાત્ર છે.
- સંદર્ભ પર આધાર રાખીને "સમર્થન" શબ્દનું ભાષાંતર, "સાચું છે તેમ સમર્થન આપવું" અથવા "સાબિત કરવું કે તે ભરોસાપાત્ર છે" અથવા "કોઈની સાથે સંમત થવું" અથવા "ખાતરી આપવી" અથવા "વચન આપવું," એવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.

(આ પણ જુઓ: કરાર, સપથ, ભરોસો)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 16:15-18
- 2 કરંથી 1:21-22
- 2 રાજા 23:3
- હિબ્રૂઓ 6:16-18

## શબ્દ માહિતી:

- Strong's: H553, H559, H1396, H3045, H3559, H4390, H4672, H5414, H5975, H6213, H6965, G950, G951, G1991, G2964, G3315, G4300, G4972

# સમાન, સમાન વિચારસરણી, સરખું, સમાનતા, સામ્યતા, સમાનતાઓ, તેવી જ રીતે, એકસરખું, વિપરીત

## વ્યાખ્યા:

"સમાન" અને "સમાનતા" શબ્દો, કંઈક બીજા કશાકની સમાનતામાં એક સરખું, અથવા મળતું આવતું હોય તેનો ઉલ્લેખ કરે છે.

- "સમાન" શબ્દ ઘણીવાર અર્થાલંકારિક અભિવ્યક્તિ "ઉપમા" તરીકે પણ વપરાય છે જેમાં કશાકને કશાકની સાથે સરખાવવામાં આવે છે, સામાન્ય રીતે સમાન લાક્ષણિકતાઓને દર્શાવીને.

ઉદાહરણ તરીકે, "તેના વસ્ત્રો સૂર્યની જેમ પ્રકાશે છે" અને "અવાજ મેઘગર્જના જેવો મોટો છે. " (જુઓ: અનુકરણ)

- કશાક અથવા કોઈક "ના જેવુ" અથવા "ના જેવો અવાજ" અથવા "ના જેવુ દેખાવું" નો અર્થ કે વસ્તુ કે વ્યક્તિ સાથે તેને સરખાવતા સમાન ગુણ હોવા.
- લોકોને ઈશ્વરની "સામ્યતા/સમાનતા" માં સર્જવામાં આવ્યા, એટલે કે ઈશ્વરની "પ્રતિમામાં. " તેનો અર્થ એ કે જે "સમાન" અથવા "સરખી" ગુણવત્તા ઈશ્વર પાસે છે એ ગુણવત્તા અથવા લાક્ષણિક્તાઓ તેઓ પાસે છે, જેમ કે વિચારવાની, અનુભવવાની, અને વાત કરવાની ક્ષમતા.
- કશાક અથવા કોઈક "ના જેવી સમાનતા" નો અર્થ છે કે, જે તે વસ્તુ કે વ્યક્તિની જેમ જ લાગતી લાક્ષણિકતાઓ હોવી.

## અનુવાદ માટેના સૂચનો

- કેટલાંક સંદર્ભમાં, "ના જેવી સમાનતા" અભિવ્યક્તિનું અનુવાદ "ના જેવુ લાગવું" અથવા "ના જેવુ દેખાય છે" એમ કરી શકાય.
- "તેના મરણની સમાનતામાં" અભિવ્યક્તિનું અનુવાદ "તેના મરણનો અનુભવ વહેંચવો" અથવા "જાણે તેની સાથે તેના મરણને અનુભવવું" એમ કરી શકાય.
- "પાપી દેહની સમાનતામાં" અભિવ્યક્તિનું અનુવાદ "પાપી મનુષ્ય જેવુ હોવું" અથવા "માનવી બનવું" એમ કરી શકાય. એ ધ્યાનમાં રાખો કે આ અભિવ્યક્તિનું અનુવાદ એવો આભાસ ના ઉપજાવે કે કારણ કે ઈસુ માનવી બન્યા તો તેઓ પણ પાપી હતા.
- "તેની પોતાની સમાનતામાં" નું અનુવાદ "તેની જેમ" અથવા "તેની પાસે છે તેવી ઘણી ગુણવત્તાઓ હોવી" એમ કરી શકાય.
- "નાશવંત માણસ, પક્ષી, ચાર પગવાળા પશુ અને વિસર્પી બાબતોની પ્રતિમાની સમાનતામાં" નું અનુવાદ "નાશવંત મનુષ્ય, અથવા પ્રાણીઓ, પક્ષીઓ, પશુઓ, અને નાના, પેટે ચાલતા જંતુઓના જેવી બનાવેલ મુર્તિ" એમ કરી શકાય.

(આ પણ જુઓ: પશુ, દેહ, ઈશ્વરની પ્રતિમા, પ્રતિમા, નાશ પામવું)

## બાઈબલના સંદર્ભો:

- હઝકિયેલ 1:4-6
- માર્ક 8:24-26
- માથ્થી 17:1-2
- માથ્થી 18:1-3
- ગીતશાસ્ત્ર 73:4-5
- પ્રકટીકરણ 1:12-13

## શબ્દ માહિતી:

- Strong's: H1823, H8403, H8544, G1503, G1504, G2509, G2531, G2596, G3664, G3665, G3666, G3667, G3668, G3669, G3697, G4833, G5108, G5613, G5615, G5616, G5618, G5619

# સમુદ્રી ગાય

## વ્યાખ્યા:

"સમુદ્રી ગાય" શબ્દ મોટા સમુદ્ર પ્રાણીનો ઉલ્લેખ કરે છે જે સમુદ્ર ભોંય પરનું સમુદ્ર ઘાસ અને બીજું વનસ્પતિ ખાય છે.

- સમુદ્રી ગાય એ રાખોડી રંગની જાળી ચામડીવાળી હોય છે.

તે તેના અવયવનો ઉપયોગ કરીને પાણીમાં હલન ચલન કરે છે.

- બાઈબલના સમયમાં સમુદ્રી ગાયના ચામડાનો ઉપયોગ લોકો દ્વારા તંબુઓ બનાવવા માટે થતો હતો.

મુલાકાત મંડપના આવરણ માટે પણ આ પ્રાણીના ચામડાનો ઉપયોગ થતો હતો.

- "સમુદ્રી ગાય" એ હુલામણું નામ હતું કારણ કે તે ગાયની જેમ ઘાસ કાય છે, પરંતુ બીજી રીતે તે ગાય જેવી સમાન ન હતી.
- "સ્તન્ય જળચર" અને "મેનેટી" એ સંબંધિત પ્રાણીઓ છે.

(આ પણ જુઓ: અજ્ઞાતનું અનુવાદ કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: મુલાકાત મંડપ)

## બાઈબલના સંદર્ભો:

- ગણના 4:5-6
- ગણના 4:12-14
- ગણના 4:24-26

વ્યક્તિ કે જે ઓળિયાને સ્વીકારે અને ન તૂટેલી મુદ્રા જોવે તો તે જાણી શકે કે કોઈએ પણ તેને ખોલ્યું નથી.

## શબ્દ માહિતી:

- Strong's: H8476

# સમૃદ્ધ થવું, સમૃદ્ધ થયું, સમૃદ્ધ થતું, સમૃદ્ધિ, સમૃદ્ધ

## વ્યાખ્યા:

"સમૃદ્ધ થવું" શબ્દ સામાન્ય રીતે સારી રીતે જીવવાનો ઉલ્લેખ કરે છે કાંતો શારીરિક રીતે કે નૈતિક  રીતે અથવા લાગણીકીય રીતે, સમૃદ્ધ થવાનો ઉલ્લેખ પણ કરી શકે છે. જ્યારે લોકો કે દેશ "સમૃદ્ધ" છે તો તેનો અર્થ એ થાય છે કે તેઓ ધનવાન છે અને સફળ થવા માટે જે કંઇ જરૂરી છે તે તેમની પાસે છે. તેઓ "સમૃદ્ધિ" પામી રહ્યા છે.

- "સમૃદ્ધ" શબ્દ ઘણીવાર પૈસા કે સંપત્તિ કમાવામાં સફળતા અથવા લોકોને સારી રીતે જીવવા માટે જરૂરી એવી બધી બાબતોને ઉત્પન્ન કરવીનો ઉલ્લેખ કરે છે..
- બાઇબલમાં, "સમૃદ્ધ" શબ્દ સારી તંદુરસ્તી અને બાળકોરૂપી આશીર્વાદ હોવાનો સમાવેશ પણ કરે છે.
- "સમૃદ્ધ" શહેર કે દેશ એ છે કે જેમાં ઘણા લોકો છે, ખોરાકનું સારું ઉત્પાદન છે અને પુષ્કળ પૈસા લાવતા વેપારધંધાઓ છે.
- બાઇબલ શીખવે છે કે જ્યારે વ્યક્તિ ઈશ્વરનું શિક્ષણ પાળે છે ત્યારે તે આત્મિક રીતે સમૃદ્ધ થશે. તે આનંદ અને શાંતિના આશીર્વાદો પણ મેળવશે. ઈશ્વર લોકોને હંમેશાં પુષ્કળ ભૌતિક સંપત્તિ આપતા નથી પણ જ્યારે તેઓ ઈશ્વરના માર્ગો અનુસરે છે ત્યારે તેઓ હંમેશાં તેમને આત્મિક રીતે સમૃદ્ધ કરશે.
- સંદર્ભ અનુસાર, "સમૃદ્ધ થવું" શબ્દનો અનુવાદ "આત્મિક રીતે સફળ થવું" અથવા તો "ઈશ્વર દ્વારા આશીર્વાદિત થવું" અથવા તો "સારી બાબતોનો અનુભવ કરવો" અથવા તો "સારી રીતે જીવવું" તરીકે પણ કરી શકાય.
- "સમૃદ્ધ" શબ્દનો અનુવાદ "સફળ" અથવા તો "ધનવાન" અથવા તો "આત્મિક રીતે ફળવંત" તરીકે પણ કરી શકાય.
- "સમૃદ્ધિ" નો અનુવાદ "કલ્યાણ" અથવા તો "સંપત્તિ" થવા તો "સફળતા" અથવા તો "ભરપૂર આશીર્વાદ" તરીકે પણ કરી શકાય.

(આ પણ જૂઓ: આશીર્વાદ આપવો, ફળ, આત્મા)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 29:22-23
- પુનર્નિયમ 23:5-6
- અયૂબ 36:10-12
- લેવીય 25:26-28
- ગીતશાસ્ત્ર 01:3

## શબ્દ માહિતી:

- Strong's: H1129, H1767, H1878, H1879, H2428, H2896, H2898, H3027, H3190, H3444, H3498, H3787, H4195, H5381, H6500, H6509, H6555, H6743, H6744, H7230, H7487, H7919, H7951, H7961, H7963, H7965, G2137

# સર્જન કરવું, સર્જન કરે છે, ઉત્પન્ન કરેલું, સર્જન, સર્જક

## વ્યાખ્યા:

"સર્જન કરવું" શબ્દનો અર્થ, કઈંક બનાવવું અથવા કઈંક પેદા કરવા માટે કારણ બનવું. જે કંઈ ઉત્પન્ન કરાયેલું છે તેને "સર્જન" કહેવામાં આવે છે દેવને "સર્જક" કહેવામાં આવ્યો છે, કારણકે સમગ્ર વિશ્વમાંનું સઘળું તેના કારણે અસ્તિત્વમાં આવેલું છે.

- દેવે આ જગતને શૂન્યમાંથી જગતને બનાવ્યું, તે બનાવવા માટે આ શબ્દ વાપરવામાં આવ્યો છે.
- જયારે મનુષ્યો કઈંક "બનાવે છે," તેનો અર્થ એમ કે જે પહેલેથી જ જે વસ્તુઓ અસ્તિત્વમાં હતી તેમાંથી તેઓ બનાવે છે.
- ક્યારેક "સર્જવું" શબ્દનો રૂપક ઉપયોગ, જેમકે શાંતિ સ્થાપવી, અથવા કોઈનામાં શુદ્ધ હ્રદય ઉત્પન્ન કરવું, એવી અમૂર્ત બાબત માટે પણ વાપરવામાં આવે છે.
- "સર્જન" શબ્દ, જયારે આદિએ દેવે પ્રથમ સઘળું બનાવ્યું તેને દર્શાવી શકે છે.

સામાન્ય રીતે દેવે જે સઘળું બનાવ્યું તે માટે પણ વાપરી શકાય છે. ક્યારેક "સર્જન" શબ્દ વિશિષ્ટ રીતે માત્ર જગતમાંના લોકોને દર્શાવે છે.

## ભાષાંતરના સૂચનો:

- કેટલીક ભાષાઓમાં કદાચ સીધુ કહેવામાં આવે છે કે દેવે "શૂન્યમાંથી" જગતને રચ્યું, તેની ખાતરી કરો કે આ અર્થ સ્પષ્ટ છે.
- "જગતના સર્જનથી" શબ્દસમૂહનો અર્થ, "સમય કે જ્યારથી દેવે જગતને રચ્યું હતું."
- "ઉત્પત્તિની શરૂઆતમાં" જેવા સમાન શબ્દસમૂહનું ભાષાંતર, "શરૂઆતના સમયમાં જયારે દેવે જગતને બનાવ્યું", અથવા "જયારે પ્રથમ જગતને બનાવાયું હતું" એમ કરી શકાય છે.
- "આખી પૃથ્વીને" સુવાર્તા પ્રચાર કરવી એનો અર્થ, "સમગ્ર પૃથ્વીના લોકોને સુવાર્તા પ્રચાર કરવો."
- "સમસ્ત જગત આનંદ કરો" શબ્દસમૂહનો અર્થ, "દેવે જે સઘળું ઉત્પન્ન કર્યું છે તે આનંદ કરો"
- સંદર્ભ પર આધાર રાખીને, "સર્જન કરવું" શબ્દનું ભાષાંતર, "બનાવવું" અથવા "કારણ બનવું (હોવું)" અથવા "શૂન્યમાંથી કઈંક બનાવવું," એમ કરી શકાય છે.
- "સર્જક" શબ્દનું ભાષાંતર, "એક કે જેણે સઘળું બનાવ્યું" અથવા "દેવ, કે જેણે સમગ્ર જગત બનાવ્યું છે" એમ કરી શકાય.
- શબ્દસમૂહો જેવાકે, "તમારો સર્જક" શબ્દનું ભાષાંતર, "દેવ, કે જેણે તમને બનાવ્યા છે" તરીકે કરી શકાય છે.

(આ પણ જુઓ: દેવ, સુસમાચાર, જગત)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી 11:9-10
- 1 પિતર 4:17-19
- કલોસ્સી 1:15-17
- ગલાતી 6:14-16
- ઉત્પત્તિ 1:1-2
- ઉત્પત્તિ 14:19-20

## શબ્દ માહિતી:

- Strong's: H3335, H4639, H6213, H6385, H7069, G2041, G2602, G2675, G2936, G2937, G2939, G4160, G5480

# સર્પ, સર્પો, સાપ, સાપો, નાનો ઝેરી સાપ, નાના ઝેરી સાપો

## તથ્યો:

આ બધા શબ્દો એક પ્રકારની પેટે ચાલનારા પ્રાણીનો ઉલ્લેખ કરે છે જેને લાંબા, પાતળા શરીર અને મોટી ફેણ હોય છે અને તે સમગ્ર જમીન પર પાછળથી આગળ વધીને આગળ વધે છે. "સર્પ" શબ્દ મોટા સાપનો ઉલ્લેખ કરે છે અને "એક નાનો ઝેરી સાપ" એવા પ્રકારનો સાપ કે જેનામાં ઝેર હોય છે જેનો ઉપયોગ તે પોતાના શિકારમાં ઝેર ફેલાવવા કરે છે.

- આ પ્રાણીનો રૂપકાત્મક ઉપયોગ એવી વ્યક્તિ કે જે દુષ્ટ છે તેને સંબોધવા થાય છે, ખાસ કરીને એવી વ્યક્તિ કે જે દગાખોર છે.
- ઈસુએ ધાર્મિક આગેવાનોને "સર્પોના વંશજો" એમ કહ્યા કારણ કે તેઓ ન્યાયી હોવાનો ઢોંગ કરતાં હતાં અને લોકોને છેતરતા અને તેઓની સાથે અયોગ્ય વર્તન કરતાં હતા.
- એદન વાડીમાં, શેતાને જ્યારે હવાની સાથે વાત કરી ત્યારે સર્પનું રૂપ ધારણ કર્યું અને ઈશ્વરનો અનાદર કરવા તેણીને લલચાવી.
- સર્પે હવાને પાપ કરવા લલચાવ્યા બાદ, હવા અને તેના પતિ આદમ બંનેએ પાપ કર્યું, ઈશ્વરે સર્પને શાપ આપ્યો, એમ કહીને કે, હવેથી દરેક સર્પ પેટે ચાલશે, એટલે કે તે પહેલા તેઓને પગ હતાં.

(અનુવાદ માટેના સૂચનો: નામોનો અનુવાદ કેવી રીતે કરવો)

(આ પણ જુઓ: શાપ, છેતરવું, અનાદર, એદન, દુષ્ટ, વંશજ, શિકાર, શેતાન, પાપ, લલચાવવું)

## બાઈબલના સંદર્ભો:

- ઉત્પતિ 3:1-3
- ઉત્પતિ 3:4-6
- ઉત્પતિ 3:12-13
- માર્ક 16:17-18
- માથ્થી 3:7-9
- માથ્થી 23:32-33

## શબ્દ માહિતી:

- Strong's: H660, H2119, H5175, H6620, H6848, H8314, H8577, G2191, G2062, G3789

# સલાહ, સલાહ આપવી, સલાહ આપી, સલાહકાર, સલાહકારો, સલાહ, સલાહ આપનારો, સલાહ આપનારાઓ

## વ્યાખ્યા:

“સલાહ” અને “સલાહ-સૂચન” શબ્દોના સમાન અર્થ હોય છે, અને કોઈકને ચોક્કસ પરિસ્થિતિમાં શું કરવું તે વિશે ડહાપણથી નિર્ણય લેવા મદદ કરે છે, તેને દર્શાવે છે. સમજદાર “સલાહકાર” અથવા “સલાહ આપનારો” એ વ્યક્તિ છે કે જે એવી સલાહ અથવા સલાહ-સૂચન આપે છે કે જેથી વ્યક્તિ યોગ્ય પસંદગીઓ કરી શકે.

- રાજાઓને મહત્વની બાબતો નક્કી કરવા અને મદદ માટે મોટેભાગે સત્તાવાર સલાહઆપનારાઓ અથવા સલાહકારો હોય છે કે જેઓ લોકો પર શાસન કરી તેમને અસર પહોંચાડે છે.
- ઘણીવાર તેમની સલાહસૂચન અથવા સલાહ સારા હોતા નથી.

દુષ્ટ સલાહકારો રાજાને એવી કાર્યવાહી કરવા અથવા ફરમાન પાળવા અરજ કરતા જેથી તે રાજાને અથવા તેના લોકોને નુકશાન થાય.

- સંદર્ભ પર આધાર રાખીને, “સલાહ” અથવા “સલાહસૂચન” શબ્દનું ભાષાંતર, “નિર્ણય લેવામાં મદદ કરવી” અથવા “ચેતવણીઓ” અથવા “બોધ આપવો” અથવા “માર્ગદર્શન” તરીકે પણ કરી શકાય છે.
- “સલાહસૂચન આપવાના” કાર્યનું ભાષાંતર, “સલાહ આપવી” અથવા “સૂચનો આપવા” અથવા “પ્રોત્સાહન આપવું” એમ કરી શકાય છે.
- નોંધ રાખો કે “સલાહ” શબ્દ “ન્યાયસભા” શબ્દ કરતાં જુદો છે, જે લોકોનું જૂથ દર્શાવે છે.

(તેને પણ જુઓ: પ્રોત્સાહન આપવું, પવિત્ર આત્મા, જ્ઞાની)

## બાઈબલની કલમો:

## શબ્દ માહિતી:

- Strong's: H1697, H1847, H1875, H1884, H1907, H2940, H3245, H3272, H3289, H3982, H4156, H4431, H5475, H5779, H5843, H6440, H6963, H6098, H7592, H8458, G1010, G1011, G1012, G1106, G4823, G4824, G4825

# સળો કરવો, સળો કરે છે, સળો કર્યો, કાપણી પછીનો સળો

## વ્યાખ્યા:

"સળો કરવો" શબ્દનો અર્થ ખેતર અથવા ફળની વાડીમાં જઈ અને ફસલ કાપનારાઓએ જે કંઈ અનાજ અથવા ફળ પાછળ છોડી દીધા છે, તેને લઈ ભેગા કરવા.

- દેવે ઈઝરાએલીઓને કહ્યું કે, વિધવાઓ, ગરીબ લોકો, અને પરદેશીઓને તેમના પોતાના માટે ખોરાક પૂરો પાડવા બાકી રહેલા અનાજનો સળો કરવા દો.
- ક્યારેક ખેતરનો માલિક સળો કરનારને સીધાજ ફસલ કાપનારાઓની પાછળ જઈ સળો કરવાની પરવાનગી આપે છે કે, જેથી તેઓને ખૂબ વધારે અનાજનો વધારે સળો કરી શકે.
- રૂથની વાર્તામાં આ ઉદાહરણ કેવી રીતે કામ કરે છે જે તેણીના સગા બોઆઝે ખેતરમાં ફસલ કાપનારાઓની વચમાં ઉદારતાથી સળો કરવાની પરવાનગી આપી હતી.
- "સળો કરવો" શબ્દનું વિવિધ ભાષાંતર, "ઉઠાવી લેવું" અથવા "ભેગું કરવું" અથવા "એકત્રિત કરવું" થઇ શકે છે.

(આ પણ જુઓ: બોઆઝ, અનાજ, ફસલ, રૂથ)

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 24:21-22
- યશાયા 17:4-5
- અયૂબ 24:5-7
- રૂથ 2:1-2
- રૂથ 2:15-16

## શબ્દ માહિતી:

- Strong's: H3950, H3951, H5953, H5955

# સહન કરવું, સહન કરે છે, ઘર્ષણ સહન કરનારો, ખેપિયો

## સત્યો:

"સહન કરવું" નો શાબ્દિક અર્થ "વહન કરવું" થાય છે. આ શબ્દના ઘણા રૂપકાત્મક અર્થ થાય છે.

- જયારે સ્ત્રી વિશે વાત કરીએ કે જે બાળક ધારણ કરવાની છે, તેનો અર્થ બાળકને "જન્મ આપવો" થાય છે.
- "બોજો સહન કરવો" તેનો અર્થ "અઘરી વસ્તુનો અનુભવ કરવો" થાય છે.

આ કઠણ વસ્તુઓમાં શારીરિક અથવા ભાવનાત્મક પીડાનો સમાવેશ થઈ શકે છે.

- બાઈબલમાં આપેલી સામાન્ય અભિવ્યક્તિ "ફળ આપવા" કે જેનો અર્થ "ફળ ઉત્પન્ન કરવા" અથવા "ફળ થવા" થાય છે.
- "સાક્ષી આપવી" નો અર્થ "સાક્ષી પુરવી" અથવા "કોઈકે જોયેલી અથવા અનુભવેલી બાબતનું વર્ણન કરવું" થાય છે.

"દીકરો તેના બાપના અન્યાયને નહીં સહે," તે વિધાનનો અર્થ એ કે "તે તેને માટે જવાબદાર નહીં બને" અથવા તેને પિતાના પાપો "શિક્ષા નહીં થાય."

- સામાન્ય રીતે આ શબ્દનું ભાષાંતર "લઇ જવું" અથવા તે માટે "જવાબદાર હોવું" અથવા "ઉત્પન્ન" અથવા "હોવું" અથવા "વેઠવું," તેમ સંદર્ભ પ્રમાણે હોઈ શકે છે.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કરો)

(આ પણ જુઓ: બોજો, એલીશા, વેઠવું, ફળ, અન્યાય, અહેવાલ, ઘેટું, બળ, પુરાવો, સાક્ષી)

## બાઈબલની કલમો:

- યર્મિયાનો વિલાપ 3:25-29

## શબ્દ માહિતી:

- Strong's: H2232, H3201, H3205, H5187, H5375, H5445, H5449, H6030, H6509, H6779, G142, G399, G430, G503, G941, G1080, G1627, G2592, G3114, G3140, G4064, G4160, G4722, G4828, G4901, G5041, G5088, G5297, G5342, G5409, G5576

# સહન કરવું, સહન કરે છે, ટકી રહેવું, ટકાઉ, સહનશક્તિ

## વ્યાખ્યા:

"સહન" શબ્દનો અર્થ લાંબા સમય ટકવું અથવા કઈંક મુશ્કેલી સાથે સહન કરવું.

- તેનો અર્થ પરીક્ષણના સમયોમાં, છોડી દીધા વિના દૃઢ ઉભા રહેવું, તેમ (અર્થ) થાય છે.
- "સહનશક્તિ" શબ્દનો અર્થ, "ધીરજ" અથવા "કસોટીના સમયે ટકી રહેવું" અથવા "સતાવણીના સમયે ખંત રાખી ટકી રહેવું" (અર્થ) હોઈ શકે.
- ખ્રિસ્તીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે કે તેઓએ પીડા સહન કરવી પડે છતાં પણ, તેઓ ઈસુને આધીન રહીને, "અંત સુધી સહન કરવું."
- "પીડા સહન કરવી" શબ્દનો અર્થ "પીડાનો અનુભવ કરવો," પણ થઈ શકે છે.

## ભાષાંતરના સૂચનો:

- "સહન કરવું" શબ્દના ભાષાંતરમાં, "ધૈર્ય" અથવા "વિશ્વાસ રાખવો" અથવા "દેવ જે ઈચ્છે છે તે તમારે સતત કરતા રહેવું" અથવા "દ્રઢ ઉભા રહેવું" એવા શબ્દોનો સમાવેશ કરી શકાય છે.
- કેટલાક સંદર્ભોમાં, "સહન કરવું" શબ્દનું ભાષાંતર, "અનુભવ કરવો" અથવા "(દુઃખ) માંથી પસાર થવું" એમ કરી શકાય છે.
- લાંબા સમય માટે ટકી રહેવાના અર્થમાં, "સહન કરવું" શબ્દનું ભાષાંતર, "ટકી રહેવું" અથવા "ચાલુ રહેવું" તરીકે પણ કરી શકાય.

"સહન નહીં કરે" શબ્દસમૂહનું ભાષાંતર, "નહીં ટકે" અથવા "ટકશે નહીં" તરીકે કરી શકાય.

- "સહનશક્તિ" શબ્દના ભાષાંતરમાં, "ધૈર્ય (ખંત)" અથવા "વિશ્વાસ કરવાનું ચાલુ રાખવું" અથવા "વફાદાર રહેવું" (એવા શબ્દોનો) સમાવેશ કરી શકાય છે.

(આ પણ જુઓ : ધૈર્ય)

## બાઈબલની કલમો :

- 2 તિમોથી 2:11-13
- યાકૂબ 1:1-3
- યાકૂબ 1:12-13
- લૂક 21:16-19
- માથ્થી 13:20-21
- પ્રકટીકરણ 1:9-11
- રોમન 5:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H386, H3201, H3557, H3885, H5331, H5375, H5975, G430, G907, G1526, G2005, G2076, G2553, G2594, G3114, G3306, G4722, G5278, G5281, G5297, G5342

# સહન કરવું,પીડાય છે,સહન કર્યું,વેદના,પીડાઓ

## વ્યાખ્યા:

"સહન કરવું" અને "વેદના" શબ્દોનો અર્થ ખૂબ જ કંઈક અણગમતું, જેમ કે માંદગી,પીડા, અથવા અન્ય મુશ્કેલીઓનો અનુભવ એવો થાય છે.

- જ્યારે લોકો પર સતાવણી થાય અથવા જ્યારે તેઓ બીમાર હોય ત્યારે તેઓ પીડાતા હોય છે.
- કેટલીકવાર લોકોએ કરેલાં ખોટા કાર્યોને લીધે લોકોને પીડા થાય છે; દુનિયામાંનાં પાપ અને બીમારીને લીધે તેઓ સહન કરે છે.
- દુઃખ શારીરિક હોઈ શકે છે, જેમ કે પીડા કે માંદગી અનુભવવી.

તે ભાવનાત્મક પણ હોઈ શકે છે, જેમ કે ભય,ઉદાસી,અથવા એકલતાની લાગણી અનુભવવી.

- "મને સહન કરો" શબ્દસમૂહનો અર્થ "મારી સાથે સહન કરવું" અથવા"મને સાંભળો" અથવા "ધીરજથી સાંભળો."

## અનુવાદનાં સૂચનો:

- "સહન કરવું" શબ્દનો અનુવાદ "પીડા અનુભવવી" અથવા"મુશ્કેલી સહન કરવી" અથવા "તકલીફો અનુભવવી" અથવા "મુશ્કેલ અને પીડાદાયક અનુભવોમાંથી પસાર થવું" તરીકે ભાષાંતર કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "વેદના"નું ભાષાંતર "અત્યંત મુશ્કેલ સંજોગો" અથવા "ગંભીર તકલીફો" અથવા "મુશ્કેલીનો અનુભવ" અથવા "પીડાદાયક અનુભવોનો સમય" તરીકે કરી શકાય છે
- ”તરસ વેઠવી“ શબ્દસમૂહનો અનુવાદ “તરસ અનુભવવી” અથવા “તરસથી પીડાવું” તરીકે કરી શકાય છે.
- “હિંસાસહન કરવી” નો અનુવાદ"હિંસામાંથી પસાર થવું" અથવા"હિંસક કૃત્યો દ્વારા નુકસાન થવું” તરીકે કરી શકાય છે.

## બાઇબલના સંદર્ભો

- 1 થેસ્સલોનિકી 2:14-16
- 2 થેસ્સલોનિકી 1:3-5
- 2 તીમોથી 1:8-11
- પ્રેરિતોનાં કૃત્યો 7:11-13
- યશાયાહ 53:10-11
- યર્મિયા 6:6-8
- માથ્થી 16:21-23
- ગીતશાસ્ત્ર 22:24-25
- પ્રકટીકરણ 1:9-11
- રોમનો 5:3-5

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **9:13** યહોવાહે કહ્યું ,"મેં મારા લોકોનું **દુઃખ** જોયું છે."
- **42:3** તેણે(ઈસુએ) તેમને પ્રબોધકોએ જે કહ્યું હતું તે યાદ કરાવ્યું કે મસીહ દુઃખ વેઠશે અને માર્યો જશે,પણ ત્રીજે દિવસે સજીવન થશે.
- **42:7** તેણે(ઇસુએ) કહ્યું કે,”પુરાતન કાળમાં લખાયું હતું કે મસીહ દુઃખ વેઠશે અને મૃત્યુ પામશે ,ને ત્રીજે દિવસે મુએલામાંથી પાછો ઊઠશે.”
- **44:5**" તમે જે કરી રહ્યા હતા તે તમે ભલે સમજ્યા ન હતા, ઈશ્વરે તમારાં કાર્યોનો ઉપયોગ ભવિષ્યવાણીને પરિપૂર્ણ કરવા માટે કર્યો કે મસીહ **દુઃખ વેઠે** અને મૃત્યુ પામે."
- **46:4** ઈશ્વરે કહ્યું, "મેં તેને(શાઉલને) મારું નામ નાશ પામનારાઓને પ્રગટ કરવા માટે પસંદ કર્યો છે.મારા નામને લીધે તેને કેટલું બધું દુઃખ સહન કરવું પડશે એ હું તેને બતાવીશ.”
- **50:17** તે(ઇસુ) દરેક આંસુ લૂછી નાખશે અને ત્યાં કોઈ દુઃખ,શોક,રૂદન,દુષ્ટતા,પીડા અથવા મરણ થનાર નથી.

## શબ્દ માહિતી:

- Strong's: H943, H1741, H1934, H4342, H4531, H4912, H5142, H5254, H5375, H5999, H6031, H6040, H6041, H6064, H6090, H6770, H6869, H6887, H7661, G91, G941, G971, G2210, G2346, G2347, G3804, G3958, G4310, G4778, G4841, G5004, G5723

# સાજુ કરવું, સાજો થયેલો, સાજુ કરવું, સાજુ કરે છે, સાજા કરનાર, સ્વાસ્થ્ય, તંદુરસ્ત, નાતંદુરસ્ત

## વ્યાખ્યા:

"સાજુ કરવું" અને "મટાડવું" શબ્દોનો અર્થ, માંદુ, ઘાયલ, અથવા અક્ષમ વ્યક્તિને ફરીથી તંદુરસ્ત કરવું.

- વ્યક્તિ કે જે "સાજો થયેલ" અથવા "રોગમાંથી મુક્ત થયેલ" છે, એટલે કે જેને "સારો કરવામાં આવેલો છે" અથવા "તંદુરસ્ત કરવામાં આવેલો" છે.
- ઈશ્વરે આપણા શરીરોને ઘણા પ્રકારના ઘા અને રોગોથી સાજા થવાની ક્ષમતા આપી છે, જેથી તેઓ કુદરતી રીતે સાજા થઈ શકે છે. સામાન્ય રીતે આ પ્રકારનું સાજાપણું ધીરે ધીરે થાય છે.
- જો કે, અમુક સંજોગો, જેવા કે અંધ હોવું, અથવા લકવાગ્રસ્ત હોવું, અને ચોક્કસ ગંભીર રોગો, જેવા કે રક્તપિત્ત, આપોઆપ સાજા થતા નથી. જયારે લોકો આવી બાબતોથી સાજા થાય છે, ત્યારે તે એક ચમત્કાર છે, જે સામાન્ય રીતે એકાએક બને છે.
- ઉદાહરણ તરીકે, ઈસુએ ઘણા લોકો કે જેઓ અંધ અથવા અપંગ અથવા રોગોવાળા હતા તેઓને સાજા કર્યા, અને તેઓ તરતજ સારા થઈ ગયા.
- પ્રેરિતોએ પણ ચમત્કારિક રીતે લોકોને સાજા કર્યા, જેવા કે જયારે પિતરે લંગડા માણસને ચાલવાનું કહ્યું, ત્યારે તે તરતજ ચાલવા માટે સક્ષમ બન્યો.

(આ પણ જુઓ: ચમત્કાર)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 5:14-16
- પ્રેરિતો 8:6-8
- લૂક 5:12-13
- લૂક 6:17-19
- લૂક 8:43-44
- માથ્થી 4:23-25
- માથ્થી 9:35-36
- માથ્થી 13:15

## બાઇબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **19:14** ઘણા ચમત્કારોમાંનો એક નામાન એ સૈન્યના સેનાપતિ, તેને માટે થયો, જેને ચામડીનો ભયંકર રોગ હતો. તેણે એલિશા વિશે સાભળ્યું હતું, જેથી તે (નામાન) તેની પાસે ગયો અને તેને **સાજા** કરવા માટે એલિશાને પૂછયું.
- **21:10** તેણે (યશાયાએ) પણ ભાખેલું કે જેઓ સાંભળી, જોઈ, બોલી, અથવા ચાલી શક્તા નથી તે લોકોને મસીહા **સાજા** કરશે.
- **26:6** ઈસુએ કહેવાનું ચાલુ રાખ્યું, "એલિશા પ્રબોધકના સમય દરમ્યાન, ઈઝરાએલમાં ઘણા લોકો ચામડીના રોગોથી પીડાતા હતા. પણ એલિશાએ તેમાંના કોઈને **સાજા** કર્યા નહીં. તેણે ફક્ત ઈઝરાએલના શત્રુઓના સેનાપતિ નામાનનો ચામડીનો રોગ **મટાડયો**.
- **26:8** તેઓ ઘણા લોકોને તેની પાસે લાવ્યાં કે જેઓ માંદા અથવા વિકલાંગ હતા, જેમાં જેઓ જોઈ, ચાલી, સાંભળી, અથવા બોલી શકતા ન હતા તેઓને સમાવેશ થયેલો હતો, અને ઈસુએ તેઓને **સાજા** કર્યા.
- **32:14** તેણીએ સાંભળ્યું હતું કે ઈસુએ ઘણા માંદા લોકોને સાજા કર્યા હતા અને વિચાર્યું કે, "મને ખાતરી છે કે જો હું ઈસુના લૂગડાંને સ્પર્શ કરીશ, તો હું પણ **સાજી** થઈશ!"
- **44:3** તરત જ, ઈશ્વરે તે લંગડા માણસને **સાજો** કર્યો, અને તે ચાલવા અને કૂદવા લાગ્યો, અને ઈશ્વરની સ્તુતિ કરવા લાગ્યો.
- **44:8** પિતરે તેઓને ઉત્તર આપ્યો, આ માણસ જે તમારી આગળ ઊભો રહ્યો છે, તે ઈસુ મસીહાના સામર્થ્યથી **સાજો** થયો છે
- **49:2** ઈસુએ ઘણા ચમત્કારો કર્યા જે સાબિત કરે છે કે તે ઈશ્વર છે. તે પાણી ઉપર ચાલ્યા, તોફાનને શાંત પાડ્યું, ઘણા માંદા લોકોને **સાજા** કર્યા, ભૂતોને બહાર કાઢ્યા, મૃતને સજીવન કર્યા, અને પાંચ રોટલી અને બે નાની માછલીને પાંચ હજાર લોકોને પુરતો થાય તેટલા ખોરાકમાં ફેરવી નાખ્યા.

## શબ્દ માહિતી:

- Strong's: H724, H1369, H1455, H2280, H2421, H2896, H3444, H3545, H4832, H4974, H7495, H7499, H7500, H7725, H7965, H8549, H8585, H8644, H622, G1295, G1743, G2322, G2323, G2386, G2390, G2392, G2511, G3647, G4982, G4991, G5198, G5199

# સાથી, સાથીઓ, સહકાર્યકર, સહકાર્યકરો, મિત્ર

## સત્યો:

"સાથી" શબ્દ, વ્યક્તિ કે જે બીજા કોઈકની સાથે જાય છે અથવા બીજા કોઈની સાથે સંકળાયેલો છે, જેમકે મિત્રતા અથવા લગ્ન, તેને દર્શાવે છે. "સહકાર્યકર" શબ્દ કોઈક કે જે બીજા વ્યક્તિ સાથે કામ કરે છે તેને દર્શાવે છે.

- સાથીઓ એક સાથે અનુભવોમાંથી પસાર થાય છે, જેમકે તેઓ એક સાથે ભોજન વહેંચે છે, અને એકબીજાને આધાર અને પ્રોત્સાહન પુરા પાડે છે.
- સંદર્ભ પર આધાર રાખીને, આ શબ્દનું ભાષાંતર, શબ્દ અથવા શબ્દસમૂહ વડે કરી શકાય જેનો અર્થ, "મિત્ર" અથવા "સાથી મુસાફર" અથવા "આધાર આપનાર વ્યક્તિ કે જે સાથે જાય છે" અથવા "વ્યક્તિ કે જે સાથે કામ કરે છે" તરીકે પણ કરી શકાય છે.

## બાઈબલની કલમો:

- હઝકિયેલ 37:15-17
- હિબ્રૂ 1:8-9
- નીતિવચનો 2:16-17
- ગીતશાસ્ત્ર 38:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H251, H441, H2269, H2270, H2271, H2273, H2278, H3674, H3675, H4828, H7453, H7462, H7464, G2844, G3353, G4791, G4898, G4904

# સાફ કરવું,સફર,અધીરા,દાવપેચ

## તથ્યો:

"સાફ કરવું"નો અર્થ સામાન્ય રીતે ઝાડુ અથવા બ્રશ સાથે વ્યાપક,ઝડપી હલનચલન કરીને ગંદકી દૂર કરવી એમ થાય છે. “સાફ કર્યું” એ“સાફ કરવાનું” ભૂતકાળનું રૂપ છે. આ શબ્દોનો અલંકારિક ઉપયોગ પણ થાય છે.

- "સાફ કરવું" શબ્દનું અલંકારિક વર્ણન કેવી રીતે લશ્કર ઝડપથી,નિર્ણયાત્મક અને ઝપાટાબંધ ચાલીને હુમલો કરે છે એ થાય છે.
- દાખલા તરીકે,યશાયાહે ભવિષ્યવાણી કરી હતી કે આશ્શૂરીઓ યહુદાહના રાજ્યનો સપાટો કરશે.

આનો અર્થ એ થાય કે તેઓ યહુદાહનો નાશ કરશે અને તેના લોકોનેકબજે કરશે.

- "સાફ કરવું" શબ્દનો ઉપયોગ ઝડપથી વહેતું પાણી જે રીતે ધકેલાય છે અને વસ્તુઓને દૂર કરી શકે છે તે વર્ણવે છે.
- જ્યારે કોઈ વ્યક્તિ સાથે જબરજસ્ત,મુશ્કેલ બાબતો બની રહી હોય ત્યારે,એવું કહી શકાય કે તેઓ તેના પર "હાવી"થઈ રહી છે.

(આ પણ જુઓ:આશ્શૂર,યશાયાહ,યહૂદા,પ્રબોધક)

## બાઇબલના સંદર્ભો:

- 1 રાજાઓ 16:3-4
- દાનિયેલ 11:40-41
- ઉત્પત્તિ 18:24-26
- નીતિવચનો 21:7-8
- ગીતશાસ્ત્ર 90:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H622, H857, H1640, H2498, H2894, H3261, H5500, H5502, H5595, H7857, H8804, G4216, G4563, G4951

# સાવધાન, ભયની સુચના આપવી, ભયભીત

## સત્યો:

સાવધાની તે આવનાર ભયની સુચના છે જેનાથી લોકોને નુકશાન થઈ શકે છે. "સાવધાન થવું" એટલે, કાંઈક જોખમી અથવા ધમકીને લીધે ચિંતા થાય અને ડર લાગે.

- યહોશાફાટ રાજાએ જયારે જાણ્યું કે મોઆબીઓ યહુદાના રાજ્ય પર હુમલો કરનારા છે ત્યારે તે ભયભીત થયો.
- ઈસુએ તેના શિષ્યોને કહ્યું કે જયારે તમે છેલ્લા દિવસોમાં આફતો આવતી જુઓ ત્યારે ભયભીત થશો નહીં.
- "ભયની સુચના આપવી" એ અભિવ્યક્તિ દર્શાવે છે કે ચેતવણી આપવી.

જુના જમાનામાં કોઈને ચેતવણી આપવા માટે રણશિંગું ફુંકીને અવાજ કરવામાં આવતો.

## ભાષાંતરના સૂચનો

- "કોઈને સાવધાન કરવું" તેનો અર્થ "કોઈને ચિંતા કરાવવી" અથવા "કોઈને ચિંતામાં નાખવા."
- "સાવધાન થવું" તેનું ભાષાંતર "ચિંતા થવી" અથવા "ડર લાગવો" અથવા "કોઈની વિશે ચિંતા થવી" એમ થઇ શકે છે.
- "સાવધાન કરવું" એ અભિવ્યક્તિનું ભાષાંતર "જાહેર ચેતવણી આપવી" અથવા "આવનાર ભય વિશે જાહેરાત કરવી" અથવા "આવનાર ભય વિશે રણશિંગડું ફુંકવું" એમ થઈ શકે છે.

(જુઓ: યહોશાફાટ, મોઆબ)

## બાઈબલની કલમો:

- દાનિએલ 11:44-45
- યર્મિયા 4: 19-20
- ગણના 10:9

## શબ્દ માહિતી:

- Strong's: H7321, H8643

# સાહસિક, હિંમતભેર, સાહસિકતા, હિંમત પામેલ

## વ્યાખ્યા:

આ બધા શબ્દો સૂચવે છે કે, જયારે મુશ્કેલી અથવા જોખમ હોય તેમ છતાં પણ સાચું બોલવાની હિંમત અને આત્મવિશ્વાસ જેંને હિંમત કહી શકાય છે.

- "સાહસિક" વ્યક્તિ જે સારું અને સાચું હોય છે તે કહેવા અને કરવા માટે ડરતા નથી, જે કાર્યમાં જે લોકો સાથે દુર્વ્યવહાર થયો હોય તેમને બચાવાનો પણ સમાવેશ થાય છે.

આ શબ્દનું ભાષાંતર "હિંમતવાન" અથવા "નિર્ભય" થઇ શકે છે.

- નવા કરારમાં, શિષ્યોએ જાહેર જગ્યાઓમાં, કેદમાં પુરાવા છતાં અથવા મૃત્યુનો ખતરો હોવા છતાં સતત "હિંમતભેર" ખ્રિસ્ત વિશે પ્રચાર કર્યો.

આ શબ્દનું ભાષાંતર, "આત્મવિશ્વાસપૂર્વક" અથવા "ખુબ હિંમત સાથે" અથવા "હિંમતભેર" થઇ શકે છે.

- શરૂઆતમાં શિષ્યોએ ખ્રિસ્તની સુવાર્તા પ્રચાર કરી જે "સાહસિકતા" દેખાડી અને ખ્રિસ્તના વધસ્તંભ પરનું છુટકારો કરનારું મૃત્યુની સુવાર્તા સમગ્ર ઈઝરાએલમાં અને અંતે નજીકના દેશો ત્યારબાદ પુરા વિશ્વમાં ફેલાવી.

"સાહસિકતા" શબ્દનું ભાષાંતર, "આત્મવિશ્વાસથી ભરપૂર હિંમત" થઇ શકે છે.

(આ પણ જુઓ: આત્મવિશ્વાસ, સુવાર્તા, છોડાવવું)

## બાઈબલની કલમો :

- 1 યોહાન 2:27-29
- 1 થેસ્સલોનિકી 2:1-2
- 2 કરંથી 3:12-13
- પ્રેરિતો 4:13-14

## શબ્દ માહિતી:

- Strong's: H982, H983, H4834, H5797, G662, G2292, G3618, G3954, G3955, G5111, G5112

# સિંહાસન, તાજ, સિંહાસને બેસાડ્યો

## વ્યાખ્યા:

સિંહાસન એક ખાસ ડિઝાઇનની ખુરશી છે જ્યાં શાસક બેસીને મહત્વપૂર્ણ બાબતોના નિર્ણય કરેછે અને તેના લોકો પાસેથી અરજો સાંભળે છે.

- સિંહાસન એ સત્તા અને સામર્થ્યનું પ્રતીક પણ છે જે શાસક પાસે હોય છે.
- સિંહાસન" શબ્દનો અર્થ ઘણીવાર અલંકારિક રીતે શાસક, તેમના શાસન અથવા તેમની શક્તિનો ઉલ્લેખ કરવા માટે થાય છે. (જુઓ: મેટનીમી)
- બાઈબલમાં, ઘણીવાર ઈશ્વરને સિંહાસન પર બિરાજેલા રાજા તરીકે ગણાવ્યા હતા.

ઇસુને ઈશ્વરપિતાની જમણી બાજુ પર સિંહાસન પર બેઠેલા વર્ણવવામાં આવ્યા હતા.

- ઈસુએ કહ્યું કે સ્વર્ગ ઈશ્વરનું સિંહાસન છે.

આનો અનુવાદ આ રીતે પણ હોઈ શકે, "જ્યાં ઈશ્વર રાજા તરીકે રાજ કરે છે."

(આ પણ જુઓ: સત્તા, શક્તિ, રાજા, શાસન)

## બાઇબલના સંદર્ભો:

- કલોસી 1:15-17
- ઉત્પત્તિ 41:39-41
- લુક 1:30-33
- લુક 22:28-30
- માથ્થી 5:33-35
- માથ્થી 19:28
- પ્રગટીકરણ 1:4-6

## શબ્દ માહિતી:

- Strong's: H3427, H3676, H3678, H3764, H7675, G968, G2362

# સિંહો, સિંહ, સિંહણ, સિંહણો

## વ્યાખ્યા:

સિંહ એક વિશાળ, બિલાડી જેવું પ્રાણી છે, અને જે તેના શિકારને શક્તિશાળી દાંત અને જબરદસ્ત પંજાથી મારી નાખે છે અને ફાડી નાખે છે.

- સિંહો પાસે તેમના શિકારને પકડવા માટે શક્તિશાળી શરીરો અને ખૂબ ઝડપ હોય છે.

તેમની કેશવાળી ટૂંકી અને સોનેરી-કથ્થાઇ હોય છે.

- નર સિંહોને વાળનો જથ્થો હોય છે જે તેમના માથાને ઘેરે છે.
- સિંહો અન્ય પ્રાણીઓને મારીને ખાય છે અને મનુષ્ય માટે જોખમી બની શકે છે.
- જ્યારે રાજા દાઉદ એક છોકરો હતો, ત્યારે તેણે ઘેટાં પર હુમલો કરવાનો પ્રયત્ન કરતા સિંહને મારી નાખ્યો.
- સામસૂને પણ તેના ખુલ્લા હાથથી સિંહને મારી નાખ્યો.

(આ પણ જુઓ: અજ્ઞાતનું કેવી રીતે ભાષાંતર કરવું)

(આ પણ જુઓ: દાઉદ, ચિત્તો, સામસૂન, ઘેટું)

## બાઇબલના સંદર્ભો:

- 1 કાળવૃતાંત 11:22-23
- 1 રાજાઓ 7:27-29
- નીતિવચનો 19:11-12
- ગીતશાસ્ત્ર 17:11-12
- પ્રકટીકરણ 5:3-5

## શબ્દ માહિતી:

- Strong's: H738, H739, H744, H3715, H3833, H3918, H7826, H7830, G3023

# સિદ્ધાંત, શિક્ષણ, માન્યતાઓ, સૂચનાઓ, જ્ઞાન

## વ્યાખ્યા:

"સિદ્ધાંત" શબ્દનો શાબ્દિક અર્થ "શિક્ષણ" છે. સામાન્ય રીતે તે ધાર્મિક શિક્ષણનો ઉલ્લેખ કરે છે.

- ખ્રિસ્તી શિક્ષણના સદર્ભમાં, "સિદ્ધાંત," તે ઈશ્વર - પિતા, પુત્ર અને પવિત્રઆત્મા - તેમના બધાંજ ચરિત્ર ગુણો સહિત, તથા તેમણે જે બધું કર્યું છે તેનો ઉલ્લેખ કરે છે.
- ઈશ્વરે તેમના માટે મહિમા લાવવા, ખ્રિસ્તીઓએ કેવી રીતે પવિત્ર જીવન જીવવું તે સઘળી બાબતોનો ઉલ્લેખ પણ કરે છે.
- ક્યારેક "સિદ્ધાંત" શબ્દ, ખોટું અથવા દુન્યવી ધાર્મિક શિક્ષણ કે જે માનવજાત દ્વારા આવે છે, તે દર્શાવવા પણ વાપરવામાં આવ્યો છે. સંદર્ભ આ અર્થને સ્પષ્ટ કરે છે.
- આ શબ્દનું ભાષાંતર "શિક્ષણ" તરીકે પણ કરી શકાય છે.

(આ પણ જુઓ: શીખવવું)

## બાઈબલની કલમો:

- 1 તિમોથી 1:3-4
- 2 તિમોથી 3:16-17
- માર્ક 7:6-7
- માથ્થી 15:7-9

## શબ્દ માહિતી:

- Strong's: H3948, H4148, H8052, G1319, G1322, G2085

# સૂચના આપવી, સૂચન આપે છે, સૂચના આપી, સૂચના, સૂચનાઓ, પ્રશિક્ષકો

## સત્યો:

"સૂચના" અથવા "સૂચન" શબ્દો, શું કરવું તે વિશે ચોક્કસ માર્ગદર્શન આપવામાં આવે છે તે દર્શાવે છે.

- "સૂચનાઓ આપવી" તેનો અર્થ, કોઈને તેણે શું વિશેષ કાર્ય કરવાનું છે તે વિશે કહેવું.
- જયારે ઈસુએ શિષ્યોને રોટલી અને માછલી લોકોને વહેંચવા આપી, ત્યારે તેઓએ કેવી રીતે કરવું, તે વિશે તેણે તેઓને વિશેષ સૂચનાઓ આપી.
- સંદર્ભ પર આધાર રાખીને, "સૂચના" શબ્દનું ભાષાંતર, "કહેવું" અથવા "દોરવું" અથવા "શીખવવું" અથવા "સૂચનો આપવા" તરીકે પણ કરી શકાય છે.
- "સૂચનો" શબ્દનું ભાષાંતર, "માર્ગદર્શન" અથવા "ખુલાસો" અથવા "તેણે તમને શું કરવા કહ્યું છે" તરીકે કરી શકાય છે.
- જયારે દેવ સૂચનાઓ આપે છે, ત્યારે ક્યારેક આ શબ્દનું ભાષાંતર "આદેશો" અથવા "હુકમો" તરીકે થાય છે.

(આ પણ જુઓ: આદેશ, હુકમનામું, શીખવવું)

## બાઈબલની કલમો:

- નિર્ગમન 14:4-5
- ઉત્પત્તિ 26:4-5
- હિબ્રૂ 11:20-22
- માથ્થી 10:5-7
- માથ્થી 11:1-3
- નીતિવચન 1:28-30

## શબ્દ માહિતી:

- Strong's: H241, H376, H559, H631, H1004, H1696, H1697, H3256, H3289, H3384, H4148, H4156, H4687, H4931, H4941, H5657, H6098, H6310, H6490, H6680, H7919, H8451, H8738, G1256, G1299, G1319, G1321, G1378, G1781, G1785, G2322, G2727, G2753, G3559, G3560, G3614, G3615, G3624, G3811, G3852, G3853, G4264, G4367, G4822

# સેનાપતિ (સરદાર), સેનાપતિઓ

## વ્યાખ્યા:

“સેનાપતિ” શબ્દ લશ્કરનો વડો કે જે ચોક્કસ સૈનિકોના જૂથને દોરવા અને આદેશ આપવા જવાબદાર હોય છે, તેને દર્શાવે છે.

- સેનાપતિ એ સૈનિકોના નાના જૂથનો અથવા મોટા જૂથ, જેવા કે એક હજાર માણસોનો ઉપરી હોઈ શકે.
- આ શબ્દ યહોવાના દૂતોના લશ્કરના સરદારને દર્શાવવા માટે પણ વપરાયો છે.
- “સેનાપતિનું” બીજી રીતે ભાષાંતર કરીએ તો “આગેવાન” અથવા “સરદાર” અથવા “અધિકારી” જેવા શબ્દોનો સમાવેશ થાય છે.
- કોઈ લશ્કરને “આજ્ઞા” આપવી તેનું ભાષાંતર “દોરવું” અથવા “તેને નિયંત્રણ રાખવું” એમ થઇ શકે છે.

(આ પણ જુઓ: આદેશ, શાસક, સૂબેદાર)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 11:4-6
- 2 કાળવૃતાંત 11:11-12
- દાનિયેલ 2:14-16
- માર્ક 6:21-22
- નીતિવચન 6:6-8

## શબ્દ માહિતી:

- Strong's: H2710, H2951, H1169, H4929, H5057, H6346, H7101, H7262, H7218, H7227, H7229, H7990, H8269, G5506

# સેલાહ

## વ્યાખ્યા:

“સેલાહ” શબ્દ એ એક હિબ્રુ શબ્દ છે કે જે મોટેભાગે ગીતશાસ્ત્રમાં આવે છે. તેના અનેક શક્ય અર્થો છે.

- તેનો અર્થ “થોભો અને સ્તુતિ કરો” એમ થાય છે, જેમાં શ્રોતાજનોને જે હમણાં જ કહેવામાં આવ્યું છે તે પર સાવધપૂર્વક વિચાર કરવાં માટે આમંત્રણ આપવામાં આવે છે
- જોકે ઘણાં બધા ગીતશાસ્ત્રો ગીતો તરીકે જ લખવામાં આવ્યા હતા, તેથી તે વિચારવામાં આવ્યું કે “સેલાહ” એ સંગીતશાસ્ત્રનો શબ્દ હોઈ શકે જે સંગીતકારને તેમના વાજિંત્રો એકલા વગાડવા અથવા સાંભળનારને ગીતના શબ્દો વિષે વિચારવા ઉત્તેજન મળે માટે ગીત ગાનારને તેના ગીતમાં થોભવાને માટે સુચન કરે.

(આ પણ જુઓ: ગીતશાસ્ત્ર)

## બાઈબલના સંદર્ભો:

- ગીતશાસ્ત્ર 03:3-4
- ગીતશાસ્ત્ર 24:5-6
- ગીતશાસ્ત્ર 46:6-7

## શબ્દ માહિતી:

- Strong's: H5542

# સેવક, સેવા કરવી, દાસ/ગુલામ, યુવાન માણસ, યુવાન સ્ત્રી

## વ્યાખ્યા:

"સેવક" અથવા "ગુલામ" જે વ્યક્તિ પસંદગી અથવા દબાણ દ્વારા અન્ય વ્યક્તિ માટે કામ કરે (અથવા આધીન થાય) તેનો ઉલ્લેખ કરે છે. સેવક તેના માલિકના અંકુશ હેઠળ હતો. બાઈબલમાં, "સેવક" અને "ગુલામ" મોટાભાગે એકબીજાની અદલાબદલીના શબ્દો છે. "સેવા કરવી" શબ્દો સામાન્ય રીતે કોઈ અન્ય માટે કાર્ય કરવાનો અર્થ ધરાવે છે, અને તેનો ખ્યાલ વિવિધ સંદર્ભોમાં લાગુ કરી શકાય છે.

- ગુલામ એક પ્રકારનો સેવક હતો અને જેને સારું તે કામ કરતો હતો તેની તે મિલકત હતો. જે વ્યક્તિ ગુલામને ખરીદતો તેને તેનો “માલિક” અથવા “ધણી” કહેવાતો. કેટલાક માલિકો તેમના ગુલામોને ખૂબ ક્રૂરતાપૂર્વક રાખતા હતા, જ્યારે અન્ય માલિકો તેમના ગુલામોને ખૂબ સારી રીતે રાખતા હતા, એક સેવક તરીકે જે ઘરનો મૂલ્યવાન સભ્ય હોય. "ગુલામી" શબ્દ ગુલામ હોવાની સ્થિતિના અર્થમાં છે.
- વ્યક્તિ કામચલાઉ રીતે ગુલામ/દાસ હોઈ શકે, જેમ કે તેના માલિકનું ઋણ અદા કરવા માટે તે કાર્ય કરે.
- "યુવાન પુરુષ" અથવા 'યુવાન સ્ત્રી" શબ્દો મહદઅંશે "સેવક" અથવા "દાસ/ગુલામ"નો અર્થ ધરાવે છે. આ અર્થ તેના સંદર્ભ પરથી સમજી શકાશે. આ સ્થિતિનું એકી માપદર્શક એ છે કે જ્યારે માલિકી ધરાવનારનો ઉલ્લેખ દા.ત. "તેણીની યુવાન સ્ત્રી"નું ભાષાંતર થશે "તેણીની દાસીઓ" અથવા "તેણીના ગુલામો/દાસો"
- "ગુલામ બનાવવા" શબ્દસમૂહનો અર્થ છે "ગુલામ બનનાવવા માટે કારણ બનવું" (સામાન્યપણે બળજબરીથી).
- જ્યાં સુધી ઈસુ તેઓને પાપના અંકુશ અને સામર્થ્યથી મુક્ત ના કરે ત્યાં સુધી તે વ્યક્તિઓને નવો કરાર "પાપના દાસો" તરીકે ઉલ્લેખે છે. જ્યારે વ્યક્તિ ખ્રિસ્તમાં નવું જીવન પ્રાપ્ત કરે છે ત્યારે તે પાપનો દાસ થવાથી અટકે છે અને ન્યાયીપણાંનો દાસ થાય છે.

#### અનુવાદ માટેના સૂચનો

- સંદર્ભને આધારે “સેવા કરવી” શબ્દનું અનુવાદ “ના મંત્રી” અથવા “ના માટે કામ કરનાર” અથવા “ની સંભાળ લેનાર” અથવા “આધીન” પણ કરી શકાય.
- "ગુલામ બનાવવો" શબ્દસમૂહનો અનુવાદ "સ્વતંત્ર નહિ થવા દેવા માટેનું કારણ બનવું" અથવા "બીજાઓની સેવા કરવા માટે દબાણ કરવામાં આવ્યું હોય" અથવા "બીજાઓના અંકુશ હેઠળ મૂકવા" કરી શકાય.
- "તેના ગુલામ બનવા માટેના" અથવા "તેના ગુલામીના બંધનમાં" શબ્દસમૂહનો અનુવાદ "તેના ગુલામ બનવા દબાણ કરાયેલ" અથવા "સેવા કરવા માટે દબાણ કરાયેલ" અથવા "ના અંકુશ હેઠળ હોવા" કરી શકાય.
- “ઈશ્વરની સેવા કરવી”નો અનુવાદ “ઈશ્વરનું ભજન કરવું અને આધીન થવું” અથવા “ઈશ્વરે જે આજ્ઞા આપી છે તે કામ કરવું” કરી શકાય.
- જુના કરારમાં, ઈશ્વરના પ્રબોધકો અને બીજા લોકો કે જેઓ ઈશ્વરનું ભજન કરતાં હતાં તેઓનો ઘણીવાર તેમના “સેવકો” તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.
- નવા કરારમાં, લોકો કે જેઓ ખ્રિસ્ત પરના વિશ્વાસથી ઈશ્વરને આધીન થયા તેઓને ઘણીવાર તેમના “સેવકો” કહેવામાં આવ્યા હતા.
- “મેજ પર વહેંચવું” તેનો અર્થ મેજ પર જેઓ બેઠા છે તે લોકોને માટે ખોરાક લાવવો, અથવા સામાન્ય રીતે, “ખોરાક વહેંચવો” એમ થાય.
- જે વ્યક્તિ મહેમાનોની સેવા કરે છે તેના સંદર્ભમાં, આ શબ્દનો અર્થ “સંભાળ રાખનાર” અથવા “ખોરાક વહેચનાર” અથવા “ના માટે ખોરાક પૂરો પાડનાર” થાય છે. જ્યારે માછલી લોકોને “વહેંચવા” ઈસુએ શિષ્યોને કહ્યું, ત્યારે તેનું અનુવાદ, “વહેંચવું” અથવા “હાથોહાથ આપવું” અથવા “આપવું” કરી શકાય.
- જેઓ બીજાઓને ઈશ્વર વિષે શીખવે છે તેઓ ઈશ્વરને અને જેમને શીખવી રહ્યા છે તેઓને, એમ બંનેની સેવા કરે છે એમ કહેવાય.
- પ્રેરિત પાઉલે કરિંથીઓના ખ્રિસ્તીઓને કેવી રીતે તેઓ જુના કરારને “પાળવા” ટેવાયેલા હતાં તે વિષે લખ્યું હતું. તે મુસાના નિયમશાસ્ત્રને આધીન થવાનો ઉલ્લેખ કરે છે. હવે તેઓ નવો કરાર “પાળે” છે. એટલે કે, ઈસુના વધસ્તંભના બલિદાનને કારણે, ઈસુમાં વિશ્વાસ કરનારાઓને ઈશ્વરને પ્રસન્ન કરવા અને પવિત્ર જીવન જીવવા, પવિત્ર આત્મા દ્વારા શક્તિમાન કરવામાં આવ્યા હતાં.
- જુનો અથવા નવો કરાર “પાળવા” ના સંદર્ભમાં પાઉલ તેમના કાર્યો વિષે વાત કરે છે. તેનું આ પ્રમાણે અનુવાદ થઇ શકે; “સેવા કરી રહ્યા છે” અથવા “આધીન થઇ રહ્યા છે” અથવા “સમર્પિત છે.”
- ઘણીવાર, જ્યારે એક વ્યક્તિ પોતાને "તમારો સેવક" તરીકે ઉલ્લેખે ત્યારે જે વ્યક્તિને તે સંબોધે છે તેના પ્રત્યે તે સન્માન દર્શાવી રહ્યો છે. તે વ્યક્તિ કદાચ ઉચ્ચ સામજિક દરજ્જો ધરાવતો હોય અથવા તો વક્તા નમ્રતા દર્શાવતો હોય. એનો અર્થ એ નથી કે બોલનાર વ્યક્તિ ખરેખર દાસ/ગુલામ હોય.
- (આ પણ જુઓ: બંધન, કાર્યો, આધીન, ઘર, માલિક)

## બાઈબલના સંદર્ભો

- ઉત્પત્તિ 15:13
- ઉત્પત્તિ 21:10-11
- ઉત્પત્તિ 25:23
- પુનર્નિયમ 24:7
- યર્મિયા 30:8-9
- માથ્થી 4:10-11
- માથ્થી 6:24

- માથ્થી 10:24-25
- માથ્થી 13:27-28
- માર્ક 8:7-10
- માર્ક 9:33-35
- લૂક 4:8
- લૂક 12:37-38
- લૂક 12:47-48
- લૂક 22:26-27
- પ્રેરિતોના કૃત્યો 4:29-31
- પ્રેરિતોના કૃત્યો 6:2-4
- પ્રેરિતોના કૃત્યો 10:7-8
- ગલાતીઓ 4:3
- ગલાતીઓ 4:24-25
- ક્લોસ્સીઓ 1:7-8
- કલોસ્સીઓ 3:22-25
- 2 તિમોથી 2:3-5

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **6:1** જ્યારે ઈબ્રાહિમ ઘણો વૃદ્ધ થયો અને તેનો દીકરો, ઈસહાક, મોટો થયો, ત્યારે ઈબ્રાહિમે તેના **સેવકોમાંના એકને** તેના દીકરા, ઈસહાકને માટે પત્ની શોધવા, જ્યાં તેના સગાઓ રહેતાં હતાં તે દેશમાં મોકલ્યો.
- **8:4 ગુલામ** વેપારીઓએ યુસફને **ગુલામ તરીકે** ધનવાન સરકારી અધિકારીને વેચી દીધો .
- **9:13** "હું (ઈશ્વર) તને (મુસા) ફારૂન પાસે મોકલીશ કે જેથી તું ઈઝરાયેલીઓને તેઓની મિસરમાંની **ગુલામગીરીમાંથી** કાઢી લાવે."
- **19:10** પછી એલીયાએ પ્રાર્થના કરી, "ઓ યહોવા, ઈબ્રાહિમ, ઈસહાક અને યાકુબના ઈશ્વર, અમને આજે બતાવો કે તમે ઈઝરાયેલના ઈશ્વર છો અને હું તમારો **સેવક છું**."
- **29:3** "જ્યારે તે **સેવક** દેવું ચૂકવી શક્યો નહિ, ત્યારે રાજાએ કહ્યું, 'તેનું દેવું ભરપાઈ કરવાને વાસ્તે આ માણસ અને તેના કુટુંબને **ગુલામો તરીકે** વેચી દો.'"
- **35:6** "મારાં પિતાના સર્વ **સેવકો** પાસે ખાવાનું પુષ્કળ છે, અને હું અહીં ભૂખે મરુ છું."
- **47:4** તેઓ ચાલતા હતા ત્યારે તે **ગુલામ** છોકરી બૂમો પાડ્યા કરતી હતી કે, "આ માણસો અતિ ઉચ્ચ ઈશ્વરના સેવકો છે.
- **50:4** ઈસુએ પણ કહ્યું, કે **સેવક** તેના માલિક કરતાં મોટો નથી."

## શબ્દ માહિતી:

- (Serve) H327, H3547, H4929, H4931, H5647, H5656, H5673, H5975, H6213, H6399, H6402, H6440, H6633, H6635, H7272, H8104, H8120, H8199, H8278, H8334, G1247, G1248, G1398, G1402, G1438, G1983, G2064, G2212, G2323, G2999, G3000, G3009, G4337, G4342, G4754, G5087, G5256

# સૈનિક, સૈનિકો, યોદ્ધો, યોદ્ધાઓ

## તથ્યો:

" યોદ્ધો " અને "સૈનિક"બન્ને શબ્દો સૈન્યમાં લડતા કોઇનો ઉલ્લેખ કરે છે. પરંતુ ત્યાં કેટલાક તફાવતો પણ છે.

- સામાન્ય રીતે "યોદ્ધો શબ્દ " એક સામાન્ય, વ્યાપક શબ્દ છે જે યુદ્ધમાં હોશિયાર અને હિંમતવાન માણસનો ઉલ્લેખ કરે છે.
- યહોવાને લાક્ષણિક રીતે "યોદ્ધા" તરીકે વર્ણવવામાં આવે છે.
- “સૈનિક" શબ્દ વધુ ખાસ રીતે કોઈ ચોક્કસ સૈન્ય સાથે સંબંધિત અથવા કોઈ ચોક્કસ યુદ્ધમાં લડતા હોય તેવો ઉલ્લેખ કરે છે.
- રોમન સૈનિકો યરૂશાલેમમાં કાયદો અમલમાં મૂકવા અને કેદીને વધ કરવા જેવી ફરજ બજાવવા માટે ત્યાં હતા.

તેઓ ઇસુને વધસ્તંભે જડતાં પહેલાં ઈસુની ચોકી કરતા હતા અને કેટલાકને તેની કબર પર ચોકી રાખવા માટે આદેશ આપવામાં આવ્યો હતો.

- અનુવાદકર્તાએ "યોદ્ધા" અને "સૈનિક" માટે પ્રોજેક્ટ ભાષામાં બે શબ્દો છે કે જે અર્થ અને ઉપયોગમાં અલગ છે કે નહીં તે વિચારવું જોઇએ.

(આ પણ જુઓ: હિંમત, વધસ્તંભે જડવું, રોમ, કબર)

## બાઇબલ સંદર્ભો:

- 1 કાળવૃતાંત 21:4-5
- પ્રેરિતોનાં કૃત્યો 21:32-33
- લૂક 3:14
- લૂક 23:11-12
- માથ્થી 8:8-10

## શબ્દ માહિતી:

- Strong's: , H352, H510, H1368, H1416, H1995, H2389, H2428, H2502, H3715, H4421, H5431, H5971, H6518, H6635, H7273, H7916, G4686, G4753, G4754, G4757, G4758, G4961

# સોંપવું, સમર્પિત, સોંપાયેલું, પ્રતિબદ્ધતા

## વ્યાખ્યા:

"સોંપવું" અને "સમર્પણ" શબ્દો, નિર્ણય કરવા અથવા કઈંક વચનબદ્ધ કરવાની વાત દર્શાવે છે.

- વ્યક્તિ કે જે કઈંક કરવા વચનો આપે છે, તે કરવા માટે "સમર્પિત" હોય તેને પણ દર્શાવી શકાય છે.
- કોઈકને ચોક્કસ કાર્ય "સોંપવું" તેનો અર્થ એમ કે, તે વ્યક્તિને તે કાર્ય સોંપી દેવું.

ઉદાહરણ તરીકે, 2 કરિંથીઓમાં પાઉલ કહેછે કે દેવે આપણને લોકોને દેવની સાથે સમાધાન કરવા મદદ કરવાની સેવા "સોંપેલી" (અથવા આપવામાં) આવેલી છે.

- આ શબ્દો "આધિન" અને "સોંપાયેલ" શબ્દો ઘણીવાર ચોક્કસ ખોટા કામ કરવા જેમકે "પાપ કરવું" અથવા "વ્યભિચાર કરવો" અથવા "ખૂન કરવું" તરીકે પણ દર્શાવાય છે.
- "તેને સોંપાયેલ કામ" અભિવ્યક્તિનુ ભાષાંતર, "તેને કામ આપ્યું" અથવા "તેને કાર્ય સોંપવામાં આવ્યું" અથવા "તેને કામ સોંપેલ છે" એમ કરી શકાય છે.
- "સમર્પિત" શબ્દનું ભાષાંતર, "કાર્ય કે જે સોંપાયેલું હતું" અથવા "વચન કે જે આપેલું હતું" એમ કરી શકાય છે.

(આ પણ જુઓ: વ્યભિચાર, વિશ્વાસુ, વચન, પાપ)

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 28:6-7
- 1 પિતર 2:21-23
- યર્મિયા 2:12-13
- માથ્થી 13:40-43
- ગીતશાસ્ત્ર 58:1-2

## શબ્દ માહિતી:

- Strong's: H539, H817, H1361, H1497, H1500, H1540, H1556, H2181, H2388, H2398, H2399, H2403, H4560, H4603, H5003, H5753, H5766, H5771, H6213, H6466, H7683, H7760, H7847, G264, G2038, G2716, G3429, G3431, G3860, G3872, G3908, G4102, G4160, G4203

# સોંપવું, સોંપેલું, સોંપણી, ગૃહકાર્ય, ગૃહકાર્યો, પરત સોંપવું

## સત્યો:

"સોંપવું" અથવા "સોંપેલું" શબ્દ દર્શાવે છે કે કોઈકને ચોક્કસ કામ માટે નીમવું અથવા કોઈકને કઈક પૂરું પાડવા એક અથવા વધારે લોકોને નિમવામાં આવે.

- શમુએલ પ્રબોધકે ભાખ્યું હતું કે, શાઉલ રાજા લશ્કરમાં સેવા માટે ઈઝરાએલના શ્રેષ્ઠ જુવાન પુરુષોને કામ "સોંપણી" કરશે.
- મુસાએ ઈઝરાએલના બાર કુળોમાંના દરેકને કનાનની ભૂમિનો હિસ્સો રહેવા માટે "વહેંચી આપ્યો" (સોંપ્યો).
- જૂના કરારના નિયમ હેઠળ, ઈઝરાએલના અમુક કુળોને સેવા કરવા માટે યાજકો, કલાકારો, ગાયકો, અને નિર્માતાઓ થવા સારુ નિમવામાં આવ્યા હતા.
- સંદર્ભ પર આધાર રાખીને "સોંપવું" શબ્દનું ભાષાંતર "આપવું" અથવા "નીમવું" અથવા "કામ માટે પસંદ કરવું" થઇ શકે છે.
- "સોંપેલું" શબ્દનું ભાષાંતર "નિમણુક કરવી" અથવા "અપાયેલું કામ" એમ થઇ શકે છે.

(ભાષાંતરના સુચનો: નામોનું ભાષાંતર કરવું)

(આ પણ જુઓ: નિમણુક, શમુએલ, [શાઉલ])

## બાઈબલની કલમો:

- 1 કાળવૃતાંત 6:48
- દાનિએલ 12:12-13
- યર્મિયા 43:11-13
- યહોશુઆ 18:1-2
- ગણના 4:27-28
- ગીતશાસ્ત્ર 78:54-55

## શબ્દ માહિતી:

- Strong's: H2506, H3335, H4487, H4941, H5157, H5307, H5414, H5596, H5975, H6485, H7760, G3307

# સોનુ, સોનેરી

## વ્યાખ્યા:

સોનું એ પીળું, ઊંચા ગુણવત્તાની ધાતુ છે કે જે આભૂષણ અને ધાર્મિક વસ્તુઓ બનાવવા માટે વાપરવામાં આવતું હતું પ્રાચીન સમયમાં તે સૌથી મૂલ્યવાન ધાતુ હતી.

- બાઈબલના સમયમાં, ઘણા અન્ય પ્રકારની વસ્તુઓ કે જે સોનામાંથી બનાવવામાં આવતી હતી અથવા સોનાના પાતળા સ્તરથી ઢાંકવામાં આવતી હતી.
- આ વસ્તુઓમાં કાનની બૂટ્ટી અને બીજા આભૂષણો, અને મૂર્તિઓ, યજ્ઞ વેદીઓ, અને મુલાકત મંડપ અને મંદિરની બીજી વસ્તુઓ, જેવા કે કરારકોશ તરીકે વાપરવામાં આવતી હતી તેનો સમાવેશ છે.
- જૂના કરારના સમયમાં, સોનું એ ખરીદી અને વેચાણમાં લેવડ દેવડના અર્થમાં વાપરવામાં આવતું હતું

તેની કિંમતને નક્કી કરવા તેનું વજન કરવામાં આવતું હતું.

- પાછળથી, સોનું અને અન્ય ધાતુઓ જેવી કે ચાંદી ખરીદી અને વેચાણ માટે સિક્કાઓ બનાવવા વાપરવામાં આવતા હતા.
- જયારે કોઈક વસ્તુનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય કે જે સખત સોનું નથી, પણ તેને ફક્ત સોનાનું પાતળું પડ હોય છે, ત્યારે “સોનેરી” અથવા “સોનાથી ઢાંકેલું” અથવા “સોનાથી મઢેલું” શબ્દ પણ વાપરી શકાય છે.
- ક્યારેક વસ્તુને “સોનેરી રંગ” તરીકે વર્ણવામાં આવે છે, જેનો અર્થ તે સોનાને પીળો રંગ હોય છે, પણ તે કદાચ વાસ્તવમાં સોનામાંથી બનાવેલું ન હોય.

(આ પણ જુઓ: વેદી, કરાર કોશ, ખોટો દેવ, ચાંદી, મુલાકાત મંડપ, મંદિર)

## બાઈબલની કલમો:

- 1 પિતર 1:6-7
- 1 તિમોથી 2:8-10
- 2 કાળવૃતાંત 1:14-15
- પ્રેરિતો 3:4-6
- દાનિયેલ 2:31-33

## શબ્દ માહિતી:

- Strong's: H1220, H1222, H1722, H2091, H2742, H3800, H4062, H5458, H6884, H6885, G5552, G5553, G5554, G5557

# સ્તુતિ કરવી, સ્તુતિ કરે છે, સ્તુતિ કરી, સ્તુતિ કરતા, સ્તુતિયોગ્ય

## વ્યાખ્યા:

કોઈ વ્યક્તિની સ્તુતિ કરવી એટલે તે વ્યક્તિ માટે પ્રશંસા તથા સન્માન વ્યક્ત કરવું.

- ઈશ્વર કેટલા મહાન છે તે કારણે અને જગતના સૃજનહાર તથા ઉદ્ધારક તરીકે તેઓએ જે આશ્ચર્યજનક બાબતો કરી છે તે કારણે લોકો તેમની સ્તુતિ કરે છે.
- ઈશ્વરની સ્તુતિમાં ઘણી વાર તેઓએ જે કર્યું છે તેના માટે આભાર માનવાનો સમાવેશ થાય છે.
- ઘણી વાર સંગીત અને ગાયનોનો ઉપયોગ ઈશ્વરની સ્તુતિ કરવાની રીત તરીકે થાય છે.
- ઈશ્વરની સ્તુતિ કરવી તે તેઓની આરાધના કરવાનો એક ભાગ છે.
- "સ્તુતિ કરવી" શબ્દસમૂહનો અનુવાદ "કોઈના વિષે સારું બોલવું" અથવા તો "શબ્દો દ્વારા ઉચ્ચ માન આપવું" અથવા તો "કોઈના વિષે સારી બાબતો કહેવી" તરીકે પણ કરી શકાય.
- "સ્તુતિ" સંજ્ઞાનો અનુવાદ "બોલાયેલ સન્માન" અથવા તો "માન આપતી વાણી" અથવા તો "કોઈના વિષે સારી બાબતો બોલાવી" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: આરાધના)

## બાઇબલના સંદર્ભો:

- 2 કાળવૃતાંત 1:3-4
- પ્રેરિતોનાં કૃત્યો 2:46-47
- પ્રેરિતોનાં કૃત્યો 13:48-49
- દાનિયેલ 3:28
- એફેસી 1:3-4
- ઉત્પત્તિ 49:8
- યાકૂબ 3:9-10
- યોહાન 5:41-42
- લૂક 1:46-47
- લૂક 1:64-66
- લૂક 19:37-38
- માથ્થી 11:25-27
- માથ્થી 15:29-31

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **12:13** ઇઝરાયલીઓએ તેમની નવી આઝાદીનો ઉત્સવ મનાવવા અને ઈશ્વરે તેમને ઈજીપ્તના સૈન્યથી બચાવ્યા હતા તે માટે તેમની **સ્તુતિ** કરવા ઘણા ગીતો ગાયા.
- **17:8** જ્યારે દાઉદે આ શબ્દો સાંભળ્યા ત્યારે, તેણે તરત જ ઈશ્વરનો આભાર માન્યો અને તેમની **સ્તુતિ** કરી કારણ કે ઈશ્વરે દાઉદ માટે આ મહાન માન અને ઘણા આશીર્વાદોનું વચન આપ્યું હતું.
- **22:7** ઝખાર્યાએ કહ્યું, "ઈશ્વરની **સ્તુતિ** થાઓ, કારણ કે તેમણે પોતાના લોકોને યાદ કર્યા છે!
- **43:13** તેઓએ (શિષ્યોએ) સાથે મળીને ઈશ્વરની **સ્તુતિ** કરવામાં આનંદ માન્યો અને તેઓએ પોતાની પાસે જે કઈ હતું તે એકબીજા સાથે વહેચ્યું.
- **47:8** તેઓએ પાઉલ તથા સિલાસને જેલના સૌથી સુરક્ષિત ભાગમાં રાખ્યા અને તેઓના પગોને પણ બેડીઓમાં જકડ્યા.

તો પણ મધ્યરાત્રિએ, તેઓ ઈશ્વરની **સ્તુતિના** ગીતો ગાઈ રહ્યા હતા.

## શબ્દ માહિતી:

- Strong's: H1319, H6953, H7121, H7150, G1229, G1256, G2097, G2605, G2782, G2783, G2784, G2980, G3853, G3955, G4283, G4296

# સ્મારક, સ્મારક અર્પણ

## વ્યાખ્યા:

"સ્મારક" શબ્દ એક કાર્ય અથવા તો વસ્તુનો ઉલ્લેખ કરે છે કે જે કોઈક વ્યક્તિ કે બાબતને યાદ કરાવે છે.

- આ શબ્દને કોઈક બાબતને વર્ણવવા એક વિશેષણ તરીકે પણ વાપરવામાં આવે છે કે જે બાબત તેમને કશુંક યાદ કરાવે, જેમ કે "સ્મારક અર્પણ"નો "સ્મારક ભાગ" કે "સ્મારક પાષાણો".
- જૂના કરારમાં સ્મારક અર્પણો ચડાવવામાં આવતા હતા કે જેથી ઇઝરાયલીઓ ઈશ્વરે તેઓના માટે જે કર્યું હતું તે યાદ રાખે.
- ઈશ્વરે ઇઝરાયલી યાજકોને વિશિષ્ટ વસ્ત્રો પહેરવા કહ્યું કે જેમાં સ્મારક પાષાણો જડેલા હતા.

આ પાષાણો પર ઇઝરાયલના બાર કુળોના નામ કોતરેલા હતા. તેઓ કદાચને ઈશ્વરનું તેઓ પ્રત્યેનું વિશ્વાસુપણું યાદ કરાવવા માટે હતા.

- નવા કરારમાં, ઈશ્વરે કર્નેલિયસ નામના માણસને તેના ગરીબો પ્રત્યેના પરોપકારના કાર્યોને કારણે માન આપ્યું.

આ કાર્યોને ઈશ્વર સમક્ષ "સ્મારક" તરીકે જણાવ્યા હતા.

## અનુવાદ માટેના સૂચનો:

- આનો અનુવાદ "કાયમી યાદગીરી" તરીકે પણ કરી શકાય.
- "યાદગીરીનો પથ્થર"નો અનુવાદ "તેઓને કંઈક યાદ કરાવવાનો પથ્થર" તરીકે કરી શકાય.

## બાઇબલના સંદર્ભો:

- પ્રેરિતોના કૃત્યો 10:3-6
- નિર્ગમન 12:12-14
- યશાયા 66:3
- યહોશુઆ 4:6-7
- લેવીય 23:23-25

## શબ્દ માહિતી:

- Strong's: H2142, H2146, G3422

# સ્વપ્ન

## વ્યાખ્યા:

સ્વપ્ન તે (બાબત) છે કે જયારે લોકો ઊંઘતા હોય છે ત્યારે તેઓ કંઇક જોવે અથવા તેમના મનમાં અનુભવ કરે છે.

- મોટેભાગે સ્વપ્નોમાં તેઓને લાગે છે કે ખરેખર કઈંક થઈ રહ્યું છે, પરંતુ તે વાસ્તવિક હોતું નથી.
- ક્યારેક દેવ લોકોને સ્વપ્ન આપે છે જેથી તેમાંથી તેઓ કશુંક શીખી શકે.

તે (દેવ) લોકો સાથે તેઓના સ્વપ્નોમાં સીધી વાત પણ કરે છે.

- બાઈબલમાં, દેવ ખાસ લોકોને તેઓને ભવિષ્યમાં કંઇક થશે તે વિશે સંદેશ આપવા માટે મોટેભાગે વિશેષ સ્વપ્નો આપતા.
- સ્વપ્ન એ દર્શનથી અલગ છે.

સ્વપ્નો જયારે વ્યક્તિ ઊંઘી ગયેલી હોય ત્યારે આવે છે, પરંતુ દર્શનો સામાન્ય રીતે વ્યક્તિ જયારે જાગતી હોય છે ત્યારે આવે છે.

(આ પણ જુઓ: દર્શન)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 2:16-17
- દાનિયેલ 1:17-18
- દાનિયેલ 2:1-2
- ઉત્પત્તિ 37:5-6
- ઉત્પત્તિ 40:4-5
- માથ્થી 2:13-15
- માથ્થી 2:19-21

## બાઈબલની વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **8:2**યૂસફના ભાઈઓએ તેને નફરત કરી કારણકે તેમનો પિતા તેને સૌથી વધારે પ્રેમ કરતો હતો અને યૂસફને સ્વપ્ન આવ્યું હતું કે તે તેઓનો રાજકર્તા થશે.
- **8:6**એક રાત્રે, ફારુન, મિસરીઓ જેઓ પોતાના રાજાઓને તે ઉપનામ આપતા, તેને સ્વપ્ન આવ્યું, જેથી તે ખૂબજ વિચલિત થયો.

તેના સલાહકારોમાંથી કોઈ પણ તેના સ્વપ્નનો અર્થ કહી શક્યા નહીં.

- **8:7** દેવે યૂસફને સ્વપ્નોનું અર્થઘટન કરવાની ક્ષમતા આપી, જેથી યૂસફને જેલમાંથી ફારુનની પાસે લાવવામાં આવ્યો.

યૂસફે તેના સ્વપ્નો અર્થઘટન કર્યું અને કહ્યું, દેવ સાત વર્ષ પુષ્કળ ફસલ મોકલશે અને પછીના સાત વર્ષ દુકાળના રહેશે.

- **16:11** તેથી જે રાત્રે ગિદિઓન છાવણીમાં નીચે ગયો અને તેણે એક મિદ્યાની સૈનિકને તેના મિત્રને જે સ્વપ્ન આવ્યું હતું તે કહેતાં સાંભળ્યો.

માણસના મિત્રએ કહ્યું, ”આ સ્વપ્ન નો અર્થ એમકે ગિદિઓનનું લશ્કર મિદ્યાનીઓના લશ્કરનો પરાજય કરશે.

- **23:1** તે (યૂસફ) તેણી (મરીયમને) શરમાવવા માંગતો નહોતો, જેથી તેણે તેને છૂપી રીતે તેને છૂટાછેડા આપવાની નક્કી કર્યું.

તે તેવું કરે તે પહેલા, દૂતે સ્વપ્નમાં આવીને તેની સાથે વાત કરી.

## શબ્દ માહિતી:

- Strong's: H1957, H2472, H2492, H2493, G1797, G1798, G3677

# સ્વીકાર કરવો, આવકાર કરવો, પ્રાપ્ત કરવું, સ્વીકાર કરે છે, સ્વીકાર કર્યો, સ્વીકાર કરતું, સ્વીકારનાર, સ્વીકૃતિ

## વ્યાખ્યા:

"સ્વીકાર કરવો" શબ્દનો અર્થ સામાન્ય રીતે કોઈ બાબત કે જે આપવામાં આવી છે, આપવાની દરખાસ્ત કરાઇ છે અથવા તો પ્રસ્તુત કરાઇ છે તેને મેળવવી અથવા અંગીકાર કરવો એવો થાય છે.

- "કોઈ બાબત મળવી" નો અર્થ કોઈ બાબતને કારણે સહન કરવું અથવા તો તેનો અનુભવ કરવો તેમ પણ થઈ શકે છે, જેમ કે "તેણે જે કર્યું તેના માટે તેને સજા મળી."
- એક ખાસ અર્થમાં પણ આપણે કોઈ વ્યક્તિનો "સ્વીકાર (સ્વાગત)" કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે, મહેમાનો કે મુલાકાતીઓનું "સ્વાગત" કરવાનો અર્થ તેમની સાથે સંબંધ બાંધવા તેમનું અભિનંદન કરવું અને તેમની સાથે સન્માનપૂર્વક વ્યવહાર કરવો એવો થાય છે.
- "પવિત્ર આત્માનું કૃપાદાન મેળવવું" નો અર્થ આપણને પવિત્ર આત્મા આપવામાં આવ્યા છે અને તે આપણાં જીવનમાં અને જીવન દ્વારા કાર્ય કરે માટે આપણે તેમનું સ્વાગત કરીએ એવો થાય છે.
- "ઈસુનો સ્વીકાર કરવા"નો અર્થ ઈસુ ખ્રિસ્ત દ્વારા ઈશ્વરની ઉદ્ધારની દરખાસ્ત સ્વીકારવી એવો થાય છે.
- જ્યારે એક અંધજન "તેની દ્રષ્ટિ મેળવે છે" ત્યારે તેનો અર્થ ઈશ્વરે તેને સાજો કર્યો છે અને જોવા માટે સક્ષમ કર્યો છે, એમ થાય છે.

## અનુવાદ માટેના સૂચનો:

- સંદર્ભ અનુસાર, "સ્વીકાર કરવા" નો અનુવાદ "અંગીકાર કરવો" અથવા તો "સ્વાગત કરવું" અથવા તો "અનુભવ કરવો" અથવા તો "સમર્પિત થવું" તરીકે થઈ શકે.
- "તમે સામર્થ્ય પ્રાપ્ત કરશો" અભિવ્યક્તિનો અનુવાદ "તમને સામર્થ્ય આપવામાં આવશે" અથવા તો "ઈશ્વર તમને સામર્થ્ય આપશે" અથવા તો "ઈશ્વર દ્વારા તમને સામર્થ્ય આપવામાં આવશે" અથવા તો "પવિત્ર આત્મા તમારામાં સામર્થ્યપૂર્વક કામ કરે તેવું ઈશ્વર કરશે" તરીકે કરી શકાય.
- "પોતાની દ્રષ્ટિ પ્રાપ્ત કરી" શબ્દસમૂહનો અનુવાદ "જોઈ શકતો હતો" અથવા તો "ફરીથી જોવા માટે સક્ષમ બન્યો" અથવા તો "ઈશ્વર દ્વારા સાજો કરાયો કે જેથી તે જોવા માટે સક્ષમ બન્યો" તરીકે કરી શકાય.

(આ પણ જૂઓ: પવિત્ર આત્મા, ઈસુ, પ્રભુ, બચાવવું)

## બાઇબલના સંદર્ભો:

- 1 યોહાન 5:9-10
- 1 થેસ્સલોનિકી 1:6-7
- 1 થેસ્સલોનિકી 4:1-2
- પ્રેરિતોના કૃત્યો 8:14-17
- યર્મિયા 32:33-35
- લૂક 9:5-6
- માલાખી 3:10-12
- ગીતશાસ્ત્ર 49:14-15

## બાઇબલ વાર્તાઓમાંથી ઉદાહરણો:

- **21:13** પ્રબોધકોએ એ પણ કહ્યું કે મસીહ પાપરહિત હોઈ સંપૂર્ણ હશે. બીજા લોકોના પાપની સજા **ઉઠાવવા** તેઓ મરણ સહેશે. તેમને થયેલી સજા ઈશ્વર અને લોકો વચ્ચે શાંતિ કરાવશે.
- **45:5** જ્યારે સ્તેફન મરણ પામી રહ્યો હતો ત્યારે, તેણે બૂમ પાડી કે, "ઈસુ, મારા આત્માનો **અંગીકાર** કરો."
- **49:6** તેઓએ (ઈસુએ) શીખવ્યું કે કેટલાક લોકો તેમનો અંગીકાર કરશે અને ઉદ્ધાર પામશે પણ બીજા ઉદ્ધાર નહીં પામે.
- **49:10** જ્યારે ઈસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે, તેમણે તમારી સજા **ભોગવી.**
- **49:13** દરેક વ્યક્તિ જે ઈસુમાં વિશ્વાસ કરે છે અને તેમને પોતાના પ્રભુ તરીકે **સ્વીકારે** છે તેઓને ઈશ્વર બચાવશે.

## શબ્દ માહિતી:

- Strong's: H1878, H2505, H3557, H3947, H6901, H6902, H8254, G308, G324, G353, G354, G568, G588, G618, G1183, G1209, G1523, G1653, G1926, G2210, G2865, G2983, G3028, G3335, G3336, G3549, G3858, G3880, G3970, G4327, G4355, G4356, G4687, G4732, G5264, G5274, G5562

# હરણ, હરણી, હરણીઓ, હરણનું બચ્ચું, એક જાતનું નર હરણ, એક જાતના નર હરણો

## વ્યાખ્યા:

હરણ એ મોટું, આકર્ષક, ચાર પગોવાળું પ્રાણી કે જે જંગલોમાં અને પર્વતો ઉપર રહે છે. નર પ્રાણીને તેના માથા પર મોટા શિંગડા અથવા સાબરશિંગ હોય છે.

- “હરણી” એ નારી હરણ માટે અને “હરણનું પ્રથમ વર્ષ દરમ્યાનનું બચ્ચું (fawn)” જે હરણના બચ્ચાને દર્શાવે છે.
- “હરણ” શબ્દ નર હરણ માટે દર્શાવ્યો છે.
- એક જાતનું નર હરણ છે, તે વિશેષ પ્રકારના હરણને “રો-હરણ” કહેવાય છે.
- હરણને મજબૂત, પાતળા પગો કે જે તેઓને ઉંચે કૂદવામાં અને ઝડપથી દોડવામાં મદદ કરે છે.
- તેઓના પગમાં ફાટેલી ખરી હોય છે કે જે તેઓને સરળતાથી ચાલવા અથવા કોઇપણ જમીન પર ચઢવા મદદ કરે છે.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

## બાઈબલની કલમો:

- 2 શમુએલ 22:34-35
- ઉત્પત્તિ 49:19-21
- અયૂબ 39:1-2
- ગીતશાસ્ત્ર 18:33-34
- ગીતોનું ગીત 2:7

## શબ્દ માહિતી:

- Strong's: H354, H355, H365, H3180, H3280, H6643, H6646

# હલકું પાડવું, અપમાનિત થયેલું, અપમાન

## સત્યો:

"ઉતારી પાડવું" શબ્દનો અર્થ કોઈને લજ્જિત અથવા કલંકિત કરવું. સામાન્યરીતે આ જાહેરમાં કરવામાં આવે છે. કોઈને શરમિન્દગું કરવું એ કાર્યને "નમ્ર કરવું" કહેવામાં આવે છે.

- જયારે દેવ કોઈને નમ્ર કરે છે ત્યારે તેનો અર્થ કે તે અભિમાની વ્યક્તિને નિષ્ફળતાનો અનુભવ કરાવી તેના અભિમાનમાંથી બહાર આવવા મદદ કરે છે.

આ કોઈને અપમાનિત કરવાથી આ બાબત અલગ છે, કે જેમાં મોટેભાગે તે વ્યક્તિને નુકસાન પહોંચાડવામાં આવે છે.

- "ઉતારી પાડવું" (શબ્દસમૂહ)નું ભાષાંતર, "શરમ" અથવા "શરમ લગાડવી" અથવા "મૂંઝવવું" તરીકે પણ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "હલકું પાડવું" (શબ્દસમૂહ)નું ભાષાંતરમાં, "શરમ" અથવા "નામોશીભરી" અથવા "કલંક" જેવા શબ્દોનો સમાવેશ કરીને (ભાષાંતર) કરી શકાય છે.

(આ પણ જુઓ: કલંક • નમ્ર • શરમ)

## બાઈબલની કલમો:

- પુનર્નિયમ 21:13-14
- એઝરા 9:5-6
- નીતિવચન 25:7-8
- ગીતશાસ્ત્ર 06:8-10
- ગીતશાસ્ત્ર 123:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H937, H954, H1421, H2778, H2781, H3001, H3637, H3639, H6030, H6031, H6256, H7034, H7043, H7511, H7817, H8216, H8213, H8217, H8589, G2617, G5014

# હળ, હળો, હળથી ખેડ્યું, ખેડતું, ખેડનારા, ખેડનાર ખેડૂત, હળનું લોખંડનું ફળ, વણખેડેલું

## વ્યાખ્યા:

"હળ" ખેતીનું સાધન છે કે જેનો ઉપયોગ વાવણી કરવા જમીનને તોડીને ખેતર તૈયાર કરવા થાય છે.

- હળોને તીક્ષ્ણ અણીદાર દાંતાઓ હોય છે કે જેઓ જમીનને ખોદે છે.

તેમાં સામાન્ય રીતે હાથો હોય છે કે જેના દ્વારા ખેડૂત હળને યોગ્ય દિશામાં દોરે છે.

- બાઇબલના સમયોમાં, હળોને સામાન્ય રીતે બળદો કે બીજા કાર્યકારી પ્રાણીઓની જોડ દ્વારા ખેંચવામાં આવતા હતા.
- મોટા ભાગના હળોને સખત લાકડામાંથી બનાવવામાં આવતા હતા અને તેના તીક્ષ્ણ દાંતાઓને પિત્તળ કે લોખંડ જેવી ધાતુઓમાંથી બનાવવામાં આવતા હતા.

(આ પણ જૂઓ: પિત્તળ, બળદ)

## બાઇબલના સંદર્ભો:

- 1 શમુએલ 8:10-12
- પુનર્નિયમ 21:3-4
- લૂક 9:61-62
- લૂક 17:7-8
- ગીતશાસ્ત્ર 141:5-7

## શબ્દ માહિતી:

- Strong's: H406, H855, H2758, H2790, H5215, H5647, H5656, H5674, H6213, H6398, G722, G723

# હાંસી ઉડાવવી, હાંસી ઉડાવે છે, હાંસી ઉડાવી, હાંસી ઉડાવવી, હાંસી ઉડાવનાર, હાંસી ઉડાવનારાઓ, ઉપહાસ કરવો, ઠઠ્ઠા ઉડાવવા, ઠઠ્ઠા ઉડાવ્યા, મજાક ઉડાવવી, મજાક ઉડાવી

## વ્યાખ્યા:

"હાંસી ઉડાવવી", "ઉપહાસ કરવો" તથા "મજાક ઉડાવવી" તે બધા જ ખાસ કરીને કોઈકની ક્રૂર રીતે મજાક ઉડાવવાનો ઉલ્લેખ કરે છે.

- હાંસી ઉડાવવામાં ઘણી વાર લોકોને ઝંખવાણા પાડવા કે તેઓ પ્રત્યે તિરસ્કાર વ્યક્ત કરવા તેઓની બોલી અથવા તો કાર્યોની નકલ કરવામાં આવે છે.
- જ્યારે રોમન સિપાઈઓએ ઈસુને ઝભ્ભો પહેરાવ્યો અને રાજા તરીકે તેમને માન આપવાની નકલ કરી ત્યારે તેઓએ ઈસુની હાંસી ઉડાવી અથવા તો ઉપહાસ કર્યો.
- જ્યારે બાળકોના એક જૂથે એલિશાની ટાલ વિષે મજાક કરતા તેની ખીજ પાડી ત્યારે, તેઓએ તેનો ઉપહાસ કર્યો અથવા તો મજાક ઉડાવી.
- "મજાક ઉડાવવી" શબ્દ કોઈ વિચાર કે જે માનવાયોગ્ય ન ગણાય અથવા તો અગત્યનો ન ગણાય તો તેની મજાક ઉડાવવાનો ઉલ્લેખ પણ કરી શકે છે.
- "હાંસી ઉડાવનાર" એક એવો વ્યક્તિ છે કે જે સતત હાંસી ઉડાવે છે અને ઉપહાસ કરે છે.

## બાઇબલના સંદર્ભો:

- 2 પિતર 3:3-4
- પ્રેરિતોના કૃત્યો 2:12-13
- ગલાતીઓ 6:6-8
- ઉત્પત્તિ 39:13-15
- લૂક 22:63-65
- માર્ક 10:32-34
- માથ્થી 9:23-24
- માથ્થી 20:17-19
- માથ્થી 27:27-29

## બાઇબલ વાતાઓમાંથી ઉદાહરણો:

- **21:12** યશાયાએ ભવિષ્યવચન કહ્યું કે લોકો મસીહા પર થૂકશે, **હાંસી કરશે**, અને તમને મારશે.
- **39:5** બધા યહૂદી આગેવાનોએ પ્રમુખ યાજકને જવાબ આપ્યો કે, "તે મરણને યોગ્ય છે!"

ત્યાર પછી તેઓએ ઈસુની આંખો પર પાટો બાંધ્યો, તેમની પર થૂક્યા, અને તેમના **ઠઠ્ઠા ઉડાવ્યા**.

- **39:12** સિપાઈઓએ ઈસુને કોરડા માર્યા અને તેમને રાજવી ઝભ્ભો તથા કાંટાનો બનેલો મુગટ પહેરાવ્યો.

ત્યાર બાદ તેઓએ "જૂઓ, યહૂદીઓનો રાજા!" એમ કહેતા તેમના **ઠઠ્ઠા ઉડાવ્યા**.

- **40:4** ઈસુને બે લૂંટારાઓની વચ્ચે વધસ્થંભે જડ્યા હતા.

તેઓમાંના એકે ઈસુની **હાંસી કરી** , પણ બીજાએ કહ્યું, "શું તને ઈશ્વરની બીક લાગતી નથી?"

- **40:5** યહૂદી આગેવાનોએ તથા ટોળામાંના બીજાઓએ ઈસુના **ઠઠ્ઠા ઉડાવ્યા**.

તેઓએ તેમને કહ્યું, "જો તું ઈશ્વરનો પુત્ર છે તો, વધસ્થંભેથી નીચે ઉતરી આવ અને પોતાને બચાવ!" ત્યારે અમે તારા પર વિશ્વાસ કરીશું.

## શબ્દ માહિતી:

- Strong's: H1422, H2048, H2049, H2778, H2781, H3213, H3887, H3931, H3932, H3933, H3934, H3944, H3945, H4167, H4485, H4912, H5058, H5607, H5953, H6026, H6711, H7046, H7048, H7814, H7832, H8103, H8148, H8437, H8595, G1592, G1701, G1702, G1703, G2301, G2606, G3456, G5512

# હાથ, હાથો, સોપી દીધું, સોંપવું, ના હાથ દ્વારા, ઉપર હાથ મૂકે, તેના હાથ ઉપર મૂકે છે, જમણો હાથ, જમણા હાથો, (તે)ના હાથોથી

### વ્યાખ્યા:

બાઈબલમાં રૂપકાત્મક રીતે “હાથ” શબ્દનો ઉપયોગ અનેક જગ્યાએ કરવામાં આવ્યો છે.

- “સોંપવું” નો અર્થ થાય કે કોઈ વ્યક્તિને કાંઇક હાથોમાં સોંપી દેવું.
- મોટેભાગે “હાથ” શબ્દ ઈશ્વરની શકિતને અને કાર્ય દર્શાવવા વાપરવામાં આવ્યો છે, જેવાકે જયારે દેવ કહે છે કે “શું મારા હાથોએ આ બધી વસ્તુઓ બનાવી નથી?” (જુઓ: નામ વિપર્યય)
- અભિવ્યક્તિ જેવી કે “સોંપી દેવું” અથવા “ના હાથોમાં સોંપી દેવું,” તે કોઈના નિયંત્રણ અથવા કોઈ બીજાના સત્તા હેઠળ હોવું તેમ દર્શાવે છે.
- “હાથ” ના કેટલાક અન્ય રૂપકાત્મક ઉપયોગોનો સમાવેશ થાય છે:
- (તે)ના પર હાથ નાખવો” નો અર્થ “નુકસાન કરવું” થાય છે.
- “ના હાથોથી બચાવવું” શબ્દનો, અર્થ કે એક વ્યકિતને બીજા કોઈને નુકસાન કરતા અટકાવવું.
- “જમણા હાથ પર” ના સ્થાનમાં હોવું તેનો અર્થ, “જમણી બાજુ ઉપર” અથવા “જમણી બાજુએ” થાય છે

“કોઈના હાથ દ્વારા” અભિવ્યક્તિનો અર્થ, તે વ્યક્તિ “વડે” અથવા “દ્વારા” કામ થયું છે. ઉદાહરણ તરીકે, “પ્રભુના હાથ દ્વારા” જેનો અર્થ કે પ્રભુ એક છે આ બધું કરે છે.

- મોટેભાગે જયારે કોઈને વ્યક્તિને આશીર્વાદ આપવામાં આવે છે ત્યારે તેના ઉપર હાથ મૂકીને (શબ્દો) બોલવામાં આવે છે.
- “ની ઉપર હાથ મૂકવા” શબ્દ, દેવની સેવા અથવા સાજાપણા માટે પ્રાર્થના કરવા તે વ્યક્તિને સમર્પિત કરવું તે દર્શાવે છે.
- જયારે પાઉલ કહે છે કે “મારા હાથો દ્વારા લખાયેલું,” તેનો અર્થ કે આ પત્ર તેના શારીરિક ભાગ દ્વારા લખાયા છે, એવું નથી કે તેના બોલેલા શબ્દો બીજી વ્યક્તિએ લખ્યા હોય.

## ભાષાંતરના સૂચનો

- આ અભિવ્યક્તિઓ અને બીજા શબ્દાલંકારોનું ભાષાંતર, બીજી રૂપકાત્મક અભિવ્યક્તિઓ જેનો સમાન અર્થ થાય છે તેનો ઉપયોગ કરીને (ભાષાંતર) કરી શકાય છે. અથવા અર્થનું ભાષાંતર સીધાજ, શાબ્દિક ભાષાનો ઉપયોગ કરી શકાય છે. (ઉપરના ઉદાહરણો જુઓ).
- “તેને ઓળિયું સોંપવામાં આવ્યું” અભિવ્યક્તિનું ભાષાંતર, “તેને ઓળિયું આપ્યું” અથવા “ઓળિયું તેના હાથમાં મૂકયું” તરીકે પણ કરી શકાય છે.

તે તેને કાયમ માટે આપવામાં આવ્યું નહોતું, પણ માત્ર તે સમયે વાપરવાના હેતુ માટે આપવામાં આવ્યું હતું.

- જયારે “હાથ” કોઈ વ્યક્તિને દર્શાવે છે, જેમકે “દેવના હાથોએ આ કર્યું,” તેનું ભાષાંતર, “દેવે આ કર્યું” તરીકે કરી શકાય છે.
- એક અભિવ્યક્તિ જેવી કે “તેઓના શત્રુઓના હાથોમાંથી તેઓને સોંપી દીધા” અથવા “તેમને તેમના શત્રુઓના હાથમાં સોંપી દીધા,” (શબ્દસમૂહ)નું ભાષાંતર, “તેઓના શત્રુઓને તેઓ પર વિજય મેળવવા પરવાનગી આપવી” અથવા “તેઓને તેઓના શત્રુઓ દ્વારા કબજે થવા દેવા” અથવા “તેઓના શત્રુઓને તેઓની પર નિયંત્રણ પ્રાપ્ત કરવા મજબૂત કરવા” એમ કરી શકાય છે.
- “હાથથી મરવું” (શબ્દસમૂહ)નું ભાષાંતર, “દ્વારા હત્યા થઈ હોવી,” એમ કરી શકાય છે.
- “(તે)ના જમણા હાથ પર” અભિવ્યક્તિનું ભાષાંતર, “ની જમણી બાજુ પર હોવું” તરીકે કરી શકાય છે.
- ઈસુના સંદર્ભમાં, “દેવના જમણા હાથે બિરાજમાન છે,” જો આ વાક્ય તે તેને ઊંચા માન અને એક સમાન અધિકારને ન દર્શાવતું હોય તો તે ભાષાના સંચારમાં તેને યોગ્ય બીજી અભિવ્યક્તિનો ઉપયોગ કરી શકાય.

અથવા તેની સાથે નાની છણાવટ કરી શકાય કે: “તે દેવના જમણે હાથે કે જ્યાં સહુથી ઊંચો અધિકાર આપવામાં આવ્યો છે.”

(આ પણ જુઓ: વિરોધી, આશીર્વાદ, બંદી, સન્માન, શક્તિ)

## બાઈબલની કલમો:

- પ્રેરિતો 7:22-25
- પ્રેરિતો 8:14-17
- પ્રેરિતો 11:19-21
- ઉત્પત્તિ 9:5-7
- ઉત્પત્તિ 14:19-20
- યોહાન 3:34-36
- માર્ક 7:31-32

- માથ્થી 6:3-4

## શબ્દ માહિતી:

- Strong's: H405, H2026, H2651, H2947, H2948, H3027, H3028, H3225, H3231, H3233, H3709, H7126, H7138, H8040, H8042, H8168, G710, G1188, G1448, G1451, G1764, G2021, G2092, G2176, G2902, G4084, G4474, G4475, G5495, G5496, G5497

# હિંમત, હિંમતવાન, ઉત્તેજન આપવું, પ્રોત્સાહન આપવું, નાહિંમત કરવું, નાહિંમત થવું

## સત્યો/તથ્યો:

"હિંમત" શબ્દ, મુશ્કેલ, ડરાવનારું, અથવા ખતરનાક બાબત સામે હિંમતભેર સામનો કરવાને દર્શાવે છે.

- "હિંમતવાન" શબ્દ એવી વ્યક્તિને દર્શાવે છે કે જે ભય લાગતો હોય અથવા છોડી દેવાનું દબાણ હોવા છતાં હિંમત બતાવી સાચી વસ્તુ કરે છે.
- વ્યક્તિ જયારે ભાવનાત્મક અથવા શારીરિક દુઃખનો સામનો કરે છે ત્યારે તાકાત અને દ્રઢતા સાથે હિંમત દેખાડે છે.
- "હિંમત રાખો" અભિવ્યક્તિનો અર્થ, "ભયભીત થશો નહીં" અથવા "ખાતરી રાખો કે બધુજ સારું થશે," થાય છે."
- જયારે યહોશુઆ કનાનની ખતરનાક ભૂમિમાં જવા તૈયારી કરી રહ્યો હતો ત્યારે મુસાએ તેને પ્રોત્સાહન આપ્યું કે "બળવાન તથા હિંમતવાન થા."
- "હિંમતવાન" શબ્દનું ભાષાંતર, "બહાદુર" અથવા "ભયભીત ન થાય તેવું" અથવા "સાહસિક" પણ કરી શકાય છે.
- સંદર્ભ પર આધાર રાખીને, "હિંમત હોવી"નું ભાષાંતર, "ભાવનાત્મક રીતે બળવાન રહો" અથવા "આત્મવિશ્વાસુ રહો" અથવા "દૃઢ ઉભા રહો," કરી શકાય છે.
- "હિંમત સાથે બોલવું"નું ભાષાંતર, "હિંમતભેર બોલો" અથવા "ડર રાખ્યા વગર બોલવું" અથવા "આત્મવિશ્વાસથી બોલવું," કરી શકાય છે.

  "ઉત્તેજન આપવું" અને "પ્રોત્સાહન આપવું" શબ્દો દર્શાવે છે કે, કોઈકને દિલાસો, આશા, આત્મવિશ્વાસ, અને હિંમત આપવા માટે કંઇક કહેવું અથવા કરવું.
- તેના જેવો સમાન શબ્દ, "ઉત્તેજન" છે, જેનો અર્થ જે પ્રવૃત્તિ ખોટી છે તેને નકારવી અને તેને બદલે વસ્તુઓ કે જે સારી અને સાચી છે તે કરવા કોઈને અરજ કરવી.
- પાઉલ પ્રેરિત અને નવા કરારના અન્ય લેખકોએ ખ્રિસ્તીઓને એકબીજાને પ્રેમ કરવા અને બીજાઓની સેવા કરવાનું શીખવ્યું.

  "નાહિંમત" શબ્દ એવી બાબતને દર્શાવે છે કે જે કહેવાથી કે કરવાથી લોકો આશા, આત્મવિશ્વાસ, અને હિંમત ગુમાવી દે, જેથી તેઓએ જે કરવું જોઈએ તે મહેનતપૂર્વક કરવા માટે તેઓ પાસે ઓછી ઈચ્છા રહે.

## ભાષાંતરના સૂચનો

- સંદર્ભ પર આધાર રાખીને, "ઉત્તેજન આપવું"ના ભાષાંતરની રીતો, "અરજ" અથવા "દિલાસો" અથવા "માયાળુ વસ્તુઓ કહેવી" અથવા "મદદ અને સમર્થન"નો સમાવેશ કરી શકે છે.
- "પ્રોત્સાહનના શબ્દો કહેવા" શબ્દસમૂહનો અર્થ, "એવી બાબતો કહેવી કે જેથી બીજા લોકોને પ્રેમ, સ્વીકૃતી, અને સશક્તિકરણનો અનુભવ થાય.

(આ પણ જુઓ: આત્મવિશ્વાસ, પ્રોત્સાહિત કરવું, ભય, તાકાત)

## બાઈબલની કલમો:

- પુનર્નીયમ 1:37-38
- 2 રાજા 18:19-21
- 1 કાળવૃતાંત 17:25-27
- માથ્થી 9:20-22
- 1 કરિંથી 14:1-4
- 2 કરિંથી 7:13-14
- પ્રેરિતો 5:12-13
- પ્રેરિતો 16:40
- હિબ્રૂ 3:12-13
- હિબ્રૂ 13:5-6

## શબ્દ માહિતી:

- Strong's: H533, H553, H1368, H2388, H2388, H2428, H3820, H3824, H7307, G2114, G2115, G2174, G2292, G2293, G2294, G3870, G3874, G3954, G4389, G4837, G5111

# હોરા (કલાક), ઘડીઓ

## વ્યાખ્યા:

કોઈ ઘટના બની હોય ત્યારે વધુમાં તે ક્યારે અથવા કેટલા સમયે થઇ છે, તે દર્શાવવા આ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે, અહીં “ઘડી” શબ્દને અન્ય રૂપકાત્મક રીતે પણ વાપરવામાં આવે છે.

- ક્યારે “ઘડી” શબ્દ કંઈક કરવા નિયમિત, સુનિશ્ચિત સમય દર્શાવે છે, જેમકે કે “પ્રાર્થનાની ઘડી.”
- જયારે લખાણ કહે છે કે ઈસુ માટે દુઃખ અને મોતની “ઘડી આવી ચૂકી છે,” ત્યારે તેનો અર્થ એમકે તે બાબત થવા માટેનો નિમણૂક કરેલો સમય કે જે દેવે લાંબા સમય અગાઉ પસંદ કરેલો હતો.
- “ઘડી” શબ્દનો અર્થ, “તે ક્ષણે” અથવા “પછી તરતજ” પણ વાપરવામાં આવ્યા છે.
- જયારે લખાણ “હોરા (સમય)” મોડા થવા વિશે વાત કરે છે, ત્યારે સૂર્ય જલ્દી આથમવાની તૈયારીમાં હશે, તેનો અર્થ એમકે તે દિવસે મોડું થયું હતું.

## બાઈબલની કલમો:

જયારે (આ શબ્દને) રૂપકાત્મક રીતે વાપરવામાં આવે છે, ત્યારે “ઘડી” શબ્દનું ભાષાંતર, “સમય” અથવા “ક્ષણ” અથવા “નિમણૂક કરેલો સમય” તરીકે કરી શકાય છે.

- “તે જ સમયે” અથવા “એ જ હોરાએ” શબ્દસમૂહનું ભાષાંતર, “તે ક્ષણે” અથવા “તે સમયે” અથવા “તરતજ” અથવા “તે પછી તરત જ” તરીકે કરી શકાય છે.
- “ઘડી મોડી હતી” અભિવ્યક્તિનું ભાષાંતર, “તે દિવસે મોડું થઇ ગયું હતું” અથવા “તે (સમયે) મોડી બપોર થઇ ચૂકી હતી.”

(આ પણ જુઓ: ઘડી)

## બાઈબલની કલમો:

- 1 કરિંથી15:29-30
- પ્રેરિતો10:30-33
- માર્ક 14:35-36

## શબ્દ માહિતી:

- Strong's: H8160, G5610

# હોલવવું, છિપાવવી, હોલવ્યું, ન હોલવાનાર

## વ્યાખ્યા:

"હોલવવું" શબ્દનો અર્થ બંધ કરવું અથવા તો તૃપ્તિ ચાહતી કોઈ બાબતને તૃપ્ત કરવી એવો થાય છે.

- આ શબ્દ સામાન્ય રીતે તરસ છિપાવવાના સંદર્ભમાં ઉપયોગમાં લેવાય છે અને તેનો અર્થ કંઈક પીવા દ્વારા તરસ દૂર કરવી એવો થાય છે.
- તેનો ઉપયોગ અગ્નિ બૂઝવવાનો ઉલ્લેખ કરવા પણ કરી શકાય છે.
- તરસ અને અગ્નિ બંનેને પાણીથી બૂઝાવવામાં આવે છે.
- પાઉલ જ્યારે વિશ્વાસીઓને "પવિત્ર આત્માને ન હોલવવા" સૂચના આપે છે ત્યારે તે "હોલવવું" શબ્દનો ઉપયોગ પ્રતિકાત્મક રીતે કરે છે.

તેનો અર્થ લોકોને પવિત્ર આત્માને પોતાનામાં તેમનાં ફળ અને કૃપાદાનો ઉત્પન્ન કરતાં નિરાશ ન કરવા એવો થાય છે. પવિત્ર આત્માને હોલવવાનો અર્થ પવિત્ર આત્માને લોકોમાં મુક્તપણે તેમનું સામર્થ્ય અને કાર્ય પ્રગટ કરતા અટકાવવા એવો થાય છે.

(આ જૂઓ: ફળ, ભેટ, પવિત્ર આત્મા)

## બાઇબલના સંદર્ભો:

- 1 થેસ્સલોનિકી 5:19-22
- હઝકિયેલ 20:45-47
- યશાયા 1:31
- યર્મિયા 21:11-12

## શબ્દ માહિતી:

- Strong's: H1846, H3518, H7665, H8257, G762, G4570

# હોલો, કબૂતર

## વ્યાખ્યા:

હોલાઓ અને કબૂતરો બે પ્રકારના નાના, રાખોડી-ભૂરા પક્ષીઓ છે કે જે એક સમાન દેખાય છે. મોટેભાગે હોલો આછા રંગનો, (અને) લગભગ સફેદ હોય છે.

- કેટલીક ભાષાઓમાં તેઓના બે અલગઅલગ નામો હોય છે, જયારે બીજા કેટલાક બન્ને માટે સમાન નામનો ઉપયોગ કરે છે.
- ખાસ કરીને લોકો (બલિદાન માટે) જેઓ મોટું પ્રાણી નહોતા ખરીદી શકતા ત્યારે તેઓ દેવને બલિદાનો માટે હોલાઓ અને કબૂતરોનું અર્પણ કરતા.
- જયારે જળપ્રલયના પાણી નીચે જતાં રહ્યાં હતા ત્યારે, નૂહ પાસે કબૂતર જૈતુનના વૃક્ષનું પાંદડું લઇ આવ્યું.
- ક્યારેક કબૂતરોને શુદ્ધતા, નિર્દોષતા, અથવા શાંતિનું પ્રતિકરૂપે દર્શાવવામાં આવે છે.
- જે ભાષામાં ભાષાંતર થઇ રહ્યું છે, અને તે ભાષામાં હોલો અથવા કબૂતર ના હોય તો, તેને માટે "નાના ભૂખરા રંગના પક્ષી કે જે હોલા કહેવાય છે" અથવા "નાના રાખોડી અથવા કથ્થાઈ રંગના પક્ષી, જે (પક્ષીનું સ્થાનિક આપવું) સમાન હોય છે," એવું દર્શાવીને (ભાષાંતર) કરવું. જો કબૂતર અને હોલો બંને એક જ કલમમાં દર્શાવવામાં આવ્યા હોય તો, શક્ય રીતે આ બંને પક્ષીઓ માટે અલગ અલગ શબ્દો વાપરવા.

(આ પણ જુઓ: અજ્ઞાતનું ભાષાંતર કેવી રીતે કરવું)

(આ પણ જુઓ: જૈતુન, નિર્દોષ, શુદ્ધ)

## બાઈબલની કલમો:

- ઉત્પત્તિ 8:8-9
- લૂક 2:22-24
- માર્ક 1:9-11
- માથ્થી 3:16-17
- માથ્થી 21:12-14

## શબ્દ માહિતી:

- Strong's: H1469, H1686, H3123, H8449, G4058

# translationAcademy

## આવૃત્તિ 21.1

# અજ્ઞાતનું અનુવાદ

સિંહ, અંજીર વૃક્ષ, પર્વત, પાદરી અથવા મંદિર જેવા શબ્દોનો હું કેવી રીતે અનુવાદ કરી શકું જ્યારે મારી સંસ્કૃતિના લોકોએ આ વસ્તુઓ ક્યારેય ન જોઈ હોય અને અમારી પાસે તેમના માટે કોઈ શબ્દ નથી?

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: જે વિચારો વિષે મારા વાચકો પરિચિત નથી તેને હું કેવી રીતે અનુવાદ કરી શકું?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-sentences*]]

## વર્ણન

આગળ અમે તમને ભલામણ કરીએ છીએ:

[[*rc://gu/ta/man/translate/translate-transliterate*]]
[[*rc://gu/ta/man/translate/translate-names*]]

(**ત્યાં પાછા જાઓ:** દેવદૂત, દેવદૂતો, મુખ્ય દેવદૂત; ખ્રિસ્તવિરોધી, ખ્રિસ્તવિરોધીઓ; પ્રેરિત, પ્રેરિતપદ; બાપ્તિસ્મા આપવું, બાપ્તિસ્મા પામેલ, બાપ્તિસ્મા; ખ્રિસ્ત, મસીહ; ખ્રિસ્તી; મંડળી, મંડળીઓ, વૈશ્વિક મંડળી; સુન્નત, સુન્નત કરાવેલ, સુન્નતની વિધિ, બેસુન્ન્તી, બેસુન્ન્ત; વધસ્તંભ; ભૂત, દુષ્ટ આત્મા, અશુદ્ધ આત્મા; અનંતકાળ, શાશ્વત, અનંત, સદાકાળ; હાદેસ, શેઓલ; ઘેટું, ઈશ્વરનું હલવાન; માન્ના; રાબ્બી; વિશ્રામવાર; શેતાન, શેતાન, દુષ્ટ; બાવળ; રાજદૂત, રાજદૂતો, પ્રતિનિધિ, પ્રતિનિધિઓ; જવ; પિત્તળ; ઊંટ, ઊંટો; રથ, રથો, સારથિ; કરૂબ, કરૂબો; ગાય, ગાયો, આખલો, આખલાઓ, વાછરડું, વાછરડા, ઢોર, વાછરડી, બળદ, બળદો,; હરણ, હરણી, હરણીઓ, હરણનું બચ્ચું, એક જાતનું નર હરણ, એક જાતના નર હરણો; ગધેડો, ખચ્ચર; હોલો, કબૂતર; ગરૂડ, ગરૂડ પક્ષીઓ; દેવદાર, દેવદારો; ખરી, ખરીઓ, પ્રાણીઓની ખરીઓ; ચિત્તો, ચિત્તાઓ; સિંહો, સિંહ, સિંહણ, સિંહણો; ઓક, એલોન વૃક્ષ, એલોન વૃક્ષો; ભૂંડ, ભૂંડો, ડુક્કરનું માંસ, ભૂંડણ; શોકના વસ્ત્રો; સમુદ્રી ગાય; ઘેટી, ઘેટીઓ, ખરીવાળો ઘેટો, ખરીવાળા ઘેટાંઓ, ઘેટાં, ઘેટાંનો વાળો, ઉન કાતનારાઓ, ઘેટાંનું ચામડું; બરફ, બરફ પડ્યો, બરફ પડી રહ્યો છે; તલવાર,તલવારો, તલવારની પત્તાબાજીમાં ઉસ્તાદ; ઉપવસ્ત્ર, ઉપવસ્ત્રો; દ્રાક્ષારસ, મશક, મશકો, નવો દ્રાક્ષારસ; ઊપણવું, ઊપણવું, ઊપણ્યું, સૂપડું, ચાળવું, ચાળણી)

# અત્યુક્તિ અને સામાન્યીકરણ

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: અત્યુક્તિ શું છે? સામાન્યીકરણ શું છે?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]

એક વક્તા અથવા લેખક બરાબર તે જ શબ્દોનો ઉપયોગ કરી શકે છે જેનો અર્થ સંપૂર્ણ પણે સાચો, સામાન્ય રીતે સાચો, અથવા અત્યુક્તિ (અતીશયોક્તી) તરીકે થાય છે. તેથી જ કરીને આ મુશ્કેલ થાય છે કે એક વાક્યને કેવી રીતે સમજવું.ઉદાહરણ તરીકે નિમ્નલેખિત વાક્યના ત્રણ અલગ અલગ અર્થો થઇ શકે છે.

- દરરોજ રાત્રે અહીં વરસાદ પડે છે.

૧. વક્તાનો અર્થ અહીં શબ્દસહ સાચો છે જો તેનો અર્થ એમ હોય કે અહિયાં દરરોજ રાત્રે વરસાદ પડે છે.

૨. વક્તાનો અર્થ અહીં **સામાન્યીકરણ** તરીકે થાય છે જો તેમનો અર્થ છે કે અહિયાં મોટા ભાગની રાત્રે વરસાદ પડે છે.

વક્તાનો અર્થ અહીં **અતિશયોક્તિ વાળો** થાય છે જો તે કહે કે વધુ વરસાદ પડે છે જ્યારે વાસ્તવમાં તેટલો વરસાદ પડતો નથી, સામાન્ય રીતે જે વરસાદ પડી રહ્યો છે તે પ્રત્યે મજબૂત વલણ વક્ત કરવા માટે, જેમકે તેનથી નિરાશા ઉત્પન થઇ છે અથવા તો ખૂબ ખુશી થઇ છે.

**અતિશયોક્તિ**: આ એવી વાક્ય રચના છે જે **અતિશયોક્તિ** નો ઉપયોગ કરે છે. વક્તા ઈરાદાપૂર્વક અંત્યંત અથવા તો અવાસ્તવિક નિવેદન દ્વારા કંઈક વર્ણવે છે, સામાન્ય રીતે તે જે વર્ણવી રહ્યો છે તેના વિષે પોતાની મજબૂત લાગણી અથવા અભિપ્રાય બતાવવા માટે. અને તે અપેક્ષા રાખે છે લોકો સમજે કે તે અતિશયોક્તિ કરી રહ્યા છે.

> તેઓ છોડીને જશે નહિ **એક પથ્થર બીજા ઉપર** (લુક ૧૯:૪૪બ યુ.એલ.ટી.)

- આ અતિશયોક્તિ છે. તેનો અર્થ એ છે કે દુશ્મનો યરૂશાલેમનો સંપૂર્ણપણે નાશ કરશે.

**ઈજીપ્તીઓની સર્વ કળામાં** મૂસા તાલીમ પામેલો હતો. (પ્રે.કૃ.૭:૨૨અ)

આ અતીશીયોક્તીનો અર્થ છે કે ઈજીપ્તી શિક્ષણ જે પણ શીખવી શકતું હતું તે બધામાં તેણે તાલીમ હાંસલ કરી હતી.

**સામાન્યીકરણ:** આ નિવેદન મોટા ભાગના સમય માટે સાચું છે અથવા મોટા ભાગની પરિસ્થિતિઓમાં તેને લાગુ કરી શકાય છે.

> તે એક જે સૂચનાઓની અવગણના કરે છે **તેને ગરીબાઈ અને શરમ મળશે,**
> પરંતુ **માન આવશે** તેના દ્વારા કે જેનાથી તે સુધારા શીખી રહ્યા છે. (નીતીવચન ૧૩:૧૮)

- આ સામાન્યીકરણ કહે છે તે વિષે કે જે લોકો સૂચનાઓની અવગણના કરે છે તેમની સાથે સામાન્ય રીતે શું થઈ શકે છે અને જેઓ સુધારાથી શીખે છે તેઓની સાથે સામાન્ય રીતે શું થાય છે.

> અને જ્યારે તમે પ્રાર્થના કરો, નકામું પુનરાવર્તન ના કરો જેમ કે **વિદેશીઓ કરે છે, કેમકે તેઓ માને છે કે તેઓના વધુ બોલવાથી તેઓને સાંભળવામાં આવશે.** (માથ્થી ૬:૭)

- આ સામાન્યીકરણ કહે છે કે વિદેશીઓ શાના માટે જાણીતા હતા. ઘણાં વિદેશીઓએ આવું કર્યું હોઈ શકે છે. જો અમુક વિદેશીઓએ તે કર્યું હોય નહિ તો તેનાથી કોઈ ફરક પડતો નથી. અહિ મુદ્દો એ છે કે સાંભળનારાઓએ આ ખૂબ-જાણીતી પ્રથામાં જોડાવાનું નથી.

જો કે આ સામાન્યીકરણમાં એક મજબૂત ઉચ્ચારણ થયેલ છે જેમ કે “બધા,” “હંમેશા,” “કોઈ નહિ,” અથવા “કદી નહિ,” તેનો અર્થ સામાન્ય રીતે એવો નથી. **ખરેખર** “બધા,” “હંમેશા,” “કોઈ નહિ,” અથવા “કદી નહિ.” તેનો સામાન્ય અર્થ છે “મોટા ભાગના, મોટા ભાગના સમયે,” “ભાગ્યે જ કોઈ” અઠવા “ભાગ્યે જ.”

## અનુવાદની સમસ્યા છે તેનું કારણ

વાચકોએ આ સમજવાની જરૂર છે કે તેઓ માને કે નહિ પરંતુ આ નિવેદન સંપૂર્ણ રીતે સાચું છે.
જો વાચકોને ખ્યાલ આવે કે આ નિવેદન સંપૂર્ણ રીતે સાચું નથી તો, તેઓએ તે સમજવાની જરૂર છે કે તે અતિશયોક્તિ છે, અથવા સામાન્યીકરણ, અથવા જુઠાણું છે. (જો કે બાઈબલ તો સંપૂર્ણ રીતે સાચું છે પરંતુ બાઈબલ એ લોકો વિષે પણ કહે છે કે જેઓએ હંમેશા સત્ય કહ્યું નથી.)

## બાઈબલમાંથી ઉદાહરણો

### અતિશયોક્તિવાળા ઉદાહરણો

> જો તમારો હાથ તમને ઠોકર ખવડાવે, **તેને કાપી નાંખો.** તમારા માટે લુલા થઈને જીવનમાં પેસવું સારું છે…. (માર્ક ૯:43અ યુ.એલ.ટી.)

જ્યારે ઈસુએ તમને હાથ કાપવાનું કહ્યું, તેમનો અર્થ એ હતો કે આપણે **ગમે તેવું અંતિમ કાર્ય કરવું પડે તે કરીએ** પરંતુ પાપ કરવું નહિ. તેમણે આ અતિશયોક્તિનો ઉપયોગ કર્યો તે બતાવવા માટે કે પાપ કરતાં અટકવું/થોભવું કેટલું જરૂરી છે.

> પલિસ્તીઓ ઇઝરાયલ સામે યુદ્ધ કરવાને એકઠા થયા; ત્રીસ હજાર રથો, છ હજાર સવારો, અને સૈનિકો **સમુદ્ર કિનારાની રેતી સમાન સંખ્યાબંધ.** (૧શમૂએલ ૧૩:૫અ યુ.એલ.ટી.)

પલિસ્તી સૈન્ય સંખ્યામાં જબરદસ્ત હતું તે ભાવનાને વ્યક્ત કરવા માટે ઘાટો કરવામાં આવેલ શબ્દસમૂહ એક અત્યુક્તિ છે તેનો અર્થ એ છે કે પલિસ્તી સેનામાં **ઘણાં, ઘણાં** સૈનિકો હતાં.

પરંતુ તેમનું અભિષિક્તપણું તમને શીખવે છે **સર્વ બાબતો** અને તે સત્ય છે અને તે જુઠ્ઠું નથી, અને તમને જે પણ શીખવવામાં આવ્યું, તેનામાં રહો. (૧ યોહાન ૨:૨૭બ યુ.એલ.ટી.)

આ એક પ્રભાવ પાડવા માટે કરેલી અત્યુક્તિ છે. તે એ ખાતરીને વ્યક્ત કરે છે કે ઈશ્વરનો આત્મા આપણને **સર્વ બાબતો જે આપણે જાણવાની જરૂર છે** તે વિષે શીખવે છે. ઈશ્વરના આત્મા આપણને જાણવા માટે સંભાવિત શક્ય દરેક બાબતો શીખવતા નથી.

> તેઓએ તેને શોધ્યો, અને તેઓએ તેમને કહ્યું કે, “**દરેક જણ** તમને શોધી રહ્યા છે.” (માર્ક ૧:૩૭ યુ.એલ.ટી.)

શિષ્યોનો સંભવિત અર્થ એ નહોતો કે શહેરમાંના દરેક જણ ઈસુને શોધી રહ્યા હતા પરંતુ તેમનો અર્થ હતો કે **ઘણાં લોકો** તેમને શોધી રહ્યા હતા અથવા ઈસુના સઘળાં નજદીકી મિત્રો તેમને શોધી રહ્યા હતા. તેઓ અને બીજા ઘણાં બધા તેમના વિષે ચિંતિત હતા તે ભાવનાને વ્યક્ત કરવાના હેતુ માટેની આ એક અત્યુક્તિ છે

### સામાન્યીકરણના ઉદાહરણો

શું નાઝરેથમાંથી કાંઈ સારું નીકળી શકે શું? (યોહાન ૧:૪૬બ યુ.એલ.ટી.)

આ અલંકારિક પ્રશ્નનો હેતુ એ સામાન્યીકરણ દર્શાવવાનો છે કે નાઝરેથમાં કાંઈપણ સારું નથી. ત્યાંના લોકોની શાખ અભણ અને ચુસ્ત ધાર્મિક હોવાની હતી નહિ. અલબત્ત, ત્યાં અપવાદ હતા.

તેઓના પોતાના પ્રબોધકોમાંના, તેઓમાંના એકે, કહ્યું છે કે, **"ક્રિતિઓ હમેશાં જુઠ્ઠા, જંગલી જાનવરો, આળસુ ખાઉધરાઓ હોય છે."**

આ અત્યુક્તિ છે જેનો અર્થ છે કે આવા હોવાની શાખ ક્રિતિઓની હતી કારણ કે સામાન્યપણે આ જ રીતે ક્રિતિઓ વર્તતા હતા. એ શક્ય છે કે ત્યાં અપવાદો હતા.

**આળસુ હાથ વ્યક્તિને ગરીબ બનાવે છે, પરંતુ ઉદ્યમી વ્યક્તિનો હાથ સમૃદ્ધિ મેળવે છે.** (નીતિવચન ૧૦:૪ યુ.એલ.ટી.)

આ સામાન્યપણે સત્ય છે અને તે ઘણાં લોકોના અનુભવને પ્રતિબિંબિત કરે છે. એ શક્ય છે કે કેટલાક સંજોગોમાં અપવાદો હોઈ શકે છે.

### ચેતવણી

કંઈક જે અશક્ય લાગે છે તે અતિશયોક્તિ છે એવું ના ધારી લો. ઈશ્વર ચમત્કારિક કૃત્યો કરે છે.

> …તેઓએ ઈસુને જોયા **સમુદ્ર પર ચાલતા** અને નાવની નજીક આવતા… (યોહાન ૬:૧૯બ યુ.એલ.ટી.)

આ અતિશયોક્તિ નથી. ઈસુ ખરેખર પાણી પર ચાલ્યા હતાં. તે શાબ્દિક નિવેદન છે.

એવું ના ધારી લો કે “સર્વ” શબ્દનું હંમેશા સામાન્યીકરણ કરેલ છે જેનો અર્થ “મોટા ભાગે” થાય છે.

> યહોવાહ તેમના **સર્વ** માર્ગોમાં ન્યાયી છે.
> અને જે કંઈ તે કરે છે તે **સર્વમાં** દયાળુ છે. (ગીતશાસ્ત્ર ૧૪૫:૧૭ યુ.એલ.ટી.)

યહોવાહ હંમેશા ન્યાયી છે. આ સંપૂર્ણ રીતે સાચું નિવેદન છે.

## અનુવાદની વ્યૂહરચનાઓ

જો અતિશયોક્તિ અથવા સામાન્યીકરણ, કુદરતી હશે અને લોકો તેને સમજી શકે છે અને માને છે કે તે જુઠું નથી, તો તેનો ઉપયોગ કરવાનું ધ્યાનમાં લો. અને એમ નહીં તો અહીં અન્ય વિકલ્પો છે.

અતિશયોક્તિ સિવાય અર્થને વ્યક્ત કરો. ૨. સામાન્યીકરણને માટે, “સામાન્ય રીતે” અથવા "મોટા ભાગના કિસ્સાઓમાં” જેવા શબ્દોનો ઉપયોગ કરીને બતાવો કે તેનું સામાન્યીકરણ કરેલું છે.
૩. અત્યુક્તિ અથવા સામાન્યીકરણ માટે, સામાન્યીકરણ તે ચોક્કસ નથી તે બતાવવા માટે “મોટા ભાગે” અથવા “લગભગ” શબ્દોને ઉમેરો.
૪. સામાન્યીકરણ માટે કે જેમાં “બધા,” “હંમેશા,” “કોઈ નહિ,” અથવા “કદી નહિ.” શબ્દો હોય તેને કાઢી નાખવાનું ધ્યાનમાં રાખો.

## અનુવાદની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

(૧). અતિશયોક્તિ વિના અર્થ વ્યક્ત કરો.

- પલિસ્તીઓ ઇઝરાયલ સામે યુદ્ધ કરવાને એકઠા થયા; ત્રીસ હજાર રથો, છ હજાર સવારો, અને સૈનિકો **સમુદ્ર કિનારાની રેતી સમાન સંખ્યાબંધ.** (૧ શમૂએલ ૧૩:૫અ યુ.એલ.ટી.)
- પલિસ્તીઓ ઇઝરાયલ સામે ત્રીસ હજાર રથો, છ હજાર સવારો, અને **મોટી સંખ્યામાં સૈનિકો સાથે** યુદ્ધ કરવાને એકઠા થયા.

(૨). સામાન્યીકરણને માટે, “સામાન્ય રીતે” અથવા મોટા ભાગની બાબતોમાં” જેવા શબ્દોનો ઉપયોગ કરીને બતાવો કે તેનું સામાન્યીકરણ કરેલું છે.

- **એક જે સૂચનાઓની અવગણના કરે છે તેમને ગરીબાઈ અને શરમ મળશે...** (નીતિવચનો ૧૩:૧૮ યુ.એલ.ટી.)

  **સામન્ય રીતે,** જે સૂચનાઓની અવગણના કરે છે તેમને ગરીબાઈ અને શરમ મળશે.
- અને જ્યારે તમે પ્રાર્થના કરો, નકામું પુનરાવર્તન ના કરો **જેમ વિદેશીઓ કરે છે,** કેમકે તેઓ માને છે કે તેઓના વધુ બોલવાથી તેઓને સાંભળવામાં આવશે. (માથ્થી ૬:૭ યુ.એલ.ટી.)
  “અને જ્યારે તમે પ્રાર્થના કરો, નકામું પુનરાવર્તન ના કરો જેમ વિદેશીઓ **સામાન્ય રીતે** કરે છે, કેમકે તેઓ માને છે કે તેઓના વધુ બોલવાથી તેઓને સાંભળવામાં આવશે.”

(૩). અત્યુક્તિ અથવા સામાન્યીકરણ માટે, સામાન્યીકરણ તે ચોક્કસ નથી તે બતાવવા માટે “મોટા ભાગે” અથવા “લગભગ” શબ્દોને ઉમેરો.

- **સંપૂર્ણ** યહૂદીયા દેશ અને **સર્વ** યરૂશાલેમના લોકો તેને મળવાને બહાર ગયા. (માર્ક ૧:૫અ યુ.એલ.ટી.)
- **લગભગ** યહૂદીયા દેશના **દરેક** લોકો અને **લગભગ** યરૂશાલેમના **દરેક** લોકો તેને મળવાને બહાર ગયા.” અથવા
- **મોટા ભાગના** યહૂદીયા દેશના લોકો અને **મોટાભાગના** યરૂશાલેમના લોકો તેને મળવાને બહાર ગયા.”

(૪). સામાન્યીકરણ માટે કે જેમાં “બધા,” “હંમેશા,” “કોઈ નહિ,” અથવા “કદી નહિ.” શબ્દો હોય તેને કાઢી નાખવાનું ધ્યાનમાં રાખો.

- **સંપૂર્ણ** યહૂદીયા દેશ અને **સર્વ** યરૂશાલેમના લોકો તેને મળવાને બહાર ગયા. માર્ક ૧:૫અ યુ.એલ.ટી.)
- યહૂદીયા દેશ અને યરૂશાલેમના લોકો તેને મળવાને બહાર ગયા.

(**ત્યાં પાછા જાઓ:** સભા, સભાઓ, એકત્ર કરવું, ભેગા થયેલ)

# અનુમાનિત જ્ઞાન અને ગર્ભિત માહિતી

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: હું કેવી રીતે ખાતરી કરી શકું કે મારું અનુવાદ મૂળ સંદેશની સ્પષ્ટ માહિતીની સાથે સાથે અનુમાનિત જ્ઞાન અને ગર્ભિત માહિતી પણ રજૂ કરે છે?

- **અનુમાનિત જ્ઞાન** એ છે કે જે વક્તા અનુમાન કરે છે કે તેના દર્શકો તેના બોલ્યા અગાઉ જાણે છે અને તેઓને કોઈ પ્રકારની માહિતી આપે છે. વક્તા દર્શકોને આ માહિતી આપતો નથી કારણ કે તે માને છે કે તેઓ તે પહેલેથી જ જાણે છે.
- વક્તા જ્યારે દર્શકોને માહિતી આપે છે ત્યારે તે બે રીતે માહિતી આપે છે.
- **સ્પષ્ટ માહિતી** જે વક્તા સીધી રીતે આપે છે.
- **ગર્ભિત માહિતી** જે વક્તા સીધી રીતે આપતા નથી કારણ કે તે અપેક્ષા રાખે છે કે તેમના દર્શકો તેઓ જે બીજી બાબતો કહે છે તે દ્વારા શીખવાને સક્ષમ બને.

## વર્ણન

જ્યારે કોઈ વ્યક્તિ બોલે અથવા લખે છે, તેની પાસે કંઈક ખાસ છે જે તે ચાહે છે કે લોકો તેને જાણે અથવા તે કરે અથવા તે વિષે વિચાર કરે. તે સામાન્ય રીતે આ સીધી જ જણાવે છે. આ **સ્પષ્ટ માહિતી** છે.

વક્તા અનુમાન કરે છે કે તેના દર્શકો અગાઉથી કંઈક તથ્ય જાણે છે જે વિષેનો વિચાર તેઓએ આ માહિતી સમજવા માટે કરવો જરૂરી છે. સામાન્ય રીતે તે લોકોને આ માહિતી કહેતો નથી, કારણ કે તેઓ તેના વિષે અગાઉથી જાણતા હોય છે. આને **અનુમાનિત જ્ઞાન** કહેવાય છે.

વક્તા હંમેશા દરેક વસ્તુ વિષે સીધી માહિતી આપતો નથી જે વિષે તે અપેક્ષા રાખે છે કે તેના દર્શકો તે જે કહે છે તે પરથી શીખે. **ગર્ભિત માહિતી** તે માહિતી છે જે વક્તા અપેક્ષા રાખે છે કે જે તે સ્પસ્ટપણે કહેતો નથી તો પણ તેના દ્વારા લોકો શીખે.

વારંવાર, દર્શાકો જે તેઓ અગાઉથી જાણે છે (**અનુમાનિત જ્ઞાન**)ને **સ્પષ્ટ માહિતી** સાથે જોડીને આ **ગર્ભિત માહિતી**ને સમજે છે કે જે વક્તા તેઓને સીધી રીતે કહે છે.

## આ અનુવાદની સમસ્યા છે તેનું કારણ

ત્રણેય પ્રકારની માહિતી વક્તાના સંદેશાના ભાગરૂપે હોય છે. જો આમાંથી કોઈ એક પ્રકારની માહિતી છૂટી જાય, તો પછી દર્શકો સંદેશાને સમજી શકશે નહિ. કારણ કે ભાષામાં લક્ષ્ય અનુવાદ તે બાઈબલની ભાષાઓ કરતાં ખૂબ જ અલગ છે અને તે બાઈબલમાં હતા તેના કરતાં ખૂબ જ અલગ સમય અને સ્થળના દર્શકો માટે બનાવવામાં આવ્યું છે, અને ઘણીવાર **ગર્ભિત માહિતી** અથવા **અનુમાનિત જ્ઞાન** સંદેશામાંથી છૂટી જાય છે. અન્ય શબ્દોમાં, બાઈબલમાંના મૂળ વક્તાઓ અને સાંભળનારાઓ જે જાણતા હતા તે સઘળું આધૂનિક વાચકો જાણતા નથી. જ્યારે આ બાબતો સંદેશને સમજવા માટે મહત્વની છે, તો તમે આ માહિતીને લખાણ અથવા નીચેની/આખર નોંધમાં ઉમેરી શકો છો.

## બાઇબલમાંના ઉદાહરણો

> ત્યારે એક ફરોશીએ તેની પાસે આવીને તેને પૂછ્યું, “ગુરૂજી, તમે જ્યાં કહી જશો ત્યાં હું તમારી પાછળ આવીશ.” ઈસુએ તેને કહ્યું, “શિયાળોને **દર હોય** છે, અને આકાશના પક્ષીઓને **માળા હોય** છે, પરંતુ માણસના દીકરાને માથું ટેકવવાને જગ્યાનથી.” (માથ્થી ૮:૨૦ યુ.એલ.ટી.)

ઈસુએ એમ ના કહ્યું કે શિયાળો અને પક્ષીઓ દર અને માળાનો ઉપયોગ શેના માટે કરે છે, કારણ કે તેમણે અનુમાન કર્યું કે શાસ્ત્રીઓ જાણતા હશે કે શિયાળો જમીનના દરનો ઉપયોગ અને પક્ષીઓ તેઓના માળાનો ઉપયોગ ઊંઘવા માટે કરે છે. આ **અનુમાનિત જ્ઞાન** છે.

ઈસુએ અહીં સીધું કહ્યું નહિ કે, “હું માણસનો દીકરો છું” પરંતુ જો શાસ્ત્રીઓ તે અગાઉથી જાણતા નથી, પછી તે સત્ય એ **ગર્ભિત માહિતી** હોઈ શકે છે કે જે તે શીખે કારણ કે ઈસુએ પોતાનો ઉલ્લેખ તે મુજબ કર્યો. ઉપરાંત, ઈસુએ સ્પષ્ટ રીતે એમ પણ ના કહ્યું કે તે ખૂબ જ મુસાફરી કરે છે અને તેમને ઘર નથી કે જેમાં તે દર રાત્રીએ ઊંઘી શકે. તે **ગર્ભિત માહિતી** છે જે શાસ્ત્રી શીખી શકે છે જ્યારે ઈસુએ કહ્યું કે તેમને માથું ટેકવવાનું સ્થાન નથી.

> ખોરાજીન, તને હાય! બેથસાઈદા, તને હાય! જે પરાક્રમી કામો તમારામાં થયા તે જો **તૂર અને સિદોનમાં** થયાં હોત, તો તેઓએ ટાટ તથા રાખમાં બેસીને ક્યારનોય પસ્તાવો કર્યો હોત. પરંતુ હું તને કહું છું કે **ન્યાયને દિવસે** તૂર અને સિદોનને તમારા કરતાં સહેલ પડશે. (માથ્થી ૧૧:૨૧,૨૨ યુ.એલ.ટી.)
> ઈસુએ અનુમાન કર્યું કે જે લોકો સાથે તેઓ વાત કરી રહ્યા હતા તેઓ તૂર અને સિદોન કેટલા દુષ્ટ હતા તે જાણતા હતા, અને ન્યાયનો દિવસ તે એ સમય છે કે જ્યારે ઈશ્વર દરેક વ્યક્તિનો ન્યાય કરશે. ઈસુ તે પણ જાણતા હતા કે જે લોકો સાથે તેઓ વાત કરી રહ્યા હતા તેઓ એમ માનતા હતા કે તેઓએ વિશ્વાસ છે અને તેઓ સારા છે અને તેમને પસ્તાવાની જરૂર નથી. તેઓ માનતા હતા કે ઈસુએ તેઓને આ બાબતો કહેવાની જરૂર નહોતી. આ સઘળું **અનુમાનિત જ્ઞાન** છે.

**ગર્ભિત માહિતી**નો મહત્વનો ભાગ અહીં એ છે કારણ કે ઈસુ જે લોકોને વાત કરી રહ્યા હતા તેઓએ પસ્તાવો નહોતો કર્યો અને તેઓનો ન્યાય તૂર અને સિદોન કરતાં પણ વધુ ગંભીરતાથી થશે.

> શા માટે તમારા શિષ્યો વડીલોની પરંપરાનું ઉલ્લંઘન કરે છે? કેમ **તેઓ હાથ ધોયા વિના ખાય છે**? (માથ્થી ૧૫:૨ યુ.એલ.ટી.)

વડીલોની એક પરંપરાએ હતી કે સમારંભમાં ખાવાની પહેલા શુદ્ધ રહેવા માટે તેઓ પોતાના હાથ ધોતા હતા. લોકો માનતા હતા કે ન્યાયી બનવા માટે, તેઓએ વડીલોની તમામ પરંપરાઓનું પાલન કરવું જોઈએ. આ **અનુમાનિત જ્ઞાન** હતું કે જે ફરોશીઓ જેઓ ઈસુને કહેતા હતા તેઓ અપેક્ષા કરતાં હતા કે ઈસુ તે જાણતા હશે. આ કહેવા દ્વારા, તેઓ તેમના શિષ્યોને પરંપરા ન પાળવા માટે દોષી ઠરાવી રહ્યા હતા અને તેથી તેઓ ન્યાયી નથી. આ **ગર્ભિત માહિતી** છે જે તેઓ ચાહતા હતાં કે તેઓના કહેવા દ્વારા તે સમજી શકે.

## અનુવાદ વ્યૂહરચનાઓ

જો વાચકો પાસે સંદેશને સમજવા માટે પુરતું અનુમાનિત જ્ઞાન હોય તો, કોઈપણ અગત્યની ગર્ભિત માહિતી કે જે સ્પષ્ટ માહિતી સાથે જાય છે, તો પછી તે જ્ઞાન જાહેર ન કરવું સારું અને તે ગર્ભિત માહિતીને ગર્ભિત રહેવા દો. જો તેમાંથી કંઈક રહી જાય છે અને તે કારણથી વાચકો સંદેશને સમજી શકતા નથી તો, આ વ્યૂહરચનાઓને અનુસરો:

જો વાચકો ચોક્કસ અનુમાનિત જ્ઞાન ન ધરાવવાને કારણે સંદેશને સમજી શકતા ન હોય તો, પછી તે જ્ઞાન સ્પષ્ટ માહિતી દ્વારા પૂરું પાડો.
જો વાચકો ચોક્કસ ગર્ભિત માહિતી ન જાણતા હોવાને કારણે સંદેશ સમજી શકતા ન હોય તો, પછી માહિતી સ્પષ્ટ રીતે જણાવો, પરંતુ તે એવી રીતે પ્રયાસ કરો કે તે એવું પ્રદર્શિત ના કરે કે મૂળભૂત/પ્રથમના વાચકો માટે તે માહિતી નવી હતી.

## અનુવાદની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

જો વાચકો ચોક્કસ અનુમાનિત જ્ઞાન ન ધરાવવાને કારણે સંદેશને સમજી શકતા ન હોય તો, પછી તે જ્ઞાન સ્પષ્ટ માહિતી દ્વારા પૂરું પાડો.

- **ઈસુએ તેને કહ્યું, "શિયાળોને <u>દર હોય</u>છે, અને આકાશના પક્ષીઓને <u>માળા હોય</u>છે, પરંતુ માણસના દીકરાને માથું ટેકવવાને જગ્યા નથી."** (માથ્થી ૮:૨૦ યુ.એલ.ટી.) - શિયાળો તેમના દરમાં અને પક્ષીઓ તેમના માળામાં ઊંઘી જાય છે તે અનુમાનિત જ્ઞાન છે.
  - ઈસુએ તેને કહ્યું, "શિયાળોને <u>રહેવા માટે દર હોય</u>છે, અને આકાશના પક્ષીઓને <u>રહેવા માટે માળા હોય</u>છે, પરંતુ માણસના દીકરાને માથું ટેકવવાને જગ્યા નથી."
- પરંતુ ન્યાયને દિવસે <u>તૂર અને સિદોનને</u> તમારા કરતાં સહેલ પડશે. (માથ્થી ૧૧:૨૨ યુ.એલ.ટી.) તૂર અને સિદોનના લોકો ખૂબ, ખૂબ દુષ્ટ હતા તે અનુમાનિત જ્ઞાન હતું. આ સ્પષ્ટ રીતે કહી શકાય.
  - ... પરંતુ ન્યાયને દિવસે<u>તૂર અને સિદોનના નગરો કરતાં, કે જેના લોકો ખૂબ જ દુષ્ટ હતા</u>, તમારા કરતાં સહેલ પડશે.
- અથવા:
  - ...પરંતુ ન્યાયને દિવસે <u>દુષ્ટ નગરો તૂર અને સિદોનને</u> તમારા કરતાં સહેલ પડશે.
- **શા માટે તમારા શિષ્યો વડીલોની પરંપરાનું ઉલ્લંઘન કરે છે? કેમ <u>તેઓ હાથ ધોયા વિના</u> ખાય છે.** (માથ્થી ૧૫:૨ યુ.એલ.ટી.)- અનુમાનિત જ્ઞાન એ છે કે વડીલોની એક પરંપરાએ હતી કે સમારંભમાં ખાવાની પહેલા શુદ્ધ રહેવા માટે તેઓ પોતાના હાથ ધોતા હતા, કે જે તેઓએ ન્યાયી બનવા માટે કરવું પડતું. તે બીમારીથી દૂર રહેવા માટે હાથના જંતુઓ દૂર કરવા માટે નહિ, જેમ આધુનિક વાચકને લાગે.
  - શા માટે તમારા શિષ્યો વડીલોની પરંપરાનું ઉલ્લંઘન કરે છે? કેમ જ્યારે તેઓ ખાય છે ત્યારે <u>તેઓ ન્યાયીપણાની હાથ ધોવાની ધાર્મિક પરંપરાને કેમ માનતા નથી.</u>.

જો વાચકો ચોક્કસ ગર્ભિત માહિતી ન જાણતા હોવાને કારણે સંદેશ સમજી શકતા ન હોય તો, પછી માહિતી સ્પષ્ટ રીતે જણાવો, પરંતુ તે એવી રીતે પ્રયાસ કરો કે તે એવું પ્રદર્શિત ના કરે કે મૂળભૂત/પ્રથમના વાચકો માટે તે માહિતી નવી હતી.

- **પછી એક શાસ્ત્રીએ તેની પાસે આવીને કહ્યું, "ગુરૂજી, જ્યાં કહી તમે જશો ત્યાં હું તમારી પાછળ આવીશ." ઈસુએ તેને કહ્યું, "શિયાળોને દર હોય છે અને આકાશના પક્ષીઓને માળા હોય છે, પરંતુ માણસના દીકરાને માથું ટેકવવાને જગ્યા નથી."** (માથ્થી ૮:૧૯, ૨૦ યુ.એલ.ટી.) - ઈસુ જાતે માણસના દીકરા છે તે ગર્ભિત માહિતી છે. અન્ય ગર્ભિત માહિતી એ છે કે શાસ્ત્રી ઈસુની પાછળ ચાલવા માંગતો હતો, તો તેણે પણ ઈસુની જેમ ઘર વિના જીવવું પડ્યું હોત.
  - ઈસુએ તેને કહ્યું, "શિયાળોને દર હોય છે, અને આકાશના પક્ષીઓને માળા હોય છે, પરંતુ <u>માણસના દીકરાને</u> આરામને સારું ઘર નથી." જો તું મારી પાછળ ચાલવા માગે છે તો, તું પણ એજ રીતે રહેશે જે રીતે હું રહું છું.

- **તે ન્યાયને દિવસે તૂર અને સિદોનને તમારા કરતાં સહેલ પડશે.** (માથ્થી ૧૧:૨૨ યુ.એલ.ટી.) -તે ગર્ભિત માહિતી એ છે કે ઈશ્વર ફક્ત માણસનો ન્યાય જ નહિ કરશે; તે તેઓને શિક્ષા પણ કરશે. આ સ્પષ્ટ કરી શકાય છે.
    - ન્યાયના દિવસે, ઈશ્વર તૂર અને સિદોનને શિક્ષા કરશે, જે નગરોના લોકો દુષ્ટ હતા, તમને જે શિક્ષા કરે છે તેનાથી થોડી ઓછી
    - ન્યાયના દિવસે, ઈશ્વર તૂર અને સિદોન કરતાં તમને વધુ સખત રીતે શિક્ષા કરશે, જે નગરોના લોકો ખૂબ દુષ્ટ હતા.

બાઈબલમાંના લોકો જે સમજતા હતા અને તે સમયના વાચકો જે સમજતા હતા તે કદાચ આધુનિક વાચકો જાણી ના શકે. તેથી વક્તા અથવા લેખક શું કહે છે, અને જે બાબતો લેખકે ગર્ભિત રાખી છે તે તેમના માટે સમજવું અઘરું બને.મૂળ વક્તા અથવા લેખકે જે જણાવ્યું નથી અથવા જે ગર્ભિત રાખ્યું છે તે અનુવાદકોએ અનુવાદમાં સ્પષ્ટ પણે જણાવવાનું છે.

આગળ અમે તમને ભલામણ કરીએ છીએ:

[[*rc://gu/ta/man/translate/figs-explicitinfo*]]

(**ત્યાં પાછા જાઓ:** પ્રથમજનિત)

# અભિવ્યક્ત અલંકાર

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: અભિવ્યક્ત અલંકાર શબ્દનો અર્થ શું છે?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]

અભિવ્યક્ત અલંકાર (સીનેકડોકે) ત્યારે છે જ્યારે કોઈ વક્તા કોઈ ભાગનો સંદર્ભ આપવા માટે તેમાંના કોઈ એક ભાગનો અથવા સંપૂર્ણ વાતનો ઉલ્લેખ કરે છે.

> **મારો આત્મા** પ્રભુને મોટા માને છે. (લુક ૧:૪૬બ યુ.એલ.ટી.)

પ્રભુ જે કરી રહ્યા છે તે વિષે મરિયમ ખૂબ જ ખુશ હતી, તેથી તેણે કહ્યું “મારો આત્મા,” તેનો અર્થ આંતરિક, તેની અંદરનો લાગણીશીલ ભાગ, જે તેના સંપૂર્ણ વ્યક્તિત્વનો ઉલ્લેખ કરે છે.

> તેથી **ફરોશીઓએ** તેમને કહ્યું, “જુઓ, જે ઉચિત નથી તે તેઓ કેમ કરે છે...?” (માર્ક ૨:૨૪અ યુ.એલ.ટી.)

જે ફરોશીઓ ત્યાં ઊભા હતા તેઓ સર્વએ એક જ સમયે એક સમાન શબ્દો કહ્યા નહોતા. તેને બદલે, એક વ્યક્તિ કે જે તે જૂથનું પ્રતિનિધિત્વ કરે છે તેણે તે શબ્દો કહ્યાં.

## આ અનુવાદની સમસ્યા છે તેના કારણો

- કેટલાક વાચકો તેને અભિવ્યક્ત અલંકાર તરીકે સમજશે નહીં અને તેનો અર્થ શાબ્દિક રીતે કરી, તે વિષે ગેરસમજ કરશે.
- કેટલાક વાચકોને ખ્યાલ આવે છે કે તે શબ્દોને, તેઓએ શબ્દશઃ સમજવાના નથી પરંતુ તેનો અર્થ શું છે તે તેઓ કદાચ જાણતા હોય નહીં.

## બાઈબલમાંથી ઉદાહરણ

> જે સર્વ કાર્યો **મારા હાથોએ** કર્યા હતાં તે પર મેં નજર કરી (સભાશિક્ષક ૨:૧૧અ યુ.એલ.ટી.)

“મારા હાથો” તે સમગ્ર વ્યક્તિ માટેનું અભિવ્યક્ત અલંકાર (સીનેકડોકે)  છે, કારણ કે સ્પષ્ટ રીતે હાથો અને બાકીનું આખું શરીર અને મન પણ વ્યક્તિની સફળતાઓમાં સામેલ હતાં. વ્યક્તિના પ્રતિનિધિ તરીકે હાથોની પસંદગી કરવામાં આવી કેમ કે આ કાર્યમાં સામેલ શરીરના ભાગોમાં હાથો જ ખૂબ પ્રત્યક્ષ રીતે સામેલ હતા.

## અનુવાદની વ્યૂહરચનાઓ

જો અભિવ્યક્ત અલંકાર (સીનેકડોકે) કુદરતી છે અને તે તમારી ભાષામાં યોગ્ય અર્થ આપે છે, તો તેનો ઉપયોગ કરવો ધ્યાનમાં લો. જો નહિ, તો અહીં અન્ય વિકલ્પ છે:

અભિવ્યક્ત અલંકાર (સીનેકડોકે) જેનો ઉલ્લેખ કરે છે તેને ખાસ કરીને લખો.

## અનુવાદની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

અભિવ્યક્ત અલંકાર (સીનેકડોકે) જેનો ઉલ્લેખ કરે છે તેને ખાસ કરીને લખો.

- **”મારો આત્મા** પ્રભુને મોટા માને છે. (લુક ૧:૪૬બ યુ.એલ.ટી.)
    - ”હું પ્રભુને મોટા માનું છું.
- તેથી **ફરોશીઓએ** તેમને કહ્યું (માર્ક ૨:૨૪અ યુ.એલ.ટી.)
    - **ફરોશીઓના એક પ્રતિનિધિએ** તેમને કહ્યું...
- જે સર્વ કાર્યો **મારા હાથોએ** કર્યા હતાં તે પર મેં નજર કરી... (સભાશિક્ષક ૨:૧૧અ યુ.એલ.ટી.) જે સર્વ કાર્યો **મેં** કર્યા હતાં તે પર મેં નજર કરી

આગળ અમે તમને ભલામણ કરીએ છીએ:

[[*rc://gu/ta/man/translate/figs-metonymy*]]
[[*rc://gu/ta/man/translate/bita-part2*]]

(**ત્યાં પાછા જાઓ:** પ્રબોધક, પ્રબોધવાણી, પ્રબોધવાણી કરવી, દ્રષ્ટા, પ્રબોધિકા; અમાલેક, અમાલેકી, અમાલેકીઓ; બાબિલોન, શિનઆર (બાબિલોનીઆ), બાબિલોની, બાબિલોનીઓ; એફ્રાઈમ, એફ્રાઈમી, એફ્રાઈમીઓ; નફતાલી; રોટલી; શિર, શિરો, કપાળ, કપાળો, ટાલિયો, વગરવિચારે અથવા અનાયાસે, ખેસ, દુપટ્ટો, શિરચ્છેદ; જીભ,જીભો; અવાજ, અવાજો)

# અમૂર્ત નામો

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: અમૂર્ત નામો શું છે અને મારા અનુવાદમાં હું તેમની સાથે કેવી રીતે વ્યવહાર કરું?/ અમૂર્ત નામોનો અનુવાદમાં ઉપયોગ કેવી રીતે કરું?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-partsofspeech*]]
[[*rc://gu/ta/man/translate/figs-sentences*]]

અમૂર્ત નામો તે એવા નામો છે જે વલણ, ગુણો, ઘટનાઓ, પરિસ્થિતિઓ, અથવા તો આ વિચારોમાંના સંબંધોનો ઉલ્લેખ કરે છે. આ એવી બાબતો છે જેણે શારીરિક રીતે જોઈ શકતા નથી અથવા તેને સ્પર્શી શકતા નથી, જેમ કે સુખ, વજન, એકતા, મિત્રતા, સ્વાસ્થ્ય અને કારણ. આ એક અનુવાદની સમસ્યા છે કારણ કે કેટલીક ભાષાઓમાં અમૂર્ત નામો સાથે ચોક્કસ વિચાર વ્યક્ત કરી શકાય છે, જ્યારે અન્યને તેને વ્યક્ત કરવાની અલગ રીતની જરૂર છે.

યાદ રાખો કે નામો તે વ્યક્તિ, સ્થળ, વસ્તુ, અથવા વિચારનો ઉલ્લેખ કરે છે. અમૂર્ત નામો તે વિચારોનો ઉલ્લેખ કરે છે. તેમાં વલણ, ગુણો, ઘટનાઓ, પરિસ્થિતિઓ અથવા આ વિચારો વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ હોઈ શકે છે. આ એવી બાબતો છે જેને શારીરિક રીતે જોઈ શકતા નથી અથવા તેને સ્પર્શી શકતા નથી, જેમ કે આનંદ, શાંતિ, રચના, ભલાઈ, સંતોષ, ન્યાય, સત્ય, સ્વતંત્રતા, વેર, ધીમાપણું, લંબાઈ, અને વજન તથા ઘણું બધું.

કેટલીક ભાષાઓ જેવી કે પવિત્ર શાસ્ત્રીય ગ્રીક ભાષામાં અને અંગ્રેજીમાં અમૂર્ત નામોનો ઉપયોગ ખૂબ જ થાય છે. તે એક માર્ગ રજૂ કરે છે જે દ્વારા કાર્યો અને લાક્ષણિકતાઓને નામ આપી શકાય. નામો દ્વારા, લોકો જે આ ભાષાઓ બોલે છે તેઓ ખ્યાલો વિષે વાત કરે શકે છે જાણે કે તે એક વસ્તુ હોય. ઉદાહરણ તરીકે, જે ભાષાઓમાં અમૂર્ત નામોનો ઉપયોગ થાય છે, લોકો કહી શકે કે, "હું પાપની માફીમાં વિશ્વાસ કરું છું." પરંતુ કેટલીક ભાષાઓ વધારે પ્રમાણમાં અમૂર્ત નામનો ઉપયોગ કરતી નથી. આ ભાષાઓમાં, વક્તા પાસે બે અમૂર્ત નામો "માફી" અને "પાપ" ન હોય તો, તે ભાષાઓ બીજી રીતે તેનો અર્થ સમાન રીતે વ્યક્ત કરશે. ઉદાહરણ તરીકે, "હું માનું છું કે લોકોના પાપ કર્યા પછી તેઓને માફ કરવા માટે ઈશ્વરની ઈચ્છા હોવી જોઈએ," નામોને બદલે ક્રિયાપદ સમૂહોનો ઉપયોગ કરીને.

### આ અનુવાદની સમસ્યા છે તેનું કારણ

તમે અનુવાદ કરો છો તે બાઈબલ અમુક વિચારોને વ્યક્ત કરવા માટે અમૂર્ત નામોનો ઉપયોગ કરી શકે છે. તમારી ભાષામાં કદાચ કેટલાક વિચારોને માટે અમૂર્ત નામોનો ઉપયોગ થઈ શકશે નહિ; તેને બદલે, તે વિચારને રજૂ કરવા માટે શબ્દસમૂહનો ઉપયોગ કરશે. તે શબ્દસમૂહો અમૂર્ત નામનો અર્થ વ્યક્ત કરવા માટે વિશેષણો, ક્રિયાપદો અથવા ક્રિયાવિશેષણો જેવા અન્ય પ્રકારના શબ્દોનો ઉપયોગ કરશે. ઉદાહરણ તરીકે "તેનું **વજન** શું છે?"ને "તેનું **વજન કેટલું** થાય છે" અથવા "તે કેટલું **ભારે** છે?" તરીકે રજૂ કરી શકાય.

## બાઈબલમાંના ઉદાહરણો

> ... તું **બાળપણથી** જ પવિત્રશાસ્ત્ર જાણે છે ..._ (૨ તિમોથી ૩:૧૫ યુ.એલ.ટી.)

અમૂર્ત નામ "બાળપણ" તે જ્યારે કોઈ બાળક હોય તેનો ઉલ્લેખ કરે છે.

> પરંતુ **સંતોષસહીતનો ભક્તિભાવ** તે મોટો **લાભ** છે. (૧ તિમોથી ૬:૬ યુ.એલ.ટી.)

અમૂર્ત નામ "ભક્તિભાવ" અને "સંતોષ" તે ભક્તિમય અને સંતોષી હોવાનો ઉલ્લેખ કરે છે. અમૂર્ત નામ "લાભ" તે જ્યારે કોઈના માટે કંઈ ફાયદાકારક અથવા મદદરૂપ હોય, તેનો ઉલ્લેખ કરે છે.

> આજે તારા ઘરે **તારણ** આવ્યું છે, કારણ કે તે પણ ઈબ્રાહીમનો દીકરો છે. (લુક ૧૯:૯ યુ.એલ.ટી.)

અમૂર્ત નામ "તારણ" અહીં બચી જવાનો ઉલ્લેખ કરે છે.

> **વિલંબનો** જેવો અર્થ કેટલાએક કરે છે, તેમ પ્રભુ પોતાના વચન સંબંધી વિલંબ કરતાં નથી. (૨ પિતર ૩:૯ યુ.એલ.ટી.)

અમૂર્ત નામ "વિલંબ" તે જ્યારે કાંઇક કરવામાં આવે ત્યારે તેમાં ઝડપી ગતીની ગેરહાજરીનો ઉલ્લેખ કરે છે.

> તે અંધકારમાં રહેલી ગુપ્ત વાતોને જાહેરમાં લાવશે અને હૃદયના **હેતુઓને** પ્રગટ કરશે. (૧ કરીંથી ૪:૫ યુ.એલ.ટી.)

અમૂર્ત નામ "હેતુઓ" તે લોકો જે વસ્તુઓ કરવા માગે છે અને ક્યા કારણોસર તેઓ તે કરવા માગે છે તેનો ઉલ્લેખ કરે છે.

## અનુવાદની વ્યૂહરચનાઓ

જો અમૂર્ત નામ કુદરતી છે અને તમારી ભાષામાં યોગ્ય અર્થ આપે છે, તો તેનો ઉપયોગ કરવાનું ધ્યાનમાં લો. જો નહિ તો, અહિયા અન્ય વિકલ્પ છે:

(૧.) અમૂર્ત નામના અર્થને વ્યક્ત કરતા એક શબ્દસમૂહ સાથે શબ્દોને ફરીથી ગોઠવી વાક્યની પૂર્તિ કરો. નામને બદલે, નવી શબ્દરચના ક્રિયાપદ, ક્રિયાવિશેષણ અથવા વિશેષણનો ઉપયોગ, અમૂર્ત નામના વિચારને વ્યક્ત કરવા કરશે.

## અનુવાદ વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

(૧.) અમૂર્ત નામના અર્થને વ્યક્ત કરતી એક શબ્દસમૂહ સાથે શબ્દોને ફરીથી ગોઠવી વાક્યની પૂર્તિ કરો. નામને બદલે, નવી શબ્દરચના ક્રિયાપદ, ક્રિયાવિશેષણ અથવા વિશેષણનો ઉપયોગ, અમૂર્ત નામના વિચારને વ્યક્ત કરવા કરશે. વૈકલ્પિક ભાષાંતર શાસ્ત્ર ઉદાહરણોની નીચે દર્શાવાયેલ છે.

- ...તું **બાળપણ થી** જ પવિત્રશાસ્ત્ર જાણે છે... (૨ તિમોથી ૩:૧૫ યુ.એલ.ટી.)
  જ્યારથી **તું બાળક હતો** ત્યારથી તું પવિત્રશાસ્ત્રને જાણે છે.
- **પરંતુ સંતોષ**સહીતનો **ભક્તિભાવ તે** મોટો **લાભ છે.** (૧ તિમોથી ૬:૬ યુ.એલ.ટી.)
  પરંતુ **ભક્તિભાવ રાખવો** અને **સંતોષી** રહેવું તે વધુ **લાભકારક** છે. પરંતુ જ્યારે આપણે **ભક્તિમય** અને **સંતોષી** હોઈએ છીએ ત્યારે આપણે ખૂબ રીતે લાભ પામીએ છીએ. પરંતુ જ્યારે આપણે **ઈશ્વરને માન આપીએ અને આજ્ઞા માનીએ** અને જ્યારે **આપણી પાસે જે કંઈ છે તેનાથી ખુશ રહીએ છીએ ત્યારે** આપણેને મોટો **લાભ** થાય છે **.**
- આજે તારા ઘરે **તારણ** આવ્યું છે, કારણ કે તે પણ ઈબ્રાહીમનો દીકરો છે. (લુક ૧૯:૯ યુ.એલ.ટી.)

  આજે આ ઘરના લોકોનો **બચાવ થયો છે**... આજે ઈશ્વરે આ ઘરના લોકોને **બચાવ્યા** છે...
- **વિલંબનો** જેવો અર્થ કેટલાએક કરે છે, તેમ પ્રભુ પોતાના વચન સંબંધી વિલંબ કરતાં નથી. (૨ પિતર ૩:૯ યુ.એલ.ટી.)

  **ધીમી ગતિએ વધવું**નો જેવો અર્થ કેટલાએક કરે છે, તેમ પ્રભુ પોતાના વચન સંબંધી વિલંબ કરતાં નથી.
- તે અંધકારમાં રહેલી ગુપ્ત વાતોને જાહેરમાં લાવશે અને હૃદયના **હેતુઓને** પ્રગટ કરશે. (૧ કરીંથી ૪:૫ યુ.એલ.ટી.)

  તે અંધકારમાં રહેલી ગુપ્ત વાતોને જાહેરમાં લાવશે અને **લોકો જે કરવા માગે છે અને કયા કારણથી કરવા માગે છે** તેને પ્રગટ કરશે.

(**ત્યાં પાછા જાઓ:** વિશ્વાસ/શ્રદ્ધા; ન્યાયી, ન્યાય, અન્યાયી, અન્યાય, યોગ્ય ઠરાવવું, ન્યાયી ઠરાવવું)

# ઉપનામ

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: ઉપનામ શું છે?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]

**ઉપનામ** તે બોલીનો પ્રકાર છે જેમાં કોઈ વસ્તુ અથવા વિચારનો ઉલ્લેખ તેના પોતાના નામથી નહિ, પરંતુ તેની સાથે નજીકથી સંકળાયેલ કોઈ નામથી થાય છે. **ઉપનામ** તે એક શબ્દ અથવા શબ્દસમૂહ છે જે તેની સાથે જે સંકળાયેલું છે તેની અવેજી તરીકે તેનો ઉપયોગ થાય છે.

> અને તેમના પુત્ર ઈસુનું **રક્ત** આપણને સર્વ પાપથી શુદ્ધ કરે છે. (૧ યોહાન ૧:૭ યુ.એલ.ટી.)

રક્ત તે તો ખ્રિસ્તના મૃત્યુનું પ્રતિનિધિત્વ કરે છે.

> તે જ પ્રમાણે રાત્રી ભોજન કર્યા પછી તેમણે **પ્યાલો** લઈને કહ્યું, **આ પ્યાલો** તમારે માટે વહેવડાવેલા મારા રક્તમાંનો નવો કરાર છે. (લુક ૨૨:૨૦ યુ.એલ.ટી.)

પ્યાલો તે તો તે પ્યાલામાં રહેલ દ્રાક્ષાસવનું પ્રતિનિધિત્વ કરે છે.

### ઉપનામનો ઉપયોગ થઈ શકે છે

- કંઈક ઉલ્લેખ કરવા માટેનકી ટૂંકી રીત તરીકે
- તેની સાથે સંકળાયેલ ભૌતિક વસ્તુના નામ સાથે તેનો ઉલ્લેખ કરીને અર્થપૂર્ણ વિચાર વધુ સચોટ બનાવવા માટે

## આ અનુવાદની સમસ્યાનું કારણ

બાઈબલ ઉપનામનો ઉપયોગ ઘણીવાર કરે છે. કેટલીક ભાષાઓના વક્તાઓને ઉપનામનો ઉપયોગ કરવાનું ફાવતું હોતું નથી અને જ્યારે તેઓ બાઈબલ વાંચે ત્યારે તેને કદાચ ઓળખી શકતા નથી. જો તેઓ ઉપનામને ઓળખી શકતા નથી તો, તેઓ તે ભાગને સમજી શકશે નહિ અથવા, હજુ તેનાથી ખરાબ, તેઓ તે ભાગની ખોટી સમજ કેળવી શકે છે. જ્યારે પણ ઉપનામનો ઉપયોગ થયો હોય, લોકોએ તેને સમજવાની જરૂર છે કે તે ઉપનામ શેનું પ્રતિનિધિત્વ કરે છે.

## બાઈબલમાંના ઉદાહરણો

> પ્રભુ પરમેશ્વર તેને તેના પિતા દાઉદનું **રાજ્યાસન** આપશે. (લુક ૧:૩૨ યુ.એલ.ટી.)

રાજ્યાસન તે રાજાની સત્તાનું પ્રતિનિધિત્વ કરે છે. "રાજ્યાસન" તે "રાજકીય સત્તા," "રાજાશાહી," અથવા "શાસન" માટે એક ઉપનામ છે. આનો અર્થ એ છે કે ઈશ્વર તેને રાજા બનાવશે, જે રાજા દાઉદના ક્રમમાં (વંશાવળીમાં) હશે.

> તરત તેનું **મુખ** ઊઘડી ગયું (લુક ૧:૬૪ યુ.એલ.ટી.)

મુખ છે જે બોલવાના સામર્થ્યનું પ્રતિનિધિત્વ કરે છે. તેનો મતલબ કે તે ફરીથી બોલવા સક્ષમ છે.

> ... આવનાર **ક્રોધથી** નાસવાને તમને કોણે ચેતવ્યા? (લુક ૩:૭ યુ.એલ.ટી.)

"ક્રોધ" અથવા "ગુસ્સો" તે શબ્દ "સજા" માટેનું ઉપનામ છે. ઈશ્વર તેમના લોકો પર અત્યંત ગુસ્સે હતા, અને પરિણામે, તેઓ તેમને સજા કરશે.

## અનુવાદ વ્યૂહરચનાઓ

જો લોકો ઉપનામ સહેલાઈથી સમજી શકતા હોય તો, તેનો ઉપયોગ કરવો ધ્યાનમાં લો. નહીંતર, અહીં કેટલાક વિકલ્પો છે.

તે નામ જે વસ્તુને રજૂ કરે છે તેની સાથે ઉપનામ નો ઉપયોગ કરો. ૨. ઉપનામ જેનું પ્રતિનિધિત્વ કરે છે તે વસ્તુના ફક્ત નામનો ઉપયોગ કરો.

## અનુવાદની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

૧. તે નામ જે વસ્તુને રજૂ કરે છે તેની સાથે ઉપનામ નો ઉપયોગ કરો.

- તે જ પ્રમાણે રાત્રી ભોજન કર્યા પછી તેમણે **પ્યાલો** લઈને કહ્યું, **આ પ્યાલો** તમારે માટે વહેવડાવેલા મારા રક્તમાંનો નવો કરાર છે. (લુક ૨૨:૨૦ યુ.એલ.ટી.)
- "તે જ પ્રમાણે રાત્રી ભોજન કર્યા પછી તેમણે **પ્યાલો** લઈને કહ્યું, **આ પ્યાલામાંનો દ્રાક્ષાસવ** તમારે માટે વહેવડાવેલા મારા રક્તમાંનો નવો કરાર છે."

ઉપનામ જેનું પ્રતિનિધિત્વ કરે છે તે વસ્તુના નામનો ઉપયોગ કરો.

- પ્રભુ પરમેશ્વર તેને તેના પિતા દાઉદનું **રાજ્યાસન** આપશે. (લુક ૧:૩૨બ યુ.એલ.ટી.)
- "પ્રભુ પરમેશ્વર તેને તેના પિતા દાઉદના **રાજ્યની સત્તા** આપશે."
- "પ્રભુ પરમેશ્વર તેને તેના પિતા દાઉદની જેમ **રાજા બનાવશે**."
- આવનાર **ક્રોધથી** નાસવાને તમને કોણે ચેતવ્યા? (લુક ૩:૭બ યુ.એલ.ટી.)
- "ઈશ્વરની આવનાર **સજાથી** નાસવાને તમને કોણે ચેતવ્યા?"

થોડા સામાન્ય ઉપનામો વિષે શિખવા માટે, જુઓ બાઈબલમાંની છબીઓ - સામાન્ય ઉપનામો.

(**ત્યાં પાછા જાઓ:** ઈશ્વરનું રાજ્ય, સ્વર્ગનું રાજ્ય; નામ, નામો, નામ પાડ્યું; સિયોન, સિયોન પર્વત; પૃથ્વી, માટીનું, ધરતીનું; હાથ, હાથો, સોપી દીધું, સોંપવું, ના હાથ દ્વારા, ઉપર હાથ મૂકે, તેના હાથ ઉપર મૂકે છે, જમણો હાથ, જમણા હાથો, (તે)ના હાથોથી; આનંદ, આનંદીત, આનંદપૂર્વક, આનંદદાયક, આનંદ કરે છે, આનંદ કર્યો, આનંદ લઈ રહ્યો છે, મોજમજા, ખુશ થવું, ખુશ થાય છે, હર્ષમાં આવી જવું, હર્ષઘેલું; સિંહાસન, તાજ, સિંહાસને બેસાડ્યો; જીભ,જીભો)

# નામમાત્રનાં વિશેષણો

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: વિશેષણો જે સંજ્ઞાઓ જેવા કાર્ય કરે છે તેનો અનુવાદ હું કેવી રીતે કરી શકું?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-partsofspeech*]]

કેટલીક ભાષાઓમાં વિશેષણ તે વસ્તુઓના વર્ગનો ઉલ્લેખ કરવા માટે વાપરી શકાય છે કે જેનું વર્ણન વિશેષણ કરે છે. જ્યારે તે કરે છે, તે નામ જેવા કાર્ય કરે છે. ઉદાહરણ તરીકે, “શ્રીમંત” શબ્દ વિશેષણ છે. અહીંયા બે વાક્યો છે કે જે બતાવે છે કે “શ્રીમંત” તે વિશેષણ છે.

> … શ્રીમંત વ્યક્તિની પાસે પુષ્કળ ઘેટાં તથા ઢોરઢાંક હતાં… (૨ શમૂએલ ૧૨:૨ ULB)

વિશેષણ “શ્રીમંત” તે “વ્યક્તિ” ના નામની અગાઉ આવે છે અને તે “વ્યક્તિ”નું વર્ણન કરે છે.

> તે શ્રીમંત થશે નહિ; તેની સંપત્તિ ટકશે નહિ… (અયૂબ ૧૫:૨૯ ULB)

વિશેષણ “શ્રીમંત” તે ક્રિયાપદ “થશે” પછી આવે છે અને “તે” નું વર્ણન કરે છે.

અહિયા એક વાક્ય છે જે બતાવે છે કે “શ્રીમંત” તે નામ તરીકે પણ કાર્ય કરી શકે છે.

> …શ્રીમંત અડધા શેકેલ કરતાં વધુ ન આપે, અને <દરિદ્રી તેથી ઓછું ન આપે. (નિર્ગમન ૩૦:૧૫ ULB)

નિર્ગમન ૩૦:૧૫માં, “શ્રીમંત” શબ્દ “શ્રીમંત” ભાગમાં નામની રીતે કાર્ય કરે છે, અને તે શ્રીમંત લોકોનો ઉલ્લેખ કરે છે. “દરિદ્રી” શબ્દ પણ નામની રીતે કાર્ય કરે છે અને દરિદ્રી લોકોનો ઉલ્લેખ કરે છે.

## આ અનુવાદની સમસ્યા છે તેનું કારણ

- બાઈબલમાં ઘણીવાર વિશેષણનો ઉપયોગ એક જૂથના લોકોનું વર્ણન કરવા માટે નામ તરીકે ઉપયોગ થાય છે.
- કેટલીક ભાષાઓમાં વિશેષણનો આ રીતે ઉપયોગ નથી કરતી.
- આ ભાષાઓના વાચકો એમ વિચારી શકે કે લખાણ તે વિશેષ રીતે એક વ્યક્તિ વિષે વાત કરી રહ્યું છે જ્યારે તે કોઈ જૂથના લોકો વિષે વાત કરતાં હોય છે જેનું વર્ણન વિશેષણ કરે છે.

## બાઈબલમાંના ઉદાહરણો

> દુષ્ટતાનો રાજદંડ ન્યાયીઓની ભૂમિમાં રાજ કરશે નહિ. (ગીતશાસ્ત્ર ૧૨૫:૩ ULB)

અહીં “ન્યાયી” તે બધા લોકો છે જેઓ ન્યાયી છે, કોઈ ખાસ એક ન્યાયી વ્યક્તિ નહિ.

> જેઓ નમ્ર છે તેઓને ધન્ય છે (માથ્થી ૫:૫ ULB)

અહીં “નમ્ર” તે બધા લોકો છે જેઓ નમ્ર છે, કોઈ ખાસ એક વ્યક્તિ નથી.

## અનુવાદ વ્યૂહરચનાઓ

જો તમારી ભાષામાં કોઈ લોકોના વર્ગનો ઉલ્લેખ કરવા માટે વિશેષણનો ઉપયોગ નામ તરીકે થતો હોય તો, વિશેષણનો ઉપયોગ આ રીતે કરો. જો તે વિચિત્ર લાગતું હોય તો, અથવા જો તેનો અર્થ અસ્પષ્ટ કે ખોટો હોય, અહીં અન્ય વિકાપ છે:

વિશેષણ બહુવચનના સ્વરૂપનો ઉપયોગ તે નામની સાથે કરો જેણે વિશેષણ વર્ણવે છે.

## અનુવાદની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

વિશેષણ બહુવચનના સ્વરૂપનો ઉપયોગ તે નામની સાથે કરો જેણે વિશેષણ વર્ણવે છે.

- **દુષ્ટતાનો રાજદંડ ન્યાયીઓની ભૂમિમાં રાજ કરશે નહિ.** (ગીતશાસ્ત્ર ૧૨૫:૩ ULB)
  - દુષ્ટતાનો રાજદંડ ન્યાયી લોકોની ભૂમિમાં રાજ કરશે નહિ.

- **જેઓ <u>નમ્ર</u> છે તેઓને ધન્ય છે...** (માથ્થી ૫:૫ ULB)
    - જેઓ <u>લોકો નમ્ર છે</u> તેઓને ધન્ય છે ...

(**ત્યાં પાછા જાઓ:** ઈશ્વરપરાયણ/ઈશ્વરીય, ધર્મનિષ્ઠા/ઈશ્વરપરાયણતા, અધર્મી, નાસ્તિક, નાસ્તિકતા/અનાસ્થા; મરી જવું, મૃત્યુ પામે છે, મૃત્યુ પામેલ, મૃત, ઘાતક, મૃત હાલત, મરણ, મરણો, જીવલેણ)

# નામોનો અનુવાદ કેવી રીતે કરવો

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: જે મારી સંસ્કૃતિ માટે નવા છે તે નામોનો હું કેવી રીતે અનુવાદ કરી શકું?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/translate-unknown*]]

બાઈબલ ઘણા લોકોના, લોકજૂથોના અને સ્થળોના નામોનો સમાવેશ કરે છે. તેમાંના કેટલાક નામ વિચિત્ર જેવા લાગે છે અને બોલવા માટે પણ અઘરા છે. કેટલીકવાર વાચકો જાણતા હોતા નથી કે તે નામ શાનો ઉલ્લેખ કરે છે, અને કેટલીકવાર નામનો શું અર્થ થાય છે તે જાણવું વાચકો માટે જરૂરી હોય છે. આ પૃષ્ઠ તમને એ જોવામાં મદદ કરશે કે કેવી રીતે આ નામોનો અનુવાદ કરી શકાય અને લોકોએ આ નામો વિષે જે જાણવું જોઈએ તે જાણવા માટે તમે તેઓને કેવી રીતે મદદરૂપ થઇ શકો.

## નામોનો અર્થ

બાઈબલમાંના મોટાભાગના નામોમાં અર્થ રહેલો છે. મોટાભાગના સમયે, સામાન્ય રીતે બાઇબલમાંના નામોનો ઉલ્લેખ લોકોની ઓળખને માટે અને તેઓ જે સ્થળોમાં રહે છે તેના સંદર્ભમાં કરવામાં આવ્યો છે. પરંતુ કેટલીકવાર નામના અર્થનું ખાસ મહત્વ રહેલું છે.

> આ **મેલ્ખીસેદેક**,શાલેમનો રાજા, ને પરાત્પર દેવનો યાજક હતો, એણે જ્યારે ઇબ્રાહિમ રાજાઓની કતલ કરીને પાછો આવ્યો, ત્યારે તેને મળીને તેને આશીર્વાદ આપ્યો. (હિબ્રુ ૭:૧ યુ.એલ.ટી.)

અહીં લેખક “મેલ્ખીસેદેક” ના નામનો પ્રાથમિક રીતે ઉપયોગ કરે છે જેનું તે નામ હતું, અને “શાલેમનો રાજા” એ નામ આપણને જણાવે છે કે તે કેટલાક શહેર પર રાજ કરતો હતો.

> તેના નામ “મેલ્ખીસેદેક” નો પહેલો અર્થ તો “ન્યાયીપણાનો રાજા”, અને પછી "શાલેમનો રાજા", એટલે “શાંતિનો રાજા છે.” (હિબ્રુ ૭:૨ યુ.એલ.ટી.)
> અહીં લેખક મેલ્ખીસેદેકના નામ અને હોદ્દાનો અર્થ સમજાવે છે, કારણ કે આ અર્થો આપણને મેલ્ખીસેદેક વિષે વધુ જણાવે છે. બીજા સમયોમાં, લેખક નામના અર્થને સમજાવતો નથી કારણ કે તે અપેક્ષા રાખે છે કે હવે વાચક તેનો અર્થ જાણે છે. જો ફકરાને સમજવા માટે નામનો અર્થ જાણવો તે મહત્વનું હોય તો, તમે લખાણમાં કે પાદનોંધમાં અર્થનો સમાવેશ કરી શકો છો.

## કારણ કે આ અનુવાદનો મુદ્દો છે

*વાચકો બાઈબલના કેટલાક નામોને જાણતા નહિ હોય. તેઓ કદાચ જાણતા ન હોય કે તે નામ કોઈ વ્યક્તિ, કે સ્થળ કે બીજી કોઈક બાબતનો ઉલ્લેખ કરે છે. *ફકરાને સમજવા માટે વાચકે તે નામના અર્થને સમજવાની જરૂર છે. *કેટલાક નામનો ધ્વનિ અલગ હોઈ શકે છે કે તેઓનું ધ્વનિ સંયોજન અલગ હોઈ શકે છે કે જે તેમની ભાષામાં ઉપયોગમાં લેવામાં આવતું ન હોય કે તેમની ભાષામાં તેને કહેવું તે સારું લાગતું ન હોય. આ મુદ્દાના નિરાકરણ લાવવા માટેની વ્યૂહરચના, જુઓ ઉછીના શબ્દો. *બાઈબલમાં કેટલાક સ્થળો અને લોકોના બે નામ છે. વાચકો કદાચ સમજી ન શકે કે તે બે નામો એક જ વ્યક્તિ અને એક જ સ્થળનો ઉલ્લેખ કરે છે.

## બાઈબલના ઉદાહરણો

> તમે **યર્દન ઊતરી** અને **યરીખો** આવ્યા. યરીખોના આગેવાનોએ, **અમોરીઓની** સાથે મળીને તમારી સાથે યુદ્ધ કર્યું, પરંતુ મેં તેઓને તમારા હાથમાં સોંપી દીધા. (યહોશુઆ ૨૪:૧૧ યુ.એલ.ટી.)

વાચકો કદાચ જાણતા ન હોય કે “યર્દન” એ નદીનું નામ છે, “યરીખો” એ શહેરનું નામ છે, અને “અમોરીઓ” એ લોકજૂથનું નામ છે.

> તેણે કહ્યું, “ જે મને દેખે છે તેના પર અહીં મારી દ્રષ્ટિ પડી શું?” એ માટે તે ઝરાનું નામ, **બેર-લાહાય-રોઈ** પડ્યું; (ઉત્પત્તિ ૧૬:૧૩-૧૪ યુ.એલ.ટી.) બેર-લાહાય-રોઈ એટલે કે “જે જીવંત મને જુએ છે તેનો ઝરો” એવું જો વાચકો જાણતા ન હોય તો કદાચ બીજા વાક્યને સમજી શકે નહીં.
>
> તેણે તેનું નામ **મૂસા** પાડ્યું અને કહ્યું, “મેં તેને પાણીમાંથી તાણી કાઢ્યો છે.” (નિર્ગમન ૨:૧૦બ યુ.એલ.ટી.) “ખેંચી કાઢેલો” એવો મૂસાનો હિબ્રુ અર્થ જાણતા ન હોય તો વાચકો કદાચ તે સમજી શકે નહીં કે શા માટે તેણે આ પ્રમાણે કહ્યું.
>
> **શાઉલ** તેના મરણમાં સંમત હતો (પ્રે.કૃ. ૮:૧અ યુ.એલ.ટી.)
>
> > ઇકોનીયામાં **પાઉલ** અને બાર્નાબાસ બંનેએ તેમ સાંભળ્યું, ત્યારે તેઓએ તેમના કપડાં ફાડયા. (પ્રે.કૃ. ૧૪:૧૪અ યુ.એલ.ટી.)

> વાચકો કદાચ જાણતા ન હોય કે શાઉલ અને પાઉલ એક જ વ્યક્તિના નામ છે.

## અનુવાદની વ્યૂહરચના

જો વાચકો સંદર્ભમાંથી સમજી ન શકે કે 'નામ' ક્યાં પ્રકારની બાબતનો ઉલ્લેખ કરે છે તો, તમે તેને સ્પષ્ટ કરવા માટે એક શબ્દ ઉમેરી શકો છો.

અર્થને જે પ્રમાણે કહેવામાં આવ્યો છે તે પ્રમાણે સમજવા માટે જો વાચકને જરૂરી લાગે તો, નામની નકલ કરો અને તેના અર્થને લખાણમાં કે પાદનોંધમાં જણાવો.

અથવા અર્થને જે પ્રમાણે કહેવામાં આવ્યો છે તે પ્રમાણે સમજવા માટે વાચકને જરૂરી લાગે, અને તે નામનો માત્ર એક જ વાર ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો, તે નામની નકલ કરવાને બદલે તેના અર્થનો અનુવાદ કરો.

જો વ્યક્તિ કે સ્થળના બે અલગ નામ હોય તો, મોટાભાગના સમયે એક નામનો ઉપયોગ કરો અને અન્ય સમયે ત્યારે ઉપયોગ કરો જ્યારે લખાણ તે વ્યક્તિ કે સ્થળના અન્ય નામો સંબંધી જણાવતું હોય અથવા વ્યક્તિ કે સ્થળને તે નામ શા માટે આપવામાં આવ્યું છે એવું જણાવવામાં આવ્યું હોય ત્યારે અન્ય નામનો ઉપયોગ કરો. સ્રોત લખાણ દ્વારા ઓછી માત્રામાં ઉપયોગમાં લેવામાં આવ્યા હોય તેવા નામને પાદનોંધમાં લખો.

અથવા જો વ્યક્તિ કે સ્થળના બે અલગ નામ હોય તો, પછી સ્રોત લખાણમાં જે નામ આપવામાં આવ્યું હોય તેનો ઉપયોગ કરો, અને અન્ય નામ જણાવવા માટે પાદનોંધનો ઉપયોગ કરો.

## અનુવાદની વ્યૂહરચના લાગુ કરી હોય તેવા ઉદાહરણો

જો વાચકો સંદર્ભમાંથી સરળતાથી સમજી ન શકે કે નામ કઈ બાબતનો ઉલ્લેખ કરે છે તો, તમે તેને સ્પષ્ટ કરવા માટે એક શબ્દનો ઉમેરો કરી શકો છો.

- **તમે <u>યર્દન</u>પાર ઉતરી અને<u>યરીખો</u>આવ્યા. યરીખોમાંના આગેવાનોએ <u>અમોરીઓની</u>**સાથે તમારી સામે યુદ્ધ કર્યું. (યહોશુઆ ૨૪:૧૧ યુ.એલ.ટી.) * તમે <u>યર્દન નદી</u>પાર ઉતરી અને<u>યરીખો શહેર</u>આવ્યા. યરીખોમાંના આગેવાનોએ <u>અમોરીઓની પ્રજા</u> સાથે તમારી સામે યુદ્ધ કર્યું. પરંતુ મેં તેઓને તમારા હાથમાં સોંપી દીધા. (યહોશુઆ ૨૪:૧૧ યુ.એલ.ટી.)
- **તે જ ઘડીએ, કેટલાક ફરોશીઓએ આવીને તેને કહ્યું, "અહીંથી નીકળી જા કારણ કે <u>હેરોદ</u>તને મારી નાખવા ચાહે છે."** (લુક ૧૩:૩૧ યુ.એલ.ટી.) * તે જ ઘડીએ, કેટલાક ફરોશીઓએ આવીને તેને કહ્યું, "અહીંથી નીકળી જા કારણ કે <u>હેરોદ રાજા</u>તને મારી નાખવા ચાહે છે.

અર્થને જે પ્રમાણે કહેવામાં આવ્યો છે તે પ્રમાણે સમજવા માટે જો વાચકને જરૂરી લાગે તો, નામની નકલ કરો અને તેના અર્થને લખાણમાં કે પાદનોંધમાં જણાવો.

- **તેણે તેનું નામ<u>મૂસા</u>પાડ્યું અને કહ્યું, "મેં તેને પાણીમાંથી તાણી કાઢ્યો છે."** (નિર્ગમન ૨:૧૧ યુ.એલ.ટી.) *તેણે તેનું નામ<u>મૂસા પાડ્યું, જેનો અર્થ 'તાણી કાઢેલો' એવો થાય છે,</u>અને કહ્યું, "મેં તેને પાણીમાંથી તાણી કાઢ્યો છે."

અથવા અર્થને જે પ્રમાણે કહેવામાં આવ્યો છે તે પ્રમાણે સમજવા માટે વાચકને જરૂરી લાગે, અને તે નામનો માત્ર એક જ વાર ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો, તે નામની નકલ કરવાને બદલે તેના અર્થનો અનુવાદ કરો.

- **...તેણે કહ્યું, " જે મને દેખે છે તેના પર અહીં મારી દ્રષ્ટિ પડી શું?" એ માટે તે ઝરાનું નામ,<u>બેર-લાહાય-રોઈ</u>પડ્યું;**(ઉત્પત્તિ ૧૬:૧૩બ-૧૪અ યુ.એલ.ટી.) *...તેણે કહ્યું, " જે મને દેખે છે તેના પર અહીં મારી દ્રષ્ટિ પડી શું?" એ માટે તે ઝરાનું નામ,<u>"જે જીવંત મને જુએ છે તેનો ઝરો</u>"પડ્યું;

જો વ્યક્તિ કે સ્થળના બે અલગ નામ હોય તો, મોટાભાગના સમયે એક નામનો ઉપયોગ કરો અને અન્ય સમયે ત્યારે ઉપયોગ કરો જ્યારે લખાણ તે વ્યક્તિ કે સ્થળના અન્ય નામો સંબંધી જણાવતું હોય અથવા વ્યક્તિ કે સ્થળને તે નામ શા માટે આપવામાં આવ્યું છે એવું જણાવવામાં આવ્યું હોય ત્યારે અન્ય નામનો ઉપયોગ કરો. સ્રોત લખાણ દ્વારા ઓછી માત્રામાં ઉપયોગમાં લેવામાં આવ્યા હોય તેવા નામને પાદનોંધમાં લખો. ઉદાહરણ તરીકે, પ્રેરિતોના કૃત્યો ૧૩ની અગાઉ અને પ્રેરિતોના કૃત્યો ૧૩ની પછી પાઉલને "શાઉલ" કહેવામાં આવે છે. પ્રેરિતોના કૃત્યો ૧૩:૯ સિવાય દરેક વખતે તમે તેના નામનો "પાઉલ" તરીકે અનુવાદ કરી શકો છો જ્યાં તેના બંને નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

- **...શાઉલ** નામે એક જુવાન (પ્રે.કૃ ૭:૫૮ યુ.એલ.ટી.)
  *...**પાઉલ**૧નામે એક જુવાન
  *પાદનોંધ આ પ્રમાણેની દેખાશે:
  *[૧]મોટાભાગની આવૃત્તિ અહીં શાઉલ લખે છે, પરંતુ બાઈબલમાં મોટાભાગના સમયે તેને પાઉલ કહેવામાં આવે છે.

- પરંતુ **શાઉલ**, જેને **પાઉલ** પણ કહેવામાં આવે છે, તે પવિત્ર આત્માથી ભરપૂર હતો; (પ્રે.કૃ. ૧૩:૯) *પરંતુ **શાઉલ**, જેને **પાઉલ** પણ કહેવામાં આવે છે, તે પવિત્ર આત્માથી ભરપૂર હતો;

અથવા વ્યક્તિ કે સ્થળના બે નામ હોય તો, સ્રોત લખાણમાં વાપરવામાં આવેલા નામનો ઉપયોગ કરો, અને અન્ય નામને પાદનોંધમાં ઉમેરો. ઉદાહરણ તરીકે, જ્યાં સ્રોત લખાણમાં “શાઉલ” હોય ત્યાં “પાઉલ” અને જ્યાં “પાઉલ” હોય ત્યાં “શાઉલ” લખી શકો.

- **શાઉલ** નામનો એક જુવાન માણસ (પ્રે.કૃ. ૭:૫૮ યુ.એલ.ટી.) **શાઉલ** નામનો એક જુવાન માણસ *પાદનોંધ આ પ્રમાણે દેખાશે: *[૧]પ્રેરિતોના કૃત્યો ૧૩ની શરૂઆતમાં જેને પાઉલ કહેવામાં આવ્યો છે આ તે જ વ્યક્તિ છે.
- **પરંતુ શાઉલ,** જેને **પાઉલ** પણ કહેવામાં આવે છે, તે પવિત્ર આત્માથી ભરપૂર હતો; (પ્રે.કૃ. ૧૩:૯)

    - પરંતુ **શાઉલ**,જેને **પાઉલ** પણ કહેવામાં આવે છે, તે પવિત્ર આત્માથી ભરપૂર હતો;

- ઇકોનીયામાં **પાઉલ** અને બાર્નાબાસ બંને યહૂદીઓના સભાસ્થાનમાં ગયા (પ્રે.કૃ.૧૪:૧ યુ.એલ.ટી.) >ઇકોનીયામાં **પાઉલ**૧,/sup>અને બાર્નાબાસ બંને યહૂદીઓના સભાસ્થાનમાં ગયા
  *પાદનોંધ આ પ્રમાણે દેખાશે: *[૧]પ્રેરિતોના કૃત્યો ૧૩ પહેલા આ માણસને શાઉલ કહેવામાં આવતો હતો.

આગળ અમે તમને ભલામણ કરીએ છીએ:

[[*rc://gu/ta/man/translate/translate-transliterate*]]

(**ત્યાં પાછા જાઓ:** સર્વશક્તિમાન; ખ્રિસ્ત, મસીહ; અવિશ્વાસુ (વિશ્વાસવિહીન), બેવફાઈ; ઈશ્વર; ઈશ્વરપિતા, સ્વર્ગીય પિતા, પિતા; હિબ્રૂ, હિબ્રુઓ; ઈસુ, ઈસુ ખ્રિસ્ત, ખ્રિસ્ત ઈસુ; પ્રભુ યહોવા, યહોવા દેવ; નાજીરી, નાજીરીઓ, નાજીરવ્રત; પેન્ટીકોસ્ટ, પચાસમાંનું પર્વ, સપ્તાહોનું પર્વ; શેતાન, શેતાન, દુષ્ટ; ઈશ્વરનો દીકરો, દીકરો; યહોવાહ; હારુન; હાબેલ; અબિયા; અબીમેલેખ; આબ્નેર; ઈબ્રાહિમ, ઈબ્રામ; આબ્શાલોમ; આદમ; અદોનિયા; આહાબ; અહાશ્વેરોશ; આહાઝ; અહાઝ્યા; અહિયા; આય; અમાલેક, અમાલેકી, અમાલેકીઓ; અમાસ્યા; આમ્મોન,આમ્મોની ,આમ્મોનીઓ; આમોસ; આમોસ/આમોઝ; આન્દ્રિયા; અન્નાસ; અંત્યોખ; અપોલસ; અકુલાસ; અરાબાહ; અરબસ્તાન, અરબસ્તાની,અરબસ્તાનીઓ; અરામ, અરામી, અરામીઓ, અરામીક; અરારાટ; આર્તાહશાસ્તા; આસા; આસાફ; આશ્દોદ, આઝોતસ; આશેર; આશ્કેલોન; આશિયા; અથાલ્યા; અઝાર્યા; બઆલ; બાઅશા; બાબિલ; બલામ; બરાબ્બાસ; બાર્નાબાસ; બર્થોલ્મી; બારૂખ; બાશાન; બાથ-શેબા; બાલઝબૂલ; બેરશેબા; બિન્યામીન, બિન્યામીની, બિન્યામીનીઓ; બૈરીયા; બેથનિયા; બેથેલ; બેથ-શેમેશ; બથુએલ; બોઆઝ; કૈસર; કૈસરિયા, કૈસરિયા ફિલિપ્પી; કાયાફા; કાઈન; કાલેબ; કનાન, કનાની, કનાનીઓ; કફર-નહૂમ; કાર્મેલ, કાર્મેલ પહાડ; કાસ્દી,ખાલદીઆ, ખાલ્દીઓ (કાસ્દીઓ); કરેથીઓ; કિલીકિયા; દાઉદનું નગર; કલોસ્સા, ક્લોસ્સીઓ; કરિંથ, કરિંથીઓ; કર્નેલિયસ; ક્રિત, ક્રિતીઓ; કૂશ; સૈપ્રસ; કુરેની; કોરેશ; દમસ્ક; દાન; દાનિયેલ; દાર્યાવેશ; દાઉદ; દલીલાહ; એદન, એદનની વાડી; અદોમ, અદોમી, અદોમીઓ, અદોમીયા (ઈદુમીયા); મિસર, મિસરી, મિસરીઓ; એક્રોન, એક્રોનીઓ; એલામ, એલામીઓ; એલઆઝાર; એલ્યાકીમ; એલિયા; એલિશા; એલીસાબેત; હનોખ; એફેસસ, એફેસી, એફેસીઓ; એફ્રાઈમ, એફ્રાઈમી, એફ્રાઈમીઓ; એફ્રાથ, એફ્રાથાહ, એફ્રાથી, એફ્રાથીઓ; એસાવ; એસ્તેર; ઇથોપિયા, ઇથિયોપીયન (ખોજો); ફ્રાત નદી, નદી; હવા; હઝકિયેલ; એઝરા; ગાબ્રિયેલ; ગાદ; ગલાતિયા, ગલાતીઓ; ગાથ, ગીત્તી, ગીત્તીઓ,; ગાઝા; ગેરાર; ગેથશેમાને; ગિબયાહ; ગિદિયોન; ગિલયાદ, ગિલયાદી, ગિલયાદીઓ; ગિલ્ગાલ; ગિર્ગાશીઓ; ગુલગુથા; ગોલ્યાથ; ગમોરાહ; ગોશેન; ગ્રીસ, ગ્રીસ દેશનું; ગ્રીક, ગ્રીસ દેશનું; હબાક્કુક; હાગાર; હાગ્ગાય; હામ; હમાથ, હમાથીઓ, લિબો હમાથ; હમોર; હનાન્યા; હા’ન્ના”’; હારાન; હેબ્રોન; હેરોદ, હેરોદ એન્તીપાસ; હેરોદિયા; મહાન હેરોદ; હિઝ્કિયા; હિવ્વી, હિવ્વીઓ; હોશિયા; હોશિયા; દાઉદનું કુટુંબ; ઈકોનિયા; ઈસહાક; યશાયા; ઈશ્માએલ, ઈશ્માએલી, ઈશ્માએલીઓ; ઈસ્સાખાર; ઈઝરાએલ, ઈઝરાએલી, ઈઝરાએલીઓ, યાકૂબ; (ઈસુનો ભાઈ) યાકૂબ; (અલ્ફીનો દીકરો) યાકૂબ; (ઝબદીનો દીકરો) યાકૂબ; યાફેથ; યબૂસ, યબૂસી, યબૂસીઓ; યહોયાખીન; યહોયાદા; યહોયાકીમ; યહોરામ, યોરામ; યહોશાફાટ; યેહૂ; યફતા; યર્મિયા; યરોબઆમ; યશાઈ; યિથ્રો, રેઉએલ; ઈઝેબેલ; યોઆશ; અયૂબ; યોએલ; યોહાન માર્ક; યોહાન (પ્રેરિત); યોહાન (બાપ્તિસ્ત); યૂના; યોનાથાન; યાફા; યોરામ (યહોરામ); યૂસફ (નવાકરાર); યૂસફ (જૂના કરાર); યહોશુઆ; યોશિયા; યહૂદા; યહૂદા ઈશ્કરિયોત; યાકૂબનો દીકરો યહૂદા; યહૂદિયા; કાદેશ, કાદેશ-બાર્નેઆ, મરીબાથ કાદેશ; કેદાર; કેદેશ; કિદ્રોન નાળુ; લાબાન; લામેખ; લાજરસ; લેઆહ; લબાનોન; દરિયાઈ પ્રાણી; લોત; લુક; લુસ્ત્રા; માકા; મકદોનિયા; ઉત્પન્ન કરનાર; માલાખી; મનાશ્શા; માર્થા; મરિયમ, ઈસુની માતા; મગ્દલાની મરિયમ; મરિયમ (માર્થાની બહેન); માથ્થી, લેવી; માદીઓ, માદાય; સમુદ્ર, મહા સમુદ્ર, પશ્ચિમનો સમુદ્ર, ભૂમધ્ય સમુદ્ર; મલ્ખીસેદેક; મેમ્ફિસ; મેશેખ; મેસોપોતામિયા, અરામ-નાહરાઈમ; મીખાહ; મિખાયેલ; મરિયમ; મીશાએલ; મિસ્પાહ; મોઆબ, મોઆબી, મોઆબી સ્ત્રી; મોલેખ, મોલોખ; મોર્દખાય; મૂસા; હેર્મોન પર્વત; જૈતૂન પહાડ; નામાન; નાહોર; નાહૂમ; નફતાલી; નાથાન; નબૂખાદનેસ્સાર; નેગેબ; નહેમ્યા; નાઇલ નદી, ઈજીપ્તની નદી, નાઇલ; નિનવે, નિનવેવાદી; નૂહ; ઓબાદ્યા; ઓમ્રી; પાદાનારામ; પારાન; પાઉલ, શાઉલ; પેઓર, પેઓર પહાડ, બઆલ પેઓર; પરીઝીઓ; પિતર, સિમોન પિતર, કેફાસ; ફારૂન, ઈજીપ્તનો રાજા; ફિલિપ, સુવાર્તિક; પ્રેરિત ફિલિપ; પલિસ્તિઓ; ફિનહાસ; ફિનીકિયા; પિલાત; પોન્તસ; પોટીફાર; પ્રિસ્કીલા; રાહેલ; રાહાબ; રામા; રામોથ; રિબકા; રહાબામ; રૂબેન; રિમ્મોન; રૂથ; ખારો સમુદ્ર, મૃત સમુદ્ર; સામસૂન; શમુએલ; સારા, સારાય; શાઉલ (જુનો કરાર); ગાલીલનો સમુદ્ર, કીન્નેરેથનો સમુદ્ર, ગન્નેસરેતનો સરોવર, તિબેરિયસનો સમુદ્ર; સાન્હેરીબ; શેથ; શારોન, શારોનની સરહદે; શેબા; શેમ; શિલોહ; શિનઆર; સિદોન, સિદોનીઓ; સિલાસ, સિલ્વાનુસ; શિમયોન; સિમોન ઝલોતસ; સુલેમાન; સ્તેફન; સીરિયા; તામાર; તાર્શીશ; તાર્સસ; તેરાહ; થેસ્સલોનિકા, થેસ્સલોનીકાના, થેસ્સલોનીકીઓ; થોમા; તિમોથી; તિર્સાહ; તિતસ; ત્રોઆસ; તુબાલ; તુખિકસ; તૂર, તૂરના લોકો; ઉર; ઉરિયા; ઉઝિઝયા, અઝાર્યા; વાશ્તી; જાખ્ખી; સાદોક; ઝબદી; ઝબુલોન; ઝખાર્યા (નવો કરાર); ઝખાર્યા (જૂનો કરાર); સિદકિયા; સફાન્યાહ; ઝરૂબાબેલ; સોઆર; ધૂપનીવેદી , ધૂપવેદી; સોંપવું, સોંપેલું, સોંપણી, ગૃહકાર્ય, ગૃહકાર્યો, પરત સોંપવું; સહન કરવું, સહન કરે છે, ઘર્ષણ સહન કરનારો, ખેપિયો; કરા, (સલામ) બરફના કરાં, કરાનું તોફાન; ચિત્તો, ચિત્તાઓ; પશુધન; તીડ, તીડ; જાંબુડી; બરુ, બરુઓ; સર્પ, સર્પો, સાપ, સાપો, નાનો ઝેરી સાપ, નાના ઝેરી સાપો; બરફ, બરફ પડ્યો, બરફ પડી રહ્યો છે)

# બેવડું/બમણાં

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: બમણાં શું છે અને તેનો અનુવાદ હું કેવી રીતે કરી શકું?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]

અમે “બમણા” શબ્દનો ઉપયોગ બે શબ્દો અથવા શબ્દસમુહો માટે કરીએ છીએ જે એકસાથે ઉપયોગમાં લેવાય છે અને કાંતો સમાન બાબતનો અર્થ સૂચવે છે અથવા તે જ બાબતની ખૂબ નજદીકતાનો અર્થ સૂચવે છે. મોટાભાગે તે "અને" શબ્દથી જોડાયેલા હોય છે. હેન્ડિઆડીઝ (એક જ ખ્યાલની બે શબ્દો દ્વારા રજૂઆત જેને "અને" દ્વારા જોડવામાં આવ્યા હોય) જેમાં શબ્દોમાંના એક શબ્દ બીજાને સુધારે છે, તેનાથી વિપરીત અહીં બમણામાં બે શબ્દો અથવા વાક્યો સમાન હોય છે અને ભાર મૂકવા માટે અથવા એક વિચારની તીવ્રતાને રજૂ કરવા માટે, જે બે શબ્દો અથવા શબ્દસમૂહો દ્વારા રજૂ કરવામાં આવી છે.

## આ અનુવાદની સમસ્યા છે તેના કારણો

કેટલીક ભાષાઓમાં લોકો બમણા શબ્દોનો ઉપયોગ કરતાં નથી. અથવા તેઓ બમણાનો ઉપયોગ કરે, પરંતુ ફક્ત કોઈ ખાસ સ્થિતિઓમાં જ, તેથી બમણાનો કેટલીક કલમોમાં તેઓની ભાષામાં કોઈ અર્થ નીકળતો નથી. લોકો વિચારે કે આ કલમ બે ખ્યાલો અથવા ક્રિયાઓનું વર્ણન કરે છે, જ્યારે તે એક જ ખ્યાલ કે ક્રિયાનું વર્ણન કરતું હોય. આ કિસ્સામાં, અનુવાદકોએ બે શબ્દો દ્વારા વ્યક્ત કરેલા અર્થને વ્યક્ત કરવા માટે બીજો કોઈ માર્ગ શોધવાની જરૂર પડી શકે છે.

## બાઈબલમાંના ઉદાહરણો

> તેમના રાજ્યમાં એક પ્રજાના લોકો બીજી પ્રજાઓના લોકો વચ્ચે **વિખેરાયેલા** અને **પ્રસરેલા** છે. (એસ્થર ૩:૮ યુ.એલ.ટી.)

રેખાંકિત કરેલા શબ્દોનો અર્થ સમાન થાય છે. એક સાથે તેઓનો અર્થ થાય છે કે લોકો પ્રસરેલા હતા.

> ... તેણે પોતાના કરતાં **ન્યાયી** અને **વધુ સારા** બે માણસો પર હુમલો કર્યો... (૧ રાજાઓ ૨:૩૨ યુ.એલ.ટી.)

તેનો મતલબ છે કે તેઓ તેના કરતાં “ઘણાં વધારે ન્યાયી” હતાં.

> તમે **જૂઠી** અને **છેતરામણી** વાતો કહેવાની તૈયારી કરી રાખી છે (દાનિયેલ ૨:૯  યુ.એલ.ટી.)

તેનો મતલબ છે કે તેઓએ “ઘણી જૂઠી વાતો કહેવા” તૈયારી કરી હતી, જે વાત કહેવાની બીજી રીત છે કે લોકોને છેતરવાનો તેઓએ નિર્ધાર કર્યો હતો.

> ... ઘેટાંના જેવા **નિષ્કલંક** અને **નિર્દોષ**. (૧ પિતર ૧:૧૯ યુ.એલ.ટી.)

તેનો મતલબ છે કે તે કોઇપણ ખોડખાંપણ વિનાના ઘેટાંના જેવા હતા - એક પણ કલંક વગરના હતાં.

## અનુવાદ વ્યૂહરચનાઓ

જો બે શબ્દો કુદરતી છે અને તમારી ભાષામાં યોગ્ય અર્થ કરે છે, તો તેનો ઉપયોગ કરવાનું ધ્યાનમાં લો. જો નહિ તો, આ વ્યૂહરચનાઓને ધ્યાનમાં લો.

તે શબ્દોમાંથી એક જ શબ્દનો અથવા શબ્દસમૂહનો અનુવાદ કરો.

જો તે બે શબ્દોનો ઉપયોગ અર્થને વધુ સારો બનાવવા થાય છે, તે શબ્દોમાંથી અથવા શબ્દસમૂહમાંથી એકનું અનુવાદ કરો અને એક શબ્દ ઉમેરો જે તેને વધુ સાર્થક કરે જેમ કે “ખૂબ જ” અથવા “મહાન” અથવા “ઘણાં.”

જો તે બે શબ્દોનો ઉપયોગ અર્થને વધુ સારો બનાવવા અથવા અર્થ પર ભાર મૂકવા થાય છે, તમારી ભાષાના માર્ગોમાંથી કોઈ માર્ગ પસંદ કરો.

## અનુવાદની વ્યૂહરચનાઓનું લાગુકરણ

તે શબ્દોમાંથી એક જ શબ્દનો અનુવાદ કરો.

- તમે **જૂઠા** અને **છેતરામણાણી** શબ્દો તૈયાર કરવાનો નિર્ણય કર્યો છે (દાનિયેલ ૨:૯ યુ.એલ.ટી.)
  - “તમે **જૂઠી** વાતો કહેવાની તૈયારી કરી રાખી છે.”

જો તે બે શબ્દોનો ઉપયોગ અર્થને વધુ સારો બનાવવા થાય છે, તે શબ્દોમાંથી એકનું અનુવાદ કરો અને એક શબ્દ ઉમેરો જે તેને વધુ સાર્થક કરે જેમ કે "ખૂબ જ" અથવા "મહાન" અથવા "ઘણાં."

- તેમના રાજ્યમાં એક પ્રજાના લોકો બીજી પ્રજાઓના લોકો વચ્ચે **વિખેરાયેલા** અને **પ્રસરેલા** છે. (એસ્થર ૩:૮ યુ.એલ.ટી.)
    - "તેમના રાજ્યમાં એક પ્રજા **ખૂબ પ્રસરેલી હતી.**"

જો તે બે શબ્દોનો ઉપયોગ અર્થને વધુ સારો બનાવવા અથવા અર્થ પર ભાર મૂકવા થાય છે, તમારી ભાષાના માર્ગોમાંથી કોઈ માર્ગ પસંદ કરો.

- ઘેટાંના જેવા **નિષ્કલંક** અને **નિર્દોષ**... (૧ પિતર ૧:૧૯ યુ.એલ.ટી.) અંગ્રેજી અહીં "કોઈપણ" અને "બધા પણ" ભાર મૂકી શકે છે. "...ઘેટાંના જેવા **કોઈપણ કલંક વિનાના**..."

(**ત્યાં પાછા જાઓ:** સમય, અકાળે, તારીખ)

# રૂઢિપ્રયોગ

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: રૂઢિપ્રયોગો શું છે અને હું કેવી રીતે તેનો અનુવાદ કરી શકું?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]

રૂઢીપ્રયોગ કે જે કહેવત છે જે શબ્દોના સમૂહનો બનેલ છે, જે સંપૂર્ણ છે અને તેનો અર્થ છે અને તે અર્થ વ્યક્તિગત શબ્દોમાંથી જે સમજણ સમજાય તે કરતાં અલગ છે. સંસ્કૃતિની બહારના કોઈ વ્યક્તિ સામાન્ય રીતે કહેવત / રૂઢીપ્રયોગને સમજી શકે નહિ જ્યાં સુધી સંસ્કૃતિની અંદરની કોઈ વ્યક્તિ તેનો સાચો અર્થ ન સમજાવે. દરેક ભાષા રૂઢીપ્રયોગોનો ઉપયોગ કરે છે. કેટલાક અંગ્રેજી ઉદાહરણો છે જેમ કે:

- તમે મારા પગ ખેંચી રહ્યા છો (એનો મતલબ કે, “તમે મારી મજાક ઉડાવી રહ્યા છો એવું કાંઇક કહીને જે સાચું નથી.”)
- પરબિડીયું દબાવશો નહિ (એનો મતલબ કે, “આ બાબતને અતિશય ખેંચશો નહિ”)
- આ ઘર પાણીની નીચે છે (એનો મતલબ કે, આ ઘર માટે લેવામાં આવેલ દેવું એ તેના વાસ્તવિક મૂલ્ય કરતાં અધિક છે”)
- અમે નગરને લાલ કલરથી રંગી રહ્યાં છીએ (એનો મતલબ કે, અમે આજે રાત્રે નગરમાં આમ-તેમ ફરવાના અને ખૂબ જ ઉજવણી કરવાના છીએ”)

## વર્ણન

રૂઢીપ્રયોગ એ શબ્દસમૂહ છે જેનો ઉપયોગ ભાષા અથવા સંસ્કૃતિના લોકો માટે વીશેષ અર્થ ધરાવે છે. વ્યક્તિ તેના વ્યક્તિગત શબ્દો અથવા વાક્યના કોઈ ભાગથી જે અર્થ સમજે છે તેના કરતાં રૂઢીપ્રયોગનો અર્થ કંઈક અલગ છે.

> તે નિશ્ચિતપણે **તેનો ચહેરો બેસાડો** યરુશાલેમ જવા માટે. (લુક ૯:૫૧બ યુ.એલ.ટી.)

“તેનો ચહેરો બેસાડો” તે શબ્દો રૂઢીપ્રયોગ છે જેનો મતલબ “નક્કી કરેલ” થાય છે.

ક્યારેક લોકો બીજી સંસ્કૃતિની રૂઢીપ્રયોગ સમજી શકવા માટે સક્ષમ હોય છે, પરંતુ તેનો અર્થ કરી બતાવવો ખૂબ જ વિચિત્ર જેવો લાગે.

> હું લાયક નથી કે તમે મારા **છાપરા નીચે પ્રવેશ કરો**. (લુક ૭:૬બ યુ.એલ.ટી.)

“છાપરા નીચે પ્રવેશ કરો” તે ભાગ રૂઢીપ્રયોગ છે જેનો મતલબ “મારા ઘરમાં પ્રવેશ” થાય છે.

> ચાલો આ શબ્દો **તમારા કાનના ઊંડાણમાં જાય**. (લુક ૯:૪૪અ યુ.એલ.ટી.)

આ રૂઢીપ્રયોગનો મતલબ છે કે “ધ્યાનથી સાંભળો અને હું જે કહું છું તે યાદ રાખો.”

**હેતુ**: રૂઢીપ્રયોગની રચના જે તે સંસ્કૃતિમાં અકસ્માતે થઈ હશે જ્યારે કોઈએ કંઈ અસામાન્ય રીતે વર્ણવ્યું હશે. પરંતુ, જ્યારે તે અસામાન્ય માર્ગ સામર્થી રીતે સંદેશો આપે અને લોકો તે સ્પષ્ટ સમજે, ત્યારે અન્ય લોકો પણ તેનો ઉપયોગ કરવો શરૂ કરે છે. થોડા સમય પછી, તે ભાષામાં વાત કરવા માટે રૂઢીપ્રયોગ એ સામાન્ય રીત બની રહે છે.

### આ અનુવાદની સમસ્યા છે તેના કારણો

- લોકો બાઈબલની મૂળ ભાષાઓના રૂઢીપ્રયોગોને સહેલાઈથી ગેરસમજ કરી શકે છે, જો તેઓ બાઈબલ જે સંસ્કૃતિમાં રચાયેલું છે તે જાણતા ન હોય તો.
- લોકો બાઈબલની સ્રોત ભાષાઓમાં રહેલ રૂઢીપ્રયોગોને સહેલાઈથી ગેરસમજ કરી શકે છે, જો તેઓ તે સંસ્કૃતિને જાણતા ના હોય જેમાં તેનું અનુવાદ થયેલ છે.
- રૂઢીપ્રયોગોને શાબ્દિક રીતે અનુવાદ કરવું તે નકામું છે (દરેક શબ્દના અર્થ અનુસાર) જ્યારે લક્ષ્ય ભાષાના (જે ભાષામાં ભાષાંતર કે ઉપયોગ થવાનો છે તે ભાષા) પ્રેક્ષકો સમજી નહિ શકે કે તેનો અર્થ શું છે.

## બાઈબલમાંના ઉદાહરણો

> ત્યારે સર્વ ઇઝરાયલના લોકો હેબ્રોનમાં દાઉદની પાસે આવ્યા અને કહ્યું, “જુઓ, અમે તમારા **માંસ અને હાડકા**.” (૧ કાળવૃતાંત ૧૧:૧ યુ.એલ.ટી.)

તેનો મતલબ, “અમે અને તમે સમાન જાતિના, સમાન પરિવારના છીએ.”

> ઇઝરાયલના બાળકો બહાર ગયા **ઊંચા હાથ સાથે.** (નિર્ગમન ૧૪:૮બ એ.એસ.વી.)

તેનો મતલબ, “ઇઝરાયલીઓ ઉદ્ધત રીતે બહાર ગયા હતા.”

> તે એક જે **મારું માથું ઊંચું કરે** (ગીતશાસ્ત્ર ૩:૩બ યુ.એલ.ટી.)

તેનો મતલબ, “તે એક જે મને મદદ કરે છે.”

## અનુવાદની વ્યહરચનાઓ

જો રૂઢીપ્રયોગ તમારી ભાષામાં સ્પષ્ટ રીતે સમજી શકાતો હોય, તો તેનો ઉપયોગ કરવાનું ધ્યાનમાં લો. જો નહિ તો, અહીં બીજા અન્ય વિકલ્પો છે.

રૂઢીપ્રયોગનો ઉપયોગ કર્યા વગર સરળ રીતે તેના અર્થનો અનુવાદ કરો. ૨. તમારી પોતાની ભાષામાં જેનો અર્થ પણ સમાન જ થતો હોય તેવા જુદાં રૂઢીપ્રયોગનો ઉપયોગ કરો.

## અનુવાદ વ્યૂહરચનાના ઉદાહરણો લાગુ

રૂઢીપ્રયોગનો ઉપયોગ કર્યા વિના સરળ રીતે તેના અર્થનો અનુવાદ કરો.

- ત્યારે સર્વ ઇઝરાયલના લોકો હેબ્રોનમાં દાઉદની પાસે આવ્યા અને કહ્યું, “જુઓ, અમે તમારા **<u>માંસ અને હાડકા</u>.”** (૧ કાળવૃતાંત ૧૧:૧ યુ.એલ.ટી.) *......જુઓ, આપણે સર્વ **સમાન દેશના રહેવાસીઓ છીએ.**
- તે <તમેં> નિશ્ચિતપણે **તેનો ચહેરો બેસાડો** યરુશાલેમ જવા માટે. (લૂક ૯:૫૧બ યુ.એલ.ટી.)
  - તેણે યરુશાલેમ જવાની શરૂઆત કરી, <u>પહોંચવા માટે પ્રતિબદ્ધ</u>.
- હું લાયક નથી કે તમે મારા **છાપરા નીચે પ્રવેશ કરો.** (લુક ૭:૬બ યુ.એલ.ટી.)
  - હું લાયક નથી કે તમે પ્રવેશ કરો **મારા ઘરમાં.**

તમારી પોતાની ભાષામાં સમાન અર્થ હોય તે રૂઢીપ્રયોગનો ઉપયોગ કરો.

- ચાલો આ શબ્દો તમારા કાનના ઊંડાણમાં જાય (લુક ૯:૪૪અ યુ.એલ.ટી.)
  - **કાન ધરીને સાંભળો** જ્યારે હું તમને આ શબ્દો કહું છું.
- મારી **આંખો ઝાંખી પડી ગઈ છે** દુઃખથી (ગીતશાસ્ત્ર ૬:૭અ યુ.એલ.ટી.)
  - હું રડી રહ્યો છું **મારી આંખો જાણે બહાર આવી ગઈ એટલું**

(**ત્યાં પાછા જાઓ:** ફુલાઈ ગયેલું, ફુલાઈ જાય છે)

# રૂપક

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: રૂપક શું છે અને જે વાક્યમાં તે હોય તેનો અનુવાદ હું કેવી રીતે કરી શકું?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]
[[*rc://gu/ta/man/translate/figs-simile*]]

રૂપક તે બોલીનો એક પ્રકાર છે જેમાં વ્યક્તિ એક બાબત સંબંધી એ રીતે વાત કરે છે જાણે કે તે અલગ બાબત હોય કારણ કે તે ઈચ્છે છે કે સાંભળનાર લોકો એ વિચારે કે કેવી રીતે આ બે બાબતો એકસમાન જેવી લાગે છે.

બીજા શબ્દોમાં, રૂપકમાં, કોઈ એક વસ્તુ વિષે એવું બોલે છે જેમ તે અન્ય વસ્તુ હોય કારણ કે તે ઈચ્છે છે કે લોકો વિચારે કે કેવી રીતે બે વસ્તુઓ એક સમાન છે.

ઉદાહરણ તરીકે, કોઈ એમ કહે કે.

- હું જે છોકરીને પ્રેમ કરું છું તે લાલ ગુલાબ છે.

એક છોકરી અને એક ગુલાબ, તે બંને અલગ બાબતો છે, પરંતુ વક્તા તેને એ રીતે ધ્યાન પર લે છે જાણે તેઓ કોઈક રીતે એકસમાન છે. તે જે રીતે એકસમાન છે તે સમજવું તે સાંભળનારનું કાર્ય છે.

#### રૂપકના ભાગો

ઉપરનું ઉદાહરણ આપણને દર્શાવે છે કે એક રૂપકના ત્રણ ભાગ છે. આ રૂપકમાં, વક્તા વાત કરી રહ્યા છે કે "એક છોકરી જેને હું પ્રેમ કરું છું." આ **વિષય** છે. વક્તા ઈચ્છે છે કે સાંભળનાર વિચારે કે તેણી અને "એક લાલ ગુલાબ" વચ્ચે શું સમાનતા છે. લાલ ગુલાબ એક **છબી** છે જેની સાથે વક્તા છોકરીની સરખામણી કરે છે. મોટાભાગે, તે ઈચ્છે છે કે વાચકો સમજે કે 'છોકરી અને ગુલાબ' બંને સુંદર છે. આ **ખ્યાલ** છે જે છોકરી અને ગુલાબ બંને દર્શાવે છે અને તેથી આપણે પણ તેને **સરખામણીનો મુદ્દો** કહી શકીએ.

દરેક રૂપકના ત્રણ ભાગો હોય છે:

- **વિષય**, જેની ચર્ચા લેખક/વક્તા દ્વારા તુરંત જ કરવામાં આવે છે.
- **છબી**, ભૌતિક બાબત (પદાર્થ, પ્રસંગ, કાર્ય વિગેરે.) જેનો ઉપયોગ વિષયનું વર્ણન કરવા માટે વક્તા કરે છે.
- **ખ્યાલ,** અમૂર્ત ખ્યાલ અથવા ગુણવત્તા જે ભૌતિક **છબી** સાંભળનારના મનમાં ઉપજાવે છે જ્યારે તે વિચારે છે કે કેવી રીતે છબી અને વિષય સમાન છે. ઘણીવાર બાઇબલમાં રૂપકના **ખ્યાલ**ને સ્પસ્ટપણે દર્શાવવામાં આવ્યો હોતો નથી, પરંતુ તે લખાણમાંથી સૂચિત કરાયો હોય છે. સાંભળનાર અથવા વાચકે સ્વયં **ખ્યાલ** વિષે વિચારવાનું હોય છે.

આ શબ્દોનો ઉપયોગ કરીને આપણે કહી શકીએ કે રૂપક એ રુઢિપ્રયોગ છે જે અમૂર્ત **ખ્યાલ**ને વક્તાના **વિષય** સાથે લાગુ કરવા માટે એક ભૌતિક **છબી**નો ઉપયોગ કરે છે

સામન્ય રીતે, **વિષય** અને **છબી** વચ્ચે ઓછામાં ઓછા એક **સરખામણીનો મુદ્દો (ખ્યાલ)** હોય તે રીતે **વિષય** વિષે કશું વ્યક્ત કરવા માટે લેખક અથવા વક્તા રૂપકનો ઉપયોગ કરતા હોય છે. રૂપકોમાં મહદઅંશે **વિષય** અને **છબી**ને સ્પસ્ટ રીતે વ્યક્ત કરવામાં આવ્યા હોય છે, પરંતુ **ખ્યાલ** માત્ર સૂચિત હોય છે. મોટાભાગે રૂપકનો ઉપયોગ કરવા દ્વારા વક્તા/લેખક ઈચ્છે છે કે તેઓ વાચક/સાંભળનારને આમંત્રિત કરે કે તેઓ **વિષય** અને **છબી** વચ્ચે સમાનતા વિષે વિચારે અને જે **ખ્યાલ** રજૂ કરવામાં આવ્યો છે તેને તેઓ સ્વયં સમજી લે.

વક્તાઓ તેમના સંદેશાને મજબૂત બનાવવા માટે, તેમની ભાષાને વધુ આબેહૂબ બનાવવા માટે, તેમની લાગણીઓને વધુ સારી રીતે વ્યક્ત કરવા માટે, બીજી રીતે કહેવામાં જે અઘરું હોય તેને રૂપક દ્વારા કહેવા માટે અથવા લોકો તેમના સંદેશને યાદ રાખે માટે, વક્તાઓ મોટાભાગે રૂપકોનો ઉપયોગ કરતા હોય છે.

કેટલીકવાર વક્તાઓ રૂપકોનો ઉપયોગ કરતાં હોય છે જે તેઓની ભાષામાં ખૂબ સામાન્ય હોય. તેમ છતાં, કેટલીકવાર વક્તાઓ રૂપકોનો ઉપયોગ કરે છે કે જે અસામાન્ય હોય અને એવા કેટલાક રૂપકો કે જે અનન્ય હોય. જ્યારે કોઈ રૂપક જે તે ભાષામાં બહુ સામાન્ય થઇ જાય ત્યારે મહદઅંશે તે "નિષ્ક્રિય" રૂપક બની જાય છે, અસામાન્ય રૂપકોના વિરોધાભાસમાં જે અસામાન્ય રૂપકોને આપણે "સક્રિય" તરીકે વર્ણવીએ છીએ. નિષ્ક્રિય રૂપકો અને સક્રિય રૂપકો, દરેક અલગ અલગ પ્રકારના ભાષાંતર પ્રશ્નો ઉભા કરે છે, જેની ચર્ચા આપણે હવે આગળ કરીશું.

## નિષ્ક્રિય/મૃત રૂપકો

નિષ્ક્રિય રૂપક એક રૂઢિપ્રયોગ છે જેનો ઉપયોગ ભાષામાં ખૂબ કરવામાં આવ્યો છે જેથી હવે તેના વક્તાઓ તે રૂપકને, એક ખ્યાલ બીજા ખ્યાલ માટે છે, તે રીતે ના જુએ. ભાષાકીય વિદ્વાનો આને "મૃત રૂપકો" કહે છે. નિષ્ક્રિય રૂપકો ખૂબ જ સર્વસામાન્ય હોય છે. અંગ્રેજીમાં ઉદાહરણો સમાવેશ કરે છે શબ્દોનો જેવા કે "મેજનો **પાયો**," "પરિવાર **વૃક્ષ**," "પુસ્તક **પાંદડું**" (જેનો અર્થ થાય કે પુસ્ક્તમાંનું એક પૃષ્ઠ), અથવા તો શબ્દ "ક્રેન" (જેનો અર્થ છે એક મોટું મશીન જેનો ઉપયોગ ભારી સામાન ઊંચકવા માટે થાય છે). અંગ્રેજી વક્તાઓ આ શબ્દો માટે સર્વસામાન્યપણે એમ વિચારે કે આ શબ્દોના એક કરતાં વધારે અર્થ થાય છે. હિબ્રુ બાઇબલ નિષ્ક્રિય રૂપકોના ઉદાહરણોનો સમાવેશ કરે છે, શબ્દો દ્વારા જેવાકે, "હાથ" જે "સામર્થ્ય"ને દર્શાવે છે, "મોં/મુખ" જે "ઉપસ્થિતી"ને દર્શાવે છે, અને લાગણીઓ અથવા નૈતિક લાક્ષણિકતાઓ વિષે બોલતાં જાણે કે તે "પહેરી લીધું હોય" તે રીતે વાત કરે છે.

**ખ્યાલો રૂપકો તરીકે વર્તતા હોય છે તેવ ખ્યાલોના સ્વરૂપોની જોડો** રૂપકો તરીકે રજૂઆતના ઘણી રીતો તેના ખ્યાલોની જોડ પર આધાર રાખે છે, જ્યાં એક અંતર્ગત ખ્યાલ, વિવિધ અંતર્ગત ખ્યાલ માટે સતતપણે ઉપસ્થિત હોય છે. ઉદાહરણ તરીકે, અંગ્રેજીમાં, "ઉપરની" દિશા (છબી) મોટાભાગે "વધુ" અથવા "વધુ સારા" (ખ્યાલ)ને રજૂ કરે છે. આ અંતર્ગત ખ્યાલોની જોડ ને કારણે, આપણે વાક્યો બનાવી શકીએ જેવા કે "ગેસના ભાવ **ઉપર** જઈ રહ્યા છે," "એક **અતિ ઉચ્ચ** બુદ્ધિમાન માણસ," અને આનાથી વિરુદ્ધ પ્રકારનો ખ્યાલ પણ: "તાપમાન **નીચું** જઈ રહ્યું છે," અને "હું ખૂબ **નિર્બળ** અનુભવી રહ્યો છું."

દુનિયાની ભાષાઓમાં ખ્યાલોના સ્વરૂપોની જોડોનો ઉપયોગ સતતપણે રૂપકોના હેતુઓ માટે થાય છે કારણ કે વિચારને ગોઠવવા માટે તે અનુકૂળ રીતો પૂરી પાડે છે. સામન્ય રીતે, લોકો અમૂર્ત લાક્ષણિકતાઓ વિષે બોલવાનું પસંદ કરે છે (જેમ કે સામર્થ્ય, ઉપસ્થિતી, લાગણીઓ અને નૈતિક લાક્ષણિકતાઓ) જેમ કે તે શરીરના ભાગો હોય, અથવા તે પદાર્થો હોય જેને જોઈ શકાય અથવા હાથથી પકડી શકાય, અથવા તે ઘટનાઓ હોય જેને જેમ તે બને છે તેમ જોઈ શકાય.

જ્યારે આ રૂપકોનો ઉપયોગ સામાન્ય રીતે થાય છે, ત્યારે વક્તા અને દર્શકો તે રૂપકોને આકસ્મિક વાણી તરીકે ગણાતા હોય, તેવું તે દુર્લભ છે. અંગ્રેજીમાં રૂપકોના ઉદાહરણ કે જે અપરિચિત જાય છે:

- “તાપમાનમાં **વધારો** કરો.” વધારાને વધુ તરીકે કહેવામાં આવ્યું છે.
- “ચાલો આપણે ચર્ચામાં **આગળ વધીએ**.” જે યોજના કરેલ છે તે કરવું તેને ચાલવા અથવા આગળ વધવા તરીકે કહેવામાં આવ્યું છે.
- “તમે તમારા સિદ્ધાંતનો **બચાવ** સારી રીતે કરો છો.” વાદવિવાદને યુદ્ધ તરીકે કહેવામાં આવ્યું છે.
- “શબ્દોનો **પ્રવાહ**” ને પ્રવાહી તરીકે બોલવામાં આવે છે.

આમને અંગ્રેજી વક્તાઓ રૂપક અભિવ્યક્તિઓ અથવા અલંકાર તરીકે જોતા નથી, તેથી તેઓનું અન્ય ભાષાઓમાં ભાષાંતર એવી રીતે કરવું કે જેનાથી તેઓના પર લાક્ષણિકરૂપે વિશેષ ધ્યાન આપવા માટે તે લોકોને દોરી જાય, તે ખોટું હશે. બાઈબલની ભાષાઓમાં આ પ્રકારના રૂપકની મહત્વપૂર્ણ પદ્ધતિના વર્ણન માટે, મહેરબાની કરીને જુઓ, બાઈબલની છબીઓ - સામાન્ય પદ્ધતિઓ અને તે પૃષ્ઠ તમને દિશા નિર્દેશિત કરશે.

જ્યારે કોઈ વસ્તુ કે જે મૃત રૂપક છે અને તેને અન્ય ભાષામાં ભાષાંતર કરી રહ્યાં હોય ત્યારે તેને મૃત રૂપકના રૂપમાં ના લેશો. તેને બદલે, લક્ષિત ભાષામાં તે વસ્તુ માટે ઉત્તમ અભીવ્યક્તિ અથવા ખ્યાલનો ઉપયોગ કરો.

## સક્રિય/જીવંત રૂપકો

આ તે રૂપકો છે કે જેને લોકો એક ખ્યાલ કે જે બીજા ખ્યાલ માટે અથવા એક વસ્તુને બીજી વસ્તુ માટે ઊભા રહેનાર, તરીકે ઓળખે છે. તેઓ લોકોને વિચારતા કરે છે કે કેવી રીતે એક વસ્તુ બીજી વસ્તુ જેવી છે, કારણ કે ઘણી રીતે તે બંને વસ્તુઓ ખૂબ જ ભિન્ન હોય છે. લોકો આ રૂપકોને, સંદેશાને મજબૂતાઈ આપતા અને સંદેશ માટે અસામાન્ય ગુણો તરીકે, સરળતાથી ઓળખે છે. આ કારણોને લીધે, લોકો આ રૂપકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઉદાહરણ તરીકે,

> માટે તમે જેઓ મારા નામનો ભય રાખો છો, તમારે માટે સાજાપણાની પાંખો સાથે ન્યાયીપણાનો સૂર્ય ઊગશે. (માલાખી ૪:૨અ યુ.એલ.ટી.)

અહીંયા ઈશ્વર તેમના તારણની વાત એ રીતે કરે છે જાણે કે તે એક ઉગતો સૂર્ય હોય અને જેઓને તે પ્રેમ કરે છે તે લોકો પર તે તેના કિરણોને પ્રસારે છે. તે સૂર્યની કિરણો વિષે પણ એ રીતે કહે છે જેમ કે તેને પાંખો છે. ઉપરાંત, તે આ પાંખોની વાત એ રીતે કરે છે જાણે કે તે દવા લઈને આવે છે, જે તેમના લોકોને સાજા કરશે. અહીંયા બીજું ઉદાહરણ છે.

> “ઈસુએ કહ્યું, ‘જાઓ અને તે શિયાળને કહો..,”’ (લુક ૧૩:૩૨અ યુ.એલ.ટી.)

અહીં, “તે શિયાળ” રાજા હેરોદનો ઉલ્લેખ કરે છે. જે લોકો ઈસુને સાંભળતા હતા તેઓ નિશ્ચિત સમજતા હતા કે ઈસુ ચાહતા હતા કે તેઓ શિયાળનાં જેવી ચોક્કસ લાક્ષણિકતાઓ હેરોદ માટે લાગુ કરે. તેઓ કદાચ સમજ્યા કે ઈસુ એવું કહેવા માગે છે કે હેરોદ દુષ્ટ હતો, નિપુણ રીતે અથવા તો કોઈ વિનાશકારી હોય તે રીતે, કાતિલ અથવા જે તેનું નથી તે વસ્તુ તેણે લઇ લીધી હોય તે રીતે અથવા આ બધી જ રીતે.

જીવંત રૂપકો તે એવા રૂપકો છે જેનું સાચી રીતે ભાષાંતર કરવા માટે વિશેષ કાળજી રાખવી પડે છે. તેવું કરવા માટે, આપણે રૂપકના ભાગો તથા અર્થ પ્રગટ કરવા માટે તે ભાગો કેવી રીતે એકમેક સાથે કાર્ય કરે છે તે સમજવાની જરૂર છે.

> ઈસુએ તેઓને કહ્યું, "જીવનની રોટલી હું છું; જે મારી પાસે આવે છે તેને ભૂખ લાગશે નહિ, અને જે મારા પર વિશ્વાસ કરે છે તેને ક્યારેય તરસ લાગશે નહિ." (યોહાન ૬:૩૫ યુ.એલ.ટી.)

આ રૂપકમાં, ઈસુએ પોતાને જીવનની રોટલી કહ્યું. તેમાં **વિષય** “હું” છે, અને “રોટલી” તે **છબી** છે. રોટલી તે ખોરાક છે જેને લોકો હંમેશા ખાય છે. રોટલી અને ઈસુ વચ્ચેની **સરખામણી કરવાનો મુદ્દો** એ છે કે લોકોને પોષણ માટે દરરોજ રોટલીની જરૂર છે. જેવી રીતે લોકોને શારીરિક જીવન માટે ખોરાક ખાવાની જરૂર પડે છે, તે જ રીતે આત્મિક જીવન માટે લોકોએ ઈસુ પર ભરોસો રાખવાની જરૂર છે.

#### રૂપકના હેતુઓ

- રૂપકનો એક હેતુ છે કે લોકોને (**છબી**) દ્વારા કંઈ બતાવવું જે તેઓ અગાઉથી જાણે છે અને તે દ્વારા શીખવવાનું કે જે તેઓ (**વિષય**) જાણતા નથી.
- બીજો હેતુ છે કે કશાક પર ભાર મૂકવો (**વિષય**) જેમાં વિશેષ ગુણવત્તા (**ખ્યાલ**) હોય છે અથવા એમ દર્શાવવું કે તેનામાં ગુણવત્તા ખૂબ ભરપૂર રીતે છે.
- અન્ય હેતુ છે કે લોકોને દોરવા કે તેઓ **વિષય** વિષે જે રીતે અનુભવે છે તેવી જ સમાન રીતે તેઓ **છબી** વિષે પણ અનુભવે.

## આ ભાષાંતરની સમસ્યા હોવાના કારણો

- લોકો કદાચ જાણી નહિ શકે કે વાક્યમાં રૂપક શું છે. બીજા શબ્દોમાં, તેઓ રૂપકને શાબ્દિક વાક્યની સાથે ભૂલ કરી બેસે છે, અને તેમ તેઓ ગેરસમજ કરી શકે છે.
- લોકો એવી વસ્તુથી પરિચિત ન પણ હોય કે જે છબી તરીકે વપરાય છે, અને તેથી તેઓ રૂપકને સમજવા સક્ષમ નથી.
- જો વિષયને જણાવવામાં નથી આવતો તો, લોકો કદાચ જાણી શકતા નથી કે કયો વિષય છે.
- વક્તા જે વિચારી રહ્યા છે અને તેઓને સમજાવવા માગે છે તે લોકો સરખામણીના મુદ્દાઓને જાણતા હોતા નથી. જો તેઓ આ સરખામણીના મુદ્દાઓ વિચારવામાં નિષ્ફળ જાય તો, તેઓ રૂપકને સમજી શકશે નહિ.
- લોકો કદાચ વિચારે કે તેઓ રૂપકને સમજી શકે છે, પરતું તેઓ સમજતા હોતા નથી. આ ત્યારે બને છે જ્યારે તેઓ બાઈબલની સંસ્કૃતિને બદલે તેઓ તેમની સંસ્કૃતિમાંથી સરખામણીના મુદ્દાઓ લાગુ કરે છે.

## ભાષાંતરના સિદ્ધાંતો

- રૂપકનો અર્થ લક્ષ્ય દર્શકો માટે પણ એટલો જ સ્પષ્ટ કરો જેટલો તે મૂળ દર્શકો માટે હતો.
- રૂપકનો અર્થ લક્ષ્ય દર્શકો માટે વધુ સ્પષ્ટ ન કરો જેટલો તમે વિચારો છો કે તે મૂળ દર્શકો માટે નહોતો.

# બાઈબલમાંના ઉદાહરણો

> **બાશાનની ગાયો**, તમે આ વચન સાંભળો, (આમોસ ૪:૧ યુ.એલ.ટી.)

આ રૂપકમાં આમોસ સમરૂનની ઉચ્ચ વર્ગની સ્ત્રીઓની વાત કરે છે ("તમે" વિષય છે) જેમ કે તેઓ ગાયો (છબી) હોય. આમોસે એ નથી કહેતો કે તે ક્યા વિચારથી આ સ્ત્રીઓ અને ગાયો વચ્ચેની સરખામણીના મુદ્દાઓ કહે છે. તે ચાહે છે કે વાચકો તેમના વિષે વિચારે અને સંપૂર્ણ રીતે અપેક્ષા રાખે છે કે તેની સંસ્કૃતિના વાચકો સહેલાઈથી તે વિચારી શકશે. આ સંદર્ભથી, આપણે તે જોઈ શકીએ છીએ કે તેનો મતલબ એ હતો કે સમરૂનની સ્ત્રીઓ બાશાનની ગાયો જેવી હતી, તેઓ મેદસ્વી અને માત્ર પોતાની જાતને જ ખવડાવવામાં રૂચી રાખતી હતી. જો આપણે અન્ય સંસ્કૃતિમાંથી સરખામણીના મુદ્દાઓને લાગુ કરવાના હોય, જેમ કે ગાયો તો પવિત્ર અને પૂજનીય છે, તો આપણે આ કલમનો ખોટો અર્થ કાઢીશું.

આ પણ નોંધ લો કે, આમોસનો ખરેખર એવો મતલબ નથી કે સ્ત્રીઓ ગાયો છે. તે તેમની સાથે મનુષ્યની જેમ વાત કરે છે.

> અને છતાં, યહોવાહ, તમે અમારા પિતા છો; અમે **માટી** છીએ. તમે અમારા **કુંભાર** છો; અને અમે તમારા હાથની કૃતિ છીએ. (યશાયા ૬૪:૮ યુ.એલ.ટી.)

ઉપરના ઉદાહરણમાં બે સંબંધિત રૂપકો છે. "અમે" અને "તમે" વિષયો છે અને "માટી" તથા "કુંભાર" તે છબીઓ છે. કુંભાર અને ઈશ્વર વચ્ચેની સરખામણીનો મુખ્ય ઈરાદાનો મતલબ એ છે કે તે બંને જે તેઓ ચાહે છે તે બનાવે છે: કુંભાર માટીમાંથી જે ચાહે તે બનાવે છે, અને ઈશ્વર તેમના લોકોમાંથી જે ચાહે તે બનાવે છે. કુંભારની માટી અને "આપણી" વચ્ચેની સરખામણીના મુદ્દાનો અર્થ એ છે કે **બંને માટી અને ઈશ્વરના લોકોને તેઓ જેવા બની રહ્યાં છે તેના માટે કોઈ ફરીયાદ કરવાનો હક્ક નથી.**

> ઈસુએ તેઓને કહ્યું, "**ફરોશીઓના તથા સદુકીઓના ખમીર** વિષે સાવધાન અને ખબરદાર રહો." શિષ્યોએ અંદરોઅંદર વિચાર કરીને કહ્યું, "આપણે રોટલી નથી લાવ્યા માટે તે એમ કહે છે." (માથ્થી ૧૬:૬-૭ યુ.એલ.ટી.)

ઈસુએ અહીંયા રૂપકનો ઉપયોગ કરે છે, પરંતુ તેમના શિષ્યો તે સમજી શકતા નથી. જ્યારે તેમણે "ખમીર" કહ્યું, તેઓએ વિચાર્યું કે તે રોટલી વિષે વાત કરે છે, પરંતુ "ખમીર" તે રૂપકમાંની છબી હતી, અને ફરોશીઓનુંતથા સદુકીઓનું શિક્ષણ તે વિષય હતો. જ્યારે શિષ્યો (મૂળ દર્શકો) ઈસુનો અર્થ ન સમજી શક્યા નહિ, તો ઈસુનો જે મતલબ હતો તે અહીં (યુ.એલ.ટી. કલમમાં) સ્પષ્ટ રીતે જણાવવો યોગ્ય નથી.

# ભાષાંતર વ્યૂહરચનાઓ

જો લોકો તે રૂપકને જે રીતે મૂળ વાચકો કદાચ સમજી શક્યા તેમ જ સમજી શકે તેમ હોય તો, આગળ વધો અને તેનો ઉપયોગ કરો. લોકો તે સાચી રીતે સમજ્યા કે નહિ તેની ખાતરી કરવા માટે ભાષાંતરની ખાતરી કરો. જો લોકો તેને સમજતા નથી કે સમજશે નહિ તો, અહીં થોડી અન્ય વ્યૂહરચનાઓ છે.

૧. જો રૂપક સ્રોત ભાષામાં સામાન્ય અભિવ્યક્તિ/રજૂઆત તરીકે છે અથવા બાઈબલની ભાષામાં ("મૃત" રૂપક) નમૂનાની/પ્રતિકૃતિની જોડીના ખ્યાલને અભિવ્યક્ત કરે છે તો, તમારી ભાષા દ્વારા પસંદ કરેલી સૌથી સરળ રીતે મુખ્ય વિચારને વ્યક્ત કરો.

૨. જો રૂપક “જીવંત" રૂપક હોવાનું જણાય, **જો તમને લાગે છે કે લક્ષ્ય ભાષા આ રૂપકનો ઉપયોગ આજ રીતે મતલબ કે જે રીતે બાઈબલમાં છે, તે રીતે કરે છે તો તમે તેનું શાબ્દિક અનુવાદ કરી શકો છો.** જો તમે આમ કરો છો, તો ચકાસીને ખાતરી કરી લો કે ભાષા સમુદાય તેને યોગ્ય રીતે સમજે છે.

જો લક્ષ્ય દર્શકો (જે ભાષામાં પ્રયોગ થઇ રહ્યો હોય તે ભાષાના વાંચકો/શ્રોતાઓ) જાણી નથી શકતા કે તે રૂપક છે, તો પછી તે રૂપકને ઉપમામાં બદલી દો. કેટલીક ભાષાઓ આ “જેમ કે” અથવા “તરીકે” શબ્દો ઉમેરીને કરે છે. જુઓ ઉપમા.

જો લક્ષ્ય દર્શકો તે **છબીને** જાણી નથી શકતા તો, તે છબીનું અનુવાદ કેવી રીતે કરવું તે માટે, જુઓ અજાણ્યાનું અનુવાદ.

જો લક્ષ્ય દર્શકો તેના અર્થ માટે તે **છબીનો** ઉપયોગ નથી કરતાં તો, તેને બદલે તમારી સંસ્કૃતિમાંથી કોઈ છબીનો ઉપયોગ કરો. ખાતરી કરો કે તે એક એવી છબી છે જે બાઈબલના સમયમાં શક્ય બની હોત.

જો લક્ષ્ય દર્શકો નથી જાણી શકતા કે **વિષય** શું છે, તો પછી વિષયને સ્પષ્ટપણે જણાવો. (તેમ છતાં, આમ કરશો નહિ જો મૂળ દર્શકો જાણતા નહોતા કે વિષય શું હતો.)

જો લક્ષ્ય દર્શકો છબી અને વિષય વચ્ચેની સૂચિત **સરખામણીના મુદ્દાઓ** જાણી શકતા ના હોય તો, તેમને સ્પષ્ટપણે જણાવો.

જો આમાંથી કોઈ પણ વ્યૂહરચનાઓ સંતોષકારક નથી, તો પછી સામાન્ય રીતે **વિચારને** સરળતાથી રૂપકનો ઉપયોગ કર્યા વિના જણાવો.

## ભાષાંતરની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

૧. જો રૂપક સ્રોત ભાષામાં સામાન્ય અભિવ્યક્તિ/રજૂઆત તરીકે છે અથવા બાઈબલની ભાષામાં (“મૃત” રૂપક) નમૂનાની/પ્રતિકૃતિની જોડીના ખ્યાલને અભિવ્યક્ત કરે છે તો, તમારી ભાષા દ્વારા પસંદ કરેલી સૌથી સરળ રીતે મુખ્ય વિચારને વ્યક્ત કરો.

- પછી, જુઓ, સભાસ્થાનના આગેવાનોમાંનો એક, જેનું નામ યાઈર હતું, તે આવ્યો, અને જ્યારે તેણે તેમને જોયા, ત્યારે તે **તેમના પગે પડ્યો.** (માર્ક ૫:૨૨ યુ.એલ.ટી.)
- પછી સભાસ્થાનના આગેવાનોમાંનો એક નામે યાઈર, આવ્યો, અને જ્યારે તેણે તેમને જોયા ત્યારે **તે તરત જ નીચે નમીને તેમના પગે પડ્યો**.

જો રૂપક “જીવંત" રૂપક હોવાનું જણાય, **જો તમને લાગે છે કે લક્ષ્ય ભાષા આ રૂપકનો ઉપયોગ આજ રીતે મતલબ કે જે રીતે બાઈબલમાં છે, તે રીતે કરે છે તો તમે તેનું શાબ્દિક અનુવાદ કરી શકો છો.** જો તમે આમ કરો છો, તો ચકાસીને ખાતરી કરી લો કે ભાષા સમુદાય તેને યોગ્ય રીતે સમજે છે.

- પરંતુ ઈસુએ તેઓને કહ્યું, "તમારા **હ્રદયની કઠણતાને લીધે** તેણે તમારા માટે આવી આજ્ઞા લખી." (માર્ક ૧૦:૫ યુ.એલ.ટી.)
- તમારા **હ્રદયની કઠણતાને** લીધે તેણે તમારા માટે આ નિયમ લખ્યો. આમાં કોઈ બદલાવ નથી, પરંતુ તેની ચકાસીને ખાતરી કરી લેવી જોઈએ કે લક્ષ્ય દર્શકો આ રૂપકને યોગ્ય રીતે સમજી શકે.

૩. જો લક્ષ્ય દર્શકો (જે ભાષામાં પ્રયોગ થઇ રહ્યો હોય તે ભાષાના વાંચકો/શ્રોતાઓ) જાણી નથી શકતા કે તે રૂપક છે, તો પછી તે રૂપકને ઉપમામાં બદલી દો. કેટલીક ભાષાઓ આ “જેમ કે” અથવા “તરીકે” શબ્દો ઉમેરીને કરે છે.

- અને છતાં, યહોવાહ, તમે અમારા પિતા છો; અમે **માટી** છીએ. તમે અમારા **કુંભાર** છો; અને અમે તમારા હાથની કૃતિ છીએ. (યશાયા ૬૪:૮ યુ.એલ.ટી.)
- અને છતાં, યહોવાહ, તમે અમારા પિતા છો; અમે માટી **સમાન** છીએ. તમે કુંભાર **સમાન** છો; અને અમે તમારા હાથની કૃતિ છીએ.

જો લક્ષ્ય દર્શકો તે **છબીને** જાણી નથી શકતા તો, તે છબીનું અનુવાદ કેવી રીતે કરવું તેના વિચારો માટે, જુઓ અજાણ્યાનું અનુવાદ.

- શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે? તારા માટે **આરને લાત મારવી કઠણ છે.** (પ્રેરીતોના કૃત્યો ૨૬:૧૪ યુ.એલ.ટી.)
- શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે? તારા માટે **અણીદાર લાકડીને લાત મારવી કઠણ છે.**

જો લક્ષ્ય દર્શકો તેના અર્થ માટે તે **છબીનો** ઉપયોગ નથી કરતાં તો, તેને બદલે તમારી સંસ્કૃતિમાંથી કોઈ છબીનો ઉપયોગ કરો. ખાતરી કરો કે તે એક એવી છબી છે જે બાઈબલના સમયમાં શક્ય બની હોત.

- અને છતાં, યહોવાહ, તમે અમારા પિતા છો; અમે **માટી** છીએ. તમે અમારા **કુંભાર** છો; અને અમે તમારા હાથની કૃતિ છીએ. (યશાયા ૬૪:૮ યુ.એલ.ટી.)
- ”અને છતાં, યહોવાહ, તમે અમારા પિતા છો; અમે **લાકડું** છીએ. તમે અમારા **કોતરકામ કરનાર** છો; અને અમે તમારા હાથની કૃતિ છીએ.”
- “અને છતાં, યહોવાહ, તમે અમારા પિતા છો; અમે **દોરી** છીએ. તમે અમારા **વણકર** છો; અને અમે તમારા હાથની કૃતિ છીએ.”

જો લક્ષ્ય દર્શકો નથી જાણી શકતા કે **વિષય** શું છે, તો પછી વિષયને સ્પષ્ટપણે જણાવો. (તેમ છતાં, આમ કરશો નહિ જો મૂળ દર્શકો જાણતા ન હોય કે વિષય શું છે.)

- યહોવાહ જીવે છે, **મારા ખડક**ની સ્તુતિ હો. મારા તારણનાં ઈશ્વર ઊંચા મનાઓ. (ગીતશાસ્ત્ર ૧૮:૪૬ યુ.એલ.ટી.)

- યહોવાહ જીવે છે, **તે મારા ખડક છે**. તેમની સ્તુતિ હો. મારા તારણનાં ઈશ્વર ઊંચા મનાઓ.

જો લક્ષ્ય દર્શકો છબી અને વિષય વચ્ચેની સરખામણીના હેતુવાળા મુદ્દાઓ ન જાણતા હોય તો, તેમને સ્પષ્ટ જણાવો.

- યહોવાહ જીવે છે, **મારા ખડક**ની સ્તુતિ હો. મારા તારણનાં ઈશ્વર ઊંચા મનાઓ. (ગીતશાસ્ત્ર ૧૮:૪૬ યુ.એલ.ટી.)
- યહોવાહ જીવે છે; તેમની સ્તુતિ હો કારણ કે તે મારા ખડક છે **જેની નીચે હું મારા શત્રુઓથી સંતાઈ જઈ શકું છું**. મારા તારણનાં ઈશ્વર ઊંચા મનાઓ.
- શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે? તારા માટે **આરને લાત મારવી કઠણ છે.** (પ્રેરીતોના કૃત્યો ૨૬:૧૪ યુ.એલ.ટી.)
- શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે? તું **મારી સાથે લડે છે અને પોતાની જાતને નુકસાન કરે છે, જેમ બળદ પોતાના માલિકની અણીદાર લાકડીને લાત મારીને કરે છે તેમ.**

જો આમાંથી કોઈ પણ વ્યૂહરચનાઓ સંતોષકારક નથી, તો પછી સામાન્ય રીતે વિચારને સરળતાથી રૂપકનો ઉપયોગ કર્યા વિના જણાવો.

- હું તમને **માણસોને પકડનાર** બનાવીશ. (માર્ક ૧:૧૭બ યુ.એલ.ટી.)
- હું તમને **જે માણસોને ભેગા કરે છે** તેવા બનાવીશ.
- અત્યારે તમે માછલાં એકત્ર કરો છો. હું તમને **માણસોને એકત્ર કરનાર** બનાવીશ.
- ખાસ રૂપકો વિષે વધુ શીખવા માટે જુઓ, બાઈબલની છબી - સામાન્ય શૈલીઓ.

(**ત્યાં પાછા જાઓ:** બાબિલોન, શિનઆર (બાબિલોનીઆ), બાબિલોની, બાબિલોનીઓ; જાનવર, પશુ; કન્યા, કન્યાઓ,કન્યા વિશે; અંધકાર; પૂર, પૂર આવે છે, પૂર આવ્યું, પૂર આવવું, પાણીનું પૂર; મધ, મધપૂડા; પ્રકાશ, પ્રકાશે છે, પ્રકાશિત કરવું, દિવસનો પ્રકાશ, સૂર્યપ્રકાશ, સંધિકાળ, પ્રકાશિત કરવું, પ્રબુદ્ધ; કાપણી કરવી, કાપણી કરે છે, લણનાર, લણનારાઓ, કાપણી કરતું; ઘેટાંપાળક, ઘેટાંપાળકો, માર્ગદર્શન આપ્યું, ઉત્તેજન આપે છે; કિલ્લો, કિલ્લાઓ, કિલ્લેબંધી,મજબૂત કરવું, ગઢ, ગઢો; તલવાર,તલવારો, તલવારની પત્તાબાજીમાં ઉસ્તાદ; વેલો, વેલા; દ્રાક્ષવાડી, દ્રાક્ષવાડીઓ; ચોકીબુરજ, ચોકીબુરજો, બુરજ; દ્રાક્ષાકુંડ)

# સમાંતરણ

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: સમાંતરણ શું છે?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]

**સમાંતરણ**માં માળખું અથવા વિચારમાં સમાન હોય તેવા બે શબ્દસમૂહો અથવા કલમોનો એક સાથે ઉપયોગ કરવામાં આવે છે. સમાંતરણના વિવિધ પ્રકારો છે. કેટલાક નીચે મુજબ છે.

બીજી કલમ અથવા શબ્દસમૂહનો અર્થ પ્રથમ સમાન જ થાય છે. તેને પર્યાય સમાંતરણ પણ કહેવામાં આવે છે
બીજું તે પ્રથમના અર્થને સ્પષ્ટ અથવા મજબૂત કરે છે.
પ્રથમે જે કહ્યું છે તેને બીજું પૂર્ણ કરે છે.
બીજું જે કંઈક કહે છે તે પ્રથમ સાથે વિરોધાભાસ છે, પરંતુ સમાન વિચાર ઉમેરે છે.

સમાંતરણ સૌથી સામાન્ય રીતે જૂના કરારના કાવ્યમાં જોવા મળે છે, જેમ કે ગીતશાસ્ત્રનું પુસ્તક અને નીતિવચનો. તે ગ્રીક નવા કરારમાં પણ થાય છે, ચાર સુવાર્તાઓમાં અને પ્રેરિતોના પત્રો એમ બંનેમાં.

પર્યાય સમાંતરણ (તે પ્રકાર છે જ્યાં બે શબ્દસમૂહોનો અર્થ સમાન થાય છે) મૂળ ભાષાઓની કવિતામાં ઘણી અસરો છે:

- તે દર્શાવે છે કંઈ પણ વસ્તુને એકથી વધુ વખત અને એકથી વધુ રીતે કહેવું વધુ મહત્વનું છે.
- તે સાંભળનારને અલગ અલગ રીતે તે વિચાર વિષે કહેવા દ્વારા વધુ ગંભીરતાથી વિચારવામાં મદદરૂપ થાય છે.
- તે ભાષાને વધુ સુંદર અને સામાન્યથી ઉપર બોલી બોલવાની રીત આપે છે.

## આ અનુવાદની સમસ્યા છે તેનું કારણ

કેટલીક ભાષાઓ પર્યાય સમાંતરણનો ઉપયોગ નહિ કરે. તેઓને કદાચ વિચિત્ર લાગશે કે કેમ કોઈ એક જ વસ્તુ બે વખત કહે છે, અથવા તેઓ એમ વિચારશે કે બે શબ્દસમૂહોના અર્થમાં કંઈક ભિન્નતા છે. તેઓને માટે તે સુંદરતા કરતા મૂંઝવણભર્યું લાગે છે.

નોંધ: આપણે લાંબા શબ્દસમૂહો અને કલમો માટે સમાન “પર્યાય સમાંતરણ” શબ્દનો ઉપયોગ કરીએ છીએ. આપણે શબ્દો અથવા ટૂંકા શબ્દસમૂહો માટે બેવડા શબ્દનો ઉપયોગ જેનો અર્થ સામાન્ય રીતે સમાન વસ્તુ અને એકસાથે કરીએ છીએ.

## બાઈબલમાંના ઉદાહરણો

**બીજી કલમ અથવા શબ્દસમૂહનો અર્થ પ્રથમ સમાન જ થાય છે.**

> મારા પગોને સારું તમારું વચન દીવારૂપ છે
> અને મારા માર્ગોને સારું તે અજવાળારૂપ છે. (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૦૫ ULB)

વાક્યના બંને ભાગો રૂપકો છે જે કહે છે કે ઈશ્વરનું વચન લોકોને શીખવે છે કે કેવી રીતે જીવવું.

> તમારા હાથનાં કામ પર તમે તેને અધિકાર આપ્યો છે;
> તેના પગ તળે તમે બધું મૂક્યું છે. (ગીતશાસ્ત્ર ૮:૬ ULB)

બંને પંક્તિઓ કહે છે ઈશ્વરે માણસને સર્વ વસ્તુઓ પર અધિકાર કરવા બનાવ્યો છે.

**બીજું તે પ્રથમના અર્થને સ્પષ્ટ અથવા મજબૂત કરે છે.**

> યહોવાહની દ્રષ્ટિ સર્વ સ્થળે છે,
> તે ભલા અને ભૂંડા પર લક્ષ રાખે છે. (નીતિવચન ૧૫:૩ ULB)

બીજી પંક્તિ વધુ સ્પષ્ટપણે કહે છે કે યહોવાહ શેના પર લક્ષ રાખે છે.

**પ્રથમે જે કહ્યું છે તેને બીજું પૂર્ણ કરે છે.**

> હું મારી વાણીથી યહોવાહને પોકાર કરું છું,
> અને તેઓ પોતાના પર્વત પરથી મને ઉત્તર આપે છે. (ગીતશાસ્ત્ર ૩:૪ ULB)

વ્યક્તિ જે પ્રથમ કલમમાં કરી રહ્યો છે તેના પ્રત્યુત્તરરૂપે યહોવાહ જે કરે છે તે બીજી પંક્તિ કહે છે.

**બીજું જે કંઈક કહે છે તે પ્રથમ સાથે વિરોધાભાસ છે, પરંતુ સમાન વિચાર ઉમેરે છે.**

> કેમ કે યહોવાહ ન્યાયીઓનો માર્ગ જાણે છે,
> પરંતુ દુષ્ટોના માર્ગનો નાશ થશે. (ગીતશાસ્ત્ર ૧:૬ ULB)

આ વિરોધાભાસી છે કે ન્યાયી લોકોનું શું થશે તેની સાથે દુષ્ટ લોકોનું શું થશે.

> નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરે છે,
> પરંતુ કઠોર શબ્દ ગુસ્સો અપાવે છે. (નીતિવચન ૧૫:૧ ULB)

આ વિરોધાભાસી છે કે જે બતાવે છે કે જ્યારે કોઈ નમ્ર ઉત્તર આપે છે તેની સાથે જયારે કોઈ કઠોર શબ્દો કહે છે તેનું શું થાય છે.

## અનુવાદ વ્યૂહરચનાઓ

મોટાભાગના સમાંતરણ માટે, કલમો અથવા શબ્દસમૂહો બંનેનું અનુવાદ કરવું સારું છે. પર્યાય સમાંતરણ માટે, બંને કલમોનું અનુવાદ કરવું સારું છે જો તમારી ભાષામાં લોકો સમજી શકે કે કોઈ વસ્તુને બે વાર કહેવાનો અર્થ તેમાં રહેલા એક વિચારને વધુ મજબૂત કરવાનો છે. પરંતુ જો તમારી ભાષામાં સમાંતરણનો ઉપયોગ આ રીતે નથી થતો તો, નીચે દર્શાવેલ કોઈપણ એક અનુવાદની વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવાનું ધ્યાનમાં લો.

બંને કલમોના વિચારને એકમાં જોડી દો.
જો એવું લાગતું હોય કે કલમોનો ઉપયોગ એકસાથે બતાવવા માટે થાય છે કે તેઓ જે કહે છે તે ખરેખર સાચું છે, તમે “સાચે જ” અથવા “નિશ્ચિતપણે” જેવા શબ્દોને શામેલ કરી શકો છો કે જે સત્ય પર ભાર મૂકે છે.
જો એવું લાગે કે કલમોનો ઉપયોગ તેમનામાંના એક વિચારને વધુ તીવ્ર બનાવવા માટે થાય છે, તો તમે “વધુ,” “સંપૂર્ણપણે” અથવા “સર્વ” જેવા શબ્દોનો ઉપયોગ કરી શકો છો.

## અનુવાદની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

બંને કલમોના વિચારોને એકમાં જોડો.

- **તે અત્યાર સુધી મને છેતરી છે અને મને જુઠું જ કહ્યું છે.** (ન્યાયાધીશો ૧૬:૧૩ ULB)- દલીલાએ આ વિચારને બે વખત વ્યક્ત કર્યો તે પર ભાર મૂકવા કે તે ખૂબ જ નારાજ છે.
  - " તે અત્યાર સુધી તારા જુઠાણાથી મને છેતરી છે."
- **માણસ જે કંઈ તે કરે છે તે યહોવાહ જુએ છે અને તે જે સર્વ માર્ગ લે છે તેનું ધ્યાન રાખે છે.** (નીતિવચન ૫:૨૧ ULB) - શબ્દસમૂહ “તે જે સર્વ માર્ગ લે છે” તે “જે કંઈ તે કરે છે” ને માટે રૂપક છે
  - “માણસ જે કંઈ તે કરે છે તે પર યહોવાહ ધ્યાન રાખે છે.”
- **માટે યહોવાહને પોતાના લોકોની સામે ફરિયાદ છે, અને તે ન્યાયાલયમાં ઇઝરાયલ સાથે વાદવિવાદ ચલાવશે.** (મીખાહ ૬:૨ ULB) જો આ અસ્પષ્ટ છે, તો શબ્દસમૂહોને જોડી શકો છો:
  - "માટે યહોવાહને પોતાના લોક, ઇઝરાયલ સામે ફરિયાદ છે."

જો એવું લાગતું હોય કે કલમોનો ઉપયોગ તેઓ જે કહે છે તે ખરેખર સાચું છે તે એકસાથે બતાવવા માટે થાય છે, તો તમે “સાચે જ” અથવા “નિશ્ચિતપણે” જેવા શબ્દોનો સમાવેશ કરી તે સત્ય પર ભાર મૂકી શકો છો.

- **માણસ જે કંઈ તે કરે છે તે યહોવાહ જુએ છે અને તે જે સર્વ માર્ગ લે છે તેનું ધ્યાન રાખે છે.** (નીતિવચન ૫:૨૧ ULB)
  - “માણસ જે કંઈ તે કરે છે તે પર યહોવાહ સાચે જ ધ્યાન રાખે છે.”

જો એમ લાગે કે કલમોનો ઉપયોગ તેમના એક વિચારને વધુ તીવ્ર બનાવવા માટે થાય છે, તો તમે “ખૂબ,” “સંપૂર્ણપણે” અથવા “દરેક” શબ્દોનો ઉપયોગ કરી શકો છો.

- **તે મને છેતરી છે અને મને જુઠું જ કહ્યું છે.** (ન્યાયાધીશો ૧૬:૧૩ ULB)

    - "તે તો મને સર્વ જુઠું જ કહ્યું છે."

- **માણસ જે કંઈ તે કરે છે તે યહોવાહ જુએ છે અને તે જે સર્વ માર્ગ લે છે તેનું ધ્યાન રાખે છે.** (નીતિવચન ૫:૨૧ ULB)

    - "માણસ જે કંઈ તે કરે છે તે પર યહોવાહ નિશ્ચિતપણે ધ્યાન રાખે છે."

આગળ અમે તમને ભલામણ કરીએ છીએ:

[[*rc://gu/ta/man/translate/figs-personification*]]

(**ત્યાં પાછા જાઓ:** ન્યાયી, ન્યાયીપણું, અન્યાયી, અન્યાયીપણું, પ્રામાણિક, પ્રમાણિકપણું; જમણો હાથ; ઉલ્લંઘન, ઉલ્લંઘનો, ઉલ્લંઘન)

# સમાંતરણ રૂપક

ઉપમા તે એવી બે વસ્તુઓની સરખામણી છે જે સામાન્ય રીતે સમાન ન હોવાનું માનવામાં આવે છે. એક તે બીજા “જેવું” હોય તેમ કહેવામાં આવે છે. તે એક ખાસ લક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે બે વસ્તુઓની સમાન હોય છે, અને તેમાં "જેમ," "તરીકે" અથવા "કરતા" શબ્દો શામેલ છે.

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: સમાંતરણ રૂપક શું છે?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]

## વર્ણન

ઉપમા તે એવી બે વસ્તુઓની સરખામણી છે જે સામાન્ય રીતે સમાન ન હોવાનું માનવામાં આવે છે. તે એક ખાસ લક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે બે વસ્તુઓની સમાન હોય છે, અને તેમાં "જેમ," "તરીકે" અથવા "કરતા" શબ્દો શામેલ છે.

> જ્યારે તેમણે લોકોની ભીડને જોઈને, ત્યારે તેમને તેઓ પર દયા આવી, કારણ કે તેઓ પાળક વગરના ઘેટાં જેવા ચિંતાગ્રસ્ત અને હેરાન થયેલા હતા. (માથ્થી ૯:૩૬)

ઈસુએ લોકોની ભીડની સરખામણી પાળક વિનાનાં ઘેટાં સાથે કરી. જ્યારે ઘેટાંને સલામત સ્થાનો પર લઈ જવા માટે એક સારો ઘેટાંપાળક નથી હોતો ત્યારે તેઓ ડરી જાય છે. લોકોની ભીડ તેવી જ હતી કારણ કે તેઓની પાસે સારા ધાર્મિક આગેવાનો ન હતાં.

> જુઓ, વરુઓમાં ઘેટાંના જેવા હું તમને મોકલું છું, તેથી તમે સાપના જેવા હોશિયાર અને કબૂતરના જેવા સાલસ થાઓ. (માથ્થી ૧૦:૧૬ ULB)

ઈસુએ તેમના શિષ્યોની સરખામણી ઘેટાં અને તેઓના શત્રુઓને વરુઓ સાથે સરખાવે છે. વરુઓ ઘેટાં પર હુમલો કરે છે. ઈસુના શત્રુઓ તેમના શિષ્યો પર હુમલો કરશે.

> કેમ કે ઈશ્વરનું વચન જીવંત અને સમર્થ અને બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે. (હિબ્રૂ ૪:૧૨ ULB)

ઈશ્વરના વચનની સરખામણી બેધારી તરવાર સાથે કરી છે. બેધારી તરવાર તે એવું હથિયાર છે જે વ્યક્તિના દેહને કાપી શકે છે. વ્યક્તિના હૃદય અને વિચારોમાં શું છે તે બતાવવા માટે ઈશ્વરનું વચન ખૂબ અસરકારક છે.

### ઉપમાના હેતુઓ

- કોઈ જાણીતી વસ્તુ કેવી રીતે ઓળખાય છે તે દર્શાવવા દ્વારા ઉપમા એવી વસ્તુ વિશે શીખવી શકે છે જે અજ્ઞાત છે.
- ઉપમા કોઈ ખાસ લક્ષણ પર ભાર મૂકે છે, ક્યારેક તે રીતે જે લોકોનું ધ્યાન મેળવે છે.
- ઉપમા મનમાં ચિત્ર રચવામાં મદદ કરે છે અથવા વાચક જે વાંચી રહ્યો છે તે વિષે અનુભવ કરવામાં વધુ સારી રીતે મદદ કરે છે.

## આ અનુવાદની સમસ્યા છે તેના કારણો

- લોકો કદાચ બે વસ્તુઓ કેવી રીતે સમાન છે તે જાણી શકે નહિ.
- લોકો એવી વસ્તુથી પરિચિત ન પણ હોઈ શકે કે જેની સરખામણીમાં થાય છે.

## બાઈબલમાંના ઉદાહરણો

> ખ્રિસ્ત ઈસુના સારા સૈનિક તરીકે તું, મારી સાથે દુઃખ સહન કર. (૨ તિમોથી ૨:૩ ULB)

આ ઉપમામાં, પાઉલ દુઃખ સહન કરવાને જે સૈનિક સહન કરે છે તેની સાથે સરખાવે છે, અને તે તિમોથીને તેઓનું ઉદાહરણ અનુસરવા ઉત્સાહિત કરે છે.

> કેમ કે ચમકતી વીજળી એક દિશાથી બીજી દિશા સુધી આકાશમાં પ્રકાશે છે, તેમ માણસના દીકરાનું તેમના સમયમાં થશે. (લુક ૧૭:૨૪ ULB)

આ કલમ તે નથી કહેતી કે માણસનો દીકરો કેવી રીતે ચમકતી વીજળી જેવા હશે. પરંતુ સંદર્ભમાંથી આપણે તે અગાઉની કલમોથી સમજી શકીએ છીએ કે જેમ વીજળી અચાનક ચમકે છે અને દરેક તેને જોઈ શકે છે, માણસનો દીકરો તે જ રીતે અચાનક આવશે અને દરેક તેમને જોશે. કોઈને તેના વિશે કહેવાની જરૂર નથી.

## અનુવાદની વ્યૂહરચનાઓ

જો લોકો ઉપમાનો યોગ્ય અર્થ સમજી શકે તો, તેનો ઉપયોગ કરવો ધ્યાનમાં લો. જો તે યોગ્ય નથી, તો અહીં થોડી વ્યૂહરચનાઓ છે જેનો તમે ઉપયોગ કરી શકો છો:

જો લોકો બે વસ્તુઓ કેવી રીતે એકસરખી છે તે ન જાણતા હોય, તો કેવી રીતે એકસરખી છે તે જણાવો. જો કે, મૂળ પ્રેક્ષકોને તેનો અર્થ સ્પષ્ટ ન હોય તો આ ન કરો.
જો લોકો જે વસ્તુની સાથે સરખામણી થઈ છે તેનાથી પરિચિત નથી, તો તમારી પોતાની સંસ્કૃતિમાંથી વસ્તુનો ઉપયોગ કરો. તેની ખાતરી કરી લો કે તે વસ્તુ બાઈબલની સંસ્કૃતિઓમાં પણ તેનો ઉપયોગ થઈ શક્યો હોત.
તેને બીજી વસ્તુ સાથે સરખામણી કરતા વસ્તુનું વર્ણન કરો.

## અનુવાદની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

જો લોકો બે વસ્તુઓ કેવી રીતે એકસરખી છે તે ન જાણતા હોય, તો કેવી રીતે એકસરખી છે તે જણાવો. જો કે, મૂળ પ્રેક્ષકોને તેનો અર્થ સ્પષ્ટ ન હોય તો આ ન કરો.

- **જુઓ, <u>વરુઓમાં ઘેટાંના જેવા</u> હું તમને મોકલું છું** (માથ્થી ૧૦:૧૬ ULB) - આ એવી જોખમની સરખામણી કરે છે કે ઈસુના શિષ્યો જેમ ઘેટાં જોખમમાં હોય છે જ્યારે તેઓ વરુઓથી ઘેરાયેલા હોય છે.
  - જુઓ, <u>દુષ્ટ લોકોની મધ્યે</u> હું તમને મોકલું છું, અને તમે તેઓના કારણે જોખમમાં હશો <u>જેમ ઘેટાં વરુઓની મધ્યે હોય છે</u>.
- **કેમ કે ઈશ્વરનું વચન જીવંત અને સમર્થ અને <u>બેધારી તરવાર કરતાં પણ વિશેષ</u> તીક્ષ્ણ છે.** (હિબ્રૂ ૪:૧૨ ULB)
  - કેમ કે ઈશ્વરનું વચન જીવંત અને સમર્થ અને <u>તે તીક્ષ્ણ બેધારી તરવાર કરતાં પણ વધુ સામર્થ્યવાન છે</u>

જો લોકો જે વસ્તુની સાથે સરખામણી થઈ છે તેનાથી પરિચિત નથી, તો તમારી પોતાની સંસ્કૃતિમાંથી વસ્તુનો ઉપયોગ કરો. તેની ખાતરી કરી લો કે તે વસ્તુ બાઈબલની સંસ્કૃતિઓમાં પણ તેનો ઉપયોગ થઈ શક્યો હોત.

- **જુઓ, <u>વરુઓમાં ઘેટાંના જેવા</u> હું તમને મોકલું છું,** (માથ્થી ૧૦:૧૬ ULB) - જો લોકો નથી જાણતા કે ઘેટાં અને વરુઓ એટલે શું, અથવા વરુઓ ઘેટાંને મારીને ખાઈ જાય છે, તો તમે અન્ય પ્રાણીનો ઉપયોગ કરી શકો છો જે બીજા પ્રાણીને મારે છે.
  - જુઓ, <u>જંગલી કુતરાઓની મધ્યે મરઘીના જેવા</u> હું તમને મોકલું છું,
- **<u>જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખો નીચે એકત્ર કરે છે </u>, તેમ તારાં છોકરાંને એકત્ર કરવાનું મેં કેટલી વાર ચાહ્યું, પરંતુ તમે ચાહ્યું નહિ!** (માથ્થી ૨૩:૩૭ ULB)
  - <u>જેમ માં પોતાના બાળક પર નજર રાખે છે</u>, તેમ તારાં છોકરાંને એકત્ર કરવાનું મેં કેટલી વાર ચાહ્યું, પરંતુ તમે ચાહ્યું નહિ!
- **જો તમારામાં <u>રાઈના દાણા જેટલો</u> નાનો વિશ્વાસ હોય,** (માથ્થી ૧૭:૨૦)
  - જો તમારામાં નાનામાં <u>નાના દાણા જેટલો</u> વિશ્વાસ હોય,

અન્ય સાથે સરખામણી કર્યા વિના સામાન્ય રીતે તેનું વર્ણન કરો.

- **જુઓ, <u>વરુઓમાં ઘેટાંના જેવા</u> હું તમને મોકલું છું,** (માથ્થી ૧૦:૧૬ ULB)
  - જુઓ, હું તમને મોકલું છું અને,<u>લોકો તમને હાની પહોંચાડવાની ઈચ્છા રાખશે</u>.
- **<u>જેમ મરઘી પોતાનાં બચ્ચાંને પાંખો નીચે એકત્ર કરે છે </u>, તેમ તારાં છોકરાંને એકત્ર કરવાનું મેં કેટલી વાર ચાહ્યું, પરંતુ તમે ચાહ્યું નહિ!** (માથ્થી ૨૩:૩૭ ULB)
  - મેં કેટલી વખત <u>તારું રક્ષણ</u> કરવા ચાહ્યું, પરંતુ તે નકાર કર્યો!

આગળ અમે તમને ભલામણ કરીએ છીએ:

[[*rc://gu/ta/man/translate/figs-metaphor*]]
[[*rc://gu/ta/man/translate/bita-part*1]]



(**ત્યાં પાછા જાઓ:** મધ, મધપૂડા; સમાન, સમાન વિચારસરણી, સરખું, સમાનતા, સામ્યતા, સમાનતાઓ, તેવી જ રીતે, એકસરખું, વિપરીત)

# સૌમ્યોક્તિ

## વર્ણન

આ પૃષ્ઠ પ્રશ્નનો જવાબ આપે છે: સૌમ્યોક્તિ શું છે?

આ મુદ્દાને સમજવા માટે, તે વાંચવું સારું રહેશે:

[[*rc://gu/ta/man/translate/figs-intro*]]

સૌમ્યોક્તિ તે એક એવી વસ્તુનો ઉલ્લેખ કરતી એક હળવી અથવા નમ્ર રીત છે જે અપ્રિય, મૂંઝવનારી, અથવા સામાજીક રીતે અસ્વીકાર્ય છે, જેમ કે મૃત્યુ અથવા જે પ્રવૃત્તિઓ સામાન્ય રીતે ખાનગીમાં થાય છે.

## પરિભાષા

> ... તેઓએ શાઉલ અને તેના પુત્રોને ગિલ્બોઆ પર્વત પર પડેલા જોયા. (૧ કાળવૃતાંત ૧૦:૮ ULB)

તેનો મતલબ એ છે શાઉલ અને તેના પુત્રો "મરણ પામ્યા" હતા. તે સૌમ્યોક્તિ છે કારણ કે મહત્વની બાબત એ નથી કે શાઉલ અને તેના પુત્રો પડ્યા હતા પરંતુ તેઓ મરણ પામ્યા હતા. કેટલીક વાર લોકોને મરણ વિષે સીધી રીતે વાત કરવાનું ગમતું નથી કારણ કે તે અપ્રિય છે.

## આ અનુવાદની સમસ્યા છે તેના કારણો

વિવિધ ભાષાઓ વિવિધ સૌમ્યોક્તિનો ઉપયોગ કરે છે. જો લક્ષ્ય ભાષા સ્રોત ભાષાની સમાન સૌમ્યોક્તિનો ઉપયોગ કરતું નથી તો, વાચકોને સમજમાં નહિ આવે કે તેનો અર્થ શું છે અને તેઓ વિચારશે કે જે શબ્દો લેખિતરૂપે કહી રહ્યા છે તે જ લેખકનો અર્થ હતો.

## બાઈબલમાંના ઉદાહરણો

> ...ત્યાં જે ગુફા હતી. શાઉલ પોતાની જાતને આરામ આપવા અંદર ગયો ... (૧ શમૂએલ ૨૪:૩ ULB)

મૂળ સાંભળનારાઓ તે એવું સમજ્યાં હોત કે શાઉલ ગુફાનો શૌચાલય તરીકે ઉપયોગ કરવા તેની અંદર ગયો, પરંતુ લેખક વાંધાજનક અથવા તેઓને વિચલિત કરવાનું ટાળવા માંગતા હતા, તેથી **તેણે વિશેષ કંઈ કહ્યું નહિ** કે શાઉલે ગુફામાં શું કર્યું અને શું મૂકીને ગયો.

> મરિયમે દૂતને કહ્યું, એ કેમ કરીને થશે, કેમ કે મેં કોઈ પુરુષને જાણ્યો નથી?" (લુક ૧:૩૪ ULB)

આ બાબતે **નમ્ર થઈને**, મરિયમ સૌમ્યોક્તિનો ઉપયોગ કરે છે અને કહે છે કે તેણીએ ક્યારેય કોઈ પુરુષ સાથે શારીરિક સંબંધ બાંધ્યો નથી.

## અનુવાદ વ્યૂહરચનાઓ

જો સૌમ્યોક્તિ કુદરતી છે અને તમારી ભાષામાં યોગ્ય અર્થ કરે છે તો તેનો ઉપયોગ કરવાનું ધ્યાનમાં લો. જો નહિ તો, અહીં અન્ય વિકલ્પો છે:

તમારી સંસ્કૃતિના સૌમ્યોક્તિનો ઉપયોગ કરો.
સૌમ્યોક્તિ વિના સીધી રીતે માહિતીને દર્શાવો જો તે વાંધાજનક ન હોય તો.

## અનુવાદની વ્યૂહરચનાઓના ઉદાહરણોનું લાગુકરણ

તમારી સંસ્કૃતિના સૌમ્યોક્તિનો ઉપયોગ કરો.

- **... ત્યાં જે ગુફા હતી. શાઉલ <u>પોતાની જાતને આરામ</u>આપવા અંદર ગયો.** (૧શમૂએલ ૨૪:૩ ULB) - કેટલીક ભાષાઓ સૌમ્યોક્તિનો આ રીતે ઉપયોગ કરે છે:
  - "...ત્યાં જે ગુફા હતી. <u>એક ખાડો ખોદવા</u> ગયો"
  - "... ત્યાં જે ગુફા હતી. શાઉલ ગુફામાં <u>થોડો સમય એકાંતમાં વિતાવવા</u> ગયો."
- **મરિયમે દૂતને કહ્યું, એ કેમ કરીને થશે, કેમ કે હું <u>કોઈ પુરુષ સાથે સુઈ ગઈ નથી</u>?"** (લુક ૧:૩૪ ULB)
  - મરિયમે દૂતને કહ્યું, "એ કેમ કરીને થશે, કેમ કે મેં <u>કોઈ પુરુષને જાણ્યો નથી</u>?" - (મૂળ ગ્રીકમાં આ સૌમ્યોક્તિનો ઉપયોગ કરેલ છે)

સૌમ્યોક્તિ વિના સીધી રીતે માહિતીને દર્શાવો જો તે વાંધાજનક ન હોય તો.

- **તેઓએ શાઉલ અને તેના પુત્રોને ગિલ્બોઆ પર્વત પર પડેલા જોયા.** (૧ કાળવૃતાંત ૧૦:૮ ULB)
    - "તેઓએ શાઉલ અને તેના પુત્રોને ગિલ્બોઆ પર્વત પર મરેલા જોયા."

(**ત્યાં પાછા જાઓ:** વ્યભિચાર, વ્યભિચારી, વ્યભિચાર કરનાર, વ્યભિચારીણી, વ્યભિચારીઓ, લંપટો; દેહ; કમર; વેશ્યા, વેશ્યાવૃત્તિ કરી, વેશ્યાઓ, ગણિકા, વેશ્યાવૃત્તિ કરી; બીજ, વીર્ય; જપ્ત કરવું, જપ્ત કરે છે, જપ્ત કર્યું, જપ્તી; ની સાથે સંબંધ હતો, પ્રેમાલાપ, ની સાથે સુવું, ની સાથે સુએ છે, ની સાથે સુઈ ગયા, ની સાથે સુઈ રહ્યા છે; કુમારિકા, કુમારિકાઓ કૌમાર્ય; ગર્ભાશય, ગર્ભાશય)

# ફાળો આપનારા

## translationWords ફાળો આપનારા

Antoney Raj
Cdr. Thomas Mathew
Dr. Bobby Chellappan
Hind Prakash
Shojo John

## translationAcademy ફાળો આપનારા

Cdr Thomas Mathew
Dr Bobby Chellappan
Antoney Raj
Shojo John
Hind Prakash